ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૪૯

મંગળવાર, તા.૨જી માર્ચ, ૨૦૧૦
ફાલ્ગુન ૧૧, ૧૯૩૧ શાકે

થી

શુક્રવાર, તા. ૫મી માર્ચ, ૨૦૧૦
ફાલ્ગુન ૧૪, ૧૯૩૧ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ

## બારમી ગુજરાત વિધાનસભા

## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર.

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

### મંગળવાર, તા.૨જી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૧૧, ૧૯૩૧ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ - ૭૧ |
| ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન,ગુજરાત વિધેયક,૨૦૧૦ (ક્રમશ:) | ૭૨ - ૯૬ |
| મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૯૭ - ૧૧૮ |


### બુધવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૧૨, ૧૯૩૧ શાકે

#### પહેલી બેઠક


| | |
|---|---|
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૯ - ૧૫૬ |


#### બીજી બેઠક


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૫૭ - ૧૭૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭૩ - ૨૩૪ |
| શોકદર્શક ઉલ્લેખો | ૨૩૫ - ૨૩૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૨૩૭ - ૨૪૦ |
| શહેરી વિકાસ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૨૪૧ - ૨૪૨ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૨૪૩ - ૨૬૨ |

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **ગુરૂવાર, તા.૪થી માર્ચ ૨૦૧૦ / ફાલ્ગુન ૧૩, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૬૩ - ૨૭૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૭૫ - ૩૫૫ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ- ૧૧૬) | ૩૫૬ - ૩૫૮ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૩૫૯ - ૩૬૯ |
| દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો | ૩૭૦ - ૩૭૧ |
| **શુક્રવાર, તા. ૫મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૧૪, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૭૨ - ૩૮૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૮૩ - ૪૬૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૪૬૩ - ૪૬૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૬૫ - ૪૬૬ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૬૭ - ૪૯૪ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૨જી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૧, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત**

*** ૧૨૪૭૯ શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા આવાસ બાંધવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ૩૬૩૯ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તારીખ ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૮૮૧ આવાસ બાંધવામાં આવેલ છે.

(૩) સદરહુ સમય દરમિયાન કુલ રૂા. ૯૩૯.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર અને એના દ્વારા ચાલતી વિવિધ આવાસ યોજનાઓ જેવી કે સરદાર આવાસ યોજના, ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના. આવી જુદી જુદી આવાસ યોજનાઓ ચાલી રહી છે એમાં ઈન્દિરા આવાસ યોજના ચાલે છે એમાં અમુક લોકો દ્વારા એમ કહેવામાં આવે છે કે કેન્દ્ર સરકારની સો ટકા ગ્રાન્ટથી આ યોજનાનું અમલીકરણ થાય છે અને એના નામે ચડાવવામાં આવે છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આ ઈન્દિરા આવાસ યોજનામાં કેન્દ્ર સરકાર કેટલા પૈસા આપે છે અને રાજય સરકાર કેટલા પૈસા કેસ આપે છે અને કાઈન્ડમાં કેટલા પૈસા આપે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય સભ્યશ્રીએ વિગતો માગી છે. ઈન્દિરા આવાસ યોજના છે એની અંદર સામાન્ય રીતે અસ્પષ્ટતા હોય છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે આમાં કેન્દ્ર સરકાર શું આપે છે અને રાજય સરકાર શું ફાળવે છે. ઘણી વખત આ શંકા કરવામાં આવે છે કે ઈન્દિરા આવાસ યોજના જાણે કે કેન્દ્ર સરકારથી દિલ્હીથી આવી હોય અને તેના દ્વારા આખું કામ ચાલતું હોય તેવો પ્રચાર ચાલે છે. આ અંગે મારે આ સભાગૃહ સમક્ષ સ્પષ્ટતા કરવી છે. ગઈ સાલ સુધી ૨૫ હજારની કિંમતમાં આ ઈન્દિરા આવાસ યોજના બાંધવાની યોજના હતી. આ વરસે ૩૫ હજારની કિંમત કેન્દ્ર સરકારે નક્કી કરી છે. આ ૩૫ હજારની કિંમત નક્કી કરી એમાં કેન્દ્ર સરકાર ૭૫ ટકા રકમ આપે છે અને ૨૫ ટકા રાજય સરકારનો હિસ્સો છે. એનો અર્થ એ થયો કે ૩૫ હજાર રૂપિયા રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બંને વરાડે પડતા આપે અને એમાં સાત હજાર લાભાર્થીનો ફાળો એમ કુલ ટોટલ ૪૨ હજાર રૂપિયા થાય. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રીને પત્ર લખ્યો હતો કે આખા દેશમાં મોંઘવારી ખૂબ વધી છે એના કારણે આ યોજનાની કુલ કિંમત ૯૦ હજાર રૂપિયા થાય અને એટલી કિંમતમાં જ આવાસ બાંધી શકાય તેવી સ્થિતિ છે એવું વડાપ્રધાનનું ધ્યાન દોર્યુ હતું પરંતુ કેન્દ્ર સરકારે આ બાબતને ધ્યાનમાં લીધી નથી એના કારણે આપણે ૫૦૫૦૦ રૂપિયા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મારી સામે જોઈને જવાબ આપો. તમારી ગાડી પાટા ઉપરથી ન ઊતરી જાય એની સાવચેતી રાખો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આમાં કેન્દ્ર સરકાર ૨૬૨૫૦ રૂપિયા આપે છે અને બાકીના ૧૭૨૫૦ રૂપિયા રાજય સરકાર આપે છે. આટલેથી કાંઈ મકાન નથી થતું આપણે એકલા નાણાની દ્રષ્ટિથી ગણીએ પરંતુ આ મકાન બાંધવા માટે જમીન જોઈએ એ જમીન ગુજરાત સરકાર આપે છે. સો ચોરસ વારના પ્લોટ તમામ જગ્યાએ આપે છે એની કિંમત ઓછામાં ઓછી ૫૦ હજાર રૂપિયા થાય છે. આ ગુજરાત સરકારનું ઈન્વેસ્ટમેન્ટ ગરીબો માટેનું છે એના કારણે ૬૭૨૫૦નું રોકાણ ગુજરાત સરકાર કરે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું આપને સવાલ પૂછવાની તક આપીશ. હું આપને પૂછવા દઈશ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આની કિંમત કરવામાં આવે તો ૭૨ ટકા રાજય સરકાર ભોગવે છે અને ૨૮ ટકા કેન્દ્ર સરકાર ભોગવે છે. એની કિંમત એકઠી કરીએ તો આ પ્રમાણે થાય છે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે પહેલા ૨૫ હજાર હતા અને એના પછી એની કિંમત વધારી ૩૫ હજાર કરવામાં આવ્યા. મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે જ્યારે ૩૫,૦૦૦ થયા

ત્યારે માનનીય મુખ્યમંત્રીએ આ બાબતની, આની કિંમત વધારવા માટે ૯૦,૦૦૦ કરવા માટેની માગણી કરવામાં આવી. પણ ૨૫,૦૦૦ની કિંમત તો ૨૦૦૦થી શરૂ કરીને ૨૦૦૪ સુધી હતી તો આ દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારને એક પણ પત્ર લખ્યો હતો ખરો અને બીજો પ્રશ્ન એ પૂછવો છે કે આ સરકારને (માનનીય મંત્રીશ્રી વજુભાઈ બેઠાંબેઠાં કંઈક બોલતાં) વજુભાઈ, મોંઘવારી માત્ર અદાણી, રીલાયન્સ અને એસ્સારની દેખાય છે આમની નહીં. એમની જ દેખાય છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : એમાં અર્જુનભાઈ, આપ જે પ્રશ્ન ઉપર હતા તેના ઉપર રહો. બાકીના આપના મિત્રોને યાદ કરવાની જરૂર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પણ માનનીય મંત્રીશ્રી વચ્ચે સલાહ આપે છે એટલે કહું છું સાહેબ.

**અધ્યક્ષશ્રી** માનનીય વજુભાઈ, આપ જે પ્રશ્ન પૂછતા હતા એ પ્રશ્ન પૂરો થઈ ગયો છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના સાહેબ, મારો બીજો પેટા પ્રશ્ન એ છે કે આ ૧૦૦ વારના પ્લૉટ આપવાની વાત છે. અમે મફત આપીએ છીએ. બીજી સંસ્થાઓને પણ આપણે આપીએ છીએ. ઔદ્યોગિક સંસ્થાઓને, તો આ કંઈ બહુ મોટો ઉપકાર નથી અને માત્ર રાજય સરકારની માલિકી થઈ ગઈ એટલે તેની કિંમત ગણી લેવાની એવું હોતું નથી. આખા દેશમાં આવી રીતે અપાય છે. પણ હું તેનાથી આગળ જઈને કહીશ કે આ ૧૦૦ વારના પ્લૉટ છે એ બી.પી.એલ. સિવાયના પરિવારોને પણ આપવા માગે છે કે કેમ? આનો પણ માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અમારી સરકારને ગરીબ આવાસો બાંધવામાં રસ છે અને પ્રેમ પણ છે. પરંતુ આ તો નામ દિલ્હીથી આવે અને કામ ગુજરાત સરકાર કરે તેનો અમને વાંધો છે. નામ દિલ્હીથી આવે અને કામ અમે કરીએ. અમે જે ગરીબોને માટે આવાસો બાંધીએ છીએ. ગુજરાતના ગરીબોને મકાનો પૂરા પાડવા માટે આ યોજના પૂરું કરી શકે તેમ નથી. જ્યારે સરદાર આવાસ યોજના કરીને પેરેલલી ૧,૦૮૬ કરોડ રૂપિયા વાપરીને ગુજરાત સરકારે ગરીબોના આવાસો બાંધ્યા છે. જેનો ૧૦૦ ટકા ખર્ચ ગુજરાત સરકાર ભોગવે છે. દીનદયાળ ઉપાધ્યાયજીના નામે પણ ચાલે છે. આંબેડકરજીના નામે ચાલે છે. તેમાં કેન્દ્ર સરકાર અમને કોઈ ફંડ મોકલતી નથી. છતાં આ યોજના હકીકતમાં ૭૨ ટકા અને ૨૮ ટકાના વરાડે ચાલતી હોવા છતાં નામ દિલ્હીનું અને કામ ગુજરાત સરકાર કરે એટલા માટે આ ધ્યાન દોરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન એટલો જ હતો કે જ્યારે ૨૫,૦૦૦ કિંમત આ આવાસોની હતી, ૩૫,૦૦૦ હતી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પત્ર લખ્યા તેમ માનનીય મંત્રીશ્રી જણાવે છે. પણ જ્યારે ૨૫,૦૦૦ હતા ત્યારે ૨૦૦૦થી ૨૦૦૪ દરમ્યાન એક પણ પત્ર માનનીય મુખ્યમંત્રીશ્રીએ લખ્યો હતો? મારી વાત એટલી જ છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જ્યારે મોંઘવારી વધવાની શરૂ થઈ ત્યારે અમારા.. (અંતરાય) સાંભળો, મારો જવાબ તો સાંભળો. મંત્રી તરીકે આ વિભાગ મને સોંપાયેલો છે. મંત્રી તરીકે અનેકવાર મંત્રીઓને કેન્દ્રમાં આ રજૂઆત કરી છે અને..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રાગજીભાઈ,

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે..(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારા પ્રશ્નનો જવાબ મળ્યો નથી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારા જવાબમાં પત્ર નથી લખ્યો તેમણે એમ કહ્યું,.. તેમણે જવાબ આપ્યો કે મોંઘવારી વધવાની શરૂઆત થઈ ત્યારે પત્ર લખ્યો તેમાં આવી જાય છે. માનનીય મંત્રીશ્રીએ શું જવાબ આપ્યો,(અંતરાય) માનનીય મંત્રીશ્રીએ જવાબ એ આપ્યો, આપના પ્રશ્નના જવાબમાં.. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, તમારી પાસે જો વિગત હોય કે ૨૦૦૦થી ૨૦૦૪માં પત્ર લખાયો છે હા કે નામાં કહો. ના લખાયો હોય તો ના કહો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટ જવાબ છે. આ મોંઘવારી વધવાના કારણે ૩૫,૦૦૦ થયા છે. પહેલાં મોંઘવારી હતી નહીં, તેની જવાબદારી તમારી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, માનનીય મંત્રીશ્રીને આપણે એ ફરજ ન પાડી શકીએ કે શું જવાબ.. આપના પ્રશ્નનો જવાબ મળી ગયો છે. શ્રી પ્રાગજીભાઈ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટ જવાબ છે. આ મોંઘવારી વધવાના કારણે ૩૫,૦૦૦ થયા છે. પહેલાં મોંઘવારી હતી નહીં. તેની જવાબદારી તમારી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, માનનીય મંત્રીશ્રીને આપણે ફરજ ન પાડી શકીએ કે શું જવાબ.આપવો. આપના પ્રશ્નનો જવાબ મળી ગયો છે. શ્રી પ્રાગજીભાઈ..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ જવાબ હા કે ના માં ન હોય. જે તે વખતે મોંઘવારી નહોતી અને લોકો મકાન કરી શકતા હતા અને તે વખતે પણ રાજય સરકાર પોતાનો ફાળો આપતી હતી. કેન્દ્ર સરકાર રૂ.૨૫૦૦૦/- આપતી હતી ત્યારે પણ રાજય સરકારનો ફાળો તેમાં હતો અને આજે રૂ.૩૫૦૦૦/- છે એમાં પણ રાજય સરકારનો ફાળો છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. તેમણે એમ કહ્યું છે કે, જ્યારે મોંઘવારી વધી ત્યારે પત્ર લખ્યો છે એ એમના શબ્દો હતા. એમને હું કે આપ ફરજ નહીં પાડી શકીએ... પ્રાગજીભાઈનો પ્રશ્ન લેવા દો..

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કિંમત રૂ.૨૫૦૦૦/- હતી ત્યારે તેઓ રૂ.૧૮૭૫૦/- આપતા હતા અને બીજા વધારાના ૨૫ ટકા ઉપરાંત રૂ.૧૧૦૦૦/- આપતા હતા અને એના કારણે આ મકાનો બંધાતા હતા.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જ્યારે આવાસ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે ત્યારે આ રાજય સરકારે જ્યારે ૯૦૦૦૦ મકાનની કિંમત કરવા માટે વડાપ્રધાનનો શું અભિપ્રાય હતો? એ પ્રતિભાવ જાણવો છે અને બીજું મારે એ જાણવું છે કે, આપણા રાજયની અંદર આગામી નાણાકીય વર્ષમાં પંચાયત વિભાગે રૂ.૧૨૭ કરોડ આવાસો માટે ફાળવ્યા છે અને શહેરી વિકાસ વિભાગે શહેરોમાં આવાસો માટે રૂ.૩૫૦ કરોડ ફાળવ્યા છે. એટલે કે કુલ રૂ.૪૭૭ કરોડ ફાળવ્યા છે. અને કેન્દ્ર સરકારે આખા દેશ માટે માત્ર રૂ.૭૦૦ કરોડ ફાળવ્યા છે. ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની અંદર તાલુકાવાર કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા? અને સહાયની પદ્ધતિ શું છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રૂ.૭૦૦ કરોડની માહિતી ગેરમાર્ગે દોરનારી છે. રૂ.૧૧,૦૦૦ કરોડ ફાળવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી એમની વાત આગળ ન લઈ જાઓ. તમે માત્ર અમદાવાદ જિલ્લા પૂરતા મર્યાદિત રહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ માહિતી રેકર્ડ ઉપરથી સુધરાવો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની તાલુકાવાર ઇન્દિરા આવાસ યોજનાની માહિતીની એમણે માગણી કરી છે. અમદાવાદ જિલ્લાના દશક્રોઈ તાલુકામાં ૩૮૭ આવાસો બાંધ્યા છે, સાણંદમાં ૪૧૧, વિરમગામમાં ૫૫૯, માંડલમાં ૩૬૫ મંજૂર કર્યા છે. દેત્રોજમાં ૨૬૧, બાવળામાં ૩૦૫, ધોળકામાં ૪૦૫, ધંધુકામાં ૫૦૦, રાણપુરમાં ૧૭૧, બરવાળામાં ૨૭૫ એમ કુલ ૩૬૩૯ મંજૂર કર્યા છે.

**જુનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં રોજગારી આપવા બાબત**

***૧૨૧૧૦ શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૬૪૫૧૬ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

(૨) સદરહુ સમય દરમિયાન રોજગારી પાછળ કુલ રૂ.૩૪૦૯.૫૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો સમગ્ર ગુજરાત અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લામાં નારેગા યોજનામાં જે ધમધમાટ ચાલી રહ્યો છે એના માટે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે જૂનાગઢ જિલ્લામાં (અંતરાય) અગાઉના વર્ષની સરખામણીએ બહુ સારી કામગીરી થયેલ છે. માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે જૂનાગઢ જિલ્લામાં નારેગા યોજના અંતર્ગત અલગ અલગ ઘટકમાં ૨૦૦૮ના કૅલેન્ડર વર્ષની સરખામણીએ ૨૦૦૯ના વર્ષમાં કેટલી અને કેવા પ્રકારની કામગીરી થયેલ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સામે પક્ષેથી બેઠેલા વિપક્ષના મિત્રો નારેગામાં.....

**અધ્યક્ષશ્રી** : તમે જવાબને વળગી રહો. ટીકામાં ન પડો. બેક ગ્રાઉન્ડ બાંધવાની જરૂર નથી.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : નારેગા યોજનામાં સામેની પાટલીએથી કહેવામાં આવતું કે નારેગાના કામો ચાલતા નથી. એટલા માટે એમણે ધ્યાન દોર્યું છે કે જૂનાગઢ જિલ્લો આ એક જ એવો જિલ્લો છે કે જેમાં ૧૦ ગણું સ્પીડથી કામ શરૂ કર્યું છે. આની નોંધ લેવાની જરૂર છે. એમણે જૂનાગઢ જિલ્લાની વિગતો માગી છે. જોબકાર્ડ ગયા વર્ષે ૮૦ હજાર ઈસ્યુ કર્યા હતા, આ વર્ષે ૧,૨૫,૬૯૦ જોબકાર્ડ જૂનાગઢમાં ઈસ્યુ કર્યા છે. બી.પી.એલ. કાર્ડ ૧૯૭૧૧ હતા એ આ વર્ષે ૫૦૮૭૫ બી.પી.એલ.ના જોબ કાર્ડ ઈસ્યુ કર્યા છે. ગયા વર્ષે અમે જે કામ કર્યું હતું એમાં ૨૦૦૮ના વર્ષથી આ કામોની શરૂઆત થઈ હતી અને ૬૯૨ કામો પૂરા કર્યા હતા. આ વર્ષે ૧૬૧૪ કામો પૂરા કર્યા છે. અત્યારે પણ ૨૦૮ કામો ચાલું છે. કુલ ૮૧૦ કામો ગયા વર્ષે કર્યા એની સામે આ વર્ષે ૧૫૮૨૨ કામો અમે અત્યારે પૂર્ણ કર્યા છે. કુલ ખર્ચ ગયા વર્ષે ૨.૨૬ કરોડ જૂનાગઢ જિલ્લામાં નારેગા યોજનામાં થયો હતો એની સામે આ વર્ષે ૩૪.૯ કરોડનો ખર્ચ જૂનાગઢ જિલ્લામાં નારેગા યોજનામાં થયો છે. જે માનવ દિન ઉત્પન્ન થયા હતા એમાં ૨ લાખ ૬ હજાર હતા એની સામે આ વર્ષે ૩૫ લાખ માનવ દિન ઉત્પન્ન કર્યા છે. જે લોકોને

જોબ આપી છે એની સંખ્યા ગયા વર્ષે ૪૮૦૯ હતી એ આ વર્ષે ૬૪૫૧૬ લોકોને જોબ આપી છે. આ પ્રમાણે સરેરાશ રોજગારી છે એ ગયા વર્ષની જેમ આ વર્ષે ૮૮ રૂપિયા દરેકને મળ્યા છે. ૨૯ હજાર જેટલા બેંકના ખાતા હતા એ આ વર્ષે ૪૫૬૪૦ જેટલા ખાતા ખોલ્યા છે. આ પ્રમાણે જૂનાગઢ જિલ્લામાં પ્રગતિ કરવામાં આવી છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નારેગામાં જૂનાગઢ જિલ્લામાં ખૂબ જ સારી કામગીરી જે થઈ છે તો એમાં સવિશેષ કયા પ્રકારની કામગીરી કરવામાં આવી છે? બીજું કે, જૂનાગઢ જિલ્લાને અન્ય જિલ્લાઓમાં તથા અન્ય રાજ્યોમાં મૉડલ તરીકે નારેગામાં ક્યાંય અપનાવવામાં આવેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં જૂનાગઢે સારી એવી કામગીરી કરી છે એ અંગે મેં અગાઉ ઉલ્લેખ કર્યો છે. એમણે જે ખાસ કામગીરી જૂનાગઢમાં કરી છે તે ગુજરાતના માનનીય સભ્યશ્રીઓએ નોંધ કરવા જેવી છે એટલે ધ્યાને મૂકવા માટે સભ્યશ્રીએ પૂછ્યું છે. જૂનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના પીપળવા ગામમાં ઘન પ્રવાહી કચરાનો પ્રોજેક્ટ પૂરો કરવામાં આવ્યો છે અને ડ્રેનેજની કામગીરી આ ગામમાં કરી છે. એનો ખર્ચ ૯.૫૮ લાખ એક ગામમાં થયો. ૪.૧૪ લાખ સ્વચ્છતા અભિયાન સાથે જોડ્યા અને ૧ લાખ લોક ભાગીદારી કરી અને એનો ખર્ચ કર્યો. એના કારણે એ ગામડાની ડ્રેનેજ સિસ્ટમ અમલીકરણ કરી શક્યા અને એના કારણે ૧૩ ગામોએ આ રીતે ડ્રેનેજ યોજના ગામડામાં, ડ્રેનેજની વ્યવસ્થા કરવાની કામગીરી હાથ ઉપર લીધી છે. ભેંસાણમાં માંડવા ગામમાં, જૂનાગઢમાં પ્રભાતપુરમાં, કેશોદમાં રંગપુરમાં, કોડિનારમાં અલીદરગામે, માણાવદરમાં લીંબુડા ગામે, માંગરોળમાં બામરવાડા ગામે, મેદરડામાં નાનીખોડિયાર ગામે, સુત્રાપાડામાં ભુવાણ ટી.બી. ગામે, તલાલામાં વીરપુર, ઉનામાં ઉમેશપુરા, વંથલીમાં સેદરડા, વેરાવળમાં આલી, વીસાવદરમાં વિસાવડા આ ઉપરાંત બીજા પણ જુનાગઢ જિલ્લાના ૧૪ ગામો આ યોજનાનું અમલીકરણ કર્યુ છે અને આના કારણે ગામડામાં ડ્રેનેજની સિસ્ટમના અમલીકરણથી ગુજરાતમાં આપણે નારેગા યોજના દ્વારા  આપણે ગામડામાં ડ્રેનેજ કરી શકીએ એનું માર્ગદર્શન જુનાગઢે આપણને આપ્યું છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા નારેગા યોજનાનું કામનું અમલીકરણ જુનાગઢ જિલ્લામાં ખૂબ સારી રીતે કરવામાં આવ્યું છે એ બદલ રાજ્ય સરકાર તેમજ વિભાગના મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા વિભાગના મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે નારેગા યોજનાનો હેતુ શું છે? બીજું કામના અમલીકરણના મુદ્દાઓ  કેવા પ્રકારના છે અને આ યોજના હેઠળ કેવા પ્રકારના કામો હાથ ધરી શકાય છે તેની વિસ્તૃત માહિતી આપવા વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બેનશ્રીએ જે પ્રશ્ન પુછયો છે એમાં નારેગા યોજના જે ગામડાઓની અંદર અને ગામડાના જુદા જુદા વિસ્તારોમાં ટકાઉ અસ્કયામતો ઊભી કરવા માટે અને રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં જે કુટુંબમાં પુખ્ત ઉંમરના હોય અને જે શારીરિક શ્રમ કરી શકે તેવા હોય, બિનકૂશળ લોકો હોય એવા લોકોને રોજગારી મેળવવા માટે પોતાના જ ગામમાં, પોતાના જ વિસ્તારમાં નજીકના અંતરે એ રોજગારી મળે એવો હેતુ છે અને ઓછામાં ઓછા કુટુંબને સો દિવસ એ યોજનાનો લાભ મળે, સો દિવસ રોજગારી મળે એ પ્રમાણેની બાંહેધરી આપતી આ યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો અમલ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત દ્વારા આનું અમલીકરણ કરવામાં આવે છે.  આની ખાસ વ્યવસ્થા છે. આ જેટલા કામો તાલુકામાં ઊભા કરવામાં આવે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ જુનાગઢ પૂરતા મર્યાદિત રહીને કહો. કારણ કે મારે પ્રશ્ન આગળ લઈ જવાના છે. ૭ મિનિટ ઉપરાંત થઈ છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ ટકા કામો ગામડાની ગ્રામ પંચાયત કરે છે. બાકીના કામો અન્ય રીતે કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહ ભાઈ (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (બેઠા બેઠા)** : આટલો બધો લાંબો જવાબ ના આપવાનો હોય.

**અધ્યક્ષશ્રી** : આપ વચ્ચે કોમેન્ટ કરો છો.  હું એને ગંભીરતાથી (અંતરાય) નહિ, નહિ જરા પણ  નહિ. પહેલા ખુમાનસિંહભાઈને કહો. (અંતરાય) એમને હું ના પાડું છું તોય (અંતરાય) ખુમાનસિંહભાઈ જે રીતે કોમેન્ટ કરે છે તેને હું પ્રોત્સાહિત નહિ કરી શકું અને આપ પણ નહિ કરો શકો. આપ પહેલા આપના સભ્યને કહો. (અંતરાય) આપ આપના સભ્યને પહેલા કહો એ જે રીતે વાત કરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીતે મંત્રીશ્રીને (અંતરાય) તમે ચલાવી લો છો.

**અધ્યક્ષશ્રી** : આપ આપના સભ્યને કહો. મેં તો મંત્રીશ્રીને ટૂંકા જવાબ આપવાનું કહ્યું છે. આપ આપના સભ્યને કહો. તમે ખુમાનસિંહભાઈને કહી શકતા નથી એ તમારી નબળાઈ છે. (અંતરાય) એ તમારે કહેવાની જરૂર નથી. માનનીય વિપક્ષના નેતાશ્રી હું આપને ખૂબ આદરપૂર્વક કહું છું કે આપ ખૂબજ સૌમ્ય છો. મહેરબાની કરીને ઉગ્રતા ઉછીની ના લો. આપ આપના સભ્યને ના કહી શકતા હોય (અંતરાય) આપ આપના સભ્યને ના કહો. (અંતરાય) નહિ નહિ, આપ આપના સભ્યને કહો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ હાઉસને કઈ રીતે ચલાવો છો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપે આપના સભ્યને નહિ કહેવાનું? (અંતરાય) તમે મંત્રીશ્રીને કહેવાનો આગ્રહ રાખો છો એ આપ આપના સભ્યને કહોને. (અંતરાય) બેઠા બેઠા કોમેન્ટ ચાલુ રાખે એ ખુમાનસિંહભાઈ માટે યોગ્ય નથી. (અંતરાય) નહિ, નહિ, માનનીય મંત્રીશ્રી

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે આ યોજના દ્વારા કેવા પ્રકારના કામો (અંતરાય) ભાઈ જાણવું તો પડે ને. (અંતરાય) હમણાં મને એમ કહેતા કે વિગત આપો. જો વિગત નથી આપતો તો એમ કહે છે કે વિગત નથી આપતા. વિગત માગી છે તો હું વિગત આપું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમણે એવું પુછયું છે કે કેવા પ્રકારના કામો હાથ ઉપર લેવામાં આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ એ તમે ટેબલ ઉપર મૂકી દેજો. જે પ્રસિદ્ધ માહિતી હોય એ આપવાની જરૂર નથી. શ્રી અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, જુનાગઢ જિલ્લામાં આ નારેગા યોજના હેઠળ ૩૪ કરોડ રૂપિયાના કામો હાથ ધરાયેલા છે. માનનીય મંત્રીશ્રીને મારે એટલું જ પૂછવું છે કે, આ નારેગા યોજનાનું જે નવું નામ અપાયું છે એ કયુ છે અને આમાં કેટલા ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે છે ?

( આ તબક્કે સભ્યશ્રી ભરતભાઈ બારોટ બેઠા બેઠા, આખા ગુજરાતને ખબર છે,એવું બોલતાં ) (અંતરાય) મને અફસોસ છે કે આપને ગ્રામ વિકાસ વિભાગ ન આપ્યો એમાં હું શું કરું, મને અફસોસ છે એનો ?

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ આપનો પ્રશ્ન પૂરો કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બીજો મારો પ્રશ્ન એ છે કે, આ નારેગા યોજના હેઠળ, મહાત્મા ગાંધી નારેગા યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં બોરીબંધના કેટલા કામો થયા, આપે બધી માહિતી આપી છે, આ માહિતી પણ અમારે જોઈએ છે કે બોરીબંધના કેટલા કામો થયા અને એ બોરીબંધમાં જે ગેરરીતિઓ થઈ છે એની તપાસ કરાવવા માગો છો કે કેમ, આ પ્રશ્નનો જવાબ આપે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : બોરીબંધના કામોની વિગતો હું ટેબલ ઉપર મૂકીશ કારણ કે, ઘણી બધી વિગતો છે, તાલુકા વાર લેવી પડે એવી છે અને એમાં કોઈ પણ ગેરરીતિ (અંતરાય) એ ટેમ્પરરી સ્ટ્રકચરો બધા છે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : જે પ્રશ્નમાં તકલીફ પડે છે સરકારને(અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : કોઈ તકલીફ નથી, કોઈ પણ જગ્યાએ તમે અમને જણાવો કે કયાં તપાસ કરવાની છે તેની સરકાર કરશે, બધું તપાસ કરવાનું છે ? બધી તપાસ કરવાની છે? (અંતરાય) બોરી બંધમાં એ મીસલેનીયસ કામ એકઠું કરવાનું હોય અને છતાં પણ એમને વિગત જોઈએ તો મારી પાસે છે ૧૫,૧૬૭ બનાવેલા બોરી બંધો છે, ૩૭,૨૦,૦૦૦/- બોરીઓ વપરાઈ છે અને ૪ કરોડ ૨૧ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે અને આની અંદર ગેરરીતિ કોઈ થઈ હશે, તમે મને જો સ્પેશિફીક ગેરરીતિનું કહેશો એની ચોક્કસપણે ગંભીરતાથી એની તપાસ કરવામાં આવશે.

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોની જમીન માટેની અરજીઓ**

*** ૧૧૯૧૭ શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જંગલની જમીન ખેડતા ખેડૂતોને જંગલની જમીનના કાયદા હેઠળ જમીન આપવા માટે તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લાના દેડીયાપાડા, સાગબારા, ઝગડીયા અને વાલીયા તાલુકામાંથી કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓની ચકાસણી પૂર્ણ કરી માલિકી હક્ક આપવામાં આવ્યો, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી માલિકી હક્કો આપવામાં આવશે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) નર્મદા

| ક્રમ | તાલુકા | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દેડિયાપાડા | ૧૪૭૧૧ |
| ૨ | સાગબારા | ૨૩૪૩ |

ભરૂચ

| ક્રમ | તાલુકા | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ઝગડીયા | ૩૦૬૧ |
| ૨ | વાલીયા | ૮૧૨ |

(૨) નર્મદા

| ક્રમ | તાલુકા | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ડેડીયાપાડા | ૧૮૫૦ |
| ૨ | સાગબારા | ૧૮૩ |

ભરૂચ

| ક્રમ | તાલુકા | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઝગડીયા | ૧૭૨ |
| ૨ | વાલીયા | ૧૨૮ |

(૩) ટૂંક સમયમાં.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જંગલની જમીન ખેડતા ખેડૂતોને જંગલની જમીનના કાયદા હેઠળ જમીન આપવા માટે ડેડિયાપાડા, સાગબારા, વાલીયા અને ઝગડીયા તાલુકાઓમાંથી જે અરજીઓ આવી છે તેના પૂરતા પૂરાવા હોવા છતાં આજ દિન સુધી માલિકીહકક ન આપવાના કારણો શું અને કેટલી સમયમર્યાદામાં માલિકી હક્ક સુપરત કરી શકાશે ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી ખેડૂતો જંગલની જમીન ખેડે છે એના માટે મારા ગૃહના નેતા માનનીય મોદી સાહેબને અભિનંદન આપવા છે કે આખા ગુજરાતમાં સૌથી વધુ ૫૯,૦૦૦/ જેટલા આદિવાસીઓને જંગલની જમીન  આપવા માટે પ્રયાસો કર્યા છે. મારે એટલી જ વાત કરવાની છે કે, ૨૧,૭૩૦/ દાવાઓ અમને મળ્યા છે પણ જયા પૂરેપૂરી માહિતી હતી, અધૂરી માહિતી હોવાના કારણે મંજૂર થઈ નથી એ પૂરેપૂરી માહિતી મળશે પછી અમે મંજૂર કરીશું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વન અધિકાર કાયદા પહેલા રાજય સરકારે લોકોને વન જમીનની કેટલી સનદો આપેલ છે અને આ વન અધિકાર ધારા પહેલાંની જંગલની જમીનો છે, રાજય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આના માટે આપેલી હોય પણ તેની સનદો કેમ આપવામાં આવી નથી એ કયા કારણોસર ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૪૫,૩૫૨ જણાને સનદો આપી છે, પણ ભારત સરકાર મંજૂરી આપે તો જ રાજય સરકાર મંજૂરી આપી શકે, ભારત સરકારમાં પડતર છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ભરૂચ જિલ્લાના ઝગડીયામાં ૩૦૬૧ અરજીઓ છેલ્લા બે વર્ષમાં આવેલ છે એની સામે માત્ર ૧૭૨ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે માત્ર ૧૮ ટકા જેને કહી શકાય એવી બે વર્ષમાં પ્રગતિ છે, આટલી ઓછી પ્રગતિ હોવાનું અને આ હક્કો નહીં આપવાના કયા કારણો છે, આ વિલંબ નિવારવા માટે કોઈ નવી વ્યવસ્થા ઊભી કરવા માગો છો કે કેમ ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : જરૂરી પૂરાવા ન હોવાના કારણે આપી શકાય તેમ નથી. પૂરાવા માટે ભારત સરકારના નિયમ છે અને એ નિયમ પ્રમાણે સનદ આપવાની હોય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ભારત સરકારના નિયમ પ્રમાણે ગ્રામસમિતિને જ અધિકૃત કરવામાં આવી છે અને ગ્રામ સમિતિ એ ફાઈનલ ઓથોરિટી છે. સવાલ એ થાય છે કે આપણે અરજીઓ આવી છે, એમાં મારા સભ્યશ્રીએ મને રજિસ્ટર બતાવ્યું. એમાં ગ્રામ સમિતિની સંપૂર્ણ પૂર્તતા છે. તમામ દસ્તાવેજો ભારત સરકારના પ્રમાણે મેળવી લીધેલ છે.  એ અરજી પેન્ડિંગ છે.  એક જ દાખલો આપું. દેડિયાપાડામાં મળેલી અરજીઓ ૧૪૭૧૧ એની સામે મંજૂર કરેલ અરજી છે માત્ર ૧૮૫૦.  જે બતાવે છે કે આ અરજીઓ આવ્યા પછી ગ્રામ સમિતિ જે સક્ષમ છે. જેના તમામ પૂરાવા અને માનનીય મંત્રીશ્રી અથવા માનનીય અધ્યક્ષશ્રી આપ મંજૂરી આપો તો મારા સભ્યશ્રી ગૃહમાં એ રજિસ્ટર રજૂ કરશે. જેમાં કોલમમાં લખ્યું છે કે આ તમામ પૂરાવાઓ પૂર્ણ કરે છે. આ રજિસ્ટરની અંદર ઝીણવટથી અમે જોયું છે. જ્યારે પૂર્તતા થઈ ગઈ હોય ત્યારે એ પછીના ઉપરના ઓથોરિટીએ રોકવાનું કારણ ન હોય, પરંતુ મારે કારણ જાણવું છે. અમને ચિંતા છે કે ઈરાદાપૂર્વક આ અરજી બ્લૉક કરી રાખવામાં આવે અને વચેટિયા તરીકે વહીવટ ન થાય ત્યાં સુધી ન મળે.  જ્યારે ઇલેક્શન નજીક ન આવે ત્યાં સુધી ક્લિયર ન થાય. સમારંભો યોજાય અને આદિવાસી ભાઈઓને બોલાવીને કાગળ પકડાવવા માટે બાકી રાખીએ છીએ? શેના માટે આ બાકી રાખીએ છીએ એ હું જાણવા માગુ છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : જે કાઈ અરજીઓ છે. અરજીઓ એ ગામની સમિતિ છે એ મંજૂર કરે છે. આમાં કેન્દ્રનો નિયમ એવો છે કે ૩૦-૧૨-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં એ જમીનનો કબજો ધરાવતો હોવો જોઈએ. એમાં એના પરિવારનો નિભાવ થતો હોવો જોઈએ અને આ પ્રમાણેની કેન્દ્રની ગાઈડલાઈન છે. એમાં પૂરાવા આપણને જોઈએ. ગ્રામ સમિતિ પાસે આવા પૂરાવા રજૂ કરે તો એ માન્ય છે. બે પૂરાવા ઓછામાં ઓછા જોઈએ. એક પૂરાવો એટલે ગુના પાવતીનો એક પૂરાવો છે. બીજું એવું છે કે જેની પાસે ગુના પાવતી નથી, તો વન

અધિકાર સમિતિ જે ગામની બનેલી છે. એ પોતે વડીલો કહે કે આમને જાણીએ છીએ. જેઓ ૫-૧૫ વર્ષની જમીન ખેડે છે. એ પ્રમાણે આપી શકાય, પણ અકે પૂરાવા છે. કોઈને કોઈ બે પૂરાવા જોઈએ. બે પૂરાવા કેટલીક અરજીઓમાં ન હોવાના કારણે હવે અમે એક સેટેલાઈટ દ્વારા પણ પૂરાવો સાબિત થાય અને એ પ્રમાણે થતું હોય તો એ પ્રમાણે અમે બે પૂરાવાથી જમીન આપવા માગીએ છીએ. એમણે વાત કરી કે કોઈપણ કેસ હશે અને બે પૂરાવા હશે અને જમીન નથી અપાઈ તો વહેલામાં વહેલી તકે જમીન આપવા માટેનો પ્રયત્ન રહેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રી કહે છે વન અધિકાર સમિતિએ આમાં સિક્કા મારીને સર્ટીફાઈડ કરેલ છે. બે નહિ, પણ ૯ પૂરાવા છે. આવી એક અરજી નથી. આખું રજિસ્ટર એ પ્રમાણે પોઝિટિવ પૂરાવા લઈ વન અધિકાર સમિતિએ પણ સિક્કા મારેલ આખું રજિસ્ટર છે. બે નહિ, આવી હજારો અરજીઓ આદિવાસી સમાજની પેન્ડિંગ છે. એની ગુનાઈત બેદરકારી માટે, ૫ડતર રાખવા માટે કોઈ અધિકારી સામે પગલાં ભરવા માગો છો કે કેમ? અને કેટલા સમયમાં? આપ ચોક્કસ કહો છો, પણ વન અધિકાર સમિતિએ સર્ટીફાઈડ કરીને મોકલેલ આખું રજિસ્ટર છે. હું એ નથી કહેતો, જેને વન અધિકાર સમિતિએ દાવા,પૂરાવો નથી અને ના પાડી છે. દાવા નથી, પૂરાવો નથી. નથી અરજી મોકલી. વન અધિકાર સમિતિ અને ગ્રામ સમિતિએ બંનેએ સર્ટીફાઈડ કર્યા પછી કેટલા દિવસોમાં એ ભાઈને આ જમીન મળે એના માટે કોઈ સ્પેસિફિક ટાઈમ અને આ જે રજિસ્ટર છે અને ગામનું નામ પંચાયતનું નામ ઉમરાળ, દેડિયાપાડા એ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતું ગામ એની આ વિગત છે અને આખા રજિસ્ટરમાં જે અરજી છે. જેને વન અધિકાર સમિતિ અને ગ્રામ સમિતિ બંનેએ સર્ટીફાઈડ કર્યા છે. ત્યારે હું બે જવાબ ઈચ્છું છું કે એક તો જેણે વિલંબ કર્યો એની સામે પગલાં, બીજું આપ કોઈ એવી સ્કીમ નક્કી કરો છો કે વન અધિકાર સમિતિ અને ગ્રામ સમિતિએ મોકલ્યા પછી બે અઠવાડિયા, અઠવાડિયું કે ત્રણ અઠવાડિયામાં આનો 'હા' કે 'ના' માં અમે નિકાલ કરી આપીશું?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : મે કહ્યું તે પ્રમાણે ગ્રામ સમિતિમાં આ અરજીઓ આવે અને પછી ચકાસણી થાય અને ત્યારપછી ગ્રામ સમિતિ એને પ્રાંતમાં મોકલે એટલે તાલુકામાં મોકલે અને તાલુકામાંથી પણ ચકાસણી જે તે પૂરાવા એમના હશે તે બરાબર જોઈને પછી જિલ્લામાં જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં જાય છે અને પછી જિલ્લામાંથી પછી તે ફાઈનલ થાય છે. આના માટે મેં બે પૂરાવાની વાત કરી છે. મારે આની માહિતી આપવી હોય તો કેટલાક અધિકારીઓએ ઈરાદાપૂર્વક ખોટું કર્યુ હોય તેવું અમારા ધ્યાન પર આવેલ નથી. આંકડા આપવા છે. એમણે જે પ્રશ્ન પૂછયો છે તેમાં મારે આંકડા આપવા છે. આમાં ઝગડીયા તાલુકામાં મળેલ દાવા ૩૦૬૧, ચકાસણી કરી ૩૦૬૧ અને ગ્રામ સભામાં રજૂ કર્યા ૩૦૬૧ અને ગ્રામસભા પેટા સમિતિને આપ્યા ૨૬૩૧ અને પેટા સમિતિએ જિલ્લા સમિતિમાં મોકલાવેલા છે તેમાં ૧૦૧૪ અને મંજૂર કરેલા દાવા ૧૭૨ છે. વાલીયામાં ૮૧૨ અરજી આવી, ૮૧૨ની ચકાસણી કરી અને ગ્રામસભામાં ૮૧૨ આ બધી માહિતી તમને આપું છું. આદિવાસી છે તેને આ નિયમ પ્રમાણે આપવી જ છે અને ખરો આદિવાસી જમીન ખેડતો હશે તેમાં એકને અન્યાય નહીં થાય તેની કાળજી લઈશું. વાગરાની વાત તેમના એરીયાની વાત

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી એક મિનિટ, માનનીય મંત્રીશ્રી દેડીયાપાડા તાલુકાના એક ગામનું નામ તેમણે આપ્યું છે. તેમની પાસે રજીસ્ટર છે. ગામનું નામ આપ્યું છે તેના ગ્રામ સમિતિ અને વન સમિતિના દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કર્યા છે. આપ તેની ચકાસણી કરી અને બાકીની જે વ્યવસ્થા છે તેની અંદર સમય મર્યાદા નકકી કરી દો કે પ્રાંતે કેટલા દિવસમાં ચકાસણી કરવાની અને જિલ્લાએ કેટલા સમયમાં કરીને તમને મોકલી આપવાના. જેથી વિલંબના કારણો ન રહે. એટલું કરવાનું છે અને આપે કહયું છે હું તપાસ કરીશ. ટાઈમ લિમિટ કહી દો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વહેલામાં વહેલી તકે અરજી જોઈ લઈશું. જે કઈ ચકાસણી કરવાની...

**અધ્યક્ષશ્રી** : આપે પુખ્ત વિચાર કરીને સમય મર્યાદાનો એક નિર્ણય કરશો એવો હેતુ નીકળે છે. પ્રશ્ન પાછળનો હેતુ આ છે કે અરજી તમારી પાસે મળ્યા પછી જે અરજીઓ ગ્રામ સમિતિએ મંજૂર કરેલી છે, પૂરાવા સાથેની છે. જે પૂરાવા અપેક્ષીત છે તે પૂરાવા સાથેની અરજીઓ ત્યારપછીની ચકાસણીમાં સમય ન લે તે માટેનું સમયપત્રક આપ નકકી કરશો તે હેતું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નકકી કરી લઈશું. દેડીયાપાડાની વાત કરી છે...

**અધ્યક્ષશ્રી** : હવે આગળ પ્રશ્ન રહેતો નથી.

### સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત.

***૧૨૧૦૬ શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ)** : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૯૪૯૧ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ૮૧૧૯ આવાસો પૂર્ણ કરેલ છે.

(૩) તેની પાછળ કુલ રૂા.૨૧૭૨.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સુરત જિલ્લામાં ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૯૪૯૧ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે અને ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૮૧૧૯ ઈન્દિરા આવાસ પૂર્ણ કરેલા છે. તો મારે જાણવું છે કે આ ઈન્દિરા આવાસ યોજનાની શરૂઆત કયારે કરી અને તેમાં સુરત જિલ્લામાં ૦ થી ૧૬નો ગુણાંક ધરાવતા કેટલા બી.પી.એલ.પરિવારો બાકી છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની શરૂરઆત ૧-૧-૧૯૯૬ થી થઈ છે અને તેમાં ૭૩૪૭ બી.પી.એલ. લાભાર્થીઓ બાકી છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સુરત જિલ્લામાં ૦ થી ૧૬નો ગુણાંક ધરાવતા બી.પી.એલ. પરિવારોને સો ટકા ઈન્દિરા આવાસના મકાનો આપવા માટે રાજય સરકારનું શું આયોજન છે? અને કયાં સુધીમાં આ સો ટકા આવાસો આપવામાં આવશે.

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧ સુધીમાં તમામ બી.પી.એલ.પરિવારો આવાસ આપવાનું આયોજન છે. માનનીય મોદી સાહેબનો આપણે આભાર માનીએ કે વર્ષોથી રાહ જોતા હતા તે બી.પી.એલ. પરિવારોને આવાસ મળી રહયા છે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** :માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસો મંજૂર થયા અને કેટલા પૂર્ણ થયા છે અને બાકીના પ્રગતિ હેઠળ છે તો તે કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ આવાસો લાભાર્થીએ જાતે બનાવવાના હોવાને કારણે વિલંબ થયેલ છે અને વહેલા બને તેના માટે પ્રયત્ન કરીએ છીએ.

**ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી.થી કોલેજના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ આપવા બાબત**

***૧૨૪૫૮ શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ(ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી.થી કોલેજ કક્ષાના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે નાણાંકીય સહાય આપવામાં આવે છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે, અને

(૩) આ પેટે કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ૧,૬૧,૯૮૯

(૩) રૂા.૫૨૯.૧૫ લાખ.

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. સુધીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે નાણાંકીય સહાય રાજય સરકારના ભંડોળમાંથી કેટલી ચુકવવામાં આવી છે અને છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવી છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં ૧૫૩૫૯૬ વિદ્યાર્થીઓને ત્રણ કરોડ ત્રણ લાખ એકતાલીસ હજારની રકમ રાજય સરકારના ભંડોળમાંથી ચૂકવવામાં આવી છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક શાળામાં એસ.સી.વિદ્યાર્થીને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે અને તેમાં રાજય સરકાર વધારો કરવા માગે છે કે કેમ ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : ના,જી. અત્યારે વિચારણા હેઠળ નથી.

**કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં થયેલ વાવેત**

***૧૨૬૩૧શ્રી જયંતીલાલ ૫. ભાનુશાલી(અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ, અને

(૨) તેની પાછળ કેટલો કુલ ખર્ચ થયેલ છે?

**વન મંત્રીશ્રી :**

(૧) કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામુહિક વન નિર્માણ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ ૪૨૧ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂા. ૭૩.૯૭ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે એમાં ૧૯૯૫ પહેલાં આ જંગલ ખાતાના • (xxxx) (xxxx) અને અત્યારે..

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું કાઢી નાખું છું, માનનીય સભ્યશ્રી, સીધા પ્રશ્ન પર આવો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો અત્યાર સુધી એમ કહે છે કે, કોઈ અભિનંદન નથી આપતું, તો હું એમને અભિનંદન આપું છું, કે તમે જે કુકર્મો કર્યા હતા એટલે તમે ત્યાં બેઠા છો અને અમે અહીં બેઠા છીએ. એટલે તમને અભિનંદન આપું છું

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતીભાઈ, આપ પ્રશ્ન ઉપર ના આવવાના હોય તો હું પ્રશ્ન રદ કરું છું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, કચ્છ જિલ્લામાં ૨૦૦૯-૧૦માં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા તાલુકાવાર કેટલા હેકટરમાં વાવેતર કરેલ છે અને તે પાછળ કેટલો ખર્ચ કરેલ છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં ભુજ તાલુકામાં ૮૩ હેકટરમાં ૧૪ લાખ ૬૨ હજાર, માંડવી તાલુકામાં ૪૦ હેકટરમાં ૭ લાખ ૪ હજાર, મુંદ્રા તાલુકામાં ૪૭ હેકટરમાં ૮ લાખ ૨૭ હજાર, નખત્રાણા તાલુકામાં ૭૦ હેકટરમાં ૧૨લાખ ૨૩ હજાર, અબડાસા તાલુકામાં ૪૦ હેકટરમાં ૭ લાખ ૪ હજાર, લખપત તાલુકામાં ૧૨ હેકટરમાં ૨ લાખ ૧૧ હજાર, અંજાર તાલુકામાં ૪૬ હેકટરમાં ૮ લાખ ૧૦ હજાર, ભચાઉ તાલુકામાં ૬૦ હેકટરમાં ૧૦ લાખ ૫૧ હજાર, રાપર તાલુકામાં ૨૩ હેકટરમાં ૪ લાખ ૫ હજાર મળી કુલ ૪૨૧ હેકટરમાં ૭૩ લાખ ૯૭ હજારનો ખર્ચ થયેલ છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ૨૦૦૯-૧૦માં રોપા વાવેતરના કારણે કેટલા માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં ૨૦૦૯-૧૦માં રોપાના વાવેતરના કારણે ૮૦૪૧૬ માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સામાજિક વનીકરણ યોજના વાવેતર કરવામાં આવેલ છુે એમાં હું એ જાણવા માગું છું કે, કે આ વાવેતરની પધ્ધતિ શું છે અની બીજું જે ગ્લોબલ વોર્નીંગના અનુસંધાનમાં જે આગોતરા આયોજન રૂપે આપણે કલાયમેટ ચેઈન્જ વિભાગની પણ સ્થાપના કરવામાં આવી છે એના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું, અને આની પાછળ કચ્છ જિલ્લા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એ હું જાણવા માગું છું.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે અભિનંદન આપ્યા એવા હું પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીને આ કલાયમેટ ચેઈન્જની ચિંતા કરીને નવો વિભાગ પણ સ્થાપવામાં આવ્યો છે. જમીનની સ્થળ સ્થિતિ પ્રમાણે કેવા પ્રકારના વૃક્ષો વાવવા હિતાવહ રહેશે તે નકકી કરીને તે મુજબ નર્સરીની શરૂઆત કરવામાં આવે છે. જે તે મોડલની જોગવાઈ મુજબ ત્રીસ બાય ત્રીસ બાય ત્રીસ સેન્ટીમીટર અથવા તો ચાલીસ બાય પીસ્તાલીસ બાય પીસ્તાલીસ સેન્ટીમીટરના ખાડા ખોદવામાં આવે છે, ચોમાસામાં રોપણી કરવામાં આવેલ તથા રોપાના રક્ષણ માટે વાડ બનાવવામાં આવે છે, પ્રથમ વર્ષ માટે, બીજા વર્ષ માટે, ત્રીજા વર્ષ માટે અને એકવાર ગોડકામ કરી અને નિંદામણ કરવામાં આવે છે, તથા પૂરક પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી પાસે હું જાણવા માગુ છું કે કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં સામાજિક વનિકરણ દ્વારા જે રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે એ વાવેતરમાં કચ્છ જિલ્લાના દરેક તાલુકામાં જે રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે તેમાંથી કેટલા રોપા જીવંત છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં સામાજિક વનિકરણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં ભૂજ તાલુકામાં ૬૮૪૨૫ રોપાઓ વાવેલ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** ટોટલ કહો, તાલુકાવાર નથી માગ્યા. જીવંતનો આંકડો તાલુકાવાર નથી માગ્યો કુલે કેટલા ટકા જીવંત રોપાઓ રહ્યા છે એટલા જ ટકા કહી દો. તાલુકા પ્રમાણે કહેવું હોય તો ટેબલ ઉપર મૂકી દો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩,૮૨,૭૫૦ જેટલા રોપાઓ અત્યારે જીવંત છે.

## અમદાવાદ જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

***૧૨૧૦૧ શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, અને,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૨૦૦૮-૨૦૦૯ તથા ૨૦૦૯-૨૦૧૦માં કુલ ૧૦ (દસ) ગ્રામ પંચાયત ઘરોને મંજૂરી આપવામાં આવેલ છે. પંચાયત ઘરો બનાવવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં બે નવી ગ્રામ પંચાયતો બની છે તેના મકાનો બનાવવાની વ્યવસ્થા કરી છે શું ? બીજો મારો પ્રશ્ન છે કે મારા મત વિસ્તારમાં અમુક પંચાયત ઘર જરજરીત થઈ ગયેલા છે, પાણી પડે છે તે માટે મે જિલ્લા પંચાયતમાં માગણી કરી છે તો તે નવા બનાવવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં બે નવી ગ્રામ પંચાયત ઘરની બાબતમાં માનનીય ધારાસભ્યશ્રીએ માગણી કરેલી છે એમાં દશક્રોઈ તાલુકાનું બીબીપુર ગામ છે અને ધંધુકા તાલુકાનું સરસલાપુર ગામ છે. આ બંને ગ્રામ પંચાયતોને અલગ કરવાના કારણે ત્યાં પંચાયત ઘરની જરૂર છે એને અમે બાંધવા માટે મંજૂરી આપી છે પરંતુ એમાં એક બાબત એવી છે કે, આ પંચાયતને અમે બાંધવા આપીએ છીએ તો પંચાયતો પંચાયત ઘર બાંધતી નથી. એ એટલા માટે નથી બાંધતી મોંઘવારી વધી છે એના કારણે એ લોકો બાંધી શકતા નથી. એમની માગણી એ છે કે ઉંચા ભાવ મળે, એમાં રીવાઈઝ એસ.ઓ.આર. જે કરવાના છે હવે કરવા જ પડશે આ વાત ગૃહમાં કહેતા મને સંકોચ નથી કારણ કે, મોંઘવારી વધી એના કારણે એસ.ઓ.આર.રીવાઈઝ કરવા પડે એમ છે અને ૩ લાખ ૩૨ હજારની કિંમતમાં જે પંચાયત ઘર બાંધવાનું હતું એ કિંમતે બાંધવા માટે કોઈ પંચાયત જલદી તૈયાર થતી નથી છતાં પણ સ્વભંડોળમાંથી કોઈ પંચાયતો પોતાના નાણા આમાં વાપરવા માગતા હોય તો એને મંજૂરી આપીને પણ અત્યારે અમે આ બંધાવીશું અને અમારો રીવાઈઝ એસે.ઓ.આર.થાય ત્યારે રીએમ્બર્સ કરીને આપવામાં પણ વાંધો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબત જાણવા માગુ છું. એક તો એ છે કે, માનનીય મંત્રીશ્રી સ્વીકાર કરે છે કે એસ.ઓ.આર. બરાબર નથી એટલે પંચાયત કામ કરી શકતી નથી. આ એસ.ઓ.આર. છેલ્લે કયારે કયા વર્ષમાં નક્કી થયા હતા? અને જ્યારે મંત્રીશ્રી સ્વીકારે છે કે નવા એસ.ઓ.આર. જરૂરી છે તો કેટલા સમયમાં સનવા એસ.ઓ.આર. નક્કી કરીને એનું અમલીકરણ થશે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વર્ષ નહીં, તારીખ સાથે કહેવું છેકે ૬-૨-૨૦૦૬ના રોજ આ એસ્ટીમેટ કોસ્ટ રીવાઈઝ કરી હતી પણ એ બતાવવા માગુ છું કે, ૨૦૦૬ના વર્ષ સુધી મોંઘવારી એટલી નહોતી વધતી આજે આ મોંઘવારીવધી છે એના કારણે આ પરિસ્થિતિ આવી છે. સાથે સાથે વિરોધ પક્ષના નેતાશ્રીએ રીવાઈઝ એસ.ઓ.આર. માટે જે સૂચન કર્યું છે એ વાત સાચી છે આવતા નવા વર્ષમાં અમે રીવાઈઝ એસ.ઓ.આર. કરીશું. કારણ કે, આ વિભાગ છે એમાં માર્ગ મકાન ખાતાના એન્જિનિયરોની મદદ લેવાની હોય છેએ અમે લઈને નવા એસ.ઓ.આર. બનાવીશું.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ જે પંચાયત ઘરોમાં જેમ માનનીય બાબુભાઈએ કહ્યું તેમ કે વારસામાં મળ્યા છે અને એમાં સરપંચ બેસી ના શકે, તલાટી બેસી ના શકે, પાણી પડતું હતું, રેકર્ડ ઘરે રાખવું પડતું હતું, હવે ટી.વી. આપ્યા, કોમ્પ્યુટર આપ્યા, એ કોમ્પ્યુટરો સરપંચના ઘરે રાખવા પડતા હતા અને આ સરકાર આવી પછી, એવા સુંદર પંચાયત ઘરો બનાવવાના શરૂ કર્યા કે વ્યવસ્થિત આખું ધાબાવાળું મકાન થાય તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ પંચાયત ઘરમાં એક ઓરડો બનાવી દેવામાં આવે છે કે એમાં જુદી જુદી તલાટી માટે વ્યવસ્થા, સરપંચ માટે વ્યવસ્થા એ રીતે કંઈ જુદી વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : હાલ જે ડિઝાઈન છે એમાં એમના સૂચનોને આમેજ કરી અને રિવાઈઝ કરવા પ્રયત્ન કરીશું.

**આણંદ જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત**

***૧૨૪૪૨ શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**પંચાયત મંત્રીશ્રી**

(૧) ૧૦ (દસ)

(૨) રૂા.૩૩,૨૦,૦૦૦/- (તેંત્રીસ લાખ વીસ હજાર)

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, જર્જરિત થયેલી પંચાયતો અને તલાટીઓના જે આવાસો છે તો ફરી નવા બાંધવા માટે સરકારે કઈ કઈ શરતો મૂકી છે અને બીજું આ જે પંચાયત ઘરો બાંધવામાં આવ્યા એમાં કેટલાક સમૃદ્ધ ગામોમાં લોકભાગીદારીથી પંચાયત ઘર બાંધવા બાબતે કોઈ માહિતી હોય તો માનનીય મંત્રીશ્રી આપે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લોકભાગીદારી અંગે એમણે જે પ્રશ્ન પુછ્યો છે

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ આપને છેલ્લી ચેતવણી આપું છું (અંતરાય) નહિ નહિ એમને કહો આપ, મેં નીતિનભાઈને પણ કહ્યું છે (અંતરાય) નીતિનભાઈને પણ હું કહુ છું એ જ રીતે ખુમાનસિંહભાઈને પણ કહુ છું

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારા સભ્યશ્રીઓની જે અકળામણ હોય છે એનું કારણ એ હોય છે કે, સામેથી જે પરિસ્થિતિ થાય છે ત્યારે અકળામણ થાય છે બાકી પ્રશ્નોત્તરીમાં અમે કંઈ કરવા માગતા નથી અમને રસ છે પ્રશ્નોત્તરી વ્યવસ્થિત ચાલે એમાં.

**અધ્યક્ષશ્રી** :હું અત્યારે એના માટે કંઈ નહિ કહુ પણ બન્નેને મેં કહેલું છે આપે સાંભળ્યું છે. (અંતરાય) બન્નેને મેં જ્યારે જ્યારે કહેવાનું આવે છે ત્યારે કહ્યું છે પણ એમની સતત.. આપ એમને કહી શકતા હો તો કહેજો કે સતત આ રીતે કોમેન્ટ ચાલુ ના રાખે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ જે ૧૦ મકાનો બાંધવાના છે એમાં લોકભાગીદારીની બાબત અમારી પાસે નથી. પણ લોકભાગીદારીનો સ્વીકાર કરવા માટે .. ..

**અધ્યક્ષશ્રી** :નહિ, લોકભાગીદારી હોય ત્યાં, આમાં નથીને? એમણે એ જ પ્રશ્ન પુછ્યો છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પંચાયત ઘર માટેની કેટલી અરજીઓ પેન્ડીંગ છે અને એમણે જેમ અગાઉ કહ્યું તેમ એસ.ઓ.આર. સુધારવાની જે વાત કરી, પણ હાલમાં જે પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યાં છે અને એમાં પંચાયત ઘર અને તલાટી કમ મંત્રીશ્રીના આવાસ એ બન્નેનો પ્લાન એસ્ટીમેટ ભેગો જે બનાવવામાં આવે છે તો એમાં આ એસ.ઓ.આર. જ્યાંસુધી ના સુધરે ત્યાંસુધી આ પ્લાનમાં કોઈ સુધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : અત્યારે પંચાયત ઘર અને તલાટીઓનું રહેઠાણ એ બન્ને જોડે જ છે અને એના જ એસ્ટીમેટ આપેલ છે આમાં રિવાઈઝ એસ્ટીમેટ કરવાના અમે ખૂબ જલ્દી પ્રયત્ન કરીશું. એક બીજો પ્રશ્ન એમણે એમ પુછ્યો છે કે આણંદ જિલ્લામાં કેટલા મકાનો બાંધવાના બાકી છે તો એમાં અત્યારે આણંદ જિલ્લામાં સ્પીલ ઓવર છે ૧૭ મકાનો બાંધવાના સ્પીલ ઓવર છે અને બીજા નવા ૧૭ મંજૂર કર્યા છે કુલ ૩૪ મકાનો આણંદ જિલ્લામાં કરવાના થાય છે એમાં ૧૦ પૂરા કર્યા છે અને ૨૪ મકાનો ઓનગોઈંગ છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પંચાયત ઘર નવા બનાવવા માટેની કોઈ યોજના અમલમાં આવેલી છે ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : હમણાં એક જાણકારી આપી છે કેન્દ્ર સરકારે ૧૦ લાખ રૂપિયા નવા પંચાયતના ઘરો માટે અને એનું આયોજન. પણ એનું અમલીકરણ માટે નહિ માત્ર પત્ર એક આવ્યો છે. તેથી વધારે વિશેષ અમારી પાસે કંઈ નથી.

## નાણાપંચના અહેવાલ અંગે કરેલ ભલામણો

*** ૧૨૦૧૦ શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજયના નાણા પંચનો અહેવાલ છેલ્લે કયારે રજૂ કરવામાં આવ્યો, અને

(૨) આ અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો અંગે તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ સરકારે શાં પગલાં લીધાં ?

**પંચાયત મંત્રીશ્રી**

(૧) રાજય નાણાપંચનો અહેવાલ તારીખ ૧૪-૬-૨૦૦૬ના રોજ રજૂ કરવામાં આવ્યો.

(૨) અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો સરકારની વિચારણા હેઠળ છે.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે રાજયના નાણા પંચનો અહેવાલ છેલ્લે કયારે રજૂ કરવામાં આવ્યો અને આ અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો અંગે તારીખ ૩૧-૧-૧૦ની સ્થિતિએ સરકારે શા પગલાં લીધાં ? મને જવાબ આપવામાં આવ્યો છે રાજય નાણા પંચનો અહેવાલ તારીખઃ ૧૪-૬-૨૦૦૬ના રોજ રજૂ કરવામાં આવ્યો અને અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો સરકારની વિચારણા હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નાણા પંચની રચના કયારે કરવામાં આવી ? અને આટલો મોડો રજૂ કરવાના શા કારણો છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીજી નાણા પંચની જે રચના છે તે ૧૯-૧૧-૨૦૦૩ની સાલમાં કરવામાં આવી હતી. તેની મુદ્દત બે વર્ષની હતી. તેનો જે પિરિયડ હતો નાણા પંચનો તેને પાંચ વર્ષ માટેનું

આનું આયોજન કરવા માટેનો પિરિયડ હતો. ૧-૪-૦૫ થી ૩૧-૩-૧૦ સુધીનો આયોજન કરવાનું હતું. મુદ્દત તેની જે ૩૦-૬-૨૦૦૭ સુધી મુદ્દત લંબાવી હતી સરકારે તેને લંબાવી આપી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે નાણા પંચ છે તેને વિખેરી નાખવામાં પણ આવ્યું છે અને તેનો સમય પૂરો થયો છે. આ બીજા નાણા પંચનો જે આખો અહેવાલ છે તે સરકારમાં ચર્ચા કરવા આવે તે પહેલાં તેની એક એમ્પાવર કમિટી બનાવવામાં આવી છે અગ્ર સચિવ નાણાંના અધ્યક્ષતામાં અને પાંચ સચિવોની એક કમિટી છે આ આનો અભ્યાસ કરે છે તે અભ્યાસ કરીને કેબિનેટમાં મૂકશે અને કેબિનેટમાં મંજૂર થયા પછી તે વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવશે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં નાણા પંચની રચના કેમ કરવામાં આવી ? આ પંચના ભલામણોની સ્કોપની વિગતો આપશો અને પહેલાં નાણા પંચની રચના કયારે કરવામાં આવી અને પહેલા નાણા પંચનો અહેવાલ કયા કારણોસર વિધાનસભામાં વિલંબથી રજૂ કરવામાં આવ્યો હતો ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે આ નાણા પંચની રચના બાબતમાં તેમણે પ્રશ્ન પૂછયો છે. એક તો કેટલા સમય માટે અને કયારે કરવામાં આવી તેનો જવાબ મેં આપ્યો છે. તેમની મુદ્દત લંબાવવાના કારણે તેમણે જે માગ્યા છે અને અહેવાલ ઉપર કાર્યવાહી માગી છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે પંચાયતો, નગરપાલિકા, મહાનગરપાલિકા તેનું આખું આયોજન ગોઠવવા માટે આ નાણા પંચની રચના રાજયપાલશ્રી કરે છે અને આ નાણા પંચની આખી રચના કર્યા પછી જે અહેવાલ તૈયાર થાય છે તેમાં મૂળ મુદ્દાઓ એ હોય છે કે તેમાં નાણાંકીય વ્યવસ્થા રાજય સરકાર તરફથી પંચાયત અને નગરપાલિકાને જે નાણાં ફાળવવામાં આવે તે કેટલા ફાળવવા જોઈએ, કેટલા ફાળવવા પાત્ર છે તેનું સૂચન કરે છે. તેની મંજૂરી તો કેબિનેટમાં મંજૂર થયા પછી તે થાય છે પરંતુ તેનું સૂચન કરે છે. ત્યાર પછી માનનીય અધ્યક્ષશ્રી, જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હોય છે તેને સત્તાઓ હોય છે એ સત્તાઓનો ઉપયોગ કરીને સોર્સીઝ ઉભાં કરવાના હોય છે એના પણ એ લોકો સૂચન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધું કર્યા પછી નીતિ કેવી ઘડવી જોઈએ તેનું પણ માર્ગદર્શન આપે છે. આ માર્ગદર્શનના આધારે નાણા પંચ કામ કરે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૦૩માં નાણા પંચની રચના કરવામાં આવેલી ત્યારે હું ભૂલતો ના હોઉં તો માનનીય ધીરુભાઈ શાહ આના અધ્યક્ષ પદે હતા. ૨૦૦૫માં પૂરી કરવાની હતી અને ૨૦૦૫ થી ૧૦ના માટેની આ નાણા પંચની રચના કરવામાં આવેલી અને ૨૦૧૦ સુધી આ અહેવાલને મંજૂર ન કરવાના કારણો શું છે ? અને કેબિનેટે કેટલી વખત આ અહેવાલને ચર્ચામાં લીધો?

**અધ્યક્ષશ્રી:** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ખેડા જિલ્લામાં સખી મંડળોની થયેલ રચના

૧૨૫૬૫**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી સખી મંડળીઓની રચના થયેલ છે, | (૧) ૭૨૮૫. |
| (૨) તે પૈકી કેટલા જૂથોની રચના થઈ છે, અને | (૨) ૭૨૮૫. |
| (૩) તે પૈકી કેટલા જૂથોને ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ આપવામાં આવેલ છે ? | (૩) ગ્રેડ-૧ -૪૯૩૭.<br>ગ્રેડ-૨ ૪૧૬. |

-------------

### સરકારી આવાસ યોજનામાં તકેદારી ક્ચેરી ધ્વારા લાભાર્થીઓ નક્કી કરવા બાબત

૧૧૯૪૫**શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ગુજરાત સરકારી આવાસ યોજના પૈકી તકેદારી ક્ચેરી ધ્વારા જે લાભાર્થીઓ નક્કી થાય છે તે લાભાર્થી કઈ સમિતિ ધ્વારા નક્કી કરવામાં આવે છે, | (૧) આવાસ યોજના માટે લાભાર્થીઓ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવતા નથી પરંતુ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના |

અને

તા. ૧૦-૧૧-૨૦૦૯ના ઠરાવની જોગવાઈ મુજબ લાભાર્થીઓની પસંદગી ફક્ત ગ્રામ વિકાસ વિભાગે બનાવેલ અને વખતોવખત પ્રસિધ્ધ થતી પ્રવર્તમાન બી.પી.એલ. યાદીમાંથી કરવામાં આવે છે.

(૨) લાભાર્થી નક્કી કરવાની લાયકાતો શી છે ?

(૨) ૦ થી ૧૬ સુધીના સ્કોર ધરાવતા બી.પી.એલ. લાભાર્થીને પ્રથમ અગ્રતા આપવામાં આવે છે. અને ત્યાર પછી ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતા બી.પી.એલ. લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે.

-------------

## જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં થયેલ વાવેતર

૧૨૪૪૬**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) જામનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦માં સામાજીક વનીકરણ યોજના હેઠળ નહીં. પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કૂલ-૪૮૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા. ૯૫.૧૨ લાખનો ખર્ચ થયેલ છે.

## રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં થયેલ વાવેતર

૧૨૪૪૮ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) રાજકોટ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦માં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહી. પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ-૪૮૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો કુલ ખર્ચ થયેલ છે ?

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂા. ૮૯.૧૫ લાખનો ખર્ચ થયેલ છે.

-------------

## ખાનપુર અને લુણાવાડા તાલુકાની ગ્રુપ ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ

૧૨૫૭૫ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં ખાનપુર અને લુણાવાડા તાલુકાની કઈ કઈ ગ્રુપ ગ્રામ પંચાયતોની વિભાજનની માગણીઓ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરી છે, અને

(૧) નીચેની વિગતે સાત માગણીઓ મળેલ છે.

| તાલુકો | મળેલ માગણીઓ |
|---|---|
| ખાનપુર | ૨ |
| લુણાવાડા | ૫ |

(૨) આ માગણી અન્વયે સરકારે ક્યા પ્રકારની કાર્યવાહી હાથ ધરી ?

(૨) લુણાવાડા તાલુકાની ડોકેલાવ, બોરડી તથા હરદાસપુર ગ્રામ પંચાયતની વિભાજનની દરખાસ્તો પંચાયત વિભાગને મળેલ નથી. જ્યારે અન્ય ૪ (ચાર) દરખાસ્તો વિચારણા હેઠળ છે.

## પંચમહાલ જિલ્લામાં તલાટી-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૨૪૯૩**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|
| જાંબુઘોડા | ૦૮ |
| હાલોલ | ૨૦ |
| કાલોલ | ૨૪ |
| ગોધરા | ૧૫ |
| શહેરા | ૧૧ |
| લુણાવાડા | ૧૫ |
| ખાનપુર | ૦૮ |
| સંતરામપુર | ૦૭ |
| કડાણા | ૦૭ |
| મોરવા | ૦૧ |
| ઘોઘંબા | ૦૭ |
| કુલ | ૧૨૩ |

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૨) સત્વરે જગ્યા ભરવા કાર્યવાહી કરવા વિચારણા કરેલ છે.

-------------

## એસ્સાર કંપની ધ્વારા હજીરા ખાતેની જમીન પચાવી પાડવા બાબત

૧૨૦૨૭**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હજીરા (સુંવાલી) ખાતે એસ્સાર કંપની ધ્વારા સર્વે નં. ૪૩૪/અ/૧ ની રૂા. ૨૫૦ કરોડની જમીન પચાવી પાડ્યા બાબતે વ્યારા નાયબ વન સંરક્ષક અધિકારીએ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફરિયાદ નોંધાવેલ છે, અને

(૨) આ ફરિયાદ બાબતે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) મોજે હજીરા (સુવાલી) નાં સર્વે નંબર ૪૩૪-અ-૧-૧ પૈકીની જમીનમાં એસ્સાર કંપની દ્વારા સને ૨૦૦૬ માં પેશકદમી કરતાં નાયબ વન સંરક્ષકશ્રી, વ્યારા એ ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ મુજબ વન ગુના નં. ૧ તા. ૧૯-૧-૦૭ વન ગુના નં. ૨ તા. ૧૯-૧-૦૭ અને વન ગુના નં. ૩ તા. ૬-૨-૦૭ તથા વન ગુના નં. ૧ તા. ૩૦-૧૦-૦૭ થી ચાર (૪) ગુના નોંધવામાં આવેલ છે.

(૨) આ બાબતે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ અન્વયે કાર્યવાહી હાથ ધરાયેલ છે.

(૧) વન ગુના નં. ૧ ૧૯-૧-૨૦૦૭ અન્વયે એસ્સાર સ્ટીલ હજીરાએ બિન પરવાનગીથી પેશકદમી કરી બિલ્ડીંગો બનાવવાની કામગીરી ચાલુ કરતાં કામગીરી અટકાવવામાં આવેલ છે.

(૨) વન ગુના નં. ૨ તા. ૧૯-૧-૨૦૦૭ અન્વયે સર્વે નંબર ૩૩૪/અ/૧/ માં બિન પરવાનગીથી પેશકદમી કરી સાફ-સફાઈ તથા ફેન્સીંગની કામગીરી કરતા ફેન્સીંગ બનાવવાની કામગીરી બંધ કરવામાં આવેલ છે.

| | રેવા કરજણ શ્રમજીવી સોસાયટી | વર્મીકમ્પોસ્ટ | ૮.૭૪ |
| નસવાડી | ગ્રામોઉત્કર્ષ અને મંગલભારતી | એસએચજી ગૃપોને બેઝીક તાલીમ,યુઝર્સ ગ્રૃપોને તાલીમ, ઇન્કમ જનરેશન તાલીમ | ૪.૫૬ |
| | સર્જન સંસ્થા, પાટણા | ખેતી વિષયક પ્રવૃતિ અંગની તાલીમ | ૧.૮૭ |
| | સમન્વય, અમદાવાદ | ભૂમિ અને ભેજ સંરક્ષણના કામો અને એગ્રીકલ્ચરના કામો | ૬.૬૮ |
| | રાજદર્શન એન્ટરપ્રાઇઝ | ડ્રમ કીટ વિતરણ | ૮.૪૩ |
| | સર્વાંગી વિકાસ સંઘ | બાગાયત રોપ વિતરણ | ૪.૨૨ |
| | રેવા કરજણ શ્રમજીવી સોસાયટી | વર્મીકમ્પોસ્ટ | ૯.૨૩ |
| વડોદરા | મંગલ મૂર્તિ સેવા પરિવાર, વડોદરા | ભૂમિ અને ભેજ સંરક્ષણના કામો અને એગ્રીકલ્ચરના કામો | ૯૫.૯૩ |
| પાદરા | મેઘાવી, વડોદરા | ભૂમિ અને ભેજ સંરક્ષણના કામો અને એગ્રીકલ્ચરના કામો | ૧૩૪.૦૪ |
| | **કુલ :** | | **૫૧૫.૬૨** |

--------------

**ખેડા અને આણંદ જિલ્લામાં ગેસ સીલીન્ડરના કાળા બજાર થવા બાબત**

**૧૧૬૮૭શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન-૨૦૦૯માં રાજ્યમાં રાંધણ ગેસના સીલીન્ડરની ખેંચ છે તે હકીકત સાચી છે, | (૧) સન ૨૦૦૯માં શિયાળાની ઋતુ, દિવાળી તેમજ લગ્નોની સીઝન દરમ્યાન ગેસની માંગ વધવાથી વર્ષના સામાન્ય સમયગાળા કરતાં આ સમયગાળામાં ગેસનો બેક્લોક વધારે જણાયેલ હતો તે હકીકત અમુક સમયગાળા પુરતી સાચી છે. |
| (૨) ખેડા અને આણંદ જિલ્લામાં ગેસ સીલીંન્ડર ન મળવાને કારણે કાળા બજાર થાય છે તે હકીકત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) ગેસ સીલીંડર ગ્રાહકોને સરળતાથી મળે તે માટે સરકારે ક્યા ક્યા પગલાં લીધાં ? | (૩) ખેડા અને આણંદ જિલ્લા સહિત રાજ્યમાં નોંધણી મુજબના ગ્રાહકોને ક્રમાનુસાર સમયસર પુરવઠો મળે તે માટે રાજ્ય સરકાર તરફથી |

(૧) ઓઇલ કંપનીઓ તેમજ ગેસ વિતરકો સાથે સંક્લન રાખીને રાંધણગેસના નિયમીત પુરવઠા અંગે બેઠકો યોજવામાં આવે છે.
(૨) દરેક જિલ્લા અને ઓઇલ કંપનીઓના અધિકારીશ્રીઓ સાથે ગેસના વિતરણ તથા ગેસ બેક્લોગ નિવારવા અંગે અઠવાડીક સમીક્ષા કરવામાં આવે છે.
(૩) રાજ્ય તથા જિલ્લાના એન્ફોર્સમેન્ટ તંત્ર દ્વારા નિયમીત તથા આકસ્મિક રીતે તપાસણી કરવામાં આવે છે. જાન્યુઆરી-૦૯ થી ડિસેમ્બર-૦૯ના સમયગાળામાં રાજ્ય તથા જિલ્લાના તપાસણી તંત્ર દ્વારા ગેસની કુલ ૪૭૯૦ તપાસો કરવામાં આવી જેમાં ક્ષતિ અને અનિયમિતતા બદલ ૭૮૧૧ નંગ ગેસ રીફીલ (૬૨૧૮ કીલો ગેસ) કિંમત રૂા. ૬૦,૧૭,૮૭૬/- નો જથ્થો કબજે લેવામાં આવ્યો.

--------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ધ્વારા દાખલ થયેલ દાવાઓ

૧૨૨૮૨ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **Gજવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દાવા દાખલ કરાયા,

(૧) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે દાવા દાખલ કર્યા છે.

| | |
|---|---|
| વર્ષ - ૨૦૦૮ | ૮૮ |
| વર્ષ - ૨૦૦૯ | ૭૯ |
| **કુલ :** | **૧૬૭** |

(૨) તે પેકી કેટલા દાવાનો નિકાલ થયેલ છે. કેટલા દાવાઓ પડતર છે, પડતર દાવાના સમયસર નિકાલ બાબતે સરકારનું આયોજન શું છે.

(૨) નિકાલ થયેલ દાવા - ૧૧૩
પડતર દાવા - ૧૪
તમામ પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકાર દ્વારા રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન સાથે વિચાર વિમર્શ કરવામાં આવે છે.

(૩) નિકાલ થયેલ દાવા પેકી કેટલા દાવામાં કમિશનમાં અપીલ થયેલ છે.

(૩) ૬

(૪) અપીલમાં નિકાલ થયેલ દાવા પેકી કેટલા ચુકાદા યથાવત રહેલ છે, અને

(૪) ૧

(૫) કેટલા દાવા રદ થયેલ છે ?

(૫) કોઇ નહી.

--------------

## શિહોર અને ગારીયાધાર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ કાઢી આપવા બાબત

૧૨૬૦૫**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) શિહોર અને ગારીયાધાર તાલુકામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવેલ છે.

(૧) કોઇપણ અરજી/માંગણી મળેલ નથી.

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલા કુટુંબોને રેશનકાર્ડ આપવાના બાકી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કાર્ડ કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વનબંધુ કલ્યાણ યોજનામાં શિક્ષણ સુધારણાનો ક્ષણાદ પ્રોજેક્ટમાં વધારે નાણાં ચૂકવવા બાબત**

૧૨૨૦૭**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ માનનીય મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દા વનબંધુ કલ્યાણ યોજના હેઠળની ધોરણ ૧ થી ૭ ના શિક્ષણ સુધારણાનો ક્ષણાદ પ્રોજેક્ટની બે વર્ષથી કામગીરી સ્થગિત હોઈ, સરકાર દ્વારા ચૂકવાયેલ વધારે નાણાની સરકાર રીક્વરી કરવા માગે છે કે કેમ, | (૧) સરકાર દ્વારા વધારે નાણાંની ચૂકવણી કરવામાં આવેલ નથી તેથી રીકવરી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ફક્ત ચાર માસમાં થયેલ કામગીરીના પ્રમાણમાં નાણાંકીય ચૂકવણું કેટલું વધારે ચૂકવાયેલ છે, અને | (૨) નિયત બોલીઓ અને શરતોને આધીન રહીને ચૂકવણું કરવામાં આવેલ છે. |
| (૩) એજન્સી સંતોષકારક કામગીરી કરતી ન હોય તો સરકારે શા પગલાં લીધા ? | (૩) એજન્સીની કામગીરી અસરકારક્તા ચકાસવા મીડટર્મ મૂલ્યાંક્ન કરાવવા નિર્ણય થયેલ છે. જેનો અહેવાલ મળ્યા બાદ આગળની કાર્યવાહી કરી શકાય. |

--------------

**મહેસાણા જિલ્લામાં અંત્યોદય યોજનામાં અનાજ આપવા બાબત**

૧૨૧૧૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા પ્રકારનું કેટલું અનાજ ફાળવવામાં આવ્યું. | (૧) ઘઉં-૩૨૫૬૦ ક્વિન્ટલ<br>ચોખા-૨૭૪૪૦ ક્વિન્ટલ |
| (૨) તે પૈકી ફોર્ટીફાઈડ આટો કેટલો આપવામાં આવ્યો, અને | (૨) ૨૬૧૮૫ ક્વિન્ટલ |
| (૩) બી.પી.એલ. લાભાર્થીઓને ફોર્ટીફાઈડ આટો આપવાનું આયોજન છે કે કેમ ? | (૩) હા, જી. |

--------------

**વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી થી કોલેજના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ આપવા બાબત**

૧૨૪૫૯**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. થી કોલેજ ક્ક્ષાના અભ્યાસક્મો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે નાણાંકીય સહાય આપવામાં આવે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે, અને | (૨) ૩,૪૯,૨૫૦. |
| (૩) આ પેટે કુલ કેટલી રક્મની નાણાંકીય સહાય ચૂકવવામાં આવી છે ? | (૩) રૂા. ૯૦૦.૦૮ લાખ |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત**

૧૨૧૧૪**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો છે. | (૧) ૯૨૧ (નવસો એક્વીસ) |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) નવા ભંડોરો ખોલવાપાત્ર ૮૨ (બ્યાસી) પૈકી ૭૩ના જાહેરનામા બહાર પાડયા અને તે પૈકી ૨૪ |

| | |
|---|---|
| | ભંડાર મંજુર ક્યાં છે. |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી. |

--------------

**ઝેરી મધમાખી કરડવાથી થયેલ મૃત્યુ**

૧૧૫૭૭**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ઝેરી મધમાખી કરડવાથી તા. ૨૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોના મૃત્યુ થયેલ છે. | (૧) ઝેરી મધમાખી કરડવાથી રાજ્યમાં અમરેલી જિલ્લામાં એક માનવ મૃત્યુ થયેલ છે. |
| (૨) આ ઝેરી મધમાખીનું કાયમી નિયંત્રણ કરવા સરકાર દ્વારા કોઈ પગલાં લેવાયેલ છે કે નહી, અને | (૨) મધમાખીના નિયંત્રણ માટે જન સામાન્ય ની જાણકારીના પગલાં લેવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો શું ? | (૩) મધમાખીના ડંખ નિવારવા માર્ગદર્શન આપતી પ્રેસ નોંધ અમરેલી તથા ભાવનગર જિલ્લામાંથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. |

--------------

**રાજકોટ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત**

૧૨૦૯૭**શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવામાં આવ્યા, | (૧) છેલ્લા એક વર્ષમાં એક પણ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો નવા ખોલવામાં આવેલ નથી. |
| (૨) સરકારની નીતિ પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૧૪ |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી. |

**આદિજાતિ વિસ્તારોમાં નવા સરકારી છાત્રાલયો શરૂ કરવા બાબત**

૧૨૪૫૭**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિ વિસ્તારોમાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં નવા સરકારી છાત્રાલયો કેટલા મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) કેટલાં છાત્રાલયો બનાવવામાં આવ્યા, અને | (૨) આ અંગેનો વહીવટી મંજુરી આપતો ઠરાવ તા. ૨૦-૧૧-૨૦૦૯ ના રોજ થયેલ છે. અને આગળની કાર્યવાહી ગતિમાં છે. |
| (૩) આની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**આણંદ જિલ્લા પંચાયતમાં કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ બાબત**

૧૨૫૩૦**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લા પંચાયતમાં કેટલા કર્મચારીઓ સામે ખાતાકીય તપાસની કાર્યવાહી તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ છે, | (૧) ૨૭. |
| (૨) તે પૈકી કેટલા કર્મચારી સામે તપાસ પૂર્ણ થઇ નિર્ણય આપવામાં આવેલ છે, | (૨) ૫. |
| (૩) ખાતાકીય તપાસ પડતર હોય અને કર્મચારી સામે પોલીસ એફ.આઇ.આર. હોય તેવા કર્મચારીઓને | (૩) ના. |

પ્રમોશન આપવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૪) જો હા, તો તેના કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ**

૧૨૧૨૧**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા.

(૨) તે પૈકી કેટલા કુટુંબો કામ પર આવ્યા, અને

(૩) તે પૈકી કેટલા પુરુષો અને મહિલાઓને કામ આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૯૬૦૪ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સમયમાં ૧૧૮૪૩૯ કુટુંબો કામ પર આવ્યા.

(૩) ૨૬.૩૦ લાખ પુરૂષો માનવદિવસ તથા ૨૦.૧૭ લાખ મહિલા માનવદિન કામ આપવામાં આવેલ છે.

--------------

**સાવરકુંડલા તાલુકામાં ઇન્દીરા આવાસ યોજનામાં આવાસોની અરજીઓ**

૧૧૭૩૫**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાનાં પંચાયત નીચે આવતાં ૮૨ ગામોમાં ઇન્દીરા આવાસ નીચે મકાનની સહાય મેળવવા માટે બાંધકામ કરવા માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા માંગણીદારોની અરજી આવેલ હતી,

(૨) તેમાંથી કેટલી માગણીઓ મંજૂર કરી, ક્યા ગામમાં કેટલા મકાનો ઇન્દીરા આવાસ યોજનાના મકાનો બાંધવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ૧૦૦૦ માગણીદારોની અરજી આવેલ હતી.

(૨) તેમાંથી ૯૯૬ માગણીઓ મંજૂર કરી છે. ગામવાર બાંધવામાં આવેલ ૫૪૯ ઈન્દિરા આવાસ યોજનાના મકાનોની માહિતી સામેલ પત્રક મુજબ છે.

| ગામનું | બાંધવામાં | ગામનું | બાંધવામાં |
|---|---|---|---|
| ધજડી | ૩ | ગીણીયા | ૬ |
| હાથસણી | ૧૪ | ગોરડકા | ૧ |
| ખાલપર | ૧૨ | હાંડીડા | ૬ |
| નેસડી | ૧૩ | હીપાવડલી | ૫ |
| વંડા | ૩૫ | જાબાળ | ૬૩ |
| **ગામનું** | **બાંધવામાં** | **ગામનું** | **બાંધવામાં** |
| નાનાઝીજુડ | ૩ | જેજાદ | ૩ |
| વાશીયાળી | ૭ | જુનાસાવર | ૬ |
| લુવારા | ૪ | કાત્રોડી | ૭ |
| આકોલડા | ૨ | કરજાળા | ૧ |
| આંબરડી | ૪૫ | કુંકાવાવ | ૫ |
| અમૃતવેલ | ૪ | ખડસલી | ૧ |
| બાઢડા | ૩૩ | ખડકાળા | ૫ |
| ભમ્મર | ૧૨ | લીખાળા | ૧ |
| ભુવા | ૧ | મીતીયાળા | ૩ |
| છાપરી | ૧૪ | મોલડી | ૧૨ |
| દાધીયા | ૪ | મોટાઝીંઝુડા | ૧૧ |
| ધાર | ૨ | નાની વેડાળ | ૫ |

| | | | |
|---|---|---|---|
| ધાર | ૨ | નાની વેડાળ | ૫ |
| ધોબા | ૩૪ | પીપરડી | ૫ |
| ફાચરીયા | ૫ | સેજળ | ૧૩ |
| ફીફાદ | ૧૮ | શેલણા | ૧૩ |
| ગાધકડા | ૧૯ | ઠવી | ૧૦ |
| વિજપડી | ૨૬ | ભેક્રા | ૦ |
| ઝટક્લા | ૧૪ | ભોંકરવા | ૦ |
| વીરડી | ૨૩ | બોરાળા | ૦ |
| બગોયા | ૧ | ચરખડીયા | ૦ |
| ડેડકડી | ૦ | ચીખલી | ૦ |
| દોલતી | ૦ | દેત્રડ | ૦ |
| ક્રાના તળાવ | ૨ | દ ાનશ્યામનગર | ૦ |
| કેદારીયા | ૨ | પાટી | ૦ |
| મેકડા | ૧ | જીરા | ૦ |
| મોટા | ૪ | ક્રાળા | ૦ |
| ભામોદ્રા નાળ | ૧ | ખાડીયાણા | ૦ |
| પીઠવડી | ૧ | મઢડા | ૦ |
| રબારીકા | ૦ | મવાસા | ૦ |
| થોરડી | ૦ | નાના ભમાદ્રા | ૦ |
| વણોટ | ૩ | પાયાવા | ૦ |
| ધાડલા | ૦ | રામગઢ | ૦ |
| મેરીયાણા | ૧ | સામરણ | ૦ |
| અભરામપરા | ૧ | વિજયાનગર | ૦ |
| જાંબુડા | ૩ | કૃષ્ણગઢ | ૦ |
| ઓળીયા | ૦ | સાકરપરા | ૦ |
| આદસંગ | ૦ | **કુલ..** | **૫૪૯** |

(૩) બાકી માગણીઓ કેટલા દિવસમાં મંજૂર કરી મકાન બનાવવામાં આવશે ?

(૩) બાકી ૪ (ચાર) માંગણીઓ પાત્રતા ધરાવતાં ન હોવાથી મંજૂર કરેલ ના હોઈ મકાન બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**રાજકોટ જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત**

૧૨૧૦૫ડો. **ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

એચબી-૮૮૭-૧૨

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્દીરા આવાસ યોજના હેઠળ ૧૩૩૦૫ આવાસો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) કુલ રૂા. ૩૨૧૯.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

--------------

**સાબરકાંઠા જિલ્લામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોને હક્ક પત્રક આપવા બાબત**

૧૨૬૨૨**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીનના હક્ક પત્રક આપવાની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૬૨૦૦ |
| ૨ | વિજયનગર | ૫૬૧૧ |
| ૩ | ભિલોડા | ૪૮૦૭ |
| ૪ | મેઘરજ | ૨૮૧૮ |

(૨) તે પૈકી કેટલા લોકોને હક્ક પત્રકો તાલુકાવાર આપવામાં આવ્યા,

(૨)

| ક્રમ | તાલુકો | હક્કપત્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૧૬૭ |
| ૨ | વિજયનગર | ૪૩૭ |
| ૩ | ભિલોડા | ૭૦૫ |
| ૪ | મેઘરજ | ૮૭૨ |

(૩) તાલુકાવાર કેટલા લોકોને હક્ક પત્રક આપવાના બાકી છે, અને તેમને કેટલા સમયમાં હક્ક પત્રક આપવામાં આવશે, અને

(૩)

| ક્રમ | તાલુકો | બાકી હક્કપત્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૬૦૩૩ |
| ૨ | વિજયનગર | ૫૧૭૪ |
| ૩ | ભિલોડા | ૪૧૦૨ |
| ૪ | મેઘરજ | ૧૯૪૬ |

ટૂંક સમયમાં.

(૪) આ હક્ક પત્રકો આપવાના બાકી રહેવાના કારણો શા છે ?

(૪) ૧. આધાર પુરાવા વિનાની અરજીઓ
૨. અપીલ હેઠળની અરજીઓ
૩. ગ્રામસભા કક્ષાએ પડતર.

--------------

**વલસાડ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

: ૧૨૧૦૯**શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી, અને

(૧) ૩ (ત્રણ)

(૨) સમરસ કરેલ ગ્રામ પંચાયતોને સરકારે નિયત કરેલ અનુદાનની રકમ ચૂકવવામાં આવેલ છે કે કેમ ?

(૨) હા, જી.

--------------

**રાજકોટ જિલ્લામાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ચૂકાદા આપવા બાબત**

૧૨૨૦૩**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ચુકાદા આપવામાં આવ્યા, અને

(૧)

| **મુખ્ય ફોરમ** | **એડીશનલ ફોરમ** | **કુલ** |
|---|---|---|
| ૯૭૦ | ૯૭૯ | ૧૯૪૯ |

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં ગ્રાહકોએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં અપીલ કરી ?

(૨)

| **મુખ્ય ફોરમ** | **એડીશનલ ફોરમ** | **કુલ** |
|---|---|---|
| ૩૭ | ૧૪ | ૫૧ |

--------------

**ભરૂચ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા શરૂ કરેલ વોટર શેડ પ્રોજેક્ટ અને હરિયાળી પ્રોજેક્ટ**

૧૧૯૧૮**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ભરૂચ દ્વારા વોટરશેડ પ્રોજેક્ટ અને હરિયાળી પ્રોજેક્ટ હેઠળ ક્યા ક્યા ગામે પ્રોજેક્ટ શરૂ કરેલ છે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ભરૂચ દ્વારા વોટરશેડ પ્રોજેક્ટ અને હરિયાળી પ્રોજેક્ટ હેઠળ સામેલ પત્રક-અ * મુજબ ૫૧ ગામોમાં પ્રોજેક્ટ કાર્યરત છે.

(૨) સરકારની ગાઇડ લાઇન્સ પ્રમાણે આ કામો ગ્રામ પંચાયત મારફતે કરવાને બદલે એન.જી.ઓ. દ્વારા કરાય છે તે હકિકત સાચી છે, અને

(૨) ના જી.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રામ પંચાયત અને એન.જી.ઓ. મારફતે કેટલા પ્રોજેક્ટો અપાયા છે ?

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં હરિયાળી યોજના હેઠળ ૪૦ પ્રોજેક્ટ ગ્રામ પંચાયતને આપેલ છે અને એન.જી.ઓ ને કોઈ પ્રોજેક્ટ આપેલ નથી.

**પત્રક-અ ***

| | | | | |
|---|---|---|---|---|
| ૧. નાદ | ૧૧. ગુલાલ | ૨૧. ચીખલી | ૩૧. ઢુંઢા | ૪૧. રોઝા ટંકારીયા |
| ૨. ઝનોર | ૧૨. મ.કંબોઈ | ૨૨. પડાલ | ૩૨. મોરણ | ૪૨. પુરસા |
| ૩. ટંકારીયા | ૧૩. ક્લીયારી | ૨૩. સેલોદ | ૩૩. ભોજપુર | ૪૩. આછોદ |
| ૪. દહેગામ | ૧૪. અસારસા | ૨૪. અણધરા | ૩૪. ધારોલી | ૪૪. મછાસરા |
| ૫. ક્હાન | ૧૫. સભા | ૨૫. કોલીયાપાડા | ૩૫. ખરેઠા દુ. ફીચવાડા) | ૪૫. કેરવાડા |
| ૬. સારણ | ૧૬. ચા.મારવા | ૨૬. દધેડા | ૩૬. વલા | ૪૬. બોડકા |
| ૭. અરગામા | ૧૭. વહેલમ | ૨૭. લીમેટ | ૩૭. શિયાલી | ૪૭. કોલવણા |
| ૮. પખાજણ | ૧૮. ઝરણા | ૨૮. સારસા | ૩૮. રાણીપુરા | ૪૮. સુડી |
| ૯. પીપલીયા | ૧૯. દહેલી | ૨૯. હરિપુરા | ૩૯. વાડીયા | ૪૯. વલીપોર |
| ૧૦. ખોજબલ | ૨૦. જબુગામ | ૩૦. વડવાણ | ૪૦. સમની | ૫૦. દેણવા |
| | | | | ૫૧. તણછા |

--------------

**કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ**

૧૨૫૬૬**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી છે, અને

(૨) આ રકમ ન વાપરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષોમાં અનુક્રમે રૂા. ૮૧૮૩.૭૦ લાખ અને રૂા. ૧૯૬૧૫.૩૪ લાખ ખર્ચ થયેલ છે. આ યોજના રોજગારીની માંગણી આધારીત હોઈ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉપર્યુક્ત વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**આદિજાતિના લોકોને જંગલની જમીન ન મળવા બાબતની ફરિયાદો**

૧૨૦૨૦**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આદિજાતિના લોકોને જંગલની જમીન આપવાનો કેન્દ્ર સરકારનો કાયદો અમલમાં આવ્યા છતાં આદિજાતિના લોકોને જંગલની જમીનો આપવામાં આવતી નથી તેવી કેટલી ફરિયાદો છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૨૫-૧-૨૦૧૦ ની સ્થિતિએ સરકારને મળી છે, અને

(૨) તા. ૨૫-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે કેટલા આદિજાતિના લોકોને કેટલી જંગલની જમીન આપી છે ?

**જવાબ**

(૧) ૧૧૧૭.

(૨) ૧૧૩૮૨.

--------------

**ખાનપુર તાલુકાના લાડણના મુવાડા ગામે ઇન્દિરા આવાસ યોજનામાં આવાસો આપવા બાબત**

૧૨૫૭૬**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના લાડણના મુવાડા ગામે તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઇસમોને ઇન્દિરા આવાસો આપવામાં આવ્યા,

(૨) તે પૈકી ભળતા નામની વ્યક્તિઓને ખોટી રીતે આવાસ ફાળવી ખોટા ફોટા લગાડી દેવાની કેટલી

**જવાબ**

(૧) ત્રણ ઈસમોને.

(૨) એક કિસ્સો ધ્યાને આવેલ છે.

હકિક્ત સરકારના ધ્યાને આવી, અને

(૩) તે અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

(૩) ચૂકવવામાં આવેલ સહાય વસુલ કરી લેવાયેલ છે. જવાબદાર કર્મચારી સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે.

--------------

**પંચમહાલ જિલ્લામાં બોરીબંધ બાંધવા બાબત**

૧૨૪૯૫**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાંધવામાં આવ્યા,

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૧૩૨૪ બોરીબંધ બાંધવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **બોરીબંધની સંખ્યા** |
|---|---|
| ગોધરા | ૧૦૫૩ |
| મોરવા (હ) | ૧૩૨૪ |
| શહેરા | ૧૧૫૭ |
| લુણાવાડા | ૧૪૨૧ |
| ખાનપુર | ૧૦૧૭ |
| કાલોલ | ૪૩૩ |
| હાલોલ | ૪૨૫ |
| જાંબુઘોડા | ૪૧૨ |
| ઘોઘંબા | ૧૧૯૫ |
| સંતરામપુર | ૧૮૬૪ |
| કડાણા | ૧૦૨૩ |
| **કુલ...** | **૧૧૩૨૪** |

(૨) આ બોરીબંધ પાછળ કેટલી થેલીઓ વપરાઇ, અને

(૨) ૧,૦૫,૮૧,૭૫૮ થેલીઓ વપરાઈ છે.

(૩) આ બોરીબંધ પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **બોરીબંધ પાછળ થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|
| ગોધરા | ૧૪૨.૪૦ |
| મોરવા (હ) | ૧૧૭.૮૩ |
| શહેરા | ૧૦૯.૯૨ |
| લુણાવાડા | ૧૦૩.૮૯ |
| ખાનપુર | ૮૩.૭૯ |
| કાલોલ | ૧૭.૫૨ |
| હાલોલ | ૨૮.૩૮ |
| જાંબુઘોડા | ૩૩.૬૨ |
| ઘોઘંબા | ૧૫૨.૫૨ |
| સંતરામપુર | ૧૩૫.૧૨ |
| કડાણા | ૬૭.૯૯ |
| **કુલ...** | **૯૯૨.૯૮** |

--------------

**જૂનાગઢ જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારીની ખાલી જ્ગ્યા**

૧૧૬૦૫ **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારીની જગ્યા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી ખાલી છે, તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી. આ જગ્યા એક વર્ષથી નહિ પરંતુ તા. ૬-૭-૦૯ થી એટલે કે લગભગ ૬ (છ) માસથી ખાલી છે. પરંતુ અન્ય સીનીયર અધિકારીને ચાર્જ આપેલ છે.

(૨) જો હા, તો આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) જેમ બને તેમ જલ્દીથી આ જગ્યા ભરવામાં આવશે.

--------------

**સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. થી કોલેજના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ આપવા બાબત**

૧૨૪૫૫**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. થી કોલેજ કક્ષાના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે નાણાકીય સહાય આપવામાં આવે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે, અને | (૨) ૪,૧૨,૨૦૭. |
| (૩) આ પેટે કેટલી નાણાકીય રકમની સહાય ચૂકવવામાં આવી છે ? | (૩) રૂા. ૨૦૬૪.૪૯ લાખ. |

--------------

**વડોદરા અને ભરૂચ વચ્ચેનો નેશનલ હાઈવે નં.-૮ છ માર્ગીય થતાં રોડની સાઈડના વૃક્ષોનો નાશ થવા બાબત**

૧૨૨૮૬ **શ્રી ચંદુભાઈ ડાભી** (કરજણ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા અને ભરૂચ વચ્ચે નેશનલ હાઈવે નં-૮ ને સીક્સ લેન (છ માર્ગીય) બનાવવાનો કોન્ટ્રાક્ટ આપ્યા પછી રોડની બન્ને બાજુના કેટલા વૃક્ષો તા. ૨૦-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેદન કરવામાં આવ્યા, | (૧) નેશનલ હાઈવે નં. ૮ને છ માર્ગીય બનાવવા ભારત સરકારશ્રીની વન સંરક્ષણ ધારા ૧૯૮૦ અન્વયે આખરી મંજુરી મળ્યા પછી વડોદરા જીલ્લાના રોડના રક્ષિત વિસ્તારના ૧૬૦૬૦ ઝાડો અને ૫૦૦૦ રોપા તથા બિન રક્ષિત વિસ્તારના ૧૦૬૬ ઝાડો તથા ૨૧૭૫ રોપા મળી કુલ : ૨૪૩૦૧ ઝાડો/રોપા તથા ભરૂચ જિલ્લામાંથી ૧૬૧૯૪ ઝાડો અને ૧૩૧૧૫ રોપા મળી કુલ : ૨૯૩૦૯ ઝાડો/રોપા નડતરકર્તા દુર કરવામાં આવેલ છે. આમ વડોદરા તથા ભરુચ જીલ્લામાં કુલ્લે ૩૩૩૨૦ વૃક્ષો તથા ૨૦૨૯૦ રોપાઓ દુર કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે એલ. એન્ડ ટી. કંપની સાથે કરાર મુજબ કેટલા વૃક્ષોનો ઉછેર કરવામાં આવ્યો, અને | (૨) એલ. એન્ડ ટી. કંપની સાથે વૃક્ષોનો ઉછેર કરવા માટેનો કોઈ કરાર વન વિભાગ સાથે કરવામાં આવેલ નથી. પરંતુ વન સંરક્ષણ ધારા અન્વયે ડાઈવર્ટ થયેલ વિસ્તારના બમણા વિસ્તારમાં વળતર વનીકરણની કામગીરી હાથ ધરવાની રહે છે. જે કામગીરી અન્વયે ભરૂચ જીલ્લામાં ૨૮૮ હેક્ટર વિસ્તારમાં ૧,૯૨,૮૫૦ વૃક્ષો તથા વડોદરા જીલ્લામાં ૨૯૫ હેક્ટર વિસ્તારમાં ૨૧૩૮૭૫ વૃક્ષોનું વાવેતર હાથ ધરવામાં આવનાર છે જે અંગેનો ખર્ચ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ જમા કરાવેલ છે. |
| (૩) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરત અને તાપી જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું મંજૂર મહેકમ**

૧૧૭૪૬**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું મંજૂર મહેકમ કેટલું છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીનું મંજૂર મહેકમ<br>સુરત : ૫૧૫<br>તાપી : ૧૯૫ |
| (૨) તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ? | (૨) તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ<br>સુરત : ૧૦૪<br>તાપી : ૦૧૯<br>આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે. |

## જામનગર જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ

૧૨૬૩૦ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો પેકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને | (૧) ૩૬૫ |
| (૨) કેટલી મોડેલ ફેર પ્રાઈસ શોપ બનાવવાના બાકી છે ? | (૨) ૧૬૦ |

-------------

## ખેડા જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા નક્કી કરેલ કુટુંબોને બી.પી.એલ. કાર્ડ ન આપવા બાબત

૧૧૮૬૨**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા નક્કી કરવામાં આવેલ બી.પી.એલ. કુટુંબોને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવતા નથી, તે હકીક્ત સાચી છે,<br>(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવા કેટલા બી.પી.એલ. કાર્ડ આપવાના બાકી છે, અને<br>(૩) તેના કારણો શા છે ? | (૧), (૨) અને (૩) : ના. જી<br>ગ્રામ વિકાસ વિભાગ દ્વારા બી.પી.એલ. કુટુંબોની તેયાર થતી યાદી તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ધ્વારા બી.પી.એલ. કુટુંબોને મળતા રેશનકાર્ડ એ બંન્ને બાબત જુદી છે. ભારત સરકાર ૨૧.૨૦ લાખ બી.પી.એલ. કુટુંબોને ધ્યાને લઈ અનાજ પુરું પાડે છે. જે પેકી ૮.૧૦ લાખ. અંત્યોદય યોજના હેઠળના કુટુંબો છે. તેમને ભારત સરકારના ધોરણો મુજબ અંત્યોદય કેટેગરીનું કાર્ડ અપાય છે. બાકી રહેતા ૧૩.૧૦ લાખ કુટુંબો માટે ભારત સરકારે ગ્રામ્ય વિસ્તાર પુરતું માસિક માથાદીઠ સરેરાશ આવક રૂપીયા ૩૨૪/- અને શહેર વિસ્તાર પુરતી માથાદીઠ સરેરાશ આવક રૂપિયા ૫૦૧/- નક્કી કરેલ છે. આ આવક્નાં ધોરણો તેમજ અન્ય પાત્રતા ધ્યાને લઈ રાજ્ય સરકારે ૨૬ લાખ બી.પી.એલ. કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવેલ છે. જે ભારત સરકાર ધ્વારા નક્કી કરાયેલ સંખ્યા કરતાં આશરે બમણી સંખ્યામાં છે. |

-------------

## ધ્રોલ તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા બાબત

૧૧૬૫૦**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૧ના ભૂકંપના કારણે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા પંચાયતનું મકાન ખૂબ જ નુકશાન પામેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. જરૂરી રીટ્રોફિટીંગની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) ધ્રોલ તાલુકાના પંચાયતના મકાનને નવું બનાવવા જિલ્લા વિકાસ અધિકારી તરફથી કોઈ ધોરણસરની દરખાસ્ત સરકારને તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કરવામાં આવી છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) આ દરખાસ્ત પર ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી ચાલી રહી છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

### વડોદરા જિલ્લામાં બાંધવામાં આવેલ બોરીબંધ

૧૨૨૩૩ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ બોરીબંધ બાંધવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **બાંધેલ બોરીબંધની સંખ્યા** |
|---|---|
| વડોદરા | ૭૭૫ |
| સાવલી | ૧૧૩૬ |
| વાઘોડિયા | ૭૮૮ |
| પાદરા | ૧૩૪૪ |
| કરજણ | ૬૧૩ |
| શિનોર | ૪૦૮ |
| ડભોઈ | ૮૪૯ |
| સંખેડા | ૧૨૭૪ |
| નસવાડી | ૨૮૬૫ |
| જેતપુર-પાવી | ૨૩૮૯ |
| છોટાઉદેપુર | ૧૫૬૧ |
| ક્વાંટ | ૨૦૨૯ |
| **કુલ :** | **૧૬૦૩૧** |

**પ્રશ્ન**

(૨) આ બોરીબંધ બાંધવા પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૨) બોરીબંધ બાંધવા પાછળ તાલુકાવાર રૂા. ૯૨૫.૫૨ લાખનો નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| **તાલુકાનું નામ** | **બાંધેલ બોરીબંધનો થયેલ ખર્ચ** |
|---|---|
| વડોદરા | ૩૫.૩૫ |
| સાવલી | ૫૩.૬૩ |
| વાઘોડિયા | ૪૬.૩૮ |
| પાદરા | ૪૦.૫૫ |
| કરજણ | ૧૯.૬૦ |
| શિનોર | ૮.૨૩૦ |
| ડભોઈ | ૨૦.૬૩ |
| સંખેડા | ૫૧.૩૦ |
| નસવાડી | ૨૧૬.૦૭૫૩ |
| જેતપુર-પાવી | ૨૦૪.૬૯૨૯ |
| છોટાઉદેપુર | ૧૦૩.૫૩૮૪ |
| ક્વાંટ | ૧૨૫.૫૪૫૮ |
| **કુલ :** | **૯૨૫.૫૨** |

-------------

### ગાંધીનગરમાં રાજીવ ગાંધી સ્મૃતિ વન

૧૧૮૮૧**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સને ૧૯૯૧માં કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે સ્વ. રાજીવ ગાંધી સ્મૃતિવનનું ખાત મુર્હત કરવામાં આવ્યું હતું તે હકિક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) હાજી.

**પ્રશ્ન**

(૨) આ સ્મૃતિવન તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતીએ અસ્તિત્વમાં છે કે કેમ ?

**જવાબ**

(૨) નાજી.

-------------

**દાહોદ જિલ્લામાં કૂવા ઉંડા કરવાનો સર્વે**

૧૧૯૧૬**શ્રી દિતfભાઈ ભી.મછાર (ઝાલોદ ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુવાઓ ઉંડા કરવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે સર્વે કરવામાં આવ્યો,

(૨) આ સર્વે કામ ક્યારે પૂરું કરવામાં આવ્યુ,

(૩) તે અન્વયે કેટલા કૂવાઓ ઉંડા કરવાનું આયોજન છે, અને

(૪) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કૂવાઓ ઉંડા કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુવાઓ ઉંડા કરવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ સર્વે કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) શુન્ય.

-------------

**આણંદ અને ખેડા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જ્યાઓ**

૧૨૪૩૯**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા તલાટી-કમ-મંત્રીની જ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકાનું નામ | ખાલી જ્યાઓ |
|---|---|---|
| **આણંદ** | આણંદ | ૧૮ |
| | ઉમરેઠ | ૦૬ |
| | બોરસદ | ૨૦ |
| | આંક્લાવ | ૦૯ |
| | પેટલાદ | ૧૯ |
| | સોજિત્રા | ૦૯ |
| | ખંભાત | ૨૩ |
| | તારાપુર | ૦૬ |
| | **કુલ :** | **૧૧૦** |

| જિલ્લો | તાલુકાનું નામ | ખાલી જ્યાઓ |
|---|---|---|
| **ખેડા** | નડીયાદ | ૨૧ |
| | મહુધા | ૦૮ |
| | મહેમદાવાદ | ૧૩ |
| | ખેડા | ૧૦ |
| | માતર | ૧૫ |
| | કપડવંજ | ૧૮ |
| | કઠલાલ | ૧૦ |
| | બાલાસિનોર | ૦૮ |
| | વીરપુર | ૦૩ |
| | ઠાસરા | ૨૧ |
| | **કુલ :** | **૧૨૭** |

**પ્રશ્ન**

(૨) દરેક ગ્રામ પંચાયતમાં તલાટી-કમ-મંત્રી નિયમિત ફરજ બજાવે એવી વ્યવસ્થા સરકાર કરવા માંગે છે, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૨) સેજા દીઠ તલાટી-કમ-મંત્રીની ફાળવણી કરી નિયમીત ફરજ બજાવે તેવી વ્યવસ્થા કરવામાં આવેલી છે જ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો આપવા બાબત**

૧૧૬૬૨**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો વસ્તીના ધોરણે આપવામાં આવી છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી દુકાનો કાર્યરત છે, | (૨) ૯૨૧. |
| (૩) કાર્યરત દુકાનો પૈકી કેટલી દુકાનોના પરવાનેદારો ધ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના નિયમોનો ભંગ કરેલ છે, અને | (૩) ૬૦૬. |
| (૪) આવી દુકાનોના પરવાનેદારો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૪) ૧. રૂા. ૫૬,૦૮૬/-ની કિંમતનો જથ્થો કબજે કર્યો.<br>૨. રૂા. ૨૩,૨૮૧/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.<br>૩. રૂા.૧૩,૬૨,૧૩૪/- પરવાના અને કરારનામાની ડિપોઝીટ તથા વગે કરાયેલ જથ્થાના ભાવ તફાવતની ખાલી રકમ વસૂલાત કરવામાં આવી.<br>૪. ૨૮-પરવાના મોકુફ કર્યા<br>૫. ૫-પરવાના રદ કર્યા.<br>૬. ૪-પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી. |

-------------

**ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીની સુવિધા આપવા બાબત**

૧૧૭૫૦ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવી, | (૧) ૭૭૨. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટી જોડવાની બાકી છે, અને | (૨) એકપણ ગ્રામ પંચાયત બાકી નથી. |
| (૩) તે ક્યારે જોડાશે ? | (૩) ભાવનગર જિલ્લાની દરેક ગ્રામ પંચાયત બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડાયેલ હોઈ પ્રશ્ન રહેતો નથી. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં લીલા વૃક્ષો કપાવાની ફરિયાદો**

૧૧૭૨૦**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં દરેક તાલુકામાં મોટા પ્રમાણમાં લીલા વૃક્ષો કપાઈને મોટે પાયે વેચાણ માટે જાય છે તે અંગે કેટલી ફરિયાદો સરકારને તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં લીલા વૃક્ષો કપાઈને વેચાણ માટે જવા અંગેની તારીખ : ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને કુલ ૧૬૩ ફરિયાદો મળેલ છે. |
| (૨) જો હા, તો આ લીલા વૃક્ષો કપાતા અટકાવવા વન વિભાગે કોઈ આયોજન કર્યુ છે ? | (૨) ૧. જંગલ વિસ્તારમાં દિવસે તથા રાત્રે પેટ્રોલીંગ કરવામાં આવે છે તેમજ રસ્તા ઉપર નાકાબંધી કરવામાં આવે છે. જંગલમાંથી કપાયેલ વૃક્ષો બાબતે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ હેઠળ કાયદેસર |

કાર્યવાહી કરવામાં આવે છે.
૨. માલિકી સર્વે નંબરમાંથી કાપેલા વૃક્ષોના બિન અધિકૃત રીતે વાહતુક કરતા ઈસમો સામે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની કલમ ૪૧ (૨) (બી) મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. આ કિસ્સામાં દંડ વસુલ લઈ વાહન તથા મુદ્દામાલ મુક્ત કરવામાં આવે છે.
૩. દરેક જિલ્લાના ક્લેકટરશ્રી તરફથી સ્ટાફ દ્વારા ફેરણું કરી બિન અધિકૃત રીતે કપાતા વૃક્ષો તથા તેનું વાહતુક કરતા ઈસમો સામે સોરાષ્ટ્ર વૃક્ષ છેદન અધિનિયમ ૧૯૫૧ અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**આણંદ જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત**

૧૨૬૩૨**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૧૦ (દસ).

(૨) ૩૩,૨૦,૦૦૦/- (તેત્રીસ લાખ વીસ હજાર).

-------------

**આણંદ જિલ્લામાં બી.પી.એલ. યાદીની અરજીઓ**

૧૧૭૬૯**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટેની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ માટે ૨૯૮૫ અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૯૧ |
| ૨. | ઉમરેઠ | ૧૦૭ |
| ૩. | બોરસદ | ૩૩૫ |
| ૪. | આકલાવ | ૮૧ |
| ૫. | પેટલાદ | ૩૨૭ |
| ૬. | સોજીત્રા | ૨૦૫ |
| ૭. | ખંભાત | ૧૩૭૮ |
| ૮. | તારાપુર | ૪૬૧ |
| | કુલ.. | ૨૯૮૫ |

(૨) મળેલ અરજીઓની ચકાસણીની કામગીરી ચાલુ છે.

-------------

**અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો મંજૂર કરવા બાબત**

૧૨૪૧૦**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૭૫૩૭ આવાસો મંજૂર કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | મંજૂર કરેલ આવાસોની સંખ્યા |
|---|---|
| દસક્રોઈ | ૮૫૮ |
| સાણંદ | ૮૨૯ |
| વિરમગામ | ૧૦૨૪ |
| માંડલ | ૫૫૫ |

| | |
|---|---|
| માંડલ | ૫૫૫ |
| દેત્રોજ | ૬૬૧ |
| બાવળા | ૭૨૫ |
| ધોળકા | ૮૭૪ |
| ધંધુકા | ૧૧૮૧ |
| રાણપુર | ૩૭૩ |
| બરવાળા | ૪૫૭ |
| કુલ.. | ૭૫૩૭ |

(૨) તે પૈકી કેટલા આવાસોના કામો પૂર્ણ થયા છે, કેટલા આવાસોના કામ અધુરા છે, અને

(૨) ૩૭૬૪ આવાસોના કામો પૂર્ણ થયેલ છે અને ૩૭૪૯ આવાસોના કામ અધુરા છે જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પૂર્ણ થયેલ આવાસોની સંખ્યા | અધૂરા રહેલ આવાસોની સંખ્યા |
|---|---|---|
| દસક્રોઈ | ૩૯૯ | ૪૫૯ |
| સાણંદ | ૫૬૧ | ૨૬૮ |
| વિરમગામ | ૩૮૧ | ૬૪૩ |
| માંડલ | ૧૬૨ | ૩૯૩ |
| દેત્રોજ | ૩૨૫ | ૩૨૭ |
| બાવળા | ૪૧૮ | ૩૦૭ |
| ધોળકા | ૩૬૯ | ૫૦૫ |
| ધંધુકા | ૭૨૭ | ૪૩૯ |
| રાણપુર | ૨૩૩ | ૧૪૦ |
| બરવાળા | ૧૮૯ | ૨૬૮ |
| કુલ.. | ૩૭૬૪ | ૩૭૪૯ |

(૩) કેટલા આવાસોના કામો શરૂ કરવામાં આવ્યા નથી ?

(૩) આવાસોના કામો શરૂ કરવામાં આવેલ નથી તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આવાસોના કામો શરૂ કરવામાં આવેલ નથી તેની સંખ્યા |
|---|---|
| દસક્રોઈ | ૦ |
| સાણંદ | ૦ |
| વિરમગામ | ૦ |
| માંડલ | ૦ |
| દેત્રોજ | ૯ |
| બાવળા | ૦ |
| ધોળકા | ૦ |
| ધંધુકા | ૧૫ |
| રાણપુર | ૦ |
| બરવાળા | ૦ |
| કુલ.. | ૨૪ |

-------------

**જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી**

૧૨૪૫૨**શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના નીચે તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

(૨) શ્રમિકોને કુલ કેટલું વેતન ચૂકવવામાં આવે છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના નીચે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૮૩૭૪ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

(૨) પ્રતિદિન રૂા. ૧૦૦/- ની મર્યાદામાં કામનાં પ્રમાણમાં વેતન ચૂકવવામાં આવે છે.

-------------

**ગુજરાત પેટર્ન નીચે સ્ટેટ હસ્તકની ૨૦ ટકા ગ્રાન્ટ**

૧૨૬૨૬**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત પેટર્ન નીચે સ્ટેટ હસ્તકની ૨૦ ટકા ગ્રાન્ટ વર્ષવાર કેટલી રકમની હતી,

(૨) એમાંથી ૪૩ ટ્રાયબલ તાલુકાઓ માટે તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં રૂા. ૬૪૧૩.૬૬ લાખ અને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂા. ૬૫૧૮.૫૬ લાખ ગ્રાન્ટ ગુજરાત પેટર્ન સ્ટેટ લેવલ ફંડ ૨૦ ટકા હેઠળ ફાળવવામાં આવી હતી.

(૨) ગ્રાન્ટ તાલુકાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ અમલીકરણ અધિકારીશ્રી/પ્રાયોજના વહીવટદાર/અન્ય વિભાગ-કચેરીને ફાળવવામાં આવે છે,

વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ૬૩૯૫.૭૧ લાખનો ખર્ચ અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૭૦૯.૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) કેટલી રકમ વણવપરાયેલ રહી ?

(૩) ૨૦૦૮-૨૦૦૯માં કોઈ રકમ વણવપરાયેલ રહેવા પામેલ નથી, ૨૦૦૯-૧૦માં રૂા. ૩૪૩૩.૩૦ લાખ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વણવપરાયેલ રકમ રહી છે.

-------------

## દિયોદર ગ્રામ પંચાયતનો રુરબન યોજનામાં સમાવેશ

૧૨૬૦૨**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાની દિયોદર ગ્રામ પંચાયતનો રુરબન યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના હેઠળ કેવા કેવા વિકાસના કામો હાથ ધરવામાં આવશે ?

(૨) હાલ પ્રથમ તબક્કામાં ડ્રેનેજ માટે વિલેજ સર્વેની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

-------------

## દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામની માગણી

૧૧૮૨૨**શ્રી બાચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત કેટલા કામોની માગણી આવી, અને

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત નીચે મુજબના કામોની માંગણી આવેલ છે.

| તાલુકાનું નામ | માગણી આવેલ કામોની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૧૫૪૪ |
| ગરબાડા | ૧૧૬૬ |
| ઝાલોદ | ૧૩૦૫ |
| ફતેપુરા | ૧૮૬૯ |
| લીમખેડા | ૧૬૩૩ |
| ધાનપુર | ૧૭૯૯ |
| બારીયા | ૧૫૩૮ |
| લાઈન ડીપાર્ટમેન્ટ | ૨૭૦૩ |
| **કુલ :-** | **૧૩૫૫૭** |

(૨) તે પેકી કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા ?

(૨) માગણી મુજબનાં તમામ ૧૩૫૫૭ કામો શરૂ કરવામાં આવેલ છે.

-------------

## જામનગર જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમમાં શોચાલય બનાવવા બાબત

૧૨૧૧૯**શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા, અને

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૨૫,૩૪૨ શોચાલયો બાંધવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) સદરહુ સમયગાળા દરમ્યાન રૂા. ૨૧૨.૦૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં પંચાયતના કર્મચારીઓ માટે સ્ટાફ ક્વાર્ટસ બનાવવા બાબત**

૧૧૭૬૭**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આણંદ જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતના કર્મચારીઓ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા સ્ટાફ ક્વાર્ટસ બનાવવાના બાકી છે ?

**જવાબ**

આણંદ જિલ્લા/તાલુકા પંચાયતના કર્મચારીઓ માટે ૧૧૨ સ્ટાફ ક્વાર્ટસ બનાવવા માટે, જરૂરી જમીન મેળવવાની કાર્યવાહી જિલ્લા પંચાયત, આણંદ દ્વારા હાથ ધરેલ છે, જે આખરી થયેથી સ્ટાફ ક્વાર્ટસ બાંધકામની કાર્યવાહી કરવામાં આવશે.

-------------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં વ્યાજબી ભાવની દુકાનોના પરવાના રદ કરવા બાબત**

૧૨૧૨૬ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોમાં ગેરરીતિથી પકડાયેલ દુકાનોના પરવાના રદ કરેલ છે,

(૨) આવા દુકાનદારો જ્યુડીશીયલ કોર્ટમાં આશરો લેતા હોવાથી ઘણા લાંબા સમયથી કોર્ટમાં કેસો પેન્ડીંગ છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો આવા કોર્ટ કેસોમાં આવશ્યક ચીજવસ્તુ ધારા જોગવાઈ હેઠળ પુનઃ જાહેરનામું પ્રસિધ્ધ કરી નવીન પરવાના સરકાર ક્યારે આપશે ?

**જવાબ**

(૧) પકડાયેલ ગેરરીતિઓ બદલ પરવાનો રદ કરવા સિવાયના અન્ય શિક્ષાત્મક પગલાંઓ લેવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટોની અરજીઓ**

૧૨૪૯૬**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેઘરજ-માલપુર-ધનસુરા અને બાયડ તાલુકાઓમાંથી ૧૦૦ ચો.વાર પ્લોટો માટે કેટલા અરજદારોની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી સનદો આપવામાં આવી અને કેટલાને કબ્જા હક્ક સોંપવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ બાકીમાં છે, અને

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૮- ૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | મેઘરજ | ૦ | ૦ | ૦ |
| ૨ | માલપુર | ૭ | ૦ | ૭ |
| ૩ | ધનસુરા | ૨૪ | ૨૬ | ૫૦ |
| ૪ | બાયડ | ૩૪ | ૦ | ૩૪ |
| | **કુલ :** | **૬૫** | **૨૬** | **૯૧** |

(૨)

| ક્રમ | તાલુકો | અરજી મંજુર કરી આપેલ સનદો | | કુલ | કબજા હક્ક સોંપ્યા | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ |
| ૧ | મેઘરજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | માલપુર | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ |
| ૩ | ધનસુરા | ૧૪ | ૨૩ | ૩૭ | ૧૪ | ૨૩ | ૩૭ |
| ૪ | બાયડ | ૧૯ | ૦ | ૧૯ | ૧૯ | ૦ | ૧૯ |
| | **કુલ** | **૪૦** | **૨૩** | **૬૩** | **૪૦** | **૨૩** | **૬૩** |

(૩) પ્રશ્ન નથી.

(૪)

| ક્રમ | તાલુકો | નામંજુર કરેલ અરજીઓ | | કુલ નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | |
| ૧ | મેઘરજ | ૦ | ૦ | ૦ |
| ૨ | માલપુર | ૦ | ૦ | ૦ |
| ૩ | ધનસુરા | ૧૦ | ૩ | ૧૩ |
| ૪ | બાયડ | ૧૫ | ૦ | ૧૫ |
| | **કુલ** | **૨૫** | **૩** | **૨૮** |

-------------

**ગાંધીનગર ખાતે રાજીવ ગાંધી સ્મૃતિવન**

૧૧૬૨૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે આવેલ ચ-૩ પાસેનું રાજીવ ગાંધી સ્મૃતિવન ક્યારે ખુલ્લુ મૂકવામાં આવ્યું,

(૨) આ સ્મૃતિવનમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા વૃક્ષો છે, અને

(૩) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં આ સ્મૃતિવનની જાળવણી માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ગાંધીનગર ખાતે આવેલ ચ-૩ પાસેનું રાજીવ ગાંધી સ્મૃતિવન સને ૧૯૯૧-૯૨માં તારીખ ૨૦-૮-૧૯૯૧ના રોજ ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ.

(૨) આ સ્મૃતિવનમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ હાલ કોઈ વૃક્ષો હયાત નથી.

(૩) કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી.

-------------

**આદિજાતિ વિકાસ વિભાગે કરેલા એમ.ઓ.યુ.**

૧૧૯૭૬**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગે કેટલા એમ.ઓ.યુ. કોની કોની સાથે ક્ર્યા,

(૨) તે પેકી ક્યા ક્યા એમ.ઓ.યુ. કરનાર એન.જી.ઓ./પ્રોજેકટને વર્ષવાર કેટલી સહાયો આપવામાં આવી,

(૩) તે પેકી કેટલા પ્રોજેક્ટ શરૂ થયા, અને

(૪) બાકીના પ્રોજેક્ટ કેટલા સમયમાં શરૂ થશે ?

**જવાબ**

(૧) કુલ ૧૯ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. પત્રક-(અ) મુજબ.

(૨) એમ.ઓ.યુ. કરનાર એનજીઓ/સંસ્થાને સહાય આપવામાં આવેલ નથી પણ પ્રોજેક્ટ પાછળ થયેલ ખર્ચની વિગત પત્રક-(બ) મુજબ.

(૩) ૭ પ્રોજેકટો શરૂ કરવામાં આવ્યા.

(૪) સરકારની ભુમિકા એમ.ઓ.યુ. કરનાર એન.જી. ઓને ફેસીલીટેટ કરવાની છે.

**પત્રક-અ**

| ક્રમ | સંસ્થાઓ/કંપનીઓનું નામ | પ્રોજેક્ટનું નામ |
|---|---|---|
| ૧ | સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સુરત | સંકલિત ડેરી ડેવલપમેન્ટ કાર્યક્રમ |
| ૨ | ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ભરૂચ | સંકલિત ડેરી ડેવલપમેન્ટ કાર્યક્રમ |
| ૩ | બોશ લીમીટેડ | વોકેશનલ ટ્રેનીંગ માટે |
| ૪ | કેરિયર લોંચર એજ્યુકેશન ફાઉન્ડેશન | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ કોમ્યુનીટી ઈનેબ્લીંગ સેન્ટર ઈન ટ્રાયબલ એરિયા |
| ૫ | ક્લેકટીવ ફોર ઈન્ટીગ્રેટેડ લાઈવલીહુડ ઈનીસ્યેટીવ (સીઆઈએનઆઈ) | ડાંગ લાઈવલીહુડ પ્રોજેક્ટ |
| ૬ | દીપક ચેરીટેબલ ટ્રસ્ટ | ક્વાંટ એરિયા લાઈવલીહુડ પ્રોજેક્ટ |
| ૭ | જીટી ઝેડ ઈન્ટરનેશનલ | વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર |
| ૮ | હિમાલયા ઈન્ટરનેશનલ લિમીટેડ | મશરૂમ વાવેતર અને પ્રોસેસીંગ |
| ૯ | ઈન્ટરનેશનલ નેટવર્ક ફોર બામ્બુ એન્ડ રતન (ઈનબાર) | બામ્બુ લાઈવલીહુડ બીઝનેશ ઈન્ટર પ્રિનિયોર |
| ૧૦ | ઈનટેલ | આદિજાતિ વિસ્તારમાં ટેક્નોલોજીક્લ ઈન્ટરવેશન કાર્યક્રમ |
| ૧૧ | ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન લીમીટેડ | ખાસ શિક્ષણ પ્રોજેક્ટ માટે એડવાઈઝરી સપોર્ટ |
| ૧૨ | માઈક્રોસોફ્ટ કોર્પોરેશન (ઈન્ડિયા) પ્રા.લિ. | ડીજીટલ લીટરસી પ્રોગ્રામ |
| ૧૩ | મોન્સન્ટો ઈન્ડિયા લિ. | પ્રોજેક્ટ સનશાઈન-૨૦૦૯ |

| | | |
|---|---|---|
| ૧૪ | નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેક્નોલોજી (નીફ્ટ) | ટેક્ષટાઈલ મશીનરી સંચાલન-વીટીસી |
| ૧૫ | માન્સન્ટો હોલ્ડીંગ પ્રા. લિ. | શાકભાજી હાઈબ્રિડ બિયારણ ઉત્પાદક પ્રોજેક્ટ |
| ૧૬ | શાંતિલાલ સંઘવી. ફાઉન્ડેશન | શિક્ષણમાં ગુણવત્તા સુધારણા પ્રોજેક્ટ |
| ૧૭ | સોમાનેટ વર્ક્સ સોફ્ટવેર એન્જીનીયરીંગ પ્રા.લિ. | બ્રોડબેન્સ સર્વિસ |
| ૧૮ | વાગલધરા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ | બહુ હેતક વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર |
| ૧૯ | જશોદા નરોત્તમ ટ્રસ્ટ | કપરાડા તાલુકામાં ચેકડેમ બાંધકામ |

**પત્રક : (બ)**

| ક્રમ | સંસ્થાઓ/એનજીઓનું નામ | પ્રોજેક્ટનું નામ | પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ (રૂા. કરોડમાં) | પ્રોજેક્ટ માટે થયેલ ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | સી. આઈ. આઈ | ડાંગ લાઈવલીહુડ પ્રોજેક્ટ | ૨૨.૦૦ | ૦.૩૧૫ |
| ૨ | દીપક ચેરીટેબલ ટ્રસ્ટ | ક્વાંટ એરિયા લાઈવલીહુડ પ્રોજેક્ટ | ૫૯.૦૦ | ૩.૦૮ |
| ૩ | ઈનબાર | બામ્બુ લાઈવલીહુડ બીઝનેશ ઈન્ટર પ્રિનિયોર | ૧૨.૬૦ | ૧.૦૦ |
| ૪ | મોન્સાન્ટો ઈન્ડિયા લિ. | પ્રોજેક્ટ સનશાઈન-૨૦૦૯ | ૪૦.૨૬ | ૩૩.૨૨ |
| ૫ | નીફ્ટ | ટેક્ષટાઈલ મશીનરી | ૧૬.૦૦ | ૦૦.૨૭ |
| ૬ | વાઘલધરા વિભાગીય સાર્વજનિક કેળવણી મંડળ | વોકેશનલ ટ્રેનીંગ | ૪.૮૦ | ૩.૯૧ |
| ૭ | જશોદા નરોત્તમ ટ્રસ્ટ | કપરાડા તાલુકામાં ચેકડેમ બાંધકામ | ૧.૧૬ | ૧.૧૬ |
| **કુલ** | | | **૧૫૫.૮૨** | **૪૨.૯૫૫** |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ**

૧૨૨૮૩**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નારેગા માં તાલુકાવાર કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નરેગામાં તાલુકાવાર આપવામાં આવેલ જોબકાર્ડની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આપવામાં આવેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|
| ચોટીલા | ૧૦૧૨૬ |
| ચુડા | ૩૧૨૩ |
| ધ્રાંગધ્રા | ૧૫૨૦ |
| લીંબડી | ૬૬૧૩ |
| લખતર | ૮૧૬૬ |
| મુળી | ૬૧૭૩ |
| પાટડી | ૪૩૧૦ |
| સાયલા | ૨૨૨૯ |
| હળવદ | ૫૨૯૮ |
| વઢવાણ | ૮૩૮૨ |
| **કુલ :** | **૫૫૯૪૦** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને

(૨) સદરહુ સમયમાં તાલુકાવાર આપવામાં આવેલ રોજગારીની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા** |
|---|---|
| ચોટીલા | ૧૨૨૫૩ |
| ચુડા | ૪૬૦૬ |
| ધ્રાંગધ્રા | ૩૧૪૧ |
| લીંબડી | ૧૦૧૦૮ |
| લખતર | ૯૭૨૩ |
| મુળી | ૪૧૯૫ |
| પાટડી | ૧૦૫૮૦ |
| સાયલા | ૪૫૬૯ |
| હળવદ | ૩૩૯૭ |
| વઢવાણ | ૪૭૮૨ |
| **કુલ :** | **૬૭૩૫૪** |

(૩) તાલુકાવાર કેટલી રકમની ચૂકવણી કરી ?

(૩) તાલુકાવાર ચુકવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **ચુકવેલ રકમ (રૂા. લાખમાં)** |
|---|---|
| ચોટીલા | ૨૮૯.૯૪ |
| ચુડા | ૭૧.૦૪ |
| ધ્રાંગધ્રા | ૮૬.૦૮ |
| લીંબડી | ૨૩૩.૦૧ |
| લખતર | ૨૦૧.૬૩ |
| મુળી | ૬૪.૩૨ |
| પાટડી | ૧૨૫.૯૬ |
| સાયલા | ૧૫૫.૦૫ |
| હળવદ | ૩૩.૨૪ |
| વઢવાણ | ૯૩.૬૬ |
| **કુલ :** | **૧૩૫૩.૯૩** |

-------------

**ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ નામો**

૧૨૬૦૪**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ગરીબ લોકોને બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ ગરીબ લોકોને બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૬૩ |
| ૨ | બોટાદ | ૧૦૫ |
| ૩ | ગઢડા | ૨૭ |
| ૪ | ગારીયાધાર | ૧ |
| ૫ | ઘોઘા | ૧૫ |

| | | |
|---|---|---|
| ૫ | ઘોઘા | ૧૫ |
| ૬ | મહુવા | - |
| ૭ | પાલીતાણા | ૧૯ |
| ૮ | શિહોર | ૧૭ |
| ૯ | તળાજા | ૪ |
| ૧૦ | ઉમરાળા | ૮ |
| ૧૧. | વલ્લભીપુર | ૦ |
| | **કુલ...** | **૨૫૯** |

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીમાં બી.પી.એલ. યાદીમાં નામ સમાવિષ્ટ કરવા માટેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ૨૨૧૮૧ અરજી પડતર છે.

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ ઝડપથી નિકાલ કરવામાં આવશે.

-------------

**આદિજાતિના વિકાસ માટે કેન્દ્ર સરકારે આપેલ ગ્રાન્ટ**

૧૧૫૭૮**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આદિજાતિના વિકાસ માટે છેલ્લા ૩ વર્ષમાં તા. ૨૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકારમાંથી કેટલી ગ્રાન્ટ આવી,

(૧) રૂપિયા ૩૨૪૪૨.૦૫ લાખ.

(૨) આ ગ્રાન્ટ કઈ કઈ યોજનાઓ માટે આવી, અને

(૨) પત્રક સામેલ છે.

(૩) તેમાંથી કેટલી ગ્રાન્ટ વપરાયેલ છે, અને કેટલી વાપરવાની બાકી છે ?

(૩) રૂપિયા ૨૫૨૪૬.૫૨ લાખની ગ્રાન્ટ વપરાયેલ છે અને રૂપિયા ૭૧૯૫.૫૩ લાખની ગ્રાન્ટ વાપરવાની બાકી છે.

**પત્રક**

| અ. નં. | યોજનાનું નામ |
|---|---|
| ૧ | ખાસ કેન્દ્રિય સહાય |
| ૨ | ખાસ કેન્દ્રિય સહાય (ઈન્સેન્ટીવ) |
| ૩ | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર |
| ૪ | બંધારણની કલમ ૨૭૫ (૧) |
| ૫ | બંધારણની કલમ ૨૭૫(૧) (ઈનોવેટીવ) |
| ૬ | ડેવલોપમેન્ટ ઓફ ફોરેસ્ટ વીલેજીસ |
| ૭ | સી. સી. ડી. પ્રોજકટ |
| ૮ | વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર |
| ૯ | પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર |
| ૧૦ | પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ |
| ૧૧ | બુકબેંક યોજના |
| ૧૨ | અપગ્રેડેશન ઓફ મેરીટ ફોરએસ.ટી.સ્ટુડન્ટ |
| ૧૩ | કન્સ્ટ્રકશન ઓફ આશ્રમશાળા |
| ૧૪ | અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯ હેઠળ નાણાકિય સહાય |
| ૧૫ | લો-લીટરસી ફોર ગર્લ્સ રેસિડેન્સિયલ સ્કૂલ |
| ૧૬ | ગોણ વન પેદાશની કામગિરી માટેની સહાય |

## આણંદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મહેકમ

૧૨૫૩૧ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લા પંચાયતમાં તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ખાલી જ્ગ્યાઓ ન ભરવાને કારણે જે તે સંવર્ગની જ્ગ્યાઓ એબેયન્સ (રદ) જાય તો તે માટે જવાબદારી કોની, અને

(૪) આ જવાબદારો સામે શી કાર્યવાહીની જોગવાઈ છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લા પંચાયતમાં તા. ૩૧-૧-૧૦ સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| વર્ગ | સંખ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૩ |
| વર્ગ-૨ | ૧૨૮ |
| વર્ગ-૩ | ૮૮૨૬ |
| વર્ગ-૪ | ૨૯૯ |
| **કુલ :-** | **૯૨૬૬** |

(૨) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| વર્ગ | સંખ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૫ |
| વર્ગ-૨ | ૨૬ |
| વર્ગ-૩ | ૮૭૨ |
| વર્ગ-૪ | ૧૫૪ |
| **કુલ :-** | **૧૦૫૭** |

આ જ્ગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) વહીવટી કારણોસર એક વર્ષ કરતાં વધારે સમયથી ખાલી રહેતી જ્ગ્યાઓ નિયમાનુસાર એબેયન્સમાં જતી હોઈ કોઈની જવાબદારી થતી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## અમરેલી જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મકાનો મંજૂર કરવા બાબત

૧૨૧૦૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા મકાનો બાંધવામાં આવ્યા છે અને કેટલા મકાનો બાંધવાનાં બાકી છે, અને

(૩) બાકી રહેલા મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર આવાસ યોજના હેઠળ ૧૦૨૩ મકાનો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૨૨૧ મકાનો બાંધવામાં આવ્યા
૮૦૨ મકાનો બાંધવાના બાકી

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવા આયોજન કરેલ છે.

-------------

## સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડની અરજીઓ

૧૨૬૨૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ કાઢી આપવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ કુલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | બી.પી.એલ. | એ.પી.એલ. |
| ૧ | હિંમતનગર | ૪૦૫ | ૪૧૨૩ |
| ૨ | ઈડર | ૩૪ | ૧૭૩૮ |
| ૩ | વડાલી | ૬૯ | ૧૦૪૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૭૬૩ | ૭૩૧ |
| ૫ | વિજયનગર | ૧ | ૨૯૨ |
| ૬ | ભિલોડા | ૦ | ૬૨૭ |
| ૭ | મોડાસા | ૮ | ૨૫૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ધનસુરા | ૩ | ૫૬૭ |
| ૯ | બાયડ | ૦ | ૫૧૧ |
| ૧૦ | માલપુર | ૩ | ૧૪૩ |
| ૧૧ | મેઘરજ | ૧૯ | ૪૪૪ |
| ૧૨ | તલોદ | ૬૯ | ૧૪૭૪ |
| ૧૩ | પ્રાંતિજ | ૬૧ | ૧૨૧૪ |
| | **કુલ :** | **૧૪૩૫** | **૧૫૪૧૧** |

(૨) કેટલા રેશનકાર્ડ બી.પી.એલ. અને એ.પી.એલ. તાલુકાવાર કાઢી આપવામાં આવ્યા,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ પૈકી કાઢી આપેલ રેશનકાર્ડની સંખ્યા | |
|---|---|---|---|
| | | બી.પી.એલ. | એ.પી.એલ. |
| ૧ | હિંમતનગર | ૩૫૩ | ૪૧૦૧ |
| ૨ | ઈડર | ૨૪ | ૧૭૨૪ |
| ૩ | વડાલી | ૬૯ | ૧૦૪૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૭૨૫ | ૭૦૦ |
| ૫ | વિજયનગર | ૧ | ૨૯૨ |
| ૬ | ભિલોડા | ૦ | ૬૧૨ |
| ૭ | મોડાસા | ૮ | ૨૪૯૪ |
| ૮ | ધનસુરા | ૩ | ૫૫૭ |
| ૯ | બાયડ | ૦ | ૪૯૯ |
| ૧૦ | માલપુર | ૩ | ૧૨૯ |
| ૧૧ | મેઘરજ | ૧૯ | ૪૪૪ |
| ૧૨ | તલોદ | ૬૮ | ૧૪૬૨ |
| ૧૩ | પ્રાંતિજ | ૪૨ | ૧૧૮૬ |
| | **કુલ :** | **૧૩૧૫** | **૧૫૨૪૫** |

(૩) કેટલા કાર્ડ આપવાના બાકી છે,

(૪) કાર્ડ બાકી રહેવાના કારણો શા છે, અને

(૩) અને (૪) અધુરી વિગતો વાળી અરજી હોવાથી કાર્ડ આપવાના બાકી છે.

(૫) બાકી કાર્ડ અરજદારોને કેટલા સમયમાં આપી દેવામાં આવશે ?

(૫) નિયમોનુસારની ચકાસણી પૂર્ણ થયા બાદ પાત્ર અરજદારોને આપી શકાશે.

## ઉમરગામ તાલુકામાં નરેગા યોજનામાં રસ્તાઓ

: ૧૨૫૨૨ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ઉમરગામ તાલુકામાં નરેગા યોજના હેઠળ કેટલા રસ્તાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે,

(૧) નરેગા યોજના હેઠળ ઉંમરગામ તાલુકામાં ૧૨૮ રસ્તાના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ક્યા ક્યા રસ્તાઓ છે, અને

(૨) સામેલ *પરિશિષ્ટ મુજબ

(૩) ક્યારે ચાલુ કરવામાં આવશે ?

(૩) નિયમોનુસાર જે તે ગ્રામ પંચાયતના શ્રમિકો દ્વારા કામની માગણી થયેથી કામો શરૂ કરવામાં આવે છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

## રાજકોટ જિલ્લામાં ખેત તલાવડીઓ બનાવવા બાબત

૧૨૨૫૦**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગામવાર કેટલી ખેત તલાવડી બનાવવામાં આવી,

(૧) ગોંડલ તાલુકાના અનીડામાં -૮ વોરાકોટડામાં-૧ અને હડમતિયામાં -૨ તેમજ વાંકાનેર તાલુકાના જાલીડા ગામે-૪ એમ કુલ-૧૫ ખેત તલાવડી બનાવેલ છે.

(૨) તે કઈ કઈ યોજનામાં બનાવવામાં આવી, અને ક્યા હેડ પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) ગોંડલ તાલુકામાં હરિયાળી (વોટરશેડ યોજના) હેઠળ રૂા. ૮૬૯૦૦/- અને વાંકાનેર તાલુકામાં એમજીએનઆરઈજી યોજના હેઠળ રૂા. ૫૮૬૯૮/-નો ખર્ચ સંબંધિત યોજનાના સદરે થયેલ છે.

(૩) તેની પાછળ કેટલા માનવ દિવસો કામ થયું, અને

(૩) તેની પાછળ કુલ ૧૬૩૧ માનવ દિવસો કામ થયું.

(૪) તે અંગે કેટલી રકમ રોકડમાં ચૂકવવામાં આવી અને કેટલું અનાજ આપવામાં આવ્યું ?

(૪) તે અંગે કુલ રૂા. ૧૪૫૫૯૮/- રોકડમાં ચૂકવવામાં આવ્યા અને અનાજ આપવામાં આવેલ નથી.

**ભરૂચ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ માનવ દિનની રોજગારી**

૧૧૯૧૯**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા ઈસમોને સ્વરોજગાર ગેરંટી યોજના હેઠળ કેટલા માનવદિનની રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ૩૬૪૦૦ કુટુંબોને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ આપવામાં આવેલ રોજગારીની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુટુંબોની સંખ્યા | માનવદિન રોજગારીની સંખ્યા |
|---|---|---|
| જંબુસર | ૨૭૮૪ | ૧૭૦૯૯૯ |
| આમોદ | ૧૦૨૧ | ૩૧૩૮૬ |
| વાગરા | ૨૧૦૫ | ૬૯૭૫૧ |
| ભરૂચ | ૨૩૯૭ | ૨૧૮૨૦ |
| અંક્લેશ્વર | ૨૦૦૮ | ૨૧૪૯૦ |
| હાંસોટ | ૧૫૮૮ | ૧૩૨૧૭ |
| વાલીયા | ૮૩૬૩ | ૧૭૬૭૩૦ |
| ઝઘડીયા | ૧૬૧૩૪ | ૨૧૯૨૪૭ |
| **કુલ..** | **૩૬૪૦૦** | **૭૨૪૬૪૦** |

(૨) તે અન્વયે તાલુકાદીઠ કેટલો ખર્ચ થયો ?

(૨) તાલુકાદીઠ થયેલ ખર્ચ નીચે નુજબ છે.

| તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| જંબુસર | ૧૦૨.૧૦ |
| આમોદ | ૨૫.૬૩ |
| વાગરા | ૭૦.૯૭ |
| ભરૂચ | ૧૮.૪૪ |
| અંક્લેશ્વર | ૨૧.૬૩ |
| હાંસોટ | ૯.૮૭ |
| વાલીયા | ૧૫૧.૬૮ |
| ઝઘડીયા | ૧૮૫.૯૨ |
| **કુલ..** | **૫૮૬.૨૪** |

-------------

**ખેડા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જ્ગ્યાઓ**

૧૨૫૬૭ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જ્ગ્યાઓ પેકી

**જવાબ**

(૧) મંજુર થયેલ જ્ગ્યાઓ-૪૧૭
ખાલી જ્ગ્યાઓ-૧૨૭.

કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) સરકાર આ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ, અને — (૨) હા, જી.

(૩) જો હા, તો ક્યાં સુધીમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ? — (૩) સત્વર.

-------------

**તાપી જિલ્લામાં વન વિભાગના રસ્તાઓ**

૧૨૦૨૨**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં ફોરેસ્ટ ખાતાના કેટલા રસ્તા હયાત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાની મરામત કામગીરી કરવામાં આવી, અને

(૩) કેટલા રસ્તાઓને ડામર સપાટીના કરવાના બાકીમાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં ફોરેસ્ટ ખાતાના ૨૨ રસ્તા હયાત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ રસ્તાની મરામત કામગીરી કરવામાં આવી,

(૩) ૧૭ રસ્તાઓ પુર્ણતઃ તેમજ ૨ રસ્તાઓ અંશતઃ ડામર સપાટી વિનાના છે.

-------------

**વડોદરા અને ભરૂચ જિલ્લામાં જંગલની જમીનનો નિયમ બધ્ધ કરવા બાબત**

૧૨૨૮૫ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામના જંગલોની જમીન નિયમબધ્ધ કરી,

(૨) કેટલા આદિવાસી લાભાર્થીઓને કેટલા તાલુકાની જમીનના હક્કો સુપરત કરેલ છે, અને

**જવાબ**

(૧)

**વડોદરા**

| **ક્રમ** | **તાલુકા** | **ગામની સંખ્યા** |
|---|---|---|
| ૧. | છોટા ઉદેપુર | ૦૬ |
| ૨. | ક્વાંટ | ૦૮ |
| ૩. | જેતપુરપાવી | ૦૫ |
| ૪. | નસવાડી | ૨૪ |

**ભરૂચ**

| ક્રમ | તાલુકા | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧. | ઝગડીયા | ૧૭ |
| ૨. | વાલીયા | ૦૬ |

(૨)

**વડોદરા**

| ક્રમ | તાલુકા | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | છોટા ઉદેપુર | ૧૨૨ |
| ૨. | ક્વાંટ | ૭૪૬ |
| ૩. | જેતપુરપાવી | ૧૦૦ |
| ૪. | નસવાડી | ૩૩૪ |

**ભરૂચ**

| [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|
| [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] |

| | | |
|---|---|---|
| ૨. | વાલીયા | ૧૨૮ |

(૩) કેટલા લાભાર્થી બાકીમાં છે તેમને ક્યારે જમીન સુપરત કરવામાં આવશે ?

(૩)

| ક્રમ | જિલ્લા | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | વડોદરા | ૧૫૪૩૧ |
| ૨. | ભરૂચ | ૩૫૭૩ |

નિયમ પ્રમાણે ટુંક સમયમાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

-------------

**સુરત અને તાપી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસો**

૧૧૭૪૭**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસો બાંધવાનું કેટલું આયોજન સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર હતું, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જીલ્લામાં ૨૦૨૯૫ અને તાપી જિલ્લામાં ૨૨૦૬૪ ઈન્દિરા આવાસો બાંધવાનું આયોજન તાલુકાવાર સામેલ પત્રક-૧* મુજબ કરવામાં આવેલ છે.

(૨) તે પેકી કેટલા આવાસો તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં તેયાર થયા અને કેટલા બાકી છે ?

(૨) સુરત જીલ્લામાં ૧૧૬૨૫ આવાસો તેયાર થયેલ છે અને ૮૬૭૦ આવાસો બાકી છે. તથા તાપી જિલ્લામાં ૧૨૮૪૩ આવાસો તેયાર થયેલ છે અને ૯૨૨૧ આવાસો બાકી છે. તેની વિગતો સામેલ પત્રક-૨* મુજબ છે.

**પત્રક-૧**

| જીલ્લાનું નામ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ બાંધવાના આયોજન પ્રમાણેની સંખ્યા |
|---|---|---|
| સુરત | બારડોલી | ૧૮૮૪ |
| | ચોર્યાસી | ૧૫૫ |
| | કામરેજ | ૮૬૯ |
| | મહુવા | ૨૮૭૦ |
| | માંડવી | ૪૫૩૪ |
| | માંગરોળ | ૩૭૨૧ |
| | ઓલપાડ | ૧૬૨૧ |
| | પલસાણા | ૧૧૭૭ |
| | ઉંમરપાડા | ૩૪૬૪ |
| | કુલ.. | ૨૦૨૯૫ |
| તાપી | નિઝર | ૬૯૬૩ |

**પત્રક-૨**

| જીલ્લાનું નામ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ તેયાર થયેલ આવાસોની સંખ્યા | તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ બાકી આવાસોની સંખ્યા |
|---|---|---|---|
| સુરત | બારડોલી | ૧૧૦૩ | ૭૮૧ |
| | ચોર્યાસી | ૧૪૪ | ૧૧ |
| | કામરેજ | ૬૫૩ | ૨૧૬ |
| | મહુવા | ૧૪૩૪ | ૧૪૩૬ |
| | માંડવી | ૩૪૧૩ | ૧૧૨૧ |
| | માંગરોળ | ૧૯૩૨ | ૧૭૮૯ |
| | ઓલપાડ | ૭૪૦ | ૮૮૧ |
| | પલસાણા | ૬૭૪ | ૫૦૩ |
| | ઉંમરપાડા | ૧૫૩૨ | ૧૯૩૨ |
| | કુલ.. | ૧૧૬૨૫ | ૮૬૭૦ |
| તાપી | નિઝર | ૪૩૦૧ | ૨૬૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| સોનગઢ | ૩૬૦૭ | સોનગઢ | ૧૮૩૪ | ૧૭૭૩ |
| ઉચ્છલ | ૬૦૦૯ | ઉચ્છલ | ૩૭૩૩ | ૨૨૭૬ |
| વાલોડ | ૧૩૪૫ | વાલોડ | ૮૩૦ | ૫૧૫ |
| વ્યારા | ૪૧૪૦ | વ્યારા | ૨૧૪૫ | ૧૯૯૫ |
| કુલ.. | ૨૨૦૬૪ | કુલ.. | ૧૨૮૪૩ | ૯૨૨૧ |

-------------

**ખેડા જિલ્લામાં ખેડૂતોના પાકને જંગલી રોઝથી થતું નુકસાન અટકાવવા બાબત**

૧૧૮૬૩ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાકને જંગલી રોઝ ધ્વારા થતાં નુકશાનને અટકાવવા કાંટાળા તારની વાડ બનાવવાની યોજનામાં કેટલા ખેડૂતોને કેટલી સહાય તાલુકાવાર આપવામાં આવી,

(૨) કેટલા ખેડૂતોની અરજીઓ કેટલા સમયથી પડતરમાં છે, અને

(૩) તેમને ક્યારે સહાય આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાકને જંગલી રોઝ દ્વારા થતાં નુકસાનને અટકાવવા **કુલ-૨૧** ખેડૂતોને **રૂા. ૭.૭૫** લાખની સહાય તાલુકાવાર નીચેની વિગતે ચુકવવામાં આવી.

| ક્રમ | તાલુકો | તારની વાડ બનાવવા લાભ આપેલ ખેડૂતોની સંખ્યા | ચુકવવામાં આવેલ રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | કપડવંજ | ૦૩ | ૧.૦૮ |
| ૨ | વિરપુર | ૦૧ | ૦.૨૨ |
| ૩ | ઠસરા | ૧૬ | ૬.૦૨ |
| ૪ | ખેડા | ૦૧ | ૦.૪૩ |
| | **કુલ :** | **૨૧** | **૭.૭૫** |

(૨) ૩૦૮ ખેડૂતોની અરજીઓ ૨૦૦૫-૦૬ થી ૩૧/૧૨/૨૦૦૯ના સમયગાળા દરમ્યાનની પડતરમાં છે.

(૩) અગ્રતાક્રમ પ્રમાણે સહાય આપવામાં આવે છે.

-------------

**ગીરના સિંહોનું અન્ય જ્ગ્યાએ સ્થાળાંતર કરવા બાબત**

૧૧૬૫૧**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**શ્ન**

(૧) ગીરના સિંહોને મધ્યપ્રદેશમાં સ્થળાંતર કરવા તાજેતરમાં તા. ૨૦-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં ભારત સરકારે નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ અંગે રાજ્ય સરકારે શી વિચારણા હાથ ધરી છે તથા રાજ્ય સરકારનો શો પ્રતિભાવ છે ?

**જવાબ**

(૧) નામ. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ નેશનલ વાઈલ્ડ લાઈફ એડવાઈઝરી બોર્ડની સ્ટેંડીંગ કમીટી દ્વારા આ વિષયે ચર્ચા કરવામાં આવી હતી અને નેશનલ વાઈલ્ડ લાઈફ એડવાઈઝરી બોર્ડની સ્ટેંડીંગ કમીટીની ભલામણના આધારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખાતે સ્થળાંતર કરવા અભિપ્રાય આપેલ છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા આ અભિપ્રાય સામે વાંધા અભિપ્રાયની રજૂઆત, નેશનલ વાઈલ્ડ લાઈફ એડવાઈઝરી બોર્ડની સ્ટેંડીંગ કમીટીમાં તેમજ નામ. સુપ્રીમ કોર્ટ માં કરવામાં આવેલ છે. હાલમાં આ વિષય નામ. સુપ્રીમ કોર્ટ ખાતે વિચારાધિન છે.

-------------

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ**

૧૧૮૮૨**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર પુરસ્કૃત રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી કેટલા ટકા ખર્ચ મળે છે અને રાજ્ય સરકારે કેટલા ટકા ખર્ચ ભોગવવાનો રહે છે. | (૧) કેન્દ્ર સરકાર પુરસ્કૃત મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી બિન કુશળ મજૂરી ખર્ચ ૧૦૦ ટકા ખર્ચ તથા માલસામાનના અર્ધ કુશળ, કુશળ કારીગર માટે થતાં ખર્ચના ૭૫ ટકા ખર્ચ મળે છે અને રાજ્ય સરકાર તરફથી માલસામાનના અર્ધ કુશળ, કુશળ કારીગર માટે થતાં ખર્ચના ૨૫ ટકા ખર્ચ મળે છે. |
| (૨) આ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ફાળવી, અને | (૨) રૂા. ૬૬૫૯૫.૦૯ લાખ રકમ ફાળવેલ છે. |
| (૩) રાજ્ય સરકારે તેની સામે કેટલી રકમ ફાળવી છે? | (૩) રૂા. ૮૨૮૩.૪૩ લાખ રકમ ફાળવેલ છે. |

-------------

**આણંદ અને ખેડા જિલ્લામાં બોરીબંધ બાંધવા બાબત**

૧૨૪૪૦ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા, અને | (૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર બોરીબંધ બાંધવામાં આવેલ છે. |

**આણંદ જીલ્લો :-**

| **તાલુકાનું નામ** | **બોરીબંધની સંખ્યા** |
|---|---|
| આણંદ | ૨૯૬ |
| ઉમરેઠ | ૯૯૦ |
| બોરસદ | ૧૬૧ |
| આંક્લાવ | ૧૦૧ |
| **કુલ :** | **૧૫૪૮** |

**ખેડા જીલ્લો :-**

| **તાલુકાનું નામ** | **બોરીબંધની સંખ્યા** |
|---|---|
| બાલાસિનોર | ૧૧૬૮ |
| કપડવંજ | ૧૩૧૬ |
| કઠલાલ | ૧૧૭૯ |
| ખેડા | ૧૩૪ |
| મહેમદાવાદ | ૬૬૪ |
| મહુધા | ૫૯૫ |
| માતર | ૭૫૭ |
| નડીયાદ | ૩૮૨ |
| ઠાસરા | ૮૭૬ |
| વિરપુર | ૧૬૯૫ |
| **કુલ :** | **૮૭૬૬** |

(૨) બોરીબંધ બાંધવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) બોરીબંધ બાંધવા માટે નીચે મુજબ તાલુકાવાર ખર્ચ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લો :-**

| **તાલુકાનું નામ** | **ખર્ચની વિગત (રૂપિયા)** |
|---|---|
| આણંદ | ૨૨૩૨૨૪ |
| ઉમરેઠ | ૧૮૫૩૦૦૦ |
| બોરસદ | ૧૨૬૯૩૩૬ |
| આંક્લાવ | ૭૪૧૬૯૧ |
| **કુલ :** | **૪૦૮૭૨૫૧** |

**ખેડા જિલ્લો :-**

| **તાલુકાનું નામ** | **(રૂ. લાખમાં) ખર્ચની વિગત** |
|---|---|
| બાલાસિનોર | ૧૪૯.૮૮ |
| કપડવંજ | ૧૧૫.૯૫ |
| કઠલાલ | ૧૫૮.૬૪ |
| ખેડા | ૮.૦૭ |
| મહેમદાવાદ | ૬૯.૦૯ |
| મહુધા | ૭૩.૧૪ |
| માતર | ૨૩.૦૭ |
| નડીઆદ | ૩૮.૬૬ |
| ઠાસરા | ૨૦૬.૯૮ |
| વિરપુર | ૨૦૦.૦૬ |
| **કુલ :** | **૧૦૪૩.૫૪** |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘર બનાવવા બાબત**

૧૧૬૬૩**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાના ક્યા ક્યા ગામોમાં પંચાયત ઘરની સુવિધા નથી,

(૧) બનાસકાંઠા જિલ્લાની નીચે જણાવેલ તાલુકાઓની વિભાજનને કારણે નવી રચાયેલ ૩(ત્રણ) ગ્રામ પંચાયતોને પંચાયત ઘરની સુવિધાઓ નથી.

| **તાલુકો** | **મુળ ગ્રામ પંચાયત** | **નવી રચાયેલ ગ્રામ પંચાયત** |
|---|---|---|
| વડગામ | પાંચડા | મેજરપુરા |
| દિયોદર | વજેગઢ | સેસણજુના |
| વાવ | પાનેસડા | અરજણપુરા |

(૨) આ સુવિધા આપવા માટે સરકારનો સન ૨૦૦૯-૧૦ વર્ષમાં શું આયોજન છે, તથા સુવિધા કેવા પ્રકારની આપવાની થાય છે, અને

(૨) નવી રચાયેલ ત્રણેય ગ્રામ પંચાયતોને વિવિધ ગ્રાન્ટ માંથી ઉપરોક્ત સુવિધા આપવા ૨૦૦૯-૨૦૧૦માં આયોજન છે જેમાં નિયત થયેલ ડીઝાઈન મુજબનું પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ બનાવવામાં આવે છે.

(૩) આ સુવિધા કેટલાં સમયમાં આપવામાં આવશે? (૩) બનતી ત્વરાએ.

-------------

**ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત**

૧૨૧૦૦**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) ભાવનગર જીલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૩૯૬૬ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા છે.

(૨) સદરહુ સમય દરમ્યાન ૪૭૯૩૦ કુટુંબોને રોજગારી આપવામાં આવી છે.

(૩) સદરહુ સમય દરમ્યાન ૬.૭૫ લાખ પુરુષ માનવદિન અને ૫.૬૪ લાખ મહિલા માનવદિન રોજગારી આપવામાં આવેલ છે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૧૭૨૧**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર મંજુર થયેલી તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ પેકી તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ તાકીદે ભરાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

**જવાબ**

(૧)

| (૧) | તાલુકાનું નામ | મંજૂર જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| | પાલનપુર | ૯૨ | ૨૧ |
| | અમીરગઢ | ૨૬ | ૧૦ |
| | વડગામ | ૮૨ | ૧૨ |
| | દાંતા | ૬૭ | ૨૫ |
| | ડીસા | ૧૦૧ | ૨૨ |
| | ધાનેરા | ૪૬ | ૨૧ |
| | દાંતીવાડા | ૩૦ | ૧૧ |
| | કાંકરેજ | ૭૦ | ૨૦ |
| | દીયોદર | ૪૫ | ૧૫ |
| | ભાભર | ૩૧ | ૦૩ |
| | થરાદ | ૭૨ | ૩૫ |
| | વાવ | ૭૧ | ૨૮ |
| | **કુલ :** | **૭૩૩** | **૨૨૩** |

(૨) સત્વરે

-------------

**આણંદ જિલ્લામાં સામાજીક વનીકરણ યોજના નીચે રોપાઓ ઉછેરવા બાબત**

૧૧૭૭૦**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન સામાજીક વનીકરણના કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા હતા, અને

(૨) તે પેકી કેટલા રોપાઓ નષ્ટ થઇ ગયા ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતીએ ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન કુલ-૫૨.૭૯ લાખ રોપા ઉછેરવામાં આવ્યા હતા.

(૨) રોપાઓ નષ્ટ થયેલ નથી

-------------

**અમદાવાદ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત**

૧૨૪૧૧**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૧)

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુર કરેલ આવાસ |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૩૩૬ |
| ૨ | સાણંદ | ૫૫૭ |
| ૩ | વિરમગામ | ૩૯૫ |
| ૪ | માંડલ | ૨૫૦ |
| ૫ | દેત્રોજ | ૩૫૯ |
| ૬ | બાવળા | ૪૭૮ |
| ૭ | ધોળકા | ૪૫૧ |
| ૮ | ધંધુકા | ૩૮૮ |
| ૯ | રાણપુર | ૧૭૦ |
| ૧૦ | બરવાળા | ૨૪૭ |
| | **કુલ :** | **૩૬૩૧** |

(૨) તે પૈકી કેટલા આવાસોના કામો પૂર્ણ થયા,

(૨)

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પૂર્ણ થયેલ આવાસો |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૧૪૬ |
| ૨ | સાણંદ | ૧૭૩ |
| ૩ | વિરમગામ | ૨૨૫ |
| ૪ | માંડલ | ૧૫૪ |
| ૫ | દેત્રોજ | ૧૩૬ |
| ૬ | બાવળા | ૩૦૯ |
| ૭ | ધોળકા | ૩૦૫ |
| ૮ | ધંધુકા | ૨૨૮ |
| ૯ | રાણપુર | ૩૦ |
| ૧૦ | બરવાળા | ૮૦ |
| | **કુલ :** | **૧૬૮૬** |

(૩) કેટલા આવાસોના કામ અધુરા છે, અને

(૩)

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અધુરા આવાસો |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૧૮૫ |
| ૨ | સાણંદ | ૩૮૪ |
| ૩ | વિરમગામ | ૧૫૮ |
| ૪ | માંડલ | ૯૬ |
| ૫ | દેત્રોજ | ૧૬૨ |
| ૬ | બાવળા | ૧૬૧ |
| ૭ | ધોળકા | ૧૦૪ |
| ૮ | ધંધુકા | ૨૨૫ |
| ૯ | રાણપુર | ૧૩૧ |
| ૧૦ | બરવાળા | ૧૧૪ |
| | **કુલ :** | **૧૭૨૦** |

(૪) કેટલા આવાસોના કામો હજુ શરૂ કરવામાં આવ્યા નથી ?

(૪)

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શરૂ ન કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૫ |
| ૨ | સાણંદ | ૦ |
| ૩ | વિરમગામ | ૧૨ |
| ૪ | માંડલ | ૦ |

| | | |
|---|---|---|
| ૫ | દેત્રોજ | ૬૧ |
| ૬ | બાવળા | ૮ |
| ૭ | ધોળકા | ૪૨ |
| ૮ | ધંધુકા | ૩૫ |
| ૯ | રાણપુર | ૯ |
| ૧૦ | બરવાળા | ૫૩ |
| | **કુલ :** | **૨૨૫** |

-------------

**દિયોદર અને ભાભર તાલુકામાં બી.પી.એલ. યાદીમાંથી નામ રદ કરવા બાબત**

૧૨૬૦૩ **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર અને ભાભર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી યાદીમાંથી કેટલા નામો ગામવાર રદ કરવામાં આવેલ છે, અને

(૨) આ રદ કરેલ નામોમાં ગરીબ લાભાર્થી વંચિત રહી જતા નથી તે બાબતે કોઇ સર્વે કરી યાદીમાં નામ સમાવવા કોઇ કાર્યવાહી થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) એક પણ નામ રદ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં વૃક્ષ છેદનના ગુનાઓ**

૧૨૧૨૭**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જંગલોનું વૃક્ષ છેદન કરતા કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) તે પૈકી કેટલા અને ક્યા ક્યા નંબરોવાળા વાહનો અટકમાં લીધા, અને

(૩) આવા વાહનો હાલમાં કોના કબજામાં છે ?

**જવાબ**

(૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન જંગલોનું વૃક્ષ છેદન કરતા નીચે મુજબ ગુનાઓ નોંધાયા છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૭-૦૮ | ૧૫૭ |
| વર્ષ ૨૦૦૮-૦૯ | ૨૦૮ |
| વર્ષ ૨૦૦૯-૧૦ (૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ) | ૧૨૮ |
| **કુલ :** | **૪૯૩** |

(૨) તે પૈકી એક ગુનામાં ટ્રક નંબર જી.ક્યુ.બી. ૫૬૧૧ ને અટકમાં લીધેલ છે.

(૩) આ વાહન હાલ પરિક્ષેત્ર વન અધિકારીશ્રી લુણાવાડાના કબજામાં છે.

-------------

**મેઘરજ-માલપુર-ધનસુરા અને બાયડ તાલુકામાં ઇ-ગ્રામ યોજના નીચે ગ્રામપંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત**

૧૨૪૯૭**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ-માલપુર-ધનસુરા અને બાયડ તાલુકાઓમાં સરકારની ઇ-ગ્રામ યોજના હેઠળ કેટલી ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ-માલપુર-ધનસુરા અને બાયડ તાલુકાઓમાં કુલ- ૧૭૩ ગ્રામ પંચાયતો છે જે પૈકી સરકારશ્રીની ઇ-ગ્રામ યોજના હેઠળ ૧૬૩ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે.

જ્યારે ૯ ગ્રામ પંચાયતોએ સ્વભંડોળ, લોકફાળામાંથી કોમ્પ્યુટર વસાવેલ છે. આમ, કુલ-૧૭૨ ગ્રામ પંચાયતો કોમ્પ્યુટરની સુવિધા ધરાવે છે.

(૨) આ યોજના હેઠળ બાકી રહેલ ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં કોમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવશે ?

(૨) આ યોજના હેઠળ બાકી રહેલ ધનસુરા તાલુકાની એક ગ્રામ પંચાયત (નારણપુરા ગ્રામ પંચાયત) નવીન ગ્રામ પંચાયત રચાયેલ છે જેની કોમ્પ્યુટર સાધનસામગ્રીની ફાળવણીનું આયોજન કરવામાં આવેલ છે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં રેશનકાર્ડ રદ કરવા બાબત**

૧૨૨૮૪**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૯ના બે વર્ષના સમયગાળામાં તાલુકાવાર કેટલા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કુટુંબોના રેશનકાર્ડ બી.પી.એલ. હતા, કેટલા એ.પી.એલ. હતા, અને

(૩) આ કાર્ડ રદ કરવાના કારણો ક્યાં હતા ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **રદ કરેલ રેશનકાર્ડ** |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૨૧૯૭ |
| ૨ | મૂળી | ૭૩૬ |
| ૩ | હળવદ | ૨૦૯૪ |
| ૪ | લખતર | ૧૦૪૦ |
| ૫ | પાટડી | ૧૯૨૦ |
| ૬ | ધાંગધ્રા | ૨૪૯૬ |
| ૭ | લીમડી | ૨૧૪૭ |
| ૮ | ચુડા | ૯૫૨ |
| ૯ | સાયલા | ૧૨૮૦ |
| ૧૦ | ચોટીલા | ૨૦૨૭ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ૨૧૮૯ |
| | **કુલ :** | **૧૯૦૭૮** |

(૨) -૨૨૪૮ બી.પી.એલ
- ૧૬૫૬૨ એ.પી.એલ.

(૩) રેશન કાર્ડ રદ કરવાના કારણો નીચે મુજબ છે.

૧. કાર્ડધારક બહારગામ વસવાટ કરતા હોવાથી
૨. સરનામા મુજબના સ્થળે રહેતા ન હોવાથી.
૩. બી.પી.એલ. રેશનકાર્ડની ચકાસણી થતાં પાત્ર ન હોવાથી
૪. અવસાન થયેલ હોવાથી

-------------

**શિહોર તાલુકામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા બાબત**

૧૨૬૦૭**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શિહોર તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સસ્તા અનાજની નવી દુકાનો ખોલવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) રેશનીંગની દુકાન ખોલવાની મંજૂરી મેળવવા માટે જે તે વિસ્તારમાં ૪૦ ટકા કાર્ડ હોલ્ડરો બી.પી.એલ. હોવા જરૂરી છે તે સાચું છે, અને

**જવાબ**

(૧) નવી દુકાન ખોલવાની બાબતે ચકાસણી થઈ રહેલ છે. કોઈ જાહેરનામું બહાર પાડેલ નથી તેથી અરજીનો પ્રશ્ન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હા, જી.

(૪) જો હા, તો આ મર્યાદા સરકાર દૂર કરવા માગે છે કે કેમ ?

(૪) નિતી વિષયક બાબત છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામની માંગણીઓ**

૧૨૬૨૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત કેટલા કામોની માંગણી આવી,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત તાલુકાવાર આવેલ કામોની માંગણી નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **તા. ૧-૨-૦૮થી તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ કરવામાં આવેલ કામોની માંગણી** | **તા. ૧-૨-૦૯થી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ કરવામાં આવેલ કામોની માંગણી** |
|---|---|---|
| હિંમતનગર | ૩૧૪ | ૧૯૫૧ |
| ઈડર | ૨૮૮ | ૨૨૧૮ |
| વડાલી | ૨૧૦ | ૯૪૮ |
| મોડાસા | ૯૦ | ૧૨૫૬ |
| ધનસુરા | ૧૪૨ | ૧૬૬૪ |
| પ્રાંતિજ | ૧૩૧ | ૧૦૦૭ |
| તલોદ | ૧૮ | ૯૧૩ |
| બાયડ | ૪૩૬ | ૧૪૧૭ |
| માલપુર | ૧૬૬ | ૧૫૨૫ |
| ખેડબ્રહમા | ૫૮૨ | ૪૨૦૮ |
| વિજ્યનગર | ૩૬૨ | ૩૦૧૭ |
| ભિલોડા | ૨૩૩ | ૨૨૬૦ |
| મેઘરજ | ૯૮ | ૧૮૪૬ |
| **કુલ :** | **૩૦૭૦** | **૨૪૨૩૦** |

(૨) તે પૈકી કેટલા કામો તાલુકાવાર શરૂ કરવામાં આવ્યા, અને

(૨) તાલુકાવાર શરૂ કરવામાં આવેલ કામોની સંખ્યા નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **તા. ૧-૨-૦૮થી તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ શરૂ કરવામાં આવેલ કામોની સંખ્યા** | **તા. ૧-૨-૦૯થી તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ શરૂ કરવામાં આવેલ કામોની સંખ્યા** |
|---|---|---|
| હિંમતનગર | ૩૧૪ | ૧૯૫૧ |
| ઈડર | ૨૮૮ | ૨૨૧૮ |
| વડાલી | ૨૧૦ | ૯૪૮ |
| મોડાસા | ૯૦ | ૧૨૫૬ |
| ધનસુરા | ૧૪૨ | ૧૬૬૪ |
| પ્રાતિજ | ૧૩૧ | ૧૦૦૭ |
| તલોદ | ૧૮ | ૯૧૩ |
| બાયડ | ૪૩૬ | ૧૪૧૭ |
| માલપુર | ૧૬૬ | ૧૫૨૫ |
| ખેડબ્રહમા | ૫૮૨ | ૪૨૦૮ |
| વિજ્યનગર | ૩૬૨ | ૩૦૧૭ |
| ભિલોડા | ૨૩૩ | ૨૨૬૦ |
| મેઘરજ | ૯૮ | ૧૮૪૬ |
| **કુલ :** | **૩૦૭૦** | **૨૪૨૩૦** |

(૩) કેટલા લોકોને તાલુકાવાર રોજગારી મળી ?

(૩) તાલુકાવાર રોજગારી આપવામાં આવેલ તેની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **તા. ૧-૨-૦૮થી તા. ૩૧-૧-૦૯ ની સ્થિતિએ રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા** | **તા. ૧-૨-૦૯થી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા** |
|---|---|---|
| હિંમતનગર | ૧૩૮૪ | ૮૩૦૧ |
| ઈડર | ૧૨૨૫ | ૪૫૦૭ |
| વડાલી | ૯૧૫ | ૧૭૫૯ |
| મોડાસા | ૨૮૮૧ | ૫૦૧૬ |
| ધનસુરા | ૧૨૦૩ | ૩૧૪૪ |
| પ્રાતિજ | ૭૩૧ | ૨૯૫૮ |
| તલોદ | ૬૧૨ | ૧૯૫૧ |
| બાયડ | ૧૯૯૦ | ૮૪૪૭ |
| માલપુર | ૨૯૭૫ | ૬૭૭૨ |
| ખેડબ્રહમા | ૭૭૦૦ | ૧૫૪૦૬ |
| વિજ્યનગર | ૬૮૫૧ | ૫૯૭૨ |
| ભિલોડા | ૪૪૬૩ | ૧૩૪૯૯ |
| મેઘરજ | ૬૯૭૬ | ૨૨૧૦૯ |
| **કુલ :** | **૩૯૯૦૬** | **૯૯૮૪૧** |

# સરકારી વિધેયકો

## સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૪

# ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ (ક્રમશઃ)

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ લઈને હું આ સભાગૃહ સમક્ષ આવ્યો છું.

વ્યકિતથી લઈને રાજય કે રાષ્ટ્રનો વિકાસ એ તેના શિક્ષણ અને જ્ઞાન શકિતના ભંડાર ઉપર નિર્ભર હોય છે. આ ગુજરાત એ રાજય છે કે જયાં પ્રાચીન સમયે વિદ્યાલયો વિદ્યાના વૈભવથી ઝળહળતી હતી. આ ગુજરાતે દસ વર્ષના સમયગાળા દરમ્યાન શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન કરીને સંખ્યાબંધ યુનિવર્સિટીઓ શરૂ કરી છે અને આ યુનિવર્સિટીઓને અલગથી સરનામા આ ગુજરાતે આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું જે વિધેયક લઈને આવ્યો છું, એની પાછળ એક ખૂબ મોટી કલ્પના છે. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ઘણા સમયથી આ માટે જહેમત કરતા હતા. એમના માર્ગદર્શન પ્રમાણે આજે જયારે બિલ અહીંયા આવ્યું છે, ત્યારે આપણા ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર ભારતનું ભાવિ ઉજ્જવળ બને એ અંગે આ વિધેયકમાં મૂકવામાં આવેલ છે.

શિક્ષકો આ બાળકોનું ભાવિ નિર્માણ કરતા હોય છે. બાળકોનું ભાવિ જયારે સમર્પિત કરીએ છીએ ત્યારે શિક્ષકોની પણ એક મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. આજનો આ બાળક ભિન્ન પ્રકારનો છે. અત્યારના બાળકો ખૂબ જ ચડિયાતા છે અને આ બાળકો અને શિક્ષકો વચ્ચે એક જાતનું સીમાચિહ્ન રહેવુ અતિ આવશ્યક છે. આપણે બાળકો પાસેથી અપેક્ષા રાખતા હોઈએ છીએ કે બાળકનો સર્વાંગી વિકાસ હોય, બાળક મૂલ્યપરખ હોય અને બાળક વિવિધ કલા કૌશલ્યથી સુસજ્જ હોય એવી આપણી અપેક્ષા હોય છે. જયારે બાળકો પાસેથી આપણે આ અપેક્ષા રાખતા હોઈએ છીએ ત્યારે શિક્ષકો પ્રત્યે પણ આપણી અપેક્ષા હોવી જ જોઈએ અને એટલા માટે શિક્ષકો પણ સર્વાંગી હોય, મૂલ્યપરખ હોય અને વિવિધ કૌશલ્ય કલાવાળા એ શિક્ષકો હોવા જોઈએ. ચાણક્યે એમના શિક્ષકો માટેની વાત કરી છે કે " શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં પલતે હૈ."

આવા આદર્શ શિક્ષકની આપણે કલ્પના કરતા હોઈએ ત્યારે બાળકો અને શિક્ષકો સાથેનું તાદાત્મ્ય એકસરખું જળવાય અને ભવિષ્ય બાળકને આપી શકીએ એ પ્રકારના શિક્ષકો તૈયાર કરવાનો રાજય સરકારનો પ્રયાસ છે. આજનું બાળક એ ભવિષ્યપરખ છે. સમગ્ર રીતે એ સામગ્રિક અને વૈશ્વિક દિશામાં એ આગળ વધી રહ્યું છે. મૈત્રીના સદ્‌ભાવપુર્ણ વાતાવરણમાં અધિકારોને અનુરૂપ કર્તવ્ય બજાવવાનો પ્રયાસ કરે છે ત્યારે શિક્ષકો પણ આપણા બાળકોને સારી રીતે સમજી શકે, એમના સ્વભાવને અનુરૂપ એમને પ્રોત્સાહન આપી શકે એ શિક્ષકો માટે અતિ આવશ્યક છે. એટલા માટે આજના બાળકોનું જે માનસ પરિવર્તન જે પ્રમાણે થઈ રહ્યું છે તે પ્રમાણે શિક્ષકો પણ એ જ દિશામાં આગળ દોડી શકે અને માર્ગદર્શન આપી શકે એવા શિક્ષકોની આજે તાતી જરૂરિયાત છે. આજનો ભાવિનો શિક્ષક કેવો હોવો જોઈએ એનું ઉંડું ચિંતન સમગ્ર રાષ્ટ્ર અને દુનિયા જયારે કરી રહી છે ત્યારે એ ચિંતતને સારુરૂપ આ વિધેયકમાં જોગવાઈઓ કરવામાં આવી છે, શિક્ષણ શાસ્ત્રમાં ઉણપો છે એ વિષયોને પણ સમાવી લીધા છે. શિક્ષક માનવધર્મને સર્વોચ્ચ ગણીને વિકાસ ગણીને વિજ્ઞાન અને આધ્યાત્મિકતા એ બન્નેનો સુભગ સમન્વયની અગત્યતા છે. આજના મનુષ્યનું જીવન શું છે, એના જીવવાનો ઉદ્દેશ શું છે, એ વિષયનો વિચાર કરવો જોઈએ. માનવીને ઉર્ધ્વગતિ તરફ લઈ જવાના ઈક્ષણો છે એ સચેતના, સાહસ, સામજયસ,ન્યાયવૃત્તિ અને સર્વોદય અને સર્વાંગી વિકાસ અને જાગૃતતા હોવાં જોઈએ. આ યુગને અનુરૂપ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ ભાવનાઓનો સુમેળ સમન્વય થવો જોઈએ અને એટલા માટે જ આ વિસ્તરતા જતા યુગમાં નવીન શિક્ષણશાસ્ત્ર, નવા તત્વજ્ઞાનની જરૂર છે., નવા મનુષ્યશાસ્ત્રની જરૂર છે, નવા સમાજ શાસ્ત્રની જરૂર છે ત્યારે આજના જે નવાં સાધનો અને ઉપકરણો જે શિક્ષણમાં ઉપયોગી થઈ શકે એવા સાધનોનો ઉપયોગ કરીને વધારેમાં વધારે શિક્ષકો પોતાની સૂઝબૂઝથી બાળકોને સમજ આપી શકે એ માટેની આમાં જોગવાઈ છે. આજના શિક્ષક અને શિક્ષણની યોજનામાં ભાગ્યે જ સદ્‌ભાગ્યે જ કયાંક આવું જોવા મળશે અને આ વિધેયકમાં ચિંતન દ્વારા આ પ્રકારનું શિક્ષણ અને શિક્ષકની આ યુનિવર્સિટીમાં કલ્પના કરવામાં આવી છે. ૪ કે ૫ વર્ષનો અભ્યાસક્રમ થઈ શકે એ જાતનો વિચાર મૂર્ત કરવામાં આવ્યો છે. યુંનિવર્સિટીના પ્રાંગણમાં ૪-૫ વર્ષ સુધી આ વિદ્યાર્થી અધ્યયન કરે, સાદું જીવન જીવતાં શીખે, વિવિધ ક્ષમતા પ્રાપ્ત કરે, ઉંડું ચિંતન કરે,ઉચ્ચ આદર્શો સેવી શકે, આ ઉપરાત શિક્ષણની શારીરિક તંદુરસ્તી હોવી જોઈએ, સ્વાસ્થય વિશેની જાગૃતતા હોવી જોઈએ, શારીરિક શ્રમ કરવાની ભાવના અને શકિત કેળવવી આ બધું જ આ પાઠયપુસ્તકમાં સમાવવામાં આવ્યું છે. ભવિષ્યના શિક્ષકે માતૃભાષા ઉપર પ્રભુત્વ મેળવવું એ અતિ આવશ્યક છે, એ સાથે સથે બહુભાષીય પણ શિક્ષક હોવો જોઈએ એની આ યુનિવર્સિટીમાં વિચારણા કરવામાં આવેલ છે. આ વિધેયકના કારણે સેંકડો શિક્ષકો માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ અખીલ ભારતમાં અને

વિદેશમાં વધુ સક્ષમતાથી સેવા બજાવી શકે અને નવો પાક પેદા કરી શકે એ પ્રકારની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અગાઉ ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરીને, ગુજરાત શિક્ષણ નવીનીકરણ આયોગની સ્થાપના કરીને આવી જ એક નવી યુનિવર્સિટી શિક્ષણ અને શિક્ષક માટેની પહેલ કરી રહી છે ત્યારે આવો કાર્યક્રમ આવરી લઈને કાંઈક નવીનતમ આગામી દિવસોમાં આપી શકાય એ માટે આ વિધેયકને લઈને આવ્યો છું ત્યારે આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓ આને અનુમોદન આપે અને રાજય સરકારે શિક્ષણ ક્ષત્રને નવા ઉચ્ચ સ્તર ઉપર લઈ જવાની જયારે શરૂઆત કરી છે ત્યારે આને સબળ સહકાર આપે એવી અપેક્ષા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એક આવકારદાયક ઉદ્દેશ સાથે આ બિલ લઈને આવ્યા છે. આ બિલને પાયલોટ કરતી વખતે તેમણે જે અપેક્ષાઓ રજૂ કરી એ અપેક્ષાઓ સમાજ જીવનને ઉર્ધ્વ ગતિ તરફ લઈ જવા માટે ખાસ જરૂરી છે. આ બિલ આવકારદાયક જરૂર છે, પરંતુ એ સાથે એમાં ઘણીબધી ખામીઓ છે એની હું પાછળથી વાત કરીશ, પરંતુ જે એના ઉદ્દેશો છે એને હું આવકારું છું. આ બિલની જરૂરિયાત હતી, આવા ઈન્સ્ટિટયુશનની જરૂરિયાત હતી. જે રીતે આપણે નેશનલ યુનિવર્સિટી બિલ લાવ્યા અને એક આવું શૈક્ષણિક સંસ્થાઓ માટે એક મોડેલ તરીકે જે બિલ લાવવામાં આવ્યું એ જ રીતે આ ધી ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન બિલ છે એ પણ એક મોડેલ સંસ્થા શિક્ષકો તૈયાર કરવા માટેનું દેશનું એક મોડેલ ઈન્સ્ટિટયુટ બનશે અને બનાવવા માટેની આપણે સૌ કોશિશ કરીશું, પરંતુ..પણ સાથે સાથે આદરણીય મંત્રીશ્રી જયારે બોલતા હતા ત્યારે શિક્ષકો પાસેથી અપેક્ષા રાખી, કેવા શિક્ષકો હોવા જોઈએ તેની એમણે વાત કરી. આ બિલમાં જ જે ભૂમિકા બાંધી છે તે ભૂમિકા જરૂર ખુબ આદર્શ ભૂમિકા છે. એમાં લખ્યું છે કેધી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત, વિધેયક, ૨૦૧૦. શું કરવા આ બિલ લાવવામાં આવ્યું છે? તો શિક્ષકોના અભિન્ન વ્યકિતત્વના, રાષ્ટ્રવાદના અને આંતરરાષ્ટ્રીયવાદના વિશાળ દ્રષ્ટિકોણના વિકાસને પ્રોત્સાહન આપવા અને તેઓની દ્રષ્ટાંત તરીકેની, મિત્ર તરીકેની, જીવનદ્રષ્ટા અને માર્ગદર્શક તરીકેની, વિજ્ઞાની, મનોવિજ્ઞાની, કલાકાર અને ટેકનોલોજીસ્ટ તરીકેની અને તેથીય વિશેષ ચેતના, પ્રેરણા અને પ્રભાવશીલ ઉત્સાહની પ્રવૃત્તિઓની પરંપરા દ્વારા ઉન્નત પ્રભાવને ફેલાવી શકે તેવા આદર્શ પ્રત્યાયનકાર તરીકેની ભૂમિકા પરિપૂર્ણ કરવા તેમજ પૂર્વ અને પશ્ચિમના સમન્વયના નવા વલણને અને પ્રાચીનતાથી આધુનિકતા તરફ લઈ જતા પરિવર્તનનું કાર્ય કરનારાઓને પ્રોત્સાહિત કરવા અને શિક્ષકોના શિક્ષણનીસંસ્થાની સ્થાપના કરાવ અને તેને યુનિવર્સિટીનો દરજજો આપવા અનેતેની સાથે સંકળાયેલી અથવા તેને આનુંસંગિક બાબતો માટેનું વિધેયક.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જેવા સામાન્ય ભાષાથી થોડા અજાણ માણસ હોય, તેના માટે ન સમજી શકાય તેવું એકદમ ઉચ્ચ ભાવના સાથેનું આ બિલ છે. તેની જોગવાઈઓ કેવી છે તે પછી ચર્ચીશું, પણ બહુ સાચી વાત કરી કે આ પ્રકારના શિક્ષકો હોવા જોઈએ. ભૂતકાળમાં જે શિક્ષકોની કલ્પના કરી હતી તે પણ કંઈક આવી જ હતી. અને એટલા માટે આજથી નહીં પરાપૂર્વથી આ વસ્તુ ચાલી આવે છે. આપણે ત્યાં પ્રખ્યાત કડી છે કે ગુરૂ ગોવિંદ દોનો ખડે, કીસકો લાગું પાય, બલિહારી ગુરૂ આપકી, જીન્હોને ગોવિંદ દીયો બતાય, તેનાથી આગળ કહયું છે કે ગુરૂ ન બિસારું હરિનામ બિસારું, હરિ કરતાં પણ ગુરૂને આગળ રાખ્યા છે, આટલી ઉચ્ચ કલ્પના ગુરૂ માટે કરી હતી. અને ગુરૂને કોઈ દિવસ તકલીફ ન રહે, એટલા માટે શાસન ઉપર તેની જવાબદારી અત્યાર સુધી નાખવામાં આવી હતી. અને તેના કરણે પ્રાચીન સમયમાં, કદાચ મધ્ય યુગમાં નહીં સમય સારો હોય, પણ ત્યારે કહેવાય છે કે જે કલ્પના અહીં આ ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકશન માટે અત્યારે કરવામાં આવી છે તે કક્ષાના વિદ્યાલયો, નાલંદા વિદ્યાલય, અને બીજા વિદ્યાલયો આપણે ત્યાં હતા અને વિશ્વના વિદ્યાર્થીઓ આપણે ત્યાં ભણવા આવતા હતા. આપણે ઈચ્છીએ કે આપણે ત્યાં પણ આવા વિદ્યાલયો હોય, મેં ટેકનોલોજી યુનિવર્સિટીના બિલ વખતે પણ આ વાત કરી હતી કે આપણે કલ્પના એવી કરીએ છીએ કે જર્મન, ઈન્ગલેન્ડ અને બીજા એવા રાષ્ટ્રો છે જયાં ૭૦૦ કે ૮૦૦ કે ૧૦૦૦ વર્ષ જુની યુનિવર્સિટીઓ છે. તેને સમકક્ષ યુનિવર્સિટીઓ આપણે ત્યાં ઉભી થાય તેને પેરલલ રહી શકે તેવી ઉભી થાય અને એમાં વિશ્વના વિદ્યાર્થીઓ ભણવા આવે. અહીં આ યુનિવર્સિટીનો ઉદેશ છે તે ઉત્તમ શિક્ષકો તૈયાર કરવાનો છે આપણે ઈચ્છીએ કે તેમાંથી ઉત્તમ શિક્ષકો તૈયાર થાય. મારી પાસે માહિતી આવી છે એમાં અત્યારની સ્થિતિ શું છે, કેવા શિક્ષકો છે જે ઉત્તમ શિક્ષકો હોવા જોઈએ તેવા અત્યારે આપણી પાસે છે ખરા? તેની માત્ર સરકારે આપેલી માહિતી મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મુકવી છે. હું માનુ છું કે માનનીય મંત્રીશ્રી સભ્યશ્રીઓની ફરિયાદો હોય એના ઉપર લક્ષ જરૂર આપે છે. આ માહિતી છે એ સરકારની આંખ ખોલવા માટે પૂરતી છે. હમણાં ગુણોત્સવ કર્યા, ગુણનો ઉત્સવ હોય? છતાં ગુણોત્સવ કર્યા. હવે કયો ઉત્સવ બાકી રહ્યો તો એક વિદ્વાને મને વાત કરી કે મરણોત્સવ એક બાકી રહ્યો છે. (અંતરાય) માનનીય આત્મારામભાઈ, કોંગ્રેસને તો સવાસો વર્ષ થઈ ગયા અને હજી બીજા સવા સો વર્ષ થશે. તમારા પક્ષનો તો બે વખત મરણોત્સવ થઈ ચૂક્યો છે. એક તો હિન્દુ મહાસભા અને બીજો જનસંઘ. જનતા દળ, આ બધા તમારા મરણોત્સવ થયા છે, આ પક્ષના કોઈ દિવસ મરણોત્સવ નથી થયા.

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**સભાપતિશ્રી** : ઓર્ડર ઓર્ડર, માનનીય અર્જુનભાઈ, આપ ક્રોસ ટોક કર્યા વગર, બિલ ઉપર બોલો. ક્રોસટોક કરવાનું બંધ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય આત્મારામભાઈ, આપે કોઈક દિવસ બોલવાની હિંમત જ્યારે જરૂર હોય ત્યારે રાખો. આપે મને બે દિવસ પહેલા કહ્યું હતું. મરણોત્સવ ઉપરથી મને યાદ આવે છે કે શુક્રવારે હું બોલતો હતો ત્યારે આત્મારામભાઈએ મને કહ્યું, આજ શકિતસિંહભાઈ નથી એટલા માટે અર્જુનભાઈ ખુલીને બોલશે, પરંતુ શકિતસિંહભાઈ અશુભ કામે ગયા હતા, અશુભ કામે ગયા હોય એટલે આપણે કહી ન શકીએ. પણ જ્યારે શકિતસિંહભાઈ, હાજર હોય ત્યારે હું એની હાજરીમાં પણ બોલું છું, તમારા જેવું નથી. તમારા લોકોએ તો શુભ કામ કર્યા પછી પણ એમ કહે કે અમે તો કર્યુ જ નથી. અને અમે તો એમને પણ કહીએ છીએ અને અમારા બાને કહીએ છીએ કે એવું શુભ કામ કરો અમે એની રાહ જોઈએ છીએ. આ બિલમાં ન આવે, આના માટે હિંમત જોઈએ કલેજું જોઈએ, વાત કરવા માટે કલેજું જોઈએ.

**સભાપતિશ્રી** : પ્લીઝ અર્જુનભાઈ, ક્રોસ ટોક બંધ કરો અને આપ બિલ ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ તો બહેન છો એટલે એમને શુભ આશિર્વાદ આપો કે એમનું શુભ કામ થાય, આપના હાથે કે અમારા હાથે. પણ એમાં તો હિંમત કરે તેમ નથી. શુભ કામ કદાચ થઈ ગયું હશે. હિંમત કરે એમ નથી. અમે તો હિંમત કરવાનું કહીએ છીએ કે કરો.

**સભાપતિશ્રી** : શુભ કામ એકજ બાકી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ભલે થઈ ગયું હોય, પણ બીજી વખત કરો. (અંતરાય) પાડોશીની ચિંતા કરો. થઈ ગયું હોય તો જાહેર કરો કે થઈ ગયું છે. તો પછી ન બોલીએ. (અંતરાય) અમારા મિત્ર છે, જેઠાભાઈ છે, આત્મારામભાઈ છે, સામે ઘણા મિત્રો છે. હું તો કહું છું કે અમારે ઉજવવો છે પણ એ તૈયાર નથી થતાં અમે તો ક્યારનાય કહીએ છીએ, અમે તો હાજરીમાં કહીએ છીએ, તમારી જેમ ગેરહાજરીમાં નહિ, અમે તો કહીએ છીએ તમે તો ગેરહાજરીમાં પણ હિંમત નથી કરતાં અમે તો કહીએ છીએ કે અમારે ઉજવવો છે. કપડાં પહેરીને સરસ તૈયાર થઈને આવે, અમે કહીએ છીએ કે તૈયાર થાવ, અમે અશુભની વાત નહિ કરીએ, શુભ કામ માટે.

**સભાપતિશ્રી** : આવું શિક્ષણ બિલમાં કંઈ નથી આવતું, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત તો બિલ ઉપરની એ કરતો હતો કે જે ગુણોત્સવ થયો એમાં સરકારની આંખ કેમ નથી ખૂલતી સરકારે જ અમને માહિતી આપી છે. માહિતી શું આપી છે, આખા રાજયની માહિતી અમારે નથી જોઈતી. પરંતુ ગુજરાતની અંદર અમદાવાદ મેટ્રોસિટી, કેટલી અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમની કુલ કેટલી શાળાઓ છે, ખાનગી સંચાલન, એને શું કહેવાય સ્વનિર્ભર સંસ્થાઓ, આવી કુલ ૭૧૧ સંસ્થાઓ અમદાવાદ શહેરમાં પ્રાથમિક શિક્ષણ આપે છે. અને એની અંદર મોટીથી માંડીને નાની સંસ્થાઓ પણ આવી જાય. જેમાં હમણાં પેલા ડમી રાઈટરનું કૌભાંડ થયું એવી મોટી સંસ્થાઓ એનાથી માંડીને ત્રણ માળિયામાં ચાલતી હોય તેવી મોટી સંસ્થાઓ એની માહિતી સરકારે આપી કે અમદાવાદ શહેરની અંદર ૭૧૧ ખાનગી પ્રાથમિક શાળાઓ છે.

તો બીજો પ્રશ્ન એણે પૂછયો કે આમાં ૭૧૧ પૈકી કેટલી સંસ્થાઓની અંદર લાયકાત ધરાવતા શિક્ષકો છે? સરકારે જવાબ આપ્યો કે માત્ર એક જ સ્કૂલમાં લાયકાત ધરાવતા શિક્ષકો છે. માત્ર એક જ અને એ સંસ્થાનું નામ પણ આપી દઉં. એશિયા સ્કૂલ. એક જ. બીજી એક પણ નહીં, બીજો પ્રશ્ન એ પૂછયો કે આ ૭૧૧ પૈકી કેટલી શાળાઓમાં સરકારી ધારા-ધોરણ મુજબ શિક્ષકોને પગાર આપવામાં આવે છે? આંખ ખોલનારો જવાબ છે માનનીય અધ્યક્ષશ્રી, ૫૫ શિક્ષકોને, કેટલા શિક્ષકોને તો કહે કે ૫૫ શિક્ષકોને સરકારી ધારા-ધોરણ મુજબ પગાર આપવામાં આવે છે. કુલ કેટલા શિક્ષકો આ ૭૧૧ સ્કૂલમાં? તો કહે કે ૫,૮૮૦ શિક્ષકો..

**શ્રી ભરત બારોટ** : પૉઈન્ટ ઑફ ઑર્ડર. આ બિલ શિક્ષકોના અપગ્રેડેશન માટેનું છે. અત્યારની ઉણપોની ચર્ચા માટેનું આ બિલ નથી સાહેબ. અપગ્રેડેશન માટેની ચર્ચા છે. યુનિવર્સિટીની ચર્ચા છે. એ પોતે હાર્દ સાથે સંમત છે. એમને ઉણપોની ચર્ચા કરવી હોય તો શિક્ષણ વિભાગની ચર્ચા આખી બાકી છે એમાં કરે સાહેબ, આવી ચર્ચા અયોગ્ય છે. અહીં આ પૉઈન્ટ ઑફ ઑર્ડર એટલા માટે છે કે આ બંધ કરીને એમને કહેવામાં આવે કે શિક્ષણ વિભાગમાં બોલે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૫,૮૮૦ શિક્ષકો હતા. તેમાંથી ૫૫ શિક્ષકોને પૂરો પગાર આપવામાં આવે છે. તેમાં ૧૮ સ્કૂલો તો એવી છે કે જેમાં એચ.એસ.સી. અને એસ.એસ.સી. સિવાયની ઉપરની લાયકાતવાળો તો એક પણ શિક્ષક નથી અને આ ૧૮ સ્કૂલોની અંદર ૪,૫૫૬ બાળકો ભણે છે. ૭૧૧ જે સ્કૂલો આપી તેમાં ૨,૦૩,૫૫૭ બાળકો ભણે છે. જે શાળાઓની અંદર નૉન કવોલિફાઈડ શિક્ષકો રાખવામાં આવતા હોય, જે શાળાઓની અંદર શિક્ષકોને પૂરતો પગાર ન આપવામાં આવતો હોય એ શાળાઓની અંદર આપણે જે બિલ પાઈલોટ કરતી વખતે માનનીય મંત્રીશ્રી પાસેથી જે અપેક્ષાઓ રાખી કે દુનિયામાં જે પરિવર્તન લઈ આવવું છે એ શિક્ષકો લઈ આવી શકશે. આવા શિક્ષકો આટલા ઓછા પગારથી કામ કરનારા શિક્ષકો, આ તો

અમદાવાદનો દાખલો છે. આખા ગુજરાતનો જ્યારે તમે અભ્યાસ કરશો, પ્રાથમિક શાળાઓનો, કેવા શિક્ષકો અને કેવી શાળાઓ છે? તેનો આપણને ખ્યાલ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે શિક્ષકો છે, આ ભા.જ.પ.નું શાસન છે કે બીજાં કોઈનું, કોંગ્રેસનું છે? અત્યારે? આપને શંકા છે અત્યારે?

**શ્રી વજુભાઈ વાળા** : સવાલ એ છે કે અત્યારે યુનિવર્સિટીની ચર્ચા છે. એમાં પ્રાથમિક શિક્ષણ આવે જ નહીં, આ સમસ્ત શિક્ષણ માટે આ બિલની અંદર બોલવાની વાત નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ ઓબ્જેકટ આપ વાંચી જાવ વજુભાઈ,

**શ્રી વજુભાઈ વાળા** : કૉલેજના પ્રોફૅસર ઉપર બોલી શકો, પ્રાથમિક શાળાના શિક્ષક ઉપર નહીં.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ઓબ્જેકશન ઑફ રીઝન્સ વાંચો આપ.

**શ્રી વજુભાઈ વાળા** : મેં વાંચ્યા જ છે. પ્રાથમિક શાળા આવે જ નહીં આની અંદર, આટલા ટૂંકા પગારમાં શિક્ષકો (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બધું જ કહ્યું છે. શિક્ષકો આવા છે. આ રાજયની અંદર.

**શ્રી વજુભાઈ વાળા** : ન જ આવે આમાં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ બિલથી કરવા શું માગો છો? આ બિલથી તમે શિક્ષકો જ કરવા માગો છો.

**શ્રી વજુભાઈ વાળા** : શિક્ષકો યુનિવર્સિટીની મંજૂરીથી કરીને..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નહીં સાહેબ, વાંચો ઓબ્જેકશન રીઝન્સ.

**શ્રી વજુભાઈ વાળા** : જોઈ જૂઓ તમે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અર્જુનભાઈ ઈઝ ટોટલી વીધીન સ્કોપ. ધેર કેન નોટ બી એની પૉઈન્ટ ઑફ ઑર્ડર.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આજે શિક્ષકો કેવા હોવા જોઈએ? તેનું ઓબ્જેકટની અંદર બિલના પહેલાં પેજમાં વજુભાઈ, આપ વાંચો. (અંતરાય) કડવી વાત સાંભળવાની તૈયારી રાખવી પડે. કદાચ માનનીય સભ્યશ્રી, કદાચ આપનામાંથી એકાદ ન સાંભળવાની તૈયારી રાખે તો વાંધો નહીં. આપે તો તૈયારી રાખવી પડે, ભલે આપનું ન સાંભળતા હોય. અમે સંભળાવવા માટે આવીએ છીએ. સરકાર પાસે માહિતી ન હોય તો હું એમને આપવા તૈયાર છું. અને બીજા કોઈએ નહીં, સરકારી વિભાગે આપેલી માહિતી છે, આર.ટી.આઈ.માં આપેલી માહિતી છે. (અંતરાય) તો સુધરો.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ બિલ ઉપર વાત કરો. ક્રોસ ટોક ઉપર સમય બરબાદ થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ છે કે, શિક્ષકો પૂરતા હોવા જોઈએ. હું બીજી વાત નથી કરતો. ટૅક્નીકલ શિક્ષણ ઉપર બોલીશ તો કહેશો કે ટૅક્નીકલ શિક્ષણ ઉપર વહ્યા ગયા. ટૅક્નીકલ શિક્ષણમાં ૫૦ ટકા શિક્ષકોથી ચલાવાય છે. આ વિદ્યાર્થીઓમાંથી સામ પિત્રોડા કયાંથી બને?. ભણાવનારા શિક્ષકો નથી. હું એના ઉપર નહીં જાઉં. હું સ્કોપની બહાર નહીં જાઉં. શિક્ષણ ઉપર જ વાત કરીશ. આઈઆઈએમના પ્રોફેસર રાકેશ પસંદ છે એમણે આખા ઇન્ડિયામાં શિક્ષકોનો અને વિદ્યાર્થીઓનો ગુણોત્તર શું હોવો જોઈએ એની વાત કરી. આખા દેશમાં ૨૩ વિદ્યાર્થીએ ૧ શિક્ષકનો ગુણોત્તર છે. એક જેમ ત્રેવીસ. (અંતરાય) આપ જવાબ આપજો. આપને બોલવું હોય તો આપ બોલી શકો છો. આપ કયાં તો બિલની ચર્ચા કરો કયાં તો આપ આપનું કામ કરો. અથવા મારી સાથે વાત કરો. નહીં, નહીં. (અંતરાય) બેય કામ ન થઈ શકે. (અંતરાય) માનનીય મંત્રીશ્રીઓ કામ કરતાં કરતાં ન કરી શકે. મેં ઉભા કરેલા મુદ્દાઓ માનનીય મંત્રીશ્રી આપે.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ આ ચર્ચાને અવકાશ નથી. ક્રોસ ટોક શું કામ કરો છો? ના, ના, પ્લીઝ, તમે એવી કોઈ સૂચના ન આપી શકો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શ્રી જેઠાભાઈ, આપણે ગામડામાંથી આવીએ છીએ એટલે ખાસ અસર કરે છે. ૨૩ વિદ્યાર્થીએ ૧ શિક્ષકનો ગુણોત્તર આખા દેશમાં છે. ગુજરાતની અંદર ૪૧ વિદ્યાર્થીએ ૧ શિક્ષક છે. કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૩૦ રાજયો છે એમાં આપણા કરતાં પાછળ હોય એવું એક જ રાજય ૩૦મું યુ.પી. છે અને આપણું ગુજરાત ૨૯મું છે. આના સિવાય એક બીજો અભ્યાસ થયો છે. એ અભ્યાસની અંદર એન એરેસ્ટેડ વર્ચ્યુયલ સર્કલ હાયર એજ્યુકેશન એન્ડ હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ ઈન ઈન્ડિયા મે ૨૦૦૯. એમાં એમ કહ્યું છે કે, ગુજરાતની અંદર ૩૪ ટકા કૉલેજો બિલો એવરેજ કૉલેજો છે. જ્યારે કેરાલામાં ૧૧ ટકા અને પંજાબમાં ૧૭ ટકા બિલો એવરેજ કૉલેજો છે. અને એનો ટેક ઈન્ડેક્ષ કાઢવામાં આવ્યો. ટેક ઈન્ડેક્ષ એટલે શિક્ષણણી સંસ્થાઓ ડિવાઈડ બાય રાજયની વસ્તી એમાં ગુજરાત આઠમા ક્રમે છે. આ સ્થિતિ ગુજરાતની છે અને એના માટે કંઈક સુધારો લઈ આવીએ એટલા માટે આ બિલ લાવ્યા છીએ. આપણે ઇચ્છીએ કે એમાં મદદરૂપ થનારું આ બિલ છે. હમણાં હમણાં યુનિવર્સિટીઓના બિલો આવે છે. નવી યુનિવર્સિટીઓ આવે એને અમે જરૂરથી આવકારીએ છીએ. આ ગૃહમાં આવકાર્યું છે. પણ યુનિવર્સિટી કયા પ્રકારની અને એનું સ્વરૂપ કેવું હોવું જોઈએ? યુનિવર્સિટીઓ તો

રાજ્યના પૈસાથી ચાલતી હોય અને સમાજ એનું સંચાલન કરતો હોય એ પ્રકારની યુનિવર્સિટીની કલ્પના કરી એમાં રાજ્યનો હસ્તક્ષેપ ઓછામાં ઓછો હોવો જોઈએ. આ બિલ છે એ આપણી પી.ટી.સી. કે બી.એડ.ની સરકાર સંચાલિત સંસ્થાઓ છે એનાથી જુદું પાડે એવું કયું એલીમેન્ટ છે? સમાજના કયા પ્રતિનિધિ આમાં આવવાના છે? એમાં હું શરૂઆત કરીશ વાઈસ ચાન્સેલરની નિમણૂંકથી. વાઈસ ચાન્સેલર છે, આપણે ત્યાં ક્યારેક એવું બને કે રીડરમાં ફેઈલ થયા હોય પણ રાજ્ય સરકારે વાઈસ ચાન્સેલર બનાવી દીધા હોય. આમ તો અપેક્ષા એવી રખાય કે યુનિવર્સિટી, કૉલેજોના પ્રિન્સિપાલ પ્રોફેસર દરજ્જાનો હોય, યુનિવર્સિટીનું ડિપાર્ટમૅન્ટ હોય એની પ્રોફેસર દરજ્જાની લાયકાત કેવી હોય તો પી.એચ.ડી. હોવા જોઈએ. અનેક પ્રકારના રીસર્ચ પેપર સબમિટ થયા હોવા જોઈએ અને એણે એક્સલન્ટ કામ કરેલ હોય એવા એચ.ઓ.ડી. હોવા જોઈએ. પણ વાઈસ ચાન્સેલરમાં મેં કહ્યું એવું થાય છે. આ સરકારની અંદર મને ડર એટલા માટે છે કે વાઈસ ચાન્સેલર માટે એક તટસ્થ કમિટી હોવી જોઈએ. જે અગાઉના યુનિવર્સિટી એક્ટમાં જોગવાઈ હતી જ. જે નવા એક્ટ બનાવ્યા, ભાવનગર અને ઉત્તર ગુજરાતમાં બન્નેમાં એવું છે કે રાજ્ય સરકારનો શેહ સૌથી ઓછામાં ઓછો અને રાજ્યપાલશ્રીનો શેહ સૌથી વધારે હોય. જે સર્ચ કમિટી બને એ એવી હોવી જોઈએ કે જેના અંદર જુદા જુદા પ્રતિનિધિઓ, વાઈસ ચાન્સેલરના, બોર્ડ ઓફ વાઈસ ચાન્સેલરના અને યુનિવર્સિટી સિન્ડીકેટ અને એકેડેમિક કાઉન્સિલની મળેલી ત્રણ સભ્યોની સમિતિ છે એ સર્ચ કમિટી એ વાઈસ ચાન્સેલરની નિમણૂંક કરે. પણ અહીંયા તો પાવર બધા સરકારને આપ્યા છે. સર્ચ કમિટી છે એ નીમવા માટેના અધિકારો બધા સરકાર પાસે છે. હું દાખલો આપવા માગું છું કે ગુજરાતની અંદર એક અધિકારી ફૅક્ટરી ઈન્સ્પેકટર હતા. એના ઉપર આરોપ મૂકવામાં આવ્યો કે ભ્રષ્ટાચાર કરે છે. એને ૫૦ વર્ષે ફરજિયાત નિવૃત્તિ આપી દેવામાં આવી. આ ભ્રષ્ટાચાર કરનાર અધિકારી માટે સરકારને એમ લાગ્યું કે સારું ક્વૉલિફિકેશન છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, આપ બિલ ઉપર બોલો. ચાન્સેલર કે વાઈસ ચાન્સેલરનું હોત તો જુદી વાત છે. આપ ઈરીલેવન્ટ વાત કરતા નથી એ હું જાણું છું પણ આ ઈરીલેવન્ટ વાત છે. (અંતરાય) બાબુભાઈ, હું અર્જુનભાઈને કહું છું એ બરાબર છે. જે ઉદાહરણ છે એને શિક્ષણના બિલ સાથે સંબંધ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વાઈસ ચાન્સેલરનો દાખલો આપું છું. રીલેવન્ટ એટલા માટે છે કે રાજ્ય સરકાર છે એ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રાજ્ય સરકાર બોર્ડ અને કોરપોરેશનમાં નિમણૂંક કરે એની વાત કરવી હોય તો એની પણ અંદાજપત્રની ચર્ચા વખતે કરી શકશો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું બીજી પણ વાત કરવા જતો હતો. વાઈસ ચાન્સેલરની નિમણૂંકમાં કોને અધિકારો આપ્યા છે? રાજ્ય સરકાર સર્ચ કમિટી બનાવશે અને એમાં એ સર્ચ કમિટી જે ત્રણની પૅનલનું નામ આપે એ પૅનલમાંથી કરશે અને એમાં એક તો અધિકારી હોય છે એટલે એક નામ અધિકારી આપે એ જ આવવાનું છે. એટલા માટે કહું છું કે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર કેવા બનાવવા જોઈએ. આપણે ત્યાં એક યુનિવર્સિટી છે એ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર કોણ છે? જે વાઈસ ચાન્સેલર છે એ હું અત્યારે નામ નહીં આપું, માનનીય મંત્રીશ્રી ઈચ્છશે તો પછી આપીશ. એ વાઈસ ચાન્સેલર છે એ એક મહિલા સાથે મીસ બીહેવ કરતા, એની એબ્યુઝ કરતા પકડાયા. એટલું જ નહિ આ મહિલાને ગુજરાત હાઈકોર્ટના સિટીંગ જજ પાસે લઈ ગયા, એનું હથિયાર એને સુપરત કરવામાં આવ્યું અને છતાંય આ અધિકારીને રિટાયર થયા પછી એક આપણી એક બહુજ મહત્ત્વની યુનિવર્સિટીના કુલપતિ બનાવવામાં આવ્યાં. પહેલા તો એને અનેક પ્રાઈમ પોસ્ટિંગ આપવામાં આવ્યું. હું એ પ્રાઈમ પોસ્ટિંગની વાત નથી કરતો. પણ સરકાર હોય તો એમાં આ પ્રકારના અધિકારીઓની નિમણૂક છે એ વાઈસ ચાન્સેલર તરીકે થાય અને આજે એક ગુજરાતની ખૂબજ મહત્ત્વની યુનિવર્સિટી છે એના વાઈસ ચાન્સેલર તરીકે આ અધિકારીને બેસાડી દેવામાં આવ્યા છે. આજે પણ એની સામેનો કેસ પેન્ડિંગ છે અને બીજા કોઈ હોત તો હું ના કહેત. એ તો એલીગેશન થાય. પણ હાઈકોર્ટના જજ પાસે જઈને મહિલાને રજૂ કર્યા, એટલું જ નહિ એનું પકડાયેલું જે હથિયાર હતું એ હાઈકોર્ટના જજને આપવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારે આવા વાઈસ ચાન્સેલરોની નિમણૂક થાય તો કોઈ દિવસ હું કહું છું કે જે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ઉદ્દેશ બતાવ્યા કે અમારે આવા શિક્ષકો તૈયાર કરવા છે, વિશ્વ કક્ષાના શિક્ષકો તૈયાર કરવા છે અને એ શિક્ષકો વિશ્વ કક્ષાના વિદ્યાર્થીઓ તૈયાર કરશે તો એ શક્ય બનવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ અહીંયા ફાઈલ ઉપર કામ કરે તે વાજબી નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ અહીંયા ફાઈલ ઉપર કામ કરે, કામ કરતા કરતા અમને ડિસ્ટર્બ કરે, આપે વારંવાર સૂચના આપી છે. એ વાજબી નથી. (અંતરાય) આપે બે બે વખતે ગઈ કાલે અને એની પહેલા પણ મને ખબર છે બિલ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપે સૂચનાઓ આપી છે અને જો આપે..(અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયકના સંદર્ભમાં નોંધ તૈયાર કરે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આટલી સ્પષ્ટતા થાય પછી (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું આવકારું કોઈ પણ ડિસ્ટર્બ કરવા હોય તો છૂટ છે. હું એનાથી ડરતો નથી પણ એક તરફથી ફાઈલ જોવાની (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ફતેસિંહભાઈ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બોલીએ અને અકળાવે એવા શબ્દો હોય ત્યારે વચ્ચે ક્રોસ ટોક કરવાની એ નહિ ચલાવી લેવાય.

**શ્રી ભરત બારોટ** : તમારા વખતમાં આગલી હરોળમાં ફાઈલો તૈયાર કરતા મેં જોયા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મંત્રીશ્રી ફાઈલો જોઈ શકતા હોય તો

**અધ્યક્ષશ્રી** : શ્રી ભરતભાઈ (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ આપ એવો આદેશ આપો અમને કોઈ વાંધો નથી. આપના જ આદેશો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, શ્રી પ્રદિપસિંહજી આપ બેસી જાવ. અર્જુનભાઈ આપ આપના પ્રવચન ઉપર વાત કરતા હતા. હું પ્રવચનને સાંભળી રહ્યો હતો. આપે મને જ કહેવાનું હોત પણ આપને મંત્રીશ્રીની ફાઈલ વિશે કાંઈ કહેવાનું હોય, એ ફાઈલ જોતા હોય કે ના જોતા હોય તો એના માટે સેપરેટ પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો હોત તો There is no point of order. You can continue your speech. ચાલો, હવે શું કરવા પણ.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ મારો પોઈન્ટ ઓફ ઓર્ડર અત્યારે પણ છે. અત્યારે માનનીય મંત્રીશ્રી ફાઈલ જુએ છે અને ફાઈલો જોતાં જોતા અમારી જોડે ક્રોસ ટોક કરે છે.

**અધ્યક્ષશ્રી** : તો ફાઈલ માટે મેં ચોક્કસ કહ્યું છે પરમ દિવસે જ્યારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો ત્યારે કે બીજાનું ધ્યાન ના જાય એટલા માટે ફાઈલો જે જરૂરી હોય તો એ અહીંયા જોઈ શકાય છે અને એ આજની કાર્યવાહીને લગતી હોય એના માટે મેં કહ્યું જ છે. મારા રૂલિંગ અને અગાઉના અધ્યક્ષશ્રીના રૂલિંગો આપ જોઈ જશો અને એ પછી આપણે આ અંગેની ચોક્કસ ચર્ચા કરીશું અને હજુ પણ એમાં વિશદ ચર્ચા કરવાની મારી તૈયારી છે. અત્યારે બિલ ઉપરની ચર્ચા છે આપને બીજી એક વાત. બે ભાગની અંદર (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ ફાઈલ જોવાનો આદેશ આપતા હોય તો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, મેં પરમ દિવસે આદેશ આપેલો છે એ આપ જોઈ જશો. અને એ જોયા પછી..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું તો અત્યારનું કહું છું. આપની નજર સામે ફાઈલ જોતાં જોતાં મારી સામે ક્રોસ ટોક કરતા હતા એટલા માટે સાહેબ મારે બોલવાનું ઊભું થયું.

**અધ્યક્ષશ્રી** : બીજા ભાગની અંદર મેં હંમેશા માટે કહ્યું છે કે એક વકતવ્ય ચાલતું હોય ત્યારે એને દખલ ના પહોંચાડવી એ મારું હંમેશાનું રૂલિંગ રહેશે અને દખલ પહોંચાડનારા મંત્રી હોય કે સભ્ય હોય એ સૌને મારો આદેશ છે (અંતરાય) નહિ નહિ, મેં કહ્યું છે અને ફરીથી કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ જુઓ તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, હું તમારી સામે જ જોઈને કહું છું, તમે પ્રશ્ન ઊભો કર્યો છે એટલે હું તમારી સામે જોઉં છું. જેણે પ્રશ્ન ઊભો કર્યો હોય એની સામે જોઉં છું. મારે ક્યાં જોઉં એ મને ખબર છે. પણ મારે એ કહેવું છે કે તમે જ્યારે બોલતા હોય ત્યારે કે કોઈપણ સભ્ય આ સભાગૃહની અંદર બોલતા હોય ત્યારે એને કોઈ દખલ ના પહોંચાડે એ જોવાની જવાબદારી મારી છે અને આ ગૃહની સામાન્ય જવાબદારી છે કે કોઈ દખલ ના પહોંચાડે. આપ આપનું વકતવ્ય આગળ ચલાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ ફરી પાછું આપનું ધ્યાન દોરું છું પોઈન્ટ ઓફ ઓર્ડર મારફત આપે ફાઈલ જોવાની મંજૂરી આપી છે? આપી હોય તો મને વાંધો નથી. અથવા ન આપી હોય તો આ જે આપની આજ્ઞાનું ઉલ્લંઘન થતું હોય, આપે ચલાવવાનું હોય તો પણ મારે કશું કહેવાનું નથી.

**અધ્યક્ષશ્રી** : મેં (અંતરાય) આપને બોલવાની કંઈ જ જરૂર નથી. મેં પરમ દિવસે જ આ અંગેનું રૂલિંગ આપ્યું છે, આપ એ રૂલિંગને ફરી જોઈ જશો અને એમાં એમ કહ્યું છે કે, જરૂરી હોય એટલું, જોવું, આખી બધી જ ફાઇલો લઈને ન બેસવું એવું સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે. આપ આપની વાત આગળ ચલાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે, આવું ઉમદા હેતુ સાથેનું બીલ લઈ આવ્યા હોય ત્યારે એના વાઈસ ચાન્સેલર ઉમદા હોવા જોઈએ. મેં કહ્યું એમ રાજય સરકારના હાથમાં હોય તો જે રીતે પ્રાથમિક શાળામાં શિક્ષકો ઉમદા નથી લાવી શકાતા, વાઈસ ચાન્સેલર એક જ લઈ આવવાનો હોય છતાં જેની સામે પોલીસ કેસ થયેલા હોય એવા વાઈસ ચાન્સેલર અને એ પણ બીજા કોઈ નહીં, બહેનોના શોષણ કરનારા એવા લોકોને લઈ આવે એટલા માટે અહીંયા જોગવાઈ એવી હોવી જોઈતી હતી કે, સર્ચ કમિટીની રચના એ પ્રકારે થવી જોઈએ કે જેમાં નેશનલ કાઉન્સિલ ઑફ ટિચર્સ એજ્યુકેશનના પ્રતિનિધિ હોય, યુ.જી.સી.ના પ્રતિનિધિ હોય, માનનીય રાજયપાલશ્રીના કુલાધિપતિના પ્રતિનિધિ હોય (અંતરાય) આપને કાંઈ કહેવાનું છે?

**અધ્યક્ષશ્રી** : આપ મારી સામે જુઓ. હું એમની સામે જોઉં છું, મને ખ્યાલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રતિનિધિઓ સાથે મળી અને ત્રણ નામ અને એ ત્રણ નામોમાંથી એક નામ રાજય સરકાર પસંદ કરે તો એ પ્રક્રિયા આવકાર્ય પણ એના બદલે રાજય સરકાર જ સર્ચ કમિટી નીમે અને રાજય સરકાર સર્ચ કમિટી નીમે એ સર્ચ કમિટી જે નામ આપે એમાંથી રાજય સરકાર પસંદ કરે આ બધું શું કરવાની જરૂર હતી ? તો રાજય સરકારે સીધું જ નીમી દે, જે રીતે ડિપાર્ટમૅન્ટમાં બદલીઓ કરે છે એ રીતે આમાં થઈ શક્યું હોત. એનાથી આગળ જઈને અત્યાર સુધી તો સેનેટમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં એની અંદર સમાજના પ્રતિનિધિઓ ચૂંટાઈને આવતા. હું ૨૦ વર્ષ સુધી સેનેટ સિન્ડિકેટમાં ચૂંટાઈને ગયો છું, નિમણૂકથી નહીં અને એ સમાજમાંથી ચૂંટાયેલો માણસ હોય એ એને કન્ટ્રીબ્યુટ કરી શકે, સમાજની સાથે જોડી શકે એને બદલે જે જનરલ કાઉન્સિલ એટલે સેનટ છે એ સેનેટમાં તમામ સભ્યો નિમણૂક પામેલા અથવા તો હોદ્દાની રૂએ આવે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને સિન્ડિકેટ એમાં પણ તમામ સભ્યો નિમણૂક કરેલા અથવા તો ચૂંટાયેલા, આ યુનિવર્સિટી થશે કે ડિપાર્ટમૅન્ટ થશે એ આપણે સૌએ વિચારવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ કહું છું કે, આમાં હેતુ ખૂબ ઉમદા મૂક્યા છે, એ હેતુની પરિપૂર્તિ કરે એવું માળખું અહીંયા આપ્યું નથી. જો એ માળખું આપ્યું હોત તો એક આ ટિચર્સ યુનિવર્સિટી છે આપણી જે ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટિચર્સ એજ્યુકેશન છે એ ઇન્સ્ટિટ્યૂટ નેશનલ લેવલની ઇન્સ્ટિટ્યૂટ આપણે બનાવી શક્યા હોત. કમનસીબે માળખું એવું આપ્યું છે કે, એક વિભાગની કૉલેજ ચાલતી હશે એવી બનવાની છે અને આ પ્રકારે વાઈસ ચાન્સેલરો નિમાય એમાં દાગી હોવાની શક્યતા તો છે જ પણ સાથે સાથે એક ડૅપ્યુટી સેક્રેટરી ફોન કરે કે અહીંયા આવી જજો તો એને આવી જવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, ડૅપ્યુટી સેક્રેટરી ફોન કરે તો સુરેશ દલાલ ના આવે, ડૉ. એન. આર. દવે ના આવે એટલા માટે ના આવે કે એ રાષ્ટ્રીય કક્ષાના શિક્ષકો હતા અને એનું સ્તર રાષ્ટ્રીય કક્ષાનું હતું. આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે, આપણી યુનિવર્સિટી રાષ્ટ્રીય લેવલની થાય અને વાઈસ ચાન્સેલરો આ પ્રકારના આવે તો એ શકય બનવાનું નથી કયારેય? માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં એક વાઈસ ચાન્સેલર હતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં, હું તો ત્યારે હાઈસ્કૂલમાં ભણતો હતો અને એક આંદોલનમાં એક વિદ્યાર્થીએ એની સાથે મિસબિહેવ કર્યુ, જે. બી. ચાંડેલ નામના એ વાઈસ ચાન્સેલર હતા, એણે કહ્યું કે, મારો વિદ્યાર્થી કોઈ દિવસ મારી સાથે મિસબિહેવ કરી શકે નહી અને જ્યારે મારા વિદ્યાર્થીએ મારી સાથે મિસબિહેવ કર્યુ છે ત્યારે શિક્ષક તરીકે ક્યાંક નિષ્ફળ ગયો છું એટલા માટે હું રાજીનામું આપું છું. આ પ્રકારના ઉમદા વાઈસ ચાન્સેલરો, ઉમદા કુલપતિઓ એની હારમાળાઓ, ગુજરાત યુનિવર્સિટીને ડૉ. ઉમા શંકર જોષી જેવા વાઈસ ચાન્સેલર મળ્યા.

અને ડો. પી.સી. વૈદ્ય જેવા ગણિતની અંદર ઓથોરિટી કહેવાય. ઈન્ડિયામાં. એવા વાઈસ ચાન્સેલરો મળ્યા હતા. એ કોઈ દિવસ કોઈના ફોનથી આવે નહિ. ભલે અત્યારના વાઈસ ચાન્સેલરો છે. એમાંથી કોઈક કોઈક, બધાની વાત નથી કરતો. એવા છે કે આશીર્વાદ મેળવવા માટે, તંત્રના આશીર્વાદ માટે કોઈના પગ પકડવા તૈયાર છે.* (xxxxx) (xxxxx) (xxxxx)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### આક્ષેપો દૂર કરવા અંગે

**શ્રી વજુભાઈ વાળા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. એટલા માટે આ તો વાઈસ ચાન્સેલરનું અપમાન થાય છે આવી રીતે એ (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વાઈસ ચાન્સેલરનું અપમાન થયેલ છે એ તો વજુભાઈ જે દિવસે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, આપ બેસી જાઓ અને સાંભળો. પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર છે. આપ પછી જવાબ આપી શકશો. આપને જે કહેવું હોય તે વજુભાઈ કહો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય સભ્યશ્રી જે વાત કરે છે કે વાઈસ ચાન્સેલરો ખુશામત કરવા માટે થઈને પગ પકડવા માટે થઈને જાય છે. આ વાઈસ ચાન્સેલરનું અપમાન કહેવાય અને આને બિલની સાથે કોઈ લેવાદેવા નથી. આવા વાઈસ ચાન્સેલરો કે કોઈપણ વાઈસ ચાન્સેલર માટે થઈને આવા શબ્દો બોલવા તે યોગ્ય નથી. વાઈસ ચાન્સેલર છે એ શિક્ષણ ક્ષેત્રમાં આખા વિસ્તારના હેડ છે. એના માટે થઈને એ રીતે કહેવું હોય તો નામ આપીને કહે ને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વજુભાઈ આપની વાત સાચી છે. યુનિવર્સિટીના એટલે આપણા ગુરૂ છે, એટલા માટે મેં કહ્યું..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : તો અમે કાલે સવારે ચર્ચામાં કહીશું કે (xxxxx) (xxxxx) તો સાંભળવાની ત્રેવડ રાખજો.(અંતરાય) મર્યાદા રાખોને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય વજુભાઈ એ (xxxxx) ત્યારે આપ જરૂરથી કહેજો. આ તો જગજાહેર વાત છે.(અંતરાય)

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર... ઑર્ડર...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (xxxxx) (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : હું જિંદગીમાં કોઈનો (xxxxx).(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, મર્યાદાઓની લક્ષ્મણરેખા બંને બાજુ લાગુ પડે છે. જે વાત હતી એ મૂળ વાત એ હતી કે...

**શ્રી વજુભાઈ વાળા** : સભ્ય રીતે બોલાય, આવી રીતે બોલવું યોગ્ય નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોમેન્ટ શા માટે કોઈ કરે છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર... ઑર્ડર.. આપ બેસી જાઓ. જે વાત છે એ વાત..(અંતરાય) હું એની એ જ વાત ઉપર આવું છું. ઑર્ડર, ઑર્ડર. શ્રી શક્તિસિંહ આપને કહેવું હોય તો કહો. બાકીના બધા બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વાઈસ ચાન્સેલર માટે થઈને વાત નથી.

**અધ્યક્ષશ્રી** : પહેલી વાત એ છે કે માત્રને માત્ર એમ કહે કે...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં માત્રને માત્ર એવું કહ્યું છે કે એવા વાઈસ ચાન્સેલરો હતા અને આજે અમુક વાઈસ ચાન્સેલર એવા છે કે (xxxxx) (xxxxx)આ વાત હું જવાબદારી પૂર્વક કહું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જયારે કોઈપણ હકીકત રજૂ કરીએ ત્યારે આપણે સામાન્ય રીતે ગૌરવ જાળવીએ છીએ. જે વ્યકિત હાજર નથી હોતી. એના વિશે વાત થતી હોય.(અંતરાય) મારી વાત પૂરી સાંભળો. ટીકા-ટિપ્પણમાં પડતા નથી. એક બાજુ કહ્યું છે કે કુલપતિનું પદ એ ગૌરવવાળું પદ છે. એનું ગૌરવ સચવાય એ આપણી ભાષાની અંદર છે. નિયમની અંદર બહુ સ્પષ્ટ રહ્યા છીએ. વ્યંગાત્મક વાતોથી આપણે દૂર રહ્યા છીએ. ચર્ચાની મર્યાદા બાંધેલી છે. એ પણ બાંધેલી છે. અહીયા આગળ જે વાક્ય આપણે વાપર્યુ છે. અગાઉ પણ વાપરી ગયા છો. કોઈ એક બનાવ, ઘટના ગુજરાતમાં ક્યાંક બની હોય, કોઈએ આદર બતાવવા માટે કોઈ આદરણીય વ્યકિત હોય. મારી વાત સાંભળો, આદરણીય વ્યકિત તરફ આદર ધરાવતી હોય અને તેને નમન કર્યા હોય, તે નમનને આપ જુદા અર્થમાં લઈને વાત કરો તે વ્યકિતત્વનું અને પદનું ગૌરવ હણાય છે તે આપ જાણો છો. કોઈએ આદર વ્યકત કરવા નમન કર્યુ હોય તે વંદનને પણ આપ વ્યંગાત્મક રીતે મૂકવાનો પ્રયાસ કરો છો તે યોગ્ય નથી. આપ પ્રવચન આગળ ચલાવો, માનનીય અર્જુનભાઈ .(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxx) (xxxxx)આવા જે શબ્દો બોલે છે તે ધ્યાન રાખીને બોલે. આ શબ્દો કાં તો તેને હાઉસમાં માફી માગવી જોઈએ. કાં તો તેને દૂર કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય વજુભાઈ માટે જે શબ્દો વાપર્વા હતા તે યોગ્ય નથી અને તે શબ્દો હું રેકર્ડમાંથી કાઢી નાંખું છું. વાતને આગળ ચલાવો. તે શબ્દોને કાઢી નાંખું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ વજુભાઈ પ્રત્યે દિલગીરી વ્યકત કરું છું. મારો આવો આશય ન હતો. વજુભાઈ...

**અધ્યક્ષશ્રી** : માનનીય ફકીરભાઈ પ્લીઝ બેસો. એમણે દિલગીરી વ્યકત કરી છે. પછી હવે વાત રહેતી નથી. એમણે દિલગીરી વ્યકત કરી છે. માનનીય નીતિનભાઈ એમણે દિલગીરી વ્યકત કરી છે. હવે આગળ ચાલો.

આપ આપનું વકતવ્ય આગળ ચલાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અપેક્ષા ન હતી છતાં મેં દિલગીરી વ્યકત કરી છે. છતાં આ વ્યાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : એમણે દિલગીરી વ્યકત કરી છે.

# ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કહતો હતો કે આપણે જે ઓબ્જેકટ જે પ્રકારનો આપીએ તે પ્રકારની વ્યવસ્થા, તે પ્રકારનું માળખું નહીં આપીએ તો આ સંસ્થાઓ છે તે આખરે એક નવી પી.ટી.સી. કે નવી બી.એડ કોલેજો જે અત્યારે ચાલે છે તે પ્રકારની ચાલશે. યુ.જી.સી.ની ગાઈડ લાઈન તો એવી છે કે દરેકે દરેક સંસ્થાઓને યુનિવર્સિટીઓ ભૂલી જાઓ પણ કોલેજોને પણ ઓટોનોમસ સ્ટેટસ આપવા અને જે લોકો ઓટોનોમસ સ્ટેટસ આપે છે તે ઓટોનોમસ સ્ટેટસને વધારાની ગ્રાન્ટ યુ.જી.સી. આપે છે. ઓટોનોમસ સંસ્થા બનવા જઈ રહી છે? મારો સવાલ આટલો છે અને એટલા માટે જે ઓબ્જેકટ આપણે રાખ્યા છે તે ઓબ્જેકટની પરિપૂર્તિ કરે તે પ્રકારનું માળખું તે વાઈસ ચાન્સેલરની નિમણૂકની વાત હોય, તે જનરલ કાઉન્સિલ કે એકઝીકયુટી કાઉન્સિલના સભ્યોની નિમણૂકની વાત હોય તે કોઈની સાથે મેચ થતું નથી. એટલા માટે આ બિલની જે જે જોગવાઈઓ છે તે જોગવાઈઓની સાથે કોઈરીતે હું સંમત થઈ શકતો નથી. એકેડેમીક કાઉન્સિલની જે રચનાઓ છે, નાણાં સમિતિ પૂરતી વાત સંમંત થઈએ કે રાજય સરકાર જયારે ફંડ આપણી હોય ત્યારે નાણાં કેવી

રીતે વપરાય તેના ઉપર અંકુશ રહે તે બરાબર છે. પણ જનરલ કાઉન્સિલ, એકઝીકયુટીવ કાઉન્સિલ અને એકેડેમીક કાઉન્સિલ ઓટોનોમસ રહેવી જોઈએ. એકેડેમીક કાઉન્સિલમાં કોણ અને આપણે નામ આપીએ છીએ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજયુકેશન અને એમાં તો જે સંસ્થાના ડીન હોય તે જ હોય. અત્યારે તો જે સામાન્ય શિક્ષણ આપતી સંસ્થાઓ છે તે ગુજરાત યુનિવર્સિટી હોય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોય, એમ.એસ. યુનિવર્સિટી હોય તેના એકેડેમીક કાઉન્સિલ છે અથવા તો ટીચીંગ છે તેની અંદર પણ રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞોની નિમણૂક આપવાની, તેને બોલાવવાની, તેનું માર્ગદર્શન લેવાની બધી જોગવાઈઓ છે. એકતરફ આપણે કહીએ છીએ કે માળખું બરાબર નથી. મેં દાખલા આપ્યા આપણી પાસે શિક્ષકો કેવા છે? ત્યારે આ યુનિવર્સિટીમાંથી જે શિક્ષકો તૈયાર થશે તે શિક્ષકો જે ઓબ્જેકટ બહું સુંદર લખ્યો છે. જેમણે લખ્યું હોય તેને સલામ કરું છું કે પહેલું બિલની અંદર જે પહેલો પેરેગ્રાફ છે. ગુજરાતીમાં વાંચી ગયો તેનું ઈંગ્લીશ પણ છે. એટલો બધો ઉમદા ઓબ્જેકટ છે તે ઉમદા ઓબ્જેકટની પરિપૂર્તિ આ બિલ કરી શકવાનું નથી. એટલા માટે બિલની જે જોગવાઈઓ તે સાથે સંમત થઈ શકાય તેમ નથી. હું માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરીશ કે હમણાં આપણે સેપ્ટ યુનિવર્સિટીનું બિલ લઈ આવ્યા. હું માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરીશ કે હમણાં આપણે સેપ્ટ યુનિવર્સિટીનું બિલ લાવ્યા હતા ત્યારે એમાં સંસ્થાની ડિમાન્ડ હતી એમાં થોડોક ભાગ રહી ગયો હતો તો એ સરકારશ્રીના દંડકશ્રી મારફતે જે સુધારો જે રીતે રજૂ થયો, એ રીતે આની અંદર પણ પચાસ ટકા કરતાં વધારે જે એકેડેમિક કાઉન્સીલ અને જનરલ કાઉન્સીલના સભ્યો છે એ ચૂંટાયેલા હોય, એકેડેમિક કાઉન્સીલની અંદર રાષ્ટ્રિય કક્ષાના તજજ્ઞો હોય અને વાઈસ ચાન્સેલરની નિમણૂક જે રીતે ભાવનગર યુનિવર્સિટી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અંદર જે નિમણૂક કરવાની જોગવાઈઓ છે એ પ્રકારના સુધારા લઈ આવે, તો હું માનું છું કે જે પ્રકારે આપણે અપેક્ષાઓ વ્યકત કરી છે એ પ્રકારે ઉત્તમ શિક્ષકો આ યુનિવર્સિટીમાંથી નીકળે અને એ સમગ્ર રાજયને, દેશને કારણકે આમાં વિશ્વનો ઉલ્લેખ કર્યો છે કે વિશ્વને પણ માર્ગદર્શન આપશે એવા શિક્ષકો તૈયાર થાય, અને જો આ સુધારા લઈ આવશે તો મને લાગે છે કે, આ બિલને આ જે ગૃહ છે એ સર્વાનુમતે પાસ કરવાનો સ્થિતિમાં આવશે, આવકાર્ય રહેશે બધા માટે, અને આપણી નવી પેઢી માટે પણ આવકાર્ય રહેશે એટલા સૂચનો સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ અન્વયે માનનીય મંત્રીશ્રી જે રીતે બિલ લાવ્યા છે, જે હાર્દ સાથે બિલ લાવ્યા છે એમાં હું મારો ટેકો પૂરાવું છું હર્ષની લાગણી સાથે એમને આ બિલ માટે અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સવર્ણ જયંતિ ઉજવી રહયું છે, ગુજરાતને ભલે પચાસ વર્ષ થઈ ગયા, ગુજરાત ઔદ્યોગિક રીતે પ્રગતિશીલ છે, વિકસિત છે, ગુજરાતે છેલ્લા આઠ- દશ વર્ષની અંદર દેશને એક વિકાસનું મોડલ આપીને સમગ્ર દેશનું અને દુનિયાનું ધ્યાન દોર્યુ છે. આ બધાના પાયામાં માનનીય મંત્રીશ્રીએ કહયું, માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીએ પણ કહયું, કે કોઈ પણ રાજયનો, કોઈપણ દેશનો, કોઈપણ સમાજનો, કોઈપણ જ્ઞાતિનો, કોઈપણ વ્યકિતનો વિકાસ એનો પાયો શિક્ષણ હોય છે. હવે આ સુવર્ણ જયંતિ વર્ષ ગુજરાતની અંદર આવતી કાલનું ગુજરાત, આધુનિક ગુજરાત દેશને દોરનારું, દુનિયાને દોરનારું, આપણે જો ગુજરાત બનાવવું હોય તો આ સુવર્ણ જયંતિ વર્ષની અંદર આપણે બધાએ શિક્ષણને બિનરાજકીય રીતે મૂલવવું પડશે. શિક્ષણને રાજકારણથી પર રહીને, મતમતાંતરોથી પર રહીને આપણે ઉપર ગુજરાતની અંદર એક શિક્ષણનું સ્તર એવી રીતે બનાવવું પડશે કે જેમાં દેશભરના લોકો, દુનિયાભરના લોકો, હમણાં દાખલા દીધા, એવી રીતે ગુજરાતની અંદર લોકો ભણવા આવે, શિક્ષકો બનવા આવે. ગુજરાતને આધુનિક બનાવવું હોય, એકવીસમી સદીમાં આદર્શ બનાવવું હોય, દેશને દોરનારું બનાવવું હોય, તો છેલ્લા સાઈઠ વર્ષની કુલ મળીને શિક્ષણ વ્યવસ્થા જેની અનેક ઉણપોની ચર્ચા હાઉસમાં વિરોધપક્ષના નેતાઓએ કરી છે, દેશની શિક્ષણની વ્યવસ્થા ૬૦ વર્ષની અંદર અંગ્રેજોએ જે ઉભી કરી એ એમની વ્યવસ્થા હતી, એમના પોતાના પૂરતી વ્યવસ્થા હતી, મેકોલોની વ્યવસ્થા હતી. અને એની ઉણપના કારણે આજે દેશ દુનિયાનું સર્વોત્તમ રાષ્ટ્ર બની શકયું નથી. આ રાષ્ટ્ર હજાર વર્ષ પહેલાં સોનાનો દેશ કહેવાતો હતો, એની એક શૈક્ષણિક વ્યવસ્થા આદર્શ હતી. તક્ષશીલા અને નાલંદાની વાત થઈ, લોકો ભણવા અહીં આવતા હતા. શિષ્યો અને ગુરૂકુળોની વાત થઈ. આપણે હજાર વર્ષની અંદર આપણી શિક્ષણ વ્યવસ્થા ગુમાવીને બીજાની ઉધાર વ્યવસ્થાથી આપણે દેશ ચલાવીએ છીએ. આ બધી વ્યવસ્થાની ઉણપમાંથી આવતી કાલનું ભારત બનાવવું હોય, આવતી કાલનું ગુજરાત બનાવવું હોય, આદર્શ બનાવવું હોય, તો શિક્ષણના પાયામાં વ્યાપક સુધારા કરવાની જરૂર છે. અને એમાં શિક્ષણની અંદર જે શિક્ષણ આપે છે એ શિક્ષકોને અપગ્રેડ કરવા માટે એને દુનિયાના આંતરપ્રવાહો, રાષ્ટ્રિય પ્રવાહોને જ્ઞાત કરવા માટે.. જ્ઞાત કરવા માટે આપણે બધાએ આખા દેશમાં પહેલું બિલ છે એને આપણે અભિનંદન નથી આપતા. આખા દેશમાં આવા હાર્દ સાથેનું શિક્ષકોને અપગ્રેડ કરવા માટેની યુનિવર્સિટી સ્થાપવાનું આ પહેલું બિલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને અભિનંદન આપવાની એમનામાં તાકાત નથી અને એમનામાં હિંમત પણ નથી. આખા દેશમાં માનનીય મુખ્યમંત્રી જે રીતે રાજકીય ફલક પર એક ગુજરાતી તરીકે સમગ્ર દેશનું ધ્યાન ખેંચી રહ્યા છે એ સરદાર પટેલ અને મહાત્મા ગાંધી પછી એમનામાં બીજુ કોઈ

રહ્યું નથી. એમને *(xxxxx). એમણે વાત કરીને ઉણપોની ચર્ચા કરી અને હમણા જ એમણે ચાલીસ ડિમ્ડ યુનિવર્સિટીઓને રીજેકટ કરી છે એમની યુનિવર્સિટી કેવી બનેલ હશે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (xxxxx)એ શબ્દને આપણે યોગ્ય નથી ગણતા માટે એ શબ્દો દૂર કરુ છું.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચું છું. મારો ભાવાર્થ એ છે કે હું એમ કહેવા માગુ છું કે વિકાસના બે મોડેલ આ દેશે જોયા છે. વિકાસનું એક મોડેલ જેની ઉણપ શિક્ષણ છે જેના કારણે આ દેશનો વિકાસ ન થયો, ખેતીનો વિકાસ ન થયો, ગામડાનો વિકાસ ન થયો, આજે પણ ૬૦ વર્ષ પછી આપણે વિકસિત રાષ્ટ્ર ન બની શક્યા અને દુનિયાની અંદર કોઈ રાષ્ટ્ર એ ઈઝરાયલ હોય, જાપાન હોય જર્મની હોય બીજા વિશ્વ યુધ્ધ પછી ખતમ થયેલા દેશો માત્ર ૬૦ વર્ષની અંદર દુનિયાના સૌથી વિકસિત રાષ્ટ્રો બની શક્યા કુદરતી સંપત્તિઓ નથી અને બધી જ વિપરીત પરિસ્થિતિ છે છતાં પણ ૬૦ જ વર્ષની અંદર દુનિયાના સર્વોતમ વિકસિત રાષ્ટ્રો બની શકયા. આપણી પાસે એના કરતા કુદરતી સંપત્તિ વધારે છે. આપણે ત્યાં અણુબોમ્બ નહોતા પડયા, આપણે ત્યાં એના જેવી વિપરીત પરિસ્થિતિ નથી, આપણી પાસે ખનિજ અનન્ય છે, પાણી પણ પૂરતું છે અને આમ છતાં પણ શિક્ષણની અપુરતી વ્યવસ્થાના લીધે અને શિક્ષણના અપગ્રેડેશન વગર આપણે ૬૦ વર્ષથી આ ગાડું ચલાવ્યું એ રામભરોસે ચલાવ્યું એના કારણે આ દેશ વિકસિત બન્યો નથી. આ મોડેલ હતું એક સાહેબ, આ મોડેલથી વિરુધ્ધમાં થઈને બીજું એક મોડેલ ઉભું
થયું આ ગુજરાત એનો પથદર્શક છે. શિક્ષણને પાયો બનાવ્યો. ગામડાઓમાં જઈને કન્યા કેળવણીની રથયાત્રાઓ કાઢી, વર્ષની અંદર છેલ્લા સાત વર્ષથી કોઈ પણ દેશની અંદર શિક્ષણ માટે આટલું પ્રોત્સાહન આપીને ફોકસ કરવાની પ્રક્રિયા બની નથી અને એનું પરિણામ શું છે? એનું પરિણામ ગુજરાતની સીધી પ્રગતિ છે. શિક્ષણનું ફોકસ એ કબૂલ કરે છે કે વિકાસ માટે શિક્ષણ અગત્યનું છે તો તમારે શિક્ષણના ફોકસ માટેના બધા પગલાંને રાજકારણથી ઉપર થઈને હૃદયપૂર્વક ટેકો આપવો પડે. આપે ટેકો આપવાના હાર્દ સાથેની વાત કરીને બીજી બધી ઉણપોની ચર્ચા કરી, ઉણપ શરૂઆતમાં હોઈ શકે. ઓટોનોમશ થવું એ આદર્શ વાત છે પણ કોઈ પણ દેશની અંદર કોઈ પણ યુનિવર્સિટીઓ સ્થપાય છે એ પહેલેથી ઓટોનોમશ નથી હોતી કાળક્રમે ઓટોનોમશી આવે છે. એના માટે ઉણપો હોઈ શકે પણ શરૂઆતનો હાર્દ જ્યારે તમે તમારા શિક્ષકોને અપગ્રેડ કરવાની પ્રક્રિયા કરો છો ત્યારે હું માનુ છું કે આ આખા હાઉસે એક અવાજે ટેકો કરવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર મંત્રીશ્રીએ ચાણક્યની વાત કરી, એક સભ્યશ્રીએ તક્ષશિલાની વાત કરી, નાલંદાની વાત કરી આવતી કાલના ગુજરાતની અંદર સમગ્ર રાષ્ટ્રમાંથી શિક્ષકો ઈન્ટીગ્રેટેડ કોર્ષ પાંચ વર્ષના અને ચાર વર્ષના ભણવા આવે એવા હાર્દ સાથેનું આ બિલ છે એની અંદર આજની જે વસ્તુ છે આજે જે રીતે શિક્ષકો ભણાવે છે એની ઉણપોની ચર્ચા ઘણી થઈ છે પણ એના ઉપાય તો કરવા પડશેને આપણે? ને ઉપાય કરવાની આ પ્રક્રિયા છે. આ ઉણપોની જે બધી વાત કરી એ ઉણપોને દૂર કરવા માટેનો આ રસ્તો છે. આજે રાજ્ય એના સુવર્ણજયંતી વર્ષમાં આ શિક્ષણના બિલના એજ્યુકેશન ટીચર્સની યુનિવર્સિટીના અપગ્રેડેશન માટેની જે પ્રક્રિયા લઈને આવ્યા છે એને હું મારો ટેકો આપો છું. કુલ મળીને સાત-આઠ વર્ષમાં જે બધી યુનિવર્સિટીઓ બની છે એ યુનિવર્સિટીઓમાં પ્રાઈવેટ યુનિવર્સિટઓ જે આપણી પ્રક્રિયા બની છે એના કારણે સમગ્ર દેશમાંથી વિવિધ લોકો આપણે ત્યાં આવતા થયા છે. હમણાં એક યુનિવર્સિટીની ચર્ચા કરી કે પ્રોફેસરો અરધા ખાલી છે, આખા દેશમાં ખાલી છે, એની ઉણપોની હું ચર્ચા નહિ કરું, પણ આપણે ત્યાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજો આવવાથી, સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીઓ આવવાથી પાંચ હજાર છ હજાર ડિપ્લોમા, ડીગ્રી સીટ થઈને દસ હજાર હતી એ આજે એંશી હજાર સીટ થઈ, એક નર્મદા યોજના કરતા વધારે પૈસા બાકીના રાજયોમાં જતાં આપણે અટકાવી શક્યા છીએ. મેડિસીનની અંદર આ વર્ષે આપણે જેટલી સીટો વધારવાના છીએ એના કારણે કરોડો રૂપિયા આપણે બચાવી શકવાના છીએ, આ બધું ભૂતકાળની અંદર બધાય કરી શક્યા હોત, શિક્ષણનું આંતરમાળખું તમે ઉભું જ નહિ કરી શક્યા, શિક્ષણની અંદર સેલ્ફ ફાઈનાન્સ કોન્સેપ્ટ કોંગ્રેસની અંદર બાકીના રાજયો દક્ષિણના રાજયો બધા રાજયોમાં હતો, ગુજરાતમાં નહોતો અને એને કારણે આપણા લોકો બહાર જતાં હતા છેક આંધપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર જતા હતા, આના માટે આજે આપણે એવી વ્યવસ્થા ઉભી કરી કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજની સીટો ખાલી રહે છે, બહારથી લોકો રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશના લોકો, મુંબઈના ગુજરાતીઓ એ લોકો અહીંયા ભણવા આવવા માંડ્યા છે, એની શરૂઆત થઈ ગઈ છે, આજે આ શિક્ષણની વ્યવસ્થા આઠ જ વર્ષની અંદર એમના ઉપકુલપતિઓની ચર્ચા ભૂતકાળમાં મારે આ રાજકારણના અખાડા અમે બનાવ્યા યુનિવર્સિટીઓમાં? એમણે બનાવ્યા છે, ભૂતકાળમાં તમામ યુનિવર્સિટીઓની અંદર, આ બધા ઝઘડા, એમની નિમણૂંકો, એ બધાની અંદર રાજકીય અખાડા તો એમણે બનાવ્યા છે, અમે તો રાજકારણથી દૂર ઈચ્છીએ છીએ, સારા લોકોને આવવા માટેનો પ્રયત્ન કરીએ છીએ એટલા માટેના આ બધા પ્રાવધાનો છે, આપણે ત્યાં શિક્ષણ ઉપરના સંશોધનો બહુ થયાં છે, આ સંશોધનો ગુજરાતમાં પણ ગુરૂકુળ અને શિષ્યના સંદર્ભમાં છે, ભગવાન રામ હોય, ભગવાન કૃષ્ણ હોય, ચાણક્યથી માંડીને બધાય, શિક્ષણ વ્યવસ્થા સમાજ આધારિત હતી, રાજય આધારિત નહોતી, રાજય ટેકો કરતું હતું, મદદ કરતું હતું, પણ સમાજ એને મુખ્ય મદદ કરતું હતું, ઋષિઓ માટે

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સમાજ વ્યવસ્થા કરતી હતી અને આપણી હિંદુસ્તાનની શિક્ષણ વ્યવસ્થા એ સમાજના ટેકાથી ચાલતી હતી, આજે રાજય આધારિત થઈ ગઈ છે, આ બધી ઉણપોનો પાયો રાજય છે, જો સમાજ એ ઉપાડી લે, સમાજ એને ટેકો કરે, ભૂતકાળમાં પોતાના બાળકો જ્યારે ગુરૂકુળમાં ભણવા જતા હતા ત્યારે એ સમાજ વ્યવસ્થા એવી હતી કે એ ઋષિઓને ટેકો થતો હતો, ઋષિઓના ભરણપોષણથી માંડીને તમામ ચિંતાઓ કરતા હતા, આજે આખી વ્યવસ્થા ઉભી થઈ ગઈ છે કે આ રાજય આધારિત થઈ ગઈ છે, રાજય જ બધું કરે છે, જો રાજયે જ બધું કરવાની પ્રક્રિયા હોય તો ત્યાંના શિક્ષકોએ, ત્યાંના સમાજોએ શું કરવાનું ? સમાજ આધારિત વ્યવસ્થા જ્યારે સુધરે છે ત્યારે ભૂતકાળની જેમ આ દેશ આગળ વધી શકે છે અને સમાજને ચેતનામાં જગાડવા માટે શિક્ષકો એ પાયો છે, કોમળ મગજ ઉપર સારું લખવા માટે સારા શિક્ષકો જોઈએ એના માટેનો આ રાજય સરકારનો એક પ્રામાણિક પ્રયત્ન છે, આ પ્રામાણિક પ્રયત્નની અંદર હજુપણ વિરોધપક્ષના બધાજ સભ્યશ્રીઓને આગ્રહપૂર્વક કહુ છું કે શિક્ષણને, આરોગ્યને, આ બધા વિષયો એ રાજકારણથી પર છે આ બધા આયામો છે, પ્રયત્નો છે ગુજરાતને આગળ લઈ જવા માટે કોઈ વ્યકિતઓને આગળ લઈ જવા માટેના પ્રયત્નો નથી, આ સમગ્ર ગુજરાતની સાડા પાંચ કરોડ પ્રજાને આગળ લઈ જવા માટેના આ આયામો છે, આનાથી ગરીબી દૂર થશે, શિક્ષણનો પાયો, શિક્ષકોને અપગ્રેડ કરવાથી થશે, ગરીબી ભાષણો કરવાથી દૂર ન થાય, ગરીબી દૂર કરવા માટે શિક્ષણને પ્રોત્સાહન આપીને નહિ, એના માટે પરિશ્રમ કરવો પડે, એનું અમલીકરણ કરવું પડે, મુખ્યમંત્રીએ ગામમાં જઈને રાતના રોકાણ કરવું પડે, અધિકારીઓને ત્યાં બેસાડવા પડે, ચુંટાયેલા લોકોએ ત્યાં જઈને બેસવું પડે, ગરીબ બાળકોના હાથ પકડવા પડે ત્યારે એ વિકસીત બને, વિકસીત રાષ્ટ્ર બનાવવા માટે અધિકારીઓથી ના થઈ શકે પણ ચુંટાયેલા પ્રતિનિધિઓએ પોતાની જવાબદારી વધારે નિભાવવી પડે, આ ગરીબ બાળકોને ગરીબી દૂર કરવા માટે જે સમાજની અંદર, આ વિકાસના મોડલની અંદર, માનનીય મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણને પાયો બનાવીને આ ટિચર્સ યુનિવર્સિટી માટેનો જે સંકલ્પ ઉભો કર્યો છે એને હું હ્રદયથી ટેકો આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે, મારા સાથી માનનીય અર્જુનભાઈએ વિદ્વતાપૂર્વક એ બિલની અંદરના મુદ્દાઓ અહીંયા ઉજાગર કર્યા છે, એમણે કરેલી વાતને સમર્થન આપીને સમય બચાવવા માટે એને દોહરાવતો નથી પણ હું મારી વાત ત્યાંથી આગળ શરૂ કરું છું. આપણે શિક્ષણક્ષેત્રનો જેટલો વિકાસ કરીએ. આપણે વિદ્વતાપૂર્ણ રીતે શિક્ષકો જેટલાં તૈયાર કરી શકીએ, સારા વિદ્યાર્થીઓ તૈયાર કરી શકીએ આપણી પ્રતિભાને યોગ્ય દિશા આપી શકીએ એટલો રાજયનો અને રાષ્ટ્રનો વિકાસ વધારે થશે તેમાં કોઈ વિવાદ ના હોઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મારા બે સવાલો છે. આ બિલ લઈને આપણે જ્યારે આવ્યાં છીએ ત્યારે આપણો આશય આપણાં ઉદ્દેશ્ય અને કારણો તેને અનુરૂપ આપણે ચાલવા માગીએ છીએ ખરાં ? Objects and reasons are very clear. આપણી અપેક્ષાઓ શું છે અને આપણે કરવા શું માગીએ છીએ. પરંતુ બિલની જે જોગવાઈઓ છે તેમાં ઘણી બધી એવી જોગવાઈઓ છે જે આપણાં ઉદ્દેશ્ય અને કારણોને પરિપૂર્ણ કરવા માટે, તેને મંઝિલ સુધી પહોંચાડવા માટે આપણી જોગવાઈઓ નથી. આપણે જ્યારે ઉદ્દેશ્ય અને કારણો સારા શિક્ષકો પેદા કરવાની વાત કરીએ છીએ, આપણાં ઉદ્દેશ્ય અને કારણો શિક્ષણનું સ્તર ઉંચુ લઈ જવાની વાત કરીએ છીએ પણ જ્યારે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, વાઈસ ચાન્સેલરની નિમણૂકની જોગવાઈ કરીએ છીએ ત્યારે આપણાં સત્તાકીય સમીકરણોને આપણે ધ્યાને રાખીએ છીએ. સારો ત્યાં મુકાય તેમાં રસ નથી મારો ત્યાં મુકાય તેના માટેનું equation બિલની જોગવાઈમાં લઈને આપણે આવીએ છીએ. પરિણામ શું થવાનું છે ? માનનીય ભરતભાઈ કહેતા હતા તેની વાતને હું સમર્થન આપું છું કે મુખ્યમંત્રીશ્રી એવો હોવો જોઈએ કે જે ગામડાંની વચ્ચે જઈને રહે. હું તેમની વાતને સમર્થન આપું છું કે અધિકારીઓનું તે કામ નથી પદાધિકારીઓનું કામ છે. હું એમનો અવાજ સમજી શકું છું કે ઉડીને જવા આવવાથી નહીં રાત્રી મુકામ કરવાથી લોકોનું કલ્યાણ થશે એ તમારી વાતને હું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ભરતભાઈ, શ્રી શકિતસિંહજી તમારા પ્રવચનને સમજ્યા તે કહે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમર્થન આપું છું તેમાં પણ વાંધો છે. આપ રેકર્ડ જોઈ લેજો તેમણે કહ્યું કે ક્યારે સારું થાય મુખ્યમત્રીશ્રી રાતવાસો કરે અને રહે લોકોની વચ્ચે ઉડીને આવે જાય તેમ નહીં એમ હું માનું છું. પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ પ્રજાની નસને પારખી શકશે અધિકારીઓ નહીં અને માનનીય ભરતભાઈ, આજે આપે સત્યને તૂટતું તૂટતું થોડું રજૂ કર્યુ છે તેને માટે હું આપને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે વાત છે તે નથી થતી એટલે શું થાય છે. આપણે આવું જ એક બિલ લઈને આવ્યાં હતા. જી.ટી.યુ. - ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીની સ્થાપના કરી. મેં તેના પણ ઉદ્દેશ્ય અને કારણો જોયા હતા. ત્યારે પણ પ્રવચનો થયા હતા. મને તો ખબર નથી કે વારસો કેટલાં વર્ષ ટકતો હશે? ૯૦ થી અત્યાર સુધીના દિવસો ગણીએ તો કેટલો સમય સત્તામાં રહ્યા છો તે ખબર પડે અને તો પણ જવાબદારી સ્વીકારવાની તૈયારી નથી. માનનીય અધ્યક્ષશ્રી, શું થયું ગુજરાતમાં યુનિવર્સિટીની સ્થાપના પછી શું થયું ? આ ટેકનીકલ યુનિવર્સિટીની સ્થાપનામાં આપના ઉદ્દેશ્યો અને કારણો શા હતા ? આપના ઉદ્દેશ્ય અને કારણો હતા ટેકનીકલ ક્ષેત્રે વિદ્વતાપૂર્ણ વિદ્યાર્થીઓ તૈયાર કરવા છે. આજે જેમ કહેવામાં આવ્યું છે કે અમારી આ અમારી આ યુનિવર્સિટીની સ્થાપનાથી રાષ્ટ્રીય કક્ષાએ એક શિક્ષિત ધન ઉભું કરવું છે. હું વાંચતો હતો કે મંત્રીશ્રીનું જી.ટી.યુ. યુનિવર્સિટીનું સ્થાપના વખતેનું બિલ

હતું તે પાયલોટ કરતી વખતેનું પ્રવચન હું વાંચતો હતો. લગભગ આને મળતા શબ્દોની સજાવટ. આજે શું થયું ? You will be shocked to know. આ વિધાનસભા ગૃહને સાંભળીને આંચકો લાગશે. ૧લી જાન્યુઆરી,૨૦૧૦ના રોજ એક સેમીસ્ટરનું પરિણામ જાહેર થયું છે બી.ઈ.સિવિલના. સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ પ્લાસ્ટિક એન્જીનીયરીંગ એન્ડ ટેકનિકલ, વટવા, અમદાવાદ. સાહેબ, એનો પાસ અને ફેઈલનો રેસિયો ઈન્ટરનેટ પર અવેલેબલ છે. આપણે જ મૂકેલો છે. સરકારે મૂકેલો છે. ઈન્ટરનેટ પર અવેલેબલ છે. રીઝલ્ટ કેટલું? ઝીરો પર્સન્ટ. ફર્સ્ટ સેમેસ્ટરનું રિઝલ્ટ ઝીરો પર્સન્ટ. સેમી ફાયનાન્સ ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ, વડનગર. આ ગૃહના નેતાનું ગામ છે, ત્યાં વડનગરમાં. પાસીંગનો રેસીયો કેટલો? ૨૫૯ બેઠા હતા ફર્સ્ટ સેમેસ્ટરમાં. માત્ર ૭ પાસ થયા. વડનગર. મહેસાણા જિલ્લાનું વડનગર. માનનીય ગૃહના નેતાશ્રીનું ગામ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, ભૂગોળનું એટલું અજ્ઞાન હશે એની ખબર નહીં. એમને તો ખબર હશે કે છે કે નહીં. (અંતરાય) આપ આપના નેતાને વચ્ચે ડિસ્ટર્બ ન કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારા મિત્રો બોલે છે, એનાથી હું પ્રોત્સાહિત થાઉં છું. ડિસ્ટર્બ થાઉં એવો નથી. ડિસ્ટર્બન્સ તો એ નેતૃત્વ થાય કે જે કંઈક બોલાઈ જાય તો બહુ થાય. હું તો લોકશાહીમાં માનનારો છું, એટલે મારા મિત્રોને તો કાન પકડવાનો, ટીકા કરવાનો અને પ્રોત્સાહિત કરવાનો અધિકાર છે. (અંતરાય) બધો જ છે. જે નથી રાખી શકતા, એમને તમે કહી શકતા નથી, એટલે તમે મને કહો છો એ હું સમજું છું, આત્મારામભાઈ. અને કહેવાય. વાંધો નથી. ત્યાં ન કહેવાય તો વાયા હું પણ પહોંચાડી દઈશ. આપ ચિંતા નહીં કરો. વચ્ચે બોલતા રહેજો. હું એમને પહોંચાડતો રહીશ. જેમ ભરતભાઈએ કહ્યું, એમ તમારા આત્માનો અવાજ પણ આત્મારામભાઈ, રજૂ કરજો. હું કહીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતિ, એક ઈન્સ્ટિટયૂટમાં નહીં. ૮૦ ઈન્સ્ટિટયૂટના આંકડા મેં જોયા. યુનિવર્સિટીની સ્થાપના પછી કઈ પરિસ્થિતિ થાય છે? અને બિલ જયારે પસાર કરે છે, ત્યારે સરકાર પસાર કરતી નથી. આ વિધાનસભાગૃહ પસાર કરે છે. કાયદો કોઈ સરકાર નહીં. કાયદો આ વિધાનસભા ગૃહ બનાવે છે. અને એ જયારે આ ગૃહના સભ્યો, પછી માનનીય સભ્યશ્રી આ પક્ષના હોય કે પછી માનનીય સભ્યશ્રી પેલા પક્ષના હોય. આખરે વિધાનસભાગૃહ આ કાયદો બનાવે છે, ત્યારે આખા ગુજરાતમાં, સમગ્ર ગુજરાતમાં, બી.ઈ. સેમેસ્ટર-વન. રિઝલ્ટ. જાન્યુઆરી-૨૦૧૦. એક સમયે આપણી ટેકનિકલ ઈન્સ્ટિટયૂટસમાં આપણી નામના હતી, એ આજે કયાં જઈ રહ્યાં છીએ? માત્ર ૩૪.૫૭ ટકા. ઓવરઓલ ઈન ધ સ્ટેટ. આપણે રાજી નહીં થઈ શકીએ, કે વિદ્યાર્થી બહાર ભણવા જતો હતો. જુઓ અમે છૂટ આપી દીધી. અમે આટલી બધી ઈન્સ્ટિટયૂટ કરી દીધી. કે હવે વિદ્યાર્થી ગુજરાત બહાર નહીં, પણ ગુજરાતમાં રહીને ભણે છે. મારા વિદ્વાન મિત્ર કંઈક નર્મદાના બજેટ સાથે એને સાંકળતા હતા. આપણી એ જવાબદારી નથી? કે જે વિદ્યાર્થી, એન્જીનીયરીંગમાં કોઈ એવરેજ વિદ્યાર્થીને આ એડમિશન નથી મળતું. જેના પાસે મેરીટસ છે, જેના પર્સન્ટેઝ છે, એ વિદ્યાર્થી, B.E. civilમાં એડમિશન લે, અને એ વિદ્યાર્થીનું રિઝલ્ટ, કોઈ ઈન્સ્ટિટયૂટમાં Zero percent આવે. કોઈમાં ૨.૫૭ આવે અને ઓવરઓલ સ્ટેટનું ૫૦ ટકા પણ ન પહોંચી શકે? અને આ શા માટે થાય છે? આ એટલા માટે થાય છે માનનીય અધ્યક્ષશ્રી, કે આપણી પાસે Admission committee for professional cources APCP છે. આ APCP શું વહીવટ કરે છે? આ વર્ષે Late Admission and Short term of first semester are responsible for this. Who are responsible for this? It was the duty of the government to see that admission procedure has to be completed in a stipulated time. આપણે શું કર્યુ? We permitted for the first semester. આ વર્ષે. આ વર્ષે જયારે ટર્મ પૂરી થઈ જવા આવવી જોઈએ, પ્રેકિટકલ કોર્સિસ પૂરા થઈ જવા જોઈએ એ પહેલી જુલાઈ સુધી આપણે ચલાવ્યા જ કર્યુ. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં તેમના પૈસાની ચિંતા કરીને, સેઇફ ફાઈનાન્સવાળા માટે આ રીતે ચિંતા કરવામાં આવે છે. હું બહું સ્પષ્ટપણે માનું છું કે શિક્ષણમાં વેપાર કયારેય પણ ના થવા દેવો જોઈએ, શિક્ષણ એ વેપાર માટેનું સાધન નથી. સરકારની પણ કેટલીક જવાબદારીઓ છે અને સમાજના શ્રેષ્ઠીઓની પણ જવાબદારીઓ છે. આજે જેને આપણે નામનાથી ઓળખીએ છીએ એ સેન્ડફર્ડ યુનિવર્સિટી એ મિ. સેન્ડફર્ડ એ યુરોપના બહુ જ ધનાઢય વ્યકિત, રેલવે અને રોડ લાઈનના બહુ જ મોટા કોન્ટ્રાકટર એ માણસે એમ કહ્યું કે I want to pay back something to the society, and to pay back to the society I think the best way which I can choose is to donate to the University. અને એ સેન્ડફર્ડ યુનિવર્સિટીની સ્થાપના કરાવી એક મોટા ભંડોળ સાથે અને સરકારે પણ એમાં સહયોગ આપ્યો. એને છૂટ ના આપી કે સંપૂર્ણ ફી તમે વસૂલ કરો., તમારા શિક્ષકોની જગ્યા ના ભરો તો ચાલશે અને ઝીરો પરસન્ટ રિજલ્ટ આવે તો પણ તમારા પેટનું પાણી ના હાલે. જો એ જ રાખ્યું હોત તો આજે સ્ટેનફર્ડ એ is one of the best universities ના બની શકે. તો આપ શામાટે આ ધનાઢયોને પ્રમોટ કરતા નથી. આપણે ત્યાં શું થાય છે કે, કયારેક શંકા જાય છે કે અને આ સભાગૃહમાં સુધારા પણ એવા લઈને આવે છે કે એનાથી આપણો થોડોઘણો અંકુશ હોય એ પણ ઉઠાવી લેવા માગીએ છીએ અને સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને જાણે દુકાન ખોલવાની હોય, જાણે શિક્ષણનો વેપલો માંડવાનો હોય એવી એમાં જોગવાઈઓ કરવામાં આવે છે. તો એ આપણી ફરજ નથી કે આ બધું રોકવું? એ.આઈ.સી.ટી.એ જે સ્ટાન્ડર્ડ આપ્યું હોય એ મુજબની ફેકલ્ટી

અવેલેબલ હોવી જોઈએ. હું જોતો હતો કે એ.આઈ.સી.ટી.નાં ધોરણો મુજબ સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટિટયુશન ચાલતાં નથી. સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટિટયુટ છોડો આપની સરકારી કોલેજો છે એ કોલેજોમાં પણ કેટલી બધી જગ્યાઓ ખાલી છે? શામાટે આ જગ્યાઓ ખાલી રાખવામાં આવે છે અને આખરે એનાથી સફર કોણ કરે છે? એક વખતની ગુજરાતની મોરબી હોય કે એલ.ડી.એન્જિનિરિંગ કોલેજ હોય એની આજે શું સ્થિતિ છે અને ભૂતકાળમાં એની શું નામના હતી? એ નામના આજે કેટલી નીચે ઉતરી ગઈ છે એ જોવાનો આપણે પ્રયત્ન કર્યો છે ખરો? મારી પાસે ગઈકાલે જ પરિણામના આંકડા આવ્યા છે અને મને એ જાણીને મને આઘાત લાગ્યો કે આપણે શું ભણાવવાની વાતો કરીએ છીએ? આપણા ઉદ્દેશો અને કારણોને કઈ રીતે બર લાવવા માગીએ છીએ. આપ જયારે આ બિલ લઈને આવ્યા છો ત્યારે કાંતો આપની પૂરેપૂરી તૈયારી નથી, કાંતો આપનું પૂરેપૂરું એપ્લીકેશન ઓફ માઈન્ડ નથી અને કાંતો આ વિધાનસભાના જે અધિકારો છે એ અધિકારો આ વિધાનસભા ગૃહ પાસેથી આપ લઈ લેવા માગો છો. કલમ-૪ તરફ આપશ્રીનું ધ્યાન આમંત્રિત કરવા માગું છું કે યુનિવર્સિટીનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે અથવા સરકાર જાહેરનામાથી નિર્દેશ કરે તેવા કોઈપણ સ્થળે રહેશે. તો આજે આ યુનિવર્સિટીનું બિલ કોણ પસાર કરે છે ? આ વિધાનસભાગૃહ એ પસાર કરે છે, યુનિવર્સિટીની સ્થાપનાનો અધિકાર કોની પાસે છે તો એ આ વિધાનસભાગૃહ પાસે છે.અને આ વિધાનસભા ગૃહને આ યુનિવર્સિટીનું વડુમથક કયાં રહેશે તેના માટે સરકાર કાંઈ કહી શકતી નથી. શું એ અમારો જાણવાનો અધિકાર નથી ? શું જયારે આખા બિલ ઉપર અમે ચર્ચા કરતા હોઈએ ત્યારે અમારા વ્યુઝ જાણવાની સરકારની ફરજ નથી કે આ યુનિવર્સિટીનું વડુ મથક આજે આપ લઈને આવી શકયા હોત કે ગાંધીનગર રહેશે અથવા તો આપ કહો કે વડનગર રહેશે. પણ તેના pros and cons કયાં રાખવાથી શું અને શું નહીં એ આ પાટલી ઉપર બેઠા હોય કે પેલી પાટલી ઉપર આ ગૃહના સભ્યોને એ જાણવાનો અબાધિત અધિકાર છે. કે જયારે કાયદો પસાર કરતા હોઈએ ત્યારે એમના વિચારો અને એમનો અનુભવ અને એમની વાત લોકશાહીમાં આપી શકવા જોઈએ. આપે એ વાત નથી કરી. આપ તો એ અધિકાર આ વિધાનસભાગૃહ પાસેથી લઈ લેવા માગો છો. આ પ્રેકટીસ મને લાગે છે કે જેટલી વહેલી બંધ થાય એટલું સારું, આ સર્વોત્તમ ગૃહનો અધિકાર છે તેના ઉપર તરાપ જેટલી વહેલી બંધ થાય એટલું લોકશાહીનું વધારે હિત થશે. કલમ ૫ છે. શિક્ષકોના શિક્ષણ કાર્યક્રમોને નવું માળખું પુરું પાડવું અને દેશને અને વિશ્વને નવીનતમ પ્રકારના શિક્ષકો પુરા પાડવા. આપ આગળની પરિકલ્પના દર્શાવી શકતા હો ત્યારે આપની એ ફરજ નથી કે વર્તમાનમાં આપની પાસે જે છે તેનું આપ શું કરો છો? Differently eligible child અથવા God gifted child કહીએ એવા, જેના માટે ખાસ શિક્ષણ આપવા માટે ખાસ શિક્ષકો પુરા પાડવાની વાત કેન્દ્ર સરકારે છ વર્ષ પહેલા કહી હતી. અને એમ કહયું હતું કે અમે સો ટકા ગ્રાન્ટ આપીશું. રાજય સરકારે કન્ડીશન કરી કે યસ, આ પીરીયડ પુરો થશે પછી તેનો બોઝો રાજય સરકાર ઉઠાવશે. તે શિક્ષકો નવીનતમ વાત કરતા હતા. ગામડાંમા જતા હતા. એક એક સ્કૂલમાં ટુરીંગ કરીને વારા ફરતી જતા હતા. અને તેવા શિક્ષકો જે વિદ્યાર્થીઓ differently eligible છે તેને શિક્ષણ પણ પૂરું પાડતા હતા અને તે શિક્ષણ પૂરું પાડવા માટે તેને ખાસ શિક્ષણ આપવામાં આવેલ હતું. આજે ૧૩ મહિના થયા, કેન્દ્ર સરકારની સાથે થયેલ વાત પછી પણ લંબાવેલ પીરીયડ હતો તે પણ પુરો થઈ ગયો પણ આપણી જવાબદારી નથી? બહુ આસાન હોય છે ઠીકરું કોઈકને માથે જઈને ફોડવાનું. ૧૯૯૦ થી લઈને અત્યાર સુધીના વર્ષો ગણીએ તો હવે એવું નથી કહી શકાય એમ કે અમારો વારસો, વારસો, વારસો, પણ તમે આટલા વર્ષમાં કેટલા વરસ્યા એ તો બતાવો? શું આપની એ ફરજ નહોતી આપના સમય ગાળા દરમિયાન, આપે જે કર્યુ, કેન્દ્રમાં પણ આપનો પીરીયડ રહયો, હું કોઈ ટીકામાં ઉતરતો નથી, પણ સામા પક્ષેથી કોઈ વાત આવતી હોય ત્યારે અને અમે માત્ર વિરોધ નથી કરતા, પણ રચનાત્મક વિરોધ કરીએ છીએ. અને જયાં જરૂર લાગી છે ત્યાં સહયોગ પણ આપ્યો છે. આપની કોઈ બાબતનું બિલ વિના વિરોધે પસાર પણ કર્યુ છે. આપના ઉદેશો અને કાર્યોને મારા સાથી અર્જુનભાઈએ પણ બિરદાવ્યા છે. પણ તેને પરીપૂર્ણ કરવા માટે આપની જે ફરજ આવે છે, આપે ઉમદા શિક્ષકો લાવવાની વાત કરી છે, અને પગાર આપવો છે ૨૫૦૦ રૂપિયા, આપે વિદ્યા સહાયકોની વાત કરી છે, પણ આપને અમે વારસામાં એવું નહોતું આપ્યું કે ફીકસ પગાર વાળા કર્મચારીઓ મુકજો, આપને વારસામાં તો આવ્યા હતા પૂરતા પગારવાળા શિક્ષકો.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, અહીં કેટલીક ટિપ્પણી એવી પણ થઈ કે પહેલા શિક્ષકોની જગ્યાઓ ખાલી રહેતી હતી. આપણે જ્યારે સ્તર સુધારવાની વાત કરીએ છીએ ત્યારે આપણે જો ખાલી શિક્ષકોની જગ્યાએ નામના શિક્ષક મૂકવાના પ્રયત્ન કરીએ અથવા એવા શિક્ષકની ક્ષમતા હોવા છતાં ફસ્ટસ્ટેશન રહે, આજે ૨૫૦૦ અને ૩૫૦૦ રૂપિયાના ફિકસ પગારમાં શિક્ષકોને મૂકીએ, આપણે જ કહીએ છીએ કે વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશમાં તરફ આપણે પ્રગતિ કરી રહ્યા છીએ. આપણે જાણીએ છીએ કે ગુજરાતમાં વિકાસની દ્રષ્ટિએ એક મોટી તાકાત રહેલી છે. આ સંજોગોમાં જો એ શિક્ષકોને આપણે પૂરતો પગાર નહિ આપીએ તો ટેલેન્ટ કયાં જશે? ટેલેન્ટ વીલ નેવર કમ ટુ અસ્ક એ જશે કોરપોરેટસમાં, એ પોતાની રીતે

બહાર જશે અને જેના પર આપણે ભવિષ્યનો આધાર રાખીએ છીએ ત્યાં આગળ આપણને સારા શિક્ષકો નહિ મળે. હા, કદાચ આપણે રાજી થઈ શકીએ કે અમે બહુ જગ્યાઓ ભરી, પણ એ જગ્યાઓ ભરવાની સાથે હમણાં જ મેં દાખલો આપ્યો તેમ ઝીરો ટકા સુધી સેમેસ્ટારના રીઝલ્ટ જાય. બેસ્ટ કહેવાતી ઇન્સ્ટિટ્યૂટનું સ્ટાન્ડર્ડ નીચે ઊતરે, આખા રાજયની ફસ્ટ સેમેસ્ટારની એવરેજ નીચે આવતી હોય અને ત્યારે આપણે સ્વાભાવિક રીતે એના માટેની ચિંતા ન કરવાના હોઈએ અને નવી યુનિવર્સિટી માટે આપણે આગળ વધતાં હોઈએ ત્યારે સ્વાભાવિક રીતે ચિંતા થાય. આપણે ચોક્કસ ધ્યેય સાથે ૧૨માં પછી શિક્ષકો તૈયાર કરવા જઈ રહ્યા છીએ, આદર્શ તરીકે ચોક્કસ આવકારું છું. ગ્રેજ્યુએટ થયા પછી ત્રણ વર્ષ કરીને લો કરનાર વિદ્યાર્થીના બદલે ૧૨માં પછી પાંચ વર્ષના ધ્યેય સાથે લોમાં જનાર વિદ્યાર્થી આવકારદાયક છે એનું પરિણામ પણ આપણે જોયું છે. પરંતુ એ જ ક્ષેત્રમાં માત્ર આપણે ધ્યાન કેન્દ્રિત કરીને એને અનુરૂપ બેઠકો નહિ ભરીએ અને પ્લાનિંગ વગરની બેઠકો વધારીશું, પ્લાનિંગ વગર ના સ્પેશ્યલાઈઝ તૈયાર કરવા જઈશું તો સ્પેશ્યલાઈઝ થયેલ વ્યકિતઓને કામ નહિ આપી શકીએ તો શું સ્થિતિ થશે? આપણે પી.ટી.સી.ની ખૂબ સંસ્થાઓ ઊભી કરી દીધી. આ રાજયમાં એટલા બધા પી.ટી.સી. કરેલા મળતાં થયા કે આજે ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ પી.ટી.સી.માં ગયા પછી પી.ટી.સી.માં ફસ્ટકલાસ માર્કસ લાવ્યા પછી એ નથી ઘરના કે નથી ઘાટના. પ્રાથમિક શિક્ષકની ટ્રેનિંગ લીધેલ વ્યકિતને પ્રાથમિક શિક્ષક તરીકે તમે ન મૂકી શકો એજ સ્પેશ્યલાઈઝેશન એને બીજે કયાંય કામ નહિ લાગે, પી.ટી.સી. ના ક્વૉલિફિકેશન પર એ બીજે જઈ નહિ શકે ત્યારે એક ભયસ્થાન છે એને પણ આપણે સમજવું જોશે. આની જવાબદારીઓ બહું આવશે. અને દરેક માતા પિતા કેરીયર ઓરિએન્ટેડ બને કેરીયર ઓરિએન્ટેડ થાય એનું ભવિષ્ય ઘડાય એના માટે રાજયની, રાષ્ટ્રની કે આંતરરાષ્ટ્રીય જરૂરિયાતને નેટ પર બેસીને સ્ટડી કરી શકે ફયુચરના પ્લાનનો અભ્યાસ કરી શકે અને બાળકને ત્યાં મોકલે તેવી ક્ષમતા નહિ હોવાથી એમને તો પાંચ વર્ષના કોર્સમાં મોકલી આપશે. પાંચ વર્ષના એ કોર્સ પછી એને જો એ સ્પેશ્યલાઈઝ જગ્યા ઉપર આપ નહિ મૂકી શકો. આપણે ત્યાં ડી.પી.એડ થયેલા છે, આપણી પાસે ઘણા ચિત્રકલા થયેલા છે, આપણી પાસે મ્યુઝિકના સારામાં સારા તૈયાર થયેલા વ્યકિતઓ છે. Are we able to provide them job ? આપણે એને નથી આપી શકતા. પરિણામે શું થાય છે કે એક ટેલેન્ટ રાજયની છે તેને એ સ્ટ્રીમમાં આપણે નાખીએ છીએ કે જ્યાં ગયા પછી સર્વોત્તમ સ્થાન પર પહોંચ્યા પછી પણ એના કેરિયર માટે, તેના જીવન માટે એની જગ્યા એ ઉપલબ્ધ નથી. વર્ષો, નાણાં આ બધું જ ગુમાવ્યા પછી આપણે એમાં કોઈ એવી જોગવાઈ કરીએ છીએ ખરા કે આ યુનિવર્સિટી આવતા દિવસોનો અભ્યાસ કરશે, મારી આ યુનિવર્સિટીમાંથી નીકળેલો બાળક જો કયાંય નોકરીમાં જોડાવા માગતો હશે તો એ જોબલેસ નહીં રહે. એનું અમારા પાસે પ્લાનીંગ હશે. અમે યુનિવર્સિટીના કેમ્પસમાં રીક્રુટમેન્ટ માટેની વ્યવસ્થા ઉભી કરીને એ ગ્રૅજ્યુએટ થાય તે પહેલાં તેની રીક્રુટમેન્ટની પોસ્ટ ઉભી થાય એવી વ્યવસ્થા કરીએ છીએ. એ વ્યવસ્થા આપણે કરી શકતા હોઈએ, એ વ્યવસ્થા આપણે આપી શકવાના હોઈએ તો સારી વાત છે. પણ જો એ નહીં આપી શકીએ તો આપણે માત્ર એક ફૅક્ટરીની જેમ ડિગ્રીઓ બહાર પાડીએ અને તેને વ્યવસ્થા ન આપી શકીએ તો એ આવકારદાયક નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી માનનીય અર્જુનભાઈ બહુ વ્યાજબી વાત કરતા હતા. પણ ઘણી વખત વ્યાજબીપણાને સ્વીકારવાની આપણી તૈયારી હોતી નથી. એક પદની ગરિમા હોય છે. ચાણક્યની નીતિમાં કહ્યું છે, કે રાજા નાની ઉંમરનો પણ સિંહાસન પર બેઠો છે, સત્તા પર બેઠો છે. એ રાજાના પર્સનલ ઈકવેશન નહીં રહે. તેના પરિવારનો મોટો વ્યકિત પણ જાહેરમાં એને મળે તો રાજા એને નમન નહીં કરે. રાજા એને નામથી નહીં બોલાવે. રાજા એની સાથે હસ્તધૂનન નહીં કરે. એટલા માટે કે એ પદની એક ગરિમા છે અને એનાથી અમુક અંશથી વધારે પોતાના વ્યકિતગત સંબંધો પ્રદર્શિત ન કરી શકાય. વાઈસ ચાન્સેલરની પોસ્ટ એ પદવાળી પોસ્ટ છે. હોઈ શકે કાલે, મારા પરિવારનો અથવા મને વડીલ ગણનારો માણસ વાઈસ ચાન્સેલરની ખુરશી ઉપર બેસી શકે. પણ એ વાઈસ ચાન્સેલરની ખુરશી પર છે ત્યાં સુધી, એનાથી તેની વર્તણૂંકથી, એના વ્યવહારથી, એની વાણીથી કોઈ મેસેજ એવો ન આપી શકાય એમનું ગમે તેટલું રીસ્પેકટ હોય તો પણ. સ્ટીલ હી ઈઝ ઑન ધ ચેર, એઝ અ વાઈસ ચેરમેન, એઝ અ વાઈસ ચાન્સેલર. વાઈસ ચાન્સેલર તરીકે એ પદની ગરિમા છે. હા, આપ જરૂર કોઈના નિવાસસ્થાને જાવ, એના ઘેર જાવ, પબ્લિકમાં નથી. આપ એને સાષ્ટાંગ દંડવત્ કરો. આપનો વિવેક છે આપ કરો, વાંધો નથી. પણ એક વાઈસ ચાન્સેલર એ પદની ગરિમા નહીં જાળી શકે. તો અપમાન એ સમગ્ર યુનિવર્સિટીનું છે. એટલા માટે મેં ચાણક્યને ટાંકીને કહ્યું કે આ જરૂરિયાત હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જરૂરિયાત ક્યારે રહી શકે? આપણી પાસે બન્ને અનુભવો છે. ભાવનગર યુનિવર્સિટી કે પાટણ યુનિવર્સિટી જેવી જ્યાં અપોઈન્ટમેન્ટ ઑફ ધ વાઈસ ચાન્સેલર એ યુનિવર્સિટીના ચાન્સેલર એટલે કે ગવર્નર કરે છે. સર્ચ કમિટી હોય છે. સર્ચ કમિટીના સભ્યોની નિમણૂંક પણ ત્યાંથી થાય છે. આપણે આ પદની ગરિમા જળવાય, માનનીય અધ્યક્ષશ્રી, એવું માનવાને કયારેય કારણ નથી કે હું તો એમ પણ માનું છું, મને ગમે કંઈક, કોઈ વસ્તુ આજીવન નથી. અમે વર્ષો સુધી ત્યાં રહ્યા, આજે અહીંયા છીએ. કેન્દ્રમાં પણ ભારતીય જનતા પક્ષની આગેવાનીવાળી સરકાર રહી. આજે અમારા પક્ષની આગેવાનીવાળી સરકાર છે, કાલે ન પણ હોય. કોઈ સ્થાયી નથી. પણ જે કાયદો આપણે પસાર કરતા હોઈએ છીએ એ કાયમી હોય છે. એ સ્થાયી હોય છે. એ કાયદો જ્યારે આપણે બનાવીએ છીએ ત્યારે આજે

આપણને ગમે કદાચ, કે હું જે કાયદો લઈને આવ્યો છું એમાં વાઈસ ચાન્સેલર નક્કી કરવાના મારી પાસે પાવર્સ રાખું, પણ એ કરવાથી જે ઘટનાઓ બને છે એ ચેતવણી રૂપ છે. અપોઈન્ટીંગ ઓથોરિટી એ ઈન્ડીપેન્ડન્ટ હોય તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે અહીંયાં કલમ-૧૨માં કુલપતિની નિમણૂક નીચેની રીતે કરશે. કુલપતિની નિમણૂક માટે યોગ્ય નામોની ભલામણો કરવા રાજય સરકારે રચેલી શોધ સમિતિ રહેશે. રાજય સરકારે રચેલી સમિતિ - can't we give this power to Hon'ble Governor? He is constitutional head. એ સર્ચ કમિટિ મૂકે. એનો વાંધો શું હોઈ શકે? મને આપે જે કહ્યું કે, એક નામાંકિત શિક્ષણવિદ્દ, ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયધીશ, અને આ નિવૃત્ત ન્યાયધીશ કોણ નક્કી કરશે? આપ શા માટે સ્પષ્ટતા નથી કરતા? ગુજરાત હાઈકોર્ટના એક નિવૃત્ત ન્યાયધીશ, જેનું નામ સીટીંગ ચીફ જસ્ટીશ ઓફ હાઈકોર્ટ, નામદાર હાઈકોર્ટના ચીફ જસ્ટીશ જેનું નામ, નિવૃત્ત ન્યાયાધીશનું નામ મોકલે એ સર્ચ કમિટિના સભ્ય રહેશે. Again I will go back to that, કેટલાક પદની ગરીમા હોય છે. આપણે એની અપોઈન્ટમેન્ટ ઓથોરીટી ન બનીએ. Hon'ble Chief Justice of the High Court is the best judge કે કોને ત્યાં મોકલવા છે? મારી આપના મારફત માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે કે, આ પાવર્સ છે એ કયાં આપવાનો પ્રયત્ન કર્યો છે? ગુજરાત સરકારના નિવૃત્ત મુખ્ય સચિવ / અધિક મુખ્ય સચિવ. રાજય સરકારની સમિતિના અધ્યક્ષ તરીકે તેમાંથી કોઈ એકનું નામ નામનિયુકત કરશે. આ પદને પણ એક ગરીમા હોય છે. આપ એક હાઈકોર્ટના ન્યાયાધીશને મેમ્બરને તરીકે મૂકીએ છીએ અને અધિક મુખ્ય સચિવ કે મુખ્ય સચિવને જે નિવૃત્ત છે એને ચેરમેન બનાવીએ છીએ. હાઈકોર્ટના ન્યાયાધીશ મિનિસ્ટરીયલ રેંકની વ્યકિત છે. ઈન્ડીપેન્ડન્ટ જયુડિશિયરી વ્યકિત છે. એને આપ ચેર નથી કરવા દેતા. આપ ચેરમેન તરીકે એક નિવૃત્ત અધિકારીને મૂકો છો. આપણને પ્રશ્ન થાય? શું આપણે પેલા નિવૃત્ત ન્યાયાધીશને direct that માણસ મૂકાવો જોઈએ. Vice Chancellor આપણો માણસ હોય અને આપણે મૂકીએ તો એ કરી શકે. શું આ જ એની પાછળનો આશય છે? અને એટલા માટે મેં પૂર્વભૂમિકા બાંધીને કહ્યું કે, આ જોગવાઈઓ છે એમાં એક સારા વાઈસ ચાન્સેલર લાવવા માટે ફેરફાર કરવો જોઈએ. આપ નહીં કરો. બહુમતીના જોરે બિલ પસાર કરશો. પણ આવતા દિવસોમાં આપણી જે પરીકલ્પનાઓ છે, જે આદર્શ યુનિવર્સિટીની વાત કરો છો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચવાની વાત કરો છો અને આપણે આપણા petty politicsમાંથી બહાર ન નીકળી શકીએ. બાજની ઉંચાઈએ ઉડવું હોય તો બતકાઓ સાથે તરવાનું બંધ કરવું પડે. તો જ આપણે હાઈટ ઉપર ઉડી શકીએ. એ હાઈટ ઉપર પહોંચવું હોય તો આ બિલની અંદર જોગવાઈ પણ એવી શા માટે ન કરીએ? આ બિલની અંદર જોગવાઈઓ એવી હોવી જોઈએ કે, જેમ આપણે ઓબ્જેકશન અને રીજન્સ, તમો વિરોધ નહી કરો. મારા સાથીએ ડિબેટને ઓપન કરતાં કહ્યું કે, Objects and reasons, we welcome this objects and reasons. જોગવાઈઓ પણ એવી શા માટે ન કરીએ? પેટા કલમ- ૧૨ (૬) માં રાજય સરકારે, કુલાધિપતિ સાથે વિચારમિનિમય કરીને, પેટા કલમ-(૫)માં ઉલ્લેખેલ પેનલમાંથી એક વ્યકિતની યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂક કરવી જોઈશે. શા માટે ગવર્નર સાહેબ નહીં? આપણે કેટલાક ક્ષેત્રોને રાજકીય હસ્તક્ષેપથી બહાર ન રાખવા જોઈએ અને એ કરીએ તો એનો ફાયદો આખરે આવતા દિવસોમાં એક ઈન્ડીપેન્ડન્ટ ઉપ કુલપતિની પોસ્ટમાં આપણે હસ્તક્ષેપ નથી કરતા એનો ફાયદાઓ દેખાવાના છે. આ બિલ મને લાગે છે કે, એટલું બધું ઉતાવળે આવ્યું છે કે કાંઈ સમજાતું નથી. રાજય સરકારના લિગલ ડિપાર્ટમેન્ટ, એજયુકેશન ડિપાર્ટમેન્ટ માનનીય મંત્રીશ્રી, કેટલી બધી આંખો નીચેથી આ બિલ પસાર થયું હશે. તો પણ પ્રાયોરિટી આ બિલની જોગવાઈઓમાં ઊંડા ઊતરવાની ન હતી ? આપણી ફરજ ન હતી કે આપણે કેટલીક બાબતોનો ઝીણવટભર્યો અભ્યાસ કરવો જોઈએ? આપની કલમ-૧૩ મુજબ કુલપતિ પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદ્દત માટે અથવા ૬૫ વર્ષની ઉંમરે પહોંચે તે બન્નેમાંથી વહેલું હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે. હજી બે કે ત્રણ દિવસ પહેલાં આપ એક બિલ લઈને આવ્યા હતા. આ બિલ શેના માટે હતું? કુલાધિપતિશ્રીની ઉંમર છે એ ઉંમર ૭૦ વર્ષ કરવી છે. શા માટે ૭૦ વર્ષ કરવી છે? એક કમિટીની ભલામણ પર માનવ સંસાધન વિકાસ મંત્રાલયે અમને એક પરિપત્ર મોકલ્યો છે અને એમ કહ્યું છે કે ૭૦ વર્ષની ઉંમર રાખવી જોઈએ. જેના માટે આપ સુધારો લઈને આ ગૃહમાં આવ્યા કે ઉંમર ૭૦ વર્ષ રહેશે. હવે અત્યારે આપ શું કરો છો? ૬૫ વર્ષ કરો છો. એનો અર્થ એ થયો કે બિલ ડ્રાફ્ટ કરતી વખતે સ્ટિરિયો ટાઈપ યુનિવર્સિટીના બિલોમાંથી કોપી કર્યું છે. આપનું દિલ અને દિમાગ આમાં ઓતપ્રોત થયું હોત તો અહીં ૬૫ વર્ષ ન હોત પણ ૭૦ વર્ષ હોત. આપે તે દિવસે એમ કહ્યું કે અમારે આ કરવું પડે છે. આ આ કારણો છે. હજી ત્રણ દિવસ પહેલા અને આજે આપને યાદ ન રહ્યું કે ૬૫ વર્ષ નહીં પણ ૭૦ વર્ષ હોવા જોઈએ?

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૮ના સબ સેકશન-૨ મુજબ જનરલ કાઉન્સિલ નીચેના સભ્યોની બનશે. એમાં ત્રણ નંબરની જોગવાઈ છે. શિક્ષણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ, ઉચ્ચ અને ટૅક્નીકલ શિક્ષણ ગુજરાત રાજ્ય અથવા તેમના નામ નિયુક્ત. શા માટે આપણે આમ કરીએ છીએ? આપણને ખબર નથી કે જે જગ્યાએ કુલાધિપતિ એ એના ચેર કરવાના હશે ત્યારે મંત્રીશ્રીઓની પોતાની પ્રાયોરિટી અને એક પ્રોટોકોલ પણ હોય છે. એ સંજોગોમાં આપ તો જવાના નહીં. આપ જનરલ કાઉન્સિલમાં જશો નહીં પણ આપને

ગમતાને ત્યાં આપ મૂકવાના છો એટલે આમાં લખ્યું છે કે મંત્રીશ્રી અથવા તેમના નામ નિયુક્ત. એટલે You will designate a person to the General Council, શા માટે શૈક્ષણિક સંસ્થાઓમાં યુનિવર્સિટીની સ્વાયત્તતા અને આટલેથી અટકતા નથી. મહિલા અને બાળ વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી, એટલે સ્વભાવિક એ નહીં જવાના. પ્રોટોકોલ, વર્કલોડ અથવા તેમના નામ નિયુક્ત એટલે એ પણ એક નિયુક્ત કરશે. એ પણ જનરલ કાઉન્સિલમાં જશે અને કલમ-૨૨ મુજબ રાજ્ય સરકારે નામ નિયુક્ત કરવાના પાંચ સભ્યો. એટલે પાછા આપ આપના ગમતા પાંચ મોકલવાના છો. Leave it to Hon ble Governor, નીમશે. સરકાર આ પક્ષની હોય કે તે પક્ષની હોય, રાજકીય હસ્તક્ષેપ યુનિવર્સિટીમાં નથી કરવો અને ભૂતકાળના અનુભવો છે. હું એમ નથી કહેતો કે મારા પક્ષની સરકાર હતી અને કાયદો બન્યો છે. એવો પણ અનુભવ કર્યો છે કે સરકારે પોતાની પાસે રાખ્યું હોય પણ મને ગૌરવ છે કે મારા પક્ષની સરકારોએ એ પણ કર્યું કે નહીં, Let, H.E Governor of Gujarat can appoint. એમને પાવર્સ આપીએ, એમને અધિકારો આપીએ અને એમના અધિકારો અને પાવર્સ મુજબ મુકાયા હોય એવું પણ થયું છે. આપ આ કરશો તો યુનિવર્સિટીની સ્વાયત્તતામાં આપનું પણ સારું દેખાશે, ગુજરાતનું પણ સારું દેખાશે. આપ જનરલ કાઉન્સિલના સભ્યોમાંથી પાછા રાજ્ય સરકારે નામ નિયુક્ત કરવાના ચાર સભ્યો. રાજ્ય સરકારે નામ નિયુકત કરવાના ચાર સભ્યો. એટલે indirectly General Council પર રાજ્ય સરકારના નિયુકિતના અથવા રાજ્ય સરકારના representative અથવા પોતાના એનું વર્ચસ્વ કેમ વધે? આના માટેની બિલમાં ચિંતા સેવાઈ હોય એવું લાગે છે કે બિલ ઉતાવળે લાવ્યા છો. હું માનું છું જે પાસાઓ માનનીય અર્જુનભાઈએ ઉજાગર કર્યા. કેટલીક બાબતો મારી સામેના સત્તાધારી પક્ષમાં રહેલા ભાઈ માનનીય સભ્યશ્રી ભરતભાઈ બારોટે ઉજાગર કર્યા. આ બધાને સાંકળવા, આ બધાને જોડવા અત્યંત જરૂરી છે. આપ આજે તો કાંઈ કરવાના નથી. આવું તો ઘણું કર્યુ છે. પશુ સંવર્ધન યુનિવર્સિટીનું બિલ પાસ કર્યુ એની વાતો કરી પણ કશું થઈ શક્યું નથી. એટલે આપણે કરીએ અને કાલથી તો કાંઈ કરવાના નથી. આ પ્રવર સમિતિને જવા દો. ત્યાં બધા પક્ષના સભ્યો છે. આપના પક્ષના બહુમતિ સભ્યો છે. શિક્ષણશાસ્ત્રીઓ પાસેથી પણ આનો અભિપ્રાય માગો. વિગતવાર અભ્યાસ થાય અને પછી પ્રવર સમિતિ સુધારા-વધારા ના સૂચવવા હોય તો ના સૂચવે, સૂચવવા હોય તો સૂચવે. એક ઊંડાણથી અભ્યાસ કર્યા પછી પ્રવર સમિતિ આ બિલને મોકલે. આપ વિધાનસભા ગૃહમાં લઈને આવો આપણે સર્વસંમતિથી મંજૂર કરીએ. હું અને મારા પક્ષના સભ્યશ્રીઓ પ્રવર સમિતિ એમનું wisdom વાપરશે અને પછી બિલ લાવશે તો એમાં સંપૂર્ણ સહયોગ આપીશું. કેટલીક જોગવાઈઓ મેં આપને કહી એવી છે કે થોડોક સમય થશે અને આપ યુનિવર્સિટી સ્થાપશો અને યુનિવર્સિટી શરૂ કરશો અથવા કરવા જશો ત્યારે આપે ફરી હાઉસમાં આવવું પડશે amendment લઈને કે અમારે આ કાયદામાં સુધારા વિધેયક લાવવું પડશે. આપનો પણ સમય બચશે કે સુધારા વિધેયકોની જરૂર નહિ પડે. આપનો વિભાગ, કાયદા વિભાગ આપ સાથે બેસીને કાંઈક એવું તૈયાર કરો જે પ્રવર સમિતિને મોકલો. પ્રવર સમિતિ અભ્યાસ કરીને, જ્યારે કામ બને એટલું વહેલું પૂરું કરીને લાવે અને આપણે સર્વસંમતિ આ બિલને પસાર કરીએ જેથી કરીને GTU જેવું થયું છે એવું અહીં ના થાય અને પરિણામલક્ષી ગુજરાતના હિતમાં આપણે કાંઈક કરી શકીએ એવી મારી વાત રજૂ કરીને બિલના હાર્દ સાથે સંમત થાઉં છું. બિલની જોગવાઈઓ અંગેની મેં ચિંતા વ્યકત કરી છે ત્યારે પ્રવર સમિતિને સોંપાય એવી આશા સાથે વિરમું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શિક્ષણ મંત્રીશ્રી જે The Indian Institute of Teachers Education Bill લઈને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં ગુજરાતના વિકાસના સર્વાંગી વિકાસના ઉચ્ચત્તમ શિખરો સર થાય એ પ્રકારનું આ એક ઐતિહાસિક પગલું છે. ગુજરાતના મુખ્યમંત્રીએ, ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આ રાજ્યને પંચશકિત પંચામૃતની ભેટ આપી છે અને એ પૈકી એક શિક્ષણ શકિતના ગુજરાતના વિકાસની પ્રક્રિયામાં વેગ મળે એ માટે જ્ઞાન શકિતના માધ્યમથી એક નવું ઈતિહાસનું પાનું લખવા તરફ આ સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં જ્યારે આ સભા જઈ રહ્યું છે ત્યારે આ સભા સૌ સાથીઓ અને શિક્ષણ મંત્રીને હું હાર્દિક અભિનંદન આપું છું. શિક્ષણ એક અખંડ યાત્રા છે, એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે અને એ સંજોગોમાં આ સરકાર કાંઈ નવું કરવા તરફ જઈ રહી છે એનો આ એક દાખલો છે. માનનીય અધ્યક્ષશ્રી, સારા શિક્ષકો મારફતે સારા વિદ્યાર્થીઓનું સર્જન કરવાનું છે એ ચિંતા અમારી પણ છે અને સામે બેઠેલા મારા વિદ્યવાન સાથીઓની પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે વેર્સ્ટન સંસ્કૃતિ તરફ આપણે ઘસડાઈ રહ્યા છીએ તેવા સંજોગોમાં ભારતીય સંસ્કૃતિને એની પ્રાચીનતમ્ સંસ્કૃતિને સાચવીને એને ઉજાગર કરીને આ રાષ્ટ્રની સંસ્કૃતિને સર્વોત્તમ બનાવે એવા શિક્ષણ આપવાના કન્સેપ્ટ સાથે આ ધી ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન વિધેયકથી આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આને હું It is just like a Indian Institute of Management, Indian Institute of Techology અને આ છે I.I.T.E.. I.I.M અને I.I.T.ની સ્થાપના મોટાભાગે કેન્દ્ર સરકારે કરી છે અને એ દિશા તરફ પહેલ કરવા માટે આપણે જઈ રહ્યા છીએ ત્યારે I.I.T.E. માટે આ સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા પણ ઓછા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શૈક્ષણિક વિકાસ માટે ગુજરાતમાં કાંઈક નવું કરવા માટે આપણે જઈ રહ્યા છીએ એક બાજુ આપણે દાખલાઓ આપીએ છીએ કે, કૉલેજોમાં પ્રોફેસરોની સંખ્યા, એસોસિએટ

પ્રોફેસરોની સંખ્યા, લેક્ચરરોની સંખ્યા પૂરી શકાતી નથી, શેના માટે ? આજે એ દરેક કૉલેજોમાં પ્રોફેસરોની, લેક્ચરરોની નિમણૂક માટે M.Ed. ફરજિયાત છે અને એ સંજોગોમાં આમાંથી જે શિક્ષકો કારણ કે, બીલની જે જોગવાઈઓ છે એમાં બારમા પછી ચાર વર્ષ માટેનો અભ્યાસ ક્રમ B.Ed.ની ડિગ્રી આપશે, પાંચ વર્ષ માટેનો અભ્યાસ ક્રમ M.Ed.ની ડિગ્રી આપશે ત્યારે હું એમ માનું છું કે, જે ખોટ અત્યારે છે, જે ખોટ સાલી રહી છે એ આપણે ઇચ્છીએ તો પણ તાત્કાલિક એની પૂર્તિ કરી શકતા નથી. કારણ કે, શિક્ષક્ના સર્જનમાં વર્ષો નીકળી જાય છે. આજે આપણે ઇચ્છીએ અને કાલે કોઈ શિક્ષકની પ્રતિમા બનાવીને મૂકી દઈએ અને એ ભાણાવે એવું એકલવ્ય અને એનો જમાનો ગયો છે, આજે તો આપણે ભણવું જ પડે, કલાસરૂમમાં જવું જ પડે એ પ્રકારની પરિસ્થિતિમાં જ્યારે આપણે જઈ રહ્યા છીએ ત્યારે એક સારા શિક્ષકોના સર્જન માટેના જે પ્રયાસો આ ગુજરાત સરકાર કરી રહી છે એને આપણે સૌ આવકારીએ. માનનીય અધ્યક્ષશ્રી, અનેક પ્રકારના કામો આ સરકારે આવ્યા પછી, માનનીય નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી એના એકે એક પગલા જુઓ, સિરીઝ કન્યા કેળવણીની વાત, પ્રવેશોત્સવની વાત, બેટી બચાવોની વાત, સેલ્ફ ફાયનાનસમાં વધારેમાં વધારે મૅડિકલ અને એન્જિનીયરીંગની સીટો મેળવવાની વાત, ગુણોત્સવની વાત આ એક સળંગ પ્રક્રિયા છે. સૌથી પહેલા ભૌતિક સુવિધા પૂરી પાડી, નિશાળના રૂમો બનાવ્યા, P.T.C. માટેના શિક્ષકોની નિમણૂક થાય એ માટે વિદ્યાસહાયકોની નિમણૂકો થઈ અને ત્યાર પછી એમ કહયું કે ચાલો ભણવા, અને મને એક તો દાખલો બતાવો કે ગુજરાતના રાજકારણમાંથી કોઈ રાજકારણી ડાંગ જેવા, પંચમહાલ જેવા વિસ્તારોમાં, ગોધરા જેવા વિસ્તારોમાં, અંબાજી જેવા વિસ્તારોમાં, ગરીબોની ઝૂંપડીએ જઈને એ દીકરીની આંગળી પકડીને એમ કહ્યું હોય કે બેટા ચાલ આ ગુજરાતનો નાથ તને ભણાવવા માટે લેવા માટે આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે તો એ પ્રકારના છીએ. અમે તો ઘણું વરસ્યા છીએ, હમણાં વાત કરી કે તમે કેટલું વરસ્યા ? અરે ભાઈ, અમે ભાઈ તો એટલું વરસ્યા, એટલું વરસ્યા કે તમે ભીંજાઈ ગયા, અમે એટલું વરસ્યા, એટલું વરસ્યા કે તમે ખોવાઈ ગયા અને અમારું આ વરસવાનું ચાલુ છે અને આગામી દિવસોમાં કયાંક તમે ગોતેલા જડવાના નથી એટલું અમે વરસ્યા છીએ. મારે જે વાત કરવી છે જયારે ગરીબોના નામનો ઉલ્લેખ અહીંયા થયો ત્યારે આ ગરીબની દિકરા-દીકરીની વાત ગરીબના દિકરાને ભણાવવાની વાત કરી છે અને આજે ગુજરાતનું સમગ્ર તંત્ર, વહીવટી તંત્રની સાથે રાજકીય પ્રતિનિધિઓ પણ ગામડે ગામડે જઈને ગરીબના દિકરાઓને ભણાવવાની ચિંતા કરી છે. આજે જે શિક્ષણમાં નામાંકન થઈ શકે એવો એકેય મારો ગરીબનો દિકરો કે દીકરી ભણવા વિનાની બાકી નથી.અમે પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો. આની સાથે સંલગ્ન છે એટલે વાત કરવી છે. કોઈ આઈ.એ.એસ. ના દીકરાને ભણાવવા માટેની ચિંતા મુખ્યમંત્રીશ્રીએ નથી કરી. કોઈ આઈ.પી.એસ.ના દીકરાને ભણાવવા માટેની ચિંતા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ નથી કરી. કોઈ ડોકરના, વકીલના, એન્જિનિયરના, પ્રોફેસરના દીકરા-દીકરીઓને ભણાવવાની ચિંતા નથી કરી. ગુજરાતના મુખ્યમંત્રી સંવેદનશીલ મુખ્યમંત્રી છે અને ગામડામાં દાડીયું રળતા, મજૂરીએ જતા ગરીબ મા-બાપના દીકરા-દીકરીઓને ભણાવવાની ચિંતા કરી છે. ગુજરાતના વિકાસની યાત્રા અમે ત્યાંથી શરૂ કરી છે. આ વિકાસની યાત્રા આગળ ચાલવાની છે. આ વિકાસની યાત્રામાં આ શરૂ થયેલ યજ્ઞ, શિક્ષણનો યજ્ઞ શરૂ કર્યો છે. ગુજરાતના વિકાસનો યજ્ઞ શરૂ કર્યો છે. એમાં કયાંક સારી આહુતિ ન આપી શકો, પણ મહેરબાની કરીને રોડા નાખવાનું પાપ ના કરશો. ગુજરાતની પ્રજા કયારેય માફ નથી કરવાની. બીજી વાત કરવી છે કે ઘણી વાર આપણે કહ્યું છે ચીનની કહેવતનો ઉલ્લેખ કરવો છે. જ્યારે માણસ એક વર્ષનું વિચારે છે, ત્યારે અનાજ ઉગાડે છે કે એક વર્ષ પછી અનાજ કામ લાગશે. ૧૦ વર્ષનું વિચારે છે, ત્યારે વૃક્ષનું વાવેતર કરે છે. જ્યારે આગામી પેઢી, ભાવી પેઢી માટે વિચારે છે ત્યારે શિક્ષણ સંસ્થાનો વિચાર કરે છે. આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પાસે પર્સપેક્ટિવ પ્લાનિંગ છે, દીર્ઘદ્રષ્ટિ છે. એ દીર્ઘદ્રષ્ટિને લીધે આજે ગુજરાત સમગ્ર રીતે, સર્વાંગી રીતે આગેકદમ આપણે જઈ રહ્યા છીએ અને એના દાખલા પણ છે. મારે વાત કરવી છે એ છે કે અહીયા ચર્ચાઓ થઈ બિલ લઈને આવીએ એટલે* (xxxxx)એ મુકવાની વાત. એક એવી વાત થઈ કે (xxxxx) (xxxxx)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ વિધાનસભાના કોઈપણ સભ્યશ્રી જ્યારે બોલતા હોય છે, ત્યારે એના વિષે આવી ટિપ્પણી કરવી કે બોલતા નથી, પણ (xxxxx). એ રેકર્ડ ઉપર રહે એ બરાબર નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : વાંધો નહિ, આપ કહેતા હોય તો એ શબ્દો હું પાછા ખેંચી લઉ છું.

**અધ્યક્ષશ્રી** : આવા શબ્દો વાપરવા ન જોઈએ. આપ પાછા ખેંચી લો છો કે હું આ શબ્દો કાઢી નાખું?

**શ્રી આત્મારામ મ. પરમાર** : હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. મારે વાત કરવી છે કે જ્યારે (અંતરાય) વરસ્યા ત્યારે બહાર હતા. મારે વાત કરવી છે કે (xxxxx) વાત કરી. અમે પણ એવું ઈચ્છીએ કે (xxxxx) એની તાકાત હોય, ખુમારી હોય અમે તો એવું ઈચ્છીએ છીએ કે આ દેશના વડાપ્રધાન ગરિમા જાળવે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxx) (અંતરાય) અમે એવું ઈચ્છીએ અને સાહેબ એમાં ક્યાંય નથી આવતું. એમણે કહેલી વાત લોજીકલી આરગ્યુમેન્ટ કરીને પૂરી કરું છું. મારે બીજી વાત કરવી છે કે આપણે જાણીએ છીએ કે જ્યારે ગરીબોની વાત કરવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આને દ્વી-અર્થી રીતે બોલવાનો અર્થ નહિ (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) એમાં નહિ પડવું જોઈએ. આપણે આપણી વાત બિલ ઉપરની કરીએ એ વધારે આવકારદાયક છે. આપણે એક પક્ષ સુધી..

**અધ્યક્ષશ્રી** : આપ પણ બેસી જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ વાઈસ ચાન્સેલરની પોસ્ટ માટે છે એટલે વાઈસ ચાન્સેલર કેવા હોવા જોઈએ એ આપણે કહ્યું. પ્રધાનમંત્રીનું બિલ આવે પ્રધાનમંત્રી કેવા હોવા જોઈએ. સભ્યશ્રી બોલે વાંધો ન હોઈ શકે. વાઈસ ચાન્સેલર બિલમાં જોગવાઈ છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે જે વાત કરી એ સમજવાનો પ્રયત્ન કરીએ તો સારું છે. એમણે મેં પણ હમણાં કહ્યું કુલપતિના પદ માટે કહેવાયું ત્યારે કહ્યું હતું. વડાપ્રધાન એક ગૌરવવાળું પદ છે અને આપણે નિયમોની અંદર એના વિષેની ટીકા નથી કરી શકતા.શ્રી આત્મારામભાઈએ જે રીતે ઉલ્લેખો કર્યા છે, તે ઉલ્લેખો યોગ્ય નથી અને એ ઉલ્લેખોને હું સ્વીકારી શકું તેમ નથી. કાં તો એ ઉલ્લેખોને આપ પાછા ખેંચી લો કાં તો હું કાઢી નાખું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ હું પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : મારા માટે ફરજ પડે છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : પણ સાહેબ એમણે જે શબ્દોનો ઉપયોગ કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, એ તમે એમને જે કહ્યું છે એ વાતને સમજો પહેલા. એમણે એમ કહ્યું કે અટલજી અને સુષ્માજી એ બધા એ પદો પર રહ્યા છે, એટલે એ આખું વાકય જયાં સુધી તમે ન સાંભળોને ત્યાં સુધી. મેં સાંભળ્યું છે એટલે કહું છું. શ્રી આત્મારામભાઈ, આપણે એમના વકતવ્યનો જવાબ આપવો એ આપનો અધિકાર છે, પરંતુ વકતવ્યનો જવાબ આપતી વખતે વડાપ્રધાન પદ માટેના આપે ઉલ્લેખો કર્યા છે. તે ઉલ્લેખો અરૂચિકર છે અને હું કાઢી નાખું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉચ્ચતમ પદની તો વાત કરી શકું. નામ લીધા વિના આ દેશના સર્વોચ્ચ પદ પર એવા લોકોને બેસાડયા છે તેના દાખલા છે. અત્યાર સુધી એક પરંપરા ચાલી આવી છે. મારે પરંપરાની વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ જે બિલ ઉપરની ચર્ચા છે તેમાં અને મારે હજુ એક બિલ લેવાનું છે. એક બિલની ચર્ચા પૂરી કરીને બીજું લેવાનું છે. હજું આ બાજુથી બે સભ્યો બોલવાના છે. આપ બિલ ઉપર બોલો તો વધારે સારું છે. આપ બિલ ઉપરની ચર્ચાને વળગી રહો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે ગુજરાતના ઈતિહાસમાં એક સીમાચિહ્ન કહી શકાય તે પ્રકારનું વિધેયક લઈને ગુજરાતના માનનીય શિક્ષણમંત્રી આ હાઉસમાં આવ્યા છે ત્યારે સાહેબ આ બિલનો કન્સેપ્ટ વેરી કલીયર છે. એ પ્રકારની સંસ્કૃત્તિમાં આપણે ફરીથી જવા માગીએ છીએ. આપણે ગુરૂકુળ પરંપરા, ઋષિ પરંપરા એ પરંપરાને સાચવીને જે પશ્ચિમ સંસ્કૃતિમાં જે કંઈ સારું છે, એનો સંગ્રહ કરીને, એ બેનું સંયોજન કરીને, એનું સંકલન કરીને એક શ્રેષ્ઠ શિક્ષક તૈયાર કરીને ગુજરાતના ચરણે ધરવા માટે આ વિધેયક લઈને માનનીય શિક્ષણ મંત્રીશ્રી આવ્યા છે એ વિધેયકને મારું સંપૂર્ણ સમર્થન આપું છું, એટલું કહીને વિરમું છું.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય શિક્ષણ મંત્રીશ્રી ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક લઈને આવેલા છે, ત્યારે ચર્ચામાં ખૂબ સુંદર રીતે વિરોધપક્ષ તરીકે સહયોગ આપી અને રચનાત્મક પોઝીટીવ જેને કહી શકાય એવાં પાસાઓની વાત કરવામાં આવેલી હતી. કમનસીબે કેટલાક રાજકીય અવલોકનોને કારણે આટલું સુંદર જે બિલ છે એની ઉપરની ચર્ચાનું સ્તર જે જળવાવું જોઈએ અને સમય જળવાવો જોઈએ એ નથી જળવાઈ રહેલો, એનું પણ અમને દુ:ખ છે. શિક્ષકોના એજયુકેશન માટે, શિક્ષકોને ટ્રેનિંગ આપવા માટે, શિક્ષકોનું શિક્ષણનું સ્તર વધારવા માટે, અને શિક્ષકોને ફીડબેક આપવા માટે જે આ બિલમાં હાર્દ છે, અને એના કારણે જે યુનિવર્સિટીનો દરજ્જો આપવાની વાત કરવામાં આવેલી છે, એ વાતના હાર્દ સાથે અમે પણ સહમત છીએ.

શિક્ષકો, શિક્ષણના કાર્યક્રમો અત્યારે જે રીતે નવું મોર્ડેનાઈઝેશન યુગની અંદર જે જરૂરિયાત છે, ભારત જેવા એક અબજની વસતિ ધરાવતા દેશમાં, લાર્જેસ્ટ ડેમોક્રેટિક કન્ટ્રીમાં અત્યારે ગુજરાત કોમ્પ્યુટેશન કરી શકે, એ માટેનું જે હાર્દ છે, એ હાર્દમાં નવું માળખું પૂરું પાડવા માટે, વિજ્ઞાન અને ટેકનોલોજીની હરિફાઈ કરવા માટે, વિશ્વની સાથે તાલમેલ કરવા માટે, સાઉદ ઈન્ડિયા સાથે તાલમેલ કરવા માટે આપણા માટે આ યુનિવર્સિટી જરૂરી છે, પરંતુ એ યુનિવર્સિટી બાયસ માઈન્ડથી નહીં, કોઈ ઐતિહાસિક રીતે નહીં, કોઈ પોલીટીકલ રીતે નહીં, પરંતુ

એ યુનિવર્સિટી એકદમ તટસ્થ રીતે બને અને એ બનવામાં જે કંઈ સંકલન કરવાનું હોય, શિક્ષણના કાર્યક્રમનું એ વિવિધ કાર્યક્રમોનું સંકલન થાય એ અત્યંત જરૂરી છે. વિજ્ઞાન, કલા, ટેકનોલોજીનું સંયોજન કરી અને અભ્યાસક્રમોનું સંકલન કરી અને આવતીકાલના બાળકો તૈયાર થાય એ માટે સૌથી પહેલાં શિક્ષકોને ટ્રેનિંગ આપવી જરૂરી છે, એને અપલિફટ કરવાની જરૂર છે, એટલા માટે ગુજરાત ભારતના હિસ્સામાં એક વિશ્વના શિક્ષણવિદો અને ભારતના શિક્ષણવિદો જે છે એનો અભ્યાસ કરી અને એનું રિસર્ચ કરી અને કઈ રીતે આપણે વધારે સારું પ્રોવાઈડ કરી શકીએ એ બિલના હાર્દ પાછળનો આશય છે. માત્ર એજયુકેશન નહીં, પણ ફીજીકલ એજયુકેશન, કલા જેને કહેવાય, રમતગમત ક્ષેત્રે જેને કહી શકાય એવો વિકાસ પણ આ યુનિવર્સિટીના હાર્દમાં છે, એની રચનામાં છે, શિક્ષકોના જ્ઞાનનો વ્યાપ વધારીને સાથેસાથે દક્ષિણના રાજયો ભારતમાં કોમ્પીટેશનનો પણ આશય છે. નવી પ્રણાલિકાઓ જેને કહી શકાય એ પ્રકાલિકાઓ પણ દાખલ કરવાનો આમાં આશય છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. કલામ, આપણા આદરણીય રાષ્ટ્રપતિએ સૌથી વધારે તેમના કાળમાં શિક્ષણની સંસ્થાઓની મુલાકાત લીધી હતી. એ જ પ્રમાણે પૂર્વ વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરૂએ પણ શિક્ષણની સંસ્થાઓની, બાળકોની સૌથી વધારે મુલાકાત લીધી હતી. એ જ પ્રમાણે ડો. રાધાકૃષ્ણને પણ શિક્ષણના માટે અથાગ પ્રયત્નો કરેલા હતા અને એ જયારે આપણી સમક્ષ છે ત્યારે આપણે રાષ્ટ્રિય કક્ષાએ અને વિશ્વ કક્ષાએ પણ હરિફાઈમાં ભાગ લઈ શકીએ એવી વ્યવસ્થાઓ કરવાની જરૂર છે. આપણું યુવાધન અત્યારે અન્ય જગ્યાએ ખેચાઈ રહયું છે, અન્ય રાજયોમાં ખેંચાઈ રહેલું છે, એના જે કારણો છે, એ કારણોમાં ઘણા બધા કારણો છે કે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ આજે ઉદાસીનતા છે. સેંકડો શિક્ષકોને સક્ષમ બનાવવાનો જે પ્રયાસ કરવામાં આવેલો છે આ વિધેયક લાવતાં પહેલાં અનેક આપણી ક્ષતિઓ આપણી આંખો પાસે છે. શિક્ષકોને ફિક્સ વેતન ૨૫૦૦ રૂપિયા, ૩૫૦૦ રૂપિયા કે ૪૫૦૦ રૂપિયાના ફિક્સ પગારો આપી એની પાસેથી કવોલિટલી મેળવવી, એની પાસેથી જ્ઞાન મેળવવું, એની પાસેથી શકિત મેળવવી, એની પાસેથી સમર્પિતતા મેળવવી એ શક્ય નથી. અને એટલા માટે આ ફિક્સ પગારને બદલે જે એના માનદ વેતનો છે જે એનો ખરેખર વ્યવસાય કરે છે એને મળવા પાત્ર કિંમતના વેતનો છે એ આપણે આપવાની નીતિ અખત્યાર કરવી પડશે. એટલું જ નહીં, આ સિવાય પણ વ્યાપક ચર્ચા પછી આ બિલ લાવવાની જરૂર હતી. શિક્ષણ વિદો જિલ્લા કક્ષાએ જેને કહી શકાય, યુનિવર્સિટી કક્ષાએ જેને કહી શકાય એવા અનેક જે લોકો છે જે ટેકનોક્રેક છે, જે લોકો એજ્યુકેશનાલીસ્ટ છે એવા લોકો પાસે પહેલા મંતવ્યો લેવાની જરૂર હતી. એ લોકો સાથે નેગોશિએશન કરવાની જરૂર હતી, એ લોકો સાથે ચર્ચા કરવાની જરૂર હતી અને ચર્ચાના ફિટબેક પછી એ લોકોનું જે ફિટબેક આવે એના આધારે આ બિલને આપણે લાવવાની જરૂર હતી. બિલ ઉતાવળે લાવવામાં આવેલ છે અને અનેક જોગવાઈઓ જે કરવી જોઈએ એ જોગવાઈઓને આમાં સમાવી નથી. મને કહેતા દુ:ખ થાય છે કે, ખાનગી ક્ષેત્રની સંખ્યાબંધ શાળાઓમાં આજે પણ લાયકાત વગરના શિક્ષકો કામ કરી રહ્યા છે. જે લોકોએ વયમર્યાદા પૂરી કરેલી છે એ લોકોને પણ આજે વર્ષો સુધી એકસ્ટેન્શન આપી એવા શિક્ષકો પાસે બાળકોને ભણાવવામાં આવે. એવા ગ્રેજ્યુએટો પાસે શિક્ષણ અપાવવામાં આવે છે કે જે શિક્ષકોએ ટ્રેનિંગ લીધી નથી, જેમણે બી.એડ. કક્ષાની ટ્રેનિંગ લીધી નથી, જેમણે અન્ય કક્ષાની પી.ટી.સી.ની ટ્રેનિંગ લીધેલી નથી અને બી.કોમ. કક્ષાના હોય, બી.એ. કક્ષાના હોય એવા ગ્રેજ્યુએટો પણ આજે સ્કૂલોમાં શિક્ષણ આપી રહ્યા છે અને શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે અને એના કારણે ખરેખર જોવા જઈએ તો શિક્ષણ ઉપર ગંભીર અસરો ઉભી થઈ રહી છે. એટલું જ નહીં ગુજરાતનું યુવાધન અન્ય રાજ્યોમાં જવાની પરિસ્થિતિ ઉભી થઈ છે. આજે આંધ્રપદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં્ વ્યાપક રીતે વિદ્યાર્થીઓને ફરજિયાત રીતે એજ્યુકેશન માટે જવું પડે છે અને હિજરત કરવી પડે છે. ગુજરાતની સરકાર આટલા બધા પૈસા ખર્ચવાની વાત કરતી હોય અને છતાં પણ એ યુવાધનને બીજા રાજ્યોમાં જવું પડે એવી શરમજનક પરિસ્થિતિ ગુજરાત માટે છે. એટલું જ નહીં, યુ.કે., અમેરિકા અને રશિયામાં પણ કેટલા બધા કોર્ષ માટે જવું પડે છે જ કોર્ષે આપણે ત્યાં ચાલે છે એ કોર્ષનો વ્યાપ વધારવાની જરૂરિયાત છે એના બદલે વિદેશમાં મોંઘાદાટ પૈસા ખર્ચી અને વાલીઓએ પોતાના બાળકોને મોકલવા પડતા હોય છે. સેંકડો શિક્ષકોને જે રીતે સક્ષમ તૈયાર કરવા જોઈએ એ રીતે કરવામાં આવતા નથી અને એટલા માટે શિક્ષકો પરિપૂર્ણ થાય, એના અભ્યાસક્રમોમાં ચોક્કસ રીતે તૈયાર થાય અને તૈયાર થઈ એ અભ્યાસક્રમો દ્વારા બાળકોને એવા પ્રકારનું શિક્ષણ આપે કે આવતી કાલનું જે ભારત છે એ ભારત વિકાસલક્ષી જે ભારત છે એના અંદર એ જોતરાઈ શકે, એ શકિતનો ઉપયોગ થઈ શકે એ શકિત અને તાકાતથી એ વિદ્યાર્થીઓ તૈયાર થાય એવું કરવાની જરૂીરયાત છે. એ સિવાય આધુનિક પ્રશ્નોના ઉકેલમાં આપણે જ્યાં સુધી અભ્યાસક્રમોમાં સકલન નહીં કરીએ, યુનિવર્સિટી બનાવવાનો ઉદેશ સારો છે, યુનિવર્સિટી બનાવવી જ જોઈએ પણ યુનિવર્સિટીના અંદર સપૂર્ણપણે સરકારનો હસ્તક્ષેપ રહે એવી પણ કેટલીક જોગવાઈઓ કરેલી છે. ખાસકરીને તમે એજ્યુકેશનને ઈનપાર્સીઅલ બનાવવા માગો છો, જ્યારે એજ્યુકેશનને સ્વતંત્ર બનાવવા માગો છો, એજ્યુકેશનને અલગ તાકાત આપવા માગો છો અને જો તમારો આશય શુભ છે તો શા માટે તમે આટલા બધા નિયંત્રણો રાખો છો. આ નિયંત્રણો ઉઠાવી એને સ્વતંત્ર રીતે યુનિવર્સિટી બનાવી અને એનો વિકાસ કરવો જોઈએ. નો ડાઉટ સરકાર એના ઉપર અંકૂશ રાખી શકે પરંતુ દરેક અલગ અલગ જે નિયંત્રણો રાખવામાં આવ્યા છે એ રાખ્યા પછી જે રીતે યુનિવર્સિટી સ્વતંત્ર કામ કરવી જોઈએ એ રીતે નહીં કરી શકે. કુલપતિના સવાલને લાગે વળગે છે ત્યાં સુધી કુલપતિની પસંદગીમાં જે શરતો

મૂકવામાં આવેલી છે એ શરતો પણ સંપૂર્ણ રીતે સરકારનું આધિપત્ય રહે, એનું વર્ચસ્વ રહે, એનો કહિયાગરો વ્યકિત મૂકાઈ એ રીતે જે કરવામાં આવેલું છે એમાં વ્યાપક સુધારાની જરૂર છે. મારો કહેવાનો ખાસ આજે આશય એ છે કે આપણે સંપૂર્ણ યુનિવર્સિટીના બિલના હાર્દ સાથે સંમત છીએ પરંતુ શિક્ષકોના શિક્ષણની સંસ્થાની સ્થાપના કરતા પહેલા આ બિલને ઉતાવળે પસાર કરતા પહેલા આ બિલમાં કેટલીક જોગવાઈઓમાં વિસંગતતા હોવાના કારણે આપણે એના ઉપર વ્યાપક ચર્ચા કરવાની જરૂર હતી. જે દરેક બિલમાં આપણે કરીએ છીએ એ રીતે મેજોરીટીથી બિલ પાસ કરવાની જે આપણી પધ્ધતિ છે વિરોધ પક્ષને નહીં સાંભળવો, એના આર્ગ્યુમેન્ટ નહીં સાંભળવા અને નહીં સાંભળી અને જે રીતે કોમેન્ટ કરવી એ આપણા માટે દુ:ખદ છે છતાં પણ આ બિલના હાર્દ સાથે અમે સંમત છીએ.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ ધી ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત, વિધેયક ૨૦૧૦ લઈને આવ્યા છે તેના મુળ પેરેગ્રાફ અને જે ઉદ્દેશો છે એ ઉદ્દેશો સાથે કોઈ વાંધો હોઈ શકે નહિ, શિક્ષણથી જ રાષ્ટ્રનું ઉત્થાન થઈ શકે, રાજયનું ઉત્થાન થઈ શકે એમાં પણ કોઈ બેમત હોઈ શકે નહિ, ઉત્તમ કોટિના શિક્ષકો ઉપલબ્ધ કરાવવા માટે એને એ પ્રકારની તાલીમ આપીને તૈયાર કરવાનું કામ આ નવી યુનિવર્સિટી દ્વારા થશે ત્યારે એક બીજો પ્રશ્ન એ થાય છે કે અત્યારસુધીમાં જે કોઈ સંસ્થાઓ દ્વારા જે શિક્ષકો તૈયાર થયાં અને એમણે જે કામ કર્યુ એ કામ ઉત્તમ કોટિનું ન હતું? ગુજરાતના વિકાસમાં અને રાષ્ટ્રના નિર્માણમાં એમનો ફાળો ઉણો ઉતર્યો ? મહત્વની વાત તો એ છે કે, આ બિલ લાવતા પહેલાં જો એની વ્યાપક ચર્ચા કરી હોત અને ત્યારપછી આ બિલ આવ્યું હોત તો કદાચ એમાં જે ક્ષતિઓ છે એ ક્ષતિઓ નિવારી શકાઈ હોત, આ ક્ષતિઓની પુનરોકિત ન કરતા એક વાત એ સાથે એ પણ રજૂ કરું છું કે અહીંયા કેટલીક ચર્ચા થઈ કે ભૂતકાળમાં પ્રાચીન ભારતમાં નાલંદા અને તક્ષશિલા જેવી ઉત્તમ કોટિની સંસ્થાઓ જે ગુરૂકૂળનું કામ કરતી હતી અને વિશ્વભરના ઉચ્ચ કોટિના અભ્યાસુઓ આ ગુરૂકુળોમાં અભ્યાસ માટે આવતા હતા પણ ત્યારે આ ગુરૂકુળોનો આશય એ આર્થિક ઉપાર્જન માટેનો નહોતો, અત્યારે જે સ્વાયત્ત સંસ્થાઓ ઉભી થાય છે એ સંસ્થાઓમાં મહદ્અંશે કેટલીક સંસ્થાઓ એ જરૂર ઉત્તમ કોટિનું શિક્ષણનું કામ કરે છે પણ બધાજ કરે છે એ વાત સાથે સહમત થઈ શકાય નહિ. માનનીય અર્જુનભાઈએ અને માનનીય શકિતસિંહભાઈએ આ વિશે પણ વિશદ્ છણાવટ કરી છે, બીજી એક વાત એ છે કે જુદા જુદા સ્તરનું શિક્ષણ આપતા શિક્ષકો એકજ પ્રકારનું કામ કરતાં હોવા છતાં એમના વેતનના દરોમાં જે અસમાનતા છે એ નિવારવી જોઈએ કોઈ જુના શિક્ષકો હોય અને નવા હોય એની લાયકાત એકજ પ્રકારની હોય અને એકજ પ્રકારના વ્યવસાયમાં એ કામ કરતા હોય અને વેતનના દર જુદા જુદા હોય ત્યારે એવા શિક્ષકો પાસેથી ઉત્તમ કાર્યક્ષમતાવાળા શિક્ષણની અપેક્ષા રાખવી એ કેટલે અંશે ઉચિત ગણાશે? બીજી એક વાત કે શિક્ષણની મોટાભાગની સંસ્થાઓમાં યુનિવર્સિટી દ્વારા જે કોલેજોનું સંચાલન થાય છે એ સંસ્થાઓમાં જે ગ્રાન્ટના નિયમો છે, એ વર્ષો પુરાણા છે એમાં કોઈ પરિવર્તન કરવામાં આવ્યું નથી અને તેના કારણે પણ એ સંસ્થાઓનું સંચાલન કરવાનું કામ એમને માટે બહુ અઘરું થતું હોય છે. એ ઉપરાંત આજે પણ જુદી જુદી યુનિવર્સિટીઓની અંદર તેમજ જુદી જુદી કોલેજોમાં જે શિક્ષણનું કાર્ય થાય છે ત્યાં શિક્ષકો છે પણ શિક્ષકોની નિમણૂંક એ સમયસર કરવામાં આવતી નથી અને એના કારણે પણ શિક્ષણ ઉપર વ્યાપક અસર થતી હોય છે એટલે આવી બધી બાબતોને પણ લક્ષમાં લેવી જોઈએ અને સમગ્ર શિક્ષણને ઉત્તમ કક્ષાએ પહોંચાડવા માટે ઉત્તમ કોટિના શિક્ષકો તૈયાર કરવામાં આવે તેમાં કોઈ વાંધો હોઈ શકે નહિ પણ જે કેટલીક ઉણપો છે એ ઉણપોને નિવારવામાં આવે એવી અપેક્ષા વ્યકત કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન ગુજરાત વિધેયક ૨૦૧૦ માનનીય શિક્ષણ મંત્રીશ્રી લઈને આવ્યાં છે તેના ઉપર માત્ર ટૂંકમાં હું મારા કેટલાક મુદ્દાઓ કહેવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર વિસ્તૃત રીતે માનનીય શ્રી અર્જુનભાઈએ પણ પોતાની વાત કરી છે માનનીય અમારા નેતા શકિતસિંહજીએ પણ બહુ જ વિસ્તૃત રીતે વાતો કરી છે કે કલમની છણાવટ કરીને તેના માટે નહીં પરંતુ જે ભય સ્થાનો વ્યક્ત કરેલા હતા તેના ઉપર એટલા માટે કે જે કુલપતિની નિમણૂક વખતે ત્રણ સભ્યોની પેનલ મોકલવામાં આવે તેના ઉપર નિર્ધારિત સમયમાં નિર્ણય લેવાનો હોય અને નિર્ણય લેવામાં મોડું થાય અને ક્યાંક નિમણૂક જો થઈ જાય અને તેની અંદર જે તે વિસ્તારના શિક્ષણ શાસ્ત્રીઓ હોય અને તે વિસ્તારની વધુ ખબર હોય, જાણ હોય તેને જાણે અજાણ્યે અન્યાય કરી દેવામાં આવે છે તેની કેટલીક વાતો કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જે છે તે કેન્દ્ર સરકાર તરફથી દરેક ઠેકાણે શિક્ષકોને તાલીમ મળે એટલા માટે આ The Indian Institute of Teachers Educatino ની યુનિવર્સિટી કરવા માટેનું હેતુસરનું જે આવેલું છે તે હેતુ સામે અમારો કોઈ વિરોધ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર જે શિક્ષણ શાસ્ત્રીઓને આ યુનિવર્સિટીના કુલપતિ તરીકે નીમવાની પરંપરા હતી અને માનનીય અધ્યક્ષશ્રી, હવે એમાં કંઈક ઓછાપણું લાગે. અહીંયા ઉમાશંકર જોષી હોય, શીતાંશુ યશચંદ્ર હોય, ડો.સાંડેસરા સાહેબ હોય આ બધા જે વાઈસ ચાન્સેલરશ્રી હતા તેને કારણે તે યુનિવર્સિટીની એક નોખી ભાત ઉભી થતી હતી. હમણાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ડો.બળવંત જાની સાથે બે કાર્યક્રમમાં મારે રહેવાનું થયું. એક તો વિશ્વ ગુજરાતી સમાજ પર ગુજરાતી ભાષાના વિકાસ માટે

થઈને શું કરવું તેના માટેની સ્પષ્ટ વાત ઘડનારા એ બળવંત જાનીને પછી મેં ત્યાં મજાદરની અંદર ભાવનગર જિલ્લાની અંદર કાગધામની અંદર પણ સાંભળ્યા. આટલા વિધ્વતાભર્યા આ જે મહાનુભાવો છે તેને કારણે આપણી યુનિવર્સિટીઓ જે છે તેનું ધોરણ જે છે ને તેમાં કોઈ અસંતોષ વર્તાતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની યુનિવર્સિટી નવી જ યુનિવર્સિટી થઈ. તેના વાઈસ ચાન્સેલરને રિપિટ કરી શકાતા પણ તે કરવાનું યોગ્ય નહીં જણાયું અને યુનિવર્સિટીનો વિકાસ થાય તે માટે થઈ તેને પીઢ પાકટ અને તે વિસ્તારના વધુ અનુભવી જે શિક્ષણની અંદર પારંગત હોય તેને મૂકવા જોઈએ એ વાત સદંતર ભુલાઈ જતી હોય છે એટલા માટે થઈને હું આપના મારફતે માનનીય શિક્ષણ મંત્રીશ્રી જ્યારે આ બિલ લઈને આવ્યાં છે ત્યારે માત્ર વિશ્વ કક્ષાએ, વિશ્વ સમજી શકે એવી ભાષાનો આપણે બહું મોહ ના રાખીએ. કોઈ સભ્યએ એમ કહ્યું કે વિશ્વ જે ભાષા સમજી શકે તે ભાષામાં આપણે શિક્ષકોને તૈયાર કરવા જોઈએ એવી કોઈની મહેચ્છા માનનીય મુખ્યમંત્રીશ્રીનું નામ લઈને કહેવામાં આવ્યું, એમની હોય કે નહીં તે ખબર નથી. પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણે આપણું પોતાપણું આમાં ચૂકી ના જઈએ તેનો ખ્યાલ રાખવો પડે. વિશ્વની અંદર ડો. શ્યામ પિત્રોડા જેવા નિષ્ણાતો તે ગુજરાતમાં ભણેલાં છે. વડોદરાની અંદર ભણેલાં છે. અને તે વિશ્વભરની અંદર તેના ક્ષેત્રની અંદર નિષ્ણાતો હોય એટલે ગુજરાતી આપણાં જે તાલીમબધ્ધતા આપવા માટે થઈને આપણે કંઈ ઉણાં ઉતરતાં હોઈએ એ ગ્રંથિમાંથી નીકળી જવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ યુનિવર્સિટીની રચના થશે. આવી કેટલીય યુનિવર્સિટીને માનનીય આ સભાગૃહે મંજૂર કરી. ડિમ્ડ યુનિવર્સિટીઓની પણ આપણે પ્રશંસા કરી અને સમર્થન આપ્યું અને મોટા ભાગે આમાં કોઈ ઉપદ્રવી વાત હોતી નથી એટલા માટે થઈને આપણે સમર્થન આપીએ. પણ તેના ભયસ્થાનો ઉપર તો ધ્યાન દોરવું જોઈએ. અને આમાં કયાંય ખામી ના રહી જાય તે વાત મેં આપના મારફતે આ ગૃહમાં કરી છે એટલું બોલી આ બિલ ઉપરના મારા વિચારો કર્યા છે. શકિતસિંહજી ભાઈએ જે કહ્યું તેને સમર્થન આપું છું કે આ બિલ પ્રવર સમિતિ પાસે જાય અને તેના પૂરતાં પાસાઓનો વિચાર કરી અને તેને પૂર્ણ કરીને આ ગૃહ સમક્ષ આવે તો યોગ્ય ગણાશે એટલું મારે કહેવાનું છે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ ઉપર ૭ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવતા પહેલા તૈયારીના ભાગ સ્વરૂપે મેં પણ થોડા મુદ્દા નકકી કર્યા હતા. મારા મનમાં એમ હતું કે ઓપનીંગ તો માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી કરશે. અને વિરોધ પક્ષના નેતાશ્રી આના ઉપર કહેશે તો શું કહેશે? એ મેં પહેલેથી નકકી કર્યુ હતુ. એવું બોલશે કે આ બિલ ખૂબ ઉતાવળથી લાવવામાં આવ્યું છે. આ બિલ પાછળ કોઈ ગંભીરતાથી લાવવામાં આવ્યું નથી. એપ્લીકેશન ઓફ માઈન્ડ નથી. અને પ્રવર સમિતિને સોંપો. આ બધું મેં લખીને મને અપેક્ષા હતી કે આ જ થાય. પણ અર્જુનભાઈએ શરૂઆત કરી, એટલે મને થયું કે આ મુદ્દા નહીં આવે. પરંતુ પુનઃ એના એ જ મુદ્દા આવ્યા છે. બિલની તો આ વિભાગની મારી જવાબદારી છે, એટલે ધ્યાનપુર્વક પહેલેથી છેલ્લે સુધી વિરોધ પક્ષના નેતાશ્રી પણ જયારે કલમો જોતા હતા, ત્યારે મારે તો એ જોવાની જરૂર નહોતી. કારણ કે એટલો તો મેં અભ્યાસ કર્યો હતો. એ મારી નૈતિક જવાબદારી થાય છે. પરંતુ અર્જુનભાઈએ પણ જયારે રીસેસ પહેલા કહ્યું. મારી માનસિકતા આ બિલ પાછળ એમણે જેવી રીતે કહ્યું છે એવી રીતે જવાબ આપવાનો મારો વિચાર હતો. પણ પછી મારા મનમાં એમ થયું કે શિક્ષણનું બિલ છે અને શિક્ષણમંત્રી તરીકે હું જવાબ આપવાનો છું, તો શિક્ષણમંત્રીને શોભે એ ભાષામાં જ વાત કરું. એટલે મિત્રો, ઘણી બધી બાબતોને હું છોડી દેવા માગું છું. બધાની ચર્ચા કરવા માગતો નથી. કયાંક જરૂર પડે તો ઝીરવી લેજો.

માનનીય અધ્યક્ષશ્રી, કયાંક બિલને આવકાર પણ આપ્યો છે. મારે એ જરૂરથી કહેવું છે કે બિલનું જે પ્રીએમ્બલ છે, એના માટેના પણ વખાણ કર્યા છે. એના શબ્દપ્રયોગના પણ વખાણ કર્યા છે. એમને અભિનંદન આપું છું. પરંતુ અર્જુનભાઈ, તમે એ સ્વીકારી નહીં શકો, કારણ કે આ આખા બિલની પાછળ એક વર્ષના મનોમંથન પછી રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી શબ્દોના સ્વામી અને સાહિત્યના ધની એવા નરેન્દ્રભાઈ મોદીના સીધા માર્ગદર્શન નીચે આ તૈયાર થયું છે અને એટલા માટે ઉતાવળથી નહીં. એનો યશ પણ હું નથી લેતો. શિક્ષણમંત્રી તરીકે એમણે મને ઉદ્દેશીને પણ કહ્યું છે, પણ મારી પાછળ જેમણે માર્ગદર્શન આપ્યું છે, જેના કારણે આ થયું છે, એ મારે આ સભાગૃહના ધ્યાન ઉપર લાવવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની બે ચાર વાતો પણ હું કરવા માગું છું. ગુણોત્સવની પણ વાત કરી. આ પહેલી એવી સરકાર છે કે પોતાની ખામીઓ શોધવા માટેનો કાર્યક્રમ પણ કરે છે. ગુણોત્સવનો મતલબ શું હતો? ભૌતિક સુવિધા અને શૈક્ષણિક સુવિધામાં અમારી કયાં ખામી છે? અમારા શિક્ષકો નિયમિત જાય છે? બરાબર ભણાવે છે? અમારી ભૌતિક સુવિધામા કયાંય ખૂટે છે? કયાંક શાળાનો ઓરડો નથી? કયાંક સેનિટેશનની વ્યવસ્થા નથી, કયાંક વીજળીની વ્યવસ્થા નથી? મિત્રો, ગુણોત્સવની પાછળનું કારણ એક જ વર્ષમાં ૩૦૦૦ અધિકારીઓ જાય અને આમૂલ ચૂલ પરિવર્તન થઈ જાય એ સંભવ નથી. પરંતુ એમાંથી અમારી ખામીઓ શોધીને આગામી વર્ષોમાં શું વધારે સારું કરી શકાય એના માટેનો ગુણોત્સવનો કાર્યક્રમ હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી શાળાઓ માટેની ઘણીબધી વાત કરી છે. ખાનગી શાળાઓમાં આવું છે, આવું છે. આના પહેલા પણ મેં કહ્યું છે કે સરકારીકરણ એટલે સસ્તુ અને એમાં કશુ નહીં જવું. મેં મારા

મતવિસ્તારનો દાખલો આપ્યો છે. મારા મત વિસ્તારનો ગરીબ માણસ હોય તોય અમદાવાદ સિવિલમાં જતો નથી. એ મોટી હોસ્પિટલમાં જાય છે. કારણ કે ગામના લોકો એને ટોણો મારે છે કે બાપા આટલી જમીન મૂકી ગયા છે અને તું આવી હોસ્પિટલમાં? આ સ્થિતિ અને આ પ્રકારની સાયકોલોજી છે. ૭૦૦ સેલ્ફ ફાયનાન્સ સ્કુલોની માનનીય અર્જુનભાઈએ વાત કરી, પણ મારી ૩૨૦૦૦ શાળાઓમાં બધુ જ સારું ચાલે છે એનું કંઈક તો બોલવું હતું. ૭૦૦ સેલ્ફ ફાયનાન્સ સ્કુલોની વાત કરી, પણ ૩૨૦૦૦નું શા માટે કહેતા નથી? અને આ સાથે હું માત્ર ગુજરાત નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય ફલકની વાત કરતો હોઉં ત્યારે માહિતીની સાથે કહું છું કે અન્ય રાજયોની સરકારી શાળાઓમાં પણ, સેલ્ફ ફાયનાન્સ નહીં, સરકારી શાળાઓમાં તાલીમબદ્ધ શિક્ષકો નહીં હોવાના કારણે કેન્દ્ર સરકારે તાજેતરમાં જે રાઈટ ટુ એજયુકેશન એકટ જે દાખલ કર્યો. શ્રી રમણલાલ વોરા (ક્રમશ:): એ પાછળનું કારણ અન્ય રાજયોમાં તાલીમી શિક્ષકોના અભાવના કારણે અને જે રાજય સરકારે પહેલેથી જ પરિપૂર્ણ કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક તો આર.ટી.આઈ.ના નામે ઘણી વખત વાતો થતી હોય છે અને બધા લોકો એવું પણ માનતા હોય છે કે મંત્રીશ્રી થાય તો એમને તો અધિકારી કહે એમ કરે અને એમને લાંબી એમાં ખબર ના હોય અને આર.ટી.આઈ.ના નામથી કોઈ ડરતા પણ હશે.. માનનીય અર્જુનભાઈએ માહિતી આપી એ આર.ટી.આઈ.ની માહિતી નથી અને એમને હું એમને આપશ્રીના માધ્યમથી વિનંતી કરું કે ં કે મને પણ એ આપે તો એમનો હું આભારી થઈશ. અર્જુનભાઈએ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શ્રી વિનોદ પંડયાના નામે છે. મારી પાસે એ છે, હું એમને એ આપીશ.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, એ નાગરિકના માહિતી અધિકાર નીચે આપેલી માહિતી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** એ માહિતી આર.ટી.આઈ. નીચે જ આપેલ માહિતી છે અને માનનીય મંત્રીશ્રીને તેમની પાસે ના હોય તો હું એ માહિતી તેમને આપીશ. હું તેમને પ્રોવાઈડ કરીશ એ મારી પાસે છે.

**શ્રી રમણલાલ વોરા** હજુપણ તેમની માહિતી અધૂરી છે અને તેમને વાંધો ના હોય તો એ હું પૂરી કરીશ. આ જે વિદ્યાર્થીઓનો રેશિયો છે એ આઈ.આઈ.એમ.ના શ્રી રાકેશ બંસલ છે એમનો પોતાનો અહેવાલ છે અને એ અહેવાલ પ્રમાણેના તમારા આંકડા છે એ બરાબર નથી. તમારા આંકડામાં અને રાજય સરકારના આંકડામાં બહુ મોટો ફેરફાર છે. હું તેમને બહુ જ વિનમ્રભાવે કહું છું કે રાજય સરકારના આંકડા મુજબ રેશિયો ૩૦.૧ છે અને તેમનો આંકડો ૪૩ નો છે. એટલે માત્ર કોઈના અહેવાલના આધારે આપણે આવી વાત કરીએ તો મને લાગે છે કે એ બરાબર નથી. રાજય સરકારના આટલાં વખાણ કર્યા છે તો ૩૨ હજારની શાળા માટે એકાદ વખાણવાલાયક વાકય બોલ્યા હોત કે તમને પણ લાગે કે ના બરાબર ચાલે છે. (અંતરાય) મને એ જ અપેક્ષા છે. જેટલું સારું થયું એ બોલે અને ખામી છે એ કહેશે તો પ્રેમથી અમે એ સ્વીકારીશું. (અંતરાય) આપણા બધાનું એવું જ છે અને બધું સારું જ હતું એ વખતે સેનિટેશન નહોતું જે હવે આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જયારે મારું બિલ ઈન્ટ્રોડયુસ કર્યુ હતું ત્યારે સ્પષ્ટતાપૂર્વક કહ્યું હતું કે આજના શિક્ષણ અને શિક્ષકની યોજનામાં બધું જ સારું સદ્દભાગ્યે જોવા મળતું નથી. મેં સ્વીકાર કર્યો છે કે તમે જે ખામીઓની વાત કરી એ મારું બિલ ઈન્ટ્રોડયુસ કરતી વખતે આ વાત કરી છે અને આ બિલ રજૂ કરતાં પહેલાં અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ બે દિવસ પહેલાંની વાત કરી તો મારે પણ બે દિવસ પહેલાંની જ વાત કરવી છે. માનનીય અર્જુનભાઈએ એવું કહ્યું કે કોઈ સમાજ ચલાવતો હોય તો એમાં સરકારનો હસ્તક્ષેપ ના હોવો જોઈએ. આ એમના બોલેલા શબ્દો બિલકૂલ અક્ષરસ: છે અને તમે એ જોઈ શકો છો. જયારે માનનીય અર્જુનભાનઈ બોલતા હોય છે ત્યારે ગંભીરતાથી લઈને એ અક્ષરસ: લખવું પડે છે. આપ સાહેબ રેકર્ડ જોઈ લેજો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, એમનું પ્રવચન પૂરું થઈ જવા દો. (અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : એમાં પણ કશો વાંધો નથી, પરંતુ સરકારનો હસ્તક્ષેપ ઓછો હોવો જોઈએ. મેં બે દિવસ પહેલાં જ આપણે સેપ્ટ યુનિવર્સિટીનું કર્યુ એમાં મારો આશય એ જ હતો. આ સંસ્થાઓ ચાલે છે એ સ્વાયત હોય તો વધારે સ્વાયતતા આપવી જોઈએ એ બે દિવસ પહેલાં જ હું બોલ્યો હતો. એ જ વાતનો..(અંતરાય)

## પોઈન્ટ ઓફ કલેરિફિકેશન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ કલેરીફિકેશનનો મુદ્દો એટલો જ છે કે માનનીય મંત્રીશ્રી અત્યારે એ અમારા મોંઢામાં એ જે શબ્દો મૂકે છે કે નાણાકીય સત્તાઓ ઉપર જરૂર સરકારનો અંકુશ હોવો જોઈએ, એ આજે પણ કહીએ છીએ અને નિમણૂકોમાં અંકુશ ના હોવો જોઈએ એ આજે પણ કહીએ છીએ. આપ બન્નેને જોડો નહીં. મારો પોઈન્ટ ઓફ કલેરીફીકેશનનો મુદ્દો એટલો છે કે કે નાણાકીય રીતે સ્વાયત એમને બનાવી ના દો. તમારો અંકુશ જરૂરી છે (અંતરાય) આપ બન્નેને જોડો નહીં પોઈન્ટ ઓફ કલેરીફિકશેન એટલા માટે કે નાણાકીય રીતે સ્વતંત્ર તમારો અંકુશ જરૂરી છે, પરંતુ વાઈસ ચાન્સેલર, મેમ્બર્સ, એની એપોઈન્ટમેન્ટમાં સારા લોકો સરકારમાંથી આવે છે, આપ આ બન્નેને જોડો છો એના કારણે આ મુશ્કેલી ઉભી થાય છે.

**શ્રી રમણલાલ વોરા** : મેં અર્જુનભાઈના નામ સાથે કહ્યું છે અને તેમણે જે કહ્યું એ જ હું કહી રહ્યો છું. (અંતરાય) એ જ હું કહી રહ્યો છું. સમાજ ચલાવે એમાં સરકારનો હસ્તક્ષેપ ના હોવો જોઈએ. એ જ અક્ષરસઃ એમા શબ્દો છે એ આપ રેકર્ડ સાથે પછી જોઈ લેજો. (અંતરાય) માનનીય શકિતસિંહજી આપ જે બોલો છો એ વિષય મારો આવતો નથી. હું માત્ર અર્જુનભાઈએ કહયું છે એની સામે જ બોલી રહ્યો છું અને બે દિવસ પહેલાંની વાત કરી છે એ જ વાત આજે ફરીથી દોહરાવવાની થાય તો એ બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સર્ચ કમિટીના અધિકારો સરકારના છે એના માટેની વાત અહીં કરીએ છીએ.મેં કહયું હતું એ પ્રમાણે બિલનો અભ્યાસ કર્યા પછી હું આપની સામે વાત કરી રહ્યો છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહયું છે, આ સર્ચ કમિટી એટલે કોણ? અત્યાર સુધી કોઈ સર્ચ કમીટીના કયારેય નોર્મ્સ થયા છેખરા? તો જવાબ ના, આ પહેલી યુનિવર્સિટી એવી છે કે આ સર્ચ કમિટીના સભ્ય કોણ હોઈ શકે તેના નામો રાજય સરકારે પ્રારદર્શકતાપૂર્વક રજૂ કર્યા છે. એક શિક્ષણવિદ, એટલે અમારા જ હોય, ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ, એટલે જે ન્યાયાધિશે તેની કામગીરી કરી હતી તે કોઈ પક્ષીય ધોરણે કરી નહોતી, ન્યાયાધિશ કોઈ પણ હોઈ શકે, ન્યાયાધિશ એટલે ન્યાયાધિશ, તેણે તેની મર્યાદામા રહી અને કાયદા પ્રમાણે કામગીરી કરી હોય, કયારેય કોઈ ન્યાયાધિશ નીચલી કોર્ટના હોય, હાઈકોર્ટના હોય કે સુપ્રિમ કોર્ટના હોય, એ વિવાદાસ્પદ હોઈ શકે નહીં, તેવું મારું વ્યકિતગત માનવું છે, આદરનો વિષય છે. અને ગુજરાતના મુખ્ય સચિવ અથવા અધિક મુખ્ય સચિવ, આ વાત સ્પષ્ટતાપૂર્વક કરી છી. પ્રોટોકોલ મુજબ અમે એવું નથી કહયું કે ફલાણાને મુકીશું, પ્રોટોકોલ જાળવવાનો હશે ત્યારે શુંકરવું તે પણ સરકાર વિચાર કરશે. ચેરમેનની રાજય સરકાર નિમણૂક કરશે, એમનું કહેવાનું એવું હતું કે પ્રોટોકોલ જાળવજો, રાજય સરકાર કોને ચેરમેન બનાવશે તેની કોઈ સ્પષ્ટતા કરી નથી. એટલે રાજય સરકાર એ રીતે નિર્ણય કરશે. પણ કયારેય નહીં થઈ હોય તેવી ૩ સભ્યોની કમિટી એમાં કામ કરશે. વાઈસ ચાન્સેલરશ્રીની પણ વાત કરી. આ વિષયમાં ઘણું બધું મારે કહેવું હતું પણ મારે બધું જ નથી કહેવું, પરંતુ એક વાત મારે તમારા ધ્યાન ઉપર મુકવી જરૂરી છે. એક વખત સર્ચ કમીટીમાં જેનું વિશ્વમાં નામ ગુંજે છે તે દિવસે પણ અને આજે પણ તેવા ડોકટર વિક્રમ સારાભાઈ સર્ચ કમિટીમાં ૩ નામો પૈકી એક હતા. વિક્રમ સારાભાઈની વાઈસ ચાન્સેલર તરીકે નિમણૂક થઈ નહોત. કારણ શું હતું? વિક્રમ સારાભાઈ જો વાઈસ ચાન્સેલર ન હોય તો કોણ હોઈ શકે? આ કોની સરકારમાં કેવી રીતે થયું? માનનીય અધ્યક્ષશ્રી, એથી આગળ વધીને આ વાઈસ ચાન્સેલરમાં રાજ કારણ કોણ લાવ્યું ? કયા વાઈસ ચાન્સેલર લાવ્યા? એથી આગળ વધીને કહું, માનનીય શકિતસિંહજી એ કમલેશ જોષીપુરા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં, તમે એમને પૂછો તેના કરતા મને પૂછો તો પણ કહી દઈશ, એથી પણ આગળ વધીને ૧૯૭૩માં ગુજરાતમાં નવ નિર્માણ આંદોલત થયું, અને આંદોલનમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો-પ્રોફેસરોને કોણે જોડયા? સ્વર્ગસ્થ મુખ્યમંત્રીશ્રીને કાઢવા માટે પ્રયાસ કર્યો એ કોણે કર્યો? એ લોકો વાઈસ ચાન્સેલર કોણ હોય તેના માટેની ગરીમા શું હોઈ શકે તે અમને સમજાવવાનો પ્રયત્ન કરે તેનો તેને અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું હું મારી મર્યાદામાં જ બોલું છું, બીજું બધું છોડી દીધું છે. પણ જે કહેવા જેવુછે તે કહું છું. એ.આઈ.સી.ટી.ના ચેરમેન કેન્દ્ર સરકારે નિમણૂક કરેલી આજે સી. બી. આઈ. ના સકંજામાં છે, જેલમાં છે, એની નિમણૂક કોણે કરી હતી? જયારે આપણે ગરીમાની વાત કરતા હોઈએ ત્યારે બધા પરિમાણો ધ્યાનમાં રાખવા પડે. એથી આગળ વધીને કહું તો જે સન્માનનીય ગૃહનાં એક વખતના મહિલા ધારાસભ્ય, કોંગ્રેસના મહિલા ધારાસભ્ય, આ ઓન રેકોર્ડ છે, એ વખતે સ્વર્ગસ્થ સવજીભાઈ કોરાટ માર્ગ અને મકાન વિભાગના મંત્રી હતા, અને કોંગ્રેસના ધારાસભ્યશ્રીએ રેકોર્ડ ઉપર કહયું હતું કે સવજીભાઈ કોરાટને અભિનંદન આપતા કહયું કે સરકારી ગેસ્ટ હાઉસમાં વસ્ત્રાહરણ થતું રોકવા માટેનો પ્રયાસ સવજીભાઈએ કર્યો છે. અને તેના માટે હું તેમને અભિનંદન આપું છું. આપણે શાના માટે વાત કરીએ છીએ? કોના માટે વાત કરીએ છીએ? એ વખતે તમે નહોતા અર્જુનભાઈ, શકિતસિંહજી હતા.મેં ફરીથી કહ્યું, મારે જે કહેવાનું હતું એ કાગળો મેં મૂકી દીધા, બધું જ મારે નથી કહેવું. ફક્ત શિક્ષકોને લગતી વાત કરી રહ્યો છું એટલે બીજું બોલતો નથી. મારે બોલવું હતું પણ નથી બોલતો કારણ કે એની ગરિમા મારે જાળવવી છે, તમે મને સહયોગ કરો. નહિતર મેં મૂકી દીધેલા કાગળીયા મારે ખોલવા ન પડે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મારી પાસે સમય ખૂબ જ મર્યાદિત છે.

**શ્રી રમણલાલ વોરા** : " હમ આહભી ભરતે હૈતો હો જાતે હૈ બદનામ, વો કત્લ ભી કરતે હૈ તો ઉનકી ચર્ચા નહિ હોતી." માનનીય અધ્યક્ષશ્રી, એમણે જનરલ કાઉન્સિલની વાત કરી. જનરલ કાઉન્સિલની અંદર રાજય સરકાર નામ નિયુક્ત કરવાના પ્રયોગાત્મક. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, મેં આપને પણ પ્રવચન કરતા નથી રોક્યા. જે નામો આવ્યા હતા એનાથી પણ વધારે નામો લીધા છે. પ્રશ્ન ઊભો થયો એનો જવાબ આપતા હું એમને નહિ રોકી શકું. માનનીય મંત્રીશ્રી, આપ જવાબ આપવા મંડો. જવાબ એક પછી એક લેવા મંડો.

**શ્રી રમણલાલ વોરા** : હજી તો માનનીય અર્જુનભાઈનું જ ચાલે છે. નામ નિયુક્ત કરવાના શિક્ષણ ક્ષેત્રના બે શિક્ષણવિદો સિવાય રાજય સરકારે નિયુક્ત કરવાના પાંચ સભ્યો પૈકી શિક્ષણ શાસ્ત્રીઓ, વિદ્વાનો, સામાજિક કાર્યકરો, ઉદ્યોગ અને વ્યવસાઈક ક્ષેત્રના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે. આમ સાત

વ્યકિતઓને જનરલ કાઉન્સિલમાં મૂકવાની અમે વાત કરી છે. એકેડેમિક કાઉન્સિલ છે એમાં કુલપતિને સત્તા આપી છે કે તમારી પ્રવૃત્તિમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ત્રણ વિદ્યાર્થીઓનો સમાવેશ કરો, અમે વિદ્યાર્થી સુધી જવા માગીએ છીએ.

માનનીય શકિતસિંહજીએ વાત કરી કે વડનગરમાં ૨૫૯ વિદ્યાર્થીઓમાંથી ફક્ત છ સાત વિદ્યાર્થીઓ જ પાસ થયા છે. એનું ગૌરવ પૂર્ણ રીતે હું એટલું જ કહું છું કે જે ગામનો વતની માનનીય મુખ્યમંત્રીશ્રી હોય અને ત્યાં માત્ર સાત વિદ્યાર્થીઓ પાસ થતાં હોય અને મુખ્યમંત્રીશ્રી હોવા છતાં કોઈ ડખલગીરી ન કરે એ ફક્ત ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જ સંભવ છે, એ અન્ય શાસનમાં સંભવ નથી. એનાથી પણ આગળ વધીને અમે જ્યારે વિશ્વ કક્ષાની વાત કરતાં હોઈએ ત્યારે એમાં એલીઝેબલ પાસ થતાં હોય એટલા જ થાય. એમ.બી.એ. નું પરિણામ કેટલું આવે છે એ આપણે સૌ જાણીએ છીએ, ચાર્ટડ એકાઉન્ટન્ટનું પરિણામ કેટલા ટકા આવે છે, આઈ.એ. એસ.ની પરીક્ષામાં કેટલા પાસ થાય છે એ આપણે સૌ જાણીએ છીએ. આઈ.એમ.એમ. માં કેટલા પાસ થાય છે એ આપણે જાણીએ છીએ. આપણે જાણીએ છીએ પરિણામ કેટલા ટકા આવ્યું એ નથી જોતાં પરંતુ પાસ થઈને સક્ષમ વિદ્યાર્થીઓ નીકળ્યા એ એનું ધ્યેય છે. એમણે કહ્યો એ વિષય મારા ધ્યાન ઉપર હતો. ગુજરાતમાંથી બેંગ્લોરમાં ભણવા ગયેલાં ૧૪ વિદ્યાર્થીઓને ચોરીના આરોપસર કાઢી મૂકવામાં આવ્યા હતા. માનનીય ધારાસભ્યશ્રીએ ફરિયાદ કરી હતી કે આ ૧૪ વિદ્યાર્થીઓનો ગુજરાતમાં સમાવેશ થાય તો સારુ. આ ગુજરાતના વિદ્યાર્થીઓ બેંગ્લોરથી પરત આવ્યા, એની જાણકારી માટે કહું કે આ ૧૪ વિદ્યાર્થીમાંથી એકના પણ ૪૮ ટકાથી ઉપર માર્કસ નહોતા. આજે ગુજરાતની સ્થિતિ એવી છે કે પરપ્રાંતના લોકો લેખિત સ્વરૂપે મારી પાસે માગણી કરે છે કે અમારા બીજા રાજયોના વિદ્યાર્થીઓને ગુજરાતમાં ભણવા માટે ૧૫ ટકાનું રીઝર્વેશન રાખો. તેનો સીધો મતલબ એવો થયો કે ગુજરાતના વિદ્યાર્થીઓએ પરપ્રાંતમાં જવાની જરૂર નથી. હવે પરપ્રાંતના વિદ્યાર્થી મિત્રો ગુજરાતમાં આવી રહ્યા છે. આ સ્થિતિ થઈ છે. સેલ્ફ ફાયનાન્સમાં વેપાર ન થવો જોઈએ. એમની વાત સાથે હું ૧૦૦ ટકા સંમત છું. ખાનગીકરણ ભલે થાય, વેપારીકરણ ન થાય અને આ જ રાજય સરકારમાં સેલ્ફ ફાયનાન્સ કૉલેજ ચલાવવા લોકોએ ગરીબ વિદ્યાર્થીઓને ૭,૧૩૯ વિદ્યાર્થીઓને નવા પૈસાની પણ ફી લીધા સિવાય આ સેલ્ફ ફાયનાન્સ કૉલેજના વિદ્યાર્થીઓ મિત્રો ભણાવી રહ્યા છે. ગરીબો માટેનું કામ કરી રહ્યા છે અને એટલા માટે એમની સામે શંકા કરવાનું કોઈ કારણ મારી દ્રષ્ટિએ નથી. એમણે એક સુંદર વાત કરી, મારે જે કહેવાની હતી એ એમણે કરી એટલે એના માટે એમને પણ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગઈ ૩૧મી માર્ચ-૨૦૦૯ના દિવસે કેન્દ્ર સરકારે ૧૦૦ ટકા કેન્દ્રીય પુરસ્કૃત યોજના સંકલિત શિક્ષણ જેમાં ૧૨૪૮ જેટલા શિક્ષકો અને ૫૦ હજાર વિકલાંગ બાળકો, ૩૧મી માર્ચ ૨૦૦૯ના દિવસે ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના કેન્દ્ર સરકારે બંધ કરી. ૧૨૪૮ શિક્ષકો બેરોજગાર થયા, ૫૦ હજાર વિકલાંગ વિદ્યાર્થીઓ એના ભણતર ઉપર અસર થઈ. આ વાત માનનીય કેન્દ્રીય મંત્રીશ્રીને મેં પત્ર લખીને કરી છે. અમારી દિલ્હી ખાતે જ્યારે સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડની મિટિંગ થઈ ત્યારે પણ મેં વાત કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે સંસદસભ્યોને તેમનું સત્ર શરૂ થવાનું હોય ત્યારે જે વિષયો લેવાના હતા તેમાં ગુજરાત તરફથી આ વિષયો લેવાનું પણ કહ્યું છે. એમની વિધાનસભામાં પ્રશ્નોત્તરી પણ પૂછી છે. આ બધું જ કરવા છતાં, તેર મહિના થયા હોવા છતાં ૧૨૪૮ શિક્ષકો માટે કેન્દ્ર સરકારે આજે પણ કશું જ કર્યું નથી. જેના માટેની વાત વિરોધપક્ષના નેતા કરી રહ્યા છે, આ ૫૦,૦૦૦ વિકલાંગ બાળકોનો સવાલ છે. એમણે યોજના ધોરણ ૯-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની કહી છે. હવે ૧થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ જો ન મળે તો સીધા ૯થી ૧૦માં કેવી રીતે મળશે? એથી આગળ વધીને આ ૧૨૪૮ શિક્ષકોનું શું? અરજી કરવા માંડ્યા કે અમે આત્મવિલોપન કરીશું અને રાજયના મુખ્યમંત્રીએ કહ્યું કે ભલે કેન્દ્ર સરકાર જ્યારે કરશે પણ કરશે. રાજય સરકારની પણ જવાબદારી છે. આપણે પણ કંઈક કરો અને એટલા માટે બિન તાલીમી શિક્ષકો એને દર મહિને રૂપિયા ૬૦૦૦, તાલીમ પામેલા શિક્ષકોને દર મહિને રૂપિયા ૯૦૦૦નો રાજય સરકારે તેના માટેનો નિર્ણય કર્યો. કમનસીબી મિત્રો એવી છે કે અત્યારે ન્યાયાલયમાં આ મેટર પડતર છે, શિક્ષકોની માગણી છે કે અમને પૂરો પગાર મળવો જોઈએ. મેં કહ્યું એ પ્રમાણે ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત છે. રાજય સરકારે એમની આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કર્યો છે. એટલે આ કોર્ટમાં પડતર હોવાના કારણે એમાં વિશેષ હું કંઈ કહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોની ભરતી કરવામાં આવે છે, પૂરતો પગાર મળતો નથી. આના જનક કોણ છે જરા એટલું શોધીને તો મને કહેજો. એમને કહેવાનો કોઈ અધિકાર નથી. મિત્રો, આજે આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું કે રાજયમાં ૪૬૫ સેલ્ફ ફાયનાન્સ પી.ટી.સી. કૉલેજો ચાલે છે. દર વર્ષે ૩૫,૦૦૦ પી.ટી.સી. શિક્ષકો બહાર પડશે. હાલની આપણી ક્ષમતા છે કે જેટલા નિવૃત્ત થાય એટલા જ શિક્ષકો ભરવાની ક્ષમતા જે છે, બાકીના ૧,૦૫,૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી પૂરી થઈ ગઈ. હવે જેટલા નિવૃત્ત થશે એટલાની જ ભરતી થવાની છે. જો ૩૫૦૦ની ભરતી થાય તો ૩૫,૦૦૦ બહાર પડશે અને માત્ર ૩૫૦૦ થશે. આ જે ૧,૦૦,૦૦૦નો બેકલોગ બાકી છે, આર્ટસ, સાયન્સ, કૉમર્સમાં અનેક ગ્રૅજ્યુએટ થાય છે, બધાને નોકરી મળતી નથી. પી.ટી.સી.વાળા બધાને પણ નોકરી મળવાની સંભાવના નથી અને એટલા માટે રાજય સરકારે કેન્દ્ર સરકારમાં એન.સી.ટી. ભોપાલને અમે વિનંતી કરી, કે તમે આડેધડ આવી સેલ્ફ ફાયનાન્સ કૉલેજોને મંજૂરી ન આપો અને એ મંજૂરી કેન્દ્ર સરકારે

આપવાની હોય છે. ૪૬૫ની મંજૂરી કેન્દ્ર સરકારે આપી છે. એન.સી.ટી. ભોપાલે આપી છે. અમે જ્યારે કહ્યું ત્યારે એ પછી એમણે અમારી વાત સ્વીકારી અને હવે નવી પી.ટી.સી. નહીં આપે એ સાથે સાથે જે સેલ્ફ ફાયનાન્સ પી.ટી.સી. કૉલેજો,નીતિમત્તાના ધોરણે જ નહીં, કેન્દ્ર સરકારની એન.સી.ટી.ના આદેશો છે એ પ્રમાણે કામ નહોતી કરતી એવી ૧૨ સંસ્થાઓને રદબાતલ કરવા માટે કરેલી દરખાસ્ત છેલ્લા ચાર વર્ષથી કેન્દ્ર સરકારમાં પડતર હોવા છતાં આજે પણ આ અંગે નિર્ણય લેવાતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણમાં રોજગારી માટેની વાત કરી. પ્લેસમેન્ટ માટેની વાત થઈ છે. આ રાજય સરકારે શિક્ષણ વિભાગમાં પહેલી વખત પ્લેસમેન્ટની વાત કરી છે. જે તે ઉદ્યોગગૃહોને કૉલેજોમાં બોલાવીને કૉલેજના કમ્પાઉન્ડમાંથી સીધું પ્લેસમેન્ટ માટેના ત્રણ પ્રયોગો થયા છે. ૧૨૪૮ વિદ્યાર્થીઓને કૉલેજમાંથી પ્લેસમેન્ટ આપી રોજગારી આપી શક્યા છીએ. તેથી પણ આગળ વધીને કહું તો વાઈબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ થાય, ઉદ્યોગ ગૃહોનો કાર્યક્રમ થાય, દેશ વિદેશના લોકો આવે, એના વખાણ ન કરો તો વાંધો નથી. એની પાછળ રાજય સરકારનું લક્ષ્ય એટલું છે કે, ઉદ્યોગગૃહો દેશમાંથી કે વિદેશમાંથી આવે છે જેથી રોજગારીનું પ્રમાણ વધશે. જે તાલુકામાં જે જિલ્લામાં જે પ્રકારના ઉદ્યોગો આવે એ પ્રકારની આઈટીઆઈ થાય, એ પ્રકારની પૉલિટૅક્નિક થાય, એ પ્રકારની એન્જિનિયરીંગ કૉલેજ થાય અને એ પ્રકારના કોર્સિસ દાખલ કરીએ અને જેના કારણે રોજગારી વધે. છેલ્લા આઠ વર્ષથી આખા દેશમાં રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે અને છેલ્લા વર્ષે, આઠમા વર્ષે આખા દેશમાં રોજગારી આપવામાં એકલા ગુજરાતે....

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર આવી જાઓ. આ વાત નથી આવી. પીટીસી સુધી એ બરાબર હતું. હવે આપ આગળ ચાલો. હજુ મારે એક મંત્રીશ્રીનું બિલ લેવાનું છે.. (અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : આ બિલ લાવવા પાછળનો આશય આ રાજયમાં ઉત્તમ શિક્ષકો પેદા થાય. માત્ર ગુજરાત નહીં, ભારત નહીં પણ વિદેશોમાં પણ આ શિક્ષકો કામ લાગે એવા ઉત્તમ શિક્ષકો તૈયાર કરવાનું કામ આ બિલ થકી થવાનું છે. એવું બિલ લઈને આવ્યા છીએ. ત્યારે માનનીય સભ્યશ્રીઓ આ બિલને સહયોગ આપી પસાર કરે તેવી વિનંતી છે. બધા સભ્યોનો આભાર.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : કલમ-૧૩માં જે જોગવાઈ કરી છે કે, કુલપતિ પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત અથવા ૬૫ વર્ષની ઉંમરે પહોંચે, બેમાંથી જે વહેલું હોય તે. મારે એ જાણવું છે કે, થોડા દિવસો પહેલાં સંશોધન આવ્યું કે ઉમર ૭૦ વર્ષ કરવી પડે. કરીએ. જે કમિટીએ યુજીસીની ભલામણ પછી, સમિતિની ભલામણ પછી ભારત સરકારના માનવ સંસાધન વિભાગે આપણને કહ્યું એટલા માટે સુધારા વિધેયક લઈને આવ્યા એ આને લાગુ પડશે કે એ પરિપત્ર આને લાગુ પડતો નથી?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ટેક્નોલોજીકલ યુનિવર્સિટી માટે ૬૫થી ૭૦ની મર્યાદા કરી એ બિલ એ યુનિવર્સિટી પૂરતું મર્યાદિત હતું. જે તે વખતે યુજીસીએ ત્યાગરાજન નામની સમિતિ મૂકી હતી અને એ સમિતિના અભિપ્રાય પ્રમાણે ટૅક્નીકલ શિક્ષકોમાં આવા ખ્યાતનામ માણસો મળતા નથી, મળી શકે તેવી સંભાવનાઓ નથી. એટલે આની મર્યાદા ૭૦ વર્ષ કરવી જોઈએ. એ સમિતિના અભ્યાસના કારણે કેન્દ્ર સરકારે પણ યુજીસીમાં ૬૫થી ૭૦ વર્ષ કરવાનું કહ્યું હતું અને એ ટૅક્નૉલૉજી શિક્ષણનું બિલ હતું. એટલે માત્ર ગુજરાત ટૅક્નીકલ યુનિવર્સિટીના કુલપતિની ઉંમરની મર્યાદા ૭૦ વર્ષની છે. બાકીના બધાની મર્યાદા એઝ ઈટ ઈઝ યથાવત ચાલુ છે. આ યુનિવર્સિટીમાં પણ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૧૦ના ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન, ગુજરાત, વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૪૭, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૧૦ના ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન, ગુજરાત, વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૦ ગુજરાત વિધેયક ક્રમાંક- ૪ સન ૨૦૧૦ના ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન, ગુજરાત, વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૫

## મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦

**મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્ર*માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક:-૫-સન ૨૦૧૦ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક:-૫-સન ૨૦૧૦ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની પરમિશનથી આ જે બિલ છે એમાં નાની ટાઈપની મિસ્ટેક સુધારવા માગું છું. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે એ સુધારવા માટે વિનંતી છે. અંગ્રેજીમાં બિલ છે એમાં પાના નં. ૫ ઉપર કલમ ૧૩૫(ઈ) છે એમાં બીજી લિટીમાં record of register છે એમાં of ની જગ્યાએ or, એવી જ રીતે ચોથી લિટીમાં record of register લખેલ છે એમાં જે of શબ્દ લખેલ છે એમાં of ના બદલે or. એવી જ રીતે ગુજરાતીમાં બિલ છે એમાં પાના નં. ૩ ઉપર કલમ ૧૩૫(ચ) છે એમાં બીજી લિટીમાં છેલ્લે રજિસ્ટરના રેકર્ડનું સંકલન કરવામાં માટે એમ લખેલ છે. રજિસ્ટર પછી ના લખેલ છે એની જગ્યાએ યા (અથવા) અને પાંચમી લિટીમાં સત્ત હેઠળ હોય તેવી, રજિસ્ટરના રેકર્ડનું યોગ્ય રીતે સંકલન કરવા માટે લખેલ છે એમાં ના ની જગ્યાએ યા (અથવા) આટલો સુધારો બન્ને જગ્યાએ છે. આ બિલનો સુધારો નથી પણ ટાઈપની મિસ્ટેક છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**બિલની રજૂઆત સમયે બિલમાં સુધારા કરવા અંગે**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, I am just suggesting to save the time. However, reply of the Hon ble Minister is such that I have to raise the point of order. આપણા પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે. હું બીજું કાંઈ માગતો ન હતો. આપના તરફથી ટકોર માગતો હતો. આ ટાઈપોગ્રાફીની મિસ્ટેક નથી. or થાય છે એટલે મિનીંગ ચેન્જ થાય છે. એ સંજોગોમાં બિલની બાબતમાં સુધારો ક્યારે અને કેટલા સમય પહેલા એરેટા મૂકવો જોઈએ એનો પણ એક સમય છે. છેલ્લી ઘડીએ આવું થાય એટલે મુશ્કેલી થાય છે. હું માર્ગદર્શન માગતો હતો કે ભવિષ્યમાં સરકાર તરફથી આ બાબતે કાળજી રખાય કે જેથી લાસ્ટ સ્ટેજે જ્યારે બિલ પાયલોટ થતું હોય ત્યારે આ પ્રમાણે આવે એટલો સુધારો જરૂરી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (મુખ્યદંડકશ્રી)** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ વાત કરી એમાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૪૨માં બહુ સ્પષ્ટ લખેલ છે કે વિધાનસભા જ્યારે વિધેયક પસાર કરે ત્યારે અધ્યક્ષને વિધેયકમાં દેખાતી ભૂલ સુધારવાની અને વિધાનસભાએ સ્વીકારેલ સુધારાને પરિણામે થતા બીજા ફેરફારો કરવાનો અધિકાર રહેશે. એટલે આ તો માત્ર ટાઈપોગ્રાફીકલ પ્રકારની એરર છે એટલા માટે માનનીય મંત્રીશ્રીએ પહેલા વાચનમાં એનો ઉલ્લેખ કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : આજે સવારે જ્યારે આ પ્રશ્ન આવ્યો ત્યારે લોકસભાના માલવંકરજીને હું વાંચતો હતો. શ્રી શકિતસિંહે જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એ વાજબી છે. એમનું કહેવાનું એ હતું કે આખું બિલ જ્યારે આવે એ પહેલા બરાબર જોઈ લેવું જોઈએ અને જોઈને પછી લાવવું જોઈએ. OR અને OF ની અંદર અર્થના અર્થઘટનો ઘણાં બધા બદલાઈ જાય છે માટે ગંભીરતાપૂર્વક લેવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં અર્થ બદલાતો નથી. માત્ર ટાઈપોગ્રાફિકલ મિસ્ટેક ચોક્કસ છે અને એ સુધારી છે. મેં સુધારવાની મંજૂરી આપી હતી અને મારી પાસે મંજૂરી માગી છે માટે આપી છે. કારણ કે એ સુધાર્યા વિનાનું બિલ જાય. આપ જે ૧૪૨ નો નિયમ છેને એ ત્યાર પછીનો છે, બિલ પસાર થઈ ગયા પછી જો ભૂલની ખબર પડે તો એ અધ્યક્ષને પાવર્સ છે અને ૧૪૨ ત્યાં લાગુ પડે છે.

## મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦(ક્રમશ:)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બોમ્બે રેવન્યુ એકટ ૧૮૭૯માં અમલમાં આવ્યો. જે સમગ્ર ગુજરાતને લાગુ પડે છે. આ બોમ્બે રેવન્યુ એકટ છે એની અંદર ૧૪ પ્રકરણો આવેલા છે. આ ૧૪ પ્રકરણોમાં ૧૦(ક) નામનું પ્રકરણ એ ૧૯૧૩ માં સુધારો કરીને ઉમેરવામાં આવ્યું. આ ૧૯૧૩ માં સુધારો કરવામાં

* વિધેયક તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આવ્યો ૧૦(ક) ના પ્રકરણની અંદર એમાં કલમ ૧૩૫(ક) થી કલમ ૧૩૫(ઢ) સુધી અને કલમ ૧૩૫-એ થી કલમ ૧૩૫-એલ એમ કુલ ૧૨ કલમો હકપત્રક સંબંધિત વ્યવહારો થાય છે એનો એની અંદર સમાવેશ કરવામાં આવ્યો. આ જે હકપત્રક છે એમાં જે જમીન ધારણ કરનારાઓ હોય છે એમના નામો હોય છે, એમનો કેટલો સંબંધ અને હિત આની અંદર સંકળાયેલું હોય છે એ બાબત હોય છે, જમીન કઈ શરતની છે, કઈ જવાબદારીવાળી છે એ પણ એમાં હોય છે, કેટલું મહેસૂલ આપવાનું હોય છે એનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે અને જો જમીન ઉપર બોજો હોય તો એ બોજાની નોંધ પણ આની અંદર કરવામાં આવે છે અને આ નોંધ ના થાય ત્યાં સુધી એનો હક એના ઉપર રહેતો નથી એટલે એનો હક આપવામાં આવે છે. આ હકપત્રકની અંદર ગામ નમૂના નંબર-૬ અને ૭/૧૨ નો પણ સમાવેશ થાય છે અને આ હકપત્રક એ ગામની અંદર તલાટી નિભાવતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે જમીન દફતરનું કોમ્પ્યુટરાઈઝેશન કરી દીધું છે. હવે જેટલા પણ જમીન સંબંધિત વ્યવહારો થાય છે એ ગામ કક્ષાએ નથી થતા પણ મામલતદાર કક્ષાએ તાલુકાની ઓફિસોની અંદર થતાં હોય છે અને એના માટે આપણે ઈ-ધારા કેન્દ્રમાં બનાવેલું છે. ૨૨૫ તાલુકાની અંદર ઈ-ધારા કેન્દ્રો કાર્યરત થઈ ગયા છે અને હવેથી જેમને પણ ૭/૧૨ની નકલો અને વગેરે જોઈતું હોય તો મામલતદાર કચેરીમાં જઈ ઈ-ધારાની અંદરથી એમણે લેવાનું હોય છે. આમ રાજ્ય સરકારે એનું કોમ્પ્યુટરાઈઝેશન કરીને કામ આગળ વધાર્યુ છે. હવે જ્યારે ગુજરાત રાજ્યની ૫૦મી સ્વર્ણિમ જયંતિ આપણે ઉજવી રહ્યાં છીએ ત્યારે મહેસૂલ વિભાગ એક ક્રાંતિકારી ફેરફાર કરવા માગે છે. માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઓફ રાઈટમાં નામ દાખલ કરવાની અને ફેરફારની નોંધ પાડવાની જે પધ્ધતિ છે એની અંદર આપણે આમૂલ પરિવર્તન કરવા માગીએ છીએ. કારણ એના ઘણાં બધા છે. કોઈ પણ વ્યકિત જ્યારે પોતાના દસ્તાવેજની નોંધણી કરાવવા જાય છે ત્યારે એને ઘણી બધી મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. ઘણી વખતે સ્ટેમ્પ ડ્યુટીની રકમ કેટલી છે એમાં વિવાદો ઊભા થાય છે. ત્યાર પછી જો કોઈ અરજી કરે એના ઉપર વાંધો લે તો તરત એની ફેરફારની નોંધ થતી નથી હોતી અને ઘણાં વખત સુધી એ નોંધો પડી રહેતી હોય છે અને ફેરફારની નોંધ ના થાય અને એના પછીના દસ્તાવેજો થાય એની પણ પછી આપણે નોંધો પાડી નથી શકતા અને બે-ત્રણ વર્ષ સુધી આ નોંધો પડી રહેતી હોય છે અને લોકો પરેશાન થતા હોય છે અને એટલા માટે આપણે એક આમૂલ પરિવર્તન કરવા માગીએ છીએ અને એનું તમામ કોમ્પ્યુટરની અંદર આપો આપ થાય એનો આપણે એક પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર જે કાંઈ વ્યકિત જમીન મિલકતનો દસ્તાવેજ કરાવે એજ સમયે એની ફેરફાર નોંધ, ગામ નંબર નમૂના નંબર-૬ માં આપો આપ કોમ્પ્યુટર દ્વારા થઈ જાય એની સાથે સાથે ૧૩૫-બીની નકલ પણ કોમ્પ્યુટર પોતેજ જનરેટ કરે અને ત્યાં જે વેચનાર અને લેનાર આવ્યા હોય એમને ૧૩૫-ડીની નોટિસ ત્યાં ને ત્યાં જ બજાવી દેવામાં આવે. આ થઈ ગયા પછી ૭/૧૨ ની અંદર કાચી નોંધ પણ પડી જાય. કાચી નોંધ પડ્યા પછી જો કોઈ વાંધો લે તો મામલતદાર એની કક્ષાએ આગળ એ વિધિ કરે. પરંતુ જો ૩૦ દિવસની અંદર જો કોઈએ વાંધો ના લીધો હોય તો એની એન્ટ્રી પ્રમાણિત થઈ જાય અને એ પણ કોમ્પ્યુટર પોતેજ પ્રમાણિત કરે એમાં કોઈ વ્યકિત અથવા તો કોઈ ઓફિસર એ પ્રમાણિત નહિ કરી શકે. અને કૉમ્પ્યુટર પોતે જ ઑટોમૅટીક એની એન્ટ્રી પ્રમાણિત કરી દેશે અને આ જો ફેરફારો આપણે કરવા હોય તો પછી જે નિયમો આગળ બનાવેલા છે એ જે કાયદાઓ અને નિયમો છે એ નિયમો અને કાયદાઓમાં આપણે ફેરફાર કરવા જ પડે અને એટલા માટે આપણે ૧૦(ક)ની જોગવાઈઓમાં જે કાંઈ નિયમો બનાવેલા છે એ નિયમોમાં આપણે ફેરફારો કરવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ કાયદામાં હકકપત્રક સંબંધિત તમામ રેકર્ડ ગામે તલાટીઓ નિભાવતા હોય છે એમાં તલાટી એના ખાનગી રજીસ્ટર્ડ થયેલા દસ્તાવેજો હોય કે અનરજીસ્ટર્ડ લખાણો હોય એ પણ તલાટી નિભાવતા હોય છે, જો વારસાઈ થાય તો એ પણ તલાટીઓ કરતા હોય છે અને એ પણ નોંધ કરતા હોય છે અને કાચી નોંધો પાડતા હોય છે, ત્યાર પછી જો વાંધાઓ આવે તો મામલતદાર પોતે એની સુનાવણી કરતા હોય છે અને સુનાવણી કર્યા પછી એનું જજમૅન્ટ આવે જજમૅન્ટ આવ્યા પછી એની એન્ટ્રી પડતી હોય છે અને એ પણ મામલતદાર કચેરીમાં મામલતદારની સીધી દેખરેખ હેઠળ આ કામ થતું હોય છે. હવે આ ઈ-ધારા કેન્દ્રમાંથી આ ૭/૧૨ના ઉતારા અને એ બધું જ એમને મળતું હોય છે. એ ઉપરાંત જે મામલતદાર કચેરીઓ છે એ મામલતદાર કચેરીઓમાં સબ રજીસ્ટ્રારની કચેરીઓને પણ આપણે આવરી લીધેલી છે અને સબ રજીસ્ટ્રારની કચેરીઓમાં કોઈ પણ વ્યકિત દસ્તાવેજની નોંધણી કરાવવા માટે જાય, રજીસ્ટર્ડ કરાવવા માટે જાય ત્યારે એના ઉપર સ્ટૅમ્પ ડ્યૂટી કેટલી લાગશે એ નક્કી કરવામાં આવે છે ત્યાર પછી એ લેખને રજીસ્ટર્ડ કરવામાં આવે છે. જે પક્ષકારો છે, એમાં લેનાર અને વેચનાર એ બંનેના ફોટાઓ લેવામાં આવે છે, એમના અંગૂઠાનું નિશાન લેવામાં આવે છે અને ત્યાર પછી એમની રજીસ્ટ્રેશન ફી કેટલી થશે એ પણ નક્કી કરવામાં આવે છે અને એ કામ ત્યાં કૉમ્પ્યુટર દ્વારા કરી લેવામાં આવે છે. એજ રીતે જિલ્લાકક્ષાએ કલેકટર કચેરીઓમાં પણ જન સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે, અને લગભગ બધા જ જિલ્લાઓમાં જન સેવા કેન્દ્રો કાર્યરત છે અને એમાં લગભગ ૯૦ પ્રકારની સેવાઓ આપણે નાગરિકોને આપતા હોઈએ છીએ અને એનું પણ કૉમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે અને મોટાભાગની સેવાઓ કૉમ્પ્યુટર દ્વારા થાય છે. જેથી અરજદારોને ઝડપથી ન્યાય મળે, ચોકસાઈ પણ એમાં હોય અને સમયની બરબાદી ન થાય એના માટે આપણે આ કામ જિલ્લાકક્ષાએ કરતા હોઈએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હવે મહેસૂલ વિભાગ

આ જુદા જુદા ઠેકાણે જે કાંઈ કામગીરી થાય છે એને એક જ જગ્યાએ કરવા માગે છે. ઈ-ધારા કેન્દ્રો, જન સેવા કેન્દ્રો, સબ-રજીસ્ટ્રારની કચેરી, જન્મ-મરણ નોંધણીની કચેરી, ડી.આઈ.એલ.આર.ની કચેરી, એસ.એસ.આર.ડી.ની કચેરીમાં, એ.આર.ટી.ની કચેરી, પ્રાંત કચેરી અને કલેક્ટર કચેરી આ બધી જ કચેરીઓને ઇન્ટીગ્રેટેડ કરી અને બધી જ સેવાઓ એક જ જગ્યાએ ઉપલબ્ધ થાય એના માટે આપણે પ્રયત્નો કરવા માગીએ છીએ અને એમાં આઈ.ટી. નૅટવર્કથી આ બધાને આપણે જોડવા માગીએ છીએ અને એને કારણે આ બધી જ કચેરીઓ એકબીજાને ડેટા પણ આપી શકશે અને લઈ પણ શકશે અને અરજદારને ઓછામાં ઓછા સમયમાં એની સેવાઓ પૂરી કરી આપવામાં આવશે આ પ્રકારનું કામ હવે રાજય સરકાર, મહેસૂલ વિભાગ કરવા માગે છે. એમાં સૌથી પહેલા ફેઝમાં આપણે ઈ-ધારા કેન્દ્ર અને રજીસ્ટ્રારની કચેરી એની કામગીરીને આઈ.ટી.નૅટવર્કથી જોડવા માગીએ છીએ અને એ જોડવા માટેનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે, એન.આઈ.સી. પાસે સોફ્ટ વેર તૈયાર થયું છે અને મામલતદારની કચેરીમાં જ આ બધું જ કામ થશે હવે. એમાં જે માણસ દસ્તાવેજ કરાવવા માટે આવશે એ પોતે જ જમીનદાર છે કે કેમ? એની પહેલી તો ચકાસણી કરવામાં આવશે અને પહેલેથી જ એના અંગૂઠાનું નિશાન એમાં દાખલ કરી દેવામાં આવશે. જેથી જ્યારે એ પોતે દસ્તાવેજ કરવા માટે આવે વેચાણનો ત્યારે એ પોતે સ્ટૅમ્પ કરશે, પોતાનો અંગૂઠો લગાડશે એટલે કૉમ્પ્યુટર પોતે જ એ યશ ઓર નો કહેશે, કે હા આ ખેડૂત ખાતેદાર પોતે જ છે તો જ આગળ વિધિ થશે, નહિંતર એને રિજેકટ કરશે એટલે આગળ પછી એ દસ્તાવેજો થતા અટકી જશે ત્યાર પછી ખેડૂત ખાતેદારની આ ચકાસણી થઈ જાય એટલે એનો અંગૂઠો આવી ગયો ત્યાર પછી એના ફોટા લઈ લેવામાં આવશે, ૭/૧૨ની નકલમાં જેટલા પણ એના વારસદરોના નામો હશે બધાના જ ફોટા લેવામાં આવશે એ બધાના અંગૂઠા પણ એમાં આવી જશે, મુખ્ય વ્યકિતનો અંગૂઠો આવી જશે આટલું કામ કર્યા પછી જે સ્ટૅમ્પ ડ્યૂટી કેટલી થશે એ પણ ત્યાં કૉમ્પ્યુટર જ જનરેટ કરી આપશે જે પહેલા રજીસ્ટ્રારની કચેરીમાં જવું પડતું હતું હવે નહીં જવું પડે અને કેટલી સ્ટૅમ્પ ડ્યૂટી લાગશે એ પણ કૉમ્પ્યુટર પોતે જ જે જંત્રી ચાલતી હશે એજ જંત્રીના આધારે એ પોતે સ્ટૅમ્પ ડ્યૂટી નક્કી કરી લેશે, રજીસ્ટ્રેશન ફી કેટલી થશે એ પણ આપણું કૉમ્પ્યુટર તૈયાર કરીને આપી દેશે અને ત્યાંને ત્યાં ઈ-સ્ટૅમ્પીંગ થઈ જશે અને નંબર-૬નું જે હકકપત્રક છે એમાં એ વ્યવહારની નોંધ પડી જશે ત્યાર પછી ૧૩૫-ડીની નોટિસ પણ આ કૉમ્પ્યુટર જ જનરેટ કરશે, કૉમ્પ્યુટર જનરેટ કર્યા પછી ત્યાં જ વેચનાર અને લેનાર સામસામે ઊભા હશે ત્યાં ને ત્યાં જ એમને ૧૩૫-ડીની નોટિસ બજાવી દેવામાં આવશે.જે પહેલા તલાટીઓ ૧૩૫ -ડી ની નોટિસ બજાવવામાં મુશ્કેલી ઊભી કરતા હતા. આપતા નહોતા. પાછળથી આપે જેના કારણે જેના નામે દસ્તાવેજો કરવાના હોય તેના થઈ જાય. સાચો માણસ રહી જાય અને ખોટો માણસ લઈ જાય. એવા જે પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. એ હવે નહિ થાય. એ ઉપરાંત એ નક્કી કરવામાં આવ્યું છે કે ૧૩૫- ડી ની નોટિસ હાથોહાથ આપવામાં આવશે. એસ.એમ.એસ. દ્વારા પણ આપવામાં આવશે. જો કોઈ વિદેશમાં રહેતા હશે તો ઈન્ટરનેટ કે ઈ-મેઈલ દ્વારા પણ એને પહોંચાડવાનો પ્રયત્ન પૂરેપૂરો કરવામાં આવશે. આટલું કર્યા પછી જે લેનાર વ્યકિત છે, એની કામગીરી શરૂ થશે. જે લે છે તેનો પણ ત્યાં અંગુઠો લેવામાં આવશે. એનો પણ ફોટોગ્રાફ લેવામાં આવશે. પછી સાક્ષીનો પણ ફોટો અને સાક્ષીની પણ સહી લેવામાં આવશે. કે આમની ઉપસ્થિતિમાં આ કામગીરી કરવામાં આવી છે. આમ આટલી વિધિ થયા પછી જે ૧૩૫-ડી ની નોટિસ આપવામાં આવી હશે, એમાં જો ૩૦ દિવસની અંદર જો કોઈએ વાંધો નહિ ઉઠાવ્યો હોય તો ૩૦ દિવસ પછી આ જ કૉમ્પ્યુટર ઓટોમેટિક એન્ટ્રી કરી દેશે અને પાકી નોંધ વ્યકિતને આપી દેશે. અને જો વાંધો કોઈનો આવશે તો હિયરિંગ મામલતદાર જે જૂની પદ્ધતિ છે એમાં નક્કી કરશે અને એમાં પણ અમે સમય મર્યાદા પણ નિશ્ચિત કરવાના છીએ. ૩૦ દિવસમાં હિયરિંગ કરી લઈને પછી જજમેન્ટ આપી દેવું. કે જેથી કરીને પાછળથી કોઈ પ્રશ્નો ઊભા ન થાય. પાવર ઑફ એટર્ની દ્વારા આ જમીનનાં વેચાણ થઈ રહ્યા છે. એની અંદર પણ મૂળ માલિક જે હશે. પાવર ઑફ એટર્ની દ્વારા જમીનનું વેચાણ કરવા માટે આવે, પરંતુ મૂળ માલિકને ૧૩૫-ડી ની નોટિસ એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી બજાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. એને જાણકારી મળે કે મારી આ જમીન, સંપત્તિ, મકાન વેચાઈ રહ્યા છે. આજે પહેલા ફેસમાં કામગીરી કરવા મહેસૂલ વિભાગ જઈ રહ્યો છે. પ્રાયોગિક ધોરણે માણસાની અંદર કામ શરૂ કરવામાં આવ્યું છે. માણસા મામલતદાર કચેરીમાં કામગીરીનો આરંભ કર્યો છે. મેં પોતે ત્યાં જઈને આ પદ્ધતિ જોઈ છે. અધિકારીઓએ પણ જોઈ છે અને લાગે છે કે આ પદ્ધતિથી ઘણા બધા પ્રશ્નો ઊભા થયા છે તે પ્રશ્નોનો નિકાલ આવશે. હવે આ પ્રમાણે કૉમ્પ્યુટરાઈઝેશન કરવું હોય તો જે ૧૦-ક માં જે કલમો ૧૨ છે. એમાં સુધારા કરવા પડે. હવે કલમ-૧૩૫- ખ માં એવો નિર્દેશ કરેલ છે કે હકપત્ર દરેક ગામમાં રાખવામાં આવે. આની અંદર ફેરફાર કરીને એ પ્રમાણેનો ફેરફાર કરવા માગીએ છીએ કે ઈ-ધરા હવે સૂચિત જનસેવા કેન્દ્ર કાર્યરત થશે, ત્યારે હકપત્ર હાથે બનાવેલ અથવા ઈલેક્ટ્રોનિક અથવા બંને સ્વરૂપે દરેક ગામ અથવા સિટી સરવે વિસ્તાર માટે નીભાવવામાં આવશે. સિટી સરવે વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે, એટલે સિટી સરવે વિસ્તારમાં દસ્તાવેજો થતા હશે તે પણ અહીયા નીભાવવામાં આવશે. એટલે ત્યાં પણ ગડબડ થાય છે એ દૂર કરી શકાશે. આમ કૉમ્પ્યુટરાઈઝેશન થયેલ જમીન દફતરે ગામવાર નીભાવવામાં આવશે. ભવિષ્યમાં આઈ.ટી. નેટવર્ક ગામડાઓમાં ઉપલબ્ધ થશે, ત્યારે જમીનની લે-વેચનું કામ ગામ કક્ષાએ કરી શકાશે. અત્યારે નહિ, પણ ભવિષ્યમાં કરી શકાશે. એ ઉપરાંત કલમ-૧૩૫-ગ માં હક્ક સંપાદન કરવાનો લેખિત રિપૉર્ટ તલાટીને કરવાની પ્રવર્તમાન જોગવાઈ છે. એની અંદર જે

તલાટી શબ્દ લખાયેલ છે, તે તલાટીના સ્થાને મુકરર સત્તા અધિકાર તેટલો ડેજિગ્નેશન ઑફિસરનો સુધારો કરવાનો રહે છે, એટલે તેના સ્થાને મુકરર સત્તા અધિકારી એ તલાટીના સ્થાને આપણે એ શબ્દ મૂકવા માગીએ છીએ. એ ઉપરાંત આવા રિપૉર્ટ મેન્યુઅલી અથવા ઈલેક્ટ્રોનિક કરી શકાશે, તેવો સુધારો દાખલ કરવાનું પણ સૂચવવામાં આવ્યું છે. કલમ-૧૩૫-ઘ પ્રવર્તમાન જોગવાઈમા તલાટીના સ્થાને મુકરર સત્તા અધિકારી શબ્દ મૂકવાનો રહે છે. આ કલમમાં હક્ક સંપાદનના રિપૉર્ટની નોંધ ફેરફાર રજિસ્ટરમાં કરવાની છે, તેવી જોગવાઈમાં ઈલેક્ટ્રિોનિક કે અન્ય કોઈ પદ્ધતિથી નોંધ કરવાની બાબત સરકાર ફરમાવી શકશે, તેવો ફેરફાર સમાવિષ્ટ કરવાનું સૂચવવામાં આવ્યું છે. આ ઉપરાંત પણ સરકાર ફરમાવી શકે તેવું સૂચન પણ સમાવેશ કરવાનો. એ ઉપરાંત વાંધાનો નિકાલ સરકારે ઠરાવે તે સમય મર્યાદામાં કરવાનું અને નિકાલ કરવાની જાણ સંબંધિતોને કરવાનું સુચવાયેલ છે.વાંધો નથી તેવા કિસ્સામાં ૩૦ દિવસમાં ફેરફાર પ્રમાણિત કરવામાં આવશે તેવી નવી જોગવાઈ દાખલ કરવાનું સૂચવવામાં આવ્યું છે. એ ઉપરાંત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા આવી નોંધો આપોઆપ પ્રમાણિત થાય તો તે પણ કાયદેસરનું ગણાય તેવી જોગવાઈ પણ આ સુધારા બિલમાં આમેજ કરવામાં આવી છે. એટલે એને કાયદેસરનું પીઠબળ મળે છે, કાયદાનું પીઠબળ મળે છે, એટલે ભવિષ્યમાં કોઈ કોર્ટની અંદર પડકારી ન શકે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૩૫(છ)ની માહિતી આપવામાં ગફલત કરવા માટેની શિક્ષાની જોગવાઈ છે. પહેલાં આમાં ૨૫ રૂપિયાની જોગવાઈ હતી અને તે કલેકટર કરી શકે છે. હવે તેમાં સુધારો કરીને એક હજાર રૂપિયા સુધીની ફી સૂચવીએ છીએ. કારણકે દસ્તાવેજ અને રેકર્ડ ખોટું આપે અને સમયસર ન આપે તો આપણને આગળ મુશ્કેલીઓ પડે એટલા માટે ૨૫ રૂપિયાના બદલામાં એક હજાર રૂપિયા સુધીની ફી છે. એટલે એક હજારથી વધારે નહીં પણ ઓછી ગમે તેટલી લઈ શકે છે. તે કલેકટર ઉપર આધાર રાખે છે. તે ઉપરાંત ૧૩૫(ચ) અપ્રસ્તુત હોવાથી તેને આપણે રદ કરવાનું સૂચવેલ છે અને કલમ-૧૩૫(ચ), ૧૩૫(જ), ૧૩૫(ઝ), ૧૩૫(ઠ), ૧૩૫(ડ )તેમાં કોઈ ફેરફાર કરતા નથી. ભવિષ્યમાં કલેકટર કચેરી વગેરે જોડીશું ત્યારે તેમાં ફેરફાર કરવાની જરૂર લાગશે ત્યારે કરીશું. આમ જમીન દફતરનું કોમ્પ્યુટરાઈઝેશન થયેલ છે અને તાલુકામાં ઈન્ટીગ્રેટેડ સોફટવેરની મદદથી સાંકળીને તમામ સેવાઓ તાલુકા મામલતદાર કચેરીમાં ઉપલબ્ધ કરાવવામાં આવે ત્યાં કાયદાનું સમર્થન મળે તે માટે પ્રકરણ-૧૦(ક)ની પ્રવર્તમાન જોગવાઈઓમાં સુધારા વધારા કરવાનું સૂચવવામાં આવેલ છે અને તે કલમો સહિત મેં વાત કરી છે. હું સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલ વિના વિરોધે પસાર કરે.

**અધ્યક્ષશ્રી** : બિલની ચર્ચા પૂરી થાય, મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થાય ત્યાં સુધી આ પૂરું કરવાનું સમિતિની ભલામણ છે અને તેને આપણે સૌએ સ્વીકારેલી છે. એટલે એ પ્રમાણે આપણે નક્કી કરીએ છીએ. મારે વધારે સમય બગાડે નહીં, બાકીના સભ્યશ્રીઓ અર્જુનભાઈને પ્રોત્સાહિત ન કરે એટલી વિનંતી છે. જેથી કરીને એમને એમના વિષય ઉપર કહેવા દો. તમને પ્રોત્સાહિત ન કરે. શ્રી જેઠાભાઈ આપને મહેરબાની કરીને મેં વિનંતી કરી છે કે સમય ઘણો ગયો છે. વધારાનો સમય ન જાય એટલા માટે હું કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારો છેલ્લા વર્ષોમાં આવી અને ખાસ કરીને મહેસૂલ વિભાગને લગતા બિલો છે તે બિલો જે પ્રકારના આવ્યા કે જેમાં જમીન ધારણ કરનાર નાનો ખેડૂતો હોય, નાના પ્લોટના માલિકો હોય તેને ધ્યાનમાં રાખવાને બદલે નવા જે મૂડીવાદી લોકો આવ્યા તેને ફાયદો કેમ થાય? તેના માટેની જોગવાઈઓ વારંવાર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ જે બિલ આવ્યું છે તે બિલના કેન્દ્રમાં નાનો ખેડૂત કે પછી કોઈ નહીં પરંતુ રાજયના બિલ્ડરો છે તેઓને મુશ્કેલી ન પડે તેના માટેની જોગવાઈવાળું આ બિલ છે. એટલે જરૂરથી આ બિલ માટે બિલ્ડરો તો એમને અભિનંદન આપવાના છે. સૌથી પહેલાં મુંબઈ જમીન મહેસૂલ બિલ આવ્યું, તેની પછી સૌરાષ્ટ્ર સરકારનું બિલ આવ્યું. આ બધા બિલો એટલા માટે આવ્યા હતા કે તે વખતે આ દેશની અંદર એકપણ ખેડૂત કે એક પણ ખાનગી માલિક તે જમીનના માલિક ન હતા. માલિક માત્ર રાજય હતું. તેને કારણે ત્યાં સુધી વાત થઈ કે જમીન ધારણ કરવાના ક્ષેત્રફળ છે તે પણ મર્યાદિત કરી દેવામાં આવ્યા. જેથી ભવિષ્યની અંદર કોઈ આ પ્રકારના જમીનદારો ઉભા ન થાય. તેને કારણે જે મોટા જમીનદારો હતા તેની પાસેથી જમીન લઈ અને નાના લોકોને આપવાની પણ વાત થયેલી અને તે પ્રમાણે તેના કારણે આજે આ ગૃહમાં બેઠા છે તેવા ઘણા લોકો જેના દાદા પરદાદા પાસે એક ઈંચ જમીન ન હતી તે જમીનના માલિક બનેલા છે.

**સભાપતિશ્રી દોલતરાય ન. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તેના પછી પ્રત્યાઘાતી કાયદાઓ લાવવાનું શરૂ થયું. શરત એવી હતી... હવે વાંધો નહીં. કોઈ કોમેન્ટ આવશે તો હું આવકારીશ એમાં કોઈ વાંધો નહીં એટલે માનનીય અધ્યક્ષશ્રી, શરત તો એવી મૂકાઈ હતી કે જે જમીન ખેતીની ધારણ કરે, એને જાતે ખેતી કરવી જોઈશે. એટલું જ નહીં પણ એને ખબર હતી એ વખતે જાતે ખેતી કરું છું એ દર્શાવવા માટે એ અમદાવાદની કોઈ સોસાયટીમાં રહેતા હોય અને પછી એ બનાસકાંઠા કે વલસાડમાં જમીન ધરાવતા હોય તો એ કહેશે કે આ જમીન પર હું ખેતી કરાવું છું. પણ નહીં, કાનૂનની અંદર જોગવાઈ એવી થયેલી કે તમે જયાં રહેતા હોય એની આઠ કિલોમીટરની અંદરમાં જ તમે જાતે ખેતી કરવા પહોંચી શકો. બીજી જગ્યાએ નહીં. એટલે આઠ કિલોમીટરથી બહાર તમે જમીન ન લઈ શકો.

આ કાનૂન રદ કર્યો પરિણામ એ થયું કે અમદાવાદ, સુરત, રાજકોટ કે બરોડામાં રહેતા હોય એ લોકો વલસાડ, જેને લાગુ પડતું હોય  માનનીય કરશનભાઈ વાંધો નહીં, આપણને કશું લાગું પડતું નથી. આપણે આઠ કિલોમીટરની મર્યાદામાં જ રહીએ છીએ અને એટલા માટે જે લોકો આવા શહેરોમાં રહેતા હોય એણે સામાન્ય વર્ગની જમીન, મૂડી કાળાબજારમાંથી કે બીજી જગ્યાએથી એકઠી કરેલી હોય એને નાણાં રોકવા છે તો કયાં રોકવાના? તો જમીનમાં રોકવાના. એને એને કારણે જેમનો જીવન નિર્વાહ ખેતી ઉપર હતો એમની જમીનો ઝૂંટવાઈ અને આ પ્રકારના કયાંક ઉદ્યોગપતિઓ હોય, બિલ્ડરો હોય, એ લોકોએ જમીન લઈ લીધી. અને જેની જમીન હતી એ એ જ જમીનની અંદર ખેતમજૂરી કરવા લાગ્યો. સર્વવ્યાપી, આખા રાજયની અંદર આજે સ્થિતિ એવી છે કે આપણે એમ કહીએ કે પચાસ વીઘાથી વધારે જમીન ધારણ કરી શકાય નહીં, જમીન ટોચ મર્યાદા ધારા નીચે,  છતાં મેં એવા ખેડૂતો જોયા છે, જે એમ કહે કે એમની પાસે હજાર વીઘા જમીન છે. બીજાની પાસે તો કહે કે બે હજાર વીઘા જમીન છે. આ જમીન કયાંથી આવી? વાત એ છે કે, જે ખેતમજૂરો છે, એવી સંખ્યા વધી આવા બિલો લઈ આવવાને કારણે. અને ખેડૂતોની સંખ્યા ઘટી. ખેડૂત હતા એ એની જગ્યાએ ખેતમજૂરી કરતા થઈ ગયા. આ પ્રત્યાઘાતી કાયદાઓ વારંવાર એક પછી એક આવ્યા જ કરે અને એને કારણે સામાન્ય લોકો હતા એમનું સૌધી વધારે અહિત થયું. આપણે ઘણા લોકોને શહેરમાં પૂછીએ કે ભાઈ, શાનો ધંધો કરો છો? તો કહે કે જમીન મકાનનો ધંધો કરીએ છીએ. તો મને એમ થાય કે જમીન મકાનનો ધંધો એટલે શું? અમારે ત્યાં ભોઈ સમાજ અને બીજા સલાટ સમાજના લોકો એ મકાન બાંધવાનો ધંધો કરે, એ બરોબર છે કે એ એમ કહે કે હું મકાન બાંધવાનો ધંધો કરું છું. પણ અમુક લોકો એવા છે કે, માત્ર ખેડૂતોની જમીન એને ખબર હોય કે આ જમીનના શહેરીકરણની પ્રક્રિયાની અંદર ભાવો વધવાના છે, એક ટકો, બે ટકા, વીસ ટકા, સો ટકા, બસો ટકા હજાર ટકા નહીં , જમીન લઈ લે, એટલે દશ વીસ હજાર ટકાનો ફાયદો માત્ર બે ચાર દશ વીસ લોકોને મળી જાય, ન ખેડૂતોને મળે, ધંધાની અંદર પચીસ પચાસ ટકા નહીં સો ટકા કમાવાના અધિકારો બધાને છે. પણ હજાર, બે હજાર, પાંચ હજાર ટકા, માનનીય અધ્યક્ષશ્રી, કાનૂન એવો શું કરવા ન લવાય કે જેનાથી પેલા ખેડૂતને બે પૈસા મળે, જમીન મકાનનું કામ કરતો હોય એને રૂપિયો બે રૂપિયા મળે એનો વાંધો નહીં, અને જે છેવાડાનો ખરીદનાર છે એને પણ વાજબી મળે એવા કાનૂન લઈ આવવાનું આ સરકારને સૂઝે નહીં, અહીંયાં વાત એ થઈ કે આ બધાની અંદર અત્યાર સુધી જે કાનૂનો લઈ આવ્યા, આ કાનૂનને પણ સુધારવા માટેની વાત લઈ આવ્યા છે. રેકર્ડની દુરસ્તી કરવી હોય તો કેવી રીતે કરવી, શું કરવાનું શું નહીં કરવાનું એ બધું જ ભૂતકાળની અંદર અંગ્રેજોના સમયથી આપણે ત્યાં રેકર્ડ કેવી રીતે રાખવા એનો આખો રેવન્યુ કોડ આપેલો છે. મને તો એમ કહેવામાં આવ્યું છે જે લોકો રેવન્યુના જાણકાર છે એ લોકો તરફથી કે જે અંગ્રેજે આ કાયદો બનાવ્યો અંડરસેને એણે ૧ થી ૧૮ નંબના ફોર્મ આપ્યા છે એ ફોર્મની અંદર આપણે જ્યારે સુધારા કરવા ગયા છીએ ત્યારે ક્યાંક ગોથું ખાધું છે. કેટલી સરસ વ્યવસ્થા એ વખતે ગોઠવેલી હતી. એમને બીજો રસ ન હતો એમને તો જમીન મહેસૂલમાં રસ હતો. મહેસૂલ વ્યવસ્થિત ઉઘરાવાય એટલા માટે હવે મહેસૂલ અપ્રસ્તુત થઈ ગઈ છે કારણ કે આજે રાજ્ય સરકારની આવકમાં આ જમીન મહેસૂલ છે એ ખૂબ ઓછો ભાગ છે. એ વખતે તો જમીન મહેસૂલ સૌથી મોટી આવક હતી અને એટલા માટે એનું દફતર એટલું બધું વ્યવસ્થિત રાખવામાં આવતું એનો એક દાખલો આપો. હમણા એક ગામનું દફતર ગુમ થયું, ઓરિઝનલ રેકર્ડ ગુમ થયા એના સંદર્ભમાં એક મિટિંગમાં મારે જવાનું થયું એ વખતનું જે રેવન્યું રેકર્ડ છે એ રેવન્યુ રેકર્ડ મેં જોયું છે, મેં હજુ સુધી એવા પેપર એની અંદર રજિસ્ટ્રરમાં ૬ નંબરનું ફોર્મ છે એમાં જે એનું ઓરિઝનલ દફતર છે એમાં જે પેપર વપરાયો છે એવો પેપર મેં હજુ સુધી ક્યાંય જોયો નથી. એની અંદર જે લખેલા અક્ષરો છે એવા અક્ષરો કદાચ આપણું ડિગ્રી સર્ટિફિકેટ આવતું હશે એની અંદર એવા અક્ષરો લખાતા હશે એવા અક્ષરો આપણે જોયા નથી. એટલું સરસ એમનું રેકર્ડ હતું અને એટલું વ્યવસ્થિત હતું કે આપણને જોઈને આશ્ચર્ય થાય. આજે એની સ્થિતિ શું થઈ છે? જૂના રેકર્ડમાં ૧ નંબરનું, ૨ નંબરનું કે ૬ નંબરનું એ બધા રેકર્ડ લઈને તો એ રેકર્ડમાં સરવાળા, બાદબાકી અને તાળો એ બધું મળી જાય અને એમાં તમામની વિગત હોય. ખાનગી માલિકો કેટલા છે, સરકારી જમીન કઈ કઈ છે, ગામતળ કેટલું છે, ગૌચર ક્યુ છે, નદી નાળા કયા છે, એના ટેકરાઓ કેટલા છે, ટેકરાઓનું ઢાળ ઉપરનું જે ક્ષેત્રફળ છે એ ક્ષેત્રફળ કેટલું છે એ સહિતની બધી વિગતો ત્યારે એ વખતે કે જ્યારે ટેકનોલોજીનો યુગ ન હતો ત્યારે આ બધું જ થયેલું છે અને આજે એ રેકર્ડની સ્થિતિ શું છે એ જાણો છો ? આટલા વર્ષો થયા આપણી અપેક્ષાઓ એવી હતી કે આ રેકર્ડની અંદર ટેકનોલોજી આવી છે, સેટેલાઈટ આવ્યા છે અને માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે હવે તો સેટેલાઈટ આવ્યા છે એટલે સેટેલાઈટ ઈમેજથી હવે તો માપણી કરી શકાશે. જૂના વખતમાં આ રેકર્ડ બરાબર છે કે નહીં એ તપાસવું હોય તો એના માટેના ચોક્કસ નિયમો બનાવેલા હતા. એ નિયમો એવા હતા કે કલેકટર હોય એણે રાતવાસો કરવાનો. મહિનાની અંદર ચોક્કસ દિવસોએ જવાનું પ્રકરણ ૧૦ની સુધારણા છે એટલા માટે કહું છું. દરેક કલેકટરે કેટલા દિવસ ગામની અંદર જઈને રાતવાસો કરવાનો, ડેપ્યુટી કલેકટરે કેટલા દિવસ રાતવાસો કરવાનો, મામલતદારે કેટલા દિવસ રહેવાનું, તલાટીએ હેડ કવાર્ટરમાં રહેવાનું  આ બધું જ હતું. આજે કદાચ કાગળ ઉપર રાતવાસો રહેવાનું થતું હશે, (અંતરાય) મેં તો જોયું નથી આત્મારામભાઈ, આત્મખોજ કરજો જરાક. એટલું જ નહીં પણ એવું કહેવામાં આવતું હતું કે કલેકટરે, ડેપ્યુટી કલેકટરે અને મામલતદારે ત્યાં ગામડામાં જઈ હદ-નિશાન ચેક કરવાના.

આજે હદ અને નિશાન કયાંય રહ્યા છે ખરા સરકારી જમીન અને ખાનગી જમીન વચ્ચે? માનનીય અધ્યક્ષશ્રી, કોઈ જગ્યાએ સરકારી નવી જમીન મંજૂર થાય સરકારના કોઈ વિભાગ માટે માનો કે એક છાત્રાલય સરકારના વિભાગ માટે જોઈએ છે એના માટે રસ્તાની માપણી કરવી છે સરકારના કામની. ખાનગી કામની વાત નથી કરતો અને ડિસ્ટ્રીકટ લેન્ડ ઓફિસમાં એમ કહે કે આ સર્વેયર ત્યાં માપણી કરવા આવશે તો કલેકટર કહે છતા ત્યાં સર્વેયર ઉપલબ્ધ ન થાય એવી સ્થિતિ આપણા રેકર્ડની અત્યારે ઉભી થઈ છે. હું જાત અનુભવ કહું છું. મારા જિલ્લામાં એન્જિનિયરીંગ કોલેજો, છાત્રાલયો સહિતના સરકારી પ્રોજેકટ મંજૂર થયા ૮ મહિના સુધી માત્ર સર્વેયર જમીન માપવા ન ગયા એના કારણે જમીનનું એલોટમેન્ટ ન થઈ શક્યું. ક્યારેક તો એવું બન્યું કે એને કારણે જે બજેટમાં આ વર્ષના બજેટમાં જોગવાઈ થઈ હોય એને બીજા વર્ષના બજેટ સુધી ખેંચવું પડે એવી સ્થિતિ આપણા રેકર્ડની છે. બે ચાર મિત્રોને કદાચ આનાથી એમની મુશ્કેલી દૂર થશે પરંતુ સાચી સ્થિતિ શું છે એ જાણવા માટે લેન્ડ મેનેજમેન્ટ બિલ લઈ આવવું જોઈતું હતું, અત્યારે ચિંતા એ કરવી જોઈતી હતી, લેન્ડ રેકોર્ડસ તો બરાબર છે પણ લેન્ડ મેનેજમેન્ટ પણ જરૂરી છે, નરોત્તમકાકા મોંઘવારીની બહુ ચિંતા કરતા હતા આજે સવારે, (અંતરાય) આખો દેશ કરે, આપ પણ કરો અને હું પણ કરું કંઈ વાંધો નથી, આજે અમે પ્લોટ આપીએ છીએ ગરીબ માણસોને એની કિંમત આટલી થાય, આજની પ્રશ્નોત્તરીમાં, રેકોર્ડ ઉપરની વાત કરું છું બીજી કોઈ વાત નથી કરતો, આજની પ્રશ્નોત્તરીમાં ૧૭ નંબરનો પ્રશ્ન છે, સુરતનો જ છે એટલે માનનીય નરોત્તમભાઈને હું વિનંતી કરું છું કે જરાક જોઈ જાય. આખા રાજયની અંદર, ઈન્દિરા આવાસોની જે સંખ્યા છે એનું ટોટલ બજેટ ૨૫૦ કરોડ રૂપિયા હશે, પ્રશ્ન - ૧૭માં સુરતમાં એસ્સાર કંપનીએ જે જમીન દબાવી છે એની કિંમત ૨૫૦ કરોડ રુપિયા બતાવી છે એકજ જગ્યાએ કદાચ આના પૈસા લઈ લ્યો તો આ મોંઘવારી છે એ ક્યાંની ક્યાં જતી રહે. પણ આપ ચિંતા એ કરો છો કે મોંઘવારી ગરીબ લોકોની નહિ, સાડા પાંચ કરોડ જનતાની નહિ આ પાંચ કરોડપતિઓને મોંઘ ાવારી ન નડે એના માટેની ચિંતા છે, આપની વાત સાચી હતી, સવારે પણ ચિંતા કરતા હતા, આપની ચિંતા એમની છે, આ શું કરવા બને, આ એકજ દાખલો આપ્યો, પણ દરેક શહેરોની અંદર આ સ્થિતિ છે, આજે ગૌચર કેટલા ખુલ્લા છે? ગામતળ કેટલા ખુલ્લા છે? સરકારી જમીનોની હાલત શું છે, આ સાબરમતી નદીના કિનારા ઉપર એક બે આશ્રમો એવા છે કે સરકારના અધિકારીઓને એમ કહે કે પેશકદમી છે, એન્ક્રોચમેન્ટ છે એ ખાલી કરવા તો આવો ? એમને હાથ જોડીને કહેવું પડે કે અમને હાઈકોર્ટના હુકમો છે, આ જમીન તમે ખાલી કરી આપો અને છતાં કોઈ અધિકારી, કર્મચારીને ત્યાં જવાની હિંમત ન થાય, મહિનાઓ સુધી ખાલી ન થાય અને પેલો એક ઝુંપડું બાંધીને રહેતો હોય એને આપણે તરત જ હટાવી દઈએ કારણકે એની પાછળ કોઈ છે નહિ. હું વાત એ કરતો હતો કે લેન્ડ મેનેજમેન્ટ માટેનું આખા કોમ્પ્રીહેન્સીવ બિલની જરૂર છે એની જગ્યાએ માત્ર બે ચાર લોકોને કોઈ મુશ્કેલી ના પડે એટલા માટે થોડુંક સ્પીલ્ટ કરીને એક સુધારો લઈ આવ્યા, ઈ-ધારાની વાત થાય છે, ઈ-ધારા નહોતું ત્યારે શું સ્થિતિ હતી? ૭/૧૨, ૮/અ ના દાખલાઓ, અમે બધા ભણતા ત્યારે સ્કોલરશીપ જોઈએ એટલે સરપંચને કહીએ એટલે સરપંચ ઘેર આપી જાય કે મારા ગામનો દીકરો ભણે છે એને ૭/૧૨, ૮/અના દાખલા જોઈએ છીએ એને ઘેર જઈને આપી આવીએ. એને આવકનો દાખલો જોઈએ છીએ એ ઘરે આવીને આપી જાય સરપંચ. હવે અત્યારે સ્થિતિ શું છે ? ૭/૧૨ અને ૮/અ ના દાખલા માટે ઈ-ધરા હેઠળ કોમ્પ્યુટરીકરણ થયું, ટેકનોલોજી લઈ આવ્યા અને એના માટે આપણા લોકોને તૈયાર કરવાને બદલે એના માટે આપણે ૨૨૫ ઈ-ધારા કેન્દ્રો ચલાવવા માટે એજન્સીઓ નકકી કરી અને એમના ગામમાંથી બસ તો હવે ત્રીજા ભાગની થઈ ગઈ, આવવું હોય તો બસ ક્યાં આવે છે એકાદ બસ આવતી હોય અથવા અમારા વિસ્તારમાં તો ઠાઠા રિક્ષા હોય એની અંદર બેસીને એ આવે, લાઈનમાં ઉભા રહે, રાહ જૂએ તો એમ કહે કે આજે કોમ્પ્યુટર બંધ થઈ ગયું છે કાલે આવજો, પછી કહી દે કે બીજા દિવસે આવજો, ત્રીજા દિવસે આવજો, પૈસા આપીને લેવાના અને કોમ્પ્યુટર બંધ થઈ ગયા હોય, એમાં પણ જે મોટા શહેરો છે એમાં તો એવું થયું, ખાસ કરીને અમદાવાદ છે કે મહેસાણા છે એવી કોઈ જગ્યાએ..પેલો જે ડેટા એન્ટ્રી ઓપરેટર હોય તેનો પગાર કેટલો હોય, તે તો આપણે નક્કી કરતાં નથી તે તો એજન્સી નક્કી કરે. તેને થોડાંક પૈસા દઈ આવે એટલે આખી એન્ટ્રી છે તે એન્ટ્રીની અંદર જમીનના પ્રકાર હોય, જમીનના માલિકો હોય તેમાં બધી જગ્યાએ ફેરફારો થઈ જાય. ફેરફારો થઈ જાય એટલે ઓરીજીનલ માલિક જે અભણ ખેડૂત હોય તે વર્ષો સુધી લડતો રહે. કોઈ ચોકસાઈભર્યો વહીવટ કયાંય પણ જગ્યાએ (અંતરાય)

**સભાપતિશ્રી** : જયંતીભાઈ, આપ વચ્ચે નહીં બોલો. જયંતીભાઈ, તેઓશ્રીને પ્રવચન પૂરું કરવા દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે તે વખતના અંગ્રેજોના રૅકૉર્ડ હતા ત્યારે લડવું ના પડતું આજે તો દરેકે દરેકને લડવું પડે. માનનીય રેવન્યુ મંત્રીશ્રી બહુ સાચી વાત કરતા હતા કે દસ્તાવેજ થઈ જાય, એક પ્રક્રિયા છે પૂરી થઈ જાય પછી કોઈકને એકને એમ કહે કે તું એપ્લિકેશન કર. એપ્લિકેશન કરી દે અને પછી ઓરીજીનલ માણસ જો નાનો હોય તો તે દિવસોના દિવસો વર્ષો સુધી એ એપ્લિકેશનમાં લડ્યા રાખે અને એના ખાતે જમીન ચડે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, લેન્ડ મેનેજમેન્ટ ગુજરાતની અંદર જેટલું નબળું છે એટલું કદાચ કયાંય નહીં હોય અને અત્યારે જે પ્રકારે લેન્ડ મેનેજમેન્ટ થઈ રહ્યું છે તેવું તો કયારેય આ પ્રકારનો નબળો વહીવટ કોઈ દિવસ જોયો નહીં હોય.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સો વારના પ્લોટ જોઈતા હોય તેને ના મળે તેને એમ કહી દે કે જમીન નથી. એક સારો માણસ છે તેને શૈક્ષણિક સંસ્થા ગામડામાં શરૂ કરવી હોય તેને ના મળે. પણ મોટી કંપનીઓને એક રૂપિયે મીટરે જમીન મળી જાય. પણ નાના લોકો છે તેને જમીનો મેળવવામાં મુશ્કેલી થાય છે. એટલું જ નહીં રાષ્ટ્રીય હિતના પ્રોજેકટ જે છે ચાર ચાર વર્ષ સુધી રાહ જોવી પડે આપણાં એરફોર્સને કે તેમના સ્ટાફ માટે થઈને તેમને જમીન મળે. બીજા લોકોને મળી જાય અનેક રેલવેના પ્રોજેકટ માત્ર જમીનના વાંકે અટકેલાં છે, અનેક એરપોર્ટના પ્રોજૅકટ માત્ર જમીનના વાંકે અટકેલાં છે. પણ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો હોય ..અંતરાય...એટલે તેમને ના મળે પણ મોટી કંપનીઓને જમીનો જોઈતી હોય તો તરત મળી જાય. નાના ખેડૂતો તેને ના મળે.

**સભાપતિશ્રી** : અર્જુનભાઈ, જનરલાઈઝ કરવાની જરૂર નથી. કારણ કે હું ધારાસભ્ય છું. હું ચેરમાં બેઠો છું પણ ધારાસભ્ય છું ત્યારે સ્પીકર તરીકેની મારી ભૂમિકા મટી જાય છે. ધારાસભ્ય તરીકેની ભૂમિકામાં મળે છે. તમે જનરલાઈઝ વાત ના કરો. કોઈ સ્પેશીફીક વાત હોય તો બરાબર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે હું બોલ્યો છું તેનો અનુભવ આપ મારા સહિત બધા કરતાં હશો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે સુધારાઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યાં છે સમય ઘ ણો થયો છે એટલે મારે વધારે નથી કહેવું હું આગળમાં પછી બીજી વાતો કરીશ. પણ આ ઈ-ધરા કેન્દ્રની જે વ્યવસ્થા છે તેની અંદર ટેકનીકલી કવોલીફાઈડ લોકોની નિમણૂક થાય એવી શરતોની અંદર જ્યારે તેને એજન્સી અપાય ત્યારે તેની અંદર દાખલ થવું જોઈએ. તેના બેઈઝીસ બાબતની શરતો પણ તેમાં હોવી જોઈએ જેથી અત્યારની પરિસ્થિતિ ઈ-ધરા કેન્દ્રોની થઈ છે અને તેની અંદર જે ફરિયાદો આવે છે તે ફરિયાદો ના આવે અને તેને વધારે જે બ્રિટિશ જમાના છે તેના કરતાં વધારે કાર્યક્ષમ થવાની શક્યતા તો હું જોતો નથી પરંતુ એના લેવલની થોડી ઘણી પણ કાર્યક્ષમતા આવે અને આપણું લેન્ડ મેનેજમેન્ટ યોગ્ય થાય, જમીનના જે સાચા માલિકો છે તે દંડાય નહીં. અને આની અંદર જે અનડિઝાઈરેબલ એલિમેન્ટસ આવ્યાં છે તે તેનો ફાયદો ના ઉઠાવે તે પ્રકારની જોગવાઈઓ સાથેનું નવું બિલ લઈને આવે એવી વિનંતી સાથે હું મારા વિચારો પૂરા કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ જમીન મહેસૂલ ગુજરાત સુધારા વિધેયક-૨૦૧૦ લઈને માનનીય મંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ લઈને આવ્યા છે, એમાં મારું સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસૂલ વિભાગની વાત કરું તો સમયની માંગ પ્રમાણે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ વિધેયક લાવીને મારું માનવું છે કે આખા દેશમાં આ મહેસૂલ વિભાગ પહેલ કરી રહ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે ઈ-ધરા ફોર્મેટ અને ઈ-ટેકનોલોજીના ઉપયોગથી આજે ગુજરાતના ખેડૂતોને ૭-૧૨ અને ૮-અની નકલો ઘરઆંગણે મળે છે. પહેલાના જમાનામાં તો તલાટીને શોધવા જવું પડે. ૫-૧૫ દિવસ તલાટીની પાછળ ફરવું પડે. આ ટેકનોલોજીએ ઘરઆંગણે આ બધી નકલો પૂરી પાડી છે. આ રીતે મહેસૂલ વિભાગે આગળ વધવા જે પ્રયત્ન કર્યો છે તેને હું બિરદાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદા સિવાય બીજા કાયદાની વાત કરું તો મહેસૂલ વિભાગે કાયદાના સુધારામાં કોઈ પાછીપાની કરી નથી. ગણોતના કાયદા કે બીજા અન્ય કાયદામાં ધરખમ સુધારા કરીને લોકોની હેરાનગતિ દૂર કરવા માટે મહેસૂલ વિભાગે પ્રયત્નો કર્યા છે. ગત બજેટ સત્રમાં બોમ્બે ટેન્ડેન્સી એકટમાં ૩૨-ઓની કલમ જેમાં ગણોતિયા ખોટી રીતે ખેડૂત બની જતા હતા અને જમીન હડપ કરતા હતા એમાં સુધારા કરીને કલમ ૪૩માં ગણોત ધારામાં કુટુંબની વહેંચણીના પ્રશ્નો હતા અને વહેંચણી માટે ગણોતીયાએ કલેકટરની મંજૂરી લેવી પડતી હતી, એવા કાયદા રદ કરીને આ ગુજરાતમાં આ વિભાગે સારી કામગીરી કરી છે. કલમ ૬૫માં ગણોતધારામાં સતત બે વર્ષ સુધી જમીન પડતર રહે તો સરકાર હસ્તક દાખલ થતી હતી. આવા કાળા કાયદા પણ અમારી સરકારે રદ કરીને લોકોને સુવિધા આપી છે.

હું વાત કરવા જઈ રહ્યો છું કે જમીન મહેસૂલ અધિનિયમનો કાયદો બે સિદ્ધાંત ઉપર ચાલતો કાયદો છે. એક સિદ્ધાંત કે સમગ્ર રાજયની જમીન રાજયની માલિકીની અને બધી જમીન ઉપર સરકારને મહેસૂલ લેવાનો હકક. અને અપવાદ હોય તો એને સાબિત કરવાનો રહેતો હોય છે. અત્યાર સુધી રૈયતવાળી જમીનની પ્રથા હતી. એના ઉપર જમીનદારી પ્રથા ચાલતી હતી. જાગીરદારી અને જમીનદારી અને સરકાર વચ્ચે હતી. આજે એ પ્રથા નાબૂદ થતા આ રૈયતવારી પ્રથા અમલમાં આવી છે. ત્યારે ગુજરાતનો નાનામાં નાનો ખેડૂત સરકાર સાથે સંબંધ ધરાવે છે. એટલે કોઈપણ વિભાગનું આ બિલ, એના લાભ મળતા હોય તો આ ગુજરાતના નાનામાં નાના ખેડૂતને મળે છે. અર્જુનભાઈ કહેતા હતા કે બે-ચાર લોકોના ફાયદા માટે. રૈયતવારી પ્રથાને લીધે નાનામાં નાના ખેડૂતને આ વિધેયકનો લાભ મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો જે આવી રહ્યો છે એ પશ્ચિમના દેશોની અંદર કેનેડા, ઓસ્ટ્રેલિયા કે ટોરેન્ટો સીસ્ટમથી આખું સોફટવેર પ્રોવાઈડ કરેલું છે. એને આધારે આ કાયદો લાવ્યા છે. એને લીધે જમીન માલિકોની વિગત અને રેકર્ડ ઈલેકટ્રોનિકસ સ્વરુપે જળવાશે. જમીનના જે સોદા થાય છે એનો ઈતિહાસ પણ પારદર્શક બનશે. લોકોની હેરાનગતિ નિવારવા પૂરતા પ્રયત્નો કરે છે. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમના ૧૪ પ્રકરણ છે. એમાં ૧૦મું પ્રકરણ હકકપત્રકનું પ્રકરણ છે. એમાં સુધારો લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. એમાં

કલમ ૧૩૫(ક) થી (ડ) સુધીના સુધારા છે. આ અધિનિયમની કલમ ૧૩૫(ઘ)માં જે સુધારો કર્યો છે, મારું માનવું છે કે ગુજરાત સ્વર્ણિમ જયંતિ ઉજવી રહ્યું છે ત્યારે આ ક્રાંતિકારી પગલું છે. મારું એવું માનવું છે કે આખા દેશમાં આ ગવર્નીંગ ક્ષેત્રે મોટી સિદ્ધિ હાંસલ કરી ગણાશે.
અને સુવર્ણ અક્ષરે લખાશે કે આવું આમુલ પરિવર્તન મહેસૂલ વિભાગે કર્યુ છે. કોઈપણ વ્યકિત જયારે દસ્તાવેજ કરાવવા જતો હોય ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે તલાટીને સાથે લઈ જવો પડે. કોઈનો દસ્તાવેજ કોઈને ખબર ના હોય, કોઈના બીજા ગામનું ટાવર કોઈ વેચીને આવતો રહે તો ખબર ના પડે એવી પ્રથા ગુજરાતમાં હતી કારણ કે કોઈ ખરાઈ ના થાય, એની પાત્રતાની ચકાસણી કે તપાસ ના થાય અને આજે જયારે આ સોફટવેર ડેવલપ કરવામાં આવ્યું છે ત્યારે કોઈપણ વ્યકિત દસ્તાવેજ કરાવવા જાય ત્યારે એ દસ્તાવેજ જનરેટ કરતાં પહેલાં એને કેટલો સ્ટેમ્પ ભરવાનો છે એ કોમ્પ્યુટર બતાવશે અને એટલો. સ્ટેમ્પ ભર્યા પછી એનો જયારે દસ્તાવેજ જનરેટ થાય ત્યારે એની ૧૩૫ ની કલમની જાણ લાગતા વળગતા હિત ધરાવતા તમામ પક્ષકારો ઉપર ૧૩૫ ની નોટિસ નીકળશે અને એ જ વખતે એને બજાવવામાં આવશે. એટલું જ નહીં, પરંતુ જે નોટિસો એમને દસ્તાવેજ પછી તાત્કાલિક તુરત જ ઓટોમેટિક ઈ-ધરામાં આ સોફટવેર કનેકટ થયેલ હોય છે એટલે નંબર ૬ ના હક્ક પત્રકમાં એ જ સમયે એની એની નોંધ પડી જશે, એ જ સમયે સેઈમ ટાઈમે અને જયારે દસ્તાવેજ જનરેટ થાય એટલે તુરત જ એની નંબર-૬ ની નોંધ પડશે અને ૭-૧૨ માં પણ એનું બીજી રીતે નામ લાલ અક્ષરે આવશે. એટલે એની એ રીતે એન્ટ્રી થઈ જશે. ઘણીવખત એવું બને છે કે દસ્તાવેજ કરીને જતા રહે અને એની નોંધ ના પડાવે અને પછી ૨ મહિને બીજી વ્યકિત એ જ જમીનનો દસ્તાવેજ કરે એટલે છેતરપીંડીના કેસો અવારનવાર બનતા રહેતા હતા અને જમીનના લેવેચના આવા બનાવો બનતા હતા એ પણ અટકશે. આમાં ફાયદો શું થશે એના ઉપર પણ મારે ધ્યાન દોરવું છે કે આ જમીન કે મિલકતના વેચાણમાં તલાટીની જરૂર પડે છે, નાયબ મામલતદારની જરૂર પડે છે, સર્કલ ઓફિસરની જરૂર પડે છે અને સબ રજીસ્ટાર ઓફિસરની જરૂર પડે છે, એ ચારેયનું કામ એક જ કોમ્પ્યુટર કરશે અને જયારે જમીન વેચાણનો દસ્તાવેજ થાય ત્યારે એની જંતરી મુજબની સ્ટેમ્પ ગણ્યા પછી એની ઓળખ, એની પાત્રતા એ બધું જ નકકી કર્યા પછી ઈ-ધરા સાથે માનો કે છેતરપિંડીના જે કેસો બનતા હતા, કયારેક કુટુંબ કુટુંબના ભાઈઓમાં જેમ કે ચાર ભાઈઓની જમીન હોય અને ત્રણ ભાઈ મળીને દસ્તાવેજ કરાવી જાય અને એની દસ્તાવેજની નોંધ પણ પડી જાય, પરંતુ એની પાત્રતા નથી. આની ચકાસણી હવે આમાં એ જ વખતે કોમ્પ્યુટર કરશે અને એને આ રીતે દસ્તાવેજ કરવા ના પાડી શકે અને એનો દસ્તાવેજ જ જનરેટ નહીં થાય. જયારે આ રીતે ભાઈઓના નામે ચારેયના નામે જમીન ચાલતી હોય એ બધાની સહી હોય તો જ એ દસ્તાવેજ જનરેટ કરશે અવી આમાં સિસ્ટમ છે. એટલે ઘરઘરમાં પણ છેતરપિંડીના કેસો બનતા બંધ થશે અને સરકાર સાથેની છેતરપિંડીના કિસ્સા પણ બનશે નહીં. નવી શરતની જમીન હોય તો એ દસ્તાવેજ કોમ્પ્યુટર સ્વીકારશે જ નહીં. એવી પણ આમાં સિસ્ટમ છે. એમાં બીજી રીતે પણ સરકારનું કોઈ હિત હોય એવી જમીનોનો કોઈ દસ્તાવેજ કરવા જતો હોય ત્યારે પણ આ સિસ્ટમથી ઓટોમેટિક એનો દસ્તાવેજ થઈ શકશે નહીં અને સરકાર સાથેની છેતરપિંડી પણ અટકશે અને આવા કિસ્સા ઓછા થશે. કયારેક લોકો એવું પણ કરતા હોય છે કે ઓછો સ્ટેમ્પ કરીને દસ્તાવેજ કરાવી લેતા હતા અને ત્યારપછી એનો કેસ ચાલે અને ઘણા સમય પછી એનો નિકાલ આવે. સ્ટેમ્પમાં એમાં કેટલો સ્ટેમ્પ ભરવનો થાય એ તો એક જ સમયે જંતરી મુજબ એ ના હોય તો કોમ્પ્યુટર સ્વીકારતું નથી. સ્ટેમ્પ ભરવાનો છે એટલે એની અંદર પણ અને એક મહત્વની બાબત તો જયારે દસ્તાવેજ કરવા જાય ત્યારે ગમે તેટલો મોટો ઉદ્યોગપતિ હોય તો પણ એને અગાઉ હાથ કાળા પડવા હતા અને હવે આ કોમ્પ્યુટર આવતાં એમાં એને પોતાના હાથની છાપ આપવાની રહે છે એટલે એન હાથ કાળા કરવા પડતા નથી. મહત્વની બાબત એ છે કે કોઈપણ વાંધો ના આવે તો ૩૦ દિવસમાં ઓટોમેટિકલી એની નકલ સર્ટિફાઈડ થઈ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભાગૃહને કેવું છે કે અત્યારસુધીની એન્ટ્રીઓ કેવી રીતે સર્ટિફાઈડ થતી હતી. લગ્નમાં જમવા જઈએ તો ચાંદલો કરવાની પ્રથા છે એવું જ આ એન્ટ્રી સર્ટિફાઈડ કરવામાં પણ એમના શાસનથી પ્રથા ચાલતી આવતી હતી કે એ એન્ટ્રી સર્ટિફાઈડ કરાવવી હોય તો પૈસા આપવા પડે પછી જ એન્ટ્રી સર્ટિફાઈડ થાય. હવે આ સોફટવેર ડેવલપ થતાં અને આ કાયદો આવતાં મારું માનવું છે કે આવો એકપણ બનાવ બનવા નહીં પામે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૫ ની નોંધની વાત કરીએ તો કોઈપણ માનો કે આ ૧૩૫ ની નોટિસ છે એ મૂળ માલિકના નામે નીકળે છે અને માનો કે એ વિદેશમાં રહેતો હોય તો ઈમેલ મારફતે પણ એને આ ૧૩૫ ની નોટિસ બજાવી શકાય એવી પણ આ કાયદામાં જોગવાઈ છે. આના લીધે કોર્ટના કેસોનું દાવાનું પ્રમાણ પણ ઘટશે એ પણ એક આનાથી ફાયદો થશે અને જયારે અગાઉ એન્ટ્રી પડાવવાની થતી હતી તો આપણે સૌ જાણીએ છીએ કે જયારે તલાટી પાસે આ એન્ટ્રી પડાવવા જતા તો ૬-૬ મહિના સુધી રેકર્ડ લઈને તલાટી પાછળ ફરતા અને તલાટી શોધ્યા પણ જડતા નહતા.જયારે આ સોફટવેર અને આ કાયદો આવતા મારું માનવું છે કે આ બધી હાડમારીઓ દૂર થશે. આમ જોવા જઈએ તો ઓટોમેટીકલી આ ટાઈટલ કલીયરનો દરજજો મળશે. અને આમાં ૩૬ પ્રકારની એન્ટ્રીઓ આ સોફટવેરમાં છે એટલે કોઈ પણ પ્રકારની ગોલમાલ નહીં થાય અને ખરેખર ટાઈટલ

કલીયરનો આનાથી દરજજો મળશે. આનાથી રાજયમાં ખૂબ મોટો ફાયદો થશે. ભવિષ્યમાં આ રાજય સરકાર ઈ-ધરા કેન્દ્રો અને જન સેવા કેન્દ્રોને બધી કચેરીઓ સાથે જોડવા માગે છે. પ્રાંત કચેરી, કલેકટર કચેરી, એસ.એસ.આર.ડી. કચેરી અને રાજય સરકારની આઈ.ટી. વગેરે જોડાશે અને તેના કારણે ફાયદો શું થશે કે માનો કે એસ.એસ.આઈ.ડી. માં કેસ ચાલતો હોય અને ૭/૧૨ ની નકલની જરૂર હોય તો કલેકટર કચેરીમાં લખે મામલતદાર કચેરીમાં લખે અને નકલ મળતા બે મહિના નીકળી જતા હતા. બે મહિને નકલ મળતી હતી. હવે આ બધી ઓફિસો આઈ.ટી. નેટવર્કથી જોડાશે તેનાથી તરત જ આ સોફટવેરમાં જોઈ શકશે અને નકલ મેળવી શકશે. એટલે આવા રેવન્યુ કેસો જે ચાલતા હોય તેમાં પણ ઝડપી નિકાલ આવી શકશે. આજે ગુજરાતમાં ૨૬ માંથી ૨૪ જગ્યાએ જન સેવા કેન્દ્રો શરૂ થઈ ગયા છે. પ્રાંત કચેરીઓમાં પણ ૫૫ માંથી ૫૪ જેટલા જન સેવા કેન્દ્રો શરૂ થયા છે. આમ છતાં પણ આટલા આટલા ફાયદા માટે આ રાજય સરકાર આ વિધેયકની લાવી રહી છે અને લોકોને તેનો લાભ થવાનો છે ત્યારે મારું એવું માનવું છે કે વનેચંદના ગળે આ વાત નહીં ઉતરે, અને વનેચંદને આમાં ખબર પણ નહીં પડે કે આમાં આટલા સુધારા છે એટલે આ બિલને હું આવકારું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણીમ ગુજરાતના વર્ષમાં જયારે આપણે પ્રવેશી રહ્યા છીએ ત્યારે પ્રજાના હિતલક્ષી અને જન કલ્યાણ લક્ષી મહેસૂલ વિભાગે જે રેકોર્ડ સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝ કરવા તરફની ગતી શરૂ કરી છે. તેને હૃદયપૂર્વક આવકારું છું. અને અભિનંદન પાઠવું છું. આ એક ઐતિહાસિક પગલું છે. ક્રાંતિકારી પગલું છે. તમને સમજ નહીં પડે ભાઈ, જેણે જોડો પહેર્યો હોય તેને ખબર પડે કે જોડો કયાં ડંખે છે. હું પેદા થયો તેના પહેલા મારે ૨૦૦ વિઘા જમીન હતી રામસિંહભાઈ, એટલે ખેડૂતોને કયાં મુશ્કેલી પડે છે અને તેનું નિરાકરણ કઈ રીતે કરી શકાય અને સરળીકરણની પ્રક્રિયા કઈ રીતે કરી શકાય તેવા પ્રકારની નીતિ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય જનતા પક્ષની સરકાર આવી ત્યારથી શરૂ થઈ છે. આ પહેલા પણ અહીં સરકારો હતી, પણ એ સરકારોને ગામડાંમાં બેઠેલા ગરીબ ખેડૂતની મુશ્કેલીના નિરાકરણ કરવા માટેની કોઈ દ્રષ્ટિ નહોતી, તેની પાસે કોઈ વિઝન નહોતું. અને દ્રષ્ટિ અને વિઝન વીનાના માણસોના હાથમાં ગુજરાતની ગાદી વર્ષો સુધી રહી. અને ગુજરાતના ખેડૂતો અનેક મુશ્કેલીઓનો સામાનો કરતા રહ્યા. સદનસીબે ગુજરાતની પ્રજામાં મતદાનની તરાહે કરવટ બદલી, અને પ્રજાની પોતાની કહી શકાય તેવી સરકાર ગાંધીનગરની ગાદીએ બેઠી, અને ત્યારપછી ખેડૂતોના કલ્યાણલક્ષી પગલાંઓ અને ખેડૂતોના હિત માટેના પગલાંઓની શરૂઆત થઈ. અહીં એમ પણ કહેવાયું કે આ સરકાર આવ્યા પછી માલેતુજાર ખેડૂતો માટેના, માલેતુજારને ફાયદો કરવા માટેના પગલાં લેવાયા છે, પણ મારે આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે.

બે વર્ષ પહેલા ગુજરાતના મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ જાતે પણ મહિલા છે અને એમણે જ્યારે એક સ્કીમ જાહેર કરી અને એના સુધારા હાઉસમાં લાવ્યા ત્યારે કહ્યું કે ગુજરાતની મહિલાઓ જમીનની માલિક બને, પ્રોપર્ટીની માલિક બને, મકાનની માલિક બને, ફ્લૅટની માલિક બને તો એના નામે જો દસ્તાવેજ થશે તો એમાં એને નોંધણી ફીમાંથી મુકિત આપવામાં આવશે. આ માલેતુજારો માટે લેવાયેલો નિર્ણય નહોતો. ગામડાંની મારી ગરીબ મહિલા માલિક બને, એ જમીન માલિક બને એ તરફનું આ સરકારનું પ્રશંસનીય પગલું હતું એ પરિણામ પણ આપણે જોયું છે કે આજે ગુજરાતની સમગ્ર સમાજની ૭૦૪૨ અને ૪૦૮ જેટલી મારી બહેનો આશરે સાડા સાત હજાર બહેનો જમીન માલિક બની છે, એને ૨૦૦ કરોડ રૂપિયા જેવી રાહત મહેસૂલ વિભાગના ઠરાવથી મળી છે. આ કોઈ માલેતુજારો માટેનો નિર્ણય નહોતો. ગામડાંનો ખેડૂત જમીન વેચે, એની જમીન સંપાદનમાં જાય, રોડ સંપાદનમાં જમીન જાય, કેનાલ સંપાદનમાં જમીન જાય, ઈન્ડિસ્ટ્રીયલ સંપાદનમાં જમીન જાય, ગામતળ નીમ કરવામાં જમીન જાય, એની પાસે જમીનનો ટુકડો જ હોય તેથી એ બિન ખેડૂત થઈ જાય ત્યારે એ વખતે એવી જોગવાઈ હતી કે ત્રણ મહિનામાં કે વર્ષ દિવસમાં જમીન લેવી પડે નહિતર એ બિન ખેડૂત થઈ જતો. આવા બિન ખેડૂત હોય, ગરીબ ખેડૂત હોય, સીમાંત ખેડૂત હોય એની પાસે પાંચ વિઘા જમીન હોય અને એ જમીન કોઈપણ સંપાદનના હેતુમાં જતી રહે તો એ ગરીબ ખેડૂત હશે, એ સીમાંત ખેડૂત હશે એની વાત, એના હૈયામાં રહેલી વાત ગાંધીનગરમાં બેઠેલી સરકારે સાંભળી કે ભલે તમારી જમીન જાય તો ત્રણ વર્ષ સુધીમાં તમે જમીન ખરીદ કરી શકો તેવો કાયદો આ સરકારના શાસનમાં થયો છે. આમાં કોઈ માલેતુજારો આવે છે? પણ જે માલેતુજારોની પંગતમાં બેઠા હોય એને માલેતુજારોના જ સ્વપ્ના આવે. પણ કમનસીબી એવી છે કે ગુજરાતમાં ગરીબોના નામે, સીમાંત ખેડૂતોના નામે, કિસાનોના નામે મત લઈને વરસો સુધી આપણે માલેતુજારના હિતો માલેતુજારોનું રક્ષણ કરતાં આવ્યા છીએ , આ સરકાર એમાંની નથી. આ સરકારે ગામડાંના ગરીબ માણસોનો વિચાર કર્યો છે, ગરીબ કિસાનોનો વિચાર કર્યો છે. મારી વાત આપને કરવી છે કે આ જે બિલ છે આ જે સુધારો છે એના હાર્દ સુધી પહોંચવાનો પ્રયત્ન થયો નથી. આમાં ઈટ ઈઝ વેરી કલીયરકટ રેકર્ડ ઑફ રાઈટસ જેને કહી શકાય, હક્કપત્રક જેને કહી શકાય, એ હક્કપત્રકમાં તમારા અધિકારોના ફેરફાર થાય એની જે નોંધણીની પ્રક્રિયા છે એમાં સરલીકરણ કરવા માટેના સુધારા છે. બૉમ્બે લેન્ડ રેવન્યુ કોડની સેકશન ૧૦(એ) માં જે કંઈ સુધારાઓ કર્યા છે એ સુધારો આમાં છે અને આ સુધારા કયાંય માલેતુજારો માટે નથી. ગામડાંનો ગરીબ માણસ જમીન લે છે એના નામની એન્ટ્રી પડશે એમાં કયાંય માલેતુજાર આવતો નથી. આમાં તો સરલીકરણ

કરીને સરકારે જ્યારે આપણે ગ્લોબેલાઈઝેશનના જમાનામાં જઈ રહ્યા છીએ જ્યારે આપણે કોમ્પ્યુટરાઈઝેશનના જમાનામાં જઈ રહ્યા છીએ ત્યારે કેટલાક મિત્રોને હું યાદ અપાવું કે વરસો પહેલા આપણે જોયું છે દસ્તાવેજો આપણે કલમથી સહીઓ સાથેનો ખડિયો લઈને લહીઓ લખતો હતો આજે આપણે હાથેથી દસ્તાવેજ લખીએ છીએ ખરા? આપણે ટાઇપ કરીએ છીએ અને હવે તો કૉમ્પ્યુટર આવી ગયું છે તો આપણે જૂની પ્રણાલીને વળગી રહેવાની જરૂર નથી. આપણે જમાનેને અનુરૂપ જમાનો જે રીતે ચાલે તે રીતે તાલ સે તાલ મીલા, સરકારની તાલથી તાલ મિલાવવાની વાત છે. લોકોના હિતને માટે છે, લોકોના ભલા માટે છે, ટૅક્નૉલૉજીનો ઉપયોગ પ્રજાના કલ્યાણ માટે કરવાની વાત છે એમાં કયારેય કોઈનો વિરોધ હોઈ શકે નહિ, એનો વિરોધ કરી પણ ન શકાય કારણ afterall we are here for the welfare of the people. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે કે અત્યાર સુધીમાં અનેક પ્રકારના સુધારા થયા છે, બે ત્રણ સુધારાનો મેં ઉલ્લેખ પણ કર્યો છે. આ બધા સુધારાઓ સામાન્ય ખેડૂતોને સામાન્ય માણસોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા છે અને આ પણ એક પ્રકારનો સુધારો છે. અત્યારે પરિસ્થિતિ એવી હતી કે અમારે દસ્તાવેજ રજિસ્ટર કરાવવો હોય તો સબ રજીસ્ટ્રારની કચેરીમાં જવાનું તમારે એની સ્ટૅમ્પ ડયૂટી નક્કી કરવા માટે સ્ટેમ્પ ડયૂટી વેલ્યુએશનની કચેરીમાં જવાનું તમારે સ્ટેમ્પ લેવા માટે ટ્રેઝરી ઓફિસમાં જવાનું એના પૈસા જમા કરાવવાના, પૈસા જમા કરાવ્યા પછી બીજે દિવસે વકીલ સાહેબ ન હોય તો દસ્તાવેજ ન થાય કારણ કે તમારુ આઈડેન્ટિફિકેશન કોણ કરે અને આવા સંજોગોમાં જો સામાન્ય લોકોની મુશ્કેલીઓ છે.અને આવા સંજોગોમાં જે સામાન્ય લોકોની મુશ્કેલીઓ છે, એ મુશ્કેલીઓનો નિકાલ આવે, એ મુશ્કેલીઓમાંથી સરળીકરણ તરફ જવાની આ એક પ્રક્રિયા છે. ધીસ ઈઝ વન કાઈન્ડ ઑફ સીંગલ વિન્ડો સિસ્ટમ. સીંગલ વિન્ડો સિસ્ટમ જેને કહી શકાય કે એક જ જગ્યાએ બધા કામનો નિકાલ. એક જ જગ્યાએ તમે જઈને ઉભા રહો, ઈ-ધરા કેન્દ્રમાં, જન સેવા કેન્દ્રમાં, દસ્તાવેજ માટેની પ્રોપર્ટીનું નામ અને વિગત આપો, પેલી બાજુ જંત્રીમાંથી તમને કહેશે કે આટલા રૂપિયાનો સ્ટૅમ્પ થશે. બાજુમાં ઈ-સ્ટેમ્પીંગ હશે, ફ્રેન્કિંગ સિસ્ટમથી એમાંથી તમને સ્ટૅમ્પ આવી જશે. તમારો દસ્તાવેજ ટાઈપ થઈ જશે. તરત રજિસ્ટ્રેશન થશે. રજિસ્ટ્રેશન થશે તેની સાથે નમૂના નં.૬ અને એમાં એન્ટ્રીઓ પડી જશે. આ બધું વીધીન અ મોમેન્ટ થશે. એ કોના લાભ માટે? સમય, શકિત અને નાણાનો વ્યય જે બચશે એ આફટર ઑલ તો રાષ્ટ્રીય સંપત્તિનો જ બચાવ છે એ સિવાય બીજું કંઈ નથી. એક રાષ્ટ્રીય સંપત્તિ બચાવવા તરફનો આ એક અભિગમ છે. એ અભિગમને બધાએ સાથે મળીને હળીમળીને સ્વીકારવો જોઈએ કે આફટર ઑલ તો રાષ્ટ્રની સંપત્તિ બચે છે. સાહેબ, મારા પાંચ કલાક જતા હોય, એ રાષ્ટ્રના જ જાય છે આફટર ઑલ રાષ્ટ્રની સંપત્તિનો બચાવ કરવાનું કામ માનનીય અધ્યક્ષશ્રી, આપણે કરી રહ્યા છીએ ત્યારે આમાં ફેરફારો બે છે. આને તમે વધારે ડીપલી જોશો તો બે જ ફેરફારો છે. એક તો અત્યાર સુધી સરકારનું જે રેકર્ડ હતું ૭/૧૨ની નકલ, ૮-અનો ઉતારો, નમૂના નં.૬, રૅકૉર્ડ ઑફ રાઈટ, પાણી પત્રક આ બધું ગામની ઑફિસમાં રહેતું હતું. પાણી પત્રક હવે થાય છે એટલા માટે અમે હવે બાયસેકની સિસ્ટમ લાવ્યા છીએ. આ બાયસેકની સિસ્ટમ જે આવશે આખી જમીનનો, ગુજરાતનો નકશો લેશે અને કઈ જગ્યાએ કયો પાક છે, કઈ જગ્યાએ પાક નથી, કઈ જગ્યાએ રેલ આવ્યું છે, કઈ જગ્યાએ રેલથી નુકસાન થયું છે આ બધી વસ્તુ બાયસેકના માધ્યમથી આગામી દિવસોમાં કરવા જઈ રહી છે અને એનો આમાં ઉલ્લેખ છે. પણ આપણી તો કમનસીબી એ છે કે આપણે ઉપરછલ્લું ક્યાંકને ક્યાંક એવી રીતે ફસાઈ જઈએ છીએ કે એના મૂળ સુધી પહોંચી શકતા નથી. આમાં મારે જે વાત આપને કરવી છે તેમાં એક તો રેકર્ડ આખું ગામમાં રહે, હવે જે નવી સિસ્ટમ શરૂ થઈ, જે રજૂઆત થઈ, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે પ્રાગજીભાઈએ કહ્યું એ પ્રમાણે આપણે દરેક તાલુકા મથકોએ ઈ-ધરા કેન્દ્ર શરૂ કર્યા છે. જનકલ્યાણ કેન્દ્રોમાં પણ આખું કોમ્પ્યુટરાઈઝેશન આપણે કર્યું છે. પરિણામે આખું જે રેકર્ડ છે એ ગામમાંથી મામલતદાર કચેરી કે ઈ-ધરા કેન્દ્ર પર આવશે. અત્યાર સુધી રેકર્ડ ઑફ રાઈટની આખી જે સિસ્ટમ છે એ તલાટીની સાથે સંકળાયેલી છે. તમે રજિસ્ટ્રેશન કરાવો, તેની નકલ લઈને તલાટી પાસે જાવ, એને તમે અરજી આપો કે અમે દસ્તાવેજ કર્યો છે, અમારું નામ દાખલ થાય, તલાટી સાહેબ મળે તો ઠીક, નહીં તો એ આવે ત્યારે પાછું જવાનું, કે આજે તલાટી સાહેબ નથી આવ્યા. કયાં છે તો કહે કે આજે સાહેબ તો જિલ્લા મથકે ગયા છે. ફરી પાછા બીજા દિવસે જાવ. તો કહે કે તલાટી સાહેબને ત્યાં લગ્ન છે, અઠવાડિયા પછી આવશે. આ કેટલો સમયનો વ્યય હતો? અને એ મળે પછી તલાટી પાછી ૧૩૫ દિવસની નોટિસ આપે, ન આપે, આપણે જઈએ તો એનો પસાયતો એ મૂકી આવ્યો હોય, નોટિસ બજાવી હોય કે કંઈ નહીં, આ બધાંમાંથી બહાર નીકળી જવાનું. આ કૉમ્પ્યુટરમાં તમારો દસ્તાવેજ ગયો હોય, એન્ટ્રી સર્ટીફાઈ થઈ ગઈ. ૧૩૫ દિવસની નોટિસ કયાં મેન્યુઅલી નીકળશે અથવા ઓટોમેટીકલી નીકળશે, ઈ-મેઈલનું એડ્રેસ હશે તો ઈ-મેઈલથી જશે. ફોન નંબર હશે તો મેસેજથી જશે. આ પ્રકારના કોમ્પ્યુટરાઈઝેશનના જમાના તરફ આપણે જ્યારે જઈ રહ્યા છીએ ત્યારે હું સરકારના વડા નરેન્દ્રભાઈ મોદીને અને આનંદીબેનને અભિનંદન આપું છું કે આજે સમગ્ર રાષ્ટ્રને દિશાસૂચક એક કામગીરી આપણે કરી રહ્યા છીએ અને હું તો મારી જાતને ભાગ્યશાળી માનું છું કે આ બાજુ ઐતિહાસિક નિર્ણયો લેવાઈ રહ્યા છે, સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં લેવાઈ રહ્યા છે એ હાઉસનો હું પણ સાક્ષી છું અને સામી પાટલીએ બેઠેલા મારા જે વિદ્વાન ધારાસભ્યો છે એ પણ પોતાની જાતને ભાગ્યશાળી ગણાવે કે જ્યારે આવા ક્રાંતિકારી અને ઐતિહાસિક પગલાં જ્યારે ગુજરાતની વિધાનસભામાં પસાર થયા હતા ત્યારે અમે હાઉસમાં હતા. ભલે અમે સામી

પાટલીએ હતા પણ હતા તો ખરા જ. આવી વાત કહી શકે છે સાહેબ, આગામી ૧૫-૨૦ વર્ષ પછી. અમે ઘણીવાર કહીએ છીએ. આ સાહેબ નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાનો કાયદો જ્યારે આવ્યો હું એનો સાક્ષી છું. આઠ કિલોમીટરનો કાયદો, જ્યારે ખેડૂતોને નુકસાન કરતો કાયદો હતો એ કાયદો જ્યારે પસાર થયો તેનો હું સાક્ષી છું. આજે જ્યારે હું કહું છું, જાહેર મિટિંગોમાં કહું છું કે અમે એ ઐતિહાસિક પળના સાક્ષીઓ છીએ કે જ્યારે ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાં કાળો કાયદો હતો એ કાળો કાયદો દૂર કરવાનું કામ ભારતીય જનતા પક્ષના શાસનમાં થયું હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ જ શબ્દો આ મારા મિત્રોના મોઢામાંથી નીકળશે, પણ ત્યારે ખૂબ મોડું થઈ ગયું હશે અને એ વખતે કદાચ તેમને પસ્તાવો થશે કે એમ તે દિવસે જો આને આવકાર આપ્યો હોત તો ખૂબ સરસ થાત. મારે રૅકૉર્ડ ઑફ રાઈટની આખી વાત કર્યા પછી મેં એક જે કહ્યું એ પ્રમાણે, એક ગામનો રેકર્ડ અને તલાટી એ બેમાંથી નીકળી કમ્પ્યુટરરાઈઝેશન સુધી જઈએ છીએ ત્યારે બીજી બધી ઑફિસો સાથે શ્રી પ્રાગજીભાઈએ સરસ વાત કરી એસ.એસ.આર.ડી, કેલેકટર કચેરી દરેકની સાથે લિંક હશે. એક સોફટવેર વિકસાવવામાં આવશે કે એમાં સરવે નંબર ૪૦૨ નાંખો તો ગામ વેરંચા એનું ફટ દઈને જન્મોત્રી-ગંગોત્રી બહાર નીકળશે. એમાં કેટલા ભાગીદારો છે, એમાં કેટલા હિસ્સેદારો છે, કોણ ગણોતિયાઓ છે? નવી શરતની જમીન છે કે, જૂની શરતની જમીન છે? એનો કેટલો આકાર છે? આ બધી વસ્તુઓ આવશે. મન હોય તો માળવે જવાય, વીલ વીલ ફાઈન્ડ અવે. હું મારા મિત્રોને મન ઉપર રાખવાનું માળવે જવાનું પણ કહું. વીલ પણ એવું રાખીએ. યુ વીલ ફાઈન્ડ અવે. આવી અનેક પ્રકારની ખેડૂતોને મુશ્કેલીઓ પડતી હતી એનું કમ્પ્યુટરરાઈઝેશન કરવા તરફ આપણે જઈ રહ્યા છીએ. નરોત્તમભાઈએ બે વર્ષ પહેલાં ઈ-ગ્રામ-- વિશ્વ ગ્રામની શરૂઆત કરી. રાષ્ટ્ર નહીં દુનિયા આખીને ખબર પડી કે, ગુજરાતમાં ઈ-ગ્રામ-- વિશ્વ ગ્રામની શરૂઆત થઈ છે અને બ્રોન્ડેડ કનેકટીવીટીના માધ્યમથી આખી દુનિયા સાથે વાત કરી શકીએ એવા પ્રકારની શરૂઆત થઈ હતી. જ્યાંથી સુભાષચંદ્ર બોઝ પ્રમુખ બન્યા હતા એ ગામથી- હરિપુરાથી ઈ-ગ્રામ--વિશ્વ ગ્રામ બનવા તરફ આપણે દોડી ગયા હતા. આ બન્યા પછી એમાંથી જરૂરી નકલો મળે. એમાં ક્યાંક ખોટું કરવાની માનસિકતાવાળા લોકો છે, એમને રોકવા માટે ઈ-ધરા કેન્દ્રના માધ્યમથી સરકારનો સંનિષ્ઠ પ્રયાસ છે એને હું આવકારું છું. એની સાથે સાથે જ્યારે આ કમ્પ્યુટરરાઈઝેશનની શરૂઆત થઈ ત્યારે ધીરુભાઈ અંબાણીએ મોબાઈલ આવ્યો ત્યારે એમ કહ્યું હતું કે, દુનિયા મેરી મુઠ્ઠી મેં. વાત પણ સાચી છે. તમારે કૅનૅડા વાત કરવી હોય તો દસ કે બાર આંકડાઓ લગાવો એટલે હલો-હાય ચાલુ થઈ જાય. એનાથી એક સ્ટેપ આગળ જઈને અમારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તો માસ્ટર માઈન્ડ છે અને કમ્પ્યુટર માસ્ટર માઈન્ડ છે એમણે એમ કહ્યું કે, દુનિયા મારી મુઠ્ઠીમાં નહીં, દુનિયા મારી આંગળીના ટેરવે. આંગળીનું ટેરવું પડે એટલે એનો આખો ઇતિહાસ તમારી સામે આવે. આ પ્રકારની પરંપરા તરફ ગુજરાત જઈ રહ્યું છે ત્યારે મારી આ વિદ્વાન ધારાસભ્યોને વિનંતી છે કે, કમ્પ્યુટરરાઈઝેશનના જમાનામાં આપણે સૌ આની સાથે તાલ સે તાલ મિલાવીએ અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ જે બિલ લઈને આવ્યા છે એને આપણે સૌ વધાવી લઈએ. એટલું કહીને વિરમું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(૨૫૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મુંબઇ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૦ લઈને આવ્યા છે એના ઉપર મારા મંતવ્યો આપના મારફત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના મહેસૂલ મંત્રીઓએ આ મહેસૂલ વિભાગની અંદર ખેડૂતોને જેટલી સરળતા થાય એ માટેના ખૂબ પ્રયત્નો કરેલા છે. એમાં માઈક્રો ફિલ્મીંગ હોય, દસ્તાવેજો હોય, ખેડૂત પોથી હોય, આ બધાના પ્રયત્નો થયા છે. એક વધારે પ્રયત્ન આ રેકર્ડનું કમ્પ્યુટરરાઈઝેશન કરીને થઈ રહ્યો છે. પરંતુ આના કારણે ખેડૂતોની કોઈ મુશ્કેલીઓ ઘટી હોય એવો જબ્બર અહેસાસ થતો નથી. ક્યાંક એના લુપહોલ્સ શોધીને જમીનના દસ્તાવેજોની અંદર આઘી-પાછી કરવાવાળા તત્ત્વો છે એને મોકળું મેદાન મળે છે. એના તરફ માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. અગાઉના મહેસૂલ મંત્રીશ્રીઓ ડૉ. કેશુભાઈ પટેલ, આપના વલસાડ વિસ્તારમાંથી આવતા હતા. માનનીય માધવસિંહભાઈ સોલંકી મુખ્યમંત્રી હતા ત્યારે પણ મહેસૂલ વિભાગ એમણે સંભાળેલ, આત્મારામભાઈ પટેલ એ પ્રખર ખેડૂતોના હામી હતા અને એમણે પણ મહેસૂલ વિભાગ સંભાળેલ. એમના વખતથી ક્ષેડૂત પોથી આપવામાં આવેલ અને મેં કહ્યું એ મુજબ પ્રેમજી ભવાનજી ઠક્કર વખતે ખાતા ચોખની ઝુંબેશ ચાલેલી. પરંતુ હોડીને ગમે તેટલા હલેસા મારીએ પણ સઢ છોડાતો નથી એવો અહેસાસ કમસે કમ ગ્રામ્ય પ્રજામાં થઈ રહ્યો છે. * (xxxxx) (xxxxx) (xxxxx)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : આ આખી બાબત સબ જ્યુડીસ કોર્ટ મેટર છે. એ સેસન્સ કોર્ટ અને હાઈકોર્ટમાં ચાલે છે. આપ ન બોલો તો સારું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હું કોર્ટનો ઉલ્લેખ કરતો નથી.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : કોર્ટનો ઉલ્લેખ ન કરો તો પણ ન બોલી શકો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : (xxxxx)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ, આપ બેસી જાઓ. આપ જે મેટર બોલી રહ્યા છો એ બધી કાઢી નાખું છું. સબ જ્યુડિસ મેટર છે. તમારું એ આખું કચ્છ પ્રકરણ રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આપ જોઈ લેશો અને શું રાખવું અને શું ન રાખવું એ આપના અધિકારની વાત છે.

**અધ્યક્ષશ્રી** : મારા અધિકારની રૂએ જ કહું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : અમે એને ઓનર કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : આપ સ્વીકારો છો એ સારી વાત છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : સ્વીકારવું જ પડે. ગૃહમાં આપની આમાન્યા નહીં રાખીએ તો ગૃહનું ગૌરવ કેવી રીતે જાળવી શકાય? હમણાં બિલની રજૂઆત વખતે વિદ્વાન મહેસૂલ મંત્રીશ્રીએ બહુ વિસ્તૃત રીતે વાત કરી, અમે સમજી શકીએ એ ભાષામાં વાત કરી. એટલા માટે એમના પ્રત્યે આભારની લાગણી પણ વ્યક્ત કરું છું. એમણે કહ્યું કે અત્યારે માણસામાં મામલતદાર કચેરીમાં આપ ઓવરઓલ સરવે કરી રહ્યા છો. માણસાનું કરી રહ્યા પછી મુંદ્રાની મામલતદાર કચેરીનું પણ કરો એવી મારી વિનંતી છે. આપે કહ્યું કે જંત્રી પ્રમાણે એનું રજિસ્ટ્રેશન થાય અને એના રેવન્યુની સ્ટૅમ્પ ડ્યૂટી નક્કી કરાય અને એના પ્રમાણે નોંધણી થાય. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર બે દાખલા આપવા માગું છું. એક તો એક રજિસ્ટ્રેશન પાવર ઓફ એર્ટની મુજબ મૂળ માલિકને પૂરેપૂરી રકમ અને અવેજ મળી ગયો હોય અને એ છતાં ૧૩૫ કલમ નીચે એ ક્યાંક ક્યાંક આખા એના નલ એન્ડ વોઈડ થઈ જતાં હોય છે. એને એક કન્સર્ન એવોર્ડથી જેની કિંમત નક્કી થઈ ગઈ હોય એ પ્રમાણેની ચૂકવણી થતી હોય એનો કોઈ વાંધો લે એના કારણે એને પાવર ઓફ એટર્ની રદ થઈ જાય અને આ બધું થતું હોય પણ એના કરતા પણ આ પાવર ઓફ એટર્નીને રદ કરવાની વાત આવી ત્યારે મારા ધ્યાનમાં એક આવ્યું કે ટાટા પાવર્સને સરકારે જે જમીન આપી એ જમીન ૧૦ રૂપિયે મિટરમાં જમીન આપી અને કન્સર્ન એવોર્ડવાળી જે જમીન છે એનો ભાવ ડેપ્યુટી કલેકટરશ્રીની કક્ષા અને ખેડૂતોએ સામસામા મળી અને પરસ્પર સંમતિથી ૧૫૦ રૂપિયે ટાટા કંપનીને પેમેન્ટ કર્યુ. એટલે આ ૬ લાખ રૂપિયા એકનો ભાવ થાય ૧૦૦૦ એકર જમીનના, એ જમીન નામદાર સરકારશ્રીએ માત્ર ૪૦૦૦૦ રૂપિયા એકરની અંદર ટાટા કંપનીને આપી. આ એના પાંચ કિલોમિટરના ઉતારા હોય, ૧૦ કિલોમિટરના હોય, બે ક્લિોમિટરના ઉતારા હોય તો આ જંત્રીની અંદર વાત કરવામાં આવી છે ત્યારે જંત્રીના ભાવ નક્કી કરવામાં આવે છે. હું જે તાલુકાની અંદરથી આવું છું એ ભચાઉની અંદર એક મહિલા કોલેજ એને કોઈ ટ્રસ્ટે જમીન આપી. માપણીની અંદર માપણી વધારો છે એમ કરીને એક એકર જમીનના ૧,૪૩,૦૦૦ રૂપિયા લેવાયા. એન.એ.ની પ્રક્રિયામાં ગયું ત્યારે આ જમીન નવી શરતની ગણાય અને એના માટે થઈને પ્રિમિયમ નક્કી કરવાનું હોય એ પ્રિમિયમ નક્કી કરવામાં વિલંબ થયો અને દરમ્યાનમાં જંત્રીના ભાવ આવ્યા તો ભચાઉની અંદર ૮૦ લાખ રૂપિયા એક એકરના જંત્રીના ભાવ પ્રમાણે ૬૭ લાખ રૂપિયાનું પ્રિમિયમ એ મહિલા કોલેજને ભરવા માટે માનનીય કલેકટરશ્રીનો જે પત્ર છે. આ જંત્રીના ભાવોની વિસંગતતાઓ માટે ખૂબ ચર્ચાઓ થાય છે એની અંદર હું નહિ પડું પણ માનનીય મહેસૂલ મંત્રી આ બિલના સમર્થનની અંદર જે મુદ્દાઓ કહ્યા એમાં જંત્રી પ્રમાણેના ભાવોમાં ચાર પ્રકારના ભાવો હોય છે. ખેતી માટેના ભાવો હોય, ઉદ્યોગ, વ્યાપાર અને બિનખેતીની જમીનના જુદા જુદા ભાવો, જંત્રીના ભાવો અને મુંદ્રા તાલુકાના ઢબ અને વિનાર આ વિસ્તારમાં જંત્રીના ભાવોનું ઉદ્યોગ કે વ્યાપાર માટે થઈ અમલીકરણ થાય છે કે કેમ? એ મામલતદાર કચેરી ત્યાં મુંદ્રાની અંદર જો તપાસ કરેને તો ખબર પડે. કારણ કે અહીંયા રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં એ ખબર નહિ પડે. અહીંનું રેવન્યુ ડિપાર્ટમેન્ટ સક્ષમ છે, ગુજરાતની અંદર કયાંય પણ જો આ પ્રકારનું થતું હોય તો એમનું ધ્યાન તરત જાય છે. મારે નમ્રપણે આ પ્રમાણે કહેવું જોઈએ પણ આ એક મોડેસ ઓપરેન્ડી કચ્છની અંદર છે કે ત્યાં જમીનોની કિંમત અને જે છેને એ સ્થાનિક પ્રાઈર્જિંગ કમિટી છેને એ ૫૦ લાખની મર્યાદાની અંદર જ નક્કી કરે એટલે અહીં કાંઈ કરવાનું રહેજ નહિ. ત્યાંથી જે નક્કી કરેલું હોય અને એ પ્રમાણે ત્યાં મિનિસ્ટર કક્ષાએ જાય અને એની મંજૂરીની પ્રક્રિયાને આપવાની હોય એ મળી જાય એના કારણે આજે કરોડો રૂપિયાનું રાજ્યને નુકસાન માત્ર સ્ટેમ્પ ડ્યુટીમાં થાય છે. એટલું જ નહિ પણ સરકારી જમીનોની બાબતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એક વન વિભાગને લગતો પ્રશ્ન હતો એની અંદર એમ કહ્યું કે ૨૦૦૦ એકર જમીન જે છે એ મુંદ્રાના દરિયા કિનારે કોઈ વાપરનારાઓને રિઝર્વ ફોરેસ્ટની ભલામણ, અહીંથી એન.ઓ.સી. ગઈ અને કેન્દ્ર સરકારે આપી. એના બદલામાં ૨૦૦૦ એકર જમીન કોરીક્રીકની અંદરથી છેને એ વાપરનારે કોરીક્રીકની અંદરથી ૨૦૦૦ એકર બિનજંગલની જમીન આવી ક્યાંથી? કચ્છના દરિયા કિનારે કોરીક્રીકની જમીન આવી ક્યાંથી? દરિયા કિનારે જમીન આપવાનું જરાપણ ઉચિત ના હોય. આ રાષ્ટ્રની અંદર સૌથી પહેલું નૌ સૈન્ય જેમણે બનાવ્યું હતું એ શિવાજી મહારાજે, એમણે એમના અવતરણોમાં કહ્યું છે કે- "દરિયા કિનારે વિદેશીઓને જમીન આપવાથી રાષ્ટ્ર પર ક્યારેક જોખમ આવી શકે." જોજનો ફોર્સની વાત આપણે સમજીએ છીએ. અગાઉ કિનારે જે જમીનો આપે જેમણે આપી છે, જેમણે યેન-કેન પ્રકારે વિદેશી કંપનીઓ પાસે જમીન ગઈ હોય તો એ જમીનો આપણે પાછી લઈ લેવી જોઈએ. રાજ્ય સરકારે એની અનુમતિ આપી છે કે કેમ? બે વર્ષ પહેલા મેં પુછયું

છે, મહેસૂલ ખાતાને પુછયું છે. તો આ જમીનો વિદેશી કંપનીઓને જો યેન-કેન પ્રકારે ગઈ હોય તો આ દેશ ઉપર જોખમ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ બિલની જોગવાઈઓ ઉપર બોલશો તો સારું રહેશે. આપ પોતે પણ વિચારો કે જમીનોની રેવન્યુ વિભાગની..(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર બોલવાનો જ્યારે સ્કોપ હોય
માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઈ ઠેકાણે મહેસૂલ ખાતાની બાબતો, મહેસૂલ ખાતાને લગતી બાબતો હોય એના ઉપર જો હું બોલ્યો હોઉં તો મારા શબ્દો કાઢી નાખજો.

**અધ્યક્ષશ્રી** : નહીં, શબ્દો કાઢી નાખવાનો મને અત્યારે, મારે તો સમયસર આપણે જવું છે અને આપનું જે રેવન્યું વિભાગનું જે જ્ઞાન છે એને બીલની જોગવાઈની અંદર, એની ક્ષતિઓ ઉપર આપ પ્રકાશ પાડો એ આવકાર્ય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીલના ઈન્ટ્રોડકશન વખતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ જે મુદ્દાઓ કહ્યા એના મુદ્દા ઉપર જ હું બોલી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, જમીનની ફાળવણીઓનો વિષય, રેવન્યુની જનરલ ચર્ચા વખતે આપ લેશો તો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : મારા અગાઉના વક્તા જે એમણે કહ્યું કે કેટલાક કેન્દ્ર સરકારના વિભાગો હોય, રેલવે માટેનું હોય, હાઈ-વેના કે સ્ટેટના વાઈડનીંગ હોય અ ઠેકાણે મહેસૂલ ખાતું જમીન આપવાની જરાય ઉતાવળ કરતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, મને હમણાં એક બાબત મારા ધ્યાનમાં આવી, અહીંયા ગુજરાતમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ જે છે એની નવી બ્રાંચ આવી છે, ૧૬૦૦ કિલોમીટરનો આપણો દરિયા કિનારો છે એના માટે ભારત સરકારે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની રચના કરી છે.

**અધ્યક્ષશ્રી** : એનું એજ થાય છે બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે એમણે જમીન માગી છે ગાંધીનગરમાં જમીન માગી છે. તેમને સાબરકાંઠામાં જમીન આપવા માગે છે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ હું ચર્ચાને રોકવા નથી માગતો, આ બીલની જોગવાઈઓ ઉપર અને એની કલમો ઉપર બોલો, જનરલ ચર્ચા જેટલા મુદ્દાઓ છે એ કહો, જમીનોની વહેંચણીમાં ન્યાય અને અન્યાયની જે વાત છે એ આ બીલની જોગવાઈમાં આવતી નથી એટલે હું રોકું છું, નહીંતર ન રોકું અને પુનઃઃરૂકિત થાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી બીલના ઉપર બોલવાનો સ્કોપ જે છેને એતો વિસ્તૃત હોય છે અને આપને પણ મારા કરતાં પણ બીલ ઉપર બોલવાનો વધુ અનુભવ છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, મારે બે જ, બીજો મુદ્દો છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : અને એમ કરીને હું એકેય જૂની વાતો યાદ કરવા માગતો નથી. બીલ ઉપર બોલવા

**અધ્યક્ષશ્રી** : આપ માગતા હોય તો પણ..

**શ્રી બાબુભાઈ મે. શાહ** : બીલ ઉપર બોલવાનો સ્કોપ હોય છે અને મારી અગાઉના વક્તાઓ પણ બોલેલા છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, બોલ્યા છે એટલે એની મર્યાદાઓ રહે, એ દાખલાઓ અને ઉદાહરણોમાં આપણે જઈશું તો આ ચર્ચાને, આપે જે કહેવાના મુદ્દાઓ રહી જાય છે, ચર્ચાની જોગવાઈઓને અને જે મુદ્દાઓ અહીંયા ઉપસ્થિત બીલની જોગવાઈઓને અને મંત્રીશ્રી જવાબ પણ નથી આપવાના એટલે મારી આપને વિનંતી છે અને બીજું કે અધ્યક્ષશ્રીને સંબોધીને અથવા અધ્યક્ષને અનુલક્ષીને જે કરવામાં આવે છે એ પણ ન થાય, હમણાં માનનીય અર્જુનભાઈએ પણ એમના પ્રવચન દરમિયાન શ્રી દોલતભાઈ જ્યારે ચેરમાં હતા ત્યારે કહ્યું હતું, કે આજે સવારે તમે મોંઘવારીની વાત કરતા હતા, અધ્યક્ષપદે, સભાપતિ તરીકે બેઠા હોય ત્યારે આ પ્રકારના ઉલ્લેખો ન થાય આપ પણ જે શબ્દો બોલ્યા એ યોગ્ય નથી, મારી ફરીથી આપને વિનંતી છે, હું કોઈને બેસાડી દેવા માગતો નથી પણ ચર્ચા મુદ્દાસરની રહે બીલની જોગવાઈઓ ઉપર રહે, કલમોના આધારિત જે ક્ષતિઓ છે અને એના જનરલ ઉદેશ્યો જે છે, કોમ્પ્યુટરાઈઝેશન ઉપર તમે કહી શકો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આ બીલની અંદર ૧૩૫ કલમની અંદરના જે સુધારાઓ આવેલા છે અને એમાં જે જમીન ધારકો છે એમના રેકર્ડોની એમને પૂરેપૂરી માહિતી મળે અને સાચી માહિતી મળે એમના જમીનોના હક્કો જળવાઈ રહે એ પ્રકારનું સરકાર કરવા માગે છે એની અમે અનુમોદન કરીએ છીએ પણ આ કરી શકાશે ખરું ? એટલા માટે મારે મારા ભયસ્થાનો છે એ હું મહેસૂલ મંત્રીશ્રીને કહેવા માગું છું. મારો વિસ્તાર રાપર તાલુકામાં મોટાભાગની એક વસ્તી કોળી જ્ઞાતિની છે, બંધારણમાં નવમો જ્યારે સુધારો આવ્યો, નવમી લોકસભા વખતે અને નવમા શિડ્યુલના સુધારાની અંદર શિડ્યુલ ટ્રાઈબ કે શિડ્યુલ કાસ્ટની જમીનો રાજય સરકારની પૂર્વ મંજૂરી વગર લે-વેચ થઈ શકે નહીં પરંતુ આ કોળી સમાજના જે અધિકારો જે છે એ ૨૦૦૩માં રાજય સરકારે અને એ પહેલા ૨૦૦૨માં લોકસભામાં ઠરાવ થયો એના કારણે એ અધિકારો છીનવી

લેવાયા. આજે આ નબળાવર્ગોની જમીનો ખરીદનારાઓના ધાડાઓ મારે ત્યાં રાપર તાલુકામાં ઊતરેલા છે. અને માનનીય અધ્યક્ષશ્રી, આ ઈ-ધારા ઉપરથી એમને જે માહિતી મળે મામલતદાર કચેરીમાં અને એને કારણે એટલા બધા ફૉલ્સ દસ્તાવેજોની નોંધણી ત્યાં થાય છે એના કારણે કેટલીય ફરિયાદો થાય છે એમાં જે ફરિયાદો થાય એમાં આ દસ્તાવેજોમાં માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ કહ્યું કે, લેનાર- વેચનારના ફોટા, અંગૂઠા બધા હોય છે પરંતુ એમાં કોઈ સાક્ષી સહી પૂરે છે તો એ પણ જેલમાં જાય છે. સાક્ષીએ જે સહી પૂરી હોય એને કોઈ શાખ પૂરવાનું દેશમાં કહે કે કોઈ પણ દસ્તાવેજમાં આપણે હાલતાં માણસને કહીએ કે ભાઈ અમે આ લે-વેચ કરી છે તો એની તમે સાક્ષી પૂરો તો આ શાખના અને એની અંદર નોનબેઈલેબલ એની અંદર આ કલમ હોય છે અને એટલા માટે મહિનાઓ સુધી એમને જેલમાં રહેવું પડે, આવા દાખલાઓ મારે ત્યાં ઘણાં સંખ્યાબંધ બનેલા છે. એટલે આમાં બધું ઊજળું એટલું દૂધ છે એ માનવાને કોઈ કારણ નથી. અગાઉના મહેસૂલ મંત્રીઓએ પણ આમાં પ્રયત્નો કરેલા છે. અને આ મહેસૂલ મંત્રીશ્રી એમાં પ્રયત્નો કરે છે એમને હું એમાં ડિસકરેજ કરવા માંગતો નથી.એ સફળ થાય એવી શુભેચ્છા આપું છું. હકીકત જે છે એના ઉપર મનોમંથન થવું જોઈએ અને આ મેં કહ્યું તે પ્રમાણે જંત્રી પ્રમાણે એની કિંમત અને સરખામણી એ કમસેકમ મુંદ્રાની મામલતદાર કચેરીમાં જે છેલ્લા ૩ વર્ષમાં, ૫ વર્ષમાં જે જમીન સરકારી જમીન અપાયેલી છે એના ભાવો શું લેવામાં આવેલા છે. આજે એના ભાવો જંત્રી પ્રમાણેના કેટલા ભાવો હોય, રાજ્યની તિજોરીમાં કેટલા પૈસા આવેલા છે. એની સરખામણી કરે. આખરે જંત્રી પ્રમાણેની સ્ટૅમ્પ ડ્યૂટી છે. મહેસૂલ વિભાગે એકત્રિત કરી રાજ્યની તિજોરીમાં આપવાની છે. આ જંત્રીના ભાવની વિસંગતતા માટેની વાત આવે છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી જંત્રીના ભાવો નક્કી કરવાની વાત આવે છે. ક્યારે થશે ખબર નથી. ભચાઉમાં મહિલા કૉલેજમાં આ જંત્રીના ભાવની વિસંગતતા છે. એનો ભોગ બનેલાનો દ્રષ્ટાંત માત્ર આપેલ છે. ભચાઉમાં ૮૦ લાખ રૂપિયા એકરના ભાવ હોય, ત્યાં મુંદ્રાના દરિયાકિનારે ૪૦,૦૦૦ રૂપિયા એકરનો ભાવ હોય તો આ ૪૦,૦૦૦ અને ૮૦ લાખ વચ્ચેનો કોઈ ભેદ હોઈ શકે નહિ. એ કરે. અને દરિયા કિનારાની જમીન જો કોઈ વિદેશીઓને અપાઈ હોય તો એના ઉપર માનનીય મહેસૂલ મંત્રીશ્રી એની અંદર વિસંગતતા થઈ ગઈ હોય આપણે ચોક્કસ શરતે આપેલી છે. એક અવિભાજ્ય શરતની જમીન છે. એમાં ન ટ્રાન્સફર થઈ શકે તેવી શરત પણ મહેસૂલ ખાતાના અધિકારીએ મૂકેલી છે, તેમ છતા જમીન વિદેશી કંપનીઓને ગઈ હોય તો સ્ટેપ-ઈનના આપણા અધિકારો છે, એમાં પ્રમાણે આપણે ત્યાં પ્રવેશ કરવો જોઈએ, એટલી વાત મારી આ બિલના વિચારોની સાથે કહેવી છે. આપે આ બિલની અંદર મર્યાદિત સ્કોપનો જે ઉલ્લેખ કર્યો. મહેસૂલ ખાતાનું બિલ હોય ત્યારે મોકળા મને કારણ કે આ મહેસૂલની પ્રથા જે છે એ આપણી અંગ્રેજ સલ્તનત વખતની નહિ, પણ એનાથી પહેલા મોગલ સલ્તનત વખતથી, આ ટોડલમરના વખતથી મુકવામાં આવેલી છે. મહેસૂલ ખાતું એ પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુ:ખે દુ:ખી થાય એના મોટીવ છીએ હંમેશા.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, મહેસૂલ વિભાગના બધા સુધારા મેષ રાશિવાળા જ લાવ્યા છે. એની અંદર તમને આનંદ મળે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલા માટે આ પ્રમાણે મહેસૂલ ખાતું છે. એ કુદરતી આફત વખતે અમારા પડખે આવવાનો ધર્મ બજાવતા હોય છે. અગાઉના મહેસૂલ મંત્રીશ્રીએ ધર્મ બજાવેલ છે. આ મહેસૂલ મંત્રીશ્રી પણ બજાવે છે. મહેસૂલ મંત્રીશ્રી કચ્છમાં આવે છે, ત્યારે અમને તેમના તરફથી કોઈ અસંતોષ નથી, એટલા માટે એમના માટે એપ્રીસીએટ કરવા માટે નહિ, સારું લગાડવા માટે નહિ. પણ લોકદરબાર ભરવાની વાત કરતા હોય છે. નલિયામાં લોકદરબાર ભરાય એના કરતા ભૂજમાં લોકદરબાર ભરવાનો હતો એ આવતા દિવસોમાં ભૂજમાં ભરાય તો ઘણા બધા મુદા ઝીણા ઝીણા કાંતવાના મુદાની ત્યાં અમો રજૂ કરી શકીએ. એકલા કચ્છનો મુદો છે, એવું નથી. આખા ગુજરાતમાં આ મુદો છે. સરકારી જમીન છે એ આપણે વન વિભાગને આપણે આપીએ. વન વિભાગ તરફથી આ જમીન બીજા કોઈને દબાણ થતું હોય, ખોટી રીતે અપાઈ જતી હોય તો મહેસૂલ ખાતું આની અંદર કરે, એટલા માટે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની વાત કરી કે અહીયા આપણે મહેસૂલ ખાતું આપવા માટેની ઉતાવળ કરે, સમય બદ્ધતા પ્રમાણે આપે એ વાત કહીને મારા પ્રવચનને હું અહીયા વિરામ આપું છું.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય મંત્રીશ્રી મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૬૯, ૧૮૭૯ વધુ સુધારવા બાબત મુંબઈ જમીન મહેસૂલ(ગુજરાત સુધારા) ૨૦૧૦ લઈને આવેલા છે, ત્યારે એના ઉપર મારા વિચારો, મંતવ્યો રજૂ કરવા માટે ઊભો થયો છું.

નમૂના નં.૬ ની એન્ટ્રીઓ જેને કહેવાય હકકપત્રમાં ફેરફાર જેને કહેવાય એ ફેરફાર કમ્પ્યુટરાઈઝ કરી અને એ ફેરફાર થાય એ માટેનું મહત્ત્વનું આ બિલમાં હાર્દ છે. વિધેયકથી હકપત્રને લગતી જે અધિનિયમ પ્રકરણ ૧૦-ક ની જોગવાઈમાં સુધારવા ધારેલ છે એની પાછળનો મુખ્ય આશય એ છે તે હાલમાં જે તકલીફ પડી રહેલ છે એ તકલીફોને નિવારવા માટેનો એક પ્રયાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પણ રેવન્યુ વિભાગે ૨૦૦૫થી કોમ્પ્યુટરાઈઝેશન કરવાની પદ્ધતિ દાખલ કરેલ છે અને તેનજા ભાગરૂપે અત્યારે વેચાણની પ્રક્રિયામાં પણ કોમ્પ્યુટરાઈઝેશન થયું છે, પરંતુ આ હક્ક નોંધપત્રકમાં માત્ર વેચાણ પૂરતો પ્રશ્ન મર્યાદિત નહીં રહે. આ હક્ક પત્રકમાં વારસાઈના પ્રશ્નો પણ, બોજો દાખલ કરવાના પ્રશ્નો, બોજો કમી કરવાના પ્રશ્નો અને વહેંચણી જેને કહેવાય તે એક કુટુંબ અલગ થાય તે વહેંચણીના કરારો જે કહેવાય તે કરારના પ્રશ્નો રેવન્યુ વિભાગમાં અત્યારે

મહત્વના પ્રશ્નો છે. આ અંગેની નોંધો પણ નમૂના નં.૬માં હક્કપત્રકની નોંધમાં પડતી હોય છે. ગામ માટે, રેકર્ડ માટે, રેવન્યુ માટે મહત્ત્વનું નમૂના નં.૬ ગણાય છે. નમૂના નં.૬માં માત્ર આ નોંધ વેચાણ રાખનાર અને વેચાણ આપનાર તે બે વચ્ચે થયેલો કરાર તે કોમ્પ્યુટરાઈઝના હક્ક બદલાશે એના ઉપરનો રાઈટ બદલાશે એના ઉપરના રાઈટની નોંધણી થશે. અત્યાર સુધી નાયબ મામલતદાર મહેસૂલ, સર્કલ ઈન્સપેકટર અને મામલતદારશ્રી કક્ષાએ સ્વતંત્ર રીતે આ નોંધો પ્રમાણિત કરતા હતા. કલમ-૭૩(એએ)માં જે આદિવાસીની સંપત્તિ હોય ત્યાં આગળ સત્તા મામલતદારોને આપવામાં આવેલી અને મામલતદારોથી ઉપર સત્તા તેની રીવ્યુ ઓથોરીટીને આપવામાં આવેલી. ઈ-ધરામાં કોમ્પ્યુટરાઈઝની નોંધ પડતી હોય છે અને તે કોમ્પ્યુટરાઈઝ નોંધમાં દસ્તાવેજ રજીસ્ટ્રેશન થતા હોય છે. ઓનલાઈન દસ્તાવેજ મૂકવામાં આવે છે અને તે દસ્તાવેજનું ઓનલાઈન રેકર્ડના આધારે તેની એન્ટ્રી પાડવાની જોગવાઈ કરવામાં આવતી હોય છે. અત્યાર સુધીના આપણા અનુભવો એવા છે કે જ્યારે એન્ટ્રી પાડવા માટે રેવન્યુ અધિકારી સક્ષમ અધિકારી પાસે જયારે જાય તે વખતે તે અરજી એક અથવા બીજી રીતે ફોર્મેટ જેને કહેવાય, આપણે જે ફોર્મેટ બનાવીએ છીએ જે ફોર્મેટમાં વેચનારનું નામ, વેચાણ લેનારનું નામ, ફેરફાર નકલ થાય છે તેનું નામ આ બધી કાર્યવાહી કરવી પડે છે તે ફોર્મેટમાં માહિતી અધૂરી છે, માહિતી પૂરતી નથી અને તેની પાસે પૂર્તતા માટેના સાધનિક કાગળો નથી તેવા એકથી દસ, બાર કાગળોનો વાંધો લઈ તે અરજી સ્વીકારવામાં જ નથી આવતી. તે અરજી સ્વીકારવામાં નથી આવતી અને તેના કારણે ખેડૂત જ્યારે આ કામ માટે જાય છે ત્યારે તેની અરજી પેન્ડીંગ બોલતી નથી રેકર્ડ ઉપર. રેકર્ડ ઉપર એટલા માટે પેન્ડીંગ નથી બોલતી કે તે અરજી સ્વીકારવામાં નથી આવી, તેની પાસે આ નથી, તેની પાસે પેલો દસ્તાવેજ નથી., ફલાણાં ડોકયુમેન્ટ નથી આ જે પધ્ધતિ રેવન્યુ વિભાગે અખત્યાર કરેલી છે તેના કારણે એક તરફ પેન્ડીંગ નથી કાગળો અને બીજી તરફ નિકાલ વગરના કાગળો પણ નથી. છતાં પણ લોકોએ આ માટે વારંવાર રેવન્યુ ઓથોરીટી પાસે ધક્કા ખાવા પડતા હોય છે. અત્યારે જે પરિસ્થિતિ છે તેમાં ૭-૧૨ણી નકલ અને ૮-અ ની નકલ આપવા માટેની વાત કરવામાં આવેલી છે. આજે પણ માનનીય મહેસૂલ મંત્રી શ્રી ગામડામાં સ્થિતિ એવી છે કે ૭-૧૨ કે ૮-અનો ઉતારો લેવા માટે અગર કોઈ વ્યકિત મોર્નિંગમાં દસ વાગે જાય તો બીજા દિવસે ૭-૧૨ કે ૮-અ નો ઉતારો ઉપલબ્ધ થતો નથી. કેમ નથી થતો? કે નકલોનું કેન્દ્ર છે તે કાં તો તાલુકા પર હોય છે, કાં તો સેવાકેન્દ્ર, કાં તો ગ્રામ્ય કક્ષાએથી નકલ મળતી હોય છે. પરંતુ તેને ઈન્ડીકેશન જે કલીક કરવાની કોમ્પ્યુટરની અંદર સિસ્ટમ છે તેમાં આજે પણ વ્યાપક ખામીઓ હોવાના કારણે જે વ્યકિતએ ૭-૧૨ની નકલ અને ૮-અનો ઉતારો મેળવવા માટે જાય છે તેને ચોવીસ કલાક, અડતાલીસ કલાક સુધી નક્લ નથી મળતી. નકલ ઝાંખી નીકળે છે અને તેના કારણે બેન્કોવાળા તેને વેલીડ ગણતા નથી. ખેડૂત નકલ લઈને જાય અને બેંકવાળાને આપે તો બેંકવાળો તરતજ એના ઉપર ઓબ્જેકશન લે છે કે નકલ ઝાંખી છે અને આની ઓરીજીનલ નકલ લાવો. એટલે આપણો જે હેતુ કોમ્પ્યુટરાઈઝ કરવાનો તેનો ફાયદો મળવો જોઈએ તે ફાયદામાં અનેક ક્ષતિઓ છે અને એટલા માટે આપણે લેન્ડલાઈન નંબરો આપણા ગામડાની ગ્રામ પંચાયતને આપવાના, અને દરેક ગ્રામ પંચાયતને કહેવામાં આવે છે કે જોડવામાં આવેલ છે. દરેક પંચાયતને કહેવામાં આવે છે કે જોડવામાં આવેલી છે, બીજી બાજુ એ ગ્રામ પંચાયતોને લેન્ડ લાઈન નંબરો જે છે એ આજે પણ જોડાયેલા નથી. લેન્ડ લાઈન નંબર નથી, એટલે કોમ્પ્યુટર નેટવર્ક કામ કરતું નથી. બધે આ પ્રોવાઈડ કરવામાં આવેલું નથી., રેકોર્ડના ઉપર એમ કહેવામાં આવે છે કે, અમે દરેક જગ્યાએ આ ફેસીલીટી આપેલી છે. પરંતુ એના ઉપર રિવ્યુ કરવાની ખાસ જરૂર છે અને આ રિવ્યુની અંદર ઘણી બધી જે ખામીઓ છે, એ ખામીઓ દૂર કરવાની જરૂર છે. એન્ટ્રિઓને લાગેવળગે છે ત્યાં સુધી નોંધ પાડવા માટે કલીક છે, નોંધ ન પાડવાને લીધે મામલતદાર કક્ષાએ કે બીજી અન્ય કક્ષાએ જે મુશ્કેલીઓ છે એ મુશ્કેલીઓના કારણે ભ્રષ્ટાચાર વધે છે, અને આ ફેરફારોને ઝડપથી કરાવવા માટે લોકોએ ઝડપી રીતે કામ કરવું પડે છે. આપણે ઘણા બધા સુધારા આપણે નવી શરતથી જુની શરતમાં તબદીલ કરવાના કરેલા છે છતાં પણ વિધાનસભાના પ્રશ્નો બન્યા પછી પણ કેટલાક તાલુકાઓમાં અને કેટલાક જિલ્લાઓમાં આજે પણ રેકોર્ડ ઉપર આ જુની શરતના ફેરફારો કરવામાં આવેલા નથી. એ જ પ્રમાણે એન્ટ્રિઓ માટે રેવન્યુ અધિકારી પાસે જાય છે ત્યાં પણ આજે પણ એન્ટ્રિઓ સર્ટિફાઈ કરવામાં આવતી નથી. એમાં ફેરફાર કરવામાં આવતો નથી. મહેસૂલના સંખ્યાબંધ કેસો પણ આજે આ મુદ્દાઓ ઉપર પેન્ડિગ છે, ગૌચર, ગામતળ અને ઔદ્યોગિક સંપાદનની જે કાર્યવાહી ચાલે છે. એમાં મહેસૂલ વિભાગ અગત્યનું છે. આજે પણ ગામડાની બાજુની અંદર ગામતળ હોય, ગૌચર હોય, તળાવ પૈકીની જમીન હોાય એવી જમીનો પણ અન્ય વિભાગો સંપાદન માટે મૂકે છે, ત્યારે મહેસૂલ વિભાગની ફરજ છે કે જે જમીનો પંચાયતને આપણે રેકોર્ડ કરવા માટે આપેલી છે, પંચાયતને સંચાલન કરવા માટે આપેલી છે, પંચાયતને વહીવટ કરવા માટે આપેલી છે. સંખ્યાબંધ ઢોરો આપણી પાસે છે, સંખ્યાબંધ ખેડૂતો ત્યાં રહે છે, છતાં પણ એ જમીનો અન્ય હેતુ માટે આ લોકો સંપાદન ખોટી રીતે કરે છે, સરકારને સમજાવીને કરે છે કે આ બિન ઉત્પાદક જમીન છે અને બિન ઉત્પાદકને ઉત્પાદમાં ફેરવવા માટે કરે છે, ભવિષ્યમાં જે ગામતળો છે, જે ગૌચરો છે, એ જો સંપાદન કરવામાં આવશે તો ઉદ્યોગો દ ારોની નજીક સુધીમાં હશે. ખેડૂત પોતાનું ઢોર નહી લઈ જઈ શકે. ખેતમજૂર પોતાના ઢોરને ચારણ માટે નહીં લઈ જઈ શકે. અને એટલા માટે સરકારે આ જયારે મહેસૂલ વિભાગનો સુધારો આ લઈને આવ્યા છે ત્યારે અમારી એટલી વિનંતી છે કે, જે રીતે ગૌચરો અને ગામતળો વેડફવામાં આવી રહયા છે જે તે કલેકટર ઓફિસ, જે તે

મામલતદાર ઓફિસ, જે તે ગ્રામ પંચાયતની ઓફિસરની ઉપર ફરજ પાડવામાં આવે છે, કે તમારી પાસે આ જમીન છે, એનો તમે તાત્કાલિક ઠરાવ કરી આપો. અમારે એને માટીકામના લીઝમાં આપવી છે. અમારે એને ઔદ્યોગિક હેતુ માટે આપવી છે, અમારે એને ફલાણા હેતુ માટે આપવી છે, આ બધાના કારણે અત્યારે કર્મચારીઓએ ખૂબ ઝડપથી પંચાયતના હોદ્દેદારોને સમજાવીને, પટાવી ફોસલાવીને આ જમીન પર જે ફેરફાર કરવામાં આવી રહેલી છે, એ આવનાર દિવસો માટે આપણે ગૌચર નથી આપી શકવાના. ગામતળ નથી આપી શકવાના આવનાર દિવસોમાં આપણે ખેડૂતોને ઢોર નથી આપી શકવાના. ખેતમજૂરોને રોજી નથી આપી શકવાના. અને એટલા માટે આજે જયારે આ બિલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે બિલનો જે આશય છે, એ બિલનો આશય કોમ્પ્યુટરાઈઝ કરીને સરલીકરણ કરવાનો છે સરળતા કરવાનો છે પરંતુ ચોકકસપણે અમે માનીએ છીએ કે એમાં ઘણી બધી ક્ષતિઓ પણ છે, અને એ ક્ષતિઓને નિવારવા માટે કોઈ ચોકકસ તંત્ર રેવન્યુનું ઉભું કરવામાં આવે એવી અમારી માગણી છે.

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુંબઈ જમીન મહેસૂલ ગુજરાત સુધારા વિધેયક ૨૦૧૦ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો અને વકતવ્ય રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પાછળનો ઉદ્દેશ અને આદેશ સામેથી અમારા જે સદસ્યો બોલતા હતા, ત્યારે મને દુઃખ એ વાતનું છે કે આ સુધારા વિધેયકની અંદર ઈધારા આજે માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને જણાવતાં મને દુઃખ થાય છે કે આજે જે ખેડૂત છે એ સભ્યશ્રીઓ જાણતા હશે કે છેલ્લા આઠ વર્ષથી ઈધારા અસ્તિત્વમાં આવ્યું ત્યારથી કોઈ ગામે પાણીપત્રક થતું નથી. કોઈ ગામે આનાવારી થતી નથી અને આ પાણી પત્રક અને આનાવારી શું છે? કે જે જિલ્લાઓમાં વરસાદ અનિયમિત છે અને વરસાદ ઓછો પડે છે ત્યાં આ મહેસૂલ મેન્યુઅલના નિયમો મુજબ ભૂતકાળમાં પાણી પત્રક કરીને આનાવારી કરાતી હતી. આજે કોઈ પણ તલાટી, કોઈ પણ સર્કલ ઓફિસર કે કોઈ પણ મામલતદાર ગુજરાતના કોઈ પણ ગામે જઈને પાણી પત્રક કે આનાવારી કરી હોય એવો એક પણ દાખલો મળી શકે એમ નથી. આજે ઈ-ધારા કોમ્પ્યુટર મશીનથી જે ૭/૧૨ની નકલ જે આપવાની વાત કરે છે અને ૮ (અ)ના ઉતારાની વાત કરે છે તો ૭/૧૨ની નકલ તાલુકા મથકે, પહેલા તો ગામે તલાટી દ્વારા એ નકલ તાત્કાલીક એને મળતી હતી આજે ઈ-ધારા માટે અમને ભયસ્થાન એ છે કે ઈ-ધારાના ઓપરેટરોની સરકારી રાહે નિમણૂક કરી નથી. મને પોતાને અનુભવ છે એક ખેડૂતનો દિકરો હોવાના નાતે કે મેં ૪ એકરને ૪૦ ગૂંઠા જમીન વેંચી હોય તો એમાં ૭/૧૨માં હેકટરઆરે અને પ્રતિઆરે હોય છે એમાં ૦૨ ગૂંઠા અને ૨ ગૂંઠા એની જગ્યાએ કોમ્પ્યુટર ઓપરેટર હોય એ ૦૨.૨ની જગ્યાએ ૨૦.૨૦ કરી નાંખે તો ૨૦ ગૂંઠા વધી જાય છે. બિન ખેતીની ૧૦ હજાર ચોરસ મીટર જમીન હોય એમાંથી ૪ હજાર ચોરસ મીટર જમીન વેંચી હોય ત્યારે ૪ હજરની જગ્યાએ ૪૦૦ મીટર લખી નાંખે એવા પણ ભૂતકાળની અંદર દાખલા છે. મારે દુઃખ સાથે આ ગૃહને જણાવવું છે, હું બીજા કોઈ તાલુકાની કે જિલ્લાની વાત નથી કરતો પણ મારા પંચમહાલ જિલ્લાની અને મારા મત વિસ્તારના તાલુકાની વાત કરું છું કે, ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષની અંદર જે કોમ્પ્યુટરોએ નોંધો કરી હોય અને જ્યારે આ ઈ-ધારાની અંદર જે ડેટા એન્ટ્રી નક્કી કરવામાં આવી ત્યારે કોઈ તલાટીએ કે કોઈ મામલતદારે જવાબદારીપૂર્વક કામ કર્યું નથી. આજે મારા ગોધરા તાલુકાની અંદર ગઈ સાલ ૩ હજાર ઓર્ડરમાં સુધારાના હુકમ કર્યા, કેમ કર્યા? કારણ કે, મૂળ કોમ્પ્યુટર ડેટાની અંદર મૂળ ૭/૧૨માં મગનભાઈ છગનભાઈ પરમારનું નામ હોય એની જગ્યાએ મગનભાઈ છગનભાઈ ચૌહાણ એની ૪ હેકટર ૪ આરેમાં ૪ હેકટર ૪ આરે અને પછી પ્રતિઆરે હોય તો એની જગ્યાએ ૪ ગૂંઠા અને ૪ પ્રતિઆરે એમ લખ્યું હોય એટલે આખું ૪ હેકટર નીકળી જાય એવા ઓર્ડરમાં સુધારાના હુકમ આ ઈ-ધારામાં કરવા પડ્યા છે. એનું કારણ કે મેં પણ આવી બાબત મારા વિસ્તારમાં કલેકટરશ્રીના ધ્યાને મૂકી છે. તમે આ કોમ્પ્યુટર ઓપરેટરોને પગાર કેટલો આપો છો? ૨૫૦૦ રૂપિયા. હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત એ જાણવા માગુ છું કે, ઈ-ધારામાં જે કોમ્પ્યુટર ચાલે છે એમાં મશીન ઈંકનો જે ઉપયોગ થાય છે એ ક્યા હેડે કોણ આપે છે? મને એ સમજાતું નથી. ઘણા બધાએ આ ઈ-ધારાની વાત કરી છે પણ એ કોમ્પ્યુટર નિભાવવા માટે ૨૫૦૦ રૂપિયાનો ઓપરેટર હોય એ કેવી કામગીરી કરે એ આપ વિચારી શકો છો. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ એટલા માટે કહેવું છે કે મારા તાલુકામાં જ ૩ હજાર હુકમોમાં સુધારાનો હુકમ મામલતદાર જો કરતા હોય તો આખા રાજ્યમાં કેટલા હુકમ આવા સુધારાના થયા હશે? મારો સવાલ મુખ્ય એ છે કે, જ્યારે કોમ્પ્યુટરાઈઝેશન થયું ઈ-ધારામાં ત્યારે કોઈ પણ તલાટીએ કે કોઈ પણ સર્કલ ઓફિસરે કે મામલતદારે પૂરતું ધ્યાન નથી આપ્યું અને એના કારણે આજે આ ઈ-ધારામાં મોટા ભાગે ભૂલો રહી જવા પામી છે. ભૂલો ક્યારે પકડાય કે એ માણસને જ્યારે જરૂર પડે લોન લેવાની, એને કોઈને બક્ષીપંચનું કે આદિવાસીનું સર્ટિફિકેટ લેવાનું હોય ત્યારે એ ૭/૧૨ છે એ એનો આધાર પૂરાવો હોય છે. આજે એવી પરિસ્થિતિ છે કે આને કારણે ઘણી મુશ્કેલી પડે છે. પાણી પત્રકનો હું એક દાખલો આપું, અમારો બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલ એ જે વિસ્તાર છે એમાં આજે પણ આનાવારી નહીં થવાના કારણે પાક વીમા યોજનાનો લાભ મળતો નથી. મૂળ આશય અમારો એ છે કે આ આનાવારીના આધારે અમને પાક વીમો મળે છે. આજે અમારા પંચમહાલ જિલ્લામાં ૩૫ ઈંચ બધા તાલુકામાં સરેરાસ વરસાદ થયો પણ બે જ તાલુકામાં પાક વીમા યોજનાનો લાભ મળ્યો બાકીના ૧૭ તાલુકામાં પાક વીમા યોજનાનો લાભ ન મળ્યો એનું મુખ્ય કારણ પાણી પત્રક નહીં

થવાના કારણે આનાવારી નહીં થવાના કારણે આ પાક વીમા યોજનાનો લાભ મળી શક્યો નથી. આજે આ આનાવારી અને પાણી પત્રકનું શું મહત્વ છે એ સમજાય છે. આજે ઈ-ધારાની આપણે મોટી મોટી વાતો કરીએ છીએ અને આ લોકોને ૨૧ સદીના પેપર અને આ લોકોને ટેકનીકલના પેપર ઘેર બેઠા પેપર આપીએ છીએ અને નાગરિકોને સુવિધા આપીએ છીએ. ત્યારે મારે કહેવું છે કે, ૭/૧૨ અને ૮(અ)ની નકલ તાલુકા મથકે મળે પણ એને જો ગામ નમૂના નંબર-૬ની અંદર લોન લેવાની હોય એને કૂવો બનાવવા માટે લોન લેવાની હોય, ઈલેક્ટ્રિક મોટર માટે રૂમ બનાવવાની હોય તો બેન્કવાળા ૨૦ વર્ષનો ઉતારો માગે. આ ૨૦ વર્ષનો ઉતારો ગામ નમૂના નંબર ૬માં હોય એ ગામના તલાટી પાસે હોય છે.તો એ ૨૦ વર્ષનો ઉતારો પણ ઘણી વખતે તલાટી પાસે ઉપલબ્ધ હોતો નથી. તલાટીઓ બિન જવાબદાર છે મારે ના કહેવું જોઈએ આજે કોઈપણ વ્યકિત ૭/૧૨ના આધારે કોઈપણ દસ્તાવેજ કરાવે કે કોઈને લોન લેવાની હોય કે એન્ટ્રી પડાવવાની હોય તો રેવન્યુ હેડે જે તલાટીઓ છે આજે પણ મારા પંચમહાલ જિલ્લાની વાત કરું તો ૫૪૨ જેટલા તલાટીઓનું મહેકમ છે આજે મારા પ્રશ્ન નંબર-૧૬માં મેં પ્રશ્ન પુછ્યો તો ૧૪૩ જગ્યાઓ આજે પણ ખાલી છે તો એ તલાટીઓની જગ્યા ખાલી હોય અને સરકાર જાણતી હોવા છતાં પણ, સરકારે જવાબ આપ્યો છે તો આનાવારી અને પાણીપત્રક એ ગામે કેવી રીતે થવાનું આજે અમારા પંચમહાલ જિલ્લાની અંદર મને કલેકટરશ્રી, દાહોદનો પત્ર મળ્યો છે મેં સંકલનમાં મુદ્દો ઉઠાવ્યો હતો ૬૫૧ ગામોમાંથી ૬૩૭ ગામ ચારઆનાથી નીચે આનાવારીના છે તો રેવન્યુ રેકોર્ડના નિયમો મુજબ, રેવન્યુ મેન્યુઅલના નિયમ મુજબ ચારથી છ આનીથી નીચે હોય તો સરકારે અર્ધ અછત જાહેર કરવી જોઈએ અને અર્ધ અછત જાહેર કરવાના અનુસંધાનમાં મુળ પત્રક આ પાણીપત્રક અને આનાવારી છે માટે તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે તમારા જિલ્લા કે તાલુકામાં આ આનાવારી આજે પણ થઈ નહિ હોય એની હું આજે જાહેરમાં ખાતરી આપું છું આ તો લગભગ છેલ્લાં બે મહિનાથી મારા પંચમહાલ જિલ્લામાં મેં અગાઉ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ૭૦ થી ૮૦ ટકા લોકો આ વખતે વરસાદ ઓછો હોવાના કારણે પાક નહિ પાકવાને કારણે સ્થળાંતર કરી ગયા છે એના અનુસંધાનમાં આ પ્રશ્નના ભાગરૂપે હું કહુ છું કે આનાવારી થઈ નથી એટલે મારી વિનંતી છે કે માનનીય મહેસુલ મંત્રી ભલે ઈ-ધરામાંથી નકલો આપે, ઈ-ગવર્નન્સના નામે સીધો દસ્તાવેજ કરીને એન્ટ્રી પડી જાય પણ મોટાભાગે જે ઓપરેટરો છે એમાં મોટાભાગે કોમ્પ્યુટરો ગામે નથી તમે એમ કહો છો કે તમે સબ-રજીસ્ટ્રાર ઓફિસમાં દસ્તાવેજ કરો અને એની સીધી એન્ટ્રી ૭/૧૨ના ઉતારામાં પડી જાય આ બધી વાતો છે સાહેબ ઉબલક, આજે પણ ૭/૧૨ની નકલ, કોમ્પ્યુટર હોવા છતાં ગામડામાં લોકોને મળતી નથી અને ગામેથી તાલુકામથકે આવવું પડે છે આ વાત કોઈ જાણતું નથી, ભલે સુધારણાની વાત કરીએ, આ કાર્યક્ષમ અસરકારક અને પારદર્શક વહીવટ, પારદર્શક વહીવટ કોને કહેવાય, અમારા આત્મારામભાઈએ કહ્યું કે જેને ખીલો ખુંચે એને શું તકલીફ પડે પણ ગ્રામ્ય વિસ્તારમાં તો આજે પણ તકલીફ છે, આજે તકલીફ એટલા માટે કહુ છું કે આજે હું આ ગૃહને કહેવા માગું છું કે અમારા પંચમહાલ અને દાહોદમાંથી હોળીનો તહેવાર હોય આજે જે લોકો નરેગાની મજૂરી કરતા હોય એને પણ બે બે મહિનાથી પગાર નથી મળ્યો,

**અધ્યક્ષશ્રી** : શ્રી સી.કે. રાઉલજી, હું કોઈને રોકવા નથી માગતો પણ વિષયથી દૂર જશો (અંતરાય) નહિ નહિ આપ સિનિયર સભ્ય છો, બિલની જોગવાઈ ઉપર બોલો, બીજા ત્રણ સભ્યોએ બોલવાનું બાકી છે, આપના બોલવાના મુદ્દા ખૂટી ગયા હોય તો બીજાને તક આપો.

**શ્રી સી.કે. રાઉલજી** : મારો કહેવાનો અર્થ એ છે કે અમારો પંચમહાલ અને દાહોદ જિલ્લો મોટાભાગે ખેતી ઉપર નિર્ભિત છે આજે ઓછાં વરસાદને કારણે લોકોને ઘણી તકલીફ પડે છે એટલે મુળ રેવન્યુ મેન્યુઅલની અંદર જે પાણીપત્રક થતું નથી, આનાવારી નથી થતી આજે ગૃહના તમામ સભ્યશ્રીઓ જાણે છે તો એના આધારે જે વિસ્તારની અંદર પાણીની સગવડ હોય તો આનાવારી થાય કે ન થાય એ જે તે વિસ્તારના ધારાસભ્ય હોય, મને દુ:ખ એટલા માટે છે કે મારા વિસ્તારની અંદર ઓછો વરસાદ હોવાના કારણે લોકો સ્થળાંતર કરી ગયા છે એટલે મારો પ્રશ્ન મેં ઉપસ્થિત કર્યો છે, મારો સવાલ એટલો જ છે કે આ બિલની અંદર આ પ્રમાણેનો પણ સુધારો કરવામાં આવે અને એ રીતે એનું પણ ધ્યાન રાખવામાં આવે.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસુલ મંત્રી મુંબઈ જમીન મહેસુલ સુધારા વિધેયક, ૨૦૧૦ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. નવી ટેકનોલોજી એ આવકાર્ય છે સન ૨૦૦૫માં જ્યારે ઈ-ધરા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યાં અને એમાં જેમ અગાઉ માનનીય સભ્યશ્રી સી.કે. રાઉલજીએ જે વાત કરી એમાં હું પુનરોકિત કરવા માગતો નથી પરંતુ જે કોમ્પ્યુટરના ઓપરેટરો છે એને કોમ્પ્યુટરનું જ્ઞાન હશે, પરંતુ મહેસુલ વિભાગનું જ્ઞાન ન હોવાથી એમાં ઘણી બધી ભુલો આ વિભાગ દ્વારા થઈ છે અને એમાં જે જાગૃત ખેડૂતો હતા જરૂરિયાતવાળા ખેડૂતો હતા એમણે ભુલો સુધારાવડાવી છે સરકાર દ્વારા તલાટી પાસે રેકર્ડ અપડેટ કરવા માટેના આદેશો આપવામાં આવ્યા હતા પરંતુ એમાં હજી પણ ઘણી બધી ભુલો બાકી છે આજે પણ ૫ થી ૭ ટકા જેવી ભૂલો આ રેકર્ડમાં હશે એટલે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ જે ભૂલો, હજુ જે ક્ષતિઓ રહી છે તે ક્ષતિઓ તે ગરીબ ખેડૂતો માટે, અજ્ઞાન ખેડૂતો માટે તે આશીર્વાદરૂપ હશે જો આપ તે સુધારવા માટેના પ્રયત્નો કરશો. બીજી વાત કે જ્યારે કેટલાક ખેડૂતો દ્વારા આ ક્ષતિઓ સુધારવા માટે તે ફોર્મ ભરીને મામલતદારશ્રીને રજૂઆતો કરી છે તે છ-છ મહિના સુધી તે રેકર્ડમાં હજુ સુધારા થયા નથી. કેટલાક કિસ્સાઓમાં

તે વારસાઈના કિસ્સાનો હું એક દાખલો આપું કે એક ગામમાં એક ખેડૂતનું અવસાન થયું. અવસાન થયું તો તેના વારસદારોએ તેમની જમીન તેમના જે સર્વે નંબરો હતા તે ૭/૧૨ના તે મામલતદારશ્રીને ઈ-ધરામાં સુધારો કરવા માટે તે પાંચ નંબરો માટેની અરજી આપી. પરંતુ તે સુધારો કરતી વખતે તે ભળતાં જ નામની એ જ ગામમાં એ જ નામની બીજી વ્યકિત તેના પણ છ સર્વે નંબરો તેણે વારસાઈમાં લઈ લીધાં. ત્રણ મહિના પછી પેલો ખેડૂતનો દીકરો બીજી વારસાઈવાળો કે જે તેમના પિતા હયાત હતા, એટલે તેમણે તપાસ કરી અને જમીન ઉપર લોન લેવાની હતી. તે તેની ૭/૧૨ની નકલો લેવા ગયો તો તેના નામે કોઈ જમીન જ ના બોલે. એટલે તેમણે મામલતદારમાં રજૂઆત કરી. મામલતદાર કહે આ કૉમ્પ્યુટરની ભૂલ નથી. જે રેકર્ડ રજૂ કરવામાં આવ્યાં, જેને વારસાઈ માટેની અરજી કરી હતી તેમાં પેલા નંબરોનો ઉલ્લેખ નથી. તેના પોતાના જે ખરેખર નબંરો હતા તેનો જ ઉલ્લેખ હતો છતાં કૉમ્પ્યુટર ઓપરેટરોએ ભૂલ કરી અને સામેની બીજી વ્યકિતના નંબરો તેની વારસાઈમાં દાખલ કર્યા. એટલું જ નહીં પણ આજે બે વર્ષ થયા પણ તે પાછી એન્ટ્રીઓ પડી નથી અત્યારે પ્રાંત ઑફિસ આગળ એવી છે એન્ટ્રીઓ. આવી ઘણી બધી એન્ટ્રીઓ મામલતદાર અને પ્રાંત ઑફિસમાં છે કે જે રેકર્ડમાં ભૂલો સુધારવા માટેની છે. તો આ ભૂલો વહેલામાં વહેલી તકે આ રેકર્ડ સુધારવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું હક્કપત્રમાં એકલી જમીનના વેચાણના દસ્તાવેજો તેની નોંધ નથી થતી. પરંતુ એક સર્વ સામાન્ય દરેક ખેડૂતને તકલીફ પડે એવો પ્રશ્ન છે કે જ્યારે હવે તો કેન્દ્ર સરકારે પાંચ ટકાના દરે ધીરાણ આપવાની યોજના કરી છે ત્યારે અત્યારે પણ ઘણાં બધા ખેડૂતો તે સાત ટકાના બેન્કના ઓછાં વ્યાજના દરે તે ધીરાણ લેવાના પ્રયત્ન કરતાં હોય છે. ત્યારે બેન્કો દ્વારા જે બોજો નોંધવાનો હોય તે બોજો નોંધવા માટે પણ એ મહેસૂલ ખાતાના અધિકારીઓ તેમાં સીધે સીધી વાત છે કોઈ એ છે જ નહીં પણ તે બોજો નોંધવા માટે પણ તે વાર લગાડતા હોય છે એટલું જ નહીં પરંતુ આ જે બોજો સર્ટીફાઈ કરવાનો. છે તેમાં કાયદેસરનો જ બોજો હોય છે તેમાં તેની મર્યાદા ૩૦ દિવસના બદલે જો વહેલી મર્યાદા ઑટોમૅટીક એ બોજો નોંધાય એવી જોગવાઈ દાખલ કરવામાં આવે તો એ ખેડૂતને વહેલી તકે ધીરાણ મળશે તેને હાડમારી ઓછી ભોગવવી પડશે એટલે તે સુધારો કરવાની જરૂર છે. જ્યારે અહીં કહેવામાં આવ્યું કે ઈ-મેઈલ અને એસ.એમ.એસ.દ્વારા પણ ૧૩૫ ડીની નોટિસ તે આપવામાં આવશે. પણ જે આપણાં મોટાભાગના ૮૦ ટકા ખેડૂતો એવા છે કે જેને જમીન વેંચવાની ફરજ પડે છે. તેની પાસે કોઈ એસ.એમ.એસ. થઈ શકે એવું નથી કે ઈ-મેઈલ થઈ શકે એવું અત્યારે છે નહીં. તો આ જે લાંબો સમય થયો છે ત્યારે આ મહેસૂલ વિભાગના મંત્રીશ્રીને જે મેં આ સુધારા સૂચવ્યા તે સુધારા વહેલી તકે ખેડૂતના લાભમાં થાય એ અંગે ઘટતું કરવા વિનંતી છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુંબઈ જમીન મહેસૂલ ગુજરાત સુધારા વિધેયક અધિનિયમ ૧૯૭૯ વધુ સુધારવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે. હું કોઈ ટીકા ટીપ્પણી કરવા માગતો નથી. આ પક્ષ કે તે પક્ષ અને આ નવી ટેકનોલોજી પ્રમાણે હવે બહુ જ સારું થવાનું છે, એવી વાતો પણ કરવા માગતો નથી. પણ કેટલીક મહત્વની જે બાબતો છે, કારણ કે હું ૧૯૬૫માં સરપંચ હતો. ૧૯૬૫માં સરપંચ રહ્યો ૫ વર્ષ સુધી, તે વખતે કોઈપણ માણસનું મૃત્યુ થાય તો અમે તલાટીની સાથે તે ગામ ઉપર જતા અને એના વારસદારો કેટલા છે તે નકકી કરીને એના વારસદારોના નામ, એકચ્યુઅલી જે વારસદારો હોય તે જ વારસદારોના નામ લખાતા. પરંતુ અત્યારે એવી પરિસ્થિતિ થાય છે. મારા અનુભવ પ્રમાણે વાત કરું છું અને એ કેસ પણ બતાવવાની તૈયારી સાથે. એકચ્યુઅલ જે વારસદારો છે એ વારસદારો નથી હોતા પરંતુ બીજા ૫ જણાના નામ લખાઈ જાય, એનો દીકરો હોય જ નહીં, અને એની એક જ દીકરી હોય, પણ બીજી ૪ દીકરીઓના નામ વારસદારમાં લખાઈ જાય. આવા પણ ઈ-ધરામાં કેટલાક પ્રસંગો બને છે. એટલા માટે મારી એવી લાગણી ખરી કે તલાટીઓ દરેક ગામે જે માણસનું મૃત્યુ થાય, તો એના જે વારસદારો હોય, એ વારસદારો જ બધા પંચોની હાજરીમાં એ લખાય. એવી પણ કાર્યવાહી થવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પરિસ્થિતિ એવી છે કે ઈ-ધરાથી જે તે ખેડૂતો એના પોતાના સરવે નંબરમાં કપાસની ખેતી કરે, કેટલાક દ્રાક્ષ પણ કરે, કેટલાક દાડમ પણ કરે, કેટલાક મોસંબી પણ કરે, પરંતુ ઈ-ધરામાં એના પાણીપત્રક થતા નથી. તમામ ખેડૂતો પોતાના ખેતરમાં જે પાક કરે એ પાકનું પાણીપત્રક થાય, તો જ ૭-૧૨ની નકલ લેવા એ ખેડૂત ઈ-ધરામાં જાય. મામલતદાર કચેરીમાં તો એ સરવે નંબરની ૭-૧૨ મળી જાય. પરંતુ પાણી પત્રક ન થવાના કારણે એ ફુલોની ખેતી કરેલી હોય, ગુલાબની ખેતી ૫ એકરમાં કરેલી હોય, એને સહાય મળે તાલુકા પંચાયતમાં, પરંતુ એમ કહે કે ભાઈ, તારું ઈ-ધરામાંથી ૭-૧૨ની નકલમાં ગુલાબની ખેતી બોલતી નથી. તારા ખેતરમાં કૂવો ટયૂબવેલ કર્યો છે, પણ ટયૂબવેલ લખાયેલો નથી. તારા સરવે નંબરમાં તું ૨૫ સાગના વૃક્ષો, સાર, સીસમ, ચંદન, મહુડો, ખેર, આટકાટી એવા કોઈપણ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરેલું હોય, પરંતુ તે ઈ-ધરામાંથી ૭-૧૨માં લખાતા નથી. એટલે મારી એવી લાગણી ખરી કે તલાટીઓ ગામે ગામે જઈને પાણીપત્રક કરે. દરેક સરવે નંબર વાર અને ઓછા વરસાદને કારણે જેમ માનનીય ધારાસભ્યશ્રીએ કીધું કે આનાવારી પણ થતી નથી, એના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલી પડે છે. અને કૂવાઓની સહાય આ ટયૂબવેલ કર્યો હોય કે એક જૂનો કૂવો ઉંડો કર્યો હોય, ઉંડો કૂવો કરવા માટે ૨૦ હજાર રૂપિયાની મદદ તાલુકા પંચાયતમાંથી મળે, ૧૦ હજારની

મદદ પણ તાલુકા પંચાયતમાંથી મળે, પરંતુ ઉંડો કૂવો જે ૭-૧૨ની નકલમાં ઉંડો કૂવો કર્યો છે, એવું ન બતાવે તો એને એ સહાય પણ મળતી નથી. એટલે મારી માનનીય મંત્રીશ્રીને એ પણ વિનંતી.

મારી તો એ પણ એક વિનંતી છે કે કેટલાક અત્યારે બોગસ ખેડૂતો બની જાય છે. એટલા બોગસ ખેડૂતો બન્યા છે કે મારા વડોદરા જિલ્લાની જ વાત કરું તો ૪૦૦, ૫૦૦ જેટલા ખેડૂતો સાવ બોગસ ખેડૂતો બની ગયા છે. એ બોગસ બનાવનાર અધિકારીઓ પણ એ મામલતદાર હોય કે બીજા હોય, એ અધિકારીઓની તપાસ થવી જોઈએ. બોગસ ખાતેદારો બનીને કેટલીક જમીનોના દસ્તાવેજ પણ એમણે કરી લીધા છે. હવે એ બોગસ ખાતેદારો પકડાઈ ગયા. એ પકડાઈ ગયા પછી આ જે બોગસ જમીનોના દસ્તાવેજો કર્યા છે એ જમીનોનું શું થયું?એ જમીનો જે તે વખતના ખેડૂતોની પરત મળી ગઈ અથવા તો રાજય સરકારે લઈ લીધી, સરકાર હસ્તક બની ગઈ હોય તો એની પણ તપાસ કરવા માટે મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી શરતની જમીનો જે જૂની શરતમાં ફરી જાય છે અને જૂની શરતમાં ફર્યા પછી કેટલાક બહારના ખેડૂતો સૂરત હોય કે સૌરાષ્ટ્રની ધરતી હોય કે વડોદરા હોય કે કોઈપણ શહેરવાળા હોય એ તમામ લોકો ગામડામાં આવીને ૫૦ એકર જમીનનો લોટ, ૨૦૦ એકર જમીનનો લોટ અને એ જમીનનો ભાવ એક એકરના ૬૦ હજાર રૂપિયા ચાલતા હોય, પરંતુ જે જમીન રાખનાર ઉદ્યોગપતિ હોય એ એમ કહે કે તમે ૫ લાખ રૂપિયા એક એકરના આપી દઉં એટલે પેલો ખેડૂત વિચાર કરે કે ૫ લાખ રૂપિયા તો ચાલો ૨૫ એકર જમીન તમને હમણાં જ આપી દઉં અને આ રીતે ૫ લાખ રૂપિયા એક એકરની લાલચમાં એની જમીન વેચાઈ જાય છે. નવી શરતની જમીન હોય ત્યાંસુધી એ જમીન વેચાતી નથી, પરંતુ જૂની જમીનમાં ફરે એટલે આવી જમીનો એ પછી નવસારી, સૂરત, વડોદરા કે ભરૂચ હોય આવા બધા જિલ્લામાં જે આદિવાસી વિસ્તારનાં ગામો એના ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકા અને ૫૮૮૪ ગામોના ખેડૂતોમાં પણ આવા પ્રકારની કાર્યવાહી અત્યારે ચાલી રહી છે અને આ જે ઈ-ધારામાં કેટલાક લોકો પોતે એ વારસદારો બની જાય અને ટ્રેકટરની લોન અને કૂવાની લોન લઈ લીધી છે. હવે એ જે નોંધો પડે દેવાની કે તમારે ટ્રેકટરની આટલી લોન છે ત્યારે બીજા માલિકને ખબર પડે કે આ લોન એમને પૂછયા વિના કેવી રીતે લીધી? તો આવા પણ કેટલાક ઝઘડાઓ એટલા મોટા પાયા ઉપર ચાલે છે. તો આ જે ઈ-ધારાનાં ૨૨૫ જેટલાં કેન્દ્રો શરૂ થયાં છે, પરંતુ મારી અંગત લાગણી છે કે ૩ હજાર તલાટીઓ ગુજરાતમાં અત્યારે ખૂટે છ એ તલાટીઓ બધા જ મૂકાઈ જશે કારણ કે એની જાહેરાત બહાર પડી અને એની પરીક્ષા પણ લેવાઈ ગઈ છે અને એટલે આવતા દિવસોમાં તલાટીઓ મૂકાઈ જાય અને ગુજરાતનાં ૧૮૬૦૦ ગામો છે એમાં તલાટીઓ દરેક સ્થળે જાય અને કોઈનું મૃત્યુ થાય કે તરત જ ત્યાં જાય અને એની જમીનની નંબર ૬ ની એન્ટ્રીઓ એ બધું સ્થળ ઉપર જ પડી જાય એ જાતની કાર્યવાહી માનનીય મંત્રીશ્રી કરે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી આ મારા બિલના સુધારા ઉપર માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ, શ્રી પ્રાગજીભાઈ, શ્રી આત્મારામભાઈ, બાબુભાઈ શાહ, શ્રી ઈકબાલ પટેલ,શ્રી સી.કે.રાઉલજી, શ્રી મણીભાઈ પટેલ અને શ્રી મોહનસિંહભાઈએ પોતાના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન મહેસલની વાત આવી તો જમીન મહેસૂલ માફ કરવાની શરૂઆત એ ભાજપની સરકારે કરી હતી અને હજારો અને લાખો ખેડૂતોને એનો લાભ અપાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત સર્વેયરોની ખાલી જગ્યાની કરવામાં આવી તો સર્વેયરોની લગભગ ૪૦૦ ઉપરાંતની ખાલી જગ્યા ભરવા માટેની મંજૂરી રાજય સરકારે આપી છે અને થોડા દિવસમાં એની પણ કાર્યવાહી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત માનનીય સભ્યશ્રી અર્જૂનભાઈએ સો ચારસવારના પ્લોટ મળતા નથી એવી કરી. તો ગરીબ કલયાણ મેળામાં લગભગ બધા જ ગરીબોને આ સો ચોરસવારના પ્લોટો સામેથી બોલાવીને સરકારે આપી દીધા છે, એના માટેના કોઈ ફોર્મ પણ ભરવા પડયા નથી. સરકારી કચેરીઓમાંથી નામ શોધીને એમને ગામડામાંથી શોધવામાં આવ્યા અને આ જમીનો સો ચારસ વારની એમને આપવામાં આવી છે. આ બિલનો લાભ.. (અંતરાય

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, માનનીય અર્જુનભાઈ, મારી રજા લઈને ગયા છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આમ તો અમારો અનુભવ છે કે બેમાંથી એકે તો હાજર રહેવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, મારી રજા લઈને ગયા છે, બાબુભાઈ પણ રજા લઈને ગયા છે. (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હવે તો માનનીય શકિતસિંહભાઈ આવી ગયા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમારો કયારેય પણ બોલ્યા પછી ગેરહાજર રહેવાનો દાખલો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીએ પ્રવચનમાં ભાગ લીધો નથી અને માનનીય અર્જુનભાઈ મારી રજા લઈને ગયા છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પણ હું એમના પ્રશ્નનો જવાબ તો આપું ને?

**અધ્યક્ષશ્રી** : હા, એ આપની મરજીનો સવાલ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :હવે એમણે એવું કહયું કે આ સરકાર પાંચ ઉદ્યોગપતિઓને ફાયદો થાય તેવા સુધારા બિલ લઈને આવી છે. એમના મુખેથી પાંચ ઉદ્યોગપતિઓના શબ્દો ન નીકળે ત્યાં સુધી એમને, હું કોઈ શબ્દો નથી વાપરવા માગતી પણ બધા સમજી લે કે શું થાય છે. પણ ગરીબોની જમીનની વાત બધાના વકતવ્યમાં આ વિષય આવ્યો છે, એટલે ગરીબોની જમીન, વિધવાઓની જમીન અને જે લોકો અંગુઠા છાપ ખેડૂતો છે અથવા વાંચી શકતા નથી તેવા લોકોની જમીન આ જમીન માફીયાઓ ખોટી રીતે દસ્તાવેજ કરાવી અને અંગુઠો કરાવી અને પછી જમીન મારી છે તેવું સાબિત કરવા માટે પણ હાઈકોર્ટમાં જવું પડે એવી સ્થિતિ છે તે સ્થિતિનો આના કારણે નિકાલ આવી જશે, કોમ્પ્યુટરાઈઝેશન પધ્ધતિથી આનો નિકાલ લાવી શકાશે. ૩૨(ક) ના હજારો કેસ પેન્ડીંગ છે. પહેલા એવું હતું કે દસ્તાવેજ કરે, દસ્તાવેજની નોંધ થઈ જાય, પછી વિવાદ થાય, જમીનની કિંમત આટલી છે, સામેની વ્યકિત એમ કહે કે આટલી છે. એટલે દસ્તાવેજની આટલી સ્ટેમ્પ્ ફી ભરો અને બાકીની વધે એ પાછળથી આપજો, પાછળથી કોઈ આપવા જાય નહીં, અને આવા હજારો કેસો પેન્ડીંગ પડયા છે, અને કરોડો રૂપિયાની વસૂલાત વર્ષોથી બાકી છે અને કેવી રીતે વસુલાત કરવી તે પણ મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તે મુદ્દો ગણોતધારાની જોગવાઈ ઉપર તેઓ બોલતા હતા. અને ખેત ટોચ મર્યાદા ધારાની જોગવાઈ ઉપર બોલતા હતા, આજે તે બધું તો યથાવત છે અને એમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, આ સુધારા બિલ છે એ તો માત્ર પ્રક્રિયા બદલી છે અને એકટમાં કોઈ મોટા સુધારા થઈ ગયા હોય તેવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અને આ સુધારા બિલથી ગરીબો કે તવંગરો જે હોય તે બધાને લાભ થવાનો છે. અને માત્ર બિલ્ડરો કે તવંગરોને જ આનો લાભ થશે અને ગરીબોને નુકસાન થશે તેવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ઈ-ધરા કેન્દ્રમાં ટેકનિકલ કવોલિફાઈડ સ્ટાફની જરૂર છે તે અમે પણ માનીએ છીએ અને આપ બધા પણ માનો છો. તેનું કવોલીફિકેશન પણ આમાં નકકી કરવામાં આવ્યું અને અને કયા પ્રકારનું માનદ વેતન આપવું તે પણ નકકી કરવામાં આવ્યું છે. અને બધું જ કલેકટર હસ્તક મુકવામાં આવશે. ઈ-ધરા ફંડની રચના પણ કરવામાં આવી છે અને તે પણ કલેકટર હસ્તક મુકી છે. અને કામ ચાલી રહયું છે. સ્ટેશનરીની ખરીદી કે છપામણી કે પ્રીન્ટર વગેરેની જવાબદારી પણ કલેકટરને સોંપવામાં આવી છે. અને નીભાવણીનો ખર્ચ પણ તેઓ કરી રહ્યા છે. માણસા ખાતે પાઈલોટ પ્રોજેકટ શરૂ થયો છે એમાં મેં શરૂઆતમાં જ કહયું કે સબ રજિસ્ટ્રાર કચેરીનું કામ અને ઈ-ધરા કેન્દ્રનું ઈન્ટીગ્રેટેડ કામ પહેલા ફેસમાં શરૂ કરેલ છે અને બાકી બધી બાબતો પણ આમાં સાંકળી લેવાની છે. આવનારા બે ચાર વર્ષમાં સમગ્ર રાજયમાં દરેક તાલુકામાં આ પ્રકારની વ્યવસ્થા ઉભી થશે. એકલા મુન્દ્રામાં કરો તેવું બાબુભાઈએ કહયું તો આમાં મુન્દ્રા પણ આવી જશે. બીજી ટાટા પ્રોજેકટની વાત કરી, હવે આપણે જમીન આપી છે તે કોઈ એવી ઈન્ડસ્ટ્રીઝને નથી આપી, જે ઈન્ડસ્ટ્રીઝ આવવાની હોય તેઓએ પોતાની જાતે જમીન ખેડૂત પાસેથી ખરીદવાની હોય છે. અને ઈન્ડસ્ટ્રીઝ વાળા પોતે ખેડૂત સાથે વાત કરે અને ખેડૂત જમીન આપતા હોય અને તેને પરવડતી હોય તો આપે ન પરવડતી હોય તો ન આપે તે પ્રમાણે જમીન લે છે.

**અધ્યક્ષશ્રી** : આપ મારી સામે જોઈને બોલો, બાબુભાઈની સામે જોઈને ન બોલો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આતો મારી સામે જોઈને ટાટા, ટાટા કરતા હતા એટલે મને થયું કે એમની સામે જોઈને જવાબ આપુ, એટલે એ રીતે સમજુતીથી જમીન લેવામાં આવે છે. એમાં રાજય સરકાર કયાંય વચ્ચે આવતી નથી. માનનીય બાબુભાઈએ કચ્છના પ્રશ્નોની પણ ચર્ચા કરી, આમ પણ બાબુભાઈ કચ્છ સિવાય બહાર નીકળતા જ નથી. એમણે કોઈ દિવસ પાટણ, મહેસાણા કે વલસાડની ચિંતા કરી જ નથી. એકલા કચ્છની જ કરી છે. કચ્છના તમામ ધારાસભ્યો વારા ફરતી મને મળતા હોય છે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈએ કચ્છની ચિંતા કરવી કે પાટણની તે એમનો અધિકાર છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : બન્ને પડોશી જિલ્લા છે, એટલે પ્રશ્ન ઉપાડશે તો અમને ગમશે.

**અધ્યક્ષશ્રી** : પડોશી સધ્ધર હોય તો ચિંતા ન કરે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છના જે પ્રશ્નો છે તે રાજયથી જુદા પ્રશ્નો છે. આખા રાજયમાં જે પ્રશ્નો છે તેના કરતા જુદા પ્રકારના પ્રશ્નો કચ્છના છે. આ વખતે જયારે હું કચ્છની મુલાકાતે ગઈ હતી ત્યારે કલેકટરશ્રીને મેં નિર્દેશ કર્યો છે કે કચ્છમાં કેટલા પ્રશ્નો છે તેની યાદી બનાવવામાં આવે અને એમાં કયા કયા પ્રશ્નો નડતર રૂપ છે, નવી નીતિ બનાવવાની આવશ્યકતા છે કે જી. આર.માં ફેરફાર કરવાની જરૂરિયાત છે અથવા શું કરવું પડે તેમ છે તેનો આખો અહેવાલ તૈયાર કરી અને એક મહિનામાં વિભાગમાં લાવે અને અમે સૌ સાથે બેસીને કચ્છની ચિંતા કરીશું.અને એક મહિનામાં અહેવાલ તૈયાર કરીને અહીં વિભાગ સામે લાવે અમે બેસીશું અને કચ્છની ચિંતા કરીશું. પાવર ઑફ એટર્નીનું રજીસ્ટ્રેશન ફરજિયાત કર્યુ છે એટલે હવે જે પ્રશ્ન અહીંયા ઉપસ્થિત થયા એ હવે હું નથી માનતી કે એ પ્રશ્નો ઉપસ્થિત થાય કારણ કે હવે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત થઈ ગયું છે. પાવર ઑફ એટર્નીનું રજીસ્ટ્રેશન કરાવવાનું. કૉમ્પ્યુટરથી જે સાચો ખેડૂત છે એ કૉમ્પ્યુટર પોતે જ નક્કી કરીને આપી દેશે એટલે જે સ્થિતિ ઊભી થઈ કે સાક્ષીને પણ જેલમાં જવું પડે છે એ હવે નહિ જવું પડે. હું ખેડૂત છું કે નહિ એ મારી જમીન અથવા તો દસ્તાવેજ કરવા માટે જઈશ ત્યારે મારો અંગૂઠો અને અંદર પહેલા મેં અંગૂઠો આપ્યો છે એ બંને મૅચ થશે તો જ કૉમ્પ્યુટર આગળ વિધિ કરશે બાકી આગળ વિધિ થશે જ નહિ જો મૅચ નહિ થાય તો આગળ વિધિ થશે જ નહિ અને તેથી સાક્ષી આવશે જ નહિ. એટલે

એનો જે દસ્તાવેજ છે એ દસ્તાવેજ જ થવાનો નથી એટલે સાક્ષીનો પ્રશ્ન ઉપસ્થિત થવાનો નથી. ફિલ્ટર થઈ જશે.

મેં વાત કરી કે ૩૬ જેટલા ફેરફારો આની અંદર આપણે કરવા માગીએ છીએ. એમાં વેચાણ હોય, વારસાઈ હોય, બોજો હોય, ભાઈઓના ભાગની વહેંચણી હોય એવા ૩૬ જેટલા ફેરફારો કરવાના છે એ બધાનો સમાવેશ આપણે ધીરે ધીરે કૉમ્પ્યુટરાઈઝેશનની અંદર કરી દેવાના છીએ.

અહીંયા ૭૩ ડબલ એની વાત આવી એ પ્રકારના જેટલા પણ કાયદાની જોગવાઈ છે એ બધા કૉમ્પ્યુટરમાં ફિલ્ટર થશે. અને કાયદાઓની જોગવાઈઓની વિરુદ્ધમાં આવી કોઈપણ એન્ટ્રી પડશે નહિ એટલે ચિંતા તમારી છે એ સાચી છે હવે એ ચિંતા દૂર થશે.

ઈ ગ્રામ દ્વારા દરેક ગામમાં નકલો આપવાનો પ્રયત્ન ચાલુ કરવામાં આવ્યો છે. જ્યાં શકય છે કે ક્યાંક એની કોપી જરા નબળી મળતી હશે પરંતુ બધા જ ગામોમાં આ પ્રશ્ન છે એવો પ્રશ્ન નથી.

ભ્રષ્ટાચાર અટકાવવા માટે કોઈપણ માનવીય પરિબળ વચ્ચે ન આવે અને માત્ર કૉમ્પ્યુટર જ બધી પ્રક્રિયા કરે એવી જોગવાઈ પણ અહીંયા કરવામાં આવી છે. આપણે કહીએ છીએ કે કૉમ્પ્યુટર ઑપરેટર આ બધું ચેઈન્જ કરી નાખે છે હવે કોઈપણ માણસ વચ્ચે આવવાનો નથી. માત્ર બધી વિધિ કૉમ્પ્યુટર જ કરવાનું છે એટલે કોઈ એન્ટ્રીની અંદર ફેરફારો થશે એવું હું માનતી નથી. અને તેમ છતાં પણ કાંઈ પણ મુશ્કેલીઓ આ કૉમ્પ્યુટરાઈઝેશનમાં આવશે તો એની અંદર પણ સુધારા કરી શકાશે.

આનાવારીનું કામ ચાલુ છે એને બંધ કરવામાં નથી આવ્યું પાણી પત્રકની નવી પદ્ધતિથી વરસે પાક વાર ખરીફ અને રવિ સીઝન મુજબ તલાટી દ્વારા કરવામાં આવે છે. આમાં બાયસેફ દ્વારા નક્કી કરીએ છીએ. બાયસેફ દ્વારા રવિ પાકની ખરીફ પાકના ફોટોગ્રાફ લેવામાં આવે અને જ્યારે પ્રશ્ન ઊભો થાય, ઓછો વરસાદ થયો છે, આનાવારી કરો, અછત જાહેર કરો ત્યારે બાયસેફના ફોટોગ્રાફના આધારે નક્કી કરવામાં આવશે કે અહીંયા જમીન ઉપર વાવેતર થયું હતું કે નહોતું થયું એવી રીતે ભારે વરસાદ પડે અને એની ખેતીનો બગાડ થઈ જાય ત્યારે પણ એ જોવામાં આવશે કે અહીંયા પાણી ભરાણું હતું એટલા માટે એમને વળતર ચૂકવવું જોઈએ એ પણ આપણે કૉમ્પ્યુટરાઈઝ કરવા માગીએ છીએ.

અહીયા તલાટીઓની ચિંતા સમગ્ર વિધાનસભાને છે. સમગ્ર વિધાનસભામાં તલાટીઓ વિશેની ફરિયાદો છે એમાં મારે કશુ કહેવાનું નથી. પરંતુ પહેલીવાર રેવન્યુ તલાટીઓની ભરતી કરી રહ્યા છીએ. એ માત્રને માત્ર રેવન્યુનું કામ કરશે બીજું કોઈ કામ આ લોકો નહિ કરી શકે એવા ૨૧૨૬ જેટલા તલાટીઓની પહેલીવાર સરકારે મંજૂરી આપી છે એની જાહેરાત આવી ગઈ છે, એની પરીક્ષા થઈ ગઈ છે, એનું એસેસમેન્ટ થઈ ગયું છે અને આ મહિનાના અંત સુધીમાં એની ભરતી પણ થઈ જશે એટલે તલાટીઓ દ્વારા જે રેવન્યુનું કામ કરવાનું છે એ સરળતાથી એમની પાસેથી કરાવી શકીશું જે ક્ષતિઓની વાત નીકળી એ વાત સાચી છે, પરંતુ બીજી વાત પ્રબોલગેશન થયું એ, બીજી વાત પ્રબોલગેશનમાં ઘણા બધા સુધારા કરાવી શક્યા છીએ. લોક દરબારોની અંદર જેમણે પણ ફરિયાદો કરી હતી એના પણ સુધારા કરી દેવામાં આવ્યા છે. હજી પણ આ પ્રક્રિયા ચાલુ છે આપ પણ મારુ ધ્યાન દોરશો તો કલેકટર પાસે એ સુધારા સાચા હશે તો કરાવી દેવામાં આવશે. બોજાની નોંધો પણ હવે ઓટોમેટીક થાય એની જોગવાઈ પણ આની અંદર વિચારી લીધેલ છે. જે ખેડૂતો પાસે એસ.એમ.એસ. કે ઈ-મેલ નથી એને તો જૂની પદ્ધતિ પ્રમાણે માહિતી આપવાની છે. પરંતુ જે ઈ -મેલ ધરાવે છે મોબાઈલ રાખે છે એમને વધારાની માહિતી પણ એના દ્વારા આપવામાં આવશે. બાકી તો નોટિસ બજાવવાની રીત ચાલુ છે એને આપણે બંધ નથી કરી.

માનનીય સભ્યશ્રીઓએ જે કંઈ મુદ્દાઓ ઉઠાવ્યા છે એ બધા મુદ્દાઓનું સમાધાન કરવાનો રાજય સરકારનો પ્રયાસ છે અને હું ઇચ્છુ કે વિધાનસભા સર્વાનુમતે આ સુધારા વિધેયકને પાસ કરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબત જાણવા માગું છું. માનનીય મંત્રીશ્રીના પ્રવચનમાંથી એ ફળીભૂત નથી થતું. એક વસ્તુ તો આપણી પાસે ડેટાબેંક નથી. આપણે આ ભેગી કરેલી વસ્તુઓ જ્યાં રાખવાના છીએ, આજે ડેવલપ કન્ટ્રીમાં ડેટાબેંક હોય છે કે આપણી હાર્ડડીસ્ક આપણે ત્યાં મૂકી આવ્યા, પછી સુનામી આવે, ધરતીકંપ આવે, આગ લાગે એ ડેટા ત્યાં પ્રિઝર્વ થાય છે એના એ નોમીનલ ચાર્જીસ લે છે. આપણે આવી કોઈ ડેટા પ્રિઝર્વ માટેની કોઈ બેંક રાખવા માગીએ છીએ કે કેમ? એક. બીજું, અત્યારે જે આપણી પાસે અંગ્રેજોના વખતથી આવતું રેવન્યુ રૅકૉર્ડ છે એ આપણી પાસે ઉપલબ્ધ છે. એને સ્કેન કરીને કે પી.ડી.એફ. ફાઈલ કરીને પરમેનેન્ટ પ્રિઝર્વ કરવા માટે કે જેથી ડેટા એન્ટ્રી આપ કહો છો કે પગલાંઓ લેશો, તેમ છતાં પણ ધારો કે ૧૦ વર્ષ પછી મને ખબર પડે કે મારા રેવન્યુ રૅકૉર્ડ સાથે કૉમ્પ્યુટરમાં કંઈક ચેંડા થયા છે. ફૉર વેરીફીકેશન ધ ઓરીજીનલ રૅકૉર્ડ, આપણે તેના પ્રિકોર્શન્સ માટે શું પગલાં ભરવા માગીએ છીએ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : બન્ને જે ચિંતા છે, પ્રિઝર્વ કરવા માટેની એની પણ જોગવાઈ ભવિષ્યની અંદર આ રાજય સરકાર કરશે જેને કારણે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત નહીં થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૧૦ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨થી ૯, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૧૦ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૧૦ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રી આદેશાનુસાર બુધવાર, તા.૩જી માર્ચ,૨૦૧૦ ના રોજ સવાર ના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૨, ૧૯૩૧ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ માનનીય સભ્ય શ્રી આત્મારામ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે-

" રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧ રજૂ કરું છું-

ગરીબ કલ્યાણ મેળાના આયોજનમાં ગરીબોને અપાતી સહાયમાં કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૪ રજૂ કરું છું-

સરદાર સરોવર પરિયોજના અંતર્ગત પૂરા પાડવામાં આવતા પીવાના પાણીના શુદ્ધિકરણ કરવા બાબતની યોજનાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૭ રજૂ કરું છું-

બોરી બંધ બનાવવા માટે વાપરવામાં આવતી પ્લાસ્ટિકની થેલીઓ તૂટી જવાના કારણે સમય, શકિત અને નાણાનો વ્યય રોકવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૭ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારા ક્રમાંક-૮ માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૯ રજૂ કરું છું-

રાજયમાં ખૂટતા પ્રાથમિક શાળાઓના ઓરડાના બાંધકામ કરવા બાબતના આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૧ રજૂ કરું છું-

રાજયમાં કુપોષણથી પીડાતા બાળકોને પોષણક્ષમ આહાર આપવાની બાબતની યોજનાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૨ રજૂ કરું છું-

આંગણવાડીઓના કર્મચારીઓની પગાર વિસંગતતા દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૩ રજૂ કરું છું-

વનબંધુ યોજના અંતર્ગત આદિજાતિ કુટુંબોની રૂપિયા ૨૨૦૦ની સબસિડી આપી ગેસ કનૅક્શન આપવાની યોજના અન્વયે રોજી-રોટી માટે સ્થળાંતરીત થયેલ આદિજાતિના કુટુંબોને આવા કનૅક્શન આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૪ રજૂ કરું છું-

ઈંદિરા આવાસ-સરદાર આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમનો પૂરેપૂરો ઉપયોગ રાજય સરકાર દ્વારા થતો નથી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૬ રજૂ કરું છું-

છેલ્લા એક વર્ષમાં રાજય સરકારે ઉર્જાની ઘટ દૂર કરવા વીજ કંપનીઓ પાસેથી વીજળી શા ભાવે ખરીદી તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૭ રજૂ કરું છું-

રાજયમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ વારંવાર યોજાતા જુદા જુદા સરકારી કાર્યક્રમોને કારણે જિલ્લા અને તાલુકાના જન સેવા કેન્દ્રો આવા કાર્યક્રમોમાં વ્યસ્ત રહેવાથી જિલ્લા વહીવટી તંત્રની રોજીંદી કામગીરી પર પડતી વિપરીત અસરનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૮ રજૂ કરું છું-

રાજયમાં કેટલા લઘુ ઉદ્યોગો અને કુટિર ઉદ્યોગો બંધ પડ્યા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૧૯ રજૂ કરું છું-

ગરીબી રેખા નીચે જીવનારા લોકોને પ્રતિ યુનિટ દોઢ રૂપિયા લેખે વીજળી આપવાની યોજના અંતર્ગત ભાડાના મકાનમાં રહેતા ગરીબ પરિવારોને આ યોજનાનો લાભ આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૨૦ રજૂ કરું છું-

રાજયના પોલીસ દળને આધુનિક શસ્ત્રોથી સુસજજ કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૨૨ રજૂ કરું છું-

ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓની યાદી બનાવવામાં તંત્ર દ્વારા પૂરતી ચોકસાઈ રાખવામાં આવતી ન હોવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક-૨૪ રજૂ કરું છું-

ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થી યાદીમાં અગાઉ લાભ મેળવેલ લાભાર્થીના નામો સમાવી લાભાર્થીઓની મોટી સંખ્યા દર્શાવવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારો ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારા ક્રમાંક-૧,૪,૭,૯,૧૧ થી ૧૪, ૧૬ થી ૨૦,૨૨,૨૪ રજૂ કરવામાં આવ્યા.**

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારાની એકત્રિત યાદી

| ક્રમ | સુધારો | રજૂ કરનાર સભ્યશ્રી |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| **પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા:- "પરંતુ દિલગીર છીએ કે -** | | |
| ૧. | ગરીબ કલ્યાણ મેળાના આયોજનમાં ગરીબોને અપાતી સહાયમાં કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અમરસિંહ વસાવા |
| ૨.* | ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમોને કારણે વહીવટી તંત્ર તેની રોજીંદી કામગીરીને પૂરતો ન્યાય આપી શકયું નથી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૩.* | ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને જિલ્લા કક્ષાએ ચોકકસ માર્ગદર્શન મળતું ન હોવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૪. | સરદાર સરોવર પરીયોજના અંતર્ગત પૂરા પાડવામાં આવતા પીવાના પાણીના શુધ્ધિકરણ કરવા બાબતની યોજનાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી વજેસિંગભાઈ પણદા |

| | | |
|---|---|---|
| **૫.*** | સરદાર સરોવર ડેમની લાંબી કેનાલોનુ સર્જન થયું છે, પરંતુ ખેડૂતોના ખેતર સુધી નર્મદાનું પાણી પહોંચાડવાના આયોજન બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| **૬.*** | સરદાર સરોવર ડેમની લાંબી કેનાલોનું સર્જન કરવામાં આવ્યું, પરંતુ નાની સબ માઈનોર કેનાલોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| **૭.** | બોરી બંધ બનાવવા માટે વાપરવામાં આવતી પ્લાસ્ટિકની થેલીઓ તૂટી જવાના કારણે સમય, શકિત અને નાણાનો વ્યય રોકવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી મણીભાઈ પટેલ |
| **૮.*** | તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ચલાવવામાં આવતી ૧૦૮ બસની સેવાઓના ખર્ચમાં રાજય અને કેન્દ્રના હિસ્સાની રકમનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| **૯.** | રાજયમાં ખૂટતા પ્રાથમિક શાળાઓના ઓરડાના બાંધકામ કરવા બાબતના આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી માનસિંહ ચૌહાણ |
| **૧૦.*** | રાજયમાં ઉચ્ચ શિક્ષણ ગુણવત્તાવાળું બને તે માટે રાજય સરકાર નવી કેટલી શાળા અને કોલેજો ખોલશે, તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| **૧૧.** | રાજયમાં કુપોષણથી પીડાતા બાળકોને પોષણક્ષમ આહાર આપવા બાબતની યોજનાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| **૧૨.** | આંગણવાડીઓના કર્મચારીઓની પગાર વિસંગતતા દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ચંદુભાઈ ડાભી |
| **૧૩.** | વનબંધુ યોજના અંતર્ગત આદિજાતિ કુટુંબોની રૂપિયા ૨૨૦૦ની સબસીડી આપી ગેસ કનેકશન આપવાની યોજના અન્વયે રોજીરોટી માટે સ્થળાંતરીત થયેલ આદિજાતિના કુટુંબોને આવા કનેકશન આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કિરણકુમાર મકવાણા |
| **૧૪.** | ઈન્દિરા આવાસ-સરદાર આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમનો પૂરેપૂરો ઉપયોગ રાજય સરકાર ધ્વારા થતો નથી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી છનાભાઈ ચૌધરી |
| **૧૫.*** | પોલીસદળમાં નવા ભરતી થયેલા પોલીસ કર્મીઓને પૂરા પગારને બદલે રૂપિયા ૨૫૦૦નો ફિકસ પગાર આપવામાં આવે છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| **૧૬.** | છેલ્લા એક વર્ષમાં રાજયસરકારે ઉર્જાની ઘટ દૂર કરવા વિજ કંપનીઓ પાસેથી વિજળી શા ભાવે ખરીદી તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી હીરાભાઈ પટેલ |
| **૧૭.** | રાજયમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ વારંવાર યોજાતા જુદા જુદા સરકારી કાર્યક્રમોને કારણે જિલ્લા અને તાલુકાના જનસેવા કેન્દ્રો આવા કાર્યક્રમોમાં વ્યસ્ત રહેવાથી જિલ્લા વહીવટી તંત્રની રોજીંદી કામગીરી પર પડતી વિપરીત અસરનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અમિતકુમાર ચાવડા |
| **૧૮.** | રાજયમાં કેટલા લઘુ ઉદ્યોગો અને કુટિર ઉદ્યોગો બંધ પડયા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |
| **૧૯** | ગરીબી રેખા નીચે જીવનારા લોકોને પ્રતિ યુનિટ દોઢ રૂપિયા લેખે વિજળી આપવાની યોજના અંતર્ગત ભાડાના મકાનમાં રહેતા ગરીબ પરિવારોને આ યોજનાનો લાભ આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ઈશ્વરભાઈ વહીયા |
| **૨૦** | રાજયના પોલીસદળને આધુનિક શસ્ત્રોથી સુસજજ કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જોધાજી ઠાકોર |
| **૨૧*** | સરકારી કાર્યક્રમોમાં અવારનવાર મોટી સંખ્યામાં એસ. ટી. બસોનો ઉપયોગ થતો હોઈ આમ જનતાને ભોગવવી પડતી હાડમારી દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| **૨૨** | ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓની યાદી બનાવવામાં તંત્ર ધ્વારા પૂરતી ચોકસાઈ રાખવામાં આવતી ન હોવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ઈકબાલ પટેલ |
| **૨૩*** | એસ. ટી. નિગમ ધ્વારા સરકારી કાર્યક્રમો માટે ભાડે આપેલ એસ. ટી. બસોના ભાડાની સમયસર ચૂકવણી કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| **૨૪** | ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થી યાદીમાં અગાઉ લાભ મેળવેલ લાભાર્થીના નામો સમાવી લાભાર્થીઓની મોટી સંખ્યા દર્શાવવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ધીરસિંહ બારડ |
| **૨૫*** | રિક્ષા અને બસોને અપાતા સી. એન. જી. ગેસનો ખાનગી કંપનીઓ ધ્વારા વારંવાર થતો ભાવ વવધારો અટકાવવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |

- **આ સુધારા સભાગૃહમાં રજૂ થઈ શકયા નથી.**

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં આભાર પ્રસ્તાવ રજૂ કરવાનો ગૌરવવંતો પ્રસંગ મને મળ્યો છે તે બદલ હું ધન્યતા અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતની વાત આવે એટલે મહા ગુજરાતની ચળવળની પણ વાત આવે. આજના આ અવસરે મહા ગુજરાતની ચળવળના પ્રણેતા એવા પૂજ્ય ઈંદુચાચાને યાદ ન કરીએ, તેમનું સ્મરણ ન કરીએ, તેમના કાર્યોને અંજલિ ન આપીએ તો હું એમ માનું છું કે ગુજરાતની રચનાનો ઇતિહાસ અધૂરો રહી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયો ત્યારે બૉમ્બે સ્ટેટ હતું અને છેક પાલનપુર સુધી, બનાસકાંઠા સુધી, પાટણ સુધી બૉમ્બે સ્ટેટનો વિસ્તાર કહેવાતો અને કચ્છ-કાઠિયાવાડ અલગ સ્ટેટ હતું. આ વખતે મહા ગુજરાતની જે ચળવળ શરૂ થઈ તેમાં અનેક નવલોહિયા યુવાનોએ " મહા ગુજરાત લેકે રહેંગે, મહા ગુજરાત લેકે રહેંગે."

એવા નારા સાથે હસતા હસતા પોતાના પ્રાણની આહુતિ પણ મહા ગુજરાતના આંદોલનમાં આપી છે. આવા અનેક નવ લોહિયા યુવાનોની મર્દાનગી હતી, ખુમારી હતી, તેની જે હિંમત હતી તેમને પણ આ તકે યાદ કરીએ અને તેમને પણ શ્રદ્ધાંજલિના પુષ્પો અર્પણ કરીએ કે તેમની જે શહાદત છે એ શહાદત એળે નથી ગઈ.એમની શહાદત યાદ કરીને એમને શ્રદ્ધાંજલિ આપીએ અને એની ઝાંખી કરાવીએ અને તમામ શહીદોની શહાદતને સલામી આપીને શહીદોને શ્રદ્ધાંજલિ આપીને સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં મારા પ્રવચનની શરૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું ગૃહમાં આવીને ગૃહના સભ્યોને સંબોધન કરવું એ જે આખી પ્રક્રિયા છે એ હું એમ માનું છું કે, આ સરકારની આ વર્ષની અને આગામી વર્ષની જે કામગીરી છે એ છઠ્ઠીના લેખ સમાન છે. રાજયપાલશ્રીનું પ્રવચન સરકારની છઠ્ઠીના લેખ સમાન છે. દરેક વસ્તુ ઝીણી, નાની વસ્તુ, ગુજરાતનો વિકાસ કઈ દિશામાં છે? કઈ દિશા તરફ જઈ રહ્યો છે, કઈ દિશા તરફ જવા માગીએ છીએ? એનો રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે. માનનીય રાજયપાલશ્રીએ અહીંયાં આવ્યા અને પ્રવચન આપ્યું ત્યારે મારે એ પણ કહેવું છે કે, ૮૬ વર્ષ જેવી જૈફ વયે યુવાનોને શરમાવે તેવી તાજગી અને હિંમત હતી. એમનું પ્રવચન હિન્દીમાં હતું એ એટલું ફલુએન્સી, એટલું નૉન સ્ટૉપ, કદાચ જાહેર જીવનમાં હું વર્ષોથી આવ્યો છું પરંતું આવી ફલુએન્સી હિન્દી વક્તાઓની સાંભળી નથી અને એ માટે રાજયપાલશ્રીને અભિનંદન આપું છું અને એમણે જે રીતે ગુજરાતના સ્વર્ણિમ ગુજરાતના ભાવને આગળ લઈ જવાની વાત કરી છે ત્યારે આ સ્વર્ણિમ ગુજરાતનું વર્ષ છે ત્યારે મારે એક વાત કરવી છે કે, જે રીતે સ્વર્ણિમ ગુજરાતનો ભાવ મૂર્તિમંત કરવાનો, ઉજાગર કરવાનું કામ તમામ સભ્યોએ સાથે રહીને કર્યું અને આવો મને યાદ આવે છે - નર્મદાનો ભાવ. ગુજરાતને માટે નર્મદા જીવાદોરી છે, નર્મદા એ પ્રાણપ્રશ્ન છે. નર્મદા યોજના વહેલાસર થાય અને એના નીર સૌરાષ્ટ્રમાં, ઉત્તર ગુજરાતમાં, કચ્છમાં બધે પહોંચે એનાથી હરિયાળી થાય, સિંચાઇની સુવિધા મળે એ માટે ગુજરાતનો નર્મદા ભાવ, એ નર્મદા ભાવે ગુજરાત આખું એક હતું. એમાં કયાંય પક્ષાપક્ષી નથી આવી. બધા પક્ષો સાથે રહીને નર્મદાના પ્રશ્ને રાષ્ટ્ર સામે જરૂર પડે તો લડત આપીને મંજૂરી અપાવવાનું કામ કર્યું છે. ત્યારે હું આજે પણ ગુજરાતના રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની પ્રક્રિયા દરમિયાન નર્મદાના ભાવનો અનુભવ કર્યો છે એવો સ્વર્ણિમ ગુજરાતના ભાવનો અનુભવ કરાવશે એટલી માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના વર્ષની વાત આવી છે ત્યારે અમે પણ વર્ષોથી ધારાસભ્ય તરીકે ચૂંટાતા આવ્યા છીએ. પણ સામે બેઠેલા સિનિયર ધારાસભ્યશ્રી મોહનસિંહભાઈ ૧૯૭૪થી ચૂંટાતા આવેલા છે. પણ કયારેય આ હાઉસમાં માનનીય સંસદસભ્યશ્રીઓ, વર્તમાન સંસદસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, વર્તમાન ધારાસભ્યશ્રીઓ આ બધાને ભેગા કરીને સંસદીય પરિષદ, માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં એનો ઉલ્લેખ કર્યો છે અને એમણે એમ કહ્યું કે, ૫૦ વર્ષ નિમિત્તે ગુજરાતમાં સંસદીય પરિષદનું જે આયોજન થયું છે એ ઇતિહાસમાં એક અભૂતપૂર્વ ઘટના છે એમ માનનીય રાજયપાલશ્રીએ કહ્યું છે. મારે વાત એટલા માટે યાદ અપાવવી છે કે, આ માટે આપણે સૌ અભિનંદનના અધિકારી છીએ. કારણ કે, આપણે સૌ આ હાઉસના સભ્ય છીએ. આ સંસદીય પરિષદનો વિચાર આવ્યો અને એને મૂર્તિમંત કરવા, એને ઉજાગર કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. એની સાથોસાથ આપે કહ્યું તે પ્રમાણે જે રીતે આખી સંસદીય પરિષદનું આયોજન થયું, એમાં આપનો પણ સિંહફાળો છે એ પણ અમે ભૂલી શકીએ એમ નથી. ગુજરાતના વિપક્ષના નેતાએ પણ જે સાથ સહકાર આપ્યો છે એ પણ અમે ભૂલી શકીએ તેમ નથી અને સંસદીય બાબતોના અમારા મંત્રીશ્રીએ સમગ્ર કાર્યક્રમનું જે રીતે આયોજન કર્યુ છે આ તમામ લોકો અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓએ પણ હાજર રહીને આ સમગ્ર પરિષદને જે રીતે ઓપ આપ્યો છે આ સમગ્ર પ્રક્રિયા હું એમ માનું છું કે ગુજરાતમાં તો નહીં પણ દેશના ઈતિહાસમાં એક અનોખો અવસર છે જે કયારેય આપણે ભૂલી શકીએ તેમ નથી અને એટલા માટે આની સાથે સંકળાયેલી તમામ મહત્વની વ્યકિતઓ છે એ તમામને હું અભિનંદન પણ આપું છું. વર્ષો પછીના ઈતિહાસમાં આ ધારાસભ્યોને બધાને યાદ કરીને બોલાવ્યા, એ આખો પ્રસંદ જેણે નજીકથી જોયો છે કેટલાક ધારાસભ્યો એવા હતા કે જે બોમ્બે સ્ટેટ વખતે પણ ધારાસભ્ય હતા, ગુજરાત વિધાનસભાના પણ સભ્યો હતા, વર્ષો પછી એમને કયારેય કોઈએ બોલાવીને આટલું માનસન્માન આપ્યું હોય એવો પ્રસંગ કયારેય અમે તો જોયો નથી, ૧૯૭૪-૭૫થી રાજકારણમાં કયાંકને કયાંક અમારું ઓબ્ઝર્વેશન રહયું છે પણ પહેલી વખત એવા કેટલાક વડીલોને અમે જોયા કે એ જયારે મળતા હતા ત્યારે એની આંખમાં આંસુ હતા, હર્ષના આંસુ હતા, લાગણીના આંસુ હતા કે ચાલો કોઈકે તો અમને ૫૦ વર્ષ પછી યાદ કરીને કહયું કે તમે જે આ રાજયની સેવા કરી છે એ બદલ અમે તમારું સન્માન કરીએ, છીએ, તમારું અભિવાદન કરીએ છીએ, આ સંસદીય પરિષદના કોન્સેપ્ટ નવો હતો એ બદલ ખરેખર હું ફરીથી હૃદયપૂર્વક અભિનંદન આપું છું. પહેલી મે, ગુજરાતના વર્ષગાંઠને સન્માનનીય રીતે ઉજવવાની વાત, કયાંકને કયાંક અમે ઉત્સવપ્રિય છીએ, એવી વાતો થાય છે. પણ આ ઉત્સવોના માધ્યમથી જનજાગૃતિ લાવવાનું કામ લોકોનું ઈનવોલ્વમેન્ટ કરવાનું કામ, જનભાગીદારી કરવાનું કામ અમે કરી રહયા છીએ અને આફટરઓલ છેવટે તો આપણે પ્રજામાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ, પ્રજાની વચ્ચે જઈએ, ઉત્સવોના માધ્યમથી જઈએ તો પ્રજાની વચ્ચે જઈએ એમાં નથીંગ ઈઝ રોંગ અને એવા એક આ ઉત્સવની જયારે વાત કરીએ છીએ ત્યારે આટલી ગંભીરતાથી જેને કહી શકાય, પહેલી મે ના ગુજરાતને સારી રીતે

ઉજવવાની શરૂઆત વર્તમાન શાસનમાં થઈ છે અને એમ કહેવામાં મને કયાંય એ થતું નથી અને એને આપણે જોઈએ છીએ કે છેલ્લા કેટલાક વર્ષોથી પહેલી મે નો ગુજરાતનો જન્મદિવસ આપણે સરસ રીતે ઉજવીએ છીએ, જયારે આ વાત આવે છે ત્યારે જન્મદિવસની ઉજવણીની વાત આવે છે ત્યારે મારે એ વાત પણ હાઉસના ધ્યાન પર લાવવી છે, ગુજરાતે બે લડત લડી, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈની આગેવાની હેઠળ અંગ્રેજો સામેની એક લડત હતી, એ દેશની આઝાદી માટેની લડત હતી, દેશ આઝાદ થયો પણ ગુજરાતે ફરીથી કમનસીબે બીજી લડત લડવી પડી અને એ મહાગુજરાતની લડત લડવી પડી, ગુજરાત રાજયની સ્થાપના થાય એ માટેની મહાગુજરાત માટે ગુજરાતની આઝાદીની બીજી લડત લડવી પડી, મારે એ પ્રસંગને પણ એટલા માટે યાદ કરવો પડે છે કે ગુજરાતની આઝાદીની સાથે કેટલાક પ્રસંગો એવા વણાયેલા છે કે જેને આજે કયારેય ગુજરાતીઓ ભૂલી શકે એમ નથી, મને એ પ્રસંગ યાદ છે કે આઠમી ઓગસ્ટ ૧૯૫૬નો એ દિવસ, એ દિવસને આ ગુજરાત કયારેય ભૂલી શકે એમ નથી. મહાગુજરાત લેકે રહેંગે, ગુજરાતની રચના માટે, ગુજરાતને અલગ રાજય મળે એ માટે અનેક નવલોહિયા યુવાનો જેના મુછનો દોરો પણ નહોતો ફુટયો, એવા યુવાનો મહાગુજરાત લેકે રહેંગે એમ કરીને એ વખતે આંદોલન શરૂ કર્યુ હતું ત્યારે કમનસીબ બીના એ બની કે કોંગ્રેસ હાઉસમાંથી ગોળીબાર થયા અને એ વખતે જયારે વિરોધ ત્યારે એમ કહેવાયું કે ગોળીઓ પર કોઈના નામ સરનામા લખેલા હોતા નથી આવું કહેનારા લોકોએ ગુજરાત આખું જયારે જાગૃત થઈ ગયું, ઈન્દુચાચાની આગેવાની હેઠળ ગુજરાતે જયારે મકકમતાથી નકકી કરી લીધું કે અમારે મહાગુજરાત લેવું જ છે ત્યારે મહાગુજરાતની જાહેરાત થઈ, અને એ જાહેરાત થઈ ત્યારે કેટલાક લોકોને ગમ્યું નહોતું અને પરિણામે આ ગુજરાતના જન્મદિનનો ઉત્સવનો અવસર જે રીતે ઉજજવો જોઈએ એ નહોતો ઉજવાયો, એ નહોતો ઉજવ્યો. સદનસીબી છે કે ગુજરાતને નરેન્દ્ર મોદી જેવા મુખ્યમંત્રી મળ્યા. ભારતીય જનતા પક્ષની સરકાર આવી અને ગુજરાતના સ્થાપના દિનના કાર્યક્રમની ઉજવણીની શરૂઆત કરી ત્યારે મારે એટલું કહેવું છે કે ૧૦૦ જેટલા યુવાનોની શહીદી પછી મહા ગુજરાતની માગણી સ્વીકારાઈ. ગુજરાતનો જન્મદિવસ ધામધૂમથી ઉજવવાની વાત થઈ ત્યારે આ ગુજરાતની અસ્મિતાને ગૌરવ આપવાનું કામ, ગુજરાતની અસ્મિતાને સન્માન આપવાનું કામ, ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવાનું કામ જે મુખ્યમંત્રીના શાસનમાં થયું છે એને અભિનંદન આપવામાં ક્યાંય ખોટું નથી. અમે એને અભિનંદન આપીએ છીએ. મારે વાત એ કરવી છે કે રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં મહાત્મા ગાંધીના નામનો ઉલ્લેખ કર્યો છે. રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ઈન્દુચાચાના નામનો ઉલ્લેખ થયો છે. રાજ્યપાલશ્રીના પ્રવચનમાં દીનદયાળ ઉપાધ્યાયજીના નામનો ઉલ્લેખ થયો છે ત્યારે રાજ્યપાલશ્રીના પ્રવચનમાંથી નીકળેલી વાત છે કે આ સરકાર વંચિતોના વિકાસની વાત કરી રહી છે. આ સરકાર પીડિતોની પીડાની વાત કરી રહી છે, આ સરકાર શોષિતોના કલ્યાણની વાત કરી રહી છે ત્યારે મારે કહેવું છે કે આ બધી યોજનાઓનો જન્મ છે એ સંવેદનશીલતામાંથી જનમ્યો છે. સંવેદનશીલ વ્યક્તિ જ્યારે સત્તાસ્થાને હશે ત્યારે ગરીબ, પીડિત અને વંચિતોની સમસ્યા એના હૈયે ઘા કરે છે અને હૈયે થયેલા ઘામાંથી જે યોજનાઓ જન્મે છે એ ગુજરાતના કલ્યાણ માટે કાર્યાન્વિત થાય છે. ઝૂંપડામાં બેઠેલા ગરીબની તકલીફ જોઈને, ઝૂંપડામાં બેઠેલી મારી ગરીબ અને નિરાધાર વિધવા માતાની વ્યથા જોઈને, એની તકલીફો જોઈને સત્તાધીશની આંખમાં આંસુ ન આવતા હોય તો આ સત્તા ક્યારેય કોઈ માણસના કામની નથી. મારે એટલા વાત કરવી છે કે ગરીબ કલ્યાણ મેળાનો ઉલ્લેખ થયો છે. રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું છે કે આ ગરીબ કલ્યાણ મેળામાં ૨૭૦૦૦ કરોડ જેટલી રકમ ૨૦ લાખ લોકોની હાજરીમાં ચૂકવાઈ છે. ગરીબ કલ્યાણ મેળા અંગે મારે એક દાખલો આપવો છે. ગરીબ કલ્યાણ મેળા શરૂ કર્યા પછી ગુજરાતમાં રાજકીય પરિસ્થિતિ કેવી ઉદ્દભવી એનો એક દાખલો આપવો છે. ક્રિકેટના મેદાનમાં રમતા હોઈએ અને બોલર બાઉન્સર નાખે અને બૅટ્સમૅનના લમણે ભટકાય તો બૅટ્સમૅનની દશા એ થાય કે એને તમ્મર આવી જાય, એ ભાન ભૂલી જાય, બેહોશ થઈ જાય અને પૅવેલિયન બહાર થઈ જાય અને એને રિટાયર્ડ ડિકલેર કરવો પડે ત્યાર પછી એ તૈયાર થઈને આવે. ગુજરાતના કલ્યાણ મેળામાં આવું જ થયું. નરેન્દ્ર મોદીએ ગુગલી બોલ નાખ્યો એટલે * (xxxx) સમજ જ ન પડી. ૫૦ ટકા મેળાઓ થયા પછી.....(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) કહીને અમારા પક્ષના સભ્યશ્રીઓને સંબોધવા એ વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, તમે જે કાંઈ કહેવું હોય એ કહો પણ (xxxx) એ શબ્દ ન વાપરો. હું એ શબ્દો કાઢી નાખું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રૅકૉર્ડ ઉપર છે એ દૂર થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો કાઢી નાખું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : પરિસ્થિતિ એવી પેદા થઈ કે ૫૦-૬૦ ટકા ગરીબ મેળાઓ પૂરા થયા પછી ખબર પડી કે આ મેળાના પૈસા ક્યાંથી આવે છે અને કોણ વાપરે છે. બહાર નીકળી ફરી મેદાનમાં આવ્યા ત્યાં સુધીમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગુજરાતના લાખો માણસોના હૃદયમાં સ્થાન મેળવી ચૂક્યા હતા. આખી મેચ ચૂકી

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ગયા એવી પરિસ્થિતિ થઈ. ઘણી વાર આક્ષેપો થાય છે કે મૂઠીભર લોકોને રાજી રાખવાની વાત થાય છે. આ મૂઠીભર લોકોની વાત નથી. ગરીબ કલ્યાણ મેળો એ બે-પાંચ ધનપતિઓ કે કરોડપતિઓ માટેની યોજના નથી. ગુજરાતના લાખો ગરીબોને ગરીબીની જંજાળમાંથી બહાર લાવવાનો ગુજરાત સરકારે શરૂ કરેલ એક મહાયજ્ઞ છે. મારે એટલી વાત કરવી છે કે આ ગરીબ કલ્યાણ મેળાના સર્જક કોણ છે? ગરીબ કલ્યાણ મેળામાં ગરીબોને એના ઘેર જઈને રકમ આપવી, એને મદદ કરવી, એના ખભે હાથ મૂકવો, એના દુઃખડા દૂર કરવાની કામગીરી શરૂ કરી એનો સર્જક કોણ છે? રાજ્યપાલશ્રીએ એના પ્રવચનમાં એનો ઉલ્લેખ્ કર્યો છે. રાજ્યપાલશ્રીએ મહાત્મા ગાંધીજીના નામનો ઉલ્લેખ્ કર્યો છે. મહાત્મા ગાંધી આવે એટલે ગરીબોના કલ્યાણની વાત આવે જ અને મહાત્મા ગાંધીજીનું પ્રિય ભજન કયું ખબર છે?

**"વૈષ્ણવજન તો જેને રે કહીએ જે પીડ પિડાઈ જાણે રે."**

માનનીય અધ્યક્ષશ્રી, આ મહાત્મા ગાંધીના ભજનનો વૈષ્ણવજન ગુજરાતનો મુખ્યમંત્રી છે જેણે ગરીબોની પીડા જાણી છે. પંડિત દિનદયાળજીએ પણ કહ્યું છે કે જ્યાં ગરીબ લોકો આપણા ભગવાન છે. તેઓની પૂજા કરીએ અને ગરીબ પ્રજાની અંતિમ સીડી ઉપર બેઠા હુંઆ આદમી હમારા લક્ષ્ય હે. આ ગરીબો સુધી પહોંચવાનું કામ કરનાર, ગરીબ, દરિદ્રનો ઉદ્ધારક આ ગુજરાતના મુખ્યમંત્રી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એટલા માટે કરવી છે કે, હમણાં એક અધિવેશનમાં ઈંદોર જવાનું થયું. પછી ત્યાંથી ઉજૈન હતું નજીકમાં ત્યાં ગયા તો વિક્રમ વેતાળની આ ભૂમિ હતી. ત્યાં કેટલાક લોકોની સાથે વાત થઈ કે વિક્રમ રાજા રાત્રે પ્રજાની સમસ્યા જાણવા માટે વેશ બદલીને નીકળે છે. પ્રજાની સમસ્યા જાણવા માટે લોકોની વચે જાય અને બીજે દિવસે જે સમસ્યા હોય એનું નિરાકરણ કરે, આ વિક્રમ અને વેતાળ. સાચો રાજા કોણ છે? સાચો રાજા વિક્રમ વેતાળની વાર્તામાંથી નીકળે છે પરદુઃખભંજન. બીજાના દુઃખનું ભંજન કરનારો ગુજરાતનો મુખ્યમંત્રી છે અને એટલા માટે આ યોજનાઓ નીકળે છે, જેણે ગરીબોની સમસ્યા જાણી છે, ગરીબોની મુશ્કેલી સમજી છે. ગરીબો કેમ જીવે છે એ એની ઝૂંપડીમાં જઈને જોયું છે અને સત્તાના સિંહાસને બેઠેલી વ્યકિતમાં પરિવારની ભાવના છે, કુટુંબની ભાવના છે. એટલે પરિવારમાં બેઠેલો માણસ, કુટુંબમાં બેઠેલો મારો માણસ ગામડાનો ગરીબ દુઃખી ના રહે, એની ગરીબ માતાની આંખના આંસુ લૂછવાનો કાર્યક્રમ એટલે ગુજરાતના ગરીબ કલ્યાણ મેળા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આટલી વાત કર્યા પછી એ કહેવું છે કે ગુજરાતના ગરીબોની ચિંતા છે, ગરીબોની વ્યથા છે ત્યાં ગરીબ કલ્યાણ મેળામાંથી અશક્તોને મદદ મળી છે, બિમારોને મદદ મળી છે, વૃદ્ધોને મદદ મળી છે, વિકલાંગોને મદદ મળી છે, ગરીબોને સીધી જ મદદ કરી છે અને ગરીબોના હાથમાં મદદ આપી છે. લાખો લોકોની હાજરીમાં આપી છે મહત્ત્વનું તો આ છે. લોકોને ગાંધીનગર નથી બોલાવ્યા મદદ આપવા માટે. ગંગા ઘેર આવી છે, ગામમાં આવી છે, ગંગોત્રી પાદરમાં આવી છે અને કહ્યું કે અમે આ મદદ તમારા માટે લઈને આવ્યા છીએ. તમારા કલ્યાણ માટેની યોજના લઈને આવ્યાં છીએ ત્યારે લોકોના દિલ જીતવાનું કામ કર્યુ છે. ગુજરાતના ગરીબોની જિંદગીમાં સૂર્યોદય થયો છે અને તેથી આ સરકારને જેટલા યશ આપીએ એટલા ઓછા છે, જેટલી એની પીઠ થાબડીએ એટલી ઓછી છે અને એટલા માટે આ સરકારે જે પગલાંઓ લીધાં છે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી દુઃખ શરૂ થયું છે. કારણ કે આ રકમ કોઈ વચેટિયાઓના ખિસ્સામાં નથી આ રકમ કોઈ દલાલોના ખિસ્સામાં નથી ગઈ. આ રકમ કોઈ કારોબારીના ખિસ્સામાં નથી ગઈ. ગરીબ કલ્યાણ મેળાની રકમ ગઈ છે સરકારની તિજોરીમાંથી સીધી ગરીબોના ખિસ્સામાં ગઈ છે અને સીધી ગરીબોના બેંકના ખાતામાં ગઈ છે ત્યારે આપના ભૂતપૂર્વ વડાપ્રધાને કહેલો દાખલો ટાંકવો નથી કારણ કે આખી દુનિયા જાણે છે કે રૂપિયો મોકલીએ અને ૦.૮૫ પૈસા જાય એ વચેટિયાઓ કોણ હતા? એ તમે સારી રીતે જાણો છો, આખી દુનિયા જાણે છે અને મહેરબાની કરીને આ ગુજરાતે તો નવી દિશા આપી છે. એકબાજુ રૂપિયાની વાત થઈ અને ૦.૧૫ પૈસા પહોંચે અને બીજી બાજુ આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને લોકોને કહ્યું કે જનભાગીદારી કરો, લોકભાગીદારી કરો. ચેકડેમ બનાવો અને એવી આખી યોજના બનાવી અમે ૦.૬૦ પૈસા આપ્યા લોકોએ ૦.૪૦ પૈસા ઉમેરીને ૧.૦૦ રૂપિયો કરીને આપ્યો. આ સરકારની યોજનાઓનો ચમત્કાર છે. અમે તો ૬૦પૈસા જ આપ્યા છે. ઈતિહાસ બોલે છે એની નોંધ છે ગુજરાતના રેકર્ડ ઉપર. આદિવાસી વિસ્તારોને એમ થયું અમે બાકી રહી ગયા, એમણે એમ કહયું કે અમે ૨૦ પૈસા આપીશું, ભલે ભાઈ તમે ૨૦ પૈસા આપ અમે ૮૦ રૂપિયા આપ્યા અને આદિવાસી વિસ્તારના લોકોએ ૨૦ રૂપિયા આપીને ૧૦૦ રૂપિયા કરી બતાવ્યા, આ યોજના આપણા અમૂક લોકોના મગજમાં સેટ થાય એમ નથી આ બધી યોજના. એના માટે બ્રેન જોઈએ, એના માટે વિઝન જોઈએ, વિઝન, એને માટે દિશા જોઈએ દિશા, આપણી કમનસીબી એ છે કે શરૂઆતના વર્ષોમાં જેમણે શાસન ધુરા સંભાળી હતી એ લોકો પાસે આ બધી શકિતઓ નહોતી અને એટલા માટે ગુજરાત વિકાસની તરફ જે આગળ જવું જોઈતું હતું એ જઈ નહોતું શકયું, સદનસીબી ગુજરાતની કે ડૉકટર બદલ્યો, દવા બદલી અને ગુજરાતના વિકાસની ગાડી પૂર પાટે શરૂ થઈ છે. મારે જે વાત એક કરવી છે કે આ ગરીબ કલ્યાણ મેળામાંથી એક સંદેશો આપ્યો છે, ગુજરાતના મુખ્યમંત્રીએ, આ સરકારે સંદેશો આપ્યો છે કે ગરીબોને સરકારી યોજનાઓની સહાયથી, સરકારી યોજનાઓની મદદથી હારેલા, થાકેલા નિરાશ થયેલા અમારા ગરીબોને એમ કહયું કે ગરીબી સામે લડો,

ગરીબી સામે સંઘર્ષ કરો અને એમ કહયું કે, મન કો માયુષ મત કરના એ દોસ્ત મંજિલે ઓર ભી હૈ, આ વાત ગુજરાતની સરકારે કરી, તમને કોઈકના નામની સામે વાંધો હોય તો હું ગુજરાત સરકાર બોલીશ સાહેબ હવે પણ એમાં તમારા વાંધાથી કંઈ ચાલવાનું નથી, ગુજરાતના મુખ્યમંત્રીએ ગુજરાતમાંથી ગરીબીને હટાવવાનો મહા સંઘર્ષ શરૂ કર્યો, છે આ મહાસંઘર્ષના સેનાની હોવાનું અમને ગૌરવ છે. મારા સેનાપતિએ શરૂ કરેલા આ મહાસંઘર્ષમાં એ દિવસોમાં વિધાનસભામાં હું એમના સેનાની તરીકે પડખે હતો. એનો અમને આનંદ છે અને એ આનંદ રામાયણ સુધી લઈ જાય છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ, તમને ફાળવેલો સમય પૂરો થાય છે, પણ તમે પ્રવચન પૂરું કરો તો બાકીના સભ્યોમાથી.. ..

**શ્રી આત્મારામ મ. પરમાર** : પૂરું કરું છું, બે પાંચ મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, એક જ વિષય, રામાયણની વાત સાહેબ કરીને,

**અધ્યક્ષશ્રી** : મને કોઈ વાંધો નથી, પણ પછીના સભ્યોની અંદર એ.. આપ ચાલુ રાખો, તમને રોકતો નથી હું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, રામાયણમાં જયારે રામચંદ્ર ભગવાનને લંકા પહોંચવું હતું ત્યારે વાનર સેના હતી પુલ બનાવવા માટે, વાનરો તો કેટલા મોટા વિશાળ સ્વરુપના, વિકરાળ સ્વરુપના અને એવા સંજોગોમાં એક નાની ખિસકોલી એ રેતીમાં જાય પછી પાણીમાં જાય, બહાર આવે ફરે, રેતી થોડી થાય એટલે ફરી પાછી ત્યાં જઈને ખંખેરી આવે, તમે કશું ના થઈ શકો તો કંઈ નહીં, ખિસકોલી બનવાનો પ્રયત્ન કરશો તો પણ ગુજરાતની પ્રજા તમને સ્વીકારી લેશે. મારા ગરીબ કલ્યાણ મેળાનો એક પ્રસંગ, એક હૃદયદ્રાવક પ્રસંગ છે. એટલા માટે એની નોંધ લઉ છું. મારે ત્યાં ગઢડામાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન થયું, એ પ્રસંગે, રાજકારણીઓની આંખોના ખુણા બહુ ઓછી વખત ભીના થતા હોય છે. મારી આંખોના ખુણામાં ભિનાશ આવી ગઈ હતી. એ પ્રસંગ એ હતો, એક દિકરી હતી જે સ્ટેજની બાજુમાં હતી અને એના હાથમાં રુમાલ અને ફુલ હતા, મેં એ દીકરીને પૂછયું કે બેટા તું શેના માટે આવી, તો એ કહે કે, મારે મોદી ભગવાનને મળવું છે, મેં કીધું કે મોદી ભગવાન એ વળી કયાંથી આવ્યા, એણે મને કહયું કે જે જીવન આપે એ ભગવાન, જે જીવાડે તે ભગવાન અને જે બચાવે તે ભગવાન, એને હાર્ટની બીમારી હતી, હૃદયના વાલની બીમારી હતી, શાળાના આરોગ્ય તપાસણીના કાર્યક્રમમાં એ રોગની જાણકારી થઈ, અને સરકારે એને મદદ કરી, એ દીકરીની જિંદગી બચાવી, અને એટલા માટે એણે કહયું કે મારે મારા એ ગુજરાતના મુખ્યમંત્રી જયારે આવ્યા ત્યારે એની આંખમાં જે હર્ષના આંસુ હતા એની કલ્પના કરવાનો અવસર કદાચ હું એમ માનુ છું કે દેવોને પણ દુર્લભ હતો, હું મારી જાતને ભાગ્યશાળી માનુ છું કે એ પ્રસંગનો સાક્ષી હું છું , એની આંખો ઢુંઢતી હતી એ મસીહાને, એની આંખો ઢુંઢતી હતી એ ફરીશ્તાને, કે જેણે એની જિંદગી બચાવી, એ પુર્નજીવનદાતાને, આ યોજનાના પ્રણેતા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને એ નિદોર્ષ બાળકીએ જયારે એના કુમળા, નાના નાજુક હાથ વડે ગુલાબનું ફુલ અર્પણ કર્યુ,એ દ્રશ્ય મને લાગે છે કે કયારેય પણ જોઈ શકીએ નહિ. આવા બનાવોની કલ્પના નહિ કરીએ. કોઈની દીકરીને આવું દુઃખ ન થાય, પણ હકીકત છે. એણે જયારે એમ કહ્યું મારે મોદી ભગવાનને મળવું છે. આ નાની, નિર્દોષ બાળકીના નિર્દોષ મુખેથી નીકળેલા શબ્દ એને કઈ ગુજરાતના મુખ્યમંત્રી કોણ છે એની એને કાઈ પડી નથી ભાઈ, આ બધુ કોણ કરાવે છે એની કાઈ ખબર નથી. એને એટલી ખબર છે કે આ મોદીએ બચાવ્યા છે. અને એ ભગવાન. આ પ્રકારની યોજના લઈને સરકાર આવી છે, ત્યારે એક જ વાત કહીને હું મારું પ્રવચન પૂરું કરીશ. આ ગરીબ કલ્યાણ મેળાનો વિશેષ આનંદ મને થાય છે. એટલા માટે થાય છે કે કેમ થાય છે? કોઈકને એમ હશે કે હું ભાજપનો સભ્ય છું, એટલે મને આનંદ થાય છે. હું નરેન્દ્ર મોદીનો પ્રશંસક છું. ગુજરાતના મુખ્યમંત્રીનો એટલે આનંદ થાય છે. ભાજપની સરકાર ગરીબ કલ્યાણ મેળા કરે છે, એટલે મને આનંદ થાય છે? ના, ના મિત્રો ના એટલા માટે નહિ, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી વધુમાં વધુ લાભ જો કોઈની ઝૂંપડીમાં પહોંચ્યા હોય તો મારા દલિત અને ગરીબ ભાઈઓના ઝૂંપડીમા પહોંચ્યા છે, એટલે હું એને અભિનંદન આપું છું. એટલું કહીને મારે એક વાત કરવાની છે કે ગુજરાતની સરકાર જે રીતે જઈ રહી છે. આગામી દિવસોમાં આ ગુજરાતની સરકારે એની રીતે કામગીરીઓ કરી છે. રાજ્યપાલશ્રીના પ્રવચનમાં અન્ય મિત્રો પણ પ્રવચનમાં ઉલ્લેખ કરવાના છે, ત્યારે ગરીબોની વાત કરી છે. ત્યારે આ ગરીબોના દુઃખરા દૂર થાય એના માટે કઈને કઈ આપવાનો પ્રયત્ન શરૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, કમનસીબી છે. અત્યાર સુધી મોંઘવારીમાં દાળ, રોટલો ખાનારાઓમાં. હવે દાળ ગઈ એકલી રોટલી રહી. દાળ ગઈ.(અંતરાય) મોંઘવારી. ગઈ કાલે નરોત્તમભાઈએ કહ્યું મોંઘવારી. એટલાથી નથી અટક્યા *(xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : કેન્દ્ર સરકારની વાત ન કરો. રાજય સરકારની વાત કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : ગરીબોના કપડાં ઉતારી લીધા અને આદિવાસી મિત્રોની લંગોટી પણ લઈ લેવાનું કામ થયું છે, ત્યારે એટલું કહીશ આ ગુજરાતના મુખ્યમંત્રીએ જે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ગરીબોની સેવા કરવાની વાત કરી છે. એને આવકારીએ. ગુજરાતના આ વિધાનસભાનો સ્વર્ણિમ ગુજરાતનો અવસર ગુજરાતના મુખ્યમંત્રીએ ગુજરાતના રાજ્યપાલશ્રી, મહામહીમે આવીને જે આપણને સંબોધન કર્યુ છે. એ સંબોધન બદલ આભાર પણ વ્યક્ત કરીએ છીએ અને આશા રાખું કે નર્મદા ભાવ જેવો સ્વર્ણિમ ગુજરાત ભાવ આ ગુજરાત વિધાનસભામાંથી નીકળે એટલું કહીને હું વિરમું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થઈ છું. માનનીય આત્મારામભાઈએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે, તેના અનુમોદનમાં હું અહીયા ઊભી થઈ છું.

સૌ પ્રથમ તો હું કહીશ કે પહેલી જાન્યુઆરી, ૨૦૧૦ ના ગુજરાત સરકારે એક સૂર એક લય અને એક ધ્યેય સાથે રાજનીતિમાં સંવેદન, સેવા, સૌહાર, સહકાર અને સ્મીતના સ્વર્ણિમ યુગની ગુજરાતે શરૂઆત કરેલી છે. ભારતીય લોકતંત્રની સંસદીય ગાથામાં સ્વર્ણિમ ગુજરાત સંસદીય સંકલ્પ પરિષદ એક ઐતિહાસિક ઘટના આ સભાગૃહમાં જોવા મળી. સ્વર્ણિમ ગુજરાત નિમિત્તે આપણે સ્વર્ણિમ જયંતીના ૫૦ વર્ષ પૂરા કરવા સ્વર્ણિમ જયંતી ઉજવી રહ્યા છીએ. તે સમયે આ વર્ષની શરૂઆતમાં જે ઘટના આ સભાગૃહમાં બની એના આપ સૌ, આપણે બધા સાક્ષી બન્યા. અને એના આયોજક માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આ વિચાર કરીને ઉદારતા દાખવી એના માટે લાખ લાખ અભિનંદન આપું છું અને સાથે સાથે આ સભાગૃહના અધ્યક્ષ આપશ્રી અને માનનીય સંસદીય મંત્રીશ્રી અને જે જે લોકોએ આ આયોજન કરવા માટે આ સભાગૃહની અંદર જે આયોજન કર્યુ તે તમામ લોકોને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ સભાગૃહની અંદર તે પ્રસંગે અમને અહીંયાં હાજર રહેવાનું ગૌરવ મળ્યું છે તે ઐતિહાસિક ઘટના, એ અદ્દભૂત પ્રસંગને કયારેય પણ ભૂલી નહી શકીએ. મહામહિમ રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનની અંદર જે ગુજરાતના ગૌરવની ગાથા, ગુજરાતના વિકાસની વાત કરી છે અને જ્યારે તેઓશ્રી પ્રવચન કરતા હતા ત્યારે તેમના મુખ ઉપર જે ગૌરવનું સ્મિત દેખાતું હતું તે ખરેખર અદ્દભૂત હતું અને એમ કહી શકાય કે તે આપણ સૌના માટે ગૌરવ લેવા જેવી એક વાત છે. તેમણે એમ કહ્યું કે ગુજરાતની અંદર સુશાસન અને વિકાસ તે અજોડ છે. ગુજરાતના વિકાસનો આ દાખલો દેશ અને દુનિયાના લોકોએ લીધો છે અને તેમાંથી તેઓ માર્ગદર્શન લઈ રહ્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મને એક કવિની પંક્તિઓ યાદ આવે છે, એક કવિએ કહ્યું છે કે..,

**"તુ અપને ઘરપે દીપ જલાકર મત રુક જાના, તુમ દીપ ચોરાહેપે ભી રખ આના,**
**જો લોક ભટકતે હે અંધેરી રાહો પે, ઉનકે પથપે ભી ઉજાલા કર આના."**

અને આ પંકિતને ઉજાગર કરતો ગરીબ કલ્યાણ મેળો મને દેખાયો. માનનીય આત્મારામભાઈએ ગરીબ કલ્યાણ મેળા વિશે ઘણી બધી વાતો કરી અને એના વિશે હું પણ કહ્યા વિના નહીં રહી શકું. કારણકે ગરીબ કલ્યાણ મેળામાં ગરીબોના ઝૂંપડાં સુધી આશાના કિરણનો સોનાનો સૂરજ ઉગાડવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે ત્યારે હું તેમને લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષ શ્રી, ગરીબ કલ્યાણ મેળામાં બે મહિનાના ટૂંકા ગાળામાં ૨૭૦૦ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું. ૨૦ લાખ લાભાર્થીઓને લાભ પ્રાપ્ત થયો આ એક નાની ઘટના નથી.આ એક ઐતિહાસિક ઘટના છે. તેની અંદર ચપરાસીથી માંડીને ચીફ સેક્રેટરી સુધીના તમામ વહિવટીતંત્રએ પણ પોતાની તનતોડ મહેનત કરીને યોગદાન આપ્યું છે અને ૨૦ લાખ લાભાર્થીઓને ઘરે જઈને હાથોહાથ સહાય આપવી તે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે અને તમામ વહિવટી તંત્રને મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ ગુજરાતના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ દ્રઢ નિર્ધાર કર્યો છે. દ્રઢ સંકલ્પ બદ્ધતા વ્યક્ત કરી છે કે મારે વંચિતોનો વિકાસ કરવો છે. ગરીબ, શોષિત, દલિત, પીડિત, વનબંધુ, સાગરખેડું આવા જે વિકાસથી વંચિત રહી ગયેલા લોકોને, જરૂરતમંદ લોકો સુધી વિકાસના ફળ પહોંચાડવા માટેનું તમામ આયોજન કરવામાં આવ્યું છે, ટાઈમ બાઉન્ડ પ્લાનિંગ કરવામાં આવ્યું છે અને તેનું વ્યવસ્થિત ફોલોઅપ મુખ્યમંત્રીશ્રી દિવસના અઢાર કલાક સુધી કામ કરીને કરી રહ્યા છે અને તેની સાથે સાથે વહિવટી તંત્રને પણ, કર્મચારીઓને પણ કર્મયોગી બનાવ્યા છે. ચિંતન શિબિરો કરી છે, અનેક પરિસંવાદો અને વર્કશૉપો કરીને કર્મયોગી બનાવવાનું કામ કર્યુ છે અને કર્મયોગી બનેલા આ કર્મચારીઓએ આ વિકાસયાત્રામાં તાલ મિલાવીને સાથે મળીને જે કામ કર્યુ છે તે ખરેખર અદ્દભૂત છે અને એટલા માટે વિકાસના ફળ આપણે લોકોના ઘર આંગણા સુધી ગરીબ કલ્યાણ મેળા દ્વારા પહોચાડી રહ્યા છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. બીજી એક વાત આ કહેવા માગું છું કે આ ગરીબ કલ્યાણ મેળામાં મને જે દેખાયું છે, લોકો સહાય લેવા આવતા હતા તે લોકોના મોઢા ઉપર જે સ્મિત હતું, તેમના મોઢા પર જે આત્મવિશ્વાસ હતો અને મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ રહેલા આ માણસોને બચાવવા માટેની હિંમત આ ગરીબ કલ્યાણ મેળાથી મુખ્યમંત્રીશ્રીએ પહોંચાડી છે લોકોને તેનો એક નાનકડો દાખલો આપીશ. એક બહેન ૨૨-૨૩ વર્ષની એક બહેન પોતે વિધવા હતી અને જ્યારે તેનો પતિ મરી ગયો તો તેને એક લાખ રૂપિયાનો ચેક જ્યારે મુખ્યમંત્રી આપતા હતા ત્યારે તે બાઈ ચોધાર આંસુએ રડતી હતી. ચેક મળ્યો તેનો આનંદ હતો, હર્ષનાં આંસુ હતા કે શું હતું? તે બાઈને પૂછયું અને જોયું કે ઘડીક આકાશમાં પગે લાગતી હતી અને ઘડીક મોદી સાહેબને પગે લાગતી હતી. તેને મોદી સાહેબમાં ખરેખર માનનીય અધ્યક્ષ શ્રી, ભગવાનના દર્શન થતા હતા અને એટલે જ એ બાઈ ચોધાર આંસુએ રડતી રડતી આ કરી રહી હતી. આના ઉપરથી આપણે કહી શકીએ કે, ખરેખર સાચા

અર્થમાં ગરીબોના બેલી બનવાનું જે કામ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કર્યુ છે એમાં કોઈ શંકા નથી, એ વાતને કોઈ નકારી ન શકે, આવી યોજનાનો વિચાર આવવો અને એ યોજનાને આપણે સાકાર કરવી એ કંઈ નાનીસુની ઘટના નથી. અનેક યોજનાઓ રાજય સરકાર બનાવે છે, ખાસ કરીને માનવ સૂચકાંક આંકને વધારવા માટે શુધ્ધ પાણી, આરોગ્ય, શિક્ષણ, રોજગારી જેવી તમામ સુવિધાઓ માટે આયોજન કરવામાં આવ્યું. એ પહેલાં હું એક વાતનું ખાસ ધ્યાન અહીંયા દોરવા માગું છું કે, ગુજરાત સરકારે વય વંદના યોજના કરી. વૃધ્ધોના કલ્યાણ અર્થે એ કરી અને ગ્રામિણ રથ અત્યારે ગામડે ગામડે ફરી રહયો છે એની અંદર અમે જઈએ છીએ ત્યારે અમે જોયું છે કે ગ્રામના વૃધ્ધોનું ત્યાં સન્માન કરવામાં આવે છે. એ સન્માન વખતે એમના મોઢા પર જે આનંદ હોય છે ગૌરવ હોય છે એ જોવું એ ખરેખર એક લહાવો હોય છે. આપણું મસ્તક એ વૃધ્ધોના ચરણોમાં ઝૂકી જતું હોય છે ત્યારે આ સભાગૃહની અંદર મારે કહેવું છે કે, બજેટ પ્રસ્તુત કરતી વખતે જયારે અહીંયા વિરોધ કરવામાં આવ્યો કે નાણા મંત્રીશ્રી ઉભા- ઉભા બજેટ વાંચે, ખરેખર મને આ વાતનું બહુ દુઃખ થયું છે. તો આ જાતની ચેષ્ટા કોઈપણ રીતે યોગ્ય નથી અને એ મુદ્દા ઉપર વોકઆઉટ કરવામાં આવ્યો..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, પ્રવચનની મર્યાદામાં રહો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું જતી હતી ત્યારે રસ્તામાં અમે એક હોટલ પર ચા પીવા માટે ઉભા રહયા, એક સત્ય હકીકત અહીં કહેવા માગું છું કે, પાંચ સાત માણસો મારી આજુબાજુ આવ્યા, અને મને કહયું કે, બેન આ શું? આવા મુદ્દા ઉપર વોકઆઉટ કર્યું? બીજો કોઈ મુદ્દો નથી એમની પાસે..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, જેના પર મેં રૂલિંગ આપી દીધું છે, જે વાત પૂરી થઈ ગઈ છે એ વાતને પુનઃ ન કહો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, સોરી, પણ મેં મારા દિલની વાત કહી છે, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની યોજનાઓમાં છે, તેમાં શિક્ષણની અંદર જે પ્રાધાન્ય આપવામાં આવ્યું, એમાં શાળા આરોગ્ય, પરિક્ષણ, શાળા પ્રવેશોત્સવ. માનનીય અધ્યક્ષશ્રી, દશ વર્ષથી આપણે શાળા પ્રવેશોત્સવ કરી રહયા છીએ અને આ શાળા પ્રવેશોત્વના પરિણામરૂપે આપણને જે પરિણામ પ્રાપ્ત થયું છે એમાં એક થી પાંચ ધોરણના બાળકોનો ડ્રોપ આઉટ રેશિયો જે ૨૦.૯૬ હતો તે ઘટી ૨. ૨૯ થયો છે. એકથી સાત ધોરણનો જે ડ્રોપ આઉટ રેટ ૩૮.૨૮ હતો તે ૮.૯૨ થયો છે. આપણે શિક્ષણ ક્ષેત્રમાં ૬૦૦૦૦ ઓરડા બનાવ્યા, એક ધોરણ- એક શિક્ષક- એક ઓરડાની પ્રણાલિકા પ્રમાણે કામ કરી રહયા છીએ. આ સંવેદન સરકારે દીકરીઓ માટે ૩૩૦૦૦ શૌચાલયો બનાવ્યા છે, એક લાખ વિદ્યા સહાયકોની નિમણૂક કરી છે અને જયારે વિદ્યા સહાયકોની નિમણૂક કરી ત્યારે ઘણા બધા એવું કહેતા હતા કે ૨૫૦૦ રૂપિયાના પગારની અંદર આવી કોઈ યોજના બનાવાતી હશે? પણ માનનીય અધ્યક્ષશ્રી, મને આજે કહેતા આનંદ થાય છે કે, એક લાખમાંથી માત્ર ૧૯૦૦૦ વિદ્યા સહાયકો બાકી છે બાકીના તમામ લોકોને પૂર્ણ પગાર પ્રાપ્ત થયો છે એ આપણા સૌને માટે ખુશીની વાત છે. મારે બીજી પણ એક વાત તરફ ધ્યાન દોરવું છે કે, જે રીતે કન્યા કેળવણીનો માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ખૂબ જ પ્રચાર અને પબ્લિસીટી કરીને ખૂબ પ્રચાર કર્યો છે અને પોતાની જે ભેટ સોગાદો હતી એ પણ કન્યા કેળવણીમાં આપીને કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરેલ છે, ત્યારે એવા સંજોગોમાં આપણે પાઠ્ય પુસ્તકોની વાત અંગે મારે ધ્યાન દોરવું છે કે, પાઠ્ય પુસ્તકો મફત આપવામાં આવે છે, દેશની અંદર, અને એની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવે છે પરંતુ આ ગુજરાતને જે જે અન્યાયો થયા એ અન્યાયોની પરાકાષ્ટા જોવી હોય તો પાઠ્ય પુસ્તકોની ગ્રાન્ટ પણ આજ દિવસ સુધી કેન્દ્ર સરકારે ગુજરાતને નથી આપી છતાં પણ ગુજરાત સરકારે પાઠ્ય પુસ્તકો પોતાની ગ્રાન્ટમાંથી આપીને મફત પાઠ્ય પુસ્તકો પ્રોવાઈડ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય પરિક્ષણની યોજના જે મૂકવામાં આવી છે, એક કરોડને પચીસ લાખ બાળકોને શાળા આરોગ્ય પરિક્ષણ કરવામાં આવ્યું છે, આ શાળા આરોગ્ય પરિક્ષણની અંદર..જે બાળકોનું આરોગ્ય પરિક્ષણ કરવામાં આવ્યું છે એમાં ૧૬ વર્ષથી નીચેના બાળકોનું પરિક્ષણ કરવામાં આવ્યું છે અને એની અંદર ગંભીર બિમારીવાળા બાળકો એ હૃદયની, કીડનીની, કે કેન્સરની બિમારીવાળા બાળકોને સંપૂર્ણપણે મફત સારવાર રાજય સરકાર તરફથી આપવામાં આવી છે. ૩૦૦૦ થી વધુ આવા બાળકોએ લાભ પ્રાપ્ત કર્યો છે અને બે લાખથી વધુ બાળકોને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું છે અને આયર્નની ગોળીઓ, વિટામીન-એ તેમજ જે એનિમિયા જે બાળકોમાં છે જે કૂપોષણ છે એનામાંથી પણ બહાર નીકળવા માટે વોર્મ્સની સામૂહિક ટ્રિટમેન્ટ આપવામાં આવી છે. કૂપોષણ માટે ફોર્ટીફાઈડ આટો અને જે આરોગ્યપ્રદ ચોકલેટ આંગણવાડીના બાળકોને બનાવીને આપવામાં આવેલ છે અને આ સંવેદનશીલતાની બીજી વાત કરું તો આંગણવાડીના બાળકોને લોકભાગીદારીથી દૂધ આપે એ દ્રશ્ય પણ ખરેખર જ્યારે આપણે જોઈએ છીએ કે બાળકોને ભેગા થઈને ગામના લોકો દૂધ આપે છે એ પણ એક બહું મહત્વની ઘટના લોકભાગીદારીની આપણે ત્યાં છે અને એની સાથે સાથે જે આરોગ્ય પરિક્ષણમાં જે બાળકોએ લાભ લીધો છે એ તમામ બાળકોના આશીર્વાદ છે અને એમની માતાઓના જે આશીર્વાદ છે એ ખરેખર રાજય સરકાર તરફ ઉતર્યા છે. મારે ૧૦૮ સેવાની વાત કરવી છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસીસ જે રાજ્ય સરકારમાં કાર્યરત છે એમાં જે ડિલિવરીના કેસીસની વાત કરવી છે કે એક લાખથી પણ વધારે ડિલિવરીના કેસીસે આ યોજનાનો લાભ લીધો છે અને નવ હજારથી વધારે ડિલિવરી આ વાનની અંદર થઈ છે

અને એને લીધે માતા અને બાળ મૃત્યુદર ઘટયો છે અને અનેક બાળકોની અને માતાઓની જિંદગી બચી છે. આ ૧૦૮ એમ્બ્યુલસમાં ત્રણ વસ્તુનું ક્લસ્ટર છે. ૧૦૮ને ફોન કરવાથી પોલીસને પણ જાણ થઈ જાય છે, ફાયરબ્રીગેડને પણ જાણ થઈ જાય છે અને તબીબી સેવાની સાથે સજ્જ એવી એમ્બ્યુલન્સ પણ પ્રાપ્ત થાય છે અને ખાસ કરીને કહું તો સર્પદંશના સાત હજારથી વધુ કેસીસે આ ૧૦૮ એમ્બ્યુલન્સનો લાભ લીધો છે. ખાસકરીને હું ૧૦૮ની બીજી વાત કરુ તો જે જે દર્દીઓએ આનો લાભ લીધો છે એને કારણે એ એટલી બધી પોપ્યુલર બની છે કે ક્યાંય પણ કોઈ ઈમરજન્સી હોય તો માણસ તુરત એમ કહે છે કે, ૧૦૮ને ફોન કરો અને ૧૪ મિનિટની અંદર આ એમ્બ્યુલન્સ આવી જાય છે અને ખરેખર કહું તો દર ૧૪ મિનિટે એક જિંદગી બચાવવાનું આ ૧૦૮ એમ્બ્યુલન્સે કામ કર્યું છે. અત્યારે ૪૦૦ એમ્બ્યુલન્સો કાર્યરત છે એમાં ૧૦૦ નવી એમ્બ્યુલન્સ લેવાનું પણ આયોજન રાજ્ય સરકારે કરેલ છે. એક વાત મારે નાનકડી એ કરવી છે કે, જ્યારે યમરાજાએ યમદૂતને બોલાવીને પૂછ્યું કે ભાઈ, કેમ હમણા આવક ઓછી થઈ ગઈ છે? ત્યારે એણે જવાબ આપ્યો કે સાહેબ, શું કરું આ મોદીની ૧૦૮ એમ્બ્યુલન્સ મારી પહેલા પહોંચી જાય છે ત્યાં. એટલે આવી રીતે જિંદગીઓ આનાથી બચી રહી છે. અનેક એવોર્ડ રાજ્ય સરકારે પ્રાપ્ત કર્યા છે. ચિરંજીવી યોજનાની એક નાનકડી વાત કરીને મારું વક્તવ્ય હું પૂરું કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, ચિરંજીવી યોજના એ એક અદભૂત યોજના અને ખાસકરીને ગામડાની ગરીબ બહેનો માટે આ યોજના કરવામાં આવી છે અને એશિયન ઈનોવેશન એવોર્ડ આને પ્રાપ્ત થયો છે શિંગાપોરની અંદર અને એની સાથે સાથે બાળશખા યોજના જોડવામાં આવી. આ બાળશખા યોજના અને ચિરંજીવ યોજનાથી ૩૭ ટકા જે આપણા સામૂહિક કેન્દ્રો છે એમાં જ માત્ર ગાયનેકોલોજીસ્ટ અવેલેબલ છે ત્યારે ૨૦૦૦ ગાયનેકોલોજીસ્ટમાંથી ૭૬૮ ગાયનેકોલોજીસ્ટે આ યોજનાનો લાભ લીધો છે અને જેને પરિણામે ૬૩ ટકા ઈન્સ્ટીટ્યુશનલ ડિલિવરી હતી એ આજે ૮૮ ટકા ઈન્સ્ટીટ્યુશનલ ડિલિવરી થાય છે અને એ ચિરંજીવ યોજનાનો લાભ ૪ લાખ ૩૫ હજાર લોકોએ લીધો છે અને એમાંથી ૬૯૬ જે માતાના મૃત્યુ થાય એને બદલે ૭૭ માતાના મૃત્યુ થયા છે અને બાળકોના ૪.૫૦ લાખના કેસોએ ૨૧૭૫૦ મૃત્યુ થાય એને બદલે ૧૬૪૬ બાળકોના મૃત્યુ થયા છે એટલે માતૃ મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવા માટે આ ચિરંજીવ યોજના કારણભૂત બની છે. માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને ખરેખર અમે ગૌરવ અનુભવીએ છીએ કે, આ સભાગૃહની અંદર અમે કામ કરી રહ્યા છીએ અને આવા મુખ્યમંત્રી અને આવી સરકાર સાથે કામ કરવામાં ભાગીદાર બની શક્યા છીએ એ ખરેખર અમારુ સદભાગ્ય છે અને રાજ્યપાલશ્રીએ જે ગૌરવવંતુ પ્રવચન આ સભાગૃહમાં કર્યું છે તેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન સરકાર તૈયાર કરતી હોય છે. રાજપાલશ્રીના તૈયાર કરેલા આ પ્રવચનમાં સરકારની દિશા અને સરકારની દ્રષ્ટિ ગોચર થતી હોય છે. માનનીય રાજયપાલશ્રી પ્રવચન વાંચતા હોય છે. માનનીય રાજયપાલશ્રી એક ગાંધીયન છે, એક ટ્રુ ગાંધીયન છે. એમની પ્રતિભા એમની ૮૬ વર્ષની ઉંમરના પ્રભાવ એને જરૂર જેટલા અભિનંદન આપીએ એટલા ઓછાં છે. પણ એમની પાસે જે વંચાવ્યું સરકારે એમાં ક્યાંય દિશાય ના મળે, કોઈ દ્રષ્ટિ પણ ના મળે. (અંતરાય) એ તો વાંચતા જ હોય છે. એમજ પ્રયોગ થાય, આ ટાઈમ મારામાં નહિ ગણાય.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### રાજયપાલશ્રીના પ્રવચન અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ એમ કહ્યું કે સરકારે વંચાવ્યું. (અંતરાય) નહિ, આ બંધારણીય રીતે ઠરેલું છે. કેન્દ્ર સરકારનું પ્રવચન રાષ્ટ્રપતિજી વાંચે, રાજય સરકારનું પ્રવચન રાજયપાલશ્રીઓ વાંચે અને રાજય સરકારની આ કામગીરી કરવાની બંધારણીય જવાબદારી છે કોઈ ફરજ પાડી છે વંચાવ્યું છે એ પ્રકારનો જે ભાવ એમણે ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો છે એની સામે અમારો વાંધો છે.

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીનું પ્રવચન એ રાજયપાલશ્રીનું પ્રવચન જ ગણાય એટલે એના પર બહુ વિવાદ કરાય નહિ રાજયપાલશ્રીનું પ્રવચન રાજયપાલશ્રીનું જ પ્રવચન છે અને એને વંચાવ્યું એ શબ્દો પણ વાપરવા એ આપના ટેસ્ટના નથી.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશ:)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીએ એમની બંધારણીય જોગવાઈ મુજબ સરકારે તૈયાર કરીને આપેલું પ્રવચન જે વાંચ્યું આ ગૃહમાં એમાં દિશા કે દ્રષ્ટિ કશું જ નથી. હું એ વાત કરવા

માગું છું માનનીય આત્મારામભાઈ બોલ્યા આજે મને આનંદ થયો કે ભલે એક શરૂઆત તો કરી કયાંક ક્યાંક એમણે મને અહીંયા ટકોર કરવાના મુદ્દા સામેથી આપ્યા, સીધું નહિ તો ઈનડાયરેક્ટલી હું કહી શકું, એમને સમર્થન આપ્યું માનનીય નીમાબહેને. માનનીય નીમાબહેનને ૧૯૯૨ થી ૧૯૯૫ સુધી મેં નિહાળ્યા હતા એમની એ જ શબ્દોની સજાવટ એમના એ જ મુખ્યમંત્રી માટેના તોરણ બાંધવાના એમના એજ પક્ષની નીતિ, પક્ષ બદલાયો હોય, શખ્સ બદલાયો હોય પણ નીમાબહેનની સજાવટ એની એ જ રહી છે એ વાત માટે અભિનંદન આપું છું. મેં માનનીય ચીમનભાઈ માટે એમણે બોલેલા એ શબ્દો સાંભળ્યા હતા, મેં માનનીય સ્વર્ગસ્થ છબીલભાઈની પ્રસંશા કરતાં એમને સાંભળ્યા હતા અને આજે એ જ શબ્દો અને એ જ સજાવટ, એ જ સજધજ, જે શબ્દોથી કોંગ્રેસના વખાણ કરતા હતા, જે શબ્દોથી સ્વ. ચીમનભાઈ અને સ્વ. છબીલદાસભાઈના વખાણ કરતા હતા, એ જ શબ્દો આજે, માત્ર પાત્રો બદલાયા છે એમની સજધજ એની એ જ રહી છે. સંત કબીરે કહ્યું છે કે જો તમારે સુધરવું હોય, જો તમારે સારું થવું હોય તો તમારા ટીકાકારને તમારી સામે ઘર આપજો. આ સંત કબીરના શબ્દો અને આપણી લોકશાહીએ એ વ્યવસ્થા કરી આપી કે સરકાર સુધરે એટલે એના ટીકાકાર તરીકે વિરોધપક્ષના નેતાને એમની સામે સ્થાન આપ્યું. પરંતુ લોકશાહી વ્યવસ્થાનું સન્માન ન થયું અને હું આજે સંત કબીરના કહેવા મુજબ સામેથી મળ્યો છું, એમણે ઘર આપવું નથી પડ્યું, મેં મેળવેલા ઘરમાંથી હું બોલું એ સાંભળવાની તૈયારી પણ, ટીકા સાંભળવાની તૈયારી પણ આ સરકારની નથી. આપણા શાસ્ત્રો પણ એમ કહે છે કે જ્યારે કોઈને મદદ કરોને તો જેને મદદ કરો છો એને નીચું નહિ જોવું પડે એની ચિંતા કરજો, જમણો હાથ આપે અને ડાબાને ખબર ન પડવી જોઈએ એ ભાવ રાખજો તમે. વરસોથી જે યોજનાઓ ચાલે છે, ઘેર બેઠાં બેઠાં એ યોજનાના પૈસા મળતા હતા આજે મહિનાઓ સુધી એ પૈસા ના મળે, મુખ્યમંત્રીશ્રીની તારીખ મળે ગરીબ કલ્યાણનું પોરસ ચડે એ સમયે એ માણસને કેટલેય દૂર જઈએ કાગળ એક લેવાનો કે તને આ યોજનાનો લાભ બાર મહિના પહેલાં મળ્યો હતો એના માટે હું ખુશી વ્યકત કરું છું અને આ છે એનો આંકડો. આ વિધાનસભા ગૃહના એક સભ્યશ્રી જેને ગરીબ નહિ કહી શકીએ, આપણો પગાર ગરીબની વ્યાખ્યામાં નહિ આવે એમને ગરીબ કલ્યાણ મેળામાં કાગળ અપાયો છે, શું આ કલ્યાણ છે. મારા ગામમાં..મારા ગામમાં સૌથી મોટો ખાતેદાર ખેડૂત ધર્મેન્દ્રસિંહજી ગોહિલ. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મોટો ખાતેદાર ગામના ખેડૂત. અને તેને ક્રોપ લોન મળે, બધા ખેડૂતને મળે. મારી જમીનના પ્રમાણમાં ૯ મહિના માટેની મને લોન મળે. ટૂંકા મદદની ક્રોપ લોન. તે મારે માર્ચ મહિનામાં પૈસા ભરાયેલા હોય અને મારું ખાતું ચોખ્ખું હોય તો એપ્રિલ મહિનાથી હું ગમે ત્યારે તે પૈસા વિડ્રોઅલ કરી શકું. ૯ ટકાના વ્યાજે ડિસ્ટ્રિક્ટ કો. ઓપરેટીવ બેન્ક કોંગ્રેસના શાસનવાળી તેને આપે અને ડિસેમ્બર મહિનામાં તેને તે પૈસા પાછાં ભરવાના હોય. આ વર્ષોથી મેળવે. આ માણસને એક કાગળ આપ્યો કે અઢી લાખ રૂપિયાની લોન કિસાન ક્રેડીટ કાર્ડ નિમિત્તે તમને મળી છે તેની હું ખુશી વ્યક્ત કરું છું મુખ્યમંત્રીશ્રી અને ગરીબ કલ્યાણ મેળામાં તમારા આંકડાનો સમાવેશ કરવામાં આવ્યો કે અમે ગરીબને આ પૈસા વહેંચ્યા છે. સૌથી મોટો ખાતેદાર ખેડૂત છે ગામનો. અઢી લાખ રૂપિયાની લોન છે અને તે લોન વાળાને તમે કાગળિયું પકડાવીને કહો છો કે ગરીબ કલ્યાણ મેળાની આ રકમ તને આપી. શું આ કલ્યાણ છે? માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કાર્યક્રમ. સરકારી કાર્યક્રમમાં જવાનો અમારો સંપૂર્ણ અધિકાર છે. અને અમને જતાં રોકવામાં આવે માનનીય અર્જુનભાઈને, માનનીય પરંજયભાઈને, માનનીય હીરાભાઈને અનેક મારા ધારાસભ્યશ્રીઓ અમદાવાદના યાસુદીનભાઈ હોય કે શૈલેષભાઈ પરમાર હોય બધાને રોકવાનો પ્રયત્ન થયો. હું આપનું ધ્યાન દોરું છું માનનીય અધ્યક્ષશ્રી, કે કેવી આ ગૃહની પરંપરા છે કેવા માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો. માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તકના પાના નંબર.૨૭૯ના એક નિર્ણય ક્રમાંક તરફ આપનું ધ્યાન દોરું છું. પાના નંબર.૨૮૦ ઉપર છે કે,આ ગૃહના પ્રતિનિધિ તરીકે જે અધિકાર ગૃહના બન્ને પક્ષના સભ્યોને છે એ પ્રતિનિધિ તરીકે આ ગૃહની લાગણી સરકારને પહોંચાડવાની ગૃહના માનનીય સભ્યોએ જે ફરજ પાડી છે તે મારે પહોંચાડવી જ જોઈએ. મને એમ લાગે છે કે સરકાર દ્વારા યોજનાર કોઈ પણ ફંક્શન હોય એમાં INFORMAL કે FORMAL કોઈ પણ જાતના આમંત્રણ અથવા તો કોઈ વિવેકથી પણ કોઈને આવવાનું કહેવામાં આવે તો તમામ પક્ષના સભ્યો સાથે સરખો વર્તાવ હોવો જોઈએ. ધારાસભ્ય હોવાના કારણે બન્ને સરખા છે, કારણ કે આ ગૃહના સરખી કક્ષાના તમામ સભ્યો છે, એમાં કોઈ પણ ભેદભાવ ન હોવો જોઈએ. આવી ભવિષ્યમાં ભૂલ ન થાય અને આવી ફરિયાદ ન રહે એટલા માટે સરકારે પોતાના જિલ્લાના અધિકારીઓને પણ આ અંગે યોગ્ય સૂચના આપવી જોઈએ. અને પછી માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજીના બે પેરેગ્રાફ છે હું સમય બચાવવા તે વાંચતો નથી. કડક ટકોર માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધ પક્ષના સભ્યોના રક્ષણ માટે કરી હતી. શું કર્યુ આપે ગરીબ કલ્યાણ મેળામાં ? શું અમારો સ્ટેજ ઉપર બેસવાનો અધિકાર નહોતો ? તમારી વાત કરો તો અમારી વાત સરકારના કાર્યક્રમમાં કરવાનો અમારો અધિકાર નહોતો ? શા માટે આ છીનવવામાં આવ્યો ? અને હું તો આપને પણ માનનીય અધ્યક્ષશ્રી કહીશ કે ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓએ જે ધ્યાન દોર્યુ હતું આપ પણ આપના પદથી ઉપર ઉઠીને જૂની પરંપરાઓ છે તેના માટે આપ પણ આદેશ આપો કે ભવિષ્યમાં સરકાર હોય કે સરકારનો અધિકારી હોય તેની તાકાત ના ચાલે કે મારા સભ્યને તેના ઘરમાં જઈને એરેસ્ટ કરવાની ચેષ્ટા ના કરી શકે. અમારું રક્ષણ કરવાની માનનીય અધ્યક્ષશ્રીએ ભૂતકાળમાં સ્વીકારેલી જવાબદારી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું બીજી એક બાબત તરફ ધ્યાન દોરું છું અને આ ગૃહના

માનનીય સભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું કે આપ જોજો આપણે શેના માટે બદનામ થઈએ છીએ. કોઈ પણ સરપંચ પાંચ હજાર રૂપિયાનું કામ પણ જો વગર ટેન્ડરે બહાર પાડેને તો આપણે તેને ઘરભેગો કરી દેતાં હોઈએ છીએ. કે કોમ્પીટીટીવ બીડ નથી મંગાવ્યું, ટેન્ડર નથી મંગાવ્યા માટે તું ઘરભેગો થઈ જા. આપણે ગુજરાત સ્ટેટ પૅટ્રોલિયમ કૉર્પોરેશન જી.એસ.પી.સી.નું પીપાવાવ ખાતેનું પાવર સ્ટેશન ૪૯ ટકા શેર એનો કોઈ પણ જાતના ટેન્ડર વગર ૩૮૧ કરોડ રૂપિયામાં પધરાવી દીધું. અને એની આવક કેટલી થશે ? એની આવક ૧૨ હજાર કરોડ રૂપિયા કાર્બન ક્રેડીટની માત્ર આવક થશે. ૪૯ ટકાનો હિસ્સો લીધો છે, હું ભાગીદાર થાઉં ૪૯ ટકાનો તો દરેકમાં ૪૯નો જ હોઉંને સાહેબ. આ તો જેમાં ૧૦૦ ટકા નફો છે, એવી કાર્બન ક્રેડિટમાં ૭૦ ટકા સ્વાન એનર્જીને મળશે અને ૪૯ ટકાના ભાગીદારને નફામાં ૭૦ ટકા મળશે. આ કઈ પ્રકારની નીતિ છે? અને મેં જયારે આ કહ્યું ત્યારે આ સરકારના જવાબદાર બે મંત્રીશ્રીઓએ એક પ્રેસનોટ ઈસ્યુ કરી કે કાર્બન ક્રેડિટ માટે કોઈ નિર્ણય જ થયો નથી. શકિતસિંહ ધડમાથાં વગરની વાતો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે અહીંયા ગૃહ સામે ધડ અને માથું બન્ને રજૂ કરવા છે. આ જી.એસ.પી.સી.ની પ્રેસનોટ છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોરપોરેશનની પ્રેસનોટ છે. આ સ્વાન એનર્જીની પ્રેસનોટ છે. બન્નેમાં લખ્યું છે કે અમને કાર્બન ક્રેડિટ મળશે. ૯.૩ મિલિયન યુનિટ મળશે એમ એ કહે છે. ૭૦ ટકા હિસ્સો મળશે એમ જી.એસ.પી.સી. અને સ્વાન એનર્જી કહે છે. આજનો ૨૦ યુરો એક યુનિટનો ભાવ છે. ૬૫ રૂપિયાનો એક યુરો થાય. ગણતરી કરી લેજો. ૧૨ હજાર કરોડ રૂપિયા સ્વાન એનર્જીને આપ ફાયદો આપો છો અને આ ઓન રેકર્ડ પણ હું આપની પાસે મૂકવા માગું છું કે જેથી રાજય સરકારના ૨ જવાબદાર મંત્રીશ્રીઓએ જે વાત કરી છે. એ વાતનો પર્દાફાશ થાય. (અંતરાય) એ ભાઈ, ૨ જવાબદાર એટલે ૨ મંત્રીશ્રીઓએ કહ્યું. (અંતરાય) આત્મારામભાઈ બોલ્યા એટલે કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજી બાબત તરફ આપનું ધ્યાન દોરવું છે. આ સરકારમાં નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં..

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ પ્રવચન કરતા હતા ત્યારે આ બાજુથી દખલ થઈ નથી. આપ પણ સંયમ રાખશો. (અંતરાય) તમે નથી બોલ્યા, તમને નથી કહેતો. જે બોલ્યા છે એને ખબર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એ કહેવા માગુ છું કે આપણે પર્યાવરણની ચિંતાની વાત કરીએ છીએ. નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં ગ્લોબલ વોર્મિંગનો ઉલ્લેખ છે. આ સરકારના જ એક અધિકારી ડો. રાઠી, ટેકનિકલ એડવાઈઝર કેમિકલ, એની એક કમિટી આપે બનાવી હતી. આપે એ કમિટીને જવાબદારી સોંપી હતી કે ગુજરાતમાં પ્રદુષણની બાબતમાં શું ચાલે છે, એનો રીપોર્ટ આપજો. રાજય સરકારના અધિકારી ડો. રાઠીએ આપેલ અહેવાલની નકલ મારી પાસે છે. એની માત્ર ૩ લાઈન હું વાંચુ છું. " It is interesting to observe that this industries continue to operate and float all regulations, but have not come under the scanner of Gujarat Pollution Control Board. There cannot be a better example of nexus between industries and Regulator than this.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓની સાંઠગાંઠ ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ સાથે છે અને ઉદ્યોગો પ્રદુષણ કરે છે, એમ કોઈ બીજું નહીં, પણ ગુજરાત સરકારે નિયૂકત કરેલા અધિકારીના અહેવાલમાં છે. એણે એમ કહ્યું છે કે There is no wonder that this industries get protected. આ ઈન્ડસ્ટ્રીઝને પ્રોટેકટ કરવાનું કામ આપ કરો છો, એમ હું નથી કહેતો. આપે નિયૂકત કરેલા આપના અધિકારીના અહેવાલમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઉદ્યોગપતિઓને જમીન પધરાવવાનો કેવો ઉત્સાહ વધ્યો છે. આ જ રાજય સરકારના એક અધિકારી, અધિક કલેકટરશ્રી, ઘુડખર અભ્યારણ્ય, એમણે કાગળ લખવો પડયો છે કે સાહેબ, આ રીઝર્વ ફોરેસ્ટ છે. એમણે ટાંકવું પડયું છે કે કોર્ટમાં પણ તમે ખાતરી આપી છે અને જજમેન્ટ છે. સરકારનો જી.આર. છે કે ઘૂડખર અભ્યારણ્યમાં તમારાથી કંઈ ન અપાય. અને છતાં કલેકટરશ્રી, રાજકોટે શું કર્યુ? નવલખી માળિયામાં ઘુડખર રીઝર્વ ફોરેસ્ટમાં ૬૪૦ એકર જમીન વિનોદ સોલ્ટ વર્કસને આપી. ૧૭૫ ભાવપર, તાલુકો માળિયામાં લખીરાજ સોલ્ટ વર્કસને આપી. બોડકી, તાલુકો માળિયામાં જયદીપ કોરપોરેશનને ૨૫૦ એકર આપી અને વર્ષા મેડી તાલુકો માળિયામાં ૨૮૩.૧૯ એકર બીપીન સોલ્ટ વર્કસને આપે લીઝ ઉપર પધરાવી દીધી. અને એનો વિરોધ મારે નહીં, આપના અધિક કલેકટરે લેખિતમાં કરવો પડયો કે આ ન જ થઈ શકે. સંપુર્ણપણે કાયદાથી વિરૂદ્ધ છે. અને છતાં આપણે એને પધરાવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું છે કે આપ રક્ષણની વાત કરો છો, આપ પોલીસના જવાનોની પૂરી ભરતી તો કરતા નથી, આપ એમને ફીકસ પગારમાં મૂકો છો અને હવે એક ડગલું આગળ વધ્યા છો, એમને રજા પગાર વર્ષોથી મળતો હતો એ એમનો અધિકાર છે તો એમનો એ રજા પગાર તો એમને આપવાનું કમસે કમ ચાલુ કરો. આપની સલામતીની એ ચિંતા કરે છે એટલે અત્યારે એ ઓછા છે અને એમને આપની સલામતીમાં રોકી રાખો છો અને આખું ગુજરાત અસલામત છે અને માત્ર આપ એક સલામત છો ત્યારે આ સરકારમાં આપે સૌની ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈનો હું આભાર માનું છું કે તેમણે ઈન્દુ ચાચાને યાદ કર્યા. ઈન્દુ ચાચાએ ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારે કહ્યું હતું કે મારું કોઈપણ સ્મારક બનાવશો નહીં, મારી પાછળ એક રૂપિયાનો પણ ખર્ચ કરશો નહીં અને એટલે ઈન્દુ ચાચાનું સ્મારક આખા ગુજરાતમાં કયાંય નથી, આ

તેમની અંતિમ ઈચ્છા ગણીએ તો અંતિમ ઈચ્છા હતી કે પ્રજાની તિજોરીનો એક પણ પૈસો ખોટા કાર્યક્રમો કે સ્મારકો પાછળ ના ખર્ચવો જોઈએ, એ પૈસો આમ આદમી પાછળ ખર્ચાવો જોઈએ. અને એ ઈન્દુ ચાચાના નામ સાથે જો આપણે સ્વર્ણીમ ગુજરાતની ઉજવણી કરતા હોય તો એમાં અમારો સાથ છે, પરંતુ આમાં જો તમે કરોડો રૂપિયાનો ધૂમાડો કરશો તો એનાથી ઈન્દુ ચાચાના આત્માને શાંતિ મળશે ખરી? ઈન્દુચાચાએ કહ્યું હતું કે આપણા સૌનું ગુજરાત છે. અહમના પોષણ માટે ગુજરાત નથી અને આપણે જો અહમનું પોષણ કરીશું તો તેમના આત્માને શાંતિ મળશે? એમણે કહ્યું હતું કે ગુજરાતનું ગૌરવ અમારા હૈયે છે, ચાલો આપે સૌ સાથે મળીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને ખાતરી આપી હતી કે ગુજરાતના વિકાસમાં તમામ સરકારોનો ફાળો છે, તમામ મુખ્યમંત્રીશ્રીઓનો ફાળો છે અને આજે એમણે શું કર્યુ કે આ કાર્યક્રમ પૂરો થયા પછી આખા ગુજરાતમાં પાટિયાં લગાવી દીધાં છે ફોટા સાથેનાં, બીજા કોઈ મુખ્યમંત્રીશ્રીનો ફોટો નથી, ચારે બાજુ ફોટાનાં પાટિયાં છે. (અંતરાય) અમારા ફોટાની અમારે જરૂર નથી, પરંતુ ગુજરાતના માજી મુખ્યમંત્રીઓ સર્વશ્રી સ્વ.જીવરાજ મહેતા, સ્વ. બળવંતરાય મહેતા, સ્વ. ઘનશ્યામભાઈ ઓઝા, માધવસિંહજી સોલંકી, શંકરસિંહ વાઘેલા, દિલીપભાઈ પરીખ, સ્વ. શ્રી ચીમનભાઈ પટેલ, સ્વ. શ્રી છબીલદાસ મહેતા, સ્વ. શ્રી બાબુભાઈ પટેલ આ બધા મુખ્યમંત્રીશ્રીઆનો ફોટાઓ સાથે જો ૫૦ વર્ષની સ્વર્ણીમ ગુજરાતની ઉજવણી કરો છો તો કમસે કમ આ ૫૦ વર્ષમાં તમામ ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીઓના ફોટાઓ રાખીને ઉજવણી કરો. ૫૦ વર્ષમાં જેમણે યોગદાન આપ્યું છે એના ફોટાનાં હોર્લ્ડિંગ ના લગાવી શકયા હોત? આ તો આમ કરીને ઉભા રહેવાથી શું થશે એ વાત કરવા માગતા હોય. (અંતરાય)

માનનીય આત્મારામભાઈએ એક બીજી પણ ટીકા કરીને કહ્યું કે ૮૬ વર્ષે સ્ફૂર્તીથી ઉભા રહીને રાજયપાલશ્રી વાંચી શકે છે. ૭૨ વર્ષવાળા ઉભા રહીને વાંચી શકતા નથી..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મને ઉદ્દેશીને કહ્યું છે. તો એમાં તો મેં પહેલાં જ કહ્યું હતું કે મારો પગ દુ:ખે છે એટલે હું ઉભા રહીને વાંચી નહીં શકું.

**અધ્યક્ષશ્રી** : આપ કહો એ પહેલાં હું કહીશ, આપ બેસો. માનનીય શકિતસિંહજી, આપ કેટલીકવાર આપનું જે ગૌરવ છે વાત કરવાનું એનાથી આપ નીચે જતા હોય એવું લાગતું નથી? (અંતરાય) આપની વાત છે, આત્મારામભાઈએ જે કહ્યું, એમણે રાજયપાલશ્રી માટે કહ્યું કે ૮૬ વર્ષની વયે વાંચે છે અને આપ માનનીય વજુભાઈ માટે કહા છો કે ૭૨ વર્ષની વયે ઉભા રહીને વાંચી શકતા નથી. તો મેં એમને મંજૂરી આપી છે અને એ મંજૂરી આપવાનો મારો અધિકાર છે અને કોઈપણ કારણસર નીચે બેસીને વાંચે તો આપણા એના માટેના નિયમો છે અને એટલા માટે કહું છું કે આપનું જે ગૌરવ છે એ ગૌરવથી આપ નીચે ના જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણયની ટીકા ના હોઈ શકે, પરંતુ અમને પીંચ થયું હોય એટલે કયારેક કહેતા હોઈએ છીએ. એમાં કોઈ ટીકાટીપ્પણ ના થઈ શકે. મમતા બેનરજી હોય કે પ્રણવ મુકરજી હોય કે આ ગૃહના કોઈપણ માજી નાણામંત્રીશ્રી હોય અને તે દિવસે પણ મેં મારી વ્યથા રજૂ કરતાં કહ્યું હતું કે રાજયક્ક્ષાના મંત્રીશ્રી વાંચે તો કોઈ ફરક ના પડે અને ગૃહનું માન જળવાય. એટલે અમને પીંચ થયું હતું એટલે કહ્યું છે અને એ સંજોગોમાં આ વાત કરી છે. માનનીય આત્મારામભાઈ કહેતા હતા કે આમાં રાજકારણ નહીં લાવવું જોઈએ ગુજરાતના સ્થાપના દિનમાં રાજકારણ વચ્ચે ના લાવવું જોઈએ. તો અમે પણ એ લાવતા નથી અને તમારે પણ ના લાવવું જોઈએ. ગુજરાતના ગૌરવની વાત છે, પણ જયારે વાત કરી છે ત્યારે હું ટીકા ટીપ્પણમાં નથી પડતો, પણ એટલું ચોકકસ કહું છું કે જોઈ લેજો ઈતિહાસ, મહા ગુજરાતની ચળવળમાં જોડાયેલા નેતા યા તો કોંગ્રેસમાં હતા યા પછી એમનું જીવન એમણે કોંગ્રેસમાં વિતાવ્યું છે. પક્ષીય બાબતો નહીં કરવી જોઈતી હતી. અને મહા ગુજરાત આપનારો નિર્ણય કરનાર સરકાર પણ કયા પક્ષની હતી એ ઈતિહાસ કહે છે. પણ એમ છતાં પણ સ્વર્ણીમ ગુજરાતની ઉજવણી કરતા હોઈએ ત્યારે એકબાજુથી એમ વાત કરીએ અને બીજી બાજુથી આમ વાત કરીએ તો ગૌરવ ખંડિત થવાનું છે. અમે અહીં આવવાનો નિર્ણય કર્યો હતો ત્યારે પણ કેટલીક બાબતો તરફ ધ્યાન ખેંચ્યું હતું. એમાંના માત્ર ચાર-પાંચ મુદ્દાઓ તરફ હું બહુ ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું. કચ્છની જે હાલત થઈ રહી છે, પ્રક્રિયા નેવે મુકીને એક પાવર પ્લાન્ટ માટેની વાત કરો છો, આપણા મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીએ લખીને આપેલ છે કે સાહેબ એકાદ ઉદ્યોગપતિમાં પડવાના કારણે કેટલાયે માછીમારો, કેટલાયે સામાન્ય માણસો, કેટલાયે અગરીયાઓના જીવન બરબાદ થઈ જશે. અને રોજગાર વગરના થઈ જશે. લેખિતમાં પત્ર મત્સ્યોદ્યોગ કમિશ્નરનો મારી પાસે છે. અને એમ છતાં આપણે જમીન વિહોણા ખેત મજૂરોની ચિંતા કરતા નથી, આદિવાસોઓ માટેનો કાયદો આવ્યો છે તેને જમીન આપી દેવા માટે ટાઈમ બાઉન્ડ પ્રોગ્રામ આપ આપી શકતા નથી કે ગ્રામ સમિતિ નકકી કર્યા પછી આટલા સમયમાં તેને સનદ આપી દવામાં આવશે. પણ ઉદ્યોગ વિભાગ આપના વિભાગના અધિકારીને ઓવર રૂલ કરીને જમીનની લહાણી કરે છે તેના માટે વાંધો છે. આપ નકકી કરો કે ગ્રામ સમિતિ મળશે, તાલુકા સમિતિ એક વિકમાં મળશે, જિલ્લા સમિતિ બે વિકમાં મળશે અને ત્રણ વિકમાં આદિવાસીઓને જમીનમી સનદ આપી દેવામાં આવશે. તેવો નિર્ણય કેમ નથી કરતા? બેકલોગની ખાલી જગ્યાઓ પુરતા પગાર સાથે ભરવાનો નિર્ણય કેમ નથી કરતા? આમાનું કશું રાજયપાલશ્રીના પ્રવચનમાં રજૂ થયું નથી. એટલા માટે માનનીય રાજયપાલશ્રીના વ્યકિતગત આદર સાથે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં

સરકારની બીજી કોઈ દ્રષ્ટિ નથી, માત્ર મૂઠીભર લોકો માટેની વાત અને શબ્દોની સજાવટ છે માટે તેને સમર્થન આપી શકતો નથી એટલું કહી અને વિરમુ છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર માનનીય આત્મારામભાઈએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું. સ્વર્ણીમ ગુજરાતના આ વર્ષમાં આ ગૃહમાં આવીને સ્વર્ણીમ ગુજરાતના કાર્યક્રમમાં ભાગીદાર થવા બદલ હું મારી જાતને ધન્ય માનું છું. ગુજરાતે સમગ્ર દેશને દિશા આપી છે એ ભૂતકાળ પણ કહે છે. સરદાર પટેલની આ ભૂમિ છે. સરદાર પટેલે ગુજરાતને એક અને અખંડ બનાવવાનું કામ કર્યુ છે. આવા ગુજરાતને આપણે સૌ એ દિશામાં લઈ જઈએ જેને કારણે આપણે સૌ ગૌરવ લઈ શકીએ. આ રાજયમાં છેલ્લા છ સાત વર્ષથી રાજયના મુખ્ય મંત્રીશ્રી અને સરકારે ગરીબીની સામે યુધ્ધ જાહેર કર્યુ છે. અને ગરીબીની સામે યુધ્ધ જાહેર કરીને રાજયમાં એ યુધ્ધના સાધનોમાં શિક્ષણ અને વ્યસન મુકિતને હથિયાર બનાવ્યું છે. ગુજરાતની અંદર ગરીબી હટાવવાની વાત ભૂતકાળમાં પણ કરી હતી પરંતુ મારે કહેવું છે કે ગુજરાતમાં એ વખતે ગરીબી હટવાને બદલે ગરીબો હટી ગયા હતા એ આપણે સૌ જાણીએ છીએ. આજે જો એ પરિસ્થિતિ હોત અને એ વખતે ગરીબી હટાવવાનો કાર્યક્રમ સાચી દિશામાં ચાલ્યો હોત તો મને લાગે છે કે આજે જે પરિસ્થિતિ છે એ ન હોત.

## સભાપતિ શ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને

આ ગરીબી હટાવવા માટે આજે શિક્ષણ અને એમાં પણ ખાસ કરીને કન્યા કેળવણી માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ પોતાની જાતને એની અંદર આગળ વધારી છે. એ જ્યાં જાય છે ત્યાં દીકરીઓના શિક્ષણ માટે એ પોતાનો ખોળો પાથરીને ભીખ માગે છે કે આ રાજયના મુખ્યમંત્રીશ્રી તરીકે હું તમારી સામે ભીખ માગું છું. મારે ભીખમાં નાણાં નથી જોઈતા, મારે તમારી સંપત્તિ નથી જોઈતી, મને એક વચન આપો કે હું મારી દીકરીને ભણાવીશ. આ દીકરીઓને ભણાવવા માટેની આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આટલી બધી ચિંતા કરી છે એ આવતી ઊજળી કાલનું પ્રમાણ છે.

હમણાં ગરીબ કલ્યાણ મેળાની વાત થતી હતી. માનનીય આત્મારામભાઈએ આ અંગે વિશદ ચર્ચા કરી છે. ગરીબ કલ્યાણ મેળાની અંદર તમે જૂઓ કે રાજયના મુખ્યમંત્રીશ્રી ગરીબોને બેઠા કરવા માટેનો પ્રયાસ કરે છે. દેશની આઝાદી વખતે સુભાષચંદ્ર બોઝ બોલ્યા હતા કે" તુમ મુઝે ખૂન દો, મેં તુમકો આઝાદી દુંગા " એ જ રીતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગરીબ કલ્યાણ મેળામાં કહે છે, ગરીબ લોકોને આહ્‌વાન કરીને કહે છે કે તમે મને તમારી બદી આપો, તમારું મને વ્યસન આપો હું તમને સુખ આપીશ. આ જાતની વાત કરીને એ છેવટે ગરીબી હટાવવાનું કામ ઉજાગર બને. આ સરકાર જ્યારથી આ દિશામાં કામ કરે છે ત્યારથી એનું જે વિશાળ ક્ષેત્ર છે ખાસ કરીને રાજયના વહીવટમાં ગ્રામીણ વિસ્તાર કે જેની અંદર રાજયની વસતિના કુલ ૬૫ ટકા વિસ્તાર છે એની અંદર પણ ગ્રામીણ વિસ્તારમાં લગભગ ૮૦ થી ૮૨ ટકા લોકો ગરીબ છે એ ગરીબોની ગરીબી દૂર કરવા માટે રાજય સરકારે યોગ્ય દિશાએ અને બરાબર સાચી દિશાના પગલાં લીધા છે અને ગરીબોએ આજે અપેક્ષા રાખી છે કે આ સરકાર જ એમને રોટલો અને ઓટલો આપી શકશે. આ દિશામાં રાજયની સરકારે ગુજરાતની અંદર ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ નામની યોજનાઓ મૂકી છે. ઈન્દિરા આવાસ યોજનામાં ઝીરોથી ૧૬ની ટકાવારીના ગરીબો આવે છે એની અંદર રાજય સરકાર અને કેન્દ્ર સરકારની સહાયથી આવાસ અપાય છે એ રીતે ગુજરાતના ગરીબોને સંપૂર્ણ રીતે સાચી દિશાએ મદદ મળે અને એમને મકાનો મળે એ દિશામાં ગુજરાતની સરકારે સરદાર આવાસ યોજના દાખલ કરી છે. આ સરદાર આવાસ યોજનાની અંદર લગભગ આજ સુધીમાં ૩,૨૩,૫૮૯ મકાનો બનાવવામાં આવ્યા અને એની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. સાથે સાથે આગામી દિવસોમાં પણ એ યોજના ચાલુ રહે અને આ યોજના દ્વારા ગરીબોને રોટલો અને ઓટલો મળે એ દિશામાં ૨૦૧૦-૨૦૧૧માં ૨૮,૮૫૯ આવાસો સામે ૧૨,૫૫૨ લાખની જોગવાઈ કરી છે. આ રીતે ઈન્દિરા આવાસની સામે સરદાર આવાસ યોજના, આ બંને આવાસ યોજના દ્વારા ગરીબોને આજે રોટલો આપવાનું અને ઓટલો આપવાની વાત સાર્થક થઈ છે. ઓટલો આપ્યા પછી રોટલાની પણ ચિંતા કરી છે. અનેકવિધ યોજના દ્વારા એને કામગીરી મળે અને એ કામગીરી દ્વારા એ પોતાનો રોટલો રળી શકે છે.

સાથે સાથે ગામની અંદર ગામડાંની સફાઈની બાબત, માનવીની આરોગ્યની બાબતમાં પણ રાજયની સરકારે ચિંતા કરી છે અને તેમાં જોઈએ તો આજે ગુજરાતના ગામડાંની અંદર ચારે બાજુ ગંદકીના કારણે અસ્વચ્છતા અને અસ્વચ્છતા દૂર કરવા માટે સફાઈ ઉપર વધારેમાં વધારે ધ્યાન આપવામાં આવ્યું છે અને ગુજરાતની તમામ જગ્યાઓ ખાસ કરીને વ્યકિતગત હોય, શૈક્ષણિક સંકૂલો હોય, આરોગ્યના સંકૂલો હોય એ તમામ જગ્યાએ શૌચાલયોની વ્યવસ્થા કરીને ગુજરાતને નિર્મળ ગુજરાત બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તે રીતે રાજય ગમે એટલું ચોખ્ખું હશે, સમાજમાં માનવી એટલો ચોખ્ખા દિલનો ન હોય તો ગમે તેટલી સુંદર યોજનાઓ પણ તેનું ફળ નહીં આપી શકે અને રાજયની સરકારે ગરીબોના દિલમાં, ગ્રામ્ય કક્ષાએ જયારેને ત્યારે લોકશાહીમાં ચૂંટણીઓ થાય છે ત્યારે એ ચૂંટણીમાં વેરઝેર, કલેશ વગેરે થતાં હોય છે. તેને દૂર કરવા માટે અને નિખાલસતા આવે, સમભાવ વધે, માનવતાની ભાવના વધે એટલા માટે ગામની ચૂંટણીને, ગ્રામસભાની ચૂંટણીને સમરસ ગામ બનાવવા માટેના પ્રયાસો થયા, તે રીતે જોઈએ તો આજે સમરસ ગામની યોજના સફળ થઈ રહી છે. તેની સાથે

સાથે ગામના લોકોને યોગ્ય રીતે સુખ-સગવડો મળે અને લોકો એવી જગ્યાએ પોતાના બાળકોને અથવા સ્ત્રીઓને અથવા વૃદ્ધો જઈને આરામ કરી શકે, બેસી શકે તેના માટે તીર્થગામની યોજના કરી. પાવન ગામની યોજના કરી. આ રીતે આ રાજયમાં કલ્યાણ રાજય બનાવવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે અને એ કલ્યાણ રાજયના ભાગીદાર તરીકે આજે અહીં રાજયપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો વ્યક્ત કરવાનો મને આનંદ છે અને આત્મારામભાઈના આભાર પ્રસ્તાવ ઉપર મારા આટલા વિચારો વ્યક્ત કરીને મારું વક્તવ્ય પૂરું કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામભાઈ માનનીય મહામહિમ્ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભી થઈ છું. રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ જે સંબોધન કર્યું તેમાં રાજયના મહાન સપૂતો મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, પૂજ્ય રવિ શંકર મહારાજ અને ઈંદુલાલ યાજ્ઞિકને સંબોધન કરતાં પહેલા નત મસ્તક નમન કરી યાદ કર્યા. આપણાં સૌ માટે ગૌરવ અને આનંદનો આ વિષય છે. મને એક સુત્ર યાદ આવતું હતું. " ફૂલ નહીં ચિનગારી હું, મૈં ભારતકી નારી હું." સાચા અર્થમાં એક મહિલાને ગૌરવ અપાવે એવી ભાષામાં અને પદ્ધતિથી વાત કરી, હું આનંદની લાગણી અનુભવતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત "સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ" મનાવી રહ્યું છે. આ એક ઐતિહાસિક અવસર ગુજરાતમાં ચાલી રહ્યો છે ત્યારે આ સમય દરમ્યાન હું ધારાસભ્ય હોવાનું ગૌરવ પણ અનુભવું છું. ગુજરાતનો એકે એક નાગરિક એના કર્તવ્યની અને અધિકારની ધરોહર ઉપર ઉભા રહેવાની માનસિકતા બનાવી રહ્યો છે. તેની માનસિકતા પ્રબળ બની છે ત્યારે એકેએક વ્યકિત સંકલ્પબદ્ધ બનવા માટેનો સંકલ્પો લઈ રહ્યા છે ત્યારે મને માનનીય અટલજીની એક કવિતા યાદ આવે છે.

આંખોમેં વૈભવ કે સપને, પગમેં તૂફાન કી ગતિ હૈ,
રાષ્ટ્ર ભકિત કા જ્વર ન ઝૂકતા, આઓ જીસમેં હિંમત હૈ.

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ મહામહિમ્ રાજયપાલશ્રીનું ભાષણ અને એક તરફ પક્ષના નેતા એક બહેન વિષેના તેમના ઉચ્ચારણો, ત્યારે મનમાં દુઃખ હતું, મારા ભાઈ છો, પરંતુ કોઈ બહેનોની ગરિમા ઝંખવાય એવું બોલવું, આ ગૃહની અંદર ઉચિત નથી લાગતું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક મોડેલ રાજય તરીકે દેશમાં નં.૧ સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે. અનેક પુરસ્કારોથી આ રાજયને બિરદાવવામાં આવી રહ્યું છે, આવા આપણાં ગૌરવશાળી રાજયના વહીવટ વિશેની મારે થોડીક વાત કરવી છે. કોઈ પોલિટિકલ એનાલિસિસ નહીં કરું. પરંતુ સત્યના આધાર ઉપર સત્યની નીતિ રીતિ થઈ રહી છે એના આધાર ઉપર વાત કરું છું. કોઈ અસત્યને ઘાંટા પાડીને બોલવાથી સત્ય નથી બની શકતું. કેટલીક નક્કર વાત આ ગૃહમાં મૂકવા માગું છું. આ રાષ્ટ્રના બે મહાન સપૂતો મહાત્મા ગાંધીજી અને પંડિત દિન દયાળની સર્વોદય અને અંત્યોદયની ઝંખનાને છેલ્લા આઠ વર્ષથી મૂર્તિમંત કરવા માટે મથી રહેલા ગુજરાતના સંવેદનશીલ અને કર્મઠ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દિવસેને દિવસે સક્રિય બની આ રાજયની પ્રત્યેક જન કલ્યાણ યોજનાઓનો ચુસ્ત રીતે અમલ થાય અને તેના ફળ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે વહિવટી તંત્રનો પ્રત્યેક કર્મચારી પોતે કર્મયોગી બનીને પૂરી સંવેદનશીલતા સાથે સામાન્ય જનની સાથેનું વર્તન સામાન્ય જનનો દ્રષ્ટિકોણ અને અપેક્ષાઓને સમજે અને તંત્ર પ્રો-એકટીવ બને એ માટે માનનીય મંત્રી મંડળના સભ્યોથી લઈને વહિવટી તંત્રના છેક નીચલા વર્ગ સુધીના વ્યકિતઓમાં એક કાર્ય સંસ્કૃતિનું નિર્માણ થાય તે રીતે વહીવટની પ્રક્રિયાઓને ચલાવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, અમે લોકોની વચ્ચે જતા હોઈએ છીએ ત્યારે સમગ્ર ગુજરાતના અને ગુજરાત બહારના લોકોના મુખે એક વાત સાંભળવા મળે છે કે, એર કન્ડીશન ચેમ્બરમાં બેસીને લોકોના હિતની ચિંતા કરવાને બદલે જીવંત લોક સંપર્ક એક આગવી છટાથી કરી, આગવા કાર્યક્રમોથી કરી છેવાડાના માનવી સુધી, છેવાડાના માનવીને સુખ સમૃદ્ધિ મળે એ પ્રકારનો વહીવટ આ રાજય સરકાર કરી રહી છે. એક અનોખા પ્રોગ્રામ વન ડે વન ડિસ્ટ્રીક નામનું એક અનોખું અભિયાન રાજય સરકારે હાથ ધર્યું છે. જિલ્લે જિલ્લે ફરી સુશાસનની દિશાની અંદર એક સીમા ચિહ્ન છે જેની પહેલ આ રાજય સરકારે કરી છે. રાજયના ૨૨૫ તાલુકાઓમાં લોક કલ્યાણ મેળાઓ યોજવાનો નિર્ધાર આ રાજય સરકારે કર્યો છે. આજ દિન સુધીની સરકારોને આ વિચાર સુદ્ધાં આવ્યો નથી. આખું ગુજરાત જાણે છે કે, આ રાજય સરકારનો વહીવટ રોજે રોજ સુધરી રહ્યો છે. અને એના મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા છે. આ આઠ વર્ષની અંદર એક તો વહિવટી તંત્રમાં કોઈપણ જાતનો રાજકીય હસ્તક્ષેપ નથી. આ રાજયના અધિકારીઓની વારંવાર બદલીઓ કરવાના બદલે અધિકારીઓના કાર્યક્ષેત્રમાં સ્થિરતાથી કામ કરવાની એક વ્યવસ્થા આ રાજય સરકારે આપી છે. જે નીતિવિષયક બાબતો છે એ નીતિ વિષયક બાબતોમાં વિસંગતતા હોય એવો ગંભીર પ્રશ્ન ઊભો થયો નથી અને મારે ગૌરવ સાથે કહેવું પડે છે કે, રાજયના વહીવટ માટે નાણાકીય વ્યવસ્થા કરવી પડે. એ વ્યવસ્થા એ જોગવાઈ પૂરતી કરી શક્યા હોવાના કારણે આ રાજયની વિકાસની ગતિમાં કયારેય રુકાવટ આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર-એમ એટલે કે ચાર-એમ ફોર્મ્યુલા. આખા અર્થતંત્રના વહીવટ માટે આ રાજય સરકારે આપેલી વ્યવસ્થા છે. મેન પાવર, મશીન, મની અને મોમેન્ટ. આ ચાર રીતે વહીવટ સજાગ રીતે ચાલી

રહ્યો છે. વહીવટ અને ટૅક્નૉલૉજી આ એક સિક્કાની બે બાજુ છે. જન સુખાકારીમાં ટૅક્નૉલૉજીનો ઉપયોગ થાય, સારી રીતે વહીવટ થઈ શકે, એનો સારી રીતે ઉપયોગ થઈ શકે તે માટે ગુજરાતને જીઓ સ્પેશિયલ એવોર્ડ ૨૦૦૯ પ્રાપ્ત થયો છે. ગુજરાતના ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી વિભાગ દ્વારા વહીવટમાં જન સુખાકારી માટે આધુનિક સેટેલાઈટ પદ્ધતિથી સેટેલાઈટ મેપીંગ કરીને તેનો ઉપયોગ કરવાના કારણે આ એવોર્ડ રાજય સરકારને પ્રાપ્ત થયો છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ પણ ગુજરાતને દેશ વિદેશમાં પ્રસિદ્ધિ અપાવી છે અને આ રીતે તે એક મોટી સંસ્થા બની છે. આ યુનિવર્સિટીએ કમ્પ્યુટરની પદ્ધતિનો વ્યાપક ફલક ઉપર વિનિયોગ કરીને જી-સેટ પરીક્ષા યોજીને પ્રતિષ્ઠા મંથન -૨૦૦૯ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. જી-સેટની પરીક્ષાઓ જયારે વિદ્યાર્થીઓ આપતા હોય છે.

**સભાપતિશ્રી** :બેન વિરામનો સમય થયો છે, તમારી ત્રણ મિનિટ બાકી છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : થેંકયું સર.

**સભાપતિશ્રી** :સોરી હો.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : **પ્રો. વસુબેન ત્રિવેદી** : ૧૦-૩૦ વાગે થાય.

**સભાપતિશ્રી** :સોરી, હવે તો ઉંમર થઈ ગઈ.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : આ પરીક્ષાઓ ઓન લાઈન યોજાઈ એના કારણે પારદર્શક થઈ, અનેક વાલીઓ અને વિદ્યાર્થીઓની ચિંતાનો વિષય દૂર થયો છે. આ રાજય સરકારની જી.એસ.પી.સી. જેવી ચેતનવંતી કંપની ઈન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રે અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. મારે હમણા જ કે.જી.ગેસ બેઝીન જવાનું થયું હતું, કોંગ્રેસના મિત્રો પણ સાથે હતા, આ એક અદ્‌ભુત કાર્યક્રમ જી.એસ.પી.સી.એ આપ્યો છે, એક અદ્‌ભુત સિધ્ધિ હાંસલ કરી છે. હું આ તકે જી.એસ.પી.સી.ના કર્મચારીઓને પણ અભિનંદન આપુ છું. ગુજરાતનું ગૌરવ એમણે વધાર્યુ છે.

**સભાપતિશ્રી** :વસુબેન તમારું વકતવ્ય પૂરું થાય છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : ત્રણ મિનિટ કહયુંને સાહેબ,

**સભાપતિશ્રી** :એક મિનિટ વધારે આપું.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સાયન્સ સીટીની વાત કરવી હતી અને બીજી વાત એ કરવી હતી કે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ૧૮હજાર જેટલા ગામડાઓને ડીજીટલ રોડથી જોડીને એક મોટો કાર્યક્રમ ઓન લાઈન કરવાનો અભિગમ આ રાજય સરકારે અપનાવ્યો છે. આ રાજયની અંદર આઈ.ટી. પાર્ક, બાયોટેક પાર્ક, નોલેજ કોરીડોરના માધ્યમથી યુવાનોને ખૂબ સારી રોજગારી મળે એના માટેનો પ્રયત્ન કર્યો છે અને દેશમાં રોજગારી અપાવનારું સૌ પ્રથમ રાજય ગુજરાત બન્યું છે. મારે ઘણું કહેવાનું છે પરંતુ ટૂંકમાં વાત કહી દઉ કે રાજયમાં મનોરંજન આધારીત વિજ્ઞાન શિક્ષણ આપતું સાયન્સ સીટી આજે વિશ્વના લોકોનું પણ પ્રવાસનનું કેન્દ્ર બન્યું છે, બાળકો, વાલીઓ બંને આ સાયન્સ સીટીમાં જાય છે ત્યારે બાળકોમાં સાયન્સ શિક્ષણનો રસ ઓછો થયો છે ત્યારે વાલીઓ ખુશ થઈને જાય છે, સાયન્સ સીટીમાંથી, બાળકોના મનમાં પણ સાયન્સ સીટી માટે રસ જાગ્યો છે.

**સભાપતિશ્રી** :તમારું પ્રવચન પૂરું થાય છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમારના પ્રસ્તાવમાં સૌ સર્વાનુમતે સંમત થાય એવી લાગણી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન પર આભાર પ્રસ્તાવ આત્મારામભાઈ પરમાર લાવ્યા છે એના ઉપર હું મારી વાત કહેવા માટે ઉભો થયો છું. આત્મારામભાઈ અયોધ્યામાં રામ અને ગઢડામાં આત્મારામ એમની સાથે આ સભાગૃહના ધારાસભ્ય તરીકે અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં મેં પણ શપથ લીધા હતા, એક જ પાર્ટીના હતા પછી અમારા રસ્તા ભલે જૂદા હોય પણ આ આત્મારામ એમના માંહ્યલાના એટલે આત્માના અવાજને અળગો કરીને અને કોઈને રાજી રાખવા માટેનું એક કવચ લઈને આવેને એનાથી મને થોડુંક આશ્ચર્ય થાય છે પણ હવે સમય સમય બલવાન હૈ એમાં આપણે કંઈ કહી શકીએ નહીં પણ આ રાજયપાલશ્રીના પ્રવચન પર અમારા નેતાએ વિસ્તૃત રીતે .. .. ..

**શ્રી આત્મારામ મ. પરમાર :** તમારું એવું હતું કે જેને ગાળો દીધી હતી એની સાથે બેસાય કોઈ દિવસ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ના અમે ગાળો આપી જ નથી અમે બહુ માનવાચક રીતે વર્તાવ કરેલો છે અને હંમેશા માનવાચક રીતે વર્તાવ કરીએને એટલે આપણો ભૂતકાળ આપણે યાદ નહીં રાખવો પડે, આપણી ભવિષ્યના તરફ હંમેશા નજર હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં જે શરૂઆતની સ્વર્ણિમ ગુજરાતની બાબતો છે એનું સ્પીરીટ એનું હાર્દ જે છે એની સાથે અમારી સંમતિ છે પણ એના અમલીકરણની અંદર માત્ર વ્યકિતવાદને આગળ કરવાની વાત હોય તો એની સાથે અમારી સંમતિ ન હોઈ શકે. રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકારની જે સિધ્ધિઓ, કામગીરીઓ અને એના વખાણ અને એની અંદર કાયદો અને વ્યવસ્થાની બાબતમાં એમણે દરિયાકીનારે સલામતીની વાતનો ઉલ્લેખ કર્યો, આ સરકારને દરિયાકિનારાની સલામતીની કોઈ ચિંતા છે ખરી એ પ્રશ્ન આપના મારફતે આ સરકારને પૂછવા માગુ છું. મે ૧૯૮૦ની અંદર રાજયપાલશ્રીના પ્રવચનની અંદર આ દરિયા કિનારાની સલામતીની વાત કરેલી, એટલા માટે કે કચ્છ એ બહુ સંવેદનશીલ

વિસ્તાર છે અને એટલા માટે સરદાર પટેલે કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે એને રાખેલો.પછી કાળક્રમે દ્વિભાષી રાજ્ય અને પછી ગુજરાત રાજ્યમાં ભળેલ હોય. પણ કચ્છ વિશેષ ભાતીગળ પ્રદેશ છે. વિશાળ દરિયા કિનારો, રણ પ્રદેશ આ બધું પાકિસ્તાનની સાથે ખૂબ નજીકમાં છે એટલે એ ખૂબ સેન્સિટીવ છે. એટલા માટે તત્કાલીન મુખ્યમંત્રી માનનીયશ્રી માધવસિંહ સોલંકી પાસે મારી ચિંતા વ્યક્ત કરેલી અને એમણે હકારાત્મક રીતે કહેલું કે કચ્છના સંરક્ષણની બાબતનો પૂરેપૂરો અભ્યાસ કરીને જ અમે રજનીશ કોમ્યુનને અમે દરિયા કિનારે અનુમતિ આપીશું. એના પછી આપણે સૌ જાણીએ છીએ કે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરેલ અને કેન્દ્ર સરકાર દરિયા કિનારે આવા વિદેશીઓને આપી ન શકાય એવો અભિપ્રાય આપેલ. એટલા માટે રજનીશજીનું કોમ્યુન ત્યાં માંડવીના દરિયા કિનારે આવી શકેલ નહીં. આજે દરિયા કિનારે વિદેશી કંપનીઓ આવી ગઈ છે અને એ આપતા પહેલા કેન્દ્ર સાથે તમે કોઈ પરામર્શ કરેલ છે કે નહીં એવો એક પત્ર મેં ઑગસ્ટ ૨૦૦૭માં લખેલ હતો. ૨૦૦૭ના પત્રનો હજુ સુધી મને જવાબ આપતા નથી. એમણે પરામર્શ કર્યો છે કે નહીં? એ માટે એક વખત અમૅરિકાની અંદર પૉર્ટ કોન્ટ્રાવર્સી કરીને એક પ્રકરણ ચાલ્યું. ત્યાં દુબઈ પૉર્ટ વર્લ્ડ કંપનીની દુબઈના પોર્ટસ જે છે. ત્યાં કોઈ પી.એન્ડ ઓ. કંપનીને એમણે ખરીદેલ અને એના કારણે દુબઈ પૉર્ટ કંપની આવેલી. અમૅરિકાના પ્રમુખ જોન્સનને પણ આ દુબઈ પૉર્ટ આવે એનો વાંધો ન હતો. પરંતુ ત્યાંના કોઈ સેનેટરે મુદ્દો ઉપસ્થિત કર્યો અને એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે એક સેનેટની અંદર જે જવાબ અપાયો કે Dear Mr. President, in regard to selling an American Ports to United Arab Emirate not just no but hell know અને એ પછી ત્યાંથી દુબઈ પૉર્ટે ઉચાળા ભરવા પડ્યા. પ્રજામત પણ ઊભો થયેલો અને ડેમોક્રેટિક અને રીપબ્લીક પાર્ટીના સેનેટરો બે પક્ષમાં વહેંચાઈ ગયા હતા. હાઉસ ઑફ કોમન્સમાં ૩૭૬ વિરૂદ્ધ ૭૧ મતે આ પૉર્ટ નહીં આવે એ પ્રકારનો મત લેવાયો હતો. એટલા માટે કહેવા માગું છું કે દરિયા કિનારાની સેન્સિટીવ જગ્યાઓ છે ત્યાં વિદેશોઓને આ જગ્યાની અનુમતિ કોણે આપી એનો વિચાર કરવો જોઈએ. આપણે બહુ સ્પષ્ટ રીતે લખેલ છે કે જમીન આપતી વખતે કે આ કોઈ વિદેશી કંપનીને જગ્યા ન જાય અને તેમ છતાં આ જગ્યાઓ ગઈ હોય તો આપણે ત્યાં પ્રવેશવાના અધિકારો રાખ્યા છે ખરા? સ્ટેપીંગના રાઈટ પ્રમાણે એનો કબજો દેશની સલામતી ખાતર લેવો જોઈએ. કેન્દ્ર સરકારને પણ આ બાબતમાં તાકીદ કરી આના માટે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરો. આ વિદેશી કંપનીઓ ગુજરાતના દરિયા કિનારે છે એનાથી ગુજરાતને કોઈ જોખમ થાય છે કે કેમ એની ચિંતા કરે. કચ્છ બહુ સંવેદનશીલ પ્રદેશ છે. ગઈ કાલે મને એક જવાબ જોઈને આશ્ચર્ય થયું કે કેન્દ્ર સરકારે કચ્છના દરિયા કિનારે ૨૦૦૦ હેકટર જમીન રક્ષિત જંગલની જમીનો કોઈને વાપરવા માટે, વેચાતી નથી આપી, લીઝ ઉપર નથી આપી પણ ઉપયોગ માટે આપી છે. તો એ રાજ્ય સરકારને આ બાબતની કોઈ જાણ છે ખરી? ચિંતા છે ખરી? રક્ષિત જમીન આપણે ૧૦ એકર પણ કોઈને આપતા નથી. આવી એકાદ એકરનો ઉપયોગ સાંઘી સિમેન્ટે કરેલ તો આપણે એને પાંચ વર્ષ સુધી એનું પ્રોડકશન નથી લેવા દીધેલું. કોરી ક્રીકની અંદર આ ૨૦૦૦ હેકટર જમીન વાપરનારાઓએ કોમ્પન્સેટ કરી આપેલ. કોરી ક્રીકનો વિસ્તાર છે એ નો મેન્સ લેન્ડ છે. ત્યાં ૨૦૦૦ હેકટર જમીન મુંદ્રા એસ.ઈ.ઝેડને કોણે આપી કે જેથી કોઈને આપી શકે. આ તમામ બાબતો આ ગૃહ સમક્ષ લાવવી જોઈએ. દેશની સલામતીને અનુલક્ષીને આજે જ્યારે આમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે કે મુંબઈની આતંકવાદની ઘટના પછી સમુદ્ર કિનારાની સુરક્ષા માટે અલગ પોલીસ સ્ટેશનો માટે થઈને આપણે ચિંતિત હોઈએ,તો આ બાબતની અંદર પણ ચિંતા કરવી ખૂબ આવશ્યક છે એવું આપના મારફતે માનનીય સરકારશ્રીને જણાવવા માગું છું. કારણ કે આ રાજ્યપાલશ્રીના પ્રવચન જે સરકારની સંયુકત જવાબદારી સાથેનું એમણે કરેલી કામગીરીઓ માટે.નું છે અને એની અંદર જે કોઈ ખામીઓ રહી હોય એ ખામીઓ દર્શાવવા માટેનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા નેતા માનનીય શકિતસિંહજીભાઈએ કહ્યું એ પ્રમાણે કચ્છના દરિયા કિનારે શ્રમજીવીઓ, માછીમારો જે પેઢી દર પેઢીથી, ૧૦ - ૧૦ પેઢીઓથી જે પોતાનો વ્યવસાય ચલાવતા હોય એમણે એમની જમીનો કોઈને આપી દેવાય? એમના દરિયાના માર્ગો બંધ કરી દેવાય અને આ રોજી-રોટી છીનવી લેવા માટે થઈ અને વિકાસ થતો હોય એ વિકાસની વ્યાખ્યામાં અમે પણ સાથે રહીએ છીએ. કચ્છને હંમેશા વિકાસશીલ, વિકાસશીલ કરવાની વાત કરે પણ એમાં તો માત્ર વ્યકિતઓનો વિકાસ હોય. હું મારા વિસ્તારની વાત કરું, ઉપરથી તાર જતા હોય અને નીચેથી પાઈપ લાઈન જતી હોય ત્યાં ખેડૂતોને કોઈ વળતર ના અપાતું હોય એવી પરિસ્થિતિમાં આ ખેડૂતોને પુરતું વળતર મળે એ માટે આ ગેસની પાઈપ લાઈનો અન્ય રાજ્યમાંથી જ્યાં નીકળેલી છે ત્યાં ખેડૂતોને બજારભાવે વળતર અપાતું હોય તો એ ગુજરાતના કચ્છના ખેડૂતોને શા માટે ના અપાયા? માત્ર મારે ત્યાં નહિ પણ પાટણ જિલ્લા અને બનાસકાંઠામાંથી પણ આ પાઈપ લાઈન નીકળે છે. અમારી વિટંબણાઓ છે કે ખેડૂતોને પુરતું વળતર આપવા માટે થઈને, કારણ કે કોમર્શિયલ બેઈઝ ઉપર આ થઈ રહ્યું છે. વીજળીના તાર જો જતા હોય અને એના માટે થઈને એ વીજળીનો વપરાશ જો કોમર્શિયલી જો યુઝ થવાનો હોય તો ત્યાંના ખેડૂતોને વળતર પણ આ કલ્યાણ રાજ્યની અંદર આપવું જોઈએ અને સ્વર્ણિમ ગુજરાતની અંદર આપણી જે ભાવના છે એ ભાવનાની અંદર, કારણ કે આ રાજ્યની અંદર અનેક સરકારો આવી ગઈ અને તે દિવસે જે સ્પિરિટ હતો એ સ્પિરિટની અંદર આ રાજ્ય સરકાર રહે અને દલિતો, વંચિતોની વાત કરનારા હમણાં જે કહ્યુંને કે ગરીબ મેળાની અંદર અમારે ત્યાં માનનીય નીતિનભાઈના વિભાગમાંથી એક તળવો માટેના સર્ટિફિકેટ અપાયા

એ નાના કે સીમાંત ખેડૂતો નથી પણ ટોચમર્યાદાથી જમીન જે વધતી ગઈ હોયને એવા ખેડૂતોને ખેત તલાવડી કરવા માટે સર્ટિફિકેટ અપવામાં આપવામાં આવેલ છે. એટલા માટે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સરકારની જે સિદ્ધિઓ વર્ણવેલી છે એ સિદ્ધિઓની અંદર અમે સંપૂર્ણ સંમત નથી. એમાં પાર્શિયલ કદાચ શરૂઆતમાં જે સ્પિરિટ બતાવવામાં આવ્યો. સ્વર્ણિમ ગુજરાતની અંદર આ રાજ્યમાં અગાઉની સરકારોએ પણ ભાગ લીધો છે એનું પણ યોગદાન છે એ વાત સાથે સંમત થઈએ પણ બાકીની જે બધી વાતો છે એમાં આત્મખોજ સરકાર કરે એ આપના મારફતે સરકારશ્રીને હું કહેવા માગું છું.

**શ્રી શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીએ જે આ સભાગૃહને સંબોધન કર્યુ એ માટે આભાર પ્રસ્તાવ લઈને આ ગૃહના સભ્ય માનનીય આત્મારામભાઈ આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આખા દેશની અંદર એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દુનિયાના પણ અલગ અલગ દેશો જે અત્યારે અહીંયા ખૂબ અપેક્ષા રાખીને બેઠા છે. અનેક ક્ષેત્રોની અંદર ગુજરાત આગળ વધી રહ્યું છે. માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદરથી આ બિલકુલ દેખાતું હતું. આંતરખોજ કરીએ તો અનેક બાબતો ધ્યાનમાં આવતી હોય છે. હમણાં ત્રણ-ચાર દિવસ પહેલા ગુજરાતની ૮ જેટલી જિલ્લા સહકારી બેંકો છે એને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ લાયસન્સ આપ્યા. એમાં અમરેલીની બેંક હોય, અમદાવાદની બેંક હોય, બનાસકાંઠાની બેંક હોય, મહેસાણાની હોય કે વલસાડ કે સાબરકાંઠાની હોય મારે ધ્યાન એ બાબતમાં દોરવું હતું કે ૫૦ વર્ષ થી આની સ્થાપના થઈ. કેટલાક તો ૫૦ વર્ષથી પણ વધારાનો સમય ઉજવી રહ્યા છે તો ૫૦ વર્ષ પછી આ સંસ્થાઓને હવે લાયસન્સ પ્રાપ્ત થયા. પરિવર્તન માત્ર એટલું જ આવ્યું છે કે શાસન કરવાવાળા લોકો રાજ્ય સહકારી બેંકની અંદર બદલાયા અને એના કારણે ૫૦ વર્ષમાં આ એક આમૂલ પરિવર્તન આવ્યું છે. આ એક ઘ ટના નથી અનેક બાબતોની અંદર ખેડૂતોને ઓછા વ્યાજે ધીરાણ આપવાની વાત આ ગુજરાતની વિધાનસભાએ ગત સત્રની અંદર બે ટકા વ્યાજ રિબેટ આપવાની વાત કરી છે એને કારણે ગુજરાતના ખેડૂતોને સહકારી બેંકોના માધ્યમથી સાત ટકાના દરે ધીરાણ આપવાની શરૂઆત થઈ. રાજયની પ્રગતિનું સૌથી મોટું કામ કોઈએ કરવાનું હોય અથવા તો કોઈ જગ્યાએ એનો આધાર હોય તો એ છે એની સુરક્ષા. પ્રજાની સુરક્ષાના આધાર ઉપર રાજયની પ્રગતિ થતી હોય છે. ગુજરાત એ સદભાગી રાજય છે કે જેની સુરક્ષાની બાબતમાં જે ગુનાખોરીનો આંક હતો એ સાડા આઠ ટકા જેટલો ઘટયો છે. જન સંખ્યા વધી. વૈશ્વિક સ્તરે ત્રાસવાદ અને આતંકવાદની પ્રવૃત્તિ પણ વધી પરંતુ ગુજરાતની પ્રગતિ, ગુજરાતની સલામતી માટે, ગુજરાતની કાયદો અને વ્યવસ્થા જાળવવાની બાબત હોય કે આંતરિક સુરક્ષા માટેની વાત હોય એની અંદર ગુજરાત સૌથી અગ્ર હરોળની અંદર આગળ આવ્યું છે એનું કારણ શું? કારણની અંદર જઈએ તો એક કારણ એ છે કે દ્રઢ ઈચ્છાશકિત. પ્રજાને સુરક્ષા આપવા માટેની દ્રઢ ઈચ્છા શકિત અને બીજું કામ એ કે નવી આધુનિકતાને ઓપ આપીને આગળ વધવું. વર્ષો પહેલા પોલીસ ફોર્સની અંદર આખેઆખી જુની પોલીસ ફોર્સ હતી. પચ્ચીસ હજાર જેટલા નવા યુવાનોને પોલીસ ફોર્સમાં ભરતી કરીને ગુજરાતની આખી પોલીસ ફોર્સ યુવાન બની છે અને યુવાન બની છે એટલું જ નહીં. આઈ.ટી.નો ઉપયોગ કરીને આધુનિક પણ બની છે. હવે પોલીસની ભરતીની અંદર કોમ્પ્યુટરનો વ્યાપ અખત્યાર કર્યો છે જેના કારણે ગુનેગારો ગુના કરતા હોય, એ નવા નવા આઈડીયા અપનાવતા હોય તો એની સામે પોલીસનો જવાન પણ આધુનિક ટેકનોલોજી અને આધુનિક ઉપકરણોથી સજજ હોય તો પ્રજાને સુરક્ષા આપી શકાય.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ગુજરાત સલામત આના કારણે બન્યું. ત્રાસવાદનો ડોળો આખા દેશ ઉપર છે પરંતુ ગુજરાત રાજયે એનું એક પ્લાનીંગ બનાવ્યું છે. પાકિસ્તાન પડખાની અંદર આવેલું હોઈ સૌથી વધારે ટારગેટ બનાવતા હોય આતંકીઓ તો જે સૌથી પ્રગતિશીલ રાજય હોય એની ઈકોનોમી તોડવા માટે ખાસ કરીને પ્રયત્નો થતા હોય છે એવા સંજોગોમાં ગુજરાત કેન્દ્રસ્થાને હોય એ સ્વાભાવિક છે પરંતુ ગુજરાતની પ્રજાને સલામતી આપવા માટે થઈને રાજય સરકારે જે પગલાં લીધા એના પરિણામ આજે આપણે જોઈ શકીએ છીએ. કરી શું શકાય? ઈચ્છાશકિત જોઈએ. ઈચ્છા શકિત શું જોઈએ? જયારથી " જાગી વીરો પહેરેદારે સદૈવ કાળે વાટ ધરી, મોઢા ઉપર તાળુ રાખી બાજ ગતિથી વાર કરી આતંકી સો ગાડરીયાથી શા માટે આ ફાળ પડે હોય ત્વરિતા ચિત્તાની તો જંગલમાં પણ રાડ પડે, જંગલમાં પણ રાડ પડે." માટે આ ઈચ્છાશકિત જોઈએ. દેશના દુશ્મનોને પણ લાગે કે અહીંયા નરેન્દ્ર મોદી નામનો વ્યકિત (અંતરાય) તમારી પાસે વધારાની અપેક્ષા રાખવી પણ મને લાગે છે કે વધારે છે એટલા માટે કે કોઈ પક્ષનો મિનિસ્ટર પોતે પોતાની લાલ લાઈટવાળી ગાડીમાં જો શસ્ત્રોની હેરાફેરી કરતા હોય અને એ પક્ષના સભ્યો પાસે વધારે પડતી અપેક્ષા રાખવી વધારે પડતી વાત છે. ગુજરાતને સલામતી આપવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર જયારે કરી રહી છે ત્યારે કહેવાની એટલી જ વાત છે કે પ્રજાનું સુખ, પ્રજાનું કલ્યાણ એના માટે કરીને ચાલતી સરકાર એટલે ભારતીય જનતા પાર્ટીની સરકાર. મારે એટલા માટે કરવી છે વાત આ ગુજરાતની (અંતરાય) હા, ત્યાં આગળ કરું છું કામ રાષ્ટ્રીય સલામતી માટેનું. દેશના દુશ્મનો પાકિસ્તાનથી જે વારંવાર સરહદ ઓળંગીને આવતા હતા એમને રોકવાનું કામ કર્યું અને એ કામ કરવાનું તમને જો પેલું લાગતું

હોય તો એ કામ અધુરુ નહીં રહે. દેશની સલામતી સૌથી પહેલી સલામતી અને એના માટે દેશના દુશ્મનોની સામે લડવું હોય તો વ્યકિતગત રીતે પણ લડવામાં અમને વાંધો નથી. ૪૨ નવા પોલીસ સ્ટેશનો ખોલ્યા આ રાજય સરકારે.૧૩ મહિલા પોલીસ સ્ટેશનો, ૧૦ કોસ્ટેલ પોલીસ સ્ટેશનો, એસ.આર.પી.ના નવા ૪ ગ્રૂપ, નવી એસ.આર.પી. કંપની શરૂ કરી. બૉમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ જે ૭ હતા તે વધારી ૧૪ નાણાકીય વર્ષમાં કરીને રાજ્યની સુરક્ષાા માટેની વ્યવસ્થા કરી છે. કેવી સસ્તી પ્રસિદ્ધિની વાત ચાલે છે. મારે નોહોતું જવું રાજકીય અવલોકનમાં, પરંતુ વાત કેવી કરે છે. કોઈના ગરીબના ઝૂંપડામાં જઈને ખાવાનું ખાય તો એના માટે મીડિયા મેનેજ કરીને ગરીબોને ત્યાં ગયા, ગરીબોનું ખાધુ, ગરીબોનું ખાધુ. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ગરીબોનું ખાતા નથી. ગરીબોને મદદ કરે છે. ગરીબોને ખવડાવે છે. ગરીબોનું ખાવાવાળા લોકો પ્રસિદ્ધિ લે એની વાત નથી. ગરીબોના દ ારની અંદર ખવડાવવાની વાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી કરી રહ્યા છે. જે ગરીબ કલ્યાણ મેળામાં દેખાઈ આવે છે.

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી. આ લેબ અને એની પછી આપણે યુનિવર્સિટી બનાવી. જે અત્યારે હાલ આધુનિકમાં આધુનિક જે સહેલામાં સહેલા ગુના થયા હોય એને પણ ઉકેલવા માટે આખા દેશ, દુનિયામાં આશાનું કિરણ આપણા માટે બન્યા છે. એથી વધારે વાત હું આંતરિક સુરક્ષાાનો વિષય એ દેશ, દુનિયા માટે મહત્ત્વનો વિષય બન્યો છે. આંતરિક સુરક્ષા આ વિષય ચર્ચા પૂરતો નહિ, દુનિયાભરમાં આંતરિક સુરક્ષાાના વિષય ઉપર ચિંતિત થઈ એ દિશામાં આગળ વધી રહ્યા છીએ, ત્યારે ગુજરાત સરકારે સુરક્ષાા યુનિવર્સિટીની સ્થાપના કરીને એવા અધિકારીઓ, રાજયની સરકારે તૈયાર કરવા કે માત્ર ગુજરાત જ નહિ, દેશ માટે આશાનું કિરણ બને. રક્ષા યુનિવર્સિટીના માધ્યમથી આજે નહિ આવતીકાલે મહત્ત્વનો વિષય સુરક્ષા બનવાનો છે, ત્યારે આ રક્ષા યુનિવર્સિટીની સ્થાપના કરીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને નહિ, પણ સમગ્ર દેશને એક નવી દિશા આપી છે. માનનીય રાજ્યપાલશ્રીએ જે આ સભાગૃહ સમક્ષ પ્રવચન કર્યુ છે. એમાં હું મારો સૂર પૂરાવું છું અને સમર્થન કરું છું.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર માનનીય આત્મારામભાઈ પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

નામદાર રાજ્યપાલશ્રીએ પોતાના વક્તવ્યમાં જે વાત કરી છે. એના અવતરણ ટાંકી મારી વાતની શરૂઆત કરું છું. નામદાર રાજ્યપાલશ્રીએ પોતાના સંબોધનમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગુજરાતે તમામ ક્ષેત્રે પ્રગતિ કરી છે, વિકાસ કર્યો છે. જે સિદ્ધિ હાંસલ કરી છે, તેને માટે ગુજરાતનું પ્રગતિશીલ, કુશળ લોકમાનસ તથા દુરંદેશી નેતૃત્વની પ્રશંસા કરું છું. દુરંદેશી નેતૃત્વની પ્રશંસાની વાત કરી છે, ત્યારે હું ચોક્કસ કહી શકું આ છેલ્લા ૭ વર્ષના ગાળામાં રાજ્યે જે વિકાસ કર્યો છે. આ વિકાસની ગાથા છે. આ વિકાસ ગૌરવથી ગાથામાં આ સન્માનનીય સભાગૃહના સૌ સાથી આ વિકાસ ગાથામાં સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તે આપણા સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે. કોઈપણ રાજ્યના વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ એટલું જ અનિવાર્ય છે. રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટમાં ચાહે વીજળીની વાત હોય, ચાહે પાણીની વાત હોય કે ચાહે ગટરની વાત હોય કોઈપણ બાબત હોય એ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટમાં રોડ રસ્તાનાં કામનું વિશેષ મહત્ત્વ રહેલું છે. જ્યારે રોડ રસ્તાની વિકાસની વાત કરીએ ત્યારે મારે કેટલીક વાત ભૂતકાળમાં શું થયું છે એની ટીકા-ટિપ્પણમાં પડવાની આવશ્યકતા નથી. આ રાજ્યમાં જે વિકાસ થયો છે, એની પ્રશંસા કર્યા વગર રહી શકાય તેવી પરિસ્થિતિ નથી. રોડ, રસ્તાના વિકાસની વાત કરીએ તો પ્રગતિ પંથની વાત કરવાનું ચોક્કસ મન થાય છે. પ્રગતિ પંથના રસ્તા, રાજયના ઉત્તરથી છેક દક્ષિણ સુધી પશ્ચિમથી છેક પૂર્વ સુધી, રાજયના ઉંમરગામથી અંબાજી સુધી, અને સાગરખેડુ વિસ્તારમાં જે વિકાસ કરી રહ્યા છે તે દરિયાકાંઠાના વિકાસ માટે ૯ જેટલા રસ્તાઓનો વિકાસ કરીને લગભગ ૩૭૦૦ કિ.મી.ના લંબાઈના રસ્તાનું આયોજન કરી રસ્તાઓ પૂર્ણ કરી રાજ્યની પ્રજાને ખૂબ સુંદર રસ્તાઓ પૂરું પાડવાનું એક સરસમજાનું આયોજન કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જે રસ્તાઓનો વિકાસ થતો હતો ત્યારે મારે ચોક્કસ એમ કહેવું છે કે પહેલાં ઠાગડ ઠીગડ નાના ટૂંકા રસ્તાઓ કરી વિકાસની કેડી કંડારવામાં આવતી હતી. પરંતુ આ જે પ્રગતિપથના નવા રસ્તાઓનું આયોજન કર્યુ છે તેમાં એકપણ રસ્તાની લંબાઈ સો કિલોમીટર કરતાં ઓછી નથી અને સો કિલોમીટરથી કરીને ૭૬૯ કિ.મી.સુધીના રસ્તાઓનું આયોજન થયું છે. આ પ્રગતિપથના રસ્તાઓ જે છે તેમાંથી ૮૯ ટકા જેટલા રસ્તાઓની કામગીરી હાથ ધરી અને પૂર્ણ કરવામાં આવેલ છે. આ સાથે સાથે આ તબક્કે વિકાસપથની વાત કરવાની અહીંયાં આવશ્યકતા જણાય છે. રાજયની ૧૩૧ નગરપાલિકાઓને મહાનગરપાલિકાઓનો અહેસાસ કરાવવા માટે આ નગરપાલિકાઓમાંથી જે રાજયના રસ્તાઓ પસાર થતા હતા તે રસ્તાઓને આધુનિક બનાવવા માટે, વાઈન્ડીંગ કરવા, ટુ લેન, ફોર લેન, ગટર, વીજળી, ફૂટપાથની સુવિદ્યા આપવાનું સુંદર મજાનું કામ કરી નગરપાલિકાને મહાનગરપાલિકાનો અહેસાસ કરાવ્યો છે. આ સાથે સાથે પ્રવાસીપથની વાત કરવાની પણ આવશ્યકતા છે. આ રાજયની ધર્મપ્રેમી જનતા, આ રાજયની પ્રવાસપ્રેમી જનતાને આ રાજયના ધાર્મિક સ્થળો છે, પ્રવાસન સ્થળો છે તેને જોડી સુંદર મજાના રસ્તાઓ આપવાનું આ રાજય સરકારે એક સુંદર મજાનું આયોજન કરી મહદ્અંશે આ કામ પૂર્ણ પણ કરેલ છે. સમગ્ર દેશમાં ૧૬૫૦ કિલોમીટરની લંબાઈનો દરિયા કિનારો જો કોઈ રાજયમાં હોય તો તે ગુજરાતમાં આવેલ છે. આ દરિયા કિનારા

ઉપર લગભગ ૪૧ જેટલા બંદરોનો વિકાસ થયેલો છે. આ ૪૧ જેટલા બંદરો પર ૧૯૮૦-૮૧ના વર્ષના આંકડાઓની તપાસ કરીએ તો લગભગ ૧.૧૬ કરોડ મે.ટન જેટલા માલનું પરિવહન ત્યાંથી થતું હતું. આજે આ છેલ્લા સાત આઠ વર્ષમાં આ બંદરોને અગત્યના સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે સાથે જોડી આજે જ્યારે હું વાત કરું છું ત્યારે ૨૦ કરોડ મે.ટન માલનું પરિવહન આ બંદરો ઉપરથી થઈ રહ્યું છે અને તે આખા દેશની અંદર થતા પરિવહનના ૨૫ ટકા જેટલો હિસ્સો માત્ર ગુજરાતના બંદરો પરથી પરિવહન થાય છે.

મુખ્યમંત્રીશ્રીના દૂરંદેશી અને કુશળ નેતૃત્વના કારણે આ રાજયની અંદર જાપાન જેવા દેશ સાથે આપણે ભાગીદારી કરી અને હિંદુસ્તાનના અને હિંદુસ્તાન બહારના લોકોએ જાણે પોતાના ઉદ્યોગો અહીંયાં સ્થાપ્યા છે અને આગામી દિવસોમાં આના કારણે નવી રોજગારીની તકો પેદા થવાની છે અને છેલ્લે હું એમ કહી શકું કે છેલ્લા ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં લગભગ ૧૨.૫૦ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા અને મૂડી રોકાણનો ઉજળો અવકાશ ઉભો થયો છે ત્યારે આ એસ.ઈ.ઝેડ અને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન કે જે જગ્યાએ ઉદ્યોગો આકાર લેવાના છે આ એસ.ઈ.ઝેડ અને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનને રસ્તાની સુંદર સુવિધા પૂરી પાડવા માટે આ રાજયના માર્ગ અને મકાન મંત્રીશ્રી અને રાજયના મુખ્યમંત્રીશ્રી જે આયોજન કરી રહ્યા છે તે ખરેખર પ્રસંશનીય અને અભિનંદનને પાત્ર છે. મને ચોક્કસ એક વસ્તુનું સ્મરણ થાય છે. વર્ષો પહેલાં જે રસ્તાના કામો તો ચોક્કસ થયા હતા પણ ક્યાંક ક્યાંક પુલ બનાવવાના બાકી હતા અને પુલ બનાવવાની વાત હોય એટલે લગભગ દસ દસ, પંદર વર્ષ સુધી રસ્તા બની ગયા પછી પુલ બનાવવાની કામગીરી લગભગ ઘણા વર્ષોથી બાકી રહી ગઈ હતી. આ જે પુલ બનાવવાની કામગીરી બાકી રહી હતી ત્યારે રાજયના માર્ગ અને મકાન મંત્રીશ્રીએ લગભગ ૩૨ જેટલા પુલોનું નિર્માણ કરવાનું આયોજન થયું છે. સાથે સાથે કેટલીક જગ્યાએ પુલ બનેલા હતા અને એપ્રોચ બનાવવાના બાકી હતા આ જે સમસ્યાઓ હતી તેનું નિરાકરણ આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને સરકારના માર્ગ અને મકાન મંત્રીશ્રીએ ખૂબ કુશળતાપૂર્વક હાથ ધરી આ કાર્યવાહી પૂર્ણ કરેલ છે. કૃષિના ક્ષેત્રમાં છેલ્લા સાથ વર્ષમાં....

**અધ્યક્ષશ્રી** :વિરામનો સમય થયો છે. વિરામ બાદ ૧૧.૦૦ વાગ્યે સભાગૃહ ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે. બે મિનિટ આપની બાકી છે.

### વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦

## સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (ક્રમશઃ ) :** માનનીય અધ્યક્ષશ્રી, મારે ૨૦૦૬ની ઘટનાને પણ આ તબકકે યાદ કરવી છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી જયારે વિદેશ પ્રવાસે હતા એ સમય ગાળા દરમિયાન ૨૦૦૬ના વર્ષમાં ભારે થી અતિ ભારે વરસાદના કારણે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભયાનક પુરની સ્થિતિનું નિર્માણ થયું. આ સ્થિતિમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી વિદેશના પ્રવાસેથી આવી તુરંત એમણે હેલિકોપ્ટર દ્વારા હવાઈ નિરીક્ષણ કરી અને સમગ્ર વિસ્તારનું અવલોકન કર્યા પછી લગભગ ૧૬૩ જેટલા ગામો આઈડેન્ટીફાઈ કર્યા, કે જેને મરુન વિલેજ તરીકે આઈડેન્ટીફાઈ કરી અને આ ૧૬૩ ગામો કે જેમાંથી કોઈ માતા સગર્ભા હોય અને એને પ્રસુતિની પીડા હોય એ વખતે એ બહાર નીકળી નહોતી શકતી, બાળકને પોતાને શાળાએ જવું હોય પણ એ શાળાએ જઈ શકતું નહોતું આવી જે વિષમ પરિસ્થિતિ હતી એવા જે ૧૬૩ અલગ ગામો હતાં એ ગામોને બારમાસી રસ્તાથી જોડવા માટેનું આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી સંવેદનાપૂર્વક આયોજન કરી અને આજે આયોજન લગભગ પૂર્ણ થવાની આરે છે અને આ ૧૬૩ ગામોને ૧૨૪ જેટલા રસ્તાઓ આપી અને આ આખું આયોજન પૂર્ણ કરવાની લગભગ સ્થિતિ આજે લગભગ પૂરી થવામાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે કિસાનપત્રની પણ એક વાત કરી લઉં. રાજયના માર્ગ અને મકાન મંત્રીશ્રીએ કિસાન પત્રનું જે આયોજન કર્યુ એના કારણે રાજયના ખેડૂત પોતાના જે ઉપજો છે એના પોષણક્ષમ ભાવ મળી શકે મહાનગરપાલિકા વિસ્તારમાં, શહેરી વિસ્તારમાં વેચાણ કરી અને પોતાની સારી એવી ઉપજ મેળવી શકતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબકકે મારે ચોકકસ કહેવું જોઈએ કે, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીનો અંત:પૂર્વક આભાર માનવો છે કે માનનીય મંત્રીશ્રીએ મારા મત વિસ્તારની અંદર લગભગ છેલ્લા બે વર્ષની અંદર રસ્તાઓ માટે લગભગ ૧૦૦ કરોડ જેટલી રકમ ફાળવી અને સમગ્ર તાલુકામાં કોઈ રસ્તાનું કામ બાકી ન રહે એ પ્રકારનું જે આયોજન કર્યુ છે એ માટે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને લાખ લાખ વંદન કરું છું અને અભિનંદન આપું છું.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના શુભારંભ પ્રસંગે રાજયના મહામહિમ રાજયપાલશ્રી ડો. શ્રીમતી કમલાનું ગુજરાત વિધાનસભા સમક્ષના સંબોધન ઉપર શાંતચિત્તે વિચારતાં અમારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦થી ગુજરાતમાં સ્થાપના પછી જુદા જુદા પક્ષના મુખ્ય મંત્રીશ્રીઓએ અને સરકારોએ પાંચ દાયકાથી વધુ સમયમાં એક પોતાનું યોગદાન આપેલું છે, અનેક મુખ્ય મંત્રીશ્રીઓ, અનેક પક્ષના

વિવિધ મંત્રીશ્રીઓ અને સરકારોએ ૨૬ જિલ્લાઓમાં અનેક તાલુકાઓમાં, ૧૮૦૦૦ ગામડાઓમાં અને શહેરી વિસ્તારોમાં જે વિકાસનું પ્રદાન કરેલું છે એ ગુજરાતની સાહસપ્રિય પ્રજા, ગુજરાતની ખમીરવંતી પ્રજા, ગુજરાતની ઉદ્યોગશીલ પ્રજા, ગુજરાતની ઉદ્યમી પ્રજાને આભારી છે અને આ અસ્મિતાને જાળવનાર પૂરુંષાર્થ કરનાર તમામ મુખ્ય મંત્રીશ્રીઓને આપણે અભિનંદન પાઠવીએ છીએ.

પહેલી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ સન્માનનીય ગૃહમાં ગુજરાત વિધાનસભામાં ગૃહની ગરિમા જાળવવા, ઉદાર અને બિનપક્ષીય ધોરણે તમામ પક્ષોના પ્રતિનિધિઓ, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ સાંસદોની એક બેઠક યોજવામાં આવેલી, બિનપક્ષીય ધોરણે આ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરવામાં આવશે, આ સ્વર્ણિમ ગુજરાતની વાત કરવામાં આવશે એવી ખાતરી આપવામાં આવેલી, એવી વાત કરવામાં આવેલી, પણ મને કહેતાં દુઃખ થાય છે કે, ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ કરેલા વાયદાથી વિપરિત સ્વર્ણિમ ગુજરાતના જિલ્લાના પ્રવાસોમાં પચાસ જેટલી સભાઓની અંદર સરકારી તંત્રનો બેફામ દૂર ઉપયોગ કરી, એ પ્લેટફોર્મને ગુજરાતની ગરિમાને બદલે, ગુજરાતની ગરિમા જાળવવાને બદલે, એની પ્રતિષ્ઠા વધારવાને બદલે કેન્દ્રના ઉપર પ્રહારો કરીને, યુપીએ સરકાર પર પ્રહારો કરીને, સોનિયાજી ઉપર પ્રહારો કરીને ગુજરાતની ગરિમાને ઝાંખપ લગાડેલી છે. અનેક બસોને રોકવામાં આવી, અનેક શિક્ષકોને રોકવામાં આવ્યા, અનેક તલાટીઓને રોકવામાં આવ્યા. ગ્રામ સેવકોને રોકવામાં આવ્યા, આંગણવાડીના વર્કરોને કામે લગાડવામાં આવ્યા, વિદ્યાર્થી ટ્રીપો રદ કરવામાં આવી, બીજી સામાન્ય ટ્રીપો રદ કરવામાં આવી અને બસોમાં ભરીને લોકોને લાવવામાં આવ્યા આ રીતે લાવીને સરકારની યોજનાઓની જો વાત કરેલી હોત તો અમારો ક્યારેય પણ વિરોધ ન હોત પરંતુ કમનસીબે એમાં ફક્ત ટીકા કરવા માટે, ક્રીટીસાઈઝ કરવા માટે, કન્ડેમ કરવા માટે, રાજકીય ફાયદા માટે આ સભાઓનો દુરુપયોગ કરવામાં આવેલો છે. એટલું જ નહીં, ધારાસભ્યશ્રીઓ અને સંસદ સભ્યશ્રીઓના નામ સુધ્ધા પણ કાર્ડમાં લખવામાં આવેલ નથી, મહત્વ આપવામાં આવેલ નથી અને વિરોધ કરતી વખતે તેમની ધરપકડ કરવામાં આવેલી છે અને એક માત્ર એક વ્યકિતની જીત, હજારો લોકોની હાર એવી પરિસ્થિતિનું ૫૦ જેટલા મેળાઓમાં નિર્માણ કરેલું છે. મને કહેતા ખૂબ દુઃખ થાય છે સરકારી તંત્રનો આ રીતે બેફામ ઉપયોગ કરી અને જે રીતે કરવામાં આવેલું છે તે ગુજરાતની અસ્મિયતા અને ગુજરાતની પરિકલ્પનાને, ગુજરાતની ગાંધીજીની ભૂમિ ઉપર જે વાત કરેલી, સરદાર પટેલની ભૂમિ ઉપર જે વાત કરેલી, હાઉસને કહેલું અને પક્ષોને ખાતરી આપેલી એનો સારેઆમ ભંગ કરવામાં આવેલો છે. એક તરફ કેન્દ્રમાં બહુમતીથી ચૂંટાયેલી સરકાર છે બીજી તરફ આતંકવાદની સામે કેન્દ્ર સરકાર ટેકો આપે છે, આતંકવાદના ઉપર કેન્દ્ર પૂરેપૂરી ગુજરાતને મદદ કરે છે આવું મુખ્યમંત્રીનું વિધાન છે છતાં બીજી રીતે ટીકાઓ કરવામાં આવે છે. ગુજરાતની સાહસિક પ્રજા, ઉદ્યોગશીલ પ્રજા, મહેનતકશ પ્રજાને લીધે ઉદ્યોગો જે વિકસેલા છે એ ગુજરાતની સમસ્ત જનતાને અને ગુજરાતની પ્રજાને આભારી છે, આપણી ગુજરાતની ખમીરવંતી પ્રજાને આભારી છે. ગંભીર બેદરકારીના કારણે ગુજરાતના ઉદ્યોગોના વિકાસ પછી જે અહેવાલ છે દેશભરનો એ અહેવાલમાં ખૂબ ગંભીર રીતે કહેવામાં આવેલું છે કે, પ્રદૂષણ ગુજરાતમાં્ ખૂબ ગંભીર રીતે આગળ વધી રહેલું છે આજે પ્રદૂષણમાં ગુજરાત ટોચ ઉપર છે અને દેશનો જે સર્વે થયેલો વસાહતોનું એ વસાહતોના સર્વેમાં પ્રદૂષણ જેને કહેવાય એ દેશમાં અંકલેશ્વર નંબર વન અને વાપી નંબર ટુ છે. આમ દેશમાં સૌથી વધારે પ્રદૂષિત વિસ્તારો કોઈ હોય તો એ વિસ્તારો ગુજરાતના છે. એમાં ઉદ્યોગોને બેફામ છૂટ આપવામાં આવે છે અને બીજી બાજુ પ્રદૂષણ રોકવાનો એક પણ પ્રયાસ કરવામાં આવેલ નથી. ગુજરાતનું પોલ્યુશન બોર્ડ માત્ર સરકારનો એક હાથો બનીને કામ કરે છે એના ઉપર રોક લગાવવાનું કામ નથી કરતું. પ્રજાના સ્વાસ્થ્ય સાથે અને આરોગ્ય સાથે જે કોઈ ચેડા કરવામાં આવી રહેલા છે એની સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર પરિયોજનાની વાત કરવામાં આવી એમાં ૩૦ હજાર કરોડ રૂપિયા અત્યાર સુધીમાં ખર્ચ કરવામાં આવ્યો છે. ૧૪૩૩ યુનિટ વીજળી પેદા કરવામાં આવી, ૩૦ હજાર કરોડ રૂપિયા પછી પણ ૨૫૮૫ કિલોમિટરની મુખ્ય કેનાલોનું કામ બાકી છે. એ સિવાય ડિસ્ટ્રીબ્યુશન કેનાલોનું ૫૧૧૨૨ કિલોમિટરની કેનાલોનું કામ બાકી છે, એ સિવાય માઈનોર કેનાલોનું પણ ૫૨૦૦૦ કિલોમિટર કેનાલો બાકી છે અને આજે પણ કેનાલો અધૂરી છે અને આજે પણ ખેડૂતના ખેતરમાં પાણી જતું નથી, ખેડૂતને સિંચાઈનો લાભ મળતો નથી અને જે કેનાલો બનાવવામાં આવેલી છે એમાં ગાબડા પડેલા છે એમાં જંગલ ઉગેલું છે એ કેનાલો તૂટી ગયેલી છે અને એ કેનાલોમાંથી પાણી ભવિષ્યમાં પણ વહી શકવાનું નથી. એના ઉપર કોઈ પ્રોજેકટ રાજયપાલના પ્રવચનમાં નર્મદાની પરિકલ્પનાની જે વાત કરેલી છે એમાં કોઈ જગ્યાએ રાજ્ય સરકારની દ્રષ્ટિ હોય, ખેડૂતને પાણી આપવાની નિયત હોય એવું કોઈ આગળનું વિઝન દેખાતું નથી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ આયોજન વગર કૃષિ ક્ષેત્રમાં કિશાનો સાથે ભારે અન્યાય કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં જે ઉત્પાદન છે એ ખેડૂતની મહેનતનું ઉત્પાદન છે, ખેડૂતની તાકાતનું ઉત્પાદન છે, ખેડૂતની સૂઝનું ઉત્પાદન છે એમાં રાજ્ય સરકારનો કોઈ જગ્યાએ ફાળો નથી. ૫૪ તાલુકાઓને ડાર્ક ઝોનમાં મૂકવામાં આવેલ છે, ૫૪ તાલુકાના ખેડૂતોને ગુજરાતના ૩૩ ટકા વિસ્તારોમાં આજે પણ ખેડૂતને વીજળીના જોડાણો મળતા નથી. કેન્દ્ર સરકારે ગાઈડ-લાઈન આપેલી છે પરંતુ ગાઈડ-લાઈનમાં વીજળીનું જોડાણ નહીં આપવું એવું ક્યાંય કહેલું નથી છતાં એક પણ નીતિવિષયક બાબતોના નિર્ણયનો જવાબ પણ આપવામાં આવતો નથી. વિધાનસભાના ફ્લોર ઉપર પણ આપવામાં આવતો

નથી. એજ રીતે જે ખેડૂતો સામાન્ય કોર્સમાં વીજળીના જોડાણો માગે છે એને પણ જોડાણો આપવામાં આવતા નથી ત્યારે ઉદ્યોગપતિને જોઈતું હોય તો ૪૮ કલાકમાં વીજળીનું જોડાણ મળી જાય છે અને ખેડૂતને જોઈતું હોય તો એક એક કે બે બે વર્ષ સુધી વીજળીના જોડાણો આપવામાં આવતા નથી. ખેડૂતને માત્ર ૬ કલાક વીજળી આપવામાં આવે છેએક તરફ મંત્રીશ્રી જાહેરાત કરે છે કે અમારી પાસે સરપ્લસ વીજળી છે, અમે બીજા રાજયોને વેચાણ કરીએ છીએ, બીજીબાજુ ખેડૂતના કલાકોની અંદર છ ના બદલે આઠ કલાક નથી કરવામાં આવતા, આઠના બદલે દસ કલાક કરવામાં આવતા નથી અને એની ગંભીર અસરો ખેત ઉત્પાદન ઉપર પડી રહેલી છે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ગુજરાતમાં દિનપ્રતિદિન કથળી રહી છે, લઠ્ઠાકાંઠ થયો, કેટલા બધા લોકોના જીવન રોળાઈ ગયા, લઠ્ઠાકાંડ પોલીસની રહેમ નજર હેઠળ થયો, આજે પણ દારૂનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહેલું છે, ખુન અને હત્યાના બનાવો બની રહેલા છે, ચોરી અને લુંટફાંટના બનાવો બની રહેલા છે, એટલું જ નહિ જે રાજયની અંદર સાડા પાંચ કરોડની પ્રજાની વાત બાજુ પર રહી ડો. કનુ કલસરિયા જેવા લોકો સલામત નથી, આ ગૃહના સન્માનનીય ધારાસભ્ય સલામત નથી, એમના ઉપર રાત્રે હુમલો કરવામાં આવ્યો, એમની વાઈફના ઉપર હુમલો કરવામાં આવ્યો, પણ પેટનું પાણી આ તંત્રનું હલેલું નથી, એના ઉપર કોઈ પગલાં લેવામાં આવેલા નથી એનો અર્થ એ થયો કે આ હુમલો એમણે કરાવ્યો છે. આજે પણ ગુનેગારો પકડાયા નથી, રાજયનો ધારાસભ્ય જો સલામત ના હોય તો બીજો કોણ સલામત હોય, રાજયના મુખ્યમંત્રી સલામત છે, એમના માટે ઝેડ કેટેગરીની સિકયોરિટી છે એમની આસપાસ. પણ ધારાસભ્યોની કોઈ સલામતી નથી. ગુજરાતનું ન્યાયતંત્ર પણ ખૂબ ચિંતાજનક પરિસ્થિતિમાં છે, સંખ્યાબંધ કેસો ગુજરાતની બહાર ચાલી રહેલા છે, ગંભીર પ્રકારના કેસો સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ બહારના રાજયોમાં ચલાવવામાં આવી રહેલા છે, આ ગુજરાત માટે અત્યંત શરમજનક બાબત છે, ગુજરાત માટે અત્યંત ઝાંખપ લગાડનારી બાબત છે, ન્યાયતંત્રના ઈતિહાસમાં આવી પરિસ્થિતિ ક્યારેય પણ કોઈ સરકારમાં નિર્માણ થઈ નથી. શિક્ષિત બેરોજગારોની પરિસ્થિતિ આજે બગડી રહેલી છે. અનેક લોકો બેકાર છે અને એ લોકોને આજે પણ નોકરી આપવામાં આવતી નથી, જેની જમીન લઈ લેવામાં આવેલી છે ઉદ્યોગો માટે ઉદ્યોગોએ સંપાદન કરી લીધેલી છે એમની જમીનો એ જમીનો ગુમાવનાર ખેડૂતના દીકરાઓને આજે પણ નોકરી આપવામાં આવતી નથી. એટલે આદરણીય ગૃહના ધ્યાને મૂકવા માગું છું કે ગરીબલક્ષી યોજનાઓનો વેપાર કરવાનું જે કામ કરેલું છે કેન્દ્રના પૈસા ઉપર ગુજરાતનું લેબલ લગાડવાનું કામ, નામબદલી કરવાનું કામ યોગ્ય નથી. એમાં આપણે એકસપર્ટ છીએ, એના માટે આપણને એવોર્ડ મળવો જોઈએ. પણ આનાથી ગુજરાતની પ્રજા બહુ વાકેફ છે. આટલું કહીને હું મારી વાત પૂરી કરું છું.

# Last30/52

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર) :** માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજયપાલશ્રીના આ ગૃહના પ્રવચન ઉપર આ ગૃહના સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એને હું મારું સમર્થન આપવા માટે અહીં ઉપસ્થિત થયો છું. અહીં ઘણા સમયથી હું સાંભળી રહ્યો છું, આ પક્ષના અને અમારા સાથી પક્ષના સભ્યોને, સાથી પક્ષના સભ્યોની અકળામણ હું સમજી શકું છું, એની વેદના પણ સમજી શકું છું કારણકે આઝાદી પછી પચાસ - પંચાવન વર્ષ સુધી શાસન કરવામાં ગરીબોનો એક સાધન તરીકે એમણે ઉપયોગ કર્યો છે. જ્યારે ગુજરાતમાં ગરીબોને ખરા અર્થમાં વિકાસના ફળ પ્રાપ્ત થઈ રહ્યા છે ત્યારે અને સરકાર જ્યારે આ ફળ આપી રહી છે ત્યારે એમની અકળામણ શું છે એ સ્વયં આપણે સમજી શકીએ છીએ પણ એમની અકળામણ જે હોય તે પણ અમે સંકલ્પ કર્યો છે કે વિકાસના જે ફળ છે એ છેવાડાની વ્યકિત સુધી અમે પહોંચાડીશું. અત્યારસુધી વિકાસની યોજનાઓ આવતી હતી પરંતુ જે વચેટિયાઓ હોય એ આ વિકાસના ફળ છેવાડાની વ્યકિત સુધી પહોંચવા નહોતા દેતા અને આજે ડાયરેક્ટ કનેકશન સરકાર અને ગરીબ વચ્ચે જ્યારે થયું છે ત્યારે આજે ગરીબ કલ્યાણ મેળા રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આયોજીત કર્યા છે.તે બરાબર સમયસરનું પગલું છે. ગઈ કાલે ચર્ચામાં સાથી પક્ષના સભ્ય બોલી રહ્યા હતા ત્યારે અમારા શ્રી જયંતીભાઈએ ટકોર કરી કંઈક મહેસૂલના બિલ બાબતમાં ત્યારે સાથી પક્ષના સભ્યએ કહ્યું અર્જુનભાઈ કે તે સમયે બિલ્ડર નહોતાં. મારે સાથી પક્ષના સભ્યશ્રીને પ્રશ્ન કરવો છે કે રીયલ એસ્ટેટનો ધંધો ક્યારે ચાલે કે તેનું કોઈક ખરીદનાર હોય, ખરીદનાર ક્યારે હોય? કે આવકના સાધનો હોય, લોકોની ખરીદ શકિત વધારે હોય. અને ખરીદ શકિત ક્યારે વધારે હોય કે રાજયની અંદર અને દેશની અંદર ધંધા અને રોજગાર ચાલતાં હોય. સરસ ધમધમતાં હોય. અમને અનુભવ છે આ રાજયની અંદર ૧૫-૨૦ વર્ષ પહેલાં આ બાબતની એક પણ વિગત નહોતી. એટલે કોઈ મકાન નહોતું ખરીદતું, કોઈ બાંધકામ કરવાવાળું નહોતું. આજે લોકોની ખરીદ શકિત વધી છે. નાનામાં નાનો માણસ આજે મકાન ખરીદી શકે છે. નાનામાં નાનો માણસ આજે બાઈક ખરીદી શકે છે. નાનામાં નાનો ખેડૂત આજે મોટર ખરીદી શકે છે એવી ખરીદ શકિત થઈ છે. અને એ ખરીદ શકિતનું જો કોઈ પરિણામ હોય તો આ રાજય સરકારની કામગીરીના કારણે આ લોકોની ખરીદ શકિત વધી છે. ઉદ્યોગ ધમધમવા લાગ્યા છે. હમણાં જ સાથી પક્ષના સભ્ય કહેતા હતા કે ગુજરાતનો જે વિકાસ થયો છે, ઉદ્યોગનો જે વિકાસ થયો છે તે તો આ ગુજરાતની જનતાને આભારી છે. ગુજરાતની જનતાના કૌશલ્યને આભારી છે. વાત સાચી છે. ગુજરાતની જનતાને પણ સલામ જોઈએ. ગુજરાતની

શકિતને પણ બિરદાવવી જોઈએ. એટલે જ મહામહિમ રાજયપાલશ્રીને તેના પ્રવચનની શરૂઆતમાં જ કહ્યું છે કે આ મોટી સિદ્ધિઓ માટે હું ગુજરાતના પ્રગતિશીલ અને કુશળ લોક માનસ તથા દૂરંદેશી નેતૃત્વને હું સ્વીકારું છું. અમારે કોઈ છુપાવવું નથી. અમે ઉઘાડા હતા જ અને ઉઘાડા છીએ. અમારી જાતને અમે ઢાંકતા નથી શીખ્યા. એટલે અમારે કોઈ છુપાવવાનું નથી પરંતુ આજે જે વિકાસ થયો છે તે રાજય સરકારની નીતિઓને કારણે પણ થયો છે. રાજય સરકારની જે ઉદાર નીતિઓ છે આજથી ૨૦ વર્ષ પહેલાં આ રાજયની અંદર ઈન્ફ્રાસ્ટ્રકચર નહોતું. ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી શાસનમાં આવ્યાં અને રાજયની અંદર ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ થયો. ૧૬૦૦ કિલોમીટરનો દરિયો તો આઝાદી પછી ૫૦ વર્ષ પહેલાં પણ હતો તે દરિયો ૧૯૯૫ પછી કે ૨૦૦૨ પછી નથી આવ્યો. પણ બંદરના વિકાસ માટે તમે શું કર્યુ ? કાંઈ નથી કર્યુ. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં આ બંદરોને ધ્યાનમાં લીધાં અને ૧૬૦૦ કિલોમીટરના દરિયાને વિકાસની એક પથરેખા દોરી. વીજળી, વીજળી આજે થોડાં સમયની અંદર આ રાજય સરપ્લસ થવાનું છે. ગેસની ગ્રિડ ઉદ્યોગોની જે જીવાદોરી સમાન છે તે ગેસ ગ્રિડ આજે ૧૫૦૦ કિલોમીટર વિસ્તારની અંદર ગુજરાતની અંદર ગેસની ગ્રિડ નાંખવામાં આવી. આ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ થયું એટલા માટે આ રાજયના ઉદ્યોગનો વિકાસ થયો. આ રાજયની નીતિ ઉદ્યોગલક્ષી રહી છે, રોજગારલક્ષી રહી છે અને જે રોજગારી તેમાંથી ક્રિએટ થાય તે પ્રકારની નીતિના કારણે આ રાજયનો વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબીની વાત કરવી એક બાબત છે પણ અમે જે વિચારધારામાંથી આવી રહ્યા છીએ તે પંડિત દીન દયાળ ઉપાધ્યાયજીની એક આત્મ માનવ દર્શનની વિચાર ધારા લઈને અમે શાસન કરી રહ્યા છીએ. પંડિતજીએ કહ્યું હતું કે યંત્ર વ્યકિતનું સહાયક બનવું જોઈએ, માલિક નહીં. આપણાં દેશમાં ભૂમિ કરતાં માનવ શકિત વધારે છે એટલે જ હર હાથ કો કામ ઔર હર ખેતકો પાની મિલના ચાહીએ. આ પંડિતજીએ વાત કરી. અને એમનું જે માર્ગદર્શન, એમની જે નીતિ, એમનું જે દર્શન તે પ્રમાણે આ ભારતીય જનતા પાર્ટી આગળ વધી રહી છે. એટલે જ ઉદ્યોગો એ માત્ર મોટા ઉદ્યોગો નહીં, પણ કુટિર ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ, નાના ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગ અને મોટા ઉદ્યોગ એ બધા ઉદ્યોગો રાજયમાં સપ્રમાણ અને વ્યવસ્થિત રીતે વિકાસ પામે એ માટે રાજય સરકારે મહેનત કરી છે. એટલે જ છેલ્લા બે વર્ષમાં ૩,૧૩,૦૦૦ લોકોને કુટિર ઉદ્યોગમાં રોજગારી પ્રાપ્ત થઈ છે. રાજય સરકારની આ નીતિ અને પ્રોત્સાહન ન હોત તો આ રોજગારી પ્રાપ્ત ન થઈ શકી હોત. એવી જ રીતે જે નાના નાના ઉદ્યોગ છે, મારે ગૃહનું ધ્યાન દોરવું છે કે ૧૯૯૨થી ૨૦૦૦ સુધી કુટિર ઉદ્યોગમાં ૧,૧૯,૮૫૪ લોકોએ રોજગારી પ્રાપ્ત કરી છે. ૨૦૦૧થી ૨૦૦૮ના વર્ષોમાં ૧,૨૬,૨૧૫ અને ૨૦૦૮થી ઓકટોબર ૨૦૦૯ના માત્ર દોઢ વર્ષના ગાળામાં ૧,૬૦,૫૮૪ ને વિશેષ રોજગારી આ રાજયમાં પ્રાપ્ત થઈ છે. ત્યારે આ રાજયમાં કુટિર ઉદ્યોગ વધુ સલામત અને સ્થિર છે અને પ્રગતિ કરી રહ્યો છે. નાના ઉદ્યોગ પણ સ્થિર છે અને પ્રગતિ કરી રહ્યા છે. હું જે ઉદ્યોગમાંથી આવું છું એ હીરા ઉદ્યોગ ગયા વર્ષે વૈશ્વિક મંદીનો સૌથી વધારે ભોગ બન્યો છે. આજે આ ઉદ્યોગ ખૂબ સારો ચાલી રહ્યો છે. મને જણાવતા આનંદ થાય છે કે દુનિયાનો સૌથી મોટો જેમ્સ એન્ડ જવેલરી પાર્ક SEZ આ વર્ષમાં અમે આ રાષ્ટ્રને અને આ રાજયને અર્પણ કરવાના છીએ, ત્યારે આ રાજયની નીતિઓને કારણે આ નિર્માણ થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી વિધાનસભાના છઠ્ઠા સ્વર્ણિમ્ સત્રના પ્રથમ દિવસે મહામહિમ રાજયપાલશ્રીએ કરેલ પ્રવચન ઉપર આત્મારામભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, એને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વ જો કોઈ એક મુદ્દે એક મતે ચિંતા કરતું હોય તો તે મુદ્દો છે, માત્ર ને માત્ર ઉર્જા. ગુજરાતમાં જયારથી નરેન્દ્રભાઈ મોદીએ શાસનની ધૂરા સંભાળી છે, ત્યારથી ઉર્જા ક્ષેત્રે સતત અને સતત વિકાસના સોપાનો સર કર્યા છે. આપણું ગુજરાત વિદ્યુત બોર્ડ ભૂતકાળમાં ૨૫૦૦ કરોડ રૂપિયાની ખોટ કરતું હતું. તેના બદલે છેલ્લા ૫ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉર્જામંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને સારા વહીવટને કારણે આજે એ જ ગુજરાત વિદ્યુત બોર્ડ ચાલુ વર્ષમાં ૧૨૬ કરોડનો નફો કરવા જઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ સામે પક્ષેથી ઈકબાલભાઈ બોલી રહ્યા હતા કે ગુજરાતમાં ખેડૂતોને ૬ કલાક વીજળી મળે છે. મારે વાત કરવી છે ખેડૂતોની, ખેડૂતોને જે વીજળી મળે છે તેની અને ખેડૂતો માટે જયાં ડાંગર પકવતા હોય એવો અમદાવાદ જિલ્લો હોય કે કોઈપણ જિલ્લો હોય. એ ખેડૂતોને રાજય સરકાર ૧૦ કલાક વીજળી આપે છે. રવિ પાકની સીઝન આવે ત્યારે જીરુ પકવતા ખેડૂતો માટે ૧૦ કલાક વીજળી આ રાજયની સરકાર આપી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ખોટા આક્ષેપો કરવાથી ગુજરાતની જનતા ભરમાવવાની નથી. ગુજરાતની જનતા અને ગુજરાતના ખેડૂતો એના સાક્ષી બન્યા છે અને એટલા માટે જ અમે અહીંયાં બેઠા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતો પોતાના ખેતરે રહે છે ત્યારે સામા પક્ષના મિત્રો તરફથી એવો પ્રચાર કરવામાં આવતો હતો કે ભૂતકાળમાં અમે જેટલી પણ લાઈટ આપતા એટલા કલાક ખેડૂતોને વીજળી મળતી

નથી, પરંતુ મારે કહેવું છે કે ૮ કલાક અને ૧૦ કલાક વીજળી અમે આપીએ છીએ એનાથી પણ સંતોષ નથી અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઉર્જા મંત્રીશ્રીએ ખેડૂત આગેવાનો, ખેડૂત પુત્રો અને ખેડૂત પ્રેમી ધારાસભ્યોની રજૂઆતોના કારણે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઉર્જામંત્રીશ્રીએ એલ.એસ.પી. ફીડર અમલમાં મૂકયા અને એ એલ.એસ.પી. ફીડર આજે ગુજરાત રાજયનાં કુલ ૪૬૦૦ ફીડર છે એ પૈકીનાં ૩૬૧૬ ફીડરમાં ૨૪ કલાક વીજળી મળે છે  કારણ કે ખેડૂત વાડીમાં રહેતો હોય, એને રાત્રે કોઈ સર્પદંશ ના થાય, કોઈ ઝેરી જીવાણું કરડી ના જાય એટલા માટે ૨૪ કલાક સીંગલ ફેઈઝથી વીજળી આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર આપી રહી છે. આ વાત મારે આપશ્રી દ્વારા સાથી સભ્યશ્રીઓને જણાવવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં જયારે બાજપાઈજીની સરકાર હતી, માનનીય બાજપાઈ જયારે વડાપ્રધાન હતા ત્યારે ગુજરાતને કોલસો સસ્તો મળે અને ગુજરાતને કોલસો સસ્તો મળે તો ગુજરાતના વીજ ગ્રાહકોને સસ્તા દરે વીજળી મળે એવા સુચારૂ અભિગમના કારણે નજીકના રાજયમાંથી આ વીજ ઉત્પાદન માટે કોલસો આપવામાં આવતો હતો. હવે આજે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઉર્જામંત્રીશ્રીની છેલ્લા ૫ વર્ષથી વારંવારની રજૂઆત કરવા છતાં ઉપર બેઠેલી સરકાર કે જેનું નામ લેતો નથી, પરંતુ એમણે નાગપુરમાંથી કોલસો નહીં આપીને છત્તીસગઢમાંથી કે જયાંથી કોલસાનું પરિવહન મોંઘું પડે એ કોલસો રાજય સરકારને આપી રહી છે ત્યારે આપણે વીજળી મોંઘી પડી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે કે આ રીતે ખેડૂતોની ચિંતા કરી. ખેડૂતોની ચિંતા કર્યા બાદ ભૂતકાળમાં કોઈ દિવસ ઉર્જા વિકાસ નિગમ દ્વારા કોઈ દિવસ ના થયું હોય એટલું ઉત્પાદન આ ૫ વર્ષમાં થયું છે. મારે એના થોડાક આંકડા આપશ્રી મારફત આ ગૃહ સમક્ષ રજૂ કરવા છે. ઉર્જા વિકાસ નિગમ દ્વારા ૭૫ મેગાવોટનો લિગ્નાઈટ આધારિત પાવર પ્લાન્ટ, પાનન્ધ્રો ખાતે તા. ૨૭-૧૨-૨૦૦૮ થી સિક્રોનાઈઝ કરેલ અને આ એકમ માત્ર એક જ વર્ષમાં ૮ દિવસ ઓછા હતા અને કાર્યાન્વિત કરવાનું ભગીરથ કામ આ રાજય સરકારે કર્યુ છે. ૩૭૫ મેગાવોટ ગેસ આધારિત પાવર પ્લાન્ટ, ઉતરાણ એકમ નંબર ૭ નવેમ્બર ૨૦૦૯ ના રોજ શરૂ કર્યુ છે, ૨૫૦ મેગાવોટના ૨ એકમ સિકકા ખાતે હાલના આયોજન મુજબ એક એકમ ૩ જી જૂન, ૨૦૧૨ અને બીજું એકમ ૪ ઓગસ્ટ, ૨૦૧૨ ના રોજ શરૂ થવાનું છે. જે કહ્યું એ અમે કર્યુ છે એ મુજબ આ આયોજન શરૂ કરવાનું જ છે. ૩૫૦ મેગાવોટનું ગેસ આધારિત કમ્બાઈન સાયકલ પાવર પ્લાન્ટ, ધુવારણ ખાતે ૧૧ મી પંચવર્ષીય યોજનાના અંતસુધીમાં કરવાનું આયોજન અમે નકકી કર્યુ છે. ભૂતકાળમાં પાવર પ્રોડકશન માટેની જે ઉદાસીનતા હતી અને બહારથી વીજળી લાવીને આપણા રાજયને આપવી પડતી હતી એ વીજળી રાજયમાં જ ઉત્પાદન કરવાનાં દ્વાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઉર્જામંત્રીશ્રીએ ખોલ્યાં છે ત્યારે હું અહીંયાં ગૃહમાંથી જ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય  ઉર્જા મંત્રીશ્રીને બધા જ સભ્યશ્રીઓ વતી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,અગાઉની સરકારમાં જે પાવર પ્લાન્ટ બન્યા હતા એની જે વીજળી ખેડૂતોને ત્યાં ઓછી આવતી હતી. આપણાં ૬૬ કે.વી.નાં પાવર સ્ટેશનો હતાં અને ત્યાં ખેડૂતપુત્ર માત્રને માત્ર કડકડતી ઠંડીમાં ફોન કરે અને રૂબરૂ મોટર સાયકલ લઈને પૂછવા જાય (અંતરાય)૬૬ કે. વી. માં એક માણસ કડકડતી ઠંડીમાં પૂછવા જાય ત્યારે એવો જવાબ મળે કે આ તો ઉપરથી વીજ મથક ખોટવાયું છે. એટલે જ્યારે રિપેરીંગ થશે ત્યારે અઠવાડિયે કે દસ દિવસે ફીડર ચાલુ કરવામાં આવશે. આવી બાબા આદમના વખતની મશીનરી હતી એ મશીનરી બદલવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના ઉર્જા મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રીએ કરી અને પાવર પ્લાન્ટ કાર્યાન્વિત કરવાનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબો માટેની વાત થતી, હતી. મારે લાંબી વાત નથી કરવી પણ ઈકબાલભાઈ આવ્યા છે ત્યારે એ વાત કરીશ કે ગરીબો માટે વાત કરતા હોઈએ છીએ ત્યારે રાજય સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરી અને ગરીબ કલ્યાણ મેળા યોજી રહી છે. અને તેથી મારે માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે તાલુકા મથકોએ કોઈ ગરીબ માણસ જાય ત્યારે બસના ભાડાનો ખર્ચ થાય, ચા-પાણી નાસ્તાનો ખર્ચ થાય અને પોતાના ખીસ્સાના સો રૂપિયા વપરાઈ જાય ત્યારે એને સહાયનો ચેક મળે, આ મુખ્ય મંત્રીશ્રીએ તો તેને નાસ્તાના પૈસા આપ્યા, મફત બસમાં મુસાફરી આપી છે અને મંડપ નીચે લાવી અને સહાયના ચેક મફતમાં આપ્યા છે. એટલા માટે હું તેમને અભિનંદન આપું છું. માનનીય આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવલઈસને આવ્યાછે તેને અનુમોદન આપીને વિરમું છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. મહામહિમ રાજયપાલશ્રીનું પ્રવચન એ સરકારની વિકાસની દિશા સૂચવતું હોય છે. કઈ તરફ સરકાર કામ કરવા માગે છે તે સૂચવતું હોય છે. પરંતુ  આ પહેલી એવી સરકાર છે કે જે બેલેન્સીંગ ડેવલપમેન્ટ તરફ નથી જઈ રહી. તેના મારી પાસે પુરાવા પણ છે. પૂર્વ સરકારોએ ગુજરાતના વિકાસ માટે પોતાનું યોગદાન આપેલું છે. આ સરકાર ગરીબ કલ્યાણ મેળાની બહુ મોટી જાહેરાતો કરે છે, મારે પૂછવું છે કે ધારો કે આ ગરીબ કલ્યાણ મેળા ન યોજવામાં આવ્યા હોત તો શું આ ૨૭ કરોડ રૂપિયા ગરીબ માણસોને પહોંચ્યા ન હોત? સ્વર્ણીમ રથ, ગરીબ રથ, કૃષિ રથ, ગુણોત્સવ, પતંગોત્સવ, વન મહોત્સવ આવા બધા મહોત્સવો મફત થાય છે? વગર પૈસે

થઈ જાય છે? કોઈ પણ નાનો પોગ્રામ કરવો હોય તો કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોય છે. ત્યારે સરકાર આ વચેટીયાઓની વાત કરે છે તો આ કયા વચેટીયાઓના ખર્ચથી પ્રોગ્રામ થઈ રહયા છે એ મારે જાણવું છે. કોઈ પણ પ્રોગ્રામ ગામડાંમાં થાય છે ત્યારે તેની સાથે સાથે ગામડાંમાં જે આંગણવાડીઓના કાર્યકરો થી માંડીને તલાટી, શિક્ષકો, તાલુકા પંચાયતનું સરકારી તંત્ર, જિલ્લા પંચાયતનું સરકારી તંત્ર બધા એમાં બિલકૂલ પરોવાઈ જાય છે. તેના લીધે રૂટીંગ કામો જે કરવાના હોય છે તે ખોરંભે પડે છે. ગામડાંનો માણસ પોતાના કામ માટે તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતમાં જાય છે પોતાનો સમય બગાડીને અને ખર્ચ કરીને જાય છે ત્યારે ત્યાં કોઈ હોતું નથી અને તેને પરત આવવું પડે છે. આ જ રીતે આવા મેળાઓ યોજવાથી એસ.ટી. તંત્ર હજારોની સંખ્યામાં પોતાની બસો પાછી ખેંચી લઈ અને મેળાઓમાં મોકલે છે. ત્યારે પોતાના કામ-ધંધા માટે જતો સામાન્ય નાગરીકને બસ મળતી નથી અને તે જઈ શકતો નથી અને એમના કામો રખડી જાય છે. સરકાર જયારે આવા મેળાઓ યોજીને એમ કહે છે કે અમે પ્રજાને એમના ઘરે પૈસા આપવા જઈ રહયા છીએ ત્યારે મારે એ કહેવું છે કે નારેગામાં કામ કરતા માણસો પરસેવો પાડીને તેને સો રૂપિયાની રોજગારી મેળવવાની છે તેને સમયસર પૈસા કેમ ચુકવાતા નથી? હોળીનો તહેવાર હોવા છતાં બે બે મહિનાથી આ ગરીબ માણસોને પૈસા નથી ચુકવવામાં આવ્યા. મુખ્ય મંત્રીશ્રી જે ગરીબ કલ્યાણ મેળા યોજે છે એમાં સો વારના પ્લોટ માટે ગૌચરની જમીન કે સરકારી પડતર જમીન છે એનો સરવે કરવાનો હોય છે. એમાં પહેલી વખત એવી રીતે કહયું કે મુખ્ય મંત્રીશ્રીનો પ્રોગ્રામ છે તેથી તાત્કાલિક સરવે કરવાનો છે એટલે એના ડબલ પૈસા ભરવાનું કહેવામાં આવ્યું. જે ૯૦૦ રૂપિયા ભરવાના હોય છે તેના બદલે ડબલ પૈસા ૧૮૦૦ રૂપિયા ભરાવ્યા છે.

હમણાં માનનીય સભ્યશ્રી ઊર્જાની વાત કરતા હતાં, તેઓ કહેતા હતા કે અમે ખેડૂતોને દસ કલાક વીજળી આપીએ છીએ. અગાઉની સરકારોમાં ગુજરાતના ખેડૂતોને ૧૪ થી ૧૬ કલાક વીજળી આપવામાં આવતી હતી. જો તમારામાં તાકાત હોય તો ખેડૂતોને ૧૪ થી ૧૬ કલાક વીજળી આપો? પહેલા ખેડૂતોને હોર્સ પાવરથી વીજળી આપવામાં આવતી હતી જ્યારે આજે તમે મીટર દાખલ કર્યા છે. જગતના તાતને તમે હાથકડીઓ પહેરાવી છે જે ગુજરાતનું અપમાન છે તેમ છતાં તેઓ ખેડૂતો માટે ગૌરવ લે છે. જે ખેડૂત ખેત ઉત્પાદન કરે છે એને તમે હાથકડીઓ બતાવો છો.

નર્મદા યોજનાની વાત કરીએ તો આ યોજના પાછળ અત્યાર સુધીમાં ૩૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. મોટી કેનાલોમાં તમે એનું પાણી ભરી રાખ્યું છે અને તેમાં તમે દીવા પધરાવ્યા પરંતુ ગામડાંનો ગરીબ ખેડૂત પાણી માટે રાહ જોઈ રહ્યો છે. તમે મોટી કેનાલો તો બનાવી પરંતુ સાથે સાથે માઈનોર અને સબ માઈનોર કેનાલો બનાવી નથી તેથી ખેડૂતોને પાણી મળી શકતું નથી. સુજલામ સુફલામ અથવા નર્મદા યોજનાના કમાન્ડ સિવાયનો વિસ્તાર છે એને પણ પાણી આપવું જોઈએ.

હમણાં એક માનનીય સભ્યશ્રી વાત કરી રહ્યા હતા કે મારા વિસ્તારમાં સો કરોડ રૂપિયાના રસ્તાઓ થયા છે. તો પછી કોંગ્રેસના ધારાસભ્યો જે વિસ્તારમાંથી આવે છે એ વિસ્તારમાં રસ્તાના કામો થતાં નથી, સિંચાઈની સુવિધા થતી નથી. સરકારે તો દરેક વિસ્તારને ધ્યાનમાં રાખીને વિકાસ કરવો જોઈએ પરંતુ એ થઈ શકતું નથી.

ચોવીસ કલાક થ્રી ફેઈઝ લાઈટ માટે ઘણી બધી ચર્ચાઓ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં હજી ૨૮ ટકા વીજળીકરણ નથી થયું. એકબાજુ દીકરીને ભણાવવા માટે ભીખ માગે છે પરંતુ આ ભીખ માગવાની જરૂર નથી, એનો જો પૂરતી વીજળી આપવામાં આવશે તો ચોક્કસ એ ભણશે પરંતુ એ કરવું નથી. આ યોજના આદિવાસી વિસ્તારમાં બંધ થઈ ગઈ છે. ખરેખર તો એનો સર્વે કરાવવો જોઈતો હતો, પૂરેપૂરુ વીજળીકરણ થયું નથી તેમ છતાં કંપનીએ બોર્ડ લગાવી દીધા કે તમારુ ગામ જયોતિગ્રામ છે. જોયા વગર એમને એમ બોર્ડ લગાવી દીધા છે.

ડાર્ક ઝોન માટે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે પ્રશ્ન અટવાયા કરે છે. ગુજરાત સરકાર એમ કહે છે કે પાણીના સ્તર ઊંચા આવ્યા છે તો પછી સરકારે ડાર્ક ઝોન ઉઠાવી લેવો જોઈએ. માનનીય શંકરસિંહજી સરકાર વખતે ડાર્ક ઝોન ઉઠાવી લીધો હતો. ૧૯૯૭ થી ૨૦૦૩ સુધી ડાર્ક ઝોન ઉઠાવી લેવામાં આવ્યો હતો. ફરી પાછો ડાર્કઝોન લાદવામાં આવ્યો છે. મારી વિનંતી છે કે ખેડૂતોના હિતમાં તમારે ડાર્કઝોન ઉઠાવી લેવો જોઈએ. જે ૫૬ તાલુકાઓ છે એને વીજળી આપવી જોઈએ કે જેથી ખેડૂતો ખેત ઉત્પાદન કરી શકે.

વન વિભાગનો કાયદો ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં જંગલની જમીન મેળવવા માટે ૧,૮૫,૨૨૨ જેટલી અરજીઓ આવી છે એનો નિકાલ કરવામાં આવ્યો નથી. ગુજરાતમાં સૌથી ઓછું કામ થયું છે એનો જવાબ શું આપ્યો કે ૧૯૮૦ પહેલા જંગલની જમીન હતી એમાં કામ શરૂ થયું એટલે આ કામગીરી .૦૪ ટકા જ છે. આ કાયદો આવ્યા પછીની બાબત છે. આ અરજીઓનો નિકાલ સરકાર કરવા માગે છે કે કેમ, જેમ બીજા રાજયોમાં નિકાલ થયો છે. આ કાયદો આખા દેશમાં હતો ૧૯૮૦ પહેલાની જમીન આખા દેશમાં લાગુ પડતી હતી, આ આદિવાસી ખેડૂતોના હિતમાં હતું તો શા માટે આદિવાસી ખેડૂતોને જંગલની જમીન આપવામાં આવતી નથી. આ સરકાર કોઈ ચોક્કસ નીતિ નિયમ ઘડતી નથી, કોઈ ચોક્કસ નીતિ નક્કી કરતી નથી અને આ રીતે આ આદિવાસી ખેડૂતોને સરકાર જંગલની જમીન આપતી નથી.

શ્વેત ક્રાંતિ ગુજરાતમાં આવવાથી ખેડૂતોનું આર્થિક પાસુ સારું થયું. આ શ્વેત ક્રાંતિ ડો. કુરિયન લાવ્યા હતા એજ રીતે આ નરેગા યોજના આવવાથી ગુજરાતના અમુક ચોક્કસ વિસ્તારના ગરીબ ખેડૂતો અને ખેત મજૂરોનું આર્થિક પાસુ સારુ થયું છે. ગરીબ અને પછાત ખેડૂતોનું આર્થિક પાસુ સુધારવા માટે આ નરેગા યોજના લાવવામાં આવી છે. તેમાં પણ મારી વિનંતી છે કે જેમ આ શ્વેત ક્રાંતિમાં આર્થિક પાસુ સદ્ધર થયું, ખેડૂતોની દશા સુધરી તેમ નરેગામાં પણ સમયસર સરકાર પૈસા ચૂકવે તો મને લાગે છે કે પછાત વિસ્તારના ખેડૂતોનું, પછાત વર્ગના કામદારોનું આર્થિક પાસુ સદ્ધર થશે. આટલી વાત સાથે આત્મારામભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કર્યા છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ્ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ્ રાજયપાલશ્રીએ આ સન્માનનીય સભાગૃહમાં ઉપસ્થિત રહી કરેલા સંબોધન દ્વારા એક ઉચ્ચ પરંપરા અને પ્રણાલિકાનું જતન કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કુશળ નેતૃત્વમાં ટૂંકા સમયમાં જ ગુજરાત રાજય દ્વારા અનેક મોટી સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે, અનેક સફળતાઓ પ્રાપ્ત કરવામાં આવી છે. તેના કારણે સમગ્ર દેશમાં નહીં, પરંતુ વિશ્વમાં ભારતનું ગૌરવ વધારી શકાય એવું કામ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. તેના કારણે આ રાજય સરકારને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલના અનેક એવોર્ડ મળ્યા છે. ભૂતકાળની સરકારોમાં માત્ર ગરીબોના વિકાસની વાતો કરી છે. તેમની વોટબેંક બનાવી તેમનો ઉપયોગ કરવામાં આવેલો છે. ગુજરાત રાજયના જાંબાઝ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વંચિતોના વિકાસની વિશેષ ચિંતા કરી છે અને તેમાં પણ આદિવાસી સમાજને અન્ય સમાજની હરોળમાં લઈ જઈ શકાય એવા સફળ પ્રયત્નો કર્યા છે. આદિવાસી સમાજ અંબાજીથી લઈને ઉમરગામ સુધી જંગલ અને પહાડી વિસ્તારમાં વસવાટ કરે છે અને લગભગ ૭૫ લાખ જેટલી વસતિ આ રાજયમાં છે. કોંગ્રેસના મિત્રો હંમેશા આદિવાસી સમાજના વિકાસની વાતો કરે છે. પરંતુ તેમને મારે સચ્ચાઈ જણાવવી છે કે ૧૯૭૪થી ૨૦૦૧ સુધી આદિવાસી સમાજના વિકાસ માટે માત્ર ૬૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલો છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ૨૦૦૨થી અત્યાર સુધીના ટૂંકા સમયમાં જ રૂા. ૧૨,૦૦૦ કરોડના વિકાસના કામો થવાના છે. એ જ બતાવી આપે છે કે આદિવાસી સમાજની ચિંતા માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે, નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત, સમાજ, રાજય કે રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો તેનો મૂળ પાયો એ શિક્ષણ છે. આદિવાસી વિસ્તારમાં કન્યા કેળવણી, પ્રવેશ મહોત્સવ, વિદ્યાલક્ષ્મી બૉન્ડ, વિદ્યા સહાયકોની ભરતી, શાળા આરોગ્ય ચકાસણીના કાર્યક્રમો એવી અનેક કલ્યાણકારી યોજનાઓ દ્વારા આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું સ્તર ઉંચું લાવવાના પ્રયત્નો કરેલ છે. રાજય સરકાર દ્વારા ટૂંકા સમયમાં લગભગ ૧૧ જેટલી નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આદિવાસી વિસ્તારમાં શરૂ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં શિક્ષણને મહત્વ મળે તેના માટે લગભગ ૫૬ જેટલી નવી માધ્યમિક શાળાઓ આદિવાસી વિસ્તારમાં શરૂ કરવામાં આવી છે અને મારા મતવિસ્તારની જ વાત કરું તો છેલ્લા બે વર્ષમાં પાંચ જેટલી માધ્યમિક શાળાઓ મારા વિસ્તારમાં શરૂ થઈ છે. એક ઉચ્ચતર માધ્યમિક શાળા, એક સાયન્સની સ્કૂલ, એક આદર્શ નિવાસી શાળા અને એક નવી આઈ.ટી.આઈ.ની શરૂઆત કરવામાં આવી છે. ભૂતકાળમાં આદર્શ નિવાસી શાળા કે જેની શિક્ષણની કવોલિટી ખૂબ સારી નહોતી પરંતુ અત્યારે તેમાં પણ સુધારો કરીને,અને એસ.એસ.સી. બોર્ડનું પરિણામ લગભગ ૭૧ ટકા જેટલું આવેલું છે. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શાળાના ૭૮૦૧ નવા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે, ૫૭૫ જેટલા વધારાના શાળાના ઓરડાઓનું બાંધકામ કરવામાં આવ્યું છે. આદિવાસી વિદ્યાર્થીઓ ટૅક્નીકલ વિભાગમાં જઈ શકે તે માટે આ રાજય સરકારે ૩ જેટલી એન્જિનિયરીંગ કૉલેજો આ ગુજરાતમાં વ્યારા, રાજપીપળા અને ગોધરા ખાતે ચાલુ કરી છે, ચાર જેટલી ખેતી વિષયક ડિપ્લોમા કૉલેજો દાહોદ, દેદીયાપાડા, અમીરગઢ અને ખેડબ્રહ્મામાં શરૂ કરવામાં આવી છે, ૩ જેટલી નર્સિંગ કૉલેજો આદિવાસી દીકરીઓ માટે દાહોદ, રાજપીપળા અને વ્યારામાં ચાલુ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં ૧૦ જેટલી આઈ.ટી.આઈ. ચાલુ કરવામાં આવી છે. આ રાજયના આદિવાસી યુવાનો અને વિદ્યાર્થીઓએ સ્વપ્ને પણ કયારેય વિચાર્યું નહીં હોય કે તેઓ વિદેશમાં થઈને અભ્યાસ કરશે. પણ આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ પ્રયત્નો કરવાના કારણે અત્યારે ૫૭ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરે છે. ૧૦ જેટલા કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે વિદેશમાં જઈ રહ્યા છે. જે વિદ્યાર્થીઓ હોંશિયાર અને ટેલેન્ટ છે, પરંતુ તેના માતાપિતા પાસે સગવડ નથી એના માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ટેલેન્ટ પુશ યોજના લાવીને લગભગ ૧૭૪ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓ શહેરની આધુનિક સુવિધાવાળી સંસ્થાઓમાં અભ્યાસ કરે છે. એમનો રહેવાનો, જમવાનો, પુસ્તકોનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આરોગ્યની પણ ખૂબ ચિંતા કરી છે. અત્યારે સૌથી મોટી ચિંતાનો વિષય આદિવાસી વિસ્તારમાં સિકલસેલની બિમારીનો છે. ત્યારે મારે આ સભાગૃહને જણાવવું છે કે,

ભૂતકાળની સરકારમાં આ રાજયની અંદર આદિવાસી મુખ્યમંત્રી હોવા છતાં માત્ર આ બિમારી માટે રૂ.૩૫,૦૦૦/- ની જોગવાઈ કરવામાં આવી હતી અને આવી ક્રૂર મશ્કરી કરી આદિવાસી સમાજનું અપમાન કર્યું હતું. આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઠ કરોડ જેટલી મોટી રકમ ફાળવી છે. દાંતા-અમીરગઢમાં દૂધ સંજીવની યોજના શરૂ કરી છે. આ યોજના દ્વારા શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ૨૦૦ એમએલ દૂધ આપવામાં આવે છે. માનનીય આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપર સન્માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકારે દરેક ક્ષેત્રમાં કરેલી કામગીરી અને કામગીરી પાછળ જે સિદ્ધિઓ મેળવવામાં સરકાર સફળ બની છે એની પ્રશંસા પણ વ્યક્ત થતી હતી. આદિવાસી વિસ્તારમાંથી આવું છું અને જ્યારે આરોગ્ય વિભાગે જે છેલ્લા ૫-૭ વર્ષમાં કરેલી કામગીરીમાં સફળતા મેળવી છે એ મારે આ સભાગૃહના ધ્યાન ઉપર લાવવી છે. ગામડાની અંદર જ્યારે અમારી આદિવાસી બહેનો એટલે કે, ગરીબ બહેનોને પ્રસૂતિ સમયે પડતી મુશ્કેલીઓ, આજથી ચાર-પાંચ વર્ષ પહેલાંના એક કિસ્સાના અમે સાક્ષી બન્યા છીએ. ગરીબ બેન સગર્ભા માતા બનતી હોય ત્યારે એ ગરીબ બેન કદાચ સારા ઘરની મા-બેન એ જ્યારથી સગર્ભા માતા બને છે ત્યારથી એની પૂરેપૂરી કાળજી લેવાય છે ત્યારે અમારી ગરીબ બેનો છેલ્લા દિવસો સુધી લોકોના ખેતરમાં અથવા તો લોકોના ઘરે મજૂરી પણ કરતી હોય છે અને જ્યારે એ લોકોના ઘરે મજૂરી કરતી હોય અને છેલ્લા દિવસે અમે સાક્ષી રહ્યા છીએ કે એની ખેતરમાં પણ પ્રસૂતિ થઈ છે અને એવા સંજોગો જ્યારે એ બહેનો માટે ઊભા થાય અને ક્યારેક કોમ્પલીકેટેડ એ કેસ બની જાય ત્યારે મારે આ આરોગ્ય વિભાગને અને આ સરકારે કરેલી કામગીરીની સફળતાને મારે અભિનંદન એટલા માટે આપવા જોઈએ કે આ બહેનોને કદાચ સમયસર કોઈ એની યોજના નહીં બનાવીએ અગર યોજનાનો લાભ નહીં આપીએ અને જો કદાચ કોઈ હૉસ્પિટલ સુધી એને પહોંચાડવામાં નહીં આવે તો કદાચ એનું અકાળે મૃત્યુ પણ થયેલું હોત અને એના માટે રાજય સરકારે ચિરંજીવી યોજના જ્યારથી દાખલ કરી છે ત્યારથી અમારા આદિવાસી વિસ્તારની અંદર ગરીબ બહેનોને જે એની એ યોજનાનો જે પૂરેપૂરો લાભ મળી રહ્યો છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. જનની સુરક્ષા યોજના જે સમયે આપણે બનાવી એ સમયે ઘરે સુવાવડ કરે કે હૉસ્પિટલમાં સુવાવડ કરે તો પણ એને ૫૦૦ રૂપિયા આપણે આપતા હતા. ૨૦૦ રૂપિયા જ્યારે પરિવહનમાં આપણે આપતા હતા તેમ છતાં જે સફળતા મળવી જોઈએ એ મળી શકી નહોતી, જ્યારથી ૧૦૮, ૨૦૦૭ ઑગસ્ટમાં ૨૦ એમ્યુલન્સની સેવા શરૂ કરી તે સમયે આ ૧૦૮ થકી આવી બહેનો છેલ્લા દિવસ સુધી જ્યારે લોકોના ખેતરમાં કામ કરતી હોય અને તે સમયે એનો પેટનો દુખાવો ઊપડે, આજે સામાન્ય માણસ પણ મોબાઈલ વસાવતો થયો છે અને આ મોબાઈલ થકી ૧૦૮ ઉપર ડાયલ કરીને ૧૦ થી ૧૫ મિનિટમાં અમારી એમ્બ્યુલન્સ પહોંચે છે અને એ ખેતરમાંથી લઈ જઈને એ બહેનને હૉસ્પિટલ સુધી પહોંચાડવાનું કામ કર્યુ છે. સમયસર પહોંચાડવાને કારણે સારી હૉસ્પિટલમાં પ્રસૂતિ થઈ છે. કેટલાક કોમ્પ્લીકેટેડ કેસમાંથી કદાચ ઇમરજન્સી ઉભી થઈ જાય અને એને અકાળે જે મૃત્યુ થતા એ બચાવવાના પ્રયત્ન પૂરેપૂરા સરકારે ૧૦૮ દ્વારા ચિરંજીવી યોજના દ્વારા બિલકુલ સફળ થયેલી સરકાર અને એના માટે ગરીબમાં ગરીબ લોકો પણ અભિનંદન આ સરકારને અને નરેન્દ્રભાઈને આપે છે. મારે અત્યારે તાજેતરમાં બનેલી એક વાત કહેવી છે કે મારે ૧૦-૧૫ દિવસ પહેલા સાઈનર હૉસ્પિટલ ઘરમપુરમાં જવાનું થયું એક દર્દીને મળવા માટે. કપરાળાનું પાનસ ગામનું એક ૨ વર્ષનું બાળક હતું, કોબ્રા નામના સાપના ડંખનો એ એ શિકાર બન્યો, આજુબાજુમાં કોઈ એનું વાહન ન હતું તેમ છતાં કોઈએ એક મોબાઈલ ઉપરથી ૧૦૮ ડાયલ કરીને જ્યારે એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી, એને ૧૦ થી ૧૫ મિનિટમાં એ બાળકને હૉસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યું. એ બાળકને માંડમાંડ જીવ બચાવી શક્યા છીએ અને આરોગ્ય વિભાગે આ ૧૦૮ થકી, વિવિધ યોજનાઓ થકી જે આદિવાસી વિસ્તારમાં ગરીબ લોકોને જે આરોગ્ય ક્ષેત્રે જે સફળ કામગીરી કરીને જે માનવ વિકાસનો જે સૂચકઆંકને ઉચો લાવવા માટેની જે અપેક્ષા રાખતા હતા એ અત્યારે આરોગ્યક્ષેત્રે દરેક રીતે આપણને એની સફળતા દેખાઈ રહી છે અને એના જ કારણે મારા ચીખલી તાલુકાની અંદર જે પ્રસૂતિના જે આકડા મેં લીધા છે તો ગયા વર્ષે ૯૮ ટકા જેટલી આપણે પ્રસૂતિ કરાવી શક્યા છીએ, જેના કારણે આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આત્મારામભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦થી અત્યાર સુધી આ રાજ્યની અંદર અનેક સરકારોએ વિકાસના કામો કરેલા છે. આપણે જોઈએ તો તે વખતના પ્રથમ મુખ્યમંત્રી અને ત્યાર પછી માધવસિંહભાઈ સોલંકી, બાબુભાઈ જશભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, છબીલદાસ મહેતા, માનનીય શંકરસિંહ વાઘેલા અને ત્યાર પછી કેશુભાઈ પટેલ અને વર્તમાન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ જે વિકાસના કામો કરે છે એની વિકાસ યાત્રા અગાઉથી ચાલી આવી

છે. અહીંયા જે માનનીય મંખ્યમંત્રીશ્રી ગયા વખતે મુખ્યમંત્રી બન્યા ત્યારે એમણે કૉમન મેનની વાત કરેલ. મને એમ થયું કે આ કૉમન મેન શું? કૉમન મેન એટલે સી.એમ. એવી વાત કરેલી. સામાન્ય માણસ સાથે વાત કરી શકે એવી વાત માનનીય મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાંથી પ્રસ્થાપિત થતી હતી. આપણે જોઈશું કે ગુજરાતનો નાથ સામાન્ય ગરીબ માણસના આંસુ લૂછે, છેવાડાના ગરીબ માણસનું કામ કરે, એનો વિકાસ થાય એવી વાત છે. ગુજરાતનો જે નાથ હોય, ગુજરાતનો રાજા કહી શકાય એ સામાન્ય ગરીબ માણસના આંસુ લૂછે એના માટે ગરીબ કલ્યાણ મેળાની વાત આ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં છે. અહીંયા ગરીબ કલ્યાણ મેળાઓ એ આખા રાજ્યની અંદર ૫૦ જેટલા આવા મેળાઓ થયા છે. આ સરકાર મેળાઓ અને ઉત્સવો અનેક કરે અને એની પાછળ કરોડો રૂપિયા વપરાયા. ખરેખર સામાન્ય માણસ માટે, ગરીબ માણસ માટે વિકાસના કામો કરવા જોઈએ. ધારો કે આવાસની વાત કરીએ તો સરદાર આવાસ કે ઈન્દિરા આવાસની વાત હોય તો પહેલાં પણ એ આવાસો તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત દ્વારા સીધા લાભાર્થીના હાથમાં જતા હતા અને એનો લાભ મળતો હતો. આમાં નવું કાંઈ નથી. આજે પણ આપણે જોઈએ છીએ કે  અનેક ધારાસભ્યોને પોતાના વિસ્તારમાં યોજનાના ચેક મળ્યા નથી. જે પ્રમાણપત્રો મળ્યા એ તો બે વર્ષ પહેલા લોન મળી હોય એવા માણસોને પ્રમાણપત્રો મળ્યા છે. મારા એક મિત્ર વાત કરતા હતા કે બે વર્ષ પહેલા લોન લીધેલી એના પ્રમાણપત્ર માટે બોલાવ્યા છે. મારા વિસ્તારના શ્રી મણીભાઈ સોલંકી, વિરપુર તાલુકાના સરાડીયા ગામના એમને આજે પણ ૨૦ હજાર રૂપિયા મળ્યા નથી. આવી અનેક બાબતો ગુજરાતમાં બની હોય ત્યારે ગરીબ મેળાઓ વાસ્તવિક રીતે પ્રસ્થાપિત થવા જોઈએ. મેળાઓમાં આ રીતે અનેક લાભાર્થીઓને પૂરેપૂરો લાભ મળ્યો ન હોય અને ગરીબો આ મેળામાં ખોવાઈ જાય તો સરકારે ખરેખર એના માટે વિચારવું જોઈએ. આમાં ૮૦ ટકા યોજનાઓ તો કેન્દ્ર સરકારની છે. ૧૦૮ ની યોજના હોય તો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર એમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં એનો એ મુજબ ઉલ્લેખ હોવો જોઈએ. મારા મિત્રો ૧૦૮ની વાત કરે છે ત્યારે ખરેખર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી આ યોજના ચાલે છે તેવી વાત કરવી જોઈએ. અહીંયા આવાસની વાત કરી છે. આવાસની જે રકમ લગભગ સરદાર આવાસ કે ઈન્દિરા આવાસ માટે ૪૩૦૦૦ જેટલી મળે છે. આજની તારીખે ચેલેન્જથી વાત કરું છું કે લાભાર્થીઓના પાંચથી સાત હજાર રૂપિયા ચવાઈ જાય છે. પૂરેપૂરા પૈસા એને મળતા નથી. ભલે સરકાર ગરીબ કલ્યાણ મેળાની વાત કરે પણ લાભાર્થીઓને પૂરેપૂરા પૈસા મળતા નથી. જ્યારે આવો ભ્રષ્ટાચાર થતો હોય ત્યારે એને અટકાવવા સરકારે પ્રયત્નો કરવા જોઈએ. આ રીતે અહીંયા શિક્ષણનો પણ ઉલ્લેખ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં થયો છે. શાળા શિક્ષકોની પણ વાત કરી પણ શિક્ષકોની પાસેથી એટલું બધું કામ લેવામાં આવે છે, એમને ઈતર પ્રવૃત્તિમાં જોડવામાં આવે છે. એક બાજુ શિક્ષણ અને બીજી બાજું ચૂંટણીલક્ષી કામગીરી, મતદાર યાદી બનાવવાની હોય અથવા તો બીજા કૅમ્પો હોય, મેળાઓમાં લઈ જવાના હોય આવા અનેક કામોમાં આ શિક્ષકોને જોતરવામાં આવે છે. બીજી બાજુએ ગુણવત્તા સભર શિક્ષણની વાતો કરે છે. આ ગુણોત્સવમાં જે અધિકારીઓ આવે છે એ શિક્ષણના સક્ષમ હોવા જોઈએ એના બદલે વન વિભાગના હોય અથવા તો પોલીસ વિભાગના અધિકારી કે જેમને આ વિષય સાથે કાંઈ લેવાદેવા નથી એવા અધિકારીઓને ગુણોત્સવમાં મોકલીએ એનાથી આ સરકારનો હેતુ બર આવવો જોઈએ એ બર આવતો નથી.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મહામહીમ રાજ્યપાલશ્રીએ સંબોધન કર્યું તેનો આભાર પ્રસ્તાવ માનનીય આત્મારામભાઈ લઈને આવેલ છે તેને હું મારું સમર્થન આપું છું અને મારી વાત કહેવા માગું છું. ભારતના વિકાસ નકશામાં ગુજરાત મોખરાનું સ્થાનઅંકિત થયું છે. જનશકિત અને રાજ્યશકિતના સહયોગથી અને પૂરુષાર્થ થવાથી ગુજરાતમાં ખૂબ ઝડપથી અને વ્યાપક ઔદ્યોગીકરણ થયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ તળે ગુજરાત રાષ્ટ્રમાં અનેક ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે.  ગુજરાતની સ્થાપનાનો પાંચમો દાયકો નરેન્દ્રભાઈ મોદીનો દાયકો રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું કે સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ પરિષદ યોજીને બધા જ પક્ષના ધારાસભ્યો, સંસદસભ્યોને આ સન્માનનીય ગૃહમાં માનથી આવકારેલ છે જે આ સદીની ઐતિહાસિક ઘટના બની રહેલ છે. આ સંકલ્પ પરિષદ વખતે કોંગ્રેસના એક માજી ધારાસભ્યે મને એવું કહેલું કે આ તમારા મુખ્યમંત્રી મોદીને જે રીતે બોલતા સાંભળ્યાં છે અને અગાઉ રાજકીય ભાષણો સાંભળેલ છે એમાં આજે અમને નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે માન ઉપજેલ છે અને એવું પણ કહેલું કે આ નરેન્દ્રભાઈ મોદી છે ત્યાં સુધી અમારી કોંગ્રેસને સત્તા ઉપર બેસવાનો વારો નહિ આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક ઉદ્યોગની વાત કરવી છે કે જે ગયા વર્ષે એકદમ મંદીમાં સપડાયેલ હતો એ હીરા ઉદ્યોગ અને ગયા વર્ષની અંદર બેરોજગાર હીરાના કામદારોના નામે આ સન્માનનીય ગૃહની અંદર પત્રિકા ફેંકવામાં આવેલી જે એક શરમજનક ઘટના હતી.  આજે આ ઉદ્યોગનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે. ગયા વર્ષે જે લોકો કહેતા કે બેરોજગારોને તમે રોજી નથી આપતા પણ આજે માનનીય મુખ્યંમત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની એક કુનેહ, કુશળતાથી આ ઉદ્યોગમાં આજે કોઈ માણસ બેકાર નથી. કારણ કે ગયા વર્ષની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક રત્નદીપ યોજના જાહેર કરીને ૧૨ કરોડ રૂપિયા આ ઉદ્યોગ માટે ફાળવેલ અને એમાં સ્વરોજગારો માટે ટ્રેનિંગ લેવા માટે, ૧૫૦૦૦ લોકોને ટ્રેનિંગ અપાયેલ અને આજે આ લોકો જવેલરીની ટ્રેનિંગ લઈને પોતે પોતાના ઘરે આ કામ-ધંધો કરી રહેલ છે અને સારી એવી રોજી મેળવી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આ રાજ્ય સરકારે બાજપાયી બેંકેબલ યોજના મારફત આ ઉદ્યોગમાં બેરોજગાર થઈ રહેલા લોકોને પાંચ લાખ સુધીની લોન આપીને એમાં સબસિડી અને સાત ટકા વ્યાજની સહાય આપીને આ ઉદ્યોગમાં જે બેકાર થયેલા એ લોકો આજે પોતે પોતાનો બિઝનેસ કરી શકે છે અને બીજા લોકોને કામ પણ આપી શકે છે. એવી જ રીતે મારા વિસ્તારની અંદર હીરા ઉદ્યોગમાં બેરોજગાર થઈ રહેલી બહેનોને આ બાજપાયી બેંકેબલ યોજના મારફત ૨૦૦૦ લોકોને સિલાઈ મશીનો આપીને આ રોજગાર યોજનાનો લાભ અપાયેલ છે અને બહેનો પોતે પોતાના ઘરે કામ કરતા કરતા આ ઉદ્યોગમાં કામ મેળવી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ એક આપત્તિમાં અવસરને લાવી શકે છે એવું એક વાઈબ્રન્ટ સમીટ કરીને મંદીના સમયમાં આ ગુજરાતને જાપાનની સાથે ભાગીદારીથી ૪૦થી વધારે દેશોએ સમીટમાં ભાગ લીધેલ અને સાડા આઠ હજાર એમ.ઓ.યુ. દ્વારા સાડાબારલાખ કરોડનું રોકાણ થવાની જાહેરાત છે અને એમાં ૫૪૩ પ્રોજેકટમાં ઉત્પાદન શરૂ થઈ ગયેલ છે. ૧૨૩૭ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે. આત્મારામભાઈની વાતને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષ મહોદય, આજના આ સભાગૃહની અંદર માનનીય આત્મારામભાઈ મહામહીમ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત મુકું એ પહેલા આ ગૃહના મહિલા ધારાસભ્ય તરીકે હમણાં જ વિરોધપક્ષના નેતાએ નીમાબહેન માટે જે ઉચ્ચારણો કર્યા એના માટે હું ખૂબ જ દ્રવિત થઈ છું, દુઃખી થઈ છું અને એ વાત યાદ કરાવવા માગું છું. મારા વિરોધ પક્ષના નેતાને હું એ વાત યાદ કરાવું છું કે તમે તમારા પક્ષમાં ઉછીના લીધેલા માણસોને આજે પ્રદેશ પ્રમુખ બનાવો છો. આ સિદ્ધાર્થભાઈ કોણ છે, કયા પક્ષમાંથી આવેલા છે? * (xxxx) (xxxx) ત્યારે તમારી નૈતિકતા, મૂલ્યો એ બધું કયાં જાય છે?અમારા નીમાબહેનની સાથે વારંવાર

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### શબ્દ દૂર કરવા અંગે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉછીના લીધેલા અને કોઈ સભ્યની માનહાની થાય અને જે સભ્ય ન હોય એના નામનો ઉલ્લેખ કર્યો છે એ રેકોર્ડ ઉપરથી રદ થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : (xxxx) જે ઉલ્લેખ છે એ હું કાઢી નાખું છું અને માનહાની થાય એવા શબ્દો ઉચ્ચારવા નહીં એમને જે કહેવું હોય એ કહે. (અંતરાય) મેં કાઢી નાખ્યું. (xxxx) નામ કાઢી નાખ્યું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં, મારો પોઈન્ટ ઓફ કલેરીફીકેશન એ છે કે સિદ્ધાર્થભાઈ જન્મ્યા ત્યારથી કોંગ્રેસી છે અને આજે પણ કોંગ્રેસી છે.

**અધ્યક્ષશ્રી** : તમે ખુલાસો કરજોને તમારા પ્રવચનની અંદર.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : જન્મ્યા ત્યારથી કોંગ્રેસી છે.

**અધ્યક્ષશ્રી** : એમણે નીમાબહેનવાળી વાત કહી એના અર્થમાં એ કહે છે. આપના નેતાએ નીમાબહેનવાળી વાત ન કરી હોત તો એમને કહેવાનો વારો જ ન આવત.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : અધ્યક્ષશ્રી, વારંવાર કહે છે.

**અધ્યક્ષશ્રી** : નીમાબહેને પક્ષપલટો કર્યો એમની જે વાત કહેવાનો સંદર્ભ આ હતો કે નીમાબહેને પક્ષપલટો કર્યો.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : વારંવારની ઘસાઈ ગયેલી કેસેટ દર વખતે નીમાબહેન માટે આ ઉચ્ચારણો કરવામાં આવે છે. મહિલા ધારાસભ્ય તરીકે આ વાતને લઈને અમે દ્રવિત થઈ ગયા છીએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, પ્રદિપસિંહજી, એમની વાત સાચી છે. તમે ઉંડાણમાં જશો તો વાત સાચી લાગશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત કરી છે એટલે કેટલીક સ્પષ્ટતા હું કરવા માગું છું. હું જયારથી રાજકારણમાં સક્રિય બન્યો ત્યારથી માત્રને માત્ર કોંગ્રેસ પક્ષનો સભ્ય છું. ચીમનભાઈ ગુજરાત જનતા પાર્ટીના સભ્ય હશે. હું અધિકૃત રીતે કયારેય એ પક્ષનો સભ્ય બન્યો નથી. ૧૯૯૪માં સૌ પ્રથમવાર કોંગ્રેસમાં જોડાયો અને ત્યારથી આજ સુધી કોંગ્રેસમાં છું.

**અધ્યક્ષશ્રી** : આ વાતને આપણે લાવીએ. સિદ્ધાર્થભાઈની વાત સાચી છે એમણે પક્ષપલટો કર્યો નથી એ કહેવા માગે છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : અધ્યક્ષ મહોદય, મારી વાત કહેવાનું તાત્પર્ય એ છે કે મહિલા ધારાસભ્યને

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

વારંવાર એકની એક કેસેટ ગયા વખતે પણ આની આ કેસેટ વગાડી. દરેક વખતે આની આ કેસેટ વગાડવામાં આવે છે એટલા માટે મહિલા ધારાસભ્ય હોવાથી દ્રવિત થઈને આ વાત કહું છું કે તમે ઉછીના લીધેલા * (xxxx) પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : * (xxxx) નામ ન બોલો. હું (xxxx) નામ કાઢી નાખું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : ઉછીના લીધેલા માણસને તમે પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે એટલું તો કહી શકુંને સર. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારા વિરોધ પક્ષના નેતા, એમણે બીજું પણ એક અવલોકન કર્યું.

**અધ્યક્ષશ્રી** : સિદ્ધાર્થભાઈ, આપ વાડકી વ્યવહારની વાત શા માટે લાવો છો? આ બાજુની વાડકી આ બાજુએ પણ છે એમાં કઈ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાએ બીજી પણ એક વાત કરી કે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સમયે અને એના બધી જગ્યાએ આદરણીય મુખ્યમંત્રીશ્રીના ફોટા હોય છે. એવી બધી વાત કરી. એના અનુસંધાને મારે ધ્યાન દોરવાનું છે કે સ્વર્ણિમ જયંતીરથ ગુજરાતના વિકાસ ગાથાનું પ્રતીક સમાન રથ છે. ગામડે ગામડે ૨૨૫ રથ ફરે છે. આ ૨૨૫ રથ ફરે છે આમાં હેડિંગ છે. "વિકાસયાત્રાના રાહબર". આ હેડિંગ નીચે ગુજરાતના અત્યાર સુધીના તમામ મુખ્યમંત્રીશ્રીઓના ફોટા આની અંદર સમાવવામાં આવેલ છે અને આ રથ ગામડે ગામડે, ઘરે ઘરે પહોંચે છે. મુખ્યમંત્રીશ્રી આ વાત બધાને સાથે રાખીને ચાલવાની વાત ઘરે ઘરે પહોંચાડે છે. વિરોધપક્ષના નેતાશ્રીને મારે આ વાત હવે આ બાબતે ચોકસાઈ રાખે તેવી મારી વિનંતી છે. ગરીબ કલ્યાણ મેળાની વાત આવી. કહેવામાં આવ્યું કે આ રીતે અમને બોલાવતા નથી, પણ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવાનો મુખ્યમંત્રીશ્રીને વિચાર આવ્યો છે. ગરીબોને સીધી મદદ. વચેટિયાઓને નેસ્તનાબૂદ કરવાની એમની હિંમત અને આ કારણે એમણે ૫૦ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યુ. મને કહેતા દુઃખ થાય છે કે વિરોધ પક્ષના ધારાસભ્યશ્રીઓ જે તે મેળામાં આવે. એ મેળામાં આ આયોજન બગાડવાના પ્રયત્નો થાય, એમાં વિક્ષેપ કરે, દેખાવો કરે. ગરીબોને સહાય અપાતી હોય ત્યારે આ પ્રકારના દેખાવો, વિક્ષેપ કોઈપણ સંજોગોમાં ન ચલાવી લેવામાં આવે. અને પોલીસ કદાચ કોઈ પગલું લેતી હોય તો ગરીબના કલ્યાણ માટે એ પગલું વ્યાજબી ગણાવું જોઈએ. ગરીબોને માટે જ્યારે આ ચાલતું હોય ત્યારે એવું પ્રસ્થાપિત થાય છે લોકોની અંદર કે કોંગ્રેસના ધારાસભ્યો શું ગરીબોને મળતી આ સહાયના વિરોધીઓ છે? અને આ વિરોધ છે તેવું પ્રસ્થાપિત કરવાનું કાર્ય કરી રહ્યા છે. ભાવનગરના ધારાસભ્ય તરીકે, ગુજરાતના ધારાસભ્ય તરીકે મને દુઃખ છે. ગરીબોને મળતી વસ્તુઓને, વચેટિયાઓને નેસ્તનાબૂદ કરવાની સરકારની જે નેમ છે, એને વિરોધપક્ષ દ્વારા બર ન આવે એના માટેની કાર્યવાહી કરે છે. હું આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેના સમાપનમાં મારી વાત મૂકું છું.

**અધ્યક્ષશ્રી** : વિભાવરીબેન આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

જ્યારથી આઝાદી મળી છે, ત્યારથી અત્યારસુધી જેટલા મુખ્યમંત્રીશ્રીઓ બન્યા એ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનો વિકાસ કરવા માટે ગુજરાતની પ્રજા સુખી થાય એના માટે હંમેશા કામગીરી કરી છે. આ સરકાર કે પેલી સરકારની વાતમાં પડ્યા વગર હું એટલું કહી શકીશ કે આ સરકાર બેઠી છે અને કામગીરી કરે છે. એમાં મારે તો એટલું જ સૂચન કરવાનું છે કે ગુજરાતની અંદર જ્યારે ૫૦ વર્ષ જ્યારે ઊજવાઈ રહ્યા છે, ત્યારે ગુજરાતની અંદર ગરીબ કલ્યાણ મેળા ચાલે છે. ગુજરાતનો ગુજરાતી દુનિયાના છેડે જઈએ તો ગુજરાતી મળે, મળે મળે જ. અને એ ભેગો થાય તો આપણને આનંદ થાય. ગુજરાતી એ હંમેશા સ્વમાની, સાહસિક છે, જે મેળા મળે છે, એમાં જે મિત્રો છે એને ગરીબ તરીકે બોલાવીને દબાણ કરીને તારો પ્લોટ રદ થઈ જશે તું નહિ આવે તો. બીજી રીતે દબાણ કરીને ગરીબ કલ્યાણ મેળા કરે છે. એની પાછળ કેટલો ખર્ચ કયા પડ્યો? એસ.ટી. નો ખર્ચ કયાં પડ્યો? એ જોવા મળતું નથી. હું કહીશ સામેના મિત્રોને આ ગરીબ કલ્યાણ મેળાનું નામ આપ્યું છે એ ખરેખર ગરીબ કહેવાનો તમને કોઈ અધિકાર નથી. આ ગરીબ કલ્યાણ મેળા કાઢ્યા એ આવતીકાલે ભીખારી કલ્યાણ મેળા કાઢશે? હું કહીશ કે માણસ જન્મેલો એ કાયમ ગરીબ નથી. એની આર્થિક પરિસ્થિતિના કારણે થોડી ક મુશ્કેલીના કારણે કદાચ સબસિડી લેવા માટે જાય તો ગરીબ એને કહેવાય? માનનીય અધ્યક્ષશ્રી, તેમનું સ્વમાન હણાય છે. હું કહીશ કે અગાઉના વર્ષોમાં આપણે વાઘરી ભાઈઓને વાઘરી કહેતા હતા. આ જ સરકારે...

**અધ્યક્ષશ્રી** : આપણે તે શબ્દો હવે વાપરતા નથી. તેમના માટે આપણે દેવીપૂજક શબ્દ વાપરીએ છીએ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, તે વાઘરી ભાઈને બદલે આપણે દેવીપૂજક કહીને બોલાવીએ છીએ. જેથી કરીને તેમનું સ્વમાન ન હણાય, દુઃખ ન થાય તે માટે આપણે તે ઉપનામ આપ્યું છે. તે રીતે બી.સી.ભાઈઓનું અપમાન ન થાય અને તેમનું સ્વમાન ન હણાય તે માટે આપણે વાલ્મિકી નામ આપ્યું છે. તો આ ગરીબ અને ભિખારીઓની બાબતમાં બીજો શબ્દ વાપરીને આપણે મેળા ન કરી શકીએ? ગરીબ, ગરીબ કોને

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ગરીબ કહેવા માગો છો તમે? મેં કહ્યું કે આર્થિક પરિસ્થિતિ જેની સારી નથી તેને આપણે ગરીબ કહેવા માગીએ છીએ. હું એ કહું કે બાળક સમજણો થશે ત્યારે તેને લાગશે કે હું ગરીબ છું, ગરીબના ઘરમાં જન્મેલો છું. તે દુ:ખ થાય તે બાબતમાં સરકારે વિચારવાની જરૂર છે. સરકારે કહ્યું કે છેલ્લા બે વર્ષની અંદર ટૂંકા ગાળાની અંદર ૨૦ લાખ લાભાર્થીઓને ૨૭૦૦ કરોડ રૂપિયાની સહાય આપી. આ ગરીબ કલ્યાણ મેળાની અંદર કોઈને રૂપિયો આપ્યો નથી. ફક્ત સર્ટિફિકેટ આપ્યા છે. બે વર્ષ પહેલાં લોન લીધી હોય તેને સર્ટિફિકેટ આપ્યા છે. તે રીતે ગુજરાતની પ્રજાને ગરીબ કલ્યાણ મેળામાં બોલાવીને અપમાન કરેલ છે. ગરીબ મેળામાંથી જ્યારે ઘરે ગયા અને પૂછયું તો એકેએક માણસ હું માનું છું ત્યાં સુધી નિરાશ હતો અને ગાળો બોલતો હતો અને કહેતો કે અમને બોલાવીને ખોટી રીતે છેતરીને બોલાવ્યા હતા. હું કહીશ ગરીબની બાબતમાં આત્મારામ બોલતા હતા કે બુટ પહેરે તેને ખબર પડે કે બુટ કયાં ડંખાય? હું તો એ કહીશ કે બુટ પહેરે તેને ખબર પડે બુટ કયાં ડંખાય છે. ગરીબના ઘરમાં જન્મ્યો હોય તેને ખબર પડે કે ગરીબી કોને કહેવાય છે. એટલા માટે હું હંમેશાં કહેતો આવ્યો છું કે ગરીબની વ્યાખ્યા બદલી કાઢીને બીજું કોઈ નામ આપે તેવું સરકારને કહેવા માગું છું. ખરેખર માણસોની ચિંતા કરતા હોય તો તે માણસને રહેવા માટે ઘર છે, પીવા માટે પાણી છે, બાળકોને વાંચવા માટે લાઈટ છે, બાળકોને ભણવા માટેની સુવિધા છે. અત્યારે પરિસ્થિતિ સારી નથી. તેના બાળકો બાળ મજૂરી કરે છે. બાળ મજૂરી આ સરકાર રોકી શકી છે? હું જાહેરમાં હોટલોની અંદર બતાવું, ખાનગી ક્ષેત્રની અંદર, નાની મોટી ફેકટરીની અંદર નાના બાળકો પોતાની જિંદગી બગાડી રહ્યા છે. તેની કોઈ ચિંતા કરતું નથી. ફક્ત ભાષણ કરવા છે. પોતાના માટે ગરીબ મેળા કેમ ચાલુ કર્યા? બધા જાણે છે કે ટૂંક સમયની અંદર પંચાયતી રાજની ચૂંટણી આવી રહી છે તેમાં ઉપયોગ કરવા માટે બધાને બોલાવી બોલાવીને પોતાના પક્ષ માટે કામગીરી કરી રહ્યા છે. મેં કહ્યું તે પ્રમાણે ગરીબ મેળાની અંદર ખર્ચ કયાં પાડયા તેનો આ સરકાર ખુલાસો કરે. મેં તપાસ કરી કે આ ગરીબ મેળાની અંદર જે લઈ જાય છે તેનો ખર્ચ કયાં પાડયો. કોઈ તાલુકા, જિલ્લા પંચાયત બોલવા માટે તૈયાર નથી. સરકાર એને ગ્રાન્ટ આપવાના છે, સબસીડી આપવાના છે તે કોઈ કહી શકતું નથી. ત્યારે ચોક્કસપણે એટલું કહીશ કે આ સરકાર જે કામગીરી કરી રહી છે તે ગુજરાતની પ્રજા પર અહેસાન નથી કરતી. અગાઉના વર્ષોની અંદર ગુજરાતનો વિકાસ થયો છે અને થોડુંઘણું તમે કદાચ કામગીરી કરો અને તમારા હસ્તે બધુ લખાવી લો છો. આત્મારામ નર્મદાની બાબતમાં બોલતા હતા. નર્મદાનો પાયો કોણે નાંખ્યો હતો? તેની ઉંચાઈ વધારવા માટે કોણ પ્રયત્ન કરતું હતું? માનનીય અધ્યક્ષશ્રી.* (xxxx)

**અધ્યક્ષશ્રી** : હું તે શબ્દો કાઢી નાંખું છું. આપે જે કહેવત ટાંકી છે તે આપણે કહેતા નથી. તે હું કાઢી નાખું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું કામ જો વહેલું પૂરું કરવામાં આવ્યું હોત અને માઈનોર સબમાઈનોર વહેલી પૂરી કરવામાં આવી હોત તો ગુજરાતને ઘણો મોટો ફાયદો થયો હોત. અત્યારે નર્મદાનું પાણી કેટલી મોટી સંખ્યાની અંદર સાગરની અંદર જાય છે. વહેલામાં વહેલું મળે ત્યાં સુધી નર્મદાની માઈનોર અને સબમાઈનોર તૈયાર કરવી જોઈએ અને ખેડૂતોને વધારે અને વધારે પાણી આપે તેવું હું માનું છું.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજયપાલશ્રી જે મુજબનો સંદેશો લઈને આવ્યા છે તેના આભાર પ્રસ્તાવરૂપે માનનીય આત્મારામભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને સામાજિક અને અધિકારીતા વિશે બોલવાની તક આપી તે બદલ આપનો પણ ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી અનુસૂચિત જાતિ એ ખૂબ કચડાયેલો વર્ગ છે, આ જાતિના લોકોને ખૂબ જ અન્યાય થયો છે, પછાતપણાનું લેબલ લાગેલું છે, તે વર્ગને ભૂતકાળમાં પણ ઘણું બધું સહન કરવું પડયું છે, આઝાદી પહેલાં પણ અને આઝાદી પછી પણ આ જાતિના લોકોને ખૂબ જ સહન કરવાનું ચાલુ રહયું છે ત્યારે આપણા ભારતના બંધારણના ઘડવૈયા એવા ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરે અનુસૂચિત જાતિની ખૂબ જ ચિંતા કરી, અનુસૂચિત જાતિ સ્વભાનભેર જીવી શકે એવા કાયદા કર્યા, આ જાતિના લોકોનું જીવનસ્તર ઉંચું આવે, શિક્ષણનો વ્યાપ વધે, સામાજિક ન્યાય મળે તે હેતુથી બંધારણમાં ઘણી જોગવાઈઓ કરી. આવા મહા માનવને અનુસૂચિત જાતિના લોકો પોતાના મસીહા અને ભગવાન માને છે અને સમાજમાં માનભેર જીવવા બંધારણમાં કાયદા કર્યા છે એવા બંધારણના ઘડવૈયા એવા ડો. બાબાસાહેબ આંબેડકરને લાખ લાખ પ્રણામ કરું છું. આ જ્ઞાતિના આર્થિક ઉત્કર્ષ માટે અને સમાજમાં માનભેર જીવી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ હાલની ભારતીય જનતા પાર્ટીની કરી રહી છે. આ સમગ્ર સરકારનું સફળ સંચાલન ગુજરાતના સ્વપ્નદૃષ્ટા, સક્ષમ, અજેય, નિડર અને લીડર એવા માનનીય મોદી સાહેબ કરી રહયા છે સાથે સાથે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબ આ સમાજના ઉત્કર્ષ માટે કટિબધ્ધ છે, અને સમાજની સતત ચિંતા કરે છે, તેવા ફકીરભાઈ વાઘેલા સાહેબને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણી સરકારે શૈક્ષણિક વિકાસ થાય, અનુસૂચિત જાતિનો શૈક્ષણિક વિકાસ થાય એ માટે લગભગ ૫૮૮ ગ્રાન્ટ ઈન એઈડ સરકારી છાત્રાલયોને સરકારશ્રી તરફથી અનુદાન અપાય

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

છે. સમગ્ર રાજયમાં ૪૬ સરકારી છાત્રાલયો ઉભાં કરવામાં આવ્યાં છે, એક થી સાતના વિદ્યાર્થીઓ માટે ૮૮ આશ્રમશાળાઓ બનાવવામાં આવી છે અને અનુસૂચિત જાતિની દીકરીઓ હેરહોસ્ટેસ, હોસ્પિટાલિટી તેમજ ટ્રાવેલ્સ મેનેજમેન્ટના કોર્સમાં અભ્યાસ કરી રહી છે. ત્યારે અનુસૂચિત જાતિની દીકરીઓ પણ એરહોસ્ટેસ અને પાઈલોટ પણ બની છે, સરકારશ્રીની જે પંદર લાખની લોન આપવામાં આવે છે, એમાં હાલ આપણી કેશોદની હેતલ સાંદરવા જે હાલ આકાશમાં વિમાન ઉડાડી રહી છે. ભારતમાંથી ઘણા બધા વિદ્યાર્થીઓ પરદેશ જાય છે, આની ચિંતા પણ આપણી સરકારશ્રીએ કરી છે, કે સવર્ણના છોકરાઓ પરદેશ જાય તો અનુસૂચિત જાતિના કેમ નહીં? તે લોકો માટે સરકારશ્રીએ દશ લાખ રૂપિયાની લોન આપી અને તેમનું ભવિષ્ય સુધરે અને તેમનું ફેમીલી પગભર થાય એ માટે વિદ્યાર્થીને પરદેશ જવા માટે દશ લાખ રૂપિયાની લોન આપી અને તેમને ખૂબ જ મદદ કરી છે, અને હાલ આપણા ગુજરાતમાંથી ઘણા બધા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પરદેશમાં સ્થાયી થયા છે, ડોલરિયા દેશમાં વસ્યા છે, આ જ જ્ઞાતિમાંથી ડોકટરો, વકીલો પણ બની શકયા છે. પરંતુ તેમને નોકરી માટે આમતેમ ધકકા ન ખાવા પડે અને તે પોતાનો ધંધો સ્વતંત્ર કરી શકે તેમ માટે આપણી સરકારશ્રીએ તેમને લોન સ્વરૂપે સહાય પણ કરી છે. અનુસૂચિત જાતિના લોકોનું આરોગ્ય સારુ રહે તેની પણ સરકારશ્રીએ ચિંતા કરી છે. જેમ કે ટીબીના દર્દીને માસિક રૂપિયા ૨૫૦, કેન્સરના દર્દીને માટે માસિક રૂપિયા ૫૦૦, રકતપિત માટે માસિક રૂપિયા ૪૦૦ આપવામાં આવે છે, સામાન્ય દર્દ માટે માસિક રૂપિયા ૧૫૦ આપવામાં આવે છે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સરકારશ્રીએ - ચલો ચલો દીપ જહાં જહાં અભી ભી અંધેરા હૈ, એવી એક આપણી સરકારની અસરકારક વિચારધારા છે, અને હમણાં બાજુના માનનીય ભાઈશ્રીએ કહયું કે, તેઓ ગરીબોના સ્વભાન હણવાનું કાર્ય કરે છે. ગરીબોનું સ્વમાન હણે છે, એવી વાત એમણે કરી, પરંતુ એવું નથી માનનીય અધ્યક્ષશ્રી આમ કરીને ગરીબોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. માનનીય સરકારશ્રી તરફથી ગરીબોને જે કીટ્સ આપવામાં આવે છે, એ કીટ્સ ગરીબી સામે લડવાનું સાધન છે, ધારો કે એમને સિલાઈ મશીન આપવામાં આવે, તો એ સિલાઈ મશીન ચલાવીને એ પોતાના ફેમીલીનું ગુજરાન ચલાવી શકે, પોતાના ફેમીલીનું ભરણપોષણ કરી શકે, આમ સરકારશ્રી ગરીબોને પરસ્ત બનાવવાનું કામ નથી કરતી પરંતુ ગરીબી સામે લડવાનું સાધન પૂરું પાડી રહી છે, માનનીય અધયક્ષશ્રી, આપણી સરકારે ડો. બાબાસાહેબ આંબેડકર ની યાદમાં રાજયના દરેક જિલ્લામાં ૩૫ લાખના આંબેડકર ભવનો તેમજ તાલુકાઓમાં આંબેડકર ભવનો બનાવવાના છે.

૩૫ લાખના આંબેડકર ભવનો તેમજ દરેક તાલુકામાં આંબેડકર ભવનો બનાવવાના છે એજ રીતે ગાંધીનગરમાં ૬૫ લાખના ખર્ચે આંબેડકર ભવન બને છે. ડો. બાબાસાહેબ આંબેડકર સાહેબના સિધ્ધાંતો અને મૂલ્યોના પ્રચાર અને પ્રસાર માટે અમદાવાદના રાણીપ વિસ્તારમાં ડો.બાબાસાહેબનું રાષ્ટ્રીય સ્મારક બનાવવામાં આવ્યું છે. આ બધો યશ અને જશ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના ફાળે જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટે અને સર્વાંગી વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ કરવામાં આવી છે એમાં આઠમી પંચવર્ષીય યોજનામાં ૧૦૯ કરોડ, નવમી પંચવર્ષીય યોજનામાં ૪૧૮ કરોડ અને દસમી પંચવર્ષીય યોજનામાં ૬૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ આ જ્ઞાતિના લોકો માટે કરેલ છે. 'નોધારાનો આધાર એજ માનનીય નરેન્દ્રભાઈ મોદીસાહેબ.' બસ એજ આટલું બોલી મારી વાણીને વિરામ આપુ છું.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર પ્રસિધ્ધિની અને જાહેરાતોની સરકાર છે. રોજ નવી જાહેરાતો આવે, રોજ પ્રસિધ્ધિઓ થાય પણ વાસ્તવમાં કોઈ વાસ્તવિકતા હોય નહીં. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામસભાની વાત કરીએ તો સરકાર બહું ગાઈ-વગાડીને વાત કરે છે કે ગ્રામસભામાં અમે આટલા પ્રશ્નોના નિકાલ કર્યા અને અમે આટલી ગ્રામસભાઓ ભરી. છેલ્લા ત્રણ વર્ષથી હું નિયમિત ગ્રામસભાઓમાં હાજરી આપુ છું. ખરેખર જો ગામડાના વિકાસ માટેની વાત હોય તો મને આ ગ્રામસભાની બાબતમાં સરકારને અભિનંદન આપવાનું મન થાત પણ, મેં જ્યારે એકને એક ગામમાં ત્રણ વખત ગ્રામસભામાં હાજરી આપી ત્યારે પહેલા હું પૂછું કે, ગયા વખતે ગ્રામસભા મળી હતી એમાં આપણે કેટલા ઠરાવો કર્યા હતા? તમારી માગણી શું હતી? એ લોકો ઠરાવોની વાત કરે, માગણીઓની વાત કરે પછી હું અધિકારીશ્રીઓને પૂછું કે, આ પૈકીના તમે કયા કયા પ્રશ્નો ઉકેલ્યા? સાહેબ, દુઃખ સાથે કહુ છું કે એ પૈકીનો એક પણ પ્રશ્ન અધિકારીશ્રીઓએ ઉકેલ્યો ન હોય એવા અસંખ્ય બનાવો બન્યા છે. શું કામ નથી ઉકેલાતા? ગ્રામસભામાં આવેલ અધિકારીને કોઈ નાણાકીય કામ મંજૂર કરવાની કે વહીવટી કામ મંજૂર કરવાની સત્તા હોતી નથી એ તો માત્ર નોંધ કરી જાય છે, એના રીવ્યુ થતા નથી. લોકો પોતાની આશાઓ-અપેક્ષાઓ એ બધું જ ગ્રામસભામાં રજૂ કરે છે પણ દર વખતે ગ્રામસભાઓમાં એકને એક પ્રશ્ન અને એકને એક વાત આવે છે ત્યારે આવી ગ્રામસભાઓ યોજવાની સરકારે બંધ કરવી જોઈએ એને બદલે જે વાસ્તવિક પ્રશ્ન છે ગ્રામ વિસ્તારના એ ઉકેલવા માટે ગામની જે પંચાયત છે એને સત્તા આપવી જોઈએ. નાણા વગર તો કોઈ કામ થવાનું નથી. પ્રશ્ન મોટા ભાગના નાણાકીય કામોના હોય છે પણ નાણા ફાળવવાની કોઈને સત્તા ન હોવાના કારણે કોઈ પણ પ્રશ્નો ઉકેલાતા નથી અને ગ્રામસભાના નામે અધિકારીઓનો સમય અને શકિત વેડફાય છે અને સરકાર ઉપર આર્થિક

રીતે મોટો બોજ આવે છે, અધિકારીઓના ટી.એ., ડી.એ.ના મોટા બિલો ચડે છે અને ગમે તે કચેરીમાં તમે જાવ તો અરજદારને જવાબ મળે છે અમારા સાહેબ ફલાણા ગામે ગ્રામસભામાં ગયા છે. ખરેખર જે ઓફિસરને ઓફિસમાં બેસીને વહીવટી કામોનો નિકાલ કરવાનો હોય એ ઓફિસર પોતાનો વિષય ન હોવા છતાં ગામડામાં જાય અને ગ્રામસભામાં હાજરી આપે, પ્રશ્નોની નોંધ કરે પછી ન તો એના કોઈ ઉકેલ આવે, ન તો લોકોની અપેક્ષાઓ સંતોષાય અને દર વખતે આની આ પ્રક્રિયા ચાલુ જ રહે છે ત્યારે મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવાની કે, ગ્રામસભાના નામે આવી જે સભાઓ યોજાય છે એ ખરેખર બંધ કરો અથવા જો તમે ખરેખર ગામડાનો વિકાસ કરવા માગતા હોવ તો ગ્રામસભામાં રજૂ થયેલા એક એક પ્રશ્નનો ઉકેલ લઈ આવો તો ગ્રામ સભામાં રજૂ થયેલા એક એક પ્રશ્નોનો ઉકેલ લઈ આવો એ તો શકય નથી. તો પછી આ ગ્રામ સભાના નામે આવા ખોટા ખર્ચા, સમય, શકિત અને નાણાંનો દુર્વ્યય કરવાનું સરકારે બંધ કરવું જોઈએ. પીવાના પાણીની વાત આવે માનનીય નીતિનભાઈ પટેલ પાણી પુરવઠા મંત્રીને હું બે ત્રણ વખત મળ્યો છું, સરકાર વાતો કરે છે કે તારીખ ૩૦-૯-૨૦૦૯ પહેલાં જામનગર જિલ્લાના તમામ ગામડાંઓને અમે નર્મદા યોજના આધારિત પાણી પુરવઠા યોજનાથી સાંકળી લઈશું. ૩૦-૯-૦૯નો સમય તો પૂરો થઈ ગયો, જ્યારથી સરકારે ખાતરી આપી છે એ તારીખથી આજ તારીખ સુધી એક પણ વધારાના ગામને જામનગર જિલ્લામાં નર્મદા યોજના આધારિત પાણી પુરવઠા યોજનામાં સાંકળ્યું નથી. અસંખ્ય ગામો પીવાના પાણીની કાયમી તકલીફો ભોગવે છે. ત્યારે સરકાર એમ વાત કરતી હોય કે અમે તો નર્મદાના નીર છેવાડાના ગામ સુધી પહોંચાડ્યા તો માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જામનગર જિલ્લાના નકશાનો અભ્યાસ કરે અને એમાં ખરેખર કેટલા ગામડા અને કેટલા શહેરોને પીવાનું પાણી નર્મદા યોજના આધારિત પૂરું પાડવામાં આવ્યું છે કારણકે અમારા જિલ્લામાં કાયમી પીવાના પાણી માટેનો વિકલ્પ એકમાત્ર નર્મદા યોજના આધારિત પાણી પુરવઠા યોજના છે હવે એ યોજના તો જામનગર જિલ્લામાં આવી છે પણ એના વિતરણ માટેની કોઈ કામગીરી છેલ્લાં ચાર વર્ષમાં થઈ નથી ત્યારે માનનીય સિંચાઈ મંત્રીશ્રીને મારે કહેવાનું કે પીવાના પાણીના નામે તમે વાતો તો ઘણી કરો છો પણ હકીકતે અમલવારીના નામે મીંડુ છે, આજે મારા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ પાસે કોઈપણ યાંત્રિક સાધનો નથી એનું જે મટિરિયલ, પાઈપલાઈન કે બીજું જે કંઈ હોય એ પણ નથી. અમે તપાસ કરી, રજૂઆત કરી તો કહેવામાં આવે કે એના ટેન્ડરો ખુલ્યા નથી. જ્યારે જીવનમાં પાણી પ્રાથમિક અને મહત્વની જરૂરિયાત હોય અને એને પૂરું પાડવાની જવાબદારી રાજય સરકારની હોય અને એના માટેના મટિરિયલ અને સાધન સામગ્રી છ છ મહિના સુધી એના ટેન્ડરો ખુલે નહિ, એ મટિરિયલ જિલ્લા મથકે પહોંચે નહિ તો પીવાના પાણીની તંગી હલ કરવાના કામોનો કયા દિવસે ઉકેલ આવે? ત્યારે મારે આપને કહેવું છે કે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં જે વાતોનો ઉલ્લેખ કરી અને સરકારની કામગીરી બાબતનો નિર્દેશ કર્યો છે એ નિર્દેશ માત્રને માત્ર પ્રચાર છે એટલી વાત કરીને વિરમું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજયપાલશ્રીએ આ ગૃહમાં જે પ્રવચન આપ્યું છે તેમાં આ ગૃહના વરિષ્ઠ સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે સમર્થન આપતો જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

હું સવારથી આજે સાંભળું છું આ બાજુના સભ્યો બોલે છે, સામેની બાજુના સભ્યો પણ બોલે છે. વાતો કરે છે પરંતુ કઈ વાત કોને પસંદ હોય એ વાતનો તો એમને જ ખ્યાલ હોય કારણકે આજની જ્યારે ચર્ચાઓ થતી હતી એમાં ગરીબ કલ્યાણ મેળો કેન્દ્ર સ્થાને રહ્યો છે. ગરીબ કલ્યાણ મેળાની વિગતવાર ચર્ચામાં મારે પડવું નથી એની ઘણી વાતો થઈ છે. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કદાચ ઉદ્યોગપતિ ટાટા કે બિરલાની સાથે બેઠાં હોય તો એનો પણ આપને વાંધો હોય અને ગરીબ કલ્યાણ મેળામાં ગરીબના ઝુંપડે જાય અને ગરીબો વચ્ચે જાય, ગરીબોને સહાય સીધી ચૂકવે તો પણ આપને વાંધો હોય તો આપને શું વાત કરવી એ વાત તમારે નકકી કરવાની છે. હું ગરીબ કલ્યાણ મેળાની વાત વધારે નથી કરતો એટલા માટે કે * (xxxx) (xxxx) (xxxx) ત્યારે તમે એની વાહવાહ કરતા હતા.

**અધ્યક્ષશ્રી** : રાજસીભાઈ એ વાત કાઢી નાંખો, આ સભાગૃહમાં જે હાજર ના હોય એમના વિશેની વાત થાય નહિ એટલે એ કાઢી નાંખો. આપ રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ પર બોલો.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : સોરી સાહેબ, હવે ગુજરાતમાં આવી મુખ્યમંત્રીશ્રીને મળી અને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનતા હોય ત્યારે આ લોકોને વાંધો શાનો હોય? આપણે કોઈપણ વાત કરતા હોઈએ તો એ સમજી વિચારીને જ કરતા હોઈએ છીએ. કોઈ પણ સભ્ય આ ગૃહની અંદર બોલતો હોય ત્યારે માનનીય અર્જુનભાઈ આપણે મહિલા સશસ્ત્રીકરણની વાતો કરીએ છીએ, ૫૦ ટકા મહિલાના આરક્ષણની વાત કરીએ છીએ ત્યારે આ ગૃહના એક મહિલા ધારાસભ્ય જ્યારે બોલતાં હોય ત્યારે તેને જાહેરમાં ઉતારી પાડવાની વાત આવે ત્યારે હું તેને વ્યકિતગત પસંદ પણ કરતો નથી.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

# પૉઈન્ટ ઓફ કલેરીફીકેશન

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું અહીંયા જોઉં છું કે સવારથી એક વાતની ચર્ચા અહીંયા થઈ રહી છે માનનીય શકિતસિંહજી જે રીતે અહીંયા બોલ્યાં છે તેમાં ગૃહની ગરિમા પણ નથી જાળવી અને મહિલાની ગરિમા પણ નથી જાળવી. પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે તેના માટે એટલું જ કલેરીફીકેશન કરવું છે કે તેમણે જે વાત કરી છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારું પોઈન્ટ ઓફ કલેરીફીકેશન છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં કલેરીફીકેશનની હું તમને તક આપીશ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : સાહેબ મારા નામ જોગ વાત થાય છે વારંવાર એટલે મારે આ કલેરીફીકેશનની જરૂર છે. એટલે મને પરવાનગી આપવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : તમે સમય માગો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : મારા નામની ચર્ચા થાય છે માનનીય અધ્યક્ષશ્રી એટલે મને પોઈન્ટ ઓફ કલેરીફીકેશનની બે મિનિટ માટે તક આપો. માનનીય અધ્યક્ષશ્રી, આપે સિધ્ધાર્થભાઈને..

**અધ્યક્ષશ્રી** : કલેરીફીકેશન કરવા માટેની તક કોઈ પણ સમયે હોય.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય :** માનનીય અધ્યક્ષશ્રી, આપે સિધ્ધાર્થભાઈને પણ કલેરીફીકેશન માટે તક આપેલ હતી. એટલે મારે એટલું જ કહેવું છે કે, આ પક્ષમાં કે આ પક્ષમાં તેની જે ચર્ચા થઈ રહી છે મારે એના માટે એટલું જ કહેવું છે કે સામે પણ એવા લોકો બેઠેલા છે કે જે અહીંથી ત્યાં ગયેલા છે. અમારા બાબુભાઈ તેની સાબિતી છે. બાબુભાઈ છે, રાઘવજીભાઈ છે, બાવકુભાઈ છે, અનિલભાઈ છે ઘણાં બધા છે પણ મારે એ વાત નથી કરવી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે ગુજરાતની અંદર, ગુજરાતના વિકાસની આડે જે આવતું હતું તેને મારી નજરે નિહાળ્યું છે. જ્યાં જે મુખ્યમંત્રી ખુરશી ઉપર બેસતા હતા તેને પહેલા દિવસથી પાડવાના પ્રયત્ન થતા હતા(અંતરાય) અને માનનીય અધ્યક્ષશ્રી, એ હરીફાઈની અંદર ગુજરાતનો વિકાસ ભુલાઈ ગયો હતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કલેરીફીકેશન છે કે આક્ષેપો છે ?

**અધ્યક્ષશ્રી** : નીમાબેન બેસી જાવ, પ્લીઝ.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, તે વાતને હું સમર્થન આપતો નથી અને પસંદ પણ કરતો નથી. પણ મારે અહીંયાથી સામેના મિત્રોને વાત પહોંચાડવી છે. હું કોઈ વ્યકિતગત વાતમાં પડતો નથી પરંતુ અર્જુનભાઈ તમે પહેલી લાઈનમાં બેઠાં છો એકાદ બેને બાદ કરતાં તમે કયાં હતા એ તો તપાસ કરીને કહો ? તમે કયાં હતા પહેલી લાઈનની વાત કરો છો. માનનીય અધ્યક્ષશ્રી, એક બે બાદ કરતાં તે જોડે હતા. હા, બરાબર. એ તો કહું છું અને એટલા માટે કોણ કયાં છે, શું કર્યુ છે તેની વિગતમાં પડવું ના જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક ગરીબ મેળા માટેની વાત એટલા માટે કરવી છે

**અધ્યક્ષશ્રી** : સમય પૂરો થાય છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ. મારા મત વિસ્તારની અંદર

**અધ્યક્ષશ્રી** : ના, વાટકી વ્યવહારની વાતો થાય છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગરીબ મેળો ચાલુ હતો અને પૂરો થયો ત્યારે કોંગ્રેસના એક વરિષ્ઠ આગેવાન, એક હું અને એક અધિકારી બેઠા હતા. અને વાત કરતા હતા માનનીય અધ્યક્ષશ્રી, હું આ છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરીશ. અમે ચર્ચા કરતા હતા કે આ ગરીબ કલ્યાણ મેળાથી ફેર શું પડ્યો અને તેના ફાયદા શું ? ત્યારે કોંગ્રેસના એક સભ્યએ મને એવું કહ્યું કે હું ૧૯૮૫માં સરપંચ હતો ત્યારે મારા ગામતળની ફાઈલ હતી, મારા ગામની વસતિ પાંચ હજારની હતી ત્યારે ગામતળની ફાઈલ જિલ્લામાં પૂર્વ મંજૂરી માટે જતી. ત્યારે ૮૫માં તે જ કાગળ લખીને મેં જુનાગઢ જિલ્લા પંચાયતમાં મોકલેલો છે ૧૯૯૦ સુધી કાગળ પાછો નથી આવ્યો. પાંચ વર્ષથી ફાઈલ એવડી થઈ છે અને મંજૂરી આપી નથી. આ ગરીબ મેળાથી રાત્રેના મામલતદાર ઘરે આવે છે, ગામમાં આવે છે, તલાટી પાસે અને સરપંચ પાસે આવે છે અને પ્લોટ આપે છે. એટલે ભૂતકાળ આપનો તપાસો, અમારો તપાસવાની જરૂર નથી. હું આભાર પ્રસ્તાચવને સમર્થન આપી અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ મહામહિમ રાજયપાલ મહોદયાના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે, તેને હું મારો ટેકો આપીને મારી વાતને આપના માધ્યમ દ્વારા આ ગૃહ સમક્ષ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રગતિશીલ, કુશળ, લોકમાનસ તથા દૂરદર્શી નેતૃત્વ પૂરા પાડતા આ ગૃહના આદરણીય નેતા અને મારા જેવા લાખો યુવાનોના આદર્શ જેમના વૈચારિક મૂલ્યોને જીવનશૈલી બનાવી છે, તેવા માનનીય મુખ્યમંત્રી મહોદયને વંદન સહ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષ મહોદય, આજે ગુજરાત સ્વર્ણિમ્ જયંતિ મહોત્સવ ઉજવી રહ્યું છે, ત્યારે વિશ્વ ફલક ઉપર વૈશ્વિકરણ અને ઉદારીકરણના યુગ સાથે ગુજરાત કૃષિ ક્ષેત્રે, ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે, ગુજરાત સામાજિક ક્ષેત્રે અને સામાજીક મૂલ્યોના જતન અને ચિંતન દ્વારા સફળતાની સાથે સાથે ગુજરાતે શ્વેત ક્રાંતિના બીજ રોપાન અને આજે ગુજરાતની ધરતીના ખેડૂતપૂત્રો તથા પશુપાલકો દ્વારા સમગ્ર વિશ્વને નવી દિશા આપી છે, એ આ ગુજરાત છે. ગુજરાત રાજયના નાના અને સીમાંત ખેડૂતો અને જમીન વિહોણા ખેતમજૂરો દ્વારા આર્થિક ઉત્પાદન માટેનો એક સચોટ વિકલ્પ એ ગુજરાતના પશુપાલન અને દૂધનો ધંધો બન્યો છે. ગુજરાત રાજયની ગાયો જે ગીરની અને કાંકરેજી, ભેંસો સુરતી, જાફરાબાદી, મહેસાણી અને ઘોડા કાઠિયાવાડી, મારવાડી આજે વિશ્વમાં પ્રખ્યાત છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, હમણાં ગુજરાત રાજયની ગીર અને કાંકરેજી ગાયો ઉપર દેશ અને વિદેશમાં સંશોધન ચાલ્યું છે અને તેમાં ગુજરાત જેમાં ગૌરવ લઈ શકે અને આ ગૃહ પણ જેમાં ગૌરવ લઈ શકે તેવી વાત સામે આવી છે. દુનિયામાં દૂધની ગુણવત્તામાં પ્રથમ નંબરે આપણે આ ગુજરાતની ગીરની ગાય અને કાંકરેજી ગાય આવે છે. સરકાર દ્વારા સરદાર સરોવર ડેમ, સુજલામ્ સુફલામ્, ચેકડેમ, બોરીબંધ, ખેત તલાવડી અને સુક્ષ્મ પદ્ધતિ દ્વારા અમલીકરણના વૃદ્ધિદર સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે, ત્યારે તેની સાથે સાથે ગુજરાતના ડેરી ઉદ્યોગ પણ હેકટરવાઈઝ એરિયાની સરખામણીએ ડેરી ક્ષેત્રે સૌથી આગળ પડતો ગુજરાત રાજયનો આ ડેરી ઉદ્યોગ બન્યો છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, ભારત દેશનું કુલ ઉત્પાદન ૧,૦૦૮૬૯ મેટ્રિક ટન છે. જેમાં ગુજરાત સૌથી વધારે ફાળો ૭.૩૩ મેટ્રિક ટન ધરાવે છે. દુનિયાના કુલ ઉત્પાદનમાં આજે ભારત પ્રથમ સ્થાને છે. જેમાં સૌથી મોખરાનું સ્થાન જો કોઈ રાજય ધરાવતું હોય તો એ ગુજરાતના ફાળે જાય છે અને જેના માટે આપણે ગૌરવ લઈ શકીએ તેવી બાબત છે. દુનિયાનું કુલ ઉત્પાદન વર્ષ ૨૦૦૭માં ૬૭૬ મિલિયન ટન હતું, આજે ૨૦૦૮માં ૬૯૩ મિલિયન ટન છે. જેમાં ભારતનું દૂધ ઉત્પાદન ૨૦૦૭માં ૧૦૧ મિલિયન ટન, ૨૦૦૮માં ૧૦૪ મિલિયન ટન છે, જેમાં ગુજરાતનો સૌથી મોટો સિંહફાળો રહ્યો છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, કૃષિ વિકાસની સાથે સાથે ગુજરાતનો ડેરી ઉદ્યોગ સમગ્ર ભારતનું ધ્યાન ગુજરાતની શ્વેત ક્રાંતિ તરફ દોરી રહ્યું છે, ત્યારે ગુજરાત વિશ્વમાં ડુંગળીના ઉત્પાદનમાં અગ્રેસર રાજય છે. ગુજરાત ઈસબગુલ પ્રોસેસિંગ અને નિકાસમાં પણ દુનિયામાં અગ્રેસર રાજય બન્યું છે. ગુજરાતની કેસર કેરી અને કચ્છી ખોરાક દુનિયામાં અગ્રેસર છે. ગુજરાતનું વરિયાળી ઉત્પાદન દેશમાં પ્રથમ નંબરે છે અને સાથે સાથે ગુજરાતનો ડેરી ઉદ્યોગ અને પશુ પાલકો દ્વારા આવતું દૂધ અને તેની ગુણવત્તા પણ ગુજરાત અત્યારે પ્રથમ સ્થાને છે.

ભારતના પશુપાલનમાં દૂધના સૌથી વધારે ભાવ ગુજરાતના ડેરી ઉદ્યોગ દ્વારા ૧ કિલો ફેટના રૂપિયા ૩૪૦ થી ૩૫૦ ચૂકવાય છે. અને તે સમગ્ર ભારતની અંદર સૌથી વધારેમાં વધારે ખેડૂતોને ચૂકવાતા ભાવોની અંદર આપણા ગુજરાતના ખેડૂતોને ચૂકવવામાં આવે છે. ગુજરાતની દૂધની ગુણવત્તા સમગ્ર ભારતની જ નહીં, પણ આંતર રાષ્ટ્રીય કક્ષાએ મોખરાનું સ્થાન ધરાવે છે, જેના કારણે ગુજરાતના પશુપાલકોનું દૂધ અને તેની બનાવટો દુનિયાના ખૂણે ખૂણે વેચાય છે. ભારતના દૂધની બનાવટોની નિકાસ ભારતમાં કુલ ૪૦૦ કરોડ રૂપિયા હતી, જેમાં ફકત ગુજરાતનો જ ફાળો ૩૭.૭૫ ટકા છે. જે ૧૩૫ કરોડ કરતા વધારે છે. જે ગુજરાતના પશુપાલકોની ક્ષમતા દર્શાવે છે.

ભારત કૃષિ પ્રધાન દેશ છે. ત્યારે તેનો સર્વાંગી વિકાસ ત્યારે જ થયો કહેવાય કે દેશમા રહેતા નાના અને સીમાંત ખેડૂતો અને જમીન વિહોણા ખેત મજૂરોની આર્થિક આવક, સામાજીક આવક અને શૈક્ષણિક વિકાસ થઈ રોજગારીની નવી તકોની ઉપલબ્ધતા થાય. પરંતુ આજે ભારત તે કરી શકયું નથી. અને ગુજરાતે તે કરીને બતાવ્યું છે. અને ગુજરાતના નાના સીમાંત ખેડૂતો તેમજ જમીન વિહોણા ખેત મજૂરો પશુપાલકોનો વિકાસ દર્શાવે છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસમાં ગુડથી ગ્રેટ સુધી લઈ જવાની સફળ યાત્રાને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આજે ફળીભૂત કરી છે. ભારતમાં ૧,૩૩,૩૪૯ ગામડાંમાં ડેરી પ્રસ્થાપિત થયેલ છે જેમાં ગુજરાતનાં ૧૮ હજાર ગામડાં પૈકી ૧૩૬૪૬ ગામડાંમાં  દૂધ મંડળીઓ છે. ૨૦૦૮-૦૯ ના સરવે પ્રમાણે ભારતમાં ૧૦.૨૬ ટકા હિસ્સો ધરાવે છે અને રાજયમાં ૮૫.૮૧ ટકા હિસ્સો ધરાવે છે. ભારતના કુલ દૂધ ઉત્પાદક સભાસદો ૧ કરોડ ૩૯ લાખ છે જેમાં ગુજરાતમાં ૨૮.૩૯ લાખ કુટુંબો છે અને ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો દેશમાં ૨૦.૫૨ ટકા ધરાવે છે. ભારતમાં કુલ ૩૯.૧૬ લાખ મહિલા દૂધ ઉત્પાદકો છે જેમાં ગુજરાતમાં ૭.૮૪ લાખ મહિલા દૂધ ઉત્પાદક સભાસદો છ જે ટકાવારીની દ્રષ્ટિએ ૨૦.૦૨ ટકા ધરાવે છે જે પ્રથમ સ્થાને છે અને ગુજરાત માટે ગૌરવ લઈ શકાય એવી બાબત એ છે કે ગુજરાતની મહિલા અને ગુજરાતની વિધવા બહેનો આની મારફતે પોતાનું ગુજરાત ચલાવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મણીભાઈ, આપ પ્રવચન શરૂ કરો.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઘણાબધા સભ્યશ્રીઓ દ્વારા ગુજરાતની યોજનાઓ વિશે, ગુજરાતના ઉદ્યોગો વિશે, ગુજરાતની પ્રગતિ વિશે, ગુજરાતના ગામડાંના વિકાસ અંગેની જે બધી વાતો કરી એ જોઈને આપને એમ લાગશે કે ગુજરાતમાં બધા જ સુખી છે, કોઈને કોઈ જ તકલીફ નથી, કોઈ જ યોજનાની જરૂર પડે તેમ નથી એવું ગુજરાતનું એક ફૂલગુલાબી ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જેમ માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે એમના પ્રવચનમાં પહેલાં કહયું હતું કે રાજા વીર વિક્રમ એ પરદુ:ખભંજન રાજા હતા અને ગરીબોનાં દુ:ખ, માણસોનાં દુ:ખ ભાંગવા માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા, પરંતુ સાથે સાથે વિક્રમ રાજા એ પોતાના રાજયની પ્રજા સુખી છે કે દુ:ખી છે એ જોવા માટે રાત્રે એ બધું આખું નગર ઉંઘતું હોય ત્યારે વેશપલટો કરીને એકલા નીકળતા હતા કે મારી પ્રજા સુખી છે કે દુ:ખી છે. તો એ રીતે આપણે પણ ચિંતન કરવાની જરૂર છે કે આપણા રાજયના છેવાડાનાં ગામડાં સુધી, ખેતરોમાં રહેતા માણસો સુધી, મજૂરી કરતા માણસો સુધી, એના ઘર સુધી જોવાની જરૂર છે કે એ સુખી છે કે દુ:ખી છે. એના પરિવારોનું પોષણ કેવી રીતે થાય છે, એનાં બાળકો ભણે છે કે કેમ, એને આરોગ્યની સુવિધાઓ મળે છે કે કેમ એ જોવાની જરૂર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય કમાભાઈ, હું કાલથી જોઈ રહ્યો છું કે આપની સતત ડખલ ચાલે છે, તો આપ આપની એ ડખલ અંકુશમાં રાખશો.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી એમ કહેવામાં આવે છે કે પીવાના પાણી માટેનાં ટેન્કરોનો જમાનો ગયો. તો એ પહેલાંનો જમાનો જૂનો ચાલુ હતો એમ આજે પણ અમારા ખેડા જિલ્લાનાં અનેક ગામો એમાં બાલાસિનોર, કપડવંજ અને વીરપુર તાલુકાનાં ગામો પીવાના પાણીની તકલીફ અનુભવી રહ્યા છે. હું ખાતરી પૂર્વક કહું છું કે મારા કપડવંજ તાલુકામાં ૪૦ કરતાં વધારે ગામોમાં કે એનાં પેટાપરાં એ પીવાના પાણીની તીવ્ર અછત અનુભવી રહ્યા છે. એ સિવાય બાલાસિનોર, કપડવંજ તાલુકો અને ગુજરાતનાં ઘણાંબધાં ગામોમાં પાણી પુરવઠાના અધિકારી દ્વારા તપાસ કરાવશો તો ખબર પડશે કે ઘણાંબધાં ગામોમાં હજુપણ પીવાના પાણીની તકલીફ છે. આજે આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ ગામડાંમાં રહેતા માણસોને એમ હોય કે મારા ગામ સુધી પાકા રસ્તા મળે, આજે મુખ્ય ગામોના પાકા રસ્તા બન્યા છે, પરંતુ અનેક એવાં પેટાપરાં છે કે જેની વસતિ ૪૦૦ કે ૫૦૦ ની છે એવાં ગામડાંમાં આજે પણ હજારો અને સેંકડોની સંખ્યાના ગામોને પાકા રસ્તા મળ્યા નથી.શિક્ષણની બાબતમાં જે પ્રાથમિક શાળાઓ છે એમાં ભૌતિક સુવિધાઓ પુરી પાડવામાં આવી છે પણ એમાં શિક્ષણનું સ્તર હજુ જોઈએ તેવું વિકાસ પામ્યું નથી. જોઈએ એવું શિક્ષણ ત્યાં મળતું નથી. પરિણામ એ આવે છે કે શહેરની શાળામાં ભણતા સુખી સંપન્ન કુટુંબના બાળકો ખાનગી શાળામાં ભણાં વિદ્યાર્થીઓ અને ગરીબ ગામડાંમાં રહેતા વાલીઓના બાળકો બન્ને વચ્ચે શિક્ષણ અલગ પડે છે અને ઉચ્ચ શિક્ષણ ગામડાંનો વિદ્યાર્થી મેળવી શકતો નથી. અને સારું કવોલીફિકેશન નહીં મળવાને કારણે ઉચ્ચ અભ્યાસમાં જઈ શકશે નહીં અને ગરીબ જ રહેશે. તેથી તેને મજૂરી કરવા સિવાય કોઈ આરો રહેતો નથી. જયારે વન વિભાગની યોજનાઓ આવે છે ત્યારે દર વર્ષે ચોમાસામાં વન વિભાગ દ્વારા વનીકરણના કાર્યક્રમો થતા હોય છે અને કરોડો રૂપિયાના ખર્ચે વૃક્ષારોપણના કાર્યક્રમો થાય છે. પણ વાસ્તવમાં દર વર્ષે આટલા વૃક્ષો વવાતા હોય અને દસ ટકા ઝાડ ઉછરી શકતા હોય તો આજે આપણા જે વનો છે તે ઝાડથી ભરપુર હોવા જોઈએ. પણ આજે પરિસ્થિતિ જુદી છે. આ બધું કાગળ ઉપર થાય છે. તેનાથી પણ વધારે કહું જે વૃક્ષો તૈયાર થાય છે તે વૃક્ષો વન ખાતાના અધિકારીઓની મીલી જુલીથી વૃક્ષ છેદન થતા હોય છે. મારે પાસે ગયા વર્ષે એક એવી ફરિયાદ આવી હતી કે એક ભાઈ સાયકલ ઉપર જંગલનું લાકડું લઈને જતો હતો તેના ઉપર આર.એફ. ઓ. એ ફરિયાદ કરી, હવે આવા નાના માણસ સાયકલ ઉપર કેટલું લાકડું લઈ જઈ શકે? પણ નાના માણસ ઉપર ફરિયાદ કરે અને મીલી જુલીથી ઝાડ કાપી જાય છે અને દર વર્ષે અમારા જંગલમાંથી ચંદનના વૃક્ષો કપાઈ જાય છે તેના ઉપર કોઈ ફરિયાદો થતી નથી. અને સરકારનો ખર્ચ એળે જાય છે. અત્યારે પંચાયતી રાજ છે પણ કોઈ પંચાયતને ૨૦૦ કે ૫૦૦ રૂપિયાનો ખર્ચ કરવો હોય તો આજે ૯૦ ટકા પંચાયતોની આર્થિક સ્થિતિ બગડેલી છે અને ખર્ચ કરવા માટે પૈસા એમની પાસે નથી એટલે પંચાયતોની સ્થિતિ સધ્ધર બને તેના માટે કોઈ આયોજન આ સરકારમાં નથી.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ ઉપર બોલતા મારે ગુજરાતના આરોગ્ય વિભાગ કે જેમણે સંપૂર્ણ વ્યાપ અને ગુણવત્તા વધારવાની સિધ્ધી હાંસલ કરી છે અને રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે તેની વાત કરવી છે. તેના પહેલા મારે સ્પષ્ટતા કરવી છે કે આજે આપણા આ ગૃહના સિનિયર આગેવાન શકિતસિંહભાઈએ આક્ષેપ કર્યો હતો, મારે પૂછવું છે કે મહારાષ્ટ્રમાં ખેડૂતો આત્મ હત્યા કરે છે તે શા માટે કરે છે ? અને આજે ગુજરાતમાં ખેડૂતો શા માટે આત્મ હત્યા કરતા નથી? ખેડૂતો સુખી હોય તો તેનું એક માત્ર કારણ છે કિસાન ક્રેડીટ કાર્ડ, હું પણ ખેડૂતનો દીકરા તરીકે મને ખબર છે કે ખેડૂત નાનો ખાતેદાર હોય કે મોટોખાતેદાર

હોય, કિસાન ક્રેડીટ કાર્ડ મારફત નવું વાવેતર કરે છે ત્યારે તેને આર્થિક ખેંચ હોય છે અને તે વખતે તેને જરૂર હોય તેટલી રકમ તેમને મળે છે. અને જેટલી રકમનો ઉપયોગ કરે તેના ઉપર જ વ્યાજ લાગે છે. એટલે આ મારે સ્પષ્ટતા કરવાની હતી. શકિતસિંહ ભાઈ જેવા સિનિયર આગેવાન જયારે ખેડૂતોની ઉપેક્ષાની વાત કરતા હોય ત્યારે મને અફસોસ થાય છે. એ જ રીતે રાજયમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માગતા વિદ્યાર્થીઓ અને વાલીઓની આકાંક્ષા પ્રત્યે રાજય સરકાર ખૂબ સંવેદનશીલ છે. રાજયમાં દસ કે બારમાં ધોરણની પરીક્ષા પૂર્વે અને પરીક્ષા પછી વિદ્યાર્થીઓને અપેક્ષિત પરિણામ ન આવે તેની ચિંતા અને ભય થી તે આત્મહત્યા તરફ પ્રેરાય છે. ત્યારે રાજય સરકાર માટે એ પણ ચિંતાનો વિષય બને છે. આ ઘટનાનું મુળ એ છે કે ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં બેઠકોમાં પ્રવેશ મેળવવા માટે ઉચી ટકાવારી. આ બધી જ બાબતો ઉપર સરકારે ખૂબ જ ગહન ચિંતન કરી અને તેના પરિણામે જયારે ઉચ્ચ શિક્ષણ આપતીસંસ્થાઓમાં પ્રવેશ મેળવવાની વાત હોય અને ટકાવારીનું પ્રમાણ નીચું આવે તે માટે મેડીકલ ક્ષેત્રમાં બેઠકો વધારવાનો નિર્ણય પણ સરકારે કર્યો છે. જે સાધન સંપન્ન વાલીઓ છે તેમના બાળકોને તો બીજા રાજયમાં ઉચું ડોનેશન આપીને એડમિશન અપાવી શકે છે. પણ આજે પરિસ્થિતિ એ છે કે ઑસ્ટ્રેલિયા જેવા દેશમાં પણ આપણા વિદ્યાર્થીઓ સલામત નથી એ ખૂબ જ ચિંતાનો વિષય છે. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એમની દીર્ઘદ્રષ્ટિ અને મક્કમ નિર્ણય શકિતએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં આગોતરા આયોજનથી મૅડિકલ ક્ષેત્રે એમ.બી.બી.એસ.માં એકી સાથે ૫૦૦ સિટોનો વધારો કરેલ છે. આ સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં એકી સાથે ૫૦૦ બેઠકોનો વધારો કરેલો હોય તો એ એક માત્ર ગુજરાત રાજય છે. આ એક ઐતિહાસિક ઘટના છે. સરકારી કોલેજોમાં આ બધી જ પરિસ્થિતિના પરિણામે સરકારી કોલેજોમાં મળતું એડમિશન આજે ૯૨ ટકા સુધી નીચું આવ્યું છે અને સ્વનિર્ભર કોલેજોમાં મળતું એડમિશન ૮૧ ટકા સુધી નીચું આવ્યું છે. જેમના મા-બાપ પેટે પાટા બાંધી પેટિયું રળતા હોય અને એમને એમના બાળક્ને અભ્યાસની ચિંતા હોય, ઉચ્ચ અભ્યાસમાં એડમિશન લેવા માટે મને પણ ખબર છે હું ગામડાંમાંથી ભણીને આવ્યો છું. ગામડાંના વિદ્યાર્થીને આકાંક્ષા હોય છે કે મારે મૅડિકલ ક્ષેત્રે કંઈક કરવું છે. હું એ વાત ચોક્કસ કહીશ કે ૧૯૯૬માં મને બે માર્ક્સ માટે એમ.બી.બી.એસ.માં એડમિશન નહોતું મળ્યું તે વખતે મારા જીવનની આકાંક્ષા અધૂરી રહી ગઈ હતી. હું ઉંચુ ડોનેશન આપી શકું તેમ નહોતો. આજે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે મૅડિકલ ક્ષેત્રમાં એકી સાથે ૧૯૦૦ બેઠકો વધારી જેમાં ૫૦૦ બેઠકો એમ.બી.બી.એસ.ની ૭૦૦ બેઠકો નર્સિંગ કૉલેજની ૧૬૫ બેઠકો ફિઝિયોથેરેપીમાં અને ૨૬૦ બેઠકો ડેન્ટલ કૉલેજમાં વધારી છે. હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કહેવા માગું છું કે મધ્યમ અને ગરીબ કુટુંબના દીકરા દીકરીઓ આજે આ વ્યવસ્થાથી તબીબી શિક્ષણની અંદર પોતાના ઘર આંગણે જે સુવિધાઓ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીએ પૂરી પાડી છે તેઓ કાયમી માટે મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી એના આર્શિવાદના અધિકારી બનશે.

રાજયમાં ડોકટરોની અછત સ્વતંત્રતાથી આજ સુધી છે અને એ બધી જ વાત દરેક લોકો જાણે છે. વરસો પહેલા આ ચિકિત્સા પદ્ધતિ ઉત્પન્ન થઈ ત્યારે એનો મૂળ ઉદ્દેશ શું હતો. જે ઋષિ મુનિઓ અને વૈદ્યો આ પદ્ધતિ અમલમાં લાવ્યા ત્યારે એમનું પ્રયોજન હતું.

"પ્રયોજનમ્ ચસ્ય તતસ્વસ્ય સ્વાસ્થ્ય રક્ષણમ્ આતુરસ્ય વિકાસ પ્રસન્નમ્."

એટલે કે સ્વસ્થ વ્યકિતના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું અને રોગીઓના રોગને દૂર કરવા આજ પ્રયોજન સાથે આપણા વડવાઓ આ ચિકિત્સા પદ્ધતિ અમલમાં લાવ્યા પરંતુ દુઃખની વાત એ છે કે સ્વતંત્રતાથી અત્યાર સુધી આ આરોગ્ય વિભાગની અંદર કોઈએ માથું માર્યુ નહોતું આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમની દીર્ઘદ્રષ્ટિથી છેલ્લા બે ત્રણ વર્ષથી આરોગ્ય વિભાગ ઉપર ધ્યાન આપ્યું છે એના અસરકારક પરિણામો આવ્યા છે. એશિયામાં સૌથી મોટી સિવિલ હોસ્પિટલ એટલે કે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એમાં ૨૦૨૦ પથારીઓ હતી. આપણી સરકારના માસ્ટર પ્રોજેકટ બાદ બીજી ૨૮૦૦ પથારીઓ એક સાથે મળવાનું સ્વર્ણિમ સિદ્ધિ આ ગુજરાતની ભાજપ સરકારે કરી છે. આ ઉપરાંત કૅન્સર, કીડની અને કાર્ડીયોલોજીની પથારી તો અલગ છે. કીડની હોસ્પિટલ અમદાવાદે વિશ્વભરમાં કીડની ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે પોતાનું નામ ઉજ્જવળ કર્યુ છે. હું આ ગૃહ સમક્ષ કહેતા આનંદ અનુભવું છું કે આ સરકારે લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે ખૂબ જ પ્રોત્સાહન આપીને ગયા વરસથી આપણી સિવિલ હોસ્પિટલમાં લીવર પ્રત્યારોપણનું કામ શરૂ થયું અને એ વાત પણ છે કે આખા દેશમાં ફક્ત ત્રણ જ હોસ્પિટલોમાં આ કામગીરી થતી હોય ત્યારે ચોથું સ્થાન આપણી રાજયની હોસ્પિટલ મેળવી શકી છે. યુ.એન. મહેતા કાર્ડીયોલોજી હોસ્પિટલ ખાતે ૨૫૦ પથારીની ક્ષમતા ટૂંકમાં વધી છે જેના પરિણામે એનજીઓપ્લાસ્ટી અને બાયપાસ સર્જરી જેવી ગંભીર બિમારીઓમાં વેઇટીંગ લિસ્ટ ખૂબ મોટું રહેતું હતું એમાં હવે ઘટાડો થવાનો છે. આ બધી જ સુવિધાઓમાં ભૂતકાળમાં કયારેય સુધારો થયો નથી અને આ બાબત તબીબી ક્ષેત્રે પ્રગતિનો પ્રત્યક્ષ પુરાવો છે. આ બાબત વાસ્તવિક હકીકતો છે, વખાણ માત્ર શબ્દોથી જ થાય છે, આ શબ્દોને હકીકતમાં બદલવાના પ્રયાસો બદલ આરોગ્ય વિભાગને હું શાબાશી આપું છું, મુખ્યમંત્રશ્રીને શાબાશી આપું છું અને હજી આગળ એમના કર્મઠ પ્રયાસો હકીકત બને તેવી હું શુભેચ્છા પાઠવું છું.

મારે બે ત્રણ આંકડાકીય બાબતોની ચર્ચા કરવી છે. ૧૯૮૦થી આ રાજયમાં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમનો (સમય સૂચન ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે. સભાગૃહની પહેલી બેઠકનું કામ પૂરું થાય છે, સભાગૃહની બીજી બેઠક બપોરે ૨.૩૦ વાગ્યે મળશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૦૦ વાગ્યે પૂરું થતાં, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૩જી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૨, ૧૯૩૧ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## અમદાવાદના આશારામ આશ્રમ પાસેથી ગેરકાયદેસર જમીનનો કબજો પરત લેવા અંગે

***૧૧૭૦૦ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. અમદાવાદ આશારામ આશ્રમે ગેરકાયદે કબજો કરેલી જમીનો પૈકી કેટલી જમીનનો કબજો તા. ૨૦-૧-૨૦૧૦ની સ્થિતિએ સરકારે પાછો મેળવ્યો અને જમીન પોતાના હસ્તક લીધી,
૨. આશારામ આશ્રમ પાસેથી તે જમીનનો ઉપયોગ કરવા બદલ કેટલો દંડ કરવામાં આવ્યો, અને
૩. ઉક્ત સ્થિતિએ કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?

**મહેસૂલ મંત્રીશ્રી :**

૧. મોજે-મોટેરા તાલુકા દસક્રોઈના સ.ન. ૨૮૨/અ પૈકી ૧૫૪૫૧ ચો.મી. જમીન તથા સાબરમતી નદી પટની ૫૪૭ ચો.મી. જમીનમાં બાંધકામ સહિત તથા ૫૧૧૦૧ ચો.મી. જમીનમાં ખુલ્લો ઉપયોગ કરી દબાણ કરેલ હતું. તે તમામ જમીનનો કબજો તા. ૦૮--૧-૨૦૧૦ના રોજ સરકાર તરફે પાછો મેળવી લેવામાં આવેલ છે.

(૨) અને (૩) હાલની સ્થિતિએ આશારામ આશ્રમ પાસેથી જમીનના ઉપયોગ બદલ દંડ નક્કી કરી વસૂલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સંતો, મહંતો, અધિકારી, પદાધિકારી જ્યારે નીતિ-નિયમની મર્યાદા ચૂકે છે ત્યારે કળિયુગ રૂઠે છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી નટવરસિંહજી, આપણે પ્રશ્ન ઉપર આવીએ.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : અમદાવાદ આશારામ આશ્રમે ગેરકાયદેસર કબજો કરેલી જમીનો પૈકી કેટલી જમીનનો કબજો તા. ૨૦-૧-૨૦૧૦ની સ્થિતિએ સરકારે પાછો મેળવ્યો અને જમીન પોતાના હસ્તક ક્યારે લીધી? આશારામ આશ્રમ પાસેથી તે જમીનના ઉપયોગ બદલ કેટલો દંડ કરવામાં આવ્યો અને ઉક્ત સ્થિતિએ કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ આપ્યો છે એ વાંચી કાઢ્યો. તેમાં તેમનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તો હું જવાબ આપું.

**અધ્યક્ષશ્રી** : તેમણે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. ફરીવાર જવાબ આપો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દસક્રોઈના તાલુકાના મોટેરા ગામની અંદરથી ૨૮૨/અ પૈકીની ૧૫૪૫૧ ચો.મી. જમીન તથા સાબરમતી નદી પટની ૫૪૭ ચો.મી. જમીનમાં બાંધકામ સહિત તથા ૫૧,૧૦૧ ચો.મી. જમીનમાં ખુલ્લો ઉપયોગ કરી દબાણ કરેલ હતું. તે તમામ જમીનનો કબજો તા. ૦૮--૧-૨૦૧૦ના રોજ સરકારે પાછો લઈ લીધો છે અને સરકાર હસ્તક જમીન પરત આવી ગઈ છે. આ જમીનનો ગેરકાયદેસર ઉપયોગ કર્યો તેનો દંડ વસૂલ કરવાની પણ કાર્યવાહી હાલ ચાલી રહી છે. કાર્યવાહી ચાલી રહી છે. હીયરીંગ વગેરે થઈ ગયું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આશારામ આશ્રમ છે એ જમીનો દબાણ કરવા માટે જાણીતા છે અને થોડું ઘણું નહીં, પણ ૫૧,૧૦૧ ચોરસ મીટર જમીન તેણે વર્ષો સુધી દબાણમાં રાખી અને અગાઉ આવા ધંધા..

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, પ્રશ્ન ઉપર રહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બાળકોની બલિ ચડાવવાના અગાઉ નહોતા થયા. અગાઉ કેમ ન કર્યું તેની વાત કરું છું અને અગાઉ તેમને કોઈ આશીર્વાદ પણ નહોતા.

**અધ્યક્ષશ્રી** : એ તમને પ્રશ્ન નથી પૂછતા, તમે પ્રશ્ન પૂછવા ઉભા થયા છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આટલા વખત સુધી દબાણ રહ્યું અને જ્યારે જ્યારે સરકાર તેને દબાણ ખાલી કરાવવાની નોટિસ આપે ત્યારે અધિકારીઓને અંદર આવવા પણ ન દે. પોલીસ અધિકારીઓ સહિતના કર્મચારીઓને સામાન્ય નાગરિકોને માર મારે અને છતાં દબાણ ચાલુ રહે અને એ દબાણ કર્યું હોય તેનો દંડ પણ વસૂલાય નહીં અને આ પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી છે, તો મારે આપના મારફત પૂછવું છે કે આ દબાણ ક્યારથી

થયેલું? સરકારના ધ્યાનમાં ક્યારે આવ્યું અને આ દબાણ કરવાને કારણે જે મૂળ જમીન આશ્રમને અપાયેલી છે તેનો પણ શરત ભંગ થયેલ છે. તો આ મૂળ જમીન પાછી લેવા માગે છો કે કેમ? કયાં સુધીમાં પાછી લેવા માગે છો અને તેની સામે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માગે છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષ ઉપર આપણને આ જમીન ઉપર દબાણ છે એવું ધ્યાન ઉપર આવ્યું અને એટલે તરત જ તા. ૨૩-૯-૨૦૦૮ના રોજ ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પૅક્ટર લૅન્ડ કચેરી દ્વારા જમીનની માપણી કરવામાં આવી. તા. ૧૭-૧-૨૦૦૮ના દિવસે સર્કલ ઑફિસર-કઠવાડા, તલાટી મોટેરા તથા ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પૅક્ટર લૅન્ડ કચેરીના સ્ટાફ દ્વારા સ્થળ-સ્થિતિનું પંચનામુ કરવામાં આવ્યું. તા. ૩૦-૧-૨૦૦૯ના રોજ લૅન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ની નોટિસ આપવામાં આવી. તા. ૧૭-૨-૨૦૦૯ સામાવાળા તરફથી વહીવટદાર શ્રી વિકાસ કૈલાસચંદ્ર ખેમટા હાજર રહેલ. જરૂરી નકલો મેળવવા અને મુદત અરજી અપાતા નકલોને મુદત આપી.તા.૬-૫-૦૯ના રોજ સામેવાળાએ લેખિત જવાબ રજૂ કર્યો. તા.૩૦-૫-૦૯ના રોજ ટપાલ દ્વારા રજૂઆત આવી. તા.૮-૧૨-૦૯ના રોજ લેન્ડ રેવન્યૂ કોડની કલમ-૬૧ હેઠળ દબાણ દૂર કરવા હુકમ કર્યો. તા.૪-૧-૧૦ના રોજ રેવન્યૂ કોડની કલમ ૨૦૨ હેઠળ સંસ્થાને નોટિસ આપવામાં આવી અને તા.૮-૧-૧૦ના રોજ મોજે મોટેરા તાલુકા દસક્રોઈના સરવે નં.૨૮૨/અ પૈકી ૧૫૪૫૧ ચો.મી. જમીન તથા સાબરમતી નદી પટની ૫૪૭ ચો.મી. જમીનમાં બાંધકામ સહિત તથા ૫૧૧૦૧ ચો.મી. જમીનમાં ખુલ્લો ઉપયોગ કરી ગેરકાયદેસર દબાણ કરેલ હતું. તે તમામ જમીનનો કબજો સરકાર તરફે સંભાળી લેવામાં આવ્યો છે અને આ જે અનઅધિકૃત દબાણ થયેલ છે તેના દંડનું પત્રક બનાવવા માટે તલાટીને સૂચનાઓ આપવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ દબાણ કર્યું એના કારણે સરકારે જે મૂળ જમીન એલોટ કરી છે એની શરતોનો ભંગ થાય છે એની શિક્ષાત્મક કાર્યવાહી કરવા માગો છો કે કેમ અને જે જમીનનો ઉપયોગ થયો છે એના માટેના ચાર્જીસ કયાં સુધીમાં વસૂલ કરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ જમીન તો સરકારે આશ્રમને આપી નથી. પરંતુ સંતશ્રી આશારામે સ.નં.૨૮૨/અની ૨૦૦૦ ચો.મી. ક્ષેત્રફળ જમીન ઉપર દબાણ કર્યું હતું અને આ દબાણ તા.૨૮-૧૦-૧૯૮૮ના દિવસે પ્રતિ ચો.મી.ના રૂ.૮/- પ્રમાણે તે વખતની સરકારે નિયમિત કરી આપ્યું છે અને તા.૨૮-૧૦-૧૯૮૮માં એમણે જ હુકમ કર્યો હતો કે, દબાણ કર્યું હોય તો અઢી ગણી કિંમત વસૂલ કરીને દબાણ નિયમિત કરી આપવું. પરંતુ એમની સરકારે તા.૧૫-૬-૧૯૮૯ એ એકવડી કિંમત લઈને દબાણ નિયમિત કરી આપ્યું છે એટલે ખસેડવાનો પ્રશ્ન નથી. સાબરમતી નદીના પટમાં ૨૨૯૬ ચો.મી. જમીન પર દબાણ હતું. એમાં પ્રતિ ચો.મી.ના રૂ.૮/- લઈ એકવડી કિંમતે દબાણ નિયમિત કરી આપેલ છે. જૂના ગામમાં જૂના ગામ તળની ૬૦૦૦ ચો.મી. જગ્યા ૧૯૮૮ની સાલમાં પ્રતિ ચો.મી.ના રૂ.૧૦/- લઈ નિયમિત કરી આપી. મોટેરા જૂના ગામમાં ૫૭૭૫ ચો.મી. જમીન ૧૯૯૬ની અંદર રૂ.૨૫/- લઈ એકવડી કિંમતે એમને નિયમિત કરી આપી છે. સાબરમતી નદીના પટમાં ૫૯૨ ચો.મી. જમીન ૧૯૯૬માં એકવડી કિંમત લઈ નિયમિત કરી આપી. ૧૧૦૫૬ ચો.મી. જમીનના પ્રતિ ચો.મી.ના રૂ.૨૫/- લઈ એકવડી કિંમત લઈ નિયમિત કરી આપેલ છે. ૪૮૬૦ ચો.મી. જમીન સાબરમતી નદીના પટમાં હતી. એના પણ રૂ.૨૫ લઈ એકવડી કિંમતે નિયમિત કરી આપી. હવે આપે નિયમિત કરી આપી છે ત્યારે જમીન ખાલી કરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જે રીતની આંકડાકીય માહિતી આપી..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, બેસી જાઓ, ક્રોસ ટોકને ધ્યાનમાં ન લો. પ્રશ્નોત્તરી પછી તક આપીશ. મારી પાસે સમયની મર્યાદા છે. તમારે જે કોઈ કલેરીફીકેશન કરવા હોય તે પછી.. .. .. શ્રી શૈલેષભાઈ.. .. ઑર્ડર ઑર્ડર .. .. ..

**અધ્યક્ષશ્રી** : શ્રી શૈલેષભાઈ, સતત અંતરાય.. .. શ્રી શૈલેષભાઈ .. ઓર્ડર.. ઑર્ડર.. શ્રી શૈલેષભાઈ આપને પ્રશ્ન પૂછવો છે કે નથી પૂછવો. પૂછોને ભાઈ.

**શ્રી શૈલેશ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે જેટલી ચોરસવાર જગ્યાનો કબજો ગુજરાત સરકારના હસ્તક આવેલ છે અને આ વિસ્તારમાં ઘણી જગ્યાઓ જે ગેરકાયદેસર હતી અને જે દંડ વસૂલ કરવામાં આવ્યો હતો એ દંડની રકમ શું નક્કી કરવામાં આવી છે અને એ દંડના ધોરણે જ આ જે જેટલી ચોરસવાર જગ્યાનો કબજો સરકારે લીધો છે એ દંડના આધારે જ સરકાર એના પર દંડ વસૂલ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના ધારાધોરણ પ્રમાણે જ દંડની રકમ વસૂલ કરવામાં આવશે તલાટીને એની જવાબદારી સોંપવામાં આવી છે અને એ કાર્યવાહી ચાલુમાં છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક:૨ , ૧૦ મીનીટ થઈ છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક:૨ છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : બધું ચોખ્ખું થઈ ગયું. (બેઠાબેઠા)

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, આપને પ્રેમ છે અને આપ બંને જણા પ્રેમ કરો છો અને પછી મારી પાસે ફરિયાદ આવે છે એટલે મહેરબાની કરીને તમારે અને અર્જુનભાઈ કે તમારે અને સામે પાટલી જોડે પ્રેમ હોય એ બહાર જઈને મૈત્રીકરાર કરો. .(સતત અંતરાય) મારે એ પ્રશ્ન પતી ગયો છે. શ્રીમતી વંદનાબેન આપ આપનો પ્રશ્ન પૂછો(સતત અંતરાય)શ્રી અર્જુનભાઈ, દિલ્હીથી ઘણા લોકો આવે છે એટલે એની ચિંતા ના કરો.

**શ્રી વજુભાઈ વાળા** : : માનનીય અધ્યક્ષશ્રી, એમને કહો કે દિલ્હીમાં જે છે એમનો કબજો ખાલી કરાવોને.

**અધ્યક્ષશ્રી** : (સતત અંતરાય) વજુભાઈ આપ બેસી જશો, અર્જુનભાઈ આ રીતે છૂટના લો. શ્રીમતી વંદનાબેન આપ પ્રશ્ન પૂછો.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક:ર

**અધ્યક્ષશ્રી** : સતત અંતરાય વજુભાઈ આપ બેસી જશો, અર્જુનભાઈ છૂટના લો. શ્રીમતી વંદનાબેન આપ પ્રશ્ન પૂછો.

**જૂનાગઢ જિલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની ખાલી જગ્યાઓ**

***૧૨૬૫૯ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા (કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જગ્યા કેટલી છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) સન ૨૦૧૦-૧૧માં આ જગ્યાઓ ભરવાનું આયોજન શું છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) તા:૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જગ્યા નીચે મુજબ છે.

| અ.નં. | ઘટક (તાલુકા)નુ નામ | મંજૂર જગ્યા | |
|---|---|---|---|
| | | કાર્યકર | હેલ્પર |
| ૧ | જૂનાગઢ (ગ્રા) | ૨૯૮ | ૨૯૮ |
| ૨ | વંથલી | ૧૧૮ | ૧૧૮ |
| ૩ | માણાવદર | ૧૩૧ | ૧૩૧ |
| ૪ | કેશોદ | ૧૮૬ | ૧૮૬ |
| ૫ | માળીયા હાટિના | ૧૩૮ | ૧૩૮ |
| ૬ | તાલાલા (ગીર) | ૧૩૧ | ૧૩૧ |
| ૭ | વેરાવળ | ૩૧૨ | ૩૧૨ |
| ૮ | સુત્રપાડા | ૧૧૬ | ૧૧૬ |
| ૯ | કોડીનાર | ૨૧૧ | ૨૧૧ |
| ૧૦ | ઉના | ૨૯૯ | ૨૯૯ |
| ૧૧ | માંગરોળ | ૧૭૪ | ૧૭૪ |
| ૧૨ | વિસાવદર | ૧૩૫ | ૧૩૫ |
| ૧૩ | મેસાણ | ૭૬ | ૭૬ |
| ૧૪ | મેંદરડા | ૭૨ | ૭૨ |
| | કુલ | ૨૩૯૭ | ૨૩૯૭ |

(૨) તે પૈકી નીચે મુજબની જગ્યાઓ ભરાયેલ છે.

| અ.નં. | ઘટક (તાલુકા)નુ નામ | ભરાયેલ જગ્યા | |
|---|---|---|---|
| | | કાર્યકર | હેલ્પર |
| ૧ | જૂનાગઢ (ગ્રા) | ૨૯૮ | ૨૮૫ |
| ૨ | વંથલી | ૧૧૫ | ૧૧૪ |
| ૩ | માણાવદર | ૧૨૯ | ૧૨૩ |
| ૪ | કેશોદ | ૧૬૯ | ૧૬૦ |
| ૫ | માળીયા હાટિના | ૧૩૩ | ૧૩૩ |
| ૬ | તાલાલા (ગીર) | ૧૨૬ | ૧૨૪ |
| ૭ | વેરાવળ | ૨૫૯ | ૧૯૬ |
| ૮ | સુત્રપાડા | ૧૧૬ | ૧૧૬ |
| ૯ | કોડીનાર | ૨૦૩ | ૨૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ઉના | ૨૬૯ | ૨૧૫ |
| ૧૧ | માંગરોળ | ૧૬૮ | ૧૫૩ |
| ૧૨ | વિસાવદર | ૧૩૨ | ૧૨૦ |
| ૧૩ | મેસાણ | ૭૪ | ૬૮ |
| ૧૪ | મેદરડા | ૭૨ | ૬૮ |
| | કુલ | ૨૨૬૩ | ૨૦૭૬ |

(૩) ખાલી જગ્યાઓ

| અ.નં. | ઘટક (તાલુકા)નુ નામ | ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|
| | | કાર્યકર | હેલ્પર |
| ૧ | જૂનાગઢ (ગ્રા) | ૦ | ૧૩ |
| ૨ | વંથલી | ૩ | ૪ |
| ૩ | માણાવદર | ૨ | ૮ |
| ૪ | કેશોદ | ૧૭ | ૨૬ |
| ૫ | માળીયા હાટિના | ૫ | ૫ |
| ૬ | તાલાલા (ગીર) | ૫ | ૭ |
| ૭ | વેરાવળ | ૫૩ | ૧૧૬ |
| ૮ | સુત્રપાડા | ૦ | ૦ |
| ૯ | કોડીનાર | ૮ | ૧૦ |
| ૧૦ | ઉના | ૩૦ | ૮૪ |
| ૧૧ | માંગરોળ | ૬ | ૨૧ |
| ૧૨ | વિસાવદર | ૩ | ૧૫ |
| ૧૩ | મેસાણ | ૨ | ૮ |
| ૧૪ | મેદરડા | ૦ | ૪ |
| | કુલ | ૧૩૪ | ૩૨૧ |

(૪) ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આંગણવાડીની ખાલી જગ્યાઓ ભરવા શું પ્રયત્નો કર્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કાર્યકરની ૧૩૪ ખાલી જગ્યાઓ છે અને હેલ્પરની ૩૨૧ ખાલી જગ્યાઓ છે. આ નિવૃત્ત થયે તો સમયે સમયે ખાલી પડતી હોય છે, કોઈ રાજીનામું આપે તો એમાંથી ખાલી પડતી હોય છે અને નવી કોઈ આંગણવાડી બને તો એની પણ ખાલી જગ્યાઓ પડતી હોય છે અને એની જાહેરાત આપીને ૨-૩-૨૦૧૦ના રોજ જાહેરાત આપવામાં આવી છે અને આવતા એક માસની અંદર આ બધી જ ખાલી જગ્યાઓ ભરાશે એવી મને ખાતરી છે

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનીનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આંગણવાડી કાર્યકરોની ભરતીના જે નિયમો હતા એમાં સરકારે નવો પરિપત્ર કરીને નિયમમાં કોઈ ફેરફાર કરેલ છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી નિયમોમાં થોડા ઘણા ફેરફારો જરૂર કરવામાં આવ્યા છે કારણ કે પહેલા જે આંગણવાડી વર્કરની અને હેલ્પરની નિયુકિત થતી હતી એની અંદર કોઈ કવોલીફીકેશન નક્કી નહોતું હવે આપણે વર્કરનું ક્વૉલિફિકેશન નક્કી કર્યુ કે એસ.એસ.સી. પાસ હોવા જોઈએ અને હેલ્પર ધોરણ-૭ પાસ હોવા જોઈએ, પહેલા ૧૮ વર્ષથી મોટી ઉંમરના લેતા હતા પરંતુ છેલ્લી ઉંમર કેટલી હોય એ નક્કી નહોતું એટલે આપણે ૩૩ વર્ષ સુધી એ ઉંમર નક્કી કરવામાં આવી, સ્થાનિક ઉમેદવારને જ આધાર ગણીને સ્થાનિક ઉમેદવારની નિયુકિત કરવી. પહેલા એવું હતું કે ૫ કે ૭ કિલોમીટર દૂર જે બહેન રહેતી હોય એને બીજા ગામની અંદર પણ વર્કર તરીકે કે હેલ્પર તરીકે નિમણૂકો આપી છે એટલે આવવા જવામાં પણ એમને તકલીફ પડે અને આવે પણ નહીં એવી પરિસ્થિતિ ઉભી થઈ હતી અને એટલા માટે આપણે નક્કી કર્યુ કે સ્થાનિક ઉમેદવાર જ હોવા જોઈએ, અને બીજું પરણીત ઉમેદવાર હોવા જોઈએ જેથી તાલીમ આપ્યા પછી વર્ષો સુધી એ સારી રીતના કામ કરી શકે. હેલ્પરને ૫ વર્ષનો અનુભવ થાય તો વર્કર એ બની શકે એ પણ આપણે નવો નિર્ણય કરેલો છે અને બીજું જે ગેરરીતિઓ ચાલતી હતી કે સગા સંબંધીઓને જ મૂકી દેવામાં આવતા હતા એની અંદર ભણેલા હોય કે ન ભણેલા હોય પણ મૂકી દેવામાં આવતા હતા એટલે આપણે એની મેરીટ યાદી તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે અને મેરીટની અંદર જે પ્રમાણે એનો ક્રમ ઉંચો આવે એને જ આની અંદર કામ કરવાનું આવતું હતું બીજું પણ એ હતું કે જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં આ મેરીટ યાદી અને એની નિમણૂકો થતી હતી.અને બહાલી અપાતી હતી. એટલે જિલ્લા વિકાસ અધિકારીને ખૂબ કામ હોય એટલે એને બહાલી વિલંબથી મળતી હતી. એટલા માટે આપણે ફરીથી એક સમિતિ બનાવી એમાં પ્રોગ્રામ ઑફિસર,

ટી.ડી.ઓ. સી.ડી.પી.ઓ. ની એક કમિટી બને અને એ કમિટી એનું સ્ક્રૂટિની કરી છેલ્લે બહાલી લેવા જાય અને જેથી નિયુક્તિ ઝડપથી થાય અને લાંબા સમય સુધી જગ્યાઓ ખાલી રહે નહીં.

**વલસાડ અને તાપી જિલ્લામાં આદિજાતિ કન્યાઓને કન્યા કેળવણી માટે નવી શાળાઓ શરૂ કરવા બાબત**

* ૧૨૪૫૬ **શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ (ગણદેવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) વલસાડ અને તાપી જિલ્લાના આદિજાતિ વિસ્તારમાં કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નવી શાળાઓ ખોલવામાં આવેલ છે, અને

(૨) શાળાવાર કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | જિલ્લો | માધ્યમિક શાળાઓ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | અલ્પ સાક્ષરતા કન્યા નિવાસી શાળાઓ |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૧૬ | ૫ | ૧ |
| ૨ | વલસાડ | ૨૪ | ૮ | ૨ |

આ માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જુન-૨૦૦૯ થી શરૂ કરવામાં આવેલ છે.

(૨) (૧) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે **પત્રક-૧** અને **પત્રક-૨** મુજબ

(૨) અલ્પસાક્ષરતા કન્યા નિવાસી શાળાઓ માટે નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | શાળાનું નામ | કન્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | તાપી | મુ. બાબરઘાટ તા. ઉચ્છલ | ૩૬ |
| ૨ | વલસાડ | (૧) મુ. સુથારપાડા તા. કપરાડા<br>(૨) મુ. કરચોટ તા. કપરાડા | ૬૦<br>૨૯ |

**પત્રક-૧**

**માધ્યમિક શાળાઓ**

તારીખ ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ નવી શાળાઓ

**તાપી જિલ્લાની માહિતી**

| ક્રમ | શાળાનું નામ | તાલુકાનું નામ | કન્યાઓની સંખ્યા | કુલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | **સરકારી માધ્યમિક શાળાઓ** | | | |
| ૧ | સરકારી માધ્યમિક શાળા, બાબરઘાટ | ઉચ્છલ | ૧૮ | ૩૭ |
| ૨ | સરકારી માધ્યમિક શાળા, ગવાણ | ઉચ્છલ | ૦૫ | ૨૪ |
| ૩ | સરકારી માધ્યમિક શાળા, ચીમેર | સોનગઢ | ૧૦ | ૨૬ |
| ૪ | સરકારી માધ્યમિક શાળા, સાદડુન | સોનગઢ | ૧૯ | ૩૫ |
| ૫ | સરકારી માધ્યમિક શાળા, ડોસવાડા | સોનગઢ | ૨૨ | ૩૮ |
| ૬ | સરકારી માધ્યમિક શાળા, ખેરવાડા | સોનગઢ | ૧૨ | ૨૫ |
| ૭ | સરકારી માધ્યમિક શાળા, સાતકાશી | સોનગઢ | ૦૬ | ૧૬ |
| ૮ | સરકારી માધ્યમિક શાળા, ગારવણ | વ્યારા | ૧૯ | ૪૧ |
| ૯ | સરકારી માધ્યમિક શાળા, પીસાવર | નિઝર | ૦૯ | ૨૯ |
| ૧૦ | સરકારી માધ્યમિક શાળા, પીપલોદ | નિઝર | ૧૯ | ૩૩ |
| ૧૧ | સરકારી માધ્યમિક શાળા,ખોડધા | નિઝર | ૧૩ | ૩૧ |
| ૧૨ | સરકારી માધ્યમિક શાળા, બાલંબા | નિઝર | ૧૬ | ૪૬ |
| ૧૩ | સરકારી માધ્યમિક શાળા, સદગાવણ | નિઝર | ૧૦ | ૨૩ |
| ૧૪ | સરકારી માધ્યમિક શાળા, મટાવલ | નિઝર | ૨૧ | ૩૪ |
| ૧૫ | સરકારી માધ્યમિક શાળા, સરવાળા | નિઝર | ૦૫ | ૧૩ |
| | **નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ** | | | |
| ૧૬ | સરકારી માધ્યમિક શાળા, ગુંનખુડી | સોનગઢ | ૧૮ | ૩૦ |
| | **કુલ** | | **૨૨૨** | **૪૮૧** |

**વલસાડ જિલ્લાની માહિતી**

| ક્રમ | શાળાનું નામ | તાલુકાનું નામ | કન્યાઓની સંખ્યા | કુલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | **સરકારી માધ્યમિક શાળાઓ** | | | |
| ૧ | સરકારી માધ્યમિક શાળા, પીંડવળ | ધરમપુર | ૧૦ | ૨૦ |

| ક્રમ | શાળાનું નામ | તાલુકાનું નામ | કન્યાઓની સંખ્યા | કુલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૨ | સરકારી માધ્યમિક શાળા, જામલીયા | ધરમપુર | ૦૬ | ૧૪ |
| ૩ | સરકારી માધ્યમિક શાળા, કોસવાડી | ધરમપુર | ૦૫ | ૦૫ |
| ૪ | સરકારી માધ્યમિક શાળા, તુતરખેડ | ધરમપુર | **૦૬** | **૧૭** |
| ૫ | સરકારી માધ્યમિક શાળા, બોપી | ધરમપુર | **૦૪** | **૦૯** |
| ૬ | સરકારી માધ્યમિક શાળા, હનુમતમાળ | ધરમપુર | ૦૬ | ૧૦ |
| ૭ | સરકારી માધ્યમિક શાળા, સુથારપાડા | કપરાડા | ૦૧ | ૨૧ |
| ૮ | સરકારી માધ્યમિક શાળા, શાહુડા | કપરાડા | ૦૭ | ૨૨ |
| ૯ | સરકારી માધ્યમિક શાળા, વડોલી | કપરાડા | **૦૪** | **૨૬** |
| ૧૦ | સરકારી માધ્યમિક શાળા, સિલ્ધા | કપરાડા | **૧૫** | **૫૬** |
| ૧૧ | સરકારી માધ્યમિક શાળા, દહીખેડ | કપરાડા | ૧૨ | ૫૫ |
| ૧૨ | સરકારી માધ્યમિક શાળા, મેણધા | કપરાડા | ૦૩ | ૧૭ |
| ૧૩ | સરકારી માધ્યમિક શાળા, આંબાજંગલ | કપરાડા | ૦૫ | ૧૫ |
| ૧૪ | સરકારી માધ્યમિક શાળા, સુલિયા | કપરાડા | ૦૬ | ૧૩ |
| ૧૫ | સરકારી માધ્યમિક શાળા, તુકવાડા | કપરાડા | ૧૧ | ૧૫ |
| ૧૬ | સરકારી માધ્યમિક શાળા, કાસ્ટુનિયા | કપરાડા | ૧૧ | ૨૦ |
| ૧૭ | સરકારી માધ્યમિક શાળા, વાડધા | કપરાડા | ૧૩ | ૨૯ |
| | **નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ--** | | | |
| ૧૮ | જ્ઞાન સરિતા માધ્યમિક શાળા, બામટી | ધરમપુર | ૧૨ | ૨૭ |
| ૧૯ | કુસુમ વિદ્યાલય, વલસાડ | વલસાડ | ૧૯ | ૪૨ |
| ૨૦ | જ્ઞાનસાગર માધ્યમિક શાળા, ખટાણા | ધરમપુર | ૦૩ | ૨૩ |
| ૨૧ | જ્ઞાન ગંગા વિદ્યાલય, અં.મા. છીરી | પારડી | ૦૮ | ૩૭ |
| ૨૨ | સનરાઈઝ અંગ્રેજી માધ્યમ શાળા, પારડી | પારડી | ૧૦ | ૩૭ |
| ૨૩ | વિનર્સ ઈંગ્લીશ હાઈસ્કુલ, ચણોદ | પારડી | ૦૭ | ૩૬ |
| ૨૪ | દક્ષિણા વિદ્યાલય, નારગોલ | ઉમરગામ | ૨૧ | ૩૦ |
| | **કુલ--** | | **૨૦૫** | **૫૯૬** |

***પત્રક-૨**

**ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

તારીખ ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ નવી શાળાઓ

**તાપી જિલ્લાની માહિતી**

| ક્રમ | શાળાનું નામ | તાલુકાનું નામ | કન્યાઓની સંખ્યા | કુલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, મોહિની | ઉચ્છલ | **૧૨** | ૨૧ |
| ૨ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, બોરપાડા | સોનગઢ | **૦૫** | ૧૮ |
| ૩ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, હિંદલા | સોનગઢ | **૦૪** | ૧૦ |
| ૪ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, લખાલી | વ્યારા | **૧૧** | ૨૮ |
| ૫ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, રાયગઢ | નિઝર | ૨૨ | ૫૧ |
| | **કુલ** | | **૫૪** | **૧૨૮** |

**વલસાડ જિલ્લાની માહિતી**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, કોરવર્ડ | ધરમપુર | ૦૧ | ૦૫ |
| ૨ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, હનમતમાળ | ધરમપુર | ૦૪ | ૦૫ |
| ૩ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, મોટી પલસાણ | કપરાડા | ૦૨ | ૦૫ |
| ૪ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, સુથારપાડા | કપરાડા | ૦૨ | ૦૪ |
| ૫ | શ્રી આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા, કરવડ | પારડી | ૦૬ | ૩૯ |
| ૬ | શ્રી વિવેકાનંદ હાઈસ્કુલ, માણેકપુર | પારડી | ૧૪ | ૩૬ |
| ૭ | સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ઝરોલી | ઉમરગામ | ૦૭ | ૩૭ |
| ૮ | સેંટ જોસેફ ઉચ્ચતર માધ્યમિક શાળા, કરવડ | પારડી | ૦૬ | ૩૭ |
| | **કુલ** | | **૪૨** | **૧૬૮** |

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તે પ્રમાણે અમારા આદિજાતિ વિસ્તારમાં ખાસ કરીને કેળવણી અને કન્યા કેળવણીને ખૂબ સારું પ્રોત્સાહન મળે એ માટે સરકારના પ્રયત્નો માટે હું ખરેખર અભિનંદન પાઠવું છું. કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિનો અમલ ક્યારે થયો અને તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જમા થયેલ રકમ, થયેલ ખર્ચ અને લાભાર્થીઓની વિગતો આપવા વિનંતી છે.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો કન્યા કેળવણી માટેની ચિંતા કરવા માટે જે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તે બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથોસાથ આ ગૃહના વડા અને ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એટલા માટે કે ગુજરાત જ નહીં પણ હિન્દુસ્તાનની અંદર પહેલા એવા મુખ્યમંત્રી છે કે જેમણે રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે, કન્યાઓનો સર્વાંગી વિકાસ થાય તે માટેના વિશિષ્ટ પ્રયત્નો કરવા માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિની સ્થાપના

વર્ષ ૨૦૦૩-૦૪માં કરવામાં આવેલ છે. આ નિધિમાં જે સભ્યશ્રીએ પૂછ્યું એ પ્રમાણે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કુલ જમા થયેલ રકમ એ પણ હું આપવા માગું છું. હું આપના માધ્યમથી આ ગૃહને જણાવવા માગું છું કે આ નીતિ છે એમાં સરકારશ્રી તરફથી કોઈપણ જાતની બજેટની જોગવાઈ હોતી નથી. આ નિધિમાં સમાજના દાતાઓ, સેવાભાવી સંસ્થાઓ, સંગઠનો તરફથી નાણાકીય દાન ભેટથી એકત્રિત કરવામાં આવે છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીને જે કોઈ ભેટ સોગાદો મળતી હોય તે સરકારી તોશાખાનામાં જમા થાય અને એ રીતે આ રકમ જમા કરવામાં આવે છે. તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ૨૮ કરોડ રૂપિયા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે ધ્યાન દોર્યું છે એ વાત સાચી છે. મૂળ પ્રશ્નની અંદરથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : એમણે એમ કહ્યું છે કે નિધિ કેટલી થઈ છે?

**અધ્યક્ષશ્રી** : કેટલી નિધિ થઈ એ કહો.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ૨૮ કરોડ ૨૭ લાખ ૨૪ હજાર ૧૧૬ રૂપિયા અને કુલ લાભાર્થી કન્યાઓ ૩૩૮૨૯ છે. એના માટે રૂપિયા ૯ કરોડ ૫૦ લાખ ૨૨ હજાર ૮૨૦ રૂપિયા ખર્ચાયા છે.

**શ્રી રમણલાલ વોરા** : હું પુરવણી જવાબ આપવા માગું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વલસાડ અને તાપી જિલ્લાની નવી શાળાનો પ્રશ્ન છે.

**શ્રી અમિત શાહ** : મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય એ પહેલા કેમ ઊભા થઈ જાય છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમને સાંભળી લઈએ.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના આટલા વર્ષો પછી આદિજાતિ વિસ્તારની સૌથી પહેલી વખત જો કોઈએ ચિંતા કરી હોય તો આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, માત્ર કન્યા કેળવણી નહીં આ બન્ને જિલ્લાઓમાં થઈને ૩૨ જેટલી નવી માધ્યમિક શાળાઓ જૂન-૦૯ થી શરૂ કરી છે. ૧૩ જેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જૂન-૦૯થી શરૂ કરી છે. આઝાદીના આટલા વર્ષોમાં એકજ વર્ષમાં ૪૫ જેટલી માધ્યમિક શાળા અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરીને કન્યાઓને વિશેષ શિક્ષણ મળે એના માટે રાજ્ય સરકારે મંજૂરી આપી છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, આ કન્યા કેળવણી કાર્યક્રમ એ ખૂબજ આવકારદાયક છે અને એટલા માટે ૨૭ કરોડ જેટલી રકમનું દાન લોકોએ આપ્યું છે. હું એ જાણવા માગું છું કે કન્યા કેળવણી નિધિએ કયા કયા.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આપ મૂળ પ્રશ્ન ઉપર આવી જાવ.

**શ્રી રમણલાલ ના. પાટકર :** કન્યા કેળવણી નિધિ છે જે છે એ કયા..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નની અંદર નિધિ આવતું જ નથી ભાઈ. મૂળ પ્રશ્ન જે છે એ તમે કેટલી શાળા ખોલી એનો છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : સારું. એમાં આદિવાસી ક્ષેત્રની અંદર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વલસાડ અને તાપી જિલ્લામાં નવી કેટલી શાળા ખોલી એના વિષે પૂછો.

**શ્રી રમણલાલ ના. પાટકર** : તાપી અને વલસાડ જિલ્લામાં કન્યા કેળવણી નિધિમાં કન્યાઓ કેટલો લાભ લઈ રહી છે તેનો આંકડો જણાવો.

**અધ્યક્ષશ્રી** : નિધિની તમે કોઈ વાત ના કરતા. એકવાર કહ્યુંને એ છતાં પણ મૂળ પ્રશ્ન જ આ છે ભાઈ.

**શ્રી રમણલાલ ના. પાટકર** : હા. જી.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જ્યારે નિધિનું પૂછયું છે ત્યારે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ના, નિધિનો જવાબ ના આપો.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : તાપી અને વલસાડ જિલ્લામાં તાપીની અંદર કુલ માધ્યમિક શાળા ૧૫, ૫ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કુલ ૨૦ માધ્યમિક શાળાઓ જૂન ૨૦૦૦ થી શરૂ કરવામાં આવી છે. આ ૨૦ શાળાઓ માટે ૮,૨૩,૫૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલો છે. એ જ રીતે વલસાડ જિલ્લાની અંદર ૧૭ માધ્યમિક શાળાઓ, ૪ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ એટલે કુલ ૨૧ શાળાઓ થઈ એનો ખર્ચ થયો છે ૯૪,૫૦૦. કુલ ૪૧ શાળાઓ બંને જિલ્લાઓની અંદર થઈ અને કુલ ખર્ચ થાય છે રૂા.૯,૧૮,૦૦૦.

**જામનગર જિલ્લાની માધ્યમિક શાળાની કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડ**

***૧૨૯૫૧ શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) વિદ્યા લક્ષ્મી બોન્ડ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાની માધ્યમિક શાળાની કેટલી કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**શિક્ષણ મંત્રીશ્રી** :

(૧)

| | કન્યાઓ |
|---|---|
| કુલ - | ૮૦ કન્યાઓ |

(૨)

| | રૂપિયા |
|---|---|
| કુલ રૂપિયા | ૧,૬૦,૦૦૦ |

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લા જામનગરમાં વિદ્યા લક્ષ્મી બોન્ડ યોજનામાં છેલ્લા બે વર્ષમાં કેટલી કન્યાઓને બોન્ડ માટે કેટલી રકમ આપવામાં આવી એ પ્રશ્નનો ખૂબ સંતોષકારક જવાબ છે પણ મારે એ પૂછવું છે કે વિદ્યા લક્ષ્મી બોન્ડ યોજનાનો અમલ ક્યારથી શરૂ થયો?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યા લક્ષ્મી બોન્ડ યોજનાનો અમલ અને કન્યા કેળવણી માટેની હું વાત કરવા માગું છું. કન્યા કેળવણી વિશેષ પ્રોત્સાહન માટે ૩૫ ટકાથી ઓછી સ્ત્રી સાક્ષરતાવાળા ગામો હોય અને ગરીબી રેખાથી નીચેની આવક જૂથમાં આવતા હોય તેવા કુટુંબોની કન્યાઓ ધોરણ-૮ માં પ્રવેશ મેળવે એ વખતે એ કન્યાને રૂા.૨૦૦૦ નું સરદાર સરોવર નર્મદા નિગમના વિદ્યા લક્ષ્મીના બોન્ડ આપવાની યોજના હાલ અમલમાં છે.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે સરકારનો કન્યા કેળવણી માટેનો અભિગમ કન્યા કેળવણીના વિકાસ માટે રહ્યો છે ત્યારે માધ્યમિક વિદ્યાલયની અંદર જ્યારે વર્ગ વધારવાની અરજી કરવાની હોય છે ત્યારે લેટ જેટલા દિવસ થાય એટલા દિવસનો દંડ કરવામાં આવે છે તો આ દંડમાંથી કન્યા વિદ્યાલયને માફી આપવામા ગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. શ્રી વસુબેન.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાની માધ્યમિક શાળાઓની છેલ્લા ત્રણ વર્ષમાં વિદ્યા લક્ષ્મી બોન્ડ મેળવવા માટે કેટલી કન્યાઓને પાત્રતા આપવામાં આવી અને એની કુલ રકમ કેટલી થઈ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ ૨૦૦૭-૦૮ માં ૨૪ લાભાર્થી કન્યાઓને ૪૮,૦૦૦ ની રકમ ફાળવેલી છે. ૨૦૦૮-૦૯ માં કુલ ૧૨ કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડ પેટે રૂા.૬૮ લાભાર્થી કન્યાઓને ૧,૩૬,૦૦૦ ની રકમ ફાળવેલી છે. આમ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લાની અંદર કુલ ૧૦૪ કન્યાઓને ૨,૦૮,૦૦૦ ના વિદ્યા લક્ષ્મી બોન્ડ તરીકે લાભ આપવામાં આવેલ છે.

**પંચમહાલ જિલ્લામાં મહેસૂલ વિભાગની કચેરીના નવા મકાનો**

*** ૧૨૬૪૦ શ્રીઅરવિંદસિંહ દા. રાઠોડ (કાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન પંચમહાલ જિલ્લામાં મહેસૂલ વિભાગ હેઠળની કચેરીઓના નવા મકાનો બનાવવા સરકાર માંગે છે કે કેમ, અને

(૨) જો, હા તો તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા નવા મકાનો બનાવેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) હા.

(૨) મામલતદાર કચેરી હાલોલના મકાન માટે જમીન મેળવાઈ રહી છે અને મામલતદાર કચેરી કાલોલના નવા મકાનના બાંધકામનું કામ પ્રગતિમાં છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ૨૦૦૯-૧૦માં મારા મત વિસ્તારના કાલોલ તાલુકામાં મામલતદાર કચેરીનું નવું બાંધકામ પ્રગતિમાં છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ મકાનનો કેટલો ખર્ચ થશે અને કયારે પૂર્ણ થશે? અને હાલોલ તાલુકામાં બજેટ જોગવાઈ કરવામાં આવી છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં બે મામલતદાર કચેરી બનાવવા માટે ૨૦૦૯-૧૦ના બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી. એમાં કાલોલ મામલતદાર કચેરીનું મકાન બાંધવા માટે ૧૩૨.૨૦લાખની નાણાકીય જોગવાઈ કરવામાં આવી હતી. એની જમીન મળી ગઈ છે. હાલ કામ ચાલુ છે. લગભગ ૬૦લાખનો ખર્ચ કર્યો છે. આવતા ત્રણ મહિનામાં કાલોલ મામલતદાર કચેરીનું કામ પૂર્ણ થઈ જશે. હાલોલ મામલતદાર કચેરી માટે પણ ૨૦૧૦ના બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી. ૧૫૧.૩૬લાખની એના માટે જમીન સંપાદન કરી લીધી છે પણ સ્થાનિક નાગરિકોનો વિરોધ એ રીતે આવ્યો કે થોડી દુર પડશે એટલા

માટે નવેસરથી જમીન મેળવવા માટે પ્રયાસ ચાલે છે. શહેરની વચ્ચે મામલતદાર કચેરી જોઈએ છે એટલા માટે શહેરી વિકાસ વિભાગ પાસે જમીન છે એમની સાથે વાટાઘાટો ચાલે છે. અંતિમ સ્ટેજે છે. જમીન મળી જશે. ટેન્ડર બહાર પડી ગયા છે. નાણાકીય જોગવાઈ થઈ ગઈ છે એટલે હાલોલ મામલતદાર કચેરીમાં કોઈ વાંધો આવશે નહીં.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં ૧૧ તાલુકા છે તો બે તાલુકા સિવાય બીજા તાલુકામાં મામલતદાર કચેરીનું મકાન નથી તો કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે તાલુકાની વાત કરે છે તેમછતાં હું એટલો ચોકકસ જવાબ આપીશ કે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જયારે રાજયની ૫૦મી સ્વર્ણિમ જયંતિ આપણે ઉજવી રહયા છીએ ત્યારે તમામ ઈન્ફ્રાસ્ટ્રકચર ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવા એવો નિર્ણય કર્યો છે એટલે જયાં પણ આવશ્યકતા હશે મામલતદાર કચેરી હોય કે તાલુકા સેવા સદન હોય, જિલ્લા સેવા સદન હોય કે પ્રાંત કચેરી હોય બધા જ મહેસૂલી મકાનો બંધાય એવી જોગવાઈ આ વખતના બજેટમાં કરવામાં આવી છે.

### અમદાવાદ જિલ્લાની માધ્યમિક શાળાની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

*** ૧૨૯૫૨ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં માધ્યમિક શાળામાં ભણતી કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે,

(૨) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે અને

(૩) કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ૧૮૩

(૨) રૂ. ૨૦૦૦/- (બે હજાર રૂપિયા)

(૩) રૂ. ૩,૬૬,૦૦૦/-

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શિક્ષણનું સ્તર નિરંતર સુધરતું રહયું છે. ગુજરાતની કન્યા શિક્ષિત બને અને વિશ્વભરની કન્યાઓ સાથે કદમ મિલાવી શકે એટલું જ નહીં ગુજરાતમાં માધ્યમિક શિક્ષણમાં ભણતી કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડ આપો છો તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી કન્યાઓને અને કેટલી રકમની બોન્ડ મારફત ચૂકવણી થઈ છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ ૨૦૦૭-૦૮માં કુલ ૨૦૬ જેટલા લાભાર્થી કન્યાને રૂ. ૪૧૨૦૦૦ વિદ્યાલક્ષ્મી બોન્ડ, ૨૦૦૮-૦૯માં ૪૮૦ જેટલી લાભાર્થી કન્યાઓને ૯૬૦૦૦૦ની રકમ ફાળવવામાં આવી છે. ૨૦૦૯-૧૦માં કુલ ૧૮૩ જેટલી કન્યાઓને ૩૬૬૦૦૦ની રકમ ફાળવી છે. આ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિ છે. આ ઉપરાંત ૩૧૬ જેટલી બીજી અન્ય કન્યાઓને ૬૩૨૦૦૦ જેટલી રકમની ગ્રાન્ટની ફાળવણી થઈ ગઈ છે. આમ અમદાવાદ જિલ્લામાં કુલ ત્રણ વર્ષમાં ૧૧૮૫ જેટલી કન્યાઓને રૂ. ૨૩૭૦૦૦૦ વિદ્યાલક્ષ્મી બોન્ડ તરીકે રકમ ફાળવવામાં આવી છે.

### આંગણવાડી વર્કર અને હેલ્પરને માનદ વેતન

*** ૧૨૨૯૭ શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) આંગણવાડી વર્કર અને હેલ્પર (તેડાગર)ને તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલું માનદ વેતન આપવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તેઓના માનદ વેતન વધારવા માટે કેટલી માંગણી સરકારને મળી, અને

(૩) મળેલ માંગણી પછી સરકારે માનદ વેતનમાં વધારો કરેલ છે કે કેમ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) હાલમાં નીચે મુજબ માનદ વેતન ચૂકવવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | ભારત સરકાર દ્વારા હાલમાં મળતુ માનદ વેતન(રૂ.) | ગુજરાત સરકાર દ્વારા હાલમાં મળતું માનદ વેતન (રૂ.) | કુલ મળતુ માનદ વેતન. |
|---|---|---|---|---|
| અ | **આંગણવાડી વર્કર** | | | |
| ૧ | નોન મેટ્રીક | ૧૪૩૮/- | ૫૦૦/- | ૧૯૩૮/- |
| ૨ | નોન મેટ્રીક સાથે પાંચ વર્ષનો માનદ સેવાનો અનુભવ | ૧૪૬૯/- | ૫૦૦/- | ૧૯૬૯/- |
| ૩ | નોન મેટ્રીક સાથે ૧૦ વર્ષનો માનદ સેવાનો અનુભવ | ૧૫૦૦/- | ૫૦૦/- | ૨૦૦૦/- |
| ૪ | મેટ્રિક | ૧૫૦૦/- | ૫૦૦/- | ૨૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | મેટ્રિક સાથે ૫ વર્ષનો માનદ સેવાનો અનુભવ | ૧૫૩૧/- | ૫૦૦/- | ૨૦૩૧/- |
| ૬ | મેટ્રીક સાથે ૧૦ વર્ષનો માનદ સેવાનો અનુભવ. | ૧૫૬૩/- | ૫૦૦/- | ૨૦૬૩/- |
| બ | **આંગણવાડી હેલ્પર** | ૭૫૦/- | ૨૫૦/- | ૧૦૦૦/- |
| સી | મીની આંગણવાડીના આંગણવાડી વર્કર (તા.૧-૧-૭૦ની સ્થિતિએ આંગણવાડીના આંગણવાડી વર્કર (તા.૧-૧-૭૦ની સ્થિતિએ | ૭૫૦/- | | ૭૫૦/- |

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી વર્કર અને આંગણવાડી હેલ્પરને લગતો મારો પ્રશ્ન છે. અહીં એક પત્રક આપ્યું છે એ પત્રક જોતાં લાગે છે કે જુદીજુદી કેટેગરીના જે વર્કર છે એને જુદીજુદી કેટેગરીમાં કેટલું માનદ વેતન આપવામાં આવે છે. અહીંયા જોઈએ તો કેન્દ્ર સરકારના વેતન કરતા રાજય સરકારનો ફાળો ઘણો ઓછો છે.તો મારે પ્રશ્ન પૂછવો છે કે આ વેતન વધારવા માગો છો કે નહિ? બીજો પ્રશ્ન મીની આંગણવાડીમાં રાજ્ય સરકારનો ફાળો બિલકુલ નથી, તો રાજય સરકાર તેને પ્રોત્સાહિત કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આંગણવાડીઓ એ કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે. માનદ વેતન આપવાનું કામ ભારત સરકારનું છે. આ ક્રાઈટેરિયા નક્કી કર્યા છેઃ નૉન મૅટ્રિક, નૉન મૅટ્રિક સાથે પાંચ વર્ષનો માનદ સેવાનો અનુભવ,મૅટ્રિક અને મૅટ્રિક સાથે ૫ વર્ષનો માનદ સેવાનો અનુભવ, મૅટ્રિક સાથે ૧૦ વર્ષનો માનદ સેવાનો અનુભવ આ બધા જ ભારત સરકારે નક્કી કરેલ ક્રાઈટેરિયા છે. રાજ્ય સરકાર ક્રાઈટેરિયામાં બદલ કરી શકે તેમ નથી. ભારત સરકારે જ માનદ વેતનમાં વધારો કરવો જોઈએ. મારી માગણી છે કે ભારત સરકારે દર બે વર્ષે માનદ વેતનમાં વારંવાર વધારો કર્યો હશે. ગુજરાત સરકારે તો ૫૦૦ રૂપિયાનું માનદ વેતન આપવા માટેનો નિર્ણય કર્યો હતો. ૨૦૦૭ માં અને ૫૦૦ રૂપિયા આંગણવાડી વર્કરોને રાજ્ય સરકારે આપી દીધા છે અને એટલે જ એમનો પગાર ૧૫૦૦ થી ૨૦૦૦ નો થયો. બાકી તો ૫૦૦ રૂપિયાની અંદર અને ૧૫૦૦ ની અંદર માનદ વેતનમાં બહેનો કાર્યરત હતી. એમનું સૂચન છે. * (xxxx)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું કાઢી નાખું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ આંગણવાડી વર્કર બહેનો બાળકોના ગળથૂથીમાં સંસ્કારનું સિંચન કરતી હોય છે. યશોદા એવોર્ડ જાહેર કરીને પ્રશંસનીય કામગીરી કરી છે. હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું પૂછવા માગું છું કે આંગણવાડી વર્કર બહેનૉને બાળકોની સારસંભાળ સિવાય બીજી કોઈ વધારાની કામગીરી સોંપવામાં આવી છે કે કેમ? એના માટે બીજું વળતર આપવામાં આવે છે કે નહિ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એક તો આ કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે. એમાં આંગણવાડી હેલ્પરોને માનદ વેતન આપવામાં આવે છે. એમાં ૯૦ ટકા ખર્ચ કેન્દ્ર કરે છે અને ૧૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર કરે છે. મેં કહ્યું તેમ તા. ૧-૪-૨૦૦૭ ના દિવસે મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી ૫૦૦ રૂપિયા માનદ વેતનમાં વધારો કરીશું. એ પણ કર્યો અને એની પાછળ રાજ્ય સરકાર ૪૩ કરોડ રૂપિયા ખર્ચી રહી છે. એ ઉપરાંત આંગણવાડીમાં કામ કરતી બહેનૉની ઓળખ ગામની અંદર થાય, સ્વાભિમાન વધે, લોકો એમનું ગૌરવ કરતા થાય, એ પાંચ,પંદર, પચ્ચીસ બાળકોની માતા બનીને કામ કરે છે. બીજી ઑક્ટોબરના દિવસે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ આંગણવાડી બહેનો, વર્કર, હેલ્પરોને દર વર્ષે બે સાડી, બ્લાઉઝ અને બ્લાઉઝની સિલાઈ આપવાનો નિર્ણય કર્યો. ગયા વર્ષે આ કામ પૂરું કરી દીધું. દર વર્ષે બે સાડી, બ્લાઉઝ, બ્લાઉઝની સિલાઈ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કરેલ છે. એ ઉપરાંત બહેનો નિવૃત્ત થઈને ઘરે જાય છે ત્યારે એને કાંઈ રકમ મળતી નથી. એટલા માટે મુખ્યમંત્રીશ્રીએ માતા યશોદા ગૌરવ નિધિ નક્કી કરવામાં આવી અને એમાં ૫૦ રૂપિયા આંગણવાડી બહેન આપે અને ૫૦ રૂપિયા સરકાર જમા કરાવે અને એ રકમ મળે એનું વ્યાજ સાથે જ્યારે બહેનો નિવૃત્ત થાય ત્યારે મળે. એ ઉપરાંત માતા યશોદા એવોર્ડની જાહેરાત બીજી ઑક્ટોબરે કરવામાં આવી. શ્રેષ્ઠ આંગણવાડી ચલાવશે એવા બહેનૉનું ગૌરવ કરાશે. એટલે સ્ટેટ કક્ષાનો શ્રેષ્ઠ એવોર્ડ જે બહેન મેળવતા હોય એમને ૫૧૦૦૦ નો એવોર્ડ આપવામાં આવે છે અને અત્યાર સુધી હું નથી માનતી કે કોઈ સરકારી કર્મચારી કેન્દ્રનો હોય કે રાજ્યનો એને આવડો મોટો એવોર્ડ ૫૧૦૦૦ રૂપિયા આપતા હોય મેં તો સાહેબ સાંભળ્યું નથી. જે સ્ટેટ કક્ષામાં હેલ્પર બહેન હોય એ શ્રેષ્ઠ કામગીરી કરતા હોય તો ૩૧૦૦૦ રૂપિયાનો એવોર્ડ અમે આપતા હોઈએ છીએ. આપનું સૌનું ધ્યાન ઉપર મૂકું કે આવતી ૬-૭ માર્ચના દિવસે ગુજરાતના વર્કર, હેલ્પરોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે બીજી વાર આવો એવોર્ડ માતા યશોદા એવોર્ડ આપવા જઈ રહી છે. એ ઉપરાંત બે માળા અને નેઈમ પ્લેટ આપી રહી છે. પલ્સ પોલિયો અભિયાન ચાલે છે. દરેક આંગણવાડી હેલ્પર, વર્કરને ૭૫ રૂપિયા આપવામાં આવે છે અને મમતા દિવસે ૨૫ રૂપિયા આપવામાં આવે છે અને બહેનો સખી મંડળ ગામની અંદર રહીને બનાવે એમાં એક સખી મંડળ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

બનાવે અને એને બૅન્ક લીંકેજ કરી આપે તો એક સખી મંડળ બનાવવાના ૧૫૦૦ રૂપિયા આ રાજ્ય સરકાર વધારાના આપી રહી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ કહયું છે કે ૫૦૦ રૂપિયા ૨૦૦૭થી આપવાનું નકકી કર્યુ છે. જે આંગણવાડી બહેનોને અત્યારનું વેતન મળે છે તેમાં જુદા જુદા ધોરણો છે. તે ધોરણો પહેલાં જયારે સુધારો કર્યો તે કઈ સાલમાં કર્યો? અને જયારે સુધારા કર્યા પહેલાંના ધોરણો શું હતા? અને બીજું આંગણવાડી કાર્યકરો અને બહેનો છે, તેડાગર બહેનો છે તે માત્ર એમને બાળકોની સારસંભાળ રાખવા માટેનો આ પગાર આપવામાં આવે છે. તો એ વધારાની કામગીરી કરે, ખાસ કરીને મહિલા સંમેલનો અને મુખ્યમંત્રીશ્રીના બીજા કાર્યક્રમોમાં જે પ્રેક્ષકો લઈ આવવાની કામગીરી કરે છે તો એના માટે કોઈ ખાસ ભથ્થુ આપવા માગે છે કે કેમ? કારણકે એમને કામગીરી તો માત્ર બાળકોને સંભાળવાની થાય છે. અમને ફરિયાદ મળી છે તે પ્રમાણે સૌથી વધારે કામગીરી તો આવી કામગીરીમાંથી તે બહેનો વધારે રોકાયેલી છે. તેના માટે કોઈ ખાસ ભથ્થું રાજય સરકાર આપવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી મહિલા સંમેલનો યોજે અને આ મહિલા સંમેલનોની અંદર સખી મંડળની, આંગણવાડીની બહેનો આવે અને રાજયની યોજનાઓ છે તે યોજનાઓનો લાભ આ બહેનોને આપવામાં આવે. તે ઉપરાંત કઈ યોજનાઓ છે તે તમને લાગુ પડે છે તે યોજનાઓનો લાભ તમે લઈ શકો છો. શિક્ષણની વાત, કુટેવોની વાત કરવામાં આવે. ગરીબાઈમાંથી મુકત કરવાની વાત કરવામાં આવે. તો મને લાગે છે કે તકલીફ આ નેતાશ્રીને શું પડે છે? શાની તકલીફ પડે છે. સાહેબ આ રાજયની અંદર અને સમગ્ર હિન્દુસ્તાનની અંદર જયારે ભૃણ હત્યાની શરૂઆત થઈ અને દીકરીઓની સંખ્યા ઘટવા માંડી અને એવો વિષય લઈને રાજયના મુખ્યમંત્રીશ્રી ગુજરાતની અંદર એક અભિયાનના સ્વરૂપમાં નીકળ્યા અને મહિલા સંમેલનોના આયોજન કરી બહેનોને પ્રતિજ્ઞા લેવડાવી કે તમારા ઘરની અંદર તમે આવી ભૃણ હત્યા ન કરો, તમારા પરિવારની અંદર ન થાય તેના માટેની તમે ચિંતા કરો અને સમાજની અંદર આ વિષય તમે લઈ જાઓ અને શિક્ષણની વાત કરી કે તમારી દીકરીને તમે ભણાવો, તમારા બાળકોને ભણાવો અને સંસ્કારી બનાવો. આવી વાત મહિલા સંમેલનો કરીને કરવી તેનું તમને શાનું * (xxxxx) તે મને સમજ નથી પડતી. તેની શાની ગણતરી હોય કેટલો ખર્ચ કર્યો?

**અધ્યક્ષશ્રી** : (xxxxx) તે શબ્દો હું કાઢી નાંખું છું. પ્રશ્ન ક્રમાંક:૯ માનનીય સભ્યશ્રી અમિતભાઈ ચાવડા. (xxxxx)` તે શબ્દો અર્જુનભાઈ મેં કાઢી નાખ્યા છે. પ્રશ્ન ક્રમાંક: ૯, અમિતભાઈ ચાવડા, મેં તે શબ્દો કોઈને (xxxxx) એટલા માટે કાઢી નાખ્યા છે. મેં તે શબ્દો કાઢી નાખ્યા છે. પ્રશ્ન ક્રમાંક:૯

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે કાઢી નાંખ્યા..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે શબ્દો કાઢી નાંખ્યા છે (xxxxx) એટલે અર્જુનભાઈ રહી ગયો હોય તો ધીમે ધીમે બધુ બહાર કાઢી નાંખજો.

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ મને એમ લાગે છે કે આપને અસર થઈ હશે. આપના નેતાએ શિખામણ આપ્યા પછી અસર થઈ હશે. પણ હવે તેમાં કઈ.... એવું નથી. કોઈના ઈશારે તમે ઉભા નથી થતા તો બીજા કોણ થાય.

## આણંદ જિલ્લામાં ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓ

***૧૨૯૩૧ શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ છે,

(૨) તે પૈકી કેટલી આંગણવાડી પોતાના મકાનમાં તથા કેટલી ભાડાના મકાનમાં કાર્યરત છે,

(૩) વર્ષ ૨૦૦૭-૦૮, વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો માટે કયા કયા હેડ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૪) તે પૈકી કેટલી રકમ કયા કયા હેડે ખર્ચ કરવામાં આવી.

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ૧૮૯૮ આંગણવાડીઓ છે. જે તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૪૦ |
| ૨ | ઉમરેઠ | ૧૯૭ |
| ૩ | પેટલાદ | ૨૫૬ |

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| ૪ | સોજીત્રા | ૧૦૩ |
| ૫ | બોરસદ | ૩૮૭ |
| ૬ | આંકલાવ | ૧૪૬ |
| ૭ | ખંભાત | ૨૭૨ |
| ૮ | તારાપુર | ૯૭ |
| | કુલ:- | ૧૮૯૮ |

(૨) પોતાના મકાનમાં-૭૭૩
ભાડાના મકાનમાં-૭૩૯

(૩) "મુખ્ય સદર ૪૨૩૬ પોષણ અંગે મૂડી ખર્ચ" સદર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.
૨૦૦૭-૦૮ રૂા. ૧૮,000,000/-
૨૦૦૮-૦૯ રૂા. ૧,૬૭,૨૩,૭૭૦/-
૨૦૦૯-૧૦ રૂા. ૬,૧૮,૦૦,૦૦૦/-

(૪) "મુખ્ય સદર ૪૨૩૬ પોષણ અંગે મૂડી ખર્ચ" સદર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.
૨૦૦૭-૦૮ રૂા. ૭૧,૮૫૨/-
૨૦૦૮-૦૯ રૂા. ૬૨,૯૧,૫૩૧/-
૨૦૦૯-૧૦ રૂા. ૬૧૮ લાખની ગ્રાન્ટ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ સારૂ સર્વ શિક્ષા અભિયાનને હવાલે મૂકવામાં આવેલ છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મેં બહું સ્પેશીફીક પ્રશ્ન પૂછયો હતો કે આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો માટે ગત ત્રણ વર્ષમાં કયા કયા હેડ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યા. જવાબમાં ફકત બાંધકામ માટેનો સદર છે અને આ જવાબ આપીને ગૃહને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન થયો છે. મારે પ્રશ્ન એટલા માટે પૂછવો પડયો કે અમારા જિલ્લામાં આંગણવાડી કાર્યકર બહેનોને નિયમિત પગાર મળતો નથી. ગત ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનાનો પગાર આ ફેબ્રુઆરીમાં ચુકવવામાં આવેલ છે. ગત વર્ષ દરમ્યાન આવું બનતું આવ્યું છે. મારે જાણવું છે કે, ગત ત્રણ વર્ષમાં વેતન માટે સદર ૨૨૩૬ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને મારી માહિતી મુજબ આણંદ જિલ્લામાં વેતનની ગ્રાન્ટં ૨ કરોડ જેટલી માયનસ ગ્રાન્ટ ચાલે છે તે તાત્કાલિક આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં હું એમનો પ્રશ્ન વાંચી સંભળાવું. એમણે પૂછયું છે કે,

**અધ્યક્ષશ્રી** : એમણે જે પ્રશ્ન પૂછયો એનો જવાબ..

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવી ખોટી વાત અહીયાં રજૂ થાય એ બરાબર નથી. એમનો પ્રશ્ન છે કે, તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ છે? એનો જવાબ આપ્યો છે. તે પૈકી કેટલી આંગણવાડી પોતાના મકાનમાં તથા કેટલી ભાડાના મકાનમાં કાર્યરત છે? એ પૂછયું છે, અને વર્ષ ૦૭-૦૮, ૦૮-૦૯ અને ૦૯-૧૦માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો માટે કયા કયા હેડ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? એનો જવાબ આપ્યો છે. અને તે પૈકી કેટલી રકમ કયા કયા હેડે ખર્ચ કરવામાં આવી ? એ ખર્ચનો પ્રશ્ન પૂછયો છે અને ખર્ચ જવાબ આપ્યો છે. આની અંદર માનદ વેતન, આની અંદર માઈનસ ગ્રાન્ટ કયાં આવે છે?

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સદર છે એ ખાલી બાંધકામ હેઠળનું સદર છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બાંધકાનનો જ પ્રશ્ન છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, બાંધકાનનો પ્રશ્ન નથી પણ કુલ કેટલી આંગણવાડીઓ ચાલે છે અને કયા કયા હેડે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે એ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એનો જવાબ આવી ગયો છે. અને પછી કેટલા હેડે ફાળવ્યા અને કેટલી આંગણવાડીઓ બની , પોતાના મકાનો કેટલા બન્યા, એની વાત કરવામાં આવી છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, પગાર નિયમિત નથી અપાતો એ છૂપાવવા માટે આવો જવાબ આપવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૮માં ૧૮ લાખ ફાળવ્યા છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન..

**અધ્યક્ષશ્રી** : આપ પેટા પ્રશ્ન પૂછી શકો છો અને એનો જવાબ મળશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં એક કરોડ સડસઠ લાખ ચૂકવ્યા છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, ૨૨૩૬ સદર હેઠળ કેટલી ગ્રાન્ટ આપવામાં આવી અને મારી જાણ મુજબ બે કરોડ રૂપિયા જેટલી રકમ માઈનસ ચાલે છે. એ તાત્કાલિક આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી વર્કરને સીધા જ બેંકની અંદર એમની રકમ જમા થાય છે, માનદ વેતનની, એટલે પ્રશ્ન આવતો જ નથી કે બે મહિને કે ત્રણ મહિને પગાર મળે છે એવું..

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં જે તે સદરે ગ્રાન્ટ આપવામાં આવે છે, ત્યાંથી તાલુકાને આપવામાં આવે છે, અને ત્યાર પછી આંગણવાડી બહેનોને આપવામાં આવે છે. અમારા જિલ્લામાં બે કરોડ જેટલી માઈનસ ગ્રાન્ટ આ હેડે ચાલે છે, એ તાત્કાલિક આપવા માગો છો કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવી વાત જ નથી. જે આંગણવાડી બહેનોને માનદ વેતન આપવામાં આવે છે, એ એમના એકાઉન્ટમાં સીધું જ જમા થઈ જાય છે કોઈ જિલ્લાને કે કોઈને આપવામાં નથી આવતી.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે પુરાવા છે આપ કહો તો અહીંયા મારી રજૂ કરવાની તૈયારી છે. સાહેબ, એવી સિસ્ટમ છે કે રાજય સરકાર જિલ્લાને આપે છે, જિલ્લામાંથી તાલુકામાં અને પછી આંગણવાડી ઘટક વાઈઝ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું કે, માનદ વેતન સીધું જાય છે, ફોર્ટીફાઈડ આટો ને એ રાજય સરકાર સીધું આંગણવાડીમાં મોકલી આપે છે, પછી કઈ ગ્રાન્ટ રહી કે જે જિલ્લાઓને ને બધાને મોકલવામાં આવે છે. એ સામાન્ય નોમીનલ ગ્રાન્ટ હોય છે, જયાં કયાંક મરચું, મીઠું ખરીદવાની ગ્રાન્ટ હોય અને એ ગ્રાન્ટ હોય છે બાકી બીજી કોઈ ગ્રાન્ટ નથી હોતી, સર.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે કે આંાગણવાડી કાર્યકરોને અમુક મહિનાનો પગાર એટલા માટે બાકી છે કે જિલ્લા કક્ષાએ જે ગ્રાન્ટ રાજયએ અને સ્પેશિફિક હેડ આપ્યો છે, કે ૨૨૩૬ના હેડમાં એ ગ્રાન્ટ નથી મળી એના કારણે એને સીધા પગાર હેઠળ એના એકાઉન્ટમાં પૈસા જમા થયા નથી. તો આ બાબતે માનનીય મંત્રીશ્રી, જે આ દોઢ બે કરોડ રૂપિયા આપવાના બાકી છે, જે સભ્યશ્રીએ કહયું, એ બાબતે એ ગ્રાન્ટ રિલીઝ કરવા માગે છે કે નહીં, માનનીય મંત્રીશ્રીએ કહયું કે ખાતામાં જમા થાય છે, પણ ખાતામાં જમા તો જ થાય કે જો અહીંયાથી રાજય સરકાર ગ્રાન્ટ જિલ્લા કક્ષાએ ફાળવે, તો એ ફાળવવા માગે છે કે કેમ, અને કયાં સુધીમાં, અને કેટલી ડેફીસીટ છે આ બાબતનો પ્રશ્ન છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ એમણે પ્રશ્ન પૂછયો છે એની અંદર આ વસ્તુ આવતી નથી. માત્ર આંગણવાડીના મકાનોની જ વાત આની અંદર આવે છે, તમે ગમે તે પ્રશ્ન પૂછો એટલે અમારે જવાબ આપવાનો? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર, મંત્રીશ્રી, ઓર્ડર, ઓર્ડર, હાઉસ ઓર્ડરમાં આવે પછી જવાબ. (અંતરાય) હાઉસ ઓર્ડરમાં, હાઉસ ઓર્ડરમાં આવે પછી જવાબ આપવાનું કહુંને, હાઉસ ઓર્ડરમાં આવે પછી વાત કરીએ. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, માનનીય ખુમાનસિંહભાઈ, માનનીય મંત્રીશ્રી,(અંતરાય) ના, કોઈ દાદાગીરી નથી.કોઈ દાદાગીરી ના કહેવાય. કોઈ દાદાગીરી નથી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અહીંયા પ્રશ્ન સ્પેસિફિક છે અને મૂળ પ્રશ્ન છે એ પણ સ્પેસિફિક છે કે, કૂયા કયા હેડ હેઠળ? ૨૨૩૬ નંબરનો હેડ છે કે નહીં માનનીય મંત્રીશ્રી એટલું જણાવે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપની પાસે જો માહિતી હોય અને બે કરોડ રૂપિયા બાકી છે એ વાત સાચી છે કે ખોટી છે? એ માહિતી હોય તો આપો અને બાકી હોય તો ક્યારે આપવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જે પ્રશ્ન એમણે પૂછયો છે એનો જવાબ આની અંદર આપી દીધેલો છે. હવે એનાથી બહાર જઈને જો પ્રશન પૂછે તો પછી હું કેવી રીતે જવાબો આપી શકુ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી સિધ્ધાર્થભાઈ, એમણે હેડનો નંબર આપ્યો છે એ હેડના નંબર સાથે કહ્યું છે અને એમાં ૪૨૩૬ હેડનો નંબર આપ્યો છે. ૪૨૩૬ હેડ નીચેના ત્રણ વર્ષના માગ્યા છે અને ત્રણ વર્ષની વિગતો જવાબમાં આપેલી જ છે અને એ પછી ૪૨૩૬ના મુખ્ય સદર નીચે કેટલો ખર્ચ થયેલ છે તે વિગતો આપેલી છે. નેકસ્ટ.(અંતરાય) એમાં કોઈ જીદ નથી. એમનો અધિકાર છે પ્રશ્ન એમને પૂછયો છે એમાં એની પાસે જે માહિતી હોય એ આપવાનો. (અંતરાય) જે માહિતી એમણે પૂછી છે એનો જવાબ આપ્યો છે. એક જ હેડ છે ને? ૪૨૩૬ એ એક જ હેડ છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપને માનનીય મંત્રીશ્રી ઉભા થઈને જવાબ પણ નથી આપતા એ કેવું કહેવાય?

**અધ્યક્ષશ્રી** : હું હજુ ઉભો છુંને પણ, મેં પૂછયું છે કે ૪૨૩૬ એક જ હેડ છે? એક જ હેડ છે અને એનો જવાબ એમણે આપેલો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૨૨૩૬ નંબરનો હેડ છે કે નહીં? એનો જવાબ આપે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ૪૨૩૬ નો એક જ હેડ છે અને શ્રી અમિતભાઈને લાગતું હોય કે, મારા પ્રશ્નનો પૂરો જવાબ નથી મળ્યો ૯૨ નંબર નીચે આવે હું દાખલ કરીશ. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૧૦. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રી ૨૨૩૬ ના હેડનો જવાબ આપવા માગે છે કે નહીં? અને આવો હેડ છે કે નહીં એની અને એની માહિતી છે કે નહીં એની કાંઈક તો સ્પષ્ટતા કરે આપના આદેશ પછી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે કહ્યું એક જ હેડ છે. મેં પૂછ્યું .(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના, રેકર્ડ ઉપર જવાબ આપ્યો નથી. આપે પૂછયું પણ માનનીય મંત્રીશ્રીએ ઉભા થઈને રેકર્ડ ઉપર જવાબ નથી આપ્યો સાહેબ. રેકર્ડ ઉપર જવાબ આપે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ૪૨૩૬ એક જ હેડ છેને? (અંતરાય) નીતિનભાઈ, આપ આમાં ઈન્ટરવીન ન થાવ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૪૨૩૬ એ મૂડી ખર્ચનો હેડ છે અને ૨૨૩૬ એ એ પૂરક પોષણનું હેડ છે. એટલે ૪૨૩૬માં એ પ્રશ્નનો જવાબ આપણે આપ્યો છે મૂડી ખર્ચનો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ૨૨૩૬ના હેડના ખર્ચની વિગતો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એ પૂછયું જ નથી સાહેબ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ નહીં, પ્લીઝ આપ ઈન્વરવીન ન થાવ. પ્લીઝ, નીતિનભાઈ. બહેન સક્ષમ છે. બહેન સક્ષમ છે  જવાબ આપવા માટે. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૧૦. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એક જ છે. એ હેડનું નામ આપ્યું છે. બજેટની અંદર તો હજારો હેડ હોય એમાં દરેક હેડની ખબર ન હોય. જે હેડની અંદર મૂડીખર્ચ જે ગ્રાન્ટ આપવામાં આવે ૪૨૩૬ નંબરનું હેડ આપ્યું જ છે. આ એક જ હેડ નીચે આ ગ્રાન્ટ અપાઈ છે.(અંતરાય) એટલા જ માટે થઈને જે તમે પ્રશ્ન પૂછયો છે એનો જવાબ આપ્યો છે. (અંતરાય) સાહેબ, કેટલા હેડ હોય એમ પૂછે છે તો બજેટની અંદર તો હજારો હેડ હોય દરેક હેડની માનનીય મંત્રીશ્રીને ન ખબર હોય. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આંગણવાડીના કેટલા હેડ છે? તો કહે બે. એવું કહ્યુંને?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એમણે મકાનનો પ્રશ્ન પૂછયો છે અને મકાનનું જ હેડ આપવામાં આવ્યું છે. આંગણવાડીના મકાનનું હેડ પૂછયું છે એટલે આંગણવાડીનો એ જવાબ આપ્યો છે કે આ હેડ નીચે છે. એ ૪૨૩૬નું હેડ છે.

**શ્રી નિરંજન પટેલ** : કયા કયા હેડ એવું લખ્યું છે.

**અધ્યક્ષશ્રી** : હેડ નંબર-૨૨૩૬ની વિગતો છે? (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : અનેક હેડ હોય, બધાય હેડ મંત્રીશ્રીને યાદ ના હોય, એમણે જે મકાનોનો પ્રશ્ન પૂછયો કેટલા મકાનો આમાં ભાડાના મકાનમાં બેસે છે, એ ભાડાના મકાન માટેનો ખર્ચ એ આની અંદર આવે છે એટલે એ એનું હેડ લખ્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, હાઉસ ઓર્ડરમાં આવે એ પછી હું બોલું છું ઓર્ડર ઓર્ડર, પેટા પ્રશ્ન નંબર-૨,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પ્રશ્ન ૯ નો પેટા પ્રશ્ન નંબર-૩ જે છે એ જો આપ જૂઓ તો એ વિગત માનનીય મંત્રીશ્રી પાસે ઘણી વખત હોઈ શકે છે, એમની પાસે પેટા સદરની માહિતી હોવી જ જોઈએ એ જો ન હોય અને એ મુલતવી રાખવાનું કહેતા હોય તો પણ વાંધો ના હોઈ શકે. પેટા -૩ વાંચો પ્રશ્ન નંબર-૯ નો. ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તારીખ ૩૧-૧-૨૦૧૦ સુધીમાં આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો માટે કયા કયા હેડ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, હવે આ આંગણવાડી કેન્દ્રના હેડ અને ગ્રાન્ટની ફાળવણી એ એમની પાસે હોવી જ જોઈએ. એમાં ૨૨૩૬ જે છે એ આમાં બતાવેલ નથી. જેની મારા સભ્યશ્રીને માહિતી જોઈએ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ હું કહું છું. પ્રશ્નની અંદર જે પૂરક પ્રશ્ન છે એનો આપણે ક્રમ જોઈશું તો પૂરક પ્રશ્ન નંબર-૩ ઉપર જતા પહેલાં પહેલો પ્રશ્ન આંગણવાડીઓ કેટલી છે?, બીજો પૂરક પ્રશ્ન કેટલી આંગણવાડી પોતાના મકાનમાં બેસે છે  અને કેટલી ભાડાના મકાનમાં બેસે છે, ત્રીજો પ્રશ્ન પૂરકનો પૂરક પ્રશ્ન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: પૂરકનો પૂરક પ્રશ્ન ના હોઈ શકે.

**અધ્યક્ષશ્રી** : એ જે કહે છે એની વાત કરું છું ત્રીજો પ્રશ્ન એ છે કે કયા કયા હેડ નીચે કેટલો ખર્ચ, એ મકાનના ભાડાનો હેડ લઈને હેડ ૪૨૩૬નો જવાબ આપે છે. માનનીય મંત્રીશ્રી આપે ૨૨૩૬નું હેડ કહ્યું એની વિગતો આપની પાસે હોય તો આપો નહિ તો મુલતવી રાખો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એના માટે ફરીથી પ્રશ્ન પુછશે તો હું જવાબ આપીશ.

**અધ્યક્ષશ્રી** : તમારી પાસે ૨૨૩૬ના હેડની વિગત ના હોય તો પછી એનો જવાબ તમે ટેબલ પર મૂકજો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અનેક હેડ હોય, બધાય હેડ મંત્રીશ્રીને યાદ ના હોય, જેનો પ્રશ્ન પૂછયો છે એનું હેડ આપ્યું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સવાલ પૂછયો છે, એ સવાલમાં એકજ હેડ છે, મુડી ખર્ચ માટેનું એકજ હેડ છે એ એમ કહે કે કયા કયા હેડ એટલે બીજા હેડ ના હોઈ શકે, ખર્ચ કરવા માટેનું એકજ હેડ હોય મુડીખર્ચનું હેડ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: આપે એકજ નિર્ણય આપ્યો ૨૨૩૬નું હેડ

**શ્રી વજુભાઈ વાળા** : એમણે પૂછયું છે કે કયા કયા હેડ એકજ હેડ હોય તો એકજ હેડની વિગત આપે. એક કરતા વધારે હેડ હોય તો વધારે હેડ નીચેની માહિતી આપી શકે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નાણામંત્રીશ્રી એમણે બે હેડની માહિતી આપી એક ૪૨૩૬ જેનો જવાબ અત્યારે આપેલો છે તે. એ મકાનનો જે પ્રશ્ન છે એના પૂરક પ્રશ્ન તરીકે ગણીને આપેલ છે અને પોષણ મૂડીનું જે છે એ ૨૨૩૬નું હેડ છે એ ૨૨૩૬ની વિગતો મંત્રીશ્રી ટેબલ પર મૂકે છે. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૧૦ મહંમદજાવેદ પીરજાદા, (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: આપે એક નિર્ણય આપ્યો કે ૨૨૩૬ની વિગતો હોય તો માનનીય મંત્રીશ્રી આપે અથવા હું પ્રશ્ન મુલતવી રાખું છું, અમને સંતોષ છે.

**અધ્યક્ષશ્રી** : ના મેં એમ નથી કહ્યું મેં એમ કહ્યું કે,..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: આપ રેકોર્ડ જોઈ લ્યો.

**અધ્યક્ષશ્રી** : ના ના મને યાદ છે મુલતવી રાખું છું એમ મેં નથી કહ્યું. :ના, મેં એમ કહ્યું નથી. મુલતવી રાખું છું એવું નથી કહ્યું. ટેબલ ઉપરની વાત કરી છે. આપ જોઈ લેશો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ આપનો રેકોર્ડ ચકાસો. આપે એમ કહ્યું કે ૨૨૩૬ની વિગત હોય તો આપો નહીંતર મુલતવી રાખો આ આપના શબ્દો છે. આપ વેરીફાઈ કરીને જુઓ. It is the decision of the Speaker. There cannot be any comment on it. You may please verify it, sir. આપ વેરીફાઈ કરી જુઓ.

**અધ્યક્ષશ્રી** : હું જોઈશ, સૂચના આપીશ. નેકસ્ટ.

**રાજકોટ જિલ્લામાં પંચાયત હસ્તકના ડામર ર્ક્યા વગરના રસ્તાઓ**

*** ૧૨૨૦૪ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા (વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં રાજય અને પંચાયત હસ્તકની કઈ કઈ યોજનામાંથી કયા કયા નવા રસ્તા ડામરના કરવામાં આવ્યાં અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ સમય દરમિયાન કયા કયા રસ્તાઓના કામો મંજૂર થયા છતાં કામ શરૂ કરવામાં આવ્યા નથી તેના કારણો શાં છે, અને

(૩) આ રસ્તાઓના કામો ક્યારે શરૂ કરી પૂરા કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) પત્રક મુજબ.

(૨) પત્રક મુજબના ૯ કામો હવે શરૂ થવામાં છે કે જે ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે.

a. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી નિયમ સમય મર્યાદામાં.

| અનુ નં. | તાલુકો | યોજના | મંજુર થયેલ રસ્તાનું નામ | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૧૩ |
| (અ) | પુર્ણ થયેલ કામો | | | |
| ૧ | જસદણ | એસ.સી.એસ.પી. ૦૮-૦૯ | કડુકા ધારેઈ રોડ | ૩૬.૧૨ |
| ૨ | જસદણ | એસ.સી.એસ.પી. ૦૮-૦૯ | જશાપર મોટા દડવા રોડ | ૧૦૪.૧૧ |
| ૩ | ટંકારા | એસ.સી.એસ.પી. ૦૮-૦૯ | કોઠારીયા હડાળા રોડ | ૮૪.૯૫ |
| | | | **૩ કામો કુલ :-** | **૨૨૫.૧૮** |
| (બ) | પ્રગતિ હેઠળના કામો | | | |
| ૧ | મોરબી | બ.ઉ.જો. ૦૮-૦૯ | ભક્તિનગર એપ્રોચ રોડ તા. મોરબી | - |
| ૨ | જસદણ | બ.ઉ.જો. ૦૮-૦૯ | મોઢુકા પાટીયાળી દેવધરી રોડ જીલ્લા હદ સુધી (કી.મી. ૦/૦ થી ૪/૫૦ તથા ૮/૧૦ થી ૧૦/૫૦) તા. જસદણ | - |
| ૩ | રાજકોટ/કોટડા સાંગાણી | બ.ઉ.જો. ૦૮-૦૯ | જુના રાજપીપળા હરીપર (સરધાર) રોડ તા. રાજકોટ/કોટડા સાંગાણી | - |

| અનુ નં. | તાલુકો | યોજના | મંજુર થયેલ રસ્તાનું નામ | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૧૩ |
| ૪ | પડધરી | એસ.સી.એસ.પી. ૦૮-૦૯ | સરપદડ ખંભાળા રોડ | ૭૨.૨૨ |
| ૫ | વાંકાનેર | પી.એમ.જી. એસ.વાય. | લીંબાળા ખંભાળા રોડ | - |
| ૬ | વાંકાનેર | પી.એમ.જી. એસ.વાય. | તીથવા થી તીથવા-૨ રોડ | - |
| ૭ | પડધરી | પી.એમ.જી. એસ.વાય. | એસ.એચ. થી હરીપર (ખારી) રોડ (કી.મી. ૩/૧૩ થી ૩/૯૪) | - |
| ૮ | લોધીકા | પી.એમ.જી. એસ.વાય. | નગરપીપળીયા ધુલીયા દોમડા રોડ (કી.મી. ૦/૦ થી ૦/૮૪) | - |
| | | | ૮ કામો કુલ :- | ૭૨.૨૨ |
| (ક) | શરૂ ન થયેલ કામો | | | |
| ૧ | રાજકોટ | બ.ઉ.જો. ૦૮-૦૯ | ઢોલરા થી ખોખડદડ હાઈવે સુધીનો રોડ તા. રાજકોટ | - |
| ૨ | વાંકાનેર | બ.ઉ.જો. ૦૮-૦૯ | ઓળ માણેકવાડા રોડ તા. વાંકાનેર | - |
| ૩ | જામ કંડોરણા | બ.ઉ.જો. ૦૮-૯૦ | મેઘાવડ તરકાસર રોડ તા. જામકંડોરણા | - |
| ૪ | રાજકોટ | બ.ઉ.જો. ૦૯-૧૦ | ભંગડા એપ્રોચ રોડ (ભંગડા ગામમાં જવાનો મુખ્ય રસ્તો) | - |
| ૫ | જેતપુર | બ.ઉ.જો. ૦૯-૧૦ | દેરડી કાગવડ રોડ | - |
| ૬ | ટંકારા | બ.ઉ.જો. ૦૯-૧૦ | ધ્રોલીયા એપ્રોચ રોડ જોઈનીંગ મીતાણા નેકનામ પડધરી રોડ | - |
| ૭ | મોરબી | બ.ઉ.જો. ૦૯-૧૦ | ને.હા. થી નવાનાગડાવાસ (રામપર) મધુપુર રોડ | - |
| ૮ | જસદણ | ખાસ મરામત ૦૯-૧૦ | ફુલઝર એપ્રોચ રોડ જોઈનીંગ કાળાસર દ ોલાસોમનાથ રોડ | - |
| ૯ | રાજકોટ | પી.એમ.જી. એસ.વાય. | ને.હા. થી ગુંદા એપ્રોચ રોડ (કી.મી. ૧/૪૦ થી ૨/૧૦) | - |
| | | | ૯ કામો કુલ :- | - |

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ત્રણ કામ પૂર્ણ થયેલ છે. આઠ તે પ્રગતિમાં છે અને ૯ કામ તે ટેન્ડર બહાર પાડ્યા નથી. તો આ ૯ કામના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવશે અને આ કામ કેટલી સમય-મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૯ કામોના જે કામો બાકી છે તેમાં ૬ કામોના કરાર ખત બાકી છે, ટેન્ડર બહાર પડી ગયા છે, ફાઈનલ થઈ ગયા છે અને કરાર કરવાનો બાકી છે. જે થોડાંક સમયમાં થઈ જશે. ત્રણ કામો ૧૫-૩-૧૦ના રોજ ટેન્ડર પરત લેવાની તારીખ આપેલી છે અને એ આવશે એટલે ઓપન થશે અને કરાર કરી અને તેમને વર્ક ઓર્ડર આપવામાં આવશે. આમ ૯ જે કામો છે તેની પ્રગતિ આટલી છે. કરાર ખત ઉપર બાકી અને બાકીના ટેન્ડર ઉપર બાકી છે. સમય-મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. ..અંતરાય...તમે સાંભળો, સાંભળો બહું સાંભળવા જેવું છે. ભકિતનગર ગામ મારા વિસ્તારનું છે. તેમાં માત્ર ૪૦૦ની વસતિ ૭૫ લાખના ખર્ચે જે રોડ બને છે એટલે અભિનંદન આપું. ૧૯૯૫માં જ્યારે અમે ચૂંટાયા ત્યારે મારા વિસ્તારમાં માત્ર ત્રણ રોડ હતા. કોંગ્રેસવાળાને અભિનંદન આપવા પડે કે સમતોલ વિકાસ છે. આખા રાજકોટ જિલ્લાનો સમતોલ વિકાસ છે. સાચા તો અભિનંદન આપો. જુઓ, આમાં જુઓ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો. શ્રી કાંતિભાઈ તમે પ્રશ્ન ઉપર આવો પાછળ ગોવિંદભાઈનો પ્રશ્ન બાકી છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મોરબી તાલુકાનું નવા નાગરા ગામ, રામપર ગામ અને મધુપુર ગામ એ નાનો રોડ છે. તે રોડથી ત્રણ ગામનો સમાવેશ થાય તો કેટલા ટાઈમમાં પૂરો કરવા માગે છે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી તાલુકામાં સાહેબ એક ભકિતનગર એપ્રોચ રોડ છે. તેમાં ૪૫ લાખ રૂપિયાનો રોડ છે અને પૂર્ણ થવાની તારીખ : ૧૫-૩-૨૦૧૦ છે. બીજો મોરબીનો રોડ છે નેશનલ હાઈવેથી નવા નાગડા વાસ, રામપર ૩૦ લાખ રૂપિયાનો રોડ છે અને કરાર ખત ઉપર બાકી છે. સમય-મર્યાદામાં પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક ગામ બાકી રહી જાય છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી કાંતિભાઈ, જિલ્લાની અંદર ઘણાં કામો થતાં હોય એકે એક કામની વિગત મંત્રીશ્રી કઈ રીતે આપશે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કામ બાકી રહી જતું હોય તે આપ મને મળજો તે આ ૨૦૧૦-૨૦૧૧ના બજેટમાં આવરી લેવામાં આવશે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, જે કામો શરૂ થયા નથી તે કેટલા સમયમાં શરૂ થશે ? લગભગ ક્યારે પૂરાં થશે અને અંદાજિત કેટલો ખર્ચ થશે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૦ કામો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

## આણંદ અને ખેડા જિલ્લામાં રેલ્વે ઓવરબ્રીજના છેડાના એપ્રોચ રોડના કામો

૧૨૭૭૧**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ)** :**માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં ક્યા ક્યા રેલ્વે ઓવરબ્રીજના બન્ને છેડાના એપ્રોચ રોડના કામો ચાલે છે,

(૨) આ કામો પૂરા કરવાની સમય મર્યાદા કઇ છે, અને

(૩) સરકાર સમય મર્યાદામાં કામો પૂરા કરવા માગે છે ?

**જવાબ**

(૧) ઓડ ઉમરેઠ રોડ પર તથા આણંદ બોરીયાવી રોડ પર રેલવે ઓવર બ્રીજના.

(૨) અને (૩) ઉમરેઠ આગળના રેલ્વે ઓવરબ્રીજના એપ્રોચીઝનું કામ પુર્ણ કરવાની સમયમર્યાદા તા. ૩૧-૧૦-૧૦ સુધીની છે, જે પહેલાં પુર્ણ કરવાનું આયોજન છે. જ્યારે બોરીયાવી રેલ્વે ઓવરબ્રીજના એપ્રોચીઝનું કામ નવી એજન્સી નક્કી થયેથી ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## પંચમહાલ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી

૧૨૫૮૦**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા)** :**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કેટલા કોમ્પ્યુટર ફાળવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામા તાલુકાવાર નીચે જણાવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર ફાળવવામા આવ્યા છે

| ક્રમ | તાલુકો | માધ્યમિક શાળા | ઉચ્ચત્તર માધ્યમિક શાળા | કુલ | ફાળવેલ કોમ્પ્યુટરો |
|---|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૯ | ૧૪ | ૪૩ | ૪૭૩ |
| ૨ | મોરવા(હ) | ૧૬ | ૦૫ | ૨૧ | ૨૩૧ |
| ૩ | શહેરા | ૧૨ | ૧૧ | ૨૩ | ૨૫૩ |
| ૪ | લુણાવાડા | ૨૬ | ૧૬ | ૪૨ | ૪૬૨ |
| ૫ | ખાનપુર | ૦૮ | ૦૬ | ૧૪ | ૧૫૪ |
| ૬ | કડાણા | ૦૯ | ૦૫ | ૧૪ | ૧૫૪ |
| ૭ | સંતરામપુર | ૨૬ | ૧૧ | ૩૭ | ૪૦૭ |
| ૮ | કાલોલ | ૧૨ | ૦૬ | ૧૮ | ૧૯૮ |
| ૯ | હાલોલ | ૧૪ | ૦૩ | ૧૭ | ૧૮૭ |
| ૧૦ | ઘોઘંબા | ૧૨ | ૦૬ | ૧૮ | ૧૯૮ |
| ૧૧ | જાંબુઘોડા | ૦૨ | ૦૧ | ૦૩ | ૩૩ |
| | **કુલ :** | **૧૬૬** | **૮૪** | **૨૫૦** | **૨૭૫૦** |

(૨) વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર જ્ઞાન મળે તે માટે કેટલા કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી કરી, અને

(૨) અલગ કોમ્પ્યુટર શિક્ષકની ભરતી કરવામાં આવતી નથી. વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ આપવા માટે હાલના શિક્ષકોને તાલીમ બધ્ધ કરવામાં આવી રહેલ છે.

(૩) કેટલી ભરતી બાકી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ધાનેરા ખાતે નવિન મામલતદાર કચેરી બનાવવા બાબત**

૧૧૬૬૪**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે નવિન મામલતદાર કચેરી બનાવવાનું સરકારનું શું આયોજન છે, | (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં મામલતદાર કચેરી ધાનેરાના નવિન મકાન બનાવવાનું આયોજન છે. |
| (૨) તેનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર શું છે, | (૨) માર્ગ અને મકાન વિભાગના નિયત ડિઝાઈન મુજબ |
| (૩) તેના પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ થશે, અને | (૩) વિગતવાર અંદાજને આધિન હાલ ૧ કરોડ રૂપિયાની જોગવાઈ છે. |
| (૪) આ કામગીરી ક્યારે શરૂ થશે અને ક્યારે પૂર્ણ થશે ? | (૪) વહીવટી મંજૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ. |

-------------

**પાટણ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીની વસુલાત**

૧૨૬૫૩**શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટી વસુલાતના કેટલા કેસોમાં વસુલાત બાકી છે, અને | (૧) ૪૧૭૦ કેસોમાં |
| (૨) આ વસુલાત કરવા માટે શું પગલાં લેવામાં આવ્યા ? | (૨) આવા પક્ષકારોને મહેસુલ અધિનિયમની કલમ-૧૫૨, ૧૫૪ અને ૨૦૦ મુજબ નોટિસ પાઠવેલ છે અને ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીના બોજાની નોંધ રેવન્યુ દફતરે કરવા સબંધિત મામલતદારશ્રી અને સીટી સર્વે સુપ્રિ. શ્રીને લેખિતમાં જાણ કરેલ છે. |

-------------

**અમદાવાદ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ**

૧૨૬૩૫**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ ૪૨ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે કામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) તે કામો માટે રૂા, ૨૧૦૯.૦૫ લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ૪૨ કામો પેકી ૧૨ કામો પૂર્ણ થયેલ છે. ૩૦ કામો ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે. |

-------------

**અમદાવાદ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીની આવક**

૧૨૬૩૮**શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ સ્ટેમ્પ ડ્યુટીની કેટલી આવક થયેલ છે ? | રૂપિયા ૫૭૯.૩૩ કરોડ. |

-------------

**ખેડા જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત ગામો**

૧૧૮૬૫**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૭ની વસ્તી ગણતરી પ્રમાણે પાંચસો માણસોથી વધુ વસ્તીવાળા ખેડા જિલ્લાના તાલુકાદીઠ ક્યા ક્યા ગામો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાકા રસ્તાથી વંચિત છે, અને | (૧) રાજ્યમાં છેલ્લે ૨૦૦૧ માં થયેલ વસ્તી ગણતરી મુજબ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાનું ૫૦૦ થી વધારે વસ્તીવાળું એકપણ મહેસુલી ગામ પાકા રસ્તાથી વંચિત નથી. |
| (૨) આ ગામોને પાકા રસ્તા કેટલા સમયમાં આપવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેર ખાતે લઠ્ઠાકાંડમાં નિરાધાર બહેનોને ચૂકવેલ સહાય**

૧૨૩૭૨ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| અમદાવાદ શહેરમાં સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં થયેલ લઠ્ઠાકાંડમાં નિરાધાર બનેલી કેટલી બહેનોને ક્યા ક્યા પ્રકારની સહાય તા. ૧૫-૧-૨૦૧૦ સુધીમાં ચૂકવી આપવામાં આવી ? | ૩૦ નિરાધાર વિધવા બહેનોની વિધવા સહાય મંજૂર કરવામાં આવી છે. તા. ૧૫-૧-૨૦૧૦ સુધીમાં કોઈ ચૂકવણું થયેલ નથી. |

-------------

**જંબુસર તાલુકાના અણખી ગામે સ્કોટ ગ્લાસ કંપનીએ સરકારી જમીનમાં દબાણ**

૧૨૦૪૩**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના અણખી ગામે સ્કોટ ગ્લાસ કંપનીએ સરકારી જમીનમાં દબાણ કરેલ છે તેવી કેટલી ફરિયાદો તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, | (૧) ૨ (બે) |
| (૨) મળેલ ફરિયાદો પછી આ દબાણ દૂર કરવા શી કાર્યવાહી થઇ, અને<br>(૩) કેટલા સમયમાં આ દબાણ દૂર કરવામાં આવશે ? | (૨) અને (૩) કંપની દ્વારા દબાણ કરવામાં આવેલ ન હોઈ દબાણ દૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદને કારણે નુક્સાન**

૧૧૯૯૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રાજ્યમાં થયેલ ભારે વરસાદને કારણે પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં કેટલું નુક્સાન થયેલ છે તેમજ આ અંગે સર્વે કામ ક્યારે શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) (અ) પોરબંદર જિલ્લામાં રૂા. ૮૨૮.૨૬ લાખનું નુક્શાન થયેલ છે. આ અંગે સર્વેની કામગીરી તા. ૧૬-૦૭-૨૦૦૯ થી શરૂ કરવામાં આવેલ હતી.<br>(બ) જૂનાગઢ જિલ્લામાં રૂા. ૧૫૨૮.૧૫૪ લાખનું નુક્સાન થયેલ છે. આ અંગે સર્વેની કામગીરી તા. ૧૮-૦૭-૨૦૦૯ થી શરૂ કરવામાં આવેલ હતી. |
| (૨) આ નુક્સાનની સામે રાજ્ય સરકારે તા. ૧૫-૧-૧૦ની સ્થિતિએ કેટલી રક્મનું વળતર ચૂક્વ્યું ? | (૨) આ નુક્સાનની સામે પોરબંદર જિલ્લામાં રૂા. ૨૭,૯૩,૮૦૭/- તથા જૂનાગઢ જિલ્લામાં રૂા. ૩,૯૪,૮૮,૨૩૫/-નું વળતર ચુકવવામાં આવેલ છે. |

-------------

**ગાંધીનગર જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણ**

૧૨૮૯૬**શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણ માટે | (૧) સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા પુરી પડેલ છે. |

સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે,

(૨) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે માટેનો ખર્ચ કેટલો છે ?

(૨) કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) રૂા. ૬,૬૭,૦૦૦/-.

-------------

**અમદાવાદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાના કામો**

૧૨૮૯૭ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલી રકમના રસ્તાના કેટલા કામો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રૂા. ૨૧૪૯ લાખની અંદાજી રકમના ૩૭ રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ હેઠળ મંજૂર થયેલ ૩૭ કામો પૈકી ૧ કામ પ્રગતિ હેઠળ અને ૩૬ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

-------------

**તાપી જિલ્લાના ધામણદેવી અને સરાદેવડી ગામે પૂર્ણા નદી ઉપર પુલ બનાવવા અંગે**

૧૨૦૫૨**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાના ધામણદેવી-સરાદેવડી રસ્તા પર ધામણદેવી ગામે પૂર્ણા નદી ઉપર પુલ બનાવવા સન ૨૦૦૯-૧૦ના બજેટમાં કેટલી રકમનો સમાવેશ કરેલ છે, અને

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ધામણદેવી-કલમકુઈ કરંજખેડ સરા કેવડી મુખ્ય જિલ્લા કક્ષાના રસ્તા પર આવેલ પૂર્ણા નદી પર પુલ બનાવવાના કામ માટે વર્ષ ૨૦૦૯-૧૦ ટ્રાયબલ બજેટમાં રૂા. ૧.૦ લાખની રકમની જોગવાઈ કરેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કામ નકશા અંદાજની કાર્યવાહીના તબક્કે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોની ખાલી જગ્યા**

૧૨૭૬૦**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ)** :**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની જગ્યા ભરવામાં નથી આવી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) આ જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવા માટે સરકારે કેવાં પ્રકારનું આયોજન કર્યું છે, અને

(૪) વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હોય તો કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર તરફથી નગરપાલિકાઓને સાધનો**

૧૨૮૬૯**શ્રી આર.સી. પટેલ (જલાલપોર)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ગાંધીનગર તરફથી રાજ્યમાં ""બ"" વર્ગની કેટલી નગરપાલિકાઓને ક્યા ક્યા સાધનો આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી નગરપાલિકાઓ આવા સાધનોથી વંચિત રાખવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૯ નગરપાલિકાઓની વોટર બાઉઝર, મીની ફાયર ટેન્ડર, અને બોટ ફાળવવામાં આવેલ છે.

(૨) ૪ નગરપાલિકાઓ

## સુરત ખાતે પ્રાદેશિક કક્ષાએ આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી

૧૨૬૪૭**શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત ખાતેનું પ્રાદેશિક કક્ષાના આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત ખાતે (નવાગામ ખાતે તા. કામરેજ) પ્રાદેશિક કક્ષાનાં આપત્તિ નિવારણ કેન્દ્રનાં વહીવટી બ્લોક્નું કામ પુર્ણતાને આરે છે.<br>જ્યારે પ્રાદેશિક કક્ષાનાં આપત્તિ નિવારણ કેન્દ્રનાં વર્કશોપ શેડનું કામ હવે શરૂ થશે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયેલ છે, | (૨) આપત્તિ નિવારણ કેન્દ્રનાં વહીવટી બ્લોક્નાં બાંધકામ પેટે રૂા. ૩૦.૪૩ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) આપત્તિ નિવારણ કેન્દ્રના વહીવટી બ્લોક્નું કામ બે માસમાં પુર્ણ થનાર છે. જ્યારે વાહનોના વર્કશોપ શેડ બાંધકામ હવે પછી બનતી ત્વરાએ શરૂ કરી પુર્ણ કરવામાં આવશે. |
| (૪) આ કેન્દ્રમાં ક્યાં પ્રકારનાં વાહનો અને સાધનો કેટલી કિંમતનાં વસાવેલ છે ? | (૪) |

| અનુ વ્હીકલ | સાધનો | સુરત | સાધનદીઠ કિંમત રૂા. કરોડમાં | કુલ સાધનોની કિંમત રૂા. કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | મલ્ટી ફંક્શનલ વ્હીકલ વીથ ક્રેન | ૧ | ૨.૪૧ | ૨.૪૧ |
| ૨ | હાઈ કેપેસીટી પમ્પ | ૫ | ૦.૨૩ | ૧.૧૫ |
| ૩ | વોટર ટેન્કર | ૪ | ૧.0૩ | ૪.૧૨ |
| ૪ | ફાર્મ નર્સર | ૨ | ૦.૯૯ | ૧.૯૮ |
| ૫ | ઈમરજન્સી રેસ્ક્યુ વ્હીકલ | ૩ | ૧.૪૬ | ૪.૩૮ |
| ૬ | પીક અપ ટ્રક | ૨ | ૦.૧૩ | ૦.૨૬ |
| વ્હીકલ કુલ સરવાળો : અ : | | ૧૭ | - | ૧૪.૩૦ |
| અનુ વ્હીકલ | સાધનો | સુરત | સાધનદીઠ કિંમત રૂા. કરોડમાં | કુલ સાધનોની કિંમત રૂા. કરોડમાં |
| ૧ | યુએસએ આર કન્ટેઈનર | ૧ | ૨.૩૧ | ૨.૩૧ |
| કન્ટેઈનર | | | | |
| ૨ | મેડીકલ માસ કેઝયુઅલ્ટી કન્ટેઈનર | ૧ | ૨.૦૭ | ૨.૦૭ |
| કન્ટેઈનર કુલ સરવાળો : બ | | ૨ | - | ૪.૩૮ |
| સાધનો | | | | |
| ૧ | સેલ્ફ કન્ટેન્ડ ક્લીન એર બ્રેથીગ અપાચર | ૫ | ૦.૦૨ | ૦.૧૦ |
| ૨ | પરસોનલ પ્રોટેક્શન સુટ | ૧૨ | ૦.૦૧ | ૦.૧૨ |
| ૩ | સ્પેર સીલીન્ડર્સ | ૧ | ૦.૦૧ | ૦.૦૧ |
| ૪ | એરલાઈન ઈક્વીપમેન્ટ | ૧ | ૦.૦૬ | ૦.૦૬ |
| ૫ | પોઝીટીવ પ્રેસર વેન્ટીલેટર | ૧ | ૦.૦૪ | ૦.૦૪ |
| ૬ | ગેરસ ટાઈટ સુઈટસ | ૭ | ૦.૦૨ | ૦.૧૪ |
| ૭ | ઈન્ફ્લાટેબલ ડેકન્ટેમીનેશન સીસ્ટમ | ૧ | ૦.૨૦ | ૦.૨૦ |
| ૮ | લીક સીલીંગ ઈક્વીપમેન્ટ | ૨ | ૦.૦૫ | ૦.૧૦ |
| ૯ | નોન સ્પાર્કીંગ ટુલ્સ | ૧ | ૦.૦૪ | ૦.૦૪ |
| ૧૦ | મલ્ટી ગેસ ડીટેક્ટર | ૧ | ૦.૦૨ | ૦.૦૨ |
| ૧૧ | ઈમરજન્સી લાઈટીંગ સીસ્ટમ | ૩ | ૦.૦૨ | ૦.૦૬ |
| ૧૨ | અંડર વોટર સર્ચ કેમેરા | ૧ | ૦.૮૫ | ૦.૮૫ |
| કન્ટેઈનર કુલ સરવાળો : ક | | ૩૬ | - | ૧.૭૪ |
| ઈ.આર.સી. દીઠ કુલ ખર્ચ | | ૫૫ | - | ૨૦.૪૨ |

**કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ**

૧૨૬૬૨**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ કેટલી છે, અને | (૧) ૧૯૩૦. |
| (૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ કાર્યરત છે ? | (૨) ૧૭૨૦. |

-------------

**મહેસાણા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાના કામો**

૧૨૬૩૬**શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
(૨) અને (૩) જે તે સમયે જરૂરિયાત તથા માન. ધારાસભ્યશ્રીની માંગણી મુજબની લંબાઈનુ કામ મંજૂર કરવામાં આવેલ હતુ. બાકીની માંગણી નવા નાણાકિય વર્ષમાં વિચારણામાં લેવામાં આવશે.

-------------

**સુરત અને તાપી જિલ્લામાં ડામર સપાટી કર્યા વગરના કાચા રસ્તાઓ**

૧૧૯૪૯**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા રસ્તાઓ કાચા છે અને કેટલાને ડામર સપાટી કરવાની બાકી છે, અને

(૨) જે ગામોમાં કાચા રસ્તા છે તેને પાકા રસ્તાની સુવિધા કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) સુરત અને તાપી જીલ્લાના તમામ મહેસૂલી ગામો પાકા રસ્તાથી (મુખ્ય માર્ગો સાથે) જોડાયેલ છે. આ ઉપરાંત જીલ્લાઓમાં એક ગામથી બીજા ગામને જોડતા આંતરિક રસ્તાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લો | તાલુકો | કાચા રસ્તાની લંબાઈ કિ.મી.માં | મેટલ સપાટીવાળા રસ્તાની લંબાઈ કિ.મી.માં. |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ચોર્યાસી | ૦ | ૪.૫૦ |
| ૨ | | પલસાણા | ૦.૮૧ | ૩.૨૦ |
| ૩ | | બારડોલી | ૧.૩૫ | ૩.૨૧ |
| ૪ | | મહુવા | ૦ | ૧૦.૧૧ |
| ૫ | | ઓલપાડ | ૫.૦૦ | ૫.૦૦ |
| ૬ | | કામરેજ | ૩.૦૦ | ૭.૨૦ |
| ૭ | | માંગરોળ | ૨.૦૦ | ૭.૦૦ |
| ૮ | | ઉમરપાડા | ૪૧.૬૮ | ૧૩.૫૦ |
| ૯ | | માંડવી | ૯.૩૭ | ૯.૪૦ |
| | | **કુલ** | **૬૩.૨૧** | **૬૩.૧૨** |
| ૧૦ | તાપી | વાલોડ | ૦ | ૪.૦૦ |
| ૧૧ | | વ્યારા | ૦ | ૪૧.૧૭ |
| ૧૨ | | સોનગઢ | ૦ | ૩૫.૭૦ |
| ૧૩ | | ઉચ્છલ | ૦ | ૧૮.૦૦ |
| ૧૪ | | નિઝર | ૦ | ૧૬.૬૨ |
| | | **કુલ** | **૦** | **૧૧૫.૪૯** |
| | | **એકંદરે કુલ** | **૬૩.૨૧** | **૧૭૮.૬૧** |

-------------

**મુંદ્રા તાલુકામાં કોસ્ટલ પાવર કંપની/ટાટા પાવર કંપનીને સરકારી જમીન ફાળવવા બાબત**

૧૨૧૪૦**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મુંદ્રા તાલુકામાં કોસ્ટલ પાવર કંપની અને ટાટા પાવર કંપનીને જે સરકારી જમીનો ફાળવવામાં આવી છે તેની જંત્રીનાં ભાવ કરતા ઓછી કિંમત નક્કી રાખવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) મુંદ્રા તાલુકામાં ટુંડા-ટુંડાવાંઢ-શીરાચા-કાંડાગરામાં ટાટા પાવરને ખાનગી જમીનો ક્ન્સર્ન

**જવાબ**

(૧) હા, જી.

(૨) ખાનગી જમીન માટે ક્ન્સેન્ટ એવોર્ડથી જમીનની કિંમત નક્કી કરી તેના કરતા સરકારી જમીનના

એવોર્ડથી કિંમત નક્કી કરવામાં આવી તે કરતા કેટલા ઓછા ભાવે સરકારી જમીન મહેસૂલ વિભાગ ધ્વારા ફાળવવામાં આવી, અને

(૩) મુંદ્રા તાલુકાનાં ધ્રબ, મુંદ્રા, કાંડાગરા, નવીનાર, ટુંડા, શીરાયા ગામોની ઓદ્યોગીક કે વ્યાપારીક હેતુ માટેની જમીનનાં જંત્રી ભાવો છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નક્કી કરાયા હતા?

રૂા. ૧૩૬/- અને ૧૩૭/-ઓછા ભાવ નક્કી થયેલ છે.

જ્યારે શીરાયા અને કાંડાગરામાં ટાટા પાવરને કન્સેન્ટ એવોર્ડથી જમીન ફાળવેલ નથી.

(૩) મુન્દ્રા તાલુકાનાં ધ્રબ, મુન્દ્રા, કાંડાગરા, નવીનાર, ટુંડા, શીરાયા ગામોમાં ઓદ્યોગિક કે વ્યાપારિક હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં જંત્રીના ભાવો નક્કી કરાયા તેની વિગત આ સાથેના *પત્રક મુજબ છે.

***પત્રક**

| ક્રમ | ગામનું નામ | તા. ૧/૧/૦૭ થી તા.૮/૨/૦૭ (તા. ૧/૧૧/૯૯ ની જંત્રી) | | તા. ૯/૨/૦૭ થી તા.૩૧/૩/૦૭ (તા. ૧/૧૧/૯૯ ની જંત્રીમાં ૫૦% વધારો) | | તા. ૧/૪/૦૭ થી તા.૩૧/૩/૦૮ (તા. ૧/૧૧/૯૯ ની જંત્રીમાં ૫૦% વધારાના ભાવમાં ૫% વધારા) | | તા. ૧/૪/૦૮ થી હાલ અમલી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઓદ્યોગિક | વ્યાપારી | ઓદ્યોગિક | વ્યાપારી | ઓદ્યોગિક | વ્યાપારી | ઓદ્યોગિક | વ્યાપારી |
| ૧ | ધ્રબ | ૫૦ | ૧૦૦ | ૭૫ | ૧૫૦ | ૭૯ | ૧૫૮ | ૫૨૦ | ૬૦૦ |
| ૨ | મુંદરા | ૨૦૦ | ૧૦૦૦ | ૩૦૦ | ૧૫૦૦ | ૩૧૫ | ૧૫૭૫ | ૩૯૦ | ૪૫૦ |
| ૩ | મોટા કાડાંગરા | ૪૫ | ૧૦૦ | ૬૮ | ૧૫૦ | ૭૨ | ૧૫૮ | ૧૯૫ | ૨૨૫ |
| ૪ | નવીનાળ | ૨૫ | ૭૫ | ૩૮ | ૧૧૩ | ૪૦ | ૧૧૯ | ૫૨૦ | ૬૦૦ |
| ૫ | ટુંડા | ૨૦ | ૪૦ | ૩૦ | ૬૦ | ૩૨ | ૬૩ | ૨૩૫ | ૨૭૦ |
| ૬ | શીરાયા | ૧૦ | ૨૫ | ૧૫ | ૩૮ | ૧૬ | ૪૦ | ૨૮૫ | ૩૩૦ |

-------------

## વડોદરા જિલ્લામાં બિયારણનો જથ્થો

૧૨૯૫૬ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં ક્યા ક્યા બિયારણોનો કેટલો જથ્થો રાજ્ય સરકાર ધ્વારા વિતરીત કરવામાં આવ્યો, અને

(૨) ખેડૂતોને વ્યાજબી ભાવે અને ગુણવત્તાયુક્ત બિયારણ સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકારે શું વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૦/૧૨/૨૦૦૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં નીચે મુજબ ના બિયારણોનો જથ્થો રાજ્ય સરકાર દ્વારા વિતરિત કરવામાં આવ્યો.

| અ.નં. | પાક નુ નામ | જથ્થો (ક્વિ.) |
|---|---|---|
| ૧ | તુવેર | ૨૪૧૬.૩૮ |
| ૨ | મગ | ૩૦૪.૩૮ |
| ૩ | ચણા | ૧૦૯૬ |
| ૪ | અડદ | ૭ |
| ૫ | સોયાબીન | ૬૪૦૦ |
| ૬ | દિવેલા | ૮૧૫.૯૭ |
| ૭ | રાઈ | ૨ |
| ૮ | મકાઈ | ૧૬૩.૮૦ |
| ૯ | ઘઉં | ૭૦૩.૯૧ |
| ૧૦ | ડાંગર | ૯૩૫.૪૮ |
| ૧૧ | બાજરી | ૧ |
| ૧૨ | રજકો | ૬૭.૮૪ |

(૨) ખેડૂતોને વ્યાજબી ભાવે અને ગુણવત્તાયુક્ત બિયારણ સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકારે જિલ્લામાં ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગુજકોમાસોલ, નેશનલ સીડ કોર્પોરેશન, કૃષિ યુનિ., કૃભકો, સહકારી મંડળીઓ, જીલ્લા અને તાલુકા સહકારી સંઘ તથા ગુજરાત રાજ્ય બીજ નિગમના તાલુકા કક્ષાએ માન્ય રીટેઈલર દ્વારા હાઈબ્રીડ અને સુધારેલ પ્રમાણિત બિયારણોનું વિતરણ કરવામાં આવે છે.

-----------

## અમરેલી જિલ્લામાં ભારે વરસાદના કારણે ખેડૂતોને જમીનમાં નુકસાન

૧૧૭૩૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭માં અમરેલી જિલ્લામાં દરેક તાલુકામાં ખેડૂતોએ વાવણી વાવ્યા પછી અતિ વરસાદ

**જવાબ**

(૧) પ્રાથમિક અંદાજ મુજબ અમરેલી જિલ્લામાં અમરેલી, સાવરકુંડલા, લીલીયા, લાઠી, અને કુંકાવાવ

પડવાથી બીયારણ ખાતર અને જમીનનું ધોવાણ થયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, હોય તો નુકશાન થયેલ ખેડૂતોને દરેક તાલુકામાં પેકેજ નં.-૨માં બાકી રહેતા ૧૪૭ ગામોના ખેડૂતોને નુક્સાનીની રકમ ક્યારે ચૂકવવા માંગે છે, અને

(૩) આ રકમ નથી ચૂકવાઈ તેના શાં કારણો છે?

તાલુકામાં ઉભા પાકમાં અંશતઃ નુક્સાન થયેલ હતું જ્યારે જમીન ધોવાણ થયેલ ન હતું

(૨) વર્ષા ઋતુ ૨૦૦૬ ભારે વરસાદ/પુર વિસ્તાર અસરગ્રસ્ત જાહેર કરેલ ગામોમાંની યાદીમાં અમરેલી જિલ્લાના ગામોનો સમાવેશ થયેલ ન હોય પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-------------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ**

૧૧૭૨૪ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની સંખ્યા કેટલી છે,

(૨) તેમાંથી તાલુકાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, અને

(૩) કેટલા ખેડૂતોને કાર્ડ આપવાના બાકી છે, તેમને ક્યાં સુધીમાં કાર્ડ આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ ખેડૂત ખાતેદારોની સંખ્યા ૨૬૫૪૭૫ છે, જેની તાલુકાવાર માહિતી પત્રક ૧ મુજબ છે.

(૨) તેમાંથી કુલ ૩૩૧૩૦ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, જેની તાલુકાવાર માહિતી પત્રક-૨ મુજબ છે.

(૩) કુલ ૧૩૭૨૭૫ ખેડૂતોને કાર્ડ આપવાના બાકી છે, જેની તાલુકાવાર માહિતી પત્રક-૩ મુજબ છે. સત્વરે.

**પત્રક-૧**

| ક્રમ નં. | તાલુકો | ખાતેદાર ખેડુતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૪૯૭૪ |
| ૨ | વડગામ | ૨૦૪૮૫ |
| ૩ | દાંતા | ૧૩૬૭૮ |
| ૪ | દાંતીવાડા | ૧૦૬૯૩ |
| ૫ | અમીરગઢ | ૭૫૪૩ |
| ૬ | ડિસા | ૫૨૫૫૭ |
| ૭ | ધાનેરા | ૨૦૩૬૩ |
| ૮ | કાંકરેજ | ૨૫૫૦૭ |
| ૯ | દિયોદર | ૧૪૩૨૩ |
| ૧૦ | વાવ | ૩૨૦૭૭ |
| ૧૧ | થરાદ | ૩૩૨૧૬ |
| ૧૨ | ભાંભર | ૧૦૦૫૯ |
| **કુલ** | | **૨૬૫૪૭૫** |

**પત્રક-૨**

| ક્રમ નં. | તાલુકો | તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | છેલ્લા ત્રણ વર્ષમાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૯૬૮ | ૩૨૦૨ | ૪૬૮ | ૬૬૩૮ |
| ૨ | વડગામ | ૨૦૯૯ | ૨૩૧૮ | ૪૩૨ | ૪૮૪૯ |
| ૩ | દાંતા | ૨૦૧ | ૨૯૦ | ૧૪૯ | ૬૪૦ |
| ૪ | દાંતીવાડા | ૭૬૫ | ૯૮૭ | ૩૨૧ | ૨૦૭૩ |
| ૫ | અમીરગઢ | ૯૭૧ | ૧૦૮૦ | ૩૩૬ | ૨૩૮૭ |

| ક્રમ નં. | તાલુકો | તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | છેલ્લા ત્રણ વર્ષમાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૬ | ડિસા | ૮૭૬ | ૯૦૧ | ૬૩૪ | ૨૪૧૧ |
| ૭ | ધાનેરા | ૨૩૧ | ૨૭૦ | ૧૧૮ | ૬૧૯ |
| ૮ | કાંકરેજ | ૮૬૭ | ૧૦૩૨ | ૪૩૬ | ૨૩૩૫ |
| ૯ | દિયોદર | ૬૪૦ | ૫૩૧ | ૪૫૭ | ૧૬૨૮ |
| ૧૦ | વાવ | ૧૩૫૬ | ૧૪૦૮ | ૬૩૫ | ૩૩૯૯ |
| ૧૧ | થરાદ | ૧૬૩૪ | ૧૭૦૧ | ૫૭૩ | ૩૯૦૮ |
| ૧૨ | ભાંભર | ૭૫૩ | ૮૬૦ | ૬૩૦ | ૨૨૪૩ |
| **કુલ** | | **૧૩૩૬૧** | **૧૪૫૮૦** | **૫૧૮૯** | **૩૩૧૩૦** |

**પત્રક-૩**

| ક્રમ નં. | તાલુકો | બાકી સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૧૩૩ |
| ૨ | વડગામ | ૧૧૦૭ |
| ૩ | દાંતા | ૩૮૬૩ |
| ૪ | દાંતીવાડા | ૪૩૬૭ |
| ૫ | અમીરગઢ | ૪૦૬ |
| ૬ | ડિસા | ૩૪૫૨૪ |
| ૭ | ધાનેરા | ૧૧૫૪૫ |
| ૮ | કાંકરેજ | ૧૦૯૫૮ |
| ૯ | દિયોદર | ૭૯૯૯ |
| ૧૦ | વાવ | ૨૫૦૩૭ |
| ૧૧ | થરાદ | ૨૬૫૮૩ |
| ૧૨ | ભાંભર | ૫૭૫૩ |
| **કુલ** | | **૧૩૭૨૭૫** |

## સાણંદ તાલુકામાં ઓદ્યોગિક વસાહત માટે ખેડૂતોની જમીન

૧૨૦૪૫**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના કેટલા ગામોના ખેડૂતોની જમીન ઓદ્યોગિક વસાહત માટે ખાલી કરવા મહેસૂલ વિભાગ ધ્વારા ક્યારે નોટીસો પાઠવી,

(૨) આ ગામોમાં પડતર જમીન કેટલી છે, અને

(૩) કેટલા ખેડૂતોની જમીન તે અન્વયે સંપાદન કરવામાં આવી?

**જવાબ**

(૧) કોઈ નોટીસ પાઠવેલ નથી.

(૨) હે. ૬૭-૭૮-૭૩ ચો.મી.

(૩) સંપાદનની કાર્યવાહી હાલમાં ચાલુ છે. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં સુવિધા

૧૧૭૭૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં વિજળી, કમ્પાઉન્ડ વોલ અને પાણીની સુવિધાઓ નથી,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં વિજળી અને પાણીની સુવિધા વિનાની શાળા એકપણ નથી, જ્યારે કમ્પાઉન્ડ વોલ વિનાની ૩૦૫ શાળાઓ છે. જેની તાલુકાવાર

વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વિજળી | કમ્પાઉન્ડ વોલ | પાણી |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૦ | ૩૬ | ૦ |
| ૨ | આંકલાવ | ૦ | ૫૧ | ૦ |
| ૩ | બોરસદ | ૦ | ૧૧૫ | ૦ |
| ૪ | ખંભાત | ૦ | ૨૧ | ૦ |
| ૫ | પેટલાદ | ૦ | ૪૮ | ૦ |
| ૬ | સોજીત્રા | ૦ | ૧ | ૦ |
| ૭ | તારાપુર | ૦ | ૨ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૦ | ૩૧ | ૦ |
| | કુલ | ૦ | ૩૦૫ | ૦ |

(૨) આ શાળાઓમાં આ સુવિધાઓ સત્વરે આપવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી, અને

(૨) ચાલુ વર્ષે (૨૦૦૯-૧૦)માં ૩૨ શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ બનાવવા રૂા. ૬૯.૦૪ લાખની રકમ ફાળવવામાં આવેલ છે. બાકીની શાળાઓ આગામી વર્ષોમાં સમાવેશ કરવામાં આવશે.

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) સર્વ શિક્ષા અભિયાનની યોજના હેઠળ ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી.

-------------

**દાહોદ જિલ્લામાં ખેડૂતોને અકસ્માતના વીમાની રકમ**

૧૨૯૩૮**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અકસ્માતે મૃત્યુ પામેલ ખેડૂતોની વિમો મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૧) ૩૨

(૨) તેમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨) તેમાંથી ૨૦ મંજૂર અને ૯ નામંજૂર કરવામાં આવી.

(૩) આવી અકસ્માત મૃત્યુ વિમા મેળવવાની અરજી નામંજૂર કરવાના શું કારણો છે?

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧ અરજદાર ખાતેદાર ખેડૂત ન હોવાથી
૨ જરૂરી પુરાવાઓ રજૂ કરેલ ન હોવાથી
૩ નિયત કરેલ પાંચ હેકટર મર્યાદા કરતાં વધુ જમીન ધરાવતા હોવાથી
૪ કુદરતી મૃત્યુના કિસ્સા હોવાથી

-------------

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત હાલતના ઓરડા**

૧૧૬૭૦**શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાના કેટલા ઓરડાઓ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જર્જરીત હાલતમાં છે, અને

(૧) ૫૧૨

(૨) આવા જર્જરીત ઓરડા ગમે ત્યારે તૂટી પડે તેમ હોઈ ક્યાં સુધીમાં કાટમાળ ઉતારી લેવા માંગો છો?

(૨) જેમ બને તેમ જલ્દી આવા ઓરડાઓ ઉતારવાની કાર્યવાહી કરવામાં આવશે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓના મરામત પાછળ થયેલ ખર્ચ**

૧૨૭૫૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓના મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓના મરામત પાછળ થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦ હેઠળ થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૦૮૪.૬૬ |
| ૨ | પ્રાંતિજ | ૫૪૧.૯૩ |
| ૩ | તલોદ | ૨૨૯.૪૩ |
| ૪ | ઈડર | ૪૮૦.૪૫ |
| ૫ | ખેડબ્રહ્મા | ૬૧૦.૮૯ |
| ૬ | વડાલી | ૨૫૪.૮૫ |
| ૭ | ભિલોડા | ૪૬૫.૫૭ |
| ૮ | વિજયનગર | ૨૦૦.૭૬ |
| ૯ | મોડાસા | ૮૩૨.૦૨ |
| ૧૦ | મેઘરજ | ૩૯૪.૫૮ |
| ૧૧ | બાયડ | ૧૦૪૭.૦૫ |
| ૧૨ | ધનસુરા | ૨૮૩.૬૮ |
| ૧૩ | માલપુર | ૨૭૧.૭૬ |
| | કુલ : | ૬૬૯૭.૬૩ |

(૨) આવી મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં જ રસ્તાઓ તૂટી ગયા હોય તેવા કેટલા રસ્તાઓ છે, અને

(૨) ખાસ મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં કોઈ રસ્તાઓ તૂટી ગયા નથી.

(૩) એમાં જવાબદાર કોન્ટ્રાકટરો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**દાહોદ તાલુકામાં ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના નવા વર્ગો શરૂ કરવા બાબત**

૧૧૮૨૬**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) દાહોદ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના કુલ કેટલા નવા વર્ગ શરૂ કરવામાં આવ્યા, અને

| (૧) | વર્ષ | ધોરણ | શરૂ કરેલ નવા વર્ગની સંખ્યા |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૧૧ | ૦૨ |
| | | ૧૨ | ૦૧ |
| | ૨૦૦૯-૧૦ | ૧૧ | ૦૧ |
| | | ૧૨ | ૦૪ |
| | | કુલ : | **૦૮** |

(૨) વર્ગો બંધ થવાથી કેટલા શિક્ષકોને ફાજલ કરવામાં આવ્યા?

(૨) ૧૦ શિક્ષકો
જેઓને અન્યત્ર સમાવી દેવામાં આવેલ છે.

-------------

**મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકામાં ડામર સપાટી કર્યા વગરના રસ્તાઓ**

૧૨૩૭૬**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનાં મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાઓમાં બે ગામોને જોડતા હોય અને ડામર કામ ન થયેલ હોય તેવા રસ્તાઓ કેટલા છે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાઓમાં બે ગામોને જોડતા હોય અને ડામર કામ ન થયેલ હોય તેવા ૧૮ રસ્તાઓ છે.

(૨) આ રસ્તાઓની ડામર સપાટી સરકાર કરવા માંગે છે કે કેમ, અને

(૩) કેટલા સમયમાં આ રસ્તાઓની કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

(૨) અને (૩)
આ ચાર તાલુકાઓમાં તમામ મહેસૂલી ગામો પાકા ડામર રસ્તાઓથી જોડાયેલ છે તેથી બે ગામોને એકબીજા સાથે ડામરના રસ્તાથી જોડવા માટે હાલમાં યોજના નથી. છતાં આવા રસ્તાઓને ડામરના બનાવવા જરૂરિયાત મુજબ તબક્કાવાર આયોજન વિચારવામાં આવશે.

**સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, કિશાનપથ યોજના હેઠળ રસ્તાના કામો**

૧૩૦૩૯**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં કિશાન પથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો કેટલી રકમના તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ કામો ઉક્ત સ્થિતિ ક્યા તબક્કે છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિશાનપથ યોજના હેઠળ નીચે મુજબના રસ્તાના કામો તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા

| ક્રમ | તાલુકો | મંજૂર રસ્તાના કામો | મંજૂર અંદાજી રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૧ | ૪૦૩ |
| ૨ | તલોદ | ૧ | ૯૪ |
| ૩ | ઈડર | ૫ | ૪૧૨ |
| ૪ | વડાલી | ૨ | ૧૪૦ |
| ૫ | ખેડબ્રહ્મા | ૩ | ૨૬૪ |
| ૬ | વિજયનગર | ૫ | ૨૪૬.૫૦ |
| ૭ | ભિલોડા | ૬ | ૪૪૭.૬૫ |
| ૮ | મેઘરજ | ૧ | ૧૦૦ |
| ૯ | મોડાસા | ૪ | ૩૪૦ |
| ૧૦ | ધનસુરા | ૨ | ૩૦૦ |
| ૧૧ | બાયડ | ૪ | ૩૭૦ |
| | **કુલ :** | **૪૪** | **૩૧૧૭.૧૫** |

(૨) ઉપરોક્ત કુલ ૪૪ કામો પેકી ૧૦ કામો પૂર્ણ થયેલ છે. ૯ કામો પ્રગતિ હેઠળ છે. ૨૫ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૩) આ કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ખેડા જિલ્લામાં રસ્તાઓના મરામત પાછળ થયેલ ખર્ચ**

૧૨૭૩૬**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં તાલુકાવાર રસ્તાઓની મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આવી મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં જ રસ્તાઓ તૂટી ગયા હોય તેવા કેટલા રસ્તાઓ છે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં તાલુકાવાર રસ્તાઓની મરામત પાછળ ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૮-૦૯ તથા વર્ષ ૨૦૦૯-૧૦ હેઠળ થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | ઠાસરા | ૨૩૨.૭૧ |
| ૨ | ખેડા | ૧૯૮.૭૦ |
| ૩ | મહેમદાવાદ | ૧૧૩.૦૬ |
| ૪ | મહુધા | ૩૦.૦૦ |
| ૫ | માતર | ૨૨૯.૦૨ |
| ૬ | નડિયાદ | ૯૬૩.૪૪ |
| ૭ | બાલાસિનોર | ૨૬૧.૪૯ |
| ૮ | વિરપુર | ૯૪.૩૫ |
| ૯ | કપડવંજ | ૪૯૧.૩૩ |
| ૧૦ | કઠલાલ | ૨૪૨.૭૬ |
| | **કુલ :** | **૨૮૫૬.૮૬** |

(૨) ખાસ મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં કોઈ રસ્તાઓ તૂટી ગયા નથી.

## રાજ્યના હાઈવે પ્રોજેક્ટ માટે કેન્દ્ર દ્વારા મંજૂર થયેલ રકમ

૧૧૬૯૦**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારે સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૧૫-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યના હાઈવે પ્રોજેક્ટ માટે કેટલી રકમ મંજૂર કરી,

(૨) તે અન્વયે ક્યા ક્યા હાઈવે પ્રોજેક્ટ માટે કેટ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો, અને

(૩) આ કામો ક્યારે શરૂ થશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : કેન્દ્ર સરકાર દ્વારા સને ૨૦૦૯-૧૦ના તા. ૧૫-૧-૧૦ સુધીમાં કેન્દ્રિય રોડ નીધિમાં કોઈ નવા કામ મંજૂર કરેલ નથી. જ્યારે ગુજરાત સરકારે ખાનગીકરણ યોજના હેઠળ ભાવનગર-બગોદરા રસ્તાને ચાર માર્ગીય બનાવવા તથા નખત્રાણા-પાનેન્ધ્રો રસ્તાને ૧૦ મી. પહોળો બનાવવા કરેલ દરખાસ્તને ૨૦% ની મર્યાદામાં વાયાબીલીટી ગેપ ફંડીગની સૈધ્ધાંતિક મંજૂરી કેન્દ્ર સરકારે આપેલ છે. આ યોજનાઓને એજન્સી નક્કી થયેથી ૩૦ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં કોડીનાર તાલુકામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

૧૨૦૩૪ **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નવી શરતની જમીન જૂની શરતમાં ગામવાર કેટલી જમીનો નવી શરત અને નિયંત્રિત સત્તા પ્રકારે ચાલુ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાનું નક્કી થયેલ પ્રમાણે પ્રિમિયમ ભરી આપેલ હોય પરંતુ સેલ સર્ટીફીકેટ ન હોવાથી જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસો પેન્ડીંગ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અવલોકનમાં ગયેલ કેટલા કેસો પેન્ડીંગ છે, અને

(૪) આ જમીનો ક્યાં સુધીમાં જૂની શરતમાં ફેરફાર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નવી શરતની હે.આર. ૩૪-૫૭-૯૬ ચો.મી. (પત્રક-અ મુજબ) અને નિયંત્રિત સત્તા પ્રકારની હે.આર. ૧૯૩૫-૬૧-૮૪ ચો.મી. (પત્રક-બ મુજબ) છે.

(૨) શૂન્ય

(૩) શૂન્ય

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| અ. નં. | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.) |
|---|---|---|
| ૧ | મીતીયાજ | ૧-૮૪-૪૦ |
| ૨ | ડોળાસા | ૪-૨૪-૯૧ |
| ૩ | કડોદ્રા | ૫-૪૫-૨૦ |
| ૪ | મોરવડ | ૪-૭૫-૬૮ |
| ૫ | આલીદર | ૨-૭૯-૪૫ |
| ૬ | જગતીયા | ૩-૦૩-૫૦ |
| ૭ | બાવાના પીપળવા | ૯-૬૦-૬૧ |
| ૮ | સરખડી | ૨-૮૪-૨૧ |
| | **કુલ :-** | **૩૪-૫૭-૯૬** |

**પત્રક-બ**

| ક્રમ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.) | ક્રમ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | હરમડીયા | ૯૨-૮૦-૪૪ | ૩૨ | કંટાળા | ૪-૪૧-૧૮ |
| ૨ | સિંધાજ | ૧૨-૯૨-૫૫ | ૩૩ | પાવટી | ૭-૯૮-૭૭ |
| ૩ | જમનવાડા | ૧૯-૪૫-૫૭ | ૩૪ | છારા | ૫૨-૪૯-૩૦ |
| ૪ | આદપોકાર | ૪-૧૩-૮૨ | ૩૫ | નગડલા | ૧૪૬-૨૩-૮૧ |
| ૫ | વેળવા | ૭-૩૭-૪૯ | ૩૬ | સુગાળા | ૮૪-૪૨-૦૫ |
| ૬ | અડવી | ૧૩-૫૮-૭૮ | ૩૭ | કાજ | ૦-૨૯-૫૬ |

| ક્રમ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.) | ક્રમ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૭ | પીપળી | ૧૯-૨૦-૮૪ | ૩૮ | ગોખાણ | ૧૮-૦૦-૦૭ |
| ૮ | નાના વાડા | ૧૫-૬૩-૬૨ | ૩૯ | મોટી ફાફણી | ૬૭-૨૪-૭૯ |
| ૯ | મીતીયાજ | ૩૭-૦૧-૩૩ | ૪૦ | નાની ફાફણી | ૩-૮૩-૧૯ |
| ૧૦ | કડવાસણ | ૮-૨૫-૭૬ | ૪૧ | બાવાના પીપળવા | ૬૩-૭૦-૧૭ |
| ૧૧ | ચોહાણની ખાણ | ૨૩-૫૦-૪૯ | ૪૨ | દેવલપુર | ૨૫-૦૮-૦૯ |
| ૧૨ | મુળરકા | ૪-૬૮-૨૫ | ૪૩ | ફાચરીયા | ૭-૪૬-૫૦ |
| ૧૩ | બરડા | ૧૪-૫૩-૧૭ | ૪૪ | વડનગર | ૭૩-૦૧-૦૫ |
| ૧૪ | દામલી | ૪-૯૬-૮૫ | ૪૫ | વેલણ | ૧૧૫-૯૬-૪૦ |
| ૧૫ | ડોળાસા | ૪૩-૯૭-૦૮ | ૪૬ | ગોવિંદપુર ભંડારીયા | ૭-૪૮-૮૧ |
| ૧૬ | કડોદરા | ૬-૯૧-૩૧ | ૪૭ | છાછર | ૬-૨૮-૮૧ |
| ૧૭ | મોરવડ | ૯૨-૬૩-૪૯ | ૪૮ | રોણાજ | ૧૨-૧૩-૭૮ |
| ૧૮ | પીછવા | ૭૯-૭૬-૯૨ | ૪૯ | નાની ઈંચવડ | ૧૬-૫૫-૭૭ |
| ૧૯ | આલીદર | ૧૧-૯૫-૦૩ | ૫૦ | પેઢાવાડા | ૪૦-૨૨-૬૭ |
| ૨૦ | વિઠલપુર | ૬૫-૨૩-૬૮ | ૫૧ | નવા ગામ | ૮-૨૮-૩૬ |
| ૨૧ | જીથલા | ૨૦-૪૨-૨૩ | ૫૨ | આણંદપુર | ૩-૮૩-૬૦ |
| ૨૨ | બોડવા | ૨૧-૭૮-૧૬ | ૫૩ | દેવળી | ૧-૧૯-૨૪ |
| ૨૩ | ગીરદેવળી | ૨૩-૧૬-૭૭ | ૫૪ | અરણેજ | ૪૭-૭૯-૭૩ |
| ૨૪ | ચીડીવાવ | ૨૪-૬૨-૧૮ | ૫૫ | માલશ્રમ | ૧૪-૩૪-૭૫ |
| ૨૫ | પણાંદર | ૨૨-૩૯-૮૭ | ૫૬ | કરેડા | ૦-૨૯-૩૭ |
| ૨૬ | પીછવી | ૧૪-૧૯-૨૫ | ૫૭ | સેયાજીરાજપરા | ૧૫-૫૫-૦૬ |
| ૨૭ | શેઢાયા | ૬૭-૯૨-૪૫ | ૫૮ | માલગામ | ૭-૮૩-૭૨ |
| ૨૮ | અરીઠીયા | ૪૪-૧૦-૨૪ | ૫૯ | પાંચ પીપળવા | ૭-૫૫-૨૨ |
| ૨૯ | જાગતીયા | ૩૪-૭૫-૩૬ | ૬૦ | જંત્રાખડી | ૩૪-૪૦-૪૧ |
| ૩૦ | સરખડી | ૭૩-૬૨-૪૫ | ૬૧ | વલાદર | ૧-૨૯-૩૯ |
| ૩૧ | ઘાંટવડ | ૧૧૪-૧૭-૩૯ | ૬૨ | સાંઢણીધાર | ૦-૬૫-૪૦ |
| | | | | **કુલ :-** | **૧૯૩૫-૬૧-૮૪** |

-------------

## વડોદરા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

૧૧૯૩૧**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની સંખ્યા કેટલી છે,

(૨) તેમાંથી તાલુકાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, અને

(૩) કેટલા ખેડૂતોને કાર્ડ આપવાના બાકી છે, તેમને ક્યાં સુધીમાં કાર્ડ આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ખેડૂત ખાતેદારોની સંખ્યા ૨૫૧૬૯૦ છે, જેની તાલુકાવાર માહિતી પત્રક-૧ મુજબ છે.

(૨) તેમાંથી કુલ ૪૩૧૦૪ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. જેની તાલુકાવાર માહિતી પત્રક-૨ મુજબ છે.

(૩) કુલ ૧૫૬૩૩૩ ખેડૂતોને કાર્ડ આપવાના બાકી છે. જેની તાલુકાવાર માહિતી પત્રક-૩ મુજબ છે. સત્વરે.

**પત્રક-૧**

| ક્રમ | તાલુકો | ખાતેદાર ખેડુતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૨૬૩૪૧ |
| ૨ | વાઘોડિયા | ૧૬૫૦૨ |
| ૩ | સાવલી | ૨૮૮૦૪ |
| ૪ | ડભોઈ | ૨૨૬૨૧ |
| ૫ | સીનોર | ૧૧૨૯૨ |
| ૬ | જેતપુરપાવી | ૨૯૩૭૦ |
| ૭ | પાદરા | ૨૫૨૦૩ |
| ૮ | કરજણ | ૨૧૬૧૯ |
| ૯ | છોટાઉદેપુર | ૧૬૦૭૯ |
| ૧૦ | ક્વાંટ | ૧૮૭૪૯ |
| ૧૧ | સંખેડા | ૨૧૬૨૩ |
| ૧૨ | નસવાડી | ૧૩૪૮૭ |
| ૧૩ | કુલ | ૨૫૧૬૯૦ |

**પત્રક-૨**

| ક્રમ નં. | તાલુકો | તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ | છેલ્લા ત્રણ વર્ષમાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૧૪૫૫ | ૧૪૫૫ | ૦ | ૨૯૧૦ |
| ૨ | વાઘોડિયા | ૧૪૪૦ | ૧૪૪૦ | ૦ | ૨૮૮૦ |
| ૩ | સાવલી | ૨૦૪૦ | ૨૦૪૦ | ૦ | ૪૦૮૦ |
| ૪ | ડભોઈ | ૧૭૭૦ | ૧૭૭૦ | ૦ | ૩૫૪૦ |
| ૫ | સીનોર | ૬૧૫ | ૬૧૫ | ૦ | ૧૨૩૦ |
| ૬ | જેતપુરપાવી | ૩૦૭૫ | ૩૦૭૫ | ૦ | ૬૧૫૦ |
| ૭ | પાદરા | ૧૨૩૦ | ૧૨૩૦ | ૦ | ૨૪૬૦ |
| ૮ | કરજણ | ૧૪૫૫ | ૧૪૫૫ | ૦ | ૨૯૧૦ |
| ૯ | છોટાઉદેપુર | ૨૧૪૫ | ૨૧૪૫ | ૦ | ૪૨૯૦ |
| ૧૦ | ક્વાંટ | ૧૯૯૫ | ૧૯૯૫ | ૦ | ૩૯૯૦ |
| ૧૧ | સંખેડા | ૨૮૦૫ | ૨૮૦૫ | ૦ | ૫૬૧૦ |
| ૧૨ | નસવાડી | ૧૫૨૭ | ૧૫૨૭ | ૦ | ૩૦૫૪ |
| ૧૩ | કુલ | ૨૧૫૫૨ | ૨૧૫૫૨ | ૦ | ૪૩૧૦૪ |

**પત્રક-૩**

| ક્રમ | તાલુકો | બાકી સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા (૩૧-૧૨-૦૯ની સ્થિતિએ) |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૬૩૬૧ |
| ૨ | વાઘોડિયા | ૧૦૨૫૦ |
| ૩ | સાવલી | ૧૭૮૯૧ |
| ૪ | ડભોઈ | ૧૪૦૫૧ |
| ૫ | સીનોર | ૭૦૧૪ |
| ૬ | જેતપુરપાવી | ૧૮૨૪૩ |
| ૭ | પાદરા | ૧૫૬૫૪ |
| ૮ | કરજણ | ૧૩૪૨૮ |
| ૯ | છોટાઉદેપુર | ૯૯૮૭ |
| ૧૦ | ક્વાંટ | ૧૧૬૪૬ |
| ૧૧ | સંખેડા | ૧૩૪૩૧ |
| ૧૨ | નસવાડી | ૮૩૭૭ |
| ૧૩ | કુલ | ૧૫૬૩૩૩ |

-------------

**ગાંધીનગરમાં સેકટર નં. ૨૮ થી સેકટર-૩૦ ની અંદરના વિસ્તારમાં સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન નાંખવા અંગે**

૧૨૮૯૪ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગરમાં સેકટર-૨૮ થી સેકટર-૩૦ ની અંદરના વિસ્તારમાં સરકાર સ્ટ્રોર્મ વોટર ડ્રેઈનેજ નાંખવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૨) ઈજારો નક્કી કરવાની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તુર્તજ |
| (૩) આ કામમાં કેટલો ખર્ચ થશે ? | (૩) આ કામમાં રૂા. ૧૦.૩૮ કરોડનો ખર્ચ થશે. |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધા**

૧૨૯૫૩**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં સાબરકાંઠા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવી છે, | (૧) જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે. |
| (૨) આ સુવિધા આપવા માટે સરકારે નાણાંકીય કોઈ જોગવાઈ કરી છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ સુવિધા આપવા માટે શું નાણાંકીય આયોજન કરવામાં આવેલ છે ? | (૩) વર્ષ ૨૦૦૯-૧૦માં રૂા. ૪૨ લાખનું આયોજન કરેલ છે. |

-------------

### રાજકોટ જિલ્લામાં કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨, ૮-અ અને નં. ૬ ની નકલો

૧૨૬૮૩**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કોમ્પ્યુટરાઈઝ ૭/૧૨, ૮-અ અને નં.-૬ની નકલોની વેચાણની તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી આવક થઈ?

**જવાબ**

નીચે મુજબ :-

| ક્રમ | તાલુકો | આવક (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૭૬૧૮૩૫ |
| ૨ | લોધીકા | ૩૧૯૫૬૦ |
| ૩ | કોટડાસાંઘાણી | ૩૦૬૮૩૦ |
| ૪ | ગોંડલ | ૮૯૬૫૫૫ |
| ૫ | જેતપુર | ૪૮૦૭૨૦ |
| ૬ | ધોરાજી | ૩૮૬૪૧૫ |
| ૭ | ઉપલેટા | ૬૦૮૦૧૫ |
| ૮ | જામકંડોરણા | ૪૧૮૬૧૫ |
| ૯ | જસદણ | ૫૮૭૩૦૦ |
| ૧૦ | વાંકાનેર | ૫૩૪૮૭૦ |
| ૧૧ | પડધરી | ૪૭૮૦૨૫ |
| ૧૨ | ટંકારા | ૩૯૬૭૪૫ |
| ૧૩ | મોરબી | ૬૦૯૦૪૦ |
| ૧૪ | માળિયામિયાણા | ૨૬૭૯૩૮ |
| | **કુલ** | **૭૦૫૨૪૬૩** |

-------------

### ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

૧૨૭૬૯**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટ કેટલા શિક્ષકોની ઘટ કેટલા સમયથી છે, અને

**જવાબ**

(૧) પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની તાલુકાવાર ઘ ટ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઘટ (ખાલી જગ્યા) |
|---|---|---|
| ૧ | મહુધા | ૨૩ |
| ૨ | નડિયાદ | ૧૪ |
| ૩ | કઠલાલ | ૧૭ |
| ૪ | કપડવંજ | ૦૮ |
| ૫ | માતર | ૨૮ |
| ૬ | મહેમદાવાદ | ૩૨ |
| ૭ | ખેડા | ૨૪ |
| ૮ | ઠાસરા | ૩૮ |
| ૯ | વીરપુર | ૧૧ |
| ૧૦ | બાલાસિનોર | ૧૨ |
| | **કુલ** | **૨૦૭** |
| છેલ્લા એક વર્ષમાં જગ્યાઓ ખાલી પડેલ છે. | | |

(૨) આવી ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી વ્યવસ્થા કરી?

(૨) ચાલુ વર્ષની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી તમામ જગ્યાઓ ભરાઈ જશે.

-------------

### દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના બિસ્માર રસ્તાઓની મરામતની કામગીરી

૧૨૨૯૫**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રસ્તાઓ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રસ્તાઓની મરામત કામગીરી માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) આ બિસ્માર રસ્તાઓને મજબૂત કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧), (૨) અને (૩) રસ્તાઓને સમયાંતરે મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. આ રસ્તાઓને યોગ્ય સ્થિતિમાં રાખવા મરામત પાછળ બે વર્ષમાં રૂા. ૫૭.૫૦ લાખ ખર્ચ થયેલ છે. રસ્તાઓના મજબુતીકરણ રીસરફેસીંગ હેઠળ રૂા. ૪૮૮.૯૮ લાખના કામો પૂર્ણ કર્યા તથા રૂા. ૧૭૪ લાખના કામો મંજૂર કરેલ છે.

**ભરૂચ અને દહેજ માર્ગના ઉપર રેલ્વે ઓવર બ્રિજનું બાંધકામ**

૧૧૮૦૧**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ અને દહેજ માર્ગના ઉપર રેલ્વે ઓવરબ્રિજ બાંધકામ ન થવાના કારણે ઓદ્યોગિક વસાહત દહેજ જતા આવતા ટ્રાફીક્ને ભારે હાડમારીઓ વેઠવી પડે છે, તે હકિક્તથી સરકાર વાકેફ છે, (૨) જો હા, તો રેલ્વે ઓવર બ્રિજના બાંધકામ માટે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે, અને (૩) કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે? | (૧) (૨) અને (૩) આ માર્ગના કિ.મી. ૨૦૩ પર હયાત દ્વિ-માર્ગીય રેલ્વેબ્રિજ છે તથા કિ.મી. ૨૦૭ પર હાલ ટ્રેનનો કોઈ વ્યવહાર ન હોઈ, હાલ ટ્રાફિક હાડમારીનો કોઈ પ્રશ્ન નથી, તેમ છતાં સરકાર બંને સ્થળોએ ઓવરબ્રિજ બનાવવા ઈચ્છે છે જેનુ ટૂંક સમયમાં વહીવટી મંજૂરી આપવાનું આયોજન છે. સાથોસાથ આ માર્ગને છ માર્ગીય બનાવવાની સને ૨૦૧૦-૧૧ ના બજેટમાં દરખાસ્ત કરેલ છે. |

-------------

**આણંદ જિલ્લાના ગ્રામ પંચાયત હેઠળના તળાવોમાં માછીમારી માટે ભાડે આપવા બાબત**

૧૨૭૭૨**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયત હેઠળના તળાવો મત્સ્યોદ્યોગ વિભાગ ધ્વારા ટેન્ડરથી માછીમારી માટે ભાડે આપવામાં આવે છે, એ હકીક્ત સાચી છે, | (૧) હાજી. |
| (૨) જો હા, તો કેટલા સમય માટે ભાડે આપવાનો નિયમ છે, અને | (૨) પ્રથમ પાંચ વર્ષ માટે ભાડે આપવામાં આવે છે. ત્યારબાદ સમીક્ષા કરતાં સંતોષકારક જણાય તો બીજા પાંચ વર્ષ માટે ઈજારાની મુદ્દત વધારી આપવામાં આવે છે. |
| (૩) ખૂબ જ ઓછા ભાડાથી તળાવો અપાયા હોય તેવી ગ્રામ પંચાયતોને વ્યાજબી ભાડું સરકાર અપાવવા માગે છે? | (૩) ગ્રામ પંચાયત પાસેથી સંમતિ મેળવ્યા બાદ મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા મારફ્ત અપસેટ કિંમત નકકી કરવામાં આવે છે. ગ્રામ પંચાયતોને વ્યાજબી તળાવ ભાડુ મળી રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા દૈનિક સમાચારપત્રોમાં જાહેરાત આપી સ્પર્ધાત્મક ટેન્ડર મંગાવવામાં આવે છે અને ઉંચુ ટેન્ડર ભરનાર ઈસમને ભાડેથી આપવામાં આવે છે. આમ ઓછા ભાડાથી તળાવો અપાયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વડોદરા જિલ્લામાં ખેતીની જમીનમાં રહેણાંક, ઓદ્યોગિક અને કોમર્શીયલ બાંધકામ**

૧૨૨૯૯**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીની જમીનમાં બીનખેતી પરવાનગી લીધા વગર રહેઠાણ- કોમર્શીયલ અને ઓદ્યોગિક હેતુ માટે કેટલા બાંધકામ થયા, અને | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીની જમીનમાં બિનખેતી પરવાનગી લીધા વગર પરિશિષ્ઠ મુજબના કુલ ૧૧૫ બાંધકામ થયેલ છે. |
| (૨) આ અંગે સરકારે શું પગલાં લીધા? | (૨) આ અંગે સક્ષમ સત્તાઓએ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૬ હેઠળ કુલ ૧૧૫ કેસો પેકીના ૬૨ કેસોનો દંડનીય કાર્યવાહી કરી નિકાલ કરેલ છે. જ્યારે ૫૩ કેસોમાં દંડનીય કાર્યવાહી ચાલુ છે. |

**પરિશિષ્ટ**

**વડોદરા જિલ્લાની તાલુકાવાર એકત્રિત માહિતી**

વડોદરા જિલ્લામાં તાલુકાવાર-કલેક્ટરશ્રી, વડોદરાની કચેરીના અધિકાર ક્ષેત્રની "વુડા" તથા નગરપાલિકા વિસ્તારની કચેરીઓની તથા જિ.વિ. અધિકારીશ્રી, વડોદરા કચેરીની તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની

સંકલિત માહિતિ મુજબ, ખેતીની જમીનમાં બિનખેતી પરવાનગી લીધા વગર રહેઠાણ, કોમર્શીયલ અને ઓદ્યોગિક હેતુ માટે નીચે દર્શાવ્યા મુજબના કુલ ૧૧૫ ખેતીની જમીનમાં બિનખેતીની પરવાનગી વગર બાંધકામ થયેલ છે.

| અ.નં | તાલુકો | રહેઠાણ | કોમર્શીયલ | ઓદ્યોગિક | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩૫ | ૧૯ | ૮ | ૨ | ૬૪ |
| ૨ | સાવલી | ૨ | ૯ | ૬ | - | ૧૭ |
| ૩ | વાઘોડીયા | ૧ | ૨ | ૦ | ૦ | ૦૩ |
| ૪ | ડભોઇ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ |
| ૫ | સંખેડા | ૦ | ૦ | ૪ | ૦ | ૦૪ |
| ૬ | કરજણ | ૨ | ૧૬ | ૧ | ૦ | ૧૯ |
| ૭ | શિનોર | ૧ | ૦ | ૧ | ૦ | ૦૨ |
| ૮ | પાવીજેતપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૧ | ૦ | ૦૧ |
| ૧૦ | ક્વાંટ | ૦ | ૧ | ૦ | ૦ | ૦૧ |
| ૧૧ | પાદરા | ૧ | ૧ | ૧ | - | ૦૩ |
| ૧૨ | નસવાડી | ૦ | ૧ | ૦ | ૦ | ૦૧ |
| | કુલ : | ૪૨ | ૪૯ | ૨૨ | ૦૨ | ૧૧૫ |

ઉપરોક્ત શરતભંગના કેસો બાબતે સક્ષમ સત્તાઓએ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૬ હેઠળ કુલ ૧૧૫ પૈકીના ૬૨ કેસોનો દંડનીય કાર્યવાહી કરી નિકાલ કરેલ છે, જ્યારે ૫૩ કેસોમાં દંડનીય કાર્યવાહી ચાલુ છે.

-------------

**કારગીલ યુધ્ધ બાદ શહીદ થયેલા ગુજરાતના શુરવીર સૈનિકોની યાદમાં પ્રાથમિક શાળાના નામાભિધાન**

૧૨૩૮૦**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કારગીલ યુધ્ધ અને ત્યારબાદ શહીદ થયેલા ગુજરાતના શુરવીર સૈનિકોની યાદમાં આ વીર શહીદોએ જ્યાં પ્રાથમિક શિક્ષણ લીધું હોય તેવી તેમના વતનના ગામની પ્રાથમિક શાળા સાથે તેમનું નામાભિધાન કરવાની કામગીરી હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા શહીદોના નામે કેટલી ગામની પ્રાથમિક શાળા સાથે જોડી નામાભિધાન કરવામાં આવ્યું?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ૩૪ શહીદોના નામે ૩૪ ગામની પ્રાથમિક શાળા સાથે તથા તા. ૦૧-૦૧-૧૦ પછી ૧૬ શહીદોના નામે ૧૬ ગામની પ્રાથમિક શાળા સાથે પ્રાથમિક શાળાનું નામ જોડી નામાભિધાન કરવામાં આવેલ છે.

-------------

**કેન્દ્ર સરકાર સમક્ષ મોડેલ સ્કૂલો માટે દરખાસ્ત**

૧૨૦૩૨**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારે અંતરીયાળ વિસ્તાર પર્યંત શિક્ષણનો વ્યાપ વધે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ મોડેલ સ્કૂલો માટે દરખાસ્ત ક્યારે મોકલી,

(૨) મોકલેલ દરખાસ્ત પૈકી કેન્દ્ર સરકારે કેટલી મોડેલ સ્કૂલની મંજુરી ક્યારે આપી, અને

(૩) રાજ્ય સરકારે મોકલેલ દરખાસ્તમાં અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમની કેટલી મોડેલ સ્કૂલોની દરખાસ્ત કરેલ છે ?

**જવાબ**

(૧) (૧) તા. ૪-૮-૦૯ થી ૪૩
તા. ૭-૧૧-૦૯ થી ૨૦
તા. ૧૨-૧૧-૦૯ થી ૧૨

(૨) મંજુરી બાકી છે.

(૩) માધ્યમ નક્કી કરવા અંગેની બાબત વિચારણા હેઠળ છે.

**નવસારી જિલ્લામાં નોન પ્લાનના રસ્તાઓ**

૧૨૮૭૧**શ્રી આર.સી. પટેલ (જલાલપોર ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર પ્લાન તેમજ નોન પ્લાન રસ્તાઓ કેટલા છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર પ્લાન તેમજ નોન પ્લાન રસ્તાઓની લંબાઇ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | પ્લાન કિ.મી. | નોનપ્લાન કિ.મી. |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૨૦૬.૮૧ | ૧૧૧.૬૨ |
| ૨ | જલાલપોર | ૨૮૬.૦૧ | ૮૫.૮૯ |
| ૩ | ગણદેવી | ૨૩૧.૯૦ | ૧૬૪.૬૭ |
| ૪ | ચીખલી | ૫૩૫.૭૦ | ૩૨૦.૪૧ |
| ૫ | વાંસદા | ૪૫૪.૬૯ | ૨૬૦.૮૧ |

| | |
|---|---|
| (૨) હયાત નોન-પ્લાન રસ્તાને, ૨૦૧૦-૧૧ના વર્ષમાં પ્લાનમાં તબદીલ કરવાનું કોઈ આયોજન છે કે કેમ? | (૨) હાલમાં આયોજન નથી. |

-------------

**રાજ્ય સરકારે જમીન મહેસૂલ કાયદાની કલમ-૭૩ એએ ની નોંધો પાડવા બાબત**

૧૧૯૮૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે જમીન મહેસૂલ કાયદાની કલમ-૭૩ એએ ની નોંધો પાડવા માટેના આદેશો કરેલા છે તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં અમલ થયો નથી. | (૧) વડોદરા જિલ્લાના તમામ તાલુકામાં અમલ થયેલ છે. |
| (૨) અમલ ન કરવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મહેસૂલ વિભાગના તા. ૧૦-૧૧-૨૦૦૯ના પત્ર અન્વયે તા. ૧૫-૧-૨૦૧૦ સુધીમાં શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૩) રાઠવા-કોળી જાતિનો અનુસૂચિત જનજાતિ વર્ગ તરીકે સમાવેશ થયેલ ન હોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી. |

-------------

**જામનગર જિલ્લાના વિભાગના બાકી તુમારો**

૧૩૦૪૪**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી ઉપરના કેટલા તુમારો મહેસૂલ વિભાગ કક્ષાએ પડતર છે, | (૧) ૧. |
| (૨) આ પડતર તુમારોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે, અને | (૨) માન. નાણા મંત્રીશ્રીની સમિતીમાં નિર્ણય લેવાયા બાદ સદર બાબત માન. મંત્રીમંડળની બેઠકમાં રજૂ કરી નિર્ણય લેવાયા બાદ. |
| (૩) આ તુમારો પડતર હોવાના કારણો શાં છે? | (૩) માન. નાણામંત્રીશ્રીની સમિતીમાં નિર્ણય લેવાનો બાકી હોવાથી. |

-------------

**વલસાડ જિલ્લાના વાપીથી વાસદા સુધી રસ્તાને ફોરલેન કરવા બાબત**

૧૨૯૭૮**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપીથી ધરમપુર વાસદા સામળાજી રોડ ઈસ્ટર્ન સ્ટેટ હાઈવે નં. ૫ થી વાપીથી વાસદા સુધી ફોરલેન કરવા માટે સરકારે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી કરી, અને | (૧) વાપી થી વાસદા સુધી ફોરલેન કરવા માટે હાલમાં કોઈ આયોજન નથી. |
| (૨) વાપીથી ધરમપુર વાસદાથી સામળાજી રોડ પર ભારે ટ્રાફીકને ધ્યાને લઈ સરકાર સત્વરે આ કાર્યવાહી કરવા નાણાકીય ફાળવણી આગામી બજેટમાં કરવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**જામનગર જિલ્લામાં ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓ**

૧૨૬૪૩ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મહિલા અને બાલ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે, | (૧) ૭૬૨. |

| | |
|---|---|
| (૨) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તે આંગણવાડીઓના મકાનો સરકાર બાંધવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો વર્ષ ૨૦૧૦-૧૧માં કેટલા મકાનો બાંધવામાં આવનાર છે? | (૩) ૨૫૫. |

-------------

**આમરણ, જીવાપર અને કેરાળી માર્ગની સુધારાની કામગીરી**

૧૧૬૪૮**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) :** તા. ૨-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક-૭૨૩૬ (અગ્રતા ક્રમાંક-૧૦૮)ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના આમરણ-જીવાપર-કેરાળી રાજ્ય ધોરી માર્ગની સુધારણાની કામગીરી મંજૂર કરવાની પ્રક્રિયા સરકારની વિચારણા હેઠળ હતી તે હકીક્ત સાચી છે, અને<br>(૨) આ કામગીરી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૧) અને (૨)<br>હા, જી. કામગીરી વિચારણા હેઠળ હતી અને રૂા. ૪૫ લાખની મંજૂરી આપેલ છે. ટેન્ડર નક્કી થયે નિયત સમયમર્યાદામાં પુર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**વલસાડ જિલ્લામાં રાજદાટી ખાડી ઉપર પૂલ બાંધવા અંગે**

: ૧૨૬૪૮**શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાનાં સંજાણ-નારગોલ માર્ગ ઉપર રાજદાટી ખાડી ઉપર સરકાર પુલ બાંધવા માગે છે કે કેમ? | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૨) તા. ૨૪-૮-૦૯ થી શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) તે કામ માટે કેટલો ખર્ચ થનાર છે? | (૩) અંદાજે રૂા. ૫૮૫ લાખ. |

-------------

**સુરત અને તાપી જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તાઓ**

૧૧૯૫૦**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓમાં નાબાર્ડ યોજના હેઠળ કેટલા રસ્તાઓને મંજૂરી મળેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં ૫૮ કામો.<br>તાપી જિલ્લામાં ૭૯ કામો. |
| (૨) મંજૂર થયેલ રસ્તાઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) જેમ બને તેમ ઝડપથી પુર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**અમરેલી જિલ્લામાં ખેડૂતોને અકસ્માતના વીમા**

૧૨૯૬૪**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ અમરેલી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે, અને | (૧) ૧૩૩. |
| (૨) વર્ષવાર કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૦૮ માં રૂા. ૮૯/-લાખ, અને<br>વર્ષ ૨૦૦૯ માં રૂા. ૪૪/-લાખ<br>કુલ રૂા. ૧૩૩/-લાખ |

**દાહોદ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં બિયારણની કિટસ**

૧૨૯૩૯**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં કૃષિ મહોત્સવમાં કેટલા પ્રકારના બિયારણ કિટસ આપવામાં આવ્યા,

(૨) તે પેકી ક્યા તાલુકામાં ક્યા ક્યા લાભાર્થીઓને લાભ મળેલ છે, અને

(૩) તે બિયારણ કિટસ કઈ કઈ એજન્સી ધ્વારા વહેંચવામાં આવ્યા?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં કૃષિ મહોત્સવમાં મકાઈ, સોયાબીન, તુવર, અડદ, ભીંડા, દુધી, ગુવાર, ચોળી, અને મરચી પાક્ના બિયારણ કિટસ આપવામાં આવ્યા હતા.

(૨) દાહોદ જિલ્લામાં ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં કૃષિ મહોત્સવમાં તાલુકાવાર વિતરણ કરેલ કિટસનો લાભ નીચે મુજબના લાભાર્થીઓને મળેલ છે.

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓની વિગત | | | કુલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | અન્ય ખેડૂત | અનુ. જાતિ | અનુ.જન જાતિ | |
| ૧ | દાહોદ | ૫૪૯ | ૧૦૩ | ૧૬૪૮ | ૨૩૦૦ |
| ૨ | ગરબાડા | ૧૮૭ | ૮૦ | ૬૨૩ | ૮૯૦ |
| ૩ | ઝાલોદ | ૮૭૯ | ૧૦૦ | ૨૯૯૬ | ૩૯૭૫ |
| ૪ | ફતેપુરા | ૪૮૯ | ૧૦૪ | ૧૮૯૭ | ૨૪૯૦ |
| ૫ | લીમખેડા | ૧૪૫૯ | ૧૦૦ | ૨૧૬૦ | ૩૭૧૯ |
| ૬ | ધાનપુર | ૭૪૪ | ૧૦૯ | ૧૫૪૮ | ૨૪૦૧ |
| ૭ | દેવગઢ બારિયા | ૮૭૦ | ૧૦૦ | ૧૦૮૫ | ૨૦૫૫ |
| કુલ | | ૫૧૭૭ | ૬૯૬ | ૧૧૯૫૭ | ૧૭૮૩૦ |

(૩) બિયારણ કિટસ ગુજરાત રાજ્ય બિજ નિગમ લી. ગાંધીનગર દ્વારા તેયાર કરી વિતરણ કરવામાં આવ્યા હતા.

-------------

**જૂનાગઢ જિલ્લામાં મહેસૂલી સંવર્ગની ખાલી જ્ગ્યાઓ**

૧૨૮૮૬ **શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં મહેસૂલી સંવર્ગની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સન ૨૦૦૯-૧૦માં શું આયોજન છે?

**જવાબ**

(૧) ૪૨

(૨) સીધી ભરતીથી ભરવાની થતી જ્ગ્યાઓ માટે માગણાપત્રક મોક્લી આપવામાં આવેલ છે. તથા બઢતીથી ભરવાની થતી જ્ગ્યાઓ માટે ગુજરાત જાહેર સેવા આયોગને દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. બાકીની જ્ગ્યાઓ માટે ફાજલ સ્ટાફથી અથવા માગણાપત્રક મોક્લીને ભરવાની રહે છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં પશુ દવાખાના**

૧૨૭૫૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પશુપાલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાનાઓની સંખ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલી કેટલી જ્ગ્યાઓ છે, અને કેટલી જ્ગ્યાઓ સંવર્ગવાર કેટલા

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાઓની સંખ્યા **પત્રક-ક** માં જણાવ્યા મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજુર થયેલી જ્ગ્યાઓ અને જ્ગ્યાઓ સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે, તેની

સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માગે છે?

વિગતો **પત્રક-ખ** માં જણાવ્યા મુજબ છે.

(૩) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી

**પત્રક-ક**

| અ. નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૩ |
| ૨ | મોડાસા | ૨ |
| ૩ | ધનસુરા | ૨ |
| ૪ | પ્રાંતિજ | ૪ |
| ૫ | તલોદ | ૨ |
| ૬ | બાયડ | ૩ |
| ૭ | માલપુર | ૧ |
| ૮ | ઈડર | ૩ |
| ૯ | વડાલી | ૨ |
| ૧૦ | મેઘરજ | ૫ |
| ૧૧ | ખેડબ્રહ્મા | ૪ |
| ૧૨ | વિજયનગર | ૩ |
| ૧૩ | ભિલોડા | ૭ |
| | કુલ | ૪૧ |

**પત્રક-ખ**

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૪૧ | ૧૯ | ૨૨ |
| ૨ | ડ્રેસર વર્ગ-૪ | ૨૧ | ૧૭ | ૪ |
| ૩ | પટાવાળા/એટેન્ડન્ટ/વર્ગ-૪ | ૪૭ | ૨૨ | ૨૫ |

| અનુ. | તાલુકાનું નામ | પશુ દવાખાનાનું સ્થળ | કઈ તારીખથી ખાલી છે. | | |
|---|---|---|---|---|---|
| | | | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ડ્રેસર વર્ગ-૪ | પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ-૪ |
| ૧ | હિંમતનગર | હિંમતનગર | -- | -- | ૦૧-૧૨-૨૦૦૭ |
| ૨ | હિંમતનગર | ગાંભોઈ | ૨૫-૧૨-૨૦૦૮ | -- | -- |
| ૩ | હિંમતનગર | ઈલોલ | ૨૮-૦૨-૨૦૦૬ | -- | ૦૧-૦૪-૨૦૦૬ |
| ૪ | મોડાસા | મોડાસા | -- | -- | ૦૧-૦૨-૨૦૦૨ |
| ૫ | મોડાસા | મેઢાસણ | ૧૮-૦૧-૨૦૦૮ | -- | -- |
| ૬ | ધનસુરા | ધનસુરા | -- | -- | -- |
| ૭ | ધનસુરા | આકરૂન્દ | -- | -- | -- |
| ૮ | પ્રાંતિજ | પ્રાંતિજ | -- | -- | ૦૧-૦૭-૨૦૦૦ તથા ૦૭-૦૬-૨૦૦૬ |
| ૯ | પ્રાંતિજ | ઘડી | ૨૧-૦૮-૨૦૦૯ | -- | -- |
| ૧૦ | પ્રાંતિજ | સોનાસણ | ૩૦-૦૯-૨૦૦૯ | -- | ૦૧-૦૩-૨૦૦૯ |
| ૧૧ | પ્રાંતિજ | તખતગઢ | -- | -- | -- |
| ૧૨ | તલોદ | તલોદ | -- | -- | -- |
| ૧૩ | તલોદ | પુંસરી | ૨૭-૦૨-૨૦૦૯ | -- | ૦૧-૦૯-૨૦૦૯ |
| ૧૪ | બાયડ | બાયડ | ૦૧-૦૮-૨૦૦૯ | -- | -- |
| ૧૫ | બાયડ | ગાબટ | ૦૨-૦૮-૨૦૦૭ | -- | -- |
| ૧૬ | બાયડ | સાઠંબા | -- | -- | -- |
| ૧૭ | માલપુર | માલપુર | -- | -- | ૦૧-૧૨-૧૯૯૮ |
| ૧૮ | ઈડર | ઈડર | -- | -- | ૩૦-૦૬-૨૦૦૦ તથા ૩૦-૦૪-૨૦૦૯ |
| ૧૯ | ઈડર | જાદર | ૧૯-૦૭-૨૦૦૯ | -- | ૧૮-૦૭-૨૦૦૮ |
| ૨૦ | ઈડર | ચિત્રોડા | -- | -- | ૦૧-૦૮-૨૦૦૮ |
| ૨૧ | વડાલી | વડાલી | -- | -- | -- |
| ૨૨ | વડાલી | ડોભાડા | ૧૮-૦૮-૨૦૦૮ | -- | ૦૧-૦૮-૨૦૦૮ |
| ૨૩ | મેઘરજ | મેઘરજ | ૧૭-૧૨-૨૦૦૮ | -- | ૦૧-૦૭-૨૦૦૦ |
| ૨૪ | મેઘરજ | રેલ્લાવાડા | ૨૨-૦૮-૨૦૦૯ | ૦૧-૦૪-૨૦૦૬ | -- |
| ૨૫ | મેઘરજ | કાલીયાકુવા | ૨૫-૦૬-૨૦૦૯ | -- | ૦૧-૦૯-૨૦૦૯ |
| ૨૬ | મેઘરજ | ક્સાણા | -- | -- | -- |
| ૨૭ | મેઘરજ | રામગઢી | -- | ૦૧-૦૪-૨૦૦૬ | -- |
| ૨૮ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા | -- | -- | ૩૧-૦૩-૧૯૯૪ |
| ૨૯ | ખેડબ્રહ્મા | પોશીના | -- | -- | ૦૩-૦૬-૨૦૦૦ |
| ૩૦ | ખેડબ્રહ્મા | ખેરોજ | ૧૧-૦૯-૨૦૦૭ | -- | -- |
| ૩૧ | ખેડબ્રહ્મા | લક્ષ્મીપુરા | -- | -- | ૦૧-૦૮-૨૦૦૮ |
| ૩૨ | વિજયનગર | વિજયનગર | ૦૧-૧૧-૨૦૦૯ | -- | ૦૧-૦૮-૨૦૦૧ તથા ૦૧-૦૪-૨૦૦૨ |
| ૩૩ | વિજયનગર | ચિઠોડા | ૦૧--૦૮-૨૦૦૬ | -- | ૦૧-૧૨-૧૯૯૮ |
| ૩૪ | વિજયનગર | આંતરસુમ્બા | ૧૮-૦૧-૨૦૦૮ | ૧૭-૧૨-૨૦૦૭ | -- |
| ૩૫ | ભિલોડા | ભિલોડા | -- | | ૦૧-૧૨-૧૯૯૭ |

| અનુ. | તાલુકાનું નામ | પશુ દવાખાનાનું સ્થળ | કઈ તારીખથી ખાલી છે. | | |
|---|---|---|---|---|---|
| | | | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ડ્રેસર વર્ગ-૪ | પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ-૪ |
| ૩૬ | ભિલોડા | શામળાજી | -- | ૦૧-૦૪-૨૦૦૬ | -- |
| ૩૭ | ભિલોડા | ખેરાડી | ૦૫-૦૬-૨૦૦૯ | -- | ૦૧-૦૯-૨૦૦૯ |
| ૩૮ | ભિલોડા | મઉ | ૦૫-૦૬-૨૦૦૯ | -- | ૦૧-૦૯-૨૦૦૯ |
| ૩૯ | ભિલોડા | રાજેન્દ્રનગર | ૦૫-૦૬-૨૦૦૯ | -- | ૦૧-૦૯-૨૦૦૯ |
| ૪૦ | ભિલોડા | ટોરડા | ૨૨-૦૬-૨૦૦૭ | -- | -- |
| ૪૧ | ભિલોડા | લુસડીયા | ૨૧-૫-૨૦૦૬ | -- | -- |
| | | કુલ | ૨૨ | ૪ | ૨૫ |

-------------

## મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં જર્જરીત વિશ્રામગૃહો

૧૨૩૭૭**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં આવેલ સરકાર હસ્તકના આરામગૃહો જર્જરીત અવસ્થામાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો માલપુર ખાતે આવેલ વિશ્રામગૃહનું રીપેરીંગ કામ કરવા માંગે છે કે કેમ,

(૩) જો હા, તો આ કામગીરી કેટલા સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે અને તેના માટે કેટલા નાણા ફાળવવામાં આવેલ છે, અને

(૪) આ વિશ્રામગૃહોને રીપેરીંગ કામ કરવા માંગો છો કે કેમ?

**જવાબ**

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓની મરામત કામગીરી પાછળ થયેલ ખર્ચ

૧૩૦૪૦**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આવી મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં જ રસ્તાઓ તૂટી ગયા હોય તેવા કેટલા રસ્તાઓ તાલુકાવાર છે, અને

(૩) આ રસ્તાઓ તૂટી જવાના કારણો શા છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની મરામત પાછળ થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૮-૦૯ તથા વર્ષ ૨૦૦૯-૧૦ હેઠળ થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૬૫૬.૭૦ |
| ૨ | પ્રાંતિજ | ૪૪૩.૯૧ |
| ૩ | તલોદ | ૧૨૫.૯૫ |
| ૪ | ઈડર | ૩૦૬.૩૧ |
| ૫ | ખેડબ્રહ્મા | ૫૧૯.૬૨ |
| ૬ | વડાલી | ૧૯૬.૩૭ |
| ૭ | ભિલોડા | ૩૩૫.૩૮ |
| ૮ | વિજ્યનગર | ૫૮.૩૮ |
| ૯ | મોડાસા | ૬૦૮.૯૬ |
| ૧૦ | મેઘરજ | ૫૬.૧૬ |
| ૧૧ | બાયડ | ૮૫૨.૭૪ |
| ૧૨ | ધનસુરા | ૧૭૮.૬૯ |
| ૧૩ | માલપુર | ૧૭૬.૮૮ |
| | કુલ | ૪૫૧૬.૦૫ |

(૨) ખાસ મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં કોઈ રસ્તાઓ તૂટી ગયા નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જૂનાગઢ જિલ્લાના કોડીનાર ખાતે આવેલ શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળીમાં વહીવટદારની નિમણૂંક**

૧૨૦૩૫**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર ખાતે આવેલ શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લિ. ની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મુદત તા. ૨૫-૧-૨૦૧૦ના રોજ પૂર્ણ થયેલ છે તે હકીક્ત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મુદત પૂર્ણ થયેલ હોય તો નિયમ/કાયદા મુજબ જ્યાં સુધી નવું બોર્ડ અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી વહીવટદારની નિમણૂંક કરવાની થાય  કે કેમ, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો વહીવટદારની નિમણૂંક કરવા માંગો છો કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો ક્યારે વહીવટદારની નિમણૂંક કરવા માંગો છો? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદને કારણે પશુઓ માટે ઘાસચારાની સમસ્યા**

૧૨૨૯૬ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદને કારણે પશુઓ માટે ઘાસચારાની સમસ્યા ઊભી થઈ છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) દાહોદ જિલ્લામાં અપૂરતો વરસાદ થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો સરકાર ધ્વારા આ પશુધનને બચાવવા માટે શી વ્યવસ્થાઓ કરવામાં આવી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

# શોકદર્શક ઉલ્લેખો

## ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલ શ્રીમતી શારદાબેન મુખર્જીના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલ શ્રીમતી શારદાબેન મુખર્જીનું તારીખ ચોથી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રીમતી મુખર્જીનો જન્મ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૧૯ના રોજ મુંબઈ મુકામે થયો હતો. તેઓશ્રીએ અર્થશાસ્ત્રના વિષય સાથે બી.એ. (ઓનર્સ) તથા કાયદાનો અભ્યાસ મુંબઈ મુકામે કર્યો હતો.

સ્વર્ગસ્થ શ્રીમતી મુખર્જી સન ૧૯૬૨ અને ૧૯૬૭માં લોકસભાના સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. સંસદસભ્ય તરીકે તેઓશ્રીએ નેશનલ શીપીંગ બોર્ડ, સંરક્ષણ મંત્રાલયની પરામર્શ સમિતિ જેવી અનેક મહત્વની સમિતિઓમાં કામ કર્યુ હતું. તેઓશ્રીએ નાની બચત સલાહકાર મંડળના અધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓશ્રી વર્ષો સુધી સમાજ સેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યાં હતા. અને ચેથાયર હોમ્સ ઈન્ડિયા સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓશ્રી ભારતીય વિમાની દળના બેનીવોલન્ટ એસોસિએશનની કાર્યવાહી સમિતિના સભ્ય હતા. તેઓશ્રી વહીવટી સુધારણા પંચના આયોજન અને સંરક્ષણ બાબતો અંગેના અભ્યાસ જૂથોના પણ સભ્ય હતા. તેઓશ્રીએ તા. ૫મી મે, ૧૯૭૭થી આંધ્રપ્રદેશના રાજયપાલ તરીકે યાદગાર અને બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

દેશના પ્રથમ એર ચીફ માર્શલ સ્વર્ગસ્થશ્રી સુબ્રતો મુખર્જીના પત્નિ સ્વર્ગસ્થ શ્રીમતી મુખર્જીએ તા. ૧૪મી ઓગસ્ટ, ૧૯૭૮થી તા. ૫મી ઓગસ્ટ, ૧૯૮૩ સુધી ગુજરાતના રાજયપાલ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ગુજરાતના કાર્યકાળ દરમ્યાન રાજયમાં વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ સાથે તેઓશ્રી ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. તેઓશ્રીએ ભારતીય રેડક્રોસ સોસાયટીની ગુજરાત પ્રદેશ શાખા, ગુજરાત કેન્સર સોસાયટી, સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસોસિએશન, હિન્દ કુષ્ટ નિવારણ સંઘ, જવાન કલ્યાણ કેન્દ્ર અને હિમાવન સમાજ કલ્યાણ કેન્દ્રના

પ્રમુખ તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ ફેબ્રુઆરી, ૧૯૭૯ "સેવા" સંસ્થાના ઉપક્રમે "વિકાસમાં સહભાગી થાઓ" એ વિષય ઉપર પરિષદનું આયોજન કર્યુ હતું. તેઓશ્રીએ ગુજરાતના સાંસ્કૃતિક ક્ષેત્રોની અનેક પ્રવૃત્તિઓમાં રસ લઈ ગુજરાતના જનજીવનને પ્રેરણા આપી હતી.

સ્વર્ગસ્થ શ્રીમતી મુખર્જી અર્થકારણ, ફિલસુફી, સંસ્કૃત સાહિત્ય અને સંરક્ષણને લગતી બાબતો પ્રત્યે સવિશેષ અભિરૂચિ ધરાવતા હતા તેમજ રમતગમત, સંગીત અને વાંચનમાં પણ તેઓને રસ હતો.

સ્વર્ગસ્થ શ્રીમતી મુખર્જીએ યુરોપ, અમેરિકા, પશ્ચિમ એશિયા અને ઈન્ડોનેશિયા જેવા અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો. અને પશ્ચિમ જર્મની, યુ.કે. તથા સેનેગલ ખાતે ગયેલા ભારતીય સંસદીય પ્રતિનિધિ મંડળનું તેમણે નેતૃત્વ કર્યુ હતું. તેઓશ્રીએ સોવિયેટ સંઘ તથા આઉટર મોંગોલિયા વગેરે દેશોમાં પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે પણ પ્રવાસ કર્યો હતો.

સ્વર્ગસ્થ શ્રીમતી મુખર્જીના અવસાનથી માત્ર ગુજરાતને જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રને એક ઉમદા સમાજ સેવકની ખોટ પડી છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા આપણા પુર્વ રાજયપાલ સ્વર્ગસ્થ શ્રીમતી શારદાબેન મુખર્જીના અવસાન અંગે જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે તેમાં હું અને મારા પક્ષના સભ્યશ્રીઓ સૂર પૂરાવીએ છીએ.

સ્વર્ગસ્થ શ્રીમતી શારદાબેન મુખર્જી સાથે એક વિદ્યાર્થી નેતા તરીકે તેમના માનનીય રાજયપાલશ્રીના કાર્યકાળ દરમ્યાન અનેક વખત મળવાનું થયું હતું. એક જાજરમાન વ્યકિતત્વ અને બહુલક્ષી પ્રતિભા ધરાવતા એક ઉમદા લોકસેવક આપણી વચ્ચેથી વિદાય થયા છે. તેમના પરિવારજનો ઉપર આવી પડેલ દુ:ખને સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે એ જ શબ્દો સાથે હું શોકાંજલિ અર્પણ કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયા પૂર્વ રાજયપાલ શ્રીમતી શારદાબેન મુખર્જીના તા. ૪ થી ફેબૂંઆરી, ૨૦૧૦ ના રોજ થયેલ દુ:ખદ અવસાન અંગે ગૃહના માનનીય નેતાશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે મહિલા સશકિતકરણની વાતો કરીએ છીએ ત્યારે નોંધ લેવી જોઈએ કે શ્રીમતી શારદાબેન મુખર્જી એ ગુજરાતનાં પ્રથમ મહિલા રાજયપાલશ્રી હતાં. ગુજરાતનું પાટનગર ગાંધીનગર બન્યું અને મહામહિમ રાજયપાલશ્રીનું સત્તાવાર નિવાસસ્થાન ગાંધીનગર ખસેડાયું ત્યારે ગુજરાતના રાજયપાલશ્રી તરીકે ગાંધીનગર ખાતે વસવાટ કરનાર શ્રમતી શારદાબેન મુખર્જી પ્રથમ રાજયપાલશ્રી હતાં. આ રાજયનાં મહામહિમ રાજયપાલશ્રીઓ ભારતીય રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત કેન્સર સોસાયટી તેમજ સેન્ટ જ્હોન એમ્બ્યુલન્સ એસોસિએશનનું પ્રમુખપદ શોભાવે છે. રાજયના આરોગ્ય મંત્રીશ્રી તરીકે સંબંધિત મંત્રીશ્રીએ એમના માર્ગદર્શન નીચે કામ કરવાનું હોય છે. એ નાતે અમારી આ ત્રણ સંસ્થાઓના પ્રમુખ તરીકે શ્રીમતી શારદાબેન મુખર્જીએ સ્થાન શોભાવ્યું હતું. આ સંસ્થા વતી તેમજ મારી અંગત હેસિયતથી તેમજ મારા મંત્રીમંડળના મંત્રીશ્રીઓ વતી સ્વ. શારદાબેન મુખર્જીને શ્રધ્ધાંજલિ આપું છું. મારી માહિતી મુજબ જયારે આપણી સુવર્ણ જયંતિની ઉજવણી નિમિત્તે આપણે પૂર્વ રાજયપાલશ્રી તરીકે તેમને પણ પત્ર લખ્યો હતો અને આ પત્ર વાંચી શ્રીમતી શારદાબેન મુખર્જીએ ગુજરાતની પ્રગતિ બાબત સંતોષ વ્યકત કરી તેના ભાવિ માટે શુભેચ્છા પાઠવવા તેમના સુપુત્રને સૂચના આપી હતી અને એ કદાચ તેમના વતી લખેલો છેલ્લો સંદેશો હતો. શ્રી સંજીવ મુખર્જી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલો તા. ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના પત્રમાં તેમણે લખ્યું હતું કે

Quote:

My mother, Smt. Sharda Mukharjee had given me a message for you 3 days before she passed away on Thursday, the 4th February. Gujarat has done well under your leadership. May it continue to do so.

Unquote:

આમ જીવનની આખરી ક્ષણોમાં પણ ગુજરાતની પ્રગતિ અને ગુજરાતના ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છા વ્યકત કરતો સંદેશો પાઠવ્યો એ ગુજરાત માટે તેમને કેટલી ઉંડી લાગણી હતી એનું ઉદાહરણ છે. આવા સૌજન્યશીલ અને ગુજરાત માટે અંતરની લાગણી ધરાવતાં આપણા પૂર્વ રાજયપાલશ્રીના અવસાનથી સમગ્ર રાજયને એક શુભેચ્છક અને હિતચિંતકની ખોટ પડી છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ અને આપશ્રી થકી સ્વ.ના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલ સ્વ. શ્રમતી શારદાબેન મુખર્જીના અવસાન અંગેનો શોકદર્શક પ્રસ્તાવ ગૃહના માનનીય નેતાશ્રી લઈને આવ્યા છે અને તેને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે તેમાં હું પણ મારો સૂર પૂરાવં છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌરવવંતા આ નારી રત્ન શ્રીમતી શારદાબેન મુખર્જી કચ્છની મુલાકાતે આવેલાં હતાં. એ ગર્વનરપદે હતાં ત્યારે તેમને મળવાનું થયું હતું. આ ગૌરવવંતા રાજયપાલશ્રી પ્રથમ મહિલા રાજયપાલશ્રી હતાં અને કલાકારીગીરીનાં ચાહક હતાં. કચ્છની એમની મુલાકાત વખતે કચ્છની આજુબાજુમાં આવેલ કલાકારીગરોનો મળવાનો પણ તેમણે અવસર લીધો હતો અને એ કરતાં પણ એર ચીફ માર્શલ સ્વ.શ્રી સુબ્રતો મુખર્જી એમના પતિ એ પણ એર ચીફ માર્શલ હતા અને તેમનું જાપાનમાં અવસાન થયું હતું. આ ગુજરાત સાથે તેમના તાણાવાણા રહ્યા હતા અને શારદા મુખર્જીનો એ પછી પણ ગુજરાત સાથે જીવંત સંપર્ક રહ્યો હતો. તેમના પરિચયમાં આવેલ ઘણા લોકો એમના સંભારણાને યાદ કરે છે. એ રીતે હું પણ એમના સંભારણાની યાદ તાજી કરીને તેમના અવસાન બદલ જે શોકપ્રસ્તાવ લાવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના નેતાશ્રી પૂર્વ રાજયપાલશ્રી સ્વ. શારદાબેન મુખર્જીના દુ:ખદ અવાસન અંગેનો સંદેશો આપતો શોક પ્રસ્તાવ ઉલ્લેખ લઈને આવ્યા છે જે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે, રાજયના આરોગ્ય મંત્રીશ્રીએ એમના માટે જે ઉલ્લેખ કર્યો અને શ્રી બાબુભાઈ શાહે પણ જેઉલ્લેખ કર્યો એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

મને એક ધારાસભ્ય તરીકે તેમની સાથે તેમના કાર્યકાળ દરમ્યાન મળવાનું થતું હતું. તેમના વ્યકિતગત જીવનમાં રાષ્ટ્રની સુરક્ષા માટેના કાર્યમાં એ ખૂબ જ સક્રિય હતાં.અહીં આવીને પણ ગુજરાતના પૂર્વ સૈનિક કલ્યાણ કાર્યમાં પણ એમનું ખૂબ મોટું માર્ગદર્શન હતું. કેન્સર સોસાયટીના ચેર પર્સન તરીકે એમણે નેતૃત્વ લીધું હતું. ગુજરાતની કેન્સર સોસાયટીના વિકાસ માટે અને અન્ય આરોગ્યલક્ષી સંસ્થાઓ સાથે તેઓ જોડાયા હતા. પણ સૌથી મહત્વનું એમણે જો કોઈ કાર્ય કર્યુ હોય તો તે ગુજરાતની મહિલાઓના ઉત્કર્ષનું કામ કરતી સંસ્થાઓને એમણે માર્ગદર્શન આપ્યું હતું. અને તેનું નેતૃત્વ કર્યુ હતું. અને એવી સંસ્થાઓમાં કામ કરતા કાર્યકર્તાઓને રાજભવનમાં બોલાવી અને મહા પરિષદનું પણ એમણે આયોજન કર્યુ હતું. આવા ગુજરાતના પૂર્વ રાજયપાલ અને પ્રથમ મહિલા રાજયપાલશ્રીએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે ત્યારે હું તેમને શોકાંજલિ અર્પું છું. અને આપણે તેમના માનમાં બે મિનિટનું મૌન પાળીશું.

(બે મિનિટનું મૌન)

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની આ લાગણી સ્વર્ગસ્થના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ઘ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### સરદાર સુગર કો ઓ. ઈન્ડસ્ટ્રીઝના ભ્રષ્ટાચાર માટેના કસૂરવાર સામે પગલાં ભરવા અંગે

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સહકાર મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

"વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના લઢોદ ગામે આવેલ સરદાર સુગર કો.ઓ.ઈન્ડસ્ટ્રીના વહીવટદારોએ આચરેલ વ્યાપક ભ્રષ્ટાચારને કારણે કરોડોના દેવા તળે દબાયેલી આ સુગર ઈન્ડસ્ટ્રીની કરોડોની મિલકતોનું ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લી. દ્વારા ઘણી ઓછી કિંમતે હરાજીમાં વેચાણ થનાર છે, જેના કારણે અસંખ્ય નાના, સીમાંત અને મોટા ખેડૂતોએ રોકેલ કરોડો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. તો તેમાંથી આ ખેડૂતોને બચાવવા અને આ સુગર ઈન્ડસ્ટ્રીમાં ગેરવહીવટ, ભ્રષ્ટાચાર આચરી કરોડોનું આર્થિક નુકસાન કરાવનારા કસૂરવારો સામે સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં."

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સરદાર સુગર, લઢોદ, તા. સંખેડા, જિ. વડોદરાની નોંધણી સહકારી કાયદા અન્વયે તા. ૧૨-૧૦-૯૪થી થયેલ છે. આ સંસ્થામાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ કુલ ૧૭૦૮૦ ની સભાસદ સંખ્યા છે. આ સંસ્થાની દૈનિક પીલાણ ક્ષમતા ૨૫૦ ટી.સી.ડી.ની છે. આ સંસ્થાએ તેની પીલાણની કામગીરીની શરુઆત તા. ૩૧-૧૨-૯૯થી શરૂ કરેલ.

સરદાર સુગર કો.ઓ. ઈન્ડસ્ટ્રીઝ, લઢોદને જે તે સમયે ફેકટરી શરૂ કરવા માટે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લી. અમદાવાદે કોન્સોટીયમ વ્યવસ્થા હેઠળ ૧૯૯૯ માં રૂા. ૨૫૪૦ લાખની ટર્મ લોન મિલકતોના તારણ સામે પૂરી પાડેલ હતી. જે તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં વ્યાજ સહિત બાકી પડે છે. સરદાર સુગર આ ટર્મ લોનના લેણા ચૂકવવામાં નિષ્ફળ જતા અને આ લેણા ઓરવડયુ અને એન.પી.એ. થતા આ બેંકં સરદાર સુગરની સ્થાવર અને જંગમ મિલકતો ધી સીકુટરાઈજેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલએસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ (સરફેસીઈ) એકટ-૨૦૦૨ અંતર્ગત તા. ૧-૧-૨૦૧૦ ના રોજ જપ્ત કરેલ છે.

આ જપ્ત કરેલ મિલકતોના વેચાણ અર્થેની ટેન્ડરો મંગાવવા અંગેની જાહેરાત બેંકે તારીખ ૧૧-૦૨-
૨૦૧૦ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયા વર્તમાનપત્રમાં તથા તા. ૧૨-૦૨-૨૦૧૦ના ગુજરાત મિત્ર વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરેલ. જેની મુદત તા. ૧૫-૦૩-૨૦૧૦ સુધી બેન્કે પુન: જાહેરાત આપી લંબાવેલ છે.આમ વર્તમાનપત્રમાં જાહેરાત

આપી ટેન્ડર પ્રક્રિયા દ્વારા વેચાણ પ્રક્રિયા હાથ ધરેલ છે ત્યારે ઘણી ઓછી કિંમતે હરાજીમાં વેચાણ થનાર છે એમ કહેવું કસમયનું અને માત્ર અનુમાન આધારિત છે. આમ છતાં વેચાણ પ્રક્રિયા પારદર્શક રીતે થાય તે માટે સરકારશ્રી દ્વારા કાયદા/નિયમોની જોગવાઈઓને આધિન જરૂરી કાળજી લેવામાં આવશે.

શ્રી વડોદરાસુગર, ગંધારામાં ચૂંટણી થતાં નવું બોર્ડ તા. ૧૪-૭-૨૦૦૮થી અસ્તિત્વમાં આવતા અને આ સમય દરમ્યાન શ્રી સરદાર સુગર, લઢોદનો વહીવટ વડોદરા સુગર હસ્તક હોવાથી શ્રી સરદાર સુગર, લઢોદની તા. ૧૪-૭-૨૦૦૮ની વ્યવસ્થાપક સમિતિના ઠરાવ નં. ૧૬(૧) થી રી. ઓડિટ માટે રજૂઆત કરેલ.

આ સંસ્થાનું વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭નું રી ઓડિટ તેમજ વર્ષ ૨૦૦૭-૦૮નું વૈદ્યાનિક ઓડિટ પણ ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી દ્વારા કરાવતાં, ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી તરફથી રી ઓડિટ અને ઓડિટ દરમ્યાન જણાયેલ ગંભીર અનિયમિતતા અને નાણાકીય ઉચાપત અંગેના ખાસ અહેવાલો થતાં આ સંસ્થાના જે તે સમયના જવાબદાર હોદેદારો, અધિકારીઓ કર્મચારીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમો અન્વયે તેઓની સામે ફોજદારી કાર્યવાહી કરવા તથા સંસ્થાને થયેલ નાણાકીય નુકસાન માટે સંસ્થાના જવાબદાર હોદેદારો, અધિકારીઓ, કર્મચારીઓ પાસેથી વસૂલાત માટે સહકારી કાયદાની કલમ-૯૬ અને ૯૩ હેઠળની કાર્યવાહી કરવા ભલામણ કરેલ.

શ્રી સરદાર સુગર, લઢોદના રી ઓડિટ તથા ઓડિટ દરમ્યાન જણાયેલ ગંભીર ખામીઓ બાબતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી તરફથી કરવામાં આવેલ ખાસ અહેવાલ ભલામણોને આધારે બોડેલી પોલીસ સ્ટેશનમાંસરદાર સુગર, લઢોદના જવાબદાર હોદેદારો/અધિકારીઓ/કર્મચારીઓસામે ગુન્હા રજીસ્ટર નં. આઈ-૭૫/૨૦૦૯ તા. ૨૦-૧૦-૨૦૦૯ થી જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, વડોદરા દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવું છે કે વડોદરા જિલ્લાના પૂર્વ પટ્ટીના પાંચ જેટલા આદિવાસી તાલુકાઓ માટે કોઈ ઉદ્યોગો નથી, વર્ષોથી એ લોકો કેળા, ટામેટા અને કપાસની ખેતી કરે છે. તેના ઓલ્ટરનેટીવ માટે ખેતીની આવકમાં તેને વધારે આવક થાય તેવા શુભ આશયથી ૧૯૯૪માં આ લઢોદ સુગર ફેકટરીની સ્થાપના કરવામાં આવી હતી જેમાં ૧૭૦૮૦ જેટલા ખેડૂતો થકી આની સ્થાપના થયેલી. માનનીય સનતભાઈ મહેતા પ્રથમ ચેરમેન હતા તે વખતે ૪૮ કરોડ રૂપિયા સનતભાઈને સરકારે આપેલા. આખું કારખાનું તૈયાર કરીને બે કરોડ રૂપિયા વધ્યા તે ગુજરાત સરકારમાં ફરી જમા કરાવી દીધા હતા. ૧૯૯૮-૯૯ માં શેરડીનું ઉત્પાદન શરુ થયું. ૨૦૦૧-૦૨માં સનતભાઈને કાઢયા તે વખતે બે લાખ બોરી ખાંડ જે તે બોર્ડને આપેલી જે નવું બોર્ડ થયું તેને આપેલી.બે લાખ બોરી ખાંડ એ વખતે તેઓએ બીજું જે બોર્ડ બન્યું એને આપેલી. આ બોર્ડે ગેરવહીવટ કરવાને કારણે લગભગ ૧૧ કરોડ ૬૨ લાખ રૂપિયા જેવી શેરડીની રકમ ખેડૂતોને ચૂકવવાના પણ બાકી છે. એ રીતે શેર ભંડોળ ૯ કરોડ ૭૨ લાખ, થાપણો ૧૦ કરોડ ૬૦ લાખ અને ૧૧ કરોડ ૬૨ લાખ જેવી શેરડીની રકમ એટલે ૩૧ કરોડ ૯૪ લાખ રૂપિયા જેવી ખેડૂતોની રકમ છે. અને એ ઉપરાંત ૬૮ કરોડ જેવી રકમ સ્ટેટ કો.ઓ. બેંકની છે એમણે હરાજી કરવાની તારીખ લગભગ ૧૫મી નક્કી કરી છે.

આ અમારો ટ્રાયબલ વિસ્તાર છે. છોટાઉદેપુર, પાવી જેતપુર, નસવાડી અને સંખેડા આ બધા જ વિસ્તારના આદિવાસી સભાસદો માટે આ એક આશાનું કિરણ છે એટલા માટે આ જે લઢોદ સુગર ફેકટરીની પોલીસ ફરિયાદ પણ પોલીસ સ્ટેશનમાં થઈ ગઈ છે. નવ કરોડ રૂપિયા જેવી ઉચાપત કરવામાં આવી છે. કુલ ૨૯ જણા સામે ફરિયાદ થઈ છે એમાંથી ચાર માણસો પકડાયા છે, બાકીના પકડાયા નથી. મારે તો યેનકેન પ્રકારે આ શેરડીનું કારખાનું ખેડૂતોના હિતમાં ચાલુ રહે તેવું કરવા માનનીય મંત્રીશ્રી શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં આ સુગર ફેકટરીની સ્થાપના ખેડૂતો માટે આશિર્વાદ સમાન હતી અને આખા જિલ્લાના કૃષિ અર્થતંત્રને એક દિશા આપવાના સ્વપ્ના સાથે આ સુગર ફેકટરીની સ્થાપના કરવામાં આવી હતી. ખેડૂતોએ પોતે પૈસા ભેગા કર્યા, સરકારે મદદ કરી, લોન લીધી અને આ ફેકટરી અસ્તિત્વમાં આવી. પહેલા ત્રણ-ચાર વર્ષ તો સારી રીતે ફેકટરી ચાલી પણ ૨૦૦૨ પછી જે બોર્ડ નીમવામાં આવ્યું એમાં મોટી માત્રામાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયો અને પરિણામે આજની સ્થિતિએ આવીને ઊભા છીએ. આપના થકી માનનીય મંત્રીશ્રીને ત્રણ સવાલ પૂછવા માગું છું.

ઑડિટરે રિપોર્ટ આપેલો છે. રિપોર્ટમાં ગંભીર ગેરરીતિ દર્શાવેલ છે. ૨૯ સામે એફ.આઈ.આર. થયેલ છે એમાંથી માત્ર ચાર સામે કાર્યવાહી થઈ છે. બાકીના લોકો સામે કાર્યવાહી કરીને ગેરરીતિ કરેલ રકમની વસૂલાત કરવા માટે કોઈ કાર્યવાહી મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ?

આમાં ખેડૂતોના પૈસા છે, સરકારી ભંડોળ, ડિપોઝિટ અને છેલ્લા વરસના શેરડીના પૈસા ૧૧ કરોડ ૬૨ લાખ ખેડૂતોને આપવાના બાકી છે અને જો ફેકટરી બંધ કરી દેવામાં આવશે જે રીતે ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવે બેંકે જાહેરાત આપી છે, એ બંધ કરી દેવામાં આવે તો ખેડૂતોના મોટા પાયા પર પૈસા ડૂબમાં જાય તેમ છે તો સરકાર એમને રક્ષણ આપવા માગે છે કે કેમ?

ભરૂચમાં આવો સવાલ ઊભો થયો હતો ત્યારે અનેક કો.ઓ. સંસ્થાઓને સોંપીને ખોટમાં જતી ફેક્ટરીને ખરીદવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ કેસમાં અન્ય સુગર ફેક્ટરીને સોંપીને આ ફેક્ટરીને બચાવવાનો સરકાર પ્રયત્ન કરવા માગે છે કે કેમ?

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : સન ૨૦૦૯ના દિવસે લગભગ ૯૫ કરોડ રૂપિયાનું દેવું છે. ઑડિટ થઈ ગયું, પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ ગઈ છે. ૨૯ પૈકી માત્ર ચાર આરોપીઓ પકડાયા છે. હજી કેટલાય આરોપીઓ જાહેરમાં ફરે છે છતાં પકડાતા નથી. મારી તો માત્ર સરકારને એટલી વિનંતી છે કે ફરિયાદ દાખલ થઈ એ આરોપીઓ આજે નહિ તો કાલે પકડાવાના છે. પરંતુ આટલી મોટી સંસ્થાની અંદર આટલી મોટી રકમની ઉચાપત થતી હોય એના આરોપીઓ ન પકડાય, આરોપીઓ પકડવા માટે કોઈ પ્રયત્નો ન થાય. અને ખરેખર આ ૮થી ૯ કરોડની ઉચાપત થઈ છે ત્યારે જે આરોપીઓ છે એમની મિલકતો ટાંચમાં લઈને લવાદી રાહે આ જે ઉચાપતની રકમ છે એ સરકાર વસૂલ કરવા માગે છે કે કેમ?

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે સને ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ આ લઢોદ સુગર ફૅક્ટરીમાં સરકારે નિયુક્ત કરેલ બોર્ડ હતું. હવે જ્યારે સરકારે નિયુક્ત કરેલું બોર્ડ હોય અને એના ઉપર વિશ્વાસ હતો તેમ છતાંય આટલી બધી ગેરરીતિ થઈ છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આવા સરકારે નિયુક્ત કરેલા સભ્ય એ સાચા હતા કે કેમ અને એ સરકારે નિયુક્ત કરેલા સભ્યોની જે મિલકત છે એ મિલકત ઉપરથી કોઈ હરાજી જાહેર કરવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે આ સુગર ફૅક્ટરી વડોદરા જિલ્લામાં બોડેલી લઢોદમાં આવેલી છે. ત્યાં ૧૦૦ ટકા ખેડૂતો અને ૯૦ ટકા આદિવાસી વસતિ છે ત્યારે આદિવાસીઓ માટે આ સુગર ફૅક્ટરી ચાલુ કરવાનું સરકારની વિચારણા હેઠળ છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : શ્રી ઉપેન્દ્રસિંહભાઈ, જિલ્લાનો ખૂબ જ અગત્યનો પ્રશ્ન હોવાને કારણે ૧૧૬માં એક કે બે જ પૂરક પ્રશ્નો હોય છે પણ અહીંયા મેં વધારે ઉપસ્થિત કરાવ્યા છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર સુગર લઢોદમાં આમ જોવા જઈએ તો પ્રશ્ન ખેડૂતોના પૈસા ડૂબ્યા છે એ વાત સાથે હું સંમત છું પણ સાથે સાથે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જ્યારે ૧૯૯૪માં આ સહકારી સંસ્થાની નોંધણી થઈ, જે તે વખતે જે એરિયામાં એની કેપેસિટી કેટલી હતી, કારખાનામાં આનું ઉત્પાદન થવાની તેની સાથે સાથે અત્યાર સુધીમાં તેનું પીલાણ કેટલું થયું એ મારે જાણવું છે. એટલા માટે કે જે તે વખતે આ કારખાનાનું રજિસ્ટ્રેશન કરાવ્યું તે વખતે આનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો હતો કે કેમ?

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સરદાર સુગરનું પ્રથમ બોર્ડ ક્યારે થયું? કોના વખતમાં થયું અને એની જવાબદારી કોની હતી? સરદાર સુગર જ્યારે બની, સરદાર સુગરના નોંધણી સમયે શેરડીનું ઉત્પાદન કેટલું થવાનું હતું તેની કોઈ વિચારણા કે એની કોઈ તપાસ કરવામાં આવી હતી કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મોહનસિંહભાઈનો આભારી છું કે તેમણે ગુજરાતની સુગર ફૅક્ટરી અંગેની માંદી પડતી પરિસ્થિતિ અંગે ૧૧૬માં પ્રશ્ન પૂછીને રાજયની જનતા સમક્ષ કેટલીક હકીકતો અને સરકારની લાગણી પ્રગટ કરવાની વ્યવસ્થાઓ જે થઈ છે. તેની માહિતી આપવાનો મને મોકો આપ્યો છે. સામાન્ય રીતે કુદરતી ન્યાય અને કોર્ટ અને વિધાનસભાના અનુમાન આધારિત કોઈ પ્રશ્નો તેમણે ઉઠાવવો નહીં જોઈએ. એમણે એક પ્રશ્ન ઉઠાવ્યો છે કે આ સુગર ફૅક્ટરીની જાહેર હરાજી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક કરવાની છે. હજી જાહેર હરાજી થઈ નથી અને એમાં કરોડો રૂપિયાનું કૌભાંડ થવાનું છે. જાહેર હરાજી અખબારોમાં આવી છે. છાપાઓમાં છપાઈ છે. ટેન્ડર ભરવાની કાર્યવાહી ચાલુ છે. ગરીબ મેળાઓના કારણે હવે વચેટીયાઓ રહ્યા નથી. પણ એ વચેટીયાઓ ગરીબ મેળા નહોતા થતા ત્યારના પૈસા ભેગા કર્યા હોય એ સુગર ફૅક્ટરીનું ટેન્ડર ભરવા આવે અને વધારે પૈસાથી ટેન્ડર ભરીને આ સુગર ફૅક્ટરી ખરીદે એમાં કોઈને વાંધો હોઈ શકે નહીં. હવે સવાલ બીજો આવે છે. હજી તો વેચાઈ નથી ત્યાં ભ્રષ્ટાચાર થઈ જવાનો? (અંતરાય) હવે એ મુદ્દા ઉપર આવું છું.

**અધ્યક્ષશ્રી** : સરકાર કોઈ પગલાં ભરવા માગે છે કે નહીં એ જ વાત છે.

**શ્રી દિલીપ સંઘાણી** : પ્રશ્ન ઘણા પૂછાયા છે. બધાનો હું વિગતવાર જવાબ આપીશ.

**અધ્યક્ષશ્રી** : બધાનો સંકલિત કરીને જવાબ આપો.

**શ્રી દિલીપ સંઘાણી** : હવે જ્યારે ફૅક્ટરી વેચાઈ જ નથી ત્યારે ભ્રષ્ટાચારનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી. હવે સવાલ રહ્યો છે જેમણે જેમણે વહીવટ કર્યો, એના ગેરવહીવટમાં જે ખાસ ઑડિટ દ્વારા અને ઑડિટમાં જે ગેરવહીવટના કારણેસંસ્થાને થયેલ નુકસાન અંગેના રિપૉર્ટ અંગે પગલાં લેવાના છે. રાજય સરકાર કોઈને છાવરવા માગતી નથી અને એટલા માટે રાજય સરકારે બોડેલી પોલીસ સ્ટેશનમાં આ બાબતની રજિસ્ટ્રાર મારફતે પોલીસ ફરિયાદ કરી છે. જે મેં જવાબમાં છાપીને આપ્યું છે. સવાલ એ છે કે, માનનીય અભેસિંહે પ્રશ્ન કર્યો અને

વિરોધપક્ષના કોંગ્રેસ પક્ષના પ્રમુખે પણ કેટલાક મુદ્દા ઉઠાવ્યા. હું પહેલાં એમને અભિનંદન આપવા માગું છું. પહેલી વખત વિરોધપક્ષના નેતાશ્રી એમને રોકવા પ્રયત્ન કરતા હતા..

**અધ્યક્ષશ્રી** : તમે એમાં નહીં પડો. પ્રયત્ન નથી થયો. એમણે રોકવાનો પ્રયત્ન કર્યો નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : એમને હું અભિનંદન આપું છું. એમણે બેસવાનું કહ્યું પણ એ બેઠા નહીં.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુગર ફૅક્ટરી ૧૯૯૩માં શરૂ કરવા માટે જે જોગવાઈઓ, નિયમો છે એ પ્રમાણે શરૂઆતમાં કેન્દ્ર સરકાર તરફથી લૅટર ઑફ ઈન્ટેન્ટ મળે તો જ રાજયમાં સહકારી કાયદા તળે નોંધણી થાય. તત્કાલીન માનનીય નાણા મંત્રીશ્રી સનતભાઈ હતા ત્યારે એમણે કેન્દ્ર સરકાર પાસેથી લૅટર ઑફ ઈન્ટેન્ટ તા.૫-૫-૧૯૯૩ના રોજ મેળવ્યું અને ત્યાર પછી રજીસ્ટ્રેશન કરવા માટે રાજય સરકારમાં એમણે અરજી કરી અને તા.૧૨-૧૦-૧૯૯૪માં રાજય સરકારે કો-ઓપરેટીવ એકટ મુજબ રજીસ્ટ્રેશન કર્યું. ત્યારે દૈનિક પિલાણની ક્ષમતા ૨૫૦૦ મૅટ્રિક ટનની જે હતી. જે લૅટર ઑફ ઈન્ટેન્ટ આપતા પહેલાં આ ક્ષમતાનું પિલાણ મળે છે કે કેમ એ જોવાની જવાબદારી લૅટર ઑફ ઈન્ટેન્ટ આપતા પહેલાં એમની હતી. એ જોગવાઈ કયા સંજોગોમાં નજર અંદાજ થઈ એમાં ઊંડા ઊતરવું નથી. પણ શરૂઆતથી આ ફૅક્ટરીનું રજીસ્ટ્રેશન થયું અને પાકની શરૂઆત થઈ એમાં હકીકતો મૂકવા માગું છું. આખું વર્ષ સુગર ફૅક્ટરી ચાલતી નથી. આખા વર્ષમાં ૧૮૦ દિવસ ચાલે છે. રોજના ૨૫૦૦ મૅટ્રિક ટન મુજબ જોઈએ તો વર્ષે ૪.૫ લાખ મૅટ્રિક ટન ત્યાંથી શેરડી મળવી જોઈએ. એના બદલે પ્રથમ વર્ષે એમણે ઉલ્લેખ કર્યો કે બહુ સારો વહીવટ ચાલ્યો એ સમયે ક્ષમતા નહીં હોવા છતાં પણ કેન્દ્ર સરકારે અને રાજયે, તે વખતે કોનું રાજય હતું એ કહેવાની જરૂર નથી. કાચ તોડીને સરકાર ઉથલાવીને બેઠા હતા એમને ગુજરાતની જનતા સારી રીતે જાણે છે અને આ મંજૂરી અપાઈ અને ૧૯૯૯-૨૦૦૦માં ૪.૫ લાખ મૅટ્રિક ટન ઉત્પાદન થવું જોઈએ એના બદલે માત્ર ૧.૧૬૭ લાખ મૅટ્રિક ટન ઉત્પાદન થયું. ૨૦૦૦-૨૦૦૧માં ૩.૩૪ લાખ, ૨૦૦૧-૨૦૦૨માં માત્ર ૨.૬૨ લાખ, ૨૦૦૨-૨૦૦૩માં ૨.૮૫, ૨૦૦૩-૨૦૦૪માં ૧.૪૭, ૨૦૦૪-૨૦૦૫માં માત્ર ૦.૩૩૪, ૨૦૦૫-૨૦૦૬માં માત્ર ૦.૮૧, ૨૦૦૬-૨૦૦૭માં ૨.૩૬ અને ૨૦૦૭-૨૦૦૮માં ૨.૬૧ અને ચાલુ વર્ષે થઈ શક્યું નથી. બહારથી શેરડી લાવવા છતાંપણ પહેલેથી જ ત્યાં આ યોજના વાયેબલ નહોતી અને આ શરૂ કરવામાં આવી તેના કારણે આ બન્યું છે અને પાયો જ નબળો, અને એના કારણે આ ફૅક્ટરી ચાલી શકે એવી શરૂઆતથી જ નહોતી અને એના કારણે આજે પણ એ ચાલી શકે એવી સ્થિતિમાં જ નથી. એવી સ્થિતિમાં જેમણે લોન આપી હતી, લોન લીધી હતી અને સિક્યોરિટી એકટ પ્રમાણે કેંદ્ર સરકારે કો-ઓપરેટીવ સૅકટરને જે અધિકારો આપ્યા છે, સ્ટેટ કો-ઓપરેટીવ બૅન્કે એમની જે લોન આપી હતી એ લોનમાં સિક્યોરિટી એકટ મુજબ કો-ઓપરેટીવ બૅન્કે એનો કબજો લીધો છે અને આ અધિકાર સહકારી ક્ષેત્રના છે. રાજય સરકાર સહકારી ક્ષેત્રમાં કોઈ જગ્યાએ સીધેસીધા ચંચૂપાત કરવા માગતી નથી. અને આના કારણે રાજય સરકાર સહકારી ક્ષેત્રે એને જે અધિકારો પ્રાપ્ત થયેલા એને સ્વયં છે અને અમસ્તા પણ રાજય સરકાર સહકારી ક્ષેત્રના સીધા અહેવાલો વિધાનસભામાં પણ મૂકતી નથી એટલે રાજય સરકાર સીધો કોઈ ચંચૂપાત આમાં કરવા માગતી નથી.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : સવાલ ભૂતકાળમાં શું બન્યું એ નથી, સવાલ આજની તારીખે આપણે શું કરવા માગીએ છીએ એ છે. ૬૦હજાર હેકટર જગ્યા શેરડીના વાવેતર માટે આ ફૅક્ટરીની આજુબાજુમાં ડિમાર્કેટ કરવામાં આવી છે અને જે વખતે ફેકટરીને મંજૂરી આપવામાં આવી તે વખતે ડીમાર્કેટ થઈ છે. કોઈપણ ફેકટરી બરોબર ચાલે નહીં, ૩ લાખ ૨૪હજાર સુધી તો માનનીય મંત્રીશ્રીએ આકડા ગણાવ્યા ત્યાં સુધી પહોંચ્યા છીએ. પણ ફેકટરી વ્યવસ્થિત ચાલે નહીં એટલે સ્વાભાવિક રીતે જ ખેડૂતો શેરડીનું વાવેતર ન કરે અને પરિણામે ઉત્તરોત્તર નીચે જતા જઈએ, સારો વહીવટ ચાલે તો કદાચ આનાથી વધારે વાવેતર થઈ અને આ ફેકટરી સર્વાઈવ થઈ શકી હોત, સમગ્ર વિસ્તારના અર્થતંત્રને દિશા આપવા માટેના એક વિઝન સાથે આ શરુ કરવામાં આવી હતી જે તે વખતે સનતભાઈ દ્વારા અને હજી આજે પણ અન્ય સુગર ફેકટરીઓ કે જે લોકો સારી રીતે ફેકટરી ચલાવે છે એ એનો અભ્યાસ કરીને એમનેમ નહીં, પુનઃ: અભ્યાસ કરીને અને જો સરકારને કન્વીન્સ કરીને ચલાવવા માગતા હોય તો એ દિશામાં સરકાર વિચાર કરવા માગે છે કે કેમ આટલો પ્રશ્ન છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સિદ્ધાર્થભાઈએ જે મુદ્દો લીધો આ બાબતમાં જ્યારે આ બૅન્ક દ્વારા કાર્યવાહી થઈ એ પહેલા મેં જાતે સુગર ફેકટરીના ફેડરેશનના ચેરમેન અને સુગર ફેકટરીના સમગ્ર સામાન્ય સભામાં બે વખત આ મુદ્દાઓની ચર્ચા કરી, સંયુકત રીતે સમગ્ર સુગર ફેકટરીનું ફેડરેશન આની જવાબદારી લે, રાજય સરકાર એમાં કાંઈ સહયોગ આપવો હશે તો ખુલ્લા મને આપશે અને આ પ્રક્રિયા કરતા પહેલા એમના ચેરમેન અને એની સભામાં નછૂટકે જેમનું લેણું છે એ બેન્ક આ કાર્યવાહી કરે તે પહેલા આગળ આવવું જોઈએ એ વાત ફેડરેશનના ચેરમેન અને ફેડરેશનની મીટીંગમાં મેં પોતે બેઠક બોલાવીને કરી છે પરંતુ એનું નિવારણ નથી આવ્યું એની મૂળ સ્થિતિ જે છે, સિદ્ધાર્થભાઈ બહુ .. અંતરાય

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : મારી માહિતી મુજબ બે શુગર ફેકટરી અને સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કને લેખીત કાગળ લખીને જાણ કરી છે કે આનો અભ્યાસ કરીને ચલાવવા માટે તૈયાર છે તો એ સંજોગોમાં સરકાર ઈન્ટરવીંગ થઈ અને આ દિશામાં વિચાર કરવા માગે છે કે નહીં એટલી જ વાત.

**શ્રી દિલીપ સંઘાણી** : એમાં સરકાર નથીને સાહેબ, મૂળભૂત આ સુગર ફેકટરીની શરૂઆત થઈ, .. અંતરાય .. નહીં નહીં આ સુગર ફેકટરીની શરૂઆત થઈ એના વિશે આપણે પહેલા જાણવું જોઈએ.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : ૩૦ કરોડ રુપિયા જેટલી ઉચાપત થઈ છે. .. અંતરાય..

**અધ્યક્ષશ્રી** : એક જ પ્રશ્ન આપણે એના અંતરાય.. જે સિદ્ધાર્થભાઈનો પ્રશ્ન છે એનો જવાબ તમે આપી દો એટલે હું આ ચર્ચા પૂરી કરું છું. અંતરાય...

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જમીન આપવાની ઉતાવળમાં પડવાને બદલે સરકાર આની જ્યારે કોઈ દરખાસ્ત આવી હોય તો એ રીતે અથવા આખો અભ્યાસ કરીને હરાજી કરવાની ઉતાવળ કર્યા વગર ખેડૂતો માટે આ ફરીથી ચાલુ થાય એ માટેનો પ્રયત્ન કરવા માગે છે કે નહીં એટલું જ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સારી રીતે જાણે છે બરાબર કે આ હરાજી સરકાર કરતી નથી. કો-ઓપરેટીવ સ્ટેટ બેન્ક કરી રહી છે. .. અંતરાય..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તો રોકો એને તમારી જ છે. કેન્દ્રના કો-ઓપરેટીવ કાયદા મુજબ એ સ્વતંત્ર છે, એ અધિકાર પ્રાપ્ત થયેલ છે. આમ છતાં પણ સિદ્ધાર્થભાઈએ અત્યારે જે માહિતી આપી છે એ માહિતીના આધારે સરકાર નહીં વ્યક્તિગત મારા સંબંધો અને એમના કોઈ પરિચિત હોય એ બેંકના ચેરમેન અજીતભાઈ સાથે બેસીને વ્યકિતગત ધોરણે બેસી નિરાકરણ લાવવાની મારી તૈયારી છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : ચાર બેંક મળીને જેટલી રકમ છે એના કરતાં વધારે રકમ રાજ્ય સરકારની ઈન્વોલ્વ છે. એના કરતાં વધારે રકમ કેન્દ્ર સરકારની છે અને એની અંદર વધારે રકમ ખેડૂતોની છે. એમ છતાં આ ત્રણેય પક્ષકારોને વિશ્વાસમાં લીધા સિવાય માત્ર સ્ટેટ કો-ઓપરેટીવ બેંક એની હરાજી કરવા માગતી હોય અને સરકાર ચૂપ બેસી રહે એ વધારે કહેવાય.

**શ્રી દિલીપ સંઘાણી** : જે બેંક હરાજી કરવા જાય છે એ કેન્દ્ર સરકારના સિક્યોરિટી એક્ટ મુજબ કો-ઓપરેટીવ બેંકને મળેલ અધિકારના કારણે એમાં રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર કશો ચંચુપાત કરી શકે નહીં. એમણે ધીરેલ લોન સામે જે મિલકત તારણમાં લીધેલ હોય એની સમયસર મુદતવીતી ભરાય નહીં તો લઈ શકે. જોગવાઈ પ્રમાણે છે. આમ છતાં ખેડૂતોના હિતમાં વ્યકિતગત આપની લાગણી છે, મોહનસિંહભાઈની લાગણી છે, અમારા તડવીજીની અને બાપુએ અવારનવાર આંદોલન થયું ત્યારથી લાગણી પ્રગટ કરતા આવ્યા છે એના કારણે મેં ચેરમેન સાથે બેઠક કરી છે. આપણે વ્યકિતગત જે કાંઈ થઈ શકશે એનું ચિંતન અને ચિંતા કરીશું.

# શહેરી વિકાસ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## ઝૂંપડાવાસીઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટેના વિનિયમો

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઝૂંપડાવાસીઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટેના વિનિયમો અંગે નિયમ-૪૪ હેઠળ મારું નિવેદન રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની વધતી જતી વસતી તથા શહેરી વિસ્તારોમાં મળતી રોજગારીની વધુ તકો ધ્યાને લેતાં ગ્રામ્ય વિસ્તારોમાંથી તથા અન્ય રાજ્યોમાંથી લોકોના શહેરમાં સ્થળાંતર દ્વારા ગુજરાતના શહેરોમાં મોટા પ્રમાણમાં વસતી વધારો થઈ રહ્યો છે. તે પૈકી ગરીબ વર્ગના લોકો ઝૂંપડપટ્ટીઓમાં વસવાટ કરતા હોઈ અને ઝૂંપડપટ્ટીમાં ગીચતા થતી હોઈ, ઝૂંપડપટ્ટીઓમાં અવ્યવસ્થા, ગંદકી વિગેરેના પ્રશ્નો ઊભા થાય છે અને ગરીબ ઝૂંપડાવાસીઓને તકલીફો વચ્ચે જીવન પસાર કરવું પડે છે. આવા હજારો ઝૂંપડપટ્ટીવાસીઓને સુવિધાયુક્ત પાકું મકાન મળે, સ્વચ્છ વાતાવરણમાં રહેવા મળે અને અન્ય સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકારે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોનો સહયોગ મેળવી, કાચા-પાકા ઝૂંપડા દૂર કરી ત્યાં સારા પાકા મકાનો બનાવી અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી તે જ ઝૂંપડપટ્ટીઓના રહેવાસીઓને ફરીથી ત્યાં ને ત્યાં જ મકાન મળે તે માટે ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના બનાવી છે. જેની જાહેરાત કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

## <u>ઝૂંપડાવાસીઓના પુનઃવસન અને પુનઃ વિકાસ માટેના વિનિયમો-૨૦૧૦</u>

માનનીય અધ્યક્ષશ્રી, આવા ઝૂંપડાવાસીઓના પુનઃવસન માટે તથા આવા વિસ્તારોમાં સુઆયોજન માટે જી.ડી.સી.આર.માં અમુક ફેરફાર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય છે. ઝૂંપડાવાસીઓની સ્થિતિ સુધારવા તથા તેઓને આવાસની સુવિધાઓ પૂરી પાડવા જે કાર્યવાહી હાલ જુદા જુદા શહેરોમાં જુદી જુદી રીતે અમલમાં છે તેમાં કોઈ ચોક્કસ નીતિ નિયમો તથા એકસૂત્રતા જળવાતી નથી. આથી આ બાબતે જરૂરી અભ્યાસ કરી રાજયના મહાનગરો/નગરોમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સુધારણા કરવા માટે ખાનગી વ્યક્તિઓ/સંસ્થાઓ મારફતે ઝૂંપડાવાસીઓના પુનઃવસનની કામગીરી હાથ ધરવાની દિશામાં રાજ્ય સરકાર કદમ માંડવા ઇચ્છે છે. જે ધ્યાને લઈ નીતિ સ્વરૂપના નિયમો તૈયાર કરવામાં આવ્યા છે તથા તેનો સમાવેશ જી.ડી.સી.આર.માં કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ યોજના અમલમાં લાવવા જી.ડી.સી.આર.માં જરૂરી ફેરફારો કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમો પ્રમાણે ઝૂંપડપટ્ટી એટલે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનઃવિકાસ) અધિનિયમ-૧૯૭૩ની કલમ-૩ હેઠળ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં

આવેલ ઝૂંપડપટ્ટી અથવા આ વિનિયમો હેઠળની પુનઃવસન સમિતિની ભલામણ અન્વયે સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ ઝૂંપડપટ્ટી.**ઝૂંપડાવાસીઓના પુનઃવસનની જગ્યા**

- યોજના વિકાસકારે સરકારી અથવા સત્તા મંડળની જમીનો ઉપરની (મહાનગરપાલિકાની જમીનો) ઝૂંપડાવાસીઓને પુનઃવસન કરવા જરૂરી કિંમત ચુકવી જમીન મેળવવાની રહેશે.
- ખાનગી જમીનમાં ઝૂંપડપટ્ટી થયેલ હોય તો જમીન માલિક અથવા વિકાસકાર તે જમીનમાં આ યોજના મુજબના લાભો જરૂરી પરવાનગી મેળવ્યા બાદ લઈ શકશે.

**ઝૂંપડાવાસીઓના પુનઃ વસન / પુનઃ વિકાસમાં હેઠળ આવરી લેવાનો વિસ્તાર**

આ યોજના હેઠળ રાજ્યના તમા મહાનગર સેવા સદન વિસ્તાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈ પ્રમાણે રચાયેલ / મુકરર કરાયેલ શહેરી / વિસ્તાર વિકાસ સત્તા મંડળોના હદ વિસ્તારમાં આવેલ નિર્દિષ્ટ ઝૂંપડપટ્ટીઓને આવરી લેવામાં આવશે.

**યોજનાનો લાભ**

આ યોજનાનો લાભ, વિદેશી નાગરિક ન હોય અને ઝૂંપડામાં ૧૦ વર્ષથી વસવાટ કરતો હોય અને ગુજરાતમાં ૨૫ વર્ષથી તે અથવા તેના પૂર્વજો સ્થાયી થયેલ તેવી વ્યકિતને મળશે.

**માલિકી**

- આવા રહેણાંક એકમની માલિકી પતિ / પત્નની સંયુકત રહેશે.
- યોજના વિકાસકારે તમામ રહેણાંકના એકમોને સંપૂર્ણ માલિકી હક્કો સાથે અને સંબંધિત આંતરમાળખાકીય સુવિધાઓ કોઈપણ બોજા વગર ઝૂંપડાવાસીઓની નોંધણી સામેલ સહકારી મંડળીને રૂપાંતર કરવાની રહેશે.

**નિયમોની સામાન્ય જોગવાઈ**

- ઝૂંપડાવાસીઓના પુનઃવસન માટે મહાનગર સેવા સદન વિસ્તાર તેમજ રચાયેલ સત્તા મંડળના વિસ્તાર માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના અધ્યક્ષસ્થાને તેમજ મુકરર કરાયેલ નગર સેવા સદર વિસ્તાર માટે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાનેની સમિતિ રહેશે. જે ઝૂંપડાવાસીઓના પુનઃવસવાટ સમિતિ તરીકે કાર્ય કરશે.
- રાજ્ય સરકાર આવી સમિતિ દ્વારા કરાયેલ ભલામણ અથવા ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબુદી અને પુનઃવિકાસ) અધિનિયમ-૧૯૭૩ ની જોગવાઈઓ હેઠળ ઝૂંપડપટ્ટી વિસ્તાર જાહેર કરશે.

**રહેણાંકના વસવાટ એકમો માટેની સામાન્ય જોગવાઈઓ અને ઉપલબ્ધ થનાર આંતર માળખાકીય સવલતો**

- સહિયારા વિસ્તારને બાકાત રાખી, ૨૮ થી ૩૬ ચો.મી. સુધીનું બાંધકામ મળશે જે ઝૂંપડપટ્ટીના મૂળ માલિકને આપવાની રહેશે.
- એપ્રોચ રસ્તાથી પ્લીંથની લઘુત્તમ ઊંચાઈ ૪૫ સે.મી. રહેશે.
- પ્રત્યેક મકાનમાં ઓછામાં ઓછા બે ઓરડા, રસોડું, બાથરૂમ અને જાજરૂની વ્યવસ્થા રાખવામાં આવશે.
- પ્રત્યેક મકાનમાં પાણી પુરવઠો, ગટર અને વીજળીની સુવિધા કરવામાં આવશે.
- યોજના વિસ્તારમાં જરૂરી રસ્તાની સુવિધા કરવામાં આવશે.

**સામાજિક સવલતો**

- દર ૫૦૦ રહેણાંકના મકાનો દીઠ,
  - ઝૂંપડાવાસીઓના પુનઃવસવાટ પછી જરૂરિયાતો પ્રમાણેના વર્ગો/ખંડોવાળી પ્રાથમિક શાળા બનાવવામાં આવશે.
  - ૫૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતું કૉમ્યૂનિટિ સેન્ટર બનાવવામાં આવશે.
  - આંગણવાડી અને અથવા હેલ્થ પોસ્ટની વ્યવસ્થા કરવામાં આવશે.
- ૫૦૦ એકમો કરતા ઓછા કિસ્સામાં સ્થાનિક જરૂરિયાતને ધ્યાને લઈ, ઝૂંપડપટ્ટી પુનઃવસન સમિતિ દ્વારા સૂચવ્યા અનુસાર શાળા, કૉમ્યૂનિટિ સેન્ટર, આંગણવાડી, હેલ્થ પોસ્ટની વ્યવસ્થા કરવામાં આવે.

**સત્તા મંડળને થનાર લાભ**

- યોજના વિકાસકારે ઝૂંપડાવાસીઓના પુનઃવસવાટ માટે જરૂરી રહેણાંકના એકમો ઉપરાંત, વધારાના ૧૦ ટકા રહેણાંકના એકમો, યોજનાથી અસરગ્રસ્ત વ્યકિતઓને અન્ય પાત્રતા ધરાવનાર ઝૂંપડપટ્ટીના પુનઃવસવાટ માટે નિર્દિષ્ટ સત્તા મંડળને વિના મુલ્યે આપવાના રહેશે. જે સત્તા મંડળ આ ઝૂંપડપટ્ટી સિવાયના અન્ય છૂટાછવાયા ઝૂંપડાવાસીઓને આ મકાનોની ફાળવણી કરી શકશે.
- યોજનાના વિકાસકારે નિભાવના જાળવણીના હેતુ માટે ઓછામાં ઓછા ૧૦ ટકા રહેણાંકના એકમની કિંમતની રકમ, સમુચિત સત્તા મંડળ દ્વારા ચકાસણી કરાયેલ મુજબ, સંબંધિત રહેણાંકની સહકારી મંડળીના ખાતામાં જમા કરાવવાની રહેશે. **યોજના વિકાસ કારને ઉપલબ્ધી**

* ઝુંપડાવાસીઓના પુન:વસનના ઉપયોગમાં લીધેલ ક્ષેત્રફળ જેટલું વધારાનું બાંધકામ અન્ય ઉપયોગો માટે મળવાપાત્ર બનશે.
* ભોંયતળીયા પર મળવાપાત્ર બાંધકામના ૨૫% જેટલું બાંધકામ વાણીજય (નાની દુકાનો) માટે મળવાપાત્ર બનશે.
* એક પ્લોટની એફ.એસ.આઈ. બીજા પ્લોટ પર અન્ય ઉપયોગ માટે જંત્રીના પ્રમાણમાં મળી શકશે.

**ઉપસંહાર :-**

આ નિયમોનો અમલ થવાથી રાજયમાં ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોના આવાસ આરોગ્યપ્રદ બનશે, આંતરમાળખાકીય સવલતો આયોજનબદ્ધ પ્રાપ્ત થશે, આવા વિસ્તારમાં રહેતા પરિવારના બાળકોને પ્રાથમિક સવલતો ઉપલબ્ધ થશે, આરોગ્ય, સુખાકારી, શિક્ષણ વધશે. ગંદકી, રોગચાળા જેવી બાબતો નાબુદ થશે અને ઝુંપડપટ્ટીમાં રહેનારા ગરીબ નાગરિકોનું જીવન ધોરણ ઉંચું આવશે.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત

**શ્રી કાળુભાઈ વીરાણી : (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી:** સભ્યશ્રી આત્મારામ પરમારે, સભ્ય ડો. નીમાબેન બી. આચાર્યના અનુમોદનથી તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ રજૂ કરેલો પ્રસ્તાવ નીચે મુજબ છે.

" અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનનીએ છીએ."

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજયપાલશ્રીએ અહીં જે પ્રવચન આપ્યું એના આભાર પ્રસ્તાવમાં હું કેટલાક વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થઈ છું. આજે આ સભાગૃહની અંદર હું પોતે કોંગ્રેસ શાસિત કેન્દ્રની સરકારના સારા કામોનો ઉલ્લેખ કરવા માગું છું અને મને વિશ્વાસ છે કે કેન્દ્રની કોંગ્રેસ સરકારે જે સારા કામો કર્યા છે એ જાણીને અહીં બેઠેલા મારા સાથીઓને એનો જરૂર આનંદ થશે. ગુજરાતે ઈવનીંગ કોર્ટો શરૂ કરીને ઝડપી ન્યાય મળે, સરળતાથી ન્યાય મળે એના માટે આખા દેશની અંદર સૌથી પહેલી પહેલ કરી. કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગુજરાતની આ ન્યાય વ્યવસ્થાની પ્રેરણા લઈને અન્ય રાજયો પણ આ ઈવનીંગ કોર્ટ શરૂ કરે એવું કહયું છે. ગુજરાત સરકારે કુપોષણ સામે જંગ માંડયો છે. ગરીબો માટે ફોર્ટીફાઈડ આટા, ખાદ્યતેલ અને મીઠાનું વિતરણ જાહેર વ્યવસ્થા મારફતે જ સરળતાપૂર્વક લોકભાગીદારીથી શરૂ કર્યું છે. કેન્દ્રની કોંગ્રેસ સરકારે આ ગુજરાત સરકારનો અભિગમ પ્રસંશનીય ગણીને સમગ્ર દેશમાં એને લાગુ કરવા માટે પત્રો લખ્યા છે. કોસ્ટલ સિકયોરીટી માટે ગુજરાત સરકારે સર્વગ્રાહી યોજના બનાવી. કોંગ્રેસની કેન્દ્ર સરકારે ગુજરાતની આ કોસ્ટલ સિકયોરીટીની યોજનાને મોડલ ગણીને દેશના સાગરકાંઠાના રાજયો એને અપનાવે એ માટે પત્ર લખ્યો છે. ગુજરાત સરકારે લોકભાગીદારીથી જળસંચયનો જે સફળ પ્રયોગ કર્યો તેની વાત ખુદ કેન્દ્રની સરકારના નાણામંત્રીશ્રીએ જાહેરમાં દેશના મુખ્યમંત્રીશ્રીઓની વચ્ચે પરિષદમાં વાત કરી છે એટલા માટે મારે વખાણ કરવા પડે. આખા દેશમાં ટેકનીકલ સ્કીલ ડેવલપમેન્ટ માટે આઈ.ટી.આઈ. અપગ્રેડેશન અને આધુનિકરણની જરૂરિયાત છે અને ગુજરાત સરકારે આઈ.ટી.આઈ.ના આધુનિકરણ માટે જે અભિગમ અપનાવ્યો છે એના અભ્યાસ માટે કોંગ્રેસની કેન્દ્ર સરકારે દરેક રાજયોને અનુરોધ કર્યો છે કે જોવા માટે આવો અને આવે છે. ગુજરાત સરકારે ઈકોર્ટનું ન્યાયતંત્રમાં ઈગવર્નન્સનું નમુનાનું કામ કર્યું. કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગુજરાત પાસેથી આવી પ્રેરણા લેવા માટે રાજયોને જણાવ્યું છે. ગુજરાત સરકારે દેશમાં સૌ પ્રથમ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, એસઈઝેડ એકટ, એસઆઈઆર એકટ બનાવ્યો. આ ત્રણેય એકટને મોડલ એકટ ગણીને કેન્દ્રની કોંગ્રેસ સરકારે આવકાર્યા છે.કેન્દ્રની કોંગ્રેસ સરકારના પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહે એવોર્ડ આપ્યા. છેલ્લા બે વર્ષથી ગૃહના એક સિનિયર નેતાએ કહ્યા કરતા અમે જ્યારે કહીએ કે એવોર્ડ ઊર્જામાં મળ્યો, એવોર્ડ આમાં મળ્યો, એવોર્ડ આમાં મળ્યો. ત્યારે તેઓ બોલતા કે કયાં છે એવોર્ડ? અમને બતાવો તો ખરા? કયાં એવોર્ડ મળ્યા છે? કોઈએ એવોર્ડ નથી આપ્યા. આવી વાત ગૃહમાં કરવામાં આવતી હતી અને એટલા માટે જ અમારે આ સચિવાલયની અંદર આ એવોર્ડ

નીચે ડિસ્પ્લે કરવા પડ્યા. આમ તો બધા એવોર્ડ જુદી જુદી ઑફિસોમાં હતા, પરંતુ આ નેતાએ જ્યારે અવિશ્વાસ પેદા કર્યો, ત્યારે આ બધા એવોર્ડ એમની કેન્દ્ર સરકારે આપ્યા હતા. એમની કેન્દ્રની સરકાર ઉપર વિશ્વાસ પણ નહોતો, એટલે નીચે ડિસ્પ્લે કર્યા છે. ત્યાં થઈને તેઓ આવતા જતા હશે, તો એવોર્ડ જોતા હશે અને એમને શું થતું હશે. મારાથી નથી કહેવાતું. એમને જરૂર દુ:ખ થતું હશે. તકલીફ પણ થતી હશે. બધા એવોર્ડ જોઈને. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ સરકારે ગુજરાત સરકારને કેટ કેટલાય એવોર્ડની નવાજીસ કરી છે. એની માત્ર હું તો ઝલક જ આપું છું. બાકી મારે એક કલાક જોઈએ કે કયા એવોર્ડ કેન્દ્ર સરકારે અને ઇન્ટરનૅશનલ સરકારે આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની કોંગ્રેસ સરકારના પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહે ગુજરાતના જળવ્યવસ્થાપનમાં લોકભાગીદારીનો બેસ્ટ પ્રૅક્ટિસ તરીકેનો પ્રાઇમ મિનિસ્ટર્સ એવોર્ડ ગુજરાત સરકારની વાસ્મા એજન્સીને આપ્યો છે. કોઈએ આમાં કઈ કહેવાનું છે? ઊર્જા સુધારણા ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા કેટલા એવોર્ડ મળ્યા. ૧૧. વહીવટી સુધારણા ક્ષેત્ર અને ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના વહીવટી સુધારણા અને લોક ફરિયાદ વિભાગ દ્વારા ૯ એવોર્ડ પ્રાપ્ત થયા. મહિલા અને બાળકલ્યાણ અને નિર્મળ ગ્રામ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ મહિલા બાળકલ્યાણ અને ગ્રામ વિકાસ મંત્રાલયને પાંચ-પાંચ એવોર્ડ મળ્યા. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના શ્રેષ્ઠ વિનિયોગ માટે ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના ૬ એવોર્ડ પ્રાપ્ત થયા. મારું વન વિભાગ આમાં પાછળ નથી રહ્યું. વૃક્ષ અને વનનું જતન, ઉછેર માટે કેન્દ્રીય વન મંત્રાલય દ્વારા ૪ એવોર્ડ પ્રાપ્ત થયા છે. શ્રેષ્ઠ વન્ય જીવન અને કુદરતી પ્રવાસન અંગે પ્રવાસન અને સાંસ્કૃતિક વિભાગના મંત્રાલય દ્વારા ૨ એવોર્ડ પ્રાપ્ત થયા. શહેરી જન સુખાકારી શ્રેષ્ઠ શહેરી પરિવહન માટે કેન્દ્રીય પરિવહન મંત્રાલયના ૫ એવોર્ડ પ્રાપ્ત થયા. ૮૫ કરતા પણ વધારે એવોર્ડ આ રાજ્યને શ્રેષ્ઠ કામગીરી અને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. એને કેન્દ્ર સરકારે અને ઇન્ટરનૅશનલ લેવલના એવોર્ડ આપણી આ સરકારને મળ્યા છે. એના પુરાવા નીચે આપવામાં આવ્યા છે. આ કાર્યસિદ્ધિની પ્રશંસા કેન્દ્રની કોંગ્રેસ સરકારે કરી છે. આ મારી સામે કોંગ્રેસના સાથી મિત્રો બેઠા છે. એમની જે કોંગ્રેસ શાસિત સરકારે એમણે આપ્યા છે અને એમના ઉપર અવિશ્વાસ નહિ હોય એવી મને ખાતરી છે. (અંતરાય) બીજા રાજ્યો હતા આપવા હતા ને.

**અધ્યક્ષશ્રી** : શ્રી નિરંજનભાઈ, આપ આપની જગ્યા ઉપર બેસીને બોલો. બોલવું હોય ત્યારે ઊભા થઈને બોલો. આપના દંડક એટલા માટે આપનું નામ નથી મોકલતા એવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સુશાસન અને વિકાસ માટે ગુજરાત સરકારે શ્રેષ્ઠ મોડેલ અપનાવ્યું છે, એટલું જ નહિ માનનીય રાજ્યપાલશ્રીએ પોતાના પ્રવચનમાં એમ પણ જણાવ્યું કે ૧૯૬૦ થી માંડીને આજસુધીના જુદા જુદા તમામ મુખ્યમંત્રીશ્રીઓએ પોતાના કાર્યકાળ દરમ્યાન પૂરી કર્તવ્ય નિષ્ઠા, અને દૂરદ્રષ્ટિથી ગુજરાતના વિકાસને નવી ગતિ, દિશા આપી છે. હાલના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ અનેક ક્ષેત્રોમાં વિકાસને વધુ ગતિ આપવા માટે પૂરા મનોયોગથી કાર્યરત છે. આ માનનીય રાજ્યપાલશ્રી બોલ્યા છે. ગુજરાતની આ સિદ્ધિ માટે પ્રત્યેક ગુજરાતીને ગૌરવ થવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે વિપક્ષના નેતાને તેમની દ્રષ્ટિમાં કયા પ્રકારની ખામી છે તેની મને ખબર પડતી નથી. પરંતુ તેમને આ પ્રવચન દ્રષ્ટિહીન લાગ્યું. કેમ દ્રષ્ટિહીન લાગ્યું તે મને સમજાતું નથી. શું ગરીબોના કલ્યાણ, વંચિતોના વિકાસમાં તેમને રસ નથી. વર્ષના બજેટની ૪૩ ટકા જેટલી રકમ સામાજિક સેવાઓની અંદર, સુખાકારીની અંદર વાપરતા હોઈએ ત્યારે તેમાં એમને રસ નથી, આ સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે તેમાં રસ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર નર્મદા કેનાલથી રાજસ્થાન સુધી સૂકા વિસ્તારોને નર્મદાનું પાણી પહોંચાડી અને મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને વીજળી આપી તે પણ તેમને ગમ્યું નથી. કૃષિ ક્ષેત્રે ગુજરાતે આખા દેશમાં ૯.૬ ટકાનો સાતત્યપૂર્ણ કૃષિ વિકાસ દર મેળવીને ગુજરાત પ્રથમ નંબરે રહ્યું છે. આનો પણ આનંદ નથી થતો. ગુજરાતના આદિવાસી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તે રાષ્ટ્રીય સ્તરનું એક્રીડીટેશન મેળવ્યું છે તે પણ પસંદ નથી એટલા માટે પ્રવચન દ્રષ્ટિહીન લાગે છે. ગુજરાતના આદિવાસી ક્ષેત્રનું ૬૬ મે.વો.નું એક હજારમું વીજ સબ સ્ટેશન પાનવડમાં બન્યું તેનું પણ તેમને ગૌરવ નથી થતું. ૧૦૦૦ ૬૬ કે.વી. સબ સ્ટેશનો રાજય સરકારે બનાવ્યા છે. ગુજરાતની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, પંડિત દીનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી, રક્ષા શકિત યુનિવર્સિટી અને તેના જેવી વૈશ્વિક શિક્ષણની યુનિવર્સિટીઓ ગુજરાતમાં થઈ તે માનવ સંશાધનના વિકાસ માટે દેશને ઉપયોગમાં આવવાની છે તેનું વિપક્ષના નેતાને ગૌરવ થતું નથી. છેલ્લા સાત સાત વર્ષથી ગુજરાત દેશનું સૌથી વધુ રોજગારી આપતું રાજય બન્યું છે અને આ પણ ભારત સરકારનો અહેવાલ છે. કોઈ રાજય સરકારનો નથી. આટલી રોજગારી મળી છે તો પણ દિશા શૂન્ય પ્રવચન તેમને દેખાય છે. ગુજરાતના બંદરો તેના ઉપરથી માલની હેરાફેરી થાય છે તેમાં ૧.૫૩ મે.ટન હતી તે વધીને માત્ર એક જ વર્ષની અંદર ૧.૮૫ મે.ટન થઈ છે આનો પણ આનંદ હોવા જોઈએ અને ગૌરવ થવું જોઈએ. ગુજરાતે આખી દુનિયામાં કલાઈમેટ ચેઈન્જના અલગ વિભાગ રચીને વિશ્વની છઠ્ઠી સરકારનું ગૌરવભર્યુ સ્થાન મેળવ્યું છે તે કદાચ ખૂંચે પણ ગુજરાતના રમતવીરોએ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ જે ગૌરવ મેળવ્યું છે તેનો પણ તેમને આનંદ થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતીની ઉજવણી આખાયે રાજયની સાડા પાંચ કરોડની જનતા કરી રહી છે. આ સાડા પાંચ કરોડની જનતાનો તે એજન્ડા પણ છે અને છેલ્લા બે બે વર્ષથી ગુજરાતની સાડાપાંચ કરોડની

જનતા સ્વર્ણિમ જયંતીની ઉજવણી કરી રહી છે અને આની અંદર મુખ્યમંત્રીશ્રીએ કયાંય પણ પોતાની વાહવાહ થાય તેનો લેશમાત્ર પણ પ્રયાસ કર્યો નથી ત્યારે મારે વિપક્ષના નેતાને એટલું જ કહેવું છે કે આવા વાક્યો બોલીને સાડા પાંચ કરોડ નાગરિકોની લાગણીને આપ ઠેસ ન પહોંચાડો તો વધારે સારું છે. મારે એક વાત બીજી કરવી છે જ્યારે મુખ્યમંત્રીશ્રી પોતાના પ્રવચનની અંદર બોલે છે કે હું સાડા પાંચ કરોડની જનતાને આરોગ્યની સેવા માટે, શિક્ષણની વ્યવસ્થાઓ માટે અને સૌની આર્થિક સદ્ધરતા થાય તેના માટે સતત પ્રયાસો કરું છું. આ સાડા પાંચ કરોડ ગુજરાતીઓ જ્યારે બોલતા હોઈએ ત્યારે તેમાં હિન્દુ પણ આવી જાય, મુસ્લિમ પણ આવી જાય, શીખ પણ આવી જાય, ઈસાઈ પણ આવી જાય અને બૌદ્ધ પણ આવી જાય. અનુસૂચિત જાતિ પણ આવી જાય, અનુસૂચિત જનજાતિ પણ આવી જાય, અલ્પ સંખ્યક તે પણ આવી જાય. ઉંચનીચના ભેદભાવ વગર શહેર કે ગામડા વચ્ચે કોઈપણ ભેદ નથી રાખ્યો. સૌને સમાન તક મળે, સૌને સારું શિક્ષણ પ્રાપ્ત થાય.

**અધ્યક્ષશ્રી** : ફારુકભાઈ હાજી થયા છો એટલે સાંભળો તે કહે છે તે. નહીં નહીં એ જ વાત કરે છે હાજી. ફારુકભાઈને હવે હાજી કહેવું પડશે. હજ કરી આવ્યા ને.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સાહેબ તે હાજી નથી કારણ તે પોતે જ કહે છે હાજી ન બનાય. આપણે ખોટું બોલતા હોઈએ તો હાજી કેવી રીતે કહેવાય? તે પોતાના વાકયો છે. આપની હાજરીમાં કહ્યા છે.

**અધ્યક્ષશ્રી** : મારી વાત જવા દો. મને વચ્ચે નહીં લાવો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : રાજયના મુખ્યમંત્રીશ્રીનો એક સંકલ્પ છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ ૫.૦૦ કલાકે મળશે અને આપનું પ્રવચન ચાલુ
રહેશે.

# વિરામ સાંજના ૪.૩૦ થી ૫.૦૦

### સભાપતિશ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ અધ્યક્ષસ્થાને

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ : (ક્રમશઃ )** માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતી હતી કે ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા અને એ જનતાની સુખાકારી માટે રાજયના મુખ્ય મંત્રીશ્રી કેવી રીતે કામ કરી રહયા છે એની વાત હું કરતી હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારનો એક સિધ્ધાંત છે કે સૌને ન્યાય ખુશામત કોઈને નહીં, અમારી નીતિ છે ભેદભાવ નહીં, સમભાવ - સર્વજન હિતાય, સર્વજન સુખાય, સર્વે ભવન્તુ સુખીન્ સર્વે સન્તુ નિરામયા- માનનીય અધ્યક્ષશ્રી, આ ઉકિતને ધ્યાનમાં રાખીને રાજયની સરકાર અત્યારે કામ કરી રહી છે. આ રાજયની સિધ્ધિઓની વાત મેં આગળ કરી છે. સમગ્ર રાજયની અંદર એક મોડેલ તરીકે જયારે ગુજરાત રાજય ઉપસી રહયું છે, અનેક સિધ્ધિઓ એણે હાંસલ કરી છે, અનેક એવોર્ડ વિવિધ ક્ષેત્રની અંદર એણે પ્રાપ્ત કર્યા છે ત્યારે કેટલીક એનજીઓ, ફાઈવ સ્ટાર કલ્ચર ધરાવતી એનજીઓ અને કેટલાક લોકો એ ગુજરાતની બદબોઈ કરવાનો પ્રચાર શરૂ કર્યો છે અને વિશ્વની અંદર ગુજરાત કેવી રીતે બદનામ થાય એના માટેનો સતત અપપ્રચાર કરી રહયા છે, જે અપપ્રચાર થઈ રહયો છે, અને વિશ્વની અંદર ગુજરાતને બદનામ કરવામાં આવી રહયું છે, અને કહેવામાં એવું આવે છે કે, મુસ્લિમો આર્થિક, સામાજિક રીતે અટૂલા પડી ગયા છે. મુસ્લિમો ગુજરાતની અંદર અસુરક્ષિત છે. એમને કોઈ લાભ, નોકરીમાં કોઈ તકો, શિક્ષણની વ્યવસ્થા એમના સુધી પહોંચતી નથી. આવી અનેક બાબતો વિશ્વની અંદર કરવામાં આવે છે. ગુજરાત વિશે અછડતું બોલવાનું અને પોતાની જાતને બૌધ્ધિક કહેવડાવાની. એ જાણે એક ફેશન થઈ ચૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ૨૦૦૬માં ન્યાયમુર્તિશ્રી સચ્ચરના વડપણ હેઠળ એક હાઈ પાવર કમિટીની રચના કરી, આ સમિતિનો ઉદ્દેશ શું છે એમાં પડવા નથી માગતી કારણ કે અમે એનો વિરોધ કર્યો છે. દેશભરમાં મુસ્લિમોની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ કેવી છે, એ જાણવા માટે આ કમિટીની નિયુકિત કરવામાં આવી હતી. આ કમિટીએ દેશભરમાં તલસ્પર્શી અભ્યાસ કર્યો, અને અભ્યાસ કર્યા પછી ૪૦૦ પાનાનો અહેવાલ એમણે રજૂ કર્યો છે. આ અહેવાલ અસત્યની આંધીને ચીરીને પ્રકાશના સત્યના સુરજ સમો છે. એટલા માટે એમણે જે આંકડાઓ આપ્યા છે, શિક્ષણના આંકડાઓ છે, નોકરીના આંકડાઓ છે, આ આંકડાઓને જ આપણે બોલવા દઈએ, અને કાન દઈને આપણે સાંભળીએ. સચ્ચર કમિટીના અહેવાલના પાના નંબર ૨૮૭ ઉપર ભારતમાં રાષ્ટ્રિય સાક્ષરતાનું પ્રમાણ ૬૪.૮ ટકા બતાવ્યું છે, ભારતમાં મુસ્લિમોનું સાક્ષરતાનું પ્રમાણ ૫૯.૧ ટકા બતાવ્યું છે, અને ભારતમાં હિંદુઓનું સાક્ષરતાનું પ્રમાણ ૬૮.૫ ટકા બતાવ્યું છે. ભારતની અંદર સાક્ષરતાનું પ્રમાણ હિંદુ, મુસ્લિમ અને જનરલ કેટલું છે એના આંકડાઓ એમણે આપ્યા છે. એની સાથે ગુજરાતમાં મુસ્લિમોનો સાક્ષરતાનો દર પણ આપ્યો છે, મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતમાં મુસ્લિમોનો સાક્ષરતાનો દર ૭૩.૫ ટકા છે, જયારે ગુજરાતમાં હિંદુઓનો સાક્ષરતાનો દર ૬૮.૩ ટકા છે. આ સત્ય પુરવાર કરે છે કે ગુજરાતની અંદર મુસ્લિમો અને હિંદુંઓની વચ્ચે શિક્ષણમાં કોઈ ભેદભાવ નથી રાખ્યો અને સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓને બધી જ તકો પ્રાપ્ત થાય એના માટે ગુજરાતની સરકારે યથા પ્રયાસો કર્યા છે. મારે સાથે સાથે પશ્ચિમ બંગાળની પણ વાત કરવી છે. ત્યાં ડાબેરીઓ ૩૨ વર્ષથી શાસન કરી રહયા છે ત્યારે પશ્ચિમ બંગાળની અંદર મુસ્લિમોનો

સાક્ષરતાનો દર ૫૭.૫ ટકા અને હિંદુઓનો સાક્ષરતાનો દર ૭૨.૪ ટકા છે. ગુજરાતમાં હિંદુઓનો ઓછો અને મુસલમાનોનો વધારે. જયારે ૩૨ વર્ષથી શાસન કરતા આ ડાબેરીઓના ત્યાં હજુ તો ૫૭.૫ ટકા મુસ્લિમોનો સાક્ષરતાનો દર છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરોમાં પણ આજ સ્થિતિ છે. ગુજરાતમાં શહેરોમાં સાક્ષરતાનું પ્રમાણ ૮૨ ટકા છે મુસ્લીમોનું સાક્ષરતાનું પ્રમાણ ૭૬ ટકા છે. આજ પૂરવાર કરે છે કે ગુજરાતમાં શૈક્ષણિક રીતે મુસ્લીમો સધ્ધર છે અને એમને પૂરતી તકો આપવામાં આવે છે. એજ રીતે સરકારી નોકરીઓમાં મુસ્લીમોનું પ્રમાણ કેટલું છે? આંખ ઉઘાડનારા આંકડાઓ આપવામાં આવ્યા છે એમાં ઉચ્ચ સરકારી નોકરીઓમાં, સુરક્ષા એજન્સીઓમાં, જાહેર ક્ષેત્રમાં, ગૃહ વિભાગમાં, એસ.ટી.માં એ બધામાં એમનું કેટલું પ્રમાણ છે એનું એમણે પૃથ્થકરણ કર્યું છે અને પૃથ્થકરણ કર્યા પછી એમણે આંકડાઓ આપ્યા છે એ આંકડાઓ આપણા ધ્યાને હોવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મુસ્લીમોની વસતિનું પ્રમાણ ૯.૧ ટકો અને મુસ્લીમ કર્મચારીઓનું પ્રમાણ ૫.૪ ટકા. એટલે કે ૫૦ ટકા મુસ્લીમો સરકારી નોકરીઓમાં કામ કરી રહ્યા છે ગુજરાતમાં. પશ્ચિમબંગાળમાં મુસ્લીમોની વસતિનું પ્રમાણ ૨૫.૨ ટકા છે અને સામે કર્મચારીઓનું પ્રમાણ કેટલું? ૨.૧ એટલે ૨૫ ટકા વસતિ સામે ૨.૧ ટકા મુસ્લીમ કર્મચારીઓનું પ્રમાણ પશ્ચિમબંગાળમાં છે. ઉત્તરપ્રદેશમાં ૧૮.૫ ટકા મુસ્લીમોની વસતિનું પ્રમાણ છે જ્યારે કર્મચારીનું પ્રમાણ ૫.૧, બિહારમાં ૧૬.૫ ટકા મુસ્લીમોની વસતિનું પ્રમાણ છે જ્યારે કર્મચારીનું પ્રમાણ ૭.૬ ટકા છે. આ શું બતાવે છે ? બધી જ તકો ગુજરાતમાં મુસ્લીમોને આપવામાં આવે છે અને કોઈ પણ પ્રકારનો ભેદભાવ નોકરીઓની અંદર પણ નથી રાખવામાં આવતો. જાહેર ક્ષેત્રમાં પણ છે અને સુરક્ષા એજન્સીઓમાં પણ છે અને ઉચ્ચ પદો ઉપર પણ મુસ્લીમ ભાઈઓ અને બહેનો સારી રીતે સર્વિસ કરી રહ્યા છે. એજ રીતે સચ્ચર કમિટીના રિપોર્ટ પૃષ્ઠ નંબર ૩૫૦ ઉપર મુસ્લીમોની આર્થિક સધ્ધરતા કેટલી છે એનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે એમાં ૨૦૦૨ થી ૨૦૦૫ સુધીના ત્રણ વર્ષના કોમર્શીયલ બેન્કોના ખાતા કેટલા છે? ડિપોઝિટ એમાં કેટલી છે? એની અંદર મુસ્લીમોના ખાતા કેટલા છે? મુસ્લીમોનો હિસ્સો કેટલો છે એ બધી જ બાબતો એની અંદર આપવામાં આવી છે અને એના આધારે ગુજરાતની અંદર મુસ્લીમોના બેન્ક ખાતા ૭.૬ ટકા છે અને જમા રકમ ૫.૫ ટકા છે, પશ્ચિમબંગાળમાં ખાતા ૧૨.૧ ટકા જમા રકમ ૫.૫ ટકા, કેરળની અંદર ૧૭.૬ ટકા અને જમા રકમ એમની છે ૧૫.૩ ટકા આનો અર્થ એ થયો કે મુસ્લીમો બચત કરે છે અને એમની આવકના પ્રમાણમાં એ બચત કરતા પણ થયા છે. જ્યારે પશ્ચિમબંગાળમાં આર્થિક સ્થિતિ મુસ્લીમોની બદતર છે એ આના ઉપરથી સાબિત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મુસ્લીમોની પ્રતિમાસ, દર મહિને માથાદીઠ કેટલી આવક છે ગામડામાં અને શહેરોમાં એનો ઉલ્લેખ પૃષ્ઠ ૩૬૫ ઉપર કરવામાં આવ્યો છે. ગુજરાતના ગામડાઓમાં ૬૬૮ રૂપિયા દર માસે એમની આવક ઉભી થાય છે. જ્યારે હિન્દુઓની આવક ૬૪૪ રૂપિયા, એસ.ટી. એસ.સી.ની આવક ૫૨૭ રૂપિયા અને પછાત વર્ગની આવક ૫૯૪ રૂપિયા. પશ્ચિમબંગાળમાં માથાદીઠ પ્રતિમાસ આવક ૫૦૧ રૂપિયા, બિહારમાં ૪૨૬ રૂપિયા, ઉત્તરપ્રદેશમાં ૫૦૯ રૂપિયા, આસામમાં ૫૧૧ રૂપિયા અને આંધ્રપ્રદેશમાં ૬૧૦ રૂપિયા પ્રતિમાસ વ્યકિતદીઠ આવક આ બધા રાજ્યોની સરખામણીમાં ગુજરાત રાજ્યમાં મુસ્લીમોની વ્યકિતદીઠ પ્રતિમાસ આવક ૬૬૮ રૂપિયા છે એ બધા કરતા વધારે છે એ બતાવે છે કે આર્થિક રીતે પણ ગુજરાતમાં મુસ્લીમો સધ્ધર છે તેમ છતાં વિશ્વની અંદર ગુજરાતને બદનામ કરવા માટેનો સતત પ્રયાસ ચાલે અને એ પ્રયાસને રોકવા માટે જ હું આંકડા આપીને આજે આ વિધાનસભા ગૃહમાં બોલી રહી છું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતની અંદર પણ ગ્રામીણ મુસ્લીમોની સરેરાસ આવક ૫૫૩ રૂપિયા છે જ્યારે ગુજરાતની અંદર ૬૬૮ રૂપિયા માથાદીઠ આવક છે. મુસ્લીમોની વસતિ ગામડાઓમાં અને એ ગામડાઓમાં મુસ્લીમો રહે છે ત્યારે એમને શિક્ષણની વ્યવસ્થા કેટલી મળી છે, એમના આરોગ્યની વ્યવસ્થાઓ કેવી છે, એમને એસ.ટી. મળે છે કે નહીં, એની વ્યવસ્થા કેવી છે? અને ત્યાં પાકા રસ્તાઓ કેવા છે એનો પણ સરવે કરવામાં આવ્યો છે એનું પણ પૃથ્થકરણ કરી આંકડાઓ આપવામાં આવ્યાં છે, એમાં ગુજરાતમાં એક હજાર વસતિ હોય ગામડાની એમાં ૪૦ ટકા કરતા વધુ વસતિ મુસ્લિમોની હોય ત્યાં પણ શિક્ષણની ૯૭.૭ ટકા વ્યવસ્થાઓ છે, મતલબ કે પ્રાથમિક શાળાઓ પણ છે, સારી વ્યવસ્થાઓ છે, આરોગ્યની ૫૨.૯ ટકા સેવાઓ છે, બસની ૯૩ ટકા સેવાઓ છે અને પાકા રસ્તાઓ ૬૯.૬ ટકા ધરાવે છે. એક હજારથી બે હજારની વસતિ હોય અને એમાં જો મુસ્લિમોની ૪૦ ટકા કરતા વધારે વસતિ હોય તો એવા ગામોની અંદર ૧૦૦ ટકા શિક્ષણની વ્યવસ્થાઓ છે, આરોગ્યની ૬૮.૧ ટકા વ્યવસ્થા છે અને બસની ૯૮.૧ ટકા વ્યવસ્થાઓ છે અને પાકા રસ્તાઓની ૯૦.૬ ટકા વ્યવસ્થા છે. ૨૦૦૦ કરતાં વધારે વસતિ ધરાવતું ગામડું હોય અને એમાં પણ ૪૦ ટકા કરતાં વધુ વસતિ મુસ્લિમોની હોય, ત્યાં પણ ૧૦૦ ટકા શિક્ષણની વ્યવસ્થા છે, આરોગ્યની ૮૯.૮ ટકા વ્યવસ્થા છે અને બસની ૯૯.૬ ટકા વ્યવસ્થા છે, પાકા રસ્તાઓની ૯૪.૭ ટકા વ્યવસ્થાઓ છે, ગુજરાતને બદનામ કરવા જે ફાઈવસ્ટાર કલ્ચરો મેદાને પડ્યા છે અને એના માટેના ગમે તેવા શબ્દો બોલવાના, ગમે તેવા અપશબ્દો બોલવાના અને ગુજરાતમાં મુસ્લિમો અસુરક્ષિત છે આમ છે તેમ છે એમ કરીને જે વાતો થઈ રહી છે એની સામે આંખ ઉઘાડનારા આ આંકડાઓ મેં ગૃહની સમક્ષ મૂકયા છે. સચ્ચર કમિટીના રિપોર્ટના પૃષ્ઠ નંબર પણ મેં આપ્યા છે અને એ આંકડાઓ મેં આ ગૃહ સમક્ષ મૂક્યા છે એ બતાવે છે કે ગુજરાતની અંદર જે રીતે હિંદુઓ જીવી રહ્યા છે એ જ રીતે એજ સુરક્ષિત, એજ શિક્ષણની વ્યવસ્થા, એજ આરોગ્યની વ્યવસ્થા, એજ પાણીની સુવિધાઓ એ બધું

જ જેટલું હિંદુઓને મળે છે શાયદ એના કરતાં પણ વધારે મુસ્લિમોને અપાઈ રહ્યું છે એ મારે આ ગૃહની સમક્ષ લાવવું હતું અને એટલું કહીને મારું પ્રવચન અહીંયા પૂર્ણ કરું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને માનનીય આત્મારામભાઈ પરમાર આ સભાગૃહ સમક્ષ આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માગુ છું. પચાસ વર્ષ થયા ગુજરાતની સ્થાપનાને અને સુવર્ણ જયંતિ ગુજરાતની આપણે ઉજવી રહ્યા છીએ. ૧૯૬૦ થી ૨૦૧૦ આ પચાસ વર્ષના ગાળામાં માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં પણ નોંધ લીધી છે કે વિવિધ રાજકીય પક્ષના વિવિધ મુખ્યમંત્રીશ્રીઓએ આ ગાળા દરમિયાન પોતાની કર્તવ્યનિષ્ઠા, પોતાની આગવી સુઝ, પોતાની દુરંદર્શિતાથી ગુજરાતના વિકાસને એક દિશા અને વેગ આપવાનું કામ આ તમામ મુખ્યમંત્રીશ્રીઓએ આ પચાસ વર્ષના ગાળામાં કર્યુ છે અને એ કામને રાજયપાલશ્રીએ બિરદાવ્યું, રાજયપાલશ્રીએ તો બિરદાવ્યું અને સાથે સાથે આત્મારામભાઈએ પણ એમના પ્રવચનમાં આ વાતને સ્વીકારી. એકબાજુ આ વાતનો સ્વીકાર કરવો અને બીજીબાજુ એના એ જ પ્રવચનમાં ચાર વાક્યો પછી એમ કહેવું કે આ ગુજરાતનું ગૌરવ, આ ગુજરાતનો વિકાસ, આ ગુજરાતની અસ્મિતા જો કોઈને આભારી હોય તો એ માત્ર એક વ્યકિતને આભારી છે. આ બે મોઢાંની વાતો ક્યાંસુધી આ સભાગૃહમાં કરીશું અને ગુજરાતનું ગૌરવ એ ગુજરાતની પ્રજાના કારણે છે ગુજરાતની પ્રજાએ પોતાની આગવી સુઝ, પોતાની વ્યાપારી કોઠાસુઝ, પોતાનો સ્વભાવ એના દ્વારા દેશમાં જ નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં એક નામના ઉભી કરી છે. અને તે વાતનો સ્વીકાર તો કરીએ પણ મને નવાઈ એ વાતની લાગે છે કે આ સભાગૃહમાં અભિનંદનો આપવાની તો જાણે એક પરંપરાઓ ઉભી થઈ ગઈ છે. જાણે હરીફાઇ ચાલે છે. મારી આપને વિનંતી છે કે, આપ એક સેશન અભિનંદનનું સેશન રાખો એટલે અભિનંદનના સેશનમાં બધા અભિનંદન આપી દે તો પછી કમ સે કમ આપણે ત્યાર પછી આપણો હાઉસનો બીઝનૅસ જે ચલાવવા માગીએ છીએ તે વ્યવસ્થિત રીતે ચલાવી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો વિકાસ થયો છે તેમાં બે મત છે નહીં. ગુજરાતે જબરજસ્ત વિકાસ કર્યો છે. પણ આપણું લક્ષ્ય તે માત્ર વિકાસ નહીં, આપણું લક્ષ્ય તે તો શ્રેષ્ઠતા છે. અને જ્યારે શ્રેષ્ઠતાને એક ધ્યેય રાખીને આપણે ચાલતાં હોઈએ ત્યારે માત્ર આપણી સિદ્ધિઓને વાગોળ્યાં કરીએ, સિદ્ધિઓના વખાણ જાતે અને જાતે જ કર્યા કરીએ તેના કરતાં ક્યાંક આપણી ઊણપ રહી ગઈ હોય, ક્યાંક આપણી કચાશ રહી ગઈ હોય ક્યાંક એમ લાગે કે આના કરતાં કંઈક વધારે સારું કર્યુ હોત તો ગુજરાતનું વધારે ભલું કરી શક્યા હોત અને ખુલ્લા મને પોતાની ટીકાને સ્વીકારવાની પણ જો માનસિકતા રાખી હોત તો મને લાગે છે કે, ગુજરાતને વિકાસની એક દિશામાં વધારે ઝડપથી આપણે લઈ જઈ શક્યા હોત. માનનીય અધ્યક્ષશ્રી, પ્રસિધ્ધિઓની પાછળ તો આપણે પડ્યા પણ એ પ્રસિધ્ધિઓને ક્યારેક તો સિદ્ધિઓમાં પલટાવવી પડશેને ? ઘણાં બધા મુદ્દાઓની ચર્ચા થઈ અને ઘણાં બધા સભ્યોએ આ રાજયની વીજળીની સ્થિતિની બાબતમાં ચર્ચા કરી. અને મારે આપનું ધ્યાન દોરવું છે આ રાજયપાલશ્રીના પ્રવચનના નવમા પાના ઉપર રાજય સરકાર દ્વારા એમ કહેવામાં આવ્યું અને આઈ કોટ સર, કે જેની પાસે વીજળી ઉત્પાદન માટે જરૂરી કાચો માલ, પાણી, કોલસો કે ગેસ કશું જ નથી તેમ છતાં આજે દીર્ઘ દ્રષ્ટિ અને આયોજનના કારણે ગુજરાત ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આત્મનિર્ભર બની ગયું એવી વાત થઈ. કદાચ મારી સામે જે સભ્યો બેઠાં છે તેમને પણ આ વાત સ્વીકાર્ય નહીં લાગી હોય એટલે કેટલાક સભ્યોએ તો એમના પ્રવચનમાં કહ્યું કે આત્મનિર્ભર થવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. પણ અહીંયા એમ કહેવાયું કે આત્મનિર્ભર થઈ ગયું. મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી આ સભાગૃહ પાસે કેટલાક આંકડા મૂકવા છે. અને એ આંકડા મારા નહીં, સત્તરમા ઈ.પી.એસ. રિપોર્ટમાં પ્રસિદ્ધ થયેલાં આંકડા છે. અને એ આંકડા એમ કહે કે ૨૦૦૨ અને ૨૦૦૩માં ૧૧.૪ ટકા વીજળીની ઘટ હતી. ૨૦૦૪-૦૫માં ૧૧.૭ ટકા, ૨૦૦૭-૦૮માં ૧૬.૨ ટકા અને જાન્યુઆરી, ૨૦૧૦માં પણ ગુજરાત રાજયમાં ૮.૯ ટકા વીજળીની ઘટ છે અને એમ છતાંય આપણે એવો દાવો કરીએ કે વીજળીની દિશામાં આપણે આત્મનિર્ભર બનીને આગળ ચાલીએ છીએ. સવાલ તો ખેડૂતોને વીજળી આપવાનો છે. સવાલ એ છે કે, વીજળીની સ્થિતિમાં આપણે ઘટ છે કે સરપ્લસ છે તે પ્રશ્ન કરતાં ગુજરાતના ખેડૂતોને આપણે કેટલાં કલાક વીજળી આપીએ છીએ, કેવી વીજળી આપીએ છીએ, કયા સમયે વીજળી આપીએ છીએ ? માનનીય અધ્યક્ષશ્રી, બહું ચોંકાવનારા આંકડા અને ચોંકાવનારા આંકડા એ કે, ૧૯૯૯ અને ૨૦૦૦ની સાલમાં ગુજરાતના ખેડૂતોને ૧૪૯૩૪ મિલિયન યુનિટ વીજળી આપવામાં આવતી હતી. ૨૦૦૦-૨૦૦૧માં ૧૫૪૪૯ મિલિયન યુનિટ. ૧૪ હજારથી વધ્યું. ૨૦૦૧-૦૨માં ૧૫૬૯૫ મિલિયન યુનિટ. અને ૨૦૦૮-૦૯માં ખેડૂતોને કેટલી વીજળી આપી? ૨૦૦૮-૦૯માં ૧૧૭૩૩ મિલિયન યુનિટ વીજળી ખેડૂતોને આપી. આમ ૨૦૦૦-૨૦૧૦ ના ૧૦ વર્ષના ગાળામાં ખેડૂતોને આપવાની વીજળીનું પ્રમાણ વધવાને બદલે ૪૦૦૦ મિલિયન યુનિટ જેટલું ઘટ્યું છે. અને એમ છતાંયે આપણે એવો દાવો કરીએ કે વીજળીની સ્થિતિમાં અમે આત્મનિર્ભર થઈ ગયા છીએ? ગુજરાતના ખેડૂતોને વીજળી આપવાના ભોગે આત્મનિર્ભરનો દાવો આજે ગુજરાતમાં થઈ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત થઈ નર્મદા યોજનાની. નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી છે. નર્મદામાં રાજકીય પક્ષનો વિવાદ ન રાખો. આત્મારામભાઈએ તો આગળ વધીને એમ પણ કહ્યું કે નર્મદા ભાવ

કેળવાય. અને એમણે નર્મદા ભાવ કેળવવાની વાત કરી છે ત્યારે આપના થકી મારે સભાગૃહને કહેવું છે કે કદાચ આત્મારામભાઈ તેમના અંતરઆત્માના અવાજથી બોલ્યા હોત તો આવું ન બોલ્યા હોત. પણ આપણી પાસે સવાલ છે તે એ છે કે ૨૯૦૦૦ કરોડ રૂપિયા આપણે નર્મદા યોજના પાછળ ખર્ચી ચૂકયા છીએ અને હજુ આજે પણ કેનાલ, માઈનોર કેલાન અને સબ કેનાલનું નેટવર્ક ૨૯ ટકાથી વધારે આપણે વિકસાવી શકયા નથી. અને આજે આટઆટલા વર્ષો પછી, નર્મદાના નામે આટઆટલી રાજનીતિ કરવામાં આવી હોવા છતાં પણ ગુજરાતના ખેડૂતોને નર્મદાનું પાણી પહોંચાડી શકયા નથી. કેનાલો એવી બની કે છેલ્લા ૮ વર્ષમાં ૩૦૮ ગાબડાં પડયાં. જે કેનાલો ૫૦, ૫૦ વર્ષ સુધી આ રાજયના લોકોની સેવા કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી, એવી કેનાલોમાં ગુણવત્તાના અભાવે, વહીવટી તંત્રની નિષ્કાળજી અને પરિણામે ૩૦૮ ગાબડાં પડે અને એમ છતાંયે આપણે આપણી સરકારને નંબર વન સરકાર કહેવડાવીએ?

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭માં આયોજન પંચ સમક્ષ ગુજરાત સરકારે ખાતરી આપી હતી કે નર્મદા યોજનાનું કામ હવે છેલ્લા તબકકામાં પ્રવેશી ચૂકયુ છે ત્યારે અંતિમ સમયપત્રક તૈયાર કરીને રજૂ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ અને ૨૦૧૦. હજુ આપણે નર્મદાનું અંતિમ સમયપત્રક તૈયાર કર્યુ નથી. નર્મદા યોજનાના અમલીકરણ માટે આપણે કેટલા ગંભીર છીએ તે સવાલ આજે ઉભો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર સારી ભાષા વાપરવાથી કે અલંકારિત ભાષામાં લેખો લખવાથી આપણે ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડી શકવાના નથી. અને બીજી જે યોજનાઓ અમલમાં મૂકાઈ. બોરીબંધ, ચેકડેમ, સુજલામ્ સુફલામ્ અને એ બધી યોજનાઓ તો એક ભ્રષ્ટાચાર કરવા માટેનું સાધન બની ગઈ હોય એવી સ્થિતિ ગુજરાતમાં ઉભી થઈ ગઈ છે. અને * (જાહેર હિસાબ સમિતિ પોતાના રીપોર્ટમાં લખે,) કેગ પોતાના રીપોર્ટમાં લખે અને એમ છતાંયે આપણે એની ચિંતા કરવાની નહીં? કઈ દિશામાં આપણે ચાલી રહ્યા છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગુજરાતના નામે તો ઘણી ઘણી જાહેરાતો પણ કરાઈ. ઘણી ઘણી વાતો કરાઈ, પણ સાહેબ મારે પૂછવું છે કે આત્મારામભાઈ જેવા જયારે આ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા હોય ત્યારે ૧૯૯૩માં જે કાયદો આવ્યો, Dry Latrine Prohibition Act. અને કાયદામાં કહેવામાં આવ્યું કે હાથ કે માથે મેલું ઉપાડવાની પ્રથા ઉપર પ્રતિબંધ આવશે. માનનીય આત્મારામભાઈએ ચિંતા ના કરી નહીંતર તેમને લાગ્યું હોત કે કયાંક આનો ઉલ્લેખ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં કરવો જોઈએ કે નહીં, પરંતુ આ પ્રતિબંધ બાદ ગુજરાત સરકારે હાઈકોર્ટમાં એફિડેવિટ કરીને એમ કહેવામાં આવ્યું કે ગુજરાતમાં માથે મેલું ઉપાડવાની પ્રથા હયાત નથી અને પરિસ્થિતિ એ કે આજે પણ અસંખ્ય નગરપાલિકાઓ, આજે પણ અસંખ્ય મ્યુનિસિપલ કોરપોરેશનોમાં..

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : માનનીય સિધ્ધાર્થભાઈ, આપ જે હમણાં સુજલામ્ સુફલામ્ બાબતમાં જે રિપોર્ટનો ઉલ્લેખ કરતા હતા એ રિપોર્ટ જરા મને બતાવો ને.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ *(જાહેર હિસાબ સમિતિનો રિપોર્ટ) અત્યારે મારી પાસે નથી, પણ એ લાયબ્રેરીમાં ઉપલબ્ધ છે.

**અધ્યક્ષશ્રી:** એ * (જાહેર હિસાબ સમિતિના રિપોર્ટમાં) એનો ઉલ્લેખ છે કે નહીં એ આપ જુઓ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ**: હું એ રિપોર્ટમાંથી પાછળથી કાઢીને એ બતાવીશ.

**અધ્યક્ષશ્રી:** જે રિપોર્ટનો આપ ઉલ્લેખ કરો છો એ રિપોર્ટ મને જરા લાવીને બતાવો ને. (અંતરાય) જયારે આપણે એનો ઉલ્લેખ કરતા હોઈએ ત્યારે એ ઉલ્લેખો આપની પાસે હોવા જોઈએ અને બીજી વસ્તુ એવી છે કે જાહેર હિસાબ સમિતિનો રિપોર્ટ ટેબલ ઉપર મૂકાયો હોય અને એનો ઉલ્લેખ હોય તો એ ઉલ્લેખ કરી શકાય, બાકી ચર્ચાનો ઉલ્લેખ ના થાય. એટલે આપ જે રિપોર્ટની વાત કરો છો એ રિપોર્ટ (અંતરાય) શ્રી પટેલ, એ રિપોર્ટ આવી ગયો છે? એ હોય તો મંગાવી લો.

**શ્રી સિધ્ધાર્થ પટેલ**: એ અત્યારે મારી પાસે નથી?

**અધ્યક્ષશ્રી:** કાંઈ નહીં, હું મંગાવી લઉં છું.

**શ્રી સિધ્ધાર્થ પટેલ:** એ રિપોર્ટના રેફરન્સનો ઉલ્લેખ કાઢી નાંખો ને. કેગના અહેવાલમાં પણ એનો ઉલ્લેખ કરેલ છે. આ કોઈ ખાનગી માહિતી નથી, કેગના રિપોર્ટમાં એ છે. કેગના રિપોર્ટમાં પણ આ સુજલામ્ સુફલામ ના સંદર્ભમાં ગંભીર ગેરરીતિઓની વાત કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી**: મારો વાંધો કેગના રિપોર્ટના સંદર્ભમાં નથી. મારો વાંધો તો આ સુજલામ્ સુયલામ્ની બાબતમાં આપે વાત કરી છે એ બાબતમાં છે. (અંતરાય)

---

* ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ મોડવાડીયા**: માનનીય અધ્યક્ષશ્રી, એ એમના શબ્દો પાછા ખેંચી લે છે.

**અધ્યક્ષશ્રી**: ઓ.કે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ ગુજરાતની અસંખ્ય નગરપાલિકાઓમાં અને કોરપોરેશનોમાં આ પ્રથા આજે પણ ચાલુ છે. હમણાં જ તાજેતરમાં એન.જી.ઓ. દ્વારા એક રિપોર્ટ કરવામાં આવ્યો અને એ રિપોર્ટ સરકારને સુપ્રત પણ તયો છે અને એકે એક જિલ્લામાં જે આંકડા આપવામાં આવ્યા છે એનાથી આપણું માથું શરમથી ઝૂકી જાય એવા એના આંકડાઓ આપ્યા છે અને સ્વર્ણીમ ગુજરાતનો સંકલ્પ કરીને ગુજરાતને ગૌરવ અપાવવાની વાત કરતા હોઈએ, ગુજરાતને દિશા અપાવવાની વાત કરતા હોય તો હું માનું છું કે સ્વર્ણીમ ગુજરાત નિમિત્તે સૌથી પહેલો સંકલ્પ એ હોવો જોઈએ કે તાત્કાલિક અસરથી આ માથે મેલું ઉપાડવાની પ્રથા અમે નાબૂદ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની ઘણીવાર ચિંતા કરવામાં આવે છે. હું આપના થકી આ માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ૨૦૦૦-૦૧ ની સાલમાં સરકાર દ્વારા જે એક માસ્ટર પ્લાન તૈયાર થયો હતો અને એ માસ્ટર પ્લાનમાં ૧૧૩૩૯ ગામડાં આવરી લીધાં કે આ ગામડાંને આવનાર દિવસોમાં પ્રાથમિકતાના ધોરણે પીવાના પાણીની સગવડ પૂરી પાડવામાં આવશે. તો ૨૦૦૦ અને આજે ૨૦૧૦નું વર્ષ ચાલે છે તો આપણે આ ૧૧૩૩૯ ગામોને ચોખ્ખું પીવાનું પાણી આપી શકયા છીએ? જો આપણે સ્વર્ણીમ ગુજરાતની વાત કરતા હોઈએ, જો આપણે આ દિશામાં જવાની વાત કરતા હોઈએ તો કમસે કમ ગુજરાતમાં એવી સ્થિતિ તો પેદા કરવી પડે કે આ બધાં ગામડાંમાં ચોખ્ખું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી શકાય. આજે આપણી બહેનોને ૩-૩ કિલોમિટર સુધી માથે બેડું ઉપાડીને પાણી ભરવા જવું પડે છે એ તો ના જવું પડે. આપણા શહેરોમાં અઠવાડિયામાં એક દિવસે કે બે દિવસે પાણી મળે છે એવી સ્થિતિમાંથી તો આપણે આપણા કેટલાક શહેરોને બહાર કાઢીએ. (અંતરાય)આરોગ્યની સેવામાં ૧૦૮નો ઉલ્લેખ કરી અને ૧૦૮થી જાણે આપણી આરોગ્યની તમામ જરૂરિયાતો પૂરી થઈ જતી હોય તેવો દેખાય કરવામાં આવી રહયો છે. નમૂનારૂપ જિલ્લાઓ તરીકે છ જિલ્લાને પસંદ કરવામાં આવ્યા હતા. અને તે છ જિલ્લાઓના ૩૭૯૧ ગામડાં માટે આરોગ્યનો માસ્ટર પ્લાન તૈયાર કરવાનો હતો. આજે ચાર વર્ષ એવાતને થયા? કેટલા ગામડાઓનો માસ્ટર પ્લાન તૈયાર થયો? તો ફકત ૧૧૧૮ ગામડાંનો માસ્ટર પ્લાન તૈયાર થયો છે અને ૨૬૮૦ ગામડાં આ છ નમૂનારૂપ જિલ્લાના આજે પણ માસ્ટર પ્લાન વગરના રહ્યા છે. અને એમ છતાં આપણે સમગ્ર ગુજરાતને શ્રેષ્ઠ આરોગ્યની સેવાઓ આપવાની વાત્ કરીએ છીએ. જો શ્રેષ્ઠતાની દિશામાં જ આપણે જવું હોય તો આપણી કેટલીક ભૂલોને પણ સ્વીકારીને આગળ ચાલવું પડે. અને ભૂલો દૂર કરવાની માનસિકતા અને તૈયારી રાખવી પડશે. હું આ વખતનો જે રિપોર્ટ છે તેના અવતરણો ટાંકવા માગું છું. આપણે શ્રેષ્ઠ વહીવટ કરવાની વાત કરીએ છીએ ત્યારે ભારતના નિયંત્રક અને મહાલેખાકાર પ્રકાશક ૩૧મી માર્ચ ૨૦૦૯ના રિપોર્ટના પાના નંબર ૨ ઉપર મેગા સીટી કોમ્પોનન્ટ હેઠળ મળેલ નાણાના ૬૭ ટકા નાણા ૨૦૦૬-૦૭ અને ૨૦૦૮-૦૯ દરમિયાન વણ વપરાયેલા રહ્યા. એ જ રિપોર્ટમાં પૂર્ણ થયેલ રહેણાક અને બીન રહેણાકના કામોમાં ૩૩.૭૮ કરોડની બચત થઈ હોવા છતાં ગુજરાત સરકારે તે બચતની જાણ કેન્દ્ર સરકારને કરવાનું મુનાસીફ નહી માન્યું. ૩૧મી માર્ચ ૨૦૦૯ની સ્થિતિએ ગ્રામિણ આરોગ્ય માટેની.. .. ..

**અધ્યક્ષશ્રી** : માનનીય સિધ્ધાર્થભાઈ, હું આપને રોકતો નથી. પણ આપના દંડકશ્રીએ જે મિનિટો ફાળવી છે તે પૂરી થાય છે. એટલે આપને ચલાવવું હોય તો ચલાવો, મને વાંધો નથી. પણ એ પછીના સભ્યોને સમય એટલો ઓછો મળશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે જ મિનિટમાં પૂરું કરું છું. ૩૧મી માર્ચ ૨૦૦૯ની સ્થિતિએ ગ્રામિણ આરોગ્ય માટે કેન્દ્ર સરકાર દ્વારા આવેલ રકમ ૨૦૦૫ થી ૨૦૦૯ દરમિયાનના ગાળામાં ૧૦૩ કરોડની રકમ વણ વપરાયેલી બાકી રહી. અને વહીવટની ગેરરીતિના એક થી અનેક ઉદાહરણો આ રિપોર્ટમાં કરવામાં આવ્યા છે. કોને કામ આપ્યું, કેવી રીતે કામ આપ્યું, ટેન્ડર મંવાગ્યા કે નહીં, બ્લેક લીસ્ટ કંપનીને કામો આપવામાં આવ્યા, બ્લેક લીસ્ટ કંપનીઓ પાસેથી માલ ખરીદી લેવામાં આવ્યો, જાત જાતનું ચાલ્યું, એમ છતાં આપણે આપણી જાતને નંબર વન કહીએ, મારે તો આ સન્માનનીય સભાગૃહને આપના થકી માત્ર એક વાત કરવાની છે અને તે એ કે સ્વર્ણીમ ગુજરાતમાં લોકો પાસે સંકલ્પ લેવડાવવાના? લોકોમાં જાગૃતિ ઉભી થાય તે આવકાર દાયક છે, લોકો પણ એમાં સંમલિત થાય, ઈન્વોલ્વમેન્ટની ભાવના ઉભી થાય એ સારી વાત છે. પણ માત્ર ગુજરાતની પ્રજાએ જ સંકલ્પ લેવાનો? ગુજરાતની સરકાર કોઈ સંકલ્પ લેશે? અને જો એ સંકલ્પ લેવા માગતી હોય સ્વર્ણીમ ગુજરાત નીમિતે તો એ સંકલ્પ એ હોવો જોઈએ કે ગુજરાતના ૧૮ હજાર ગામડાંઓને પીવાનું ચોખું પાણી આપીશું, માથે મેલુ ઉપાડવાની પ્રથા નાબૂદ કરીશું. ખેડૂતોને પુરતા વોલ્ટેજથી ઓછામાં ઓછી ૧૪ કલાક વીજળી આપીશું. આ ચિંતા કરવાની હોય. પણ તેના બદલે આજે જે સ્થિતિ ચાલે છે તે સ્થિતિ માનનીય શકિતસિંહ ભાઈએ ઈન્દુ ચાચાની વાત કરી અને એમની સાદગીની વાત કરી હતી. શું સ્વર્ણીમ ગુજરાત નીમિતે આપણે સંકલ્પ લઈ શકીએ એમ છીએ અથવા લેવા માગીએ છીએ કે વ્યર્થ પ્રચારમાં નહીં પડીએ, પરંતુ લોકોની સુખાકારી ઉપર ધ્યાન આપીશું. વ્યર્થ ખર્ચ નહીં કરીએ જાહેરાતમાં અને પ્રસિધ્ધિમાં નહીં પડીએ પણ લોકોની સેવા કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરીશું. જો આ સંકલ્પ લઈને આપણે ચાલીએ તો સ્વર્ણીમ ગુજરાતના જે સંકલ્પ સાથે અને જે

વિચાર સાથે આપણે વાત કરી રહયા છીએ તે વધારે યથાર્થ રહેલી ગણાશે. અને તેથી આ બધી ગંભીર બાબતમાં જે સાચી વાત છે તેનો ઉલ્લેખ મહામુહિમ રાજયપાલશ્રીના પ્રવચનમાં થયો હોત તો મને વધારે આનંદ થયો હોત. પણ આપણે સિધ્ધીની વાત કરી છે. તેની સાથે સાથે જે કચાશ રહી ગઈ છે તેનો પણ આપણે મુકત મને સ્વીકાર કરવો જોઈએ. પણ એ કચાશ સ્વીકારવાની માનસિકતા આ પ્રવચનમાં દેખાતી નથી એટલા માટે માનનીય રાજયપાલશ્રી માટે સંપૂર્ણ સન્માન હોવા છતાં આ પ્રવચન સાથે હું સહમત થઈ શકતો નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહની અંદર મહામહિમ રાજયપાલશ્રીના સંબોધનની અંદર આભાર પ્રસ્તાવ લઈને આપણા ગૃહના સન્માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

ગુજરાત પીવાની પાણીનો અછતવાળો વિસ્તાર કહેવાતો આજ સુધી ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો પૂર્વની આદિવાસી અને ડુંગરાળ પટ્ટી આ સ્થિતિમાં ગુજરાતની અંદર છેલ્લા ૫૦ વર્ષની જે અવદશા થઈ છે એનાથી આખું ગુજરાત વાકેફ છે. આજથી ૫૦ વર્ષ પહેલા જો આપણે ઈતિહાસ જોઈએ તો ગામડાંની અંદર બારમાસી નદીઓ હતી, મને યાદ છે જ્યારે હું નાનો હતો ત્યારે મારા મામાના ઘરે જતો ત્યારે ઘોડાથ્રો નદી આવતી હતી. એ નદીને ઓળંગીને જતાં ત્યારે મારી બા અમને ખભે તેડી લેતા હતા. એ ટાઈમમાં બાર મહિના નદીઓ વહેતી હતી. આ નદીઓ સુકાઈ કેમ ગઈ? આપણા વડીલો પણ કહે છે કે આપણા ઘરનો મુખ્યારો હોય કે રાજનો મુખી હોય એની નિયત જો સાફ ન હોય તો કુદરત ગોળાના પાણી અને નદીઓના પાણી સૂકવી નાખે. આ દશા ગુજરાતની થઈ છે. મને યાદ છે કે અવારનવાર દુષ્કાળ પડવાને કારણે ગામડાંના ખેડૂતોની કમ્મર ભાંગી નાખનારી ત્યારની ગુજરાતની સરકાર હતી અને આજ દુષ્કાળની અંદર રફાળેશ્વરના કેટલકેમ્પથી આપ સૌ વાકેફ છો કે ગાયોના નામનો ઘાસચારો અગાઉના મિત્રોએ ખાવામાં બાકી નથી રાખ્યો એના લીધે ગુજરાતમાં અગાઉ દુષ્કાળ પડતા. ૧૯૬૫ થી ૧૯૭૦ વચ્ચે દુષ્કાળની સ્થિતિ આવી ત્યારે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના ગામડાંના ખેડ્રતની એવી દશા થઈ કે પોતાના વહાલસોયો પુત્ર હોય શાળામાં ભણતો હોય એને રમવાના ખેલવા કૂદવાના દિવસો હોય એ સમયમાં એને સુરત અને નવસારીમાં હીરા ઘસવા માટે મોકલ્યા શા માટે કે પોતાના ઘ ારની અંદર અનાજ નહોતું એને પોતાનું ગુજરાન ચલાવવા માટે આ સ્થિતિ થઈ હતી એમાંનો હું પણ એક હતો. હીરા ઘસવા ગયા પાછળથી મા-બાપને જ્યારે અનાજ લેવું પડે વાવણી થાય ત્યારે ખાતર બિયારણ લેવું પડે તે વખતે યુવાનો ઉપાડ કરીને પૈસા એના મા-બાપને મોકલીને એના ઘરનું ગુજરાત ચલાવતા. આજે આ ગુજરાતની અંદર આ મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિને કારણે પાણીનો સંગ્રહ કરીને ગુજરાતને જ્યારે નંદનવન બનાવ્યું ત્યારે આ ગુજરાતનો હીરા ઘસુ સુરત અને નવસારીમાં છે આજે જ્યારે મકાન લેવા તૈયાર થાય ત્યારે એના બાપા ગામડાંમાંથી કહેવડાવે છે કે બેટા તું મકાન લે તો મોટું લેજો. મારે ઓણ કપાસ અને મગફળીનું ઉત્પાદન વધારે થયું છે એના કારણે હું તને વધારાના પૈસા આપીશ. આ સ્થિતિ આ ગુજરાતની થઈ છે ત્યારે મારે કહેવું છે.

હમણાં રાઘવજીભાઈ બોલતા હતા, એમણે બે-ત્રણ મુદ્દા કહ્યા. મારે એમને એટલું જ કહેવું છે કે આપ પણ અગાઉ સરકારમાં પાણી પુરવઠા મંત્રી હતા અને એ વખતમાં શું થયું હતું અને એ વખતે સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીએ ઘણી ફરિયાદો કરી હતી. આજે એમના મત વિસ્તારની અંદર નર્મદાનું પાણી છેલ્લા ચાર વર્ષથી ચાલુ છે. જામનગર જિલ્લાના ૪૯૮ ગામ, સાત તાલુકા અને ૧૧ શહેર, ૩૫૦ કરોડની બલ્ક લાઈનની યોજનાના કામ પૂર્ણ થયા છે. ૧૨૨ કરોડના પેટા લાઈનના કામો પૂર્ણ થવામાં છે. ઊંચી ટાંકી અને સંપ સાથે. મારે એટલું પણ કહેવું છે કે ઘણી વખત અહીંયા કહે કે ઉદઘાટનો કર્યા. જામનગર જિલ્લાના ૧૯૮૮ની સાલમાં ખાલી બે લાખની પાણીની ટાંકીનું ઉદઘાટન કરવા જે તે વખતના મુખ્યમંત્રીશ્રી ગયા હતા. આ ૪૮૭ કરોડના કામોનું ઉદઘાટન એક પણ મંત્રી કે મુખ્યમંત્રીશ્રી નથી ગયા.

બીજી વાત ગ્રામસભાની કરી. મારે ગ્રામસભા માટે એટલું કહેવું છે કે આ ગ્રામસભાને કારણે ગામડાંમાં જબરજસ્ત જાગૃતિ આવી, ગામડાંના યુવાનો સૂચનો કરવા મંડયા. નાના પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ આવે એ લાઈન ઉપર ચાલવા માંડ્યા અને નાના કામો માટે એમ.એલ.એ.ની કે એમ.પી.ની ગ્રાન્ટ જિલ્લા એજન્ટ કે તાલુકા એજન્ટની ગ્રાન્ટમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો. પછી મોટા કામો હોય, બજૅટની જોગવાઈવાળા કામો હોય તેનો સમાવેશ કરવાના પ્રયત્નો આ ગ્રામસભા દ્વારા કરવામાં આવ્યા. મારે એ વાત કરવી છે કે આ રાજયમાં ૧૯૦૩ કિલોમીટરની બલ્ક લાઈન, મને ખબર છે. જ્યારે આ લાઈનના કામો ચાલતા હતા ત્યારે વિરોધપક્ષના નેતા તે વખતે એમ કહેતા હતા કે આ લાઈનમાં શું હવા ચાલવાની છે? તેમાં હવા નહીં, એમાં પાણી ચાલે છે અત્યારે અને એક લાખ કિલોમીટરથી વધારેની પેટા લાઈનોના કામ આ ગુજરાતની સરકારે પૂર્ણ કર્યા. ત્યારે મારે એટલું કહેવું છે કે આ રાજયની અંદર ૧,૮૦,૦૦૦ હેન્ડપંપ છે. તેમાંથી ૧,૩૦,૧૧૩ હેન્ડપંપ આદિવાસી વિસ્તારમાં ૫૨ માણસની જનસંખ્યાએ એક હેન્ડપંપ છે.

બીજી મારે ખાસ એ વાત કરવી છે કે ગામડાંમાં મને ખબર છે. અમારી મા જ્યારે કામ કરતી ત્યારે ત્રણ-ત્રણ કિલોમીટર પાણી ભરવા જતા. સવારે ચાર વાગ્યે ઉઠીને પાણી ભરવા જવું પડે તેનું કારણ એ હતું કે કૂવામાં દોરડું નાખે. જો મોડું થાય તો કૂવામાં પાણી ખલાસ થઈ જાય. આ ત્રણ-ત્રણ કિલોમીટર માથા ઉપર બેડા લઈને પાણી ભરતા એ દિવસોના કારણે આજે આ ગુજરાતના મુખ્યમંત્રી આદિવાસી વિસ્તારમાં ૧,૩૪,૧૮૮ જેટલા ઘ

ારની અંદર ઘરે નળ કનેક્શન આપ્યા. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે આ ગુજરાતમાં જે નર્મદા કેનાલ આધારિત સૌરાષ્ટ્રને જે પાણી આપવામાં આવ્યું, જે ગામડાંના ખેડૂતોનો ઉભો પાક હોય તો સ્વાભાવિક ખેતરના શેઢેથી પાણી ચાલ્યું જતું હોય તો ખેડૂતો રહી ન શકે. તેના કારણે કેનાલમાંથી વધુ પાણી લેવાના કારણે સૌરાષ્ટ્રમાં પીવાના પાણીનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો હતો. તેના માટે આ રાજય સરકારે આ બજેટ જોગવાઈમાં ૪૨૦૦ કરોડ મંજૂર કરીને ઢાંકીથી રતનપર-રાજકોટ, ૧૫૦ કિલોમીટરની બલ્ક પાઈપ લાઈન, ઢાંકીથી માળિયા, ૧૩૫ કિલોમીટરની પાઈપ લાઈન, ઢાંકીથી નાવડા ૯૦ કિલોમીટરની પાઈપ લાઈન, માળિયા અને ધ્રાંગધ્રા, લીંકઅપની ૩૦ કિલોમીટરની પાઈપ લાઈન, નાવડાથી બોટાદ લાઈનની ક્ષમતા વધારવાના કામ માટેની ૩૦ કિલોમીટરની પાઈપ લાઈન, ૧૮૦ કરોડ રૂપિયા. જૂનાગઢ જિલ્લામાં કરિયાળીથી કેસરીયા ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આ યોજના બનાવવાની છે. આદિવાસી વિસ્તારમાં આ વધારે પાણી પુરવઠાની યોજના માટે ૩૦૯ કરોડની ફાળવણી. મારે એટલું કહેવું છે કે જ્યારે અમે રસ્તા ઉપર નીકળીએ, એક સાથે બે-બે ફોટા જોઈએ તો અમને કોઈ દિવસ ઈર્ષા ન આવે. એક સાથે બે ફોટા રોડ ઉપર ક્યાંક જોઈ જઈએ તો અમને કોઈ દિવસ ઈર્ષા ન આવે. આ ગૃહની અંદર મારી સામી પાટલીએ બેઠેલાં મારા પરમ મિત્ર, સ્નેહીઓને આ સી.એમ.ના પરિચિત એક ચહેરાથી ચિંતા થાય છે. આ પરિચિત છબીથી પરેશાન થાય છે અને આ ફોટા જોઈને હેરાન થાય છે. આ હેરાન થવાનું મુખ્ય કારણ એ છે કારણ કે એ જોયા પછી વધુ અકળાય છે અને આ ફોટા જોઈને ભયભીત એટલા માટે થાય છે કે આ ચહેરો કોંગ્રેસનું પતન એ જ આ થવાનું છે. એટલા માટે આ ફોટા છાપામાં આવે, ટી.વી.માં આવે તેનાથી મહત્ત્વ નથી. આ ફોટા તો સાડા પાંચ કરોડની જનતાના હૃદયમાં અંકિત થઈ ગયેલા છે. ખાસ કરીને મારે એ કહેવું છે. (અંતરાય) એ અમે ઘરે રાખીશું. દિલમાંય રાખીશું. ખાસ કરીને આપણે કોઈ પણ યોજના હોય, કોઈ પણ કામ હોય, તેનાથી બધા પરિચિત છીએ. આ ગરીબ કલ્યાણ મેળાની વાત આવી એમાં તો બધા ઉકળી ઊઠ્યા અને પછી રહી રહીને જેમ કહ્યું, પછી ખબર પડી એમ છાપામાં રોજ જાહેરાત આપે. આ ઘર કેન્દ્રની ગ્રાન્ટમાંથી આપવામાં આવે છે. આ યોજના કેન્દ્રની ગ્રાન્ટમાંથી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રની સરકારનું આ વર્ષના બજેટમાં સમાજ કલ્યાણ વિભાગના ૭૦ ટકા રૂપિયા વાપરી નથી શક્યા અને અહીંયા અમે ૧૦૦ ટકા વાપરીએ એમાં પણ તમને તકલીફ પડે? આ તેની યોજનાના રૂપિયા વાપરી શકતા નથી અને ગુજરાતમાં બે મહિનાની અંદર આ લાખો લોકોને આ યોજનાનો લાભ આપ્યો એમાં તમને તકલીફ પડી? ખાસ કરીને મારે એ વાત કરવાની છે. કે નર્મદા મૈયા આ જેમ ભાગીરથી રાજાએ ગંગાને ઉતારી એમ આ નર્મદાને પણ ભર્તુ રાજાએ એના વડવાઓના મોક્ષાર્થે શંકરનું તપ કરીને ઉતારી છે શંકરની પુત્રી તરીકે આ પૃથ્વી પર ઉતારી હોય અને લોકોનો એનાથી મોક્ષ થતો હોય તો આ નદી ગુજરાતના એકે એક ગામડામાં ફરશે. (અંતરાય) જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈકબાલભાઈ આ બાજુ ૬૧ મિનિટ બાકી છે અને આપની ૨૦ મિનિટ બાકી રહી છે અને આપના ૬ વક્તાઓ બાકી છે એટલે છેલ્લા વક્તાઓને રદ કરવા પડે અથવા તો ૨-૩ મિનિટ આપી શકાય. (અંતરાય) સારું મોહનસિંહભાઈને પાંચ મિનિટ આપું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય આત્મારામભાઈ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના ઉપર વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના અનેક મુદ્દાઓ હું જોઈ ગયો છું. પરંતુ આ આખું પ્રવચન તૈયાર કરવાનું કામ રાજયપાલશ્રીના હાથથી થયું નથી. આ તો સ્વાભાવિક રીતે જ જે તે સરકારો હોય એ સરકારો જ * (xxxxx) એ સમજી શકાય છે.

**અધ્યક્ષશ્રી** : આપ તો સિનિયર સભ્ય છો. આપ પોતે કહો છો કે, સરકાર વખાણ કરાવે. પણ (xxxxx) એ શબ્દો યોગ્ય નથી, એ શબ્દો આપ વાપરો એ બરાબર નથી. હું એને રદ કરું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચું છું. ૨૦ લાખ જેટલા લોકોને ૨૭૦૦ કરોડ રૂપિયાનું ધીરાણ જે ગરીબ આદિવાસી મેળામાં કરવામાં આવ્યું. આ પૈસા લેવા જે લોન મેળામાં ગયા, પણ પછી એ પૈસા લેવા માટે ૧૦ દિવસ પછી નસવાડી તાલુકા પંચાયત, પાવી જેતપુર તાલુકા પંચાયત, છોટા ઉદેપુર તાલુકા પંચાયત આ બધી તાલુકા પંચાયતોમાં લોકો ગયા. પણ કોઈ પૈસા મળ્યા નહીં અને એટલા માટે ૩૦૦૦નું ટોળું નસવાડી તાલુકા પંચાયતના ટીડીઓને મળ્યું અને નસવાડી તાલુકા પંચાયતની આખી ઑફિસ બંધ કરાવી અને આ ટીડીઓ અને બધાની પાછળ પડ્યા અને ટીડીઓને પણ ભાગવું પડ્યું. આવી પરિસ્થિતિ આજે ગુજરાતમાં લોન મેળામાં ઊભી થાય છે. મારે તો એટલું જ કહેવું છે કે, વડોદરા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં જે ભારત સરકારની ૧૨૩,૧૩,૪૨,૦૦૦/- અને રાજય સરકારની ૭૧,૪૫,૭૬,૦૦૦/-, ૧૯૪,૫૯,૧૮,૦૦૦/- અને નર્મદા જિલ્લાના ૬૦,૯૮,૭૭,૦૦૦/-, ૨૫,૯૩,૬૮,૦૦૦/- એટલે કે, ૮૬,૯૧,૪૫,૦૦૦/- એનો વડોદરા જિલ્લામાં ખર્ચ થયો ૧૪૭,૧૩,૦૫,૦૦૦/- એટલે બચ્યા ૪૭,૪૬,૦૦,૦૦૦/- ની બચત છે. એ રીતે નર્મદા જિલ્લામાં પણ ૯,૦૭,૦૦,૦૦૦/-ની બચત છે. હવે એમાં ઈન્દિરા આવાસ યોજના

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અને સરદાર પટેલ આવાસ યોજનામાં છેલ્લા બે વર્ષથી બીપીએલના લાભાર્થીઓને જે આવાસો આપેલા છે એ આવાસો આજ સુધી પૂરા થયા નથી. બે વર્ષના ગાળામાં એ જ રીતે શૌચાલયો કરવા માટે આદિવાસી વિસ્તારની અંદર ૧૨૦૦, ૧૫૦૦, ૨૦૦૦ ના ખર્ચે જે એન.જી.ઓ. મારફતે એના ટબ અને બધું ખરીદાઈને હજારોની સંખ્યામાં ગામડાઓમાં પડ્યા છે. એક ડેરીયા કરીને ગામ છે ત્યાં ૫૦૦૦ ટબ છેલ્લા ૩ વર્ષથી પડ્યા છે.પણ એનો કોઈ ઉપયોગ થતો નથી. એટલે આ જે ગામડામાં શૌચાલયો બનાવવાની વાત છે એ શૌચાલયો પણ આજ સુધી બન્યા નથી. હરિયાળી ક્રાંતિ માટે વોટરશેડ, ચેકડેમો અને વર્મીંગ કમ્પોઝના ખાડા ૧૨ફૂટનું લીલું કપડું એ ગામડે ગામડે ૧૨ફૂટ બાંધી દેવામાં આવે અને એમને એ કમ્પોઝ ખાતરનો ખાડો બનાવવાનો એના ૬હજાર મળે, ખાલી લીલું કપડું બાંધવાનું એમાં અળશિયા ૫૦૦ગ્રામ નાખવાના, કોઈને અળશિયું ગામડામાં મળતું નથી. ૫૦ગ્રામ પણ અળશિયા કોઈને મળતા નથી અને ૬હજાર રુપિયાનો ખર્ચ એ પાડી દેવાનો અને ખાતરના ખાડા એ ખોદેલા બતાડવાના ફળાઉ વૃક્ષો ગામડામાં આપી દીધા, છેલ્લા ૪ વર્ષથી, આંબા, ચીકુ, નાળિયેરી આ બધા ફળાઉ વૃક્ષો ૧૦૮૦ રુપિયાનો ખર્ચ, એક લાભાર્થીને મળે, એક ગામના ૨૮૦ લાભાર્થીઓ, ૨,૮૦,૦૦૦ની કિંમત થાય એવા તો ૪-૪ વર્ષથી આ ફળાઉ વૃક્ષો ગામડે ગામડે આપ્યા છે પરંતુ એ ફળાઉ વૃક્ષો જો એટલા વાવ્યા હોત તો આજે ગામડામાં બધે જ એટલી બધી સુવિધાઓ થઈ ગઈ હોત, મારી તો એક જ લાગણી છે કે ૪૭,૭૭૧ જેટલા આદિવાસી વિસ્તારના ખેડૂતો પડતર ખરાબાની અને જે રેવન્યુ જમીનો વર્ષોથી પડતર ખરાબાની જમીનો ખેડે છે એ ૪૭,૭૭૧ લોકો ૫૦-૫૦ વર્ષથી ૭-૧૨ના પાણીપત્રકમાં પણ એનું નામ છે તો એમને આ જમીનો મળે, ઉદ્યોગપતિઓ ૧૪૭ જણને આ જમીનો મળી ગઈ પણ આ ગરીબોને મળે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થાય છે અને એ વર્ષની અંદર આ સન્માનનીય ગૃહની અંદર મહામહીમ રાજયપાલશ્રીએ જે આ ગૃહને સંબોધન કર્યુ છે એના અનુમોદનનો પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર પ્રસ્તાવ લઈ આવ્યા છે એમના પ્રસ્તાવને હું અનુમોદન આપું છું.

રાજયપાલશ્રી જ્યારે પ્રવચન કરી રહ્યા હતા, એમની ૮૮ વર્ષની ઉંમર અને એક સન્માનનીય મહિલા તરીકે જ્યારે પ્રવચન કરતા હતા ત્યારે એમના મુખ ઉપર એટલું બધું હાસ્ય હતું કેમ કે ગુજરાતની સરકારે આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી સરકારે જે આયોજનપૂર્વક કામગીરી કરેલી છે અને કામ કરવા જઈ રહ્યા છે એ ધ્યાનમાં રાખીને એ પ્રવચનની અંદર એમના મુખ ઉપર હાસ્ય હતું. મહામહીમ રાજયપાલશ્રીએ આ ગુજરાતની પ્રજાને અને આ ગુજરાતના લોકોને એના પ્રવચનની અંદર એક સરળ અને શાંતિપ્રિય જ્યારે એમણે આ વાત કરી અને એમણે પણ જોયેલું છે ગુજરાતની અંદર આવીને કે ગુજરાતની અંદર લોકો જે શાંતિથી રહે છે, બીજા રાજય કરતા અને એટલા માટે જ આ પ્રવચનની અંદર એમણે ઉલ્લેખ કરેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતનું ગૌરવ એવા સરદાર વલ્લભભાઈ પટેલને મહાત્મા ગાંધીજીને યાદ કર્યા, સરદાર વલ્લભભાઈ પટેલ આ ગુજરાતના જ નહીં આખા દેશના લોખંડી પુરુષ છે. ભારત દેશના ભાગલાઓ જે પડ્યા હતા અને અનેક રજવાડાઓને એક કરીને જ્યારે અખંડ ભારત બનાવ્યું અને એવા અખંડ ભારતના શિલ્પીને પણ ત્યારે યાદ કર્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીને યાદ કર્યા છે. રવિશંકર મહારાજને યાદ કર્યા છે. ઈન્દુચાચાને યાદ કર્યા છે. દરેક લોકોએ આ દેશ માટે જેમણે જાન આપી છે એવા બધા જ લોકોને યાદ કરીને એના પ્રવચનની અંદર એમણે વણી લીધું છે. આ રાજયના દિર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીએ પણ આ રાજયનો વિકાસ થાય, અને સૌ સાથે મળીને વિકાસ કરે, એ હેતુથી જ્યારે આ સ્વર્ણિમ ગુજરાત આપણે ઉજવવા જઈ રહ્યા છીએ, એક સારો વિચાર લઈને બધા જ લોકોને સાથે જોડીને જ્યારે ૧લી જાન્યુઆરીના દિવસે સૌ સન્માનનીય પૂર્વ ધારાસભ્યશ્રીઓને, સન્માનનીય પૂર્વ સંસદસભ્યશ્રીઓને, બધા જ વર્તમાન ધારાસભ્યો, વર્તમાન સંસદસભ્યશ્રીઓને બોલાવી અને અહીંયા વિધાનસભામાં જે માન સન્માન સાથે બેસાડ્યા ત્યારે જે પૂર્વ ધારાસભ્યો અહીંયા આવ્યા હતા, જે વડીલો હતા એમના મુખ ઉપર જે હાસ્ય હતું અને એમને અમે પૂછ્યું ત્યારે એમના મુખ ઉપર એટલો બધો આનંદ હતો કે આજે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અમને ગાંધીનગર સુધી બોલાવી માન સન્માન સાથે અમને વિધાનસભામાં ફરીથી બેસવા માટેની એક દિવસની તક આપી છે ત્યારે નરેન્દ્રભાઈનો આભાર માનીએ એટલો ઓછો છે. આવી વાત એમના મુખથી અમને સાંભળવા મળી હતી. આ રાજ્યના રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં જે કૃષિ બાબતની વાત કરી છે એમાં મને કહેતા આનંદ થાય છે કે ગુજરાત રાજ્ય દેશની અંદર કૃષિ ક્ષેત્રે ખૂબ આગવું સ્થાન ધરાવે છે. કૃષિ મેળાઓ અને કૃષિ મહોત્સવો જેવા કાર્યક્રમો દ્વારા આ ગુજરાતના ખેડૂતો જ્યારે આધુનિક ખેતી કરી રહ્યા છે, નવી ટૅક્નૉલૉજી દ્વારા ખેતી કરી રહ્યા છે એના કારણે કૃષિનો દર ખૂબ ઊંચો આવ્યો છે. આ રાજયની અંદર ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી એણે ખેતીની ચિંતા કરી અને એના માટે પાણી બચાવવા માટેના જે ચેકડેમોની યોજના લાવ્યા છે એના લીધે આજે ગામડામાં એટલા બધા ચેકડેમો બન્યા છે અને એના થકી પાણી રોકવામાં આવ્યું છે એના કારણે આજે ભૂગર્ભ જળ ઊંચા આવ્યા છે અને એનો પહેલો ફાયદો આ કૃષિને થયો છે. એના કારણે આજે ખેડૂતો પોતાના ખેતરમાં સારી રીતે વાવેતર કરી શકે છે. આજે ગુજરાતના ખેડૂતો છે એ વર્ષમાં ત્રણ પાક લઈ શકે છે. ચોમાસુ પાક લઈ શકે છે, ત્યાર પછી શિયાળું પાક લઈ શકે છે અને ઉનાળામાં પણ ઉનાળું પાક લઈને ખેડૂતો પોતે સમૃદ્ધ બન્યા છે. ખેડૂતોના ખેતરમાં પાક થાય અને એ ખેડૂત પાક વેચવા માટે જ્યારે કૃષિ

બજારોમાં જાય ત્યારે એમને પૂરતા પ્રમાણમાં ભાવો મળી રહે એની ચિંતા આ રાજ્ય સરકારે કરી છે. ખેડૂતો ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરે અને એના માટે લાઈટ કનૅક્શન આપવાનું થાય ત્યારે એ ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરે અને એ કનૅક્શન લે ત્યારે નક્કી કરવામાં આવે છે કે તમે ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરો અને તમારું કનૅક્શન તત્કાલ પાસ થઈ જાય. આજે એ રીતે ખેડૂતોને નવા કનેકશનો આપવામાં આવી રહ્યા છે. કૃષિ મેળાઓની સાથોસાથ પશુ આરોગ્ય મેળાઓ પણ આ રાજ્યમાં ઘણા બધા કરવામાં આવ્યા છે. એના કારણે પશુ પાલનમાં પણ રાજ્ય અગ્રેસર રહ્યું છે. દૂધના ઉત્પાદનની વાત કરીએ તો આજે અમૂલનું દૂધ અને દૂધની બનાવટો ગુજરાત રાજ્યની અંદર અને બહાર તેમજ દેશની બહાર પણ જાય છે ત્યારે એ થકી પણ પશુપાલકો આર્થિક રીતે સદ્ધર બન્યા છે. એને મોટો ફાયદો થાય છે. બીજી વાત મહિલાઓ માટેની કરીશ. પ્રવચનમાં મહિલાઓ માટેની પણ ચિંતા કરવામાં આવી છે. બાળક અને બહેનોનું ખાસ ધ્યાનમાં રાખીને ગુજરાતમાં અને દેશમાં જે ૫૦ ટકા બહેનો ભાગીદાર છે એની પણ ચિંતા કરીને દરેક યોજના ગુજરાતની અંદર ગુજરાત સરકારે લાવીને અમલવારીમાં મૂકી છે અને એની ૧૦૦ ટકા અમલવારી થાય છે. આથી માનનીય આત્મારામભાઈ પરમાર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પ્રવચન ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બેંકમાં જઈએ અને પૈસા લઈને ઘરે પહોંચશું કે નહિ એ લૂંટાવાનો ભય છે, દુકાનદાર દુકાન ખોલે તો એની રકમ છે એ રકમ લઈને ઘરે પહોંચશે કે નહિ એને લૂંટાવાનો ભય. અરે, એટલું જ નહિ, બહેન-દીકરી જ્યારે જતી હોયને ત્યારે અછોડા ક્યારે તૂટશે એનો ભય. એટલું જ નહિ, જ્યારે સરકારી દુકાનો હોય છેને ત્યાં ગરીબ માણસ અનાજ કે અન્ય ચીજવસ્તુઓ લેવા જાયને ત્યારે એ જે ચીજવસ્તુઓ છેને એ બારોબાર બીજા કોઈના ગોડાઉનમાં પડી હોય છે. જ્યારે આપણે સરકારી કચેરીઓમાં જઈએને તો એ મામલતદાર કચેરી હોય, પોલીસ સ્ટેશન હોય, તાલુકા પંચાયત હોય કે કલેકટર કચેરી હોય ત્યાં તમારે કોઈ નાનો પણ દાખલો લેવો હોય કે એન્ટ્રી પડાવવી હોયને તો કાંઈ પણ નજરાણું ના આપીએને તો આ કામ થતું નથી અને એટલો બધો ભ્રષ્ટાચાર વધી ગયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ધારાસભ્ય તરીકે કે મિનિસ્ટર તરીકે તમારું કામ થશે પણ તમે એવા સામાન્ય માણસ તરીકે જો કોઈ પણ કચેરીમાં જાવ અને તમારું એમને એમ કામ થતું હોય એવું સંભવ નથી અને એટલા માટે આ યાદ કરાવું છું કે આ સરકાર જ્યારે બેઠીને ત્યારે કહ્યું હતું કે ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર નાબૂદ કરીશું, પણ મને તો એવું લાગે છે કે સૌથી જો વધારે પ્રમાણ વધ્યું હોય તો આ સરકારમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો શિક્ષણમાં આપણે ડ્રોપ આઉટ રેશિયાની વાત કરીએ છીએ. જ્યારે કોંગ્રેસની સરકારની પ્રાથમિક શાળાઓ હતી એની અંદર ૧ થી ૭ ધોરણમાં ધમધમતી હતી પણ આ સરકાર આવ્યાં પછી છેલ્લા ૫ થી ૧૦ વર્ષની અંદર એણે ખાનગી શાળાઓને એટલી બધી મંજૂરી આપી જેના કારણે જે બાળકો સરકારી શાળામાં ભણતાં હતા એને ઊઠાવીને ખાનગી શાળામાં મૂક્યા જેના કારણે આજની પરિસ્થિતિમાં જુઓ ૭ ધોરણની શાળા છે ત્યાં માંડ ૩ કે ૪ ધોરણની શાળા રહી છે અને એમાં તમે બાળકો ભણતાં જુઓ તો અનુસૂચિત જાતિના હોય, અનુસૂચિત જનજાતિના હોય કે બક્ષીપંચના હોય અને એટલાજ માટે મને તો એવું લાગે છે કે આ પ્રવેશોત્સવ કરવાની શું જરૂરિયાત ઊભી થઈ? અને એટલાજ માટે ગુણોત્સવ હમણાં થયો એમાં સવાલ એ આવીને ઊભો કે ગુણોત્સવ કરવા કોણ ગયું? આ ઉત્સવની અંદર એની તપાસ કરવા કોણ ગયું? જેને કોઈ શિક્ષણ સાથે નાતો નહોતો એવા અધિકારીઓને ત્યાં મોકલ્યાં અને એવું પણ જાણવા મળ્યું કે જ્યારે સરકારી પ્રાથમિક શાળાઓ હતી એમાં પહેલાના વખતમાં આપણે બધાં એમાં ભણેલાં છીએ ત્યારે આપણને પાયા આવડતા હતા, ઉઠા આવડતા હતા અને ઘડિયા પણ આવડતા હતા અને અત્યારે જો તમે એને બે આંકડામાં દાખલો પૂછોને તો એ દાખલો પણ આજે નથી કરી શકતા. કેટલીક શાળાઓમાં ૫-૭ ધોરણના વિદ્યાર્થીઓ વાંચી શકતા નહોતા. સૌથી મોટો સવાલ તો આ સરકારમાં એ થયો છે કે ગૌચરની જે જમીનો છેને એ જમીનોની સરકારને લહાણી કરવામાં આવી એના કારણે ગ્રામ વિસ્તારમાં જે પણ પશુધન હતું એના ચારા ચરવા માટે જે પણ જમીનો હોય એ જમીન આજે ઓછી થઈ ગઈ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે એ પણ કહેવા માગું છું કે જે ગોપાલકો હતાને, મને લાગે છે કે ગામડે જે ગાયોની સંખ્યા હતીને એના કરતા શહેરમાં ગાયોની સંખ્યા વધી રહી છે. હવે કોઈપણ મોટા શહેરમાં જાવ તો એટલી બધી ગાયોની સંખ્યા વધી છે કે તમને કયાંક ટ્રાફિકમાં અડચણ થાય, અકસ્માતો પણ થાય અને એના કરતા બીજું એ પણ થયું કે પહેલા શરૂઆતમાં શું થયું કે જ્યારે શહેરી વિસ્તારમાં ગંદકી હતીને ત્યારે ત્યાં ભૂંડ લાવવામાં આવ્યા હતા જેથી ભૂંડ એ ગંદકી ખાઈ જાય. હવે તો એ પરિસ્થિતિ થઈ છે કે શહેરી વિસ્તારના જે ભૂંડ છેને એને અમારા ગામડામાં મૂકી ગયા અને ગામડામાં તમે જુઓ તો આખા ગુજરાતમાં ભૂંડ છે, નીલ છે એના કારણે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે ઊભો જે પાક છેને એને આજે એ નુકસાન કરતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો પાટનગરની પણ વાત કરવા માગું છું કે પાટનગરમાં આપણે રસ્તા ઉપર જઈએને તો આપણને ગંદકી જોવા નહિ મળે પણ તમે જ્યારે સેકટરમાં જાવને તો ગંદકીના ઢગ હોય. એટલે મને તો એવું લાગે છે કે ગાય છે, ગંદકી છે અને એની સાથે સાથે ગાંધીનગર પણ એનો સમન્વય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું તો એ કહેવા માગું છું કે ગ્લોબલ વોર્મિંગની ભયાનકતાના કારણે આપણી સરકારે કલાઈમેન્ટ ચેઈન્જ વિભાગની રચના કરી. એટલું જ નહિ કાર્બન ક્રેડીટ સંદર્ભે પ્રથમ ક્રમાંકની વાત કરી છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, હું તો તમને એ કહેવા માગું છું કે વડોદરામાં તમે નંદેસરીમાં જુઓ, ભરૂચમાં અંકલેશ્વરની જી.આઈ.ડી.સી.માં જુઓ, અમદાવાદમાં નારોલ છે, વટવા છે, સી.ટી.એમ. ચાર રસ્તા છે આજે કેમિકલ ઝોન ધરાવતી ફેકટરીઓ છે ત્યાં જઈને તમે જુઓ તો સાંજના ટાઈમે એટલું બધું હવાનું પ્રદૂષણ છે, પાણીનું પ્રદૂષણ છે અને એના કારણે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે કેટલાક વિસ્તારોમાં તો રાત્રે લોકો ઉંઘી પણ શકતા નથી. કેટલાક બેભાન થઈ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ અમારા વડોદરાના નંદેસરીની વાત કરવા માગું છું કે નંદેસરી કેમિકલ ઝોન છે ત્યારે એની આજુબાજુના જે ૨૦ ગામ છે એ ગામમાં આજની તારીખે લાલ પાણી નીકળે છે. એનું કારણ એ છે કે જે પણ ફેકટરીઓ છે એ ફેકટરીઓ છે એ ફેકટરીઓ એનું પાણી જમીનમાં ઉતારવા માટે બોર કર્યા છે. આજે પરિસ્થિતિ એટલી બધી વણસી ગઈ છે કે બોરનું પાણી નથી ઢોર પી શકતા કે નથી વાપરી શકતા. એક ગામમાં તો એવો કિસ્સો બન્યો કે ત્યાં રેલવે જાય છે અને સામેની સાઈડે જયારે પાણી ભરવા જાય છે ત્યારે રેલવેમાં કપાઈ જાય છે. આવા જે કારખાના છે એમાં કન્ટ્રોલ નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન પર માનનીય ધારાસભ્યશ્રી આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને ટેકો આપવા માટે ઉભો થયો છું. આ સુવર્ણ જયંતિ વર્ષ છે એ નિમિત્તે આ ગૃહની અંદર જે ૧ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ જે દ્રશ્ય સર્જાયા એ સમગ્ર ગુજરાતને પ્રોત્સાહિત કરનારા, સમગ્ર ગુજરાતને ગૌરવ આપનારા, ગુજરાતની ગરિમાને ઉચ્ચતમ શિખરે પહોંચાડનારા હતા. આ સુવર્ણ જયંતિ વર્ષની અંદર આપણે બધા જાણીએ છીએ ૧૯૬૦ની અંદર મહા ગુજરાતના આંદોલનની, હિંસક આંદોલનની સો શહિદોની કુરબાની પછી કિનારીવાલા જેવા યુવાનની કુરબાની આપ્યા પછી મહાગુજરાતની સ્થાપનાનું નકકી થઈ ગયું પણ મહાગુજરાતની સ્થાપના સમયે જે ઉમંગથી આપણે ઉજવી શકયા નહોતા કારણકે તે વખતે પણ દ્વિભાષી રાજયની કલ્પના કરનારા, એ રાજયને માનનારા લોકો આપણી વચ્ચે હતા. એ કહેતા હતા કે અમારી છાતી પર, અમારા મડદા પર મહાગુજરાત રચાશે પરંતુ ગુજરાતની પ્રજાએ એમને પરચો બતાવી દીધો અને મહાગુજરાતની રચના થઈ. મહાગુજરાતની રચના થયા પછી ગુજરાતના વિકાસમાં ગુજરાતના બધા મુખ્યમંત્રીશ્રીઓએ, બધા પ્રધાનમંત્રીઓએ, બધા ધારાસભ્યોએ ગુજરાતને વિકાસની ગતિ આપી છે પરંતુ છેલ્લા દસ વર્ષથી એ વિકાસની ગતિ ગુજરાતની અંદર જબરજસ્ત ચાલી રહી છે. ગુજરાતના મુખ્યમંત્રીને આપણે મુખ્યમંત્રી કહેતા પહેલા સમાજ જીવનના લોકોના હ્રદયના ધબકારા ઝીલનારા એક સંવેદનશીલ સમાજ સેવક તરીકે જાણવા જોઈએ. અહીંયા ઘણા લોકોએ કહયું કે ગામડાના લોકોનો અનુભવ હોવો જોઈએ. ઘેર ઘેર ફરેલા હોવા જોઈએ. મિત્રો, અમારા મુખ્યમંત્રીશ્રી મુખ્યમંત્રી હતા એ પહેલા ગુજરાતના મોટાભાગના ગામડાંઓની અંદર ચાંદીની થાળીમાં સોનાના ચમચા વડે પણ જમેલા છે અને એક ગરીબની ઝુંપડીમાં જઈને પતરાળામાં પણ રોટલી શાક ખાધેલા છે. આવા મુખ્યમંત્રી મળવાના નથી અને ભવિષ્યમાં થવાના પણ નથી કારણકે એ સમાજ સેવક પહેલા છે પછી મુખ્યમંત્રી છે અને ગુજરાતની અંદર જે વિકાસ થઈ રહયો છે. આપણે કહી શકીએ છીએ કે વિકાસની ગતિ આ મુખ્યમંત્રીના રાજયમાં વધારેમાં વધારે હતી. એની વાત અગાઉ માનનીય આનંદીબહેને કરી કે કેટલા એવોર્ડો પ્રાપ્ત કર્યા. જે ગુજરાતનું નેતૃત્વ છે એ નેતૃત્વની કેન્દ્રના લોકો બીજી પાર્ટીના હોવાછતાં પણ અંદર ખાનેથી ધડો લઈને એ ગુજરાતની યોજનાઓનો અમલ કરવાની વાત કરે છે. આજે મુખ્યમંત્રીશ્રીને ગુજરાતના ગામડાંથી માંડીને નાની સ્કુલનો છોકરો પણ નરેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ કરતો એમના સ્ટીકર લેવા માટે વહાલથી છાતી પર લગાવીને ફરે છે. આ મુખ્યમંત્રી છે. આરોગ્યક્ષેત્રે પણ ખૂબ કામ કર્યું છે. આજે ગુજરાતના પૈસા અને ગુજરાતનું યુવાન ધન હેદ્રાબાદ અને બેલગાવમાં મેડિકલ કોલેજમાં જતુ હતુ અને ત્યાં પણ કેટલીક વાર બોગસ મેડીકલ કોલેજોમાં પૈસા પણ બગાડતા હતા અને પોતાની કેરીયર પણ બગાડતા હતા. આ ગુજરાતમાં મેડીકલ કોલેજની અંદર સામટી પાંચસો સીટો વધારી દીધી અને ત્યારબાદ એન્જીનીયરીંગની અને એ બધાની અંદર સેલ્ફ ફાઈનાન્સ કોલેજો પણ બનશે. આ કોલેજો બનશે. મેડિકલ કોલેજો બનશે એટલે એમાં શરતો હોય છે કે અમુક પથારીઓ હોય તો તમારે હોસ્પિટલ જોઈએ એટલે તબીબી સારવાર સારી બનશે અને ગુજરાતના વિકાસની અંદર એમણે નકકી કર્યું છે. માનવ સુચકઆંકમાં ગુજરાતનો અવ્વલ નંબર આવવો જોઈએ. માનવ સૂચકઆંક એટલે છેવાડાનો માનવી મહાત્મા ગાંધીએ કહેલા છે એ. અમારા દીનદયાળજીએ દરિદ્રનારાયણ કહેલા છે, તો આ દરિદ્રનારાયણને રહેવા માટે ઘર, પહેરવા માટે કપડાં, ખાવા માટે અન્ન અને એમનું સ્વાસ્થ્ય સારું રહે અને સમાજ જીવનમાં એ સ્વાભિમાનપૂર્વક રહી શકે, તેવું સમાજ જીવન ઊભું થાય અને તે વખતે માનવ સૂચકઆંક વધવાનો છે અને એ તરફ જબરજસ્ત પગલાં ભરાઈ રહ્યાં છે. આજે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ઝૂંપડપટ્ટીઓના ઉત્કર્ષની વાત કરી. તે ઉત્કર્ષની વાત એ માનવ સૂચકઆંકને જોડનારી વાત છે. આજે ગુજરાતના ગામડે ગામડે ગુજરાતના સુવર્ણજયંતી નિમિત્તે દરેક જગ્યાએ પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું છે, એના પ્રયત્નો ચાલુ થઈ ગયા છે. મારા વિસ્તારમાં ગામડામાં આરો પ્લાન્ટ ચાલુ થઈ ગયો છે. આરોપ્લાન્ટનું એકદમ ચોખ્ખું પાણી. ખંભાત શહેરમાં ચોખ્ખું પાણી નથી મળતું. આજુબાજુના ગામ વટાદરા છે. એમાં આરોપ્લાન્ટ વાળા

પાણી લોકો પીવે છે. આ રીતે ક્રાંતિ કરવાની મનમાં તમન્ના છે. સાચા અર્થમાં ગુજરાતની સેવા કરવા માટે નીકળી પડેલા ભારતીય જનતા પાર્ટીના મિનિસ્ટર, ચીફ મિનિસ્ટર ગુજરાત માટે ગૌરવરૂપ થશે. આ માટે આપણે સંકલ્પબદ્ધ રહીએ. જે સાચી વાત છે. તે સાચી વાતને આપણે પોતે સ્વીકારીએ. અને જે રીતે નર્મદાનો ઠરાવ કર્યો, તે રીતે સુવર્ણ જયંતી વર્ષમાં ગુજરાતની અંદર અંતમાં છેવાડામાં રહેતા માનવી પોતાનો ઘરવાળો થાય, સુખી સંપન્ન થાય, એનું જીવન આરોગ્યપ્રદ થાય, એવી ભાવનાથી આખા ગુજરાતનો કેવી રીતે વિકાસ થાય એ ભેગા મળીને બાહોશ, તેજસ્વી મુખ્યમંત્રીશ્રીને આપણે સપોર્ટ કરીએ તો ગુજરાતનું ગૌરવ વધશે. આત્મારામભાઈ રાજ્યપાલના પ્રવચનને અનુમોદન આપવા માટે ઊભા થયા છે, તેને પણ અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જે પ્રસ્તાવ લઈને આત્મારામ ભાઈ આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. આ સન્માનનીય ગૃહમાં ઘણા મિત્રોએ ગરીબ મેળાના ખૂબ વખાણ કર્યા, પણ આ રાજ્યની અંદર ગરીબોનું નહિ, પણ પાંચ ઉદ્યોગપતિઓનું કલ્યાણ થયું છે. ગરીબનું કલ્યાણ નથી થયું. એનું હમણા અમરેલી જિલ્લામાં લાઠી તાલુકા પંચાયતની ચૂંટણી આવી એમાં આ લોકોએ જેવું કલ્યાણ કર્યુ, એનું રિઝલ્ટ આપી દીધું છે. એ બધાને ખ્યાલ હશે. આખી તાલુકા પંચાયત કોંગ્રેસની આવી છે. કાયદો અને વ્યવસ્થા આ રાજ્યની અંદર કેવી છે. જૂનાગઢની અંદર કોર્પોરેટરનું ખૂન થાય અને જૂનાગઢના ધારાસભ્ય કહે કે આ રાજ્યમાં કાયદા વ્યવસ્થાના ચીથરા ઊડી ગયા છે. આ અમે નથી કહેતા. જૂનાગઢના ધારાસભ્ય કહે છે. આ રાજ્યની અંદર ઉદ્યોગપતિઓની સરકાર છે અને ગરીબ ખેડૂતોની નથી એવા મહુવાના ધારાસભ્ય કહે છે. અમે નથી કહેતા. મહુવાના ધારાસભ્ય કહે છે. આ રાજ્ય સરકાર ખેડૂતોની વિરોધી છે. હમણા અમરેલી જિલ્લાના રાજુલાની અંદર એક રોડનું કામ ચાલુ છે. * (xxxxx) (xxxxx) (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ, કોઈપણ પ્રકારના આક્ષેપ પ્રફુલભાઈ કહેતા હોય કે ગમે તેને કહેતા હોય તો આક્ષેપ કરતા પહેલા પ્રફુલભાઈને લેખિત જાણ કરવી જોઈએ કે હું તમારા વિષે આ કહું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : હું એટલું જ કહેવા માગું છું કે..

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ આ પ્રકારના ઉલ્લેખ તમે કરી ન શકો અને એટલા માટે તમે જે કહ્યું છે એના માટે તમે દિલગીરી વ્યક્ત કરો, નહિતર આ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : હું પાછા ખેંચી લઉં છું. હું એટલું જ..

**અધ્યક્ષશ્રી** : પ્રફુલભાઈ શું કહે છે. પ્રફુલભાઈએ કહ્યું જ ન હોય, એવી વાત કરો તે કેટલું વ્યાજબી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : હું પાછા ખેંચી લઉં છું. વિષય પૂરો થાય છે.

**અધ્યક્ષશ્રી** : પ્રફુલભાઈ આપ બેસી જાઓ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : મારે એટલું જ કહેવું છે કે કામ કરવા માટે પણ અમુક વિસ્તારમાં પૈસા આપવા પડે છે. બીજો મારો કોઈ હેતુ નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમરેલીમાં મેં અહીંયાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સમાજ કલ્યાણ મંત્રીશ્રીને પત્ર લખીને જાણ કરી કે ડો. આંબેડકર આવાસ યોજના નીચે કેવડો મોટો ભ્રષ્ટાચાર થાય છે અને કઈ રીતે થાય છે અને કોણ વચેટીયા છે તેની વિગત તે પત્રમાં આપી છે. અમરેલીમાં ૨૪૦ મકાનો ડો.આંબેડકર આવાસ યોજનાના માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર લખેલ અને પછી તપાસ કરી અને તપાસને અંતે અધિકારીને સસ્પૅન્ડ કર્યા. જે વ્યકિત પાસે મકાન હોય, આ વ્યકિતને આ વચેટીયાઓ જઈ એમ કહે કે અમે તમને ૪૦ હજાર રૂપિયા અપાવીશું અને ૪૦ હજાર રૂપિયામાં તમારે ૨૫ હજાર રાખવાના અને પંદર અમને આપવાના અને તેમાં ત્રણ વ્યકિતઓના ભાગ. તમારે આ મકાનનો ખાલી કલર કરી નાંખવાનો. મેં એ પણ માગણી કરી છે કે જે લોકો જે વ્યકિતને સસ્પૅન્ડ કર્યા છે તેમાં તપાસ થાય અને સસ્પૅન્ડ થયા છે તો જે લોકોએ ખોટી સહાય લીધી છે તેની રિકવરી હજું થઈ નથી અને આ વચેટીયાઓ કોણ છે? તે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, પદાધિકારીઓ અને અધિકારીઓ છે. બીજા કોઈ નથી. મેં તેના નામ પણ આપ્યા છે. આ રાજયની અંદર મેં લેખિતમાં આપ્યું છે.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર ઑર્ડર. હું આપને તક આપીશ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં લેખિત પત્રમાં આપ્યું છે. મેં લખીને આપ્યું છે. પત્ર મુખ્યમંત્રીને લખીને આપ્યો છે અને તેમાં નામ છે.

**અધ્યક્ષશ્રી** : લખીને આપ્યા છે તેની ઈન્કવાયરી થઈ છે અને તે સસ્પૅન્ડ પણ થયા છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : મેં લખીને આપ્યું છે. આ અધિકારી અને પદાધિકારીના મેં નામ લખીને આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, વચેટીયાઓ કોણ છે? તેના મેં નામ લખીને આપ્યા છે અને તેને સસ્પૅન્ડ કરે. મેં લખીને આપ્યા છે કે આમાં કોણ કોણ...

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ. હું આપને તક આપું છું.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આપણે ગરીબ લોકોની સેવા કરવા માટેની કામગીરી જે આગળ વધારી છે તેમાં

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ આપનો સમય પૂરો થાય છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસના કેન્દ્ર સરકાર તરફથી ૩૨૪૪૨ કરોડ રૂપિયા આવ્યા છે તેમાં ૭૨૯૫ કરોડ રૂપિયા તો હજું વાપરવાના બાકી છે. કેન્દ્ર સરકારમાંથી આવે છે તે પહેલાં વાપરવાનું તો ચાલુ કરો. હું આત્મારામભાઈના પ્રસ્તાવ સાથે સંમત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રાગજીભાઈ પટેલ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ આજે જે મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ... (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :શ્રી રમણભાઈ આપે તેમને કોઈ જવાબ આપવાની જરૂર નથી. તેની કોઈ નોંધ લેતું નથી. કોણે શું બોલવું તે આપણે નક્કી નથી કરવાનું. આપ બેસી જાઓ. બાવકુભાઈ નહીં નહીં. આપ બેસી જાઓ. જે બહાર બોલવાની વાતો હોય તે અંદર ન બોલો. તે બેઠા બેઠા બોલે તેની કોઈ નોંધ લેતું નથી અને આપ બેઠા બેઠા બોલેલી વાતની નોંધ ન લો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રારંભિક પ્રવચનની અંદર જે વાત કરી છે કે સ્વર્ણિમ ગુજરાત મહોત્સવની વાત અને ગુજરાતના પ્રગતિશીલ અને કુશળ લોકમાનસની પ્રશંસા કરી છે અને સાથે સાથે રાજયપાલશ્રીએ તેમના પ્રવચનની અંદર રાજયના નબળા અને જરૂરિયાતવાળા કુટુંબોની ચિંતા કરી છે ત્યારે મારે એક પ્રસંગ યાદ કરવો છે. ગઈ ૧૨મી ફેબ્રુઆરીના રોજ મારા મત વિસ્તારની અંદર રામપુરા ગામે સ્વર્ણિમ જયંતી યાત્રાનો રથ પધાર્યો હતો અને તેના અધ્યક્ષ સ્થાને મહેસૂલ મંત્રી અને પ્રભારી મંત્રી આદરણીય આનંદીબેન ત્યાં પધાર્યા હતા. મારે સભાગૃહની અંદર જે ગામડાની અંદર સાચી હકીકત છે, તેની ચિંતાનો સાચો પ્રસંગ યાદ કરવો છે કે જ્યારે સન્માન થતા હતા, વયોવૃદ્ધ લોકોના સન્માન થતા હતા. ગામડાની અંદર જે લોકોએ જે ગામની બાંધણી કરી હોય, જેનું કુટુંબ સૌથી પહેલાં વસ્યું હોય તેવા કુટુંબના વારસદારના સન્માન થતા હતા. તેમાં એક નહેરુજી નામના ઠાકોર ૭૫ વર્ષની ઉંમરનાનું સન્માન કરવામાં આવ્યું. આનંદીબેનના હસ્તક ફૂલહાર અને શાલથી સન્માન કર્યુ હતું. તેમના બાપદાદા અને વડીલોએ રામપુરા ગામની બાંધણી કરી હતી. એમના બાપદાદા- વડીલોએ રામપુરા ગામની બાંધણી કરેલી, એ બિચારો પોતડી પહેરેલી, માથે ફાળિયું બાંધેલું અને ગરીબ ગામડાનો અભણ માણસ બેનની પાસે આવીને એણે એવું કહયું; સન્માન થયા પછી કે, તમે જ આનંદી બેન છો? એ આનંદી બેનને પણ ઓળખતો ન હતો. આવો અભણ, અજ્ઞાન નોનપોલીટીકલ માણસે જે વાત કરતા હતા એના ઉપરથી જાણવા મળ્યું કે, સન્માન થયા પછી એણે એમ કહયું કે આ ફૂલહાર અને શાલને શું કરું? ત્યારે બેને કહયું કે આ ફૂલહાર અને શાલ એ તમારું સન્માન છે આને તમારે તમારા ઘરે લઈ જવાના. એણે ફરીથી સવાલ કર્યો કે, આનંદીબેન આ મોંઘવારી ઘટતી નથી એનું શું કારણ છે? મોંઘવારી કેમ ઘટતી નથી? ત્યારે આનંદીબેને એમ કહયું કે, આ મોંઘવારી દિલ્હીવાળાના હાથમાં છે. ત્યારે આ અભણ અજ્ઞાન માણસે એમ કહયું કે, દિલ્હીવાળા તો ના પાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગામડાના નોનપોલીટીકલ ૭૫ વર્ષના અભણ ઝુંપડાની અંદર રહેતા માણસને પણ ખબર પડે છે કે, દિલ્હીવાળા મોંઘવારી ઘટાડવાની ના પાડે છે. આ ચિંતા આપણે કરવાની છે. મારે આ સભાગૃહની અંદર એવું કહેવું છે કે, આ આપણા દેશના વડાપ્રધાન એક મોટા ગજાના વિદ્વાન અર્થશાસ્ત્રી છે, અને તેમના મંત્રી મંડળના મોટાભાગના સભ્યશ્રીઓ અર્થશાસ્ત્રના જાણકાર છે, તેમ છતાં પણ માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય માણસનું અર્થતંત્ર અસ્તવ્યસ્ત છે, આ ચિંતા આપણે કરવાની છે, જયારે માનવીનું અર્થતંત્ર મોંઘવારીના કારણે અસ્તવ્યસ્ત થાય અને રોજ છાપામાં વાંચીએ કે આજે પેટ્રોલના કે ડીઝલના ભાવ નહીં ઘટે, આ અંગે આપણે વિચાર કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં મહેસૂલ વિભાગમાં જે આધુનિક ટેકનોલોજીનો જે બહોળો ઉપયોગ કરવાની વાત કરી છે, એના ઉપર મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. ગઈ કાલે પણ મહેસૂલ વિભાગે આધુનિક ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ માટે મહેસૂલના કાયદાની અંદર સુધારા કરી અને અનેક યોજનાઓ, ગઈ કાલે સવિશેષ પ્રવચનમાં આવ્યું છે એટલે સવિસ્તાર વાત કરવા જતો નથી પરંતુ આ રાજયના હિતમાં, આ રાજયના ખેડૂતોના હિતમાં આ ટેકનોલોજીનો ઉપયોગ થાય એના માટેના આ રાજય સરકારે પ્રયત્ન કર્યા છે, મહેસૂલ વિભાગે મારેકહેવું છે કે શાળાઓને પેલી જમીનની ફાળવણી કરવાની વાત આવતી ભૂતકાળમાં, ત્યારે કેવા કાયદા હતા અને આજે બાલમંદિર માટે બસો ચોરસમીટરની જમીન જોઈએ તો એનું જમીનનું મહેસૂલ પણ માફ છે, એની જમીનની કિંમત પણ મહેસૂલ વિભાગે માફ કરી છે, એટલું જ નહીં, પણ શાળાના બાંધકામ માટે મહેસૂલ વિભાગે મળવાપાત્ર જે જમીનની બજાર કિંમતના ૫૦ ટકાએ ફાળવવાની નીતિ જાહેર કરી છે, રમતગમતના મેદાન માટે જો જાહેર શાળા જમીનની માગણી કરે તો એક એકર સુધી એને એક રૂપિયો ટોકનના ભાડે અને ત્રીસ વર્ષના પટ્ટાની માગણી હોય તો આપવામાં આવે છે. અને જયારે ભાડાપટ્ટો પૂરો થાય ત્યારે ફાઈલો સરકારમાં જતી હતી આજે એ સત્તા કલેકટરશ્રીને આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સુર પુરાવું છું.

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ સન્માનીય સભાગૃહના સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમના સમર્થન માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગુજરાતની અંદર રસ્તા, પાણી, વીજળી દરેકે દરેક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. આજે સમગ્ર રાજયમાં વિકાસની ગંગા વહી રહી છે, ત્યારે આ રાજયનો વન વિભાગ પણ વન વિસ્તારની અંદર ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી રહી છે. આજે આ સમગ્ર રાજયની અંદર ૧૮૯૨૭.૫૦ ચોરસ કિલોમીટર જેટલો વનવિસ્તાર આ રાજય ધરાવે છે, ભૌગોલિક દ્રષ્ટિએ આ વન વિસ્તાર ૯.૭ ટકા જેટલો છે. ૧૯૯૧ના ઉપગ્રહના અભ્યાસના સરવે અનુસાર આ રાજયની અંદર ૧૧૯૦૭ ચોરસ કિલોમીટર જેટલો વન વિસ્તાર હતો. ૨૦૦૫ના સરવે અનુસાર આ રાજયની અંદર ૧૪૭૧૫ ચોરસ કિલોમીટર જેટલો વન વિસ્તાર વધેલો છે, એ દર્શાવે છે કે, આ પંદર વર્ષની અંદર આ રાજયની અંદર ૨૪ ટકા જેટલો વન વિસ્તારમાં વધારો થયો છે, આ જે વધારો સૂચવી રહયો છે કે આ વન વિભાગની જે કામગીરી છે અને જે વિકાસની કામગીરીની સફળતા બતાવે છે, વન વિભાગ દ્વારા સમગ્ર રાજયની અંદર વનીકરણ કરવામાં આવે છે, અને આ વનીકરણ માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની મુખ્ય પ્રવૃત્તિઓ છે અને આ વનીકરણ દ્વારા વન વિભાગ દ્વારા બેવડા હેતુઓ સિધ્ધ કરવામાં આવે છે. એક તો જ્યાં વન હોય ત્યાં તો વરસાદ હોય જ અને વરસાદના કારણે જમીનોનું ધોવાણ થતું હોય છે, વનોનું વનીકરણ કરવાથી જમીનનું ધોવાણ થતું અટકે છે અને બીજી વસ્તુ કે વનસ્પતિઓની ગીચતા વધે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દસમી પંચવર્ષીય યોજના દરમ્યાન સમગ્ર રાજ્યની અંદર ૨૬૯૫ લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને ૩,૩,૭૦૦ હે.કટર જમીનના વન વિસ્તારમાં એનું વનીકરણ કરવામાં આવેલ છે. વન વિભાગ દ્વારા આ વન વિસ્તારમાં રહેતા જે વનવાસી લોકો છે એ લોકો વન વિભાગ સાથે ખભેખભા મિલાવીને ચાલે એના માટે વન સહભાગી સમિતિની રચના કરવામાં આવેલ છે, એફ.ડી.એ.ની રચના કરવામાં આવેલ છે, ઈકો-ડેવલપમેન્ટ કમિટીની રચના કરવામાં આવેલ છે અને એના ભાગરૂપે આજે વનસહભાગી મંડળી થકી ૩,૫૫,૮૫૫ હેકટર જમીનનું રક્ષણ થઈ રહ્યું છે. આ જંગલના રક્ષણ માટે વન વિભાગ દ્વારા અનેક વિકાસના કામો થઈ રહ્યા છે જેવા કે વન તળાવડીઓ બનાવવી, પીવાના પાણીની વ્યવસ્થા કરવી, ચેકડેમો બનાવવા તથા આ જે વિસ્તાર છે એ વિસ્તારના લોકો છે એ લોકોનું આર્થિક પાસુ કેવી રીતે મજબૂત બને એના માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ વન વિસ્તારમાં કોટવાળીયા જાતિના લોકો રહે છે અને એમની પાસે કોઈ જમીન હોતી નથી એટલા માટે આ વન વિભાગ દ્વારા એમને રાહત દરે વાંસ આપવામાં આવે છે અને એ વાંસમાંથી આ કોટવાળીયા જાતિના લોકો એ વાંસમાંથી રમકડાં બનાવે છે, ટોપલીઓ બનાવે છે, ટોપલાઓ બનાવે છે અને એની આવકમાંથી એ પોતાના કુટુંબનું જીવન ગુજરાન ચલાવે છે. હું ડાંગ જિલ્લામાંથી આવું છું મારો ડાંગ જિલ્લો પણ આ વનોનો ધની કહેવાય છે. ડાંગ જિલ્લાની આ જે વન સંપત્તિ છે એની જાળવણી માટે અમારા ડાંગના પાંચ રાજવીશ્રીઓએ જ્યારે અંગ્રેજોનું શાસન હતું તે સમયે પણ આ જંગલોનું રક્ષણ કર્યું હતું એના ભાગરૂપે આજે દર વર્ષે ડાંગ જિલ્લામાં હોળીના તહેવાર નિમિતે ડાંગ દરબારનું આયોજન કરવામાં આવે છે અને આ ડાંગ દરબારની અંદર મહામહિમ રાજ્યપાલશ્રી આ પાંચ રાજવીઓનું સન્માન કરે છે. મારા ડાંગ જિલ્લામાં દરેક ખેડૂત ખાતેદારને માલિકીના દસ ઝાડ કાપવાની પરમીશન આપવામાં આવે છે અને આ પરમીશન થકી મારા ડાંગ જિલ્લાના જે ખેડૂત ખાતેદારો છે તેઓ આર્થિક રીતે સધ્ધર થયા છે. ૧૯૯૭ પહેલા આ માલિકી ખાતેદારોને ૫૦ ટકા નાણા આપવામાં આવતા હતા પરંતુ ૧૯૯૭ પછી આ રાજ્ય સરકારે આ ડાંગ જિલ્લાના માલિકી ખાતેદાર ખેડૂત છે એને આ જે દસ ઝાડ છે એની પૂરેપૂરી રકમ એટલે કે સો ટકા નાણા ચૂકવવામાં આવે છે. આ નાણા ચૂકવવા માટે ખૂબ જ વિલંબ થતો હતો ત્યારે આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમારા ડાંગના ગરીબ આદિવાસી ખેડૂતો માટે ૧ કરોડ રૂપિયાનું રિવોલ્વીંગ ફંડ ઉભું કરીને આ નાણા ૭૫ દિવસમાં જે તે ખેડૂતને મળી જાય છે એ બદલ ખરેખર આ રાજયના મુખ્યમંત્રીશ્રીને અને આ રાજ્યના વનમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે એ કરવી છે કે મારા ડાંગ જિલ્લાના ગરીબ વિદ્યાર્થીઓ ભણી શકતા ન હતા, અમૂક વખતે એમને એડમિશન મળી જાય પણ પૈસા ન મળે એના કારણે તેઓ શિક્ષણથી વંચિત રહી જતા હતા એટલા માટે આ વન વિભાગ દ્વારા આ સ્પેશિયલ માલિકી કેસની મંજૂરી આપવામાં આવે છે જેમાં મેડિકલ ક્ષેત્રે, પી.ટી.સી.માં કે કોઈ પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા માગતા વિદ્યાર્થીઓ માટે માલિકી કેસની મંજૂરી આપવામાં આવે છે એ ખૂબ જ આશીર્વાદરૂપ બનેલ છે અને એને સ્પેશિયલ માલિકી કેસની મંજૂરી આપવામાં આવે છે એના લીધે અમારા ડાંગ જિલ્લામાં ખાસ કિસ્સામાં કોઈને વાલ્વની બિમારી હોય, હૃદયની બિમારી હોય, કેન્સરની બિમારી હોય એને પણ આ માલિકી થકી એમને મંજૂરી આપવામાં આવે છે અને તેઓ પોતાની સારવાર સારી રીતે કરી શકે છે. આ ગુજરાત રાજ્યની સરકાર આ રાજ્યની અંદર વનીકરણ થકી અને વનોત્સવ થકી આ ગુજરાતને હરિયાળું બનાવવા તરફ આગળ વધી રહ્યું છે જેથી માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપુ છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામભાઈ જે રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. હું સતત જોઉં છું કે એકતરફી બધાજ ક્ષેત્રમાં તમામ જગ્યાએ વિકાસ થઈ ગયો છે. બધી સામે વાતો છે. તમામ ગરીબોનું કલ્યાણ થઈ ગયું. તમામ ક્ષેત્રે શિક્ષણ ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે કોઈ વસ્તુ હવે બાકી રહેતી નથી, પણ રાજયપાલના પ્રવચનમાં મેં જોયું તો આમાં દાહોદ તાલુકામાં કશું જ નથી બતાવ્યું, ત્યારે મને થયું કે બધેય આખા ગુજરાતમાં વિકાસ થઈ ગયો, તો અમારા દાહોદ જિલ્લાનું શું ? દાહોદ જિલ્લાની ખૂબજ ચિંતા હું કરતો હતો, અને એની પહેલાં અનેક યોજનાઓની જાહેરાત થઈ આદિવાસીઓ માટેની, કરોડો રૂપિયાની જાહેરાતો થઈ, પંદર હજાર કરોડ રૂપિયાની આદિવાસીઓના કલ્યાણ માટેની જુદી જુદી યોજનાઓ માટેના છે. બીજી પણ અનેક યોજનાઓની જાહેરાત થઈ. કેટલાય સમયથી અમે રાહ જોતા હતા કે આ યોજનાઓ ક્યારે અમારા સુધી પહોંચે અથવા તો ગામડાઓ સુધી પહોંચે અને અચાનક ગરીબ આદિવાસી કલ્યાણ મેળો જાહેર થયો, આ દાહોદ જિલ્લામાં દુષ્કાળની પરિસ્થિતિ હોવાના કારણે હજારો લોકો બહાર જતા રહ્યા હતા, મજૂરી કરવા માટે એ બધા દોડી આવ્યા કે ભાઈ આપણા મુખ્યમંત્રીશ્રી આવવાના છે અને કરોડો રૂપિયાની જાહેરાતો કરી છે એ બધું લઈને આવવાના છે, અનેક યોજનાઓ પાણી, ઘાસ, અનાજ અનેક જરૂરિયાત છે એ બધું લઈને આવશે અને લોકો લાખ્ખોની સંખ્યામાં ભેગાં થયા અમે પણ એમના સ્વાગત માટે હાજર રહ્યા, તમામ ધારાસભ્યશ્રીઓએ નકકી કર્યુ કે આપણે પણ હાજર રહીશું કારણકે લોકોના કલ્યાણની જ્યારે વાત હોય ત્યારે આપણે દૂર રહીશે એ પણ ના ચાલે ત્યાં સાહેબે જે વાત કરી એમાં એક વાત તો અમને એટલી બધી ગમી કે વચેટિયાઓને દૂર કરવા છે, ૬૦ વર્ષથી વચેટિયાઓ છે એ વચેટિયાઓ હવે હું દૂર કરીશ હવે હું ગામડાના ઝુંપડા સુધી તમને બધી યોજનાઓનો લાભ આપે જવાનો છે હવે તમારે ગાંધીનગર કે બીજી કોઈ જગ્યાએ જવાનું નથી મારો પ્રશ્ન છે, સાહેબ તો કહીને આવતા રહ્યા પણ લોકો કહે છે કે તમે કોણ છો તમે જ આમાં વચેટિયા છો તમે જ આમાં ખાઓ છો તમે કોણ છો હવે ત્યાં દાહોદ જિલ્લામાં શું પરિસ્થિતિ છે કે તાલુકા પંચાયત ભા.જ.પ.ની છે, જિલ્લા પંચાયત પણ ભા.જ.પ.ની છે અહીં પણ આપણી સરકાર બેઠી છે ત્યારે આ વચેટિયા કોણ છે અમે એના માટે તૈયાર છે એમને ખોળી કાઢવા માટે અને જો આ લોકોને તમે નહિ ખોળો તો અમારા માટે અમારે જે કંઈ કરવું પડે એ કરવા માટે અમે તૈયાર છીએ. પરિસ્થિતિ એવી થઈ છે ગરીબોને મળતા લાભો વચેટિયા ખાઈ જતા હોય તો પછી સરકાર છે એ એમને કેમ ખોળી કાઢતી નથી એ કોઈપણ પક્ષના હોય તો એને ખોળી કાઢવા જોઈએ અને એમને સખત શિક્ષા થવી જોઈએ. કેમકે આજે આ પરિસ્થિતિ અમારી છે. ભાવ વધારાની પણ વાતો કરી ભાવ વધારો થયો તો આ સરકાર અમને કંઈક રાહત આપે કે નહિ અમારી આ પણ લાગણી છે. શિક્ષિત બેકારીનો પ્રશ્ન એટલો ગંભીર છે તો આ રાજયમાં હું જોઉં કે ૧૯૯૫માં જે પરિસ્થિતિ હતી એ ૬,૭૦,૨૮૧ હતી અને ૨૦૦૯માં ૭,૮૬,૭૭૦ બેકારી થઈ છે આ પ્રશ્ન મારા માટે નથી પણ ગામડામાં પણ અમારા આદિવાસી ભાઈઓ એવા કેટલાય છે કે આજે ભણીને રાહ જોઈને બેઠાં છે, લાખ્ખોની સંખ્યામાં બેઠાં છે અને આ રીતે બેકારીનો પ્રશ્ન પણ ગંભીર છે. દાહોદ જિલ્લાની મારે વાત કરવી છે અમારે ત્યાં અત્યંત ખરાબ પરિસ્થિતિ છે વરસાદ ખૂબજ ઓછો પડ્યો છે લોકો આજે ઘાસ, પાણી, રોજીરોટી માટે બહાર સ્થળાંતર કરી રહ્યા છે આજની તારીખમાં એટલી ગંભીર પરિસ્થિતિ છે કે ત્યાં લાખ્ખો હેન્ડપંપ છે એને રિપેર કરનારા પણ કોઈ નથી. ઘાસ આજે એક કિલોના સાત રૂપિયે વેચાય છે, અમે ભીખ નથી માગતા પણ તમે રાહત દરે આપો એમ કહીએ છીએ પણ સરકારી ભાવે તો આપો અમને તો પણ અમને આનંદ થશે. પણ એ પણ નથી થતું. ઘાસ નહિ, પાણી નહિ રોજીરોટીની વાત લાખ્ખો લોકો કહે છે ઓછો વરસાદ છે દુષ્કાળ જાહેર ન થાય તો હું તો એમ કહું કે દુષ્કાળ તો જાહેર કરો તમે રોજીરોટીની વાત કરું ગ્રામ્ય ગેરંટી રોજગાર યોજના ચાલે છે તો એમાં શું છે કે સરકારનું જે ધારાધોરણ છે એ મુજબ ત્યાં લોકોને રોજીરોટી મળતી નથી. પંદર દિવસ કામ મળવું જોઈએ એના બદલે બે બે મહિના સુધી કામ મળતું નથી. સાત સાત મહિનાના કામો પડ્યા છે, પગાર નિયમિત નથી થતો આ પરિસ્થિતિમાં અમે જીવી રહ્યા છીએ

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાત રાજયના નામદાર રાજ્યપાલ શ્રીમતી કમલાજીના પ્રવચનના આભાર પ્રસ્તાવ લઈને જે ગૃહના સન્માનનીય સભ્ય આવ્યાં છે તેના સમર્થનમાં મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માનનીય રાજયપાલશ્રીના આખા પ્રવચનને જો એક લીટીમાં કહેવા જઈએ તો તેમણે આજના સાચા ગુજરાતની સાચી ઓળખ રજૂ કરી છે.

ગુજરાતના સુશાસનથી થયેલ વિકાસને સમગ્ર ભારત વર્ષ સહિત વિશ્વના વિવિધ દેશોએ મોડેલ તરીકે સ્વીકારી અને જ્યારે એવોર્ડોથી નવાજેલ છે ત્યારે ગુજરાત આજે તેની સ્થાપનાના ૫૦મા વર્ષે સ્વર્ણિમ ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘ દ્રષ્ટિથી તેમણે જ્યારથી ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી ગુજરાત અવિરત દરેક ક્ષેત્રમાં પ્રથમ સ્થાને પહોંચેલ છે અને આ સ્વર્ણિમ જયંતી અવસરે ગુજરાત ખરેખર સાચા અર્થમાં સ્વર્ણિમ ગુજરાત બન્યું છે અને તેનો અહેસાસ તે ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે મહાનગર અમદાવાદમાંથી આ સન્માનનીય સભાગૃહનું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે ગુજરાતના મહાનગરો જે શહેરી વિસ્તાર એ જેનું નવું સ્વરૂપ જોયું છે તે કાબીલે તારીફ છે. ગુજરાતના

શહેરી વિસ્તારોએ તેની પ્રાથમિક જરૂરિયાતો રસ્તા, પાણી, ગટર તથા લાઈટની સુવિધિઓ લગભગ પૂર્ણ કરેલ છે. હાલ મહાનગર એ વિવિધ પ્રકારના વિશાળ પ્રોજેકટો અને વિશ્વના દેશોની બરાબરી કરી શકે એવા સુંદર પ્રોજેકટોની અમલવારી કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સર્વાંગી વિકાસના કારણે જ્યારે ગુજરાતના વિવિધ શહેરો પણ જે રોકેટ ગતિથી આગળ વધી રહ્યા છે તેમાં તે અમદાવાદ હોય, સુરત હોય કે રાજકોટ હોય તેમની ગણના તે વિશ્વના વિકસિત દેશોના શહેરો સાથે થઈ રહી છે. નગર રચના નહીં પણ સમાજની સંરચના તે શહેરી વિકાસનું મુખ્ય ધ્યેય છે. શહેરમાં વહિવટી તંત્રની ક્ષમતા વધે, શહેરમાં આર્થિક આયોજન પારદર્શી બને અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વધુમાં વધુ અધિકારો પ્રાપ્ત કરે, નાણાંકીય અને દીર્ઘ દ્રષ્ટિથી આયોજન તે શહેરી વિકાસની વિશેષતા રહી છે. સામાન્ય રીતે મહાનગરોની પ્રગતિને કારણે એક શહેરીકરણની સમસ્યા પણ સર્જાતી હોય છે. હાલ આંકડાકીય માહિતી પ્રમાણે લગભગ ૪૦ ટકા વસતિ તે શહેરમાં રહેતી હોય છે. આ જ રીતે જો ગુજરાત તેની વિકાસની ગતિએ આગળ વધી રહ્યું છે તો આગામી એક દશકામાં ૫૦ ટકા વસતિ એ શહેર સુધી પહોંચી જવાની છે. આ બધી જ સમસ્યાઓ અને તેના નિરાકરણને ધ્યાનમાં રાખી ગુજરાતના દીર્ઘ દ્રષ્ટા મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈએ તેના નિરાકરણ માટે એક આગવું આયોજન પણ વિચારી રાખ્યું છે. તેમના સીધા માર્ગદર્શન હેઠળ ગુજરાતના બધાજ મહાનગરોમાં છેલ્લાં કેટલાય વખતથી તેની આવનારા દિવસોની સમસ્યાના નિરાકરણ માટેના સુયોજિત પ્લાનીંગ કરી રહ્યું છે. હું એક અમદાવાદની વાત કરું તો છેલ્લાં ચાર સાડા ચાર વર્ષમાં અમદાવાદ શહેરે જે નવું સ્વરૂપ પ્રાપ્ત કર્યુ છે અને આ મહાનગરે તેનું રૂપ બદલ્યું છે તેના બે-ચાર મુદ્દા જ હું માનનીય અધ્યક્ષશ્રી આપની સમક્ષ રજૂ કરું છું. એક છે બી.આર.ટી.એસ. જન માર્ગ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ, કાંકરિયા કાર્નિવેલ અને કદાચ બીજું એક ઘન કચરામાંથી ખાતર બનાવવાના માટેના બધાજ વિકાસના કામો. આદરણીય અધ્યક્ષ મહોદય બી.આર.ટી.એસે. ગત દિવાળીએ માનનીય મુખ્યમંત્રીએ જન માર્ગ એટલે કે અર્બન પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમની ભેટ તે અમદાવાદના નગરજનોને આપી છે. આ માત્ર શહેરી સાર્વજનિક પરિવહનની વ્યવસ્થા નથી પણ પર્યાવરણની તે જન સુવિધા પણ છે. વિકાસની આ યાત્રામાં અમુક લોકોને પીડા પણ થાય છે. જેને પીડા થતી હોય તે થાય તેને મુબારક અમારે તો અમદાવાદની આધુનિક કાયા પલટ કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જન માર્ગ બે તબક્કામાં મળીને ૮૮ કિલોમીટરના વિસ્તારમાં અમદાવાદ મહાનગરમાં આધુનિક તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા પૂરી પાડે છે અને મને કહેતાં ગર્વ થાય છે કે, ગુજરાતના અમદાવાદના જનમાર્ગને વિશ્વનું શ્રેષ્ઠતમ પરિવહન એવોર્ડ પણ પ્રાપ્ત થયું છે. આ અમદાવાદ પ્રથમ શહેર છે. અને આવી યોજના ચાલુ કરનારા અમુક શહેરો જે આ યોજના અમદાવાદ પહેલાં ચાલુ કરી તે કયાંય નકશામાં હરોળમાં નથી. મને કહેતા આનંદ થાય છે આદરણીય અધ્યક્ષ મહોદય કે સમગ્ર ભારત વર્ષ જે.એમ.ડબલ્યુ.આર.એમ.ના પ્રોજૅકટના કામો જો કોઈ સમયસર પરિપૂર્ણ કરી શક્યું હોય તો એ ગુજરાતના મહાનગરો છે, તેના આધાર ઉપર જ કેન્દ્રની આ યોજનાઓએ ગુજરાત અને અમદાવાદ શહેરને તેના વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. આ ઉપરાંત આ રાજયમાં વહીવટમાં કે પછી ઈન્ફરમેશન ટેકનોલોજી હોય કે વિવિધ ક્ષેત્રમાં ખૂબ બધા એવોર્ડ આપણે પ્રાપ્ત કર્યા છે. શહેરી વિકાસ વિભાગ એ માત્ર શહેરના વિકાસને ધ્યાનમાં રાખે છે એવું નથી. એ સામાન્ય નાગરિક અને એના સ્વાસ્થયની ચિંતા કરે છે. આ મહાનગરના પાણીનું શુદ્ધિકરણ કરતો પીરાણાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એ હિન્દુસ્તાનમાં સૌથી મોટામાં મોટો પ્લાન્ટ છે. અને સોલીડ વેસ્ટમાંથી વીજળી પેદા કરવાની ટેકનોલોજી પણ આ દેશમાંથી જાપાનના દેશ સાથે સમજૂતી કરાર કરીને આપણે સ્વીકારી છે. કચરો પણ કંચન બને અને મહા નગરપાલિકાનું તંત્ર આ કચરામાંથી પણ કાર્બન ક્રેડિટ કમાય અને વિશ્વની ગ્લોબલ વોર્મિંગની જે સમસ્યા છે, એની સામેની પહેલ કરનાર એ વિશ્વનું પહેલું રાજય એ ગુજરાત અને અમદાવાદ શહેર છે. અમદાવાદ શહેરના ઘન કચરામાંથી ઈંધણ બનાવવા વાયબ્રન્ટ ગુજરાત સમ્મિટમાં ૨૦૦૯માં અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને જાપાનની ક્રીએટીવ કંપની દ્વારા એમ.ઓ.યુ. કરી ૧૧૦ કરોડના મૂડીરોકાણ દ્વારા રોજના ૮૦૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી ઈંધણ બનાવવાનો પ્લાન્ટ અમદાવાદમાં નાંખેલ છે. અને એ પ્લાન્ટ કાર્યાન્વિત થઈ ચૂકયો છે. ટૂંકમાં અમદાવાદનો કચરો એ જાપાનની કંપની ઉઘરાવશે.

માનનીય અધ્યક્ષ મહોદય, હું જયારે શહેરી વિસ્તારોની વાત કરું છું, તો રાજયના સર્વાંગી વિકાસ માટે હું આ સન્માનનીય સભાગૃહમાં માહિતી આપવા માગું છું કે આજે ત્રીજી તારીખ થઈ. પરમદિવસે ૫ તારીખે આ રાજયના શહેરી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે ૭૦૦૦ કરોડના આયોજનવાળી સ્વર્ણિમ્ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ આવાસ યોજના અંતર્ગત મહાનગરપાલિકામાં ચેક વિતરણનો પ્રથમ તબકકાનો કાર્યક્રમ એ ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈની નિશ્રામાં કર્ણાવતી મહાનગર અમદાવાદમાં થવાનો છે.

માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાતના સ્વપ્ન દૃષ્ટા અને આદરણીય મુખ્યમંત્રીએ નકકી કરેલ છે કે ગુજરાતના નગરોનો વિકાસ કરવો છે. ગુજરાતનો ચહેરો બદલવો છે. (સમય સૂચક ઘંટડી) એક જ મિનિટમાં પૂરું કરું છું. સન્માનનીય અધ્યક્ષ મહોદય, આ ગૃહમાં ગરીબ કલ્યાણ મેળાની પણ ખૂબ ચર્ચા થઈ છે. હું વાત નથી કરતો. પણ આ મેળાનું હાર્દ સમજવું હોય તો ગરીબોની વેદના સમજવી પડશે. અને એના માટે એક સંવેદનશીલ હૃદયની જરૂર હોય છે. તેથી જ આ રાજયના મુખ્યમંત્રીએ ગુજરાતના સાડાપાંચ કરોડની જનતામાં સ્થાન મેળવ્યું

છે. શહેરના ગરીબ યુવાનો માટે ઘણીબધી યોજનાઓ સાકાર કરીને શહેરીજનોની સુવિધામાં વધારો કરવાનું કાર્ય ઉપાડયું છે ત્યારે આ સન્માનનીય સભાગૃહમાં માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપી વિરમુ છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી જયંતભાઈ, આપના પક્ષ તરફથી નામો મળતા નથી. ચર્ચામાં ભાગ લેવા માગતા હોય તો હું સમય ફાળવવા તૈયાર છું.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : આવતીકાલે આપી દઈશ.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સન્માનનીય રાજયપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવની ચર્ચા ઉપર માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

સન્માનનીય રાજયપાલશ્રીએ પોતાના સંબોધનમાં ગ્લોબલ વોર્મિંગનો જવાબ શોધવાની મથામણ કરવામાં ગુજરાતે જે યોગદાન આપ્યું છે અને ગુજરાતે કરેલ પહેલ, ગુજરાતે નિર્ધારીત કરેલ નીતિ અને દેશ વિદેશના લોકોને ગુજરાત તરફ આકર્ષી રહ્યું છે ત્યારે મારે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે કે કલાયમેન્ટ ચેઈન્જ માટેનો અલગ સરકારી વિભાગ રચવાની જો પહેલ સમગ્ર ભારતમાં નહીં, એશિયામાં માત્ર ગુજરાતે જ કરી છે. ગ્લોબલ વોર્મિંગ વિશે જયારે હમણા એક સભ્ય બોલ્યા. ગ્લોબલ વોર્મિંગ સામેની લડત રાજય સરકારની પ્રો-એકટીવ ગવર્નન્સની પ્રતીતિ કરાવશે. કલાયમેન્ટ ચેઈન્જની આપત્તિને અવસરમાં કેવી રીતે પલટાવવી એની વ્યૂહરચના આ સરકારે ઘડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલાયમેન્ટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો આજની પેઢીના નહીં, પણ આવતીકાલની પેઢીના મહત્વના અને ગંભીર છે, ત્યારે ગુજરાત એ સમગ્ર વિશ્વમાં માનવ સુખાકારીના ક્ષેત્રમાં પથદર્શક પહેલ કરી રહ્યું છે. મારે એક ખૂબ સરસ ઉદાહરણ ટાંકવું છે. દુનિયાના વિવિધ દેશોના પદાધિકારીઓ કોપનહેગનની કલાયમેન્ટ ચેઈન્જ અંગેની પરિષદમાં ઉપસ્થિત રહ્યાં હતા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વીડીઓ રેકોર્ડેડ સંબોધન કરતા ગુજરાત સરકારે કલાયમેન્ટ ચેઈન્જ પડકારોને પહોંચી વળવા અપનાવેલા નવતર આયામો અને વ્યૂહાત્મક નીતિ વિષયક પહેલની ભૂમિકા આપી હતી. અને તેમાં સ્પષ્ટ નિર્દેશ કર્યો હતો કે લો કાર્બન ટેકનોલોજી ઈન્ડિયન લેબોરેટરી તરીકે ગુજરાતે પોતાની ઓળખ ઉભી કરવાની નેમ ધરાવી છે. માનનીય નરેન્દ્રભાઈ મોદી એક માત્ર એવા પ્રવકતા હતા કે જેમને સમગ્ર પરિષદમાં ભારતના કોઈ રાજયના વડા તરીકે જયારે પર્યાવરણ સામેના પડકારો વિશે દુનિયાના વિવિધ દેશોના પદાધિકારીઓએ સાંભળ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિન્ડ પાવર એનર્જીની વિપુલ સંભાવનાઓને સાકાર કરવા માંગે છે. એટલું જ નહીં, સમગ્ર વિશ્વમાં સૌથી મોટો ૩૦૦૦ મેગાવોટ જેટલી સૂર્યઉર્જા ઉત્પાદનની ક્ષમતા ધરાવતો સોલાર એનર્જી પાવર પાર્ક ગુજરાતમાં સ્થપાઈ રહ્યો છે. આ ઉપરાંત નેચરલ ગેસના સર્વગ્રાહી ઉપયોગ દ્વારા કાર્બન ઉત્સર્જન દ ટાડવા અને સામાન્ય જનસમૂદાયની પર્યાવરણ સુખાકારી જાળવવા માટેના વિશેષ કલ્યાણ પગલાંની રજૂઆત કરી છે. હું જે જિલ્લામાંથી આવું છું ત્યાં ઘણું પર્યાવરણનું પોલ્યુશન છે અને એ વિષે ચર્ચા થઈ છે ત્યારે આ વિભાગને એક વર્ષ પણ થયું નથી ત્યાં આ જ વર્ષમાં માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલ મારફતે પ્લાન્ટ ઈકોલોજી સ્ટડી સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટ ઈકોલોજી સ્ટડી સેન્ટરમાં આ એક એવું સેન્ટર છે કે ત્યાં આગળ આખા વાતાવરણનો સરવે થાય છે, ત્યાં એ પોલ્યુશન જોયા પછી કયું ઝાડ કે કયો છોડ ઉછરી શકે એની પણ પૂરેપૂરી ડેટા બેંક આ પ્લાન્ટ ઈકોલોજી સ્ટડી સેન્ટરમાં છે. એન્વાયમેન્ટલ લેબ છે, ટીસ્યુ કલ્ચર લેબ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેન્ટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા ગુજરાત સરકારે આગોતરાં અનેક પગલાં લેવાની પહેલ કરી છે. સમગ્ર દેશમાં કાર્બન ક્રેડિંટ મેળવવામાં ગુજરાત પ્રથમ છે. આખા દેશમાં જેટલી કાર્બન ક્રેડિટ મેળવવામાં આવી છે તેમાં ૨૯ ટકા તો એકલા ગુજરાતે મેળવી છે. સમગ્ર દેશમાં રાજયમાં ૩૯ ટકા કલીન ડેવલપમેન્ટ મિકેનીઝમ (સી.ડી.એમ.) પ્રોજેકટ નિર્દેશિત કરવામાં આવ્યા છે જેની કાબન ક્રેડિટ પ્રતિવર્ષ ૨૮ મિલિયન યુરોના દરની થવા જાય છે. સમગ્ર દેશમાં આજે વાયુ પ્રદૂષણ અટકાવવા માટે સી.એન.જી.નો પરિવહન અને ઉપયોગ કરવાનું નેટવર્ક વિકસાવાયું છે. ગેસ ગ્રિડની ૨૨૦૦ કિલોમિટરની પાઈપલાઈનનું કામ ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે. વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડના કારણે થતા પોલ્યુશનને અટકાવવા માટેનો આ પ્રોજેકટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમ દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરીને તથા ભૂગર્ભ પાણી રિચાર્જ કરીને જળ વ્યવસ્થાપન કરવામાં આવેલ છે ખનીજ બળતણને આધારે રહેવાને બદલે. ગુજરાતે અન્ય બિન પરંપરાગતમાંથી એનર્જી ઉત્પન્ન કરવાની શરૂઆત કરી છે. ગુજરાતમાં કે જયાં સૂર્ય વર્ષના ૩૦૦ થી વધુ દિવસ પ્રકાશે છે તેનો લાભ લઈ સોલર એનર્જીથી પર્યાવરણીય રીતે સ્વચ્છ અને સાનુકૂળ નીતિ જાહેર કરી છે અને ગ્લોબલ વોર્મિંગના ગુણાંકમાં ઘટાડો કરવાની નેમ છે. સોલર એનર્જી અને વીન્ડ એનર્જીમાં વીજળી ઉત્પન્ન કરવાની પ્રોત્સાહક નીતિ જાહેર કરી છે. સોલર એનર્જીને પ્રોત્સાહક કરવા માટે કેપિટલ સીટી, ગાંધીનગરને સોલર સીટી બનાવવાની નેમ છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં ગુણાત્મક પરિવર્તન લાવીને કાર્બન ક્રેડિટ વધુમાં વધુ પ્રાપ્ત કરવા રાજય સરકારે આખા દેશમા પ્રથમ પહેલ કરી છે. હવે સરકાર કાર્બન ક્રેડિટથી પણ એક કદમ

આગળ વધવા માગે છે અને એ છે ગ્રીન ક્રેડિટ મૂવમેન્ટ. ભારત સરકારે પણ ગુજરાતની ગ્રીન ક્રેડિટ મૂવમેન્ટને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. ગ્રીન ક્રેડિટ મૂવમેન્ટ માટે પણ ગુજરાત દેશને નવો રાહ બતાવશે. ગુજરાતના પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર અને યુનિવર્સિટીઓ દ્વારા લોક શિક્ષણના નવા આયામો માટે કલાઈમેટ ચેઈન્જ મેનેજમેન્ટ એજયુકેશન સેન્ટર કાર્યરત થયું છે. ત્યારે આ સન્માનનીય ગૃહમાં માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ નામદાર રાજયપાલશ્રીએ આ સન્માનનીય ગૃહને સંબોધન કર્યુ તેનો આભાર પ્રસ્તાવ લઈને માનનીફ સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉભો. થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ આઝાદ થયો અને કેટલાંય સ્વપ્નો લોકોએ જોયાં હતાં. એક કવિએ લખ્યું છે કે

આઝાદીનાં વર્ષો તો ઘણાં વિત્યાં, વાતો કરી મારી પણ મને જ લૂંટયો, અભાવો વચ્ચે જીવું છું,
ખોવાયું છે સમણું મારું, કોઈક તો ગોતી આપો, કોઈક તો ગોતી આપો.

આ ગરીબ લોકોના મનની અંદર આઝાદી પછી એક સ્વપ્ન હતું કે અમારા જીવનમાં સુખ આવશે. શિક્ષણ આવશે. આરોગ્ય આવશે, તેવું કંઈ ન બન્યું. આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી આ ગરીબોના સ્વપ્નને સાકાર કરવા માટે નીકળ્યા છે અને જયારે એમણે આ પુરુષાર્થ આદર્યો છે ત્યારે તેની અંદર આપણે આ સુવર્ણ જયંતિ વર્ષ ઉજવી રહ્યા છીએ અને સહભાગી છીએ તેનો આનંદ અને ગૌરવ છે. ગુજરાતને માટે નર્મદા યોજના એ અતિ મહત્વની યોજના છે. અને તેના દ્વારા ગુજરાતની ખેતીને અને ગુજરાતના ગામડાંને જે પ્રગતિના સોપાનો સર કરવાના છે તેની અંદર આ સરકાર આગળ વધી રહી છે. ગુજરાતના હિત શત્રુઓએ આ યોજના આગળ ન વધે તેના માટે અનેક રોડાઓ નાખ્યા, પણ આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે સંકલ્પ અને દ્રઢ ઈચ્છા શકિત બતાવી અને જયારે આ યોજના આગળ ધપાવવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૭૨ કલાકના ઉપવાસ ઉપર બેસવાની જાહેરાત કરી ત્યારે ગુજરાતની જનતા, ગુજરાતના સાધુ-સંતો અને બધાએ જે નર્મદા ભાવ બતાવ્યો, ભાઈ શ્રી આત્મારામભાઈએ કહયું તે રીતે પક્ષા પક્ષીથી ઉપર ઉઠીને જે ભાવ બતાવ્યો અને ગુજરાતના હિતો માટે આ યોજના કેટલી મહત્વની છે તે બધાને સમજાયું. આજે ૧૨૧ મીટરની ઉંચાઈએ આ બંધ પહોંચ્યો છે આ યોજના ૧૩૮ મીટરની ઉંચાઈ સુધી લઈ જવાનો સંકલ્પ છે, અને આ યોજના ૧૨૧ મીટર ઉંચાઈએ છે અને જે આજે પાણી ૧.૨૭ મીલીયન એકર ફીટ પાણી ઉપલબ્ધ છે તેના બદલે ૧૩૮ મીટરની ઉંચાઈએ પહોંચશે ત્યારે ૩.૫૬ મિલીયન એકર ફીટ પાણી ભરાવાનું છે. અને આ ગુજરાતની જે તરસી ધરતી છે, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત જેના માટે આ યોજના જીવાદોરી સમાન છે, પાણીની વાત કરીએ ત્યારે સ્વાભાવિક રીતે ટેન્કરો દ્વારા પાણી પુરું પડાતું હતું, હમણાં ભાઈ શ્રી સિધ્ધાર્થભાઈએ કહયું કે ૩-૩ કિલો મિટર દૂરથી બહેનોને પાણી લાવવું પડે છે, પણ બહેનોને એ પાણી લાવવું પડતું હતું, આજે તો લાવવું પડતું નથી, કારણ કે આજે ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકાર આ રીતે ગામડાંને આ દુવિધામાંથી બહાર કાઢવા માટે સંકલ્પબધ્ધ છે. અને કામ કરી રહી છે. જયારે ૨૦૦૦ કરોડ રૂપિયાના એમ.ઓ. યુ. દુષ્યંત કંપની અને હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની સાથે ઉત્તર ગુજરાતની નદીઓમાં પાણી નાખવા માટે શીપુ, અને દાંતીવાડા, ત્યાંનાં ખેડૂતોના પાણીના તળ દિવસે દિવસે ઉંડા જઈ રહયા છે અને આ સમાચાર જયારે પેપરમાં વાંચ્યા, માનનીય વજુભાઈએ નાણાની જે જોગવાઈ કરી આપી છે તે સમાચાર પહોંચ્યા ત્યારે એ ગરીબ લોકોના લાખ લાખ આશિર્વાદ એમને મળ્યા છે. તેના લીધે એમને એક આશા બંધાઈ છે કે અમારી ખેતી પણ સમૃદ્ધ થશે. માનનીય નરેન્દ્રભાઈ મોદી, માનનીય નીતિનભાઈ સિંચાઈ મંત્રીશ્રી અમારા દુ:ખ દર્દ સમજે છે, અમાર લાગણી સમજે છે અને જરૂર પાણીના તળ જે દિવસે દિવસે ઉંડા જઈ રહયા છે તેનાથી અમને બચાવશે તેવી આશા બંધાણી છે. તેમાંથી એમને બચાવશે. પીવાના પાણી માટે મહત્વકાંક્ષી યોજના આ સરકારે બનાવી છે. તેવી યોજના પહેલા કોઈએ બનાવવાનું સ્વપ્નામાં પણ વિચાર્યુ નહિ હોય.

સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો વારંવાર કહેવામાં આવતું હતું કે ત્યાં જે પાણી પીવાતુ હતું એ પીવા લાયક નહોતું, વાત સાચી છે. આજે જઈને મિત્રો ત્યાં જઈને જૂએ કેટલા ટી.ડી.એસ. વાળુ પાણી ત્યાંની પ્રજા પીએ છે. આ સરકાર જ આ કરી શકે. આ સરકાર સિવાય આવું કામ કરવાની કોઈનામાં હિંમત નથી. અગાઉ પણ કેટલાક મિત્રોએ એમ કહેલું કે આ શકય જ નથી, આ બનવાનું જ નથી, આ પ્રજાને બેવકૂફ બનાવવાની જ વાત છે. પરંતુ પરિણામ દેખાય છે ત્યારે આપણે કહી શકીએ કે આ સરકાર ફક્ત વાતો કરતી નથી, આ સરકાર કામો કરીને પોતાનું પરફોમન્સને બતાવે છે. કરોડો રૂપિયા વાપરીને જે રીતે આ કામગીરી થઈ રહી છે એના કારણે ખેડૂતોને લાઈટની જરૂર ઓછી પડે છે. પાણીના સ્તર ઊંચા આવ્યા છે એના લીધે ખેડૂતોને વીજળીની ઓછી જરૂર પડે છે. ખેડૂતોની આવક કેટલી વધી છે એના આંકડા વાચો તો ખ્યાલ આવશે. ગુજરાતના વિકાસદરની અંદર પૂરા દેશની અંદર ગુજરાતનું જે યોગદાન છે એ જોઈ લો તો એના ઉપરથી તમને ખ્યાલ આવશે. આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂરા દેશની અંદર તમામ રાજયોના એજન્ડા બદલી નાખ્યા છે. દરેક જગ્યાએ વિકાસની વાત થાય છે. પ્રાંતવાદની અંદર સંકુચિતતા હતી એમાંથી ઉપર

ઊઠીને મારે પ્રાંતને આગળ લાવવો છે, મારે વિકાસ કરવો છે એવી કામગીરી એમના દ્વારા થઈ છે. એના લીધે દેશમાં અને રાજયમાં સારુ વાતાવરણ નિર્માણ થયું છે.

પાણીનું મહત્ત્વ તો દુષ્કાળના ક્રૂર પંજામાં સપડાયેલા હોય એને ખબર પડે. પહેલા આપણા હાઈવે ઉપર ઘેટા, બકરા, ગાયો અને ભેંસોની લાઈનો જોવા મળતી હતી. કેટલાય લોકો ઉત્તર ગુજરાત કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી જ્યાં પાણી છે તેવા વિસ્તાર તરફ જ્યાં પાણીની સગવડ હોય તેવા વિસ્તારમાં જતાં હતા. આજે એ જોવા મળતું નથી કારણ કે ઘર આંગણે જોઈતી બધી સગવડો મળે છે, ઘર આંગણે પાણી મળી રહે છે. આ બધી આયામી યોજના ડેરી ઉદ્યોગ ફૂલ્યો ફાલ્યો છે એના કારણે ગુજરાતના ગામડાંની રોનક બદલાઈ રહી છે. તેથી હું નર્મદા, જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગની કામગીરીને બિરદાવું છું અને માનનીય આત્મારામભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એની સાથે સહમત થાઉં છું.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

### પ્રશ્નના જવાબ અંગે

**અધ્યક્ષશ્રી** : સવારે પ્રશ્નોત્તરી દરમિયાન માનનીય મંત્રીશ્રી આનંદીબહેનના પ્રશ્ન ઉપર જે પ્રશ્ન પેદા થયો હતો એમાં મેં શું આદેશ આપ્યો હતો, તે વખતે શું વાત થઈ હતી એ આ પ્રમાણે હતી.

માનનીય મંત્રીશ્રીને કહ્યું કે ૨૨૩૬ના હેડની વિગતો આપની પાસે હોય તો આપો નહિ તો મુલતવી રાખો એવી મેં સલાહ આપી હતી. શ્રીમતી આનંદીબેન પટેલે મારા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે એના માટે ફરી પ્રશ્ન પૂછશો તો હું જવાબ આપીશ. ત્યારપછી મેં તરત જ આદેશ આપ્યો હતો કે તમારી પાસે ૨૨૩૬ હેડની વિગત ન હોય તો એની વિગત પાછળથી ટેબલ ઉપર મૂકજો. હું એ આદેશનું પુનરાવર્તન કરુ છું કે શ્રીમતી આનંદીબહેને ૨૨૩૬ના હેડની વિગતો સભાગૃહના ટેબલ ઉપર મૂકવી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૫૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૪થી માર્ચ, ૨૦૧૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર , તા.૪થી માર્ચ ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૩, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા**

***૧૩૩૦૯ શ્રી દીતાભાઈ ભી. મછાર(ઝાલોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની સમસ્યા છે,
(૨) આ સમસ્યાઓ દૂર કરવા સરકારે સન ૨૦૦૯-૧૦માં શું આયોજન કરેલ છે, અને
(૩) ૨૦૧૦ના વર્ષના આગામી ઉનાળામાં પાણીની અછતને દૂર કરવા સરકારે શી વ્યવસ્થા કરી ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હાલ એકપણ ગામમાં પીવાના પાણીની સમસ્યા નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) જરૂરિયાત ઊભી થયેથી જરૂરી કામગીરી વ્યવસ્થા કરવામાં આવશે.

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો ફતેપુરા તાલુકો ૯૬ ગામનો છે. એમાં ૯૫ ગામોનો થાણા સીમન યોજનામાં સરકારે સમાવેશ કરેલ છે. એ ૯૫ ગામોમાં પાણી આજે ચાલુ છે એ બદલ હું સરકારને અભિનંદન આપું છું. પણ મારા વિસ્તારના ૭ ગામો રહી ગયા છે. પણ સરકારે ઝાલોદ તાલુકાની માછણ નાળા યોજનામાં તેનો સમાવેશ કર્યો છે. એમાં કામ ચાલુ છે, ટાંકી બની ગઈ છે પણ એમાં દળ ભરાઈ ગયા છે અને તળાવો સુકાઈ ગયા છે. આ મશ્કરીની વાત નથી. હું ખોટું બોલતો નથી. જે વાત છે તે જ વાત કરીશ. મારે ત્યાં જવેસીનું તળાવ સૂકાઈ ગયું છે, પાટડીયાનું તળાવ સૂકાઈ ગયું છે, એમને આ યોજનામાં આપે લીધા છે. ટાંકી તૈયાર થઈ ગઈ છે, નળ બેસાડવાના બાકી છે, એ તાત્કાલિક બેસાડી દો તો સારું. બાકીના ચાર ગામો છે એનો આપે આ યોજનામાં સમાવેશ કયો છે એ માટે આભાર માનું છું. પણ પાણી ગામમાં ચાલુ કરો. કુંડલા, જવેસી, પાટડીયા, દઢેલા, નાની બારા, મોટી બારાને માછણ નાળા યોજનામાં સમાવેશ કર્યો છે અને પાઈપનું કામ પૂર્ણ થઈ ગયું છે. તો આ ગામોમાં કેટલા સમયમાં સરકાર પાણી આપવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ એમના વિસ્તારના પીવાના પાણીના પ્રશ્નની રજૂઆત માટે અવાર-નવાર મારી સમક્ષ રજૂઆત કરી છે, સ્થાનિક લેવલે અધિકારીઓને મળ્યા છે. એમની રજૂઆત છે એ પ્રમાણે આયોજન રાજય સરકારે કર્યું છે અને પાણી પુરવઠા બોર્ડે એનો સ્વીકાર કર્યો છે અને જૂથ યોજનામાંથી બાકી રહેતા ગામોને પીવાનું પાણી વહેલામાં વહેલી તકે અપાય, ઉનાળા પહેલાં અપાઈ જાય એ પ્રમાણેની અમારી તૈયારી છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં પાણીનો વિકટ પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, એકપણ ગામમાં પાણીનો પ્રશ્ન નથી. સાત ગામોમાં માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે પ્રશ્ન છે. કેટલાક ગામોમાં તો પાંચ-પાંચ કિ.મી. દૂરથી પાણી લવાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ દત્તક ગામ લીધાં છે એમાં તો નદીમાં વીરડા કાઢીને પાણી પીવાય છે. કેટલાક ગામોમાં - ગરબાળાના એવા છે કે, એમાં બોરીયાળામાં તો એક બેડાના ત્રણ-ત્રણ રૂપિયા આપી પાણી પીવે છે. આનો એક જ દાખલો આપું તો મેરાખેડી ગામ છે એને ઝાલોદ તાલુકાની માછણનાળા યોજનામાંથી પાણી આપવામાં આવે છે. એને કેટલાક સાધનો આપવામાં આવ્યા છે. હેન્ડપંપ કર્યો છે એ ચાલુ છે કે કેમ અને આજની તારીખે એ ગામમાં પાણીનો પ્રશ્ન છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ત્રણ રૂપિયે બેડાથી પાણી વેચાય છે એવું કહ્યું છે.એ ગામનું નામ મને આપો હું ચોક્કસ તપાસ કરાવું ..(અંતરાય).. અને હું હા પાડુ છું પણ.. (અંતરાય).. માનનીય અધ્યક્ષશ્રી, મને લખીને આપો, હું જોવડાવી લઉ, આ બાબતમાં બિલકુલ સંવેદનાથી કામ કરવા અમારી સરકાર માગે છે, અમે તમામ વ્યવસ્થાઓ પ્રજાને પીવાના પાણી માટે આપીએ જ છીએ, અને કોઈપણ ખર્ચે આપવાની અમારી તૈયારી છે, આ વાત તમે મને અત્યારે કરી છે બચુભાઈ, વિધાનસભા ચાલુ થયે દ ણો સમય થયો, તમે મને અનેકવાર મળ્યા છો, ગઈકાલ સાંજ સુધી, અહીં મળ્યા એની પાંચ મિનિટ પહેલા પણ તમે મને એવું કયાંય નથી કીધું કે મારા ગામમાં, આ વિસ્તારમાં પાણીની આવી તકલીફ છે, (અંતરાય). ખરેખર તો એમણે પાણીના આ પ્રશ્નની રજૂઆત જો વહેલા કરી હોત, અહીંયા કહેવાની રાહ જોયા વગર તો કદાચ એ પ્રશ્ન સોલ પણ થઈ ગયો હોત, પણ વિધાનસભામાં બોલવું અને મંત્રીશ્રીને રજૂઆત ના કરવી, જાણ ના કરવી

અને પ્રજાને હેરાન થયા કરવા દેવી એ માનસિકતા બરાબર નથી. સતત (અંતરાય).. હું બધા સભ્યશ્રીઓને .. (અંતરાય) ..

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર.. ઓર્ડર .. આ પશ્નના જવાબ ઉપર આવો અને પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે પણ મેં બધા સભ્યશ્રીઓને વિનંતી કરી હતી, આજે પણ આ ગૃહના તમામ સન્માનનીય સભ્યોને વિનંતી કરું છું કે અત્યારે અથવા આવનારા ઉનાળા દરમિયાન આપના કોઈપણ વિસ્તારના કોઈપણ ગામમાં પીવાના પાણીની તકલીફ થાય અથવા થાય એમ લાગતું હોય તમને તો મને અગાઉથી રજૂઆત વ્યવસ્થિત આપશો તો હું દરેક જગ્યાએ યોગ્ય ચકાસણી કરાવીશ અને કરવાપાત્ર તમામ કામો કરીશું પણ તમે ફક્ત વિધાનસભામાં બોલો અને અમને રજૂઆત ના કરો તો જ્યાં સુધી ના બોલ્યા હોય અહીંયા ત્યાં સુધી અમને ખબર ના પડે, હવે એમણે જે કીધું છે એની હું ચકાસણી કરાવીશ, બીજી વાત બચુભાઈ, (અંતરાય).. .. તમારો બીજો પ્રશ્ન બાકી છે, બીજા પ્રશ્નનો જવાબ બાકી છે માનનીય અધ્યક્ષશ્રી, સતત (અંતરાય).. ..

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : સાહેબ, વિધાનસભામાં બોલવું એ તો અમારો અબાધિત અધિકાર છે. (અંતરાય)..

**અધ્યક્ષશ્રી** :માનનીય મંત્રીશ્રી વિધાનસભામાં કોઈપણ સભ્યશ્રી જ્યારે રજૂઆત કરે છે એને પણ આપણે ગંભીર રજૂઆત ગણીએ જ છીએ, એનો અર્થ એ જ છે કે એ રજૂઆત છે, હવે રજૂઆત પહેલા તમને કેમ ન કરી એનું ખોટું ના લગાડવું. વિધાનસભાની અંદર સભ્યશ્રી જ્યારે રજૂઆત કરે છે અને એટલા માટે જ આપણે પ્રશ્નોત્તરીનો સમય રાખ્યો છે, હું એ સમયની અંદર વધારે સમય લેવા માગતો નથી પરંતુ આપે જે ઉત્તેજના બતાવી છે એ ઉત્તેજનાનો હેતુ એ જ છે કે પાણી આપવાનો અને એ હેતુને સારા અર્થમાં લઈને પણ, કારણ કે દાહોદના બધા જ સભ્યો ઉભા થાય છે એટલે મારે આ પ્રશ્નની અંદર બીજ સભ્યશ્રીઓને પણ તક આપવાની છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમનો જે બીજો પ્રશ્ન હતો કે આ ગામને કેવી રીતે પાણી આપવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ:** (સતત (અંતરાય)) આ રહ્યા પુરાવા મારી પાસે છે.. (અંતરાય)..

**અધ્યક્ષશ્રી** :નહીં આપ બેસી જાવ, સતત (અંતરાય) દાહોદને આવવા દોને ભાઈ, આપ બેસી જાવ..(અંતરાય). આપ બેસી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ગામના નામ આપ્યા એમાં મીરડીયા ગામમાં ૩૬ હેન્ડપંપ ચાલુ છે અને જે બોરીયાળા ગામ છે એમાં ૧૦૧ હેન્ડપંપ ચાલુ છે આ પ્રમાણે હેન્ડપંપથી પાણી અપાય છે, બીજું મારે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો એમાં એક વધુ વિગત આપવી છે કે અત્યારે દાહોદ જિલ્લાના તમામ ગામોમાં હેન્ડપંપથી પાણી તો અપાય જ છે પણ હેન્ડપંપની સાથે સાથે પાણી પુરવઠાની મોટા સોર્સની જૂથ યોજના બનાવી વધુ સારી વિશ્વાસથી અને વધુ વ્યવસ્થિત નિયમિત રીતે પાણી મળે એ માટે રાજય સરકાર કરોડો રૂપિયા નવા ખર્ચી અને જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા પાણી આપવાનું આયોજન કર્યુ છે. જૂથ પાણી પુરવઠા યોજનાઓની કામગીરી પતી છે અથવા પ્રગતિના તબક્કે છે. બધાજ ગામોમાં હેન્ડપંપથી અત્યારે પાણી ચાલુ છે. હેન્ડપંપથી વધારાનું પાણી આ જૂથ યોજનાથી અમે આપવાના છીએ. ..

**અધ્યક્ષશ્રી** : સતત (અંતરાય)..બચુભાઈ, ચંદ્રિકાબેન, ચંદ્રિકાબેનનો પ્રશ્ન છે.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રી સાહેબ પાસેથી એ જાણવા માગુ છું કે ગરબાડા તાલુકામાં બોરીયાળાની વાત થઈ હું ત્યાંની સ્થાનિક ધારાસભ્ય છું, લેડીઝ ધારાસભ્ય છું, બહેનોની પાણી માટેની વાત કહેતાં મને દુઃખ થાય છે ત્યારે આજની તારીખમાં ત્રણ રૂપિયા બેડું પાણી મળે છે અને બે બેડા મોટા ભરવા હોય તો પાંચ રૂપિયે મળે છે અને ત્યાં તપાસ કરવી હોય તો મંત્રી સાહેબ અમારા વિસ્તારમાં આવીને તાત્કાલિક તપાસ કરે એવું હું કહેવા માગું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,: આ અંગે હું આજે જ ચોક્કસ એની તપાસ કરાવડાવીશ.

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે દાહોદ શહેરમાં એક લાખની વસતિ ધરાવતું દાહોદ શહેર છે અને એક અઠવાડિયામાં એક જ વખત પાણી આપવામાં આવે છે એ વાત સાચી છે? જો હા તો પૂરતું પાણી આપવા માટે શું આયોજન કરવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ ગામડાનો પ્રશ્ન છે છતાં જવાબ આપું છું. દાહોદ જિલ્લાનું દાહોદ શહેર એ વડું મથક છે અને જિલ્લા મથક છે. નગરપાલિકા શહેર છે અને તેના પ્રભારી મંત્રી માનનીય અમિતભાઈ શાહ છે. નગરપાલિકાના હોદ્દેદારોએ પણ દાહોદ શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે સતત જાગૃતિ બતાવી છે. પાટા ડુંગરી ડેમમાંથી શહેરને વર્ષોથી નિયમિત પાણી આપવામાં આવે છે અને અત્યારે પણ અપાઈ રહ્યું છે. જે નાની મોટી તકલીફો છે એ દાહોદ શહેરની અમારું પાણી આપ્યા પછીની આંતરિક વિતરણ વ્યવસ્થા છે અને પાઈપલાઈન અને ટાંકીની વ્યવસ્થા છે એમાં થોડી તકલીફ હોવાના કારણે આ પાણીનો ઉપયોગ કરી શકાતો નથી. એટલું ચોક્કસ કહી શકાય કે આ વર્ષે એ વિસ્તારમાં ઓછો વરસાદ પડવાના કારણે પાટા ડુંગરી ડેમમાં પૂરતા

પ્રમાણમાં દર વર્ષે હોય છે એટલું પાણી નથી. એટલા માટે નગરપાલિકા રૅશનિંગના પ્રકારમાં પાણી આપે છે. જુલાઈ મહિના સુધી પીવાનું પાણી લોકોને મળી રહે એ પ્રમાણે ડેમમાં પાણી ઉપલબ્ધ છે. વધારાના અમે બીજા બે બોર પાણીની સિક્યોરિટી અને વધારે જથ્થો આપવા માટે બીજા કામો મંજૂર કર્યા છે અને એ કામો વહેલામાં વહેલી તકે પૂર્ણ કરી ડેમ સિવાયનું વધારે પાણી અમે દાહોદ શહેરને આપીશું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. દાહોદ જિલ્લામાં મારો જે મત વિસ્તાર આવે છે તેમાં ૧૦-૧૦ કરોડના ખર્ચે જૂથ પાણી પુરવઠા યોજનાઓ કરવામાં આવી છે. લીમખેડા તાલુકામાં કઈ પાણી પુરવઠાની જૂથ યોજના મંજૂર કરેલ છે અને એમાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે તે માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : લીમખેડા તાલુકામાં હડપ જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી છે. ૩૫ ગામોનો આ જૂથ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે અને લગભગ ૫૫૦૦૦ વ્યક્તિઓને આ જૂથ યોજના દ્વારા પાણી આપવામાં આવશે. ૨૯ કરોડ રૂપિયાના ખર્ચે આ કામ મંજૂર કરવામાં આવ્યું છે.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ** : જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે છુટા છવાયા વિસ્તારના કારણે અમારા વિસ્તારમાં હેન્ડપંપનું પ્રમાણ વધારે છે. મારું સૂચન છે કે હેન્ડપંપ ઘણા બધા ગામોમાં છે પણ એમાં પણ પાણીના તળ ગયા ચોમાસામાં ઓછો વરસાદ પડવાના કારણે ઊંડે ગયાં છે. હેન્ડપંપની ૧૦ થી ૧૩ પાઈપોની લિમિટ હોય છે. પણ પાણીની લિમિટ એનાથી ડાઉન જતી રહી છે. એના માટે લોખંડની પાઈપો વપરાય છે એના બદલે પ્લાસ્ટિકની પાઈપો વપરાય તો એનું ઓછું વજન હોવાના કારણે વધારે ઊંડા જઈ શકાય.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીનું સૂચન ખૂબ ઉપયોગી છે. દાહોદ જિલ્લામાં પાણીના તળ નીચા જવાની આ વર્ષે સંભાવના છે. એની સાથે હેન્ડપંપને પણ ઊંડા કરવા માટે અમે વધારાની પાઈપો નાખવા માટેની આગોતરી વ્યવસ્થા કરી છે. હજારો મિટર પાઈપો વાપરવાની જરૂર પડશે એવું લાગે છે. આ પાઈપો ખરીદાઈ ગઈ છે, સ્ટોરમાં આવી ગઈ છે અને જે પ્રમાણે જરૂર પડે એ પ્રમાણે કેસીંગ પાઈપનું આયોજન કર્યું છે. માનનીય સભ્યશ્રીએ પ્લાસ્ટિકની પાઈપનું સૂચન કર્યું છે એ પણ જોઈ લઈશું.

## રાજ્યમાં ડાર્કઝોન હેઠળના જિલ્લાઓ

*૧૧૭૨૫ **શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના કયા કયા જિલ્લામાં ડાર્કઝોન અમલમાં છે, અને

(૨) ભૂગર્ભ જળનું પ્રમાણ કેટલું થાય તે પછી ડાર્કઝોન ઉઠાવી શકાય તે અંગે સરકારે કોઈ આયોજન કર્યું છે?

**જળસંપતિ મંત્રીશ્રી :**

(૧) સરકારશ્રીના તા. ૧૬-૧૨-૨૦૦૩ના ભૂગર્ભજળનના ખેંચાણ પરના નિયંત્રણ અંગેના ઠરાવ મુજબ તાલુકાદીઠ વર્ગીકરણ કરવામાં આવેલ છે. જે મુજબ રાજ્યના કુલ ૧૦ તાલુકાઓમાં ડાર્કઝોન અમલમાં છે.

(૨) જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભજળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઊંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઊંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ જળના સ્તરમાં સારા પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા એ જાણવા માગું છું કે ડાર્કઝોન ૧૦ તાલુકામાં અત્યારે અમલમાં છે તો એ ૧૦ તાલુકા કયા કયા છે? અને બીજો પ્રશ્ન, ભૂગર્ભ જળ નિયંત્રણ માટે કાયદો બનાવવા માટેની સૂચના કોના દ્વારા આપવામાં આવી અને ક્યારે આપવામાં આવી?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય સભ્યશ્રીના પહેલા પ્રશ્નનો જવાબ આપું. ડાર્ક કેટેગરીમાં અત્યારે ૧૦ તાલુકા છે એમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, હમીરગઢ, દાંતીવાડા, ધાનેરા, ડીસા, સાબરકાંઠા જિલ્લાના મેધરજ, મોડાસા, અમદાવાદ જિલ્લાના ધોળકા, પોરબંદરમાં પોરબંદર તાલુકો અને જૂનાગઢ જિલ્લાનો માંગરોળ તાલુકો. માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશની અંદર વરસાદ ઓછો પડવાના કારણે, દુષ્કાળો પડવાના કારણે, ભૂગર્ભમાંથી પાણીનું ખેંચાણ વધવાના કારણે આવા વિવિધ કારણોસર સુપ્રીમકોર્ટમાં એક પિટિશનના આધારે માનનીય સુપ્રીમકોર્ટે ૧૯૯૬ માં એક ચુકાદો આપેલો અને ચુકાદામાં એનું સામાન્ય અર્થઘટન એવું છે કે આ ભૂગર્ભ જળનું સતત ખેંચાણ આખા દેશની અંદર બધા રાજ્યોમાં વધતું જાય છે. પાણીના તળ નીચે જતા જાય છે પ્રજાને ફ્લોરાઈડવાળું, ખારાશવાળું અથવા તો બિનગુણવત્તાપ્રદ પીવાનું પાણી ઉપયોગમાં લેવું પડે છે તો ભારત સરકાર અને બધા રાજ્યો પોતાના રાજ્યની અંદર આવા ભૂગર્ભજળના ખેંચાણ ઉપર યોગ્ય નિયંત્રણો મૂકે એ માટેનું જે જજમેન્ટ આવ્યું એના આધારે ભારત સરકારે તા.૧૪-૧-૯૭ નાં રોજ એક જાહેરનામું બહાર પાડીને પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ ના સેકસન-૩ ના સબસેકસનથી સત્તા મળેલી એના અન્વયે કેન્દ્રીય ભૂગર્ભ સત્તા મંડળની રચના કરી છે અને આખા દેશની અંદર આ કેન્દ્રીય જળ સત્તા મંડળ અને રાજ્યના જળ

સત્તા મંડળોને ભારત સરકારે વિવિધ પ્રકારના કાયદાઓ કરી ભૂગર્ભ જળનું ખેંચાણ અટકાવવા માટે, પાણીના તળ નીચા જતા અટકાવવા માટે, દરેક રાજ્યોને પોતાનો કાયદો બનાવવા માટે ભારત સરકારે એક મોડેલ એકટ બનાવ્યો છે અને દરેક રાજ્ય સરકારોને આ મોડેલ એકટ પ્રમાણે પોતાના રાજ્યની અંદર જ્યાં જ્યાં પાણીના તળ નીચા ગયા છે અથવા બિનઆરોગ્યપ્રદ પાણી નીચેથી મળે છે, ખારાશવાળું, ફ્લોરાઈડવાળું વગેરે વગેરે તો એવા પાણીનો ઉપયોગ ના થાય. પાણીના તળ નીચા જતા અટકાવવા અને એને પ્રતિબિંધિત કરવું એ પ્રકારની ભારત સરકારની ગાઈડ લાઈન છે, સૂચનાઓ છે અને ભારત સરકારના પરિપત્રો છે. આખા દેશના તમામ રાજ્યો માટે છે. બધા રાજ્યોએ આ રીતે કાર્યવાહી કરી છે એ પ્રમાણે આ જુદી જુદી કેટેગરીમાં ડાર્ડઝોન અથવા તો વધુ ખેંચાણ ધરાવતા તાલુકા અથવા જ્યાં ખારાશવાળું પાણી મળે છે એવા તાલુકા. આ બધા તાલુકામાં આ પ્રકારના પ્રતિબંધો ભારત સરકારના નિર્દેશથી ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાના આધારે લાગુ કરવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે ચુકાદાની વાત કરી છે એને ફરી વખત જોઈ લે અને મને લાગે છે કે સ્પષ્ટતા કરે એવી હું વિનંતી કરું છું. નામદાર સુપ્રીમકોર્ટે એમ કહ્યું કે જ્યાં પાણીના તળ નીચા જતા હોય ત્યારે જે પાણી ખેંચાય એના કરતા વધારે તમારે રિચાર્જની વ્યવસ્થા કરવી એમ નથી કહ્યું કે તમે ઇલેક્ટ્રિક કનેકશન બંધ કરી દો. રિચાર્જની વ્યવસ્થા વધારે કરો. આપણે રિચાર્જની વ્યવસ્થા વધારે કરી શકતા નથી એટલે ડાર્ડઝોન દૂર કરી શકતા નથી. જે તાલુકાઓને ડાર્કઝોન જાહેર કર્યા છે, ૨૦૦૩ સુધી ડાર્કઝોન હોય છતાં ખેડૂતને વીજ કનેકશન આપતા હતા. ૨૦૦૩ પછી ખેડૂતને ડાર્કઝોનમાં વીજ કનેકશન બંધ કર્યા છે, પણ એજ તાલુકામાં પાણી ખેંચવા માટે ઉદ્યોગપતિ વીજળી માગે તો ઉદ્યોગપતિને ડાર્કઝોનમાંથી પાણી ખેંચવા વીજળી આપીએ છીએ. આ ભેદભાવ દૂર કરીને જે ડાર્કઝોનના તાલુકા છે ત્યાં ખેડૂતોને વીજળી મળે, પાણી ખેડૂત ખેંચે એનાથી વધારે રિચાર્જ થાય એના માટેની વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહજીની વાત સાચી છે કે જેટલું પાણી ખેંચાય એનાથી વધુ પાણી રીચાર્જ થવું જોઈએ તો આ પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય એ વાત હું સ્વીકારું છું એટલા માટે આખા દેશની અંદર કયાંય ન થઈ હોય એવી લોક ભાગીદારીવાળી સરદાર પટેલ જળસંચય યોજના, તળાવો ઊંડા કરવાની યોજના, નર્મદાના અને અન્ય વધારાના તળથી નકામા થતા પાણીથી રાજયની કોરી કટ રેતી ઉડાડતી નદીઓ જે બારમાસી ખાલી રહે છે એમાં નર્મદાના પાણી નાખી અને રીચાર્જ કરવા માટેની ૬૫૦૦કરોડ રૂપિયાના ખર્ચવાળી સુજલામ સુફલામ યોજના આ રાજય સરકારે અમલમાં મુકી છે. મારે નહીં કહેવું જોઈએ પણ ભૂતકાળમાં ૧૯૬૦માં ગુજરાત અલગ પડયું. ૧૯૯૫માં ભારતીય જનતા પક્ષની પહેલીવાર સરકાર આવી. એના ૩૫ વર્ષમાં રાજયમાં ચાર હજાર ચેકડેમ થયેલા અમારી સરકાર આવ્યા પછી એક લાખ પચ્ચીસ હજાર કરતા વધુ ચેકડેમો આ જળસંચય માટે અમે બનાવ્યા છે. તળાવો ઊંડા કરવાનું કામ રાજાશાહીના કે અંગ્રેજોના વખતમાં હતું. અમારા ઉત્તર ગુજરાતમાં જયાં ગાયકવાડી હતી ત્યાં ગાયકવાડ વખતે થયેલું. કોઈ દિવસ બીજા પક્ષોની સરકાર વખતે જળસંચય માટે કોઈ પ્રયત્ન કરવામાં આવ્યા નથી ત્યારે ભારતીય જનતા પક્ષની અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી આ સરકારે અનેક પ્રયત્નો કરી અનેક પ્રયત્નો કરી અને જળસંચય માટે આખા દેશમાં મોટામાં મોટું કામ કર્યું છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ૧૯૯૭માં કેન્દ્ર સરકારનો જી.આર. આવ્યો ત્યારપછી રીચાર્જ કરવા માટે ગુજરાતે છેલ્લા પાંચ વર્ષની અંદર એક લાખ કરતા વધારે ચેકડેમ બનાવ્યા એના કારણે સો ટકા રીચાર્જ થયું છે અને પાણીના તળ સો ટકા ઊંચા આવ્યા છે. સૌરાષ્ટ્રના ધારાસભ્યોએ કહ્યું તેમ આજની તારીખમાં આજી ડેમની અંદર ૫૦ કિલોમીટર સુધી પાણીના ચેકડેમ ભરેલા છે. હોળી પછી એટલા માટે આ જે ઝોન છે એમાં ત્રણ ઝોન આવે છે. ઓવર એકસપ્લોઈટેડ ઝોન એ બધાથી ઊંચો ઝોન એના પછી આ ડાર્ક ઝોન અને ગ્રીન ઝોન આવે. છેલ્લા પાંચ વર્ષની અંદર વધુ પાણી રીચાર્જ થવાના કારણે પાણીના તળ ઊંચા આવ્યા છે તો આ ઓવર એકસપ્લોઈડ ઝોન સિવાયના નીચેના ઝોનમાં આમાં વીજળીના જે કનેકશનો આપવાના હતા એમાં ખાલી ટપક પદ્ધતિથી કે ફુવારા પદ્ધતિથી જો આ પાણી ખેડૂતો પાય તો પિયત પણ વધારે થાય અને જમીન પણ બગડે નહીં તો આના માઠે ફરીવાર સરવે કરી અને કેન્દ્ર પાસે આ બાબતે મંજૂરી માગીને આગળ શું કાર્યવાહી કરવા માગે છે એ જાણવા માગું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે. ((અંતરાય))

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, નહીં હું એ કાઢી નાખું છું અને આ પદ્ધતિ બંધ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આશારામને મળવા દિલ્હીથી કોણ આવે છે પૂછો. આશારામને મળવા દિલ્હીથી કોણ આવે છે? ((અંતરાય))

**અધ્યક્ષશ્રી** : પ્રદિપસિંહ, બેસી જાવ. આપણે સભાગૃહ જે રીતે ચાલે છે એને કોઈપણ પ્રકારનો વળાંક આપવાની જરૂર લાગતી નથી અને એટલા માટે જે પ્રકારના સૂત્રોચ્ચાર કે નામોચ્ચાર થયા છે એ હું વ્યાજબી ગણતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એના માટેનો વિષય પછીથી લઈશું પણ મારે તો મૂળ પ્રશ્નમાં જવું છે કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સુજલામ સુફલામ યોજના થઈ, આટલા ચેકડેમો થયા, ફરી પાછો બીજો જવાબ એ આપશે કે હવે ટપક પદ્ધતિ, ડ્રીપ ઈરીગેશન, સ્પ્રીંકલર સિસ્ટમ આ બધું આપણે આપ્યું અને વધારામાં એમ કહ્યું કે ૨૦૦૩ પછી અમે કનેકશનો પણ બંધ કર્યા છતાં જે ડાર્ક ઝોન તાલુકા હતા એ અત્યારે ૫૭ છે. જયારે આ સુજલામ સુફલામ યોજના નહોતી થઈ ત્યારે ડાર્કઝોન તાલુકાની સંખ્યા ૪૬ હતી. એ વધીને આજે ૧૧ તાલુકા વધી ગયા છે તો આ તાલુકાની સંખ્યા જે છે ૫૭માંથી આ બધું કરવા છતાં ઘટાડવા માટે શું શું પગલાં લીધાં? મારે એ જાણવું છે.મારે માહિતી જોઈએ છીએ. બીજું આ ૫૭ તાલુકાઓ માટે માત્ર વીજળીના કનેક્શન બંધ કર્યા છે. ૫૭ તાલુકા ડાર્ક ઝોનમાંથી બહાર આવે અને રિચાર્જના પ્રમાણમાં ઓવર પંમ્પિગ થાય છે જે ચિંતાનો વિષય છે. તો ઓવર પંમ્પિગના પ્રમાણમાં વધારે રિચાર્જ થાય એના માટેની શું કાર્યવાહી કરી અને ૨૦૦૩ પછી કારણ કે ડાર્ક ઝોન તાલુકાઓ જ્યારથી આ સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન આવી ત્યારથી છે, છતા મોટા ભાગની સરકારોએ અને આપની સહિતની સરકારે ૨૦૦૩ સુધી આ કનૅક્શનો ચાલુ રાખ્યા હતા, તો કનૅક્શનો વીજળીની માગણી છે ડાર્કઝોન તાલુકા ઓછા હતા, ત્યારે પણ વીજળીના કનૅક્શનો અપાતા. અત્યારે વધી ગયા. તો ડાર્કઝોન તાલુકાઓમાં વીજળીના કનૅક્શન આપવા માગો છો કે કેમ? બીજું આ વિસ્તારમાં જે ઉદ્યોગોને કનૅક્શનો અપાય છે, એ કનૅક્શન બંધ કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : પહેલા તો ડાર્ક ઝોનની વ્યાખ્યા સ્પષ્ટ કરવી જરૂરી લાગે છે. આપણે કોઈકવાર સમજીએ છીએ કે એક તાલુકામાં બે-પાંચ ફૂટ ઊંચા આવે એટલે ડાર્કઝોન નીકળી જાય એ સમજ યોગ્ય નથી. ભારત સરકારની, સુપ્રીમ કોર્ટની ટેકનીકલ સમજ એવી છે અને ગાઈડલાઈન એવી છે કે એ તાલુકામાં જેટલું ખેંચાણ થતું હોય દર વર્ષે ટ્યૂબવેલ દ્વારા કે બીજી કોઈ રીતે, કૂવામાંથી પાણી ખેંચતું હોય, ત્યારે એનાથી વધારે પાણી ભૂગર્ભમાં રિચાર્જ થવું જોઈએ. પાણીનું તળ કોઈ કારણોસર સમજી લો કુદરતી વરસાદ સારો આવ્યો, ટ્યૂબવેલો, કૂવા ન ચલાવવા પડ્યા તો સ્વાભાવિક છે કે એ વર્ષે બે-ત્રણ ફૂટ ભૂગર્ભમાંથી પાણી ન ખેંચાવાના કારણે પાણી ઊંચું આવ્યું અને ઊંચું આવ્યા પછી બીજા વર્ષે ઓછો વરસાદ પડે તો ખેડૂતો, બીજા લોકો પાણી ખેંચે અને પાણી નીચું જાય અને રિચાજનું પ્રમાણ વધે નહિ, તો ડાર્કઝોન ચાલુ રહે છે. ફક્ત પાણીના લેવલ સાથે જોડવાનું નથી. જેટલું પાણી ખેંચાય છે. દર વર્ષે સરવે થાય છે. સરવે રિપોર્ટ પ્રમાણે દરેક તાલુકામા જુદા જુદા માધ્યમો દ્વારા બહાર ખેંચાયું એટલું પાણી નદીઓ, ચેકડેમ, તળાવો, કૂવા દ્વારા રિચાર્જ થયું કે કેમ? વધારે પાણી રિચાર્જ થાય તો પોઝિટિવ ગણવામાં આવે છે અને પાણી રિચાર્જ ન થાય તો નૅગેટિવ ગણવામાં આવે છે. બીજું એમનું કહેવું છે કે ૧૯૯૭ માં ભારત સરકારે ધીમે ધીમે કાયદાનો અમલ થતો ગયો. હમણા ભારત સરકારે ફરી પાછી ઉઘરાણી કરી છે કે બીજા રાજ્યોએ કાયદો કરી દીધો. ગુજરાત હજુ કાયદો કેમ કરતું નથી. અમે મેળવેલી માહિતી પ્રમાણે તામિલનાડું,લક્ષ્યદ્રીપ, આંધ્રપ્રદેશ, ગોવા, કેરાલા, પશ્ચિમ બંગાળ, પોંડેચેરી, બિહાર, હિમાચલપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, મધ્યપ્રદેશ આ ૧૩ રાજ્યોએ મોડેલ એકટ પ્રમાણે કાયદો બનાવી અમલવારી ચાલુ કરેલ છે. આપણે એને હજુ કાયદાના સ્વરૂપમાં આપણે નથી લીધું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમના ભાવ સાથે સંમત છીએ કે પાણીનું તળ નીચું જાય છે. સૌની ચિંતા છે. મારી વાત સ્પેસિફિક એ હતી કે ઉદ્યોગોને જે વપરાશ માટે છૂટ આપવામાં આવે છે. ખેડૂતોને ૨૦૦૩ પછી કનૅક્શન બંધ કર્યુ છે. હકીકતમાં ખેડૂતોના ચાલુ કરવું જોઈએ. ઉદ્યોગોને એના પાણીની વ્યવસ્થા કરવા માટે કહેવું જોઈએ. આ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? મોડેલ એકટ સામે વાંધો નથી. આ માગણી છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : એમનું સૂચન છે. અભ્યાસ કરીશું.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ પ્રશ્ન ક્રમાંક-૩.

### રાજયમાં ડાર્કઝોન તાલુકા

***૧૧૮૦૩ શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ડાર્કઝોન હેઠળના રાજયમાં કેટલા તાલુકાઓ છે અને

(૨) ઉક્ત તાલુકાઓને ડાર્કઝોનમાંથી બહાર લાવવા કેવા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ૧૦.

(૨) જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન હોય ત્યાં ભૂગર્ભ જળ રિચાર્જ માટે ચેકડેમ બનાવવા, તળાવો ઊંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઊંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : કચ્છ જિલ્લામાં ડાર્કઝોનનું પ્રમાણ છે. મારે પ્રશ્ન પૂછવો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૨ અને ૩ બંને ડાર્કઝોનના પ્રશ્નો છે. એક જિલ્લાનો એક તાલુકાનો છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવું છે કે ઘણી બધી ચર્ચા થઈ. ઘણી બધી સમજ આપવાનો પ્રયત્ન કર્યો, એટલે આ પ્રશ્નને દોહરાવવા માગતો નથી. મારો સિમ્પલ પ્રશ્ન એ છે કે આમોદ તાલુકો ડાર્કઝોનમાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ડાર્કઝોનની સમકક્ષ જે છે તે

સમકક્ષમાં ઓવર એકસપ્લોઈટેડ છે તે સેલાઈંગ ઝોન છે તેમાં ૫૭ તાલુકા આવે છે. હવે પરિસ્થિતિ એ છે કે આ તાલુકાઓમાં ખેડૂતોને વીજળીના જોડાણો આપવામાં આવતા નથી. ગુજરાતમાં ૩૩ ટકા વિસ્તાર એવો છે કે જે વિસ્તારોમાં આજે પણ જે જૂના બોરવેલ છે પાણીના તે ચાલે છે અને નવા બોરવેલ ખેડૂત કરે તો તેને વીજળીના જોડાણો આપવામાં આવતા નથી. રાજય સરકાર ૧૯૯૫ પછી માનનીય મંત્રીશ્રીએ ઘણી સારી વાત કરી કે ૧ લાખ ૨૫ હજાર ચેકડેમ બનાવી દીધા છે. પ્લાસ્ટિકની થેલી, રેતી અને માટીના અને અંગ્રેજોના સમયમાં તળાવો બનાવેલા તે અંગ્રેજોના સમયમાં આઝાદી પછી ૧૯૯૫ સુધી કોઈએ તળાવ નહીં બનાવ્યા અને નીતિનભાઈના જવાબ પ્રમાણે ૧૯૯૫ થી તળાવો બનાવ્યા. આટલા બધા ચેકડેમો પછી, આટલા બધા તળાવો બનાવી દીધા પછી એકપણ તાલુકો સાત વર્ષની અંદર ડાર્કઝોનમાંથી કોઈ તાલુકો હટાવ્યો હોય તેવો એક દાખલો બતાવે. તજજ્ઞની કમિટી બનાવેલ હોય તેના રીવ્યુ માટે. તેનો અર્થ એમ ચેકડેમોનું રીઝલ્ટ નથી. એનો અર્થ એમ કે તળાવોનું રીઝલ્ટ નથી. એનો અર્થ એમ કે પાણીનો સંગ્રહ થતો નથી. એક તો નંબર વન રાજય સરકાર ખેડૂતોનો વીજળીના જોડાણ આપવા માટે નીતિ વિષયક નિર્ણય લેવા માગે છે કે કેમ? અને નંબર ટુ આ તજજ્ઞની કમિટી સાત વર્ષ પછી રીવ્યુ ૨૦૦૩ પછી બાન છે તો તેના ઉપર રીવ્યુ કમિટી મૂકી જે તાલુકાઓમાં આજે પણ સિંચાઈના પાણી ચાલુ છે પણ બાનના લીધે સહન કરવું પડે છે તેવા ખેડૂતોને વીજળીના જોડાણો આપવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી, દંડકશ્રીએ કહ્યું કે ચેકડેમો ૨૫ હજાર બનાવ્યા છે તે સવા લાખ બનાવ્યા છે. બીજો સુધારો કરો ઈકબાલભાઈ આપે કહ્યું કે કાચા પ્લાસ્ટિકની થેલીઓમાં. માનનીય અધ્યક્ષશ્રી, તેને બોરીબંધ કહેવાય છે. બોરીબંધ ટેમ્પરરી હંગામી પાણી રોકવા માટેનું બિલકુલ ઓછા ખર્ચનું મેન્યુઅલી કરવાવાળું કામ છે અને સવા લાખ ચેકડેમ બનાવ્યા તે સિમેન્ટ, કૉંક્રિટના, મેશનરી વર્કના પાકા બનાવ્યા છે. બોરીબંધ તે તો ટેમ્પરરી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રજાને સહભાગી બનાવી, પ્રજાની શકિતનો ઉપયોગ કરી ઓછામાં ઓછા ખર્ચે જ્યાં પાણીની કરકસર કરવાની, દેશમાં જળ સંચય કરવાની જરૂર છે તેના ઉપયોગ માટે બોરીબંધ અમે કરીએ છીએ. એટલે બોરીબંધ અને ચેકડેમ અલગ વસ્તુ છે. બીજું જે કહ્યું તે સૂચન છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા આઠ વર્ષમાં જ્યારથી પુણ્યશાળી મુખ્યમંત્રીશ્રીના પગલાં થયા છે ત્યારથી સાહેબ આઠ વર્ષથી ખૂબ વરસાદ પડે છે. ખાસ કરીને કચ્છ જિલ્લામાં દસ ઈંચથી ૪૦ ઈંચ જેટલો વરસાદ પડે છે. નેશનલ વોટર કમિશને જ્યારે કહ્યું છે કે, ગુજરાતમાં પાણીના તળ ઉંચા આવ્યા છે અને અન્ય જગ્યાએ પાણીના તળ ઉંડા ઉતર્યા છે. આવું જ્યારે નેશનલ વોટર કમિશને કહ્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, જળ સિંચન માટે, જળ સંચય માટે ખૂબ જ બધી યોજનાઓ ચેકડેમો, તળાવો, બોરીબંધો અનેક યોજનાઓ દ્વારા સરકારની નીતિ છે કે પાણીનું ટીંપે ટીંપુ બચાવવાની લાઈન પર સરકાર કામ કરી રહી છે ત્યારે ડ્રીપ ઈરીગેશન કૃષિરથ દ્વારા ડ્રીપ ઈરીગેશન ખેડૂતોએ અપનાવેલ છે તો તેવા સંજોગોમાં ડાર્કઝોનમાં મારો મત વિસ્તાર અને મુન્દ્રા તાલુકો આવેલ છે ત્યારે ડ્રીપ ઈરીગેશન અપનાવે તેવા ખેડૂતોને આ ડાર્કઝોનમાંથી બાકાત કરવા તેવું કરી અને ડાર્કઝોનમાંથી બાદ કરવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર અને ટૂંકા પ્રશ્નો પૂછો. પછી શું થાય છે કે ત્રણ પ્રશ્નોમાં ૩૪ મિનિટ થઈ છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નીમાબેન બહુ સારી રીતે સમજી ચૂક્યા છે કે શું બોલવાની કોને શું તકલીફ થાય છે એટલે ખૂબીપૂર્વક એ ઉપયોગ કરે છે એ બદલ ((અંતરાય)) ખરેખર એમનો જે પ્રશ્ન છે કે જે ખેડૂતો ડીપઈરીગેશન, ટપકસિંચાઈના અને અન્ય વ્યવસ્થાઓ, માઈક્રો ઈરીગેશનની સ્વીકારે એમને ડાર્કઝોનમાંથી મુકિત આપવી કે કેમ, એ અંગે વિચારણા કરશું.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહ છેને એ કોઈને દુ:ખ પહોંચાડવા માટે નથી, સૌના સુખ માટે છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ગુજરાતના દશ તાલુકાની અંદરથી બે તાલુકા મારા મત વિસ્તારના છે, ડાર્કઝોન હોય ત્યાં ભૂગર્ભ જળરિચાર્જ માટે ચેકડેમ બનાવવા, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા કામોને પ્રાધાન્ય ૨૦૦૩માં આપવામાં આવ્યું તો જંબુસર અને આમોદ તાલુકામાં ૨૦૦૩ પછી કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા? બોરીબંધ નહીં પણ ચેકડેમો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ માહિતી સ્વાભાવિક છે કે આમાંથી ઉભી ન થાય. ડાર્કઝોનના પ્રશ્નને અને ચેકડેમની માહિતી બંને અલગ વિષય છે.

**અધ્યક્ષશ્રી** : આ દશ તાલુકામાં જંબુસર આવી જાય છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એવો છે કે, ડાર્કઝોનને રિચાર્જ કરવા માટે સરકાર શું આયોજન કરે છે? અમે એવો જવાબ આપ્યો છે, એ આખા રાજ્ય માટે નીતિવિષયક પ્રશ્ન છે. કે ચેકડેમો બનાવવા, નદીઓમાં પાણી નાખી રિચાર્જ કરવું, તળાવો ઉંડા કરવા, બોરીબંધ કરવા વગેરે વ્યવસ્થાઓ દ્વારા રિચાર્જ કરવામાં આવે છે. ચેકડેમ માટે એમણે જોઈતી માહિતી આપીશ, અલગ પ્રશ્ન પૂછે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયના પ્રશ્નમાંથી એક તાલુકાની માગે તો સમજી શકાય. સ્પેશિફિક પ્રશ્ન છે, એક જ જગ્યાનો, દશ તાલુકાનો, પેટા બેનો આપ જવાબ જોઈ જાઓ માનનીય અધ્યક્ષશ્રી, પેટા બેમાં એમણે સ્વીકાર્યુ છે કે, જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ કરવા માટે ચેકડેમ બનાવવા, દશ તાલુકાના અંદરની કયા કયા કેટલા, આપની પાસે માહિતી ન હોય તો મુલતવી રાખવો જોઈએ પણ આ રીતે લાઈટલી આપણે લઈએ, આટલી માહિતી પણ, સ્પેશિફિક હું સમજી શકું, આખા રાજયનો પ્રશ્ન હોય અને એક તાલુકાની માહિતી મારા સભ્યશ્રી માગે અને એ ન હોય એ સમજી શકાય, માત્ર દશ તાલુકા અને પેટા જવાબ પણ એને જ લગતો છે એ પેટા જવાબમાં એક તાલુકામાં કેટલા થાય એની માહિતી માગે અને એ નથી એમ કહે તો આ બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, જંબુસર તાલુકાના ચેકડેમની વિગત ન હોય તો એ ટેબલ ઉપર મૂકજો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મૂકીશું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ડાર્કઝોનની સ્થિતિ આવી કયારે? એ ડાર્કઝોનની સ્થિતિ એટલે આવી ((અંતરાય)) માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ઉપર જ આવું છું, આ પાણીના તળ નીચા ગયા, આ આખા ગુજરાતને નપાણી તમે લોકોએ કરી, અને પાણીદાર તો અમે લોકોએ કરી છે, આ ગુજરાતના તળિયા ઉંચા કરી પાણીદાર પ્રજાને પાણીદાર અમે લોકોએ બતાવી છે, તમે લોકોએ તો નપાણિયા કર્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, કચ્છ જિલ્લામાં અત્યારે ડાર્કઝોનમાં ત્રણ તાલુકાઓનો સમાવેશ છે, અને એ ત્રણ તાલુકાઓમાં અગાઉની જે સ્થિતિ પાણીની હતી, અગાઉના સત્તાધિકારીઓને કારણે કચ્છને નપાણિયો બનાવી દીધો હતો પણ આ માનનીય મુખ્ય મંત્રીશ્રીની કચ્છ ઉપરની દ્રષ્ટિ, કચ્છને સીંગાપોર બનાવવાની દ્રષ્ટિ અને એને કારણે કચ્છ અત્યારે પાણીદાર બન્યું છે, એ પાણીદાર કચ્છમાં આ ડાર્કઝોનને કારણે ખેતીને થોડી તકલીફ થાય છે, એમાં ટપક પધ્ધતિએથી કચ્છના ખેડૂતોને સિંચાઈનો લાભ મળે, એને ખેતી કરવા માળે, એવું સૂચન હું માનનીય મંત્રીશ્રીને કરું છું, તો આ અંગે સરકાર શું વિચારી રહી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના સૂચનને હું આવકારું છું, કે, ખેડૂતો ટપક સિંચાઈ અને અન્ય સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવે, બાકી એમણે જે સૂચન કર્યુ છે, એ અંગે વિચારણા કરીશું.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના જવાબમાં દશ તાલુકાઓ ગુજરાત રાજયમાં ડાર્કઝોન હસ્તક છે એવો જવાબ એમણે આપેલો છે, પરંતુ ખેડા જિલ્લાના કપડવંજ અને બાલાસિનોર તાલુકાઓ એ ડાર્કઝોન હેઠળ હતા તો ત્યાં અત્યારે ડાર્કઝોન ઉઠાવી લીધેલ છે કે ડાર્કઝોન હેઠળ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું આ ડાર્કઝોન એક સર્વ સામાન્ય શબ્દ બન્યો છે પણ ડાર્કઝોન કરતાં પણ પાણીની વધુ ખેંચાણ ધરાવતા તાલુકાની કેટેગરી પહેલી છે એ પછી ડાર્કઝોન આવે છે અને પછી ખારાશવાળું આવે છે. એટલે ડાર્કઝોનમાં કહેવાય પણ એ તો ઓવર એકસ્પ્લોઈટેડમાં આવે છે અને ચાલુ છે.

### અમદાવાદ જિલ્લામાં કાંસો દ્વારા વરસાદી પાણીનો નિકાલ

***૧૩૨૪૩ શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

અમદાવાદ જિલ્લામાં આવેલ કાંસોમાં વરસાદી પાણીના નિકાલ કરવા સંબંધે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીના નિકાલ માટે કુલ ૩૪૪.૦૪ કી.મી.ની કાંસોની સાફ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સમગ્ર ગુજરાતમાં વરસાદી પાણીના નિકાલની કાંસો હતી એ કાંસોની અંદર ઝાડ-બીડ અને ગાંડા બાવળો ખૂબ ઉગેલા હતા આ ગાંડા બાવળોને સાફ કરવાનું કામ કરી અને વરસાદી પાણીનો સરસ રીતે નિકાલ કરવાનું કામ કરી એ બદલ તે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું અને સાથે સાથે અમદાવાદ જિલ્લામાં આવેલા કાંસોમાં વરસાદી પાણીના નિકાલ કરવા સંબંધે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી? પ્રશ્ન બીજો કે આ કાંસો દ્વારા વરસાદી પાણીનો નિકાલ કયાં થાય છે? ત્રીજું આ કાંસોમાં છેલ્લા ત્રણ વર્ષમાં સુધારાની શું કામગીરી કરવામાં આવેલ? તે જણાવવા કૃપા કરશો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં વરસાદી પાણીના નિકાલ માટેના અગાઉના રાજશાહી વખતના અને અંગ્રેજો વખતના અથવા એ પછીના સમયના જે કાંસો બનાવેલા છે એ પૈકી અમદાવાદ જિલ્લાનાં ૯ તાલુકામાં કુલ ૬૪૧ કિલોમિટરની લંબાઈના ચોમાસાના પાણીના નિકાલના કાંસો છે આ કાંસો દ્વારા કડી તાલુકાનું, કલોલ તાલુકાનું અને મહેસાણા તાલુકામાં વધારે વરસાદ પડે તો મહેસાણા તાલુકાનું પાણી આ કાંસો દ્વારા વિરમગામ અને સાણંદ થઈ અને નળ સરોવર સુધી અને આ બાજુ સુરેન્દ્રનગર જિલ્લામાં થઈ કચ્છના નાના રણ સુધી એ પાણી જાય છે. જ્યારે અગાઉના વર્ષોમાં ભારે વરસાદ થતો હતો ત્યારે

એ પાણી સરળતાથી કાંસોમાં નિકાલ નહીં થઈ શકવાના કારણે કાંસો છલકાઈ જતા હતા ગામડાઓમાં ખેડૂતોના ખેતરમાં પાણી ભરાઈ જતું હતું અને ખેડૂતોની હજારો વિઘા જમીન પાણી ભરાઈ જવાના કારણે ખેતી થતી ન હતી અથવા હયાત ખેતીમાં પાક નિષ્ફળ જતો હતો આ બધી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અને અગાઉની જૂની સરકારો વખતના જે ગાંડા બાવળો હતા એ ગાંડા બાવળોને દૂર કરવા માટે અમે એક મોટું અભિયાન ઉપાડ્યું અને કરોડો રૂપિયાના ખર્ચે અમદાવાદ જિલ્લો અને રાજ્યના બીજા વિસ્તારોમાં પણ ચોમાસુ પાણીના નિકાલના કાંસોને આખી રીતે રીસરફેસીંગ કરવા, એને સાફ કરવા અને એમાં ઉગેલું જંગલને દૂર કરી અને સરળતાથી પાણીનો નિકાલ થાય એવી વ્યવસ્થા કરી છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અમદાવાદ જિલ્લાના ૩૪૪ કિલોમિટર જેટલા કાંસોની સફાઈની કામગીરી જ્યારે રાજ્ય સરકારે કરી છે ત્યારે મારે કહેવું છે મોટા ભાગના કાંસ આ અમદાવાદ જિલ્લાના મારા મત વિસ્તાર માંડલ-દેત્રોજ અને વિરમગામમાં આવેલ છે અને આ કાંસની અંદર નર્મદાનું પાણી છોડવાથી મારા વિસ્તારના ૫૦ જેટલા ગામોના તળાવો નર્મદાના પાણીથી ભરાયા છે અને આ તમામ કાંસના રસ્તામાં જેટલા ચેકડેમો આવેલા છે એટલા ચેકડેમો આજે પણ પાણીથી ભરાયેલા છે ત્યારે હું રાજ્ય સરકારનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. કારણ કે, કરોડો રૂપિયાની ખેતીની આવક ખેડૂતોની વધી છે અને જે ગામમાં ૫૦૦ મણ ઘઉ નહોતા થતા એ ગામોમાં આજે ૨૫૦૦૦ મણ ઘઉંનું ખેડૂતોએ ઉત્પાદન લીધું છે.ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ખેડૂતોની માગણી આવે આવતી સીઝનમાં આ કાંસની અંદર નર્મદાનું પાણી સમયસર છોડવા માટેની તો એ માટે સરકારનું શું આયોજન છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આમ તો કેન્દ્રમાં જ્યારે માનનીય બાજપાઈજીની એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે આખા દેશની નદીઓના જોડાણ કરી વધુ પાણીવાળી જે નદી હોય એ પાણીની બીજી નદીઓમાં લઈ જવું, રીવરગ્રીડ કરવું એવું આયોજન હતું, પણ કેન્દ્રમાં સરકારે અત્યારે આ બંધ કર્યુ છે ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રીએ નર્મદાનું પાણી અને અન્ય વરસાદી પાણી જે દરિયામાં નકામું વહી જતું હતું એવા પાણીને જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરી જુદી જુદી વ્યવસ્થાઓનો ઉપયોગ કરી ખેડૂતોને ગામડાઓમાં પશુપાલનને ઉપયોગી થવા માટે એક ખૂબ મોટું આયોજન કર્યુ છે એ પૈકી અમારું જે આયોજન છે જે માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈએ વર્ણન કર્યુ કે નર્મદામાં જ્યારે જ્યારે પુર આવે એ પાણીને અમે આ કાંસોમાં ચોમાસાના પાણીના નિકાલના કાંસોમાં વહાવીએ છીએ, શિયાળામાં પણ જ્યાં જરૂર હતું ત્યાં વહાવ્યું છે એના કારણે ખેડૂતોને આ પાણીને લીફટ કરીને મોટા પ્રમાણમાં સિંચાઈ કરી છે અને સાણંદ તાલુકાના બાર અને વિરમગામ તાલુકાના તેંત્રીસ ગામોના તળાવો પણ આ પાણીથી, આ ડ્રેઈનનો ઉપયોગ કરીને આપણે ભર્યા છે ત્યારે આગામી સમયમાં પણ પાણીની ઉપલબ્ધીને ધ્યાનમાં રાખીને માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ખેડૂતોની માગણી આવશે તો યોગ્ય વિચારણા કરવામાં આવશે.

### સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર મોટા ચેકડેમો અને તળાવોની મંજૂરી

***૧૨૭૭૭ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલા મોટા ચેકડેમો અને તળાવો રૂા.૧૫ લાખથી ઉપરની કિંમતના મંજૂર કરવામાં આવ્યા,

(૨) એમાં તાલુકાવાર દરેક ચેકડેમ અને તળાવ પાછળ કેટલા રૂપિયાના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) રૂા.૭૬૮.૧૪ લાખ

**પત્રક - ૧**

**સંખ્યા**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ દરમ્યાન મંજુર થયેલ મોટા ચેકડેમ તથા તળાવની વિગતો | | તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ દરમ્યાન મંજુર થયેલ મોટા ચેકડેમ તથા તળાવની વિગતો | |
|---|---|---|---|---|---|
| | | મોટા ચેકડેમ | મોટા તળાવ | મોટા ચેકડેમ | મોટા તળાવ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મોડાસા | ૨ | ૦ | ૦ | ૩ |
| ૨ | માલપુર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | ધનસુરા | ૨ | ૦ | ૦ | ૩ |
| ૪ | મેઘરજ | ૧૩ | ૦ | ૦ | ૦ |
| ૫ | બાયડ | ૭ | ૦ | ૦ | ૪ |
| ૬ | હિંમતનગર | ૧૧ | ૧૧ | ૦ | ૬ |
| ૭ | ઇડર | ૪ | ૧ | ૦ | ૬ |
| ૮ | વડાલી | ૨ | ૦ | ૦ | ૩ |
| ૯ | પ્રાંતિજ | ૬ | ૦ | ૦ | ૨ |
| ૧૦ | ભિલોડા | ૪ | ૦ | ૦ | ૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | ખેડબ્રહમા | ૫ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | વિજયનગર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | તલોદ | ૦ | ૦ | ૬ | ૦ |
| | કુલ : | ૫૮ | ૧૨ | ૬ | ૨૯ |

## પત્રક - ૨

## તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૨૦૦૯ દરમ્યાન મંજુર થયેલ મોટા ચેકડેમની વિગત

| અ.નં. | તાલુકો | ચેકડેમનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | મોડાસા | (૧) પહાડપુર | ૨૫૦ | સર્વેક્ષણ તથા આલેખન તબક્કે છે. | |
| | | (૨) ખડોદા | ૨૫૦ | | |
| ૨ | માલપુર | (૩) ક્સવાડા | ૨૫૦ | | |
| ૩ | ધનસુરા | (૪) વડાગામ | ૨૫૦ | | |
| | | (૫) અણખોલ | ૨૫૦ | | |
| ૪ | મેઘરજ | (૬) સિસોદરા | ૨૫.૬૬ | | |
| | | (૭) મોટી ભુવાલ | ૧૫.૪૮ | | |
| | | (૮) મોટી મોયડી | ૩૦.૦૦ | ૧૦૦ | પ્રગતિ |
| | | (૯) કોલુંદ્રા | ૩૫.૦૦ | ૩૮ | પ્રગતિ |
| | | (૧૦) ગેડ | ૩૮.૦૦ | ૧૦૫ | પૂર્ણ |
| | | (૧૧) ઉક્રડી | ૩૦.૦૦ | ૪૫ | પૂર્ણ |
| | | (૧૨) વાંક | ૨૦.૦૦ | ૬૭ | પૂર્ણ |
| | | (૧૩) લીંભોઇ | ૨૦૦.૦૦ | આલેખન તબક્કે | |
| | | (૧૪) પાલ્લા | ૨૦૦.૦૦ | | |
| | | (૧૫) મેઘરજ | ૨૦૦.૦૦ | | |
| | | (૧૬) ઇપલોડા | ૨૦૦.૦૦ | | |
| | | (૧૭) મહુડી | ૨૦૦.૦૦ | | |
| | | (૧૮) શણગાલ | ૨૧૦.૦૦ | | |
| ૫ | બાયડ | (૧૯) ઉટરડા | ૨૨૦.૦૦ | ટેન્ડર તબક્કે | |
| | | (૨૦) મોતીપુરા | ૨૭૫.૦૦ | | |
| | | (૨૧) વાત્રક | ૨૭૫.૦૦ | ૧૦૬.૧૪ | ક્રમ પ્રગતિ હેઠળ |
| | | (૨૨) લાલપુર | ૨૭૫.૦૦ | ૦ | |
| | | (૨૩) હેમત્રાલના મુવાડા | ૨૭૫.૦૦ | ટેન્ડર તબક્કે | |
| | | (૨૪) સુલતાનપુરા | ૨૧૦.૦૦ | | |
| | | (૨૫) ચાંદરેજ | ૨૧૦.૦૦ | | |
| ૬ | હિંમતનગર | (૨૬) દેરોલ | ૧૪૦.૦૦ | | |
| | | (૨૭) હિંમતનગર | ૨૨૦.૦૦ | સર્વેક્ષણ તથા આલેખન તબક્કે | |
| | | (૨૮) ડેભોલ-૩ | ૧૮૦.૦૦ | | |
| | | (૨૯) સાચોદર | ૧૮૦.૦૦ | | |
| | | (૩૦) સરોલી | ૧૭૫.૦૦ | | |
| | | (૩૧) પ્રેમપુર | ૭૦.૦૦ | | |
| | | (૩૨) રંગપુર | ૭૦.૦૦ | | |
| | | (૩૩) વખતપુરા | ૭૫.૦૦ | | |
| | | (૩૪) વખતપુરા | ૭૦.૦૦ | | |
| | | (૩૫) વામોજ | ૯૦.૦૦ | | |
| | | (૩૬) આગિયોલ (દ્લપુર) | ૯૦.૦૦ | | |
| ૭ | ઇડર | (૩૭) બડોલી | ૧૦૦.૦૦ | | |
| | | (૩૮) બુઢિયા | ૧૦૦.૦૦ | | |
| | | (૩૯) ભુતિયા | ૧૦૦.૦૦ | ટેન્ડર તબક્કે | |
| | | (૪૦) માઢવા | ૧૦૦.૦૦ | | |
| ૮ | વડાલી | (૪૧) ગાજીપુર | ૮૫.૦૦ | સર્વેક્ષણ તથા આલેખન તબક્કે | |
| | | (૪૨) સુલઇ | ૮૦.૦૦ | | |
| ૯ | પ્રાંતિજ | (૪૩) ગેડ | ૧૫.૦૦ | | |
| | | (૪૪) ગેડ | ૧૫.૦૦ | | |
| | | (૪૫) ગેડ | ૧૫.૦૦ | | |
| | | (૪૬) રામપુર | ૧૬.૦૦ | | |
| | | (૪૭) ભાગપુર | ૧૫.૦૦ | | |
| | | (૪૮) રામપુર | ૧૫.૦૦ | | |
| ૧૦ | ભિલોડા | (૪૯) ખેરંચા | ૧૫૦.૦૦ | | |
| | | (૫૦) ચોરીમાલા | ૧૫૦.૦૦ | | |
| | | (૫૧) ભિલોડા | ૧૭૫.૦૦ | | |
| | | (૫૨) બોલુંન્દ્રા | ૫૦.૦૦ | | |
| ૧૨ | ખેડબ્રહ્મા | (૫૩) કાજાવાસ | ૨૦૦.૦૦ | ટેન્ડર તબક્કે | |
| | | (૫૪) દંત્રાલ | ૪૦.૦૦ | | |
| | | (૫૫) આંજણી | ૪૦.૦૦ | આલેખન તબક્કે | |
| | | (૫૬) કાલીકંકર | ૪૦.૦૦ | | |
| | | (૫૭) વીંછી | ૨૦૦.૦૦ | | |
| ૧૩ | વિજયનગર | (૫૮) આંતરસુંબા | ૧૦૦.૦૦ | | |

## તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૨૦૧૦ દરમ્યાન મંજુર થયેલ મોટા ચેકડેમની વિગત

| અ.નં. | તાલુકો | ચેકડેમનુ નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | તલોદ | નવા રણાસણ | ૧૨૦.૦૦ | જુલાઇ-૦૯માં મંજૂરી આપેલ છે. હાલ સર્વેક્ષણ તથા આલેખન તબક્કે છે. |
| | | આંતરોલી પુંજાજી | ૧૫૦.૦૦ | |
| | | તાજપુરી કેમ્પ | ૧૬૫.૦૦ | |
| | | લાલાની મુવાડી | ૧૫૦.૦૦ | |
| | | મોરાલ ડુંગરી | ૧૨૦.૦૦ | |
| | | મહેકાલ | ૭૫.૦૦ | |

## તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૨૦૦૯ દરમ્યાન મંજુર થયેલ મોટા તળાવોની વિગત

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | તેજપુરા | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૫.૬૪ |
| | | નાના સાફેરા | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૪.૫૬ |
| | | ભાણપુર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૩.૫૮ |
| | | દેસાસણ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૮.૧૨ |
| | | માલી | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૧૦.૯૧ |
| | | નવાનગર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૧૧ |
| | | મનોરપુર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૯૬ |
| | | રાયપુર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૭.૬૪ |
| | | અડપોદરા | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૧૦.૪૦ |
| | | કાંણીયોલ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૮.૮૫ |
| | | વેજરપ મઠ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૨૩ |
| ૨ | ઇડર | હિંગળાજ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૯૧ |

## તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૨૦૧૦ દરમ્યાન મંજુર થયેલ મોટા તળાવોની વિગત

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | (૧) બાવસર | ૨૫.૦૦ | જાન્યુઆરી-૧૦માં મંજૂર કરેલ છે. હાલ ટેન્ડર તબક્કે છે. |
| | | (૨) નિકોડા | ૨૫.૦૦ | |
| | | (૩) પીપળીયા | ૧૫.૦૦ | |
| | | (૪) ધનપુરા | ૨૦.૦૦ | |
| | | (૫) ગઢા | ૨૦.૦૦ | |
| | | (૬) રામપુર | ૨૦.૦૦ | |
| ૨ | ઇડર | (૭) મેસણ | ૧૫.૦૦ | |
| | | (૮) ગાંઠીયોલ | ૨૦.૦૦ | |
| | | (૯) સાબલવાડ | ૧૫.૦૦ | |
| | | (૧૦) ઉમેદપુરા | ૧૫.૦૦ | |
| | | (૧૧) કાવાડુંગર | ૧૫.૦૦ | |
| | | (૧૨) ફીચોડ | ૧૫.૦૦ | |
| ૩ | વડાલી | (૧૩) કેસરગંજ | ૨૨.૦૦ | |
| | | (૧૪) હિંમતપુર | ૨૨.૦૦ | |
| | | (૧૫) સમલેશ્વર | ૨૫.૦૦ | |
| ૪ | ભિલોડા | (૧૬) પુનાસણ | ૨૦.૦૦ | |
| | | (૧૭) નાની બેબાર | ૨૦.૦૦ | |
| ૫ | પ્રાંતિજ | (૧૮) મહાદેવપુરા | ૨૦.૦૦ | |
| | | (૧૯) કાલીપુરા | ૨૦.૦૦ | |
| ૬ | બાયડ | (૨૦) ખાનેરા | ૨૫.૦૦ | |
| | | (૨૧) સવેલા | ૨૫.૦૦ | |
| | | (૨૨) ચોઇલા | ૨૫.૦૦ | |
| | | (૨૩) જીતપુર | ૨૫.૦૦ | |
| ૭ | મોડાસા | (૨૪) બાયલ | ૨૨.૦૦ | |
| | | (૨૫) વણીયાદ | ૨૨.૦૦ | |
| | | (૨૬) કુટા | ૨૨.૦૦ | |
| ૮ | ધનસુરા | (૨૭) મોટીવાવ | ૨૨.૦૦ | |
| | | (૨૮) હીરાખાડી | ૨૨.૦૦ | |
| | | (૨૯) આકરૂન્દ | ૨૨.૦૦ | |

-------------

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં જળસંચય થાય, સિંચાઈની સુવિધાઓ મળે એટલા માટે છેલ્લાં ત્રણ વર્ષમાં બજેટની જોગવાઈ ૧૮૭૬ કરોડ રૂપિયા જેટલી કરવામાં આવી છે અમે ખુશ થઈએ કે આ પ્રમાણે જે જોગવાઈ કરી છે એ પ્રમાણેનું કામ જો એ વિસ્તારમાં થાય તો ચોકકસ જળસંચય થાય

અને સિંચાઈની સુવિધાઓ વધે, પરંતુ મને જે જવાબ મળ્યો છે છેલ્લાં બે વર્ષમાં એક પણ તળાવ સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકામાં ચાલુ પણ નથી કરવામાં આવ્યું કે પૂર્ણ પણ નથી કરવામાં આવ્યું મને એમ લાગે છે કે આદિવાસી વિસ્તારોમાં કામ કરવા માટે સરકાર ઓરમાયુ વર્તન દાખવી રહી છે નહિ તો આ માહિતી સરકારે આપી છે જૂઓ એક પણ તળાવ ચાલુ કર્યુ હોય તો બતાવો તમે મારે સરકારને પુછવું છે કે સરકારના જે અધિકારીઓ છે એ આમાં સરવે નથી કરતા કે શું છે એનું કારણ શું છે આ વિસ્તારમાં કામ ન કરવા પાછળનો સરકારનો કયો ઈરાદો છે? એક બાબત એ અને બીજું જે ચાર ચેકડેમ ભીલોડા તાલુકામાં મંજૂર કરવામાં આવ્યા છે એને છેલ્લાં બે વર્ષ મંજૂર કર્યાને થયાં છે તો મારું સરકારને પુછવું છે કે બજેટ વરસે વરસે બદલાતું હોય છે જે એપ્રિલમાં બજેટ ચાલુ થાય અને ૩૧મી માર્ચે પૂરું થાય તો આ સરવે કરીને કામગીરી પૂર્ણ ન કરવા પાછળના શું કારણો છે એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીએ જે આક્ષેપ કર્યો છે કે આદિવાસી વિસ્તારોમાં કામ થતું નથી એને હું બહુ સ્પષ્ટપણે નકારું છું આ સરકારે આદિવાસી વિસ્તારોના તમામ પ્રકારના સર્વાંગી વિકાસ માટે વનબંધુ વિકાસ યોજના અમલમાં મૂકી છે અને સેંકડો કરોડ રૂપિયાના ખર્ચે, એમાં સિંચાઈ વિભાગની પણ કામગીરી હાથ ઉપર લેવામાં આવે છે આ જિલ્લાની માનનીય શકિતસિંહજી વાત કરું, આમ તો આપણે મોટા ચેમડેમો મંજૂર કર્યા છે પચાસ લાખ રૂપિયાથી માંડીને બે કરોડ રૂપિયા સુધીની કિંમતના ચેકડેમો ૧૦૦ ટકા સરકારની ગ્રાન્ટમાંથી અત્યારે સાબરકાંઠા જિલ્લામાં બની રહ્યા છે પ્રશ્ન એ છે કે માનનીય સભ્યશ્રીનો જે ભીલોડા તાલુકાનો વિસ્તાર છે એમાં એમણે રજૂઆત અગાઉ કરી હતી અને એના આધારે અમે સરવે કર્યો દોરીમાલા, ભીલોડા, બાલુન્દ્રા અને ખેરંચા, ત્રણ હાથમતી નદી ઉપરના છે એક મેશ્વો નદી ઉપરનો છે આ ચેક ડેમો લગભગ ૧ કરોડ રૂપિયાથી ઉપરની કિંમતના ૧.૫ કરોડની કિંમત સુધીના બનાવવાની અમારી તૈયારી છે, અમે સરવે પણ કર્યો છે, મંજૂર પણ કરેલ છે બે વર્ષ થયા સાચી વાત છે અમે જે સરવે કર્યો છે એમાં જે રિપોર્ટ આવ્યો છે કે આ વિસ્તારમાં કાંઠા મળતા નહિ હોવાના કારણે આજુબાજુના ખેડૂતોની જમીનોને ધોવાણ થાય, ચેકડેમની બાજુમાં થઈને પાણી નીકળી જાય કારણકે ચેક ડેમ જયાં ઉંડો વિસ્તાર હોય જળાશય થઈ શકતું હોય એવા વિસ્તારમાં બને ફેટ વિસ્તારમાં ચેકડેમ બનાવી શકાય નહિ સવા દોઢ કરોડ રૂપિયા ખર્ચીને સરકાર ચેકડેમ બનાવે પણ એનું યોગ્ય પરિણામ ના મળે તો એ યોગ્ય નથી. માટે હવે અમે માનનીય સભ્યશ્રી સાથે અમારા સચિવ અને ચીફ એન્જીનીયરે પણ ચર્ચા કરી છે અને સભ્યશ્રીએ પણ એવું કહ્યું છે કે આ ચેક ડેમ ના બની શકતાં હોય ઉપરના લેવલના તો ભૂગર્ભ ચેક ડેમ જો સર્વે થાય તો એ કરવા પણ હું તૈયાર છું એટલે માનનીય સભ્યશ્રીને ખબર છે કે રાજય સરકાર તેમના વિસ્તારના અથવા કોઈ પણ સભ્યશ્રીના આદિવાસી વિસ્તારમાં ચેક ડેમો, તળાવો વગેરે કામ કરવા પૂરેપૂરી તૈયાર છે પણ તાંત્રિક રીતે, ટેકનીકલ રીતે જો વાયેબલ ના હોય, શકય ના હોય તો ના કરી શકાય આ જગ્યાએ અત્યારે ભૂગર્ભ ચેક ડેમ બનાવવાનું સર્વે ચાલી રહ્યો છે તે પણ જો વાયેબલ થશે તો ભૂગર્ભ ચેક ડેમો આપણે કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, તળાવો ઉંડા કરવામાં અત્યારે કહીશ તો પછી એમ કહેશે કે તમે જૂની વાત કરો છો. ભૂતકાળમાં કોઈ સરકારો તળાવમાં એક બખડિયું માટી કાઢવાની કોઈ પણ યોજના જયારે દુકાળ પડતા હતા ત્યારે કરતી હતી? માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે પહેલાં ૯૦-૧૦ની યોજના બનાવી. ૯૦ ટકા સરકારનો ફાળો, ૧૦ ટકા લોકફાળો તેમાં હજારો તળાવો ઉંડા કર્યા તેનાથી વધીને આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને સૂચન કર્યુ કે જે ગરીબ વિસ્તારો છે, મોટા તળાવો છે, લોકફાળો ભરી શકાય નહીં કે મોટું તળાવ ઉંડુ નથી થતું ત્યાં રાજય સરકાર નીગ્રાન્ટ વાપરી તમે તળાવો ઉંડા કરો. તે યોજના નીચે માનનીય અધ્યક્ષશ્રી, અમે સાબરકાંઠા જિલ્લામાં ગયા વર્ષે મોટા ૧૨ તળાવો બનાવ્યાં. આ વર્ષે ૨૯ તળાવ મંજૂર કર્યા છે, ટેન્ડર પ્રક્રિયા પૂરી થઈ ગઈ અને ટૂંક સમયમાં તળાવો ખોદવાનું કામ ચાલુ થશે. આ યોજનાનું વ્યવસ્થિત મોનીટરીંગ થાય એ માટે જોગવાઈ એવી રાખી છે કે આ યોજનાના તળાવો ઉંડા કરવાની મંજૂરી મંત્રીશ્રી કક્ષાએ અપાશે. માનનીય સભ્યશ્રીએ આજ સુધી મને કોઈ રજૂઆત પત્ર આપ્યો નથી તેમણે અધિક્ષક ઈજનેરને પત્ર આપ્યો હતો તે સરકારમાં પહોંચ્યો છે. મને સીધી રજૂઆત આપશે તો ચોક્કસ તે કામો મંજૂર કરવામાં આવશે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હજુ ઉનાળાની શરૂઆત થઈ છે. પણ મારો મત વિસ્તાર જે મેઘરજ અને માલપુર આવેલો છે. આજે પણ બે કિલોમીટરથી પાણી લાવવું પડે એવી પરિસ્થિતિ આજે બહેનોની આવી છે. જવાબમાં જણાવ્યું છે કે, મેઘરજ અને માલપુરમાં એક મોટા તળાવનું આયોજન છેલ્લાં બે વર્ષમાં કરવામાં આવેલ નથી તો આ માટે કોઈ આયોજન છે ખરું ? બીજો મારો પ્રશ્ન એ છે કે, ત્યાંથી ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે ત્યાં બીજો કોઈ રસ્તો નથી ધારાસભ્યની ગ્રાન્ટ ગમે એટલી વાપરીએ તો પણ પાણીનો કાયમી ઉકેલ શકય નથી. એટલા માટે સરકાર પાણીનો કાયમી કોઈ ઉકેલની વ્યવસ્થા કરવા માગે છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં સાડા છ હજાર કરતાં વધુ ચેક ડેમ બનાવવામાં આવ્યાં છે તેમાં માનનીય અનિલભાઈ જોષીયારાના વિસ્તારમાં પણ ૫૦૦ કરતાં વધુ ચેક ડેમ ...(અંતરાય)... બધું જ કહું છું. આ ગૃહમાં મેં બધા સભ્યોને વિનંતી કરી હતી રેકોર્ડ તપાસ લે. કે ચેક ડેમો બનાવવા હોય, તળાવો ઉંડા કરવા હોય મને રજૂઆત કરે આ મિનિટ સુધી માનનીય સભ્યશ્રીએ તેમને કયા

તળાવો ઉંડા કરવા છે તેની મારી પાસે કોઈ રજૂઆત કરી નથી. રજૂઆત આવશે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : શ્રી મહેન્દ્રસિંહજી, આપ જે તળાવોને ઉંડા કરવાની વાત છે અને જે કરાવવા માગો છો તેની એક રજૂઆત મોકલી આપશો.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં જે આદિવાસી તાલુકાઓ છે તેમાં મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા અને વિજયનગર. આદિવાસી તાલુકાઓમાં છેલ્લાં બે વર્ષમાં કેટલાં મોટા ચેક ડેમો મંજૂર કરવામાં આવ્યાં અને કેટલી રકમના ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે મોટી રકમના એટલે દોઢ બે કરોડ રૂપિયાના એસ્ટીમેટ થાય એવા ૬૪ ચેક ડેમ મંજૂર કરવામાં આવ્યાં છે જેમાં બધાના કામ પ્રગતિ હેઠળ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે, અને માનનીય સભ્યશ્રીઓની જે લાગણી છે એના વચ્ચેનો ફરક સમજવાનો પ્રયત્ન કરીએ. આપે કહ્યું કે મોટા તળાવો, આપ ચેકડેમોમાં પાછા ન ઘૂસી જતા, મોટા તળાવોમાં આદિવાસી તાલુકાઓ જે છે, જયાં મોટા તળાવો આપના Zero, Zero, Zero બોલે છે. આપ પત્રક-૧ જોશો તો જેટલા આદિવાસી તાલુકા છે, એમાં મોટા તળાવો Zero છે. સભ્યશ્રીની માગણીનો સવાલ નહીં, આપણે એમ કહેતા હોઈએ કે આદિવાસી વિસ્તારને આપણે વિશેષ પ્રાધાન્ય આપીએ છીએ. માનનીય સભ્યશ્રી ડો. જોષીયારાએ આંકડા આપ્યા કે આપે ફાળવણી કેટલી કરી હતી અને કેટલો ખર્ચ આપે કરાવ્યો. એ સંજોગોમાં આદિવાસી વિસ્તારમાં મોટા તળાવો આ વર્ષે મંજૂર થાય એ માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આયોજન જ નહીં, ૨૯ તળાવો તો અમે મંજૂર કરી ચૂકયા છીએ. એના ટેન્ડરની કામગીરી ચાલે છે. ફરી રીપીટ કરું. એક તાલુકામાં ૧૦૦ ગામ હોય. એ ૧૦૦માંથી ૪, ૫ ગામની જે તમારી પ્રાયોરિટી હોય, એ નામ લખીને આપો, તો તમારી ભલામણ પ્રમાણે મંજૂર કરીએ. તમે રજૂઆત જ ના કરો, તો અમે કેવી રીતે પસંદગી કરી શકીએ? ((અંતરાય)) તાલુકામાં કયા ગામ, એ નકકી કરો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પાસે સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાના તળાવો, મોટા તળાવો ઉંડા કરવાના ગામો જયાં કામ ન થયા હોય તેનો અગ્રતાક્રમ અંગે એ વિસ્તારના ધારાસભ્યશ્રીઓ રજૂઆત કરે. નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંકઃ ૬

## કચ્છ જિલ્લામાં સરકારી દવાખાનાની સંખ્યા

*** ૧૩૩૦૧ શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સરકારી દવાખાનાઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલા ડોકટરો અને નર્સોની જગ્યાઓ ઉકત દવાખાનાઓમાં ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ભરવા માટે સરકારે શાં પગલાં લીધાં અને જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીઃ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સરકારી દવાખાનાઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૧૧ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩૭ |
| ૩ | સરકારી દવાખાના | ૦૯ |
| | **કુલ** | **૫૭** |

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ડોકટરો અને નર્સોની ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ૧ | જગ્યાનું નામ | ડોકટર | નર્સ |
|---|---|---|---|
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૧૩ | ૨૪ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦૧ | ૦૦ |
| ૩ | સરકારી દવાખાના | ૦૨ | ૦૦ |
| | **કુલ** | **૧૬** | **૨૪** |

(૩) લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવે છે. આ જગ્યાઓ ભરવા માટે સરકારે નીચે મુજબના પગલાં લીધાં છે.

(અ) વર્ગ-૧ અને વર્ગ-૨ તબીબની જગ્યા ભરવા માટે કમિશ્નરશ્રી (આ.) ની કચેરી ખાતે દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે.

(બ) નર્સોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, છેવાડાના ગરીબ માનવીને જે ગરીબાઈમાં પટકાયેલો હોય, એ દુઃખીયારાની ચીસ તમે તો જીંદગીભર નથી સાંભળી, એટલે તમને અભિનંદન ન આપીએ. આ સરકારનો તો ધ્યેય છે સર્વે સુખી ભવતુઃ બધા માણસ માટેનું સુખ ઈચ્છતા આ રાજય સરકારના અમારા મુખ્યમંત્રીશ્રી અને

અમારા આરોગ્ય મંત્રીશ્રીને હું વંદન કરું છું. આ તમારી પ્રણાલિકામાં નથી. આ અમારી પ્રણાલિકામાં છે. વંદન કરું છું. અને આ વંદન એટલા માટે....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : છેવાડાનો ગરીબ માનવી, એની જીંદગી બચી હોય, નાના બાળકને કયાંક વાલ્વની તકલીફ હોય, કીડનીની તકલીફ હોય, એ બધી તકલીફમાં આ રાજય સરકાર એને ઉપયોગી થઈ છે. મારો પ્રશ્ન એ છે કે કચ્છ જિલ્લામાં જે સરકારી દવાખાના PHC અને CHC છે. એમાં હાલની જે સંખ્યા છે, તેમાં સરકાર કોઈ વધારો કરવા માગે છે કે કેમ? અને PHC અને CHC દવાખાના જે કાર્યરત છે, એ કાર્યરત દવાખાનાના મકાનો જર્જરીત થઈ ગયા હોય, તો એના નવીનીકરણ માટે રાજય સરકારે શું આયોજન કર્યુ છે? અને ત્રીજો પ્રશ્ન એ છે કે છેલ્લા બે વર્ષમાં કચ્છમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કેન્દ્રવાર આયુર્વેદિક અને હોમિયોપેથી ડોકટરોની કેટલી નિમણૂક કરવામાં આવી? • (xxxxx)

**અધ્યક્ષશ્રી** : એ હું કાઢી નાંખું છું. આ પ્રકારે જયઘોષ નથી થતા. આપની ત્રણ મિનિટ પ્રશ્ન પૂછવામાં જ ગઈ. હવે બે મિનિટ જ બાકી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ**: માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે, એમાં મારે સન્માનનીય ગૃહને જણાવવું છે કે કચ્છમાં છેવાડામાં છેવાડાનું ગામ છે દયાપર. ૨૦૦૧ પછી કચ્છમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયું હોય તો પહેલીવાર ૨૦૦૮માં કચ્છમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર દયાપર ખાતે મંજૂર કરીને કાર્યાન્વિત કરી દેવામાં આવ્યું છે. ત્યારપછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વાત કરી, તો ૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચાલુ સાલે કચ્છ જિલ્લા માટે મંજૂર કરવામાં આવ્યા છે. અને અમારો પ્રયત્ન રહેશે કે વહેલામાં વહેલી તકે આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત થાય. ત્યારપછી જે મુદ્દો માનનીય સભ્યશ્રીએ રીપેર્સ માટે ઉભો કર્યો છે, એ નાણાકીય પ્લાન સિલિંગ અને મર્યાદાને ધ્યાને લઈને આ મકાનોની મરામત કરવા માટેની કામગીરી હાથ ઉપર લઈશું. ખાસ વાત તો એ છે કે આરોગ્ય વિભાગે છેલ્લા બે વર્ષમાં ૪૦૫૦ કરતા વધારે જગ્યાઓ ભરી છે અને એમાં કચ્છ જિલ્લામાં આયુર્વેદિક, હોમિયોપેથી અને એને લગતા ડોકટરોના ૮૬ હુકમો પ્રાયમરી હેલ્થ સેન્ટર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કરવામાં આવ્યા છે. અને એમાંથી ૩૯ ડોકટરો હાજર થયા છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

### તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ નિયમોમાં સુધારા બાબતે

૧૩૨૯૦**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્યની મેડિકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં કોઈ સુધારા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની મેડીકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ નિયમો બનાવવામાં આવતા નથી જેથી સુધારો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

### સુરત મહાનગરપાલિકાને એવોર્ડ

૧૩૨૫૯**શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાજેતરમાં સુરત મહાનગરપાલિકાને એન.યુ.આર.એમ. યોજના હેઠળ ક્યા ક્યા ક્ષેત્રમાં વિશિષ્ટ સિધ્ધિઓ અંગે એવોર્ડ આપવામાં આવેલ છે ? | તાજેતરમાં સુરત મહાનગરપાલિકાને જે. એન. એન. યુ.આર.એમ. યોજના હેઠળ માન.વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે મળેલ એવોર્ડની વિગત નીચે મુજબ છે. |

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

| ક્રમ | એવોર્ડનું નામ | જે પ્રવૃત્તિ કામગીરી માટે એવોર્ડ મળેલ હોય તેની વિગતો |
|---|---|---|
| ૧ | ઈમ્પ્લીમેન્ટેશન ઓફ સેવન પોઈન્ટ ચાર્ટર ઓફ અર્બન પુઅર | શહેરી ગરીબી ઉન્મૂર્લન માટે |
| ૨ | બેસ્ટ ઈમ્પ્રુવમેન્ટ ઈન ફાયનાન્સીયલ મેનેજમેન્ટ | મ્યુનીસીપલ ફાઈનાન્સ મેનેજમેન્ટ માટે |
| ૩ | બેસ્ટ પર્ફોર્મીંગ સીટી | શહેરી વિકાસમાં સર્વોત્તમ કામગીરી માટે |
| ૪ | પ્રો પુઅર રીફોર્મ્સ ઈન જે.એન.એન.યુ.આર. એમ. | શહેરી ગરીબી ઉન્મૂર્લન કામગીરી માટે |

-------------

## ઝુજ ડેમના દરવાજામાંથી વહી જતું પાણી અટકાવવા બાબત

૧૧૯૫૧**શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઝુજ ડેમના દરવાજામાંથી વહી જતું પાણી અટકાવવા શું પગલાં લેવામાં આવ્યા છે, અને | (૧) નવો ગેટ બેસાડવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગેની કાર્યવાહી પાણી જળાશયમાં નીચે ઉતરતા હાથ ધરવામાં આવશે. |
| (૨) લીકેજ પાણી ક્યારે બંધ કરવામાં આવશે ? | (૨) ચોમાસા ૨૦૧૦ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

## બનાસકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોને નગરપાલિકાનો દરજ્જો

૧૩૦૯૬ **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતો નગરપાલિકા બનવા માટે યોગ્યતા ધરાવે છે, અને | (૧) એકપણ નહિં. |
| (૨) નગરપાલિકા બનવા માટેની યોગ્યતા ધરાવતી ગ્રામ પંચાયતોને નગરપાલિકાનો દરજ્જો ક્યારથી મળશે ? | (૨) દેશમાં વર્ષ ૨૦૧૦ થી નવી વસ્તી ગણતરીનું કામ શરૂ થયેલ છે. જે માર્ચ-૨૦૧૧ સુધી ચાલશે. ત્યારબાદ નવી વસ્તી ગણતરીના આંકડા જાહેર થયે જે ગામની વસ્તી પંદર હજારથી વધુ જાહેર થયેલ હશે તેમને નગરપાલિકા જાહેર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. |

## ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના

૧૧૮૧૦**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રચનાની કાર્યવાહી તા. ૧૫-૧-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે પહોંચી છે, અને | (૧) સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૨) કેટલા સમયમાં તેની જાહેરાત કરી અમલમાં મુકવાનું આયોજન છે ? | (૨) સરકારશ્રી દ્વારા નિર્ણય થયેથી. |

## કલોલ તાલુકામાં જાહેર તળાવો નર્મદાના પાણીથી ભરવા બાબત

૧૨૯૮૦**શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલોલ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા તળાવોમાં નર્મદાનું પાણી ભરવામાં આવે છે, અને | (૧) ૧૪ તળાવો. |
| (૨) બાકી રહેતા તળાવોમાં નર્મદાનું પાણી ભરવા સરકારે કોઈ યોજના બનાવેલ છે અને કેટલી સમય મર્યાદામાં પાણી ભરવામાં આવશે ? | (૨) હા, જી. તાંત્રિક અને આર્થિક રીતે શક્ય હશે ત્યાં તબક્કાવાર આયોજન કરવામાં આવશે. |

## વઢવાણ, સાયલા, ચોટીલા અને મૂળી તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

૧૩૨૫૦**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, સાયલા, ચોટીલા અને મૂળી તાલુકાના ગામોને નર્મદા કેનાલ આધારિત યોજના દ્વારા પીવાનું પાણી મળનાર છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કેટલા ગામોનો સમાવેશ થશે, અને

(૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કોઈ કાર્યવાહી સરકાર તરફથી હાથ ધરાયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વઢવાણ તાલુકાના ૪૫ ગામો, સાયલા તાલુકાના ૭૬ ગામો, ચોટીલા તાલુકાના ૧૧૨ અને મૂળી તાલુકાના ૫૮ ગામોનો સમાવેશ થશે.

(૩) ત્રણ યોજનાઓ હાથ ધરવાનું આયોજન કરેલ જે પૈકી બે યોજનાઓ પૂર્ણ થયેલ છે. જ્યારે એક યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.

-------------

## નર્મદા નદીના દરિયામાં વહી જતાં પાણીનો ઉપયોગ કરવાનું આયોજન

૧૨૩૨૬**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચોમાસા દરમ્યાન નર્મદા નદીના દરિયામાં વહી જતા પાણીનો ઉપયોગ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કેમ, અને

(૨) જો હા, તો આ આયોજન ક્યારે કરવામાં આવ્યું અને તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ચોમાસા દરમ્યાન નર્મદા નદીના દરિયામાં વહી જતા વધારાના પાણીમાંથી ૩ એમ.એ.એફ. પાણીની વહેંચણીનું આયોજન વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૦૬ દરમ્યાન કરવામાં આવેલ છે. આ મુજબ ૧ એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને ૧ એમ.એ.એફ. પાણી સોરાષ્ટ્રને અને ૧ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવા સરકારે નિર્ણય કરેલ છે. અને તે અંગેનું આયોજન હાથ ધરેલ છે.

-------------

## રાજ્યમાં નર્સિંગ ક્ષેત્રે ઉપલબ્ધ ડિપ્લોમા તેમજ ડીગ્રીની બેઠકો

૧૩૨૮૭**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નર્સિંગ ક્ષેત્રે ડિપ્લોમા તેમજ ડિગ્રી કરવા માટે શૈક્ષણિક વર્ષવાર કેટલી બેઠકો ઉપલબ્ધ હતી, અને

(૨) આ જ સમયગાળા દરમ્યાન અનુસ્નાતક અભ્યાસ માટે કેટલી બેઠકો ઉપલબ્ધ હતી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નર્સિંગ ક્ષેત્રે ડીપ્લોમા તેમજ ડીગ્રી કરવા માટે નીચે મુજબની બેઠકો શૈક્ષણિક વર્ષવાર ઉપલબ્ધ હતી.

| ડીપ્લોમાં ડીગ્રી કોર્ષનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| નર્સિંગ ક્ષેત્રે ડીપ્લોમા કોર્ષ | | | |
| **કુલ બેઠકો** | **૧૦૪૨** | **૧૨૫૨** | **૧૬૦૨** |
| નર્સિંગ ક્ષેત્રે ડીગ્રી કોર્ષ | | | |
| **કુલ બેઠકો** | **૨૪૦** | **૫૧૦** | **૯૩૦** |

(૨) આજ સમયગાળા દરમ્યાન અનુસ્નાતક અભ્યાસ માટે નીચે મુજબની બેઠકો ઉપલબ્ધ હતી.

| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| અનુસ્નાતક અભ્યાસ | ૧૫ | ૨૫ | ૫૦ |

-------------

## રાજ્યમાં નવી મેડીકલ કોલેજો માટે એસેન્સીયાલીટી સર્ટીફિકેટ બાબત

૧૩૨૬૬**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની વિવિધ મેડીકલ કોલેજોમાં ડિસેમ્બર, ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯ની સ્થિતિએ પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ તથા સુપર સ્પેશ્યાલીટી કોર્ષમાં એડમીશન માટે કેટલી સીટો દરેક

**જવાબ**

(૧) રાજ્યની વિવિધ મેડીકલ કોલેજોમાં ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૦૯ની સ્થિતિએ પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ તથા સુપર સ્પેશ્યાલીટી કોર્ષમાં એડમીશન માટે દરેક એકેડેમીક વર્ષ

એકેડેમિક વર્ષ દીઠ ઉપલબ્ધ હતી,

દીઠ નીચે મુજબ બેઠકો ઉપલબ્ધ હતી.

| **ફેકલ્ટી** | **૨૦૦૭** | | **૨૦૦૮** | | **૨૦૦૯** | |
|---|---|---|---|---|---|---|
| **એમ.બી.બી.એસ.** | **૧૪૫૫** | | **૧૫૫૫** | | **૨૦૫૫** | |
| | ડીગ્રી | ડીપ્લોમા | ડીગ્રી | ડીપ્લોમા | ડીગ્રી | ડીપ્લોમા |
| અનુસ્નાતક | ૬૫૮ | ૨૧૬ | ૬૬૦ | ૨૨૯ | ૭૭૨ | ૨૫૭ |
| સુપર સ્પેશ્યાલીટી | ૨૬ | ૦૦ | ૨૬ | ૦૦ | ૩૧ | ૦૦ |

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ નવી મેડીકલ કોલેજ માટે રાજ્ય સરકારે જરૂરી પ્રમાણપત્ર (એસેન્સીયાલીટી સર્ટિફીકેટ) આપ્યું છે,

(૨) તા. ૩૧-૧૦-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યમાં કેન્સર સોસાયટી અમદાવાદ, પાટણ, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા તથા વલસાડ ખાતે નવી મેડીકલ કોલેજ શરૂ કરવા જરૂરી પ્રમાણપત્ર (એસેન્સીયાલીટી સર્ટીફીકેટ) આપ્યુ છે.

(૩) આ કોલેજોની સંસ્થાવાર ક્ષમતા કેટલી, અને

(૩) આ દરેક કોલેજોની સંસ્થાવાર ક્ષમતા ૧૫૦ બેઠકોની છે.

(૪) આમાંથી કેટલી સંસ્થાઓ પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં ૨૦૧૦ના એકેડેમિક વર્ષમાં પ્રવેશ આપે તેવી સંભાવનાઓ છે ?

(૪) ઉક્ત પાંચ સંસ્થાઓ પેકી જેટલી સંસ્થાઓને ભારત સરકારશ્રી દ્વારા મંજુરી આપવામાં આવે તેટલી સંસ્થાઓમાં પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં ૨૦૧૦-૧૧ ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ આપવાની સંભાવના છે.

## ગાંધીનગરને મહાનગરપાલિકા આપવા બાબત

૧૨૦૬૦**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યના પાટનગર ગાંધીનગરને મહાનગર-પાલિકા આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૯ના વર્ષમાં આદેશ કરેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) સરકારે તે અન્વયે તા. ૨૮-૧-૨૦૧૦ની સ્થિતિએ શી કામગીરી હાથ ધરેલ છે, અને

(૨) બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૩) ગાંધીનગર મહાનગરપાલિકા ક્યારથી કાર્યરત કરવાનું આયોજન છે ?

(૩) સરકારશ્રી દ્વારા નિર્ણય થયેથી.

## નેશ, કરંજ અને ડભારી ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવા યોજના

૧૩૨૭૭**શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાના નેશ, કરંજ તેમજ ડભારી ખાતે દરિયાથી થતું ધોવાણ અટકાવવા કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે તે હકિક્ત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) મોજે ગામ નેશ, કરંજ તથા ડભારી તા. ઓલપાડ, જી. સુરત ખાતે દરિયાઇ ધોવાણ સામે સંરક્ષણ આપતી દિવાલના કામને તા. ૨૯-૧૦-૦૯ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. અને કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. આ બંને કામો આગામી ચોમાસા-૨૦૧૦ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## દાહોદ જિલ્લામાં પીવાના પાણીની અછતને પહોંચી વળવા માસ્ટર પ્લાન

૧૨૩૦૩**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ૨૦૧૦ના વર્ષના આગામી ઉનાળામાં દાહોદ જિલ્લાના તાલુકાઓમાં પીવાના પાણીની અછતને પહોંચી વળવા સરકારે માસ્ટર પ્લાન ક્યારે તૈયાર કર્યો છે, અને

(૧) ના, જી. પરંતુ આગામી ઉનાળામાં પીવાના પાણીની અછત થવાની સંભાવના થયેથી જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે.

(૨) માસ્ટર પ્લાન અન્વયે કેટલું વધારાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે ?

(૨) જરૂરિયાત મુજબનું પાણી ઉપલબ્ધ કરવામાં આવશે.

-------------

**આણંદ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી.માં મંજૂર મહેકમ**

૧૩૩૦૫**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી.માં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પેકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે.

(૩) એક વર્ષ કરતા વધારે સમયથી ખાલી જગ્યાઓ કેટલી, અને

(૪) કેટલા સમયમાં ઉક્ત ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજુર મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | |
|---|---|---|---|
| | | સી.એચ.સી. | પી.એચ.સી. |
| ૧ | વર્ગ-૧ | ૧૦ | ૦ |
| ૨ | વર્ગ-૨ | ૨૫ | ૪૫ |
| ૩ | વર્ગ-૩ | ૧૩૯ | ૧૮૦ |
| ૪ | વર્ગ-૪ | ૯૯ | ૧૮૦ |

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|
| | | સી.એચ.સી. | પી.એચ.સી. |
| ૧ | વર્ગ-૧ | ૦૫ | ૦૦ |
| ૨ | વર્ગ-૨ | ૦૩ | ૦૪ |
| ૩ | વર્ગ-૩ | ૦૭ | ૦૯ |
| ૪ | વર્ગ-૪ | ૩૮ | ૬૩ |

(૩) એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ
(૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર-૪૫ જગ્યાઓ.
(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-૬૭ જગ્યાઓ.

(૪) સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૩ તથા વર્ગ-૪ ની જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૨ ની જગ્યાઓ લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ જિલ્લા પંચાયત સંવર્ગની હોઇ જિલ્લા પંચાયતના કાર્યક્ષેત્ર હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. જુનીયર ફાર્માસીસ્ટ તથા લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યા ભરવા સચિવશ્રી, જિલ્લા પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદને માંગણાપત્રક મોક્લવાની કાર્યવાહી ચાલુ છે. ડ્રાઇવર તથા વર્ગ-૪ની જગ્યા ભરવા અંગે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ બોર્ડ, આણંદને અધિકાર હોઇ આ જગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત, આણંદ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વર્ગ-૩ની જગ્યા ઉપર આઉટ સોર્સીંગથી તેમજ વર્ગ-૪ ની જગ્યા ઉપર હાલ આઉટ સોર્સીંગથી પાર્ટ ટાઇમ સ્વીપરો રાખી કામ લેવામાં આવે છે.

-------------

**મેડીકલ ક્ષેત્રે અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી કક્ષાએ રાજ્યમાં ઉપલબ્ધ બેઠકો બાબત**

૧૩૨૯૬**શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મેડીકલ ક્ષેત્રે અનુસ્નાતક તેમજ સુપર સ્પેશ્યાલીટી કોર્ષમાં પ્રવેશ માટે મેડિકલ કોલેજો પાસે વર્ષ ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯માં કેટલી ક્ષમતા ઉપલબ્ધ હતી, અને

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક

**જવાબ**

(૧) રાજ્યની મેડીકલ ક્ષેત્રે અનુસ્નાતક તેમજ સુપર સ્પેશીયાલીટી કોર્ષમાં મેડીકલ કોલેજો પાસે વર્ષ-૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯ માં નીચે મુજબ બેઠકો ઉપલબ્ધ હતી.

| ફેકલ્ટી | ૨૦૦૭ | | ૨૦૦૮ | | ૨૦૦૯ | |
|---|---|---|---|---|---|---|
| એમ.બી.બી.એસ. | ૧૪૫૫ | | ૧૫૫૫ | | ૨૦૫૫ | |
| | ડીગ્રી | ડીપ્લોમા | ડીગ્રી | ડીપ્લોમા | ડીગ્રી | ડીપ્લોમા |
| અનુસ્નાતક | ૬૫૮ | ૨૧૬ | ૬૬૦ | ૨૨૯ | ૭૭૨ | ૨૫૭ |
| સુપર સ્પેશીયાલીટી | ૨૬ | ૦૦ | ૨૬ | ૦૦ | ૩૧ | ૦૦ |

(૨) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક

વર્ષમાં આ બંને કેટેગરીમાં નવી ક્ષમતા ઉભી કરવા માટે કઈ કઈ મેડીકલ કોલેજોને ક્યા ક્યા કોર્ષ માટે કેટલી સીટો સાથે "ના વાંધા પ્રમાણપત્ર" રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યાં છે ?

વર્ષમાં સુપર સ્પીશીયાલીટી કોર્ષમાં કોઈ "ના વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવ્યા નથી. અનુસ્નાતક કક્ષાએ નવી ક્ષમતા ઉભી કરવા માટે નીચે મુજબની મેડીકલ કોલેજોને સીટો ઉભી કરવા "ના વાંધા પ્રમાણપત્ર" રાજ્ય સરકાર ધ્વારા આપવામાં આવ્યાં છે.

| નં. | કોલજનું નામ | અનુસ્નાતક કોર્ષ | |
|---|---|---|---|
| | | ડીગ્રી | ડીપ્લોમા |
| ૧ | બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧ | ૦ |
| ૨ | મેડીકલ કોલેજ, સુરત | ૧ | ૦ |
| ૩ | એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | ૮ | ૦ |
| ૪ | એન.એચ.એલ.મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧ | ૦ |
| ૫ | પી.એસ.મેડીકલ કોલેજ, કરમસદ | ૬ | ૦ |
| ૬ | સુરત મ્યુ.મે.કો. સુરત | ૧૩ | ૨ |

-------------

## હોસ્પિટલોમાં સેવાની ગુણવત્તા સુધરે તે માટેની યોજના

૧૩૨૩૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારનાં આરોગ્ય વિભાગનાં તાબા હેઠળની હોસ્પિટલોમાં સેવાઓની ગુણવત્તા સુધરે તેમજ એક ચોક્કસ ધારાધોરણ મુજબ સારવાર અપાય તે માટે રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ ,

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે, અને

(૩) હાલની પરિસ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગુજરાત રાજ્ય અને ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, ન્યુ. દિલ્હી સાથે એન.એ.બી.એચ.ના માપદંડ મુજબની હોસ્પિટલ સુવિધા ઉભી કરવા તા. ૭-૭-૦૭ ના રોજ એમ.ઓ.યુ કરવામાં આવેલ છે. જેમાં એન.એ.બી.એચ. અંતર્ગત પ્રથમ તબક્કામાં ૮ જિલ્લા હોસ્પિટલો, ગાંધીનગર, સોલા, જુનાગઢ, કચ્છ, મહેસાણા, ગોધરા, વલસાડ અને નર્મદાનો સમાવેશ થાય છે.

બીજા તબક્કમાં ૧૦ હોસ્પિટલો, સુરેન્દ્રનગર, પોરબંદર, પેટલાદ, નડીયાદ, નવસારી, અમરેલી, હિંમતનગર, જમનાબાઈ હોસ્પિટલ વડોદરા, મેન્ટલ હોસ્પિટલ અમદાવાદ અને વડોદરાનો સમાવેશ થાય છે.

ત્રીજા તબક્કામાં ૮ હોસ્પિટલો, દાહોદ, પાટણ, મોરબી, લીમડી, આહવા, ભરૂચ, જામખંભાળીયા અને જુની સીવીલ હોસ્પિટલ સુરતનો સમાવેશ થાય છે.

(૩) ભારતમાં સૌ પ્રથમવાર એન.એ.બી.એચ. હેઠળ જનરલ હોસ્પિટલ ગાંધીનગર અને રાજ્યમાં બીજી જનરલ હોસ્પિટલ સોલા-અમદાવાદ એક્રેડીએટ થયેલ છે.

પ્રથમ તબક્કાની હોસ્પિટલો પૈકી રાજપીપળા, મહેસાણા, ભૂજ, ગોધરા, વલસાડ, જુનાગઢની પૂર્વ ચકાસણી થયેલ છે.

બીજા તબક્કાની હોસ્પિટલો સુરેન્દ્રનગર, પોરબંદર, પેટલાદ, નવસારી, અમરેલી, હિંમતનગર, જમનાબાઈ હોસ્પિટલ વડોદરા, અને મેન્ટલ હોસ્પિટલ અમદાવાદ અને વડોદરા આ તમામનો પાયાનો અભ્યાસ પૂર્ણ થયેલ છે અને દસ્તાવેજી કરણ તેમજ તાલીમની પ્રક્રિયા ચાલુ છે.

-------------

## સોમનાથ ત્રિવેણી સંગમ પાસે બંધારો બાંધવાની યોજના

૧૩૨૪૭**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાનાં સોમનાથ ખાતે ત્રિવેણી સંગમ પાસે બંધારો બાંધવાની કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે તે હકિકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી. અંદાજે રૂ. ૨૩ કરોડના ખર્ચે બંધારો બાંધવાનું કામ મંજુર કરવામાં આવ્યું છે.

(૨) જો હા, તો તે યોજના ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) ૮૮ ટકા બાંધકામ પૂર્ણ થયેલ છે. અને આગામી ચોમાસા પહેલાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**જોડિયા તાલુકાની આજી-૪ સિંચાઈ યોજનામાં પાણી ભરવા બાબત**

૧૧૭૨૮**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) :** તા. ૧૦-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૭૬૫૬ (અગ્રતાક્રમાંક-૮૩) ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં આવેલ આજી-૪ સિંચાઈ યોજના આશરે ૧૧ વર્ષથી પૂર્ણ થયેલ હોવા છતાં ડેમનાદરવાજા ચડાવી તેમાં પાણી ભરવામાં આવતું નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. ડેમનું બાંધકામ વર્ષ ૧૯૯૯ માં અને દરવાજાના કામો વર્ષ ૨૦૦૩ માં પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ ડેમમાં વહેલામાં વહેલી તકે પાણી ભરાય અને ડેમ કાર્યરત બને તે માટે ઉચ્ચ કક્ષાએ શા આદેશ થયા છે ? | (૨) આગામી ચોમાસામાં ડેમમાં પાણી ભરવાનું આયોજન છે. |

-------------

**ખેડા જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ મંજૂર કામો**

૧૨૭૩૮**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કર્યા, | (૧) સ્વજલધારા યોજના નહીં પરંતુ રાજ્ય સરકાર પુરસ્કૃત સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૫૧ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ૧૬ યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | (૩) ૩૫ યોજનાઓના કામો પ્રગતિમાં છે. |

**રાજ્યના મહાનગરોમાં માનવ વિકાસ સૂચકાંક માટે રકમની ફાળવણી**

૧૧૭૦૭**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના મહાનગરોની કાયાપલટ કરવા રાજ્ય સરકારે રાજ્યના ચાર મોટા શહેરો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાને માળખાકીય સુવિધાઓ અને માનવ વિકાસ સૂચકાંક માટે રૂા. ૧૩૦૦ કરોડ જેટલી રકમ ફાળવવાનો નિર્ણય કર્યો તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં સ્વર્ણિમ જયંતિ યોજનાની પ્રથમ તબક્કાની આ નાણાકીય ફાળવણીમાં ઉક્ત દરેક શહેર માટે કેટ કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ રકમો જે તે મહાનગરોને ઉપયોગ કરવા સારું કઈ તારીખ સુધીમાં મળી જાય તેવું આયોજન સરકારે કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજકોટ જિલ્લામાં મોટી નદીઓ પર મંજૂર થયેલ ચેકડેમો**

૧૩૨૪૬**ડો. ભરતભાઈ બોઘરા(જસદણ ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૪૨ ચેક ડેમો. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર ચેકડેમોની કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) ૧૪ ચેકડેમો પૂર્ણ થયેલ છે, ૧૭ પ્રગતિ હેઠળ અને ૧૧ ટેન્ડર તબક્કે છે. |

**નવી ટાઉનશીપ પોલીસી જાહેર થયા પછી અગાઉના એમ.ઓ.યુ. માંથી ખસી ગયેલ કંપનીઓ**

૧૨૩૮૬**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૯-૧૦માં નવી ટાઉનશીપ પોલીસીની જાહેરાત કરી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ નવી ટાઉનશીપ પોલીસી જાહેર કર્યા પછી કઈ કઈ કંપનીઓએ જેમણે અગાઉ આવી યોજના માટે એમ.ઓ.યુ. કરેલ હતા તેઓ ક્યા કારણોસર ઉક્ત ટાઉનશીપ પોલીસીમાંથી ખસી ગયા, અને

(૩) આ કંપનીઓએ જે એમ.ઓ.યુ. કરેલ તેની અંદાજીત રોકાણની રક્મ કેટલી થાય છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે તા.૦૧-૧૨-૦૯ થી રેગ્યુલેશન ફોર રેસીડેન્શીયલ ટાઉનશીપ જાહેર કરેલ છે.

(૨) કોઈ કંપનીએ આવી કોઈ જાણકારી આપેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજકોટ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૧૨૨૪૮**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં સિંચાઈ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં આવ્યા,

(૨) કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૩) તળાવદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં સિંચાઈ યોજના હેઠળ કોઈ નવા તળાવો બનાવવામાં આવેલ નથી.

(૨) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩૧ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે.

(૩) તળાવદીઠ કરેલ ખર્ચનું પત્રક-૧ આ સાથે સામેલ છે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકો | ગામનું નામ | થયેલ ખર્ચ રૂા. |
|---|---|---|---|
| ૧ | લોધિકા | લોધિકા | ૩૯૯૭૪૮.૦૦ |
| ૨ | લોધિકા | ઉડખીજડીયા | ૩૯૯૩૯૭.૦૦ |
| ૩ | પડધરી | જોધપર | ૨૪૯૯૫૪.૦૦ |
| ૪ | ટંકારા | સરાયા | ૨૪૯૯૪૯.૦૦ |
| ૫ | ટંકારા | નેસડા(સુ) | ૧૨૨૮૬૫.૦૦ |
| ૬ | મોરબી | ખાનપર (ને) | ૨૬૩૩૬૭.૦૦ |
| ૭ | મોરબી | ઉંચી માંડલ | ૮૨૪૯૦.૦૦ |
| ૮ | મોરબી | કાંતિપુર | ૧૧૭૧૦૦.૦૦ |
| ૯ | મોરબી | આંદરણા | ૧૬૪૫૫૭.૦૦ |
| ૧૦ | જસદણ | હિંગોળગઢ | ૪૩૦૦૦૦.૦૦ |
| ૧૧ | જસદણ | દડલી | ૨૭૨૫૦૦.૦૦ |
| ૧૨ | જસદણ | અમરાપુર | ૪૪૪૭૦૦.૦૦ |
| ૧૩ | જેતપુર | સરધારપુર | ૧૧૫૦૬૧.૦૦ |
| ૧૪ | જેતપુર | સરધારપુર | ૧૧૫૦૪૪.૦૦ |
| ૧૫ | જેતપુર | સરધારપુર | ૧૩૩૧૮૮.૦૦ |
| ૧૬ | જેતપુર | વિરપુર | ૮૮૮૦૩.૦૦ |
| ૧૭ | જેતપુર | વિરપુર | ૮૩૪૧૯.૦૦ |
| ૧૮ | જેતપુર | કેરાળી | ૧૯૧૮૫૫.૦૦ |
| ૧૯ | જેતપુર | કેરાળી | ૧૯૮૧૬૮.૦૦ |
| ૨૦ | જેતપુર | કેરાળી | ૧૯૯૩૯૩.૦૦ |
| ૨૧ | જામકંડોરણા | તરકાસર | ૨૪૯૮૮૭.૦૦ |
| ૨૨ | ઉપલેટા | ભાયાવદર | ૪૯૮૯૦૫.૦૦ |
| ૨૩ | ઉપલેટા | જામટીંબડી | ૩૪૯૯૮૬.૦૦ |
| ૨૪ | ઉપલેટા | કેરાળા | ૩૧૨૩૦૪.૦૦ |
| ૨૫ | ગોંડલ | ત્રાકુડા | ૩૪૯૯૮૬.૦૦ |
| ૨૬ | ધોરાજી | હડમિયા | ૧૯૯૭૩૨.૦૦ |
| ૨૭ | ધોરાજી | મોટી મારડ | ૨૪૯૮૯૬.૦૦ |
| ૨૮ | ધોરાજી | ભાદાજાળીયા | ૨૪૯૮૯૧.૦૦ |
| ૨૯ | ધોરાજી | નાગલખડા | ૧૯૯૯૭૮.૦૦ |
| ૩૦ | ધોરાજી | વેલારીયા | ૧૬૦૦૫૦.૦૦ |
| ૩૧ | રાજકોટ | સુર્યારામપરા | ૨૪૯૨૫૬.૦૦ |
| | | **કુલ ખર્ચ :** | **૭૩૭૧૪૨૯.૦૦** |

-------------

**પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં પીવાના પાણીની યોજનાઓ**

૧૧૭૫૩**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં પીવાના પાણી માટે કઈ કઈ યોજનાઓ અમલમાં છે. તેનાથી કેટલા ગામડાને લાભ મળે છે,

**જવાબ**

(૧) પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં શેત્રુંજી જળાશય તથા મહી પાઈપ લાઈન આધારીત નીચેની વિગતે કુલ ૭ પીવાના પાણી માટેની યોજનાઓ

અમલમાં છે. જે દ્વારા કુલ ૧૩૪ ગામોને લાભ મળે છે.

| અ.નં. | યોજનાનું નામ | પાલીતાણા | ગારીયાધાર |
|---|---|---|---|
| ૧ | પાલીતાણા તાકીદ (ગારીયાધાર જુથ યોજના સ્ટેજ ૧-૨) | ૧૦ | ૧૪ |
| ૨ | ગારીયાધાર તાકીદ (ગારીયાધાર જુથ યોજના સ્ટેજ -૩) | ૦ | ૨૧ |
| ૩ | ચોરવડલા | ૫૬ | ૧૩ |
| ૪ | મહુવા | ૦૨ | ૦૨ |
| ૫ | પાંડેસરી | ૧૬ | ૦ |
| ૬ | પસવી | ૦ | ૦ |
| ૭ | તણસા | ૦ | ૦ |
| | **૭ યોજનાઓ** | **૮૪** | **૫૦** |

આ ઉપરાંત ઉક્ત ગામો પેકી પાલીતાણા તાલુકાના ૧૦ ગામો અને ગારીયાધાર તાલુકાના ૯ ગામો મળી કુલ ૧૯ ગામોમાં આંતર માળખાકિય સુવિધા માટે સ્વજલધારા યોજના પણ અમલમાં છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પીવાના પાણી માટેની કોઈ યોજના મંજૂર કરવામાં આવી કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો કઈ કઈ અને કેટલી રકમની ?

(૩) પાલીતાણા જુથ યોજના રૂ. ૧૧.૭૨ ક્રરોડ
સ્વજલધારા યોજના
(૨૫ ગામોની યોજના) રૂ. ૪.૭૭ ક્રરોડ.

-------------

## રાજકોટ જિલ્લામાં ૮૦:૨૦ યોજના હેઠળ ચેકડેમો

૧૨૬૮૭ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ૮૦X૨૦ ની યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૧) ૧૦૬૯ ચેકડેમો

(૨) આ ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) રૂા. ૨૫૦૫.૩૬ લાખ

(૩) ૮૦X૨૦ ની યોજના હેઠળનાં ચેકડેમોની બાંધકામની કામગીરી કોણ કરે છે ?

(૩) ખેડૂત લોક જૂથ, અથવા બિનસરકારી સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

-------------

## સાવલી તાલુકામાં હેન્ડ પંપો

૧૩૩૦૮**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવલી તાલુકામાં કેટલા હેન્ડ પંપો બનાવવામાં આવ્યા, અને

(૧) ૫૯ હેન્ડપંપ બનાવવામાં આવ્યા

(૨) ક્યા ક્યા ગામે કેટલા હેન્ડ પંપો તે અન્વયે બનાવ્યા અને ઉપર્યુક્ત સ્થિતિએ કેટલા કાર્યરત છે ?

(૨) સામેલ પત્રક પ્રમાણે હેન્ડપંપ બનાવેલ અને બધાજ હેન્ડપંપ કાર્યરત છે.

**પત્રક**

| ક્રમ | ગામનું નામ | કુલ હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ | ક્રમ | ગામનું નામ | કુલ હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જુના શિહોરા | ૧ | ૧ | ૨૫ | અમરાપુરા | ૧ | ૧ |
| ૨ | ગુતરડી | ૪ | ૪ | ૨૬ | ઈટવાડા | ૧ | ૧ |
| ૩ | લાંછનપુરા | ૧ | ૧ | ૨૭ | ગોકળપુરા | ૧ | ૧ |
| ૪ | છત્રાપુરા | ૧ | ૧ | ૨૮ | ન્હારા | ૨ | ૨ |
| ૫ | સાંઢાસાલ | ૨ | ૨ | ૨૯ | વેજપુર | ૧ | ૧ |
| ૬ | ઝવેરીપુરા | ૧ | ૧ | ૩૦ | રસુલપુર | ૧ | ૧ |
| ૭ | મેરાકુવા | ૨ | ૨ | ૩૧ | ખાખરીયા | ૧ | ૧ |
| ૮ | કોઠારા | ૧ | ૧ | ૩૨ | ગોઠડા | ૧ | ૧ |
| ૯ | શીરપુરા | ૧ | ૧ | ૩૩ | પાંડૂ | ૨ | ૨ |
| ૧૦ | વાલાવાવ | ૨ | ૨ | ૩૪ | ગુલાબપુરા | ૧ | ૧ |
| ૧૧ | મનોરપુરા | ૧ | ૧ | ૩૫ | વચ્છેસર | ૧ | ૧ |
| ૧૨ | કુલ્યાપુરા | ૧ | ૧ | ૩૬ | લોટના | ૧ | ૧ |
| ૧૩ | અજબપુરા | ૧ | ૧ | ૩૭ | હરિપુરા | ૧ | ૧ |
| ૧૪ | લહેરીપુરા | ૨ | ૨ | ૩૮ | છાલીયેર | ૧ | ૧ |
| ૧૫ | વડીયા | ૧ | ૧ | ૩૯ | શેરપુરા | ૨ | ૨ |
| ૧૬ | બાલાનાપુરા | ૨ | ૨ | ૪૦ | વીસનગર | ૧ | ૧ |
| ૧૭ | ગોરસણ | ૧ | ૧ | ૪૧ | રણજીતનગર | ૧ | ૧ |
| ૧૮ | પસવા | ૧ | ૧ | ૪૨ | નવાપુરા (ક) | ૧ | ૧ |

| ક્રમ | ગામનું નામ | કુલ હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ | ક્રમ | ગામનું નામ | કુલ હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | નવાપુરા | ૧ | ૧ | ૪૩ | ડુંગરપુરા (ઇ) | ૧ | ૧ |
| ૨૦ | ઘેમલપુરા | ૧ | ૧ | ૪૪ | વરસડા | ૨ | ૨ |
| ૨૧ | ગોપરી | ૧ | ૧ | ૪૫ | રામનગર (વ) | ૧ | ૧ |
| ૨૨ | પીપલછટ | ૧ | ૧ | ૪૬ | શીરનામુવાડા | ૧ | ૧ |
| ૨૩ | ગોયાના મુવાડા | ૧ | ૧ | ૪૭ | ડેસર | ૧ | ૧ |
| ૨૪ | ધનતેજ | ૧ | ૧ | | કુલ : | **૫૯** | **૫૯** |

-------------

**આતરસુંબા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરોની ખાલી જ્ગ્યા**

૧૧૮૬૭**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના આતરસુંબા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તા.૨૫-૧-૧૦ની સ્થિતિએ ડોકટરોની કેટલી જ્ગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તબીબી અધિકારી વર્ગ-૨ (બે) જ્ગ્યાઓ ખાલી છે. એક જ્ગ્યા તા.૩૧-૧૨-૦૯ થી અને બીજી જ્ગ્યા તા. ૧૮-૧-૨૦૧૦ થી ખાલી છે.

(૨) યોગ્ય શૈક્ષણીક લાયકાત ધરાવતા તબીબ ઉપલબ્ધ થયેથી ખાલી જ્ગ્યા પર નિમણૂક આપવામાં આવશે.

-------------

**શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં બાળકોની ચકાસણી**

: ૧૩૨૬૮ **શ્રી ઋષિકેશ ગ.પટેલ(વિસનગર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ ૨૦૦૯નાં કેલેન્ડર વર્ષમાં કેટલા બાળકોની ચકાસણી કરવામાં આવી,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા બાળકોની ચકાસણી બાકી હતી,

(૩) ચકાસણી દરમ્યાન કેટલા બાળકોને ચશ્માનાં નંબર હોવાનું જણાયું, અને

(૪) તેમાંથી કેટલાને ચશ્મા પૂરા પાડવામાં આવ્યા ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ ૨૦૦૯ના કેલેન્ડર વર્ષમાં ૫૪૫૩૬૨ બાળકોની ચકાસણી કરવામાં આવી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૧૦૭૬૭ બાળકોની ચકાસણી બાકી હતી.

(૩) ચકાસણી દરમ્યાન ૭૨૦૧ બાળકોને ચશ્માનાં નંબર હોવાનું જણાયું.

(૪) ૭૨૦૧ બાળકોને ચશ્મા પુરા પાડવામાં આવ્યાં.

-------------

**ઈમરજન્સી મેડિકલ સેવા માટે અનુસ્નાતક અભ્યાસક્રમ**

૧૩૨૬૩ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઈમરજન્સી મેડિકલ સર્વિસીંગ માટે અનુસ્નાતક અભ્યાસક્રમ રાજ્ય સરકાર ધ્વારા શરૂ કરવામાં આવનાર છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) કઈ કઈ કોલેજોમાં આ અભ્યાસક્રમ શીખવાડવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ અને એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ અમદાવાદને આ માટે એસેન્સીયાલીટી સર્ટિફિકેટ આપેલ છે. અને મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા દ્વારા ઇન્સ્પેકશન પૂર્ણ કરેલ છે.

(૩) ભારત સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ તથા એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે ઇમરજન્સી મેડીસીન વિષયનો અભ્યાસક્રમ શીખવાડવામાં આવશે.

-------------

**ભુજની જી. કે. જનરલ હોસ્પિટલના કર્મચારીઓને નિયમિત પગાર ન મળવા બાબત**

૧૨૧૪૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભુજની જી. કે. જનરલ સિવિલ હસ્પિટલમાં કર્મચારીઓને તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગત વર્ષમાં નિયમિત પગાર ન મળવાની હકીક્ત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી.

(૨) રાજ્ય સરકારના એકમોને કે ગ્રાન્ટેબલ સંસ્થાઓને તા. ૧ થી ૧૦ વચ્ચે પગાર ચુકવવા વિભાગ હસ્તક નાણાં આવતા હોવા છતાં આરોગ્ય વિભાગ તરફથી ભુજની જી. કે. જનરલ હોસ્પિટલમાં કાયમી અને હંગામી કર્મચારીઓને મહિનાઓ સુધી પગાર ચુકવવાના કારણો શું છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગત વર્ષમાં વર્ષવાર મહીનાની કઈ કઈ તારીખે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલના કર્મચારીઓને પગાર ચુકવાયો ?

(૩) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની વિગતે પગાર ચૂકવવામાં આવેલ છે.

| માહે | વર્ષ | | |
|---|---|---|---|
| | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
| જાન્યુઆરી | ૧-૨-૦૭ | ૧-૨-૦૮ | ૯-૨-૦૯ |
| ફેબ્રુઆરી | ૧-૩-૦૭ | ૧-૩-૦૮ | ૬-૩-૦૯ |
| માર્ચ | ૩-૪-૦૭ | ૨-૪-૦૮ | ૨-૪-૦૯ |
| એપ્રિલ | ૨-૫-૦૭ | ૧-૫-૦૮ | ૧૪-૫-૦૯ |
| મે | ૧-૬-૦૭ | ૫-૬-૦૮ | ૧૭-૬-૦૯ |
| જુન | ૨-૭-૦૭ | ૩-૭-૦૮ | ૩-૭-૦૯ |
| જુલાઇ | ૧-૮-૦૭ | ૧-૮-૦૮ | ૧-૮-૦૯ |
| ઓગષ્ટ | ૧-૯-૦૭ | ૨-૯-૦૮ | ૨૨-૯-૦૯ |
| સપ્ટેમ્બર | ૧-૧૦-૦૭ | ૬-૧૦-૦૮ | ૯-૧૦-૦૯ |
| ઓક્ટોબર | ૧-૧૧-૦૭ | ૨૧-૧૦-૦૮ | ૪-૧૧-૦૯ |
| નવેમ્બર | ૧-૧૨-૦૭ | ૧-૧૨-૦૮ | ૩-૧૨-૦૯ |
| ડીસેમ્બર | ૧-૧-૦૮ | ૨-૧-૦૯ | ૬-૧-૧૦ |

-------------

## બોરસદ અને આંક્લાવ તાલુકામાં પીવાલાયક પાણી

૧૧૭૮૦**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બોરસદ અને આંક્લાવ તાલુકાના ગામોમાં પાણી પીવાલાયક નથી તે હકીક્તથી સરકાર વાકેફ છે,

(૧) કેટલાક ગામોમાં તાજેતરમાં સુધારેલ ધોરણ કરતાં નાઇટ્રેટની મર્યાદા વધારે જણાયેલ છે.

(૨) જો હા, તો આ તાલુકાના ગામોની જનતાને પીવાલાયક પાણી મળી રહે તે માટે સરકારે શું કાર્યવાહી કરી, અને

(૨) સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓના સોર્સ સુધારણા તથા જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાલાયક પાણી આપવાનું આયોજન કરેલ છે.

(૩) કેટલા સમયમાં ઉક્ત કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) માહે ૧૨/૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## રાજકોટ જિલ્લામાં "૧૦૮" એમ્બ્યુલન્સને મળેલ કોલ

૧૩૨૬૧**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૦૮ અને ૨૦૦૯નાં કેલેન્ડર વર્ષમાં ૧૦૮ની આરોગ્ય સેવાઓના કેટલા કોલ રાજકોટ જિલ્લામાં મળ્યા, અને

(૧) સન ૨૦૦૮માં ૨૫૬૨૦ કોલ, અને
સન ૨૦૦૯માં ૪૭૨૪૭ કોલ મળ્યા.

(૨) તે પૈકી અક્સ્માત, સર્પદંશ અને પ્રસુતિ સાથે સંક્ળાયેલ કેટલા કોલ હતાં ?

(૨)

| વર્ષ | તે પૈકી મળેલ કોલની સંખ્યા | | |
|---|---|---|---|
| | અક્સ્માત | સર્પદંશ | પ્રસુતિ |
| ૨૦૦૮ | ૬૮૨૮ | ૨૧૩ | ૫૬૨૨ |
| ૨૦૦૯ | ૮૧૨૩ | ૨૪૧ | ૧૩૭૮૩ |

-------------

## ગાંધી સર્કીટ તરીકે પ્રવાસન વિકાસની યોજના

૧૩૨૩૭**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકારના પ્રવાસ વિભાગ ધ્વારા ગાંધી સર્કીટ તરીકે પ્રવાસન વિકાસ માટેની કોઈ યોજના છે કે

(૧) હા, જી.

કેમ,

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર ધ્વારા કઈ કઈ કામગીરી હાથ ધરાઈ છે, અને

(૨) આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગાંધી સર્કીટમાં પોરબંદર શહેર, રાજકોટ (એમ.જી. વિદ્યાલય), અમદાવાદ (સાબરમતી આશ્રમ) અને દાંડી હેરીટેજ કોરીડોરની કામગીરી હાથ ધરાઇ છે.

**૧. પોરબંદર શહેરની વિગતો.**

- ચોપાટી-પારસી કબ્રસ્થાન સામે જીમખાનાથી સ્મશાન ગેટ સુધીના સિમેન્ટ ક્રોન્ક્રીટ રસ્તાનું કામ
- સુદામા મંદિરના સભામંડપનું સુધારા અને વધારા સાથે રીનોવેશનનું કામ.
- નેશનલ હાઇવે નંબર ૮-ઇ થી ભારત મંદિર સુધીના રસ્તાનું કામ.
- રણ વિસ્તાર ફરતે તથા પક્ષી અભ્યારણની સાઇડે ઇસ્ટ ફેઇસ વોક-વેનું કામ.
- માછલી ઘરના રીનોવેશનનું કામ.
- એસ. ટી. પાસેના રીલાયન્સ ફુવારાથી જગદીશ વીલા ક્રીકેટ ગ્રાઉન્ડની આજુબાજુ ફુટપાથ બનાવવાનું કામ.
- બાલભવન તથા વીલા સામેના બગીચાઓ-૧ અને ૨ ફરતે ફુટપાથ બનાવવાનું કામ.
- વીલા સામેના બગીચા નં. ૩ તથા વીલા સામેની જમીન બાજુના એપ્રોચ રોડમાં ફુટપાથનું કામ.
- ચોપાટી તરફ એપ્રોચ રોડની ડાબી બાજુ અને ટુરીસ્ટ બંગલાની બાજુના રસ્તામાં ફુટપાથ બનાવવાનું કામ.
- ટૂરીસ્ટ બંગલો તેમજ ઓશિયાનીક હોટલની વચ્ચેના રસ્તામાં વી.આઇ.પી. સરકારી વીલાની પૂર્વ સાઇડમાં સ્કેટીંગ ગ્રાઉન્ડથી દરિયા તરફ ફુટપાથ બનાવવાનું કામ.
- ચોપાટી રોડની પૂર્વ સાઇડમાં બેસવા માટેની દિવાલમાં રીપેરીંગનું કામ તેમજ દરિયા સાઇડમાં નુકશાન થયેલ ક્રોક્રીટ પાળી રીપેરીંગનું કામ.
- ચોપાટી રોડની દરિયા તરફની ફુટપાથમાં ખરાબ થયેલ ભાગને રીપેરીંગ કરવાનું કામ.
- ડીસ્ટ્રીક્ટ સેવાસદન-૧ની લાગુ આવેલ ફુટપાથના રીકન્સ્ટ્રક્શનનું કામ અને પાર્કીગ શેડનું કામ.
- ચોપાટી વિસ્તારમાં ફુટપાથની દિવાલમાં પ્લાસ્ટર તથા કલર કામ.
- ચોપાટી વિસ્તારમાં ઓશિયાનીક હોટલ સામેના ત્રિકોણીયા ભાગમાં રોડ ઉપરના ક્રોસમાં સીગારેટનું સ્થાપત્ય બનાવવાનું કામ.
- ચોપાટી વિસ્તારમાં ટ્રીગાર્ડ બનાવવાનું તથા કલર કામ.
- ચોપાટી વિસ્તારમાં ફુટપાથ માટે પેવર બ્લોક ફીટીંગનું કામ.
- પ્રવાસીઓને બેસવા માટેની સુવિધા, પીવાના પાણી અને ટોયલેટની સુવિધાની કામગીરી.
- કેન્દ્ર સરકારશ્રીની સહાયથી પોરબંદર ખાતે મ્યુઝીયમ બિલ્ડીંગનું રીપેરીંગ કામ.
- પ્રવાસન સ્થળો ખાતે સાઇડ બોર્ડ, ટૂરીસ્ટ રીસેપ્શન સેન્ટર અને વિલા સરકીટ હાઉસ

પાછળ ગાર્ડન બનાવવાની કામગીરી.

- વધુમાં પોરબંદર ખાતે આંતરમાળખાકિય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે કાર્યયોજના આધારીત સેપ્ટ સંસ્થા પાસેથી અહેવાલ તૈયાર કરાવવાની કામગીરી.

**૨. રાજકોટ (એમ.જી. વિદ્યાલય) ની વિગતો.**

એમ. જી. વિદ્યાલય ખાતે આંતરમાળખાકિય સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા દ્વારા કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરાવવાની કામગીરી.

**૩. સાબરમતી આશ્રમ, અમદાવાદની વિગતો.**

સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે આંતરમાળખાકિય સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા દ્વારા કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરાવવાની કામગીરી.

રાજ્ય સરકારે તા. ૨૯-૭-૨૦૦૯ના પત્રથી અમદાવાદના ગાંધીઆશ્રમના વિકાસ અંગે રૂપિયા ૩૫૦-૦૦ કરોડના પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારશ્રીને યોગ્ય સહાય આપવા માટે દરખાસ્ત મોક્લી હતી. અને ત્યારબાદ આ અંગે સ્મૃતિપત્ર પણ પાઠવેલ છે. અને તે કેન્દ્ર સરકારશ્રીમાં પડતર છે.

**૪. દાંડી હેરીટેજ કોરીડોરની વિગતો.**

પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધી કરેલ દાંડી કુચ દરમ્યાન જે જે ૨૧ સ્થળોએ રાત્રી રોકાણ કરેલ છે, તે બધી જગ્યાએ જુદા જુદા પ્રકારની નીચે દર્શાવેલ પ્રવાસન સુવિધાની કામગીરી હાથ ઉપર છે.

- દિશા સુચક તથા માહિતી દર્શાવતા બોર્ડ.
- સ્મારકની સફાઇ તથા રંગ કામ.
- લાયબ્રેરીનું કામ.
- મેડીટેશન કમ કોમ્પ્યુનીટી હોલનું કામ.
- ઓફિસનું કામ.
- સોવેનિયર શોપનું કામ.
- સ્ટોર, પેન્ટ્રી, ગેસ્ટ રૂમ, પીવાના પાણીની સગવડતા અને મ્યુઝીયમનું કામ.
- ઓડિયો વિઝયુલ રૂમ, કાફેટેરીયા અને જાહેર સુવિધાનું કામ.
- પાર્કિંગ તથા કેમ્પીંગ સાઇટનું કામ.
- આ ઉપરાંત દાંડી સ્થળના વિકાસ માટે પબ્લીક એમીનીટી બિલ્ડીંગ, ગાંધી ઇન્સ્ટીટ્યુટ વીથ વર્કશોપ, લેન્ડ સ્કેપીંગ, રેઇન હાર્વેસ્ટીંગ સિસ્ટમ, રોડ કામ, ટ્રી પ્લાન્ટેશન, ગામ તળાવની સુધારણા, ફુડ પ્લાઝા, દાંડી યાત્રીકોનું સ્મારક, માહિતી કેન્દ્ર તથા મેળા ગ્રાઉન્ડના વિકાસની કામગીરી.

(૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તે અંતર્ગત શી પ્રગતિ છે ?

(૩) પોરબંદર શહેર, રાજકોટ શહેર અને સાબરમતી આશ્રમ, અમદાવાદની ઉપર દર્શાવેલ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

દાંડી હેરીટેજ કોરીડોરની કામગીરી પ્રગતિમાં છે.

**વધાસર પી. એચ. સી.ની મંજૂરી**

૧૩૦૭૨**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ તાલુકાના વધાસર ગામે પી.એચ.સી. સેન્ટર ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને

(૨) આ આરોગ્ય સેન્ટર કાર્યરત છે કેમ ?

**જવાબ**

(૧) પાટણ તાલુકાના વધાસર ગામે પી.એચ.સી. સેન્ટર મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમરેલી જિલ્લામાં મોટી નદીઓ ઉપર ચેકડેમો**

૧૩૨૭૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ ચેકડેમોની કામગીરી હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ૬૫ ચેકડેમો મંજુર કરવામાં આવ્યા.

(૨) આ ૬૫ ચેકડેમોની કામગીરી નીચેના તબક્કે છે.
૩૩ ચેકડેમોનાં કામ પૂર્ણ થયેલ છે.
૧૩ ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે.
૧૯ ચેકડેમો વર્કઓર્ડર સ્ટેજે છે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પી.એચ.સી.માં ખાલી જગ્યાઓ**

૧૨૭૮૦**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ છેલ્લા બે વર્ષ થી ખાલી છે,

(૨) જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લાંબા સમયથી ડોકટરોની જગ્યાઓ ખાલી છે તે ગામોમાં પ્રજાના આરોગ્ય માટે બીજી કઈ કઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૩) આ જગ્યાઓ ભરવા માટે સરકારે કેવા પ્રકારનું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સંવર્ગવાર છેલ્લા બે વર્ષથી ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગવાર મંજુર અને ખાલી જગ્યાઓ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | |
| | મંજુર | ખાલી | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| ૧ | ૩૧ | ૦ | ૧૨૪ | ૨૦ | ૧૨૪ | ૦ |

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરની એક પણ જગ્યા ખાલી નથી. તેથી પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત સંવર્ગની હોઇ જિલ્લા પંચાયતના કાર્યક્ષેત્ર હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર દ્વારા લેબોરેટરી ટેક્નીશીયન અને જુનીયર ફાર્માસીસ્ટની જગ્યા ભરવા સચિવશ્રી, જિલ્લા પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદને તા.૩-૬-૦૬થી માંગણા પત્રક મોકલી આપેલ છે. તેમજ તા.૧-૬-૦૯થી સ્મૃતિ પત્રો પાઠવેલ છે. લેબોરેટરી ટેક્નીશીયન તથા જુનીયર ફાર્માસીસ્ટની જગ્યા આઉટ સોર્સથી ભરવા આર.સી.એચ. પ્રોગ્રામ હેઠળ ડિસે-૦૯માં દૈનિક પેપરમાં જાહેરાત આપેલ છે. જે જગ્યાઓ ભરવાની કાર્યવાહી

ચાલુમાં છે. બાકીની વર્ગ-૩ અને વર્ગ-૪ની જ્ગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, સુરેન્દ્રનગરે તા.૩-૬-૦૬થી માંગણાપત્રક મોકલેલ છે તેમજ તા.૧-૬-૦૯થી સ્મૃતિપત્ર પાઠવેલ છે. આ જ્ગ્યાઓ ઉપર ડેઇલીવેઝીસ અને આઉટ સોર્સથી કામ લેવામાં આવે છે.

-------------

**રાજ્યમાં ગ્રાઉન્ડ વોટરનો સર્વે**

૧૨૫૦૪**શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાત ગ્રાઉન્ડ વોટર રિસોર્સીસ ડેવલપમેન્ટ કોર્પોરેશન અથવા તેની સમકક્ષ ઓથોરીટી ધ્વારા ક્યારે રાજ્યમાં ગ્રાઉન્ડ વોટરનું સર્વે થયેલ છે, અને | (૧) ગુજરાત ગ્રાઉન્ડ વોટર રીસોર્સીસ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ગ્રાઉન્ડ વોટરનો છેલ્લો સર્વે ૨૦૦૭માં થયેલ છે. |
| (૨) આ સર્વે રિપોર્ટ સરકાર ધ્વારા જાહેર કરાયેલ છે કે કેમ, અને જો ના તો તેના કારણો શું છે તેમજ તે ક્યારે જાહેર કરવામાં આવશે ? | (૨) આ સર્વે રીપોર્ટ સરકારશ્રીની ચકાસણી અને વિચારણા હેઠળ છે. |

-------------

**રાજ્યના મહાનગરોમાં બી.આર.ટી.એસ યોજના હેઠળના પ્રોજેક્ટો**

૧૩૨૫૭**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના મહાનગરોમાં વધતી વાહનવ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર ધ્વારા અમલી કરાયેલ બી.આર.ટી.એસ. યોજના હેઠળના કેટલા પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે, | (૧) ત્રણ મહાનગરો અમદાવાદ, સુરત અને વડોદરા માટે ૦૫ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) આ પેકી અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલી રકમના પ્રોજેક્ટ મંજૂર થયેલ છે, અને | (૨) આ પેકી અમદાવાદ મહાનગરપાલિકામાં બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ત્રણ ભાગમાં મંજુર થયેલ છે. (ફેઝ-I, ફેઝ-II,(A), ફેઝ-II(B)) અને આ માટે કુલ રૂા. ૯૮૧.૪૫ કરોડની (નવસો એક્યાસી કરોડ પીસ્તાલીસ લાખ) રકમ મંજુર થયેલ છે. |
| (૩) આ પ્રોજેક્ટોની કેટલી પ્રગતિ થયેલ છે અને તેની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) આ પ્રોજેક્ટમાં અમદાવાદમાં પ્રથમ તબક્કાના ૧૨ કી.મી. ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને તેનો ઉપયોગ શરૂ કરાયેલ છે. જ્યારે બાકીના બંન્ને ફેજ ના કામ પ્રગતિમાં છે. |

-------------

**મચ્છુ-૨, ડેમી-૧ અને ડેમી-૨ જળાશયોની કેનાલોમાંથી લીફ્ટ ઈરીગેશન કરવા માંગણી**

૧૨૭૭૬**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં મચ્છુ-૨, ડેમી-૧ અને ડેમી-૨ જળાશયોની કેનાલોમાંથી લીફ્ટ ઈરીગેશન કરવા માટે માગણી આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારશ્રી દ્વારા ૯-૧૦ના ધોરણે મંજૂરી આપવામાં આવનાર છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં કામ પૂર્ણ થશે અને કેટલા ખર્ચે ? | (૩) તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ જણાયે નાણાકીય ઉપલબ્ધી અનુસાર કામો હાથ ધરવાનું આયોજન છે. |

-------------

## આણંદ જિલ્લાની નગરપાલિકાઓ માટે કેન્દ્રે ફાળવેલ ગ્રાન્ટ

**૧૧૭૭૭ શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે આણંદ જિલ્લાની નગરપાલીકા વાઈઝ કેટલી અને ક્યા ક્યા કામો માટે ગ્રાન્ટ ફાળવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની નીચે મુજબની નગરપાલિકાઓમાં કેન્દ્ર અને રાજ્ય સહાયવાળી ૩ યોજનાઓ તથા કેન્દ્ર સહાયવાળી ૧ યોજના સહિત કુલ ૪ યોજનાઓ માટે કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવેલ છે, જે નીચેના પત્રકમાં દર્શાવેલ છે.

(અ) આવાસના કામો માટે

| આઈ.એચ.એસ.ડી.પી (રૂા.લાખમાં) | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **કેન્દ્ર સરકારનો ફાળો** | **રાજ્ય સરકારનો ફાળો** |
| ૧ | ખંભાત | ૨૩૫.૦૭ | ૨૯.૩૮ |
| ૨ | બોરીયાવી | ૨૨૦.૧૨ | ૪૧.૦૪ |
| ૩ | ઉમરેઠ | ૩૭૪.૯૬ | ૪૬.૮૬ |
| ૪ | આંકલાવ | ૩૮૬.૩૦ | ૪૮.૨૮ |
| ૫ | પેટલાદ | ૪૦૯.૫૫ | ૫૧.૧૯ |
| | **કુલ :** | **૧૬૨૬.૦૦** | **૨૧૬.૭૭** |

(બ) પાણી પુરવઠાના કામો માટે

| યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. (રૂા.લાખમાં) | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **કેન્દ્ર સરકારનો ફાળો** | **રાજ્ય સરકારનો ફાળો** |
| ૧ | બોરીયાવી | ૧૮૦.૨૬ | ૪૪.૦૯ |
| ૨ | ખંભાત | ૩૫૨.૭૭ | ૩૨.૫૮ |
| ૩ | ઉમરેઠ | ૩૦૫.૧૮ | ૧૯.૦૭ |
| ૪ | પેટલાદ | ૪૨૫.૩૧ | ૨૬.૫૮ |
| ૫ | સોજીત્રા | ૨૧૩.૩૯ | ૧૩.૩૮ |
| | **કુલ :** | **૧૪૭૬.૯૧** | **૧૩૫.૭૦** |

(ક) ૧૨મા નાણાં પંચની પાણી માટેની ગ્રાન્ટ

(રૂા.લાખમાં)

| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **કેન્દ્ર સરકારનો ફાળો** |
|---|---|---|
| ૧ | વલ્લભવિદ્યાનગર | ૧૦૦.૦૦ |
| ૨ | કરમસદ | ૩૦૦.૦૦ |
| ૩ | ઓડ | ૧૦૦.૦૦ |
| ૪ | બોરસદ | ૧૫૦.૦૦ |
| ૫ | સોજીત્રા | ૨૦૦.૦૦ |

(ડ) એસ.જે.એસ.આર.વાય. હેઠળ વેતન રોજગાર અંતર્ગત નગરપાલિકા વાઈઝ ફાળવેલ ગ્રાન્ટ

(રૂા.લાખમાં)

| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **કેન્દ્ર સરકારનો ફાળો** | **રાજ્ય સરકારનો ફાળો** |
|---|---|---|---|
| ૧ | વલ્લભવિદ્યાનગર | ૨.૨૫ | ૦.૭૫ |
| ૨ | કરમસદ | ૨.૨૫ | ૦.૭૫ |
| ૩ | ઓડ | ૧.૫૦ | ૦.૫૦ |
| ૪ | બોરસદ | ૩.૭૫ | ૧.૨૫ |
| ૫ | સોજીત્રા | ૧.૫૦ | ૦.૫૦ |
| ૬ | પેટલાદ | ૩.૭૫ | ૧.૨૫ |
| ૭ | ઉમરેઠ | ૨.૨૫ | ૦.૭૫ |
| ૮ | બોરીયાવી | ૧.૫૦ | ૦.૫૦ |
| ૯ | આંકલાવ | ૧.૫૦ | ૦.૫૦ |
| ૧૦ | આણંદ | ૪.૫૦ | ૧.૫૦ |
| ૧૧ | ખંભાત | ૩.૭૫ | ૧.૨૫ |
| | કુલ | ૨૮.૫૦ | ૯.૫૦ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

**જવાબ**

(૨) IHSDP યોજના અંતર્ગત આણંદ જિલ્લાની કુલ પાંચ નગરપાલિકાઓમાં ૩૬૧૭ આવાસની કામગીરી સોંપેલ જે પેકી ૪૨૭ યુનીટની કામગીરી પ્રગતિમાં છે.

આ યોજના હેઠળ બોરીયાવી, ખંભાત અને ઉમરેઠ નગરપાલિકાના મંજૂર કરેલ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૮૦,૦૦૦/- ની પ્રતિ આવાસ કિંમત નિયત કરેલ હતી. તથા પેટલાદ અને આંકલાવ ન.પા.ના પ્રોજેક્ટ માટે

રૂા.૧,૦૦,૦૦૦/- ની પ્રતિ આવાસ કિંમત નિયત કરેલ છે. પરંતુ વધતી જતી મોંઘવારીના કારણે આ કિંમતમાં આવાસો બાંધવા કોઈ ઈજારદાર તેયાર ન થતા હોઈ રાજ્ય સરકારે ગરીબોને આવાસ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્યના સ્વભંડોળમાંથી વધારાની સહાય ઉપલબ્ધ કરાવવા નિર્ણય કરેલ છે, જે અનુસાર આ યોજના હેઠળ પ્રતિ આવાસ કિંમત અનુક્રમે રૂા.૧,૦૦,૦૦૦/- અને રૂા.૧,૨૫,૦૦૦/- નિયત કરેલ છે. જેથી આણંદ જિલ્લાની ઉપર્યુક્ત નગરપાલિકાઓમાં આ યોજના હેઠળના પ્રોજેક્ટસ માટે અંદાજે રૂા.૭.૨૫ કરોડ જેટલી રકમની વધારાની સહાય રાજ્યના સ્વભંડોળમાંથી ઉપલબ્ધ કરાવાશે જેથી ગરીબો માટેના આવાસો ઝડપથી પૂર્ણ કરી શકાશે.

**યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી.** યોજના અંતર્ગત તમામ પાંચ નગરપાલિકાઓમાં કામ પ્રગતિ હેઠળ છે.

**૧૨મા નાણાપંચ** હેઠળના તમામ પાંચ નગરપાલિકાઓમાં કામ પ્રગતિ હેઠળ છે.

**વેતન રોજગાર** યોજના હેઠળ આણંદ જિલ્લાની ૧૧ નગરપાલિકાઓ પેકી ૭ નગરપાલિકાઓમાં કુલ ૧૫ કામો પેકી ૬ કામો પૂર્ણ થયેલ છે અને ૫ કામો પ્રગતિ હેઠળ છે.

(૩) ઉક્ત ગ્રાન્ટ પુરેપુરી વપરાઈ છે કેમ ?

(૩) **આઈ.એચ.એસ.ડી.પી., યુ. આઈ. ડી. એસ.એસ.એમ.ટી. અને ૧૨મા નાણાપંચ** હેઠળ ફાળવેલ ગ્રાન્ટ કામોની પ્રગતિ અનુસાર ખર્ચ કરવામાં આવી રહેલ છે. **વેતન રોજગાર યોજના** હેઠળ ૪ નગરપાલિકાઓની દરખાસ્ત મળવાની બાકીમાં છે. જ્યારે અન્ય નગરપાલિકાઓમાં કામોની પ્રગતિ અનુસાર ખર્ચ કરાયેલ છે.

-------------

## બારડોલી અને માંડવી તાલુકામાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકીઓ અને સંપ

૧૧૯૫૨**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાનાં બારડોલી અને માંડવી તાલુકાઓમાં પાણી પુરવઠા ખાતા ધ્વારા કેટલાં ગામોમાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકી તથા સંપ બનાવવામાં આવ્યા, | (૧) બારડોલી તાલુકામા ૫ ઓવરહેડ ટાંકી અને માંડવી તાલુકામાં ૫ ઓવરહેડ ટાંકી બનાવવામાં આવી. સંપ બનાવવામાં આવેલ નથી. |
| (૨) આ ઓવરહેડ ટાંકી તથા સંપ કેટલા ગામોમાં બંધ હાલતમાં પડેલ છે, | (૨) એકપણ નહી. |
| (૩) તેના કારણો શાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યાં સુધીમાં તેને ચાલુ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### ધારી તાલુકામાં મહી પરીએજ આધારિત યોજના

૧૩૩૧૫ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધારી તાલુકામાં મહી પરીએજ યોજના ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) તા.૨૧-૧-૨૦૦૩ થી. |
| (૨) હાલ આ યોજનાનું કામ ક્યા તબક્કે છે, અને ક્યારે પૂર્ણ થશે, | (૨) ૭૦ ટકા કામો પૂર્ણ થયેલ છે. બાકી રહેતા કામો માહે ૩/૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) રૂા. ૩૦.૩૫ કરોડ. |
| (૪) ધારી તાલુકામાં મહી પરીએજ યોજનાનું પાણી પીવા માટે ક્યારે આપવામાં આવશે ? | (૪) ક્રમશ : ૬/૨૦૧૧ સુધીમાં. |

### જામનગર જિલ્લા માટે નર્મદા આધારિત પીવાના પાણીની યોજના

૧૩૨૨૮ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના બાકી રહેતા ગામો અને શહેરોમાં પીવાના પાણી માટે નર્મદા યોજના કેનાલ આધારિત યોજના ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) તા.૨૭-૧૧-૨૦૦૬ થી શરૂ કરવામાં આવી. |
| (૨) ક્યાં સુધીમાં ઉક્ત યોજના પૂર્ણ કરવા માટેનું આયોજન છે, | (૨) માર્ચ-૨૦૧૦ સુધીમાં. |
| (૩) તે યોજનાથી કેટલા ગામો અને શહેરોને લાભ મળશે, અને | (૩) ૪૭૯ ગામો અને ૭ શહેરોને. |
| (૪) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે? | (૪) અંદાજે કુલ રૂા.૧૩૮.૬૪ કરોડ. |

### શહેરી વિકાસ માટે કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ

૧૧૮૮૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શહેરી વિકાસ માટે કઈ કઈ યોજના માટે કેન્દ્ર સરકારમાંથી વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં શહેરી વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યમાં વિવિધ યોજનાઓ માટે ફાળવેલ ગ્રાન્ટની માહિતી નીચે મુજબ છે.

| યોજનાનું નામ | યુ.આઈ.જી. | યુ.આઈ.ડી.એસ. એસ.એમ.ટી. | બી.એસ. યુ.પી. | આઈ.એચ.એસ.ડી.પી. |
|---|---|---|---|---|
| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ રૂા.કરોડમાં | | | |
| ૨૬.૧.૦૭ થી ૨૫.૧.૦૮ | ૨૪૫.૬૩ | ૬૧.૧૫ | ૫૨.૪૬ | ૫૮.૯૯ |
| ૨૬.૧.૦૮ થી ૨૫.૧.૦૯ | ૫૦૯.૪૩ | ૭૪.૬૦ | ૧૩૭.૧૬ | ૧૭.૪૩ |
| ૨૬.૧.૦૯ થી ૨૫.૧.૧૦ | ૬૯.૫૧ | ૭૨.૭૨ | ૧૬૬.૧૬ | ૩૬.૬૧ |

(૨) તેમાં વણવપરાયેલ ગ્રાન્ટ કેટલી ?

(૨) ઉપર્યુક્ત તમામ યોજનાઓમાં રાજ્ય સરકારની મેચીંગ ગ્રાન્ટ સહિતની તમામ ગ્રાન્ટના કામો પ્રગતિ હેઠળ હોઈ ગ્રાન્ટ ન વપરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### જાન્યુઆરી-૨૦૧૦માં યોજેલ પતંગ મહોત્સવ

૧૨૦૫૬**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર દ્વારા અમદાવાદ ખાતે જાન્યુ-૨૦૧૦માં યોજાયેલ પતંગ મહોત્સવમાં ક્યા ક્યા | (૧) રાજ્યમાં સરકાર દ્વારા અમદાવાદ ખાતે જાન્યુઆરી-૨૦૧૦માં યોજાયેલ પતંગ મહોત્સવમાં |

મહાનુભાવોના નામો આમંત્રણ પત્રીકામાં છાપવામાં આવ્યા.

મહામહીમ રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી (પ્રવાસન) અને અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ, ગાંધીનગરના નામો આમંત્રણ પત્રિકામાં છાપવામાં આવ્યા હતા.

(૨) ક્યા ક્યા ધારાસભ્યોને તે અન્વયે નિમંત્રણ આપવામાં આવ્યા, અને

(૨) ગુજરાત વિધાનસભાના તે સમયના તમામ ધારાસભ્યશ્રીઓને તે અન્વયે નિમંત્રણ આપવામાં આવ્યા હતા.

(૩) ઉક્ત પતંગ મહોત્સવ પાછળ કેટલો ખર્ચ બજેટના ક્યા સદર-હેડે કરવામાં આવ્યો ?

(૩) ઉક્ત પતંગ મહોત્સવ પાછળ રૂપિયા ૨,૭૨,૧૭,૮૧૩.૦૦ (અંકે રૂપિયા બે ક્રોડ બોંતેર લાખ સત્તર હજાર આઠસો તેર પુરા) નો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ હેડમાં કરવામાં આવ્યો હતો.

માગણી ક્રમાંક-૫૧
મુખ્ય સદર-૩૪૫૨-પ્રવાસન
પેટા મુખ્ય સદર-૮૦-સામાન્ય
ગૌણ સદર-૮૦૦-અન્ય ખર્ચ
હેતુ સદર-૫૦૦૦-અન્ય ખર્ચ
(૩) ટીઆરએસ-૧૮ મેળા અને ઉત્સવો.

-------------

**નારગોલ ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા યોજના**

૧૩૨૭૬ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાનાં ઉમરગામ તાલુકાના નારગોલ ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા કોઈ યોજના બનાવવામાં આવી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ઉક્ત કામગીરી ડીસેમ્બર-૨૦૦૮માં શરૂ કરી ઓક્ટોબર-૨૦૦૯માં પૂર્ણ કરવામાં આવેલ છે.

-------------

**દાહોદ અને ઝાલોદ તાલુકામાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજના**

૧૧૮૨૭**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ કેટલી છે, અને

(૨) તે પૈકી કેટલી ચાલુ છે અને કેટલી બંધ છે ?

(૧) અને (૨) :

| તાલુકો | સ્વતંત્ર પાણી પુરવઠા યોજના | ચાલુ યોજના | બંધ યોજના |
|---|---|---|---|
| દાહોદ | ૩૧ | ૨૦ | ૧૧ |
| ઝાલોદ | ૨૨ | ૧૨ | ૧૦ |

**પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. મંજૂરી માટે કાર્યવાહી**

૧૩૨૭૦**શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત ખોરાક અને ઓષધ નિયંત્રણ નિયામક દ્વારા રાજ્યમાં [illegible]

(૧) રાજ્યની ૨ પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. હેઠળ મંજૂરી મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કેટલી પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. હેઠળ મંજૂરી મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૨) આ કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે ?

(૨) (૧) ભુજની પ્રયોગશાળા માટે એન.એ.બી.એલ. **પ્રમાણપત્ર** મેળવવા **ડિપાર્ટમેન્ટલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી નવી દિલ્હીને** અરજી કરવા માટે જરૂરી એવી પ્રક્રિયા જેવી કે નોર્મ્સ મુજબ સાધનોનું કેલીબ્રેશન, ડોક્યુમેન્ટેશન, ક્વોલીટી પોલીસી તથા મેન્યુઅલ તેયાર કરાવવા, આધુનિક સાધનોના વપરાશ માટે તાલીમ, ઉપકરણોની લોગબુક તથા થર્ડ પાર્ટી કેલીબ્રેશન, એનએબીએલ એક્રેડીટેડ લેબોરેટરી દ્વારા કરાવવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

(૨) વડોદરા પ્રયોગશાળાના ઓષધ રસાયણ વિભાગમાં **૨૦ ટેસ્ટનો સ્કોપ** વધારવા માટે **તા. ૩-૧૧-૨૦૦૯** ના રોજ અરજી **ડિપાર્ટમેન્ટલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી નવી દિલ્હીને** મોકલવામાં આવેલ છે.

-------------

## અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે મંજૂર પ્રોજેક્ટો

૧૩૨૫૫**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે ૨ પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવેલ છે જે પેકી પહેલો પ્રોજેક્ટ અમદાવાદ મહાનગર માટે ઘન કચરાનો નિકાલ અને બીજો પ્રોજેક્ટ શહેરી વાહન વ્યવસ્થા માટે બસોની ખરીદીનો છે. |
| (૨) આ પ્રોજેક્ટ પાછળ કેટલી રકમનો ખર્ચ થશે, અને | (૨) મંજુર થયેલ ૨ પ્રોજેક્ટ માટે રૂ. ૩૪૨૧૫.૮૮ લાખનો ખર્ચ થવા પામશે. |
| (૩) તે અંગે રાજ્ય સરકાર અને મહાનગરપાલિકા ધ્વારા કેટલો ફાળો આપવામાં આવનાર છે ? | (૩) ઘન કચરા નિકાલના પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૭૮૨.૮૮ લાખ અને અમદાવાદ મહાનગર દ્વારા કુલ રૂ. ૫૯૪૨.૯૨ લાખ અને શહેરી વાહન વ્યવસ્થા માટે બસ ખરીદી ના બીજા પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૩૩૪૯.૫ લાખ અને અમદાવાદ મહાનગર દ્વારા કુલ રૂ. ૧૧૧૬૫.૦૦ લાખ આપવામાં આવનાર છે. |

-------------

## અમદાવાદ અને કચ્છ જિલ્લામાં સ્વેચ્છિક સંસ્થાઓ અને લોકજુથો ધ્વારા બનેલ ચેકડેમો

૧૨૪૧૭**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ અને કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વેચ્છિક સંસ્થાઓ અને લોકજૂથો દ્વારા તાલુકાવાર કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,<br>(૨) ઉક્ત ચેકડેમો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ અને કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વેચ્છિક સંસ્થાઓ અને લોકજુથો દ્વારા તાલુકાવાર ચેકડેમો અને તે અંગેના ખર્ચની વિગતો આ સાથે સામેલ ***પત્રક-૧** મુજબ છે. |
| (૩) કઈ કઈ સંસ્થાના ચેકડેમો બનાવવાની | (૩) ચેકડેમો બનાવવાની સંસ્થાઓની પેન્ડીંગ |

દરખાસ્તો પેન્ડીંગ છે ?

દરખાસ્તો આ સાથે સામેલ ***પત્રક-૨** મુજબ.

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**ખેડા જિલ્લામાં પી.એચ.સી. અને સી. એચ. સી. માં આયુર્વેદીક અને એમ. ડી. ડૉક્ટરો**

૧૧૯૨૫ **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. દવાખાનાઓમાં આયુર્વેદીક અને એમ. ડી. ફીઝીશીયન ડૉક્ટરો ક્યા ક્યા દવાખાનામાં ફરજ બજાવે છે ?

**જવાબ**

૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના એકપણ પી.એચ.સી. અને સી.એચ.સી. દવાખાનાઓમાં એમ. ડી. ફીઝીશીયન ડૉક્ટર ફરજ બજાવતા નથી તેમજ એકપણ સી.એચ.સી. ખાતે આયુર્વેદ તબીબ ફરજ બજાવતા નથી તથા જે પી.એચ.સી. માં આયુર્વેદ તબીબ ફરજ બજાવે છે. તે અંગેનું અલગથી પત્રક-અ સામેલ છે.

**પત્રક - અ**

| અ.નં. | આયુર્વેદીક ડૉક્ટરનું નામ | પ્રા.આ. કેન્દ્રનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વેધ વિરલ ડી. વાઘેલા | મહોળેલ | નડીયાદ |
| ૨ | વેધ પ્રતિક્ષા જે. ચૌહાણ | યોગીનગર | નડીયાદ |
| ૩ | વેધ મેક્વાન રીજોઇસ | પલાણા | નડીયાદ |
| ૪ | સંગીતા આર. પટેલ | પીજ | નડીયાદ |
| ૫ | વેધ મનોજ જી. પટેલ | સેવાલીયા | ઠાસરા |
| ૬ | વેધ અલકા આર. પટેલ | નેશ | ઠાસરા |
| ૭ | વેધ એ.એ. જોષી | ચેતરસુંબા | ઠાસરા |
| ૮ | વેધ ભાવિક એ. વિહોતી | ખાંધલી | માતર |
| ૯ | વેધ જીતેશ આર. પટેલ | ત્રાજ | માતર |
| ૧૦ | વેધ દેવેન્દ્ર બી. શાહ | જનોડ | બાલાસિનોર |
| ૧૧ | વેધ યુસુફ મન્સુરી | ક્નીજ | મહેમદાવાદ |
| ૧૨ | વેધ હર્ષાબેન મણીલાલ શાહ | વરસોલા | મહેમદાવાદ |
| ૧૩ | વેધ ઇલાક્ષી કે. સુતરીયા | સિહુંજ | મહેમદાવાદ |
| ૧૪ | વેધ મનદીપ પી. પટેલ | નાયકા | ખેડા |
| ૧૫ | વેધ જીગીષા પી. પટેલ | વા.મારગીયા | ખેડા |
| ૧૬ | વેધ કૃણાલ પાટણવાલા | ચરેડ | કઠલાલ |
| ૧૭ | વેધ આરતી પી.ભાવસાર | ભરકુંડા | કઠલાલ |
| ૧૮ | વેધ નમ્રતા વી. સુતરીયા | ગોગજીપુરા | કઠલાલ |
| ૧૯ | વેધ રંજનબેન જી. ગઢવી | અનારા | કઠલાલ |
| ૨૦ | વેધ સોનલબેન બ્રહ્મભટ્ટ | લસુન્દ્રા | કઠલાલ |
| ૨૧ | વેધ કોશલ જે. દલવાડી | સણાલી | મહુધા |
| ૨૨ | વેધ રશ્મીકુમારી વણઝારા | અલીણા | મહુધા |
| ૨૩ | વેધ જાની મહેશકુમાર એમ. | ચુંણેલ | મહુધા |
| ૨૪ | વેધ અનિતા એમ.સુથાર | સાલેયા | વીરપુર |
| ૨૫ | વેધ કેતન એચ. પટેલ | ડેભારી | વીરપુર |
| ૨૬ | વેધ પ્રજ્ઞેશ એચ. | મોટીઝેર | કપડવંજ |
| ૨૭ | વેધ જીગીષા આર. પારેખ | અંતિસર | કપડવંજ |
| ૨૮ | વેધ દર્શનાબેન એન.વાઘેલા | આંતરોલી | કપડવંજ |

-------------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના અન્વયે ફાળવેલ રકમ**

૧૨૭૮૭**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના અન્વયે કેટલી રકમ ક્યારે ફાળવી, અને

**જવાબ**

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં વર્ષવાર ફાળવેલ રકમની વિગતો (રૂા.ક્રોડમાં)

| જિલ્લો | ફાળવેલ રકમ (તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ) | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ |
| નર્મદા | ૭.૮૩૨૬ | ૧૨.૦૪૪૯ | ૬.૧૧૫૯ | ૨૫.૯૯૩૪ |
| ભરૂચ | ૧૨.૭૩૪૫ | ૧૯.૭૪૬૬ | ૨૨.૫૦૬૧ | ૫૪.૯૮૭૨ |
| કુલ : | ૨૦.૫૬૭૧ | ૩૧.૭૯૧૫ | ૨૮.૬૨૨૦ | ૮૦.૯૮૦૬ |

(૨) ફાળવેલ રકમ અન્વયે ક્યા ક્યા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) જુદા જુદા વિભાગોની યોજનાઓ જેવી કે, મકાન બાંધકામ સહાય, પાણી પુરવઠા, ગટર, જુદી જુદી શિષ્યવૃત્તિઓ, સાયકલ સહાય, તબીબી સહાય, નિરાધાર સહાય, માનવગરીમાં બેંકેબલ સહાય, રાષ્ટ્રીય વૃધ્ધ

પેન્શન સહાય, વ્યવસાયિક તાલીમ, સાતફેરા સમૂહલગ્ન, સંતસૂરદાસ સહાય, ઉમ્મીદ અને રોજગાર, સ્ટ્રીટ લાઇટ, સસ્તા દરના શોચાલયો, મધ્યાહ્ન ભોજન, પોષણ, આરોગ્ય સહાય, સ્વર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના રમતગમતની સુવિધાઓ માટે ખર્ચ કરાવામાં આવેલ છે.

| જિલ્લો | ખર્ચની વિગતો (રૂા. કરોડમાં) | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ |
| નર્મદા | ૬.૮૩૮૯ | ૧૨.૩૪૭૨ | ૬.૬૧૬૬ | ૨૫.૮૦૨૭ |
| ભરૂચ | ૧૨.૫૧૩૭ | ૧૭.૪૨૫૯ | ૧૮.૬૨૩૮ | ૪૮.૫૬૩૪ |
| કુલ : | ૧૯.૩૫૨૬ | ૨૯.૭૭૩૧ | ૨૫.૨૪૦૪ | ૭૪.૩૬૬૧ |

-------------

## સુરત અને અમદાવાદ મહાનગરોની પડતર ટી. પી. સ્કીમો

૧૨૫૪૨**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત અને અમદાવાદ મહાનગરોમાં કુલ કેટલી ટી. પી. સ્કીમો બનેલ છે, અને | (૧) અમદાવાદ-૨૬, સુરત-૧૭ |
| (૨) આ પેકી સ્થાનિક કક્ષાએથી મંજુર કરેલ અને સરકારમાં પડતર હોય એવી કેટલી ટીપી સ્કીમો છે ? | (૨) અમદાવાદ-૧૮, સુરત-૧૫ |

-------------

## યુ. એન. મહેતા કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટના વિસ્તરણ બાબત

૧૩૨૯૪**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા યુ. એન. મહેતા કાર્ડીયોલોજી ઈન્સ્ટિટ્યુટનાં વિસ્તરણ માટે ક્યારે મંજૂરી અપાઈ, અને | (૧) ૧.તા.૨૯-૪-૨૦૦૮ જમીનની ફાળવણી કરી<br>૨. તા.૨૭-૮-૨૦૦૯ સાધન સામગ્રી, મશીનરી/ઇન્સ્ટ્રુમેન્ટની ખરીદી માટે<br>૩. તા.૯-૯-૨૦૦૯ વધારાના સ્ટાફની મંજૂરી |
| (૨) આ વિસ્તરણ થકી વધારાની કઈ કઈ સવલતો ક્યારથી ઉપલબ્ધ બનશે ? | (૨) આ વિસ્તરણથી નીચે મુજબની સવલતો ઉપલબ્ધ થશે/સવલતોમાં વધારો થશે.<br>૧. ઓ.પી.ડી.નું વિસ્તરણ થશે.<br>૨. સ્ટેટ ઓફ આર્ટ કાર્ડિયાક કેથેરાઇઝેશન લેબોરેટરીની સંખ્યા ૩ માંથી વધારી ૪ થશે.<br>૩. સ્ટેટ ઓફ આર્ટ કાર્ડિયોથોરાસીક સર્જરી ઓપેરેશન થીયેટરની સંખ્યા ૩ માંથી વધારીને ૫ થશે.<br>૪. પીડીયાટ્રીક કાર્ડિયોલોજી તેમજ પીડીયાટ્રીક કાર્ડિયોથોરાસીક સર્જરી વિભાગનું અપગ્રેડેશન કરવામાં આવશે.<br>૫. મેડિકલ આઇસીસીયુના બેડની સંખ્યા ૫૬, સર્જીકલ સીટીઆરઆરના બેડની સંખ્યા ૫૬ તેમજ કુલ પથારીની સંખ્યા ૨૫૦ થી વધીને ૪૫૦ થશે. જેમાં મેડિકલ ટુરિઝમને પ્રમોટ કરવા માટે ૬ સેમી સ્પેશયલ રૂમ, ૧૮ સ્પેશયલ રૂમ, ૩ ડિલક્ષ અને ૨ એક્ઝીક્યુટી રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>૬. શૈક્ષણિક તેમજ સંશોધન જેવી પ્રવૃત્તિઓ માટેનો અલાયદો માળ ફાળવવામાં આવશે. નવા અપગ્રેડેશન પ્લાન મુજબ ચોથો માળ એકેડેમી |

ફ્લોર તરીકે સ્થાપિત થશે.

૭. નવા અપગ્રેડેશન પ્રોજેક્ટ પછી શૈક્ષણિક ક્ષેત્રે ડી. એમ. કાર્ડિયોલોજીમાં ૧ માંથી ૭ રેસીડેન્ટ ડોકટરોનો વધારો થશે અને કાર્ડિથોરાસીક સર્જરી વિભાગમાં ૨ રેસીડેન્ટ ડૉકટરો ઉપલબ્ધ રહેશે. જેથી દર્દીઓને ૨૪ ક્લાક ઉત્તમ સારવાર મળી રહે. વિસ્તરણ કાર્ય પુર્ણ થયેથી આ સવલોતો ઉપલબ્ધ થશે.

**ઠક્કર બાપા સરોવરમાં પાણીનો જથ્થો**

૧૨૯૮૩**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ શહેરને પીવાનું પાણી પૂરૂં પાડતા ઠક્કર બાપા સરોવરમાં પાણીનો જથ્થો કેટલો છે, | (૧) ૩૧૬.૯૦ મી. ઘનફુટ |
| (૨) આ જથ્થો અપૂરતો છે તે વાત સાચી છે, અને | (૨) પીવાના પાણી માટે, જથ્થો પુરતો છે. |
| (૩) જો હા, તો તે સામે શું આયોજન કરવામાં આવ્યું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**દહેગામ તાલુકાના હિલોલ-વાસણા પાસે ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી**

૧૩૨૪૫**શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દહેગામ તાલુકાના હિલોલ-વાસણા ગામ પાસે ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે શું કામગીરી કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ દહેગામ તાલુકાના હિલોલ-વાસણા ગામ પાસે ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે ભૂગર્ભ પાઈપ લાઈનની ૯૦ % કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) આ કામગારી માર્ચ-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય પ્રસૂતિ સહાય યોજના હેઠળ સહાય**

૧૧૯૮૧**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય પ્રસૂતિ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આર્થિક સહાય આપવામાં આવી, | (૧) રાષ્ટ્રીય પ્રસુતિસહાય યોજના રદ કરી જનની સુરક્ષા યોજના અમલમાં છે. આ યોજના હેઠળ કુલ રૂ.૧,૫૬,૯૩,૨૦૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૨) કેટલી મહીલાઓને સહાય આપવામાં આવી નથી, | (૨) મળવાપાત્ર સહાય આપવામાં આવેલ હોઈ કોઈ કેસ પડતર નથી. |
| (૩) તેના કારણો શું છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સહાય ચુકવવાના કેટલા કેસો પડતર છે અને તેનો નિકાલ ક્યારે થશે ? | (૪) કેસો પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**હીરણ ડેમ આધારિત પાણી પુરવઠા યોજનાના પાણીથી વંચિત ગામો**

૧૧૭૦૧**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના હીરણ ડેમ આધારિત ગ્રામીણ પાણી પુરવઠા યોજના અન્વયે અંદાજે ૫૩ ગામોને પાણી પુરૂં પાડવામાં આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દક્ષીણ તરફના છેવાડાના દસ | (૨) હિરણ ડેમ આધારિત કુલ ૬૦ ગામો પૈકી |

ગામોમાં ગ્રેવીટી નહીં મળવાને કારણે પાણી મળતું નથી તે અન્વયે તા. ૧૫-૧-૧૦ સુધીમાં સરકારે ઉક્ત ગામોને પાણી મળે તે માટે શું આયોજન કરેલ છે, અને

પાણી ન મેળવતા ૭ ગામોમાંથી ૩ ગામોએ સ્થાનિક સોર્સમાં પુરતો પાણી પુરવઠો ઉપલબ્ધ હોઈ, સ્વેચ્છિક રીતે પાણી પુરવઠો મેળવતા નથી જ્યારે ૪ ગામોને પાણી નિયમીત રીતે પુરૂ પાડવા નર્મદા કેનાલ પાઈપ લાઈન આધારિત સોનારીયા ગૃપ તેમજ ખાંભા જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) કેટલા સમયમાં ઉક્ત કામ પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## પાદરા નગર સેવાસદનનો મોડલ નગરપાલિકા તરીકે વિકાસ

૧૨૦૪૯**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાદરા નગર સેવાસદનને મોડલ નગરપાલિકામાં સમાવેશ કર્યો છે કે કેમ,

(૨) જો હા, તો તે અંતર્ગત ક્યાં ક્યાં કામો થશે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નીચે મુજબના કામો કરવાનું આયોજન કરેલ છે.

(અ) આગવી ઓળખ,

(બ) શહેરી ગરીબ વિસ્તારો માટેના કામો

(ક) ગ્રીન સીટી માટે નગરપાલિકાએ નીચેના વિસ્તારોમાં વિકાસ કામો કરવાનું આયોજન કરેલ છે.

(અ) આગવી ઓળખ :

(૧) સાયાજી ગાર્ડન. (૨) જુની શાકમાર્કેટ (૩) સ્ટ્રીટલાઈટ, ઓટો ટાઈમર, પાવર સેવર લાઈટ, (૪) ઘનશ્યામનગરથી હાઉસીંગના મકાનો સુધી આર.સી.સી. રસ્તો (૫) જુના એસ.ટી. ડેપો ચાર રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધીના રસ્તાને ગોરવ પથ તરીકે વિકસાવવા માટે રસ્તો પહોળો કરી રીસર્ફેશ કરી ડીવાઈડર, ફુટપાથ તથા વરસાદી ગટરના કામો.

(બ) શહેરી ગરીબ વિસ્તારો માટેના કામો :

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડ નં. ૧ માં આર.સી.સી. રસ્તો બનાવવાનું કામ. (૨) રેલ્વે સ્ટેશન પાછળ બુગાન્ડામાં આર.સી.સી. રસ્તો બનાવવાનું કામ (૩) રામદેવનગરમાં આર.સી.સી. રસ્તો બનાવવાનું કામ (૪) બજરંગનગરમાં રસ્તો બનાવવાનું કામ (૫) રામનગરમાં આર.સી.સી. રસ્તો બનાવવાનું કામ (૬) હાઉસીંગ સો. નં. ૩૮૧-૫૭૭ પાસે રસ્તો બનાવવાનું કામ (૭) શ્રીજી ધામ પાસે ગુજરાત હાઉસીંગ સો.નં. ૬૭૭-૭૨૧ પાસે આર.સી.સી. રસ્તો બનાવવાનું કામ (૮) ટોચીયાવગામાં રસ્તો બનાવવાનું કામ (૯) લતીપુરા રોડ બોડી તલાવડી પાસે રસ્તો બનાવવાનું કામ (૧૦) ઈતસપરા મેઈન રોડ નજીક રસ્તો બનાવવાનું કામ (૧૧) ખોડીયારનગરમાં રસ્તો બનાવવાનું કામ (૧૨) ખરીથી લતીપુરા મેઈન કાંસ સુધી વરસાદી ગટર બનાવવાનું કામ (૧૩) ટોચીયા વર્ગામાં સ્ટ્રીટ લાઈટનું કામ.

(ક) ગ્રીન સીટી માટેના કામો : નગરના વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણના કામો.

(૩) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવા માંગો છો ?

(૩) નગરપાલિકાએ આ કામો ત્રણ વર્ષમા પુરા કરવાનું આયોજન કરેલ છે.

-------------

**રાજ્યમાં સ્વાઈન ફ્લુથી થયેલ મૃત્યુ**

**૧૧૭૧૦શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ એક વર્ષમાં રાજ્ય ભરમાં સ્વાઈન ફ્લુના કારણે કેટલા મૃત્યુ થયા, અને

(૨) રાજ્ય સરકારે સ્વાઈન ફ્લૂના કારણે થતાં મૃત્યુ અટકાવવા શું શું પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યભરમાં સ્વાઈન ફ્લુના કારણે કુલ ૧૧૭ વ્યક્તિઓના મરણ થયેલ છે.

(૨) સ્વાઈન ફ્લૂના કારણે થતાં મૃત્યુ અટકાવવા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગત પત્રકમાં આ સાથે સામેલ છે.

**પત્રક**

ઈન્ફ્લ્યુએન્ઝા-એ (H1N1)

**સ્વાઈન ફ્લુ સામે ગુજરાત સરકારે લીધેલ અસરકારક પગલાં**

ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઈ રહેલ છે. છેક ઉપરની કક્ષાએથી નિર્દેશન કરવામાં આવી રહેલ છે. માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઈન ફ્લુની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ. કીટ તથા અન્ય નાણાંકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂા. ૧૦.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે અને તે મુજબ જરૂરીયાતો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઈન્ફ્લ્યુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતા હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તી દ્વારા સવિશેષ સર્તક્તા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

આ મહામારીને નાથવા માટે મહામારીની શરૂઆતથી જ રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

- એપ્રિલ-૦૯ માં તમામ આરોગ્ય તેમજ સંલગ અધિકારીશ્રીઓને સ્વાઈન ફ્લ્યુ અંગેની માહિતી તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સર્વેલન્સ અને માનવ સમુદાયમાં સ્વાઈન ફ્લ્યુ અટકાયત અંગેની માર્ગદર્શિકાનું ત્વરીત વિતરણ કરવામાં આવ્યું.
- ડૉ. એસ.જે. ગાંધી, નાયબ નિયામક (એપીડેમીક)ને રાજ્ય કક્ષાના નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. (મો.નં.૯૮૨૫૩ ४२८૯૯) અને ડૉ. બી.કે. પટેલ, નાયબ નિયામક (ગ્રામ્ય આરોગ્ય) (મો.નં. ૯૮૨૫૭ ४૯૧४૯)ને સહાયક નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ દ્વારા ગુજરાત સરકાર અને ઈ.એમ.આર. દિલ્હી સાથે સંકલનમાં રહી કામગીરી કરવામાં આવે છે.
- તા. ૬-૫-૦૯ના રોજ સ્વાઈન ફ્લ્યુની વૈશ્વિક પરિસ્થિતિ અન્વયે તમામ જિલ્લાઓના જિલ્લા ક્લેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પરિસ્થિતિ અંગે જાગૃત કરવા અને શું પગલાં લેવા, શું ન લેવા તે અંગેની સુચના આપવાના હેતુસર માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને સ્વાઈન ફ્લ્યુ અંગેની વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવેલ.
- અધિક મુખ્ય સચિવશ્રી, (સામાન્ય વહીવટ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી સાથે રહી પરિસ્થિતિનો રીવ્યુ કરવા માટે ટાસ્ક ફોર્સ કમિટિ રચના કરવામાં આવી.(તા.૨૦-૫-૦૯, તા.૨૨--૬-૦૯, ૧૦-૮-૦૯, તા.૯-૧૦-૦૯ તેમજ તા.૧૭-૧૨-૦૯ના રોજ ટાસ્ક ફોર્સની મીટીંગ મળી)
- તા. ૩૦-४-૦૯ થી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક અમદાવાદ ખાતે ૨४ કલાક કાર્યરત આરોગ્ય ચકાસણી માટે ૧૧ મેડીકલ ટીમો પ્રતિનિયુક્ત કરવામાં આવી.

- તા.૩૦-૪-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધીમાં કુલ ૨૨૮૭૧૧ પ્રવાસીઓને ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું જેમાંથી કુલ-૯ વ્યક્તિઓ શંકાસ્પદ મળેલ જેઓના સેમ્પલ લઈ તપાસતા નેગેટીવ માલુમ પડેલ.
- શંકાસ્પદ દર્દીઓને અને તેમના કોન્ટેક વ્યક્તિઓને રીફર કરવા માટે એરફોર્સ ઉપર ૧ એરકન્ડીશનથી સજ્જ ૧૦૮ એમ્બ્યુલન્સ મુકવામાં આવેલ.
- તા. ૧૦-૮-૦૯ ના રોજ આઈ.એમ.એ.આઈ.એ.પી.,એ.પી.આઈ. અને એન.એમ.ઓ. ના ૭૬ ખાનગી તબીબોનો માન.મત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અધ્યક્ષસ્થાને સ્વાઈન ફ્લ્યુ અંગેનું માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી કરવા સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું.
- તા. ૧૨-૮-૦૯ ના રોજ તમામ જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની માન. મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને વિડીયો કોન્ફરન્સ કરવામાં આવી અને પરિસ્થિતિ અંગે જાગૃત રહેવા જણાવ્યુ. જિલ્લા કક્ષાએ કરેલ પૂર્વ તેયારીનો રીવ્યુ કરવામાં આવ્યો તેમજ જરૂરી સુચનો પુરા પાડવામાં આવ્યા.
- તા.૧૮-૮-૦૯ ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમીક એકટ-૧૮૯૭ હેઠળ ઈન્ફ્લ્યુએન્ઝા-એ (H1N1) અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં આવી.
- તા. ૧૨-૮-૦૯ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તમામ રાજકિય પક્ષોની સર્વપક્ષીય બેઠક સ્વાઈન ફ્લુ નિયંત્રણ કામગીરી પૂર્ણ નિર્ધાર સાથે હાથ ધરવા યોજવામાં આવી.

આઈસોલેશન, સારવાર અને લેબોરેટરી તપાસની રાજ્યમાં સગવડતાઓ :

- રાજ્યની ૨૮ હોસ્પિટલોમાં  કુલ-૬૯૭ પથારીના આઈસોલેશન વોર્ડની (૬-મેડીકલ કોલેજ, ૨૨-જનરલ હોસ્પિટલ) સુવિધા ઉભી કરી. આઈશોલેશન અને ઘનિષ્ઠ સારવાર માટે ૧૪-ખાનગી હોસ્પિટલો તેમજ ગ્રાન્ટ ઈન એઈડ-૬ હોસ્પિટલો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે, તથા આ સંસ્થાઓમાં અદ્યતન સારવાર માટે વેન્ટીલેટર્સની સુવિધાઓ પુરા પ્રમાણમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- એચ ૧ એન ૧ પરિક્ષણ માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવી.
- કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાને લઈ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગ ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી. અને ""સ્ટેપ-અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવી.
- સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે હેલ્પ લાઈન, હેલ્પ ડેસ્ક અને ટોલફ્રી નંબર શરૂ કરવમાં આવ્યા.

  ૦૭૯-૨૨૬૮૧૧૯૧, ૦૭૯-૨૨૬૮૧૨૯૨, ૦૭૯-૨૨૬૮૩૪૨૦, ૦૭૯-૨૨૬૮૩૪૨૧, ૧૮૦૦-૨૩૩૭૯૩૬
- રાજ્યની તમામ મેડીકલ કોલેજમાં પણ પ્રજાકીય જાણકારી આપવા હેલ્પલાઈનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી.
- કમિશ્નરશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ની કચેરી ખાતે ૨૪ કલાક કાર્યરત કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો.
- તા. ૧૮-૮-૦૯ થી ૨૨-૮-૦૯ દરમ્યાન આરોગ્ય વિભાગના ૨૧૭ અધિકારીશ્રીઓ જેમાં નીચે મુજબ કેડરોનો સમાવેશ થાય છે તેવા જિલ્લાની રેપીડ રીસપોન્સ ટીમના સભ્યો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રીઓ, ફીઝીશીયન, પીડીયાટ્રીશીયન, માઈક્રોબાયોલોજીસ્ટ પેથોલોજીસ્ટ અને જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રીઓને તાલીમ આપવામાં આવી. તેઓ દ્વારા પોતપોતાના જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કક્ષાના અધિકારીશ્રીઓ તેમજ વર્કરોને ક્ષેત્રિય કક્ષાએ તાલીમ આપવામાં આવી.
- રાજ્ય સરકારની તમામ મેડીકલ કોલેજના પી.એસ.એમ. વિભાગના વડાઓ દ્વારા ઈન્ફ્લ્યુએન્ઝા-એ (H1N1) અંતર્ગત મરણ પામેલ દર્દીઓની વર્બલ ઓટોપ્સી કરવાની કાર્યવાહી સતત પણે કરવામાં આવી રહી છે અને મૃત્યુના કારણોનું પૃથ્થકરણ કરી મૃત્યુ અટકાવવા માટેના જરૂરી પગલાં લેવામાં આવ્યા.

- તા. ૧૭-૯-૦૯ના રોજ હજયાત્રાએ જતા તમામ હજયાત્રીઓને સ્ક્રીનીંગ કરી સ્વાઈન ફ્લ્યુ (H1N1) થી મુક્ત હોવાનું પ્રમાણપત્ર ભારત સરકારશ્રીની સુચના મુજબ આપવામાં આવ્યું.
- તા. ૨૮-૯-૦૯ના રોજ (H1N1) ટેક્નીકલ ક્રમિટિની મીટીંગ ડૉ. બી.ડી. માંકડની અધ્યક્ષતામાં સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે કરવામાં આવી અને તેમાં નક્કી થયેલ ગાઈડ લાઈન ડીનશ્રી મેડીકલ કોલેજ, અધિકારીશ્રી વિ.ના.નિ.શ્રી, સી.ડી. એમ.ઓ. શ્રી સી.ડી.એચ.ઓ.શ્રી., તથા આરોગ્ય અધિકારી મહાનગર પાલિકાને મોકલવામાં આવી.
- હજયાત્રા કરીને પરત આવતા હજયાત્રીઓનું સ્વાઈન ફ્લુ બાબતે હેલ્થ બાબતે ચેક-અપ કરવા અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર કુલ-૮ મેડીકલ ટીમો ગોઠવવામાં આવેલ છે, જે પૈકી ૩ ટીમોનું નેતૃત્વ લેડી મેડીકલ ઓફિસર દ્વારા કરવામાં આવે છે. તેમજ સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે વધારાની પથારીની સગવડ ઉભી કરવામાં આવી.
- રાજસ્થાનમાં ખૂબ ઝડપથી સ્વાઈન ફ્લુના કેસ અને મરણ નોંધાઈ રહ્યા છે જે ધ્યાને લઈ રાજસ્થાનથી રેલ્વે તથા રોડ-રસ્તા દ્વારા આવતાં પ્રવાસીઓનું હેલ્થ ચેક-અપ કરવા માટે અમદાવાદ, મહેસાણા અને પાલનપુર રેલ્વે સ્ટેશન તેમજ શામળાજી, થરાદ, ધાનેરા અને અમીરગઢ ખાતે ૧-૧ મેડીકલ ટીમ તાકીદના ધોરણે પ્રતિનિયુક્ત કરેલ.
- અમદાવાદ શહેરના સ્લમ વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો રોગચાળો નિયંત્રણ રાખવા માટે ખાસ સર્વેલન્સ એકટીવીટી ચાલુ કરેલ.
- શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાસી વગેરે સામાન્ય ઈન્ફ્લ્યુએન્ઝાના દર્દીઓ પણ વિષેશ પ્રમાણમાં મળતાં હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તી દ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.
- રાજ્યના મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ તેમજ સુરત ખાતે અર્બન સ્લમ એરીયામાં આ રોગનો ફેલાવો ન થાય અને ત્વરીત સારવાર મળી રહે તે હેતુથી અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે ૫-૬ તબીબી ટીમો દ્વારા નિદાન કેમ્પો યોજી નિદાન તેમજ સારવાર પુરી પાડેલ.
- માન.મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) અગ્ર સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) તેમજ માન. કમિશ્નરશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) દ્વારા તમામ કામગીરી ઉપર સતત મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે.
- માહિતી-શિક્ષણ-પ્રચાર-પ્રસાર કામગીરી :-
- દૈનિક ધોરણે પત્રકારોને માહિતી આપવા રાજ્ય કક્ષાએ એક તબીબી અધિકારીશ્રીને નિયુક્ત કરવામાં આવ્યા.
- ભારત સરકાર દ્વારા પ્રાદેશિક ભાષામાં દૂરદર્શન અને બીજી બધીજ લોકલ ચેનલ ઉપર આરોગ્ય શિક્ષણ અંગેનું પ્રસારણ કરવામાં આવે છે.
- દૈનિક ધોરણે રેડીયો ઉપર ટૂકાંણમાં સંદેશાઓ પ્રસારીત કરવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી કુલ એક લાખ પોસ્ટર, એક લાખ ફોલ્ડર અને દસ હજાર વીનાઈલ સ્ટીકર તેયાર કરી વિતરણ કરવામાં આવ્યું.
- દરેક લોકલ દૈનિક સમાચાર પત્રોમાં અડધા પાનાની અવાર-નવાર જાહેરાત આપવામાં આવી અને એક લાખ ઈ-મેઈલ વપરાશ કર્તાઓને સંદેશા મોકલવામાં આવ્યા.
- જાહેર સ્થળોએ હોર્ડિગ્સ, એસ.ટી.બેક પેનલ, રેલ્વે તેમજ રીક્ષાની પાછળની ભાગમાં આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ કરવામાં આવી.

-------------

**પૂર્ણા નદી પર મોટો ડેમ બનાવવા બાબત**

૧૨૦૫૦**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તાપી જિલ્લાની પૂર્ણા નદી ઉપર મોટો ડેમ બનાવવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | મોટો ડેમ બનાવવાનું હાલ કોઈ આયોજન નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**યુ. એન. મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટીટ્યુટનું વિસ્તરણ**

૧૩૨૬૯**શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા યુ. એન. મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટીટ્યુટના વિસ્તરણ માટે ક્યારે મંજૂરી અપાઈ, અને

(૨) આ વિસ્તરણ થકી વધારાની કઈ કઈ સવલતો ક્યારથી ઉપલબ્ધ બનશે ?

**જવાબ**

(૧) ૧. તા. ૨૯-૪-૨૦૦૮ જમીનની ફાળવણી કરી

૨. તા.૨૭-૮-૨૦૦૯ સાધન સામગ્રી, મશીનરી/ઈન્સ્ટ્રુમેન્ટની ખરીદી માટે

૩. તા ૯-૯-૨૦૦૯ વધારાના સ્ટાફની મંજૂરી

(૨) આ વિસ્તરણથી નીચે મુજબની સવલતો ઉપલબ્ધ થશે/સવલતોમાં વધારો થશે.

૧. ઓ.પી.ડી. નું વિસ્તરણ થશે.

૨. સ્ટેટ ઓફ આર્ટ કાર્ડિયાક કેથેરાઈઝેશન લેબોરેટરીની સંખ્યા ૩ માંથી વધારી ૪ થશે.

૩. સ્ટેટ ઓફ આર્ટ કાર્ડિયોથોરાસીક સર્જરી ઓપરેશન થીયેટરની સંખ્યા ૩ માંથી વધારીને ૫ થશે.

૪. પીડીયાટ્રીક કાર્ડિયોલોજી તેમજ પીડીયાટ્રીક કાર્ડિયોથોરાસીક સર્જરી વિભાગનું અપગ્રેડેશન કરવામાં આવશે.

૫. મેડિકલ આઈસીસીયુના બેડની સંખ્યા ૫૬, સર્જીકલ સીટીઆરઆરના બેડની સંખ્યા ૫૬ તેમજ કુલ પથારીની સંખ્યા ૨૫૦ થી વધીને ૪૫૦ થશે. જેમાં મેડીકલ ટુરિઝમને પ્રમોટ કરવા માટે ૬ સેમી સ્પેશયલ રૂમ ૧૮ સ્પેશયલ રૂમ ૩ ડિલક્ષ અને ૨ એક્ઝીક્યુટીવ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૬. શૈક્ષણિક તેમજ સંશોધન જેવી પ્રવૃત્તિઓ માટેનો અલાયદો માળ ફાળવવામાં આવશે. નવા અપગ્રેડેશન પ્લાન મુજબ ચોથો માળ એકેડેમી ફ્લોર તરીકે સ્થાપિત થશે.

૭. નવા અપગ્રેડેશન પ્રોજેક્ટ પછી શૈક્ષણિક ક્ષેત્રે ડી.એમ.કાર્ડિયોલોજીમાં ૧ માં ૭ રીસીડેન્ટ ડોક્ટરોનો વધારો થશે અને કાર્ડિથોરાસીક સર્જરી વિભાગમાં ૨ રેસીડેન્ટ ડોક્ટરો ઉપલબ્ધ રહેશે. જેથી દર્દીઓને ૨૪ કલાક ઉત્તમ સારવાર મળી રહે. વિસ્તરણ કાર્ય પૂર્ણ થયેથી આ સવલતો ઉપલબ્ધ થશે.

-------------

**રાજ્યમાં નર્સિંગ ક્ષેત્રે ડિપ્લોમાં તેમજ ડીગ્રી અભ્યાસક્રમની ઉપલબ્ધ બેઠકો**

૧૩૨૪૧**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નર્સિંગ ક્ષેત્રે ડિપ્લોમા તેમજ ડિગ્રી કરવા માટે કેટલી બેઠકો શૈક્ષણિક વર્ષવાર ઉપલબ્ધ હતી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નર્સિંગ ક્ષેત્રે ડિપ્લોમા તેમજ ડિગ્રી કરવા માટે નીચે મુજબની બેઠકો શૈક્ષણિક વર્ષવાર ઉપલબ્ધ હતી.

(૨)

| ડીપ્લોમા ડીગ્રી કોર્ષનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| નર્સિંગ ક્ષેત્રે ડીપ્લોમા કોર્ષ | | | |
| કુલ બેઠકો | ૧૦૪૨ | ૧૨૫૨ | ૧૬૦૨ |
| નર્સિંગ ક્ષેત્રે ડીગ્રી કોર્ષ | | | |
| કુલ બેઠકો | ૨૪૦ | ૫૧૦ | ૯૩૦ |

(૨) આ જ સમયગાળા દરમ્યાન અનુસ્નાતક અભ્યાસ માટે કેટલી બેઠકો ઉપલબ્ધ હતી ?

(૨) આ જ સમયગાળા દરમ્યાન અનુસ્નાતક અભ્યાસ માટે નીચે મુજબની બેઠકો ઉપલબ્ધ હતી.

| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| અનુસ્નાતકઅભ્યાસ | ૧૫ | ૨૫ | ૫૦ |

-------------

**કપરાડા તાલુકામાં લોકભાગીદારીથી બનેલ ચેકડેમો**

૧૨૨૩૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં લોકભાગીદારીથી કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૨) તે અન્વયે ખેડૂતોને આ ચેકડેમના કામોના નાણા તા. ૨૫-૧-૨૦૧૦ સુધીમાં ચુકવાયા નથી તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) આ નાણાં સત્વરે ચૂકવવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

**જવાબ**

(૧) ૧૦૪.

(૨) ઉક્ત તમામ ચેકડેમોનું ચુકવણું કરવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**આરોગ્ય સેવાઓમાં તબીબોની ખાલી જ્ગ્યાઓ ભરવા અંગે**

૧૩૨૩૫**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ હસ્તકની આરોગ્ય સેવાઓમાં તબીબોની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે તા. ૧ જાન્યુ. ૨૦૦૮ થી તા. ૩૧ માર્ચ, ૨૦૦૯ દરમ્યાન શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ સ્નાતક તેમજ અનુસ્નાતક મેડિકલ ડૉક્ટરો, આયુર્વેદ ડૉક્ટરો અને હોમિયોપેથીક ડૉક્ટરોની કેટેગરી દીઠ કેટલી નિમણૂકો થઈ, અને

(૩) તે પેકી કેટલાં હાજર થયાં ?

**જવાબ**

(૧) આરોગ્ય વિભાગ હસ્તકની આરોગ્ય સેવાઓમાં તબીબોની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે તા. ૧ જાન્યુ., ૨૦૦૮ થી તા. ૩૧ માર્ચ, ૨૦૦૯ દરમ્યાન કરેલ કાર્યવાહીની વિગત આ સાથે **પત્રક-અ** માં સામેલ છે.

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ સ્નાતક તેમજ અનુસ્નાતક મેડિકલ ડોક્ટરો, આયુર્વેદ ડોક્ટરો અને હોમિયોપેથીક ડોક્ટરોની કેટેગરી દીઠ કરેલ નિમણુંક અંગેની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **જ્ગ્યાનું નામ** | **તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ હોસ્પિટલો/સા.આ.કેન્દ્રો/પ્રા.આ. કેન્દ્રો ખાતે કુલ આપેલ નિમણુંક** |
|---|---|---|
| ૧ | અનુસ્નાતક તબીબ | ૬૪૨ |
| ૨ | સ્નાતક તબીબ | ૩૧૫૦ |
| ૩ | આયુર્વેદ તબીબ | ૬૬૨ |
| ૪ | હોમિયોપેથીક તબીબ | ૭૪૩ |
| | **કુલ :** | **૫૧૯૭** |

(૩) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ સ્નાતક તેમજ અનુસ્નાતક મેડિકલ ડોક્ટરો, આયુર્વેદ ડોક્ટરો અને હોમિયોપેથીક ડોક્ટરોની નિમણુંક અન્વયે હાજર થયેલ તબીબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જ્ગ્યાનું નામ | તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ હોસ્પિટલો/સા.આ.કેન્દ્રો/પ્રા.આ. કેન્દ્રો ખાતે કુલ હાજર થયેલ તબીબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અનુસ્નાતક તબીબ | ૧૬૧ |
| ૨ | સ્નાતક તબીબ | ૯૪૪ |
| ૩ | આયુર્વેદ તબીબ | ૪૯૯ |
| ૪ | હોમિયોપેથીક તબીબ | ૪૨૩ |
| | કુલ : | ૨૦૨૭ |

**પત્રક - અ**

**રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ હસ્તકની આરોગ્ય સેવાઓમાં તબીબોની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે તા. ૧ જાન્યુ., ૨૦૦૮ થી તા. ૩૧ માર્ચ, ૨૦૦૯ દરમ્યાન કરેલ કાર્યવાહીની વિગત દર્શાવતું પત્રક**

**વર્ગ-૧**

વર્ગ-૧ ના તબીબોની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે કમિશ્નરશ્રી(આ.) ની ક્ચેરી ખાતે દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોની પસંદગી થયે, નિમણુક આપવામાં આવેલ છે.

રાજ્યની જુદી-જુદી મેડીક્લ કોલેજ તરફથી પી.જી. બોન્ડેડ ઉમેદવારોની યાદી મળતા પી.જી. બોન્ડેડ ઉમેદવારોને નિમણુક આપવામાં આવેલ છે.

ગુજરાત જાહેર સેવા આયોગમાંથી ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોની યાદી મળતાં નિયમિત નિમણુંક આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવેલ છે.

રાજ્યમાં આવેલ સા.આ. કેન્દ્રો ખાતેની તજજ્ઞ વર્ગ-૧ ની ખાલી જ્ગ્યાઓ પર ગુજરાત જાહેર સેવા આયોગમાંથી પસંદ થઇ નિમણુક પામેલ તબીબ ન મળે ત્યાં સુધી સા.આ. કેન્દ્રો ખાતેની ખાલી જ્ગ્યા પર વર્ગ-૧ની તબીબી સેવા મળી રહે તે માટે વિભાગીય નાયબ નિયામકશ્રી તમામને તેમનાં ઝોન હસ્તક્નાં સા.આ. કેન્દ્રો ખાતેની ખાલી જ્ગ્યાઓ પર વર્ગ-૧ની વૈકલ્પિક વ્યવસ્થા કરવા જણાવેલ છે.

એડહોક ધોરણે ખાલી જ્ગ્યાઓ ભરવા માટે કમિશ્નરશ્રી(આ.)ની ક્ચેરી ગાંધીનગર ખાતેથી તા. ૧૩-૧૧-૨૦૦૮ના રોજ વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આરોગ્યની વેબસાઇટ ઉપર ખાલી જ્ગ્યાઓની માહિતી મુકવામાં આવેલ છે.

**વર્ગ-૨**

રાજ્ય સરકારશ્રી હસ્તક્ની મેડીક્લ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી બોન્ડેડ તબીબોને તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી જ્ગ્યા પર નિમણુંક આપવામાં આવેલ છે.

કમિશ્નરશ્રી(આરોગ્ય) ગાંધીનગરની ક્ચેરી ખાતે દર સપ્તાહે એડહોક વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. તે ઇન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતાં તબીબો ઉપલબ્ધ થતા તેઓની પસંદગી કરીને નિમણુંક આપવામાં આવેલ છે.

કમિશ્નરશ્રી(આરોગ્ય) ગાંધીનગરની ક્ચેરી દ્વારા ૩૫ વર્ષથી વધુ વય ધરાવતા તબીબોને ઇન્ટરવ્યુ લઇને તેઓની પસંદગી કરીને કરારના ધોરણે નિમણૂંક આપવામાં આવેલ છે.

કમિશ્નરશ્રી(આરોગ્ય) ગાંધીનગરની ક્ચેરી દ્વારા યોજાયેલ ઇન્ટરવ્યુમાં પસંદગી પામેલ આયુર્વેદ/હોમીયોપેથીક તબીબોને પસંદગી યાદી મુજબ જિલ્લા પંચાયત ખાતે નેશનલ રૂરલ હેલ્થ મીશન હેઠળ માસીક ફીક્સ પગારથી કરારના ધોરણે નિમણુંક આપવામાં આવેલ છે.

-------------

**હોસ્પિટલોમાં સેવાઓની ગુણવત્તા સુધરે તે માટેની યોજના**

૧૩૨૮૬**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના તાબા હેઠળની હોસ્પિટલોમાં સેવાઓની ગુણવત્તા સુધરે તેમજ એક ચોક્કસ ધારાધોરણ મુજબ સારવાર અપાય તે માટે રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે, અને | (૨) ગુજરાત રાજ્ય અને ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઇન્ડિયા, ન્યુ. દિલ્હી સાથે એન.એ.બી.એચ.ના માપદંડ મુજબની હોસ્પિટલ સુવિધા ઉભી કરવા તા. ૭-૭-૦૭ ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. જેમાં એન.એ.બી.એચ. અંતર્ગત પ્રથમ તબક્કામાં ૮ જિલ્લા |

હોસ્પિટલો, ગાંધીનગર, સોલા, જુનાગઢ, કચ્છ, મહેસાણા, ગોધરા, વલસાડ અને નર્મદાનો સમાવેશ થાય છે.

બીજા તબક્કામાં ૧૦ હોસ્પિટલો, સુરેન્દ્રનગર, પોરબંદર, પેટલાદ, નડીયાદ, નવસારી, અમરેલી, હિંમતનગર, જમનાબાઇ હોસ્પિટલ વડોદરા, મેન્ટલ હોસ્પિટલ અમદાવાદ અને વડોદરાનો સમાવેશ થાય છે.

ત્રીજા તબક્કામાં ૮ હોસ્પિટલો, દાહોદ, પાટણ, મોરબી, લીમડી, આહવા, ભરૂચ, જામખંભાળીયા અને જુની સીવીલ હોસ્પિટલ સુરતનો સમાવેશ થાય છે.

(૩) હાલની પરિસ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે?

(૩) ભારતમાં સૌ પ્રથમવાર એન.એ.બી.એચ. હેઠળ જનરલ હોસ્પિટલ ગાંધીનગર અને રાજ્યમાં બીજી જનરલ હોસ્પિટલ સોલા-અમદાવાદ એક્રેડીએટ થયેલ છે.

પ્રથમ તબક્કાની હોસ્પિટલો પેકી રાજપીપળા, મહેસાણા, ભૂજ, ગોધરા, વલસાડ, જુનાગઢની પૂર્વ ચકાસણી થયેલ છે.

બીજા તબક્કાની હોસ્પિટલો સુરેન્દ્રનગર, પોરબંદર, પેટલાદ, નવસારી, અમરેલી, હિંમતનગર, જમનાબાઇ હોસ્પિટલ વડોદરા અને મેન્ટલ હોસ્પિટલ અમદાવાદ અને વડોદરા આ તમામનો પાયાનો અભ્યાસ પૂર્ણ થયેલ છે અને દસ્તાવેજી કરણ તેમજ તાલીમની પ્રક્રિયા ચાલુ છે.

-------------

**કચ્છ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ બનેલ ચેકડેમો**

૧૩૨૪૯**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા ?

**જવાબ**

કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૬૦૯ ચેકડેમો બનાવવામાં આવ્યા છે.

-------------

**આણંદ અને ખેડા જિલ્લામાં મહી નહેર યોજનાની નહેરો પાકી બનાવવા બાબત**

૧૨૭૯૧ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં સિંચાઈની મહી નહેર યોજનાની ડીસ્ટ્રીબ્યુટરી, માઈનોર, સબમાઈનોર કેનાલોને સરકાર પાકી ચણતરવાળી બનાવવા માંગે છે,

(૨) જો હા, તો કઈ કઈ નહેરોને કેટલા સમયમાં પાકી કરવાની સરકારની યોજના છે, અને

(૩) આ યોજના સરકાર કેટલા સમયમાં પૂરી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) વિચારણા હેઠળ છે.

(૨) અને (૩) : આયોજન આખરી થયેથી ફંડની ઉપલબ્ધિ મુજબ નક્કી કરવામાં આવશે.

-------------

## મેડિકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ નિયમોમાં સુધારા

૧૩૨૩૬ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યની મેડિકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં કોઈ સુધારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની મેડિકલ કોલેજોમાં તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ નિયમો બનાવવામાં આવતા નથી જેથી સુધારો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## જલાલપોર તાલુકામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજના

૧૨૯૦૧ **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકામાં કેટલી જૂથ પાણી પુરવઠા યોજના કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે, અને

(૩) આ જૂથ પાણી પુરવઠા યોજનામાં પાણી ક્યા સોર્સથી લેવામાં આવે છે ?

**જવાબ**

(૧) પાંચ જૂથ પાણી પુરવઠા યોજના.

(૨) ૧૮ ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે.

(૩) ચાર જૂથ યોજના માટે ઉકાઈ ડેમના કાકરાપાર વિયરની ડાબા કાંઠા નહેર અને એક જૂથ યોજના માટે અંબિકા નદીના સોર્સથી પાણી લેવામાં આવે છે.

-------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજના

૧૨૩૦૨ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પાણી પુરવઠા યોજના કાર્યરત છે,

(૨) ઉક્ત યોજના દ્વારા ક્યા ક્યા ગામોને પાણી પુરવઠો આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત યોજનાથી પાણી પુરવઠો મળી શક્યો નથી તેવા ગામો ક્યા ક્યા અને તેને પીવાનું પાણી પહોંચાડવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચેની વિગતે.

| અ.નં. | જૂથ પાણી પુરવઠા યોજનાનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧ | ઉમરડા ધરમેન્દ્રગઢ | મુળી |
| ૨ | ચુડા ચોકડી જૂથ યોજના | સાયલા |
| ૩ | ઢેઢુકી જૂથ ભાગ-૧ | સાયલા |
| ૪ | ઢેઢુકી જૂથ ભાગ-૨ | સાયલા |
| ૫ | નાયકા જૂથ યોજના | મુળી, વઢવાણ |
| ૬ | સુજલામ-સુફ્લામ એસ.૧ (એન.સી.ડી.૪) યોજના | મુળી, લખતર, ધ્રાંગધ્રા, હળવદ, દસાડા, લીંબડી. |
| ૭ | સુજલામ-સુફ્લામ એસ.૨ અને ૩ યોજના | વઢવાણ, મુળી, લખતર, ધ્રાંગધ્રા, ચુડા, લીંબડી, સાયલા. |
| **કુલ :** | **૭ જૂથ યોજના** | |

(૨) સામેલ પરિશિષ્ટ મુજબ ૩૫૭ ગામ.

(૩) ઉક્ત યોજનામાંથી પાણી પુરવઠો મળી શક્યો નથી તેવા ગામોની તાલુકાવાર આયોજનની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | ગામનું નામ | આયોજનની વિગત |
|---|---|---|---|
| ૧ | લીંબડી | પરનાળા | જૂની પાઈપ લાઈન બદલાવામાં આવી છે. |
| ૨ | લીંબડી | ભથાણ | જૂની પાઈપ લાઈન બદલાવામાં આવી છે. |
| ૩ | લીંબડી | જાંબુ | હયાત પાઈપ લાઈન રીપેરીંગ |
| ૪ | લીંબડી | દોલતપુર | હયાત પાઈપ લાઈન રીપેરીંગ |
| ૫ | સાયલા | ચોરવીરા(જી) | નાગડકા સંપમાંથી પપીંગ |
| ૬ | સાયલા | મોટા ભડલા | નાગડકા સંપમાંથી પંપીંગ |
| ૭ | સાયલા | ગરામડી | નાના માત્રા સંપમાંથી પંપીંગ |
| ૮ | સાયલા | ઢીકવાડી | નાના માત્રા સંપમાંથી પંપીંગ |

ઉપર જણાવેલ આઠેય ગામોમાં આયોજન મુજબની કામગીરી પૂર્ણ કરી તા.૧-૨-૨૦૧૦ થી પાણી પુરવઠો ચાલુ કરેલ છે.

# પરિશિષ્ટ

## જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવાયેલ ગામોની યાદી જિ. સુરેન્દ્રનગર

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| (૧) ઉમરડા ધમેન્દ્રગઢ, તા.મુળી | |
| ૧ | ઉમરડા |
| ૨ | ધર્મેન્દ્રગઢ |
| ૩ | સોમાસર |
| (૨) ચુડા ચોકડી જૂથ, તા.સાયલા | |
| ૪ | થોરીયાળી |
| ૫ | સુદામડા |
| (૩) ઢેઢુકી જૂથ યોજના-૧, તા.સાયલા | |
| ૬ | આયા |
| ૭ | કાનપર |
| ૮ | કાશીપરા |
| ૯ | ગોસળ |
| ૧૦ | ડોળીયા |
| ૧૧ | ઢેઢુકી |
| ૧૨ | નવા સુદામડા |
| ૧૩ | વખતપર |
| ૧૪ | સામતપર |
| (૪) ઢેઢુકી જૂથ યોજના-૨, તા.સાયલા | |
| ૧૫ | ઓવનગઢ |
| ૧૬ | ગઢશીરવાણીયા |
| ૧૭ | ગુંદીયાવાળા |
| ૧૮ | ટીંટોડા |
| ૧૯ | ધજાળા |
| ૨૦ | ધમરાશાળા |
| ૨૧ | ધાંધલપુર |
| ૨૨ | લીંબાળા |
| ૨૩ | વાંટાવચ્છ |
| ૨૪ | સાંગોઈ |
| (૫) નાયકા જૂથ યોજના, તા.મુળી, વઢવાણ | |
| ૨૫ | કુકડા |
| ૨૬ | ગોદાવરી |
| ૨૭ | ચાણપર |
| ૨૮ | જસાપર |
| ૨૯ | નલીયા |
| ૩૦ | લીમલી |
| ૩૧ | હેમતપર |
| ૩૨ | ખોલડીયાદ |
| ૩૩ | ટીંબા |
| ૩૪ | માળોદ |
| ૩૫ | મુંજપર |
| ૩૬ | રામપરા |
| ૩૭ | વાઘેલા |
| (૬) સુજ.સુફ.યોજના એસ-૧ (એનસીડી-૪), તા.મુળી, લખતર ધ્રાંગધ્રા, હળવદ, દસાડા અને લીંમડી | |
| ૩૮ | અખીયાણા |
| ૩૯ | અમનગર |
| ૪૦ | અહેમદગઢ |
| ૪૧ | અંબાલા |
| ૪૨ | આદરીયાણા |
| ૪૩ | ઉપરીયાળા |
| ૪૪ | એછવાડા |
| ૪૫ | એરવાડા |
| ૪૬ | ઓડું |
| ૪૭ | ક્યોલીયા |
| ૪૮ | કઠાડા |
| ૪૯ | ક્માલપુર |
| ૫૦ | ક્માલપુર |
| ૫૧ | ખેરવા |
| ૫૨ | ગવાણા |
| ૫૩ | ગોરીયાવાડ |
| ૫૪ | ગોસાણા |
| ૫૫ | ચીકાસર |
| ૫૬ | છત્રોટ |
| ૫૭ | છાબલી |
| ૫૮ | જગદીશણ |
| ૫૯ | જરવલ્લા |
| ૬૦ | જીવણગઢ |
| ૬૧ | જૈનાબાદ |
| ૬૨ | જોરાવરપુરા |
| ૬૩ | ઝાડીયાણા |
| ૬૪ | ઝીઝુંવાડા |
| ૬૫ | ઝેઝરા |
| ૬૬ | દસાડા |
| ૬૭ | દેગામ |
| ૬૮ | ધામા |
| ૬૯ | ધાસપુર |
| ૭૦ | નગવાડા |
| ૭૧ | નવરંગપુરા |
| ૭૨ | નવા સવલાસ |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૭૩ | નવાપુરા |
| ૭૪ | નવાસડલા |
| ૭૫ | નાગડકા |
| ૭૬ | નાના ગોરૈયા |
| ૭૭ | નાનીમજેઠી |
| ૭૮ | નાવીયાણી |
| ૭૯ | પાડીવાડા |
| ૮૦ | પાનવા |
| ૮૧ | પીપળી |
| ૮૨ | પોરડા |
| ૮૩ | ફતેપુરા |
| ૮૪ | બજાણા |
| ૮૫ | બામણવા |
| ૮૬ | બુબવાણા |
| ૮૭ | ભડેણા |
| ૮૮ | ભલગામ |
| ૮૯ | માનાવાડા |
| ૯૦ | માલનપુર |
| ૯૧ | મીઠાઘોડા |
| ૯૨ | મુલાડા |
| ૯૩ | મેતાસર |
| ૯૪ | મેરા |
| ૯૫ | મોટાઉભડા |
| ૯૬ | મોટીમજેઠી |
| ૯૭ | રસુલાબાદ |
| ૯૮ | રાજપર |
| ૯૯ | રામગરી |
| ૧૦૦ | રૂસ્તમગઢ |
| ૧૦૧ | રોઝવા |
| ૧૦૨ | લીબડ |
| ૧૦૩ | વડગામ |
| ૧૦૪ | વણોદ |
| ૧૦૫ | વધાડા |
| ૧૦૬ | વરછરાજપરા |
| ૧૦૭ | વાલેવડા |
| ૧૦૮ | વિસનગર |
| ૧૦૯ | વીસાવડી |
| ૧૧૦ | શુશીયા |
| ૧૧૧ | સલી |
| ૧૧૨ | સાવડા |
| ૧૧૩ | સીધ્ધસર |
| ૧૧૪ | સુરજપરા |
| ૧૧૫ | ચુરેલ |
| ૧૧૬ | હરીપુરા |
| ૧૧૭ | હેબતપુર |
| ૧૧૮ | કંકાવટી |
| ૧૧૯ | કુડા |
| ૧૨૦ | કોપરણી |
| ૧૨૧ | કોંઢ |
| ૧૨૨ | ખાંભડા |
| ૧૨૩ | ગાળા |
| ૧૨૪ | જશાપર |
| ૧૨૫ | જેગડવા |
| ૧૨૬ | જેસડા |
| ૧૨૭ | થલા |
| ૧૨૮ | ધોળી |
| ૧૨૯ | નવલગઢ |
| ૧૩૦ | નીમકનગર |
| ૧૩૧ | બાવળી |
| ૧૩૨ | ભેચડા |
| ૧૩૩ | માનપર |
| ૧૩૪ | માલવણ |
| ૧૩૫ | મેથાણ |
| ૧૩૬ | રાજગઢ |
| ૧૩૭ | વસાડવા |
| ૧૩૮ | વાઘગઢ |
| ૧૩૯ | વાવડી |
| ૧૪૦ | વીરેન્દ્રગઢ |
| ૧૪૧ | વ્રજપર |
| ૧૪૨ | સરવાલ |
| ૧૪૩ | સુલતાનપુર |
| ૧૪૪ | સોખડા |
| ૧૪૫ | સોલડી |
| ૧૪૬ | હરીપર |
| ૧૪૭ | હીરાપર |
| ૧૪૮ | સરા |
| ૧૪૯ | ઈંગરોલી |
| ૧૫૦ | ઓળક |
| ૧૫૧ | કલ્યાણપરા |
| ૧૫૨ | કારેલા |
| ૧૫૩ | ગાંગડ |
| ૧૫૪ | છારદ |
| ૧૫૫ | જ્યોતીપરા |
| ૧૫૬ | ડેરવાળા |
| ૧૫૭ | ઢાંકી |
| ૧૫૮ | બજરંગપુરા |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૧૫૯ | ભાલાળા |
| ૧૬૦ | ભાસ્કપરા |
| ૧૬૧ | માલીકા |
| ૧૬૨ | મોઢવાણા |
| ૧૬૩ | લીલાપુર |
| ૧૬૪ | વીઠલાપરા |
| ૧૬૫ | સાકર |
| ૧૬૬ | નાની કઠેચી |
| ૧૬૭ | મોટી કઠેચી |
| ૧૬૮ | અજીતગઢ |
| ૧૬૯ | ઈશનપુર |
| ૧૭૦ | ઈંગોરાલા |
| ૧૭૧ | કડીયાણા |
| ૧૭૨ | કીડી |
| ૧૭૩ | ખેતરડી |
| ૧૭૪ | ખોડ |
| ૧૭૫ | ચરાડવા |
| ૧૭૬ | ચંન્દ્રગઢ |
| ૧૭૭ | ચાડધ્રા |
| ૧૭૮ | ચૂંપણી |
| ૧૭૯ | જુના અમરાપર |
| ૧૮૦ | જુનાદેવલીયા |
| ૧૮૧ | જોગડ |
| ૧૮૨ | ઢવાણા |
| ૧૮૩ | દેવીપુર |
| ૧૮૪ | ધણાદ |
| ૧૮૫ | ઘનશ્યામપુર |
| ૧૮૬ | ધનાળા |
| ૧૮૭ | નવા દેવલીયા |
| ૧૮૮ | નવા ઘનશ્યામગઢ |
| ૧૮૯ | નવાઅમરાપર |
| ૧૯૦ | પલાસણ |
| ૧૯૧ | પ્રતાપગઢ |
| ૧૯૨ | બુટવડા |
| ૧૯૩ | મયાપુર |
| ૧૯૪ | મયુરનગર |
| ૧૯૫ | માનગઢ |
| ૧૯૬ | મીયાણી |
| ૧૯૭ | મેરૂપર |
| ૧૯૮ | રણમલપુર |
| ૧૯૯ | રાયસંગપર |
| ૨૦૦ | વેગડવાવ |
| ૨૦૧ | સાપકડા |
| ૨૦૨ | સુરવદર |
| (૭) સુજ. સુફ. યોજના એસ-૨ અને એસ.૩ તા.મુળી, વઢવાણ, લખતર, ધ્રાંગધ્રા, લીમડી, ચુડા અને સાયલા | |
| ૨૦૩ | અચારડા |
| ૨૦૪ | કરમડ |
| ૨૦૫ | કંથારીયા |
| ૨૦૬ | કારોલ |
| ૨૦૭ | કુડલા |
| ૨૦૮ | કોરડા |
| ૨૦૯ | ખાંડીયા |
| ૨૧૦ | ગોખરવાડા |
| ૨૧૧ | ચચાણા |
| ૨૧૨ | ચમારડી |
| ૨૧૩ | ચાંચકા |
| ૨૧૪ | ચુડા |
| ૨૧૫ | ચોકડી |
| ૨૧૬ | છત્તરીયાળા |
| ૨૧૭ | છલાળા |
| ૨૧૮ | જીંજાવદર |
| ૨૧૯ | જુની મોરવાડ |
| ૨૨૦ | જેપર |
| ૨૨૧ | જોબાળા |
| ૨૨૨ | દરોદ |
| ૨૨૩ | નવી મોરવાડ |
| ૨૨૪ | નાગનેશ |
| ૨૨૫ | બલાળા |
| ૨૨૬ | ભાણેજડા |
| ૨૨૭ | ભેંસજાળ |
| ૨૨૮ | ભુગુપુર |
| ૨૨૯ | મીણાપુર |
| ૨૩૦ | મોજીદડ |
| ૨૩૧ | રંગપર |
| ૨૩૨ | રામદેવગઢ |
| ૨૩૩ | લાલીયાદ |
| ૨૩૪ | વનાળા |
| ૨૩૫ | વાણીયાવદર |
| ૨૩૬ | વેજલકા |
| ૨૩૭ | વેળાવદર |
| ૨૩૮ | સમઢીયાળા |
| ૨૩૯ | સેજકપર |
| ૨૪૦ | સોંઢા |
| ૨૪૧ | દેવચરાડી |
| ૨૪૨ | પ્રતાપપુર |
| ૨૪૩ | મોટા અંકેવાળીયા |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૨૪૪ | રામપરા |
| ૨૪૫ | રાયગઢ |
| ૨૪૬ | રાવળીયાવદર |
| ૨૪૭ | અણીયાળી |
| ૨૪૮ | આદલસર |
| ૨૪૯ | ઝમર |
| ૨૫૦ | તલવણી |
| ૨૫૧ | તલસાણા |
| ૨૫૨ | તાવી |
| ૨૫૩ | દેવળીયા |
| ૨૫૪ | ભડવાણા |
| ૨૫૫ | ભાથરીયા |
| ૨૫૬ | લરખડીયા |
| ૨૫૭ | વડેખણ |
| ૨૫૮ | વણા |
| ૨૫૯ | વરસાણી |
| ૨૬૦ | વાડલા |
| ૨૬૧ | સદાદ |
| ૨૬૨ | કળમ |
| ૨૬૩ | અંકેવાળીયા |
| ૨૬૪ | આણંદપર |
| ૨૬૫ | ઉમેદપર |
| ૨૬૬ | ઉંટડી |
| ૨૬૭ | કટારીયા |
| ૨૬૮ | ક્માલપર |
| ૨૬૯ | ક્રસનગઢ |
| ૨૭૦ | કાનપરા |
| ૨૭૧ | ખંભલાવ |
| ૨૭૨ | ગડથલ |
| ૨૭૩ | ગેડી |
| ૨૭૪ | ચોકી |
| ૨૭૫ | ચોરણીયા |
| ૨૭૬ | જનશાળી |
| ૨૭૭ | જશાપર |
| ૨૭૮ | જસમતપર |
| ૨૭૯ | જામડી |
| ૨૮૦ | જાંખણ |
| ૨૮૧ | ઝાળીયાળા |
| ૨૮૨ | ઢલવાણા |
| ૨૮૩ | ધાધરેટીયા |
| ૨૮૪ | ધાધોસર |
| ૨૮૫ | ધોળી |
| ૨૮૬ | નાના ટીંબલા |
| ૨૮૭ | પરાલી |
| ૨૮૮ | પાણશીણા |
| ૨૮૯ | પાનરી |
| ૨૯૦ | ફુલવડી |
| ૨૯૧ | બળોલ |
| ૨૯૨ | બોડીયા |
| ૨૯૩ | બોરણા |
| ૨૯૪ | બોરાણા |
| ૨૯૫ | ભગવાનપર |
| ૨૯૬ | ભલગામડા |
| ૨૯૭ | ભોજપરા |
| ૨૯૮ | ભોયકા |
| ૨૯૯ | મુળબાવળા |
| ૩૦૦ | મોટા ટીંબલા |
| ૩૦૧ | રળોલ |
| ૩૦૨ | રાણાગઢ |
| ૩૦૩ | રાસ્કા |
| ૩૦૪ | રોજાસર |
| ૩૦૫ | વખતપર |
| ૩૦૬ | શીયાણી |
| ૩૦૭ | સમલા |
| ૩૦૮ | સોકા |
| ૩૦૯ | હડાળા |
| ૩૧૦ | અધેલી |
| ૩૧૧ | કટુડા |
| ૩૧૨ | કરણગઢ |
| ૩૧૩ | કારીયાણી |
| ૩૧૪ | કોઠારીયા |
| ૩૧૫ | ખજેલી |
| ૩૧૬ | ખમીસણા |
| ૩૧૭ | ખેરાળી |
| ૩૧૮ | ગોમટા |
| ૩૧૯ | ચમારજ |
| ૩૨૦ | ઝાંપોદડ |
| ૩૨૧ | ટુવા |
| ૩૨૨ | દેદાદરા |
| ૩૨૩ | નગરા |
| ૩૨૪ | નાના કેરાળા |
| ૩૨૫ | નાના મઢાદ |
| ૩૨૬ | પ્રાણગઢ |
| ૩૨૭ | ફુલગ્રામ |
| ૩૨૮ | બાકરથળી |
| ૩૨૯ | બાળા |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૩૩૦ | ભડીયાદ |
| ૩૩૧ | મુળચંદ |
| ૩૩૨ | મેમકા |
| ૩૩૩ | મોટા મઢાદ |
| ૩૩૪ | રાઈ |
| ૩૩૫ | રાજપર |
| ૩૩૬ | રૂપાવટી |
| ૩૩૭ | લટુડા |
| ૩૩૮ | વસ્તડી |
| ૩૩૯ | વાડલા |
| ૩૪૦ | સાંકળી |
| ૩૪૧ | કસવાળી |
| ૩૪૨ | ગંગાજળ |
| ૩૪૩ | ગોરૈયા |
| ૩૪૪ | નડાળા |
| ૩૪૫ | નાનામાત્રા |
| ૩૪૬ | નાનાહરણીયા |
| ૩૪૭ | નીનામા |
| ૩૪૮ | શેખડોદ |
| ૩૪૯ | સમઢીયાળા |
| ૩૫૦ | જાંબુ |
| ૩૫૧ | દોલતપર |
| ૩૫૨ | પરનાળા |
| ૩૫૩ | ભથાણ |
| ૩૫૪ | ગરાંભડી |
| ૩૫૫ | ચોરવીરા (જી) |
| ૩૫૬ | ઢીંકવાળી |
| ૩૫૭ | મોટા ભડલા |

**નોંધ :-** આ ઉપરાંત ઉપરોક્ત યોજનામાંથી ૧૧૧ ગામોએ પાણી આપી શકાય તેમ છે. પરંતુ સ્થાનિક સોર્સમાંથી પાણી ઉપલબ્ધ હોઈ, સ્વેચ્છિક રીતે પાણી લેતા નથી.

-------------

## અંબાજી ખાતે નવી સવલતો ઉભી કરવા બાબત

૧૩૨૩૯ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજી ખાતે હયાત સવલતો સુધારવા તેમજ નવી યાત્રાધામ/પ્રવાસનલક્ષી સવલતો ઉભી કરવા શું કાર્યવાહી થઈ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજી ખાતે હયાત સવલતો સુધારવા તેમજ નવી યાત્રાધામ/પ્રવાસન લક્ષી સવલતો ઉભી કરવા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) શ્રી એકાવન શક્તિ પીઠ દર્શન પરીક્રમાની કામગીરી પ્રગતિમાં છે.
(૨) નવીન હોસ્પિટલ બિલ્ડીંગની કામગીરી પ્રગતિમાં છે.
(૩) ચાચર ચોક વિસ્તૃતિકરણની કામગીરી પ્રગતિમાં છે.
(૪) ગબ્બર ટોચ વિસ્તૃતિકરણની કામગીરી પ્રગતિમાં છે.
(૫) જગતજનની પથિકાશ્રમ-હોલીડે હોમના રીનોવેશનની કામગીરી પ્રગતિમાં છે.
(૬) શ્રી અંબિકા વિશ્રામગૃહ રીનોવેશનની કામગીરી પ્રગતિમાં છે.
(૭) અંબાજી રેવન્યુ મોડલની કાર્યવાહી ચાલુ છે.
(૮) અંબાજી મંદિર-સભામંડપના એરકન્ડીશનીંગની કામગીરી કરવાની બાબત વિચારણા હેઠળ છે.
(૯) યાત્રાધામ અંબાજીને સોલર લાઈટીંગ સીસ્ટમથી સુશોભિત કરવામાં આવેલ છે.
(૧૦) મુખ્ય પ્રવેશ ધ્વારની રોશનીની કામગીરી સોલર ઉર્જાથી પૂર્ણ કરવામાં આવી છે.
(૧૧) યાત્રાધામ અંબાજી ખાતે બાયપાસ રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

**પ્રશ્ન**

(૨) આ કાર્યવાહી અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની

**જવાબ**

(૨) આ કાર્યવાહી અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની

| | |
|---|---|
| સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઈ કામગીરીની મંજૂરીઓ આપવામાં આવી છે ? | સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ કામગીરીની મંજૂરીની વિગતો નીચે મુજબ છે.<br>(૧) શ્રી એકાવન શક્તિ પીઠ દર્શન પરીક્રમાની કામગીરી<br>(૨) ચાચર ચોક વિસ્તૃતિકરણની કામગીરી<br>(૩) નવીન હોસ્પિટલના મકાનની કામગીરી<br>(૪) ગબ્બર ટોચ વિસ્તૃતિકરણની કામગીરી<br>(૫) વર્ગ-૧ ના અધિકારીશ્રીના ક્વાર્ટસની કામગીરી<br>(૬) વર્ગ-૪ ના કર્મચારીના ક્વાર્ટસની કામગીરી |

-------------

**મેડિકલ કોલેજો આપવા ઈરાદો દર્શાવતી દરખાસ્તો**

૧૩૨૯૧ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં મેડિકલ કોલેજો સ્થાપવા માટે ઈરાદો દર્શાવતી જિલ્લાવાર કેટલી દરખાસ્તો તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે પડતર છે, અને | (૧) મેડીકલ કોલેજ સ્થાપવાના ઈરાદાના પ્રથમ ચરણરૂપે એસેન્સીયાલીટી સર્ટિફિકેટ માટે અરજી કરવાની રહે છે. આ પ્રકારની કોઈપણ અરજી રાજ્ય સરકાર પાસે પડતર નથી. |
| (૨) આ પડતર દરખાસ્તો અંગે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**જામનગર જિલ્લામાં મોટી નદીઓ ઉપર ચેકડેમો**

૧૩૨૭૨**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૩૬ ચેકડેમો મંજૂર કરવામાં આવેલ છે. જે પેકી ૧૫ ની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ચેકડેમોની કામગીરી ચાલું હતી ? | (૨) તે પૈકી ૧૧ ચેકડેમોની કામગીરી ચાલુ હતી. |

**કારંટા જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ગામો**

૧૨૫૮૫**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાની કારંટા જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા ગામોને પાણી આપવાનું આયોજન હતું, અને | (૧) ૬૬ ગામોને. |
| (૨) તે અન્વયે કેટ કેટલા ગામોને પાણી આપવામાં આવે છે ? | (૨) ૬૩ ગામોને, બાકી રહેતા ગામો હાલ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. |

**ખોડવદરી સિંચાઈ યોજનાનું કામ શરૂ કરવા અંગે આયોજન**

૧૨૬૧૩**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગારીયાધાર તાલુકાની ખોડવદરી નાની સિંચાઈ યોજનાનું કામ શરૂ કરાવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં કામ શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ફતેવાડી યોજનાની નહેરોના આધુનિકીકરણ બાબત

૧૩૩૧૭**શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના બાવળા-ધોળકા અને સાણંદ તાલુકામાં ફતેવાડી નહેર યોજના જે વાસણા બેરેજથી નહેર દ્વારા પાણી સિંચાઈ માટે આપવામાં આવે છે. આ નહેરો ખૂબ જુની છે કેનાલો તૂટી ગયેલ છે નાળા, દરવાજા તૂટી ગયેલ છે આ આખી યોજનાનું આધુનિકીકરણ કરવા માંગો છો,

(૨) આ આધુનિકીકરણ પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને

(૩) આ કામો ક્યારે પૂરા થશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : હા, જી. સર્વેક્ષણ અને અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

-------------

## વિસાવદર અન્જો ભેંસાણ તાલુકામાં બનેલ ચેકડેમો

૧૧૬૫૪ **શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના વિસાવદર અને ભેંસાણ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૮થી તા. ૩૧-૧૨-૦૯ સુધીના એક વર્ષમાં સરદાર પટેલ સહભાગી યોજના ૮૦x૨૦ હેઠળ કેટલા ચેકડેમ બનાવવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા ગામમાં બનાવવામાં આવેલ છે, અને

(૩) દરેક ચેકડેમ પાછળ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) વિસાવદર તાલુકામાં-૨૩ અને ભેંસાણ તાલુકામાં ૬ ચેકડેમો બનાવવામાં આવેલ છે.

(૨) અને (૩) : સામેલ પત્રક મુજબ

| ક્રમ | ગામ | ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | મોટાહડમતીયા | ૧,૬૪,૪૫૩.૦૦ |
| ૨ | કાનાવડલા | ૧,૮૨,૦૭૩.૦૦ |
| ૩ | અંબાળા | ૨,૪૬,૫૩૪.૦૦ |
| **ક્રમ** | **ગામ** | **ખર્ચ રૂા.** |
| ૪ | હરીપુર (ગીર) | ૨,૦૪,૦૮૯.૦૦ |
| ૫ | શોભાવડલા | ૨,૭૯,૩૭૬.૦૦ |
| ૬ | લાલપુર | ૩,૨૭,૪૦૫.૦૦ |
| ૭ | શોભાવડલા | ૩,૪૮,૦૮૦.૦૦ |
| ૮ | જેતલવડ | ૭૪,૩૭૩.૦૦ |
| ૯ | લાલપુર | ૩,૭૪,૦૦૫.૦૦ |
| ૧૦ | પીરવડ | ૧,૯૮,૨૩૫.૦૦ |
| ૧૧ | પીરવડ | ૨,૫૬,૩૩૭.૦૦ |
| ૧૨ | લાલપુર | ૩,૨૦,૨૮૨.૦૦ |
| ૧૩ | બરડીયા | ૨,૧૦,૬૯૨.૦૦ |
| ૧૪ | લાલપુર | ૨,૪૬,૮૩૦.૦૦ |
| ૧૫ | મોટી પીંડાખાઇ | ૩,૨૬,૮૦૨.૦૦ |
| ૧૬ | જાંબુડા | ૨,૬૨,૯૨૯.૦૦ |
| ૧૭ | રાવણી મુંડીયા | ૨,૮૧,૪૫૬.૦૦ |
| ૧૮ | રાવણી મુંડીયા | ૨,૮૬,૦૮૨.૦૦ |
| ૧૯ | રાવણી મુંડીયા | ૨,૧૭,૪૬૩.૦૦ |
| ૨૦ | બરડીયા | ૨,૯૩,૮૦૪.૦૦ |
| ૨૧ | નાની મોણપરી | ૧,૯૮,૦૮૬.૦૦ |
| ૨૨ | સુખપુર | ૧૧,૦૬,૦૦૦.૦૦ |
| ૨૩ | મોટી મોણપરી | ૬,૪૨,૦૦૦.૦૦ |
| ૨૪ | ભેંસાણ | ૨,૦૪,૯૧૧.૦૦ |
| ૨૫ | તડકા પીપળીયા | ૩,૦૫,૦૯૯.૦૦ |
| ૨૬ | નવી ધારી ગુંદાળી | ૧,૯૫,૭૭૧.૦૦ |
| ૨૭ | વિશળ હડમતીયા | ૩,૪૭,૭૨૮.૦૦ |
| ૨૮ | મોરવાડ | ૩,૨૧,૦૮૪.૦૦ |
| ૨૯ | વિશળ હડળમતીયા | ૨,૩૮,૮૧૧.૦૦ |
| | | **કુલ : રૂા. ૮૬,૬૦,૭૯૦.૦૦** |

-------------

## માંડવી સી. એચ. સી. માં મંજૂર મહેકમ

૧૨૭૮૧ **શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર માંડવીમાં વર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે. તે પૈકી કેટલી જગ્યા ભરેલ છે અને કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) પત્રક -અ આ સાથે સામેલ છે.

(૨) ખાલી જગ્યા ભરવા માટે કે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૨) ખાલી જગ્યાની કામગીરીની વૈકલ્પિક વ્યવસ્થા દર્શાવતું પત્રક-બ અને ખાલી જગ્યા ભરવા અંગે કરેલ આયોજનની વિગત દર્શાવતું પત્રક-ક આ સાથે સામેલ છે.

(૩) સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ ?

(૩) હા, જી.

## પત્રક - અ

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી હોય તો કઇ તારીખથી |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૫-૩૧-૨૦૦૫ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૩ | ૦ | - |
| ૩ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧ | ૦ | ૧ | ૬-૪-૨૦૦૮ |
| ૪ | સીની. આસી. | ૨ | ૨ | ૦ | - |
| ૫ | સીની. ક્લાર્ક | ૨ | ૦ | ૨ | ૨૬-૨-૦૮<br>૩૧-૭-૦૬ |
| ૬ | એક્સ-રે ટેક્ની. | ૧ | ૦ | ૧ | ૧-૭-૨૦૦૭ |
| ૭ | લેબ. ટેક. | ૧ | ૧ | ૦ | - |
| ૮ | જુની. ફાર્મા | ૨ | ૨ | ૦ | - |
| ૯ | હેડ નર્સ | ૧ | ૦ | ૧ | ૭-૧-૨૦૦૮ |
| ૧૦ | સ્ટાફનર્સ | ૧૦ | ૧૦ | ૦ | - |
| ૧૧ | ડ્રાઇવર | ૧ | ૧ | ૦ | - |
| ૧૨ | ઓપ્થ. આસી. | ૧ | ૧ | ૦ | - |
| ૧૩ | ડ્રેસર | ૧ | ૦ | ૧ | ૧૧-૭-૧૯૮૯ |
| ૧૪ | વર્ગ-૪ કર્મચારી | ૧૨ | ૧૦ | ૨ | ૧૫-૯-૯૭<br>૧૪-૧૨-૯૭ |
| ૧૫ | રસોયા | ૧ | ૧ | ૦ | - |
| ૧૬ | સ્વીપર | ૬ | ૩ | ૩ | ૧-૯-૦૫<br>૧૨-૬-૦૫<br>૪-૧૦-૯૭ |
| | **કુલ :** | **૪૬** | **૩૪** | **૧૨** | - |
| | **પી. પી. યુનીટ** | | | | |
| ૧ | ગાયેનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧-૧૩-૨૦૦૩ |
| ૨ | પેડીયાટ્રીશ્યન | ૧ | ૦ | ૧ | ૫-૧-૨૦૦૪ |
| ૩ | સીની. ક્લાર્ક | ૧ | ૦ | ૧ | ૧૦-૨૭-૨૦૦૮ |
| ૪ | લેબ. ટેક. | ૧ | ૦ | ૧ | ૮-૩૧-૨૦૦૦ |
| ૫ | ઓટી. સ્ટાફનર્સ | ૧ | ૦ | ૧ | ૨-૧૧-૨૦૦૦ |
| ૬ | ફીમેલ હેલ્થ સુપરવાઇઝર | ૧ | ૧ | ૦ | - |
| ૭ | ફીમેલ હેલ્થ વર્કર | ૧ | ૦ | ૧ | ૭-૯-૨૦૦૯ |
| ૮ | એ. એન. એમ. | ૧ | ૧ | ૦ | |
| ૯ | ડ્રાઇવર | ૧ | ૦ | ૧ | ૯-૩૦-૨૦૦૯ |
| ૧૦ | ઓ.ટી.એટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ | ૧૧-૨-૨૦૦૩ |
| | **કુલ :** | **૧૦** | **૨** | **૮** | - |
| | **કુલ સરવાળો :** | **૫૬** | **૩૬** | **૨૦** | |

## પત્રક - બ

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી | વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | અઠવાડીયામાં એક દિવસ સા.આ.કે. ઓલપાડના જનરલ સર્જન ફરજ બજાવે છે. |
| ૨ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૧ | સા.આ.કે.ના તબીબી અધિકારી વર્ગ-૨ને કામગીરી સોંપેલ છે. |
| ૩ | સીની. ક્લાર્ક | ૨ | સા.આ.કે. ખાતેના સીની. આસી. કામગીરી સંભાળે છે. |
| ૪ | એક્સ-રે ટેક્ની. | ૧ | અઠવાડીયામાં બે દિવસ ડીટીસી. ઓલપાડ ના ટેક્નીશીયન ફરજ બજાવે છે. |
| ૫ | હેડ નર્સ | ૧ | સા.આ.કે. ખાતેના સીની. સ્ટાફનર્સ કામગીરી સંભાળે છે. |
| ૬ | ડ્રેસર | ૧ | સા.આ.કે. ખાતેના વર્ગ-૪ ના કર્મચારી કામગીરી સંભાળે છે. |
| ૭ | વર્ગ-૪ કર્મચારી | ૨ | સા.આ.કે. ખાતેના વર્ગ-૪ ના કર્મચારી કામગીરી સંભાળે છે. |
| ૮ | સ્વીપર | ૩ | સા.આ.કે. ખાતેના સ્વીપર કર્મચારી કામગીરી સંભાળે છે. |
| | **કુલ :** | **૧૨** | |
| **પી. પી. યુનીટ** | | | |
| ૧ | ગાયેનેકોલોજીસ્ટ | ૧ | અઠવાડીયામાં એક દિવસ જનરલ હોસ્પિટલ વ્યારાના ગાયનેકોલોજીસ્ટ ફરજ બજાવે છે. |
| ૨ | પેડીયાટ્રીશ્યન | ૧ | અઠવાડીયામાં એક દિવસ જનરલ હોસ્પિટલ વ્યારાના પેડીયાટ્રીશ્યન ફરજ બજાવે છે. |
| ૩ | સીની ક્લાર્ક | ૧ | સા.આ.કે. ખાતેના સીની. આસી. કામગીરી સંભાળે છે. |
| ૪ | લેબ. ટેક | ૧ | સા.આ.કે. ખાતેના ટેક્નીશીયન કામગીરી સંભાળે છે. |
| ૫ | ઓટી. સ્ટાફનર્સ | ૧ | સા.આ.કે. ખાતેના સ્ટાફનર્સ કામગીરી સંભાળે છે. |
| ૬ | ફીમેલ હેલ્થ વર્કર | ૧ | પી.પી.યુનીટના ફીમેલ હેલ્થ સુપરવાઇઝર કામગીરી સંભાળે છે. |
| ૭ | ડ્રાઇવર | ૧ | સા.આ.કે. ખાતેના ડ્રાયવર કામગીરી સંભાળે છે. |
| ૮ | ઓ.ટી.એટેન્ડન્ટ | ૧ | સા.આ.કે. ખાતેના વર્ગ-૪ના કર્મચારી કામગીરી સંભાળે છે. |
| | **કુલ :** | **૮** | |
| | **કુલ સરવાળો :** | **૨૦** | |

**પત્રક - ક**

વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે એડહોક ઓપન ઇન્ટરવ્યુનુ આયોજન કરવામાં આવેલ છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવામાં આવે છે. ઉક્ત સ્થિતિએ અનુસ્નાતક તબીબને નીચે મુજબ નિમણૂંક આપેલ છે.

| ક્રમ | તબીબનું નામ | હોદ્દો | નિમણૂંક તારીખ | હાજર થયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ડૉ. રુજુતા કે. દેસાઇ | ગોયનેકોલોજીસ્ટ | ૫-૩-૦૭ | હાજર થયેલ નથી. |
| ૨ | ડૉ. એસ. જે. મોદી | અધિક્ષક | ૧૯-૭-૦૭ | હાજર થયેલ નથી. |
| ૩ | ડૉ. એસ. એન. દુધાત | પીડીયાટ્રીશ્યન | ૫-૨-૦૮ | હાજર થયેલ નથી. |
| ૪ | ડૉ. નંદલાલ એસ. દુધાત | ગોયનેકોલોજીસ્ટ | ૫-૨-૦૮ | હાજર થયેલ નથી. |
| ૫ | ડૉ. એમ. એસ. ચોધરી | અધિક્ષક | ૬-૯-૦૮ | હાજર થયેલ નથી. |
| ૬ | વી. કે. કાનાગી | અધિક્ષક | ૧૫-૧-૦૯ | હાજર થયેલ નથી. |
| ૭ | ડૉ. શીતલ એસ. પાટીલ | અધિક્ષક | ૧-૬-૦૯ | હાજર થયેલ નથી. |
| ૮ | ડૉ. અનિલ કે. પટેલ | અધિક્ષક | ૩૦-૧૦-૦૯ | હાજર થયેલ નથી. |
| ૯ | ડૉ. પ્રતિક્ષા જે. ચોધરી | ગોયનેકોલોજીસ્ટ | ૫-૧-૨૦૧૦ | હાજર થયેલ નથી. |

**વહીવટી અધિકારી વર્ગ-૨**

વહીવટી અધિકારી વર્ગ-૨ની જગ્યા બઢતીથી ભરવા માટે બઢતી સમીતી દ્વારા પસંદ થયેલ કર્મચારીઓની ખાતાકીય પસંદગીની યાદી મુજબ ઉક્ત જગ્યા બઢતીથી ભરવામાં આવશે.

**વર્ગ-૩**

વર્ગ-૩ના કર્મચારીઓની (૧) સીધી ભરતીથી/નિમણુંક ગોણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા આપવામાં આવે છે. (૨) ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા કરાર આધારીત નિમણૂંક આપવામાં આવે છે. બઢતીથી ખાલી જગ્યાઓ ખાતાકીય બઢતી સમિતીની ભલામણ મેળવી કમિશ્નરશ્રી કચેરી દ્વારા ભરવામાં આવશે.

**વર્ગ-૪ ના કર્મચારી**

વર્ગ-૪ની ખાલી જગ્યાઓ આઉટ સોર્સથી એજન્સી મારફતે સેવકોની કરારના ધોરણે સેવા લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રની સાફ સફાઇ માટે કરાર આધારીત નિમણૂંક આઉટ સોર્સથી કરવા માટે વાર્ષિક રૂા. ૧,૦૦,૦૦૦/- નેશનલ રુરલ હેલ્થ મિશન મારફતે રોગી કલ્યાણ સમિતિને હવાલે મુકવાનુ આયોજન કરવામાં આવેલ છે.

-------------

**વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા અને મેઘરજ તાલુકામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

૧૩૩૧૨**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા અને મેઘરજ તાલુકામાં તાલુકાવાર કેટલી પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) આ યોજનાઓ દ્વારા તાલુકાવાર કેટલા ગામોને નળ દ્વારા પાણી મળે છે,

(૩) આદિવાસી ગામોને જૂથ યોજના ધ્વારા નળથી પાણી આપવાનું કોઈ આયોજન છે, અને

(૪) જો હા, તો ક્યાં સુધીમાં નળથી પાણી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડબ્રહ્મા તાલુકામાં ૨, ભિલોડા તાલુકામાં ૩ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે, જ્યારે વિજયનગર અને મેઘરજ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ નથી.

(૨) ખેડબ્રહ્મા તાલુકાનાં ૧૫ અને ભિલોડા તાલુકાનાં ૬૩ ગામોને નળ દ્વારા પાણી મળે છે.

(૩) હા, જી.

(૪) માહે ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં નળથી પાણી આપવાનું આયોજન છે.

-------------

**મેડિકલ કોલેજો સ્થાપવા ઈરાદો દર્શાવતી પડતર દરખાસ્તો**

૧૩૨૩૦**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મેડિકલ કોલેજો સ્થાપવા માટે ઈરાદો દર્શાવતી જિલ્લાવાર કેટલી દરખાસ્તો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે પડતર છે, અને

(૨) આ પડતર દરખાસ્તો અંગે શાં પગલાં લેવામાં આવ્યાં છે ?

**જવાબ**

(૧) મેડીકલ કોલેજ સ્થાપવાના ઈરાદાના પ્રથમ ચરણરૂપે એસેન્સીયાલીટી સર્ટિફિકેટ માટે અરજી કરવાની રહે છે. આ પ્રકારની કોઈ પણ અરજી રાજ્ય સરકાર પાસે પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## તાપી જિલ્લામાં પાણી પુરવઠા માટે ફાળવેલ રકમ

૧૧૬૯૭ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં પાણી પુરવઠા માટે કુલ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી,

(૨) તે અન્વયે કઈ કઈ યોજના પાછળ કેટ કેટલો ખર્ચ થયો, અને

(૩) કેટલા કામો પૂર્ણ થયા ?

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં પાણી પુરવઠા માટે સને ૨૦૦૮-૦૯માં રૂા. ૨૨૭૪.૨૦ લાખ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રૂા. ૧૭૨૬.૦૨ લાખની જોગવાઈ કરવામાં આવી.

(૨) અને (૩) : પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | કાર્યક્રમ | વર્ષ : ૨૦૦૮-૦૯ માં | | વર્ષ : ૨૦૦૯-૧૦ માં | |
|---|---|---|---|---|---|
| | | થયેલ ખર્ચ | પૂર્ણ કામો | થયેલ ખર્ચ | પૂર્ણ કામો |
| ૧ | પી.સી. કાર્યક્રમ | ૧૩૬.૭૫ | ૧૨ | ૭૭.૮૨ | ૧૫ |
| ૨ | ગુણવત્તા કાર્યક્રમ | ૭૧.૦૭ | ૯ | ૧૨.૦૮ | ૬ |
| ૩ | એમ.એન.પી. કાર્યક્રમ (જુથ યોજના) | ૬૨.૫૪ | ૦ | ૬૯.૪૫ | ૦૦ |
| ૪ | શાળા કાર્યક્રમ | ૦ | ૦ | ૩૦.૮૨ | ૧૦ |
| ૫ | હેન્ડપંપ કાર્યક્રમ | ૨૬૮.૯૦ | ૧ | ૮૫.૮૫ | ૦ |
| ૬ | મીની પાઈપ કાર્યક્રમ | ૧૫૬.૩૦ | ૫૦ | ૧૯૬.૦૩ | ૫૦ |
| ૭ | અનુસુચીત જન જાતિ પેટા કાર્યક્રમ | ૦ | ૦ | ૧.૯૧ | ૧ |
| ૮ | મરામત અને નિભાવણી જૂથ યોજના કાર્યક્રમ | ૧૩૦ | ૫ | ૧૮૪.૦૩ | ૫ |
| ૯ | મરામત અને નિભાવણી હેન્ડપંપ કાર્યક્રમ | ૩૩.૬૦ | - | ૧૩.૯૩ | - |
| ૧૦ | સ્પેસીયલ રીપેર કાર્યક્રમ (મીસીંગલીંક કાર્યક્રમ) | ૦ | ૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | રીચાર્જિંગ કાર્યક્રમ | ૧૩.૨૦ | ૧ | ૧૭.૦૨ | ૨ |
| ૧૨ | સ્વજલધારા કાર્યક્રમ | ૨૦૭.૪૦ | ૪ | ૨૧૫.૨૧ | ૦ |
| | કુલ : | **૧૦૭૯.૭૬** | **૮૨** | **૯૦૪.૧૫** | **૮૯** |

-------------

## મેઘરજ-માલપુર-ધનસુરા-બાયડ વિસ્તારોમાં સિંચાઈની સુવિધા

૧૨૩૮૫**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ મેઘરજ-માલપુર-ધનસુરા-બાયડ તાલુકાઓમાં સિંચાઈની સુવિધા નહિવત છે તે સરકારશ્રીના ધ્યાન પર છે કે નહિ,

(૨) આ તાલુકાઓની કુલ કેટલી જમીન પિયત હેઠળ અને કેટલી જમીન બીન પિયત હેઠળ છે,

(૩) તાલુકાવાર સિંચાઈની સુવિધા વધારવા કોઈ મોટા કે મધ્યમ ડેમો બનાવવા સરકારે સર્વેક્ષણ કર્યું છે કે કેમ, અને

(૪) આ તાલુકાઓના સંપૂર્ણ વિસ્તારને પિયતનું પાણી મળી રહે તે માટે સરકારશ્રી ધ્વારા કોઈ આયોજન થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) સુવિધા નહિવત નથી.

(૨) પિયત હેઠળ ૭૨૯૪૨ હેક્ટર
બિન પિયત હેઠળ ૬૭૧૭૫ હેક્ટર.

(૩) અને (૪) : હા, જી.

શક્ય તેટલા વધુ વિસ્તારને સિંચાઈની સુવિધા મળે તે માટે મોટા ચેકડેમ, નાના ચેકડેમ, તળાવો ઉંડા કરવા તથા નર્મદા કેનાલ આધારિત વાત્રક-માઝમ - મેશ્વો પાઈપ લાઈનનું આયોજન કરેલ છે.

-------------

## ગોદીલની ખાણ ગામે કંપની દ્વારા તળાવ તોડી નાખવા બાબત

૧૨૦૫૪**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના ગોદીલની ખાણ ગામે સિંચાઈ વિભાગ હસ્તકના પંચાયતના તળાવને કંપનીએ સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં તોડી નાંખેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તળાવ તોડી નાખવા સામે સદરહુ

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : કંપનીને તા. ૧૧-૧-૨૦૧૦ અને

કંપની સામે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની વિગતો શું છે ?

તા. ૧૧-૨-૨૦૧૦ ના પત્રોથી કાર્યવાહી માટે નોટિસ આપવામાં આવેલ છે.

-------------

**પાનમ અને થાણા-સાવલી જૂથ પાણી પુરવઠા યોજના**

૧૨૧૩૧ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાની પાનમ અને થાણા-સાવલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ સરકારશ્રીએ ક્યારે મંજૂર કરેલ,

(૨) આ યોજનાની કામગીરી કઈ એજન્સીને સુપ્રત કરી કેટલા ગામોને પીવાનું પાણી પુરું પાડવાનું આયોજન કરેલ,

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરી કેટલા ગામોને પીવાનું પાણી મળે છે,

(૪) આ યોજનાથી આવરી લીધેલ ગામો પેકી ઘણા ગામોના ફળિયાને પીવાનું પાણી મળતું નથી એ બાબતે કોઈ ફરીયાદ મળેલ છે કે કેમ, અને

(૫) બાકી ફળિયાને કેટલા સમયમાં પીવાનું પાણી પુરું પાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) પાનમ જૂથ પાણી પુરવઠા યોજના તા.૩૧-૧-૨૦૦૩ અને થાણાસાવલી જૂથ પાણી પુરવઠા યોજના તા.૩૧-૧૨-૨૦૦૩ થી મંજૂર કરેલ.

(૨) પાનમ જૂથ યોજનાની કામગીરી મે.આઈ.વી.આર.સી.એલ. પ્રો. એન્ડ ઈન્ફ્રા. સ્ટ્રક્ચર પ્રા.લી. હૈદરાબાદને સુપ્રત કરી ૬૬ ગામોને અને થાણાસાવલી જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી મે. એન્જીનીયરીંગ પ્રો. કંપની લી. સુરતને સુપ્રત કરી ૬૫ ગામોને પીવાનું પાણી પુરુ પાડવાનું આયોજન કરેલ.

(૩)

| જુથ યોજનાનું નામ | કામગીરીની વિગત | પાણી અપાતા ગામોની સંખ્યા |
|---|---|---|
| પાનમ | મંજુર યોજના મુજબ સર્વે કામો | ૫૨ |
| થાણાસાવલી | મંજુર યોજના મુજબ સર્વે કામો | ૬૨ (ત્રણ ગામો સ્થાનિક સોર્સથી પાણી મેળવે છે.) |

(૪) હા, જી.

(૫)

| જુથ યોજનાનું નામ | બાકી ફળીયાને પીવાનું પાણી પુરૂ પાડવાનું આયોજન |
|---|---|
| પાનમ | બાકી ૮૩ ફળિયાને ક્રમશઃ ૫/૨૦૧૦ સુધીમાં |
| થાણાસાવલી | બાકી ૫૫ ફળિયાઓને ક્રમશઃ ૧૨/૨૦૧૦ સુધીમાં |

-------------

**દાહોદ જિલ્લામાં કાર્યરત નાની સિંચાઈ યોજનાઓ**

૧૩૩૧૦ **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી નાની સિંચાઈ યોજનાઓ કાર્યરત છે અને તે થકી કેટલી જમીનને પિયતનું પાણી આપવામાં આવે છે, અને

(૨) જે તાલુકાઓમાં આવી નાની સિંચાઈની સુવિધા નથી ત્યાં આવી સુવિધા આપવા સરકારે ૨૦૦૯-૧૦ના વર્ષમાં શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પંચાયત સિંચાઈ વિભાગ હસ્તકના કાર્યક્ત નાની સિંચાઈ તળાવો અને તેના પિયત વિસ્તારની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | કાર્યરત નાની સિંચાઈ તળાવની સંખ્યા | આલેખિત પિયત વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૫ | ૭૪૧.૦૦ |
| ૨ | ગરબાડા | ૬ | ૧૦૪૩.૦૦ |
| ૩ | લીમખેડા | ૫ | ૭૯૨.૦૦ |
| ૪ | ધાનપુર | ૪ | ૧૬૦૩.૦૦ |
| ૫ | ઝાલોદ | ૨૦ | ૩૫૬૭.૦૦ |
| ૬ | ફતેપુરા | ૯ | ૧૧૮૭.૦૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૮ | ૧૮૯૩.૦૦ |

(૨) દાહોદ જિલ્લાના દરેક તાલુકામાં નાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ છે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાના કામ બાબત**

૧૧૭૨૭**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાની નહેરોના કામો શા કારણે બંધ છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના કામો આયોજન મુજબ પ્રગતિમાં છે.

(૨) સરકાર આ યોજનાની નહેરોના કામ ચાલુ કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે કામ ચાલુ થશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાનું પાણી પૂરતા પ્રેસરથી મળે તે માટે આયોજન**

૧૧૮૦૪**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાની મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ યોજનાના મુલેર હેડ વર્ક્સ તથા વિલાયત-વેસદરા-તથા કેરવાડા હેડ વર્ક્સની પાઈપ લાઈનો જૂની અને જર્જરીત હોવાથી પુરતા પ્રેસરથી પાણી પહોંચતું નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો પુરતા પ્રેસરથી પાણી મળે તે માટે સરકારે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) પ્રશ્નવાળી પાઈપલાઈનો વર્ષ ૧૯૭૫ પહેલાની હોઈ કેટલીક જ્ગ્યાએ પાઈપલાઈનમાં વનસ્પતિના મૂળીયા ઉગવાથી તથા લીકેજ થવાથી પાણી ઓછા પ્રેસરથી મળે છે.

(૨) હયાત પાઈપ લાઈનના બદલે નવિન પાઈપ લાઈન તબક્કાવાર નાંખવાની કામગીરી પ્રગતિમાં છે.

-------------

**ભિલોડા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

૧૨૭૭૮**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં કુલ કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત યોજનાઓ ધ્વારા યોજનાવાર કુલ કેટલા ગામોને પાણી મળે છે અને એમાં આદિવાસી ગામોને નળ ધ્વારા કેટલા અને ક્યા ક્યા ગામોને પાણી મળે છે, અને

(૩) આદિવાસી ગામોને જૂથ યોજના ધ્વારા નળથી પાણી આપવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ અને ક્યાં સુધી પાણી આપવા માંગો છો ?

**જવાબ**

(૧) ત્રણ જુથ યોજનાઓ કાર્યરત છે.

(૨)

| અનું. | જૂથ યોજનાનું નામ | પાણી મેળવતા ગામો | પાણી મેળવતા આદિવાસી ગામો |
|---|---|---|---|
| ૧ | મેશ્વો | ૧૩ | ૧) શામળપુર |
| | | | ૨) ભવાનપુર |
| | | | ૩) નાપડાજાગીર |
| | | | ૪) વજાપુર |
| | | | ૫) શામળાજી |
| ૨ | હાથમતી | ૮ | ૧) ખાપરેટા |
| | | | ૨) ધાંટી |
| | | | ૩) ખલવાડ |
| | | | ૪) માંકરોડા |
| ૩ | લુસડીયા | ૫ | ૧) ઓઢા |
| | | | ૨) પહાડીયા |
| | **કુલ :** | **૨૬** | **૧૦** |

(૩) હા, જી. શક્ય તેટલી વહેલી તકે.

-------------

**ઉનાઇ માતાજીના મંદિર વિકાસ માટે થયેલ ખર્ચ**

૧૧૯૬૮**શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલ યાત્રાધામ ઉનાઇ માતાજીના મંદિરના વિકાસ અને બાંધકામ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નાણાં ફાળવવામાં આવ્યા છે, તે પેકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) નવસારી જીલ્લાના વાંસદા તાલુકામાં આવેલ યાત્રાધામ ઉનાઈ માતાજીના મંદિરના વિકાસ અને બાંધકામ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૨,૨૫,૬૫,૦૦૦-૦૦ (અંકે રૂપિયા બે કરોડ પચ્ચીસ લાખ અને પાંસઠ હજાર પૂરા/- ) ફાળવવામાં આવેલ છે. અને તે પેકી રૂપિયા ૧,૧૯,૧૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા એક કરોડ ઓગણીસ લાખ અને દસ હજાર પૂરા/-) નો ખર્ચ કરવામાં આવ્યો છે. રકમમાં ટ્રસ્ટ અને રાજ્ય સરકારે ફાળવેલ રકમ અને કરેલ ખર્ચનો સમાવેશ થાય છે.

(૨) ઉક્ત મંદિરનું બાંધકામ કેટલા સમયમાં પૂરૂં કરવામાં આવશે ?

(૨) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં મંદિરના તરણ કુંડના બ્યુટીફીકેશન તથા ચેન્જીગ રૂમનું કામ, પાણી પુરવઠાનું કામ તેમ જ નવી ગ્રીલ તથા ફ્લોરીંગનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

જ્યારે સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કંપાઉન્ડ વોલ, આર.સી.સી. ગેટ, ટ્રીમીક્સ રોડ, કેમ્પસ ગ્રાઉન્ડનું કામ, સ્ટ્રોર્મ વોટર પાઈપ લાઈન, પેવર બ્લોક પેવીંગ, કર્બવોલ, પાર્કીંગ તથા લેન્ડ સ્કેપીંગ, ટોયલેટ બ્લોક, એસ.ટી. બસના પીકઅપ સ્ટેન્ડ, હાઈ માસ્ટ ટાવર અને પ્રવેશ ધ્વારની કામગીરી પ્રગતિમાં છે અને તે વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

-------------

**રાજ્યમાં નવી મેડીકલ કોલેજો માટે મંજૂર થયેલ અને ભરાયેલ જુદા જુદા સંવર્ગની જગ્યાઓ બાબત**

**૧૧૮૧૧શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરકારે તાજેતરમાં રાજ્યમાં નવી મેડીકલ કોલેજો ખોલવાની જાહેરાત કરી છે તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો રાજ્યમાં કેટલી નવી મેડીકલ કોલેજો ક્યા ક્યા સ્થળે શરૂ કરવાનું આયોજન છે, અને

(૨) રાજ્યમાં ૪ નવી મેડીકલ કોલેજો
(૧) પાટણ
(૨) સોલા (અમદાવાદ)
(૩) ગોત્રી (વડોદરા) અને
(૪) વલસાડ ખાતે.

(૩) આ હેતુસર તા. ૧૫-૧-૧૦ સુધીમાં ક્યા ક્યા સંવર્ગની કેટલી જગ્યાઓ મંજુર કરવામાં તથા ભરવામાં આવી ?

(૩) આ સાથેના પત્રક મુજબની કુલ ૨૩૪૮ જગાઓ મંજૂર કરવામાં આવી તે પૈકી ડીન સંવર્ગની કુલ-૪ જગાઓ ભરવામાં આવી છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | જગાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | પાટણ | સોલા (અમદાવાદ) | ગોત્રી (વડોદરા) | વલસાડ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ડીન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨ | મેડીકલ સુપરીન્ટેન્ડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩ | પ્રોફેસર | ૫ | ૫ | ૫ | ૫ |
| ૪ | રીડર/એસોસીયટ પ્રોફેસર | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ |
| ૫ | લેક્ચરર/આસી પ્રોફેસર | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ૬ | ટ્યુટર/ડમોસ્ટેટર | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૭ |
| ૭ | સીનીયર રેસીડેન્ટ | ૧૯ | ૧૯ | ૧૯ | ૧૯ |
| ૮ | જુ. રેસીડેન્ટ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ |
| ૯ | નર્સિંગ સુપરીન્ટેડન્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૦ | ડેપ્યુટી નર્સિંગ સુપરીન્ટેડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૧ | આસી. નર્સિંગ સુપરીન્ટેડન્ટ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૧૨ | સીસ્ટર ઇન્ચાર્જ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ |
| ૧૩ | સ્ટાફ નર્સ | ૧૪૧ | ૧૪૧ | ૧૪૧ | ૧૪૧ |
| ૧૪ | મેટ્રન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૫ | મેડીકલ રેકોર્ડ ઓફિસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૬ | વેટરનરી ઓફિસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૭ | સ્ટાફ નર્સ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૧૮ | ટેક્નીકલ આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૯ | વોર્ડબોય | ૩૮ | ૩૮ | ૩૮ | ૩૮ |
| ૨૦ | ટેક્નીશીયન | ૪ | ૪ | ૪ | ૪ |

| ક્રમ | સંવર્ગનું નામ | જગાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | પાટણ | સોલા (અમદાવાદ) | ગોત્રી (વડોદરા) | વલસાડ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૧ | સ્વીપર | ૩૨ | ૩૨ | ૩૨ | ૩૨ |
| ૨૨ | અસોસીયેટ પ્રોફેસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૩ | લેબ. એટેનડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૪ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૫ | લાયબ્રેરીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૬ | આસી.લાયબ્રેરીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૭ | ડોક્યુમેન્ટાલીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૮ | સ્ટોરકીપર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૯ | કેજ્યુઅલ્ટી એમ.ઓ. | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૦ | સ્ટ્રેચર બેરર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૧ | સ્ટેનો ટાઇપીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૨ | રેકોર્ડ ક્લાર્ક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૩૩ | ઓ.ટી.આસીસ્ટન્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૩૪ | સુપરીન્ટેડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૫ | રીસેપ્શનીસ્ટ ક્લાર્ક | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૬ | ડાયેટીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૭ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૮ | સીની. ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૯ | જુની. ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪૦ | બાયો. મેડીકલ એન્જિનિયર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૧ | લીનનકીપર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૨ | કુક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪૩ | પ્યુન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૪ | ટેકનીકલ આસી./ટેક. | ૩૨ | ૩૨ | ૩૨ | ૩૨ |
| ૪૫ | મોડ્યુલર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૬ | ડીશેક્શન હોલ એન્ટેડન્ટ | ૬ | ૬ | ૬ | ૬ |
| ૪૭ | સ્ટેનો ટાઇપીસ્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪૮ | સ્ટોરકીપર કમ ક્લાર્ક | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ |
| ૪૯ | સ્વીપર | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ |
| ૫૦ | લેબ. એન્ટેડન્ટ | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૬ |
| ૫૧ | સ્ટેનોગ્રાફર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૨ | રેકોર્ડ ક્લાર્ક/ક્લાર્ક | ૬ | ૬ | ૬ | ૬ |
| ૫૩ | ઇ.સી.જી. ટેકનીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૪ | ઓડિયોમેટ્રી ટેકનીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૫ | રીફ્રેક્શનીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૬ | રેડિયોગ્રાફી ટેકનીશીયન | ૨ | ૨ | ૨ | ૨ |
| ૫૭ | ડાર્કરૂમ આસી. | ૨ | ૨ | ૨ | ૨ |
| ૫૮ | ડેન્ટલ ટેકનીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૯ | આર.એમ.ઓ. ક્લાસ-૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬૦ | આસી. આર.એમ.ઓ. | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬૧ | પી.આર.ઓ. | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬૨ | એડમી. ઓફીસર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૬૩ | એડમી. ઓફીસર (એકાઉન્ટ) | ૨ | ૨ | ૨ | ૨ |
| ૬૪ | ઓફિસ/હોસ્ટેલ સુપરીન્ટેડન્ટ | ૫ | ૫ | ૫ | ૫ |
| ૬૫ | હેડ ક્લાર્ક | ૬ | ૬ | ૬ | ૬ |
| ૬૬ | સીનીયર ક્લાર્ક | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૧ |
| ૬૭ | જુનિયર ક્લાર્ક | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ |
| ૬૮ | ડ્રાયવર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૬૯ | સિક્યુરીટી | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૭૦ | સ્ટ્રેચરબેરર | ૨ | ૨ | ૨ | ૨ |

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | પાટણ | સોલા (અમદાવાદ) | ગોત્રી (વડોદરા) | વલસાડ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭૧ | કોમ્પ્યુટર ઓપરેટર | ૫ | ૫ | ૫ | ૫ |
| ૭૨ | બાર્બર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૭૩ | મેડીકલ ગેસ ટેકનીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૭૪ | કુક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૭૫ | પ્યુન | ૬ | ૬ | ૬ | ૬ |
| ૭૬ | સ્વીપર | ૮ | ૮ | ૮ | ૮ |
| ૭૭ | ગાર્ડનર/માળી | ૩ | ૩ | ૩ | ૩ |
| ૭૮ | રીશેપનીસ્ટ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૭૯ | પેશન્ટ ગાઇડ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૦ | ટેલીફોન ઓપરેટર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૧ | સિક્યુરીટી ઓફિસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૨ | સેનેટરી ઇન્સપેક્ટર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૩ | જમાદાર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૪ | ઇલેક્ટ્રીશીયન | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૫ | એસી. રેફ્રીજરેશન મીકેનીક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૬ | નેટવર્ક મેનેજર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૭ | સીવીલ એન્જીનિયર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૮ | આસી.હોસ્પીટલ એડમીનીસ્ટ્રેટર | ૧ | ૧ | ૧ | ૧ |
| | કુલ : | ૫૮૭ | ૫૮૭ | ૫૮૭ | ૫૮૭ |
| કુલ : ૫૮૭ + ૫૮૭ + ૫૮૭ + ૫૮૭ = ૨૩૪૮ | | | | | |

-------------

## વઢવાણ શહેરની પાણી પુરવઠા યોજનાની સુધારણા

૧૩૨૮૦ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

યુ. આઈ. ડી. એસ. એમ. ટી. યોજના અન્વયે સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ શહેરની પાણી પુરવઠા સુધારણા પ્રોજેક્ટની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અન્વયે સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ શહેરની પાણી પુરવઠા સુધારણા પ્રોજેક્ટની કામગીરી પ્રગતીમાં છે, આમા તબક્કાવાર પાઇપ લાઇનનું ૮૫ ટકા, કમ્પાઉન્ડ વોલનું ૬૫ ટકા અને ઇ.એસ.આર. (ટાંકી)નું ૧૨ ટકા કામ પૂર્ણ થયેલ છે. જ્યારે બાકી આર.સી.સી. પમ્પ, પમ્પ હાઉસ અને ફીલ્ટર પ્લાન્ટનું કામ પ્રારંભિક તબક્કામાં છે.

-------------

## ઓખા મંડળ વિસ્તારને નર્મદાનું પીવાનું પાણી

**શ્રી ૧૩૨૪૨ મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લાના ઓખા મંડળ વિસ્તારને નર્મદાનું પાણી પીવા માટે મળી રહે તે માટે સરકારે કોઈ યોજના બનાવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાથી કેટલા ગામો અને શહેરોને પાણી પુરવઠો મળશે, | (૨) કલ્યાણપુર તાલુકાના ૨૨ ગામો અને ઓખા મંડળ તાલુકાના ૪૦ ગામો તથા ૪ શહેરોને. |
| (૩) આ યોજના માટે અંદાજે કેટલો ખર્ચ થશે, અને | (૩) અંદાજે રૂા. ૧૪૧૮.૨૨ લાખ. |
| (૪) આ યોજના ક્યારે પૂરી કરવામાં આવશે ? | (૪) ૧૫ માસમાં પૂરી કરવાનું આયોજન છે. |

**દાહોદ જિલ્લામાં મરામત કામગીરીને લીધે બંધ પાણી પુરવઠા યોજનાઓ**

૧૨૩૦૪**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી પાણી પુરવઠા યોજના મરામતની બાકી કામગીરીને કારણે બંધ છે, અને

(૨) ઉક્ત મરામત કામ કેટલા સમયમાં પૂર્ણ કરી ઉક્ત યોજનાઓ પુનઃકાર્યરત ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૦ સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ.

(૨) બનતી ત્વરાએ.

-------------

**એન.આર.એચ.એમ. અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ**

૧૩૩૦૬**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નેશનલ રૂરલ હેલ્થ મીશન અંતર્ગત કેટલી ગ્રાન્ટ મળી,

(૨) તે પેકી ક્યા હેડે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) આણંદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને તે પેકી કેટલી રકમ ખર્ચ થઈ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નેશનલ રૂરલ હેલ્થ મીશન અંતર્ગત નીચે મુજબની ગ્રાન્ટ મળી છે.

| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.માં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૨૦૦૮ | ૨૪૬૯૯૪૪૦૦૧.૦૦ |
| ૨ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૫૭૮૧૮૪૧૩૨.૦૦ |
| ૩ | ૨૦૦૯-૨૦૧૦ (તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ) | ૨૮૬૯૧૬૯૦૦૦.૦૦ |

(૨) **પત્રક-૧** આ સાથે સામેલ છે.

(૩) આણંદ જિલ્લામાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને ખર્ચ થયેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ (રૂ.માં) | ખર્ચ થયેલ રકમ (રૂ.માં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૨૦૦૮ | ૩૩૬૨૦૯૦૧.૦૦ | ૩૫૦૬૦૮૦૬.૯ |
| ૨ | ૨૦૦૮-૨૦૦૯ | ૬૭૬૭૭૩૫૩.૦૦ | ૬૬૧૧૧૫૨૫.૨૫ |
| ૩ | ૨૦૦૯-૨૦૧૦ (તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ) | ૬૫૪૫૦૩૭૩.૦૦ | ૫૭૫૪૧૪૯૦.૦૦ |

**પત્રક - ૧**

| પ્રોગ્રામના નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| આરસીએચ-૨ | ૪૬૨૧૪૯૭૭૭.૦૦ | ૯૪૫૮૧૫૫૧૬.૦૦ | ૬૪૭૪૭૯૭૦૬.૫૯ |
| એન.આર.એચ.એમ.એડી. | ૧૦૬૨૪૩૫૪૯૦.૦૦ | ૨૩૯૧૨૬૨૩૧૧.૦૦ | ૧૬૩૨૮૯૩૩૪૧.૦૦ |
| ઇમ્યુનાઇઝેશન | ૨૩૪૮૦૧૮૭.૦૦ | ૩૨૬૩૯૫૮૬.૦૦ | ૨૦૫૮૦૧૪૫.૦૦ |
| ટી.બી. | ૯૬૭૯૦૫૦૮.૩૬ | ૧૧૭૨૫૧૩૭૪.૩૮ | ૯૭૦૧૯૮૧૮.૨૩ |
| મેલેરીયા | ૫૭૯૨૨૭૬૭.૦૦ | ૭૧૮૦૯૭૦૯.૮૬ | ૯૧૪૮૭૩૭.૦૦ |
| આઇ.ડી.એસ.પી. | ૧૪૦૯૯૩૧૩.૩૧ | ૯૯૪૦૬૯૧.૯૧ | ૬૫૬૬૭૫૮.૦૦ |
| લેપ્રસી | ૧૦૩૫૫૬૭૦.૦૦ | ૧૧૪૭૪૯૯૦.૧૫ | ૧૦૮૦૪૦૦૦.૦૦ |
| અંધત્વ | ૬૭૧૪૫૪૮૩.૦૦ | ૧૩૯૬૮૩૮૫૪.૦૦ | ૧૧૩૮૧૩૧૩૬.૦૦ |
| આઇ.ડી.ડી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| **કુલ :** | **૧૭૯૪૩૭૯૧૯૫.૬૭** | **૩૭૧૯૮૭૮૦૩૩.૩૦** | **૨૫૩૮૩૦૫૬૪૧.૮૨** |

-------------

**સપડા સિંચાઈ યોજનાની પ્રગતિ બાબત**

૧૧૭૨૯ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) :** તા. ૩-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૨૩૮ (અગ્રતાક્રમાંક-૯૪) ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર તાલુકાના સપડા સિંચાઈ યોજનામાં દર વર્ષે ઓવર ફ્લોથી દરિયામાં જતા પાણીને રોકવા માટે તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ આગળની કાર્યવાહી સરકારની વિચારણામાં છે તે કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને

(૨) તે ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આર્થિક અને તાંત્રીક દ્રષ્ટિએ વ્યવહારુ ન જણાતા આ દરખાસ્ત પડતી મૂકવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉદ્દભવતો નથી.

-------------

**ખેડા જિલ્લામાં પાણી સમિતિ મારફતે કામ થાય તેવી મંજૂર પાણી પુરવઠા યોજનાઓ**

૧૨૭૩૯ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી સમિતિ મારફતે કામ થાય તેવી કેટલી પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર પુરસ્કૃત સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૫૧ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ૧૬ યોજનાઓ પૂર્ણ કરવામાં આવેલ છે.

-------------

**રાજ્યની નવી મેડીકલ કોલેજોમાં પ્રોફેસરોની સંખ્યા વધુ બતાવવા અપાયેલા પ્રમોશનો**

૧૧૭૦૮**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નવી સરકારી મેડીકલ કોલેજો ખોલવાના પગલે મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાની મંજૂરી મેળવવાના હેતુસર પ્રોફેસરોની વધુ સંખ્યા બતાવવા એડીશનલ પ્રોફેસરોની અસ્તિત્વમાં ન હોય તેવી જગ્યાઓ તાજેતરમાં ઉભી કરીને લાગતા વળગતાઓને પ્રમોશનો આપી દીધા હોવાની હકીક્ત સાચી છે,

(૨) આ નિર્ણય માટેની ફાઈલમાં આરોગ્ય વિભાગના એક ઉચ્ચ અધિકારીએ સહી કરવાની ના પાડતા તેમની તાત્કાલિક બદલી કરી નાખવામાં આવી છે તે વાત સાચી છે, અને

(૩) રાજ્યના નાણા વિભાગ અને સામાન્ય વહીવટી વિભાગની આવી જગ્યાઓ ઉભી કરતાં પહેલાં મંજૂરીઓ લેવામાં આવી છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી નથી. સહ પ્રાધ્યાપકની જગ્યાનું નામાભિધાન બદલી પ્રાધ્યાપક (અધિક) કરવામાં આવેલ છે. જે માટે નિયમાનુસાર નાણાં વિભાગની મંજુરી મેળવવામાં આવી છે.

-------------

**જાન્યુઆરી -૨૦૧૦માં યોજેલ પતંગ મહોત્સવનો ખર્ચ**

૧૨૩૮૭**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે જાન્યુ. -૨૦૧૦માં યોજેલ પતંગ મહોત્સવમાં ક્યા ક્યા મહાનુભાવોના નામો આમંત્રણ પત્રિકામાં છાપવામાં આવ્યા,

**જવાબ**

(૧) રાજ્યમાં સરકાર દ્વારા અમદાવાદ ખાતે જાન્યુઆરી-૨૦૧૦માં યોજાયેલ પતંગ મહોત્સવમાં મહામહીમ રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી (પ્રવાસન) અને અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ, ગાંધીનગરના નામો આમંત્રણ

(૨) ક્યા ક્યા ધારાસભ્યોને તે અન્વયે નિમંત્રણ આપવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પતંગ મહોત્સવ પાછળ કેટલો ખર્ચ થયો અને બજેટના ક્યા સદર-હેડ નીચે ઉક્ત ખર્ચ કરેલ છે ?

પત્રીકામાં છાપવામાં આવ્યા હતા.

(૨) ગુજરાત વિધાનસભાના તે સમયના તમામ ધારાસભ્યશ્રીઓને તે અન્વયે નિમંત્રણ આપવામાં આવ્યા હતા.

(૩) ઉક્ત પતંગ મહોત્સવ પાછળ રૂપિયા ૨,૭૨,૧૭,૮૧૩.૦૦ (અંકે રૂપિયા બે ક્રોડ બોંતેર લાખ સત્તર હજાર આઠસો તેર પુરા) નો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ હેડમાં કરવામાં આવ્યો હતો.

માગણી ક્રમાંક-૫૧
મુખ્ય સદર-૩૪૫૨-પ્રવાસન
પેટા મુખ્ય સદર-૮૦-સામાન્ય
ગોણ સદર-૮૦૦-અન્ય ખર્ચ
હેતુ સદર-૫૦૦૦-અન્ય ખર્ચ
(૩) ટીઆરએસ-૧૮ મેળા અને ઉત્સવો.

-------------

## રાજકોટ જિલ્લામાં ૬૦ : ૪૦ અને ૮૦ : ૨૦ યોજના હેઠળ ચેકડેમો

૧૨૨૪૯**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૬૦ : ૪૦ અને ૮૦ : ૨૦ યોજના હેઠળ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ચેકડેમો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૬૦ : ૪૦ યોજના અમલમાં નથી પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં ૮૦ : ૨૦ યોજના હેઠળ ૧૦૮૫ ચેકડેમો બાંધવામાં આવેલ છે.

(૨) સામેલ પત્રક મુજબ

| ક્રમ | તાલુકો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | જસદણ | ૬૩૮.૭૭ |
| ૨ | કોટડા સાંગાણી | ૧૧૯.૮૬ |
| ૩ | પડધરી | ૨૬૭.૬૫ |
| ૪ | ટંકારા | ૨૬૯.૩૨ |
| ૫ | મોરબી | ૯૨.૪૭ |
| ૬ | માળીયા (મીં.) | ૧૨.૯૨ |
| ૭ | વાંકાનેર | ૨૪૪.૭૫ |
| ૮ | ગોંડલ | ૧૩૧.૩૬ |
| ૯ | જેતપુર | ૫૫.૩૮ |
| ૧૦ | ધોરાજી | ૮.૫૮ |
| ૧૧ | ઉપલેટા | ૧૬૭.૮૭ |
| ૧૨ | જામકંડોરણા | ૪૦.૮૫ |
| ૧૩ | રાજકોટ | ૫૩૨.૭૯ |
| ૧૪ | લોધીકા | ૫૯.૦૯ |
| | **કુલ : રૂા.** | **૨૬૪૧.૬૬** |

-------------

## શેત્રુંજી ડેમ આધારિત કેનાલના રીપેરીંગ બાબત

૧૨૬૧૨ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા તાલુકાના શેત્રુંજી ડેમ આધારીત કેનાલ રીપેરીંગનું કામ સરકાર તાત્કાલિક શરૂ કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) આ કેનાલ રીપેરીંગ પાછળ કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે.

(૨) કામગીરી ચાલુ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અંદાજે રૂા. ૧૫-૦૦ કરોડ.

-------------

## રાજકોટ જિલ્લાની ભાદર-૩ યોજના

૧૨૬૮૮**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લાની ભાદર-૩ યોજના હાલ ક્યા તબક્કે છે, | (૧) આલેખન તબક્કે છે. |
| (૨) આ યોજના પાછળ હાલના તબક્કે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | (૨) અંદાજે રૂા. ૬૪૦૦.૦૦ લાખ. |
| (૩) ભાદર-૩ યોજના હેઠળ કેટલાં ગામોને સિંચાઈનો લાભ મળવાનો છે ? | (૩) ૯(નવ) ગામ. |

-------------

## કપડવંજ તાલુકામાં સિંચાઈ માટે પાણી

૧૧૮૬૮ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા હેક્ટર જમીનને સિંચાઈનું કેટલું પાણી પૂરું પાડવામાં આવે છે, અને | (૧) ૧૦૧૭.૯૫ હેકટરને જરૂરિયાત મુજબ સિંચાઇ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતા વિસ્તારોમાં સિંચાઈનું પાણી આપવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) શક્ય તેટલા વધુ વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવા માટે નર્મદા નહેર, વારાંશી યોજના, લાંક યોજના સુજલામ સુફ્લામ સ્પ્રેડીંગ નહેર, ચેકડેમ, તળાવો ઉંડા કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. |

-------------

## કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક એકમોને પાણીની ફાળવણી કરવા બાબત

૧૨૧૪૩**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા પાઈપ લાઈનના પેયજળ અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક એકમોને પાણીની ફાળવણી પાંચ કરોડ લીટર પ્રતિદીનની હોવા છતાં આઠ કરોડ લીટર પ્રતિદીન પાણી આપવાના કરાર ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ ધ્વારા કરવામાં આવ્યા છે, અને | (૧) અંશતઃ સાચી છે.<br>નર્મદા પેયજળ માટે કચ્છ વિસ્તારની પાઇપ લાઇન નાંખતી વખતે ઓદ્યોગિક હેતુ માટે ૪.૫૦ કરોડ લીટરની ફાળવણી કરાઇ હતી. પરંતુ રાજ્યના ઓદ્યોગિક વિકાસ માટે બીજુ પાણી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી પાઇપ લાઇનની વધારાની ક્ષમતાને ધ્યાને લઇ વધુ ૪.૫૦ કરોડ લીટર પાણીની ફાળવણી એમ કુલ ૯ કરોડ લીટરની ફાળવણી કરાયેલ છે. જેની સામે ૮.૩૬ કરોડ લીટર પાણીના કરાર થયેલ છે. |
| (૨) જો હા, તો નર્મદાની માળીયા શાખામાંથી કચ્છ પાઈપ લાઈનમાં કોઈ વધારાની વ્યવસ્થા ન હોવા છતાં ઓદ્યોગિક એકમોને નર્મદાનું પેયજળ આપવાને બદલે કચ્છમાં પાણી પુરવઠા બોર્ડના હયાત ટ્યુબવેલ કે સોર્સનો ઉપયોગ ઉદ્યોગો માટે કરી નર્મદા પેયજળ પ્રજાને આપવાના હેતુનો જ અમલ કરાશે ? | (૨) તેયાર કરવામાં આવેલ યોજના ૨૦૨૧ની વસ્તીને ધ્યાને રાખીને કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ, હાલની ઘરવપરાશના પાણીના જરૂરીયાતને ધ્યાને રાખીને ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને રાજ્યનો ઓદ્યોગિક વિકાસ થાય તે ધ્યાને લઇ ઉદ્યોગોને વધારાનો જથ્થો મંજુર કરવામાં આવેલ છે.<br>કચ્છ જિલ્લામાં ઉદ્યોગ મોટે ભાગે ટૂંકા વિસ્તારમાં અને જૂથમાં આવેલ છે. અને તેમની જરૂરીયાત ટ્યુબવેલથી સંતોષી શકાય તેમ નથી. જ્યારે લોકો જૂદા જૂદા ગામડાઓમાં રહેતા હોઇ તેમની જરૂરીયાત અલગ અલગ વિસ્તારના ટ્યુબવેલ આધારે આંશિક રીતે સંતોષી શકાય તેમ હોવાથી ઉપલબ્ધતા અને જરૂરીયાતને આધારે પીવા માટે અને ઉદ્યોગો માટે વહેંચણી કરવામાં આવે છે. |

**આણંદ જિલ્લાના સરકારી દવાખાનાઓમાં હડક્વા અને સ્વાઈન ફ્લુની દવાનો સ્ટોક**

૧૧૭૮૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાનાઓમાં હડક્વા અને સ્વાઈન ફ્લુની દવાઓનો કેટ-કેટલો સ્ટોક છે, અને

(૨) આ સ્ટોક જિલ્લા-તાલુકા કક્ષાએ કેટલો રાખવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાનાઓમાં હડક્વા અને સ્વાઈન ફ્લ્યુની દવાઓનો સ્ટોક તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાના નામ | હડક્વા રસીનો સ્ટોક ડોઝમાં | સ્વાઈન ફ્લ્યુ દવાઓનો સ્ટોક ટેબલેટમાં |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૨૪ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૧૬૮ | ૦ |
| ૩ | આંક્લાવ | ૧૨૩ | ૦ |
| ૪ | બોરસદ | ૧૮૧ | ૦ |
| ૫ | પેટલાદ | ૪૭૨ | ૬૨૦ |
| ૬ | સોજીત્રા | ૯૪ | ૦ |
| ૭ | ખંભાત | ૧૧૧ | ૦ |
| ૮ | તારાપુર | ૮૬ | ૦ |
| | **કુલ** | **૧૪૫૯** | **૬૨૦** |

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ હડક્વા રસીનો સ્ટોક જિલ્લા કક્ષાએ ૧૦૨૮ ડોઝ તથા તાલુકા કક્ષાએ ૧૪૫૯ એમ મળી કુલ-૨૪૮૭ ડોઝ રાખવામાં આવેલ છે. તેમજ સ્વાઈન ફ્લ્યુની દવાઓનો સ્ટોક જિલ્લા કક્ષાએ ૧૦૯૫૦ ટેબલેટ તથા તાલુકા કક્ષાએ ૬૨૦ ટેબલેટ એમ મળી કુલ-૧૧૫૭૦ ટેબલેટ રાખવામાં આવેલ છે.

-------------

**પાટણ જિલ્લામાં પીવાના પાણીની અછત**

૧૩૦૭૫**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની અછત છે, અને

(૨) આ ગામોમાં પીવાનું પાણી પૂરું પાડવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) એક પણ ગામમાં નહીં.

(૨) જરૂરીયાત ઉભી થયે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

-------------

**માણાવદર અને વંથલી તાલુકામાં પાણીના તળ ઉંચા લાવવા માટે પેકેજ**

૧૨૫૦૬ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માણાવદર અને વંથલી તાલુકો કેટલા વર્ષથી ઓવર એક્ષપ્લોઈટેડ/ડાર્કઝોન હેઠળ મુકાયેલ છે,

(૨) આ બંને તાલુકામાં સરકાર દ્વારા જમીનમાં રહેલ પાણીનું તળ ઉંચુ લાવવા માટે કોઈ ખાસ પેકેજ જાહેર કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) સરકારશ્રીના તા.૧૬-૧૨-૨૦૦૩ના ભૂગર્ભ જળના ખેંચાણ પરના નિયંત્રણ અંગેના ઠરાવથી માણાવદર અને વંથલી તાલુકા ઓવર એક્ષપ્લોઈટેડ/ ડાર્કઝોન હેઠળ મુકાયેલ છે.

(૨) અને (૩) : આ બંને તાલુકામાં ભૂગર્ભ જળ રીચાર્જના કામોને આપેલ પ્રાધાન્ય મુજબ સામેલ પત્રક અનુસાર છેલ્લા વર્ષોમાં રૂા.૧૮૩.૦૦ કરોડના ખર્ચે

(૩) જો હા, તો તેની વિગત શી છે ?

૪૦૯ કામો કરવામાં આવેલ છે.

**પત્રક**

| ક્રમ | તાલુકો | જળસંચયના કામોનો પ્રકાર | કામોની સંખ્યા | કામોનો ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| (૧) | માણાવદર | | | |
| | ૧ | નાની સિંચાઈ યોજના | ૨ | ૨૪૯૭.૦૦ |
| | ૨ | ગામતળાવ/સીમતળાવોન ા કામો | ૫૨ | ૧૮૫.૨૫ |
| | ૩ | ચેકડેમો | ૧૧૩ | ૨૨૯.૭૮ |
| (૨) | વંથલી | | | |
| | ૧ | નાની સિંચાઈ યોજના | ૫ | ૧૪૭૪૦.૦૦ |
| | ૨ | ગામતળાવ/સીમતળાવોન ા કામો | ૫૬ | ૨૭૬.૬૩ |
| | ૩ | ચેકડેમો | ૧૮૧ | ૩૮૧.૨૩ |
| | | કુલ :- | ૪૦૯ | ૧૮૩૦૯.૮૯ |

-------------

## પેટલાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ

**૧૧૭૭૮શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પેટલાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

(૧)

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૦ |
| વર્ગ-૨ | ૫ |
| વર્ગ-૩ | ૫૬ |
| વર્ગ-૪ | ૩૬ |

(૨) સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨)

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી |
|---|---|---|
| વર્ગ-૧ | ૪ | તા.૮-૨-૨૦૦૩<br>તા.૨૨-૭-૨૦૦૪<br>તા.૨૦-૫-૨૦૦૮<br>તા.૧૦-૯-૨૦૦૮ |
| વર્ગ-૨ | ૧ | તા.૧૪-૮-૨૦૦૭ |
| વર્ગ-૩ | ૧<br>૫ | તા.૩૧-૧૨-૨૦૦૪<br>તા.૧-૧૧-૨૦૦૭ થી તા.૧૦-૯-૨૦૦૯ દરમ્યાન |
| વર્ગ-૪ | ૬<br><br><br>૩ | તા.૩૧-૮-૨૦૦૨ થી તા.૧-૭-૨૦૦૪ દરમ્યાન તેમજ તા.૧-૫-૦૮ અને તા.૧-૭-૨૦૦૮ (આ જગ્યાઓ હાલ આઉટસોર્સીંગથી ભરવામાં આવેલ છે.) |

બનતી ત્વરાએ.

-------------

## ઉકાઈ (સિવીલ) વર્તુળ હસ્તક ફરજ બજાવતા કર્મચારી/અધિકારી સામે પડતર ખાતાકીય તપાસના કેસો

**૧૧૯૫૩શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ઉકાઈ (સિવીલ) વર્તુળ હસ્તકમાં ફરજ બજાવતા કેટલા કર્મચારીઓ/અધિકારીઓ સામે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ખાતાકીય તપાસ પડતર છે, અને

(૨) કેટલા અધિકારીઓની આ વર્તુળ બહાર બદલી કરવામાં આવી છે ?

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકાઈ (સિવીલ) વર્તુળ હસ્તક ફરજ બજાવતા કુલ-૧૩ (તેર) કર્મચારી/અધિકારીઓ સામે કુલ-૭ ખાતાકીય તપાસના પ્રકરણ ચાલુ છે.

(૨) કુલ-૧૧ (અગિયાર) અધિકારીઓની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્તુળ બહાર બદલી કરવામાં આવેલ છે.

-------------

**અમરેલી જિલ્લા માટે નર્મદા આધારિત પીવાના પાણીની યોજના**

૧૧૮૮૬ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાની નર્મદા આધારિત પીવાના પાણીની યોજના કઈ તારીખથી અમલમાં આવી, | (૧) તા. ૨૧-૫-૨૦૦૧થી. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે, | (૨) આ યોજનાના કુલ ૧૧ ગૃપો પેકી ૬ ગૃપોની યોજના પૂર્ણ થયેલ છે. ૫ ગૃપોની યોજનાના કામો પ્રગતિમાં છે. |
| (૩) આ યોજના ધ્વારા પાઈપ લાઈનથી કેટલા ગામડાઓને પાણી મળે છે, અને | (૩) ૨૩૮ ગામોને. |
| (૪) બાકીના ગામોને ક્યારે પાણી આપવા માંગો છો? | (૪) ક્રમશઃ જૂન-૨૦૧૧ સુધીમાં. |

-------------

**જાન્યુઆરી-૨૦૧૦ પતંગ મહોત્સવમાં ઉપસ્થિત શાળાના બાળકોનો સરભરા ખર્ચ**

૧૨૦૫૭ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા અમદાવાદ ખાતે જાન્યુ.-૧૦માં પતંગ મહોત્સવમાં મ્યુ. શાળાના કેટલા બાળકોને કાર્યક્રમ સ્થળે, કેટલા વાગે બોલાવવામાં આવ્યા હતા, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે જાન્યુઆરી-૨૦૧૦માં પતંગ મહોત્સવમાં મ્યુનિસિપલ શાળાના ૮૦૦૦ (આઠ હજાર) બાળકોને કાર્યક્રમ સ્થળે સવારે ૭.૦૦ કલાકે બોલાવવામાં આવ્યા હતા. |
| (૨) તે અન્વયે આ બાળકોને ચા-નાસ્તો-ભોજન અને વાહનવ્યવહાર ખર્ચ પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તે અન્વયે આ બાળકોને ચા-નાસ્તો અને ગ્લુકોઝના પેકેટ આપવામાં આવ્યા હતા. તે પેટે કુલ રૂપિયા ૩,૭૧,૦૦૦-૦૦ (અંકે રૂપિયા ત્રણ લાખ એકોતેર હજાર પુરા)નો ખર્ચ કરવામાં આવ્યો હતો. વાહન વ્યવહાર માટે એ.એમ.ટી.એસ.ની બસની વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ હતી. તે પેટે કૂલ રૂપિયા ૨૩,૫૯,૨૩૪-૦૦ (અંકે રૂપિયા ત્રેવીસ લાખ ઓગણસાઇઠ હજાર બસો ચોત્રીસ પુરા)નો ખર્ચ કરવામાં આવ્યો હતો. |

-------------

**દાહોદ તાલુકામાં ચાલુ હેન્ડપંપો**

૧૧૮૨૮**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના છાપરી, બોરવાણી, ખરોડ, જેકોટ અને મુવાલીયા ગામે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ હયાત હેન્ડપંપ કેટલા અને તે પેકી ચાલુ હેન્ડપંપ કેટલા છે ?

**જવાબ**

(૧) નીચે મુજબ.

| ક્રમ | ગામ | હયાત હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ |
|---|---|---|---|
| ૧ | છાપરી | ૫૦ | ૪૭ |
| ૨ | બોરવાણી | ૫૩ | ૪૯ |
| ૩ | ખરોડ | ૫૧ | ૪૮ |
| ૪ | જેકોટ | ૩૩ | ૨૯ |
| ૫ | મુવાલીયા | ૫૫ | ૫૪ |
| | **કુલ :** | **૨૪૨** | **૨૨૭** |

-------------

**જાન્યુઆરી-૨૦૧૦ના પતંગ મહોત્સવ પાછળ થયેલ ખર્ચ**

૧૧૯૨૬**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જાન્યુઆરી-૨૦૧૦ માં રાજ્ય સરકારે પતંગ મહોત્સવ પાછળ કેટલો ખર્ચ કર્યો અને ઉક્ત ખર્ચ બજેટના ક્યા હેડે પાડવામાં આવેલ છે ? | (૧) જાન્યુઆરી ૨૦૧૦માં રાજ્ય સરકારે પતંગ મહોત્સવ પાછળ રૂપિયા ૨,૭૨,૧૭,૮૧૩.૦૦(અંકે રૂપિયા બે કરોડ બોત્તેર લાખ સત્તર હજાર અને આઠસો |

તેર પુરા)નો ખર્ચ ક્ર્યો છે અને તે નીચે દર્શાવેલ બજેટ હેડમાં પાડવામાં આવેલ છે.
માગણી ક્રમાંક - ૫૧
મુખ્ય સદર - ૩૪૫૨ પ્રવાસ
પેટા સદર - ૮૦ સામાન્ય
ગૌણ સદર - ૮૦૦-અન્ય ખર્ચ
હેતુ સદર - ૫૦૦૦-અન્ય ખર્ચ
(૩) ટીઆરએસ-૧૮
મેળા-ઉત્સવો

-------------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં સિંચાઈની સવલતો**

૧૨૭૮૮ **શ્રી અમરસિંહ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સિંચાઈની સવલતો કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ સ્થિતિએ નર્મદા ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સિંચાઇની સવલતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | તાલુકો | સિંચાઇ શક્તિ હેક્ટરમાં |
|---|---|---|---|
| ૧ | નર્મદા | નાંદોદ | ૨૮૩૩૯ |
| | | તીલકવાડા | ૧૧૨૪૮ |
| | | દેડીયાપાડા | ૮૭૦ |
| | | સાગબારા | ૨૨૦૮ |
| | | કુલ | ૪૨૬૬૫ |
| ૨ | ભરૂચ | વાલીયા | ૧૦૪૦૨ |
| | | ઝઘડીયા | ૧૯૪૧૮ |
| | | વાગરા | ૩૭૯૧ |
| | | જંબુસર | ૨૭૫૮૬ |
| | | આમોદ | ૧૨૭૫૨ |
| | | ભરૂચ | ૭૪૬૪ |
| | | અંકલેશ્વર | ૧૯૭૫૯ |
| | | હાંસોટ | ૨૨૫૮૪ |
| | | **કુલ :** | **૧૨૩૭૫૬** |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કેટલા હેક્ટર જમીનને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું પાણી સિંચાઈ માટે આપવામાં આવ્યું, અને

**જવાબ**

(૨) છેલ્લા બે વર્ષમાં થયેલ સિંચાઇ અંગેની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકો | વર્ષ ૨૦૦૭- | વર્ષ ૨૦૦૮- |
|---|---|---|---|
| નર્મદા | નાંદોદ | ૮૩૩૯ | ૮૨૫૬ |
| | તીલકવાડ | ૩૪૦૯ | ૩૬૮૧ |
| | દેડીયાપાડ | ૧૦૬ | ૧૪૮ |
| | સાગબારા | ૧૨૭૭ | ૭૪૯ |
| | **કુલ :** | **૧૩૨૩૧** | **૧૨૮૩૪** |
| ભરૂચ | વાલીયા | ૩૦૧૧ | ૩૧૯૧ |
| | ઝઘડીયા | ૩૧૨૯ | ૪૭૭૫ |
| | વાગરા | ૧૬૧૨ | ૧૬૬૦ |

| | | | |
|---|---|---|---|
| | વાગરા | ૧૬૧૨ | ૧૬૬૦ |
| | જંબુસર | ૩૩૩૨ | ૪૦૧૯ |
| | આમોદ | ૨૪૯૨ | ૨૫૮૭ |
| | ભરુચ | ૩૭૮૭ | ૩૬૪૨ |
| | અંક્લેશ્વર | ૧૬૪૦૧ | ૧૮૩૬૪ |
| | હાંસોટ | ૩૧૦૩૭ | ૩૦૩૩૩ |
| | **કુલ :** | **૬૪૮૦૧** | **૬૮૫૭૧** |

(૩) જે વિસ્તારોમાં સિંચાઈના પાણી આપી શકાયા નથી તેવા વિસ્તારોમાં સિંચાઈનું પાણી મળે તે માટે સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

(૩) જે વિસ્તારમાં સિંચાઇના પાણી આપી શકાયા નથી તેવા વિસ્તારમાં બાકી રહેતી નહેરની ખુટતી કડીઓના કામો, હયાત નહેરોની મરામત અને સુધારણાના કામો, નાના તેમજ મોટા ચેકડેમ બનાવવા, તળાવો ઉંડા કરવા, જૂથ કુવા બનાવવા, ઉદ્વહન સિંચાઇ યોજનાઓ વિગેરે કામો હાથ ધરેલ છે.

-------------

**રાજ્યમાં મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ બેઠકોમાં વધારો**

૧૨૫૪૩**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯ની સાલમાં રાજ્યમાં મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ કેટલી બેઠકો હતી,

(૨) આ બેઠકોમાં શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૦થી કોઈ બેઠકોનો વધારો થાય છે, અને

(૩) આ પૈકી કઇ કઇ ફેક્લ્ટીમાં બેઠકોમાં વધારો કરવાની શક્યાતાઓ છે ?

**જવાબ**

(૧) ૧૦૬૧ બેઠકો.

(૨) હા, જી.

(૩) નીચે મુજબની ફેક્લ્ટીમાં બેઠકોમાં વધારો કરવાની શક્યતાઓ છે.

મેડીસીન (૪૮), પેડીયાટ્રીક્સ (૧૩), ટી. બી. એન્ડ ચેસ્ટ (૨), સ્કીન એન્ડ વી.ડી. (૭), સાયકીયાટ્રીક્સ (૭), સર્જરી (૩૮), ઓર્થોપેડીક્સ (૧૪), ઓપ્થલ્મોલોજી (૮), ઈ. એન. ટી. (૩), ઓ એન્ડ જી. (૧૩), એનેસ્થેસીયા (૩૭), રેડીયોલોજી (૧૦), પેથોલોજી (૩૮), માઈક્રોબાયોલોજી (૧૧), બાયોકેમેસ્ટ્રી (૫), આઈ.એચ.બી.ટી. (૧), એનોટોમી (૧૦), ફીઝીયોલોજી (૧૩), રેડિયોથેરાપી (૨), ફાર્માકોલોજી (૧૩), પી. એસ. એમ. (૧૪) અને ફોરેન્સીક મેડીસીન (૫)

**સુપર સ્પેશ્યાલીટી :-** ડી.એમ.કાર્ડિયોલોજી (૬), ડી.એમ.નેફ્રોલોજી (૨), ડી.એમ.ઓન્કોલોજી (૨), એમ. સી.એચ. ન્યુરો સર્જરી (૪), એમ.સી.એચ.પેડીયાટ્રીક સર્જરી (૬), એમ.સી.એચ.યુરોલોજી (૨), એમ.સી.એચ. ઓન્કો સર્જરી (૬) અને એમ.સી.એચ. પ્લાસ્ટીક સર્જરી(૭).

-------------

**છાબ તળાવના સોદર્ય અને વિકાસ માટે ગ્રાન્ટ**

૧૨૯૮૪**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

દાહોદ નગરમાં આવેલ છાબ તળાવના સોદર્ય અને વિકાસ માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઈ કઈ એજન્સી ધ્વારા ફાળવવામાં

**જવાબ**

દાહોદ નગરમાં આવેલ છાબ તળાવના સોંદર્ય અને વિકાસ માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત ફયાઈનાન્સ બોર્ડ દ્વારા કુલ

આવી, તેમાંથી ક્યા ક્યા વિકાસના કાર્યો થયા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તથા આ કામ કઈ એજન્સી ધ્વારા કરવામાં આવ્યું ?

રૂા. ૨૫/- લાખની અને ગુજરાત પ્રવાસન નિગમ ગાંધીનગર દ્વારા રૂા. ૨૧૦/- લાખ મળી કુલ રૂા. ૨૩૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

તેમાંથી તળાવ વિકાસના કાર્યો જેવા કે તળાવ ફરતે વોક-વે, ડીસીલ્ટીંગ, ગાર્ડન, ચિલ્ડ્રન પાર્ક, ઓપન એર થીયેટર, તળાવ વચ્ચે આઈલેન્ડ બનાવવો, મ્યુઝીકલ ફાઉન્ટેન સીટીંગ એરીયા, પીચીંગ ગ્રીલ વગેરે કામો પુર્ણ કરેલ છે. જ્યારે આઈલેન્ડ ઉપર મ્યુઝીકલ ફાઉન્ટેન, ગાર્ડનીંગ, લાઈટનીંગ, એપ્રોચ બ્રીજ વિગેરે કામો પ્રગતિ હેઠળ છે. આ કામો માટે તા. ૩૧-૩-૦૯ સુધી કુલ રૂા. ૨૦૪.૪૭/- લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આ કામ દાહોદ નગરપાલિકા, વન વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દાહોદ મારફતે કરવામાં આવેલ છે.

-------------

## સુખી જળાશય યોજનાની વધારાની જમીન મૂળ માલિકોને પરત કરવા બાબત

૧૧૯૮૨**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સુખી જળાશય યોજના માટે સંપાદન કરવામાં આવેલ જમીનો પેકી કમાન્ડ એરિયા પછીની બાઉન્ડ્રીની બહારની ખુલ્લી જમીનોનું વળતર પરત ભરાવીને તે જમીન મૂળ જમીન માલીકોને પરત આપવાની દરખાસ્ત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ દરખાસ્ત અંગે આખરી નિર્ણય ક્યાં સુધી લેવામાં આવશે ?

**જવાબ**

(૧) કમાન્ડ એરીયા બહારની કોઈ જ જમીન સંપાદન કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## જૂનાગઢ જિલ્લામાં સ્વજલધારા યોજનાથી વંચિત ગામો

૧૧૭૦૩**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સ્વજલધારા યોજનાથી કેટલા ગામો હજુ વંચીત છે, અને

(૨) આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે લોકફાળાની રકમો જમા કરાવી શક્તી નથી તેવી ગ્રામ પંચાયતોને વધારાની રકમ ફાળવી સરકાર ઉક્ત યોજના અંતર્ગત પાણી આપવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) સ્વજલધારા યોજના માંગ આધારિત અને લોકભાગીદારી આધારિત યોજના હોઈ, ગામની માંગણી આવેથી અને નિયમોનુસાર લોકફાળો ભર્યેથી યોજના મંજૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. રાજ્યના તમામ ગામોને આ યોજનામાં આવરી લીધેલ છે.

(૨) સ્વજલધારા કાર્યક્રમની નીતિ મુજબ યોજનાની મૂળ કિંમતના ૧૦ ટકા લોકફાળો ભરવાનો હોય છે. આ લોકફાળો રોકડ/મજુરી/જમીન કે બધાના સંયુક્ત રૂપે હોય તો પણ માન્ય રાખવામાં આવે છે. પાંચ ટકા લોકફાળો રકમમાં ભરવો જરૂરી છે.

-------------

## ઝાંખરી નદી પરના ચેકડેમમાંથી સિંચાઈ માટે પાણી

૧૨૦૫૧**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાની ઝાંખરી નદી પર આવેલ ચેકડેમ ધ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સિંચાઈ માટે કેટલું પાણી આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત ડેમની ઉંચાઈ વધારવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તાપી જિલ્લાની ઝંખરી નદી પર બનાવવામાં આવેલ ૯ ચેકડેમ દ્વારા તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ પ્રત્યક્ષ સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી.

(૨) ઉક્ત ડેમો પેકી ઝાંખરી ચેકવોલની ઉંચાઈ વધારવાનું આયોજન વિચારણા હેઠળ છે.

-------------

**નાના પોંઢા સામુહિક આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધવા મંજૂરી**

૧૩૩૧૮**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધકામ કરવા માટે ક્યારે કેટલી રકમ સાથે, ક્યારે મંજૂરી આપવામાં આવી હતી,

(૨) આ આરોગ્ય કેન્દ્રમાં કેટલી બેડની સુવિધા આપવાની છે, અને

(૩) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા સામુહિક આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધકામ કરવા માટે કુલ રકમ રૂ. ૧૬૫,૦૦,૦૦૦/- ની નેશનલ રૂરલ હેલ્થ મિશન પોગ્રામ (એડીશનલ બજેટ) અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦ માં મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) આ આરોગ્ય કેન્દ્રમાં ૩૦ બેડની સુવિધા આપવાની છે.

(૩) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સદર કામોનો વર્ક ઓર્ડર તા. ૧૧-૨-૨૦૧૦ ના રોજ આપવામાં આવેલ છે. સદર કામ તા. ૧૭-૨-૨૦૧૦ થી શરૂ કરી તા. ૧૬-૨-૨૦૧૧ (૧૨ માસ) સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

-------------

**આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં ગરીબો માટે આવાસો**

૧૨૭૯૨ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં નગરપાલિકા વાર ગરીબો માટે મકાનો બનાવવાની સરકારની કોઈ યોજના છે,

(૨) જો હા, તો કઈ યોજના ધ્વારા કઈ કઈ નગરપાલિકામાં કેટલા કેટલા મકાનો સરકાર બનાવવા માંગે છે, અને

(૩) કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાની ૫ નગરપાલિકાઓમાં નગરપાલિકાવાર ગરીબો માટે મકાનો બનાવવાની સરકારની આઇ.એચ.એસ.ડી.પી. યોજના અમલમાં છે.

(૨) સરકાર દ્વારા આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત આણંદ જિલ્લાની નીચે મુજબની નગરપાલિકાઓમાં મકાનો બનાવવાનું આયોજન છે.

| ક્રમ | નગરપાલિકા | યુનીટ |
|---|---|---|
| ૧ | ખંભાત | ૬૦૬ |
| ૨ | બોરીયાવી | ૬૧૧ |
| ૩ | ઉમરેઠ | ૭૬૦ |
| ૪ | આંક્લાવ | ૮૦૪ |
| ૫ | પેટલાદ | ૮૩૬ |

(૩) આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત નગરપાલિકામાં મકાન બનાવવા માટે નીચે મુજબ સમય-મર્યાદા સુચવેલ છે.

| ક્રમ | નગરપાલિકા | અંદાજીત માસ |
|---|---|---|
| ૧ | ખંભાત | ૧૮ |
| ૨ | બોરીયાવી | ૧૮ |
| ૩ | ઉમરેઠ | ૧૮ |
| ૪ | આંક્લાવ | ૧૮ |
| ૫ | પેટલાદ | ૧૮ |

બોરીયાવી નગરપાલિકામાં આવાસના કામો પ્રગતિમાં છે. જ્યારે ઉપર મુજબની બાકી રહેતી ૪ નગરપાલિકાના કામો ટેન્ડર તબક્કે છે.

-------------

**નવસારી જિલ્લામાં ટાઉન પ્લાનીંગ હેઠળ આવરી લેવાયેલ "બ" વર્ગની નગરપાલિકાઓ**

૧૨૯૦૩**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સન ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં "બ" વર્ગની કેટલી નગરપાલિકાઓને ટાઉન પ્લાનીંગમાં આવરી લેવામાં

**જવાબ**

(૧) બ-વર્ગની બીલીમોરા તથા વિજલપોર એમ બે નગરપાલિકા પેકી બિલીમોરામાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇ

આવી છે, અને

મુજબ નગર રચના યોજના તથા વિકાસ યોજના બનાવેલ છે. પરંતુ વર્ષ ૨૦૦૯-૧૦માં કોઇ વિકાસ યોજના/નગર રચના યોજના બનાવેલ નથી.

(૨) "બ" વર્ગની કેટલી નગરપાલિકાઓને ટાઉન પ્લાનીંગથી વંચિત રાખવામાં આવી છે ?

(૨) બ-વર્ગની વિજલપોર નગરપાલિકાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇ મુજબ સત્તામંડળ જાહેર કરવામાં આવેલ ન હોઇ, વિકાસ યોજના/નગર રચના યોજના બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**મહી કડાણા ડાબા કાંઠા નહેરના કમાન્ડ વિસ્તારમાં પાણી આપવા બાબત**

૧૨૫૮૬**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના મહી કડાણા ડાબા કાંઠા નહેર વિભાગમાં આવેલ કમાન્ડ વિસ્તાર પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલો વિસ્તાર એવો બાકી છે કે જેને પિયતનું પાણી ક્યારેય આપી શકાયું નથી, અને | (૧) ૨૫૯૩ હેક્ટર. |
| (૨) ઉક્ત વિસ્તારને પાણી કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) શક્ય તેટલું વહેલું. |

-------------

**શિહોર અને ગારિયાધાર તાલુકામાં ચેકડેમો બનાવવા અંગેની પડતર અરજીઓ**

૧૨૬૧૪**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિહોર અને ગારીયાધાર તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ૧૦ (દસ) લાખની ઉપરની રકમના અને ૧૦ (દસ) લાખથી નીચેની રકમના ચેકડેમો બનાવવા માટે કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) શિહોર તાલુકામાં દશ લાખથી ઓછી રકમના ચેકડેમની ૩૫૫ અરજીઓ મળેલ તે પૈકી ૨૦૪ અરજીઓ પડતર છે. દશ લાખથી ઉપરની રકમના ચેકડેમની કોઇ અરજી પડતર નથી. ગારીયાધાર તાલુકામાં કોઇ અરજી પડતર નથી. |
| (૨) આ પડતર અરજીઓ સરકાર દ્વારા કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ? | (૨) તાંત્રિક દ્રષ્ટિએ યોગ્ય જણાયે તબક્કાવાર મંજૂર કરવામાં આવશે. |

-------------

**માંડવી તાલુકામાં બ્લડ બેંકની સુવિધા**

૧૨૭૮૨**શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં સરકારશ્રી દ્વારા બ્લડ બેંકની સુવિધા પુરી પાડવામાં આવી છે કે કેમ, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં સરકારશ્રી દ્વારા બ્લડબેંકની સુવિધા પૂરી પાડવામાં આવેલ નથી. |
| (૨) જો ના, તો કેટલા સમયમાં બ્લડ બેંકની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે ? | (૨) હાલમાં રાજ્ય સરકાર દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સંપૂર્ણ ક્ષમતાની બ્લડ બેંકના સ્થાને બ્લડ સ્ટોરેજ સેન્ટર પ્રસ્થાપિત કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર, માંડવીનો સમાવેશ કરવામાં આવેલ છે, અને કાર્યવાહી પ્રગતિમાં છે. |

**સાબરકાંઠા જિલ્લાના પાણી પુરવઠા યોજનાથી વંચિત ગામો**

૧૩૩૧૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાના કેટલા ગામો પાણી પુરવઠા યોજનાથી વંચિત છે, અને | (૧) એકપણ નહીં. |

(૨) ઉક્ત ગામોને કેટલા સમયમાં પાણીની સવલતો આપવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**તાપી જિલ્લામાં મંજૂર થયેલ પાણીની ટાંકીઓ**

૧૧૬૯૮**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી પાણીની ટાંકીઓ મંજૂર કરવામાં આવેલ છે, કેટલી રકમની, અને

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે ટાંકીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ ટાંકીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ | |
| | | સંખ્યા | રકમ રૂા.લાખમાં | સંખ્યા | રકમ રૂા.લાખમાં |
| ૧ | વ્યારા | ૧૫ | ૬૪.૬૬ | ૬ | ૨૨.૦૪ |
| ૨ | વાલોડ | ૧ | ૮.૩૪ | ૧ | ૬.૦૬ |
| ૩ | સોનગઢ | ૨૫ | ૭૬.૭૦ | ૧૬ | ૩૮.૩૫ |
| ૪ | નિઝર | ૩ | ૧૦.૬૩ | ૩ | ૬.૨૭ |
| | કુલ | ૪૪ | ૧૬૦.૩૩ | ૨૬ | ૭૨.૭૨ |

(૨) તે પૈકી કેટલી ટાંકીઓના કામો પૂર્ણ થયા અને કેટલા કામો પ્રગતિમાં છે ?

(૨) તાપી જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ કુલ ૭૦ ટાંકીઓ પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૧૦ ટાંકીઓનાં કામો પૂર્ણ થયા, અને ૬૦ ટાંકીઓનાં કામો પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે.

-------------

**ખાંભા તાલુકામાં ચેકડેમો**

૧૨૦૫૫ **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાનાં નેસડી-૨, સમઢીયાળા, જીવાપર અને રાપડી ગામોમાંથી પસાર થતી નદીઓ ઉપર નાના મોટા ચેક-ડેમો બાંધવાનું ૨૦૦૯-૧૦ના વર્ષમાં કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો તેની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) ૪ (ચાર) મોટા અને ૪ (ચાર) નાના ચેકડેમો બાંધવાનું આયોજન છે.

(૨) ૧ (એક) મોટા ચેકડેમનું બાંધકામ પૂર્ણ થયેલ છે. જ્યારે ૩ (ત્રણ) ચેકડેમોનાં કામો પ્રગતિમાં છે.

૪ (ચાર) નાના ચેકડેમો બાંધવાની યાદી મંજૂરી હેઠળ છે.

(૩) મોટા ચેકડેમો પાછળ રૂા.૧૧૦.૦૦ લાખ અને નાના ચેકડેમો પાછળ રૂા.૧૩.૨૦ લાખ ખર્ચનો અંદાજ છે.

**ગોધરા સિવિલ હોસ્પિટલ અને શહેરા પી.એચ.સી. અને સી.એચ.સી. નું ખાલી મહેકમ**

૧૨૧૩૩**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં ગોધરા સિવિલ હોસ્પિટલ અને શહેરા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી નીચે જણાવેલ જ્ગ્યાઓ બતાવેલ સમયથી ખાલી છે.

(૨)

| ક્રમ | તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ખાલી જ્ગ્યા | | | ખાલી જ્ગ્યાની સંખ્યા/સમયગાળો | |
|---|---|---|---|---|---|
| | જ્ગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | ૧ વર્ષ અંદર | ૧ થી ૩ વર્ષ |
| ૧ | મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સિવિલ સર્જન | ૧ | ૧ | ૧ | - |
| ૨ | એનેસ્થેટીસ્ટ | " | ૧ | - | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | તબીબી અધિકારી | ૨ | ૨ | ૨ | - |
| ૪ | બાયોકેમીસ્ટ | " | ૧ | - | ૧ |
| ૫ | વહીવટી અધિકારી | " | ૧ | ૧ | - |
| ૬ | ક્લીની. સાયકોલો | " | ૧ | - | ૧ |
| ૭ | મેટ્રન | ૩ | ૧ | ૧ | - |
| ૮ | એ.એન.એમ. | " | ૧ | - | ૧ |
| ૯ | ડેન્ટલ મીકેનીક | " | ૧ | - | ૧ |
| ૧૦ | સિનિયર ફાર્માસીસ્ટ | " | ૧ | ૧ | - |
| ૧૧ | જુનિયર ફાર્માસીસ્ટ | " | ૪ | ૧ | ૩ |
| ૧૨ | લેબ.ટેકનીશીયન | " | ૧ | - | ૧ |
| ૧૩ | લીનન કીપર | " | ૧ | ૧ | - |
| ૧૪ | રસોઈયા | ૪ | ૧ | ૧ | - |
| ૧૫ | પટાવાળા | " | ૨ | - | ૨ |
| ૧૬ | ઓ.ટી.આસી. | " | ૧ | - | ૧ |
| ૧૭ | વોર્ડ સરવન્ટ | " | ૪ | ૨ | ૨ |
| ૧૮ | ફીમેલ વોર્ડ સરવન્ટ | " | ૩ | ૧ | ૨ |
| ૧૯ | સ્વીપર | " | ૧ | - | ૧ |
| | કુલ. | | ૨૯ | ૧૨ | ૧૭ |

પંચમહાલ જિલ્લામાં શહેરા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી નીચે જણાવેલ જ્ગ્યાઓ બતાવેલ સમયથી ખાલી છે.

| ક્રમ | તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ખાલી જ્ગ્યા | | | ખાલી જ્ગ્યાની સંખ્યા/સમયગાળો | |
|---|---|---|---|---|---|
| | જ્ગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | ૧ વર્ષ અંદર | ૧ થી ૩ વર્ષ |
| ૧ | અધિક્ષક | ૧ | ૧ | ૧ | - |
| ૨ | તબીબી અધિકારી | ૨ | ૧ | - | ૧ |
| ૩ | નર્સીંગ | ૩ | ૧ | ૧ | - |
| ૪ | ડ્રેસર | ૪ | ૧ | - | ૧ |
| ૫ | પાર્ટ ટાઈમ ચોકીદાર | ૪ | ૧ | - | ૧ |
| | કુલ. | | ૫ | ૨ | ૩ |

પંચમહાલ જિલ્લામાં શહેરા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી નીચે જણાવેલ જ્ગ્યાઓ બતાવેલ સમયથી ખાલી છે.

| અ.નં. | પ્રા.આ. કેન્દ્ર | જ્ગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | ખાલી જ્ગ્યાની સંખ્યા/ સમયગાળો | |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષ અંદર | ૧ થી ૩ વર્ષ |
| ૧ | બોરીયા | જુની.ફાર્માસીસ્ટ | ૩ | ૧ | - | ૧ |
| ૨ | બોરીયા | વોર્ડ આયા | ૪ | ૧ | - | ૧ |
| ૩ | ધારાપુર | જુની.ફાર્માસીસ્ટ | ૩ | ૧ | - | ૧ |
| ૪ | ધારાપુર | વોર્ડ બોય | ૪ | ૧ | - | ૧ |
| ૫ | બાહી | વોર્ડ આયા | ૪ | ૧ | - | ૧ |
| | | કુલ : | | ૫ | - | ૫ |

(૨) આવી જ્ગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે, અને

(૨) વર્ગ-૧ ની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે દર મંગળવારે એડહોક ઓપન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે. બાકીની જ્ગ્યાઓ ટૂંક સમયમાં બદલી/નવી નિમણૂંકથી ભરવામાં આવશે.

(૩) કેટલા સમયમાં આવી જ્ગ્યાઓ ભરવા માંગો છો?

(૩) વર્ગ-૧ ની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે દર મંગળવારે એડહોક ઓપન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ, તથા બાકીની જ્ગ્યાઓ ટૂંક સમયમાં બદલી/બઢતી/નવી નિમણૂંકથી ભરવામાં આવશે.

## દાહોદ જિલ્લામાં હેન્ડ પંપો

**૧૩૩૧૧શ્રી દિતાભાઈ ભી.મછાર(ઝાલોદ ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં ટ્રાયબલ એરીયા સબપ્લાન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા નવા હેન્ડ પંપો બનાવ્યા, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા કાર્યરત છે ?

**જવાબ**

(૧) અને (૨) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | બનાવેલ હેન્ડપંપ | | કાર્યરત હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | |
| ૧ | દાહોદ | ૬૫ | ૯૭ | ૧૬૨ |
| ૨ | ગરબાડા | ૧૮ | ૩૮ | ૫૬ |
| ૩ | ઝાલોદ | ૭૩ | ૯૭ | ૧૭૦ |
| ૪ | ફતેપુરા | ૨૧ | ૨૧ | ૪૨ |
| ૫ | દેવગઢબારીયા | ૭૪ | ૧૨૯ | ૨૦૩ |
| ૬ | લીમખેડા | ૬૦ | ૩૨ | ૯૨ |
| ૭ | ધાનપુર | ૫૬ | ૬૭ | ૧૨૩ |
| | કુલ | ૩૬૭ | ૪૮૧ | ૮૪૮ |

-------------

## રાજ્યમાં સ્વાઈન ફ્લૂનો ફેલાવો અટકાવવા પગલાં

**૧૧૮૦૫શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સ્વાઈન ફ્લૂથી કેટલા ઈસમોના છેલ્લા એક વર્ષમાં, મૃત્યુ થયા,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં સ્વાઈન ફ્લૂને કારણે કુલ-૧૧૭ વ્યક્તિઓના મૃત્યુ નોંધાયેલા છે જેની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | થયેલ કુલ મરણ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૦ |
| ૨ | અમરેલી | ૪ |
| ૩ | બનાસકાંઠા | ૬ |
| ૪ | ભરૂચ | ૧ |
| ૫ | ભાવનગર | ૨ |
| ૬ | ગાંધીનગર | ૬ |
| ૭ | જામનગર | ૩ |
| ૮ | જુનાગઢ | ૧ |
| ૯ | કચ્છ-ભુજ | ૫ |
| ૧૦ | ખેડા | ૧ |
| ૧૧ | મહેસાણા | ૧ |
| ૧૨ | પંચમહાલ | ૧ |
| ૧૩ | પાટણ | ૨ |
| ક્રમ | જિલ્લાનું નામ | થયેલ કુલ મરણ |
| ૧૪ | રાજકોટ | ૨૦ |
| ૧૫ | સાબરકાંઠા | ૨ |
| ૧૬ | સુરત | ૨૧ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૨ |
| ૧૮ | વડોદરા | ૮ |
| ૧૯ | વલસાડ | ૧ |
| | **કુલ :** | **૧૧૭** |

(૨) તે અન્વયે જિલ્લાવાર સ્વાઈન ફ્લૂના કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સ્વાઈન ફ્લૂના કુલ-૬૯૭ દર્દીઓ નોંધયેલ છે. જે તમામને ટેમી ફ્લ્યુની સારવાર આપવામાં આવેલ છે. જેની જિલ્લાવાર વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | સારવાર આપેલ દર્દી |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૧૨ |
| ૨ | અમરેલી | ૧૬ |
| ૩ | બનાસકાંઠા | ૨૯ |
| ૪ | ભરૂચ | ૫ |
| ૫ | ભાવનગર | ૩૯ |
| ૬ | ગાંધીનગર | ૨૩ |
| ૭ | જામનગર | ૧૫ |
| ૮ | જુનાગઢ | ૧૦ |
| ૯ | કચ્છ-ભુજ | ૨૭ |
| ૧૦ | ખેડા | ૫ |

| | | |
|---|---|---|
| ૧૧ | મહેસાણા | ૮ |
| ૧૨ | પંચમહાલ | ૧ |
| ૧૩ | પાટણ | ૫ |
| ૧૪ | રાજકોટ | ૧૦૯ |
| ૧૫ | સાબરકાંઠા | ૪ |
| ૧૬ | સુરત | ૯૮ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૩ |
| ૧૮ | વડોદરા | ૭૦ |
| ૧૯ | વલસાડ | ૯ |
| ૨૦ | આણંદ | ૩ |
| ૨૧ | નવસારી | ૫ |
| ૨૨ | પોરબંદર | ૧ |
| | કુલ | ૬૯૭ |

(૩) આ રોગ અટકાવવા સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે?

(૩) રાજ્ય સરકારે સ્વાઈન ફ્લુના કારણે થતા મૃત્યુ અટકાવવા રાજ્ય સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગત પત્રકમાં આ સાથે સામેલ છે.

**પત્રક**

**ઈન્ફ્લ્યુએન્ઝા-એ (H1N1)**

**સ્વાઈન ફ્લુ સામે ગુજરાત સરકારે લીધેલ અસરકારક પગલાં**

ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઈ રહેલ છે. છેક ઉપરની કક્ષાએથી નિર્દેશન કરવામાં આવી રહેલ છે. માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઈન ફ્લુની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ. કીટ તથા અન્ય નાણાંકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂા. ૧૦.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે અને તે મુજબ જરૂરીયાતો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઈન્ફ્લ્યુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતા હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તી દ્વારા સવિશેષ સર્તક્તા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

આ મહામારીને નાથવા માટે મહામારીની શરૂઆતથી જ રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

- એપ્રિલ-૦૯ માં તમામ આરોગ્ય તેમજ સંલગ્ન અધિકારીશ્રીઓને સ્વાઈન ફ્લ્યુ અંગેની માહિતી તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સર્વેલન્સ અને માનવ સમુદાયમાં સ્વાઈન ફ્લ્યુ અટકાયત અંગેની માર્ગદર્શિકાનું ત્વરીત વિતરણ કરવામાં આવ્યું.
- ર્ડા. એસ.જે. ગાંધી, નાયબ નિયામક (એપીડેમીક)ને રાજ્ય કક્ષાના નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. (મો.નં.૯૮૨૫૩ ૪૨૮૯૯) અને ર્ડા. બી.કે. પટેલ, નાયબ નિયામક (ગ્રામ્ય આરોગ્ય) (મો.નં. ૯૮૨૫૭ ૪૯૧૪૯)ને સહાયક નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ દ્વારા ગુજરાત સરકાર અને ઈ.એમ.આર. દિલ્હી સાથે સંકલનમાં રહી કામગીરી કરવામાં આવે છે.
- તા. ૬-૫-૦૯ના રોજ સ્વાઈન ફ્લ્યુની વૈશ્વિક પરિસ્થિતિ અન્વયે તમામ જિલ્લાઓના જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પરિસ્થિતિ અંગે જાગૃત કરવા અને શું પગલાં લેવા, શું પગલાં ન લેવા તે અંગેની સુચના આપવાના હેતુસર માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને સ્વાઈન ફ્લ્યુ અંગેની વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવેલ.
- અધિક મુખ્ય સચિવશ્રી, (સામાન્ય વહીવટ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી સાથે રહી પરિસ્થિતિનો રીવ્યુ કરવા માટે ટાસ્ક ફોર્સ કમિટિ રચના કરવામાં આવી.(તા.૨૦-૫-૦૯, તા.૨૨-૬-૦૯, ૧૦-૮-૦૯, તા.૯-૧૦-૦૯ તેમજ તા.૧૭-૧૨-૦૯ના રોજ ટાસ્ક ફોર્સની મીટીંગ મળી)
- તા. ૩૦-૪-૦૯ થી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક અમદાવાદ ખાતે ૨૪ ક્લાક કાર્યરત આરોગ્ય ચકાસણી માટે ૧૧ મેડીલક ટીમો પ્રતિનિયુક્ત કરવામાં આવી.
- તા.૩૦-૪-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધીમાં કુલ ૨૨૮૭૧૧ પ્રવાસીઓને ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું જેમાંથી કુલ-૯ વ્યક્તિઓ શંકાસ્પદ મળેલ જેઓના સેમ્પલ લઈ તપાસતા નેગેટીવ માલુમ પડેલ.

- શંકાસ્પદ દર્દીઓને અને તેમના કોન્ટેક વ્યક્તિઓને રીફર કરવા માટે એરફોર્સ ઉપર ૧ એરકન્ડીશનથી સજ્જ ૧૦૮ એમ્બ્યુસન્સ મુકવામાં આવેલ.
- તા. ૧૦-૮-૦૯ ના રોજ આઈ.એમ.એ.આઈ.એ.પી.,એ.પી.આઈ. અને એન.એમ.ઓ. ના ૭૬ ખાનગી તબીબોનો માન. મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અધ્યક્ષસ્થાને સ્વાઈન ફ્લ્યુ અંગેનું માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી કરવા સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું.
- તા. ૧૨-૮-૦૯ ના રોજ તમામ જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની માન. મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને વિડીયો કોન્ફરન્સ કરવામાં આવી અને પરિસ્થિતિ અંગે જાગૃત રહેવા જણાવ્યુ. જિલ્લા કક્ષાએ કરેલ પૂર્વ તેયારીનો રીવ્યુ કરવામાં આવ્યો તેમજ જરૂરી સુચનો પુરા પાડવામાં આવ્યા.
- તા.૧૮-૮-૦૯ ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમીક એકટ-૧૮૯૭ હેઠળ ઈન્ફ્લ્યુએન્ઝા-એ (H1N1) અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં આવી.
- તા. ૧૨-૮-૦૯ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તમામ રાજકિય પક્ષોની સર્વપક્ષીય બેઠક સ્વાઈન ફ્લુ નિયંત્રણ કામગીરી પૂર્ણ નિર્ધાર સાથે હાથ ધરવા યોજવામાં આવી.

**આઈસોલેશન,** સારવાર અને લેબોરેટરી તપાસની રાજ્યમાં સગવડતાઓ :

- રાજ્યની ૨૮ હોસ્પિટલોમાં કુલ-૬૯૭ પથારીના આઈસોલેશન વોર્ડની (૬-મેડીકલ કોલેજ, ૨૨-જનરલ હોસ્પિટલ) સુવિધા ઉભી કરી. આઈસોલેશન અને ઘનિષ્ઠ સારવાર માટે ૧૪-ખાનગી હોસ્પિટલો તેમજ ગ્રાન્ટ ઈન એઈડ-૬ હોસ્પિટલો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે, તથા સંસ્થાઓમાં અદ્યતન સારવાર માટે વેન્ટીલેટર્સની સુવિધાઓ પુરા પ્રમાણમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- એચ-૧ એન-૧ પરિક્ષણ માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવી.
- કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાને લઈ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગ ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી. અને ""સ્ટેપ-અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવી.
- સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે હેલ્પ લાઈન, હેલ્પ ડેસ્ક અને ટોલફ્રી નંબર શરૂ કરવમાં આવ્યા.
  ૦૭૯-૨૨૬૮૧૧૯૧, ૦૭૯-૨૨૬૮૧૨૯૨, ૦૭૯-૨૨૬૮૩૪૨૦, ૦૭૯-૨૨૬૮૩૪૨૧, ૧૮૦૦-૨૩૩૭૯૩૬
- રાજ્યની તમામ મેડીકલ કોલેજમાં પણ પ્રજાકીય જાણકારી આપવા હેલ્પલાઈનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી.
- કમિશ્નરશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ની કચેરી ખાતે ૨૪ કલાક કાર્યરત કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો.
- તા. ૧૮-૮-૦૯ થી ૨૨-૮-૦૯ દરમ્યાન આરોગ્ય વિભાગના ૨૧૭ અધિકારીશ્રીઓ જેમાં નીચે મુજબ કેડરોનો સમાવેશ થાય છે તેવા જિલ્લાની રેપીડ રીસપોન્સ ટીમના સભ્યો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રીઓ, ફીઝીશીયન, પીડીયાટ્રીશીયન, માઈક્રોબાયોલોજીસ્ટ પેથોલોજીસ્ટ અને જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રીઓને તાલીમ આપવામાં આવી. તેઓ દ્વારા પોતપોતાના જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કક્ષાના અધિકારીશ્રીઓ તેમજ વર્કરોને ક્ષેત્રિય કક્ષાએ તાલીમ આપવામાં આવી.
- રાજ્ય સરકારની તમામ મેડીકલ કોલેજના પી.એસ.એમ. વિભાગના વડાઓ દ્વારા ઈન્ફ્યુએન્ઝા-એ (H1N1) અંતગત મરણ પામેલ દર્દીઓની વર્બલ ઓટોપ્સી કરવાની કાર્યવાહી સતત પણે કરવામાં આવી રહી છે અને મૃત્યુના કારણોનું પૃથ્થકરણ કરી મૃત્યુ અટકાવવા માટેના જરૂરી પગલાં લેવામાં આવ્યા.
- તા. ૧૭-૯-૦૯ના રોજ હજ્યાત્રાએ જતા તમામ હજ્યાત્રીઓને સ્ક્રીનીંગ કરી સ્વાઈન ફ્લ્યુ (H1N1) થી મુક્ત હોવાનું પ્રમાણપત્ર ભારત સરકારશ્રીની સુચના મુજબ આપવામાં આવ્યું.
- તા. ૨૮-૯-૦૯ના રોજ (H1N1) ટેક્નીકલ કમિટિની મીટીંગ ડૉ. બી. ડી. માંકડની અધ્યક્ષતામાં સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે કરવામાં આવી અને તેમાં નક્કી થયેલ ગાઈડ લાઈન ડીનશ્રી મેડીકલ કોલેજ, અધિકારીશ્રી વિ.ના.નિ.શ્રી, સી.ડી. એમ.ઓ. શ્રી સી.ડી.એચ.ઓ.શ્રી., તથા આરોગ્ય અધિકારી મહાનગર પાલિકાને મોકલવામાં આવી.

- હજયાત્રા કરીને પરત આવતા હજયાત્રીઓનું સ્વાઈન ફ્લુ બાબતે હેલ્થ બાબતે ચેક-અપ કરવા અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર કુલ-૮ મેડીકલ ટીમો ગોઠવવામાં આવેલ છે, જે પૈકી ૩ ટીમોનું નેતૃત્વ લેડી મેડીકલ ઓફિસર દ્વારા કરવામાં આવે છે. તેમજ સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે વધારાની પથારીની સગવડ ઉભી કરવામાં આવી.
- રાજસ્થાનમાં ખૂબ ઝડપથી સ્વાઈન ફ્લુના કેસ અને મરણ નોંધાઈ રહ્યા છે જે ધ્યાને લઈ રાજસ્થાનથી રેલ્વે તથા રોડ-રસ્તા દ્વારા આવતાં પ્રવાસીઓનું હેલ્થ ચેક-અપ કરવા માટે અમદાવાદ, મહેસાણા અને પાલનપુર રેલ્વે સ્ટેશન તેમજ શામળાજી, થરાદ, ધાનેરા અને અમીરગઢ ખાતે ૧-૧ મેડીકલ ટીમ તાકીદના ધોરણે પ્રતિનિયુક્ત કરેલ.
- અમદાવાદ શહેરના સ્લમ વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો રોગચાળો નિયંત્રણ રાખવા માટે ખાસ સર્વેલન્સ એકટીવીટી ચાલુ કરેલ.
- શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાસી વગેરે સામાન્ય ઈન્ફ્લ્યુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતાં હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તી દ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.
- રાજ્યના મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ તેમજ સુરત ખાતે અર્બન સ્લમ એરીયામાં આ રોગનો ફેલાવો ન થાય અને ત્વરીત સારવાર મળી રહે તે હેતુથી અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે ૫-૬ તબીબી ટીમો દ્વારા નિદાન કેમ્પો યોજી નિદાન તેમજ સારવાર પુરી પાડેલ.
- માન.મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) અગ્ર સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) તેમજ માન. કમિશ્નરશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) દ્વારા તમામ કામગીરી ઉપર સતત મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે.
- **માહિતી-શિક્ષણ-પ્રચાર-પ્રસાર કામગીરી :-**
- દૈનિક ધોરણે પત્રકારોને માહિતી આપવા રાજ્ય કક્ષાએ એક તબીબી અધિકારીશ્રીને નિયુક્ત કરવામાં આવ્યા.
- ભારત સરકાર દ્વારા પ્રાદેશિક ભાષામાં દૂરદર્શન અને બીજી બધીજ લોકલ ચેનલ ઉપર આરોગ્ય શિક્ષણ અંગેનું પ્રસારણ કરવામાં આવે છે.
- દૈનિક ધોરણે રેડીયો ઉપર ટૂંકાણમાં સંદેશાઓ પ્રસારીત કરવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી કુલ એક લાખ પોસ્ટર, એક લાખ ફોલ્ડર અને દસ હજાર વીનાઈલ સ્ટીકર તેયાર કરી વિતરણ કરવામાં આવ્યું.
- દરેક લોકલ દૈનિક સમાચાર પત્રોમાં અડધા પાનાની અવાર-નવાર જાહેરાત આપવામાં આવી અને એક લાખ ઈ-મેઈલ વપરાશ કર્તાઓને સંદેશા મોકલવામાં આવ્યા.
- જાહેર સ્થળોએ હોર્ડિંગ્સ, એસ.ટી.બેક પેનલ, રેલ્વે તેમજ રીક્ષાની પાછળની ભાગમાં આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ કરવામાં આવી.

-------------

## ભિલોડા તાલુકામાં ઉદ્દવહન સિંચાઈ યોજનાઓ

૧૨૭૭૯ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં વર્ષવાર કેટલી ઉદવહન સિંચાઈ યોજનાઓ બનાવી, | (૧) કોઈ ઉદવહન સિંચાઈ યોજના બનાવેલ નથી. |
| (૨) એનાથી કેટલા આદિવાસી વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એની પાછળ કુલ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો? | |

## રાજ્યમાં ""સ્વાઈન ફ્લુ""ને રોકવાનાં પગલાં

**૧૧૯૫૯શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિનાવાર ""સ્વાઈન ફ્લુ""ને કારણે કેટલા દર્દીઓ નોંધાયા,

(૨) કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) રાજ્ય સરકારે આ મૃત્યુઆંક રોકવા ક્યા ક્યા પ્રકારના પગલાંઓ લીધા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિનાવાર રાજ્યમાં સ્વાઈન ફ્લુને કારણે કુલ નોંધાયેલ દર્દીઓની વિગતો નિચે મુજબ છે.

| ક્રમ | માસનું નામ | નોંધાયેલ દર્દીઓ |
|---|---|---|
| ૧ | જાન્યુઆરી-૦૯ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી-૦૯ | ૦ |
| ૩ | માર્ચ-૦૯ | ૦ |
| ૪ | એપ્રિલ-૦૯ | ૦ |
| ૫ | મે-૦૯ | ૦ |
| ૬ | જુન-૦૯ | ૦ |
| ૭ | જુલાઈ-૦૯ | ૭ |
| ૮ | ઓગષ્ટ-૦૯ | ૧૧૧ |
| ૯ | સપ્ટેમ્બર-૦૯ | ૭૮ |
| ૧૦ | ઓક્ટોબર | ૮૭ |
| ૧૧ | નવેમ્બર-૦૯ | ૩૨ |
| ૧૨ | ડીસેમ્બર-૦૯ | ૩૮૨ |
| | કુલ | ૬૯૭ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી છેલ્લા એક વર્ષમાં રાજ્યભરમાં સ્વાઈન ફ્લુને કારણે કુલ ૧૧૭ વ્યક્તિઓના મરણ થયેલ છે.

(૩) રાજ્ય સરકારે સ્વાઈન ફ્લુના કારણે થતા મૃત્યુ અટકાવવા રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગત પત્રકમાં આ સાથે સામેલ છે.

### પત્રક

### ઈન્ફ્લ્યુએન્ઝા-એ (H1N1)

### સ્વાઈન ફ્લુ સામે ગુજરાત સરકારે લીધેલ અસરકારક પગલાં

ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઈ રહેલ છે. છેક ઉપરની કક્ષાએથી નિર્દેશન કરવામાં આવી રહેલ છે. માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઈન ફ્લુની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ. કીટ તથા અન્ય નાણાંકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂા. ૧૦.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે અને તે મુજબ જરૂરીયાતો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઈન્ફ્લ્યુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતા હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞાપ્તી દ્વારા સવિશેષ સર્તક્તા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

આ મહામારીને નાથવા માટે મહામારીની શરૂઆતથી જ રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

- એપ્રિલ-૦૯ માં તમામ આરોગ્ય તેમજ સંલગ્ન અધિકારીશ્રીઓને સ્વાઈન ફ્લ્યુ અંગેની માહિતી તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સર્વેલન્સ અને માનવ સમુદાયમાં સ્વાઈન ફ્લ્યુ અટકાયત અંગેની માર્ગદર્શિકાનું ત્વરીત વિતરણ કરવામાં આવ્યું.
- ડૉ. એસ.જે. ગાંધી, નાયબ નિયામક (એપીડેમીક)ને રાજ્ય કક્ષાના નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. (મો.નં.૯૮૨૫૩ ૪૨૮૯૯) અને ડૉ. બી.કે. પટેલ, નાયબ નિયામક (ગ્રામ્ય આરોગ્ય) (મો.નં. ૯૮૨૫૭ ૪૯૧૪૯)ને સહાયક નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ દ્વારા ગુજરાત સરકાર અને ઈ.એમ.આર. દિલ્હી સાથે સંકલનમાં રહી કામગીરી કરવામાં આવે છે.
- તા. ૬-૫-૦૯ના રોજ સ્વાઈન ફ્લ્યુની વૈશ્વિક પરિસ્થિતિ અન્વયે તમામ જિલ્લાઓના જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પરિસ્થિતિ અંગે જાગૃત કરવા અને શું પગલાં લેવા, શું ન લેવા તે અંગેની સુચના આપવાના હેતુસર માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને સ્વાઈન ફ્લ્યુ અંગેની વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવેલ.
- અધિક મુખ્ય સચિવશ્રી, (સામાન્ય વહીવટ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી સાથે રહી પરિસ્થિતિનો રીવ્યુ કરવા માટે ટાસ્ક ફોર્સ કમિટીની રચના કરવામાં આવી.(તા.૨૦-૫-૦૯, તા.૨૨--૬-૦૯, ૧૦-૮-૦૯, તા.૯-૧૦-૦૯ તેમજ તા.૧૭-૧૨-૦૯ના રોજ ટાસ્ક ફોર્સની મીટીંગ મળી)

- તા. ૩૦-૪-૦૯ થી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક અમદાવાદ ખાતે ૨૪ કલાક કાર્યરત આરોગ્ય ચકાસણી માટે ૧૧ મેડીલક ટીમો પ્રતિનિયુક્ત કરવામાં આવી.
- તા.૩૦-૪-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધીમાં કુલ ૨૨૮૭૧૧ પ્રવાસીઓને ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું જેમાંથી કુલ-૯ વ્યક્તિઓ શંકાસ્પદ મળેલ જેઓના સેમ્પલ લઈ તપાસતા નેગેટીવ માલુમ પડેલ.
- શંકાસ્પદ દર્દીઓને અને તેમના કોન્ટેક વ્યક્તિઓને રીફર કરવા માટે એરફોર્સ ઉપર ૧ એરકન્ડીશનથી સજ્જ ૧૦૮ એમ્બ્યુલન્સ મુકવામાં આવેલ.
- તા. ૧૦-૮-૦૯ ના રોજ આઈ.એમ.એ.આઈ.એ.પી.,એ.પી.આઈ. અને એન.એમ.ઓ. ના ૭૬ ખાનગી તબીબોનો માન.મત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અધ્યક્ષસ્થાને સ્વાઈન ફ્લ્યુ અંગેનું માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી કરવા સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું.
- તા. ૧૨-૮-૦૯ ના રોજ તમામ જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની માન. મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને વિડીયો કોન્ફરન્સ કરવામાં આવી અને પરિસ્થિતિ અંગે જાગૃત રહેવા જણાવ્યુ. જિલ્લા કક્ષાએ કરેલ પૂર્વ તેયારીનો રીવ્યુ કરવામાં આવ્યો તેમજ જરૂરી સુચનો પુરા પાડવામાં આવ્યા.
- તા.૧૮-૮-૦૯ ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમીક એકટ-૧૮૯૭ હેઠળ ઈન્ફ્લ્યુએન્ઝા-એ (H1N1) અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં આવી.
- તા. ૧૨-૮-૦૯ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તમામ રાજકિય પક્ષોની સર્વપક્ષીય બેઠક સ્વાઈન ફ્લુ નિયંત્રણ કામગીરી પૂર્ણ નિર્ધાર સાથે હાથ ધરવા યોજવામાં આવી.

**આઈસોલેશન,** સારવાર અને લેબોરેટરી તપાસની રાજ્યમાં સગવડતાઓ :

- રાજ્યની ૨૮ હોસ્પિટલોમાં કુલ-૬૯૭ પથારીના આઈસોલેશન વોર્ડની (૬-મેડીકલ કોલેજ, ૨૨-જનરલ હોસ્પિટલ) સુવિધા ઉભી કરી. આઈસોલેશન અને ઘનિષ્ઠ સારવાર માટે ૧૪-ખાનગી હોસ્પિટલો તેમજ ગ્રાન્ટ ઈન એઈડ-૬ હોસ્પિટલો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે, તથા સંસ્થાઓમાં અદ્યતન સારવાર માટે વેન્ટીલેટર્સની સુવિધાઓ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- એચ-૧ એન-૧ પરિક્ષણ માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવી.
- કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાને લઈ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગ ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી. અને ""સ્ટેપ-અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવી.
- સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે હેલ્પ લાઈન, હેલ્પ ડેસ્ક અને ટોલફ્રી નંબર શરૂ કરવમાં આવ્યા. ૦૭૯-૨૨૬૮૧૧૯૧, ૦૭૯-૨૨૬૮૧૨૯૨, ૦૭૯-૨૨૬૮૩૪૨૦, ૦૭૯-૨૨૬૮૩૪૨૧, ૧૮૦૦-૨૩૩૭૯૩૬
- રાજ્યની તમામ મેડીકલ કોલેજમાં પણ પ્રજાકીય જાણકારી આપવા હેલ્પલાઈનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી.
- કમિશનરશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ની કચેરી ખાતે ૨૪ કલાક કાર્યરત કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો.
- તા. ૧૮-૮-૦૯ થી ૨૨-૮-૦૯ દરમ્યાન આરોગ્ય વિભાગના ૨૧૭ અધિકારીશ્રીઓ જેમાં નીચે મુજબ કેડરોનો સમાવેશ થાય છે તેવા જિલ્લાની રેપીડ રીસપોન્સ ટીમના સભ્યો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રીઓ, ફીઝીશીયન, પીડીયાટ્રીશીયન, માઈક્રોબાયોલોજીસ્ટ પેથોલોજીસ્ટ અને જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રીઓને તાલીમ આપવામાં આવી. તેઓ દ્વારા પોતપોતાના જિલ્લા કક્ષાએ ક્ષેત્રિય કક્ષાના અધિકારીશ્રીઓ તેમજ વર્કરોને ક્ષેત્રિય કક્ષાએ તાલીમ આપવામાં આવી.
- રાજ્ય સરકારની તમામ મેડીકલ કોલેજના પી.એસ.એમ. વિભાગના વડાઓ દ્વારા ઈન્ફ્યુએન્ઝા-એ (H1N1) અંતગત મરણ પામેલ દર્દીઓની વર્બલ ઓટોપ્સી કરવાની કાર્યવાહી સતત પણે કરવામાં આવી રહી છે અને મૃત્યુના કારણોનું પૃથ્થકરણ કરી મૃત્યુ અટકાવવા માટેના જરૂરી પગલાં લેવામાં આવ્યા.
- તા. ૧૭-૯-૦૯ના રોજ હજ્યાત્રાએ જતા તમામ હજ્યાત્રીઓને સ્ક્રીનીંગ કરી સ્વાઈન ફ્લ્યુ (H1N1) થી મુક્ત હોવાનું પ્રમાણપત્ર ભારત સરકારશ્રીની સુચના મુજબ આપવામાં આવ્યું.

- તા. ૨૮-૯-૦૯ના રોજ (H1N1) ટેક્નીકલ કમિટિની મીટીંગ ર્ડા. બી. ડી. માંકડની અધ્યક્ષતામાં સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે કરવામાં આવી અને તેમાં નક્કી થયેલ ગાઈડ લાઈન તમામ ડીનશ્રી મેડીકલ કોલેજ, અધિક્ષકશ્રી વિ.ના.નિ.શ્રી, સી.ડી. એમ.ઓ. શ્રી સી.ડી.એચ.ઓ.શ્રી., તથા આરોગ્ય અધિકારી મહાનગર પાલિકાને મોકલવામાં આવી.
- હજયાત્રા કરીને પરત આવતા હજયાત્રીઓનું સ્વાઈન ફ્લુ બાબતે હેલ્થ ચેક-અપ કરવા અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર કુલ-૮ મેડીકલ ટીમો ગોઠવવામાં આવેલ છે, જે પેકી ૩ ટીમોનું નેતૃત્વ લેડી મેડીકલ ઓફિસર દ્વારા કરવામાં આવે છે. તેમજ સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે વધારાની પથારીની સગવડ ઉભી કરવામાં આવી.
- રાજસ્થાનમાં ખૂબ ઝડપથી સ્વાઈન ફ્લુના કેસ અને મરણ નોંધાઈ રહ્યા છે જે ધ્યાને લઈ રાજસ્થાનથી રેલ્વે તથા રોડ-રસ્તા દ્વારા આવતાં પ્રવાસીઓનું હેલ્થ ચેક-અપ કરવા માટે અમદાવાદ, મહેસાણા અને પાલનપુર રેલ્વે સ્ટેશન તેમજ શામળાજી, થરાદ, ધાનેરા અને અમીરગઢ ખાતે ૧-૧ મેડીકલ ટીમ તાકીદના ધોરણે પ્રતિનિયુક્ત કરેલ.
- અમદાવાદ શહેરના સ્લમ વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો રોગચાળો નિયંત્રણ રાખવા માટે ખાસ સર્વેલન્સ એક્ટીવીટી ચાલુ કરેલ.
- શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઈન્ફ્લ્યુએન્ઝાના દર્દીઓ પણ વિષેશ પ્રમાણમાં મળતાં હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તી દ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.
- રાજ્યના મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ તેમજ સુરત ખાતે અર્બન સ્લમ એરીયામાં આ રોગનો ફેલાવો ન થાય અને ત્વરીત સારવાર મળી રહે તે હેતુથી અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે ૫-૬ તબીબી ટીમો દ્વારા નિદાન કેમ્પો યોજી નિદાન તેમજ સારવાર પુરી પાડેલ.
- માન.મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) અગ્ર સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) તેમજ માન. કમિશ્નરશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) દ્વારા તમામ કામગીરી ઉપર સતત મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે.
- **માહિતી-શિક્ષણ-પ્રચાર-પ્રસાર કામગીરી :-**
- દૈનિક ધોરણે પત્રકારોને માહિતી આપવા રાજ્ય કક્ષાએ એક તબીબી અધિકારીશ્રીને નિયુક્ત કરવામાં આવ્યા.
- ભારત સરકાર દ્વારા પ્રાદેશિક ભાષામાં દૂરદર્શન અને બીજી બધીજ લોકલ ચેનલ ઉપર આરોગ્ય શિક્ષણ અંગેનું પ્રસારણ કરવામાં આવે છે.
- દૈનિક ધોરણે રેડીયો ઉપર ટૂંકાંણમાં સંદેશાઓ પ્રસારીત કરવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી કુલ એક લાખ પોસ્ટર, એક લાખ ફોલ્ડર અને દસ હજાર વીનાઈલ સ્ટીકર તેયાર કરી વિતરણ કરવામાં આવ્યું.
- દરેક લોકલ દૈનિક સમાચાર પત્રોમાં અડધા પાનાની અવાર-નવાર જાહેરાત આપવામાં આવી અને એક લાખ ઈ-મેઈલ વપરાશ કર્તાઓને સંદેશા મોકલવામાં આવ્યા.
- જાહેર સ્થળોએ હોર્ડિંગ્સ, એસ.ટી.બેક પેનલ, રેલ્વે તેમજ રીક્ષાની પાછળની ભાગમાં આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ કરવામાં આવી.

-------------

## રાજ્યમાં આશા વર્કર બહેનોનું મહેકમ

૧૩૩૦૭ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલી આશા વર્કર બહેનોની ભરતી થયેલ છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૨૮૪૩૬ આશા વર્કર બહેનોની ભરતી થયેલ છે, |
| (૨) સદર આશા વર્કર બહેનોને પ્રતિમાસ કેટલો પગાર ચૂકવવામાં આવે છે, | (૨) સદર આશા વર્કર બહેનોને પ્રતિમાસ પગારની અવેજીમાં માસ દરમ્યાન કરેલ પ્રવૃત્તિદીઠ નક્કી થયેલ મળવા પાત્ર મહેનતાણાં (ઈન્સેન્ટીવ)ની રકમ ચૂકવવામાં આવે છે, |
| (૩) સદર આશા વર્કર બહેનોની તાલીમ પગાર પેટે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ ગત બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળી, અને | (૩) સદર આશા વર્કર બહેનોની તાલીમ અને પ્રોત્સાહન પેટે નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ ગત બે વર્ષમાં કુલ રૂ.૩૦,૨૬,૦૮,૦૦૦/- ની ગ્રાન્ટ મળેલ છે. |

(૪) રાજ્ય સરકારે તેમાં કેટલી રકમ ફાળવી?

(૪) આ કાર્યક્રમ અંતર્ગત ઉપલબ્ધ ફંડ પર્યાપ્ત હોઈ રાજ્ય સરકારે અલગ રકમ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જામનગર જિલ્લામાં રોગી કલ્યાણ સમિતિએ નક્કી કરેલ સારવારના ઉંચા દરો બાબત**

૧૧૭૩૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ચાલતી સરકારી જનરલ હોસ્પિટલોમાં સરકારે રચાયેલી રોગી કલ્યાણ સમિતિઓએ સારવારના ખૂબ મનસ્વી અને ખૂબ જ ઉંચા દરો નક્કી કર્યા છે, તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) સારવારના ઉંચા દરો નક્કી થવાના કારણે હોસ્પિટલના લાભાર્થી દર્દીઓ પારાવાર પરેશાન થઈ રહ્યા છે અને સારવારથી વંચિત પણ રહે છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, અને

(૩) આ સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિની રચના કરવા ઠરાવાયેલ છે. આ સમિતિ રાજ્ય સરકારના સીધા નિયંત્રણ અને દેખરેખ હેઠળ કામગીરી કરે છે.

(૨) ગરીબી રેખા નીચેના દર્દીઓ પાસેથી સારવારના દરો વસુલવામાં આવતા નથી. પરંતુ સાધન-સંપન્ન લોકો પાસેથી રોગી કલ્યાણ સમિતિએ ઠરાવેલ વાજબી દરો વસુલવામાં આવે છે. જે હોસ્પિટલના વિકાસ માટે ઉપયોગ લેવામાં આવે છે. આ સિવાય આ રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રખડતાં કૂતરા અને બિલાડીઓનો આતંક**

૧૧૭૦૯**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં રખડતાં કૂતરા અને બિલાડીઓનો આતંક ફેલાયેલ છે, દર્દીઓના દૂધ-ખોરાક ઉઠાવી જાય છે તે હકીકત સાચી છે,

(૨) તાજેતરમાં બિલાડીએ નવજાત બાળકીને ઈજાઓ પહોંચાડતાં પાછળથી તેનું મૃત્યુ થયેલ છે તે વાત સાચી છે, અને

(૩) સિવિલ હોસ્પિટલમાં આવા કૂતરાં-બિલાડાના ત્રાસને રોકવા સરકારે શું પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ના, જી.

(૩) અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં કૂતરા અને બિલાડીઓને રોકવા માટે મ્યુનિસીપલ કોર્પોરેશનમાં જરૂર જણાયે ફરીયાદ કરવામાં આવે છે. અગમચેતીના પગલા રૂપે બિલાડીઓને પકડવા માટે હોસ્પિટલમાં ખાસ પ્રકારનું પાંજરૂ બનાવવામાં આવેલ છે. અને વેન્ટીલેશનમાં પડેલા બાકોરામાં જાળી લગાડવામાં આવેલ છે.

-------------

**જાન્યુઆરી-૨૦૧૦ ના પતંગ મહોત્સવમાં હાજર રહેલ શાળાના બાળકોને સરભરા ખર્ચ**

૧૨૩૮૮**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા અમદાવાદ ખાતે જાન્યુઆરી-૨૦૧૦માં યોજાયેલ પતંગ મહોત્સવમાં મ્યુનિસિપલ શાળાના કેટલા બાળકોને કાર્યક્રમ સ્થળે કેટલા વાગે બોલાવવામાં આવ્યા હતા, અને

(૨) ઉક્ત બાળકોને ચા-નાસ્તો ભોજન અને વાહનવ્યવહાર ખર્ચ પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે જાન્યુઆરી-૨૦૧૦માં યોજાયેલ પતંગ મહોત્સવમાં મ્યુનિસિપલ શાળાના ૮,૦૦૦ (આઠ હજાર) બાળકોને કાર્યક્રમ સ્થળે સવારે ૭.૦૦ કલાકે બોલાવવામાં આવ્યા હતા.

(૨) ઉક્ત બાળકોને ચા-નાસ્તો અને ગ્લુકોઝના પેકેટ આપવામાં આવ્યા હતા. તે પેટે કુલ રૂપિયા ૩,૭૧,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ લાખ ઇકોતેર હજાર પુરા) નો ખર્ચ કરવામાં આવ્યો હતો. વાહનવ્યવહાર માટે એ.એમ.ટી.એસ.ની બસની વ્યવસ્થા અમદાવાદ

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી હતી. અને તે પેટે રૂપિયા ૨૩,૫૯,૨૩૪-૦૦ (અંકે રૂપિયા તેવીસ લાખ ઓગણસાઈઠ હજાર બસો ચોત્રીસ પુરા) નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

-------------

**રાજકોટ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા**

૧૩૩૨૧**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા ગામોમાં પીવાના પાણીની અપૂરતી સગવડતાઓ છે, અને

(૨) આ ગામોને નિયમીત પૂરતું પીવાનું પાણી મળે તે માટે સરકારે શું વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં દરેક ગામોમાં પીવાના પાણીની સગવડતાઓ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં ચેકડેમ, તળાવો, તળાવ ઉંડા કરવા વગેરે બાબતે મંજૂરી**

૧૨૬૮૫**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ કેટલા ચેકડેમ, તળાવો ઉંડા ઉતારવા કેટલી માગણી આવી,

(૨) જો હા, તો કેટલા ચેકડેમ, તળાવો મંજૂર કર્યા, કેટલા નામંજૂર કર્યા, અને

(૩) મંજૂર થયેલ ચેકડેમ અને તળાવોના કેટલા કામ પૂર્ણ થયા અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧) ચેકડેમો ઉંડા ઉતારવાની કોઇ માંગણી મળેલ નથી. તાલુકા દીઠ તળાવ ઉંડા ઉતારવાની માગણી **પત્રક-૧** મુજબ આવેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં **પત્રક-૨** મુજબ ૮૮ તળાવ મંજૂર કરવામાં આવેલ છે.

કોઈ તળાવ ""ના મંજૂર"" કરવામાં આવેલ નથી.

(૩) મંજૂર થયેલ બધા જ તળાવનાં કામો પૂર્ણ થયેલ છે.

**પત્રક - ૧**

| અ.નં. | તાલુકો | તળાવની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧ |
| ૨ | શિહોર | ૯૪ |
| ૩ | ઘોઘા | ૧૪ |
| ૪ | મહુવા | ૧૫ |
| ૫ | તળાજા | ૮ |
| ૬ | પાલીતાણા | ૯ |
| ૭ | ગારીયાધાર | ૯ |
| ૮ | ગઢડા | ૧૦ |
| ૯ | ઉમરાળા | ૦ |
| ૧૦ | બોટાદ | ૧૬ |
| ૧૧ | વલ્લભીપુર | ૨૩ |
| | કુલ : | ૧૯૯ |

**પત્રક - ૨**

| અ.નં. | તાલુકો | તળાવની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧ |
| ૨ | શિહોર | ૩૦ |
| ૩ | ઘોઘા | ૬ |
| ૪ | મહુવા | ૧૦ |
| ૫ | તળાજા | ૭ |
| ૬ | પાલીતાણા | ૩ |
| ૭ | ગારીયાધાર | ૪ |
| ૮ | ગઢડા | ૭ |
| ૯ | ઉમરાળા | ૦ |
| ૧૦ | બોટાદ | ૭ |
| ૧૧ | વલ્લભીપુર | ૧૩ |
| | કુલ : | ૮૮ |

-------------

**રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત સમાવિષ્ટ ગામો**

૧૨૬૮૯**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ કેટલાં ગામોનો સમાવેશ કરેલ છે, અને

(૨) રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજના ધ્વારા તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ૨૪૭ ગામોનો તથા સરખા ધારાધોરણ મુજબની સેક્ટર રીફોર્મ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ૨૨૭ ગામોનો સમાવેશ કરેલ છે.

(૨) રૂા.૧૨૭૮.૩૦ લાખ.

## કપડવંજ તાલુકાના પીવાના પાણીથી વંચિત ગામો

૧૧૮૬૯**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ક્યા ક્યા ગામો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પીવાના પાણીથી વંચિત રહ્યા છે, અને | (૧) એક પણ નહી. |
| (૨) આ વંચિત ગામોને પીવાનું પાણી સત્વરે પૂરું પાડવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## આણંદ જિલ્લામાં પાણી પુરવઠા યોજના

૧૧૭૭૯**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા તાલુકામાં કેટલી પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૮ તાલુકામાં ૫૯ પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલી પૂર્ણ કરવામાં આવી ? | (૨) એક પૂર્ણ કરેલ છે. ૨૨ પ્રગતિમાં છે. મોટાભાગની યોજનાઓ (૭૩ ટકા) છેલ્લા ત્રણ માસમાં મંજૂર કરાયેલ હોય આગળની કામગીરી ચાલુ છે. |

## સુરત જિલ્લાની હોસ્પિટલોને રોગી કલ્યાણ સમિતિઓ થકી થયેલ આવક

૧૧૯૫૪ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રોગી કલ્યાણ સમિતિઓ ધ્વારા સુરત જિલ્લાની હોસ્પિટલોને કુલ કેટલી આવક થઈ,

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા હોસ્પિટલોને નીચે મુજબ આવક થયેલ છે :-

| ક્રમ | હોસ્પિટલનું નામ | થયેલ આવક (રૂા.) |
|---|---|---|
| ૧ | આંખની હોસ્પિટલ | ૫,૫૯,૬૪૯/- |
| ૨ | નવી સીવીલ હોસ્પિટલ | ૩,૭૬,૨૦,૨૦૬/- |
| | કુલ : | ૩,૮૧,૭૯,૮૫૫/- |

(૨) ઉક્ત આવકમાંથી હોસ્પિટલોમાં ક્યા પ્રકારની સુવિધાઓ ઉભી કરવામાં આવી, અને

(૨) ઉક્ત આવકમાંથી બી.પી.એલ. કાર્ડ ધારક, કેદીઓ, સીનીયર સીટીઝન તથા અજાણ્યા દર્દીઓને મફ્ત સારવારની સુવિધા, તજજ્ઞોની સુવિધા, ફાયર સેફટી સીસ્ટમ, સાફ સફાઇ સેવાઓ, સલામતી સેવાઓ, લીનન, ફર્નિચર, પાણીની સગવડ, ડેન્ટલ એક્સ-રે મશીનની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.

(૩) ક્યા ક્યા પ્રકારનાં ખર્ચ કરવામાં આવે છે?

(૩) જવાબ ખંડ : ૨ માં દર્શાવેલ સુવિધાઓ અંગે ખર્ચ કરવામાં આવે છે.

## અમરેલી જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.નું વર્ગ ૧ થી ૪ નું મહેકમ

૧૧૮૮૭ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૨૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પી.એચ.સી. અને સી.એચ.સી. માં વર્ગ-૧ થી ૪ ના મહેકમ પ્રમાણે કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૧) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જ્ગ્યાઓ | |
|---|---|---|---|
| | | પી.એચ.સી. | સી.એચ.સી. |
| ૧ | વર્ગ-૧ | ૦૦ | ૦૯ |
| ૨ | વર્ગ-૨ | ૦૧ | ૦૬ |
| ૩ | વર્ગ-૩ | ૧૮ | ૪૨ |
| ૪ | વર્ગ-૪ | ૦૦ | ૨૫ |

(૨) આ જ્ગ્યાઓ ક્યા વર્ગની, કેટલા સમયથી ખાલી છે, અને

(૨) પત્રક-અ અને બ સામેલ છે.

## પત્રક-અ
## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર ખાલી જગ્યાની તારીખ

| ક્રમ | તાલુકો | કાર્યાન્વીત પ્રા.આ.કે.નું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ | | | | જુનીયર ફાર્માસીસ્ટ | | | | લેબોરેટરી ટેક્નીશીયન | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલી | ખાલી | કઇ તારીખથી ખાલી છે | મંજુર | ભરેલી | ખાલી | કઇ તારીખથી ખાલી છે | મંજુર | ભરેલી | ખાલી | કઇ તારીખથી ખાલી છે |
| ૧ | લાઠી | ચાવંડ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૩૦-૦૬-૨૦૦૫ |
| ૨ | લીલીયા | ગુંદરણ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૫ | ૧ | ૧ | ૦ | - |
| ૩ | ધારી | ભાડેર | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૨૦-૦૮-૨૦૦૫ |
| ૪ | | દલખાણીયા | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૦૧-૦૯-૨૦૦૫ |
| ૫ | | જીરા-ધારી | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૦૧-૧૧-૨૦૦૬ |
| ૬ | ખાંભા | સમઢીયાળા | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૦૩-૦૩-૨૦૦૯ | ૧ | ૧ | ૦ | - |
| ૭ | | ખડાધાર | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૨૫-૦૪-૨૦૦૭ | ૧ | ૧ | ૦ | - |
| ૮ | | કેડાણ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૨૫-૦૪-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૦૧-૦૧-૨૦૦૫ |
| ૯ | બગસરા | જુની હળીયાદ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૩૦-૧૧-૨૦૦૧ |
| ૧૦ | કુંકાવાવ | દેવગામ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૧૫-૧૨-૧૯૯૯ | ૧ | ૧ | ૦ | - |
| ૧૧ | રાજુલા | વાવેરા | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૧૦-૦૮-૨૦૦૧ | ૧ | ૧ | ૦ | - |
| ૧૨ | જાફરાબાદ | બાબરકોટ | ૧ | ૦ | ૧ | ૦૭-૦૧-૨૦૧૦ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - |
| ૧૩ | | નાગેશ્રી | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૧૨-૦૪-૨૦૦૩ | ૧ | ૧ | ૦ | - |
| ૧૪ | સાવરકુંડલા | વંડા | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૦૧-૦૪-૨૦૦૪ | ૧ | ૧ | ૦ | - |
| ૧૫ | | જુનાસાવર | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૧૫-૦૭-૨૦૦૨ |
| ૧૬ | | અંબરડી | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૩૧-૦૭-૨૦૦૧ | ૧ | ૧ | ૦ | - |
| ૧૭ | | વીજપડી | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૨૦-૦૬-૨૦૦૭ |
| ૧૮ | | મોઝીઝુંડા | ૧ | ૧ | ૦ | - | ૧ | ૦ | ૧ | ૦૧-૦૫-૨૦૦૨ | ૧ | ૧ | ૦ | - |
| | | **કુલ :** | **૧૮** | **૧૭** | **૧** | | **૧૮** | **૮** | **૧૦** | | **૧૮** | **૧૦** | **૮** | |

**નોંધ :** વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ જે કરારબધ્ધ, કોન્ટ્રાક્ટબેઝ તેમજ આઉટસોર્સથી ભરેલ છે તે તમામ જગ્યાઓ ભરેલી બતાવેલ છે. તા.૧-૪-૦૫થી બ્લોક હેલ્થ ઓફીસ અસ્તિત્વમાં આવતાં સીનીયર ક્લાર્કની જગ્યાઓ બ્લોક હેલ્થ ઓફીસ ખાતે તબદીલ કરેલ છે.

## પત્રક-બ

| ક્રમ | સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્રવાર ખાલી જગ્યાની તારીખ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બાબરા | બગસરા | ધારી | ચલાલા | ખાંભા | દ્રામનગર | લીલીયા | રાજુલા | વડીયા | કુકાવાવ | જાફરાબાદ |
| ૧ | અધિક્ષક, વર્ગ-૧ | ૧૨-૦૯-૨૦૦૫ | ૧૨-૦૩-૨૦૦૯ | ૦૧-૦૬-૨૦૦૧ | ૨૭-૦૫-૨૦૦૨ | ૧૨-૧૦-૨૦૦૬ | ૧૪-૦૪-૧૯૯૨ | - | - | ૨૫-૦૪-૧૯૯૦ | - | ૨૭-૬-૨૦૦૬ |
| ૨ | આંખના સર્જન, વર્ગ-૧ | - | - | - | - | - | - | - | ૧૭-૦૯-૨૦૦૮ | - | - | - |
| ૩ | તબીબી અધિકારી, વર્ગ-૨ | - | ૦૬-૦૩-૨૦૦૯ | - | ૧૦-૦૮-૨૦૦૭ | ૦૯-૦૪-૨૦૦૮ | ૩૧-૦૩-૨૦૦૮ | - | ૨૬-૧૨-૨૦૦૮ | - | ૩૦-૦૮-૨૦૦૯ | - |
| ૪ | એક્સ-રે ટેક્નીશીયન, વર્ગ-૩ | ૧૭-૦૭-૨૦૦૫ | ૧૯-૧૦-૨૦૦૨ | - | ૨૩-૦૫-૨૦૦૨ | ૧૦-૦૯-૨૦૦૨ | - | ૦૧-૦૬-૨૦૦૯ | ૦૧-૧૧-૨૦૦૭ | ૨૯-૦૪-૨૦૦૫ | ૩૧-૦૭-૨૦૦૯ | ૧૪-૦૬-૨૦૦૦ |
| ૫ | લેબોરેટરી ટેક્નીશીયન, વર્ગ-૩ | - | - | - | - | ૧૦-૦૯-૨૦૦૮ | - | ૧૯-૦૭-૨૦૦૧ | - | - | ૨૩-૦૫-૨૦૦૧ | - |
| ૬ | જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ | - | - | - | - | - | - | ૧૬-૧૨-૨૦૦૪ | ૧-૮-૯૮<br>૪-૯-૦૫<br>૩૦-૬-૦૯ | ૦૯-૦૭-૧૯૯૦ | - | - |
| ૭ | સ્ટાફ નર્સ, વર્ગ-૩ | - | - | - | - | ૦૧-૦૪-૨૦૦૭ | ૬/૦૯૨૭/૭ | - | - | ૧૩-૦૯-૨૦૦૫ | ૦૬-૦૧-૨૦૦૯ | ૧૩-૦૯-૨૦૦૫ |
| ૮ | હેડ ક્લાર્ક, વર્ગ-૩ | - | - | - | - | - | - | - | ૦૯-૧૦-૨૦૦૯ | - | - | - |
| ૯ | સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૩-૧૦-૦૬<br>૧૫-૭-૦૬ | ૦૮-૧૧-૨૦૦૧ | ૨૯-૧૦-૨૦૦૧ | ૨૩-૦૫-૨૦૦૨ | ૨૫-૦૨-૨૦૦૩ | ૧૫-૦૩-૨૦૦૫ | - | - | - | ૨૧-૦૧-૨૦૦૩ | ૧૪-૦૬-૨૦૦૦ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક-૩ | - | - | - | - | - | - | - | ૦૧-૧૦-૨૦૦૯ | - | - | - |
| ૧૧ | ડ્રાઇવર વર્ગ-૩ | - | - | - | ૦૧-૦૮-૨૦૦૫ | ૧૦-૦૧-૨૦૦૮ | - | - | - | ૧૪-૦૬-૨૦૦૦ | - | ૧૪-૦૬-૨૦૦૦ |
| ૧૨ | અપ્થેલ્મીક આસી. વર્ગ-૩ | - | - | - | - | ૩૦-૦૫-૨૦૦૭ | - | - | ૦૭-૦૯-૨૦૦૯ | ૩૦-૦૫-૨૦૦૭ | - | ૩૦-૦૫-૨૦૦૭ |
| ૧૩ | ડ્રેસર વર્ગ-૪ | - | - | - | ૨૩-૦૫-૨૦૦૨ | ૨૬-૦૭-૨૦૦૭ | - | - | - | - | - | ૧૪-૦૬-૨૦૦૦ |
| ૧૪ | પટાવાળા વર્ગ-૪ | - | - | - | - | - | - | - | - | - | - | ૧૦-૦૮-૨૦૦૯ |
| ૧૫ | વોર્ડબોય વર્ગ-૪ | - | - | - | ૨૩-૦૫-૨૦૦૨(૨) | ૧૪-૦૬-૨૦૦૦ | - | - | ૧-૬-૯૨<br>૮-૩-૦૨<br>૧-૪-૯૩<br>૩-૩-૦૧(૨)<br>૩૧-૩-૦૬<br>૧૮-૧૦-૮૬ | - | - | ૧૪-૦૬-૨૦૦૦ |
| ૧૬ | આયા વર્ગ-૪ | - | - | - | ૨૩-૦૫-૨૦૦૨ | - | - | ૦૧-૧૨-૨૦૦૯ | - | - | - | - |
| ૧૭ | સ્વીપર વર્ગ-૪ | - | - | - | ૨૩-૦૫-૨૦૦૨ | - | - | - | ૪-૬-૯૬<br>૪-૯-૯૭ | - | - | - |
| ૧૮ | પાર્ટ ટાઇમ સ્વીપર | ૦૩-૦૩-૨૦૦૧ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૯ | પાર્ટ ટાઇમ ચોકીદાર | - | - | - | ૨૩-૦૫-૨૦૦૨ | ૦૧-૦૮-૧૯૯૬ | - | - | - | - | ૩-૧-૯૫<br>૧૨-૭-૦૫ | - |

(૩) આ જગ્યાઓ નહીં ભરવાના કારણો શું છે?

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જગ્યાઓ જિલ્લા

પંચાયત સંવર્ગની હોઇ જિલ્લા પંચાયત કાર્યક્ષેત્ર હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. જુનીયર ફાર્માસીસ્ટ તથા લેબ.ટેક્ની જગ્યાઓ ભરવા સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદને જિલ્લા પંચાયત અમરેલીએ તા.૨૯-૧-૦૯થી માંગણા પત્રકો મોકલી આપેલ છે જે તેઓ તરફથી ભરવામાં આવેલ નથી. તેમજ ડ્રાઇવર અને વર્ગ-૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત સેવા સમિતિ દ્વારા ભરવામાં આવશે. આ ખાલી જગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત અમરેલીએ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિને લખેલ છે. સમિતિ દ્વારા ભરતીની કાર્યવાહી થયેલ ન હોવાથી આ જગ્યાઓ ભરાયેલ નથી.

જ્યારે, સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી ખાલી છે. વર્ગ-૩ ની જગ્યાઓ ભરવા ગૌણ સેવા પસંદગી મંડળને માગણાપત્રકો મોકલી આપેલ છે. જેના ઉમેદવારોની ફાળવણી થયેથી આ જગ્યાઓ ભરી શકાશે. આ ઉપરાંત વર્ગ-૩ અને ૪ ની ખાલી જગ્યાઓ સામે જરૂર જણાય ત્યાં આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવશે.

-------------

## રાજ્યમાં નવી મેડીકલ કોલેજો માટે મંજૂર અને ભરાયેલ જુદા જુદા સંવર્ગની જગ્યાઓ બાબત

૧૨૦૫૮**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરકારે તાજેતરમાં રાજ્યમાં નવી મેડીકલ કોલેજો ખોલવાની જાહેરાત કરી છે તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો રાજ્યમાં કેટલી નવી મેડીકલ કોલેજો ક્યા ક્યા સ્થળે શરૂ કરવાનું આયોજન છે, અને

(૨) રાજ્યમાં ૪ નવી મેડીકલ કોલેજો.
(૧) પાટણ
(૨) સોલા (અમદાવાદ)
(૩) ગોત્રી (વડોદરા) અને
(૪) વલસાડ ખાતે.

(૩) આ હેતુસર તા. ૧૫-૧-૧૦ સુધીમાં ક્યા ક્યા સંવર્ગની કેટલી જગાઓ મંજૂર કરવામાં તથા ભરવામાં આવી?

(૩) આ સાથેના **પત્રક** મુજબની કુલ ૨૩૪૮ જગાઓ મંજૂર કરવામાં આવી તે પૈકી ડીન સંવર્ગની કુલ-૪ જગાઓ ભરવામાં આવી છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | જગાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | પાટણ | સોલા (અમદાવાદ) | ગોત્રી (વડોદરા) | વલસાડ |
| ૧. | ડીન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨. | મેડીકલ સુપરીન્ટેન્ડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | પ્રોફેસર | ૫ | ૫ | ૫ | ૫ |
| ૪. | રીડર / એસોસીયટ પ્રોફેસર | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ |
| ૫. | લેક્ચરર/આસી. પ્રોફેસર | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ૬. | ટ્યૂટર/ડમોસ્ટેટર | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૭ |
| ૭. | સીનીયર રેસીન્ડેન્ટ | ૧૯ | ૧૯ | ૧૯ | ૧૯ |
| ૮. | જુ. રેસીન્ડેન્ટ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ |
| ૯. | નર્સિંગ સુપરીન્ટેડન્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૦. | ડેપ્યુટી નર્સિંગ સુપરીન્ટેડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૧. | આસી. નર્સિંગ સુપરીન્ટેડન્ટ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૧૨. | સીસ્ટર ઈન્ચાર્જ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ |
| ૧૩. | સ્ટાફ નર્સ | ૧૪૧ | ૧૪૧ | ૧૪૧ | ૧૪૧ |
| ૧૪. | મેટ્રન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૫. | મેડીકલ રેકોર્ડ ઓફિસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૬. | વેટરનરી ઓફિસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૭. | સ્ટાફ નર્સ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૧૮. | ટેક્નીકલ આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૯. | વોર્ડબોય | ૩૮ | ૩૮ | ૩૮ | ૩૮ |
| ૨૦. | ટેક્નીશીયન | ૪ | ૪ | ૪ | ૪ |

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | પાટણ | સોલા (અમદાવાદ) | ગોત્રી (વડોદરા) | વલસાડ |
| ૨૧. | સ્વીપર | ૩૨ | ૩૨ | ૩૨ | ૩૨ |
| ૨૨. | એસોસીયેટ પ્રોફેસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૩. | લેબ. એટેનડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૪. | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૫. | લાયબ્રેરીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૬. | આસી. લાયબ્રેરીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૭. | ડોક્યુમેન્ટાલીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૮. | સ્ટોરકીપર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૯. | કેજ્યુઅલ્ટી એમ.ઓ. | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૦. | સ્ટેચર બેરર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૧. | સ્ટેનો ટાઈપીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૨. | રેકોર્ડ ક્લાર્ક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૩૩. | ઓ.ટી.આસીસ્ટન્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૩૪. | સુપરીન્ટેડન્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૫. | રીસેપ્શનીસ્ટ ક્લાર્ક | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૬. | ડાયેટીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૭. | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૮. | સીની. ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩૯. | જુની. ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪૦. | બાયો મેડીકલ એન્જિનિયર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૧. | લીનનકીપર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૨. | કુક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪૩. | પ્યુન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૪. | ટેકનીકલ આસી./ટેક | ૩૨ | ૩૨ | ૩૨ | ૩૨ |
| ૪૫. | મોડયુલર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪૬. | ડીશેકશન હોલ એન્ટેડન્ટ | ૬ | ૬ | ૬ | ૬ |
| ૪૭. | સ્ટેનો ટાઈપીસ્ટ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪૮. | સ્ટોરકીપર કમ ક્લાર્ક | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ |
| ૪૯. | સ્વીપર | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ |
| ૫૦. | લેબ. એન્ટેડન્ટ | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૬ |
| ૫૧. | સ્ટેનોગ્રાફર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૨. | રેકોર્ડ ક્લાર્ક/ક્લાર્ક | ૬ | ૬ | ૬ | ૬ |
| ૫૩. | ઈ.સી.જી. ટેક્નીશયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૪. | ઓડિયોમેટ્રી ટેક્નીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૫. | રીફ્રેક્શનીસ્ટ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૬. | રેડિયોગ્રાફી ટેક્નીશીયન | ૨ | ૨ | ૨ | ૨ |
| ૫૭. | ડાર્કરૂમ આસી. | ૨ | ૨ | ૨ | ૨ |
| ૫૮. | ડેન્ટલ ટેક્નીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૯. | આર.એમ.ઓ. ક્લાસ-૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬૦. | આસી. આર.એમ.ઓ. | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬૧. | પી.આર.ઓ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬૨. | એડમી. ઓફીસર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૬૩. | એડમી. ઓફીસર (એકાઉન્ટ) | ૨ | ૨ | ૨ | ૨ |
| ૬૪. | ઓફિસ/હોસ્ટેલ સુપરીન્ટેડન્ટ | ૫ | ૫ | ૫ | ૫ |
| ૬૫. | હેડ ક્લાર્ક | ૬ | ૬ | ૬ | ૬ |
| ૬૬. | સીનીયર ક્લાર્ક | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૧ |
| ૬૭. | જુનિયર ક્લાર્ક | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ |
| ૬૮. | ડ્રાયવર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૬૯. | સિક્યુરીટી | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૭૦. | સ્ટેચરરબેરર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૭૧. | કોમ્પ્યુટર ઓપરેટર | ૫ | ૫ | ૫ | ૫ |
| ૭૨. | બાર્બર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૭૩. | મેડીકલ ગેસ ટેક્નીશીયન | ૧ | ૧ | ૧ | ૧ |
| ૭૪. | કૂક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૭૫. | પ્યુન | ૬ | ૬ | ૬ | ૬ |
| ૭૬. | સ્વીપર | ૮ | ૮ | ૮ | ૮ |
| ૭૭. | ગાર્ડનર/ માળી | ૩ | ૩ | ૩ | ૩ |
| ૭૮. | રીશેપનીસ્ટ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૭૯. | પેશન્ટ ગાઈડ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૦. | ટેલીફોન ઓપરેટર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૧. | સિક્યુરીટી ઓફિસર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૨. | સેનેટરી ઈન્સપેક્ટર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૩. | જમાદાર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૪. | ઈલેક્ટ્રીશીયન | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૫. | એ.સી.રેફ્રીજરેશન મીકેનીક | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮૬. | નેટવર્ક મેનેજર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૭. | સીવીલ એન્જીનિયર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮૮. | આસી. હોસ્પીટલ એડમીનીસ્ટ્રેટર | ૧ | ૧ | ૧ | ૧ |

| ક્રમ | સંવર્ગનું નામ | જગાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | પાટણ | સોલા (અમદાવાદ) | ગોત્રી (વડોદરા) | વલસાડ |
| | કુલ : | ૫૮૭ | ૫૮૭ | ૫૮૭ | ૫૮૭ |
| | કુલ : ૫૮૭ + ૫૮૭ + ૫૮૭ + ૫૮૭ = ૨૩૪૮ | | | | |

-------------

## ઝાલોદ તાલુકામાં ચાલુ હેન્ડપંપો

૧૧૮૨૯**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કરંબા, હિરોળા, સારજારીયા, કદવાળ, સીમળીયા ગામોમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ હયાત હેન્ડપંપ કેટલા છે અને તે પૈકી ચાલુ હેન્ડપંપ કેટલા છે?

**જવાબ**

નીચે મુજબ

| અ.નં. | ગામ | હયાત હેન્ડપંપ | ચાલુ હેન્ડપંપ |
|---|---|---|---|
| ૧ | કરંબા | ૫૫ | ૪૦ |
| ૨ | હિરોળા | ૯૨ | ૬૦ |
| ૩ | સારમારીયા(સારજારીયા) | ૬૭ | ૫૬ |
| ૪ | કદવાળ | ૯૬ | ૯૧ |
| ૫ | સીમળીયા | ૬૫ | ૫૫ |
| | કુલ : | ૩૭૫ | ૩૦૨ |

-------------

## ખેડા જિલ્લામાં સિંચાઈ માટેના ઢાળીયા બાબત

૧૧૯૨૭**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા સિંચાઈ માટેના ઢાળીયા બનાવવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) આવા ઢાળીયા બનાવવા માટે ખેડૂતો પાસેથી કોઈ ફાળો લેવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકા | ઢાળીયાની લંબાઈ (મીટર) | થયેલ ખર્ચ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | બાલાશિનોર | ૬૩૦૦ | ૩૫૨૧૯૩ |
| ૨ | વિરપુર | ૧૧૧૮૪ | ૭૪૧૭૫૦ |
| | કુલ : | ૧૭૪૮૪ | ૧૦૯૩૯૪૩ |

(૨) ના, જી.

-------------

## નર્મદા અને ભરૂચ જિલ્લાના પાણી પુરવઠા યોજનાથી વંચિત ગામો

૧૨૭૮૯**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લાના ક્યા ક્યા તાલુકાના ગામો પાણી પુરવઠા યોજનાથી વંચિત છે, અને

(૨) આવા વંચિત ગામોને કેટલા સમયમાં પાણીની સવલતો આપવામાં આવશે?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## દાહોદ નગરપાલિકાના રસ્તા અને ગટરો માટે સરકારને મંજૂરી માટે મોકલેલ પ્રોજેકટ

૧૨૯૮૫**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાની દાહોદ નગરપાલિકાએ શહેરમાં જુદા જુદા રસ્તા અને ગટરો બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પ્રોજેક્ટ મંજૂરી માટે સરકારમાં મોકલ્યા,

(૨) તે પૈકી કેટલા પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા અને તેની સામે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા,

(૩) ઉપરોક્ત સ્થિતિએ રોડના કેટલા કામ પૂર્ણ થયેલ છે, કેટલા પ્રગતિમાં છે, અને કેટલા બાકી રહેલ છે, અને

(૪) બાકી રહેલ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગો છો?

**જવાબ**

(૧) ""ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના (અનુસૂચિત જાતિ) અંતર્ગત એક પ્રોજેકટ મંજૂરી માટે મોકલવામાં આવેલ છે.""

(૨) રજુ થયેલ પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ છે. તેની સામે રૂા. ૭૫.૦૦ લાખની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

(૩) રસ્તાના ૫ કામો પૂર્ણ થયેલ છે અને ૨ કામો પ્રગતિ હેઠળ છે.

(૪) તા. ૩૧-૩-૨૦૧૦ સુધીમાં.

-------------

## વડોદરા જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત બોગસ લાભાર્થી

૧૧૯૮૩ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર ચિરંજીવી યોજનામાં બોગસ લાભાર્થીઓ બતાવી ઉચાપત ના કેટલા કેસો સરકારના ધ્યાને આવેલ છે,

(૨) તેઓની સામે શું પગલાં લેવામાં આવેલ છે,

(૩) આ યોજના હેઠળ દરેક બ્લોક હેલ્થ ઓફિસરને કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

(૪) તે પેકી ખાનગી ડૉક્ટરોને કેટલી રકમ ફાળવી છે ?

**જવાબ**

(૧) છોટાઉદેપુર તાલુકામાં ૪૧૯ અને ક્વાંટ તાલુકામાં ૧૬૬ બોગસ કેસો ધ્યાને આવેલ છે.

(૨) બોગસ કેસો કરતા પ્રાઇવેટ ગાયનેકોલોજીસ્ટ સામે પોલીસ કેસ કરવામાં આવેલ છે.

(૩) પત્રક-૧ મુજબ.

(૪) પત્રક-૨ મુજબ.

### પત્રક-૧
### છેલ્લા ત્રણ વર્ષમાં ચિરંજીવી યોજના હેઠળ બ્લોક હેલ્થ ઓફીસરને ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| અ.નં. | બ્લોક હેલ્થ ઓફીસનું નામ | ૨૦૦૭-૨૦૦૮ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૦૦૯-૨૦૧૦ |
|---|---|---|---|---|
| | | બ્લોક હેલ્થ ઓફીસરને ફાળવેલ રકમ | બ્લોક હેલ્થ ઓફીસરને ફાળવેલ રકમ | બ્લોક હેલ્થ ઓફીસરને ફાળવેલ રકમ |
| ૧ | બ્લોક હેલ્થ ઓફીસ વડોદરા | ૭૧૮૦૦૦ | ૧૭૯૫૦૦ | ૧૭૯૫૦૦ |
| ૨ | બ્લોક હેલ્થ ઓફીસ કરજણ | ૦ | ૦ | ૧૭૮૫૦૦ |
| ૩ | બ્લોક હેલ્થ ઓફીસ નસવાડી | ૦ | ૦ | ૦ |
| ૪ | બ્લોક હેલ્થ ઓફીસ જેતપુર | ૮૯૭૫૦૦ | ૧૪૭૧૯૦૦ | ૫૩૮૫૦૦ |
| ૫ | બ્લોક હેલ્થ ઓફીસ છોટાઉદેપુર | ૨૧૫૪૦૦૦ | ૨૪૨૩૨૫૦ | ૧૨૫૬૫૦૦ |
| ૬ | બ્લોક હેલ્થ ઓફીસ સાવલી | ૭૧૮૦૦૦ | ૬૧૦૩૦૦ | ૩૫૯૦૦૦ |
| ૭ | બ્લોક હેલ્થ ઓફીસ સંખેડા | ૫૩૮૫૦૦ | ૧૭૯૫૦૦ | ૧૭૯૫૦૦ |
| ૮ | બ્લોક હેલ્થ ઓફીસ વાઘોડીયા | ૩૫૯૦૦૦ | ૩૭૯૫૦૦ | ૧૭૯૫૦૦ |
| ૯ | બ્લોક હેલ્થ ઓફીસ ક્વાંટ | ૫૩૮૫૦૦ | ૫૩૮૫૦૦ | ૫૩૮૫૦૦ |
| ૧૦ | બ્લોક હેલ્થ ઓફીસ ડભોઇ | ૫૩૮૫૦૦ | ૫૩૮૫૦૦ | ૮૦૭૭૫૦ |
| ૧૧ | બ્લોક હેલ્થ ઓફીસ પાદરા | ૮૯૭૫૦૦ | ૮૦૭૭૫૦ | ૭૧૮૦૦૦ |
| ૧૨ | વડોદરા મહાનગર સેવા સદન | ૦ | ૩૦૦૦૦૦ | ૩૩૯૦૦૦ |
| | **કુલ :** | **૭૩૫૯૫૦૦** | **૭૪૨૮૭૦૦** | **૫૨૭૪૨૫૦** |

### પત્રક-૨
### છેલ્લા ત્રણ વર્ષમાં ચિરંજીવી યોજના હેઠળ ખાનગી ડૉક્ટરને ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| અ.નં. | બ્લોક હેલ્થ ઓફીસનું નામ | ૨૦૦૭-૨૦૦૮ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૦૦૯-૨૦૧૦ |
|---|---|---|---|---|
| | | ખાનગી ડૉક્ટરને ચુકવેલ રકમ | ખાનગી ડૉક્ટરને ચુકવેલ રકમ | ખાનગી ડૉક્ટરને ચુકવેલ રકમ |
| ૧ | બ્લોક હેલ્થ ઓફીસ વડોદરા | ૫૯૫૯૪૦ | ૧૪૨૭૦૦ | ૧૪૫૩૯૫ |
| ૨ | બ્લોક હેલ્થ ઓફીસ કરજણ | ૪૬૬૭૦ | ૦ | ૧૦૭૭૦૦ |
| ૩ | બ્લોક હેલ્થ ઓફીસ નસવાડી | ૫૩૮૫૦ | ૦ | ૦ |
| ૪ | બ્લોક હેલ્થ ઓફીસ જેતપુર | ૯૩૮૭૮૫ | ૯૫૪૯૪૦ | ૯૯૬૨૨૫ |
| ૫ | બ્લોક હેલ્થ ઓફીસ છોટાઉદેપુર | ૨૧૮૮૧૦૫ | ૩૭૮૭૪૫૦ | ૧૩૫૮૮૧૫ |
| ૬ | બ્લોક હેલ્થ ઓફીસ સાવલી | ૬૮૭૪૮૫ | ૫૯૦૫૫૫ | ૨૨૯૭૬૦ |
| ૭ | બ્લોક હેલ્થ ઓફીસ સંખેડા | ૪૪૮૭૫૦ | ૧૩૬૪૨૦ | ૧૮૩૦૯૦ |
| ૮ | બ્લોક હેલ્થ ઓફીસ વાઘોડીયા | ૩૧૭૦૨૫ | ૩૪૨૮૪૫ | ૧૭૯૫૦૦ |
| ૯ | બ્લોક હેલ્થ ઓફીસ ક્વાંટ | ૩૯૪૯૦૦ | ૧૯૯૨૪૫ | ૫૩૮૫૦૦ |
| ૧૦ | બ્લોક હેલ્થ ઓફીસ ડભોઇ | ૨૮૭૨૦૦ | ૫૩૬૭૦૫ | ૭૩૪૧૫૫ |
| ૧૧ | બ્લોક હેલ્થ ઓફીસ પાદરા | ૮૯૭૫૦૦ | ૮૦૭૭૫૦ | ૭૧૮૦૦૦ |
| ૧૨ | વડોદરા મહાનગર સેવા સદન | ૦ | | ૧૯૪૯૨૫ |
| | **કુલ :** | **૬૮૫૬૨૧૦** | **૭૪૯૮૬૧૦** | **૫૩૮૬૦૬૫** |

## રાજ્યમાં સ્વાઈન ફ્લુના દર્દી

૧૨૭૯૩ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં સ્વાઈન ફ્લુના કેટલા દર્દીઓ નોંધાયા,

(૨) સ્વાઈન ફ્લુ થયેલા દર્દીઓમાંથી કેટલા દર્દીઓનું મોત થયુ,

(૩) સ્વાઈન ફ્લુના રોગથી રાજ્યને રોગ મુક્ત કરવા સરકાર માગે છે કે કેમ, અને

(૪) જો હા, તો તે માટે શાં શાં પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વાઇન ફ્લુના કુલ -૧૨૬૧ દર્દીઓ નોંધાયેલ છે.

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વાઇન ફ્લુના કુલ-૨૩૬ દર્દીઓના મૃત્યુ નોંધાયેલ છે.

(૩) હા, જી.

(૪) સરકારશ્રી જે પગલાં ભરવા માંગે છે તેની વિગતો આ સાથે સામેલ પત્રક મુજબ છે.

**પત્રક**

**આઇસોલેશન સારવાર :-**

- સ્વાઇન ફ્લુ અટકાયત માટે ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઇ રહેલ છે. માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઇન ફ્લુની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ.કીટ તથા અન્ય નાણાંકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂા. ૧૦.૦૦ ક્રોડ ફાળવવામાં આવેલ છે.
- રાજ્યની ૨૮ હોસ્પિટલોમાં કુલ-૨૮૨ પથારીના આઇસોલેશન વોર્ડની (૬-મેડીકલ કોલેજ, ૨૨-જનરલ હોસ્પિટલ) સુવિધા ઉભી કરી આઇસોલેશન અને ઘનિષ્ઠ સારવાર માટે ૧૪-ખાનગી હોસ્પિટલો તેમજ ગ્રાન્ટ ઇન એઇડ-૬ હોસ્પિટલો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે, તથા આ સંસ્થાઓમાં અદ્યતન સારવાર માટે વેન્ટીલેટર્સની સુવિધાઓ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તેમજ વધુ ૪૦ વેન્ટીલેટર ખરીદવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- રાજ્યમાં કુલ-૨૧૭ અધિકારીશ્રી/તજજ્ઞોને સ્વાઇન ફ્લુ રોગ અટકાયતી તાલીમ આપવામાં આવેલ છે. રાજ્યની તમામ જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, સીવીલ હોસ્પિટલ, તથા ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલોમાં દવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. પ્રાઇવેટ ડોક્ટર દ્વારા પણ પ્રિસ્ક્રીપ્શન દ્વારા મેડીકલ સ્ટોર્સમાં દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- આઇ.એમ.એ. (ઇન્ડિયન મેડીકલ એસોસીએશન), આઇ.એ.પી.(ઇન્ડિય એસોસીએશન ઓફ પીડીયાટ્રીશીયન) અને એન.એમ.ઓ. (નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઇઝેશન)ના ખાનગી તબીબોને સ્વાઇન ફ્લુ અંગે માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી લેવા રાજ્યમાં તમામ સ્તરે સેમીનાર આયોજીત કરવામાં આવ્યા.
- તા. ૧૮-૮-૦૯ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમીક એકટ-૧૮૯૭ હેઠળ ઇન્ફ્લુએન્ઝા-એ (એચ1એન1) અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં આવી.

**લેબોરેટરી તપાસની રાજ્યમાં સગવડતાઓ :**

- પ્રથમ એચ૧એન૧ પરિક્ષણ માટે સેમ્પલ દિલ્હી તથા પુના ખાતે મોકલવામાં આવતા હતા.
- આ મહામારીને પહોંચી વળવા તથા તત્કાલ લેબોરેટરી પરિક્ષણના પરિણામ મળી રહે તે માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે.
- ત્યારબાદ કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાનમાં લઇ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઇક્રોબાયોલોજી વિભાગ ગવર્મેન્ટ મેડીકલ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી. અને ""સ્ટેપ-અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવેલ છે.
- અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઇક્રોબાયોલોજી વિભાગ પી.ડી.યુ. ગવર્મેન્ટ મેડીકલ કોલેજ રાજકોટ ખાતે તા. ૨૨-૧-૨૦૧૦ થી અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવેલ છે. આ સુવિધા ભવિષ્યમાં પણ સમય સંજોગોને ધ્યાને લઇ ચાલુ રાખવામાં આવશે.

**માહિતિ - શિક્ષણ - પ્રચાર - પ્રસાર કામગીરી :**

- જન સમુદાયમાં સ્વાઇન ફ્લુ અન્વયે સચોટ સાવચેતીના પગલાં તેમજ ગભરાટનું વાતાવરણ ન ફેલાય તે હેતુસર સઘન પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવી રહેલ છે.
- તા. ૨-૧-૨૦૧૦ તેમજ તા. ૫-૨-૨૦૧૦ ના રોજ રાજ્ય સરકારશ્રી દ્વારા તમામ ખાનગી તબીબોના સંકલન હેતુ એપીડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ હેઠળ જાહેર વિજ્ઞપ્તી બહાર પાડવામાં આવી છે.
- ગુજરાતી અને અંગ્રેજી સમાચાર પત્રોમાં નિયમિત અંતરે જાહેર ખબર દ્વારા ખાનગી તબીબોના સંકલન અને લોકજાગૃતિ કેળવવાનો સનિષ્ઠ પ્રયાસ સતત હાથ ધરવામાં આવી રહ્યો છે.
- દૈનિક ધોરણે પત્રકારોને માહિતી આપવા રાજ્ય ક્ક્ષાએ એક તબીબી અધિકારીશ્રીને નિયુક્ત કરવામાં આવેલ છે.
- ભારત સરકાર દ્વારા પ્રાદેશિક ભાષામાં દૂરદર્શન અને બીજી બધી જ લોકલ ચેનલ ઉપર આરોગ્ય શિક્ષણ અંગેનું પ્રસારણ કરવામાં આવે છે.
- દૈનિક ધોરણે રેડિયો ઉપર ટૂંકાણમાં સંદેશાઓ પ્રસારિત કરવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી કુલ એક લાખ પોસ્ટર, એક લાખ ફોલ્ડર અને દસ હજાર વીનાઇલ સ્ટીકર તેયાર કરી વિતરણ કરવામાં આવેલ છે.

- દરેક લોક્લ દૈનિક સમાચાર પત્રોમાં અડધા પાનાની અવાર-નવાર જાહેરાત આપવામાં આવે છે અને સમયાંતરે આ જાહેરાત દૈનિક સમાચાર પત્રોમાં આપવામાં આવશે.
- જાહેર સ્થળોએ હોર્ડિંગ્સ, એસ.ટી.બેક પેનલ, રેલ્વે તેમજ રીક્ષાની પાછળની ભાગમાં આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ ક્રવામાં આવી.
- દરેક લોક્લ દૈનિક સમાચાર પત્રોમાં અડધા પાનાની જાહેરાત આપવામાં આવી અને એક લાખ ઇ-મેલ વપરાશ ક્ર્તાઓને સંદેશો મોક્લવામાં આવ્યો.
- ઉક્ત તમામ પ્રસાર-પ્રચારની ઝુંબેશ સમય સંજોગોને ધ્યાને લઇ ચાલુ રાખવામાં આવશે.

-------------

**લુણાવાડા કોટેજ હોસ્પિટલનું મંજૂર અને ભરાયેલ મહેક્મ**

૧૨૫૮૭**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા ખાતે આવેલ કોટેજ હોસ્પિટલમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ મહેક્મ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેક્મ |
|---|---|
| વર્ગ-૧ | ૫ |
| વર્ગ-૨ | ૪ |
| વર્ગ-૩ | ૨૭ |
| વર્ગ-૪ | ૧૩ |

(૨) તે અન્વયે કઈ કઈ જ્ગ્યાઓ કેટ કેટલા સમયથી ખાલી છે, તેના કારણો શાં છે, અને

(૨)

| સંવર્ગ | ખાલી જ્ગ્યાનું નામ | કેટલા સમયથી |
|---|---|---|
| વર્ગ-૧ | ૧. પેડીયાટ્રીશ્યન | તા. ૪-૩-૨૦૦૩ |
| | ૨. જનરલ સર્જન | તા. ૧૫-૧૧-૨૦૦૪ |
| | ૩. ફીઝીશીયન | તા. ૧૫-૨-૨૦૦૬ |
| | ૪. ગાયનેકોલોજીસ્ટ | તા. ૧૦-૯-૨૦૦૮ |
| વર્ગ-૨ | ૧. તબીબી અધિકારી | તા. ૨૬-૮-૨૦૦૮ |
| | ૨. તબીબી અધિકારી | તા. ૪-૧૧-૨૦૦૯ |
| વર્ગ-૩ | ૧. હેડ નર્સ | તા. ૧-૨-૨૦૦૯ |
| | ૨. લેબ. ટેક્નીશીયન | તા. ૯-૬-૧૯૯૭ |
| સંવર્ગ | ખાલી જ્ગ્યાનું નામ | કેટલા સમયથી |
| | ૩. લેબ. ટેક્નીશીયન | તા. ૧૧-૧૧-૨૦૦૬ |
| | ૪. જુની. ફાર્માસીસ્ટ | તા. ૧૨-૬-૨૦૦૮ |
| વર્ગ-૪ | ૧. ડ્રેસર | તા. ૧-૨-૧૯૯૯ |
| | ૨. મેલ સ્વીપર | તા. ૫-૮-૨૦૦૮ |
| | ૩. ફીમેલ સ્વીપર | તા. ૩૦-૪-૨૦૦૯ (આ જ્ગ્યાઓ હાલ આઉટસોર્સીંગથી ભરવામાં આવેલ છે.) |
| બદલી, બઢતી વયનિવૃત્તિ/સ્વેચ્છિક નિવૃત્તિ તેમજ રાજીનામાના કારણોસર તેમજ નિષ્ણાત તબીબોની તીવ્ર તંગી હોઇ, પૂરતા તબીબો ઉપબલ્ધ ન થવાથી. | | |

(૩) ઉક્ત જ્ગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

**માંડલ, માંગરોલ અને ઉમરપાડા તાલુકામાં પી.એચ.સી.**

૧૨૭૮૪**શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડલ, માંગરોલ અને ઉમરપાડા તાલુકામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે,

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં માંડલ તાલુકો નથી. પરંતુ માંડવી તાલુકો છે. જેમાં નીચે મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા છે.

| અ.નં. | તાલુકાનું નામ | પ્રા.આ. કેન્દ્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંડવી | ૦૭ |
| ૨ | માંગરોલ | ૦૬ |
| ૩ | ઉમરપાડા | ૦૩ |
| | **કુલ :** | ૧૬ |

(૨) જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓનું મહેક્મ કેટલું છે, અને

(૨) દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મંજુર થયેલ મહેક્મ ૯(નવ) નું છે. ત્રણેય તાલુકાનું કુલ મહેક્મ ૧૪૪ છે.

(૩) તે પેકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે અને કેટલી ભરાયેલ છે ?

(૩) (૧) ખાલી જ્ગ્યાઓ - ૩૩
(૨) ભરેલી જ્ગ્યાઓ-૧૧૧
કુલ : ૧૪૪

## સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ મોટા ચેકડેમો અને તળાવો

૧૩૩૧૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા મોટા ચેકડેમો અને તળાવો રૂા. ૧૫ લાખથી ઉપરની કિંમતના મંજૂર કરવામાં આવ્યા,

(૨) એમાં તાલુકાવાર દરેક ચેકડેમ અને તળાવો પાછળ કેટલા ખર્ચનું આયોજન કરવામાં આવ્યું, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પત્રક -૧ મુજબ.

(૨) પત્રક -૨ મુજબ.

(૩) રૂા. ૭૬૮.૧૪ લાખ.

### પત્રક - ૧

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ દરમ્યાન મંજૂર થયેલ મોટા ચેકડેમ તથા તળાવની વિગતો | | તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ દરમ્યાન મંજૂર થયેલ મોટા ચેકડેમ તથા તળાવની વિગતો | |
|---|---|---|---|---|---|
| | | મોટા ચેકડેમ | મોટા તળાવ | મોટા ચેકડેમ | મોટા તળાવ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મોડાસા | ૨ | ૦ | ૦ | ૩ |
| ૨ | માલપુર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | ધનસુરા | ૨ | ૦ | ૦ | ૩ |
| ૪ | મેઘરજ | ૧૩ | ૦ | ૦ | ૦ |
| ૫ | બાયડ | ૭ | ૦ | ૦ | ૪ |
| ૬ | હિંમતનગર | ૧૧ | ૧૧ | ૦ | ૬ |
| ૭ | ઇડર | ૪ | ૧ | ૦ | ૬ |
| ૮ | વડાલી | ૨ | ૦ | ૦ | ૩ |
| ૯ | પ્રાંતિજ | ૬ | ૦ | ૦ | ૨ |
| ૧૦ | ભિલોડા | ૪ | ૦ | ૦ | ૨ |
| ૧૧ | ખેડબ્રહમા | ૫ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | વિજયનગર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | તલોદ | ૦ | ૦ | ૬ | ૦ |
| | **કુલ :** | **૫૮** | **૧૨** | **૬** | **૨૯** |

### પત્રક - ૨
### તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૨૦૦૯ દરમ્યાન મંજૂર થયેલ મોટા ચેકડેમની વિગત

| અ.નં. | તાલુકો | ચેકડેમનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | મોડાસા | (૧) પહાડપુર | ૨૫૦ | સર્વેક્ષણ તથા આલેખન તબક્કે છે. | |
| | | (૨) ખડોદા | ૨૫૦ | | |
| ૨ | માલપુર | (૩) કસવાડા | ૨૫૦ | | |
| ૩ | ધનસુરા | (૪) વડાગામ | ૨૫૦ | | |
| | | (૫) અણખોલ | ૨૫૦ | | |
| ૪ | મેઘરજ | (૬) સિસોદરા | ૨૫.૬૬ | | |
| | | (૭) મોટી ભુવાલ | ૧૫.૪૮ | | |
| | | (૮) મોટી મોયડી | ૩૦.૦૦ | ૧૦૦ | પ્રગતિ |
| | | (૯) કોલુંદ્રા | ૩૫.૦૦ | ૩૮ | પ્રગતિ |
| | | (૧૦) ગેડ | ૩૮.૦૦ | ૧૦૫ | પૂર્ણ |
| | | (૧૧) ઉકરડી | ૩૦.૦૦ | ૪૫ | પૂર્ણ |
| | | (૧૨) વાંક | ૨૦.૦૦ | ૬૭ | પૂર્ણ |
| | | (૧૩) લીંભોઇ | ૨૦૦.૦૦ | આલેખન તબક્કે. | |
| | | (૧૪) પાલ્લા | ૨૦૦.૦૦ | | |
| | | (૧૫) મેઘરજ | ૨૦૦.૦૦ | | |
| | | (૧૬) ઇપલોડા | ૨૦૦.૦૦ | | |
| | | (૧૭) મહુડી | ૨૦૦.૦૦ | | |
| | | (૧૮) શણગાલ | ૨૧૦.૦૦ | | |
| ૫ | બાયડ | (૧૯) ઉટરડા | ૨૨૦.૦૦ | ટેન્ડર તબક્કે. | |
| | | (૨૦) મોતીપુરા | ૨૭૫.૦૦ | | |
| | | (૨૧) વાત્રક | ૨૭૫.૦૦ | ૧૦૬.૧૪ | કામ પ્રગતિ હેઠળ |
| | | (૨૨) લાલપુર | ૨૭૫.૦૦ | ૦ | |
| | | (૨૩) હેમત્રાલના મુવાડા | ૨૭૫.૦૦ | ટેન્ડર તબક્કે. | |
| | | (૨૪) સુલતાનપુરા | ૨૧૦.૦૦ | | |
| | | (૨૫) ચાંદરેજ | ૨૧૦.૦૦ | | |
| ૬ | હિંમતનગર | (૨૬) દેરોલ | ૧૪૦.૦૦ | | |
| | | (૨૭) હિંમતનગર | ૨૨૦.૦૦ | સર્વેક્ષણ તથા આલેખન તબક્કે છે. | |
| | | (૨૮) ડેભોલ-૩ | ૧૮૦.૦૦ | | |
| | | (૨૯) સાચોદર | ૧૮૦.૦૦ | | |
| | | (૩૦) સરોલી | ૧૭૫.૦૦ | | |

| અ.નં. | તાલુકો | ચેકડેમનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| | | (૩૧) પ્રેમપુર | ૭૦.૦૦ | | |
| | | (૩૨) રંગપુર | ૭૦.૦૦ | | |
| | | (૩૩) વખતપુરા | ૭૫.૦૦ | | |
| | | (૩૪) વખતપુરા | ૭૦.૦૦ | | |
| | | (૩૫) વામોજ | ૯૦.૦૦ | | |
| | | (૩૬) આગિયોલ (દલપુર) | ૯૦.૦૦ | | |
| ૭ | ઇડર | (૩૭) બડોલી | ૧૦૦.૦૦ | | |
| | | (૩૮) બુઢિયા | ૧૦૦.૦૦ | | |
| | | (૩૯) ભુતિયા | ૧૦૦.૦૦ | ટેન્ડર તબક્કે | |
| | | (૪૦) માઢવા | ૧૦૦.૦૦ | | |
| ૮ | વડાલી | (૪૧) ગાજીપુર | ૮૫.૦૦ | સર્વેક્ષણ તથા આલેખન તબક્કે. | |
| | | (૪૨) સુલઇ | ૮૦.૦૦ | | |
| ૯ | પ્રાંતિજ | (૪૩) ગેડ | ૧૫.૦૦ | | |
| | | (૪૪) ગેડ | ૧૫.૦૦ | | |
| | | (૪૫) ગેડ | ૧૫.૦૦ | | |
| | | (૪૬) રામપુર | ૧૬.૦૦ | | |
| | | (૪૭) ભાગપુર | ૧૫.૦૦ | | |
| | | (૪૮) રામપુર | ૧૫.૦૦ | | |
| ૧૦ | ભિલોડા | (૪૯) ખેરંચા | ૧૫૦.૦૦ | | |
| | | (૫૦) ચોરીમાલા | ૧૫૦.૦૦ | | |
| | | (૫૧) ભિલોડા | ૧૭૫.૦૦ | | |
| | | (૫૨) બોલુંન્દ્રા | ૫૦.૦૦ | | |
| ૧૨ | ખેડબ્રહ્મા | (૫૩) ક્રાજાવાસ | ૨૦૦.૦૦ | ટેન્ડર તબક્કે | |
| | | (૫૪) દંત્રાલ | ૪૦.૦૦ | | |
| | | (૫૫) આંજણી | ૪૦.૦૦ | આલેખન તબક્કે | |
| | | (૫૬) કાલીકંકર | ૪૦.૦૦ | | |
| | | (૫૭) વીંછી | ૨૦૦.૦૦ | | |
| ૧૩ | વિજયનગર | (૫૮) આંતરસુંબા | ૧૦૦.૦૦ | | |

## તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૨૦૧૦ દરમ્યાન મંજૂર થયેલ મોટા ચેકડેમની વિગત

| અ.નં. | તાલુકો | ચેકડેમનુ નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | તલોદ | નવા રણાસણ | ૧૨૦.૦૦ | જુલાઇ-૦૯માં મંજૂરી આપેલ છે. હાલ સર્વેક્ષણ તથા આલેખન તબક્કે છે. |
| | | આંતરોલી પુંજાજી | ૧૫૦.૦૦ | |
| | | તાજપુરી કેમ્પ | ૧૬૫.૦૦ | |
| | | લાલાની મુવાડી | ૧૫૦.૦૦ | |
| | | મોરાલ ડુંગરી | ૧૨૦.૦૦ | |
| | | મહેકાલ | ૭૫.૦૦ | |

## તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૨૦૦૯ દરમ્યાન મંજૂર થયેલ મોટા તળાવોની વિગત

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | તેજપુર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૫.૬૪ |
| | | નાના સાફરા | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૪.૫૬ |
| | | ભાણપુર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૩.૫૮ |
| | | દેસાસણ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૮.૧૨ |
| | | માલી | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૧૦.૯૧ |
| | | નવાનગર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૧૧ |
| | | મનોરપુર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૯૬ |
| | | રાયપુર | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૭.૬૪ |
| | | અડપોદરા | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૧૦.૪૦ |
| | | કાંણીયોલ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૮.૮૫ |
| | | વેજપ૫ મઠ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૨૩ |
| ૨ | ઇડર | હિંગળાજ | રૂા. ૨૫.૦૦ લાખની મર્યાદામાં | ૯.૯૧ |

## તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૨૦૧૦ દરમ્યાન મંજૂર થયેલ મોટા તળાવોની વિગત

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | (૧) બાવસર | ૨૫.૦૦ | જાન્યુઆરી-૧૦માં મંજૂર કરેલ છે. હાલ ટેન્ડર તબક્કે છે. |
| | | (૨) નિકોડા | ૨૫.૦૦ | |
| | | (૩) પીપળીયા | ૧૫.૦૦ | |
| | | (૪) ધનપુરા | ૨૦.૦૦ | |
| | | (૫) ગઢા | ૨૦.૦૦ | |
| | | (૬) રામપુરા | ૨૦.૦૦ | |
| ૨ | ઇડર | (૭) મેસણ | ૧૫.૦૦ | |
| | | (૮) ગાંઠીયોલ | ૨૦.૦૦ | |

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | આયોજનમાં લીધેલ કિંમત | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| | | (૯) સાબલવાડ | ૧૫.૦૦ | |
| | | (૧૦) ઉમેદપુરા | ૧૫.૦૦ | |
| | | (૧૧) ક્રાવાડુંગર | ૧૫.૦૦ | |
| | | (૧૨) ફીચોડ | ૧૫.૦૦ | |
| ૩ | વડાલી | (૧૩) કેસરગંજ | ૨૨.૦૦ | |
| | | (૧૪) હિંમતપુર | ૨૨.૦૦ | |
| | | (૧૫) સમલેશ્વર | ૨૫.૦૦ | |
| ૪ | ભિલોડા | (૧૬) પુનાસણ | ૨૦.૦૦ | |
| | | (૧૭) નાની બેબાર | ૨૦.૦૦ | |
| ૫ | પ્રાંતિજ | (૧૮) મહાદેવપુરા | ૨૦.૦૦ | |
| | | (૧૯) કાલીપુરા | ૨૦.૦૦ | |
| ૬ | બાયડ | (૨૦) ખાનેરા | ૨૫.૦૦ | |
| | | (૨૧) સવેલા | ૨૫.૦૦ | |
| | | (૨૨) ચોઇલા | ૨૫.૦૦ | |
| | | (૨૩) જીતપુર | ૨૫.૦૦ | |
| ૭ | મોડાસા | (૨૪) બાયલ | ૨૨.૦૦ | |
| | | (૨૫) વણીયાદ | ૨૨.૦૦ | |
| | | (૨૬) કુટા | ૨૨.૦૦ | |
| ૮ | ધનસુરા | (૨૭) મોટાવાવ | ૨૨.૦૦ | |
| | | (૨૮) હીરાખાડી | ૨૨.૦૦ | |
| | | (૨૯) આકરૂન્દ | ૨૨.૦૦ | |

------------

## તાપી જિલ્લામાં બોર અને હેન્ડપંપો

૧૧૬૯૯**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેટલા બોર અને હેન્ડપંપો કરવામાં આવેલ છે, અને

(૨) કઈ કઈ એજન્સીઓને આ કામ સોંપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૭-૦૮માં ૩૬૦ બોર અને ૨૦૪ હેન્ડપંપો જ્યારે વર્ષ-૨૦૦૮-૦૯માં ૮૪૩ બોર અને ૭૩૭ હેન્ડપંપો કરવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | એજન્સીનું નામ |
|---|---|
| ૦૭-૦૮ | ભારત ડ્રીલીંગ કું. રાજકોટ |
| | જે. વી. પટેલ વ્યારા |
| | આર. જે. પાડલીયા વ્યારા |
| | ડી. એલ. સાવલીયા, સુરત |
| | શીવ બોરવેલ, વ્યારા |
| | એસ.પી. પ્રોસેસર્સ, અંક્લેશ્વર |
| ૦૮-૦૯ | ભારત ડ્રીલીંગ કું. રાજકોટ |
| | જે. વી. પટેલ વ્યારા |
| | આર. જે. પાડલીયા વ્યારા |
| | ડી. એલ. સાવલીયા, સુરત |
| | ક્રીષ્ણા બોરવેલ, રાજકોટ |

-------------

## પંચમહાલ જિલ્લામાં મંજૂર મોટા ચેકડેમ

૧૩૨૪૮**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા મોટા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા મોટા ચેકડેમોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, અને

(૩) કેટલા ચેકડેમોની કામગીરી બાકી છે ?

**જવાબ**

(૧) ૫૭.

(૨) ૧૨.

(૩) ૪૫.

------------

**અધ્યક્ષશ્રી** : સભાગૃહના પ્રારંભમાં હું ઘણી વખત જોતો આવ્યો છું કે પ્રારંભ વખતે મારા આવતાં પહેલાં સામાન્ય રીતે આત્મીયતા બતાવવા માટે રામ રામ કરીએ છીએ અને એ આપણી શોભા અને આપણી સંસ્કૃતિ છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ પાટલી કે આ પાટલીઓ ઉપરથી જે પ્રકારના જયઘોષ સાથે ઉચ્ચારણો થાય છે એ ઉચ્ચારણોમાં આત્મીયતા આવતી નથી., એમાં મજાકનું તત્વ વધારે આવે છે એ આપણા સૌના માટે શોભાસ્પદ નથી અને એ આ સભાગૃહ માટે પણ અને જે લોકો અહીંયા જુએ છે એમના માટે પણ એ સારું લાગતું નથી. એટલે આપણે ભારત માતાકી જય અને જય જય ગરવી ગુજરાત થી સભાગૃહની શરૂઆત કરીને તો વધારે સારું લાગશે અને આમાં આપણો બધાનો એક સૂર આવશે એવી મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપ જ નકકી કરો કે આ બોલવાનું છે.

**અધ્યક્ષશ્રી** : એ આપણે સાથે બેસીને નકકી કરીશું.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### મોકડ્રીલ દરમ્યાન એ.ટી.એસ.ના ઈન્સપેકટરને સાચી ગોળી વાગવા અંગે

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવા માટે વિનંતી કરું છું.

"તા. ૨૪-૨-૨૦૧૦ ના રોજ સુરત ખાતે પોલીસ તરફથી પ્લેન હાઈજેકિંગ અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલ દરમ્યાન ફાયરિંગમાં એ.ટી.એસ.ના એક પોલીસ ઈન્સપેકટરને સાચી ગોળી વાગતાં તેમને ગંભીર ઈજા થવા પામેલ છે. આ ઘટનાથી ઈજા પામના પોલીસ અધિકારીના કુટુંબીજનો તથા પોલીસબેડામાં વ્યાપેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લવા ધારેલાં પગલાં."

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ આતંકવાદી બનાવ બને તો પોલીસે કેવી રીતે પ્રતિકાર કરવો તે અંગે. પોલીસને તાલીમબધ્ધ કરવાના ભાગરૂપે મોકડ્રીલ સમયાંતરે યોજવામાં આવે છે, છેલ્લા એક વર્ષમાં અગાઉ સૂરત શહેર, વડોદરા શહેર અને રાજકોટ શહેર/રૈન્જ ખાતે આવી મોકડ્રીલ યોજવામાં ાવી હતી.

તે જ રીતે તા. ૨૪-૨-૨૦૧૦ ના રોજ સુરત શહેર ખાતે બે જગ્યાએ મોકડ્રીલ યોજવામાં આવી હતી. મોકડ્રીલ અગાઉ ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ સાથે યોગ્ય બ્રિફિંગ તેમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી સપૂર્ણ સમજ આપવામાં આવી હતી અને દરેકે શું ફરજો બજાવવાની છે તથા આતંકવાદી હુમલાના પ્રતિકાર માટે કઈ રીતે કાર્યવાહી કરવી, હથિયારની ચકાસણી કરવી તેમજ કંટ્રોલ રૂમે કઈ રીતે કામગીરી કરવાની છે, વિગેરે તમામ સમજ તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસ કર્મીઓને સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી.

આ મોકડ્રીલમાં એ.ટી.એસ., અમદાવાદની પોલીસ તથા સુરત શહેરની પોલીસે ભાગ લીધો હતો. બપોરના આશરે ૩.૦૦ વાગ્યે સર્કિટ હાઉસ ખાતે હુમલો કરીને કેટલાક નાગરિકોને બંધક બનાવ્યા હોવાથી મોકડ્રીલ કરવામાં આવી હતી. આ મોકડ્રીલ આશરે ૪-૩૦ વાગે સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. આ ઉપરાંત સુરત એરપોર્ટ ખાતે મોકડ્રીલનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જે મુજબ એરપોર્ટ બિલ્ડિંગ સામે એક બસમાં આતંકવાદીઓએ બાળકોને બંધક બનાવ્યા હોઈ તે પ્રમાણેની પરિસ્થિતિ માટે મોકડ્રીલ ચાલુ થઈ હતી. આ મોકડ્રીલ દરમ્યાન બંધક છોડાવવા અંગે આતંકવાદીઓના પ્રતિકાર અંગેની એક ઘટના અંગેની મોક કાર્યવાહી દરમ્યાન મોકડ્રીલમાં ભાગ લઈ રહેલા શ્રી સુભાષ ત્રિવેદી, નાયબ પોલીસ કમિશનરે પોતાની રિવોલ્વર કાઢી આતંકવાદી તરીકે ભૂમિકા ભજવતા શ્રી એસ.એમ.સૈયદ, પી..આઈ. તરફ રિવોલ્વર તાકેલ. તે સમયે આકસ્મિક રીતે રિવોલ્વરના ટ્રિગર ઉપર દબાણ આવવાના કારણે અકસ્માતે ટ્રિગર દબાતાં તેમાંથી છૂટેલી ગોળી શ્રી સૈયદને વાગી હતી જેનાથી શ્રી સૈયદને પેટના ભાગે ઈજા થયેલ હતી. સારવાર દરમ્યાન જાણવા મળેલ કે શ્રી સૈયદના કોઈ વાઈટલ અંગ જેમકે લીવર, સ્પીલીન, કીડની કે મોટી રકમવાહિનીઓને આ ગોળીથી નુકસાન થયેલ નથી. આ ઈજાની જાણ થતાં ઘાયલ થયેલા શ્રી સૈયદને નજીકમાંની સૌથી સારી અને તમામ પ્રકારની ઈનહાઉસ સગવડ ધરાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. દાખલ થતી વખતે શ્રી સૈયદ ભાનમાં હતા અને તેમણે શ્રી ત્રિવેદી સામે કોઈ મનદુઃખ કે રાગદ્વેષ કે ઝઘડો ન હોવાનું જણાવેલ તેમજ હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે શ્રી સૈયદે પોતાના પરિવાર માટે ચિંતા વ્યકત કરતાં તેમનાં પત્ની તથા માતાપિતાને હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ હતાં અને બનેલ ઘટનાથી માહિતગાર કરવામાં આવેલ હતાં. શ્રી સૈયદની તબિયત હાલમાં સુધારા પર છે. મોકડ્રીલના દિવસે કોઈ ખોટી અફવા ફેલાય નહીં તે માટે કંટ્રોલ રૂમને અગાઉ સજાગ કરવામાં આવેલ તથા પોલીસ કમિશનરશ્રી દ્વારા મીડીયાને યોગ્ય બ્રિફિંગ પણ કરવામાં આવેલ હોવાથી કોઈ ગેરસમજ કે ભયની લાગણી ફેલાયેલ નથી બનાવ અંગે ઉમરા પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નંબર ૧૦/૨૦૧૦ તા. ૨૪-૨-૨૦૧૦ ના રોજ દાખલ થયેલ છે, જેની તપાસ નાયબ પોલીસ કિશનરશ્રી-ઝોન-૨ , સુરત કરી રહેલ છે. આ ઉપરાંત આ અંગેની

ઈન્કવાયરી આઈ.જી.પી., એ.ટી.એસ..ના વડપણ હેઠળની ટીમ દ્વારા એફ.એસ.એલ.ની મદદથી હાથ ધરવામાં આવેલ છે. જે તપાસ પૂર્ણ થયે કોઈ ક્ષતિઓ જણાશે તો તેને અનુલક્ષીને જરૂરી પગલાં લેવામાં આવશે. આ મોકડ્રીલના બનાવથી પ્રજા/પોલીસબેડામાં કે ઈજા પામનાર પોલીસ ઈન્સપેકટરના કુટુંબીજનોમાં કોઈ ભય, ગભરાટ કે ગેરસમજ થયેલ નથી.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો એમાં માનનીય મંત્રીશ્રીનું નિવેદન મેં વાંચ્યું છે અને એ નિવેદનથી એમણે જે સ્પષ્ટતાઓ કરી છે એનાથી મને સંપૂર્ણ સંતોષ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન આપ્યું છે એનાથી મને કોઈ જ સંતોષ નથી અને એટલા માટે હું આપના દ્વારા પૂછવા માગું છું કે આ અકસ્માતે ટ્રીગર દબાતાં ગોળી છૂટી હોવાનું જણાવેલ છે. તો આ જે મોકડ્રીલ થાય છે ત્યારે રિવોલ્વરમાં સાચી ગોળીઓ રાખવામાં આવતી નથી એ વાતની માનનીય મંત્રીશ્રીને ખબર છે કે કેમ અને આ ટ્રિગર લોક કરેલું હોવું જોઈએ અને એ ના થયું હોય તો એના માટે કોઈ જવાબદારી નકકી કરી છે કે કેમ? એના કરતાં પણ આ અધિકારી છે એ ભૂતકાળમાં અનેક બનાવોમાં સંકળાયેલા છે. એ ખંભાળીયામાં હતા ત્યારે એમના અત્યાચારને કારણે ત્યાંના લોકો દરવર્ષે વરસી ઉજવે છે. તો આ આવું માનસ ધરાવતા અધિકારી સામે કોઈ તપાસ કરવામાં આવી છે કે આવશે અને આ એક ક્રિમિનલ માઈન્ડ ધરાવતા અધિકારી છે એવું પ્રસ્થાપિત થઈ ગયેલ છે અને એમણે આ ગંભીર ભૂલ કરી છે એના કારણે આ પી.અસ.આઈ.ને આજસુધી હોસ્પિટલમાં સારવાર માટે રાખ્યા છે. તો એમની સામે ૩૦૭ ની કલમ ઈગાવવામાં આવી છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઈ ક્ષતિઓ આ મોકડ્રિલ દરમ્યાન રહી ગઈ હશે એની તપાસ માટે આઈ.જી. કક્ષાના અધિકારી, એ.ટી.એસ.ના વડા અને એફ.એસ.એલ.ના એક સિનિયર મોસ્ટ અધિકારીની બનેલી ટીમ આ ઘટનાની તપાસ કરી રહી છે.જયાં સુધી એમણે કહયું કે કોઈ સ્પેસિફિક અધિકારી કેવા છે, તે વાત કરવી તે આના પર્યુમાં નથી આવતું. જે અધિકારીથી ગોળી ચાલી ગઈ છે અથવા અકસ્માત કર્યો છે તેમણે અગાઉ કોઈ અત્યાચાર કર્યો છે કે નહીં તેને અને આ બનાવને કોઈ સ્નાન સુતકનો સંબંધ નથી. ૩૦૭ની કલમ લગાડવા માટેનો સ્પેસિફિક સવાલ એમણે પૂછયો છે તો મારો જવાબ બહુ સ્પષ્ટ છે કે ના, જી. આ અકસ્માત છે અને તે પ્રમાણે ઘટનાની તપાસ થઈ રહી છે. અને જે સિનિયર અધિકારી તપાસ કરી રહ્યા છે એમના રિપોર્ટમાં કોઈની જવાબદારી છે કે કોઈની ક્ષતિ છે તેવું આવશે તો ચોકકસ નોંધાયેલા ગુનામાં કલમ ઉમેરવા માટે કોર્ટ પાસે જઈશું, પણ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી સરકાર એવું ચોકકસ માને છે કે આની અંદર કલમ ૩૦૭ લગાડવી ઉચિત નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** મોક ડ્રીલ યોજવાનો અને આ પ્રકારનો એક પ્રયત્ન થાય એ માટે આ આયોજનનો નિર્ણય કોણે કર્યો હતો? એ નિર્ણય કરતા પહેલાં અહીં જ આ યોજવા પાછળ આમને જ સિલેકટ કરવા માટેનો પણ નિર્ણય કોણે કર્યો હતો, અધિકારી કક્ષાએ, ગૃહ વિભાગ કક્ષાએ કે કઈ કક્ષાએ કોણે અને કઈ તારીખે કર્યો હતો?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મોકડ્રીલ બધા જ મહાનગરોની અંદર યોજવાનો નિર્ણય ડી.જી.પી. કક્ષાએ આતંકવાદ સામે લડવાની જે ટ્રેઈનીંગ અને તાલીમ બન્નેના ભાગ રૂપે કરવામાં આવ્યો છે.ખાલી અહીં નથી કર્યુ, વડોદરાની અંદર કર્યુ છે, અગાઉ સુરતમાં કર્યુ છે, અમદાવાદમાં પણ કર્યુ છે અને હવે સાગર કાંઠાના વિસ્તારોની અંદર પણ આપણે આ મોકડ્રીલને આગળ વધારવાના છીએ. નિર્ણય કરવા પાછળનું કારણ કહી દઉં કે જયારે આવી કોઈ ઘટના અકસ્માતે બની જાય તે વખતે આપણે અનેક પ્રકારની એજન્સીઓ એસ.ઓ.જી. એટી.એસ. અને સ્થાનીક પોલીસ ત્રણે કો-ઓર્ડીનેશનથી આગળ વધવાનું હોય છે તેથી ત્રણે વચ્ચેનો તાલમેલ અને તેનો ચેન ઓફ કમાન્ડ એ પ્રેકટીકલી ચકાસાઈ જાય પરિપત્ર મુજબ તે માટે આ પ્રકારની મોકડ્રીલ કરવામાં આવતી હોય છે અને આ મોકડ્રીલ માટે એડીશનલ ડી.જી. સુરતના જે કમિશનર છે તેની કક્ષાએ કમ્પ્લીટ બ્રીફીંગ થયું છે અને અધિકારીઓનું ચયન પણ એડીશનલ ડી.જી. કક્ષાએ કરવામાં આવ્યું છે અને એ વખતે જે ઈજાગ્રસ્ત પોલીસ ઈન્સ્પેકટર છે તે પણ આ બ્રીફીંગના એક પાર્ટ હતા અને એમની હાજરીમાં જ આ ચયન કરવામાં આવ્યું છે. એટલે એમાં બીજો કોઈ સંશય ઉત્પન કરી શકે તેવું હોવાની શકયતા નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આવા મોકડ્રીલ કરવામાં આવે એ આવકારદાયક છે આવા અનેક મોકડ્રીલનો અમે પણ અનુભવ કરેલો છે. પણ આ મોકડ્રીલની અંદર ઉત્તેજના આવે અને એકાએક એની ઉત્તેજના આવે અને ઉશ્કેરાટવાળા જે અધિકારીઓ હોય તેના કારણે આ બનાવ બનેલો છે અને આ અધિકારીને એટલા માટે મેં કહયું કે તેની પહેલા કે પછી તેની માનસ શાસ્ત્રી પાસે ચકાસણી કરાવી છે કે કેમ? આ ઉશ્કેરાટ આવવો તેના માટે સ્વાભાવિક છે કે કેમ તેની તપાસ કરવા માગો છો કે કેમ અને કરાવી છે કે કેમ એટલો મેં જવાબ માગેલો છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે તો મને એવું લાગે છે કે ખાલી અધિકારી નહીં, જે ઉશકેરાતું હોય તે બધાની તપાસ કરવી જોઈએ. પરંતુ ((અંતરાય)) હું બાબુભાઈનો ઉશ્કેરાટ સમજી શકું છું સાહેબ.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. શ્રી બાબુભાઈ,

**શ્રી અમિત શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ સ્પષ્ટતા પૂર્વક એમને વધુ વિગત માગી છે એટલે કહી દઉં, વારંવાર આ વાત ટ્રેસ કરે છે. ડી.સી.પી. ક્રાઈમ બ્રાન્ચ સુરત, એ જવાબદાર અધિકારી છે સારી કાર્યવાહી કરી રહ્યા છે અને આ અકસ્માત છે એવું અમારું પ્રાથમિક તારણ છે. આ ઘટનાની વધુ ઉંડી તપાસ આઈ. જી. કક્ષાના અધિકારી કરી રહ્યા છે એમનો નિર્ણય આવ્યા પછી આ બાબતમાં સરકાર જો જરૂર જણાશે તો આગળની કાર્યવાહી કરશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ આપને બે વાર તક આપી, આતંકવાદ સામે લડાઈની જે પ્રેકટીસ છે. આપે કહયું આપની લાગણીઓ પહોંચી ગઈ છે.

**શ્રી અમિત શાહ** : સાહેબ હું કહી દઉં.

**અધ્યક્ષશ્રી** : મેં એલાઉં નથી કર્યા. નેકસ્ટ.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પ્રશ્નોત્તરીકાળ દરમિયાન મંત્રીશ્રી દ્વારા સભ્યશ્રી પાસેથી લેખિત રજૂઆત માગવા બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪, પુસ્તકના પાના નંબર ૨૩૭. આજે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે એના સંદર્ભમાં મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર રજૂ કરું છું.

પાના નંબર ૨૩૭ પર વાચુ છું, સમય ઓછો છે એટલે ફક્ત ટૂંકમાં જ કહું છું. આ સભાગૃહની અંદર કોઈપણ માનનીય સભ્યશ્રી, જે કોઈપણ માહિતી આપે પછી પણ એમની પાસેથી વધારાની લેખિત માગણી એ તદ્દન બિન જરૂરી છે. આ ગૃહની અંદર જે કંઈ કહેવાય એની કિંમત કોઈપણ લખાણ કરતાં વધારે આંકવી જોઈએ એના કરતાં એની કિંમત ઓછી આંકવામાં આવે એ મને લાગે છે કે જવાબદારીપૂર્વક માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે એ પ્રતિનિધિત્વ બાબતમાં શંકા ઉઠાવવા જેવું પરિણામ આવે. એની પાસેથી કોઈ લખાણની જરૂર નથી કારણ કે આ ગૃહમાં બોલાયેલા શબ્દો એ કોઈપણ જાતના પ્રિવિલેજના કરતાં પણ વધારે પ્રિવિલેજ ભોગવે છે અને એના માટે લખાણની કોઈ જરૂર હોઈ શકે નહિ. આજે મારા એક માનનીય સભ્યશ્રીએ ચોક્કસ ગામનું નામ આપ્યું છતાં કહ્યું કે લખાણ મોકલો. ડો. જોષીયારાએ કહ્યું કે આદિવાસી તાલુકાઓ, હવે આદિવાસી તાલુકાઓમાં મોટા તળાવો બતાવો, કયા ગામે બનાવવા એ મારા સભ્યશ્રી નહિ કહી શકે એ ટેકનિકલ ચકાસવું પડે અને છતાં એમણે આગ્રહ રાખ્યો કે સભ્યશ્રી મને લેખિત મોકલે. મારા માનનીય સભ્યશ્રીએ કહ્યું કે વિભાગમાં લખાણમાં મોકલ્યું છે એમ છતાં મને લખીને મોકલો. આ વાત બરાબર નથી. આ ભૂતકાળનો નિર્ણય છે. આપના તરફથી આ અંગેનો માર્ગદર્શક કોઈ એવો નિર્ણય આવે જે ભવિષ્યમાં પણ અમને ઉપયોગી થઈ શકે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય વિરોધપક્ષના નેતા તો એક કાબેલ ધારાશાસ્ત્રી છે. કોઈપણ કિસ્સામાં કાયદાને જ્યારે સાચા અર્થમાં જોવો હોય ત્યારે એના પાછળનો આશય જોવો જોઈએ. આ નિર્ણય કયા સંજોગોમાં આવ્યો છે. કોઈ જગ્યાએ પાણીના નળનું જોડાણ કપાઈ જાય છે અને એ ઘટનાના તાત્કાલિક પડઘારૂપે ગૃહમાં એ માહિતી રજૂ કરવામાં આવે છે અને એના સંદર્ભમાં આ નિર્ણય આવ્યો છે. When the law is silent on something, you have to look the way and look beyond it. તેનો સાહેબ આખું જે તાત્પર્ય છે એ એવું છે કે ઘટના એવી હતી કે જેની લેખિત જાણ કરી શકાય તેમ નહોતી અને તાત્કાલિક અગત્યની બાબત હતી એટલે માનનીય સભ્યશ્રીએ જે તે સમયે ગૃહમાં ઉઠાવી હશે. અહીંયા સંદર્ભ શું હતો, અહીંયા સંદર્ભ એ છે કે ગઈકાલ સાંજ સુધી માનનીય સભ્યશ્રી માનનીય મંત્રીશ્રીને મળે છે માનનીય મંત્રીશ્રીનો કહેવાનો આશય એ હતો કે અહીંયા આપ ગૃહમાં જે મુદો કહો છો એ કદાચ આગળ કહ્યો હોત તો એનો ઉકેલ આવી શકત. જે શુભ નિષ્ઠાથી માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે તેને અને માનનીય અધ્યક્ષશ્રીના આ નિર્ણય સાથે કોઈ રીતે સુસંગત નથી અને એના સંદર્ભમાં આ નિયમ ટાંકીને વાત કરવી એ ઉચિત નથી. માનનીય મંત્રીશ્રી જે સંદર્ભમાં આ વાત કહે છે. એમણે કોઈ કન્ટેઈનથી કહ્યું નથી. માનનીય સભ્યશ્રી પ્રત્યેના નકારાત્મક ભાવથી કહ્યું નથી એમનું માત્ર સૂચન એટલું હતું અને આપણે વારંવાર મળીએ છીએ અને એકબીજાના સંબંધો સુમેળભર્યા છે આપણે આ પ્રકારની પરિસ્થિતિમાં વાત જો કરી શકતા હોઈએ અને મળીને બીજા પ્રશ્નની વાત કરી શકતા હોય ત્યારે આ પ્રશ્ન અંગે વાત કરી હોત તો આ પ્રશ્ન અંગે આપે કહ્યું હોત તો આનો ચુકાદો આપી શકત. આ સદર્ભમાં આ નિર્ણય ઉચિત નથી અને આ પૉઈન્ટ ઑફ ઑર્ડર ટકતો નથી

**અધ્યક્ષશ્રી** : મારા અગાઉના અધ્યક્ષશ્રીએ નિર્ણય ૩૪૮, વર્ષ ૧૯૬૦ થી ૧૯૮૪, પાના નંબર ૨૩૭ ઉપર આપ્યો છે, માનનીય શકિતસિંહએ એને ટાંકીને પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે. અધ્યક્ષશ્રીના એ નિર્ણય સાથે આજે પણ સંમત છું. આજે ઊભી થયેલી પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિને સમજવા માટે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો અને એનો જવાબ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ આપ્યો અને તે વખતે બે કે ત્રણ વખત વાત

કરી કે તમે મને અગાઉથી મળો છો ત્યારે વાત કરી હોત તો, આ કરીને પછી એમણે વાત કરી. શ્રી જોષીયારાજી જોડે વાત કરતાં એમણે એમ કહ્યું કે તમે મને લેખિત જણાવશો. આ બંનેની પાછળ એમની ફરિયાદ લેખિત માગવાનો હેતુ હોય તેવું પ્રતિપાદિત થતું નથી. બન્નેની પાછળ તેમણે તેમની અંદર રહેલો જે ભાવ છે એ આપણે સમજવાનો પ્રયત્ન કરીએ, તો ભાવ એ રહયો છે કે, મને અગાઉથી મળ્યા હોત તો પાણીના પ્રશ્ન ઉપર પ્રશ્નોત્તરી સુધી કે પ્રશ્ન ચર્ચાય ત્યાં સુધી વિલંબ રહે એ યોગ્ય નથી. તે તેમનો હેતુ હતો એવું હું સમજું છું. માનનીય જોષીયારાજીએ વાત કરી એ આખી વાત આપ જોઈ જશો તો તેમાં બે વસ્તુ નીકળતી હતી અને છેલ્લે એમણે બહુ સ્પષ્ટતાપૂર્વક વાત કરી કે એક તાલુકો હોય અને એમાં ૧૦૦ જેટલા ગામ હોય, આ ૧૦૦ ગામની અંદર મોટા કે નાના તળાવો ઉંડા કરવાના હોય એ ઉંડા કરતી વખતે કયા ગામોને અગ્રતા..((અંતરાય)) જે કહ્યું તે હું કહું છું. મોટા તળાવોની જ વાત કરે છે. મોટા તળાવો જે તાલુકાના ગામો હતા, આદિવાસી વિસ્તારના તાલુકાના ગામની અંદર એક તાલુકાના ૧૦૦ ગામ હોય તો તેમાંથી જે ગામની અંદર તમે અગ્રતાથી કામ કરાવવા માગતા હો એ તાલુકાના નામ તમે મને એટલે કે મંત્રીશ્રીને લેખિત આપશો તે તેમનો હેતુ છે. તેમણે ફરિયાદને લેખિત સ્વરૂપમાં માગી નથી એવું હું સમજું છું, એટલા માટે આપે જે રૂલિંગ ટાંક્યું છે તે આની સાથે સુસંગત નથી. કારણ કે અહીંયા હેતુ કામને પૂરા કરવાની દિશામાં છે. પાણીની ફરિયાદ છે એ ફરિયાદ વહેલી તકે ઉકેલવાની દિશામાં તેમની તત્પરતા છે અને આપ જૂઓ તો આખી ફરિયાદ લેખિત નથી માગી. ફરિયાદના એક ભાગ રૂપે એમણે તાલુકાના ગામોના નામ જેને માનનીય સભ્યશ્રી અગ્રતા આપવા માગતા હોય એ અગ્રતા જણાવશે અને તેને પણ મેં પુનરોકિત કરીને કહ્યું છે કે આદિવાસી વિસ્તારના બધા જ ગામો, પ્રશ્ન ઉપરાંતના ગામોની અંદર પણ પાણીની પરિસ્થિતિ છે અને તળાવો ઉંડા કરાવવાના છે તેની લેખિત જાણ માનનીય મંત્રીશ્રીને કરવામાં આવે. નેકસ્ટ.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ માનનીય સભ્ય શ્રી આત્મારામ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે-

" રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા આગળ ચાલશે. આપણી પાસે કુલ ૭૩ મિનિટનો સમય છે. બન્ને દંડકો ભેગા થઈને સમયને લંબાવવો હોય તો? (થોડીવાર બાદ) નથી લંબાવવો. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈ..((અંતરાય)) હું આત્મારામભાઈ કહું છું.

**શ્રી આત્મારામભાઈ પરમાર:** આશારામનો વિષય એમનો છે. મારો નથી આવતો.

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ અને આ બાજુ પણ કહું છું કે કેટલાક ઉચ્ચારણો આપણે આપણી શોભા માટે પણ ન કરીએ તો વધારે સારું લાગશે. આપણી પોતાની પણ શોભા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં આત્મારામભાઈ કહ્યું છે. મારા મિત્ર છે અને આદરણીય છે. આશારામ તો કોઈક માટે વાપરી શકાય. એમના માટે નહીં વાપરું. એ તો ઉમદા માણસ છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. માનનીય આત્મારામભાઈ પાસેથી અપેક્ષા મેં તો ખૂબ મોટી રાખી હતી. નામ છે એવા ગુણ હોવા જોઈએ અને છે પણ ખરા. પણ ગમે તેમ આજે એમની ગાડી જે રસ્તે જવી જોઈએ તેના બદલે બીજે રસ્તે કેમ ગઈ મને આશ્ચર્ય થયું. એટલા માટે કે જેમની સાથે રામ જોડાયેલું હોય તો પરમહંસ સ્વરૂપ અને પરમહંસ છે એ કોઈ દિવસ કોઈની પરવા કરે નહીં. અને એમણે તો પાછી એમ વાત કરી હતી કે વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે. પર દુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે. આ પીડ પરાઈ જાણે રે છે. પીડ પરાઈ માણે રે એવું નથી. પણ તેની આગળની થોડીક પંકિતઓ જો એમણે વાંચી હોત તો માનનીય મુખ્યમંત્રી વિશે જે શબ્દો વાપર્યા એ કદાચ તેમણે ન વાપર્યા હોત. માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય વ્યક્તિ છે.એના વખાણ થઈ શકે એમાં કોઈ સવાલ નથી એમનો હક્ક પણ છે. એમાં તો એવું લખ્યું છે કે,

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાત-કાજ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે,
વણ લોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં કુળ ઈકોતેર તાર્યા રે,

માનનીય અધ્યક્ષશ્રી, આ વૈષ્ણવજન છે મહાત્મા ગાંધીએ એટલા માટે ગાયું છે. પણ એવું તો કાંઈ દેખાતું નથી. પ્રાર્થના પણ આપણે કોની કરીએ છીએ?

પરમ કૃપાળુ પરમાત્માને કે,
નારાયણ તુ, પુરસોત્તમ ગુરુ તુ,
સિદ્ધ બુધ તુ, સ્કંદ વિનાયક તુ,
સવિતા પાવક તુ,

કલ્પના કરી છે. આપણે તો પામર માણસો છીએ. ભગવાન થવાની કોશિશ નહીં કરવી જોઈએ અને કોઈને ભગવાન બનાવવા પણ જોઈએ નહીં. એમ તો ઘણા લોકો છે. હમણાં જેનું નામ દેવાતું હતું. સાબરમતીના કાંઠે એને ભગવાન માનતા હતા અને એના બાહુપાશમાં જવા આ રાજયના નંબર વન કહેવાય છે એ બહુ તત્પર રહેતા હતા. આજે દૂર શું કામ ભાગે છે? દૂર કોઈએ નહીં ભાગવું જોઈએ. પોતે ભગવાન હોય તો, પોતે પરમહંસ હોય તો. પરમહંસ દૂર ન ભાગે અને પરમહંસ કોઈના વખાણ ન કરે. ત્યારે એક જ સાબરમતી આશ્રમના થોડાક જ છે, આ તો ઠેકાણે ઠેકાણે પડેલા છે. ગઈ કાલે હું ટી.વી. જોતો હતો અને મારી નજરમાં આવ્યું. એક કહેવાતા સંત, એમને સંત ન કહેવાય પિશાચી માણસ કહેવાય. એ વડોદરા આવ્યા, બે વખત આવ્યા- સપ્ટેમ્બર મહિનામાં આવ્યા અને બીજી વખત જાન્યુઆરીમાં આવ્યા. માનનીય મુખ્યમંત્રીશ્રી એમની સપ્તાહ સાંભળવા ખાસ ગયા. એટલું જ નહીં.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ,.. ((અંતરાય)) એક મિનિટ મને સાંભળો તો ખરા. આપણે સામાન્ય રીતે છાપાઓના આધારે .. ((અંતરાય))

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે નકારવું હોય તો એના માટે સમય છે. એટલું જ નહીં આ પિશાચી માણસ છે. એણે પુસ્તક લખ્યું " જીવન મુકિત" એનું વિમોચન માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું અને પોતાનું નામ શું લખાવ્યું હતું એમણે - પરમહંસ નિત્યાનંદ સ્વામી અને શું કામ કરતા હતા કે કલ્પતરુ દર્શન ધ્યા પદ્ધતિથી ભકિત, યુકિત એટલે કે કપટ, શકિત અને યુદ્ધ સહિત વિદ્યાઓમાં પ્રાવીણ્ય કેમ થવાય, વિજય કેમ પ્રાપ્ત કરાય? એ કલ્પતરુ દર્શન પદ્ધતિથી એક વિદ્યા શિખવાડતા હતા. આપણામાંથી ત્યાં જઈને કોણ શું શીખી લાવ્યું એની ખબર નથી અને એમાં હું પડવા માગતો પણ નથી, ત્યાં શું કામ કરવા ગયા હતા એમાં પણ પડતું નથી. પણ આ જે સાબરમતીવાળા છે એની જેમ આ સંત પણ ગઈકાલે પિશાચી લીલા કરતા હતા, બહેનોની ઇજ્જત લૂંટતા પકડાયા અને આખા દેશે જોયું. રાવણ લીલા કરતો હતો એટલે મારે મારા મિત્રને એમ કહેવું છે. શ્રી આત્મારામ છે એટલા માટે કહેવું છે, બીજા કોઈ હોત તો ન કહેત. મારા મિત્ર છે એટલા માટે કહેવું છે. આ મારો પોરબંદરનો પોપટ પરમહંસ છે. એને કહ્યું કે, પૈસા આપું, ગાડી આપું, બંગલો આપું પણ હું રામ નહીં બોલું. અમારો મિત્ર વનેચંદ છે એ વજુભાઈનો પણ છે. નિશાળની અંદર મારા જેવો કોઈ તોફાન કરે, શિક્ષક ગુસ્સે થાય એટલે વનેચંદને ઘરેથી પકડી લાવે અને શિક્ષક એના ઉપર તૂટી પડે. પછી વનેચંદ અમારા જેવાને પૂછે કે, મને માર્યો શું કામ? તો અમે કહીએ કે શ્રી શકિતસિંહભાઈએ તોફાન કર્યું હતું એટલે માર્યો. તો વાંધો નહીં. બાકી કોઈ મફતમાં મારી જાય એ વાતમાં માલ નહીં. મારું કહેવું એમ હતું કે, જો હોદ્દો કોઈને મળે અને આત્મારામને મોદી સાહેબને ભગવાન કહેવા પડે, હું તો મોદી કહું તો તોછડું પડે એટલે મોદી સાહેબ કહેવું પડે.કદાચ ડાંગના કલેક્ટરને બોલવું પડે કારણકે એણે પ્રમોશન લઈને અહીંયા આવવું છે એટલે એમ કહે કે આપણા મુખ્યમંત્રી તો શું છે , તો કહે કે હિન્દુઓના કૃષ્ણ છે, મુસ્લિમોના રહીમ છે અને ક્રિશ્ચનના મસીહા છે, એમ એ લોકો કહે આપણે શું કરવા કહેવું જોઈએ, આપણે તો એમ કહીએ કે મારા મુખ્યમંત્રી કદાચ બહુ સારું કામ કરે છે એમ કહો તો વાંધો નથી પણ અમારા મોદી ભગવાન છે એવું કહીને તમે કોની ગરિમા, ભગવાનની ગરિમા ઘટાડો છો કે કોની ઘટાડો છો એ કદાચ કીધું હોત તો મને લાગે છે કે વ્યાજબી રહેત.

આદરણીય આનંદીબેન, મારા બેન નીકળી ગયા, હું એમને ખૂબ આદરથી જોઉ છું, પણ દરેક વખતે કંઈક બોલીએ એટલે ગુસ્સે થઈ જાય, મારા ઉપર તો ખાસ ગુસ્સે થઈ જાય, મારો તો કોઈ દિવસ ગુસ્સે થવાનો ઇરાદો હોતો નથી, અને ગુસ્સે થઈને એવા શબ્દો રૅકૉર્ડ ઉપર લઈ આવે કે માનનીય અધ્યક્ષશ્રીને કાઢી નાખવા પડે કે અર્જુનભાઈને બહુ પેટમાં દુઃખે છે આ કરે છે, હું તો એટલું જ કહું કે આનંદીબેન બહુ ગુસ્સે થઈ જાય, મારે એમને ગુસ્સે આજે નહોતા કરવા મારે તો થોડીક હકીકત કહેવી હતી એ હકીકત એવી છે જે આંખ ખોલનારી છે. ગરીબ મેળાની વાત બહુ થઈ કે આપણે ત્યાં ગરીબ મેળામાં આપણે આમ કર્યું, ગરીબ મેળામાં તેમ કર્યું, ગરીબ મેળાની અંદર .. (અંતરાય).. બધું મળી જશે ભાઈ ચિંતા કરોમાં., ગરીબ મેળાની અંદર અમે આટલા રૂપિયાની પેલી કરી પણ ગરીબ મેળા થાય અમારા એક મુરબ્બી આગેવાને કહ્યું કે કેશિયર છે એ આખા ગામને બૅન્કમાંથી પૈસા આપતો હોય તો એને આપણે એમ ના કહીએ કે કૅશિયર આપે છે. પબ્લિકના નાણા હતા અને પબ્લિકને આપ્યા. અમારા એક વડીલ મુરબ્બીએ કહ્યું કે મનીઑર્ડર છે એ ક્યાંકથી આવ્યું હોય દિલ્હીથી અને પેલાને આપવા જાય તો એને ટપાલી કહેવાય, એને ગરીબ મેળો આપણે ના કહી શકીએ. પણ મારે તો દુઃખની સાથે એ કહેવું છે કે ગાંધીનગરની અંદર જે પક્ષની સરકાર બેઠી છે એ પક્ષના આગેવાન બારબાળાઓના મેળા કરે છે. બારગર્લના મેળા કરે છે. અને કેવા લોકો જાય કે જેને સરકારના ચારેચાર હાથ હોય એવા લોકો ત્યાં બારગર્લના

મેળામાં જાય, મારે તો એ અધિકારીને સલામ કરવી છે, એ બહેનને કે જેમણે દરોડા પાડવાની હિંમત કરી, પોલીસ અધિકારીઓ દાખલો લે કે પ્રજાના પગારથી આ હોદ્દાઓ મળે છે તો કંઈક આવું, કલોલની અંદર જે બહેને કામ કર્યુ એ બહેન જેવું કામ કરી બતાવે તો તમારા સ્ટાર શોભિત રહેશે. હું વાત એ કરતો હતો ગરીબ મેળાની વાત થાય છે, કેવા ગરીબોનું કલ્યાણ થાય છે હું એની વાત કરવા જતો હતો, માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૯૬ની અંદર ખેડૂતોની જમીન દાનમાં લઈ અને અંગ્રેજ સરકારે એક કૃષિફાર્મની સુરતમાં સ્થાપના કરી, એનું નામ હતું અઠવા કૃષિફાર્મ એની જમીન છે ઉત્તરોત્તર ગુજરાત કૃષિ યુનિવર્સિટી અને નવસારી કૃષિ યુનિવર્સિટીને પ્રાપ્ત થઈ ખેડૂતોએ દાનમાં દીધેલી જમીન, ૧૧૫ વર્ષ કરતા જૂનું ફાર્મ જેમાં દેશની અંદર જે કપાસની ક્રાંતિ થઈ એનું બિયારણ ત્યાંથી પેદા થયું હતું એ જમીન આજે શહેરની વચ્ચે આવી ગઈ છે અને આખા શરીરને પ્રાણવાયુ આપતું હોય એવું સ્થળ છે. આ અમૂક ગરીબો છે એ સરકારી જમીનની વાટ જોઈને બેઠા હોય છે. એટલે એ સાબરમતી આશ્રમમાં હોય તો ત્યાં લઈ લે, બાકી હોય તો જહાંગીરપુરાની જે આપણે પાણીપુરવઠા યોજના માટેની જમીન અનામત રાખી હોય તો એ જમીન પણ લઈ લે અને બાકી ખુલ્લું જોવે એટલે એમ કહે કે આ જમીન મારી છે. ૨૦૦૫ની અંદર વાઈબ્રંટ ગુજરાત થયું અને વાઈબ્રંટ ગુજરાતની અંદર એક છત્રાલા ગૃપ નામની કંપની છે એણે સરકાર સાથે કરાર કર્યા કે મારે સેવન સ્ટાર હોટલ સુરતમાં બનાવવી છે એટલે એને જમીન આપવી જોઈએ, અમારી ના નથી લેવી જોઈએ વેચાતી આપણે સહકાર આપવો જોઈએ પણ એ જમીનની માગણી કરી એટલે કલેક્ટરે એને કાગળ લખીને કહ્યું કે તમે જમીન છે એ બહારના ભાગે તમને અનુકૂળ આવે ત્યાં લઈ લો.એટલે કલેક્ટરને માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રીએ કાગળ લખ્યો. વિષય શું હતો? પ્રપોઝલ ઑફ છત્રાલ ગૃપને જમીન ફાળવણી હૂકમ અંગે. બધું નહીં વાંચું પણ એમાં લખ્યું છે કે ઉપરોક્ત વિષય અંગે આપનો તા. ૩-૨-૨૦૦૫નો પત્ર મળ્યો છે. સામાન્ય પ્રથા એવી છે કે ઉદ્યોગકારોને જરૂરી જમીન લોકેટ કરવામાં આપણે તેને જરૂરી બધી જ મદદ કરવાની થતી હોય છે. તેના બદલે ગૃપ તરફથી જે સૂચનો થયા છે તેમાંની કોઈપણ જમીન આપી શકાય તેમ નથી તે અહેવાલની ઉપયોગિતા ઊભી થતી નથી. આથી આ બાબતે પ્રોએકટિવ રોલથી જે તે ગૃપને અનામત જમીન પૈકી કેટલીક જમીન સૂચવવા વિનંતી છે. કલેકટરશ્રીને તા. ૭-૨-૦૫ના રોજ પત્ર લખાયો. એના પછી બીજો પત્ર પણ તરત ગયો. એ પત્ર ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત સરકારે કલેકટરને તા. ૧૯-૨-૨૦૦૫ના રોજ લખ્યો અને એમાં રેફરન્સ લખ્યો છે કે છત્રાલા ઈન્ડિયા હોટૅલ ગૃપને પ્રવાસન પ્રોજૅકટ માટે સરકારી પડતર જમીન ફાળવવા બાબત. સંદર્ભ લખ્યો છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રીનો તા. ૧૬-૨-૦૫ના પત્ર ક્રમાંકઃ વી.આઈ.પી. ૭૮૬. એમાં લખ્યું છે કે સરકારી પડતર જમીન મેળવવા રજૂઆત કરાયેલ છે. આ પ્રોજૅકટ ઝડપથી સાકાર થાય તે માટે આનુષંગિક કાર્યવાહી ઝડપથી કરવા માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના છે. તેથી આ વિષયે સત્વરે એક મિટિંગનું આયોજન કરી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે. થયેલ કાર્યવાહીની અત્રે જાણ કરશો. માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર ઉદ્યોગ કમિશનરશ્રીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રીએ કાગળો લખ્યા. એ દરમિયાન કલેકટરશ્રીએ કહી દીધું કે અમારી પાસે જમીનો નથી. એ દરમિયાન એક બીજી પણ માગણી થયેલ હતી. એ માગણી આ અઠવા ફાર્મની જમીન છે એ સુરતની ટી.પી. સ્કીમ માટે અમુક જમીનની જરૂરિયાત પ્રજાના હિત માટે જરૂરી છે એવી માગણી સુરત મ્યુનિસિપલ કોરપોરેશને નવસારી કૃષિ યુનિવર્સિટી પાસે કરી. બહુ લાંબો પત્ર છે. પણ એના છેલ્લા પેરેગ્રાફમાંથી થોડી વિગતો જોઈએ તો ટૅક્નૉલૉજી મિશન ઓન કોટનના ૯ પ્રોજૅકટો ચાલે છે. નવા પ્રોજૅકટો એન.એ.આઈ.પી., એન.એ.એફ., ડી.એફ.આર. જેવા મોટા પ્રોજૅકટો આવી રહ્યા છે. હાલ જમીન છે એનો ખૂબ જ કરકસરપૂર્વક ઉપયોગ કરીને ઉપરોકત સંશોધન પ્રવૃત્તિઓ અને બ્રીડરશીડ પ્રોડકશન પ્રોગ્રામ લેવામાં આવે છે. આમ જોતાં આ કેન્દ્રની જમીન સુરત મહાનગરપાલિકા કે અન્ય કોઈને અન્ય હેતુ માટે ફાળવી શકાય તેમ નથી જે વિદિત થવા માટે વિનંતી છે. આ કૃષિ યુનિવર્સિટીએ ના પાડી દીધી. પણ કયાં નવસારી કૃષિ યુનિવર્સિટી અને કયાં છત્રાલા ગૃપ? એના વાઈસ ચાન્સેલરનો અવાજ ક્યાંથી સંભળાય? વાઈસ ચાન્સેલર સારા હતા એટલા માટે એના સંશોધન નિયામકે આવો પત્ર લખ્યો. એના પછી જેટની ઝડપે ફાઈલો ચાલી. ત્યાર પછી કલેકટરશ્રીએ એનો અહેવાલ આપી દીધો અને આ પત્ર ગયા પછી ચાર જ દિવસમાં કલેકટરે એક પત્ર લખ્યો અને એમ કહ્યું કે છત્રાલા ગૃપ માત્ર અઠવા કૃષિ ફાર્મની જમીન ઈચ્છે છે અને એટલા માટે આ જમીન છે એ ફાળવવાનું રાજ્ય કક્ષાએ નક્કી થઈ શકશે. એટલે એમાં કોઈને પણ પૂછ્યા વગર રાજ્ય સરકાર નક્કી કરે કે અઠવા ફાર્મની ૭૦ હજાર ચોરસમિટર જમીન આપી દેવાની અને ૬ દિવસમાં. ૧૦૦ વારનો પ્લોટ જોઈતો હોય તો છ મહિના લાગે. એનું વેલ્યુએશન નક્કી કરતા પણ આ ૨૨૪ કરોડ રૂપિયાની જમીન સરકારે નક્કી કરી. ૩૨૦૦૦ ભાવ સરકારે નક્કી કર્યા. કેટલા દિવસમાં? તો કહે કે ૬ દિવસમાં ભાવ નક્કી કરી નાંખ્યા.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, તમને હું રોકતો નથી. તમને એકાદ સભ્યને ઓછો કરીને પણ આપનો સમય ચાલુ રાખું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એણે ૬ દિવસમાં ભાવ નક્કી કરી નાંખ્યા. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવાલયે જે પ્રકારે દરખાસ્ત મંગાવી હતી તે પ્રકારે દરખાસ્ત મોકલી દેવાય અને ૩૨૦૦૦ માં આપી દેવામાં આવી. ખેડૂતોએ વાંધો લીધો, પ્રજાજનોએ વાંધો લીધો કોઈનો વાંધો મંજૂર ના થયો. હાઈકોર્ટમાં ગયું

પણ હાઈકોર્ટે ના પાડી. પ્રકરણ સુપ્રીમકોર્ટમાં ગયું. ત્યાં સરકારશ્રીએ એમ કહ્યું કે અમારે ભાવ વધારે જોઈએ છે. કારણ કે પહેલા ૧૫૦૦૦ ભાવ નક્કી કર્યા હતા. હવે અમારે ભાવ વધારે જોઈએ છીએ. એટલા માટે અમે કરીએ છીએ. ભાવ વધારે આપે તો અમે સ્વીકારીશું. કેટલા ભાવ જોઈએ છીએ? તો કહે કે અમારે ૩૨૦૦૦, ૧૫૦૦૦ ના બદલે. ૩૨૦૦૦ આપી દે તો અમે સ્વીકારી લઈશું. એટલે ૩૨૦૦૦ પ્રતિ ચો.મી.ના ભાવે, ૧૫૦૦૦ પહેલા નક્કી કર્યા હતા એની જગ્યાએ ૩૨૦૦૦ ના ભાવે આ જમીન છત્રાલા ગૃપને આપવાનું નક્કી થયું. આજે એ વિસ્તારની અંદર આ જમીનના ભાવ ૧,૧૦,૦૦૦ ચો.મી.ના હોટલ બનાવવા માટે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં મોટી ઝૂંપડપટ્ટી છે એના માટે જમીન નથી. ૫૦, ૨૫ વારના પ્લોટ બનાવવા માટે જમીન નથી. ઈવન આ જે લેટર લખ્યો છે એને એમ કહ્યું છે કૃષિ યુનિવર્સિટીએ, અમારે તો વધારે જમીન જરૂર છે આટલી પૂરતી નથી. એના પછી તા. ૨૫-૨-૨૦૧૦ ના રોજ એટલે હમણાં જ. કેટલા દિવસ થયા? અઠવાડિયા પહેલા ડો. એ. આર. પાઠક કુલપતિશ્રીએ અગ્રસચિવશ્રી કૃષિ અને સહકાર વિભાગને પત્ર લખ્યો. એમાં કહ્યું કે આ જમીન છે એ છત્રાલા ગૃપ દ્વારા માંગવામાં આવેલ સરવે નંબર ૭૦ ની જમીન આપવામાં આવે તો ખૂબ ઊંચા બિલ્ડિંગ બનતા બાજુની જમીન પણ નકામી થઈ જાય તેમ છે તેમજ આ ખોદકામને કારણે પણ એના ઉપર વિપરીત અસર થાય તેમ છે એટલું જ નહિ એણે એમ કહ્યું કે અમને જે ઓર્ડર મળ્યો છે સોંપી દેવાનો, એની પુનઃવિચારણા કરવામાં આવે. આ ૨૨૪ કરોડની જગ્યાએ આ જમીન જાહેર હરાજીથી વેચાય હોય તો ૭૦૦ કરોડ રૂપિયાની જમીન થતી હતી એ ૨૨૪ કરોડમાં આપી દેવામાં આવી હતી. શરૂઆત તો એવી થઈ હતી કે આ જમીન સાડા સાતસો કરોડમાં માગણી કરવામાં આવી હોત. જો ત્યાંના ખેડૂતો જો કોર્ટમાં ના ગયા હોત તો ટોકન દરથી પણ આ જમીન આપવાનો આ સરકારે નિર્ણય કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે આત્મારામભાઈના ભગવાન કેવા છે અને એ ભગવાનને ચિંતા કોની છે? દરિદ્ર નારાયણોની નહિ કરોડપતિની ચિંતા છે અને એની સાબિતી આ મેં બતાવ્યાં એ પત્રો છે. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર એમ ઘણા લોકો કહે છે કે, હું ખાતો નથી, ખાવા દેતો નથી પણ નાના ટુકડામાં હું પડતો નથી અને મોટા ટુકડા મારા સિવાય કોઈ નક્કી કરતા નથી. જ્યારે રાજકીય કટોકટી ઊભી થઈ ત્યારે એમ કહેવાયું હતું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તો કટકી બટકી છે. અપમાન કરે એવી વાત થઈ હતી. આ કટકી બટકીઓને ટિકિટો તો આપણે આપતા હતા. મારે તો કહેવું છે કે મારા સાથી ધારાસભ્યો છે એ પ્રમાણિકતાથી કામ કરે છે પણ કટકી બટકી કહેનારા કેવા છે એ આના ઉપરથી સાબિત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આનાથી મોટું કૌભાંડ બીજું કોઈ હોઈ શકે જ નહિ અને એટલા માટે કહું છું કે આની એક આપણી વિધાનસભાના સભ્યોની એક કમિટી બનાવવામાં આવે અને આ જમીન છે એ સુરત મહાનગરપાલિકાના એના હેતુઓ માટે નહિ આપીને અથવા તો જે ફાર્મ સવાસો વર્ષ જૂનું છે અને જે ખેડૂતોએ દાનમાં આપ્યું હતું એના હેતુ માટે ના ચાલુ રાખીને રાજ્યને, દેશને, ખેડૂતને કેટલું નુકસાન કરવામાં આવ્યું છે. અને એની અંદર કોની કોની સંડોવણી છે એની તપાસ કરવા માટે વિધાનસભાના સભ્યોની એક કમિટિ બનાવવામાં આવે એવી મારી માગણી છે અને એટલા માટે કહું છું કે આત્મારામભાઈ પણ આત્માના અવાજને જરા બહાર લઈ આવે. સાચી વાત કરે તો કદાચ કોઈક દિવસ અમારા પ્રદિપસિંહભાઈને જેમ થયું એમ કદાચ આગળના સ્થાન ઉપર આવી શકે. સાચું બોલતા હતા અમારા મિત્ર. મને આનંદ થયો આ જગ્યાએ બેઠા ત્યારે સાચું બોલતા શીખો થોડું. અને એટલા માટે((અંતરાય))

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારી ચિંતા કરવાની જરૂર નથી.((અંતરાય))

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં, સાચું બોલ્યાને? ચિંતા નથી કરતો હું તો અભિનંદન આપું છું. સાચું બોલતા હતા ગઈ ટર્મમાં અમારી જોડે એટલા માટે કહું છું કે આત્મારામભાઈ પણ બોલે તો એમનું સ્થાન આગળ આવે અને કોઈના ઉપર પણ ધડો ન લે તો મારા પોરબંદરવાળા પોપટ અને મારા મિત્ર વનેચંદ પાસેથી ધડો લે એવી વિનંતી સાથે મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ(દેવગઢબારીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર માનનીય આત્મારામજી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું અને અમારા જિલ્લાના વડીલ શ્રી બચુભાઈસાહેબે કાલે એમના પ્રવચનમાં જે વાત કરી હતી એમાં મારો સુર પુરાવું છું. મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચનમાં એમણે ઉલ્લેખ કર્યો હતો કે ગુજરાત પ્રગતિના રસ્તે છે. હું કબૂલ કરું છું પણ અમારા વિસ્તારમાં ગયા વખતના ઓછા વરસાદને કારણે ખૂબ જ ગંભીર પરિસ્થિતિ છે ઓછા વરસાદ અને પાણીના કારણે એટલે હું સરકારને વિનંતી કરું છું કે આનો ગંભીર રીતે વિચાર કરીને અમારે ત્યાં ઓછા વરસાદથી નહીં પણ અનિયમિત વરસાદને કારણે થયું છે એના કારણે ચોમાસાનો પાક ખૂબ જ અનિયમિત હતો. અનિયમિત વરસાદને કારણે શિયાળુ પાક પણ ખૂબ જ ઓછો થયો છે. આપણે વાતો કરીએ કે અમારા વિસ્તારોમાં ચેકડેમ, પાણીની યોજના ઘણીબધી ચાલે છે પણ એનો લાભ અમને પણ આ રીતે આવતા ચોમાસા પછી મળવાનો છે. આવતા ચોમાસાને હજી ત્રણ ચાર મહિના બાકી છે એટલા માટે હું આપને વિનંતી કરું છું કે એવો કોઈ માસ્ટર પ્લાન હમણાંથી જ તૈયાર કરીને અમારા વિસ્તારમાં જે પાણીની તકલીફ હમણાંથી જ પડી રહી છે ફકત મનુષ્ય માટે જ નહીં પણ ઢોરો માટે પણ ખાસ કરીને જે ચારો, ઘાસ એ હમણાંથી ખૂબ સંકટની પરિસ્થિતિ છે અમારા વિસ્તારમાં એના માટે સરકાર એક સારો પ્લાન કે ઘાસ પણ ન મળે તો અમૂલ દાન કે કોઈપણ દાન

આપી શકે. દર વર્ષે સરકાર અમારા વિસ્તારોમાં કૌલગી સમિતિમાં લોકોને સબસીડીમાં ઢોરો આપે છે. દર વર્ષે દાનની મુશ્કેલી થાય છે અને પાણીનું તળ જે ઘટી ગયું છે જેની ચર્ચા હમણાં એલ.એ.કયુ.માં પણ થઈ હતી એ વખતે અમે જે વિચારો વ્યકત કર્યા હતા એ સરકાર પણ વિચારણામાં લે આટલું કહીને વિરમું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ એમના માટે આભાર પ્રસ્તાવ લઈને આ ગૃહના સભ્ય માનનીય આત્મારામભાઈ આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. હમણાં થોડા સમય પહેલા આ ગૃહના સભ્યશ્રી અર્જુનભાઈ અકળામણ વ્યકત કરી રહ્યા હતા. માનનીય અર્જુનભાઈ, મોદીસાહેબને કોઈએ ભગવાન કહ્યું એ બાબતમાં પણ વિષાદ વ્યકત કરી રહ્યા હતા. મારે એ કહેવું છે કે માર્ગદર્શન કરે એને ગુરુ કહેવાય અને મદદ કરે એને ભગવાન કહેવાય એમાં કાંઈ ખોટું નથી. જે મદદ કરે એને આપણે ભગવાન સમજતા હોઈએ છીએ તો એ વાતની આપણે બધા અંગત પૃષ્ટિ કરતા હોઈએ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના નામજોગ જયારે આ વાત કરવામાં આવે. બરાબર નથી. ((અંતરાય))

**અધ્યક્ષશ્રી** : નિતીનભાઈ આપે જવાબ આપવાનો હોય ત્યારે એનો જવાબ આપજો. રજનીભાઈને પ્રવચન કરવા દો.((અંતરાય)) હું રોકું છું. રજનીભાઈને સાંભળો.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : અર્જુનભાઈની અકળામણ સમજી શકાય એવી છે. કારણ ભૂતકાળમાં ગરીબી હટાવવા માટેની વાત છે, એ પક્ષના એમના આગેવાન કરતા હતા. એ વાત આજે ભૂલાઈ ગઈ છે. એ ગુજરાતની સર્વ પ્રજાજનના ધ્યાનમાં વિષય આવી ગયો છે. ગરીબી હટાવવાની કોઈ શ્રેષ્ઠ કામગીરી અત્યારે કરી રહી હોય તો તે માનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. એ વાતને સામાન્ય જન પણ સ્વીકારી રહી છે. ૨૦ લાખ કરતાં વધારે લાભાર્થીઓને ૨૭૦૦ કરોડ રૂપિયાનો સીધેસીધો લાભ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી જ્યારે પ્રજાજન સમક્ષ જઈને આપતા હોય ત્યારે એ વિષયને ગમે કે ન ગમે સ્વીકારો પડે અને એટલા માટે આ રાજ્યના સામાન્ય જન પણ મુખ્યમંત્રી માટે પ્રેમ, આદર ઊભો થયો છે. એની સામે લાખો ઝંઝાવાત આવે તો પણ એમાં કોઈ રૂકાવટ આવવાની નથી, એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી માટે એમ કહીશ કે-

" ફાનુસ બનકર હવા હિફાજત જીસકી કરે,
વો સમા કયાં બૂઝે જિસે રોશન ખુદા કરે".

ગમે તેવા ઝંઝાવાત સામે માનનીય મુખ્યમંત્રીશ્રી આ રાજ્યનું નેતૃત્વ કરવાના છે. આ રાજ્યને પ્રગતિના શિખર ઉપર લઈ જવાનું છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. આપણા પૂર્વજો એક વાતની પુષ્ટિ કરીને ગયા છે કે પહેલું સુખ તે જાતે નર્યા. સામાન્ય માણસનું આરોગ્ય સચવાય, બધા જ પ્રકારના સુખો હોય તો પણ જો માણસ શરીરથી તંદુરસ્ત ન હોય તો સુખનો ઉપભોગ કરી શકતો નથી. જ્યારે ગરીબો આ અભાવ વચ્ચે જીવે છે. આ સામાન્ય માણસનું આરોગ્ય જળવાય તેની ચિંતા આ રાજ્યની સરકારે અને અન્ન નાગરિક પુરવઠા વિભાગે કરી છે. જરૂરી પોષકતત્ત્વો એ ફોર્ટીફાઈડ આટા મારફત મળી રહે એની વાત એ નાગરિક પુરવઠા દ્વારા કરવામાં આવી છે. અત્યંત ગરીબ પરિવારને ફોર્ટીફાઈડ આટાનું પ્રમાણ વધારી ૧૮.૫ કિ.ગ્રા. સોયામિશ્રિત ફોર્ટીફાઈડ આટા આપવામાં આવનાર છે. આયોડિનયુકત મીઠું પણ રાજ્યની સામાન્ય વ્યકિત સુધી પહોંચે તેવી ચિંતા રાજય સરારે કરી છે. જે અનેક રીતે પોષકયુકત આહાર મળી રહે અને એનું આરોગ્ય સચવાય એ રીતનું પગલું છે. એ આ બધાં જ પ્રકારનાં પગલાંને સમર્થન આપી વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી ફારૂકભાઈ, આપ હજ કરી આવ્યા એટલે ઈકબાલભાઈ જાણે છે કે હજ કર્યા પછી સાચું બોલવું પડે એટલે તમને તક નથી મળી.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર જ્યારે મહામહીમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, ત્યારે એમાં મારો સૂર પૂરાવું છું અને આપના મારફત કેટલીક એક-બે વાત છે તે કહેવા માગું છું.

સાહેબ, આભાર પ્રસ્તાવમાં માત્રને માત્ર વાહ વાહ સિવાય એમને કશું દેખાતું નથી. મેં કર્યુ, મેં કર્યુ, મેં કર્યુ આના સિવાય આભાર પ્રસ્તાવમાં બીજી કોઈ વાત અમને જોવા મળતી નથી. આ ગુજરાતના કોઈ વિકાસની વાતનો સંકલ્પ લઈને આવ્યા હોત ને અને એની વાહ વાહ કરી હોત તો આનંદ થાત, પરંતુ માત્ર વાહ વાહ, અભિનંદન સિવાય આ આભાર પ્રસ્તાવમાં મને બીજુ કશું જોવા નથી મળતું. સરકારમાં બેઠા હોઈએ, સરકારનું પ્રતિનિધિત્વ કરતા હોઈએ ત્યારે ગુજરાતના પ્રજાની હંમેશા ચિંતા કરવી જોઈએ. તેની સહેજ પણ ચિંતા કરવાને બદલે અને હમણાં અર્જુનભાઈ કહેતા હતા કે સુરત જિલ્લાની જમીનોનો કેવો બેફામ દૂરુપયોગ થાય છે. ગુજરાત તેની આગવી છાપ ધરાવે છે. ગુજરાતની સંસ્કૃત્તિ દેશ અને દુનિયામાં જુદી છે. માટે અર્જુનભાઈએ કહયું કે * (xxxxx) ની વાત કહી...

**અધ્યક્ષશ્રી** : સભાગૃહમાં ન હોય તેમના નામ ન લેવાય. આ શબ્દો હું કાઢી નાંખું છું.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા એક-બે વાત કહેવા માગું છું કે આજે ગુજરાતની અંદર સરકારની યોજનાઓ છે તે યોજનાઓને કોઈને કોઈ સ્વરૂપે માત્રને માત્ર વાહવાહ કરવા માટે એક વ્યકિતની આરતી થાય, પૂજા થાય, અભિનંદન થાય એમ ગરીબ કલ્યાણ મેળા મારફતે માત્ર તેને * (xxxxx) સ્વરૂપે

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ હું કાઢી નાંખું છું. આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય નીતિનભાઈ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ આ સન્માનનીય ગૃહ સમક્ષ જે પ્રવચન કર્યુ અને આ સન્માનનીય ગૃહ દ્વારા સમગ્ર ગુજરાત રાજયની સાડા પાંચ કરોડની પ્રજા, દેશ અને દુનિયામાં વસતા લાખો ગુજરાતીઓને ગુજરાત રાજયની આ સ્વર્ણિમ જયંતીની ઉજવણી વખતે જે સંદેશો પાઠવ્યો છે તે સંદેશાનો આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી પ્રણાલી પ્રમાણે વિધાનસભા અને લોકસભામાં માનનીય રાષ્ટ્રપતિશ્રી અને માનનીય રાજયપાલશ્રી દ્વારા બજેટ સત્રમાં પ્રવચન કરીને રાષ્ટ્ર અને રાજયને સંદેશો આપતા હોય છે.

**સભાપતિશ્રી દોલતરાય ન.દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત રાજયના ૫૦ વર્ષના ઈતિહાસમાં પણ અનેક બજૅટ સત્રો દરમ્યાન અને અન્ય વિશેષ પ્રસંગોએ માનનીય રાજયપાલશ્રીએ સંદેશા આપ્યા છે. પરંતુ આ વખતનો માનનીય રાજયપાલશ્રીનો જે સંદેશો છે તે આપણે સૌએ સાંભળ્યો છે, તેનું મનન કર્યુ છે, ગુજરાતની પ્રજાએ પણ તે સાંભળ્યો છે અને ખૂબ ઉત્સાહથી અને આનંદથી તેને સ્વીકાર્યો છે તેવો સંદેશો ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦મા વર્ષની સ્વર્ણિમ જયંતીના પ્રસંગે ગુજરાતની સ્થાપનાથી માંડીને ગુજરાતની આજ સુધીની પ્રગતિને ધ્યાનમાં રાખી ગુજરાતના વિકાસમાં જેમણે જેમણે યોગદાન આપ્યું છે તેમને યાદ કરી અને ખાસ કરીને ગુજરાતની સ્થાપના દરમ્યાન જેમણે આંદોલનો કર્યા, તે વખતની કેન્દ્રની સરકારની પોલીસની જેમણે યાતનાઓ વેઠી, તે વખતની પોલીસના ગોરીબારથી જે લોકો શહીદ થયા તેવા તમામને યાદ કરીને તેમનું ઋણ સ્વીકાર કરી, તેમના શુભ પ્રયત્નો, તેમના શુભ સંકલ્પોથી ગુજરાત રાજય અલગ બન્યું અને રાજયની સ્થાપના થઈ તે સ્વીકારી આપણે તેમને નતમસ્તકે વંદન કર્યુ છે. આપણું ગુજરાત દેશમાં અગ્રણી રાજય છે. સામાજિક રીતે હોય, આર્થિક રીતે હોય દેશના કોઈપણ કામ માટે હોય દરેકમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. આઝાદીની લડતમાં દેશનું એક નાનું રાજય હોવા છતાં તે વખતે ગુજરાતમાં સેંકડો રજવાડા હોવા છતાં, અંગ્રેજોની પારાવાર યાતનાઓ સહન કરીને ગુજરાતની પ્રજાએ, ગુજરાતના નેતાઓએ આઝાદીની લડતમાં અનેક બલિદાનો આપી પૂજય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ જેવા નેતાઓના માર્ગદર્શનથી..પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ જેવા નેતાઓના માર્ગદર્શનથી, દેશને માર્ગદર્શન આપી દેશની આઝાદીની લડતમાં પણ ગુજરાત અગ્રેસર રહયું છે, આવા અગ્રેસર રહેલા ગુજરાતને દેશના વિકાસને વધુ વેગવંતો બનાવવા માટે જયારે અલગ રાજય બનાવવાની જરૂર હતી, આખો દેશ જયારે જાણતો હતો કે ગુજરાતની પ્રજાનું ખમીર, ગુજરાતની પ્રજાની વિચારસરણી, ગુજરાતની પ્રજાની પ્રામાણિકતા, મહેનત કરવાની ભાવના, વેપારી બુધ્ધિ, દુરંદેશી આ બધાને ધ્યાનમાં રાખી જો ગુજરાતને સ્વતંત્ર રાજ આપવામાં આવે તો ગુજરાતનો જે વિકાસ થાય એનો લાભ દેશને પણ મળે પરંતુ આપણે બધાયે જાણવું જોઈએ, ખાસ કરીને અત્યારની નવી પેઢીને એ જાણવું જરૂરી છે કે અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થવા માટે આપણા દેશને લડત આપવી પડી, લાખો લોકો જેલમાં ગયા, હજારો લોકો ફાંસીના માંચડે ચડી ગયા એવા દેશની આઝાદીની પછી પણ જે દેશને આઝાદી અપાવવામાં મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ જેવા અનેક નેતાઓને જે રાજયે આપ્યા, જે પ્રજાએ આપ્યા, એ પ્રજાને પોતાનું અલગ રાજય લેવા માટે, પોતાના પ્રજા દ્વારા પોતાનું રાજય ચલાવવા માટે બીજા રાજયમાંથી મુકત થવા માટે છેક મુંબઈથી મરાઠી ભાષી બહુમતીવાળા વિસ્તારોમાંથી મુકત થઈ ગુજરાતી ભાષી રાજય સ્થાપવા માટે જે યાતનાઓ વેઠવી પડી એ કદાચ નવી પેઢીને ખબર નહીં હોય, અહીયાં માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીએ કહયું કે ગુજરાતને આઝાદી મળી અમે બધા એમાં સહમત છીએ, સ્વર્ણ જયંતિ ઉજવાય પણ વિના રાજકારણથી ઉજવાય પણ માનનીય અધ્યક્ષશ્રી, નવી પેઢીને એ જાણવું જરૂરી છે કે અત્યારે જે મીઠી મીઠી વાત કેટલાક લોકો દ્વારા કરવામાં આવે છે એ જ પક્ષના નેતાઓ દ્વારા, એ જ પક્ષની મધ્યસ્થ મધ્ય પ્રાંતની મુંબઈ રાજયની સરકાર દ્વારા અને એ જ પક્ષની કેન્દ્ર સરકાર દ્વારા અલગ ગુજરાતની લડતને ડામી દેવા માટે અનેક યાતનાઓ ગુજરાતના નાગરિકો પર કરવામાં આવેલી.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આપણે બધાય જાણીએ છીએ કે જવાહરલાલ નહેરુજી દેશના પ્રથમ વડાપ્રધાન ખૂબ નામાંકિત, ખૂબ પ્રતિષ્ઠિત, આદરણીય વ્યકિત એવા મહાન નેતાએ પણ ગમે તે કારણસર ગુજરાતની પ્રજાની ભાવનાને પિછાણી નહીં, ગુજરાતની પ્રજાની ભાવનાને માન આપ્યું નહીં, અને ગુજરાત રાજય બીજા ભાષા બોલતા, બીજા રાજયમાંથી અત્યારે જે છે ત્યાંથી દૂરથી વહીવટ થાય એવી રીતે આપણને ચલાવવા માટે એમણે આપણને મજબૂર બનાવવાનું કામ કર્યુ, અને ત્યારે નાછૂટકે મહાગુજરાતનું આંદોલન ૧૯૫૬માં જે

ચાલુ થયું અને પૂજ્ય રવિશંકર મહારાજ, પૂજ્ય ઈંદુચાચા અને અનેક મહાગુજરાતના લડતના ક્રાંતિકારીઓએ ગુજરાતની પ્રજાના સાચા લોકનેતાઓએ એ વખતે લડત આપી.

માનનીય અધ્યક્ષશ્રી, આજની નવી પેઢીને એ પણ જાણવું જરૂરી છે કે જે રીતે અંગ્રેજોએ જલિયાવાલા હત્યાકાંડ કર્યો હતો, અને હજારો લોકોને નિર્દોષ ભારતીય લોકોને મારી નાખ્યા હતા એવી જ રીતે મહાગુજરાતની લડત વખતે પણ અમદાવાદના ભદ્ર પાસે આવેલ કોંગ્રેસ હાઉસમાંથી મહાગુજરાતની માગણી કરનારા નિર્દોષ ગુજરાતીઓ ઉપર એ વખતની કેન્દ્રની અને મુંબઈની સરકાર કે જે કોંગ્રેસની હતી એમના નેતાઓના ઈશારે ગોળીબાર કરવામાં આવ્યો અને એ ગોળીબારમાં અનેક ગુજરાતીઓ એ શહીદ થયા છે, આ ગુજરાત રાજય આપણને કંઈ હસતાં હસતાં કે કાગળ લખીને, રજૂઆત કરીને, માગણી કરીને સરળતાથી નથી મળ્યું, કોંગ્રેસ પક્ષ એ વખતે ઈચ્છતો ન હતો કે આ ગુજરાતની પ્રજા આગળ આવે, આ ગુજરાતનો વિકાસ થાય, અને ગુજરાતના વિકાસ દ્વારા દેશનો વિકાસ થાય. આ હકીકત છે, સત્ય હકીકત છે, કેટલાક લોકોને નગમતી એ કડવી હકીકત છે, પણ જે સત્ય વાત છે એ સ્વીકારવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી જયારે યાતનાઓ વેઠી અને ગુજરાતની જયારે સ્થાપના થઈ ત્યારે પુજ્ય મહાત્મા ગાંધીજી જેમના ખૂબ વખાણ કરતા હતા જેમને નમ્ર સેવક તરીકે-લોક સેવક તરીકે જેમને બિરદાવ્યા હતા એવા પુજ્ય રવિશંકર દાદાના વરદ હસ્તે દિપ પ્રગટાવી અને આનું ઉદઘાટન થયું. ((અંતરાય)) કોણ મુખ્યમંત્રી હતા એ મારે નથી કહેવું, હું જાણું છું, કયા પક્ષની સરકાર હતી એ અગત્યનું છે. એ વખતે કોંગ્રેસની સરકારો મુંબઈમાં અને દિલ્હીમાં કેન્દ્રમાં હતી. કોંગ્રેસ પક્ષે ગુજરાત રાજ્ય અલગ પડે એવું કોંગ્રેસની એ વખતની નેતાગીરી ઈચ્છતી ન હતી.

**સભાપતિશ્રી** : રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવમાં ગુજરાત આવવાનું ત્યારે ગુજરાત રાજ્ય કઈ રીતે અસ્તિત્વમાં આવ્યું એની આ બધી વાત કરે છે માનનીય મંત્રીશ્રી.((અંતરાય)) સાંભળો, વિગતવાર ઈતિહાસ આપવો જ પડે. પાછલો ઈતિહાસ તો આપવો પડેને. એમને એમ કે કદાચ તમને ખબર નહીં હોય એમ હશે એટલે આપવો પડે.((અંતરાય)) તમે ભાગીદાર છો એમ કહ્યુંને?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ઈકબાલભાઈ, મહાગુજરાતની લડત અને ગુજરાતની સ્થાપનાનો ઈતિહાસ ન જાણતા હોવ તો આપણા વિધાનસભાની લાઈબ્રેરીમાં એના પુસ્તકો છે, એના લેખો છે, જૂના છાપાઓ છે એ તમે મેળવી લેજો એટલે ખબર પડશે કે શું થયું હતું? કોણે અત્યાચાર કર્યો હતો, કોંગ્રેસ પક્ષના નેતાઓએ શું કર્યું હતું બધું તમે જાણી લેજો. કદાચ તમે પાછળથી આવ્યા હોવ એટલે તમને નવું નવું બધું દેખાય જૂનું જાણવું જરૂરી છે તમે બધું જાણી લેજો. ((અંતરાય))

**સભાપતિશ્રી** : શ્રી નિતિનભાઈ, તમે ચાલુ રાખો. ((અંતરાય))

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણું ગુજરાત અલગ પડ્યું એ સમયને ૫૦ વર્ષ થયા ૧૯૫૬થી લડત શરૂ થયેલી આજની ગુજરાતની નવી પેઢીને ગુજરાત સરળતાથી નથી મળ્યું, રમતા રમતા ફળની ટોપલી તરીકે નથી મળ્યું પણ આપણા પૂર્વજોએ, આપણા નેતાઓએ, આપણી એ વખતની યુવાપેઢીએ ભોગ આપ્યો છે, જે યાતના વેઠી છે, જે શહિદો થયા છે એમને યાદ કરવા જ પડે કોઈને ગમે કે ન ગમે એમને યાદ કરવા જ પડે. એટલા માટે આ કોંગ્રેસના યુવા નેતાઓને હું યાદ કરાવું છું. બીજુ ઈકબાલભાઈ, તમે નવા કોંગ્રેસ ભવન જતા હશો અત્યારે કોંગ્રેસ ભવન અમદાવાદમાં બીજી જગ્યાએ બન્યું છે પણ અસલ કોંગ્રેસ ભવન ભદ્રમાં જ્યાં છે ત્યાં જઈને નવા નેતાઓ જોઈ આવે જૂના કોંગ્રેસ ભવનનો કબજો અત્યારે સંસ્થા કોંગ્રેસના જૂના નેતાઓ પાસે છે એની સામે ગુજરાતના શહિદોની ખાંભી છે એ જોવી હોય તો જઈને જોઈ આવશો એટલે ખબર પડે કે સત્ય શું છે? ((અંતરાય)) હું બધી જ વાત કરીશ. માનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજી અને માનનીય અર્જુનભાઈ ગઈ કાલે જ એમ કહેતા હતા કે અમે પ્રવચન કરીએ છીએ અને સાંભળવા હાજર રહીએ છીએ. આજે કોંગ્રેસ પક્ષના બંને નેતાઓ હાજર નથી. અમે જ્યારે નાના હતા.( (અંતરાય))

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈ જે વાત કરે છે એમાં મારે કહેવું છે કે અમારા બંને નેતાઓ માનનીય અધ્યક્ષશ્રીની રજા લઈને ગયા છે અને એનો આ રીતે મંત્રીશ્રી દ્વારા ઉલ્લેખ થાય એ વાજબી નથી.

**સભાપતિશ્રી** : રજા લઈને ગયા છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જાણ નથી કે તેઓ રજા લઈને ગયા છે. મારું માનવું છે કે અહીં હાજર રહેવું જોઈએ. ((અંતરાય))

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરની આભાર પ્રસ્તાવ પરની દરખાસ્ત જે છે એના ઉપર સમર્થન આપવા ઉભા થયા છે અને રાજ્યપાલશ્રીના પ્રવચન અંગેની ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી કે એમણે અધિકૃત કરેલા જે મંત્રી હોય છે એ આપે છે. એટલે માનનીય નીતિનભાઈ અધિકૃત કરેલા મંત્રી છે? એટલે રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરનો આ જવાબ છે કે એમણે શરૂઆતમાં જ કહ્યું કે માનનીય આત્મારામભાઈ જે આભાર દરખસ્ત લઈને આવ્યા છે એને એ સમર્થન આપી રહ્યા છે એવું માનનીય મંત્રીશ્રીએ કહ્યું. ((અંતરાય))

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, ગુજરાતના રાજયપાલશ્રીના પ્રવચન ઉપરની જે આભાર દરખાસ્ત છે તો ગુજરાતનું અસ્તિત્વ કઈ રીતે થઈ એ નથી કહેવાનું? એ ગુજરાતનો ઈતિહાસ કહે છે અને એ ઈતિહાસમાં તમને લોકોને તો બિરદાવે છે. કોંગ્રેસ આવે છે ભાજપ આવ્યો જ નથી તમને બિરદાવે છે તમે શા માટે વાંધો લો છો? ((અંતરાય)) મારી રીતે મેં જવાબ આપી દીધો. અમે છોને ઓછું ભણેલા હોઈએ પણ અનુભવી છીએ તેઓ ગુજરાતના રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર બોલે છે અને ગુજરાતના રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ ક્યાંથી આવ્યો કે ગુજરાતના રાજયપાલ, ગુજરાત એટલે ગુજરાતના અસ્તિત્વની એ વાત કરે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : બાબુભાઈ પ્લીઝ મારો ટાઈમ ન બગાડો આપ.

**સભાપતિશ્રી** : મેં રૂલિંગ આપી દીધું છે બેસી જાઓ આપ, અધ્યક્ષશ્રીના રૂલિંગ પછી એની ચર્ચા ન હોઈ શકે,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ મારો સમય બગાડે છે

**સભાપતિશ્રી** : બાબુભાઈ તમે તો બહુ અનુભવી માણસ છો અધ્યક્ષના રૂલિંગ પછી ચર્ચા ન થાય, જયંતીભાઈ તમે બેસી જાઓ, ચાલો આગળ ચાલો, ગો ઓન, કેરી ઓન,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે જ્યારે નાના હતા ત્યારે..

**સભાપતિશ્રી** : ઈકબાલભાઈ હું તમને વિનમ્રપણે કહુ છું કે હું ભણેલો અભણ છું હું મારા અનુભવે જાણું છું કે જ્યારે અધ્યક્ષ રૂલિંગ આપી દે, મેં એમ કહયું કે ગુજરાતના રાજયપાલશ્રીનું પ્રવચન, તો ગુજરાતના અસ્તિત્વ વિશે જ્યારે એ સંબોધન કરતાં હોય ત્યારે મને એમાં કંઈ વાંધો નથી દેખાતો, મેં રૂલિંગ આપી દીધું છે અને રૂલની પછી ચર્ચા ના હોઈ શકે, બેસી જાઓ આપ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે જ્યારે નાના હતા ત્યારે ક્રિકેટ રમતા હતા, ગામમાં દસ પંદર ક્રિકેટ ટીમો હોય એમાં એક બે માથાભારે માણસોની ક્રિકેટ ટીમ હોય એ હંમેશા એવું કરે કે પહેલાં દાવ લે પછી દાવ આપવાનો સમય આવે ત્યારે મેદાન છોડીને ભાગી જાય, એ પ્રમાણે અહીંયા પણ કેટલાક લોકો દાવ લે છે અને પછી દાવ આપવાનો સમય આવે, ફિલ્ડીંગ ભરવાનો સમય આવે, ત્યારે ઉપસ્થિત રહેતા નથી.

**સભાપતિશ્રી** : નહિ નહિ, નીતિનભાઈ એમ નહિ, પ્લીઝ

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ આપણે ખૂબજ સમયની સાથે દોડીએ છીએ ((અંતરાય)) મને બધી ખબર છે, પણ સમયની સાથે દોડીએ છીએ. ૨-૩૦ વાગ્યે પૂરું કરવાનું છે. માનનીય આત્મારામભાઈ જો સમય ન લેવાના હોય તો તમે ૨-૩૦ વાગ્યા સુધી બોલી શકો છો પણ આત્મારામભાઈ સમય ન લેવાના હોય તો જ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ કહેવામાં આવ્યું કે અત્યારે મુખ્યમંત્રીશ્રી પોતાની વાહવાહ માટે પોતાના એકલાના ફોટા, પોતાના એકલાના બધા હોર્ડીંગ્સ વિગેરે લગાવે છે એમ પણ કહેવામાં આવ્યું કે આ જે ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા એમાં વિરોધપક્ષના ધારાસભ્યશ્રીઓને રોકવામાં આવે છે, આખા ગુજરાતની પ્રજા જાણે છે અહીંયા આક્ષેપ કરનાર લોકો પણ જાણે છે કે એમના જ પક્ષના કેટલાક સાથી ધારાસભ્યશ્રીઓએ ગરીબ કલ્યાણ મેળામાં આનંદથી, ઉત્સાહથી ભાગ લીધો છે અને ગુજરાતની પ્રજાની સેવા કરવા માટે, દરિદ્રનારાયણની સેવા કરવા માટે ((અંતરાય))

**અધ્યક્ષશ્રી** : શ્રી સી.કે. રાઉલજી આપ સિનિયર મેમ્બર છો અને આપને બોલવાની તક આપના દંડકે આપવી જોઈએ એ ના આપે તો આપે આ રીતે ઉભા થઈને બોલવાની જરૂર નથી. ((અંતરાય)) નહિ નહિ આપે કોઈપણ રીતે કહેવાની જરૂર નથી. આપે કોઈપણ રીતે કહેવાની જરૂર નથી, આપ બેસી જાઓ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે હજાર સાતસો કરોડ રૂપિયાની માતબર રકમની જુદી જુદી ચીજ વસ્તુઓ, જુદા જુદા ઓર્ડર ચેક દ્વારા લાભાર્થીના ખાતામાં જમા થાય, લાખ્ખો લોકોની હાજરીમાં આ કાર્યક્રમો યોજાયા, પચાસ લાખ કરતાં વધુ લોકો આ ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રહ્યા, હજારો ચીજ વસ્તુઓનું ગરીબોને વિતરણ થયું, એ આખા ગુજરાતે જોયું, છાપાઓ દ્વારા, ટી.વી. મિડિયા દ્વારા, લાભાર્થીઓ દ્વારા આ વાત પ્રજા સુધી પહોંચી બધા જ સ્વીકારે છે કે આ ગરીબ કલ્યાણ મેળા એ પ્રજાની સેવા માટે, ગરીબોના કલ્યાણ માટે ખૂબ ઉપયોગી માધ્યમરૂપે પુરવાર થયાં છે. પણ કેટલાક લોકોને એ વાતની મોટી તકલીફો થઈ છે કે અત્યારસુધી જે ગરીબોના નામે અમે વોટ લીધા, જે ગરીબોને અમારી મત બેન્ક માનતા હતા, જે ગરીબોને ગરીબ રાખ્યા, જે ગરીબોને પછાત રાખ્યા, જે ગરીબોને અમે નિરીક્ષર રાખ્યા. તે ગરીબોને સુખી બનાવવા માટે, સમૃદ્ધ બનાવવા માટે, શિક્ષિત બનાવવા માટે માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની જે વિકાસ યાત્રામાં તેમની સામેલગીરી કરવાનું આયોજન કર્યુ છે ત્યારે એ લોકોને એમ લાગે છે કે અમારો ગરાસ લૂંટાઈ ગયો આ ગરીબો તો મોદી સાહેબની જય બોલાવતાં થઈ ગયા. ગરીબોના બેલી તરીકે..

**અધ્યક્ષશ્રી** : શ્રી સિધ્ધાર્થભાઈ, બાબુભાઈ કે અર્જુનભાઈએ જે પ્રકારનું પ્રવચન કર્યુ આ તરફથી એક પણ સભ્યને મેં ઉભો નથી થવા દીધો. અને એમના આખા પ્રવચન દરમિયાન ડખલ નથી થઈ. આ બાજુ કે આ બાજુ કોઈ પણ પ્રવચનની અંદર આપણને ગમે તેવું જ પ્રવચન થાય એવું આપણે માનતા નથી. આપણામાં

સહિષ્ણુતા છે, આપણે પ્રવચન સાંભળતી વખતે સહિષ્ણુતા રાખવી જોઈએ. આપણને ગમે એવું પ્રવચન આ પાટલીનું પ્રવચન આ બાજુ ન થાય તો પણ આ બાજુ સચવાય છે. આપે અર્જુનભાઈનું ભાષણ સાંભળ્યું તો એ ભાષણમાં ધમાલ થાય એવી અનેક વસ્તુઓ હતી પણ એ નથી થઈ. એ સારું છે આ સભાગૃહની શોભા છે. જ્યારે નીતિનભાઈ જવાબ આપતા હોય ત્યારે બાબુભાઈ, આપ કે સી.કે.ને ન ગમતું હોય એવું લાગે ...(અંતરાય)...આપે કોઈ પણ વાત હોય તો મને કહેવી જોઈએ. આપ સિનિયર મેમ્બર છો. આપ કોઈ પણ રીતે ઉભાં થતાં પહેલાં મારી પરવાનગી લેવી જોઈએ. (અંતરાય) આપે મને કહ્યું હોત તો હું તરત તે શબ્દો ઉપર તેમનું ધ્યાન દોરત. હું ફરીથી કહું છું કે જે સહિષ્ણુતા બન્ને પક્ષો રાખશો તો સભાગૃહની શોભા વધશે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વભાવિક છે કે રાજકારણમાં વાદ-વિવાદ થાય, પોત પોતાના વિચારો દરેક લોકો વ્યક્ત કરે તે સમજી શકાય છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સત્ર જે મળ્યું છે ગુજરાત વિધાનસભાનું આ બજેટ સત્ર મળ્યું છે તેના પહેલાં ગુજરાતની અંદર થોડાં સમય પહેલાં જ વિધાનસભાની સાત જે પેટા ચૂંટણીઓ યોજાઈ તે સાત પેટા ચૂંટણીઓમાંથી ભારતીય જનતા પક્ષે સરકારના પક્ષે પાંચ વિધાનસભા ચૂંટણીઓમાં જે જીત મેળવી છે વર્ષોથી પરંપરાગત રીતે જે સીટો કોંગ્રેસ પાસે એવી જસદણ અને ચોટીલા જેવી સીટો ભારતીય જનતા પક્ષે પ્રજાના પ્રેમ, સહકારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની પ્રજાની જે વિશ્વનીયતા છે, પ્રજાનો તેમના પ્રત્યેનો જે પ્રેમ છે, તેમની સરકારની પ્રજા માટેની જે કામગીરી છે તેને ધ્યાનમાં રાખી અને આ પરિણામો આવ્યાં ત્યારે સ્વભાવિક રીતે વિરોધ પક્ષની આ મૂંઝવણ અમે સમજી શકીએ છીએ કે ઉપરા ઉપરી બધી જ જગ્યાએ સતત હાર થયે જતી હોય અને હમણાં ચોટીલાનું ફરીથી, એ ચોટીલાના બાય-ઈલેકશનમાં પણ ૨૨ હજાર જેવા જંગી મતોથી જ્યારે એમની હાર થઈ હોય ત્યારે કેવા આક્ષેપો એ કરે એ અમે સમજી શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અમે ગુજરાતની પ્રજાને જોઈએ છીએ, અમે ગુજરાતની જનતાને જોઈએ છીએ અને ગુજરાતની પ્રજા અને જનતા સરકાર ઉપર જોઈ રહી છે. આ સરકાર ઉપર ગુજરાતની પ્રજાને પૂરેપૂરો વિશ્વાસ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની જે પારદર્શકતા છે, પ્રજા પ્રત્યેની તેમની જે ભાવના છે માનનીય મુખ્યમંત્રીશ્રી અનેક આતંકવાદી ધમકીઓની નજર અંદાજ કરી, તેમને કેટલાય જાતના આતંકવાદી હુમલાઓ ભારત સરકારની આઈ.બી. હોય, ભારત સરકારની બીજી સંસ્થા હોય જે ભયસ્થાનો બતાવે છે કે તમારે પ્રજા વચ્ચે જવું નહીં અને તમારે આટલું આટલું પ્રોટેકશન રાખવું છતાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગરીબ કલ્યાણ મેળા દ્વારા નજીકથી બધાને મળી, હજારો લોકોને પોતાના વરદ હસ્તે ચીજ-વસ્તુઓ અને ભેટો અર્પણ કરી અને લાખો લોકોને જે મળ્યાં છે તે પ્રજાને માટે, તેમના મનની ભાવના પ્રજા વાત્સલ્ય મુખ્યમંત્રી તરીકેની આ દેખાઈ આવે છે. કાલે એમ કહેતા હતા કે મુખ્યમંત્રીએ પોતાની વાહ વાહ કરી છે અને સ્વર્ણિમ ગુજરાતમાં બીજા મુખ્યમંત્રીઓને યાદ કર્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિરોધ પક્ષના સભ્યશ્રીઓને આપના દ્વારા પૂછવા માંગુ છું કે, આ ગૃહની અંદર જ્યારે આપણે સૌ એકઠાં થયા એ ચિત્ર આપણે સૌએ કર્યુ છે. આપનો બધાનો પણ અમે આભાર માનીએ છીએ કે ગુજરાતના સૌ પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદરપૂર્વક, સન્માનપૂર્વક એમને આમંત્રણ આપ્યું. મુખ્યમંત્રીશ્રી હંમેશા એમના પ્રવચનોમાં કહે છે તમારી પાસે વિડિયો કૅસેટ હોય અને જોવી હોય તો, ના હોય તો હું મોકલીશ. મુખ્યમંત્રીશ્રી હંમેશા એમ કહે છે,કે ગુજરાત રાજયના ૫૦ વર્ષના વિકાસમાં દરેક મુખ્યમંત્રીઓએ પોતપોતાની ક્ષમતા પ્રમાણે, સમય અને સંજોગો પ્રમાણે પૂરેપૂરું યોગદાન આપીને ગુજરાતનો વિકાસ કર્યો છે. કોઈ વખતે નરેન્દ્રભાઈએ એમ નથી કીધું કે મેં એકલાએ આ ગુજરાતનો વિકાસ કર્યો છે. પરંતુ જે સત્ય છે એ તો સ્વીકારવું જ પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનું કામ અટવાઈ પડેલું. કોણે એ આગળ વધાર્યુ? એ આપણે જાણીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અમે એ પણ કહેવા માગીએ છીએ કે જયાં જયાં વિરોધ પક્ષના સહકારની જરૂર છે ત્યાં અમે ઓફર કરીએ છીએ અને અમે એમની સાથે ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. નર્મદાના પ્રશ્ન અંગે પણ વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહભાઈ હોય, પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઈ હોય કે કોંગ્રેસના નેતા માનનીય અહેમદભાઈ પટેલ હોય. અમે એમના દ્વારા પણ કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરાવીને, એમના સંબંધોનો અને એમની શકિતનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારમાંથી પણ નર્મદા યોજનાના પ્રશ્નોના નિરાકરણ માટે અમે હંમેશા પરામર્શ કરીએ છીએ. હું ચોકકસ કહીશ કે કાલે આત્મારામભાઈએ ક્હ્યું કે નર્મદામય ગુજરાત થઈ ગયું છે, તો નર્મદા યોજનાની જયારે જયારે વાત આવે કે નર્મદા યોજનાને જયારે જયારે જરુરિયાત આવે ત્યારે એક પક્ષ કે બે પક્ષ નહીં, આખું ગુજરાત ભેગું થઈને, બધા પક્ષોને સાથે રાખી અને અમે જે કામ ઉપાડયું છે એ આપણે જાણીએ છીએ. આ નર્મદા યોજનાનું કામ આગળ વધાર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોનું કોઈ પૂછનાર નહોતું. ગરીબી હટાવીશું. કાલે માનનીય રામસિંહભાઈએ એમ કહ્યું કે ગરીબ શબ્દ જ કાઢી નાંખવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મને હજુ ખબર નથી પડી કે કયા સેન્સથી એમણે આ કીધું છે? કે ગરીબોનું અપમાની થાય છે. એમને ગરીબ ના કહેશો. આ કેવી વાત છે? એમના જ પક્ષના નેતાઓએ જયારે સ્લોગન આપ્યા હતા કે ગરીબી હટાવો. ત્યારે ગરીબ શબ્દ સારો લાગતો હતો. પણ ગરીબી હટી નહીં. ગરીબો તમે હટાવી દીધા. અમારા મુખ્યમંત્રીશ્રીએ ગરીબી સામે લડત ઉપાડી છે. અને આ લડતમાં..((અંતરાય))

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. રામસિંહભાઈ, બેસી જાઓ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : રામસિંહભાઈ, અમને પૂરો અધિકાર છે. તમારા કરતા અમે ગરીબોની વધુ ચિંતા કરીએ છીએ. તમે ગરીબોનું શું કર્યુ છે..((અંતરાય))

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. શ્રી રામસિંહભાઈ, આપ બેસી જશો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની સાચી સેવા, ગરીબોની સારી સેવા, ગરીબોને ગરીબી સામે લડત કરતા કરીને સરકારની સહાયથી ગરીબો પોતે પગભર થાય, સ્વાવલંબી બને અને પોતાના સ્વમાન સાથે પોતાનું જીવનનિર્વાહ કરે એ માટે આ ગરીબ કલ્યાણ મેળા એ તો શરૂઆત છે. હજુ તો આ પ્રમાણેનું આયોજન જેમ જેમ તમે જોશો એમ તમને લાગશે કે તબકકાવાર ગુજરાતમાંથી ગરીબી નિવારણ માટે સાચા અર્થમાં ગરીબોને સાથે રાખીને, સરકારને સાથે જોડીને, સરકારી તંત્રને સાથે જોડીને અમે જે કામ કરવાના છીએ, એનો લાભ સમગ્ર ગુજરાતને જયારે મળવાનો છે, ત્યારે નામદાર રાજયપાલશ્રીએ ગુજરાતની પ્રજાને આ સ્વર્ણિમ્ વર્ષ નિમિત્તે જે સંદેશ આપ્યો છે, એ સંદેશને આપણે સૌ ગુજરાતીઓ તરીકે સ્વર્ણિમ્ ગુજરાતના આ વર્ષમાં બિરદાવીએ, એમને અભિનંદન આપીએ અને એ સંદેશ પ્રમાણે ગુજરાતના વિકાસ, પ્રગતિ અને ગુજરાતની પ્રજાની સેવા કરવાના કામમાં જોડાઈએ, એવી આપસૌને વિનંતી.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ્ ગુજરાતના વર્ષમાં રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર માનતા મારા પ્રસ્તાવ ઉપર પોતાના પ્રવચનો દ્વારા ઉત્સાહપુર્વક ભાગ લેનાર ગૃહના સભ્યો અને બે મંત્રીશ્રીઓ, આનંદીબેન પટેલ અને નીતિનભાઈ પટેલ અને વિરોધ પક્ષના નેતાઓને હું આવકારું છું અને અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં સન્માનનીય સભ્યોએ ગૃહની ગરિમાને ઉચ્ચતમ શિખરે લઈ જઈ શકાય એવા પ્રયત્નો પણ કર્યા છે અને સરકારની જે યોજનાઓ રાજયપાલશ્રીના પ્રવચન દ્વારા આ ગૃહમાં મૂકવામાં આવી છે એને આવકારી પણ છે. જયારે કેટલાક મિત્રોએ આત્માના અવાજની વિરુદ્ધ જઈને ((અંતરાય)) આત્માના અવાજની વાત મારી નથી. તમે યાદ કરી લેજો. ઈતિહાસ તમારો છે અને આત્માના અવાજની શરૂઆત વી.વી.ગિરિ વખતથી શરૂ થઈ છે. ખ્યાલ ન હોય તો જાણી લેજો. ઈતિહાસ નહીં જાણતા હોય તો તમને સમજાવું. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર....

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારાભાઈ, આપની પાસે સમયની મર્યાદા છે એનાથી બહાર ના જાઓ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : એ વખતે આત્માના અવાજનું જે રીતે તમારા ત્યાંથી થયું હતો અને સત્તાવાર ઉમેદવારને હરાવવાનું કામ તમારા આત્માના અવાજે કર્યુ હતું. મારે વાત કરવી છે કે આત્માના અવાજથી દૂર જઈને સ્વયં પ્રકાશિત સૂરજની સામે ધૂળ ઉડાડીને અની રોશની ઝાંખી પાડવાનો જે પ્રયત્ન થયો છે એને ગુજરાતની પ્રજા કયારેય સ્વીકારવાની નથી. એવા નિષ્ફળ પ્રયત્નની પણ હું નોંધ લઉં છું. અહીંયાં જે આ પ્રસ્તાવ રજૂ થયો છે તેમાં બે પ્રકારની લાગણીઓ વ્યકત થઈ છે. આ ઉત્સવ અમારા માટે આનંદનો ઉત્સવ હતો જયારે સામા પક્ષે સત્ય સ્વીકારવા તૈયાર નહોતા એટલે કહીં ખુશી કહીં ગમ જેવું વાતાવરણ છેલ્લા બે દિવસમાં હાઉસમાં હતું. અત્યારે માનનીય અર્જુનભાઈ મોઢવાડીયાએ જતાં જતાં એમ કહ્યું એમનું પ્રવચન આવ્યું ત્યારે કે આ અમારો પોપટ છે પોરબંદરવાળો તો સાહેબ, એમનો એ પોપટ એમને મુબારક, એ અમારે જોઈતો નથી અને જો એમની સાચવવાની તૈયારી હોય તો અમારો પોપટ એમને આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરી છે ત્યારે આશારામની જમીનનો પ્રશ્ન ઉભો કર્યો હતો. આ વાત મારે એટલા માટે કરવી છે કે ઘણીવાર કરવા જઈએ કંસાર અને થઈ જાય થુલીએવો ઘાટ થયો છે. ખાડો ખોદીને એ જ એમાં પડયા છે. શિકાર કરને તો ચલે ખુદ શિકાર હોકે ચલે એવી પરિસ્થિતિ માનનીય અર્જુનભાઈની થઈ છે. ૧૯૮૮માં આશારામની જમીન રેગ્યુલરાઈઝ કરવાનું કામ કોંગ્રેસી સરકારના શાસનમાં થયું હતું અને આ ગાજયા પછી વરસે છે, કયા પ્રકારની પરિસ્થિતિ છે? અરે, તાકાત હોય તો દિલ્હી માથેથી જમીન આશારામની ખાલી કરાવો ને, આશારામે ત્યાં પણ જમીનનું દબાણ કર્યુ છે. તેમની સાથેના તમારા સંબંધો આજે ખુલ્લા થઈ ગયા છે. ગુજરાતની પ્રજાની સામે તમારા ચહેરાનો નકાબ ખુલ્લો થઈ ગયો છે કે આશારામના અસલી ટેકેદારો કોણ છે? સાહેબ, સાપને દૂધ પાવાનું કામ કોણે કર્યુ છે એ આખી દુનિયાને ખબર પડી ગઈ છે. રહસ્યનો પટારો ખુલ્લો થઈ ગયો છે. આજે ગુજરાતની પ્રજામાં એવી વાતો ચાલે છે કે આશારામ સાથે ભાઈબંધી કરનારાઓને કયાંક ખટરાગ પડયો..

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, તમારી પાસે ખૂબ જ ઓછો સમય છે, એટલે તમે વિષમાં રહીને વાત કરો. હવે આપની પાસે કુલ બે જ મિનિટ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જ વાત કરવી છે કે અસલિયત છૂપ નહીં શકતી બનાવટકે અસૂલોસે. એટલું કહીને મારી સાથે ઠરાવમાં આભાર પ્રસ્તાવ ઉપર જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એ તમામ સભ્યશ્રીઓનાં નામ લઈને વાત કરું તો માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ, એની સાથે સાથે મારા ઠરાવને ખૂબ જ મજબૂતાઈથી ટેકો આપનાર એ અમારા સન્માનનીય મહિલા ધારાસભ્ય ડો. નીમાબેન આચાર્યને પણ હું આવકારું છું, શ્રી મોહનભાઈ કુંડારીયાએ પણ સરસ વાત કરી કે ગરીબી અને મોંઘવારીમાં પીસાતા

ગરીબોની ગરીબી દૂર થાય અને મોંઘવારી ઘટે એવા વચનો આપીને સત્તાના સિંહાસને પહોંચ્યા, ડીઝલ અને પેટાલના ભાવ વધારીને આ ગરીબીની નીતિ નકકી કરી છે. એવી કઈ નીતિ છે કે ગરીબોના નામે મત લેવાય છે, પરંતુ * (xxxxx) અમારી નીતિ અને નિયત એ ગરીબીની સામે લડવાની છે અને આ ગરીબ કલ્યાણ મેળા એ ગરીબી સામે લડવાનું સાધન છે. ((અંતરાય))

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી એક સંસદીય પ્રણાલિકાઓ અને વિવેક છે અને આ રીતે જે સંબોધન કરીને આભાર પ્રસ્તાવ ઉપરનો જવાબ આપી રહ્યા છે અને કોંગ્રેસના માનનીય સભ્યશ્રીઓને ઉદ્દેશીને એમ કહેવું કે (તમારી નીતિ ગરીબોને ખતમ કરવાની છે.) તો એ અસંસદીય શબ્દો છે અને એ દૂર થાય. આપને સંબોધીને સંસદીય ભાષામાં પ્રવચન કરે  એવો આ બાબતમાં આપનો આદેશ ઈચ્છું છું.

**અધ્યક્ષશ્રી** : સમય બહુ જ ઓછો છે એટલે ટૂંકમાં જ કહું છું કે માનનીય આત્મારાભાઈ આપે જે કાંઈ કહેવું હોય એ મને કહો. તમારી કે કોંગ્રેસની એ રીતે નહીં, કોંગ્રેસની વાત કરતા હોય તો અધ્યક્ષશ્રીને સંબોધીને કહો. તમારી કે ત્યાં જોઈને કહેવાની જરૂર નથી. તમારી કહીને તમે જે વાત કરી છે એ હું રદ કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રવચનમાં એમણે છત્રાલ ગૃપનો પણ ઉલ્લેખ કર્યો છે. મારે એટલા માટે કહેવું છે કે આ ગૃપ અમેરીકામાં હોટેલ બનાવવા અને ચલાવવાનું કામ કરતું પ્રતિષ્ઠિત ગૃપ છે. અને સુરત ખાતે હોટલ બનાવવા માટે વાયબ્રન્ટ ગુજરાતમાં એમ.ઓ.યુ. થયા છે અને ૬૫૦૦૦ ચોરસ મીટર જમીનની માગણી કરેલી તેમને સીધી રીતે ના પાડેલી હતી અને હરાજીથી જમીન આપવાની હતી. આ જમીન એમને મળે તો, આ આખી જે મેટર છે ત્યારે મારે વાત એ કરવી છે કે સુપ્રિમ કોર્ટમાં તેમની માગણી સાથે ગયા અને નામદાર સુપ્રિમ કોર્ટે પણ ૨૦૧૦માં ચુકાદો આપીને જણાવેલ છે કે ૩૨ હજારના ભાવથી પ્રતિ ચોરસ મીટરના ભાવે આપવામાં આવે. આ ચુકાદો પણ અન્ય બે જજની બેન્ચે આપેલ છે. ત્યારે આ પ્રશ્ન ગૃહમાં ઉઠાવવો એ કેટલો વાજબી છે? મારે એ વાત કહેવી છે કે વાડકી વહેવાર જેવું છે. છત્રાલ ગૃપ માટે સમિતિ બનાવવી અને  * (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ,  આવી કોઈ વાત કરી નથી, સમિતિ રચવાની વાત કરી છે. આપે જે પહેલી વાત કહી તેમાં કોઈ વાંધો નથી. પણ ત્યારપછીના આક્ષેપાત્મક જે વાત કરી છે તે યોગ્ય નથી અને હું તેને રેકોર્ડમાંથી કાઢી નાખું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ સભાગૃહને ગેરમાર્ગે દોરેલ છે. મારે વાત એ કરવાની છે કે એમના કહેવા મુજબ સરકારે ૨૨૪ કરોડની જમીન ૩૨ હજારમાં આપી દીધી છે. એકબાજુ તેઓ જમીનની કિંમત ગણે છે અને પછી ચોરસ મીટરના ભાવ બોલે છે. ખરેખર આ જમીનની કિંમત ૨૦૮ કરોડ ઉપર થશે. મારે આ  વાત એટલા માટે કહેવી છે કે પરિસ્થિતિ  એ છે કે વાટકી વહેવાર જેવો ભાવ છે. અમને પૂછીને કરો, અમારી સાથે વાત કરો, અમારી સાથે વાત નથી કરતા. એટલે મને એવું થાય છે કે સ્વર્ણીમ ગુજરાતના માર્ગે જયારે આપણે આગળ જઈ રહ્યા છીએ ત્યારે ગુજરાતના વિકાસમાં આવા નાના રોડાઓ આવે તો આપણે સર્વ સંમંતિથી ઉકેલ કરીને આગામી દિવસોમાં આખા વર્ષ દરમિયાન આપણે સૌએ સાથે રહી અને મેં અગાઉ કહ્યું હતું તેમ જેવો નર્મદા ભાવ આપણે વ્યકત કર્યો હતો  તેવો સ્વર્ણીમ ગુજરાતનો ભાવ આપણે વ્યકત કરીએ અને આપણે સૌ સાથે બેસીને આપણે સૌ સાથે રહીને ગુજરાતના વિકાસની, ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ શરૂઆતને પ્રગતિના ઉચ્ચતમ શીખરો પર લઈ જઈએ, અને ગુજરાતને સમગ્ર દેશમાં નહીં પણ સમગ્ર રાષ્ટ્રમાં સન્માનીત રહીએ, રાષ્ટ્રમાં ઉંચું મસ્તક લઈને ફરી શકીએ એ પ્રકારની ઉચ્ચતમ શીખરે લઈ જવાની વાતમાં આપણે સૌ સંમંત થઈએ,  અને મારા આ અભાર પ્રસ્તાવને આપ સૌ સર્વ સંમંતિથી પાસ કરીને રાજયપાલશ્રીને મોકલીએ એટલી વિનંતી કરી અને વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : આભાર પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થાય છે. હવે હું આ પ્રસ્તાવ પર રજૂ થયેલા સુધારા મત પર મુકું છું.

**સુધારા ક્રમાંક ૧, ૪, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨ અને ૨૪ મત પર મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી :** હવે હું પ્રસ્તાવ મત પર મૂકું છું.

**પ્રસ્તાવ  મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે એસ.એસ.સી. અને બારમાં ધોરણના વિદ્યાર્થીઓની  પરીક્ષા ચાલુ થઈ છે તેથી આ સભાગૃહ તેઓને શુભેચ્છા પાઠવે.

**અધ્યક્ષશ્રી** : આપણે સૌ શુભેચ્છા પાઠવીએ છીએ.

* (xxxxx)  માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો

**સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક.**

**ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક, ૨૦૧૦**

રાજય સેવક દ્વારા લોકોને થતા અપમાન અને માનહાનિમાંથી તેમને રક્ષણ આપવા માટે અને વ્યકિતના ગૌરવની સુદૃઢતા માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક દાખલ કરુંછું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક.

**ગુજરાત કારખાનાના કામદારોને (કામચલાઉ મુદત માટે) બેકારી ભથ્થું આપવા બાબત વિધેયક ૨૦૧૦**

વીજળી શકિતની ખેંચને લીધે કારખાનામાં કામનો સમય ઓછો થવાને કારણે, જેમને અમુક કામચલાઉ મુદત દરમિયાન અમુક દિવસોએ તેમાં કામ આપી શકાય તેમ ન હોય તેવા અમુક કામદારોને બેકારી ભથ્થું આપવા માટે માલિકોને ફરમાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું ગુજરાત કારખાનાના કામદારોને (કામચલાઉ મુદત માટે) બેકારી ભથ્થું આપવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત કારખાનાના કામદારોને (કામચલાઉ મુદત માટે) બેકારી ભથ્થું આપવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક.

**ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક,૨૦૧૦**

ગુજરાત રાજયમાં કસબી અથવા બિનકસબી કામ ઈચ્છતી તમામ વ્યકિતઓને રોજગારીની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઈ કરવા બાબત વિધેયક.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.** ((અંતરાય)) જે સભ્યશ્રી ના બોલ્યા એને ખબર હોવી જોઈએ કે બિન સરકારી વિધેયકમાં કયારેય ના બોલતા નથી. આપણે વિના વિરોધે જ દાખલ કરીએ છીએ. એટલે કેટલીક વસ્તુઓને આપણે મજાક તરીકે લેતા હોય તો એનું ગંભીરતાથી ધ્યાન રાખે. ના બોલનાર સભ્યશ્રી સંસદીય પ્રણાલિકાનો અભ્યાસ કરે તેવી મારી વિનંતી છે.

# બિન સરકારી વિધેયકો

## *સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૯*

**ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક, ૨૦૦૯**

રાજયના અગ્રણી રમતવીરોને સહાય અને પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૦૯નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક પાછુ ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૦૯નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક પાછુ ખેંચું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેચવામાં આવે છે.**

**સચિવશ્રી:** (૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક, માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

(૩) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૮નું ગુજરાત અશ્લીલ જાહેર ખબર, ફોટોગાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક, માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

(૪) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૮નું ગુજરાત ભૂંડ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયક, માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૨૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૫મી માર્ચ, ૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૫મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૪, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સાબરમતી જેલમાં મારામારી, ખૂન અને અન્ય ગુન્હાઓના બનાવો

*** ૧૧૮૭૨ શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૨૭-૧-૨૦૧૦ની સ્થિતિએછેલ્લા ત્રણ વર્ષમાં સાબરમતી જેલમાં કુલ કેટલા મારામારી, ખૂન અને અન્ય ગુન્હા બનેલા,
(૨) કઈ કઈ કલમો લગાવવામાં આવેલી, અને
(૩) કુલ કેટલા લોકો ઉપર ગુન્હા દાખલ થયેલા?

**જેલમંત્રીશ્રી (રાજયકક્ષા) :**

| (૧) મારામારી | ખૂન | અન્ય |
|---|---|---|
| ૧૪ | ૧ | ૮ |

(૨) અને (૩) : ૧૦૪ કેદીઓ ઉપર ઈ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭,૧૨૦બી, ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૧૮૬, ૩૨૪, ૩૨૩, ૩૩૨, ૩૩૬,૩૩૭,૩૫૩, ૪૧૭, ૪૨૭,૫૦૬,(૧) ૫૦૬(૨), ૧૮૮, ૨૯૪(ખ), ૧૧૮, ૧૧૪, ૫૧૧, બીપીએકટ કલમ ૧૩૫(૧) પ્રિઝન એકટ કલમ ૪૨, ૪૩, ૪૫, ૪૫(૧૨) તેમજ પ્રિવેન્શન ઑફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ કલમ (૩) (૧), ૭ લગાવવામાં આવેલી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન ક્રમાંક:૨માં સાબરમતી જેલમાં કેટલા ગુનાઓ બન્યા એ બાબતના જવાબમાં કુલ ૨૩ ગુનાઓ બન્યા છે. કોઈપણ વ્યકિત જેલ કે પોલીસનું નામ પડે એટલે થરથર ધ્રુજવા મંડે છે પણ આ રાજયની અંદર કાયદો વ્યવસ્થા કેટલી ખરાબ થઈ ગઈ છે. આપણે અન્ય રાજયમાં જઈ અને કહેતા હોઈએ છીએ અને ચૂટણી સમયે કહેતા હોઈએ છીએ કે તમે એક દિવસ જાગો, હું પાંચ વર્ષ જાગીશ.

**અધ્યક્ષશ્રી :** પૂર્વભૂમિકાની અંદર આપણે ન પડીએ અને સીધા પ્રશ્ન ઉપર આવો, (અંતરાય) શ્રી નીતિનભાઈ મંત્રીશ્રી જવાબ આપશે પણ આપ વચ્ચે શું કામ બોલો છો, પ્લીઝ..

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સાબરમતી જેલમાં પોલીસના જાપ્તામાં ખૂન, મારામારી અને અન્ય એવા ૨૩ ગુના બનેલા છે તેમાં કયા કયા હથિયારોનો ઉપયોગ થયેલ હતો, આ હથિયારો જેલમાં કઈ રીતે આવ્યા અને આ ગુનાઓ બન્યા તેમાં જેલના કોઈ કર્મચારીઓ સંડોવાયેલા હતા કે નહીં અને કેટલા અને કઈ કક્ષાના અધિકારીઓ વિરુદ્ધ શું શું ગુનાઓ દાખલ કરવામાં આવ્યા અને શું શું પગલાં લેવામાં આવ્યાં આ હું જાણવા માગુ છું.

**શ્રી અમિત શાહ :** સાહેબ, ફેકચયુઅલ જવાબ પણ આપુ છું પરંતુ પહેલા પૂર્વભૂમિકાનો જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી :** પૂર્વભૂમિકાનો જવાબ આપવા કરતાં સીધો જવાબ જ આપોને.

**શ્રી અમિત શાહ :** સાહેબ પૂર્વભૂમિકા જો બંધાઈ શકતી હોય તો જવાબ પણ આપવો જ પડેને.

**અધ્યક્ષશ્રી :** આપ જવાબ આપો

**શ્રી અમિત શાહ :** માનીય અધ્યક્ષશ્રી, બાવકુભાઈએ થોડી વિગતો રજૂ કરી છે એના કન્ટીન્યુશનમાં મારે કહેવું છે કે જેલનું તંત્ર કથળ્યું છે એ વાત જોડે હું જરાય સહમત નથી કારણ કે નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં એક પણ વાર જેલમંત્રીએ લતીફ જેવા માણસને નોનવેજ ખાવા દેવા માટે ટિફિન આપવાની પરમીશન આ સરકારે કોઈ દિવસ નથી આપી. આ સરકારે કોઈ દિવસ પેરોલ અને ફરલો ઉપર જેલમંત્રીની ભલામણોથી છોડવાની કોઈ કોઈ દિવસ ભલામણો નથી થઈ. (અંતરાય) સાંભળો બાવકુભાઈ સાંભળો, માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે આંકડા રજૂ કર્યા છે,

**અધ્યક્ષશ્રી :** ગમતા જ જવાબો નથી મળવાના, જવાબ આપવાનો એમને અધિકાર છે(અંતરાય) નહીં આપ જાણો છો કે (અંતરાય)આપને ગમે એવા જવાબો તો મળવાના જ નથી. પણ એમણે જે પ્રશ્ન પૂછયો કથળ્યું એનો જવાબ આપે છે.

**શ્રી અમિત શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, આ શાસને એક પણવાર જાહેરનામું બહાર પાડી નાલેશીભરી સ્થિતિમાં જેલ બંધ કરવાનો વારો નથી આવ્યો. ભૂતકાળમાં આવું પણ થયું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એમનો સ્પેસિફિક છે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્ન એમનો સ્પેસિફિક છે, જવાબ પણ સ્પેસિફિક છે. જવાબ આપવામાં રોકી નહીં શકાય.

**શ્રી અમિત શાહ :** બંને પક્ષના સભ્યોની જાણકારી માટે જે બનાવો બને છે એની અંદર કોઈ જસ્ટીફીકેશન અથવા તો બનાવો બન્યા છે એનું જેને કહેવાય કે બહાનું કાઢવાની વાત નથી પણ કેટલાક ચૂકાદાઓ, જે ચૂકાદાઓને કારણે આપણે જેલની અંદર અમૂક પ્રકારની (અંતરાય) હા પણ સાંભળો તો ખરા(અંતરાય) હા પણ પૂછયું છે એ કહું છું તમે પૂછયા પહેલા બોલો છો, તમે સીધો આંકડો પૂછોને, સીધો આંકડો પૂછયો હોત તો હું સીધો જવાબ જ આપેત.

**અધ્યક્ષશ્રી :** આપ મને કહો, સીધા જવાબ ઉપર જ આવો. આપ મને કહો.

**શ્રી અમિત શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી હથિયાર વાપરવાનો, એની અંદર જેલની અંદર જે નાની મોટી વસ્તુઓ રહેતી હોય ટિફિનની પટ્ટી હોય કે ઘણીવાર રેઝર હોય આનો જ હથિયાર તરીકે ઉપયોગ થયો (અંતરાય) શક્તિસિંહજી, હું રેકર્ડ ઉપર કહી રહ્યો છું. બીજા કોઈ હથિયાર બહારથી લાવીને ઉપયોગ જેલમાં મારામારી કે ખૂન થવાની ઘટના થઈ છે એમાં થયો નથી. આના માટે જે કલમો લગાવવામાં આવી છે એ જેલ મેન્યુઅલ અને સી.આર.પી.સી.ની એ બન્નેની કલમોનું મારા જવાબમાં લખેલ છે. આના માટે ચાર જેલ કર્મચારીઓ ઉપર જેલના મેન્યુઅલ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સાબરમતી જેલની અંદર બનાવો બન્યા એમાં એક બનાવ એ હતો કે આ જેલમાંથી પાકિસ્તાન ફોન થતા હતા અને એના સંદર્ભે રાજ્યના આઈ.બી.એ રાજ્ય સરકારને એક એવી માહિતી આપી હતી કે સાબરમતી જેલમાંથી બૉમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરૂં ઘડાઈ રહ્યું છે. આ માહિતી હોવા છતાં રાજ્ય સરકારે પગલાં ન લીધાં અને અમદાવાદમાં બૉમ્બ બ્લાસ્ટ થયા અને આઈ.બી.એ એના પછી એવો દાવો કર્યો કે અમારી માહિતીના આધારે પાછળથી દરોડો પાડી અને આ પાકિસ્તાન ફોન થતા હતા અને અમદાવાદ બ્લાસ્ટનું કાવતરૂ અહીંયા થયું હતું એવા કારણસર ૨૫૦ રૂપિયા ઈનામ તરીકે જે તે માહિતી આપનાર આઈ.બી.ના અધિકારીને આપવામાં આવ્યું હતું. મારો સ્પેસિફિક પ્રશ્ન એટલો છે કે આ પાકિસ્તાન ફોન કોણ કરતું હતું અને આ માહિતી આપી છતાં રાજ્ય સરકારે શા માટે સાબરમતી જેલમાં ગુનેગારો હતા એમને છાવર્યા અને પાછળથી જ્યારે દરોડો પાડ્યો ત્યારે કેટલા લોકોને પકડવામાં આવ્યા એની માહિતી ગૃહમાં જોઈએ છે.

**શ્રી અમિત શાહ** : હું પહેલા રેકર્ડ સ્પષ્ટ કરી દઉં. અમદાવાદની અંદર જે બૉમ્બ બ્લાસ્ટ થયા એને અને જેલના કોઈ કેદીને સ્નાન-સૂતકનો કોઈ સંબંધ નથી. આ સંપૂર્ણપણે જેલની બહાર સીમી અને ઈન્ડિયન મુજાહિદીનના લોકોએ ઘડેલું કાવતરૂ છે. આ કાવતરાનો સંપૂર્ણ ઉકેલ ગુજરાતની પોલીસ દ્વારા થઈ ગયો છે. આઈ.બી. સરકારની હોય કે અર્જુનભાઈની હોય પરંતુ આ વાત સત્યથી વેગળી છે. જેલમાંથી કોઈ આવું કાવતરૂ થયું નથી અને જેલમાંથી આવા કોઈ કાવતરાનો પર્દાફાશ પણ થયો નથી અને એના આધારે કોઈની ધરપકડ થઈ નથી. આઈ.બી.ની માહિતી હતી કે જેલમાંથી કોઈ જગ્યાએથી ફોન થાય છે એ માહિતીના આધારે રેડ પાડી હતી. ફોન પકડાયા હતા અને કૉન્ફરન્સ કરી આપતા એસ.ટી.ડી. પી.સી.ઓ વાળાને પકડ્યા છે. પણ એને અને બૉમ્બ બ્લાસ્ટને કોઈ સંબંધ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સૂઈ ગામના ઈન્સ્પેકટરને ૨૫૦ રૂપિયા ઈનામ આના માટે આપવામાં આવ્યું છે એ માહિતી સાચી છે કે નહિ એ સરકાર રૅકૉર્ડ ઉપર કહે અને બૉમ્બ બ્લાસ્ટનું કાવતરૂ પકડી પાડવા અગત્યની માહિતી આ આઈ.બી.ના અધિકારીએ આપી હતી અને એના કારણે રાજ્ય સરકારે એને ૨૫૦ રૂપિયાનું ઈનામ આપ્યું હતું એ વાત સરકાર સ્વીકારવા માગે છે કે ડીનાઈ કરવા માગે છે?

**શ્રી અમિત શાહ** : ડીનાઈ કરવા માગે છે. બૉમ્બ બ્લાસ્ટનું કાવતરૂ અને જેલના કેદીને (અંતરાય) આશારામ જેવું થશે, બેસી જાઓ અર્જુનભાઈ, જવાબ તો પૂરો થવા દો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થવા દો. ઑર્ડર.....ઑર્ડર....

**શ્રી અમિત શાહ** : હું ફરી એકવાર કહી દઉં કે બૉમ્બ બ્લાસ્ટ અને જેલના કેદીઓ બાબતની ટેલિફોનિક ટેપીંગની માહિતી આઈ.બી.એ આપી છે એને સ્નાન-સૂતકનો સંબંધ નથી. જે અધિકારીનું નામ અર્જુનભાઈ આપી રહ્યા છે એની માહિતી મારી પાસે નથી કેમ કે આ પ્રશ્નના પરર્વ્યમાં નથી આવતું. પરંતુ ઈનામ આપ્યું હોય તો બૉમ્બ બ્લાસ્ટની માહિતી માટે નહીં, ટેલિફોન પકડાયા હોય તો ચોક્કસ ઈનામ આપ્યું હોય એ સંભવ છે. ઈનામ આપ્યું છે કે નહીં એની વિગતો મારી પાસે નથી.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આ રાજ્યમાં જેલો માફિયા જેવી બની ગઈ છે ત્યારે મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જેલની અંદર જે ગુનેગારો, સાબરમતી જેલમાં જે ગુનેગારો છે એમાં કોઈ પેટ્રોલ પંપના માલિકો, રૅશનિંગના દુકાનદાર હોય કે મિલ માલિક હોય, જેના વિરુદ્ધ પી.બી.એમ. થયા હોય. આ કોઈ ખૂંખાર ગુનેગારો હોતા નથી. આવા જે ગુનેગારો છે જે પી.બી.એમ.ના અને જે વેપારીઓ છે. આવા લોકો ઉપર આ જેલની અંદર કેટલા હુમલા થયા અને કઈ કઈ કલમો લગાડવામાં આવી? આ ઉપરાંત બીજું એ માનનીય મંત્રીશ્રી પાસે આપના દ્વારા જાણવા માગુ છું કે જેલના નિયમો હોય છે કે એક કેદીને આટલી લંબાઈ અને આટલી પહોળાઈ જેટલી

જગ્યા આપવાના આપણે જ નિયમો નક્કી કર્યા છે તો આ સાબરમતી જેલમાં છેલ્લા ત્રણ વર્ષમાં આ નિયમોની વિરુદ્ધ વધારે કેટલા કેદીઓ રાખવામાં આવેલા? માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે પ્રશ્ન નંબર ૩ માં એ જાણવા માગુ છું કે છેલ્લા ૩ વર્ષમાં જેલની અંદર જે જામર મૂકવામાં આવ્યાં છે એ કેટલી વખત બંધ પડ્યા અને કેટલા સમય પછી ચાલુ કરવામાં આવ્યાં? કારણ કે મને ખ્યાલ છે કે જેલની અંદર બેઠા બેઠા આ અસામાજિક લોકો, લુખ્ખાઓ ખંડણી જેલની બહાર અને જેલની અંદર પણ કરતા હોય છે તો આ ૩ પ્રશ્નના મારે સ્પષ્ટ જવાબ જોઈએ છીએ અને મને ખ્યાલ છે કે જેલના જે આપણા પોલીસ મેન્યુઅલના નિયમ પ્રમાણે જેલની અંદર જે વ્યવસ્થા અને નિયમો હોય છે એના નિયમ કરતા આજે કોઈ ૧૦ રૂપિયાની વસ્તુ બજારમાં મળતી હોય એ ગમે તે જેલની અંદર આ રાજ્ય સરકારમાં ૧૦૦ રૂપિયામાં જેલની અંદર મળે છે. આ વસ્તુઓ કઈ રીતે આવે છે અને આ બધું બંધ કરવા માગો છો કે નહિ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો રાજ્ય સરકાર પી.બી.એમ.ની અંદર પકડાયેલા કાળા બજારીઓને વેપારી માનતી નથી આ વાત હું પહેલા સ્પષ્ટતા કરી દઉં. પી.બી.એમ.એકટ હેઠળ પકડાયેલા વેપારીની સી.આર.પી.સી. હેઠળ જેટલી ગંભીરતાથી સજામાં રાખવામાં આવે છે એટલીજ ગંભીરતાથી રાખવામાં આવે છે. કારણ કે કાળા બજાર અને મોંઘવારીને સીધો સંબંધ છે. એટલે પી.બી.એમ. થયા હોય એટલે એની ઉપર સુવાળો વ્યવહાર રાખવો આમાં રાજ્ય સરકાર સંમત નથી. મારી જોડે હાલ પી.બી.એમ. થેયલા કોઈ કેદી પર હુમલો થયો છે કે નહિ એની ડિટેલ માહિતી છે નહિ. હું વ્યકિતગત રીતે બાવકુભાઈને આપી દઈશ. બીજી વાત કરીકે જેલની અંદર જેલ મેન્યુઅલ પ્રમાણે જે જગ્યા કેદીઓ માટે રાખવામાં આવી છે એ જગ્યા પ્રમાણે અત્યારે હાલ રાખવામાં આવે છે નહિ? એમાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ઓવર ક્રાઉડીંગ છે અને ઓવર ક્રાઉડીંગ ઘ ટાડવા માટે આપણે નિર્ણયો કર્યા છે અને લગભગ ૬૦૦૦ની કેપેસિટી આવતા ડિસેમ્બર સુધીમાં જેલોની વધવાની છે એનાથી અશંત: ઓવર ક્રાઉડીંગની સ્થિતિ કંટ્રોલમાં આવવાની છે પણ માનનીય અધ્યક્ષશ્રી, ઓવર ક્રાઉડીંગ એટલા માટે છે કે પોલીસ કડક રીતે કામ કરીને પકડીને અંદર પૂરી દે છે. જેલો ખાલી છે એવું નથી. છતાંય જેલોના મેન્યુઅલ પ્રમાણે રાખવામાં પરિસ્થિતિની દિશામાં આપણે આગળ વધી રહ્યાં છીએ. લગભગ ઘણી બધો પ્રશ્ન આ ડિસેમ્બર સુધીમાં સોલ થઈ જશે અને બાવકુભાઈએ જે માહિતી આપી કે અંદર ગેરકાયદેસર રીતે વસ્તુઓ પહોંચે છે અને એના ભાવ ઉંચા લેવામાં આવે છે એવી કેટલીક ઘટનાઓ નોંધાય છે અને એને નાથવા માટે કડક પગલાં અને અધિકારી લેવલે મોનેટરિંગની પણ વ્યવસ્થા આપણે કરી છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક: ૩ (અંતરાય) ૧૩ મિનિટ થઈ ગઈ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : જામર કેટલીવાર બંધ રહ્યાં છે?

**અધ્યક્ષશ્રી** : મેં તમને બે વાર ચાન્સ આપ્યો છે. જામર કેટલીવાર બંધ રહ્યાં છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સાબરમતી જેલ ૨૭ એકરમાં ફેલાયેલી જેલ છે. આ જેલની સ્થાપના થઈ ત્યારથી આ જામર નાખવાની જ્યારથી શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં કયારેય આખો એરિયા જામરની અંદર કવર થઈ શકે નહિ અને થાય પણ નહિ અને જામર બંધ કરવાની એમની જે વાત છે એ અશંત: સાચી છે આવી ફરિયાદ હતી. ૨૦૦૬ ની સાલથી એનું ડાઉન ટાઈમ રજિસ્ટર રાખવામાં આવ્યું છે અને એ પછી વાર્ષિક ૧૩ થી ૧૪ કલાક રિપેરીંગના કરતા જામર બંધ થયા નથી.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક: ૩ શ્રી રમેશભાઈ.

## મહત્વના બંદરોને રેલ માર્ગે જોડવા માટેના પ્રયત્નો

*** ૧૩૬૦૭ શ્રી રમેશ વ. મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યનાં મહત્વનાં બંદરોને રેલ માર્ગે જોડવા માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકાર દ્વારા શું શું પ્રયત્નો કરવામાં આવ્યાં છે,

(૨) જો હા, તો કયા કયા બંદરો પર શી કામગીરી કરવામાં આવી, અને

(૩) તેના અમલીકરણની કામગીરી કયા તબક્કે છે?

**મુખ્યમંત્રીશ્રી (બંદરો) :**

(૧), (૨) અને (૩) : કેન્દ્ર સરકાર દ્વારા ઓકટોબર-૨૦૦૩માં "સાગરમાલા' પ્રોજેકટ જાહેર કરવામાં આવેલ જેમાં દેશના નોન મેજર (નાના) બંદરોને રેલ્વે કનેકટીવીટી થકી "નેશનલ રેલ વિકાસ યોજના" દ્વારા વિકસાવવા સુચન કરવામાં આવેલ.

આ પ્રોજેકટ અન્વયે રાજ્યના બંદરોને રેલ કનેકટીવીટીથી જોડવા માટે કરેલ સુચન અન્વયે ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રાલયને તા.૨-૬-2003, તા.૬-૯-૨૦૦૪ અને તા.૧-૧૨-૨૦૦૬ના પત્રથી દરખાસ્તને મંજુરી આપવા ભલામણ કરેલ છે.

રાજ્ય સરકારની આ દરખાસ્ત અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રતિસાદ ન મળતા રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં મહત્વના બંદરોને રેલમાર્ગે જોડવા માટે -

(અ) દહેજ ભરૂચ રેલ્વે કંપની લિમિટેડની રચના કરી રેલ્વે જોડાણનું રૂ.૨૮૫ કરોડનું કામ ફેબ્રુઆરી-૨૦૦૯થી પ્રગતિમાં છે.

(બ) હજીરા બંદરને જોડતી રેલ્વે લાઈનની એલાઈન્ટમેન્ટ આખરી કરવામાં આવેલ છે અને નવી એલાઈન્ટમેન્ટ મુજબ અંદાજો બનાવવાની કાર્યવાહી હાથ પર છે.

(ક) પોરબંદર અને બેડી બંદરને રેલ્વે જોડાણ માટે પ્રીફીઝીબીલીટી રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે અને ડીટેઈલ એન્જિનિયરીંગ સ્ટડી રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહેલ છે.

(ડ) ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (ડીએફસી) અને દિલ્હી, મુંબઈ ઈન્ડસ્ટ્રીઝ કોરીડોર (ડીએમઆઈસી)ને ધ્યાનમાં લઈને હયાત રેલ્વે જોડાણ ધરાવતા બંદરો ખાતે નવી બીજી રેલ્વે લાઈન નાંખવા માટે ભારત સરકારને રજૂઆત કરવામાં આવેલ છે.

(ઈ) મુંદ્રા, પીપાવાવ અને દહેજ બંદરને રેલ્વે લાઈન ડબલીંગ (નવી બીજી બ્રોડગેજ લાઈન) માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ શિપિંગને રજૂઆત કરવામાં આવેલ છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મુખ્યમંત્રશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, કારણ કે રાજ્યનો ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારામાં મુંદ્રા, પીપાવાવ અને દહેજનો જે રીતે વિકાસ થયો છે એટલેજ અભિનંદન આપું છું.મારા પ્રશ્ન -ઉના જવાબમાં રાજયના મહત્વના બંદરોને રેલ્વે માર્ગે જોડવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકાર દ્વારા શું પ્રયત્ન કરવામાં આવ્યા છે? બીજો પ્રશ્ન છે, જો હા તો કયા કયા બંદરો ઉપરથી કામગીરી કરવામાં આવે છે અને ત્રીજો પ્રશ્ન છે તેના અમલીકરણની કામગીરી કયા તબકકે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હું આપના થકી જણાવવા માગું છું કે બંદરો આજકાલ વિશ્વ વ્યાપારમાં મહત્વના છે. લગભગ ૯૦ટકા વિશ્વવેપાર બંદરોના માધ્યમથી થાય છે. ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી દેશના બંદરોના કુલ માલમાંથી માઈનોર પોર્ટ ઉપર ૭૩ટકા ગુજરાતનો ફાળો છે અને મેજર પોર્ટ ઉપરથી જે માલનું વહન થાય છે એમાં ગુજરાતનો ફાળો ૨૧ટકા છે એટલે ગુજરાત બંદરીય રસ્તે માલનું વહન કરતું એક મોટું રાજય છે. વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ પાંચ ટકા આપણો વિસ્તાર હોવાછતાં લગભગ દેશના ચોથા ભાગના માલ પરિવહનનો ભાર ગુજરાત લે છે અને દિલ્હી, મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર થયા બાદ એનો લગભગ ૪૦ટકા ભાર ગુજરાતમાંથી પસાર થવાનો છે ત્યારે માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે એ સકારણ છે. આ પરિસ્થિતિમાં ગુજરાતના બંદરોનો વિકાસ થાય અને ગુજરાતના બંદરો રેલવે માર્ગે જોડાય અને રેલ કનેકટીવીટી અત્યંત મહત્વની લોજીસ્ટીક છે એનો ભાગ બનવી જોઈએ એ રાષ્ટ્રીય આયોજનનો ભાગ હોવો જોઈએ પણ અત્યાર સુધી જે કામગીરી થઈ છે બંદરોને રેલવે લાઈન સાથે જોડવાની એ કામગીરી મહદ અંશે રાજય સરકારના પોતાના પ્રયત્નોને કારણે અથવા રાજય સરકારે ખાનગી ક્ષેત્ર સાથે સ્પેશ્યલ પર્પઝ વ્હીકલ તરીકે જે કામગીરી ઉભી કરી છે તેના કારણે થઈ છે. પીપાવાવ બંદરને લાગે વળગે છે ત્યાં સુધી એની ૨૬૪ કિલોમીટરની લાઈન ૨૯૪કરોડ રૂપિયાના ખર્ચે નવેમ્બર-૨૦૦૩થી કાર્યરત છે અને એ પીપાવાવ રેલવે કોર્પોરેશનનું એસ.પી.બી. કરીને કરવામાં આવી છે. એ રીતે મુંદ્રા બંદરને જોડતી જે લાઈન છે એ આદિપુર-મુંદ્રા ૬૭કિલોમીટરની લાઈન ૧૮૦.૫૦ કરોડના ખર્ચે નવેમ્બર-૨૦૦૨થી પ્રાયોગિક ધોરણે કાર્યાન્વિત થયેલ છે. હવે મહત્વની વાત આવે છે. હવે મહત્વની વાત છે દહેજ બંદરને જોડવા માટેની. ભરુચ-દહેજ રેલવે કંપની એ એસ.પી.બી. ફોર્મ કરીને રાઈટસ દ્વારા જે અભ્યાસ કરવામાં આવ્યો હતો એના ધોરણે ૮૫કરોડની ઈકવીટી અને ૨૦૦કરોડની લોન એમ ૨૮૫કરોડના ખર્ચે આ રેલવે લાઈન નાખવાની છે અને એમાં ૮૫કરોડ રૂપિયામાં આર.બી.એન.એલની ૨૫કરોડની ઈકવીટી, દહેજ એસ.ઈ.ઝેડની ૧૦કરોડ, ગુજરાત મેરી ટાઈમના ૧૦કરોડ, અદાણી પેટ્રોનેટ ૧૦કરોડ, જી.એન.એફ.સી. ૧૦કરોડ, જિન્દાલ પોર્ટ ૧૦કરોડ, જીન્દાલ આર.એમ.૧૦કરોડ એમ કરીને ૮૫કરોડની ઈકવીટી અને ૨૦૦કરોડની લોન લઈને આ યોજનાને કાર્યાન્વિત કરવા માટેની કામગીરી હાથમાં છે. ૩૦ટકા કામ થયું છે અને ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે પણ હું આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવા માગીશ કે આમાં કદાચ થોડો વિલંબ થવાની શકયતા છે કારણકે ભરુચમાંથી બાયપાસ કરવાની વાત છે એટલે એ કારણસર કદાચ એલાઈમેન્ટમાં થોડો ફેરફાર થાય તો એના કારણે થોડો વિલંબ થવાની શકયતા છે. રોજી-બેડી બંદરને જોડતી જે નવા બેડી રોજી પોર્ટની જે ૧૨.૭૮કરોડની રેલવે લાઈન છે એનો વિગતવાર પ્રોજેકટ રિપોર્ટસ રાઈટસ દ્વારા તૈયાર થયો છે અને ડિટેઈલ એન્જીનીયરીંગ રિપોર્ટ તૈયાર કરવા માટેની ઓફર જાન્યુઆરી-૨૦૧૦માં રાઈટસ પાસેથી માંગવામાં આવી છે. પોરબંદરને રેલવે લાઈનથી જોડવા માટે પોર્ટ સાથેની ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા એ માટેનો અભ્યાસ અને એનો પ્રયત્ન જુન-૨૦૦૨માં કરવામાં આવ્યો હતો અને આ યોજનાના અમલીકરણ માટે ડિટેઈલ પ્રોજેકટ રિપોર્ટ અને ડિટેઈલ એન્જીનીયરીંગ રિપોર્ટ તૈયાર કરવા માટે રાઈટસને જાન્યુઆરી-૨૦૧૦માં આપવામાં આવ્યો છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડના ઓખા બંદર, નવા બંદર, નવલખી બંદર બ્રોડગેજ રેલ્વે લાઈનથી જોડાયેલા છે એટલે સરવાળે જેટલી આ કામગીરી થઈ છે બંદરોને એને રેલવે લાઈન સાથે જોડવાના છે. એ કામગીરી રાજ્ય સરકારના ઈનિશિયેટિવથી થઈ છે. કાં તો ખાનગી ઈનિશિયેટિવથી થઈ છે. ખૂબ ખેદ સાથે જણાવવું પડે છે કે રાજ્ય આટલો મોટો બોજો વહન કરે છે. દેશનો ચોથા ભાગનો વેપાર માટે રાજ્ય બોજો ઉઠાવે છે. એના ખાનગી બંદર ઉપરથી વહન થતો ૭૩ ટકા જેટલો ટ્રાફિક

વહન કરે છે, છતા કેન્દ્ર સરકાર દ્વારા વારંવારની માગણીઓ કરવા છતા કોઈપણ પ્રકારની રેલ કનેક્ટિવિટી આપવાની વાત કેન્દ્ર સરકાર દ્વારા અત્યાર સુધી સ્વીકારવામાં આવી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર દિલ્હીથી મુંબઈ એમાં આની અંદર જવાબ આપ્યો છે એટલે પૂછું છું. એ ગુજરાતમાંથી પસાર થવાનો છે કે કેમ? અને એની પાછળ કેટલું રોકાણ થવાનું છે અને એમાંથી એ પૈકી ટોટલ રોકાણનું કેટલા ટકા રોકાણ ગુજરાતમાં થવાનું છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપણે કોઈનો ફોન સાઈલેન્ટ ઉપર ચાલુ હશે, એટલા માટે આવો અવાજ આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે મંત્રીશ્રીને એટલું પૂછવું છે કે બજેટ એ તો કેન્દ્ર સરકારનું બજેટ કેવું આવે, શું આવવું જોઈએ બધી ચર્ચા કરતા હોય છે. આ ગુજરાતના નાના બંદરો છે, એને જોડવા માટે કેન્દ્ર સરકારે આ વખતે રેલ્વેનું બજેટ આવ્યું, એની અંદર એમને પોતાને ખબર હોય એટલા માટે સાચી માહિતી આપવી જોઈએ. એમાં રાજ્ય સરકારની સાથે મળી અને રાજ્યના જે મધ્યમ અને નાના બંદરો છે, એને જોડવા માટેની બજેટમાં સમાવેશ થયો છે તો જવાબમાં શુંકરવા સમાવેશ નથી કર્યો. પીપીપી મોડેલથી રાજ્ય સરકારની સાથે મળી આ પ્રકારના ગુજરાતના જે બંદરો ઓખા, રોઝી, બેડી, પોરબંદર આ તમામ બંદરોને જોડવાની યોજનાને આ વખતના બજેટમાં સમાવેશ કર્યો છે તો એના માટે સાચી માહિતી આપવી જોઈએ. એમ હું માનું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીએ ઈતિહાસ ઉખેળવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે મારે માનનીય સભ્યશ્રીને અત્યંત વિનમ્રતાપૂર્વક જણાવવું છે કે આપ કેન્દ્ર સરકારની આ વખતની વાત વાત કરવામાં આવી. આ વાત તો માનનીય સભ્યશ્રીને ખ્યાલ હોવો જોઈએ કે સાહેબ ઑક્ટોબર, ૨૦૦૩ માં સાગરમાલા પ્રોજેકટ જે તે વખતની કેન્દ્ર સરકાર એન.ડી.એ. સરકારે કર્યો હતો. એ પ્રોજેકટને છેલ્લા ૭ વર્ષ, ૮ વર્ષમાં ખાડામાં નાખી દેવામાં આવ્યો છે. અત્યારે પીપીપી કરવાની વાત એને કયાં અમારે કેન્દ્ર સરકારની મંજૂરી જોઈએ છીએ? કેન્દ્ર સરકારની મંજૂરી પીપીપી મોડેલ કરવા માટે જોઈએ જ નહિ. પીપીપી મોડેલ છે જ ભરૂચ દહેજની રેલ્વે લાઈન. સાહેબ કેન્દ્ર સરકારને અત્યાર સુધી રજૂઆત કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી તો કહેવું છે કે કેન્દ્ર સરકારને ૨જી જૂન, ૨૦૦૩ ગુજરાત સરકારે પત્ર લખ્યો છે. તમે મહેરબાની કરીને અમારા મેરી ટાઈમ બોર્ડને એના દ્વારા કાગળ લખવામાં આવ્યો છે કે તમે રાઈટ દ્વારા પોરબંદર પૉર્ટને જોડવા માટેની વ્યવસ્થા કરો. ત્યારપછી ૬ સપ્ટેમ્બર, ૨૦૦૪ એ પત્ર લખેલ છે કે તમે બેડી, રોઝી પૉર્ટને જામનગર જિલ્લામાં જોડવાની વાત કરો. ત્યારપછી ૧લી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ કાગળ બેડી બંદર પોરબંદર પૉર્ટ માટે. આટલા પત્રો રાજ્ય સરકારે લખવા છતાં રાજ્ય સરકારે કોઈપણ રીતે પ્રયત્ન કર્યો. હું તો માનતો હતો કે માનનીય સભ્યશ્રીએ તો સૌરાષ્ટ્ર માટે સદાય કાર્યરત અને સદાય જાગૃત સભ્ય છે, સૌરાષ્ટ્રના બંદરોને અન્યાય થાય? પોરબંદર રોઝી સૌરાષ્ટ્રના બંદરોને અન્યાય થાય ત્યારે પણ કેન્દ્ર સરકારનું ઉપરાણું લેવાનું હોય. આપણે આપણા ઘરના છોકરા ઘ ંટી ચાટે અને ઉપાધ્યાયને આંટો આપવાની વાત કરવાની. આ કઈ રીતે ચાલે સાહેબ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર... ઑર્ડર.. ઈકબાલભાઈ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હજુ બાકી છે.

**અધ્યક્ષશ્રી** : એમનો જવાબ બાકી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : I am on my Legs.આટલી બધી ઉતાવળ હોય તો પહેલાં મંજૂર કરાવી લેવું જોઈએ. સહકાર નહીં અર્જુનભાઈ નેતૃત્વ લેતા હોય તો તેમના નેતૃત્વ નીચે હું કેન્દ્ર સરકારના રેલવે મંત્રીશ્રીને મળવા જવા તૈયાર છે. રેલવે મંત્રી ઉપર કેન્દ્ર સરકારના અર્જુનભાઈ વધારે પડતો વિશ્વાસ રાખે છે. કેન્દ્રના રેલવે મંત્રી સાથેના એમના સંબંધો સારા છે કે વડાપ્રધાન કલકત્તામાં હોય, વડાપ્રધાન મિટીંગ કરતા હોય ત્યારે રેલવે મંત્રી પેરેલલ રેલી કરીને કેન્દ્ર સરકારને મોંઘવારી માટે ગાળો દેતા હોય. આ સંબંધો....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ જવાબ ઉપર આવો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હવે સાહેબ આપણે મૂળ વાત પર આવીએ. ડેડીકેટેડ ફ્રેડ કોરીડોર, દૂર નથી જતો પણ આ બંદરો વિષય એવો છે. ડેડીકેટેડ ફ્રેડ કોરીડોરની વાત કરી તેની કુલ લંબાઈ ૧૪૮૦ કિ.મી. છે. ગુજરાતમાં ૫૬૫ કિ.મી. હિસ્સો એટલે ૩૮ ટકા હિસ્સો છે. રોકાણ માટે એવું નથી કહેવું. એક ગામથી બીજા ગામ પાણી લઈ જવા માટેની પાઈપલાઈન નાંખવામાં આવે અને મારા ખેતરમાંથી પસાર થતી હોય એટલે મારા ખેતરમાં રોકાણ થયું કેન્દ્ર સરકારનું એવું કહેવાય? ગુજરાતમાંથી પસાર થાય છે તો ગુજરાતના ખેડૂતોની જમીનો જવાની છે. ગુજરાત તેના માટે ફાળો આપે છે. ગુજરાતમાંથી પસાર થાય છે એટલે We have proud a part of the national port. But that cannot endorse in our account. સાહેબ અમને રેલવે લાઈનો આપો. ગયા બજેટમાં જાહેર કર્યુ હતું કે ગુજરાતને મૅડિકલ કોલેજ આપીશું. હજુ આજ દિવસ સુધી વારંવાર વિનંતી કરવા છતાં નથી આપી.

**અધ્યક્ષશ્રી** : આપણે રેલવેની વાત કરો. શ્રી ઈકબાલભાઈ આપનો પ્રશ્ન.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને એમ હતું કે માનનીય મંત્રીશ્રી સાચો આંકડો આપશે. ડેડીકેટેડ ફ્રેડ કોરીડોરની પાછળ ૨૪ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થાય તે રોકાણ મંત્રીશ્રીને દેખાતું નથી. તે એમ કહે છે કે

માનનીય વડાપ્રધાનશ્રીને કે રેલવે મંત્રીશ્રીને મળવા જવું હોય તો અમે સાથે જવા તૈયાર છીએ. તો હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે ૨૦૦૦-૦૪ દરમ્યાન જે સરકાર હતી તેના કરતાં છ ગણા પૈસા આ સરકારે ગુજરાતને આપ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ આપ પ્રશ્ન ઉપર આવોને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર એ નહોતા આવ્યા. એટલા માટે કહું છું કે રેલવે માટેની સેપ્રેટ ડીબેટ આપો અને રેલવે માટેની સેપ્રેટ ડીબેટ આપો અને રેલવેની અંદર ૨૦૦૦થી ૨૦૦૪ દરમ્યાન કેટલા અન્યાય થયા છે તે આંકડા સાથે, મેં તો પ્રજાને સત્યનો સાદ કહીને પ્રજાને આપ્યા છે. આંકડા સાથે કહેવા માટેની મારી તૈયારી છે. આ જે છે પી.પી.પી. મોડલ પર કેન્દ્ર સરકારે એપ્રુવ કરવાનું હોય છે, મંજૂર કરવાનું હોય.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો. આટલું લાંબું ન ચાલે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ કહે છે કે પી.પી.પી. મોડલ રાજય સરકારનું છે, કેન્દ્ર સરકારનું નથી. તે કેન્દ્ર સરકારનું છે.

**અધ્યક્ષશ્રી** : સીધો પ્રશ્ન પૂછો. આપ સીધો પ્રશ્ન પૂછો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પી.પી.પી. મોડલની અંદર આ વખતે છે તેમાં તમારા ગુજરાત....

**અધ્યક્ષશ્રી** : તમારા નહીં આપણા

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ગુજરાત મેરીટાઈમ બોર્ડ છે. તે પી.પી.પી. મોડલમાં જોડાવવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એમના પ્રશ્નનો જવાબ આપી દો. મારે આગળ પ્રશ્નો લેવાના છે. આપ આપના પ્રશ્નનો જવાબ આપો. અર્જુનભાઈ તમારે જવાબ સાંભળવો છે. આપ બેસી જાઓ. આપ બધા બેસી જાઓ. પ્રદિપસિંહજી બેસી જાઓ. તમારા સીધા પ્રશ્ન પર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો એક જ પ્રશ્ન છે કે રાજય સરકાર પી.પી.પી. મોડલની અંદર આ બંદરો ગુજરાતના છે તેને જોડવા માટે પી.પી.પી. મોડલમાં જોડાવવા માગે છે કે કેમ? તેની રોકાણ કરવાની તૈયારી છે કે કેમ? ગુજરાત મેરીટાઈમ બોર્ડ પી.પી.પી. મોડલ હેઠળ દરખાસ્ત કરવા માગે છે કે કેમ? તે મારો સ્પેશીફીક પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જયનારાયણભાઈ જવાબ આપવા માટે સક્ષમ છે, (અંતરાય) મારે નેકસ્ટ કહેવું પડશે, માનનીય જયનારાયણભાઈ આપ જવાબ ઉપર આવો. માનનીય નીતિનભાઈ, આપના મંત્રીશ્રી જવાબ આપવા માટે સક્ષમ છે કે નહીં, એ નકકી કરો પહેલાં.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ ત્રણ મુદ્દા ઉપસ્થિત કર્યા છે, freight corridorના લગતા ટોટલ રોકાણની વાત એમની સાચી છે, એ ખૂબ સારો પ્રોજેકટ છે, રાષ્ટ્ર માટે સારો પ્રોજેકટ છે, સાહેબ, મારું કહેવાનું એટલું જ છે કે, તમે એને જોડી દો, પોર્ટ સાથે તો જ એનો ઉપયોગ છે, જે નથી કરતા. બીજું, માનનીય અધ્યક્ષશ્રી, આ માપદંડો જુદા જુદા શાના માટે? Eastern Corridor માટે જુદા માપદંડો, અને DMIC corridor માટે જુદા માપદંડો, Eastern Corridorના માપદંડો છે એ ગુજરાત માટે કેમ તમે લાગું નથી કરતા? Western Corridorમાં આ જ માપદંડો લાગુ કરવા પડે તો port connectivity માટે પીપીપીની વાતો શેને માટે ગુજરાતની પાસે કરવાની? ત્રીજી વાત, ગુજરાત અમારું છે એનું અમને ગૌરવ છે અને એ ગુજરાતે (અંતરાય) માનનીય નીતિનભાઈ, પ્લીઝ..

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, જયનારાયણભાઈ જવાબ આપે છે તો આપવા દોને.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, ગુજરાત આપણા બધાનું છે એનું આપણને ગૌરવ છે, પણ કોંગ્રેસે જો લખી આપ્યું હોય ભાજપના નામે તો ગુજરાતને સંપૂર્ણપણે ચલાવવાનું અમને ગૌરવ છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અત્યારે પ્રશ્નોનો જવાબ રાજકીય અવલોકનોથી વધારે આપી રહેલા છે, પરંતુ એની વચ્ચે.. કેન્દ્રનો અન્યાય એ તો દરરોજની બાબત બની ગયેલી છે, રાજયને મળવા છતાં પણ, એક મુદ્દો છે સર, એક દવા છે, અને એ દવા છે કે કેન્દ્રનો અન્યાય, પરંતુ મારો પ્રશ્ન એ છે કે, દહેજ-ભરૂચ રેલવે લાઈન ૨૮૫ કરોડ રૂપિયાના ખર્ચે નેવું ટકા ભાગમાં કામ ચાલી રહયું છે. માનનીય મંત્રીશ્રીએ એમ કહયું કે એલાઈન્ટમેન્ટ બદલવા માટે અમે રિવ્યુ કરી રહેલા છે, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલું જ જાણવા માગું છું કે, દેશમાં જેટલા પણ આવા પ્રોજેકટમાં એલાઈનમેન્ટ બદલેલી છે એ તમામ પ્રોજેકટો આજે ખોરંભે પડેલા છે. જમીન અન્ય વૈકલ્પિક રૂટ માટે ઉપલબ્ધ છે કે કેમ, અને સંપાદન કરતાં કેટલો સમય લાગશે આ બંદરને જોડતી તમે જે ઉત્કૃષ્ટતા દાખવી રહેલા છો, એ ખોરંભે પડશે એ બાબત માટે સમયને બચાવી અને આ રેલવે લાઈન પૂરી કરવા માટે કેવા પ્રકારનાં પગલાં સરકાર ભરવા માગે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, આ સંપૂર્ણ પ્રોજેકટ રિપોર્ટ RITES દ્વારા તૈયાર કરવામાં આવ્યો, રેલવે કેન્દ્ર સરકારના તાબામાં આવતી બાબત છે, એલાઈનમેન્ટને લગતી બાબત માઈનોર વસ્તુ છે, વીસ ટકા કામ થયું

છે, એલ એન્ડ ટી જેવી સક્ષમ કંપનીને એનો કોન્ટ્રાકટ રેલવે એ આપેલો છે, અને એ સાચા પ્રાઈવેટ પાર્ટનરશીપ એટલે RNVL પણ એમાં ભાગીદાર છે અને મારી તો માનનીય દંડકશ્રી, કોંગ્રેસને વિનંતી છે કે અમારાથી તો અમે બધુ બનતું કરીએ છીએ, પણ ત્યાંના આપના અતિશકિતશાળી નેતા દિલ્હીમાં બેસે છે તો એટલે આટલું નાનુંઅમથું કામ તો કરાવી આપો અમારું. સાહેબ, આમાં ગુજરાત સરકારના પૈસા રોકાયેલા છે, ઈકવીટીમાં, સાહેબ, આપણે ચિંતા એટલા માટે કરવી પડે છે કે, એની જે ઈકવીટી છે એમાં આપણા પૈસા આપણી કંપનીઓના પૈસા રોકાયેલા છે, જે ૮૫ કરોડ રૂપિયાની વાત મે કરી સાહેબ, એ ૮૫ કરોડની ઈકવીટીમાં જીએનએફસીથી માંડીને બાકીની કંપનીઓના સાહેબ, (અંતરાય).

**અધ્યક્ષશ્રી** : એકજ વિષયની ચર્ચા નથી, માનનીય અર્જુનભાઈ, આપને નેતાને પૂછવું છે, દરેક પ્રશ્નની અંદર આપ ઈન્ટરવીન ન થાઓ. હું જેટલું નીતિનભાઈને કહું એટલો આપે પણ આપે પણ સંયમ રાખવો પડશે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જીએનએફસી એ સરકારની કંપની નથી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ સરકારની કંપની નથી એવું માનનીય સભ્યશ્રી કહેતા હોય તો એક જમાનામાં, એમના રાજયકાળમાં ઉભી થયેલી કંપનીઓ છે, આ સરકારની કંપનીઓ છે, એટલું તો સર, આપણે સ્વીકારીએ. આપણે ગુજરાતને disown કરી નાખીએ પણ ગુજરાતની કંપનીઓને પણ આપણે disown કરી નાખીએ? સાહેબ ઈકવીટીને લાગે વળગે છે ત્યાં સુધી RVNL ના ૨૫ કરોડ રૂપિયા છે આમાં ઈકવીટીમાં, ખાલી ૨૫ કરોડ રૂપિયા છે. (અંતરાય) હા, હું એ વાત ઉપર આવું છું, એલાઈનમેન્ટ એ માઈનોર પ્રશ્ન છે ભાઈ alignment is not going to hold up the issue. અને સ્થાનિક પ્રતિનિધિ તરીકે આપ પણ આપની ગુડ ઓફિસીસ વાપરો we will work with you.. સામાન્ય રીતે આ સરકારની નીતિ છે કે બને ત્યાં સુધી બધાની જમીન જે એક્વાયર કરવાની હોય છે એ એક્વીજીસનનો પ્રોસેસ એ પ્રોસેસ પ્રમાણે ચાલશે. પણ એ એલાઈન્ટમેન્ટને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી સ્થાનિક પ્રતિનિધિ તરીકે આપ પણ સમજાવોને લોકોને. એલાઈન્ટમેન્ટના પ્રશ્નો શા માટે થયા છે? ગુજરાતની વાત આવે ત્યારે અમારો પક્ષને તમારો પક્ષ ન હોય. જે કોઈ પ્રશ્ન હશે તે હલ કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોતરીમાં રાજકીય અવલોકનો સામાન્ય રીતે આપણે ટાળીએ છીએ પણ જ્યારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે ત્યારે હું બે બાબત જાણવા માગુ છું. એક, આપે કહ્યું છે કે, પ્રોજેક્ટ અંગે કનેકિટવિટી જોડવા માટેના સૂચનો રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કઈ કઈ તારીખે કર્યા? એમાં આપે ૨૦૦૩નો ઉલ્લેખ પણ કર્યો છે. મારે આપની પાસેથી એ જાણવું છે કેન્દ્ર સરકાર અન્યાય કરે છે એમ કહો છો પણ ત્યારે તો શ્રી અડવાણીજી અહીંથી ચૂંટાઈને ગયેલા અને ત્યાં નાયબ વડાપ્રધાન હતા એ સમય હતો. આ સમયગાળા દરમ્યાન એટલે કે, જ્યારે આપે માત્રને માત્ર રાજકીય અવલોકનો કર્યા છે ત્યારે હું એ જાણવા માગુ છું અથવા ન હોય તો આપ ટેબલ ઉપર મૂકવાની તૈયારી બતાવશો ખરા? કે આપનું શાસન કેન્દ્રમાં જેટલા વર્ષો હતું ત્યારે ગુજરાતને કેટલા રૂપિયા રેલવે બજેટમાંથી ફળવાયા હતા અને અમારા શાસનમાં એટલે કે કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર આવ્યા પછી ગુજરાતને કેટલા રૂપિયા રેલવેમાં ફળવાયા છે એ માહિતી આપ ટેબલ ઉપર મૂકવા તૈયાર છો ખરા?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને કેટલા રૂપિયા ફળવાયા હતા, કેટલા રૂપિયા ફળવાયા હતા, કેટલા રૂપિયા ફળવાયા હતા એની જે માણસોની પીન ચોટી ગઈ હોય એમને સાહેબ હું ગંભીરતાપૂર્વક કહેવા માગુ છું કે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમે પ્રશ્ન પૂછયો એનો જવાબ આપવાનો એમનો અધિકાર છે. નહીં નહીં. પહેલી વસ્તુ કે કેન્દ્ર સરકાર રાજય સરકારને કેટલા રૂપિયા ફાળવે એ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. નેકસ્ટ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમણે કહ્યું છે કે અન્યાય થાય છે એટલે હું કહુ છું કે વાઈટ પેપર તરીકે ટેબલ ઉપર માત્ર આટલી માહિતી મૂકે કે એ વર્ષો દરમ્યાન કેટલા રૂપિયા ફાળવ્યા હતા? એમણે એ ન કહ્યું હોત તો હું એ પ્રશ્ન ન પૂછત એમણે કહયું છે ત્યારે માગુ છું કે ગુજરાતને કેટલા રૂપિયા એમના શાસનમાં મળ્યા? એમણે ન કહ્યું હોય તો આ પ્રશ્ન ઉભો જ ન થાય એ હું પણ સમજુ છું પણ એમણે કહ્યું કે કેન્દ્ર ગુજરાતને અન્યાય કરે છે આપના નેતા ત્યાં છે. એમણે મેકસીમમ ગુજરાત અમારુ છે એમ માનીને, ગુજરાત આપણું સૌનું છે અને ગુજરાતના હિતમાં સૌથી વધારે ચિંતા કરીને મેકસીમમ પૈસા ગુજરાતને નવી લાઈનો માટે આપ્યા છે ત્યારે રાજકીય અવલોકનોથી દૂર રહીએ અને કમસે કમ પ્રશ્નોતરીમાં તો દૂર રહીએ અને નહીંતર હિંમત હોય તો આપના સમયમાં ફાળવેલા પૈસા અને અમારા સમયમાં ફાળવેલા પૈસાની વિગતો ટેબલ પર મૂકો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે વસ્તુ સારી થઈ, ના સાહેબ આમાં ટેબલ ઉપર મૂકવાની જરૂર નથી મારી પાસે જવાબ છે. આમાં બે વસ્તુ સારી થઈ કેમ કે જો આ માહિતી ટેબલ ઉપર મૂકવી હોય તો એ માહિતી પણ મૂકવી પડે કે, દેશની પાંચ ટેકા વસતિને પાંચ ટકા વિસ્તાર ઉપર દેશની ૨૫ ટકા ફ્રેટનો ભાર પડે It is a national responsibility આપ્યા હોય પૂરેપૂરા પૈસા તો પણ શું વાંધો છે? અને ધારો કે અમારાથી ભૂલ થઈ ગઈ તો તમે સુધારોને. ધારો કે થઈ ગઈ, હવે હું આવું છું, નથી થઈ. (અંતરાય) પાટલીઓ થબથબાવવાથી કોઈ ફરક પડતો નથી સાહેબ, મારે જે કહેવાનું છે એમાં આનંદ એટલા માટે વ્યકત કર્યો એમણે કે જે કાયમી એમનામાં તડો પડેલી છે એમાં અર્જુનભાઈએ એમ કહ્યું કે ગુજરાત તમારું અને શકિતસિંહજીએ કહ્યું કે

ગુજરાત અમારું વિરોધાભાસમાં એમના નેતાને, વિરોધ પક્ષના નેતાને એમણે તાળીઓ પાડીને અને પાટલીઓ થબથબાવીને એમણે વધાવ્યા છે. મૂળ વાત આ છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : જે હમણાં ફોનના ડિસ્ટર્બન્સ આવતા હતા એ અંગે મેં તપાસ કરી તો કેટલાક સભ્યશ્રીઓ પોતાના ફોનમાં એલાર્મ મૂકતા હોય છે, કેટલાક સભ્યશ્રીઓ પોતાના ફોનને સાયલન્ટ ઉપર મૂકે છે અને એના પરિણામે જામરની યોગ્ય વ્યવસ્થા આટલા વિસ્તારમાં હોવાના કારણે ફોન તો ના ચાલે પણ શ્રી બાવકુભાઈ એ એલાર્મને કારણે આ ડિસ્ટર્બન્સ આવે છે, આપનો ફોન બંધ નહિ એલાર્મ પર હતો, આપે પછીથી બંધ કર્યો છે મેં જોયું છે પણ જામરની અસરકારકતા જે છે એટલે બધા સભ્યશ્રીઓને જણાવવાનું કે બધા પોતાના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરીને જ આવે. નેક્સ્ટ

**પોલીસ દળમાં આધુનિકરણ માટે કેન્દ્રમાંથી મળતી ગ્રાન્ટમાં વધારો કરવાની રજૂઆત**

**૧૩૬૩૮ શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સૂરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં પોલીસદળના આધુનિકરણ માટે કેન્દ્રમાંથી મળતી ગ્રાન્ટમાં વધારો કરવા રાજય સરકારે શું શું પ્રયાસો કરેલ છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં આ ફાળાની રકમમાં કોઈ વધારો થયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી રકમનો વધારો થયેલ છે.

**ગૃહમંત્રીશ્રી:**

(૧),(૨) અને (૩) : પોલીસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થતી રકમ ૨૦૦૦-૦૧માં રૂા.૧૧૯.૫૩ કરોડથી ઘટીને ૨૦૦૬-૦૭માં ૪૯.૩૩ કરોડ થવા પામેલ. ગુજરાત જેવા આંતરરાષ્ટ્રીય જમીન અને દરિયાઈ સરહદ અને ૧૬૦૦ કિ.મી. જેટલ દરિયા કિનારો ધરાવતા રાજય માટે પોલીસ દળને આધુનિક અને વૈજ્ઞાનિક સાધનોથી સજ્જ કરવા માટે આ યોજના હેઠળ વધુ રકમ ફાળવવાની જરૂરિયાત હોવા તાં કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ઘટાડવામાં આવેલ છે.

આ માટે ફંડ વધારવા તેમજ મેગા સીટી (અમદાવાદ) અને ડેઝર્ટ એરીયા પોલિસિંગ માટેનું ફંડ આ યોજનામાં સમાવવાને બદલે અલગથી સહાય ફાળવવા માટે અવારનવાર ઉચ્ચ કક્ષાએથી કેન્દ્ર સરકારને લેખિત રજૂઆતો અને વિનંતી કરતા પ્રયત્નો કરવામાં આવેલ છે.

આ માટે જુલાઈ, ૨૦૦૮માં ગૃહ વિભાગમાંથી અગ્રસચિવશ્રી કક્ષાએથી ભારત સરકારના ગૃહ મંત્રાલયને પત્ર પાઠવવામાં આવેલ હતો, ઉપરાંત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ જુલાઈ, ૨૦૦૮માં માનનીય વડાપ્રધાનશ્રીને પત્ર લખ્યો હતો. વધુમાં રાજયસભાના સાંસદ શ્રી પુરુષોત્તમ રૂપાલાએ પણ તેમની કક્ષાએથી ભારત સરકારના ગૃહ મંત્રાલયને અવારનવાર પત્રો પાઠવેલા હતા.

માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા યોજવામાં આવતી રાજયોના મુખ્યમંત્રીશ્રીઓના આંતરિક સૂરક્ષા પરિષદોમાં પણ ૨૦૦૭થી સતત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ પ્રશ્ન બાબતમાં રજૂઆતો કરેલ છે.

એમ.પી.એફ. હેઠળ વર્ષ ૨૦૦૦-૦૧માં જે રૂા.૧૧૯.૫૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલી, તેની સરખામણીએ છેલ્લાં ત્રણ વર્ષોમાં કેન્દ્ર સરકારે મંજૂર કરેલ અને ફાળવેલ રકમ નીચે મુજબ છેઃ-

| વર્ષ | મંજૂર પ્લાન | કેન્દ્રનો ફાળો | છૂટી કરેલ રકમ રૂા.કરોડમાં |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૯.૪૦ | ૫૨.૦૫ | ૪૮.૯૭ |
| ૨૦૦૮-૦૯ | ૬૪.૦૦ | ૪૮.૦૦ | ૪૮.૦૦ |
| ૨૦૦૦-૧૦ | ૮૭.૪૭ | ૬૫.૬૦ | ૪૪.૫૫ |

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ખૂબ ગંભીરતાથી સરકાર પાસે આ પ્રશ્ન પુછયો હતો કારણકે ગુજરાત એક સરહદી રાજય છે. ૧૬૦૦ કિ.મી. એનો દરિયા કિનારો છે. રાષ્ટ્રની જે આંતરિક પરિસ્થિતિ છે એ ખૂબ ગંભીર છે અને સૂરક્ષાની દૃષ્ટિએ અત્યારે આપણે ખૂબ ચિંતા સેવી રહ્યા છીએ ત્યારે પોલીસદળને આધુનિક કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એ અત્યારે ખૂબ વધારવાની જરૂરિયાત છે. પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અને દેશની અંદર અત્યારે જે રીતે ફુગાવો અને મોંઘવારી વધી રહ્યા છે એને

ધ્યાનમાં રાખીને ગ્રાન્ટમાં અનેકગણો વધારો કરવાની જરૂરિયાત હતી પણ મારે દુ:ખ સાથે આ ગૃહને જણાવવું પડે છે કે મંત્રીશ્રીએ મને જે જવાબ આપ્યો છે કે ૨૦૦૦-૦૧ની અંદર કેન્દ્ર સરકાર તરફથી ૧૧૯ કરોડની ગ્રાન્ટ પોલીસ આધુનિકરણ માટે આપવામાં આવેલ હતી જ્યારે છેલ્લે ૨૦૦૮-૦૯માં માત્ર ૪૯ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે ત્યારે આ જે નીતિ છે, હમણાં જ સાથી પક્ષના સભ્યશ્રીઓ જે રીતે વાત કરતા હતા કે કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ વધારવામાં આવી માનનીય અર્જુનભાઈએ પણ કહ્યું કે અમે ચાર ગણી કરી, ચારગણી કરી ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં પોલીસ દળના આધુનિકરણ માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી હમણાં આગળના પ્રશ્નના ડીબેટ ચાલતી હતી એમાં રેલવેના તો આંકડા નહોતા પણ આના આંકડા તો છે મારી પાસે (અંતરાય) ના પ્રશ્નમાં આંકડા માંગ્યા છે તો શું કામ તેને ટેબલ પર મૂકું મારી પાસે છે એ આંકડા ના હોય તો મૂકું.

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ જવાબ આપનાર જવાબ આપે છે. આપ જવાબ ન આપોને.

**શ્રી અમિત શાહ** : હું જવાબ જ આપું છું. સમયમાં ટ્રેઝરી બેન્ચના સભ્યોનો કોઈ દોષ નથી ગયા પ્રશ્નમાં એકેય પ્રશ્ન આ બાજુથી નથી પૂછાયો બધા પ્રશ્નો પેલી બાજુથી જ પૂછાયા છે.

**અધ્યક્ષશ્રી** : નહિ નહિ, એ નહિ જે નાનુભાઈએ પ્રશ્ન પૂછયો છે એનો જવાબ આપો તમે.

**શ્રી અમિત શાહ** : જી. સાહેબ, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી છે એ સાચી છે. પોલીસ મોડર્નાઈઝેશન માટેની જે ગ્રાન્ટ એમ.પી.એફ. હેઠળ આપવામાં આવે છે એની અંદર ઘટાડો થયો છે એ હકીકત છે. ૨૦૦૪-૦૫માં ૧૦૦ કરોડ રૂપિયા મળ્યા હતા અને એની આગળ લગભગ ૧૦૦ કરોડની રૂપિયા આસપાસ દર વરસે મળ્યા છે. ૨૦૦૫-૦૬માં ૯૨, ૨૦૦૬-૦૭માં ૫૩, ૨૦૦૭-૦૮માં ૬૯, ૨૦૦૮-૦૯માં ૬૪ અને હમણાં ૨૦૦૯-૧૦માં પાછા ૮૭ કર્યા છે. એમાં ૧૦૦ કરોડથી ૮૭ કરોડની સફરમાં ૫૩, ૬૯, ૬૪ આ બધા આંકડા કરતા વધારે અગત્યની વસ્તુ એ છે કે અત્યારે ૧૦૦ કરોડ પણ પર્યાપ્ત નથી. ૧૦૦ કરોડ રૂપિયાની જગ્યાએ ગુજરાત જેવું જે સરહદી રાજય છે જ્યાં જમીનની સરહદ અને દરિયાઈ સરહદ બન્ને એકદમ પાકિસ્તાનને અડીને આવેલ છે ત્યાંના પોલીસ ફોર્સને મોડર્નાઇઝ કરવા માટેની જે ગ્રાન્ટ છે એની અંદર સ્પેશ્યલ કેસમાં વધારો કરવો જોઈએ એની જગ્યાએ ઘટાડો કર્યો છે અને અમે માગણી પણ કરી છે. આંતરિક સલામતી માટેની જે મુખ્યમંત્રીશ્રીઓની અને કેન્દ્રના મંત્રીશ્રીઓની વડાપ્રધાનની અધ્યક્ષતામાં જે મિટીંગ થાય છે એમાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ વારંવાર આ વાત દોહરાવી છે કે ગુજરાતને એક પ્રાયોરિટિ આપવામાં આવે, પ્રાયોરિટિ ના આપવામાં આવે તો વાંધો નહિ પણ જે આપતા હતા એમાં ઓછું કરવામાં ન આવે, માનનીય અધ્યક્ષશ્રી હજી ઘણા કામો બાકી છે. આ રાજય સરકાર પબ્લિક પોલીસ રેશિયો સુધારવા માગે છે એફ.એસ.એલ.ને હજુ વધુ અદ્યતન બનાવવા માગીએ છીએ. અનેક પ્રકારના સુધારાના કામો દરિયાઇ સૂરક્ષા માટેના પણ બાકી છે. અનેક પ્રકારના સુધારાના કામો જમીનની સરહદને મજબૂત કરવા માટેના, તેને સૂરક્ષિત કરવા માટેના પણ બાકી છે. એટલા માટે આ ગ્રાન્ટ વધારવા માટે આપણે રજૂઆત કરી છે. પરંતુ અત્યારે તો તેનું કોઈ પરિણામ દેખાયું નથી. અને જ્યાં સુધી ખર્ચનો સવાલ છે ત્યાં સુધી હું સમય ના જાય એટલા માટે બધા આંકડા નથી આપતો પરંતુ પોલીસ મોર્ડનાઈઝેશનના ફંડની અંદર ખર્ચમાં સમગ્ર ભારતમાં ટકાવારીમાં ગુજરાત એક નંબર ઉપર છે અને વધુમાં વધુ ખર્ચો કેન્દ્ર સરકારના નોમ્સ મુજબ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, તટસ્થ બંધારણીય સંસ્થા, કૉમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ બંધારણીય તટસ્થ સંસ્થા શું લખે છે સાહેબ, રાજય સરકારે પોલીસ દળની લાંબા ગાળાની જરૂરિયાત આકારવા યથાર્થ મહત્ત્વ અને સાપેક્ષ સબંધથી ધરાવતી જરૂરિયાતની યોજના તૈયાર કરેલ ન હતી. એ.એ.પી.એસ.ની સમયસર રજૂ ના થતાં આનું પરિણામ ભારત સરકાર દ્વારા મંજૂરી મળવામાં વિલંબમાં આવ્યું. આ શાના, આપના કારણે આ થયું ? આપે વિલંબથી રજૂ કર્યુ અને આગળ લખે છે કેગ કે એ.એ.પી.એસ. તેની મંજૂરી માટે SLE સમક્ષ રજૂ કરવામાં આવેલા ના હતા. યોજનાના અમલીકરણની ન તો દેખરેખ રખાઈ, ન તો પોલીસ આંતરમાળખાના આધુનિકરણ ઉપરની અસર નક્કી કરાયેલી હતી. • (xxxxx) સાહેબ. આ હું નથી કહેતો કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો રિપોર્ટ કહે છે. ત્યારે આપના કારણે આ નુકસાન ગુજરાતની જનતાને થયું છે તેની તપાસ કરીને આ વિલંબ કરનાર અધિકારીઓ સામે અથવા તો જે તબક્કે જવાબદાર હોય, જ્યાં વિલંબ થયો હોય, જેના કારણે ગુજરાતને નુકસાન થયું તેની સામે કોઈ પગલાં ભરવા માંગો છો કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : પહેલા પાના નંબર અને વર્ષ બન્ને કહી દેજોને જરા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧ માર્ચ, ૨૦૦૯ના રોજના અહેવાલમાં, પાના નંબર ૩૪ પેરેગ્રાફ ૧.૧.૨૧, ઉપસંહાર ફર્સ્ટ ફોર લાઈન The entire paragraph will establish the case.

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ હું કાઢી નાંખુ છું.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દ માનનીય વિપક્ષના નેતાએ જે વાપરવો હોય તે

**અધ્યક્ષશ્રી** : મારો વાંધો તો અગાઉના આદેશો જોડે જોડાયેલો છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે કેટના રિપોર્ટનો ઉલ્લેખ કર્યો તેના અનુસંધાનમાં મારે આ ગૃહને બહુ સ્પષ્ટતાપૂર્વક માહિતી આપવી છે. આ વાત અગાઉ પણ અખબારોની અંદર આવી ચૂકી છે. ૨૦૦૩-૦૪ની અંદર જે વસ્તુનો જે સ્કીમનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે ૨૦૦૩-૦૪થી આપણે ભારત સરકારને મોકલાવેલી છે. ૨૦૦૩-૦૪માં તેનો સૈદ્ધાંતિક સ્વીકાર થયો છે. ૨૦૦૩-૦૪ની અંદર સ્વીકાર થયા પછી એવી સ્કીમ બનાવવા માટે આખા ભારતની બધી સરકારોને મોકલવામાં આવી છે. કોઈ તબક્કે અહીંથી પૂર્તતા પૂછવામાં આવી હોય તે પૂર્તતા પાછી કરી હોય આવા ત્રણ ચાર પત્ર વ્યવહારો થયા હોય અને તે કટ ઓફ ટાઈમ ઉપર કે આજે ડેઈટ જતી રહી છે અને તેને જો ટાઈમસર આવ્યું નથી એવું માનવું હોય તો આ મારી પાસે(અંતરાય) હું એ જ કહું છું ભાઈ, કેગે તો ભારત સરકારે કહ્યું કે ટાઈમસર નથી આવ્યું તેનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ ભારત સરકારે કઈ રીતે ટાઈમસર નથી આવ્યું તેનો હું જવાબ આપું છું. આ ઑડિટ કરીને કહ્યું છે કે ભારત સરકારે એવું કહ્યું છે કે ટાઈમસર નથી આવ્યું પણ ટાઈમસર અમે મોકલ્યું છે પણ પૂર્તતાથી સંતોષ ના થાય એટલે વારે દ ડીએ..(અંતરાય)ાનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ પૂરો કરવા દે તો સારું.

**અધ્યક્ષશ્રી** : આપ જવાબ પૂરો કરો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પણ તેમને તમે જે બેઠા બેઠા બોલે છે ટોકો તો ખરાં સાહેબ, નીતિનભાઈને કાયમ આપ ટોકો છો. આપ એમને કહો સાહેબ.

**અધ્યક્ષશ્રી** : બધાને ટોકું છું એવું નથી.

**શ્રી અમિત શાહ** : જી સાહેબ, આ પૂર્તતાના લીધે થયેલું મોડું છે અને બીજી વાત ટેગનો તે એક જ રિપોર્ટ વાંચે છે. બીજો રિપોટમાં લખ્યું છે ગુજરાત સરકાર માટે તેમણે લખ્યું છે કે ગુજરાત સરકાર પાસે ગોળીઓ નથી. બંદૂકમાં છોડવા માટે ગોળીઓ નથી. બંદૂકો છે પણ ગોળીઓ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ ગોળીઓના ઓર્ડરો પણ અમે ભારત સરકારને છેલ્લાં ત્રણ વર્ષથી આપીએ છીએ પણ ગોળીઓ અમને પૂરી પાડવામાં આવતી નથી. અને ઉપરથી સરકયુલર કરવામાં આવે છે કે દર વર્ષે પ્રેકટીસ ફરજિયાત હતી તે હવે ત્રણ વર્ષે કરશો તો ચાલશે કારણકે ગોળીઓની અછત છે. * (xxxxx) તે શબ્દ પાછો ખેંચુ છું. એ બેદરકારી કોને કહેવાય એનું ઉદાહરણ ગુજરાત પોલીસની જોડે બંધૂક છે. એની અંદર ગોળીઓ નથી, અને આની જવાબદારી કેન્દ્ર સરકારની છે. આ સ્કિમ મોકલવામાં એક દિવસ પણ મોડું થયું નથી. એની પૂર્તતા તમે સ્વીકારી નથી. સ્કિમ ગુજરાત સરકારની ડિઝાઈન પ્રમાણે જ બનશે. ગુજરાતની સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ જ બનશે. અહીંની સરહદોને અનુકૂળ જ બનશે. અને સ્કિમ કેન્દ્ર સરકારે મંજૂર કરવી જોઈએ એવું મારું માનવું છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્કોટલેન્ડ પોલીસની જેટલી વિશ્વસનીયતા છે, એટલી જ દેશમાં ગુજરાત પોલીસની વિશ્વસનીયતા તરફ આપણે જઈ રહ્યાં છીએ. એનો દાખલા છે, એફ.એસ.એલ. યુનિવર્સિટીની સ્થાપના છે, એમાં..

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : એમાં જ હું આવું છું, સાહેબ. ફોરેન્સિક યુનિવર્સિટીની સ્થાપના અને લાઈ ડિટેકશન સેન્ટર જે આપણું છે, આખા દેશમાંથી અહીંયા ગુનાનું ડિટેકશન થાય એ માટે આવે છે. એટલે ગુજરાતને અભિનંદન નહીં આપવા હોય તો પણ આપવા પડે એ પ્રકારની કામગીરી ગુજરાતના પોલીસ ડિપાર્ટમેન્ટ, ગુજરાતના ગૃહમંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કરી રહ્યાં છે, ત્યારે એને અભિનંદન આપવા જ પડે. મારે વાત એ કરવી છે કે ગુજરાત પોલીસ જયારે આ રીતે સમગ્ર રાષ્ટ્રને દિશા સૂચન કરવા તરફ જઈ રહેલ છે, ત્યારે આ પોલીસ દળના આધુનિકરણની યોજનામાંથી સરકારને શું ફાયદો થયો છે, એની વિગતો માનનીય મંત્રીશ્રી આપે અને સાથે સાથે ૨૦૧૦ અને ૧૧માં પોલીસ દળના આધુનિકરણ માટે કેટલી રકમ ફાળવી અને એ રકમનો ખર્ચ આગામી દિવસોમાં સરકાર કયા કયા હેતુઓ માટે કરવા માગે છે, એની વિગતો માનનીય મંત્રીશ્રી આપના મારફતે આપે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : ૨૦૧૦-૧૧માં ૯૫.૧ કરોડની નાણાકીય રકમ ફાળવવાનો અંદાજ છે અને એમાંથી વાહનો, હથિયાર, એમ્યુનેશન, કોમ્યુનિકેશનના સાધનો, કોમ્પ્યુટરાઈઝેશન, સિકયોરિટીના સાધનો, મેગા પોલીસીંગ, ડેઝર્ટ પોલીસીંગ અને એફ.એસ.એલ.ને સુદ્દઢ કરવા માટે વાપરવાના છે. સાથે સાથે હાઉસિંગમાં જે કામો રહી ગયા છે, એને પણ હાથ પર લેવા માગીએ છીએ. હું આ તબકકે એટલો ચોકકસ ઉલ્લેખ કરવા માગું છું કે આ જે બે યુનિવર્સિટીઓ બનાવી છે, એ બે યુનિવર્સિટીઓની અંદર અમે કોઈ એમ.પી.એફ.ની ગ્રાન્ટ વાપરવા માગતા નથી. એ સંપુર્ણપણે ગુજરાત સરકારના બજેટમાંથી આ યુનિવર્સિટીઓ ચાલવાની છે. અને એના માટે એમ.પી.એફ.ની કોઈ ગ્રાન્ટ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ કીધું કે આ તો ભારત સરકારની રજૂઆત હતી કે આપણે પ્લાન સમયસર મૂકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભલામણોની અંદર જે લખ્યું છે એનો એક જ પેરેગ્રાફ સાચો છે કે ખોટો એ માનનીય મંત્રીશ્રી કહે. કે "ક્ષતિઓ, આંતર માળખાના સંદર્ભે વાસ્તવિક જરૂરિયાત જેવી કે

વહીવટી અને રહેણાક મકાનો, ગતિશીલતા, શસ્ત્ર સરંજામ, સંદેશા વ્યવહાર વગેરે નકકી કર્યા બાદ જ રાજય સરકારે પ્રોસ્પેકટીવ પ્લાન તૈયાર કરવા જોઈએ. વાર્ષિક કામગીરી યોજના આ પ્રોસ્પેકટીવ પ્લાનમાંથી આવવી જોઈએ અને ભારત સરકારને સમયસર રજૂ થવી જોઈએ." આ ભલામણ છે. એટલે એના સંદર્ભે ર પ્રશ્નો છે. એક તો એ કે કેગે એવી નોંધ કરી છે કે કેમ? કે જે નાણા કેન્દ્ર સરકારે હથિયારો લેવા માટે આપ્યા હતા, એ નાણાનો ઉપયોગ અધિકારીઓના વાહનો લેવા માટે, કલાસ-૧ અને કલાસ-૧થી ઉપરના અધિકારીઓના, એના માટે વપરાયા છે કે કેમ? અને એના માટે કેગે ટીકા કરી છે કે કેમ? અને બીજું જે કોસ્ટલ સિકયોરિટી પ્લાનની વાત થઈ છે, એમાં ૨૦૦૦ થી ૨૦૦૪ સુધી જે સરકાર હતી, એણે તો કોસ્ટલ સિકયોરિટી પ્લાન જેવું અસ્તિત્વ જ નહોતું. ૨૦૦૪ પછી જ એનું અસ્તિત્વ આવ્યું છે. અને એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીઓની પરિષદ હતી ત્યારે એમ કહ્યું કે અત્યારના વડાપ્રધાન અને અત્યારના ગૃહમંત્રીશ્રી છે, એ જે જે વખતે જે જે પ્લાન રજૂ કર્યા છે, એમાં નાણાનો પક્ષીય ધોરણો ધ્યાનમાં લીધા વગર અમને મદદ કરી છે એ વાત સાચી છે કે કેમ, એ ગૃહના રેકર્ડ ઉપર કહે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સૌથી છેલ્લો પ્રશ્ન પૂછયો એનો પહેલાં જવાબ આપું કે માનનીય અર્જુનભાઈને એવું થાય છે કે એમને કોઈ પકડાવી દે એ પકડીને એ અહીંયાં આવે છે અને પછી ફસાઈ જાય છે. અત્યારે પણ જે ઉલ્લેખ કર્યો કે મુખ્યમંત્રીશ્રીએ એવું કહ્યું કે વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રીએ નાણાં વધારે ફાળવ્યાં. તો આવું કશું જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્યાં આગળ કહ્યું નથી. અર્જુનભાઈ ભલે અટ્ટહાસ્ય કરે, પરંતુ એ ત્યાં હાજર નહોતા અને હું ત્યાં આગળ હાજર હતો, હું બાજુમાં જ બેઠો હતો અને એ એવું કશું જ બોલ્યા નથી અને આ રેકર્ડ ઉપરની વાત છે. ઓછામાં ઓછા સો કેમેરા ટેપ કરતા હોય છે, પરંતુ એમને કોઈ પકડાવી દે એ લઈને અહીં આવી જાય છે અને પછી આશરામ જેવું થાય છે, તકલીફ એ થાય છે.

બીજો એક મુદ્દો ઉભો કર્યો કે દરિયાઈ સૂરક્ષા માટેનો પ્લાન એમાં હું ગૌરવપૂર્વક કહેવા માગું છું કે દરિયાઈ સૂરક્ષા માટેનો પ્લાન અને એ ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ભારતને આપેલ એ એક મોટું યોગદાન છે. આ ગુજરાત સરકારે ૨૦૦૩, ડિસેમ્બરમાં કેન્દ્ર સરકારને આ પ્લાન મોકલાવ્યો હતો (અંતરાય) તમે આખું સાંભળો તો ખરા. આ પ્લાન તૈયાર કરીને અહીંથી મોકલાવ્યો હતો, ગુજરાત સરકારે મેકલાવ્યો હતો ને એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે એનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. વચ્ચે ચૂંટણી થઈ અને યુ.પી.એ.ની સરકાર આવી અને હું પહેલાં રાજકીય અવલોકન કરવા માગતો નહતો, પરંતુ એમણે કર્યુ છે. એટલે પહેલાં હું કેન્દ્ર સરકાર શબ્દ વાપરતો હતો, પરંતુ એમણે ફરજ પાડી છે એટલે કહું કે ૪૫૮ કરોડ રૂપિયાના પ્લાનને એન.ડી.એ.ની સરકારે સૈધ્ધાંતિક મંજૂરી આપી હતી એને ૧૯૯૪ થી આજે ૨૦૧૦ના દિવસ સુધી ખાલી ૫૮ કરોડ રૂપિયા આ યુ.પી.એ.ની સરકારે આપ્યા છે. ૪૦૦ કરોડ રૂપિયાનો આખો પ્લાન કેન્દ્ર સરકારે ખોરંભે પાડયો છે અને દરિયાકાંઠો રેઢો પડયો છે એમને સહજ પણ ગંભીરતા હોય તો વિધાનસભામાં ખોટા મુદ્દા ઉભા કરવાના બદલે દિલ્હીની ટિકિટ કઢાવીને ત્યાં કેન્દ્ર સરકાર પાસે જાય અને બાકીના ૪૦૦ કરોડ રૂપિયા લાવવામાં મદદ કરે.

## બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના આધારિત નહેરોમાં સિંચાઈનું પાણી

*** ૧૩૬૪૮ શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના આધારિત નહેરોથી સિંચાઈ માટે પાણી કયારે આપવામાં આવશે, અને

(૨) કેટલી જમીનને તો લાભ મળશે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના આધારિત નહેરોથી સિંચાઈ માટે પાણી શકય તેટલી ઝડપથી આપવાનું આયોજન છે.

(૨) તબકકાવાર ૧,૬૭,૯૮૫ હેકટર ખેડાણલાયક જમીનને સિંચાઈનો લાભ મળશે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાં છે કે મારા બનાસકાંઠા જિલ્લામાં થરાદ તાલુકામાં ગરીબ કલ્યાણ મેળામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી કે સમગ્ર બનાસકાંઠા જિલ્લાના તમામ ખેતરોમાં નર્મદાનું પાણી વહેંચવાનું છે અને એ બદલ હું સમગ્ર બનાસકાંઠા જિલ્લાની જનતા વતી તેમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાથી કઈ કઈ નહેરોથી પીયતનો કેટલો લાભ મળવાનો છે. મારો બીજો પ્રશ્ન એ છે કે બનાસકાંઠા જિલ્લાના તાલુકાવર કેટલાં ગામોને પીયતનો લાભ નર્મદા યોજના મારફતે મળવાનો છે? સાથે સાથે મારું એક નમ્ર સૂચન પણ માનનીય સિંચાઈ મંત્રીશ્રીને છે કે કાંકરેજ તાલુકાના ઉમરી ગામે ૧૫ થી ૨૦ નિગમના બોર ચાલે. છે અને ત્યાં ભૂગર્ભ ચેકડેમ

બનેલો છે અને બાજુમાંથી જ સુજલામ્ સુફલામ્ નહેર જાય છે. તો અત્યારે આ ચેકડેમમાં પાણી નાંખવામાં આવે તો ૨૦-૨૫ આજુબાજુનાં ગામનાં તળ ઉંડાં ગયાં છે એને લાભ મળે છે. એ ગામોને પણ લાભ મળી શકે તેમ છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છેએમાં બનાસકાંઠા જિલ્લાના ૫ તાલુકા માટે કુલ ૮ નર્મદાની કેનાલની શાખાઓ દ્વારા ૧,૬૭,૯૮૫ હેકટર જમીનને સિંચાઈની વ્યવસ્થા આપવાનું આયોજન થયેલ છે એમાં કાંકરેજ તાલુકામાં ૧૨,૬૧૮ હેકટર, દીયોદર તાલુકામા ૧૩૯૦ હેકટર, ભાભર તાલુામાં ૩૨,૫૯૩ હેકટર, વાવ તાલુકામાં ૯૯,૭૫૨ હેકટર અને થરાદ તાલુકાની ૨૧,૦૪૭ હેકટર એમ કુલ ૧,૬૭,૯૮૫ હેકટર બનાસકાંઠા જિલ્લાની જમીનને નર્મદા યોજના દ્વારા સિંચાઈનો લાભ મળવાનો છે.

માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે કેટલાં ગામાને આનો લાભ મળવાનો છે? તો કાંકરેજ તાલુકાનાં ૨૫ ગામ, દિયોદર તાલુકાનાં ૫, ભાભર તાલુકામાં ૪૯, વાવ તાલુકાનાં ૧૧૪ અને થરાદ તાલુકાનાં ૪૨ એમ બનાસકાંઠા જિલ્લાનાં કુલ ૨૩૫ ગામોને સિંચાઈનો લાભ આ નર્મદા યોજના થકી મળવાનો છે. એમણે ત્રીજો પ્રશ્ન કર્યો એ પ્રમાણે કુલ ૮ કેનાલો દ્વારા પાણી આપવાનું આયોજન છે અને તમામ કેનાલોનું કામ વિવિધ તબકકે અત્યારે પ્રગતિમાં છે.

**અધ્યક્ષશ્રી:** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યને ક્રુડ ઓઇલ અને ગેસ પર મળેલ રોયલ્ટી

૧૩૦૯૯ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યને ક્રુડ ઓઇલ અને ગેસ પરની કેટલી રોયલ્ટી મળી,

(૨) આ રકમ ગત વર્ષ કરતાં ઓછી છે કે કેમ, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોનો પરામર્શ કરીને તા.૧૭-૦૩-૨૦૦૩ના જાહેરનામાંથી ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી નક્કી કરવાની નિયત કરેલ પદ્ધતિ પ્રમાણે વાસ્તવમાં રાજ્યને વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂ. ૨૮૨૭.૭૯૬ કરોડ રોયલ્ટી મળવાપાત્ર હતી પરંતુ કેન્દ્ર સરકારે એક પક્ષીય નિર્ણય લઈને રાજ્ય સરકારનો પરામર્શ ર્ક્યા સિવાય તા.૧૭-૦૩-૨૦૦૩ની ફોર્મ્યુલાની અવગણના કરીને ક્રુડ ઓઈલ અને ગેસનાં બજાર ભાવને બદલે વળતર બાદની કિંમતના આધારે રોયલ્ટી ચુકવતાં રાજ્યને ખરેખર આ સમયમાં માત્ર રૂ. ૧૨૯૬.૭૯૬ કરોડ જેટલી રોયલ્ટી મળી છે. આમ આ સમયગાળામાં કેન્દ્ર સરકારે અપનાવેલી અન્યાયી પદ્ધતિને કારણે રાજ્યને એક વર્ષમાં રૂ.૧૫૩૧ કરોડ જેટલી જંગી રકમનું નુક્સાન થયું છે. તે ઉપરાંત વર્ષ ૨૦૦૯-૧૦માં (જાન્યુઆરી-૨૦૧૦ સુધીમાં) મળવાપાત્ર રૂ. ૧૬૪૩.૬૬૩ કરોડ સામે રૂ. ૧૩૪૨.૬૬૩ કરોડ એટલે કે રૂ.૩૦૧ કરોડ જેટલી રોયલ્ટી ઓછી મળી છે આમ એકંદરે રાજ્યને વર્ષ ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦ (જાન્યઆરી - ૨૦૧૦ સુધી)માં કુલ રૂ. ૧૮૩૨ કરોડ જેટલું રોયલ્ટીની આવકમાં નુક્સાન થયેલ છે.

રાજ્ય સરકારે આ અંગે અવારનવાર કેન્દ્ર સરકારને રજૂઆતો કરેલ છે, પરંતુ રાજ્ય સરકારની આ ન્યાયી માંગણી અગમ્ય કારણોસર કેન્દ્ર સરકારે આજ દિન સુધી સ્વીકારેલ નથી.

-------------

**દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર પેસેન્જર વાહનોને કાયદેસર પરમીટ આપવા બાબત**

૧૧૮૧૫**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં, દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર પેસેન્જર વહન કરતા વાહનો સામે કેટલા કેસ નોંધાયા, અને

(૨) આવા વાહનોને કાયદેસર પરમીટ આપવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગેરકાયદેસર પેસેન્જર વહન કરતા ૧૦૬૯ વાહનો ઉપર કેસો નોંધાયા છે.

(૨) ગેરકાયદેસર પેસેન્જર વહન કરતા ખાનગી જીપોના વાહનમાલિકો જો ઇચ્છતા હોય તો, મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ની કલમ-૫૨ તથા ગુજરાત રાજ્ય મોટર વ્હીકલ નિયમોના નિયમ-૫૩માં કરાયેલ વખતો વખતની જોગવાઇ અનુસાર ખાનગી જીપોને ટેક્ષીમાં કન્વર્ટ કરાવી, કલમ-૭૪ હેઠળ કોન્ટ્રેક્ટ કેરેજ પરમીટ મેળવી શકે છે.

-------------

**અમદાવાદમાં સરદારનગર અને છારાનગર વિસ્તારમાં દારૂની ધમધમતી ભઠ્ઠીઓ**

૧૨૦૭૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતેના ૨૦૦૯ના વર્ષના લઠ્ઠાકાંડ બાદ પણ સરદારનગર, છારાનગર વિસ્તારમાં દારૂની ધમધમતી ભઠ્ઠીઓ અને હેરાફેરી ચાલતી હોવાની તેમજ માથાભારે બુટલેગરોની અસામાજીક પ્રવૃત્તિઓ અંગેની કેટલી ફરીયાદો છેલ્લા એક વર્ષમાં તા. ૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ મળી,

(૨) સરકારે તે અંગે ક્યારે ક્યારે શી કાર્યવાહી હાથ ધરી, અને

(૩) કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ સામે તે બદલ કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૨૯-૦૧-૨૦૧૦ની સ્થિતિએ ૮૧ ફરીયાદો મળી.

(૨) સને ૨૦૦૯માં પ્રોહીબીશન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તેમજ બુટલેગરો વિરૂધ્ધ કુલ ૮૪૫૪ રેઇડો કરવામાં આવી, જેમાં ૭૫૦ સફળ રેઇડોમાં ૭૮૦૮ લીટર દેશીદારુ કિંમત રૂા. ૧,૫૬,૧૬૦ તેમજ પરપ્રાંતનો ૧૮૯૧ બોટલ.- કિંમત રૂા. ૫,૫૬,૧૦૦ તેમજ દેશીદારુ ગાળવા માટેનો વોશ ૫૮૦૦ લીટર, કિંમત રૂા. ૧,૧૬,૦૦૦નો જથ્થો પકડવામાં આવેલ છે, આ અંગે પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમાં દારુબંધીની અસરકારક અમલવારી માટે પાસા હેઠળ ૭૦, હદપારી-૩, પ્રોહીબીશનની કલમ-૯૩ હેઠળ ૨૨૨ તેમજ સી.આર.પી.સી. કલમ ૧૨૨(૨) મુજબ ૧૧ ફરીયાદો મુકવામાં આવેલ અને સી.આર.પી.સી. કલમ ૧૫૧ મુજબ ૩૩ બુટલેગર ઇસમો સામે અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

(૩) સરદારનગર પો.સ્ટે.ની હદ વિસ્તારમાં સીટી ક્રાઇમ બ્રાંચે કરેલ રેઇડ અંગે પ્રોહી. ગુ.ર. નં. ૫૦૧૦/૦૯ મુજબ ચાર અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ અને પી.સી.બી. શાખાએ કરેલ રેઇડ અંગે પ્રોહી.ગુ.ર. નં. ૫૧૬૨/૦૯ મુજબ ત્રણ અધિકારીઓ વિરૂધ્ધ ખાતાકીય રાહે પગલાં લેવામાં આવ્યા છે.

## અમદાવાદ શહેર અને જિલ્લામાંથી પોલિસ જાપ્તામાંથી ભાગી ગયેલા ગુન્હેગારો

૧૨૩૮૯**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૧૫-૧-૨૦૧૦ સુધીમાં અમદાવાદ શહેર અને જિલ્લામાંથી પોલીસ જાપ્તામાંથી કેટલા ગુન્હેગારો ભાગી ગયા, તેમના નામો શું છે, અને

(૨) પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ ગુન્હેગારો અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) કુલ-૧૧ ગુનેગારો ભાગી ગયાં હતાં તે પૈકી ૫ ગુનેગારો પકડાઇ ગયા છે. અને નીચેના છ ગુનેગારો પકડવાનાં બાકી છે.

(૧) સુનીલ ઉર્ફે કાળીયો ભરતભાઇ ગુપ્તા (૨) રાજવીરસિંહ ભુરુભા ગોહીલ (૩) વસરામભાઇ શકુરભાઇ આહીર (૪) અલ્કેશ ઉદેસિંહ ભદોરિયા (૫) વિનોદકુમાર શીવરામ મહંતો (૬) દોલુભાઇ જ્યંતિભાઇ દેવીપુજક. પકડવાનાં બાકી ગુનેગારોને પકડવા માટે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

- સગાં સબંધી તથા મિત્રોને ત્યાં, તથા મળી આવવાની સંભવિત જ્ગ્યાઓને તપાસ કરવામાં આવે છે.
- ગુરેગારો વિરૂધ્ધ સી.આર.પી.સી. ની ક્લમ-૭૦ મુજ્બ વોરંટ મેળવવામાં આવેલ છે.
- તમામ સ્તરે ગુનેગારોને પકડવા કાર્યવાહી ચાલુ છે.

(૨) જવાબદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- ૧૪ કર્મચારીઓને અટક કરી ફરજ મોકૂફ કરવામાં આવેલ છે. તે પૈકી ૧૩ કર્મચારીઓ સામે ફોજદારી ગુનો દાખલ કરેલ છે. અને ચાર્જશીટ કરવામાં આવેલ છે. જ્યારે ૧ કર્મચારી સામે તપાસ ચાલુ છે.
- ગુનામાં નહીં સંડોવાયેલ પરંતુ ફરજ પ્રત્યે ક્સુર બદલ ૮ કર્મચારીઓ વિરૂધ્ધ ખાતા રાહે પગલાં લેવામાં આવેલ છે. તે પૈકી ૫ કર્મચારીઓને ફરજ મોકૂફ કરવામાં આવેલ છે.

-------------

## ભૂકંપ સંશોધન (ઈન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીક્લ રીસર્ચ) ના નવા સંશોધન પ્રોજેક્ટ

૧૨૬૯૭**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂકંપ સંશોધન (ઈન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીક્લ રીસર્ચ) ખાતે નવા સંશોધન પ્રોજેક્ટ ક્યાં ક્યાં છે, અને

**જવાબ**

(૧) ભારતમાં ગુજરાત પહેલું રાજ્ય છે જ્યાં ભૂકંપ અને સુનામી બંને બાબતોના બધા પાસાઓનો સઘન અભ્યાસ અને સંશોધન કરીને તેને આધારે વ્યવસ્થા વિક્સાવવાની કામગીરી ઇન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીક્લ રીસર્ચ ખાતે કરવામાં આવે છે. ગુજરાતનો ઘણો બધો હિસ્સો જી-૫ ઝોનમાં આવતો હોવાથી માઇક્રોઝોનેશન એટલે કે ૨૫૦ X ૨૫૦ મીટરના ટુકડાઓમાં જમીનને વહેંચીને દરેક જમીનના ટુકડાઓનો સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાનું કામ હાથ ધર્યું છે. પ્રારંભમાં ક્ચ્છ જિલ્લાના ગાંધીધામમાં પાયલોટ પ્રોજેક્ટનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને ક્લ્પસર યોજનાને ધ્યાને રાખીને બીજો પાયલોટ પ્રોજેક્ટ પ્રગતિમાં છે.

ભૂંકપ જેટલી બીજી ભયંકર બાબત સમુદ્રના કિનારે વસતા સુનામીની હોય છે. સુનામીની તીવ્રતાની અસરો અને

પ્રભાવક્ષેત્રોનો અભ્યાસ કરી વ્યવહારુ ઉકેલ શોધી દરિયાકિનારે ઓછામાં ઓછું નુકશાન કેમ થાય તે માટેના અભ્યાસો પણ થાય છે.

(૨) તેની તા.૩૧-૧-૨૦૦૯ની પરિસ્થિતી શી છે?

(૨) તમામ પ્રોજેક્ટ્સ ઉપર કાર્યવાહી ગતિમાં છે.

-------------

## ભરૂચ જિલ્લાના ખેડૂતોને નર્મદાનું પાણી આપવા બાબત

૧૧૯૩૪**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં નર્મદાના પાણી કેટલા એકરમાં ખેડૂતોને આપવામાં આવે છે, અન

(૨) બાકી રહેતા ગામોમાં આ પાણીનો લાભ આપવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના તાલુકાઓમાં કરવામાં આવેલ સિંચાઇની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | તાલુકો | થયેલ સિંચાઇ એકરમાં |
|---|---|---|
| ભરૂચ | ભરૂચ | ૧૭૯૦૫ |
| | વાગરા | ૭૭૬૦ |
| | જંબુસર | ૧૪૯૬૩ |
| | આમોદ | ૯૨૨૩ |
| | **કુલ...** | **૪૯૮૫૧** |

(૨) બાકી રહેતા ગામોમાં પાણી શક્ય તેટલી ઝડપથી આપવાનું આયોજન છે.

-------------

## અમદાવાદ જિલ્લામાં નાણાં ધીરધારનો ધંધો કરનાર વ્યક્તિઓ ધ્વારા આપવામાં આવતો માનસિક અને શારીરિક ત્રાસ

૧૧૭૮૩**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નાણાંની ધીરધારનો ધંધો કરનારા લોકો ધ્વારા ઉંચા વ્યાજદરો વસૂલાતા હોવાના કારણે અને તેમના ધ્વારા ભારે માનસિક અને શારીરિક ત્રાસ અને ધમકીઓ આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) આવા શોષણખોરો/ત્રાસ આપનારાઓ સામે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં (ગ્રામ્ય) આ અંગેની કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## આઈ.ટી. ક્ષેત્રના વિકાસ માટે માનવબળ

૧૩૬૧૬**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આઈ.ટી. ક્ષેત્રના વિકાસ માટે માનવબળ તૈયાર કરવા માટે રાજ્યએ કોઈ નીતિ જાહેર કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) : આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ મુખ્ય ચાલકબળ છે. આ વિકાસના કેન્દ્ર સ્થાને ઇન્ફર્મેશન ટેક્નોલોજી રહે છે. રાજ્ય સરકારે

(૨) જો હા, તો આ નીતિ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા ?

આ બાબતનું મહત્વ સ્વીકારી એના વિકાસ તેમજ આ વિકાસ માટે જરૂરી માનવબળ તૈયાર કરવા માટે આયોજનપૂર્વક વ્યૂહાત્મક કામગીરી કરી છે. આને પરિણામે આજે રાજ્યમાં ઇન્ફર્મેશન ટેક્નોલોજી ઉદ્યોગનો વિકાસ બળવત્તર બનતો ચાલ્યો છે. આજે ગુજરાતમાં સેંકડો બી.પી.ઓ. થકી હજારો યુવા આઇ.ટી. નિષ્ણાંતો કાર્યરત છે. કુદરતી આપત્તિઓના સમયે માત્ર આ દેશને જ નહીં પણ અમેરિકા જેવા વિકસિત દેશને પણ બી.પી.ઓ.ના માધ્યમ થકી માહિતી અપાય છે.

માનવબળના વિકાસ માટે રાજ્ય સરકારે દ ારઆંગણેથી શરૂઆત કરી રાજ્યનો દરેક કર્મચારી ""કોમ્પ્યુટર લીટરેટ"" હોય તે માટે ભરતી નિયમમાં સુધારો કરી કમ્પ્યુટર જ્ઞાનને નોકરી તેમજ બઢતી માટે ફરજિયાત બનાવ્યું છે. રાજ્યમાં આ માટેની યુનિવર્સિટી કાર્યરત છે તેની સાથોસાથ ઇજનેરી કોલેજોથી માંડી આઇ.ટી.આઇ. સુધી વિવિધ પ્રકારના કોર્ષ થકી કૌશલ્ય સર્જનનું કામ રાજ્ય સરકાર કરે છે.

આઇ.ટી.એનેબલ સેવાઓ ઉભી થાય અને ગુજરાત તેમાં અગ્રીમસ્થાને પહોંચે તે હેતુથી વર્ષ ૨૦૦૬માં રાજ્ય સરકારે જાહેર કરેલ આઇ.ટી.પોલીસીમાં કુશળ માનવબળના પૂરવઠામાં વધારો કરવો, આઇ.ટી. ક્ષેત્રમાં કાર્યરત માનવબળની ગુણવત્તા સુધારવા તેમજ થઇ રહેલ ટેક્નોલોજીના ફેરફારોથી તેને માહિતગાર રાખવા પ્રયત્ન કર્યા છે. ગુજરાત નોલેજ સોસાયટી તેમજ કોલેજના વિદ્યાર્થીઓ માટે કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ જેવી યોજનાઓ થકી રાજ્ય સરકારે રાજ્યમાં વિકાસની યોજનાઓ માટે તેમજ હયાત એકમોને પૂરતું માનવબળ મળી રહે તે માટેની કાળજી રાખી છે. રાજ્યની ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ""આઇ.ટી.સિક્યોરીટી"" નો તાલીમ અભ્યાસ દેશમાં પહેલીવાર આયોજિત કરી રહેલ છે તેની સાથોસાથ નાસ્કોમ સાથેના સંયુક્ત પ્રયાસથી ""નેક"" નું આયોજન પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. રાજ્યનો દરેક વિભાગ પોતાની કામગીરીમાં ઇન્ફર્મેશન ટેક્નોલોજીનો વધુને વધુ ઉપયોગ કરતો થાય તે માટે રાજ્ય સરકાર પોતાના કર્મચારી/અધિકારીઓ માટે પણ વિશીષ્ઠ તાલીમ કાર્યક્રમો ગોઠવે છે.

આઇ.ટી. ના માનવબળનો વિકાસ સંકલિત રીતે રાજ્યની ઘણી બધી સંસ્થાઓ આપતી હોઇ સમગ્રતયા આ વિષયના માનવબળ બાબત વ્યાપક કાર્યવાહી થાય છે.

રાજ્ય સરકારની આ કામગીરીને અત્યાર સુધી રાષ્ટ્રીય તેમજ વ્યાવસાયિક સંસ્થાઓ પાસેથી નીચે મુજબના વિશીષ્ઠ એવોર્ડ પ્રાપ્ત થયા છે જે આ ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી કામગીરીની અસરકારક્તાનો પૂરાવો છે.

- ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટીને ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે ૨૦૦૯ માં મંથન એવોર્ડ મળેલ છે તથા ઇ-ઇન્ડિયા એવોર્ડ પણ મળેલ છે.
- કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામને ૨૦૦૭માં મંથન એવોર્ડ મળેલ છે.

-------------

**પાદરા તાલુકામાંથી પસાર થતી ઈ.સી.પી. કેનાલની દેખરેખ**

૧૨૦૨૪**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પાદરા તાલુકામાંથી પસાર થતી ઈ.સી.પી. કેનાલની દેખરેખ કોણ રાખે છે, | (૧) પાદરા તાલુકામાંથી પસાર થતી ઇ.સી.પી. કેનાલની દેખરેખ તેમાં ભાગ લેનાર ઉદ્યોગો દ્વારા બનાવેલ કંપની એફ્લુએન્ટ ચેનલ પ્રોજેક્ટ લીમીટેડ, (ઇ.સી.પી.એલ.) વડોદરા રાખે છે. |
| (૨) તે કામ માટે અનુકૂળ છે તે અંગેનું પ્રમાણત્ર કોણ આપે છે, | (૨) આ ચેનલ ઉપયોગ માટે વાપરી શકાય અને યોગ્ય છે તે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ""કન્સેન્ટ ઓર્ડર"" દ્વારા પ્રમાણિત થાય છે. |
| (૩) જો આપેલ હોય તો ક્યારે આપેલ છે, અને | (૩) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કન્સેન્ટ ઓર્ડર તા. ૦૬-૧૨-૨૦૦૯ના રોજ આપેલ છે. |
| (૪) તેની સમયમર્યાદા કેટલી ? | (૪) આ કન્સેન્ટ ઓર્ડર તા. ૧૩-૦૯-૨૦૧૦ સુધી અમલમાં રહેશે. ત્યાર બાદ તેને રીન્યુ કરવાનો રહેશે. |

-------------

**રક્ષાશક્તિ યુનિવર્સિટી શરૂ કરવા બાબત**

૧૨૪૧૮**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં રક્ષા શક્તિ યુનિવર્સિટી ક્યારથી શરૂ કરવામાં આવનાર છે, અને<br>(૨) આ યુનિવર્સિટીમાં ક્યા ક્યા અભ્યાસક્રમો હાથ ધરાનાર છે ? | (૧) અને (૨) : રાજ્યના યુવાનોને પોલીસદળમાં અને અન્ય સુરક્ષાદળોમાં ભરતી માટે તેયાર કરવા માટે ખાસ પ્રકારના અભ્યાસક્રમો ચલાવવા રાજ્યમાં રક્ષા શક્તિ યુનિવર્સિટી રચવાનું વિચારવામાં આવેલ અને આવી યુનિવર્સિટીની રચના માટે રાજ્ય વિધાનસભામાં બિલ પસાર કરવામાં આવેલ. જેથી ""ધી રક્ષા શક્તિ યુનિવર્સિટી એક્ટ-૨૦૦૯"" હેઠળ ૨૦૦૯ના વર્ષમાં રાજ્યમાં રક્ષા શક્તિ યુનિવર્સિટી સ્થાપવામાં આવી છે. રાજ્ય સરકારે આ યુનિવર્સિટીમાં ડાયરેક્ટર જનરલ, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ તેમજ રજીસ્ટ્રારની નિમણૂકો કરી દીધી છે. યુનિવર્સિટી આગામી જુન ૨૦૧૦ થી તેનું શૈક્ષણિક સત્ર શરૂ કરશે. જેમાં પોલીસ વિજ્ઞાન અને આંતરિક સુરક્ષા માટેના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. સર્ટીફીકેટ કોર્ષ, ડીપ્લોમાં, સ્નાતક અને અનુસ્નાતક વગેરે કોર્ષ તબક્કાવાર શરૂ થશે. હાલમાં અમદાવાદ ખાતે હંગામી ધોરણે યુનિવર્સિટી તેની શૈક્ષણિક કામગીરી શરૂ કરશે. |

-------------

**હેલીકોપ્ટર અને પ્લેનની મરામત પાછળ થયેલ ખર્ચ**

૧૨૫૯૦**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી માટે રાખેલ હેલીકોપ્ટર અને પ્લેનની મરામતની કામગીરી પાછળ કેટ કેટલો ખર્ચ થયો, અને<br>(૨) તે અન્વયે ઈંધણનો કેટ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : મુખ્યમંત્રીશ્રી માટે હેલીકોપ્ટર અને પ્લેન રાખવામાં આવેલ નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## દક્ષિણ ગુજરાતના ધોલાઈ બંદરના વિકાસ માટે કરેલ ખર્ચ

**૧૩૬૦૫શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દક્ષિણ ગુજરાતમાં ધોલાઈ બંદરના વિકાસ માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે ક્યાં ક્યાં કામ માટે કેટલો ખર્ચ કરેલ છે,

(૨) ક્યા ક્યા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બંદર ખાતે ક્યા કામો હાથ પર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : દક્ષિણ ગુજરાતમાં માછીમારીની સુવિધા માટે મત્સ્ય બંદર ન હોવાથી દક્ષિણ ગુજરાતના માછીમારોને માછીમારી માટે મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઇ બંદરનો ઉપયોગ કરવો પડતો હતો. જેને લીધે દક્ષિણ ગુજરાતના માછીમારોને મહારાષ્ટ્રના માછીમારો સાથે સંઘર્ષમાં પણ ઉતરવું પડતું હતું.

ગુજરાત સરકારના આગવા પ્રયત્નોથી દક્ષિણ ગુજરાતના માછીમારોને માછીમારીમાં સમય, ઇંધણનો બચાવ થાય તે હેતુથી રૂા. ૧૪.૭૭ કરોડની યોજનાને મંજુર કરવામાં આવેલ અને હાલ ધોલાઇ ખાતે ૪૧૦ મીટર લાંબી જેટી, રીક્લેમેશન, રીવેટમેન્ટ અને આનુષાંગિક સુવિધાઓ (બિલ્ડીગ)ના કામો કુલ રૂા.૧૧.૫૧ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

છેલ્લા બે વર્ષમાં ધોલાઇ ખાતે બંદર ઉપર માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટેના જુદા જુદા કામો રૂા. ૧.૫૬ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ધોલાઇ ખાતે બોટ પાર્કિંગ, પાણી પુરવઠો અને પર્યાવરણના રૂા. ૧.૭૪ કરોડના કામો પ્રગતિમાં છે.

-------------

## રાજ્યની યોજનાઓ અને રાષ્ટ્રીય કાર્યક્રમોના પ્રચારાર્થે યોજાયેલ કાર્યક્રમો

**૧૨૫૮૮શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની યોજનાઓ અને રાષ્ટ્રીય કાર્યક્રમોના પ્રચારાર્થે માહિતી ખાતા ધ્વારા દરેક જિલ્લાઓમાં તાલુકા મથકો અને ગામડાઓમાં કલાકારોના કાર્યક્રમો યોજવામાં આવે છે. જે અંતર્ગત તા.૧-૧-૨૦૦૮થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધી રાજકોટ જિલ્લામાં ક્યા સ્થળો પર ક્યા ક્યા કલાકારોના કાર્યક્રમ યોજાયા અને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) યોજાયેલા કાર્યક્રમોનો લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૩) કલાકારની પસંદગી અને કાર્યક્રમો ફાળવવાના નીતિ નિયમો શું છે ?

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૮થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી રાજકોટ જિલ્લાના તાલુકા મથકે તથા ગામડાઓમાં ૨૫૦ કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમ લોકડાયરા, ભવાઇ, પપેટશો તથા કથાકિર્તનના કલાકારોના હતા. આ માટે રૂા. ૪,૫૦,૫૦૦/- ની રકમ ચુકવવામાં આવી આ કાર્યક્રમોના સ્થળોની માહિતી *** પત્રક-અ** માં દર્શાવી છે.

(૨) રાષ્ટ્રીય યોજનાઓ તથા રાજ્ય સરકારની લોક કલ્યાણકારી યોજનાઓ તથા લોક શિક્ષણ માટે યોજવામાં આવેલ આ કાયક્રમો સાર્વજનિક અને વિના મૂલ્યે હોય છે. જેમાં ગામડાઓમાં બાળકોથી માંડી અબાલવૃધ્ધ સહિત મોટી સંખ્યામાં લોકો હાજરી આપતા હોય છે.

(૩) સામાન્ય રીતે જિલ્લાના સ્થાનિક કલાકારોને પ્રાધાન્ય આપવામાં આવે છે. કલાને પ્રોત્સાહન આપવાની રાજ્યની જવાબદારી છે. કલાકારોના અનુભવો ધ્યાનમાં લઇને તેઓને પ્રાથમિકતા આપવામાં આવે છે.

### પત્રક - અ

### રાજકોટ જિલ્લામાં યોજાયેલ કાર્યક્રમના સ્થળોની માહિતી

દેરડી કુંભાજી, વેકરી, કમરકોટડા, ઉપલેટા, નવી સાંકળી, જુની સાંકળી, ડુંગરકા, નારણકા, ખંભાળા, સાંગાણવા, ડેયા, અરડોઇ, જસદણ, સરતાનપર, જાબુંડીયા, જામસર, જસમતગઢ, ખરેડા, બરવાળા, રાતી દેવડી, હોલમઢ, ધુજડા (સ), જબલપુર, માળીયા, માટેલ, ભીમગુડા, ઓળ, સોખડા, અમરગઢ, ઢાંઢીયા, જેતપુર, આંબરડી, ભાડલા, ગોખલાણા, નારણકા, અરડોઇ, ઢોલરા, કોલકી, પાનેલી, ડુમીયાણી, બેલડા, ખજુરડા, ચરેલ, દેદરવા, બોરડીસમઢીયાળા, જામકંડોરણા, રાણેકપર, વાંગધ્રા, મહેન્દ્રગઢ, રોહિશાળા, મોટા દહિસરા, બારવણ, હરીપર, મેટોડા, ચાંદલી, નગરપીપળીયા, ચાંપાબેડા, જુની મેંગણી, અનિડા, વાછરા, ઉપલેટા, કાળીપાટ, મોટી મારડ, વાડોદર, જેતપુર,

મોટી પરબડી, ભુતવડ, વેજાગામ, વેજાગામ, હડમતીયા, મીતાણા, અકાળા, બોરડી સમઢીયાળા, ચાંપરાજપુર, ધોરાજી, સિંધાવદર, તિથવા, રસીકગઢ, ગોંડલ, કસ્તુરબાધામ, માલીયાસણ, કુવાડવા, માર્કેટીંગ યાર્ડ, રાજકોટ, હિરાસર, પારેવાળા, કુચિયાદડ, સાતડા, વાંકવડ, ગોરીદડ, જેપુર, પંચાસર, અમરસર, પડધરી, ખાખરેચી, મેઘપર, કંટોલીયા, મસીતાળા, બરવાળા, ખેવાળીયા, ખાખરાળા, મોરબી, ભોજપરા, ખાંડાધાર, મેખાટીબી, મેખાટીંબી, વીરપરડા, મોડપર, બીલીયા, મોટાદડવા, બંધીયા, મોટી ચણોલ, વચલી ઘોડી, લોધીકા, મેટોડા, મોટા રામપર, આંદરણા, વેરાવળ, જનડા, વિંછીયા, વાંગધ્રા, સાણથલી, કમળાપુર, કુચીયાદડ, આંસલપુર, સનાળી, કાનપર, ટંકારા, બેલડા, સનાળા, જુની મેંગણી, ઘોઘાવદર, સેવંત્રા, કોલકી, નગર પીપળીયા, રબારીકા, ખારચીયા,કોટડાસાંગાણી, વાવડી, પીપરડી, રંગપર, ભુતવડ, સાજડીયાળી, બંધીયા, ઉજળા, છત્તર, કેરાળા, હરબટીયાળી, ફતેપર, ખીરઇ, વાધરવા, વાંકાનેર, મોટી પાનેલી, ખાખીજાળીયા, ચીખલી, સુલતાનપુર, માણાબા, ખાખરેચી, માખાવડ, સાંગણવા, સાપર, વેરાવળ, રોઘેલ, ખાટલી, લજાઇ, મોરબી, સુપેડી, નાનીવાવડી, પંચાસીયા, અમરસર, સિંધાવદર, વિડી ભોજપરા, પંચાસર, ચીખલીયા, મેખાટીંબી, મોરબી, અજમેર, અમરાપુર, હરિપર, નવી ચણોલ, વિસામણ, ચકમપર, આંદરણા, ઉંચી માંડલ, ગોંડલાધાર, મોઢુકા, લાલવદર, ફુલઝર, કાળાસર, મેઘાવડ, નવા માત્રાવડ, જસાપર, લજાઇ, હિરાપર, રાજાવડલા, ગુંદાસરા, હાથસણી, મેઘવાડીયા, માધવીપુરા, નવાગામ આણંદપર, ખડવાવડી, ક્નેસરા, કોઠી, ભાડલા, ભંડારીયા, ભડીયાદ, લીલાપર, અમરસર,  અમરસર, નાનીબરાર, દંઢીસરા, ટીમડી, ખજુરડા, જુના રાજપીપળા, જુના રાજપીપળા, લાલપર, લાલપર, કલ્યાણપર, કલ્યાણપર, મેસવડા, મેસવડા, જમનાવડ, જમનાવડ, નાનીલાખાવડ, નાની લાખાવડ, ફતેપર, ફતેપર, રાયડી, રાયડી, રાતીદેવળી, રાતીદેવળી, રામોદ, રામોદ, ખીરસરા, ખીરસરા, ઝાંઝમેર, મોટી પરબડી, તોરણીયા, નાની પરબડી, ફરેણી, ચીચોડ, પાટણવાવ, નાનીવાવડી મોટીવાવડી, પીપરડી, સનાળી, આસલપુર, ભડલી, વેરાવળ, કાજરડા, હંજીયાસર, બગસરા.

-------------

**નવસારી, સંખેડા, ક્વાંટ, જેતપુર-પાવી તાલુકામાં નર્મદા મેઈન કેનાલના પૂર્વ કાંઠા તરફ નર્મદા યોજનાના વિસ્થાપિતોની વસાહતો**

૧૧૯૩૩**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના નસવાડી-સંખેડા-ક્વાંટ-જેતપુર પાવી તાલુકાના નર્મદા મેઈન કેનાલના પૂર્વ કાંઠા તરફ નર્મદા યોજનાના વિસ્થાપિતોની કેટલી વસાહતો આવેલી છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના નસવાડી, સંખેડા, ક્વાંટ, જેતપુર-પાવી તાલુકાના નર્મદા મેઈન કેનાલના પૂર્વ કાંઠા તરફ નર્મદા યોજનાના વિસ્થાપિતોની કુલ-૨૭ વસાહતો આવેલી છે. |
| (૨) તે અન્વયે કેટલા વિસ્થાપિત ખેડૂતોને નર્મદા કેનાલમાંથી સિંચાઈની સુવિધા મળતી નથી, અને | (૨) ચાર તાલુકાઓની ૨૭ વસાહતોના ૮૦૭ વિસ્થાપિત ખેડૂતો પેકી ૧૧૭ને નર્મદા અને સુખી કેનાલમાંથી સિંચાઇ સુવિધા મળે છે, જ્યારે ૬૯૦ વિસ્થાપિતો પેકી ૫૮૮ ખેડૂતોને ટયુબવેલ, ખુલ્લા કુવા, ડીઝલ પંપ તથા એચ.ડી.પી.ઇ. પાઇપો અને ઉદ્‌વહન સિંચાઇ યોજનાઓ દ્વારા સિંચાઇ સુવિધા આપવામાં આવી છે. |
| (૩) આવા ખેડૂતોને સિંચાઈ સુવિધા આપવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) આવા ખેડૂતોને ટયુબવેલ, ખુલ્લા કુવા, ડીઝલ પંપ તથા એચ.ડી.પી.ઇ. પાઇપો અને ઉદ્‌વહન સિંચાઇ યોજનાઓ દ્વારા સિંચાઇ સુવિધા આપવામાં આવી છે અને ૧૦૨ વિસ્થાપિત ખેડૂતોને સિંચાઇ સુવિધાવાળી જમીનો બતાવી પસંદગી કરવા વિકલ્પ આપવામાં આવી રહયા છે. |

-------------

**સાવરકુંડલા તાલુકા અને શહેરમાંથી કુટિર ઉદ્યોગ માટે આવેલ અરજીઓ**

૧૩૧૧૧**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય કુટિર-ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં અને શહેરમાં રહેતા કુટિર ઉદ્યોગ માટે લોન અને સહાય મેળવવા માટે અરજદારોની તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવેલી છે, | (૧) ૬૬૫. |

(૨) કુટિર ઉદ્યોગ ધ્વારા આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ૨૦૬.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરેલ છે, અને તેના શાં કારણો છે ?

(૩) કુલ ૩૧૪.

**નામંજૂરીના કારણો જી. ઉ. કેન્દ્ર કક્ષાએ**

| | |
|---|---|
| (૧) ઉંમર નિયત કરતા વધારે હોવાથી - | ૧૬ |
| (૨) સમયસર દર્શાવેલ પુરાવા રજુ ન કરવાથી | ૫૭ |
| (૩) ધંધાનો પ્રાથમિક રીતે અનુભવ ન હોવાથી | ૪૭ |
| **કુલ :** | **૧૨૦** |

**નામંજૂરીના કારણો બેન્ક કક્ષાએ**

| | |
|---|---|
| (૧) અરજદાર બેન્કના બાકીદાર હોવાથી - | ૫૫ |
| (૨) ધંધો આર્થિક રીતે અર્થક્ષમ લાગતો ન હોવાથી | ૫૫ |
| (૩) બેન્કને જરૂરી આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી | ૮૪ |
| **કુલ :** | **૧૯૪** |

-------------

## ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાદ મહેસૂલી આવકમાં વધારો થવા અંગે

૧૩૫૮૩**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાદ સરકારની મહેસૂલી આવકમાં કોઈ વધારો થયો છે કે કેમ, અને

(૨) જો હા, તો ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલો વધારો થયો છે ?

**જવાબ**

(૧) અને (૨) : જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણને કારણે વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળતો હોવાથી અને ગ્રાહકોની સંખ્યામાં થયેલ વધારાને લીધે ડીસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન કુલ રૂા. ૯૭૯.૮૪ કરોડનો વધારો થયેલ છે.

-------------

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ.

૧૩૬૧૮**શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ(ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) આ અંગે રાજ્યમાં અંદાજે કેટલું મૂડીરોકાણ થશે, અને

(૩) આ સમયમાં થયેલ એમ.ઓ.યુ. ની પ્રગતિની સમીક્ષા માટે ક્યા તબક્કા નક્કી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન વ્યક્તિગત ધોરણે ૩૩૪૬ એમ.ઓ.યુ. (૩૫૭૪ પ્રોજેક્ટ માટે) અને વિવિધ ૭ એસોશિયેશન સાથે ૫૩૧૪ એમ કુલ ૮૬૬૦ એમ.ઓ.યુ. થયા છે.

(૨) રૂા. ૧૨,૩૭,૫૭૧-૦૦ કરોડ અને

(૩) આ મૂડીરોકાણ મોનીટરીંગ કરવા માટે અદ્યતન ઈન્ટિગ્રેટેડ મોનીટરીંગ સિસ્ટમ (આઈ.એમ.એસ.) સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. સોફ્ટવેરમાં મુખ્યત્વે ચાર તબક્કા નક્કી કરવામાં આવ્યા છે.

(૧) પ્રોજેક્ટ કમીશન્ડ, (જમીન મેળવી, જરૂરી મંજૂરી મેળવી ઉત્પાદનમાં ગયા હોય તેવા પ્રોજેક્ટ) (૨) પ્રોજેક્ટ અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન (જમીન મેળવી, બાંધકામ શરૂ કરેલ હોય અથવા કોઈ એક મંજૂરી મેળવી હોય કે તે માટે અરજી કરી હોય) (૩) પ્રોજેક્ટ ડ્રોપ (એકમ તરફથી નોડલ ઓફીસરને પ્રોજેક્ટ પડતો મૂકવાની જાણ કરી હોય) અને (૪) પ્રોજેક્ટ એટ પ્રિલીમનરી સ્ટેજ (ઉપર (૧),(૨) અને (૩)માં સમાવેશ ન થતાં હોય તેવા પ્રોજેક્ટ)

ફેબ્રુઆરી ૨૦૦૯ની સ્થિતિએ મોટા ૧૬૫૩ પ્રોજેક્ટ (૧૪૨૫ એમ.ઓ.યુ.) પૈકી ૭૩૫ પ્રોજેક્ટ

(૪૪.૪૬%) કમિશન્ડ અને અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે. વ્યક્તિગત ધોરણે થયેલ એસએમઈનાં ૧૯૨૧ પ્રોજેક્ટ (૧૯૨૧ એમ.ઓ.યુ.) પૈકી ૧૩૧૯ પ્રોજેક્ટ (૬૮.૬૬%) કમિશન્ડ અને અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે. જ્યારે ૫૪ પ્રોજેક્ટ (૦.૬૦%) પડતાં મૂક્વામાં આવ્યા છે. અમલીકરણ હેઠળના પ્રોજેક્ટની કામગીરી ચાલુ છે જે આગામી સમયમાં પૂરા થવાની સંભાવના છે.

-------------

**કપડવંજમાં પોલિસ આવાસ બનાવવા બાબત**

૧૧૮૭૭**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પોલિસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કપડવંજમાં કેટલા પોલિસ આવાસો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૧) ૭૨ પોલિસ આવાસો. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ? | (૨) ઉક્ત ૭૨ આવાસોના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે અને અત્યાર સુધીમાં રૂ. ૧૧૧.૩૪ લાખનો ખર્ચ થયેલ છે. |

-------------

**રાજ્ય પોલિસ ફરિયાદ નિવારણ તંત્રની રચના**

૧૩૬૪૫**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યએ રાજ્ય પોલિસ ફરિયાદ નિવારણ તંત્રની રચના કરી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે અને આ તંત્રને ક્યા પ્રકારની કામગીરી સોંપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી.

મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧માં સુધારો કરીને સરકારે રાજ્ય પોલિસ ફરિયાદ તંત્ર (સ્ટેટ કમ્પ્લેઈન્ટ ઓથોરીટી) તથા જિલ્લા પોલિસ ફરિયાદ તંત્ર (ડિસ્ટ્રીકટ કમ્પ્લેઈન્ટ ઓથોરીટી) રચવાની જોગવાઈ કરી છે.

રાજ્ય પોલિસ ફરિયાદ તંત્રની કામગીરીમાં નીચેનાનો સમાવેશ થાય છે :-

(૧) નાયબ પોલિસ અધિક્ષક અને ઉપરના સંવર્ગના પોલિસ અધિકારી સામેની ગંભીર પ્રકારની ફરિયાદો તપાસવી,

(૨) કોઈ તપાસના સંદર્ભમાં કોઈ વ્યક્તિ પાસેથી ઉપયોગી લાગે તેવી માહિતી માંગવી,

(૩) સીવીલ કોર્ટની માફક કોઈ વ્યક્તિને તંત્ર સમક્ષ ઉપસ્થિત રહેવા તેમજ સોગંદ ઉપર પુરાવા તરીકે લેવા ફરજ પાડી શકે છે.

(૪) જેમાં તંત્રએ પોતે તપાસ કરી હોય તેવા કેસોમાં જરૂરી લાગે ત્યાં રાજ્ય સરકારને તે ભલામણ કરી શકે છે.

જ્યારે જિલ્લા પોલિસ ફરિયાદ તંત્રની કામગીરીમાં નીચેનાનો સમાવેશ થાય છે :-

(૧) જિલ્લામાં નિયુક્ત પોલિસ અધિકારીઓ સામેની ફરિયાદો લેવી.

(૨) પોલિસ ઈન્સ્પેક્ટર કક્ષા સુધીના અધિકારીઓ સામેની ફરિયાદોની તપાસ કરી શકે છે.

(૩) નાયબ જિલ્લા પોલિસ અધિકારીઓ અને તેની ઉપરની કક્ષાના અધિકારીઓ સામેની ફરિયાદો રાજ્ય પોલિસ ફરિયાદ તંત્રને મોકલી આપવી.

(૪) એફ.આઇ.આર. ન નોંધવા બાબતની ફરિયાદો લેવી અને તેની તપાસ કરવી.

(૫) પોલિસ અધિકારીઓ સામેની ખાતાકીય તપાસની કામગીરીનું મોનિટરીંગ કરવું.

-------------

## મહેસાણા જિલ્લામાં પોલિસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો

: ૧૩૬૪૩**શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) :માનનીય પોલિસ આવાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પોલિસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે,

(૨) કેટલા મકાનોની ઘટ છે, અને

(૩) આ આવાસોની ઘટ પૂરી કરવા સરકારે શું પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) કુલ - ૧૨૫૭ મકાનો.

(૨) કુલ - ૫૧૭ મકાનોની ઘટ છે.

(૩) આવાસોના બાંધકામ માટેની અગ્રતાયાદી, નાણાંકીય જોગવાઈ અને જે તે સ્થળે જમીનની ઉપલબ્ધતા ધ્યાને લઈને આવાસોની ઘટ પૂરી કરવાનું આયોજન કરવામાં આવે છે.

-------------

## પાટણ જિલ્લામાં રાજીવગાંધી વિજળીકરણમાં બી. પી. એલ. ના લાભાર્થીઓ

૧૩૦૭૯**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા ગામોના બી.પી.એલ. લાભાર્થીઓને રાજીવ ગાંધી વીજળી કરણ યોજના હેઠળ આવરી લેવાના બાકી છે,

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ પાટણ જિલ્લાના ૫૧૭ ગામોના ૩૯,૬૪૦ બીપીએલ લાભાર્થીઓને આર.જી.જી.વી.વાય. યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | ગામોની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ચાણસ્મા | ૫૯ | ૩૫૫૩ |
| પાટણ | ૧૩૮ | ૪૭૦૧ |
| સિદ્ધપુર | ૫૪ | ૩૨૧ |
| હારીજ | ૩૯ | ૪૫૭૫ |
| સમી | ૯૮ | ૮૫૭૩ |
| સાંતલપુર | ૭૩ | ૭૯૪૧ |
| રાધનપુર | ૫૬ | ૯૯૭૬ |
| **કુલ :** | **૫૧૭** | **૩૯૬૪૦** |

(૨) આ યોજના અંતર્ગત મોટાભાગના લોકોને વીજ જોડાણ આપી દીધેલ છે. અને કામગીરી પૂરજોશમાં ચાલુ છે. તેથી બાકી રહેલાં જોડાણો શક્ય તેટલા વહેલાં આપી દેવામાં આવશે.

-------------

## કેન્દ્ર સરકાર તરફથી પેટા પરાંના વીજળીકરણ માટે મળેલ રકમ

૧૨૨૫૩ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાના વીજળીકરણ માટે રાજ્યને કુલ કેટલી રકમ મળી,

(૨) તે પૈકી રાજકોટ જિલ્લાના કેટલા પેટા પરાંનું વીજળીકરણ થયું, અને

(૩) બાકી પેટાપરાંનું વીજળીકરણ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : પેટાપરા વીજળીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા કોઇ મદદ મળી નથી. તે જ રીતે રાજકોટ જિલ્લામાં પેટાપરાના વીજળીકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી કોઇ રકમ ફાળવવામાં આવી નથી. પરંતુ રાજ્ય સરકારની પેટાપરા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાના તમામ ૪૦૧ પેટાપરાનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

-------------

## સુરત અને તાપી જિલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ આપવા બાબત

૧૧૯૫૬**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ આપવાના બાકી છે, અને

(૨) ઉક્ત શાળાઓને વીજ જોડાણ આપવાના બાકી છે તે ક્યાં સુધીમાં આપવા માંગો છો ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં એક અને તાપી જિલ્લામાં એક એમ કુલ બે પ્રાથમિક શાળામાં વીજ જોડાણ આપવાનું બાકી હતું. જેમને આજની સ્થિતિએ વીજ જોડાણ આપી દેવામાં આવ્યાં છે.

-------------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં પશુ હેરફેરના નોંધાયેલ ગુનાઓ

૧૨૦૮૧**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં પશુની ગેરકાયદેસર હેરફેરના કેટલા કિસ્સા નોંધાયેલ છે,

(૨) આવી હેરફેર માટે કેટલાની સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) તે પૈકીના કેટલા કિસ્સાઓમાં તપાસ પછી ગેરકાયદેસર હેરફેર થયાનું માલુમ પડ્યુ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરમાં ૧૪૯ અને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં ૩૩૦ કિસ્સાઓ નોંધાયેલ છે.

(૨) અને (૩) : આવી હેરફેર માટે અમદાવાદ શહેરમાં ૩૪૫ આરોપીઓને પકડી અટક કરવામાં આવેલ છે અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે. એક વિરુધ્ધ ""પાસા"" હેઠળ પણ પગલાં લેવામાં આવેલ છે. જ્યારે, અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં ૭૨૯ આરોપીઓને પકડી અટક કરવામાં આવેલ છે અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે. અઢાર વિરૂધ્ધ ""પાસા"" હેઠળ પણ પગલાં લેવામાં આવેલ છે અને છ વિરૂધ્ધ સી.આર.પી.સી. ૧૧૦ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

-------------

## વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળની અરજીઓ

૧૩૫૭૮**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાંથી તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબની અરજીઓ આવેલ છે :-

| | તાલુકાનું નામ | આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૧૧૪૧ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨૪૫ |
| ૩ | છોટાઉદેપુર | ૬૩૫ |
| ૪ | પાવી જેતપુર | ૪૨૫ |
| ૫ | સંખેડા | ૪૮૬ |
| ૬ | ક્વાંટ | ૩૦૪ |
| ૭ | નસવાડી | ૩૮૪ |
| ૮ | શિનોર | ૮૨ |
| ૯ | ડભોઇ | ૨૫૩ |
| ૧૦ | કરજણ | ૨૧૮ |
| ૧૧ | પાદરા | ૩૫૨ |
| ૧૨ | સાવલી | ૮૮૬ |
| ૧૩ | વાઘોડીયા | ૨૫૬ |
| | કુલ.. | ૫૬૬૭ |

(૩) તે પૈકી તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મંજૂર/નામંજૂર કરવામાં આવી.

| | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ અરજીઓ | નામંજૂર કરવામાં આવેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૯૩૪ | ૭૨ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨૩૫ | ૦૭ |
| ૩ | છોટાઉદેપુર | ૫૨૮ | ૬૫ |
| ૪ | પાવી જેતપુર | ૩૩૪ | ૫૨ |
| ૫ | સંખેડા | ૨૩૨ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ક્વાંટ | ૨૧૭ | ૦૬ |
| ૭ | નસવાડી | ૨૬૫ | ૦ |
| ૮ | શિનોર | ૬૭ | ૦૩ |
| ૯ | ડભોઇ | ૧૪૭ | ૬૯ |
| ૧૦ | કરજણ | ૨૧૫ | ૦ |
| ૧૧ | પાદરા | ૨૭૫ | ૨૪ |
| ૧૨ | સાવલી | ૭૫૮ | ૨૩ |
| ૧૩ | વાઘોડીયા | ૨૧૦ | ૦૮ |
| | **કુલ..** | **૪૪૧૭** | **૩૩૯** |

-------------

## રાજ્ય લોકાયુક્તની જગ્યા બાબત

૧૨૦૭૪**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય લોકાયુક્તની જગ્યા તા.૨૯-૧-૧૦ સ્થિતિએ ભરાયેલ છે કે ખાલી, | (૧) ખાલી છે. |
| (૨) આ જગ્યા ક્યારથી ખાલી છે અને આ જગ્યા ખાલી રહેવાના કારણો શું છે, અને | (૨) તા. ૨૪-૧૧-૨૦૦૩ (કચેરી સમયબાદ) થી જગ્યા ખાલી છે. ગુજરાત લોકાયુક્ત અધિનિયમ ૧૯૮૬ માં નિર્દિષ્ટ કાર્યપધ્ધતિ અને પ્રક્રિયા પૂરી કરવામાં લાગતા સમયને કારણે જગ્યા ખાલી છે. |
| (૩) હાલ લોકાયુક્તની કામગીરી કોણ કરે છે ? | (૩) હાલ ફરિયાદ-અરજીઓ સ્વીકારવાનું કામ લોકાયુક્તશ્રીની કચેરી કરે છે. |

## નર્મદા કેનાલને મચ્છુ ડેમ સાથે જોડતી કેનાલના કામ

૧૨૭૯૪**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલ જે મચ્છુ-૨ માં જોડાવાની છે તે કેનાલોના કામ ક્યારે શરૂ થનાર છે, | (૧) નર્મદા કેનાલ (મોરબી પેટા શાખા) જે મચ્છુ-૨માં જોડાવાની છે તેના કામો ચાલુ વર્ષે શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૨) શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે? | (૩) મોરબી શાખા નહેરના બાંધકામ પાછળ રૂ. ૩૭૧.૫૪ ક્રોડ ખર્ચ થનાર છે. |

## જામનગર જિલ્લામાં ધાડ અને લૂંટના બનાવો

૧૧૮૯૮**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં ધાડ-લૂંટના કેટલા કેસો નોંધાયા, | (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધાડના ૫ અને લૂંટના ૧૧ કેસો નોંધાયા છે. |
| (૨) તે પૈકી કેટલા ગુન્હા પકડાયા અને ગુન્હેગારો પકડાયા, અને | (૨) તે પૈકી ધાડના ૫ ગુન્હામાં ૨૯ આરોપીઓ અને લૂંટના ૮ ગુન્હામાં ૧૬ આરોપીઓ પકડાયેલ છે. |
| (૩) ગુનેગારો વિરૂધ્ધ શી પોલીસ કાર્યવાહી કરવામાં આવી? | (૩) ગુનેગારો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. |

## જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણમાં આપવામાં આવતી સબસીડી

૧૩૫૯૮**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને | (૧) અને (૨) : રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વીજ બીલમાં સીધી કોઇ સબસીડી આપવામાં આવતી નથી. પરંતુ, ખેડૂતોને કૃષિ વિષયક વીજ કનેક્શનો પર થયેલ |

(૨) જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી?

વીજ વપરાશના પ્રમાણમાં રાહત દરે વીજ પુરવઠો પુરો પાડવા માટે સંબંધિત વીજ વિતરણ કંપનીઓને નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના હુકમો અન્વયે રાજ્ય સરકાર દ્વારા સબસીડી ચૂકવવામાં આવે છે.

તદનુસાર, જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા.૬૫.૮૧ કરોડ અને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા.૯૦.૨૫ કરોડની સબસીડી ચુકવાયેલ છે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં મોટર પમ્પસેટ વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના**

૧૩૧૦૭**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિઓદર, ભાભર અને થરાદ તાલુકાના ખેડૂતો માટે એનર્જી એફિસીયન્સી પમ્પની યોજના સરકાર શરૂ કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા,તો આ યોજના દિઓદર, ભાભર અને થરાદ તાલુકામાં ક્યારથી શરૂ કરવા માંગે છે?

**જવાબ**

(૧) ઉર્જા સંરક્ષણના હેતુ માટે અને ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે જુલાઇ-૨૦૦૮માં, ખેડૂતોના હયાત ખેતીવાડી પમ્પસેટ બદલી ઉર્જા કાર્યક્ષમ (એનર્જી એફીશીયન્ટ) પમ્પસેટ લગાડવાની યોજના પ્રાયોગિક ધોરણે પ્રથમ તબક્કામાં રાજ્યના ૬ જિલ્લાઓના ૧૧ તાલુકાઓમાં અમલમાં મૂકી છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા, ધાનેરા અને કાંકરેજ તાલુકાઓનો સમાવેશ થાય છે.

(૨) આ યોજના પ્રથમ તબક્કે પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવેલ હોઇ તેના મૂલ્યાંકન બાદ બીજા તબક્કામાં વધુ જિલ્લા-તાલુકાઓનો સમાવેશ કરવાની વિચારણા થઇ શકશે.

**કોડીનાર મુકામે ગાયોના પગ કાપી ઘાયલ કરવાના બનાવો**

૧૧૯૩૯**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૫-૧-૨૦૧૦ના રોજ કોડીનાર મુકામે પાંચ જેટલી ગાયોના પગો કાપી ઘાયલ કરી સીમમાં ફેકી દેવાના બનાવ અન્વયે કોના કોના તરફથી પોલીસ ફરીયાદ કરવામાં આવી, અને

(૨) આ પોલીસ ફરીયાદ કર્યા પછી કેટલા ઈસમોની તે અન્વયે ધરપકડ કરવામાં આવી?

**જવાબ**

(૧) આ બનાવ અંગે શ્રી કાનાભાઈ મસરીભાઈ બારડ, રહે. પણાદર, તા. કોડીનાર તરફથી પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે.

(૨) સદરહુ ફરીયાદના અનુસંધાનમાં કુલ ચાર આરોપીઓની તા. ૩૧-૦૧-૨૦૧૦ના રોજ ધરપકડ કરવામાં આવેલ છે.

**ભીલાડ તથા કપરાડા આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક**

૧૩૩૨૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાની ભીલાડ અને કપરાડા આર.ટી.ઓ. ચેક પોસ્ટની કેટલી આવક થઈ,

(૨) તે પૈકી ૨૪ કલાકમાં કેટલા વાહનો પાસ થાય છે, તેની કોમ્પ્યુટરાઈઝ એન્ટ્રી કરવામાં આવે છે કે કેમ, અને

(૩) તે અન્વયે ઓવરલોડ ગાડીઓ કેટલી વજન કાંટા ઉપર ચઢાવવામાં આવી, અને કેટલા ગુન્હાઓ દાખલ કર્યા?

**જવાબ**

(૧) ભીલાડ અને કપરાડા આર.ટી.ઓ. ચેક પોસ્ટની એક વર્ષની આવક રૂા.૭૬૭૮.૨૩ લાખ થઈ.

(૨) વર્ષ ૨૦૦૯ માં ૨૪ કલાકમાં સરેરાશ ૫૭૯૩ વાહનો પાસ થાય છે. ભીલાડ ખાતે કોમ્પ્યુટરાઈઝ એન્ટ્રી કરવામાં આવે છે. પરંતુ કપરાડા ખાતે હંગામી ચેકપોઈન્ટ હોવાથી કોમ્પ્યુટરાઈઝ એન્ટ્રી કરવામાં આવતી નથી.

(૩) તે અન્વયે ૭.૮૦ લાખ ઓવરલોડ ગાડીઓ વજન કાંટા ઉપર ચઢાવવામાં આવી, અને ૧.૩૪ લાખ ગુન્હાઓ દાખલ કર્યા.

## નેનો ટેક્નોલોજી જેવા અદ્યતન વિષયને પ્રોત્સાહન આપવાની યોજના

૧૩૬૧૫**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નેનો ટેક્નોલોજી જેવા અદ્યતન વિષયને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે? | (૨) રાજ્યમાં નેનો ટેક્નોલોજી જેવા અદ્યતન વિષયને પ્રોત્સાહન આપવા માટે રાજ્યમાં છ યુનિવર્સિટિમાં સેન્ટર ઓફ એક્સેલન્સ શરૂ કરવામાં આવેલ છે.<br>નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે ૧૯ જેટલા રાજ્ય/રાષ્ટ્રિય/આંતર રાષ્ટ્રિય કક્ષાના સેમિનાર/ સીમ્પોઝીયા યોજીને દેશ-વિદેશના નેનોસાયન્સ અને નેનો ટેક્નોલોજીના તજજ્ઞો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગ સાહસિકોને આમંત્રિત કરી, રાજ્યની કોલેજો તેમજ યુનિવર્સિટિના પ્રાધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓને ટેક્નીકલ અને સંશોધનને લગતી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. |

-------------

## ધોળકા તાલુકામાંથી પસાર નર્મદાની નહેરો તૂટવાથી ખેડૂતોને થયેલ નુકસાન

૧૨૯૮૭**શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોળકા તાલુકામાંથી પસાર થતી નર્મદાની નહેરો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૪ માસમાં ક્યા ક્યા ગામ પાસે કઈ કઈ તારીખે તૂટી ગઈ છે,

**જવાબ**

(૧) ધોળકા તાલુકામાંથી પસાર થતી નર્મદાની નહેરો તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૪ માસમાં નીચે જણાવેલ ગામ અને તારીખે તૂટેલ છે.

| નહેરનું નામ | ગામનું નામ | તારીખ |
|---|---|---|
| ધોળકા શાખા | પાલડી | ૨૧-૧૦-૦૯ |
| ધોળકા શાખા | સીમેજ | ૨૩-૧૦-૦૯ |
| કોઠ પેટા શાખા (સાં.૧૫૯૦૦ મી.) | કોઠ | ૨-૧૧-૦૯ |
| કોઠ પેટા શાખા (સાં.૧૫૪૭૦ મી.) | કોઠ | ૧૯-૧૧-૦૯ |
| કોઠ પેટા શાખા (સાં.૧૦૧૯૦ મી.) | રૂપગઢ | ૯-૧૨-૦૯ |
| કોઠ પેટા શાખા (સાં.૧૦૫૬૦ મી.) | રૂપગઢ | ૨૦-૧-૨૦૧૦ |
| ભૂમલી વિશાખા (સાં.૧૧૩૦૦ મી.) | ધોળી | ૧૭-૧૨-૦૯ |
| શિયાલ વિશાખા (સાં.૪૦૦ મી.) | કલ્યાણપુર | ૧-૧૦-૦૯ |

**પ્રશ્ન** (૨) આ નહેરો તૂટવાનાં શાં કારણો છે, અને

**જવાબ** (૨) આ નહેરો તૂટવાના કારણોમાં (૧) સિંચાઈ માટે પાણીની માંગમાં અચાનક જે મોટી વધઘટ થતાં સિંચાઈ વ્યવસ્થાપનની કામગીરી ખોરવાઈ જવાથી (૨) નહેરના પાળામાં પ્રાણીઓના રહેણાંકના દરો અને ચોમાસામાં પાળાના માટી કામમાં ધોવાણ વગેરે કારણોથી પાણીનું ઝમણ થતાં નહેર તૂટવાના બનાવ બનેલ છે.

**પ્રશ્ન** (૩) આ નહેરો તૂટવાથી ખેડૂતના ઊભા પાકને કેટલુ નુકસાન થયેલ છે?

**જવાબ** (૩) કોઠ પેટા શાખા (સાં.૧૫૪૭૦મી.) માં તા.૧૯-૧૧-૦૯ એ નહેર તૂટવાથી ૨.૫૦ હેકટર જમીનમાં ડાંગરના પાકને, ૫ હેકટર જમીનમાં જીરૂના પાકને અને ૪૩ હેકટરમાં ઘઉંના પાકને નુકસાન થયેલ છે. તેમજ તા.૨૦-૧-૨૦૧૦ના રોજ કોઠ પેટા શાખા નહેર (સાં.૧૦૫૬૦મી.) તૂટવાથી ૧૦ હેકટર જમીનમાં ઘ ઉંના પાકને નુકસાન થયેલ છે. બાકીના કિસ્સામાં નુકસાન થવા પામેલ નથી.

**ખંભાતના દરિયાકાંઠે પવન ઉર્જા તથા દરિયાઈ મોજામાંથી વીજ ઉત્પાદન**

૧૨૮૦૯ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ખંભાતના દરિયાકાંઠે પવન ઊર્જા તથા દરિયાઈ મોજામાંથી જળ પ્રકલ્પીત વીજ ઉત્પાદન થઈ શકે તેમ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ અંગે સરકાર દ્વારા વીજ ઉત્પાદન માટે સંશોધન અને સર્વેની કામગીરી કરવામાં આવી છે કે કેમ,

(૩) જો હા, તો આ અંગે રાજ્ય સરકાર કેટલા સમયમાં પવનચક્કી અને જળ પ્રકલ્પીત (દરિયાના મોજામાંથી) વીજમથક ઉભા કરવા માગે છે, અને

(૪) આ અંગે કોઈ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : ખંભાતના દરિયાકાંઠે પવન ઉર્જાથી વીજ ઉત્પાદન થઈ શકે કે કેમ તે અંગે કરેલા અભ્યાસના તારણો જોતાં જણાયેલ છે કે આ જગ્યાએ પવન ઉર્જાથી વીજ ઉત્પાદન થઈ શકે તેમ નથી. પરંતુ, દરિયાઈ મોજામાંથી જળ પ્રકલ્પીત વીજ ઉત્પાદન કરવા માટે આ સ્થાન આદર્શ જણાયેલ છે.

ખંભાતના દરિયાકાંઠે જળ પ્રકલ્પીત વીજ ઉત્પાદન વ્યાપારિક ધોરણે પરવડે તે માટે કઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો તેનો નિર્ણય કરવા, પ્રારંભિક તક્નીકી અહેવાલો મેળવવા માટે રાજ્ય સરકારે પહેલ કરી છે અને રાજ્યના જાહેર સાહસ ગુજરાત પાવર કોર્પોરેશન લિ. દ્વારા મે. એટલાન્ટિક રીસોર્સીસ પ્રા.લિ., સિંગાપુર સાથે એક એમ.ઓ.યુ. કરેલ છે. જેના સંશોધનનો અહેવાલ ટૂંક સમયમાં મળશે ત્યારબાદ જળ પ્રકલ્પીત (દરિયાના મોજામાંથી) વીજમથક ઉભા કરવા બાબતે નિર્ણય લઈ શકાશે.

-------------

**સરહદી સુરક્ષા માટે ખાસ બટાલીયનની રચના**

૧૩૬૪૧**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સરહદ આવેલી છે તે જોતાં સરહદી વિસ્તારમાં સુરક્ષા અને આતંક્વાદ સામે લડવા ખાસ બટાલીયન બનાવવા માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યના સાગરતટની સુરક્ષા માટે કુલ-૫૬૬ નું સંખ્યાબળ ધરાવતા મરીન રાજ્ય અનામત પોલીસ દળની રચના કરવામાં આવેલ છે. ઉપરાંત સરહદી વિસ્તારની સુરક્ષા માટે કચ્છ અને જામનગર જિલ્લા ખાતે ૧૨૦૦-૧૨૦૦ એમ કુલ-૨૪૦૦ નું સંખ્યાબળ ધરાવતી એસ.આર.પી. ની નવી બટાલીયનો ઉભી કરવામાં આવેલ છે.

**જૂનાગઢ જિલ્લાના પોલિસ સ્ટેશનમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ**

૧૨૦૭૩**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશનમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ સામે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯ માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦

લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડે ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા.૨૦-૨-૨૦૧૦ થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ રહી છે.

## પ ત્ર ક

| ક્રમ | તાલુકો | પો.સ્ટે. | સંવર્ગ | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષથી વધુ |
| ૧ | ભેંસાણ | ભેંસાણ | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૮ | ૧ | ૧ | - | - | - |
| | | | હે.કો. | ૬ | ૨ | ૨ | - | - | - |
| | | | પો.કો. | ૨૬ | ૧૨ | ૭ | - | ૫ | - |
| ૨ | મેંદરડા | મેંદરડા | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૮ | ૧ | ૧ | - | - | - |
| | | | હે.કો. | ૬ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૨૬ | ૫ | ૩ | ૨ | - | - |
| ૩ | વિસાવદર | વિસાવદર | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | - | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૦ | ૪ | ૩ | - | - | ૧ |
| | | | હે.કો. | ૬ | ૨ | ૨ | - | - | - |
| | | | પો.કો. | ૪૦ | ૧૫ | ૬ | - | ૮ | ૧ |
| ૪ | કેશોદ | કેશોદ | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૩ | ૧ | - | ૧ | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૨ | ૧ | ૧ | - | - | - |
| | | | હે.કો. | ૮ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૪૭ | ૮ | ૮ | - | - | - |
| ૫ | વંથલી | વંથલી | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | ૧ | ૧ | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૯ | ૧ | ૧ | - | - | - |
| | | | હે.કો. | ૬ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૩૬ | ૧૦ | ૪ | ૬ | - | - |
| ૬ | માણાવદર | માણાવદર | પી.આઈ. | ૧ | ૧ | ૧ | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૧ | ૩ | ૨ | - | - | ૧ |
| | | | હે.કો. | ૭ | ૨ | ૨ | - | - | - |
| | | | પો.કો. | ૪૩ | ૧૮ | ૧૧ | - | ૭ | - |
| | | બાંટવા | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૬ | ૧ | ૧ | - | - | - |
| | | | હે.કો. | ૫ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૨૪ | ૧૨ | ૧૦ | ૨ | - | - |
| ૭ | વેરાવળ | વેરાવળ સીટી | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૪ | ૨ | - | ૨ | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૯ | ૬ | ૫ | - | - | ૧ |
| | | | હે.કો. | ૩૨ | ૭ | ૭ | - | - | - |
| | | | પો.કો. | ૧૩૧ | ૬૧ | ૩૮ | ૨ | ૨૦ | ૧ |
| | | પ્રભાસ પાટણ | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૨ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૦ | ૨ | ૨ | - | - | - |
| | | | હે.કો. | ૭ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૫૧ | ૭ | ૭ | - | - | - |
| | | સોમનાથ મરીન | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | ૧ | - | ૧ | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૦ | ૬ | ૬ | - | - | - |
| | | | હે.કો. | ૧૬ | ૧૩ | ૧૩ | - | - | - |
| | | | પો.કો. | ૩૭ | ૨૩ | ૨૦ | ૩ | - | - |
| ૮ | તાલાલા | તાલાલા | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |

| ક્રમ | તાલુકો | પો.સ્ટે. | સંવર્ગ | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષથી વધુ |
| | | | એ.એસ.આઈ. | ૧૦ | ૫ | ૪ | - | - | ૧ |
| | | | હે.કો. | ૬ | ૨ | ૨ | - | - | - |
| | | | પો.કો. | ૩૪ | ૯ | ૯ | - | - | - |
| ૯ | સુત્રાપાડા | સુત્રાપાડા | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૮ | ૧ | ૧ | - | - | - |
| | | | હે.કો. | ૬ | ૨ | ૨ | - | - | - |
| | | | પો.કો. | ૩૪ | ૮ | ૬ | ૨ | - | - |
| ૧૦ | કોડીનાર | કોડીનાર | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | - | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૪ | ૨ | ૨ | - | - | - |
| | | | હે.કો. | ૮ | - | - | - | - | - |
| | | | પો.કો. | ૩૮ | ૧૬ | ૧૧ | - | ૫ | - |
| ૧૧ | ઉના | ઉના | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૨ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૬ | ૬ | ૬ | - | - | - |
| | | | હે.કો. | ૧૦ | ૩ | ૩ | - | - | - |
| | | | પો.કો. | ૫૭ | ૧૫ | ૧૧ | ૩ | - | ૧ |
| | | ગીરગઢડા | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૫ | - | - | - | - | - |
| | | | હે.કો. | ૩ | +૧ | - | - | - | - |
| | | | પો.કો. | ૧૬ | - | - | - | - | - |
| | | નવાબંદર | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૧ | ૯ | ૯ | - | - | - |
| | | | હે.કો. | ૧૬ | ૧૪ | ૧૪ | - | - | - |
| | | | પો.કો. | ૩૯ | ૨૩ | ૧૮ | ૪ | - | ૧ |
| ૧૨ | માંગરોળ | માંગરોળ | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૨ | ૧ | - | ૧ | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૪ | ૪ | ૩ | - | - | ૧ |
| | | | હે.કો. | ૯ | ૨ | ૨ | - | - | - |
| | | | પો.કો. | ૫૨ | ૨૩ | ૧૧ | ૩ | ૮ | ૧ |
| | | શીલ | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૫ | - | - | - | - | - |
| | | | હે.કો. | ૪ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૧૯ | ૮ | ૮ | - | - | - |
| ૧૩ | માળીયા હાટીના | માળીયા હાટીના | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૯ | ૩ | ૩ | - | - | - |
| | | | હે.કો. | ૫ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૨૯ | ૧૩ | ૧૧ | - | ૨ | - |
| | | ચોરવાડ | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૫ | - | - | - | - | - |
| | | | હે.કો. | ૩ | - | - | - | - | - |
| | | | પો.કો. | ૧૯ | ૪ | ૪ | - | - | - |
| ૧૪ | જૂનાગઢ | એ ડીવીઝન | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૫ | ૧ | - | ૧ | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૨ | +૧ | - | - | - | - |
| | | | હે.કો. | ૮ | - | - | - | - | - |
| | | | પો.કો. | ૭૦ | ૧૪ | ૭ | ૨ | ૫ | - |
| | | બી ડીવીઝન | પી.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૪ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૧૨ | +૩ | - | - | - | - |
| | | | હે.કો. | ૮ | +૨ | - | - | - | - |
| | | | પો.કો. | ૭૦ | ૧૪ | ૮ | ૧ | ૫ | - |
| | | જૂનાગઢ તાલુકા | પી.આઈ. | ૧ | ૧ | ૧ | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૯ | ૧ | ૧ | - | - | - |
| | | | હે.કો. | ૬ | ૧ | ૧ | - | - | - |
| | | | પો.કો. | ૨૪ | ૯ | ૭ | ૨ | - | - |
| | | બીલખા | પી.આઈ. | - | - | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૧ | - | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૪ | - | - | - | - | - |
| | | | હે.કો. | ૩ | ૧ | ૧ | - | - | - |

| ક્રમ | તાલુકો | પો.સ્ટે. | સંવર્ગ | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષથી વધુ |
| | | | પો.કો. | ૧૭ | ૭ | ૭ | - | - | - |
| | | મહીલા પો.સ્ટે. | પી.આઈ. | ૧ | ૧ | ૧ | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૩ | ૩ | ૧ | - | - | ૨ |
| | | | એ.એસ.આઈ. | ૨ | +૨ | - | - | - | - |
| | | | હે.કો. | ૧ | +૧ | - | - | - | - |
| | | | પો.કો. | ૧૦ | ૩ | ૩ | - | - | - |
| | | પોલીસ હેડ ક્વાટર્સ | પી.આઈ. | ૩ | ૩ | - | - | - | - |
| | | | પી.એસ.આઈ. | ૨૯ | +૯ | - | - | - | - |
| | | | એ.એસ.આઈ. | ૭૩ | +૯ | - | - | - | - |
| | | | હે.કો. | ૧૧૮ | +૧૮ | - | - | - | - |
| | | | પો.કો. | ૩૪૬ | +૯૪ | - | - | - | - |

**નોંધ :-** "+" ની નિશાની મંજૂર મહેકમ ઉપરાંતનું સંખ્યાબળ દર્શાવે છે.

-------------

## ખેડબ્રહ્મા, વિજ્યનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં આયોજનની ગ્રાન્ટ

૧૩૫૫૭**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (આયોજન)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળ દ્વારા જિલ્લાના ખેડબ્રહ્મા વિજ્યનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટની ફાળવણીમાંથી કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી અને કેટલી બચત રહેવા પામેલ હતી, અને

(૩) ગ્રાન્ટ બચત રહી હોય તો તેના શા કારણો છે?

**જવાબ**

(૧) અને (૨) : સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળ દ્વારા ખેડબ્રહ્મા, વિજ્યનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં ફાળવેલ ગ્રાન્ટ, વપરાયેલ ગ્રાન્ટ, અને બચત રહેલ ગ્રાન્ટ અંગેની વિગતો આ સાથે સામેલ પત્રક મુજબ છે.

(૩) મંજૂર થયેલ કામો પ્રગતિ હેઠળ હોવાના કારણે.

**પ ત્ર ક**

(રૂપિયા લાખમાં)

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ખેડબ્રહ્મા | ૫૪.૩૧ | ૫૩.૪૭ | ૦.૮૪ | ૬૪.૧૯ | ૬૧.૬૯ | ૨.૫૦ | ૬૧.૫૨ | ૪૧.૭૧ | ૧૯.૮૧ |
| ૨ | વિજ્યનગર | ૩૮.૮૪ | ૩૬.૭૪ | ૨.૧૦ | ૩૫.૪૮ | ૩૫.૪૮ | ૦.૦૦ | ૩૯.૩૦ | ૨૧.૭૧ | ૧૭.૫૯ |
| ૩ | ભિલોડા | ૫૭.૬૫ | ૫૫.૦૯ | ૨.૫૬ | ૬૯.૨૩ | ૬૮.૦૧ | ૧.૨૨ | ૫૨.૯૮ | ૩૭.૪૫ | ૧૫.૫૩ |
| ૪ | મેઘરજ | ૫૩.૦૯ | ૫૨.૮૩ | ૦.૨૬ | ૪૩.૮૫ | ૪૩.૮૫ | ૦.૦૦ | ૪૩.૯૮ | ૨૦.૮૮ | ૨૩.૧૦ |
| | **કુલ-** | **૨૦૩.૮૯** | **૧૯૮.૧૩** | **૫.૭૬** | **૨૧૨.૭૫** | **૨૦૯.૦૩** | **૩.૭૨** | **૧૯૭.૭૮** | **૧૨૧.૭૫** | **૭૬.૦૩** |

-------------

## સાયન્સ સીટીના કાર્યક્રમોની ઉપયોગીતા

૧૩૬૦૯**શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાયન્સ સીટીના કાર્યક્રમો કેવી રીતે શાળાના બાળકોને ઉપયોગી છે,

(૨) તેમાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી કેળવાય તે માટે અલગ અલગ વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ, મહત્વના વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી, વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અને ચર્ચા, વગેરેનું નિયમિત પણે આયોજન કરવામાં આવે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાની વિવિધ શિષ્યવૃત્તિઓ તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેની માહિતી મેળવી શકે છે. તેમજ તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ પોતાની કારકિર્દી ઘડવા માટેની એક તક પૂરી પાડે છે.

(૨) સને ૨૦૦૮-૦૯ માં ૧૧૧૧ શાળાના

તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં રાજ્યની કેટલી શાળાઓના કેટલા બાળકોએ લાભ લીધેલ છે, અને

(૩) શાળાના બાળકોને સાયન્સ સીટીમાં કોઈ ક્ન્સેશન આપવામાં આવતું હોય તો તેની વિગતો શું છે,

૧૬૯૨૯૯ વિદ્યાર્થીઓએ અને ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૧૭૦૬ શાળાના ૧૩૬૧૨૦ વિદ્યાર્થીઓએ સાયન્સસીટીની મુલાકાત લીધી હતી.

(૩)

| ટીકીટનો ચાર્જ | સામાન્ય દર | | શાળા/કોલેજના વિદ્યાર્થીઓનાં ક્ન્સેશનલ દરો | |
|---|---|---|---|---|
| સુવિધા | વયસ્ક | બાળકો | શાળાના વિદ્યાર્થીઓ માટે | કોલેજના વિદ્યાર્થીઓ માટે |
| પ્રવેશ | ૧૦/- | ૫/- | ૧/- | ૫/- |
| આઈમેક્સ ૩ડી | ૧૨૫/- | ૧૦૦/- | ૯૦/- | ૧૦૦/- |
| સીમ્યુલેટર રાઈડ | ૨૫/- | ૨૫/- | ૨૫/- | ૨૫/- |
| મ્યુઝીક્લ ફાઉન્ટેન | ૨૦/- | ૨૦/- | ૨૦/- | ૨૦/- |
| એનર્જી પાર્ક | ફ્રી | ફ્રી | ફ્રી | ફ્રી |
| જર્ની સોલર સીસ્ટમ | ૩૦/- | ૩૦/- | ૩૦/- | ૩૦/- |
| હોલ ઓફ સ્પેસ અને હોલ ઓફ સાયન્સ | ફ્રી | ફ્રી | ફ્રી | ફ્રી |

શાળાના ૩૦૦ કે તેથી વધારે વિદ્યાર્થીઓ એકી સાથે આઈમેક્સ થિયેટરમાં કોઈપણ એક ફિલ્મ જુએ તો રૂા.૫૦/- માં પ્રતિ વિદ્યાર્થીઓના દરે બતાવવામાં આવે છે. સીમ્યુલેટર રાઈડ તથા જર્ની સોલર સીસ્ટમમાં મળતું સ્કૂલના બાળકોને વળતર નીચે મુજબ છે.

૨૫ ઉપર બાળકો હોય તો ૧૦ %

૧૦૦ ઉપર બાળકો હોય તો ૧૫ %

૨૦૦ ઉપર બાળકો હોય તો ૨૦ %

૩૦૦ ઉપર બાળકો હોય તો ૨૫ %

(૪) સાયન્સ સીટીમાં કોઈ નવા પેવેલીયન ખુલ્લા મૂકવાનું આયોજન છે કે કેમ, અને

(૫) જો હા, તો તેની વિગતો શું છે?

(૪) હા.

(૫) સાયન્સસીટીમાં આગામી વર્ષોમાં નવા પેવેલિયન કાર્યાન્વીત કરવાનું આયોજન છે. જે નીચે મુજબ છે.

૧. પ્લાનેટ અર્થ
૨. ઈલેક્ટ્રીસીટી પેવેલિયન
૩. ઈન્ડિયન સાયન્સ એન્ડ ટેક્નોલોજી હેરીટેજ
૪. લાઈફ સાયન્સ પાર્ક
૫. ધી બીગ બાઈટ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી
૬. ઈલેક્ટ્રોનીક્સ એન્ડ રોબોટીક્સ
૭. કોમ્યુનીકેશન.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણમાં આપવામાં આવતી સબસીડી**

૧૩૫૯૭**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વીજ બીલમાં સીધી કોઈ સબસીડી આપવામાં આવતી નથી. પરંતુ, ખેડૂતોને કૃષિ વિષયક વીજ ક્નેક્શનો પર થયેલ વીજ વપરાશના પ્રમાણમાં રાહતદરે વીજ પુરવઠો પુરો પાડવા માટે સંબંધિત વીજ વિતરણ કંપનીઓને નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના હુકમો અન્વયે રાજ્યસરકાર દ્વારા સબસીડી ચૂક્વવામાં આવે છે.

તદ્દનુસાર, સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા.૧૦૯.૮૦ કરોડ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂા.૧૫૨.૮૫ કરોડની સબસીડી ચુક્વાયેલ છે.

-------------

## આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટરની જગ્યાઓ

૧૩૬૨૪**શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલમાં રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓમાં આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની મંજૂર થયેલી કેટલી જગ્યાઓ છે, | (૧) કુલ મંજૂર ૫૦૫ જગ્યાઓ છે જે પૈકી જિલ્લાવાર ફાળવણી ૩૬૫ જગ્યાઓની કરેલ છે. |
| (૨) આ પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૨) ૩૫૯ (ત્રણસો ઓગણસાઈઠ) |
| (૩) કેટલી જગ્યાઓ બાકી છે, અને | (૩) ૧૪૬ (એકસો છેતાલીસ) |
| (૪) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૪) કોર્ટોની જરૂરીયાત ધ્યાને લઈ જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીની યોગ્ય પ્રક્રિયા બાદ. |

-------------

## ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક સીટી ડ્યુટીમાં રાહત

૧૩૬૦૩**શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડ્યુટીમાં કોઈ રાહત આપવામાં આવેલ છે, અને<br>(૨) જો હા, તો તેનાથી વીજ ગ્રાહકોને કેટલો ફાયદો થયો? | (૧) અને (૨) : ગ્રામ્ય ઘરેલું વીજ વપરાશકારોને ૫% તથા શહેરી ઘરેલું વીજ વપરાશકારોને ૧૦% રાહત આપવામાં આવી છે. જેનાથી ઘરેલું વીજ વપરાશકારોને રૂા.૧૫૯ કરોડનો ફાયદો થયેલ છે. |

-------------

## એ.આર.ટી.ઓ. કચેરી જામનગરની આવક

૧૩૬૩૦**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની જામનગર એ.આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક થયેલ છે, અને | (૧) **કેલેન્ડર વર્ષ** — **આવક રૂા. લાખમાં**<br>૨૦૦૭ — ૫૬૪૪.૫૯<br>૨૦૦૮ — ૬૧૦૪.૬૬<br>૨૦૦૯ — ૫૭૪૯.૬૬ |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે? | (૨) ગત કેલેન્ડર વર્ષની સરખામણીમાં ચાલુ કેલેન્ડર વર્ષમાં નવા નોંધાયેલા વાહનોની સંખ્યામાં ઘટાડો થવાના કારણે આવકમાં ઘટાડો થયેલ છે. |

-------------

## મત્સ્ય બંદરોની ડ્રેજીંગની વ્યવસ્થા

૧૩૫૭૯**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મત્સ્ય બંદરોની કેપીટલ ડ્રેજીંગની જરૂરીયાત અંગે શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૧) મત્સ્ય બંદરો પર કેપીટલ ડ્રેજીંગની કામગીરી મત્સ્યોદ્યોગ ખાતાની જરૂરીયાત મુજબ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ડીપોઝીટ કામો તરીકે હાથ ધરવામાં આવે છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફિશરીઝ બંદરોએ મેઈન્ટેનન્સ ડ્રેજીંગ અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે? | (૨) ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા છેલ્લા બે વર્ષમાં ફીશરીઝ બંદરોએ કુલ ૩,૬૮,૬૦૭ ઘનમીટર જથ્થાની ડ્રેજીંગ કામગીરી રૂા.૨,૨૧,૪૯,૦૦૦/-ના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. |

]

-------------

**મત્સ્ય બંદરોની કેપીટલ ડ્રેજીંગની વ્યવસ્થા**

૧૩૬૦૬**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના): માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મત્સ્ય બંદરોની કેપીટલ ડ્રેજીંગની જરૂરીયાત અંગે શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફિશરીઝ બંદરોએ મેઈન્ટેનન્સ ડ્રેજીંગ અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) મત્સ્ય બંદરો પર કેપીટલ ડ્રેજીંગની કામગીરી મત્સ્યોદ્યોગ ખાતાની જરૂરીયાત મુજબ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ડીપોઝીટ કામો તરીકે હાથ ધરવામાં આવે છે.

(૨) ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા છેલ્લા બે વર્ષમાં ફીશરીઝ બંદરોએ કુલ ૩,૬૮,૬૦૭ ઘનમીટર જથ્થાની ડ્રેજીંગ કામગીરી રૂા.૨,૨૧,૪૯,૦૦૦/-ના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

-------------

**મહેસાણા જિલ્લામાં જર્જરિત વાયરો બદલવા બાબત**

૧૩૫૯૧**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર મહેસાણા જિલ્લામાં ડિસેમ્બર-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ રૂપિયા ૧૫.૯૬૭ લાખના ખર્ચે ૫૨.૭૪૦ કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવેલ છે.

-------------

**નર્મદા જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબસ્ટેશનો**

૧૩૦૭૪**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ૬૬ કે.વી.ના કેટલા વીજ સબસ્ટેશન મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ સબસ્ટેશન કેટલા સમયમાં કાર્યરત થશે?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં ૧૩૨ કે.વી.નું એક અને ૬૬ કે.વી.ના ૭ (સાત) એમ કુલ ૮ (આઠ) સબ સ્ટેશનો હયાત છે. જ્યારે તા. ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ૬૬ કે.વી.ના નીચે દર્શાવેલ ૨ (બે) વીજ સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા છે :

| ક્રમ | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. ગરુડેશ્વર | નાંદોદ |
| ૨ | ૬૬ કે.વી. આમદલા | નાંદોદ |

(૨) આ સબસ્ટેશનો ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં કાર્યાંવિત કરવામાં આવશે.

-------------

**ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાદ મહેસૂલી આવકમાં વધારો થવા અંગે**

૧૩૫૯૦**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાદ સરકારની મહેસૂલી આવકમાં કોઈ વધારો થયો છે, અને

(૨) જો હા, તો ડિસેમ્બર-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલો વધારો થયો છે?

**જવાબ**

(૧) અને (૨) : જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણને કારણે વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળતો હોવાથી અને ગ્રાહકોની સંખ્યામાં થયેલ વધારાને લીધે ડીસેમ્બર-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન કુલ રૂા. ૯૭૯.૮૪ કરોડનો વધારો થયેલ છે.

-------------

## ભરૂચ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજીઓ

૧૨૦૬૭**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ નોંધાયેલા ખેતી વિષયક વીજ જોડાણ અરજીઓ અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર પડતરમાં છે, અને

(૨) આવા વીજ જોડાણ કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ ખેતી વિષયક વીજ જોડાણોની તાલુકાવાર પડતર અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | નોંધાયેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૩૩૪ |
| વાગરા | ૬ |
| હાંસોટ | ૧૨૧ |
| **કુલ** | **૪૬૧** |

(૨) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઇ ખેતી વિષયક વીજ જોડાણ ઉપલબ્ધ વીજ પૂરવઠો માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઇ, પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ વાર્ષિક લક્ષ્યાંક્ના ક્રમાનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

-------------

## આંધ્રપ્રદેશના ક્રિષ્ના બેઝિનમાં ગેસનું ઉત્પાદન

૧૩૪૪૬**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ)** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંધ્રપ્રદેશના ક્રિષ્ના બેઝિનમાં સરકારે જુલાઈ ૨૦૦૫માં ગેસ શોધાયાની જાહેરાત કર્યા બાદ તા. ૩૧-૧૨-૨૦૦૯ના રોજ શું પરિસ્થિતિ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ઉત્પાદનની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને તેમાં કેટલો ખર્ચ કર્યો, અને કેટલું ઉત્પાદન ક્યારથી મળશે?

**જવાબ**

(૧) અને (૨) : ક્રિષ્ના બેઝિનમાં જુલાઇ-૨૦૦૫માં ગેસ શોધાયા બાદ નીચે દર્શાવેલ કાર્યવાહી કરવામાં આવી.

(૧) ૩ ડી સેસમીક સર્વે ૪૭૪ ચોરસ કિ.મી. વિસ્તાર માટે પૂર્ણ કરવામાં આવ્યો.

(૨) ૨૯૪ એકર જમીન સંપાદિત કરવામાં આવી.

(૩) કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય પાસે પર્યાવરણ તેમજ ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ હેઠળ આવશ્યક મંજૂરીઓ મેળવવામાં આવી.

(૪) સમુદ્રમાં ઉભા કરવાના પ્લેટ ફોર્મ માટે આવશ્યક અભ્યાસ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓસ્નોગ્રાફી દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો.

હાલમાં કંપની દ્વારા દિનદયાલ વેસ્ટ ફિલ્ડના ડેવલપમેન્ટ માટે જરૂરી ઇ.પી.સી. કામગીરીને લગતુ ટેન્ડર બહાર પાડેલ છે.

ઉપરોક્ત કાર્યવાહી સાથોસાથ ઉક્ત ફિલ્ડમાં અત્યાર સુધી ૧૬ કૂવાઓનું શારકામ હાથ ધરવામાં આવેલ છે. તેમા થયેલ કાર્યવાહી, ખર્ચ અને મળેલ પરિણામની વિગતો આ સાથેના પરિશિષ્ટમાં સામેલ છે.

ઉક્ત ફિલ્ડની સમગ્ર કાર્યવાહીમાં હાલ પર્યન્ત એકંદરે રૂા. ૬૨૧૨.૧૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. આ પૈકી ૧૫ કૂવાઓના દિન-દયાલ વેસ્ટફિલ્ડમાંથી ગેસનું ઉત્પાદન વર્ષ ૨૦૧૨-૧૩ થી મળવાનું શરુ થશે તેવી ધારણા છે અને તેમાંથી મહત્તમ ઉત્પાદન દૈનિક ૨૦૦ એમ.એમ.એસ.સી.એફ.ડી. મેળવી શકાશે એવી સંભાવના છે. આ ૧૫ કૂવાઓના અંદાજીત રીઝર્વને ધ્યાને લેતાં તેની કિંમત કેન્દ્ર સરકારે નક્કી કરેલ આજના ગેસના ભાવ પ્રમાણે રૂા. ૩૪૫૩૯ કરોડ જેટલી થવાનો અંદાજ છે. આ વિગતો માત્ર ડી-ડી વેસ્ટ ફિલ્ડ અને સમગ્ર બ્લોક્ના સંભવિત રીઝર્વને ધ્યાને લઇએ તો ગેસની કુલ અંદાજીત કિંમત ખૂબ વધારે થવાની સંભાવના છે.

## રાજ્ય સરકારે વીજળીના ટ્રેડર્સ પાસેથી ખરીદેલ વીજળી

૧૧૭૮૯**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં રાજ્ય સરકારે વીજળીના ક્યા ક્યા ટ્રેડર્સ પાસેથી ટુંકા ગાળાની કેટ કેટલા મિલિયન યુનીટ વીજળી ક્યા ક્યા ભાવે ખરીદ કરી, અને

**જવાબ**

(૧) રાજ્યના વાર્ષિક વીજ ઉત્પાદન સામે રાજ્યની એકંદર વીજ માંગને પહોંચી વળવા ખાસ કરીને ઓછા વરસાદના સમયે વધારાની કૃષિ માંગ તેમજ તહેવાર જેવા પ્રસંગોએ વધારાની વીજ માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે રાજ્ય બહારથી વીજળીની ખરીદી કરેલ છે.
વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ દરમ્યાન ટૂંકાગાળા માટે વેચાણકારો પાસેથી ખરીદેલ વીજળીની તથા તેના યુનિટ દરની વિગત નીચે મુજબ છે. રાજ્યની વીજ માંગને પહોંચી વળવા આ બે વર્ષ દરમ્યાન વીજ વેચાણકારો પાસેથી ટૂંકાગાળાના કરારો દ્વારા વીજળી ખરીદવામાં આવેલ છે.

| કંપનીનું નામ | વર્ષ ૨૦૦૮ | | વર્ષ ૨૦૦૯ | |
|---|---|---|---|---|
| | મીલીયન યુનીટ | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | દર રૂ. પ્રતિ યુનીટ |
| પાવર ટ્રેડીંગ કોર્પોરશન | - | - | ૨ | ૬.૫૪ |
| એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૯૪ | ૬.૫૪ | - | - |
| અદાણી એક્સપોર્ટ લી. | ૬૫૯ | ૬.૨૭ | - | - |
| રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧૯૪ | ૭.૩૭ | - | - |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૯ | ૯.૨૮ | ૪ | ૬.૪૪ |
| લાન્કો ઇલેકટ્રીસીટી યુટીલીટી લી. | ૪ | ૪.૨૯ | - | - |
| કલ્યાણી પાવર ડેવલપમેન્ટ | ૫ | ૮.૪૧ | - | - |
| જેએસડબલ્યુ પીટીસી | ૧ | ૭.૧૩ | - | - |
| જીન્દાલ પાવર | - | - | ૨૬ | ૭.૧૦ |
| પાવર એક્સચેન્જ | ૩ | ૮.૧૯ | ૨૦ | ૬.૩૯ |
| કુલ | ૯૮૯ | ૬.૬૧ | ૫૨ | ૬.૭૬ |

ઉપરના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણેની વર્ષ ૨૦૦૮-૦૯ ની ટૂંકા ગાળાની વીજ ખરીદી રાજ્ય સરકાર દ્વારા વર્ષ દરમિયાન થયેલ કુલ વીજ ખરીદીના ૧.૭૭ટકા છે, તેમ જ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ટૂંકા ગાળાની વીજ ખરીદી રાજ્ય દ્વારા થયેલ કુલ વીજ ખરીદીના ૦.૧૨ ટકા છે.

(૨) આ દરેક વર્ષમાં આવી રીતે કેટલી રકમની વીજળી ખરીદ કરવામાં આવી?

(૨) વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ દરમ્યાન ટૂંકાગાળા માટે વીજ વેચાણકારો પાસેથી ખરીદેલ વીજળીની રકમ અનુક્રમે રૂ. ૬૫૩.૦૧ કરોડ અને રૂ. ૩૫.૦૫ કરોડ થયેલ છે.

-------------

## સોરાષ્ટ્રમાં નવલખી બંદરે મીઠા ઉદ્યોગ માટે અલગ જેટી બનાવવાની યોજના

૧૩૬૦૨**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સોરાષ્ટ્રમાં નવલખી બંદર ખાતે મીઠા ઉદ્યોગ માટે અલગ જેટી બનાવવાની કોઈ યોજના સરકારે અમલમાં મૂકી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ જેટીનું કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અલયાદી જેટી બનાવવાની યોજના માટે જરૂરી ૭૨ હેક્ટર જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે અને પર્યાવરણ તેમજ સી.આર.ઝેડ.ની મંજૂરી માટેના ઈ.આઈ.એ. સ્ટડી રીપોર્ટ તૈયાર કરવા તજજ્ઞની નિમણૂક થયેથી અહેવાલ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાશે.

-------------

**ખેડા જિલ્લામાં રોડ અક્સ્માતના બનાવો**

૧૧૯૩૮**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા રોડ અક્સ્માતના બનાવો બન્યા,

(૨) તે અન્વયે કેટલાના મૃત્યુ થયા, અને કેટલાને ઈજાઓ થઈ, અને

(૩) આવા અક્સ્માતો અટકાવવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧)

| | **તાલુકા** | **અક્સ્માતના બનાવો** |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૧૧૧૦ |
| ૨ | ઠાસરા | ૩૬૧ |
| ૩ | માતર | ૨૩૨ |
| ૪ | કપડવંજ | ૧૮૬ |
| ૫ | કઠલાલ | ૨૭૪ |
| ૬ | મહેમદાવાદ | ૩૭૧ |
| ૭ | ખેડા | ૧૯૬ |
| ૮ | મહુધા | ૧૬૮ |
| ૯ | બાલાસિનોર | ૧૦૬ |
| ૧૦ | વિરપુર | ૨૪ |
| | **કુલ :** | **૩૦૨૮** |

(૨) મૃત્યુ - ૫૩૦
ઈજા - ૩૭૯૦

(૩) અક્સ્માતો અટકાવવા માટે શાળાઓ તથા અન્ય સ્થળોના રોડ ઉપર બમ્પ અને રમ્બલ સ્ટ્રીપ્સ રાખવામાં આવે છે. રોડ ડીવાઈડરો તથા સાઈડ સિગ્નલો મૂક્વામાં આવે છે. અક્સ્માત ઝોન, વાહન ધીમી ગતિએ હંકારવું જેવાં સૂચનાત્મક બોર્ડ મૂક્વામાં આવે છે. વાહનો સબંધી નિયમો, દંડ વગેરેને લગતા નોટીસ બોર્ડ મૂક્વામાં આવે છે. ટ્રાફીક નિયમોની જાણકારી માટે ટ્રાફીક સપ્તાહની ઉજવણી, ટ્રાફીક નિયમોની પુસ્તિકાઓ આપવા-જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. શાળાના બાળકોને ટ્રાફીક નિયમોની જાણકારી માટે શાળામાં કાર્યક્રમ યોજવામાં આવે છે.

-------------

**નર્મદા ડેમમાં આવેલ પાણી**

૧૩૬૫૧**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન નર્મદા ડેમમાં કેટલું પાણી આવેલ હતું?

**જવાબ**

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન નર્મદા ડેમમાં ૧૦.૧૮૧ મીલીયન એકર ફીટ પાણી આવેલ હતું.

**રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ આવેલ અરજીઓ**

૧૩૬૧૨**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાંથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કુલ મળેલ અરજીઓ

| | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૩૧૫ |
| ૨ | ગોંડલ | ૩૦૯ |
| ૩ | જામ કંડોરણા | ૧૬૮ |
| ૪ | જસદણ | ૨૫૯ |
| ૫ | જેતપુર | ૨૯૬ |
| ૬ | કોટડા સાંગાણી | ૧૩૨ |
| ૭ | લોધીકા | ૮૨ |
| ૮ | માળિયા મીયાણા | ૧૧૮ |
| ૯ | મોરબી | ૨૯૦ |
| ૧૦ | પડધરી | ૧૩૧ |
| ૧૧ | રાજકોટ (ગ્રામ્ય) | ૨૮૧ |
| ૧૨ | ટંકારા | ૨૩૧ |
| ૧૩ | ઉપલેટા | ૪૩૯ |
| ૧૪ | વાંકાનેર | ૨૫૪ |
| ૧૫ | રાજકોટ (સીટી) | ૮૨૬ |
| | **કુલ :** | **૪૧૩૧** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

(૨) તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| | તાલુકાનું નામ | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૧૧૨ | ૭૯ |
| ૨ | ગોંડલ | ૧૦૬ | ૪૮ |
| ૩ | જામ કંડોરણા | ૮૫ | ૩૧ |
| ૪ | જસદણ | ૧૦૭ | ૧૫ |
| ૫ | જેતપુર | ૧૯૨ | ૧૭ |
| ૬ | કોટડા સાંગાણી | ૨૫ | ૦ |
| ૭ | લોધીકા | ૩૬ | ૧૪ |
| ૮ | માળિયા મીયાણા | ૯૦ | ૮ |
| ૯ | મોરબી | ૨૨૧ | ૭ |
| ૧૦ | પડધરી | ૮૩ | ૧૬ |
| ૧૧ | રાજકોટ (ગ્રામ્ય) | ૧૮૫ | ૮૩ |
| ૧૨ | ટંકારા | ૧૦૩ | ૪૮ |
| ૧૩ | ઉપલેટા | ૨૯૪ | ૯૬ |
| ૧૪ | વાંકાનેર | ૧૨૪ | ૧૧ |
| ૧૫ | રાજકોટ (સીટી) | ૨૩૪ | ૫૮ |
| | **કુલ :** | **૧૯૯૭** | **૫૩૧** |

-------------

## રાજ્યની જુદી જુદી જેલોમાં સજા ભોગવતાં કેદીઓ પોલીસ જાપ્તામાંથી ભાગી જવા બાબત

૧૩૪૭૨**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની જુદી જુદી જેલોમાં સજા ભોગવતા કુલ કેટલા કેદીઓ પોલીસ જાપ્તામાંથી ભાગી ગયા છે, અને

(૨) તે અન્વયે કેટલા કેદીઓને પુનઃ પકડવામાં આવ્યા, અને કેટલા ભાગી ગયેલા કેદીઓ પકડવાના બાકી છે?

**જવાબ**

(૧) કુલ - ૧૪.

(૨)

| પુનઃપકડવામાં આવ્યા | પકડવાના બાકી |
|---|---|
| ૬ | ૮ |

જે કેદીઓ પકડવાના બાકી છે તે કેદીઓના સરનામે તપાસ કરતાં મળી આવેલ ન હોઈ સીઆરપીસીની કલમ ૭૦ મુજબ વોરંટ કઢાવી પોલીસ સ્ટેશનમાં બજવણી અર્થે મોકલવામાં આવે છે. સીઆરપીસીની કલમ ૮૨,૮૩ મુજબ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવે છે.

બાતમીદારો રોકી, બાતમી મળેથી અટક કરવાની તજવીજ કરવામાં આવે છે. નાસતા ફરતા આરોપીઓની વિગતો જિલ્લા પોલીસ ગેઝેટ તથા રાજ્ય પોલીસ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જવાબદાર તમામ પોલીસ કર્મચારીઓ સામે સબંધિત પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. અન્વયે ફોજદારી ગુનો નોંધવામાં આવેલ છે. આ ઉપરાંત, નીચે સૂચવ્યા મુજબ ખાતાકીય પગલાં પણ લેવામાં આવેલ છે.

- એક આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ સામે ખાતાકીય તપાસ હાથ ધરી, ચાર્જશીટ આપવામાં આવેલ છે.
- એક આર્મ્ડ પોલીસ ઇન્સ્પેકટર સામે ખાતાકીય તપાસ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- એક એ.એસ.આઈ. વિરુધ્ધ ખાતાકીય તપાસ ચલાવી રૂપિયા ૪૦૦૦ નો દંડ કરવામાં આવેલ છે. અને તેઓને ફરજ મોકુફી ઉપર પણ ઉતારવામાં આવેલ છે.
- એક આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે.
- એક એ.એસ.આઈ. ને ત્રણ વર્ષ માટે મૂળ પગારમાં ભવિષ્યની અસર કરે તે રીતે મૂકેલ છે. અને શિક્ષાનો અમલ કરવામાં આવેલ છે.

**ગાંધીનગર તાલુકાના ભાટ ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલનું એલાયમેન્ટ બદલાતાં ખેડૂતોની જમીન પરત આપવા બાબત**

૧૩૩૪૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર તાલુકાના ભાટ ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલનું એલાયમેન્ટ બદલતા મૂળ નક્શામાં આવતી સંપાદિત કરેલ જમીનો તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કોઈ ઉપયોગ કરવામાં આવ્યો નથી અને ભવિષ્યમાં પણ ઉપયોગ થનાર નથી તેવી જમીનો મૂળ માલિકોને પરત આપવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ગાંધીનગર તાલુકાના ભાટ ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલનું એલાયમેન્ટ બદલાતાં નર્મદા મુખ્ય નહેર માટે સંપાદન કરવામાં આવેલ અને વણવપરાયેલ જમીન ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમને તબદીલ કરવાની અને અન્ય જાહેર હેતુ માટે હેતુ ફેર કરવાની મંજુરી આપવામાં આવેલ છે, જેથી મુળ માલિકોને આ જમીનો પરત કરવાની બાબત વિચારણા હેઠળ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જી. આઈ. ડી. સી. માં વિવિધ હેતુઓ માટે ફાળવેલ પ્લોટ**

૧૩૫૮૪**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જી. આઈ. ડી. સી. માં વિવિધ હેતુઓ માટે પ્લોટ ફાળવવા માટેની નીતિ પારદર્શક બને તે માટે સરકારે શું શું પગલાં લીધા ?

**જવાબ**

જીઆઈડીસીની પ્લોટ ફાળવવાની નીતિ પારદર્શક બને તે માટે સરકારે નીચે મુજબના પગલાં લીધા છેઃ-

(અ) જી.આઈ.ડી.સી.ની ""પૂર્ણ વિકસીત"" વસાહતોમાં લગત પ્લોટ/શેડ સિવાયના તમામ પ્લોટ/શેડ હરાજીથી ફાળવવાની નીતિ છે.

(બ) જી.આઈ.ડી.સી. ની બધી વસાહતોમાં વાણિજ્ય પ્લોટો જાહેર હરાજીથી ફાળવવાની નિતિ છે.

(ક) ૧૦૦ હેકટરથી મોટી વસાહતોમાં જ્યારે કોઈ વિશિષ્ટ પ્રકારના પ્રોજક્ટ માટે ૨ (બે) લાખ ચો.મી. (૨૦ હેકટર) કે તેથી વધારે જમીન ફાળવવાની થાય ત્યારે આવા કિસ્સામાં નિર્ણય લેવાની સત્તા જીઆઈડીસીના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી તથા ઉદ્યોગ કમિશ્નરશ્રીની સમિતિ ધ્વારા લેવામાં આવે છે. ઉપરાંત જીઆઈડીસીની ૧૯ ઓદ્યોગિક વસાહતોમાં ઓનલાઈન અરજી સ્વીકારવાનું અને ઓનલાઈન ફાળવણી કરવાનો નિર્ણય કરેલ છે. ઓનલાઈન વિતરણ પદ્ધતિ જીઆઈડીસીમાં તા.૦૧-૦૨-૨૦૧૦ થી દાખલ કરેલ છે.

-------------

**એ. આર. ટી. ઓ. કચેરી પાલનપુરની આવક**

૧૩૬૩૧**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહનવ્યવહાર ખાતાની પાલનપુર એ. આર. ટી. ઓ. કચેરીની કેટલી આવક થઈ, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની પાલનપુર આર.ટી.ઓ. કચેરીની આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૧૯૧૧.૪૬ |
| ૨૦૦૮ | ૧૯૦૯.૦૯ |

| | |
|---|---|
| ૨૦૦૯ | ૨૧૨૪.૭૩ |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો ક્યા ક્યા છે ?

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

-------------

**વલસાડ જિલ્લામાં ખેડૂતોએ માંગેલ ખેતી વિષયક વીજ જોડાણો**

૧૧૯૫૫**શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ખેડૂતોએ ખેતી વિષયક વીજ જોડાણની માંગણી કરી છે, અને

(૨) આવા ખેતી વિષયક વીજ જોડાણો કેટલા સમયમાં આપવા માંગો છો ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૩૦૧૭ ખેડૂતોએ ખેતી વિષયક વીજ જોડાણની માગણી કરી છે.

(૨) આદિજાતિ વિસ્તારમાં વર્ષ ૨૦૦૯ સુધીમાં નોંધાયેલ તમામ અરજદારોને ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. જ્યારે બિન આદિજાતિ વિસ્તારમાં નોંધાયેલ અરજદારોને ખેતી વિષયક વીજ જોડાણ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઇ પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ વાર્ષિક લક્ષ્યાંકના ક્રમાનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

-------------

**જામજોધપુર અને લાલપુર તાલુકામાં ઓદ્યોગિક વસાહત શરૂ કરવાનું આયોજન**

૧૩૪૪૪**શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકામાં ઓદ્યોગિક વસાહત ઉભી કરવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આવી વસાહત કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) જામ-જોધપુર મુકામે સરકારી જમીન મેળવવાની કાર્યવાહી ગતિમાં છે. અને લાલપુર મુકામે માગણીની મોજણી સમયે પર્યાપ્ત માંગ ન મળતા આયોજન પડતુ મૂકવામાં આવ્યું છે.

(૨) જામ-જોધપુર મુકામે જમીન ઉપલબ્ધ થતાં તુરત જ ઓદ્યોગિક વસાહત વિકસાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-------------

**એ. આર. ટી. ઓ. કચેરી આણંદની આવક**

૧૩૬૩૨**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની આણંદ એ. આર. ટી. ઓ. કચેરીની કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલો હોય તો તેનાં કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની આણંદ એ.આર.ટી.ઓ. કચેરીની આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૨૨૭૫.૩૭ |
| ૨૦૦૮ | ૨૩૮૮.૧૮ |
| ૨૦૦૯ | ૨૭૦૪.૨૮ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

-------------

## સુરેન્દ્રનગર જિલ્લાની કોર્ટમાં વીજ ચોરીના પેન્ડીંગ કેસો

૧૨૩૦૮**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની કોર્ટમાં વીજ અધિનિયમ-૨૦૦૩ હેઠળ બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરકાર ધ્વારા કેટલા વીજ ચોરીના કેસો દાખલ થયેલ છે, અને

(૨) આ પૈકી કેટલા કેસોનો નિકાલ થયેલ છે, હાલ કેટલા કેસો પેન્ડીંગ છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની કોર્ટમાં અધિનિયમ-૨૦૦૩ હેઠળ બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરકાર દ્વારા કુલ ૩૩૬ વીજચોરીના કેસો દાખલ થયેલ છે.

(૨) જે પૈકી ૨૦૭ કેસોમાં ગ્રાહકો દ્વારા બિલની મૂળ રકમ તથા કંમ્પાઉન્ડીંગની રકમ ભરેલ હોઇ કેસનો નિકાલ થયેલ છે. ૯૯ કેસોમાં ચાર્જશીટ થયેલ છે અને કોર્ટમાં પડતર છે જ્યારે ૩૦ કેસમાં સમરી (ફાઇનલ) ભરવામાં આવેલ છે.

-------------

## ખેડા જિલ્લામાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણમાં આપવામાં આવતી સબસીડી

૧૩૫૯૯**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા કૃષિ વિષયક જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન ખેડા જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વીજ બિલમાં સીધી કોઇ સબસીડી આપવામાં આવતી નથી. પરંતુ ખેડૂતોને કૃષિ વિષયક વીજ કનેક્શનો પર થયેલ વીજ વપરાશના પ્રમાણમાં રાહતદરે વીજ પુરવઠો પુરો પાડવા માટે સંબંધિત વીજ વિતરણ કંપનીઓને નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના હુકમો અન્વયે રાજ્ય સરકાર દ્વારા સબસીડી ચૂકવવામાં આવે છે.

તદનુસાર, ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૨૪.૯૯ ક્રોડ અને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા.૪૮.૯૧ સબસીડી ચુકવાયેલ છે.

-------------

## ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં યોજાયેલ તાલિમ વર્ગો

૧૩૬૪૬**ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે સન ૨૦૦૮-૨૦૦૯માં કેટલા તાલીમ વર્ગો યોજાયા, અને

**જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હા તપાસની ઉચ્ચકક્ષાની નિપૂણતા, અદ્યતન ટેક્નોલોજી તથા વિશ્વશનીયતાની દ્રષ્ટિએ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ખાતાની આ પ્રકારની કામગીરીને લક્ષમાં લઇ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય તથા તેની વિવિધ એજન્સીઓ દ્વારા ખાતાને ગુન્હા તપાસની તાલીમ માટે માન્ય કરવામાં આવેલ છે. આમ કેન્દ્ર સરકાર દ્વારા આયોજીત કોર્ષો ઉપરાંત અન્ય તાલીમ કાર્યક્રમો પણ આ ખાતા દ્વારા ચલાવવામાં આવે છે. જે મુખ્યત્વે દેશભરના જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાંતો, ડોકટરો, ફોરેસ્ટ ઓફીસરો, આઇ.એ.એસ. ઓફીસરો, સીક્યોરીટી ઓફીસર, બેન્ક ઓફીસરો વિગેરે માટે ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત નેપાલ, માલદીવ જેવા પાડોશી દેશોના પોલીસ અધિકારીઓ તથા ફોરેન્સીક અધિકારીઓ માટે પણ ખાસ પ્રકારના તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.

સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં વિવિધ કક્ષાના અધિકારીઓ માટે કુલ-૧૬ તાલીમ કાર્યક્રમોનું આયોજન

(૨) તેમાં કેટલા તાલીમાર્થીઓને ક્યા વિષયની તાલીમ આપવામાં આવી ?

કરવામાં આવેલ છે.

(૨) સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કુલ-૨૬૫૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. આ તાલીમ કાર્યક્રમો મુખ્યત્વે નીચેના વિષયો પર ગોઠવવામાં આવેલ.

(૧) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ (૨) એક્સ્પ્લોઝીવ એન્ડ પોસ્ટ બ્લાસ્ટ ઇન્વેસ્ટીગેશન (૩) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન આઇડેન્ટીફીકેશન ઓફ ટુલ માર્ક, ટાયર માર્ક (૪) લીગલ પ્રોસીઝર એન્ડ એનાલીટીકલ એસ્પેક્ટ ઓફ નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબ્ટન્સ (૫) પ્રીવેન્સીન એન્ડ ડીટેક્શન ઓફ ક્રાઇમ (૬) ક્રાઇમસીન ઇન્વેસ્ટીગેશન ટ્રેનીંગ (૭) ઇન્વેસ્ટીગેશન ઓફ ક્રાઇમ અગેન્સ્ટ વુમન (૮) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન નારકોટીક્સ ડ્રગ્સ આઇડેન્ટીફીકેશન (૯) કોર્ષ ઇન સાયન્ટીફીક ઇન્ટ્રોગેશન (૧૦) મેથડ ઓફ ડીઝીટલ ફોરેન્સીક (૧૧) મોર્ડન ટ્રેન્ડ ઇન ફોરેન્સીક બેલેસ્ટીક (૧૨) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ડીટેક્શન ઓફ ક્રાઇમ (૧૩) ઈર્મજીગ ટેક્નીક્સ ઈન ફોરેન્સીક સાયક્લોજી (૧૪) વિઝયુઅલ ક્રાઇમ એનાલીસીસ ટેક્નીક (૧૫) ફીંગર પ્રિન્ટ આઇડેન્ટીફીકેશન (૧૬) ફોરેન્સીક સાયન્સ ઈન ડીટેક્શન ઓફ ઈન્સ્યોરન્સ ફ્રોડ કેસીસના જેવા વિષયો ઉપર જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાત વિ.ને તાલીમ આપવામાં આવેલ છે.

-------------

**બનાસકાંઠા જિલ્લાના પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશન અપગ્રેડ/વિભાજન કરવાની દરખાસ્ત**

૧૨૮૧૩**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન અપગ્રેડ/વિભાજન કરવાની દરખાસ્ત કેટલા સમયથી પડતર છે, અને

(૨) આ દરખાસ્તોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યની કાયદો અને વ્યવસ્થા, સલામતી અને સુરક્ષા, જે તે વિસ્તારની વસ્તી અને ગુનાનું પ્રમાણ, આર્થિક સામાજીક વિકાસ જેવા પરિબળોને ધ્યાને લઇ દર વર્ષે નવા પોલીસ સ્ટેશન ઉભા કરવા, આઉટ પોસ્ટો તેમજ પોલીસ સ્ટેશનોને અપગ્રેડ કરવા, નવી ચોકી/આઉટ પોસ્ટો બનાવવા માટેની દરખાસ્તો પોલીસ ખાતા તરફથી વિભાગમાં રજુ કરવામાં આવે છે. આવી દરખાસ્તો પરત્વે રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી સાથે ચર્ચા કરવામાં આવે છે. આવી ચર્ચા બાદ તેમજ જે તે ભૌગોલિક વિસ્તાર, વસ્તી અને ગુનાનું પ્રમાણ, સંવેદનશીલતા, આર્થિક-સામાજીક વિકાસના કારણે ઉદ્દભવતા ગુનાઓ વગેરે મુદ્દાઓને આધારે કેટલીક દરખાસ્તોને અગ્રીમતા આપવામાં આવે છે અને રાજ્યના અંદાજપત્રમાં આયોજન હેઠળની નવી બાબતો તરીકે આ પ્રકારની કેટલીક દરખાસ્તો સમાવવામાં આવે છે. આ વર્ષે પણ જે દરખાસ્તો મળી છે, તેમાં બનાસકાંઠા જિલ્લાની પણ દરખાસ્તો આવેલી છે, જે પેકી કેટલીક દરખાસ્તો ઉપરની રીતે સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

-------------

## વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળની અરજીઓ

૧૩૬૧૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાંથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબની અરજીઓ આવેલ છે :-

| | તાલુકાનું નામ | આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૧૧૪૧ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨૪૫ |
| ૩ | છોટાઉદેપુર | ૬૩૫ |
| ૪ | પાવીજેતપુર | ૪૨૫ |
| ૫ | સંખેડા | ૪૮૬ |
| ૬ | ક્વાંટ | ૩૦૪ |
| ૭ | નસવાડી | ૩૮૪ |
| ૮ | શિનોર | ૮૨ |
| ૯ | ડભોઇ | ૨૫૩ |
| ૧૦ | કરજણ | ૨૧૮ |
| ૧૧ | પાદરા | ૩૫૨ |
| ૧૨ | સાવલી | ૮૮૬ |
| ૧૩ | વાઘોડીયા | ૨૫૬ |
| | કુલ : | ૫૬૬૭ |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મંજૂર/નામંજૂર કરવામાં આવી.

| | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ અરજીઓ | નામંજૂર કરવામાં આવેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૯૩૪ | ૭૨ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨૩૫ | ૦૭ |
| ૩ | છોટાઉદેપુર | ૫૨૮ | ૬૫ |
| ૪ | પાવીજેતપુર | ૩૩૪ | ૫૨ |
| ૫ | સંખેડા | ૨૩૨ | ૧૦ |
| ૬ | ક્વાંટ | ૨૧૭ | ૦૬ |
| ૭ | નસવાડી | ૨૬૫ | ૦૦ |
| ૮ | શિનોર | ૬૭ | ૦૩ |
| ૯ | ડભોઇ | ૧૪૭ | ૬૯ |
| ૧૦ | કરજણ | ૨૧૫ | ૦૦ |
| ૧૧ | પાદરા | ૨૭૫ | ૨૪ |
| ૧૨ | સાવલી | ૭૫૮ | ૨૩ |
| ૧૩ | વાઘોડીયા | ૨૧૦ | ૦૮ |
| | કુલ : | ૪૪૧૭ | ૩૩૯ |

-------------

## દાહોદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજનાની અરજીઓ

૧૨૯૮૯**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લાના તાલુકાવાર રાજીવ ગાંધી ગ્રામીણ વિજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) બાકી રહેલ અરજીઓ ક્યા કારણસર રહી ગયેલ છે અને તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં દાહોદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર સમાવિષ્ટ લાભાર્થીઓ અને આપવામાં આવેલ વીજજોડાણની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | સમાવિષ્ટ લાભાર્થીઓની સંખ્યા | આપવામાં આવેલ વીજજોડાણ |
|---|---|---|
| દાહોદ | ૬૫૮૦ | ૧૯૩ |
| લીમખેડા | ૨૬૧૫ | ૬૦૩ |
| ગરબાડા | ૩૦૧૭ | ૩૧૫ |
| ફતેપુરા | ૪૪૫૦ | ૦ |
| દેવગઢ બારીયા | ૫૬૧૧ | ૧૦૦ |
| ધાનપુર | ૪૩૭૦ | ૩૨૦ |
| ઝાલોદ | ૭૧૮૭ | ૧૫૧ |
| કુલ : | ૩૩૮૩૦ | ૧૬૮૨ |

(૩) કેન્દ્ર સરકારને દાહોદ જિલ્લાનો પ્રોજેક્ટ ડિસેમ્બર-૨૦૦૫માં મોકલવામાં આવ્યો હતો. પરંતુ તેની મંજૂરી ઘણા વિલંબથી માર્ચ-૨૦૦૮માં મળેલ મંજૂરી બાદ ભાવ વધારાના કારણે પુનઃ મંજૂરી માગતા આખરી મંજૂરી તા.૩૦-૦૬-૨૦૦૯ ના રોજ મળેલ છે. મંજૂરીની

અપેક્ષાએ ઉક્ત ૧૬૮૨ જોડાણ આપવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટનો ટર્ન-કી કોન્ટ્રાક્ટ તા. ૨૨-૭-૨૦૦૯ ના રોજ આપવામાં આવેલ છે. સંબંધિત એજન્સી દ્વારા સર્વેની કામગીરી પ્રગતિમાં છે. અને પ્રોજેક્ટમાં નક્કી કરેલ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં થયેલા એમ.ઓ.યુ.માં પ્રોજેક્ટ શરૂ કરવા બાબત**

૧૩૫૬૦ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન કેટલા એમ.ઓ.યુ. થયા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન વ્યક્તિગત ધોરણે ૩૩૪૬ એમ.ઓ.યુ. (૩૫૭૪ પ્રોજેક્ટ માટે) અને વિવિધ ૭ એસોશિયેશન સાથે ૫૩૧૪ એમ કુલ ૮૬૬૦ એમ.ઓ.યુ. થયા છે. |
| (૨) આ અંગે રાજ્યમાં અંદાજે કેટલું મૂડીરોકાણ થશે, અને | (૨) રૂા. ૧૨,૩૭,૫૭૧/- કરોડ અને |
| (૩) આ સમયમાં થયેલ એમ.ઓ.યુ.ની પ્રગતિની સમીક્ષા માટે ક્યા તબક્કા નક્કી કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) આ મૂડીરોકાણ મોનીટરીંગ કરવા માટે અદ્યતન ઇન્ટિગ્રેટેડ મોનીટરીંગ સિસ્ટમ (આઇ.એમ.એસ.) સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. સોફ્ટવેરમાં મુખ્યત્વે ચાર તબક્કા નક્કી કરવામાં આવ્યા છે.<br>(૧) પ્રોજેક્ટ કમીશન્ડ, (જમીન મેળવી, જરૂરી મંજૂરી મેળવી ઉત્પાદનમાં ગયા હોય તેવા પ્રોજેક્ટ) (૨) પ્રોજેક્ટ અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન (જમીન મેળવી, બાંધકામ શરૂ કરેલ હોય અથવા કોઇ એક મંજૂરી મેળવી હોય કે તે માટે અરજી કરી હોય) (૩) પ્રોજેક્ટ ડ્રોપ (એકમ તરફથી નોડલ ઓફીસરને પ્રોજેક્ટ પડતો મૂકવાની જાણ કરી હોય) અને (૪) પ્રોજેક્ટ એટ પ્રિલીમનરી સ્ટેજ (ઉપર (૧), (૨) અને (૩)માં સમાવેશ ન થતાં હોય તેવા પ્રોજેક્ટ)<br>ફેબ્રુઆરી ૨૦૦૯ની સ્થિતિએ મોટા ૧૬૫૩ પ્રોજેક્ટ (૧૪૨૫ એમ.ઓ.યુ.) પૈકી ૭૩૫ પ્રોજેક્ટ (૪૪.૪૬%) કમિશન્ડ અને અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન છે. વ્યક્તિગત ધોરણે થયેલ એસએમઇનાં ૧૯૨૧ પ્રોજેક્ટ (૧૯૨૧ એમ.ઓ.યુ) પૈકી ૧૩૧૯ પ્રોજેક્ટ (૬૮.૬૬%) કમિશન્ડ અને અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન છે. જ્યારે ૫૪ પ્રોજેક્ટ (૦.૬૦%) પડતાં મૂકવામાં આવ્યા છે. અમલીકરણ હેઠળના પ્રોજેક્ટની કામગીરી ચાલુ છે જે આગામી સમયમાં પૂરા થવાની સંભાવના છે. |

-------------

**અબડાસા તાલુકાના નલીયા મુકામે ડી.વાય.એસ.પી. કચેરી સ્થાપવા બાબત**

૧૩૩૩૬**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના નલીયા મુકામે સરકાર ડી.વાય.એસ.પી.ની કચેરી સ્થાપવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા, તો ક્યારે, અને

(૩) જો ના, તો તેના કારણો શાં છે ?

(૨) બાબત વિચારણા હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**દિનદયાળ યુનિવર્સિટીમાં નવા અભ્યાસક્રમો**

**૧૩૫૮૧શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં પંડિત દિનદયાળ યુનિવર્સિટીમાં કોઈ નવા અભ્યાસક્રમો ઉમેરવામાં આવ્યાં છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ક્યા ક્યા નવા અભ્યાસક્રમો ક્યારથી ઉમેરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| | અભ્યાસક્રમનું નામ | શરૂ થયાનું વર્ષ | કુલ સીટો | કુલ વિદ્યાર્થીઓ |
|---|---|---|---|---|
| ૧ | લિબરલ સ્ટડીઝમાં સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ | ૨૦૦૯-૧૦ | ૬૦ | ૪૭ |
| ૨ | ન્યુક્લિઅર એન્જીનીયરીંગમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ | ૨૦૦૯-૧૦ | ૨૦ | ૨૦ |
| ૩ | સોલાર એનર્જીમાં શિક્ષણ વિસારદ (પી.એચ.ડી.) કક્ષાનો અભ્યાસક્રમ (પી.એચ.ડી. સોલારના અભ્યાસક્રમમાં કોઇ સીટ નક્કી હોતી નથી તે રીસર્ચ એરીયા અને રીસર્ચ ગાઇડ ઉપર આધારિત છે) | ૨૦૦૯-૧૦ | ૦૭ | ૦૭ |

-------------

**રાજ્યમાં પૂર્વ ધારાસભ્યશ્રીઓની આર્થિક સ્થિતિ અંગે**

**૧૨૧૯૮શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વેધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેટલાંક પૂર્વ ધારાસભ્યોની સ્થિતિ અત્યંત દયનીય અને કંગાળ બની છે તે હકીક્ત સરકારના ધ્યાનમાં છે કે કેમ,

(૨) જો હા, તો આવા ધારાસભ્યોની આર્થિક સ્થિતિ અંગે સરકારે કોઈ સર્વે ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં કરાવ્યો છે, અને તેની શી વિગતો છે, અને

(૩) આવા જરૂરિયાતમંદ ધારાસભ્યોની આર્થિક સ્થિતિ બદલવા સરકારે શી વ્યવસ્થા વિચારી છે ?

**જવાબ**

(૧) અધિકૃત કોઇ જાણકારી આ બાબતમાં પ્રાપ્ય નથી.

(૨) કોઇ સર્વે હાથ ધરાયો નથી.

(૩) હાલમાં આવી કોઇ વિચારણા ચાલતી નથી.

**કૃષિ ઉદ્યોગ અને ઘર વપરાશ માટે ફાળવવામાં આવતી વીજળી**

**૧૧૮૦૮શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રાજ્યમાં કૃષિ ઉદ્યોગ અને ઘરવપરાશ માટે કેટ કેટલી વિજળી ફાળવવામાં આવી છે, અને

(૨) ઘર વપરાશ માટે સોથી ઓછી વિજળી ફાળવવા બદલ સોથી વધુ ભાવે ઘરવપરાશના વિજ ગ્રાહકો ઉપર વીજ બોજ નાખવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રાજ્યમાં કૃષિ ઉદ્યોગ અને ઘરવપરાશ માટે પૂરી પાડવામાં આવેલી વીજળીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કેટેગરી | ૨૦૦૮-૦૯ (મીલીયન યુનિટમાં) | ૨૦૦૯-૧૦ (ડીસેમ્બર-૦૯) (મીલીયન યુનિટમાં) |
|---|---|---|---|
| ૧ | ખેતીવાડી | ૧૧,૭૨૪ | ૮૭૪૧ |
| ૨ | ઓદ્યોગિક | ૧૫,૮૯૭ | ૧૨,૯૧૬ |
| ૩ | રહેણાંક | ૫૭૨૩ | ૪૯૬૬ |

(૨) ઘરવપરાશના વીજ ગ્રાહકોને જરૂરિયાત જેટલી વિક્ષેપ રહીત વીજળી પુરી પાડવામાં આવે છે. રાજ્યમાં વિવિધ કેટેગરીના વીજ ગ્રાહકો માટેના વીજ દર નક્કી કરવાની બાબત નામ. વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકારમાં છે. નામ. આયોગ નક્કી કરેલ વીજ દર મુજબ ઓદ્યોગિક અને વાણિજ્યિક કેટેગરીના ગ્રાહકોની સરખામણીમાં ઘરવપરાશના વીજ ગ્રાહકો પર વધારે બોજો નાખવામાં આવ્યો નથી.

**ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવેલા અભ્યાસક્રમો**

૧૩૬૪૭**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થાપવામાં આવેલ ફોરેન્સિક સાયન્સ યુનિર્વસિટીમાં ક્યા ક્યા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવનાર છે, અને | (૧) ગુન્હેગારો દ્વારા ગુન્હાઓ કરવા માટે વધુ અને વધુ આધુનિક ટેક્નોલોજીઓ વાપરવામાં આવતી હોય આવા ગુન્હા શોધવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી બની ગયેલ છે. આવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી સરળતાથી ગુન્હો ઉકેલી શકે તેવા નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરીયાત છે. આમ દેશની આંતરિક સુરક્ષાની દૃષ્ટિએ પણ ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રના મોટી સંખ્યામાં નિષ્ણાંતો તૈયાર કરવાની ખૂબ મોટી જરૂરીયાત ઉભી થયેલ છે. આ બાબત લક્ષમાં લઇ ગુજરાત સરકારે ગુન્હાની તપાસ માટે જરૂરી વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તૈયાર કરવા માટે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિર્વસિટીની સ્થાપના કરેલ છે. આ યુનિર્વસિટીમાં હાલ નીચે મુજબના કોર્ષો શરૂ કરવામાં આવેલ છે.<br>(૧) એમ.એસ.સી. ઇન ફોરેન્સીક સાયન્સ<br>(૨) એમ.એસ. ઇન ફોરેન્સીક ફાર્મસી<br>(૩) એમ.એસ. ઇન ફોરેન્સીક નેનોટેક્નોલોજી<br>(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન ફોરેન્સીક સાયકોલોજી<br>(૫) ઓનલાઇન સર્ટીફીકેટ કોર્ષ ઇન ઇન્ફરમેશન સીક્યોરીટી<br>(૬) ઓનલાઇન સર્ટીફીકેટ કોર્ષ ઇન નેટવર્ક સીક્યોરીટી<br>(૭) ઓનલાઇન ડીપ્લોમાં કોર્ષ ઇન સાયબર સીક્યોરીટી<br>(૮) પી.એચ.ડી. રજીસ્ટ્રેશન |
| (૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ થશે ? | (૨) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાં પ્રશ્ન-૧ના જવાબમાં દર્શાવેલ કોર્ષો ચાલુ શૈક્ષણિક વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે. |

-------------

**રાજ્યની ખાનગી વીજ કંપનીઓનું વીજ ઉત્પાદન**

૧૨૦૭૮**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ અને રાજ્યની ખાનગી કઈ કઈ વીજ કંપનીઓનું વાર્ષિક વીજ ઉત્પાદન કેટલું છે, | (૧) સામેલ પત્રક મુજબ |
| (૨) તે સામે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરકાર ધ્વારા કેટલી વીજ વધુ ખરીદી કરવામાં આવી, અને | (૨) રાજ્યના વાર્ષિક વીજ ઉત્પાદન સામે રાજ્યની એકંદર વીજ માંગને પંહોચી વળવા ખાસ કરીને ઓછા વરસાદના સમયે વધારાની કૃષિ માંગ અને તહેવારો જેવા પ્રસંગોએ વધારાની વીજ માંગને પહોંચી વળવા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા રાજ્ય બહારથી ટૂંકા ગાળા માટે વીજ વેચાણકારો પાસેથી ૫૧.૮૯ મીલીયન યુનિટ વીજ ખરીદ કરવામાં આવી. |
| (૩) ખાનગી વીજ કંપનીઓ જે રાજ્યમાં છે તે કેટલી વીજ ખરીદી રાજ્ય બહારથી કરે છે અને કેટલી રાજ્ય બહાર વેચે છે ? | (૩) ખાનગી કંપનીઓ દ્વારા રાજ્ય બહારની વીજ ખરીદી અને વીજ વેચાણ અંગેની વિગતો રાજ્ય સરકાર પાસે ઉપલબ્ધ નથી. |

**પત્રક**

| ક્રમ | વીજમથકોના નામ | ૨૦૦૮-૦૯ કુલ મીલીયન યુનિટ | ૨૦૦૯-૧૦ (ડીસે-૨૦૦૯ સુધી) કુલ મીલીયન યુનિટ |
|---|---|---|---|
| ૧ | ધુવારણ ટીપીએસ-ઓલ્ડ | ૧,૦૫૪ | ૩૬૫ |
| ૨ | ઉકાઇ ટીપીએસ | ૪,૪૦૫ | ૩,૧૬૭ |
| ૩ | વણાકબોરી ટીપીએસ યુનિટ-૭ | ૧,૫૮૦ | ૧,૨૩૪ |
| ૪ | વણાકબોરી ટીપીએસ યુનિટ-૧ થી ૬ | ૮,૬૬૯ | ૬,૨૦૮ |
| ૫ | ગાંધીનગર ટીપીએસ યુનિટ-૫ | ૧,૫૭૭ | ૧,૨૧૩ |
| ૬ | ગાંધીનગર ટીપીએસ યુનિટ-૧ થી ૪ | ૩,૮૧૧ | ૨,૯૩૦ |
| ૭ | સિક્કા ટીપીએસ | ૧,૨૪૮ | ૯૧૭ |
| ૮ | કચ્છ લીગ્નાઇટ ટીપીએસ | ૧,૦૯૯ | ૬૫૬ |
| ૯ | ઉત્તરાણ ગેસ આધારીત | ૮૨૮ | ૫૯૧ |
| ૧૦ | ધુવારણ ગેસ આધારીત-સ્ટેજ-૧ | ૪૯૩ | ૩૯૪ |
| ૧૧ | ધુવારણ ગેસ આધારીત-સ્ટેજ-૨ | ૬૩૫ | ૫૬૦ |
| ૧૨ | ઉકાઇ હાઇડ્રો | ૫૨૧ | ૨૪૨ |
| ૧૩ | કડાણા હાઇડ્રો. (પાનમ હાઇડ્રો. સાથે) | ૮૦ | ૮૮ |
| | **કુલ :** | **૨૬,૦૦૦** | **૧૮,૫૬૫** |
| **રાજ્ય સરકારની માલીકીના સ્વતંત્ર વીજ ઉત્પાદન મથકો** | | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હજીરા | ૯૫૧ | ૮૪૬ |
| ૨ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની લી., સ્ટેજ- (જીયુવીએનએલ નો હિસ્સો) | ૩૯૨ | ૨૭૬ |
| ૩ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની લી., સ્ટેજ-૨ | ૧,૦૯૫ | ૭૬૧ |
| ૪ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની લી., (સુરત લિગ્નાઇટ પાવર પ્રોજેકટ) | ૧,૫૪૯ | ૧,૧૫૭ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કંપની- લિગ્નાઇટ | ૯૨૬ | ૮૪૯ |
| | **કુલ :** | **૪,૯૧૩** | **૩,૮૮૯** |
| **ખાનગી સાહસો** | | | |
| ૧ | ગુજરાત પગુથન પાવર કંપની લી. | ૩,૯૧૭ | ૩,૫૩૬ |
| ૨ | એસ્સાર (જીયુવીએનએલનો હિસ્સો) | ૧,૭૩૬ | ૧,૦૩૮ |
| ૩ | અદાણી પાવર લી. (મુન્દ્રા પાવર પ્રોજેકટ) | -- | ૪૦૯ |
| ૪ | ટોરેન્ટ પાવર લી. | ૩,૮૭૭ | ૭,૩૭૬ |
| | **કુલ :** | **૯,૫૩૦** | **૧૨,૩૫૯** |
| | **કુલ :** | **૩૯,૪૪૩** | **૩૪,૭૧૮** |

------------

## વધઈ ચેક પોસ્ટની આવક

૧૩૬૩૩૬**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની વઘઈ ચેક પોસ્ટોની કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની વઘઈ ચેક પોસ્ટની આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૩૨૩.૯૮ |
| ૨૦૦૮ | ૩૯૨.૦૨ |
| ૨૦૦૯ | ૪૧૬.૬૯ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

-------------

## સુરત અને તાપી જિલ્લામાં નોટરીની નિમણૂંક

૧૨૭૫૬**શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા નોટરીની નિમણૂક કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | નોટરીની સંખ્યા |
|---|---|---|
| સુરત | સુરત શહેર | ૮૮ |
| | બારડોલી | ૦૩ |
| | કામરેજ | ૦૫ |
| | ઉમરપાડા | ૦૧ |
| | ચોર્યાસી | ૦૪ |
| | પલસાણા | ૦૫ |
| | ઓલપાડ | ૦૯ |
| | માંડવી | ૦૧ |
| | માંગરોળ | ૦૨ |
| | મહુવા | ૦૧ |
| તાપી | વ્યારા | ૦૪ |
| | ઉચ્છલ | ૦૧ |
| | નિઝર | ૦૨ |

| | | |
|---|---|---|
| | સોનગઢ | ૦૧ |
| | વાલોડ | ૦૧ |

(૨) તે પૈકી અનુસૂચિત જન જાતિ અને અનુસૂચિત જાતિના કેટલા નોટરી છે ?

(૨)

| જિલ્લો | તાલુકો | અનુ.જન જાતિ | અનુ.જાતિ |
|---|---|---|---|
| સુરત | સુરત શહેર | ૦૨ | ૦૯ |
| | બારડોલી | -- | -- |
| | કામરેજ | -- | ૦૧ |
| | ઉમરપાડા | ૦૧ | -- |
| | ચોર્યાસી | -- | -- |
| | પલસાણા | -- | ૦૧ |
| | ઓલપાડ | -- | ૦૧ |
| | માંડવી | -- | -- |
| | માંગરોળ | -- | -- |
| | મહુવા | -- | -- |
| તાપી | વ્યારા | -- | -- |
| | ઉચ્છલ | ૦૧ | -- |
| | નિઝર | ૦૧ | -- |
| | સોનગઢ | -- | -- |
| | વાલોડ | -- | -- |

-------------

## જિલ્લા સરકારી વકીલોની નિમણૂક

૧૩૬૨૩ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧):માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા સરકારી વકીલોની નિમણૂક ક્યા ક્યા જિલ્લામાં કરવામાં આવી છે,

(૧) **પરિશિષ્ટ-ક** મુજબ

(૨) ક્યા જિલ્લા બાકી છે, અને

(૨) કોઈ જિલ્લા બાકી નથી.

(૩) બાકી જિલ્લાઓમાં આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### પરિશિષ્ટ - ક

| ક્રમ | જિલ્લાનું નામ | સરકારી વકીલનું નામ |
|---|---|---|
| ૧ | અમદાવાદ (રૂરલ) | શ્રી પી. એમ. ત્રિવેદી |
| ૨ | અમરેલી | શ્રી મગનભાઈ બી. સોલંકી |
| ૩ | આણંદ | શ્રી એન. પી. મહિડા |
| ૪ | બનાસકાંઠા-પાલનપુર | શ્રી ઉદયકુમાર બળવંતભાઇ આચાર્ય |
| ૫ | ભરૂચ | શ્રી પી. એન. પરમાર |
| ૬ | ભાવનગર | શ્રી ગીરીશકુમાર ચંદ્રકાંત દવે |
| ૭ | દાહોદ | શ્રી પ્રકાશચંદ્ર જોરાવરમલ જૈન |
| ૮ | ગાંધીનગર | શ્રી હિતેશ એન. રાવલ |
| ૯ | જામનગર | શ્રી બિમલ એચ. ચોટાઈ |
| ૧૦ | જુનાગઢ | શ્રી એન. ડી. મોરી |
| ૧૧ | કચ્છ-ભુજ | શ્રી યોગેશ ડી. ભાંડારકર |
| ૧૨ | ખેડા-નડીયાદ | શ્રી પરેશ એસ. ધોરા |
| ૧૩ | મહેસાણા | શ્રી ચંદનસિંહ સરદારસિંહ રાજપુત |
| ૧૪ | નર્મદા-રાજપીપળા | શ્રી જે. કે. પંડયા |
| ૧૫ | નવસારી | શ્રી અરવિંદભાઈ એ. રાણા |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | શ્રી જશવંતભાઈ ગોકળભાઈ પટેલ |

| | | |
|---|---|---|
| ૧૭ | પાટણ | શ્રી શૈલેષભાઈ એચ. ઠક્કર |
| ૧૮ | પોરબંદર | શ્રી એસ. કે. અમલાણી |
| ૧૯ | રાજકોટ | શ્રી નરેન્દ્રભાઈ મોહનભાઈ બુંસા |
| ૨૦ | સાબરકાંઠા - હિંમતનગર | શ્રી એ. જે. પટેલ |
| ૨૧ | સુરત | શ્રી નયન એલ. સુખડવાલા |
| ૨૨ | સુરેન્દ્રનગર | શ્રી ગોરાંગ ચીમનલાલ પુરોહિત |
| ૨૩ | વડોદરા | શ્રી નારાયણભાઈ સુખચંદ શાહ |
| ૨૪ | વલસાડ | કુ. મીતાબેન એ. પટેલ |

-------------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં ખેતી માટે નર્મદા નહેરનું પાણી આપવા બાબત**

૧૨૪૧૫ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા-બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા નહેરમાંથી ખેતી માટે કેટલા ગામોની કેટલા હેક્ટર જમીનને પાણી આપવામાં આવે છે,

(૨) આ તાલુકાઓમાં કેટલા ગામોને નહેરોનાં અભાવે પાણી આપી શકાતું નથી, અને તે કેટલા સમયમાં આપવામાં આવશે, અને

(૩) વિલંબના કારણો શા શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા-બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા નહેરમાંથી ખેતી માટે પાણી આપવામાં આવતું નથી.

(૨) આ તાલુકાના ૧૧૯ ગામોને નહેર વિતરણ વ્યવસ્થાના કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરી પાણી આપવાનું આયોજન છે.

(૩) વિતરણ વ્યવસ્થાની નહેરોના જમીન સંપાદનના કારણસર વિલંબ થવા પામેલ છે.

-------------

**અમદાવાદ જિલ્લાની વિવિધ કોર્ટોમાં પેન્ડિંગ કેસો**

૧૩૬૨૭**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાની વિવિધ કોર્ટોમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૨) આ પડતર કેસોના નિકાલ માટે સરકારે શું શું પગલાં લીધા છે ?

**જવાબ**

(૧)

| દિવાની કેસો | ફોજદારી કેસો | કુલ |
|---|---|---|
| ૧,૦૯,૦૫૫ | ૩,૯૪,૨૮૬ | ૫,૦૩,૩૪૧ |

(૨) સબંધિત યુનિટના (વહીવટ) માન. ન્યાયમૂર્તિશ્રીના વડપણ હેઠળ સબંધિત જિલ્લાઓમાં રજીસ્ટ્રાર જનરલ, રજીસ્ટ્રાર (આઈ.ટી) વડી અદાલત અને પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયાધિશ અને ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કમિટી રચવામાં આવે છે અને તાબાની કોર્ટોનાં પડતર કેસોના ઝડપી નિકાલ માટે જાત પરિક્ષણ કરીને અદ્યતન રજીસ્ટર તૈયાર કરવામાં આવે છે અને વ્યવસ્થિત પગલાં લઈને કેસોનો ઝડપી નિકાલ કરવામાં આવે છે અને ૧૮ જિલ્લાઓમાં આવી બેઠકો યોજેલ છે.

૨) કામગીરીની વહેંચણી હેઠળ વડી અદાલતે Ten Digit Comprehencive Classification code એક સરખા લીટીંગનો ધ્વારા ફાઈલ કરેલ મેટરો/નિયમો અને એક સરખી બાબતો હેઠળ અલગ પાડીને કેસોનો નિકાલ કરવામાં આવે છે. તેમજ ગુજરાતની તાબાની કોર્ટોના કેસ મેનેજમેન્ટ અને કોર્ટ મેનેજમેન્ટ માટે કોમ્પ્યુટરાઈઝેશનની મદદથી માહિતી ઉભી કરવામાં આવે છે.

૩) પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે વડી અદાલત ચાંપતી નજર રાખે છે અને જરૂર પડે તાબાની કોર્ટોને સૂચનાઓ જારી કરે છે.

૪) વડી અદાલતે પડતર કેસોના નિકાલ માટે કોમ્પ્યુટરનો ઉપયોગ અને ઈન્ફરમેશન ટેક્નોલોજીનો દરેક ક્ષેત્રે ઉપયોગ થાય તે માટે ભાર મુકેલ છે.

૫) પડતર કેસોના ઝડપી નિકાલ માટે લોક અદાલતો યોજવા માટે તાબાની કોર્ટોને વડી અદાલત નિર્દેશ આપે છે.

-------------

## આણંદ જિલ્લામાં તાલુકાવાર પોલીસ મહેકમ

૧૧૭૮૯**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા કેટલા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ **પત્રક** મુજબ

(૩) વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડ ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા. ૨૦-૦૨-૨૦૧૦ થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

**પત્રક**

| તાલુકો | મંજૂર મહેકમ | | | | | ખાલી જગ્યા | | | | | ક્યારથી ખાલી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પો.ઈ. | પો.સ.ઈ. | એ.એસ.આઈ | હે.કો. | પો.કો. | પો.ઈ. | પો.સ.ઈ. | એ.એસ.આઈ | હે.કો. | પો.કો. | ૬ માસથી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી |
| આણંદ | ૨ | ૧૨ | ૩૫ | ૫૨ | ૧૭૧ | ૧ | ૪ | ૦ | ૦ | ૧૦ | ૧૪ | ૧ પો.ઈ. |
| ઉમરેઠ | ૦ | ૨ | ૧૧ | ૧૭ | ૬૮ | ૦ | ૦ | ૦ | ૩ | ૩૧ | ૩૪ | ૦ |
| પેટલાદ | ૨ | ૪ | ૨૬ | ૩૮ | ૧૨૮ | ૦ | ૧ | ૦ | ૩ | ૩૪ | ૩૮ | ૦ |
| ખંભાત | ૧ | ૩ | ૨૮ | ૪૩ | ૧૫૬ | ૦ | ૦ | ૦ | ૯ | ૩૧ | ૪૦ | ૦ |
| બોરસદ | ૧ | ૨ | ૨૧ | ૩૧ | ૧૦૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૩૨ | ૩૫ | ૦ |
| આંકલાવ | ૦ | ૧ | ૬ | ૮ | ૨૫ | ૦ | ૦ | ૦ | ૨ | ૩ | ૫ | ૦ |
| સોજીત્રા | ૦ | ૧ | ૫ | ૮ | ૨૭ | ૦ | ૦ | ૦ | ૨ | ૪ | ૬ | ૦ |
| તારાપુર | ૦ | ૧ | ૫ | ૮ | ૧૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

-------------

**પંચમહાલ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા બાબત**

૧૩૫૮૯**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર પંચમહાલ જિલ્લામાં ડિસેમ્બર-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન કુલ કેટલા કી. મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન ડિસેમ્બર-૦૯ની સ્થિતિએ રૂપિયા ૭૩.૯૦ લાખના ખર્ચે ૧૦૧.૧૦ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે.

-------------

**રાજકોટ જિલ્લાની વિવિધ કોર્ટોમાં પડતર કેસો**

૧૩૬૨૯ **શ્રી કાંતિભાઈ અમૃતિયા(મોરબી) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાની વિવિધ કોર્ટોમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૨) આ પડતર કેસોના નિકાલ માટે સરકારે શું શું પગલાં લીધા છે ?

**જવાબ**

(૧)

| **દિવાની કેસો** | **ફોજદારી કેસો** | **કુલ** |
|---|---|---|
| ૫૮૫૦૭ | ૯૮૪૩૩ | ૧,૫૬,૯૪૦ |

(૨) સબંધિત યુનિટના (વહીવટ)માન. ન્યાયમૂર્તિશ્રીના વડપણ હેઠળ સબંધિત જિલ્લાઓમાં રજીસ્ટ્રાર જનરલ, રજીસ્ટ્રાર (આઈ.ટી.) વડી અદાલત અને પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયાધિશ અને ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કમિટી રચવામાં આવે છે અને તાબાની કોર્ટોના પડતર કેસોના ઝડપી નિકાલ માટે જાત પરિક્ષણ કરીને અધ્યતન રજીસ્ટર તેયાર કરવામાં આવે છે અને વ્યવસ્થિત પગલાં લઈને કેસોનો ઝડપી નિકાલ કરવામાં આવે છે અને ૧૮ જિલ્લાઓમાં આવી બેઠકો યોજેલ છે.

(૨) કામગીરીની વહેંચણી હેઠળ વડી અદાલતે Ten Digit Comprehencive Classification code એક સરખા લીટીંગનો દ્વારા ફાઈલ કરેલ મેટરો/નિયમો અને એક સરખી બાબતો હેઠળ અલગ પાડીને કેસોનો નિકાલ કરવામાં આવે છે.તેમજ ગુજરાતની તાબાની કોર્ટોના કેસ મેનેજમેન્ટ અને કોર્ટ મેનેજમેન્ટ માટે કોમ્પ્યુટરાઈઝેશનની મદદથી માહિતી ઉભી કરવામાં આવે છે.

(૩) પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે વડી અદાલત ચાંપતી નજર રાખે છે અને જરૂર પડે તાબાની કોર્ટોને સૂચનાઓ જારી કરે છે.

(૪) વડી અદાલતે પડતર કેસોના નિકાલ માટે કોમ્પ્યુટરનો ઉપયોગ અને ઈન્ફરમેશન ટેક્નોલોજીનો દરેક ક્ષેત્રે ઉપયોગ થાય તે માટે ભાર મુકેલ છે.

(૫) પડતર કેસોના ઝડપી નિકાલ માટે લોક અદાલતો યોજવા માટે તાબાની કોર્ટોને વડી અદાલત નિર્દેશ આપે છે.

-------------

## ભાવનગર જિલ્લામાં નવિન જી. આઈ.ડી. સી. શરૂ કરવાનું આયોજન

૧૨૬૧૬**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં ભાવનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં નવિન જી.આઈ.ડી.સી. શરૂ કરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાનાં ભાવનગર અને વલ્લભીપુર તાલુકામાં વસાહત સ્થાપવા અંગેનું આયોજન વિચારણામાં છે.

(૨) ઓદ્યોગિક વસાહત સ્થાપવા માટે યોગ્ય જમીનની ચકાસણી કરવામાં આવી રહી છે.

-------------

## મુંદ્રા પોર્ટના કસ્ટમ વિભાગમાંથી અને પોર્ટ બહારના વિસ્તારમાંથી પોલીસે પકડેલ દારૂનો જથ્થો

૧૩૦૪૫**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં મુંદ્રા પોર્ટના કસ્ટમ વિભાગમાંથી અને પોર્ટ બહારના વિસ્તારમાંથી રાજ્યની પોલીસે દારૂનો જથ્થો પકડ્યાની હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગત શું છે અને કોની કોની સામે આ બાબતે ગુનો કઈ કઈ કલમો અનુસાર નોંધવામાં આવ્યો છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) સને ૨૦૦૭માં ત્રણ કેસમાં ચાર આરોપી, ૨૦૦૮માં બે કેસમાં બે આરોપી અને ૨૦૦૯માં ત્રણ કેસમાં ત્રણ આરોપી વિરૂધ્ધ ગુના નોંધેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | ગુ.રનં.કલમ | આરોપીની સંખ્યા | આરોપીના નામ | જથ્થો |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૭ મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૪૪/૦૭ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૧ | ૧ કાનજી આસરીયા સેડા(ગઢવી) રહે. ઝરપરા તા. મુંદ્રા | દેશીદારૂ ૧૦ લીટર કિંમત રૂ. ૨૦૦/- |
| ૨ | મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૧૧૫/૦૭ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૨ | ૧. પ્રકાશ શંભુલાલ જોષી રહે. કોટડી તા. ભુજ<br>૨. રાણાભાઈ પોપટભાઈ મકવાણા રહે. કાનપર, તા. રાપર. | વિદેશીદારૂ ૨૦૫ બોટલ કિંમત ૩,૩૭,૫૦૦/- બીયર ટીન નંગ ૬૪૯ કિ. રૂા. ૪૨૭૬૦/ વિદેશી સીગારેટ પાકીટ નંગ ૮૨ કિ.રૂ.૧૦૭૦૦/ અને રોકડા ૨,૫૩,૨૮૦/- |
| ૩ | મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૧૩૩/૦૭ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૧ | ૧. પૃથ્વીરાજસિંહ હોથીજી સોઢા રહે. સમાંઘોઘા તા. મુદ્રા | દેશીદારૂ-૧૦ લીટર કિંમત રૂ.૨૦૦/- |
| ૪ | ૨૦૦૮<br>મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૬૦/૦૮ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૧ | ૧.રાજમંગલ સરખુ શાહ રહે. મુંદ્રા | દેશીદારૂ ૬૫ લીટર કિંમત રૂ.૧૨૯૦ |
| ૫ | મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૧૮૯/૦૮ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૧ | ૧.સંતોષ ચિંતામણી મહંતો રહે. રંગોલી હોટલ, મુંદ્રા. | દેશીદારૂ ૩૫ લીટર કિંમત રૂ.૭૦૦/- |
| ૬ | ૨૦૦૯ મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૪૭/૦૯ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૧ | ૧.પુનશી આશારીયા ગઢવી રહે. મોટાભાડીયા તા. મુંદ્રા. | દેશીદારૂ ૧૦ લીટર કિંમત રૂ.૨૦૦/- |
| ૭ | ૨૦૦૯ મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૧૨૧/૦૯ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૧ | ૧.પુનશી આશારીયા ગઢવી રહે. મોટાભાડીયા તા. મુંદ્રા. | દેશીદારૂ ૫ લીટર કિંમત રૂ.૧૦૦/- |
| ૮ | મુદ્રાપ્રોહી ગુ.ર.નં. ૧૮૮/૦૯ પ્રોહી કલમ ૬૬બી, ૬૫ઈ | ૧ | ૧.ભીખુભા રાણુભા જાડેજા રહે. નવીનાળ, તા. મુંદ્રા. | દેશીદારૂ ૧૫ લીટર કિંમત રૂ.૩૦૦/- |

(૩) આ ગુનાઓ સબબ કોઈ સજા કરવામાં આવ્યાની જાણ હોય તો તેની વિગત શું છે ?

(૩) ૧. મુંદ્રા પ્રોહીબીશન ગુ.ર.નં. ૧૩૩/૦૭ પ્રોહીબીશન કલમ ૬૬બી, ૬૫ઈ નીચે સાબિત થતા રૂ.૫૦/- દંડ અને તા. ૧૮/૨/૦૮ના રોજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવેલ છે.

૨. મુદ્રા પ્રોહીબીશન ગુ.ર.નં. ૬૦/૦૭ પ્રોહીબીશન કલમ ૬૬બી, ૬૫ઈ નીચે સાબિત થતા રૂ.૫૦/- દંડ અને તા. ૨૩/૦૭/૦૮ના રોજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવેલ છે.

-------------

## બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની માગણીઓ

૧૩૧૦૯**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૩) આ પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી પત્રક-૧મુજબ છે.

(૩) આદિજાતિ વિસ્તારની ૩૮૩ પડતર અરજીઓનો નિકાલ તા. ૩૧/૧૨/૨૦૧૦ સુધીમાં કરવાનું આયોજન છે. જ્યારે બાકી રહેલ પડતર અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજમાંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વિજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને તબક્કાવાર વીજજોડાણ આપવાનું આયોજન છે.

-------------

**પત્રક-૧**

તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ માટેની તાલુકાવાર પડતર અરજીઓની વિગતો.

| તાલુકો | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ |
|---|---|---|---|---|---|---|---|---|
| પાલનપુર | ૪૦ | ૨૧૯ | ૨૪૬ | ૧૦૯ | ૧૦૨ | ૧૫૮ | ૬૫ | ૧૮૫ |
| અમીરગઢ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ | ૨ | ૯ |
| દાંતીવાડા | ૩૧ | ૮૪ | ૧૭૪ | ૮૫ | ૫૨ | ૧૫૬ | ૧૫૧ | ૨૮૮ |
| ધાનેરા | ૩૭૮ | ૩૯૭ | ૩૧૦ | ૧૬૬ | ૨૫૦ | ૫૦૧ | ૩૬૦ | ૩૭૫ |
| વડગામ | ૧૯૮ | ૨૯૪ | ૨૭૪ | ૧૪૨ | ૧૨૧ | ૭૧ | ૫૭ | ૧૧૭ |
| ડીસા | ૩૨૮ | ૬૮૬ | ૪૩૨ | ૧૭૯ | ૨૬૨ | ૪૨૪ | ૪૨૭ | ૬૧૨ |
| દીયોદર | ૪૧૭ | ૨૪૫ | ૧૧૭ | ૪૩ | ૩૫ | ૪૦ | ૨ | ૧૨૯ |
| ભાભર | ૮૩ | ૧૪૪ | ૪૬ | ૩૨ | ૯ | ૨૫ | ૩ | ૮૧ |
| કાંકરેજ | ૧૨૯ | ૨૪૩ | ૯૫ | ૪૩ | ૨૨ | ૫૦ | ૧૨ | ૪૧ |
| થરાદ | ૧૫૯૮ | ૫૭૧ | ૩૭૮ | ૧૬૬ | ૨૧૩ | ૧૭૪ | ૬૦ | ૨૮૭ |
| વાવ | ૦ | ૦ | ૪૮ | ૩૨ | ૧૮ | ૫૮ | ૪૦ | ૪૩ |
| કુલ | ૩૨૦૨ | ૨૮૮૪ | ૨૧૨૧ | ૯૯૯ | ૧૦૮૫ | ૧૬૫૯ | ૧૧૭૯ | ૨૧૬૭ |

| ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧૨૩ | ૧૦૩ | ૭૩ | ૨૩ | ૧૪૩ | ૫૩ | ૧૬૪૨ |
| ૩ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૩૦ |
| ૨૯૫ | ૧૨૧ | ૩૫ | ૧૭ | ૭૪ | ૬૨ | ૧૬૨૫ |
| ૩૯૭ | ૧૩૧ | ૩૯ | ૩ | ૫૫ | ૮૨ | ૩૪૪૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩૭ | ૫૩ | ૫૬ | ૨૭ | ૧૧૬ | ૫૯ | ૧૭૨૨ |
| ૪૭૦ | ૨૦૫ | ૭૧ | ૨૫ | ૨૬૫ | ૧૩૪ | ૪૫૨૦ |
| ૫૫ | ૧૭ | ૨૫ | ૧૨ | ૧૪ | ૧૦ | ૧૧૬૧ |
| ૩૭ | ૧૧ | ૨૬ | ૧૩ | ૧૦ | ૨ | ૫૨૨ |
| ૫૭ | ૨૦ | ૩૦ | ૯ | ૪ | ૧૨ | ૭૬૭ |
| ૬૫૨ | ૫૪૭ | ૧૦૦ | ૨૯ | ૧૨૮ | ૧૨૦ | ૫૦૨૩ |
| ૩૬ | ૮૩ | ૩૨ | ૧૧ | ૧૫ | ૧૦ | ૪૨૬ |
| ૨૨૬૨ | ૧૨૯૩ | ૪૮૭ | ૧૭૦ | ૮૨૫ | ૫૪૯ | ૨૦૮૮૨ |

| ૨૦૦૩ | | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૦ | ઘાંતા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૦ | ૦ | ૧૯ | ૦ | ૩૫૬ | ૮ | ૩૮૩ |

| ઘાંતા | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ |
|---|---|---|---|---|---|---|---|
| | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬ | ૧૫ |

| ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮૭ | ૨૩ | ૫૧ | ૨૬૦ | ૪૦૬ | ૧૦ | ૮૮૭ |
| | | | | | | સમગ્ર કુલ..... | ૨૨૧૫૨ |

## ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડ્યુટીમાં રાહત

૧૩૫૮૫**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડયૂટીમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેનાથી વીજ ગ્રાહકોને કેટલો ફાયદો થયો?

**જવાબ**

(૧) અને (૨) : ગ્રામ્ય ઘરેલું વીજ વપરાશકારોને ૫% તથા શહેરી ઘરેલું વીજ વપરાશકારોને ૧૦% રાહત આપવામાં આવી છે. જેનાથી ઘરેલું વીજ વપરાશકારોને રૂ. ૧૫૯ કરોડનો ફાયદો થયેલ છે.

## અમરેલી જિલ્લામાં ફિડરોનું વિભાજન

૧૩૫૯૫**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન અમરેલી જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો કુલ ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન અમરેલી જિલ્લામાં કુલ રૂપિયા ૨૩૧.૩૨ લાખના ખર્ચે ૧૩ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

## મહેસાણા જિલ્લામાં ફિડરોનું વિભાજન

૧૩૫૯૪**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુદી જુદી ક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યુ, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી ક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કુલ રૂપિયા ૨૯૨.૯૧ લાખના ખર્ચે ૨૬ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

## ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ૬૬ કે.વી.ના વીજ સબસ્ટેશનો

૧૨૬૧૯**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકા વાઈઝ કેટલા ૬૬ કે.વી.ના સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકા વાઇઝ કુલ ૧૩ (તેર) ૬૬ કે.વી.ના સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા છે, જેની યાદી નીચે મુજબ છે :

| | તાલુકાનું નામ | સબસ્ટેશનનું નામ |
|---|---|---|
| ૧ | મહુવા | ૬૬ કે.વી. દાથા |
| ૨ | તલાજા | ૬૬ કે.વી. દિહોર |
| ૩ | મહુવા | ૬૬ કે.વી. વાંગર |
| ૪ | તલાજા | ૬૬ કે.વી. પસ્વી |
| ૫ | ઉમરાલા | ૬૬ કે.વી. ધરવાડા |
| ૬ | ગઢડા | ૬૬ કે.વી. માલપરા |
| ૭ | પાલીતાણા | ૬૬ કે.વી. કુંભણ |
| ૮ | પાલીતાણા | ૬૬ કે.વી. બોડાનાનેસ |
| ૯ | ભાવનગર | ૬૬ કે.વી. સરદારનગર (શ્રમજીવી સોસાયટી) |
| ૧૦ | વલ્લભીપુર | ૬૬ કે.વી. મોટીધરઇ |
| ૧૧ | ઘોઘા | ૬૬ કે.વી. નાથુગઢ |
| ૧૨ | વલ્લભીપુર | ૬૬ કે.વી. પાણવી |
| ૧૩ | સિહોર | ૬૬ કે.વી. સર |

(૨) મંજૂર થયેલ ૬૬ કે.વી.ના સબસ્ટેશનોમાં કેટલાના કામ પૂર્ણ થયેલ છે, અને બાકીના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) મંજૂર થયેલ ૬૬ કે.વી. ના સબસ્ટેશનમાં ૧૦(દસ) સબસ્ટેશનોના કામ પૂર્ણ થયેલ છે અને બાકીના સબસ્ટેશનોના કામો માર્ચ-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

-------------

## ભાવનગર જિલ્લાની નદીઓમાંથી ખનીજ ચોરીની ફરિયાદો

૧૩૫૭૫**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવાની આજુબાજુમાં આવેલ નદીઓમાંથી ખનીજ ચોરીની કેટલી ફરિયાદો

**જવાબ**

(૧) એકપણ ફરિયાદ મળેલ નથી.

મળી, અને

| | |
|---|---|
| (૨) મળેલ ફરિયાદ સામે સરકારે શાં પગલાં લીધા અને કેટલી રોયલ્ટી વસુલ કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો**

૧૩૬૪૨**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર):માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે, | (૧) કુલ-૧૪૧૩ મકાનો. |
| (૨) કેટલા મકાનોની ઘટ છે, અને | (૨) કુલ-૧૬૩ મકાનોની ઘટ છે. |
| (૩) આ ઘટ પૂરી કરવા સરકારે શું પગલાં લીધાં છે ? | (૩) સન-૨૦૧૦-૧૧માં પોલીસ આવાસ નિગમ દ્વારા કુલ-૧૨૯ મકાનો બનાવવાનું આયોજન કરેલ છે. |

-------------

**પ્લેન અને હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવેલ મુખ્ય મંત્રીનો પ્રવાસ ખર્ચ**

૧૩૧૦૨**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રીનો પ્લેન અને હેલીકોપ્ટર દ્વારા પ્રવાસનો કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્લેન અને હેલીકોપ્ટર દ્વારા પ્રવાસનો કુલ ખર્ચ અનુક્રમે રૂપિયા ૨૦,૩૯,૧૫૮-૦૦ (અંકે રૂપિયા વીસ લાખ ઓગણ ચાલીસ હજાર એક્સો અઠ્ઠાવન પુરા) અને રૂપિયા ૪૯,૧૩,૯૬૫-૦૦ (અંકે રૂપિયા ઓગણપચાસ લાખ તેર હજાર નવસો પાંસઠ પુરા)કરવામાં આવેલ છે. |
| (૨) એમાં ઉક્ત સમયમાં હેલીકોપ્ટરના મરામતનો કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) હેલીકોપ્ટર રાજ્ય સરકારશ્રીની માલિકીનું છે. જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ઉપરાંત અન્ય મહાનુભાવો પણ પ્રવાસ કરે છે. આથી મરામતનો ખર્ચ જુદો તારવવામાં આવતો નથી. |

-------------

**વિરમગામ શાખા નહેર-૧ અને ૨ ના કામો**

૧૩૬૫૦ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિરમગામ શાખા નહેર-૧ અને વિરમગામ શાખા નહેર-૨ ના કામો ક્યારે પૂર્ણ કરી શાખા નહેરોમાં ક્યારે પાણી છોડવામાં આવ્યું, | (૧) વિરમગામ શાખા નહેર-૧ ના કામો એપ્રિલ ૨૦૦૪માં પૂર્ણ કરી તેમાં જુન ૨૦૦૬ થી પાણી છોડવામાં આવ્યું. વિરમગામ શાખા નહેર-૨ના કામો માર્ચ ૨૦૦૮માં સંપૂર્ણતઃ પૂરાં કરવામાં આવ્યાં પરંતુ મોટા ભાગની નહેર તૈયાર હોઇ જુન ૨૦૦૭ થી પાણી છોડવામાં આવ્યું. |
| (૨) પ્ર. શાખાનાં કામો ક્યારે પૂર્ણ થશે, અને | (૨) પ્ર. શાખાના કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૩) વિરમગામ શાખા નહેર-૧ થી ૧૪,૩૧૫ હેક્ટર તથા વિરમગામ શાખા નહેર-૨ થી ૨૨,૪૭૮ હેક્ટર મળી કુલ ૩૬,૭૯૩ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. |

-------------

## પોલિસ કર્મચારીઓ માટે બનાવવામાં આવેલ આવાસો

૧૩૬૪૪**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય પોલિસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પોલીસ કર્મચારીઓ માટે કેટલા આવાસો બનાવવામાં આવ્યા, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૭માં -૮૦૫ આવાસો
વર્ષ-૨૦૦૮માં -૩૫૭૬ આવાસો અને
વર્ષ-૨૦૦૯માં -૧૦૮૮ આવાસો

(૨) સન ૨૦૦૭માં રૂ. ૩૯૨૨.૦૯ લાખ
સન ૨૦૦૮માં રૂ. ૨૧૬૧૫.૩૪ લાખ અને
સન ૨૦૦૯માં રૂ. ૬૭૯૯.૬૦ લાખનો
અંદાજીત ખર્ચ કરવામાં આવેલ છે.

-------------

## આણંદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવાની અરજીઓ

૧૩૫૬૩**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સબસ્ટેશનવાર ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ પડતર છે,

(૨) ખેડૂતોને જોડાણ આપવામાં ખૂબ સમય જાય છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો શા કારણોસર ?

**જવાબ**

(૧) ખેતી વિષયક વીજ જોડાણ માટે જે તે વિસ્તારના સબડીવીઝનમાં નોંધણી કરવામાં આવે છે. તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૨૮૬૯ ખેતી વિષયક વીજ જોડાણોની અરજીઓ પડતર છે. જેની સબડીવીઝનવાર વિગતો પત્રક-૧માં દર્શાવેલ છે.

(૨) અને (૩) : કૃષિ વીજ જોડાણ માટે ઉપલબ્ધ વીજપુરવઠો અને માંગ વચ્ચે સંતુલન જાળવીને ઉપલબ્ધ માળખાગત સુવિધા, વીજતંત્ર પર પડનાર બોજ નાણાકીય ફાળવણી વિગેરે ધ્યાને લઇ નોંધાયેલ અરજીઓને ક્રમાનુસાર વીજ જોડાણ આપવામાં આવે છે.

### પત્રક-૧

### આણંદ જિલ્લાના ખેતી હેતુ વીજ જોડાણોની તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ પડતર અરજીની માહિતી

| અ.નં. | વિભાગીય કચેરી | પેટા વિભાગીય કચેરી | કુલ પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | આણંદ ઉત્તર | ૧૨૭ |
| ૨ | આણંદ | આણંદ દક્ષિણ | ૩૧૪ |
| ૩ | આણંદ | આંક્લાવ | ૩૬૯ |
| ૪ | આણંદ | બોરસદ ગ્રામ્ય | ૪૫૯ |
| ૫ | આણંદ | બોરસદ શહેર | ૨૩ |
| ૬ | આણંદ | ઉમરેઠ ગ્રામ્ય | ૪૨૬ |
| ૭ | આણંદ | ઉમરેઠ શહેર | ૧૪ |
| ૮ | પેટલાદ | ખંભાત શહેર | ૩૪ |
| ૯ | પેટલાદ | ખંભાત ગ્રામ્ય | ૫૪૪ |
| ૧૦ | પેટલાદ | પેટલાદ ગ્રામ્ય | ૨૩૬ |
| ૧૧ | પેટલાદ | પેટલાદ શહેર | ૪ |
| ૧૨ | પેટલાદ | સોજીત્રા ગ્રામ્ય | ૧૭૪ |
| ૧૩ | પેટલાદ | તારાપુર ગ્રામ્ય | ૭૩ |
| ૧૪ | નડીયાદ | નડીયાદ ગ્રામ્ય | ૪ |
| ૧૫ | નડીયાદ | વસો ગ્રામ્ય | ૫૫ |
| ૧૬ | આણંદ શહેર | સરદાર શહેર | ૬ |
| ૧૭ | આણંદ શહેર | વિદ્યાનગર શહેર | ૭ |
| ૧૮ | આણંદ શહેર | શાસ્ત્રી શહેર | ૦ |
| | | કુલ : | ૨૮૬૯ |

-------------

## દાહોદ જિલ્લામાં ચોરી, લૂંટફાટ અને ખુન કેસના બનાવો

૧૨૩૦૯**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ચોરી, લૂંટફાટ અને ખૂન કેસના બનાવો નોંધાયા છે, અને

(૨) આવા બનાવોમાં સંડોવાયેલ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ચોરી | લૂંટફાટ | ખુન |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૪૬ | ૩૦ | ૭ |
| ૨ | ગરબાડા | ૯ | ૮ | ૩ |
| ૩ | ધાનપુર | ૧૫ | ૯ | ૮ |
| ૪ | દેવગઢ બારીયા | ૨૧ | ૩ | ૧ |
| ૫ | લીમખેડા | ૧૨ | ૪ | ૪ |
| ૬ | ઝાલોદ | ૩૮ | ૫ | ૭ |
| ૭ | ફતેપુરા | ૨૦ | ૫ | ૪ |
| | કુલ : | ૨૬૧ | ૬૪ | ૩૪ |

(૨) ચોરીના ગુનાઓમાં કુલ ૧૧૨ ઇસમો સંડોવાયેલ છે. જે પૈકી ૯૭ ઇસમો પકડાયેલા છે જ્યારે ૧૫ ઇસમોની ધરપકડ કરવાની બાકી છે.

લૂંટફાટના ગુનાઓમાં કુલ ૧૩૯ ઇસમો સંડોવાયેલ છે. જે પૈકી ૧૧૩ ઇસમો પકડાયેલ છે અને ૨૬ ઇસમોની ધરપકડ કરવાની બાકી છે.

જ્યારે ખૂનના ગુનાઓમાં કુલ ૮૫ ઇસમો સંડોવાયેલ છે જે પૈકી ૬૯ ઇસમો પકડાયેલ છે અને ૧૬ ઇસમોની ધરપકડ કરવાની બાકી છે.

આરોપીઓને પકડવા માટે ખાનગી રાહે બાતમી મેળવી તથા કોમ્બીંગનું આયોજન કરી આરોપીઓને પકડવા તમામ પ્રયાસો કરવામાં આવે છે.

આવા ગુના બનતા અટકાવવા અસરકારક નાઇટ પેટ્રોલીંગ તેમજ ક્રોસ પેટ્રોલીંગ રાખવામાં આવે છે. અવાર નવાર કોમ્બીંગ રાખી ગુના અટકાવવા બાબતે તમામ પ્રયાસો કરવામાં આવે છે. વાહન ચેકીંગ અમલમાં મૂકી ઝૂંબેશ ચલાવવામાં આવે છે. ગુનેગારો વિરૂધ્ધ પાસા તડીપારના પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

## શામળાજી ચેક પોસ્ટની આવક

૧૩૬૩૫ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહનવ્યવહાર ખાતાની શામળાજી ચેક પોસ્ટની કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો ક્યા ક્યા છે?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૭ | ૫૫૩૧.૯૫ |
| ૨૦૦૮ | ૬૨૩૬.૧૯ |
| ૨૦૦૯ | ૫૬૫૧.૪૯ |

(૨) ઓવરલોડ કેસોમાં ઘટાડો થવાથી આવકમાં દ ાટાડો થયેલ છે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લાના મીઠાના અગરના ક્રામદારોને આપવામાં આવતી સગવડો**

૧૨૮૦૦**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા મીઠાના અગરના ક્રામદારો માટે સરકાર દ્વારા કેવી કેવી સગવડતાઓ આપવામાં આવે છે,

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અગરીયાઓએ સરકાર સમક્ષ કઈ કઈ માંગણીઓ કરેલ છે,

(૩) તે પૈકી કેટલી માંગણીઓ પરિપૂર્ણ ક્રવામાં આવી અને કેટલી માંગણી પૂર્ણ થઈ નથી, અને

(૪) તે ક્યારે અને કેટલા સમયમાં પૂરી ક્રવાની ધારણા છે?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા મીઠાના અગરના ક્રામદારો માટે સરકાર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ, મોબાઇલ મેડીક્લ વાન, પીવાના પાણીની સુવિધા, મોબાઇલ રેશનીંગ વાન મારફ્તે જીવન-જરૂરીયાતની ચીજ-વસ્તુઓનું વિતરણ, શૈક્ષણિક સુવિધાઓ, રક્ષણાત્મક કીટ, વિજળીની સુવિધા, રેસ્ટ શેડ અને નમક મજદુર આવાસ યોજના અંતર્ગત ૨૨.૨ ચોરસવારના આવાસો તેમજ આ આવાસો પાસે સોલાર લાઇટ તેમજ સોલાર હોમ લાઇટની સુવિધાઓ ઉપલબ્ધ ક્રવામાં આવે છે.

(૨) અગરીયાઓ દ્વારા સરકાર સમક્ષ સીધી જ કોઇ પ્રકારની માંગણી ક્રવામાં આવેલ નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

-------------

**છોટા ઉદેપુર ચેક પોસ્ટની આવક**

૧૩૬૩૪**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની છોટા ઉદેપુર ચેકપોસ્ટની કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો ક્યાં ક્યાં છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની છોટા ઉદેપુર ચેકપોસ્ટની આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૭૧.૬૮ |
| ૨૦૦૮ | ૮૩.૧૮ |
| ૨૦૦૯ | ૧૧૬.૧૫ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

-------------

**ક્વાંટ તાલુકાના પાનવડ ગામે ૧૦૦૦મા વીજ સબ સ્ટેશનનું લોકાર્પણ**

૧૨૨૩૬**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૨-૧-૨૦૧૦ના રોજ વડોદરા જિલ્લાના ક્વાંટ તાલુકાના પાનવડ ગામે ૧૦૦૦મું વીજ સબસ્ટેશનનું મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે લોકાર્પણ થયેલ છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ પાનવડ વીજ સબસ્ટેશનમાં ક્યાંથી વીજળી પૂરી પાડવામાં આવશે?

**જવાબ**

(૧) હા જી, તા.૨૨-૧-૨૦૧૦ના રોજ વડોદરા જિલ્લાના ક્વાંટ તાલુકાના પાનવડ ગામે ૧૦૦૦મા વીજ સબ સ્ટેશનનું માન. મુખ્ય મંત્રીશ્રીના વરદ્ હસ્તે લોકાર્પણ થયેલ છે.

(૨) પાનવડ વીજ સબસ્ટેશનને ૬૬ કે.વી. ક્વાંટ સબસ્ટેશનમાંથી નીક્ળતી ૬૬ કે.વી. ક્વાંટ-વસેડી વીજરેષામાંથી વીજળી પુરી પાડવામાં આવે છે.

-------------

**સાબરકાંઠા જિલ્લાના તાલુકાને જ્યોતિગ્રામ યોજનામાં સમાવવા બાબત**

૧૨૩૮૧**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજનામાં સમાવવામાં આવ્યા,

(૨) તે પૈકી મેઘરજ-માલપુર-બાયડ-ધનસુરા તાલુકાનાં ગામોમાં સંપૂર્ણ જ્યોતિગ્રામ કનેક્શન આપેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો સરકાર આ ગામોને કેટલા સમયમાં સંપૂર્ણ જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવા માંગે છે?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના તમામ ૧૩૬૯ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ છે.

(૨) અને (૩) : હા, જી. મેઘરજ-માલપુર-બાયડ-ધનસુરા તાલુકાના તમામ ગામોને સંપૂર્ણપણે જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

-------------

**જૂનાગઢ જિલ્લાના વિવિધ કોર્ટોમાં પડતર કેસો**

૧૩૬૨૮**શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાની વિવિધ કોર્ટોમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૨) આ પડતર કેસોના નિકાલ માટે સરકારે શું શું પગલાં લીધા છે?

**જવાબ**

(૧)

| દિવાની કેસો | ફોજદારી કેસો | કુલ |
|---|---|---|
| ૩૪૦૧૧ | ૪૫૩૫૪ | ૭૯૩૬૫ |

(૨) સંબંધિત યુનિટના (વહીવટ) માન. ન્યાયમૂર્તિશ્રીના વડપણ હેઠળ સબંધિત જિલ્લાઓમાં રજીસ્ટ્રાર જનરલ, રજીસ્ટ્રાર (આઇ.ટી.) વડી અદાલત અને પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયાધિશ અને ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કમિટી રચવામાં આવે છે અને તાબાની કોર્ટોના પડતર કેસોના ઝડપી નિકાલ માટે જાત પરિક્ષણ કરીને અદ્યતન રજીસ્ટર તૈયાર કરવામાં આવે છે અને વ્યવસ્થિત પગલાં લઇને કેસોનો ઝડપી નિકાલ કરવામાં આવે છે અને ૧૮ જિલ્લાઓમાં આવી બેઠકો યોજેલ છે.

(૨) કામગીરીની વહેંચણી હેઠળ અદાલતે Ten Digit Comprehencive Classification code એક સરખા લીટીગનો દ્વારા ફાઇલ કરેલ મેટરો/નિયમો અને એક સરખી બાબતો હેઠળ અલગ પાડીને કેસોનો નિકાલ કરવામાં આવે છે. તેમજ ગુજરાતની તાબાની કોર્ટોના કેસ મેનેજમેન્ટ અને કોર્ટ મેનેજમેન્ટ માટે કોમ્પ્યુટરાઇઝેશનની મદદથી માહિતી ઉભી કરવામાં આવે છે.

(૩) પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે વડી અદાલત ચાંપતી નજર રાખે છે અને જરૂર પડે તાબાની કોર્ટોને સૂચનાઓ જારી કરે છે.

(૪) વડી અદાલતે પડતર કેસોના નિકાલ માટે કોમ્પ્યુટરનો ઉપયોગ અને ઇન્ફરમેશન ટેક્નોલોજીનો દરેક ક્ષેત્રે ઉપયોગ થાય તે માટે ભાર મુકેલ છે.

(૫) પડતર કેસોના ઝડપી નિકાલ માટે લોક અદાલતો યોજવા માટે તાબાની કોર્ટોને વડી અદાલત નિર્દેશ આપે છે.

## ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણમાં આપવામાં આવતી સબસીડી

૧૩૬૦૦ **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) :: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વીજ બીલમાં સીધી કોઇ સબસીડી આપવામાં આવતી નથી. પરંતુ, ખેડૂતોને કૃષિ વિષયક વીજ ક્નેક્શનો પર થયેલ વીજ વપરાશના પ્રમાણમાં રાહતદરે વીજ પુરવઠો પુરો પાડવા માટે સબંધિત વીજ વિતરણ કંપનીઓને નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના હુક્મો અન્વયે રાજ્ય સરકાર દ્વારા સબસીડી ચૂકવવામાં આવે છે.

તદ્દનુસાર, નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં રૂા. ૫૩.૩૮ ક્રોડની સબસીડી ચુક્વાયેલ છે.

-------------

## અંબાજી ચેક પોસ્ટની આવક

૧૩૬૩૭**શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની અંબાજી ચેકપોસ્ટની કેટલી આવક થઈ, અને

(૨) જો આવક્માં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૭ | ૩૫૫.૮૧ |
| ૨૦૦૮ | ૪૩૭.૨૫ |
| ૨૦૦૯ | ૪૪૦.૩૪ |

(૨) આવક્માં ઘટાડો થયેલ નથી.

-------------

## રાજ્યની બેંક્રો અને આંગડીયા પેઢીઓમાં થયેલ લૂંટના બનાવો

૧૧૮૭૫**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૭-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલી બેંક્રો અને આંગડીયા પેઢીઓમાં લૂંટ થયેલ છે.

(૨) તેમાંથી કેટલા તહોમતદારો પકડાયેલ અને કેટલા બાકી છે, અને

(૩) કુલ કેટલા રૂપિયાની લૂંટ થયેલ છે ?

**જવાબ**

(૧) ૬ બેંકોમાં અને ૮ આંગડિયા પેઢીમાં લૂંટ થયેલ છે.

(૨) ૨૯ તહોમતદારો પકડાયેલ છે. જ્યારે ૪ તહોમતદારો પકડવાના બાકી છે.

(૧) આરોપીઓને પકડવા માટે વખતોવખત તપાસ કરવામાં આવે છે. તેઓ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. જેમ બને તેમ વહેલી તકે આરોપીઓની ધરપકડ થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

(૨) આરોપીઓના સગાવહાલા ને ત્યાં ખાનગી વોચ રાખી અવારનવાર તપાસ કરવામાં આવેલ છે.

(૩) જરૂર જણાય ત્યાં સી.આર.પી.સી. ૭૦ મુજબ વોરંટ કઢાવી નજીક્નાં દરેક પો.સ્ટે.માં જાણ કરવામાં આવેલ છે.

(૪) બાતમીદારો રોકી આરોપીઓના છુપાવાના સંભવીત સ્થળોએ અવારનવાર વોચ રાખી માહિતી મેળવવા પ્રયત્નો કરવામાં આવે છે.

(૩) કુલ રૂા. ૬૧,૩૭,૫૪૬ ની લૂંટ થયેલ છે. આવા ગુનાઓ અટકાવવા માટે અસરકારક પગલાંઓ લેવામાં આવે છે :-

- વાહન ચેકીંગ સ્કીમ અમલમાં મુકી ઝુંબેશ ચલાવવામાં આવે છે. નાઇટ રાઉન્ડ સઘન બનાવી નવી સ્કીમ અમલમાં મુક્વામાં આવેલ છે.
- અવાર નવાર કોમ્બીંગનું આયોજન કરી ગુન્હેગારોના આશ્રય સ્થળો, દંગાઓ, હોટલ-ગેસ્ટ હાઉસ વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવેલ છે અને એ-રોલ તથા બી-રોલ ભરવામાં આવે છે.
- ગુનેગારો વિરુધ્ધ પાસા તડીપારના પગલાંઓ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ રીપોર્ટ અઠવાડિક મંગાવી સીનીયર સુપરવાઇઝરી અધિકારીશ્રીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

-------------

**દાહોદ જિલ્લામાં ખેડૂતો અને પિયત સહકારી મંડળીઓને આપવામાં આવતી વીજળી**

૧૧૮૧૬**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વ્યક્તિગત ખેડૂતોને અને પિયત સહકારી મંડળીઓને સરેરાશ ૮ (આઠ) ક્લાક વીજળી આપવામાં આવે છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો પિયત સહકારી મંડળીઓને ૨૪ (ચોવીસ) ક્લાક વીજળી આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંક્લન જાળવીને હાલ કૃષિ વિષયક વીજ જોડાણ માટે ૮ ક્લાક સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સમયાન્તરે પાક્ની જરૂરીયાતને ધ્યાને લઈને અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મૂકીને પણ ખેતી વિષયક હેતુ માટે વધુ સમય માટે વીજ પુરવઠો આપવાનું આયોજન કરાય છે.

-------------

**અમદાવાદ શહેરમાં લઠ્ઠાકાંડના બનેલા બનાવો**

૧૨૩૯૦**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૯થી તા. ૧૫-૧-૧૦ સુધીમાં અમદાવાદ શહેરમાં ક્યા ક્યા વિસ્તારમાં કેટલા લઠ્ઠાકાંડના બનાવો બન્યા, તે અન્વયે કેટ કેટલા ઈસમોના મૃત્યુ થયા,

(૨) આ બનાવમાં પકડાયેલ દારૂની ચકાસણી માટે ક્યારે મોક્લવામાં આવ્યું, અને ચકાસણીનો રીપોર્ટ ક્યારે ક્યારે મળ્યો, અને

**જવાબ**

(૧) તા.૧-૧-૦૯ થી તા.૧૫-૧-૨૦૧૦ સુધીમાં નીચે મુજબના વિસ્તારોમાં ઝેરી પદાર્થ પીવાના બનાવો બનેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | વિસ્તાર | બનાવ | મૃત્યુ |
|---|---|---|---|
| ૧ | કાગડાપીઠ | ૧ | ૨૪ |
| ૨ | ઓઢવ | ૧ | ૧૨૪ |
| ૩ | ગા.હવેલી | ૧ | ૬ |
| ૪ | વેજલપુર | ૧ | ૧ |
| ૫ | સેટેલાઈટ | ૨ | ૨ |
| ૬ | ગુજ.યુર્નિ. | ૧ | ૧ |
| | **કુલ :** | **૭** | **૧૫૮** |

(૨) અને (૩) :

| પોલીસ સ્ટેશનનું નામ | તપાસણી માટે | રીપોર્ટ મળ્યા | રીપોર્ટની વિગતો |
|---|---|---|---|
| કાગડાપીઠ પો. સ્ટે. ફ. | ૭-૭-૦૯ | ૨૦-૭-૦૯ | મીથાઈલ આલ્હોકોલની |

(૩) આ રીપોર્ટની વિગતો કઈ કઈ છે ?

| | | | |
|---|---|---|---|
| ગુ.ર.નં. ૧૬૧/ ૦૯ | | | હાજરી શોધાયેલી છે. |
| ઓઢવ પો. સ્ટે. ફ. ગુ.ર.નં. ૨૫૨/૦૯ | ૧૦-૭-૦૯ | ૨૦-૭-૦૯ | મીથાઈલ આલ્હોકોલ અને ઈથાઈલ આલ્કોહોલની હાજરી શોધાયેલી છે. |
| | ૨૨-૭-૦૯ અને ૨૮-૭-૦૯ | ૯-૯-૦૯ | મીથાઈલ/ઈથાઈલ તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન મિશ્રણની હાજરી શોધાયેલ છે. |
| ગાયકવાડ હવેલી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪૪/૦૯ | ૨૯-૮-૦૯ | ૧૯-૯-૦૯ | મીથેનોલ ૭૯.૦૭૬ તેમજ ૮૦.૦૬૨ નું પ્રમાણ શોધાયેલ છે. |
| વેજલપુરપો.સ્ટે.અ.મોત.નં. ૬૪/૦૯ સી.આર.પી.સી. ક્લમ ૧૭૪ | ૨૮-૧૨-૦૯ | ૨૯-૧૨-૦૯ | બ્લડમાં મિથાઈલ આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૭૧૧ટકા |
| સેટેલાઈટ પો.સ્ટે.અ.મોત નં. ૪૩/૦૯ સી.આર.પી.સી. ૧૭૪ | ૨૯-૧૨-૦૯ | ૨૯-૧૨-૦૯ | બ્લડમાં મિથાઈલ અલ્કોહોલનું પ્રમાણ ૦.૦૨૭૭ ટકા |
| પોલીસ સ્ટેશનનું નામ | તપાસણી માટે મોક્લ્યા તારીખ | રીપોર્ટ મળ્યા તારીખ | રીપોર્ટની વિગતો |
| સેટેલાઈટ અ.મોત નં. ૪૫/૦૯ સી. આર. પી.સી. ક્લમ ૧૭૪ | ૩૧-૧૨-૦૯ | ૩૧-૧૨-૦૯ | બ્લડમાં મિથાઈલ અલ્કોહોલનું પ્રમાણ ૦.૨૦૬૪ ટકા |
| ગુજરાત યુનિવર્સિટી પો. સ્ટે. અ. મોત નં. ૧/૧૦ સી. આર.પી.સી. ક્લમ ૧૭૪ | ૩૦-૧૨-૦૯ | ૩૦-૧૨-૦૯ | બ્લડમાં મિથાઈલ અલ્કોહોલનું પ્રમાણ ૦.૧૩૭૪ ટકા |

-------------

## જી. એસ. પી. સી. ધ્વારા ઓઈલ અને ગેસનું ઉત્પાદન

૧૨૭૦૩ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય હસ્તકની પેટ્રોલિયમ કંપની જી. એસ. પી. સી. ધ્વારા તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલી જગ્યાએ ઓઈલ અને ગેસના ઉત્પાદન માટેનું ઉત્ખનન થઈ રહેલ છે ?

**જવાબ**

જી.એસ.પી.સી. દ્વારા તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ભારતમાં ૪૯ અને વિદેશમાં ઈજિપ્ત, યેમેન, ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં ૧૧ બ્લોક્સમાં મળીને કુલ ૬૦ સ્થળોએ ઓઈલ અને ગેસના ઉત્પાદન માટેનું ઉત્ખનન થઈ રહેલ છે. આ બ્લોક્સના વિસ્તાર, જી.એસ.પી.સી.નો હિસ્સો વિગેરે વિગતો પરિશિષ્ટ-૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની છે.

### પરિશિષ્ટ - ૧

| અ.નં. | રાઉન્ડ | કેટેગરી | ફીલ્ડ/બ્લોક | વિસ્તાર/ Sq.K.M. | જીએસ પીસી | ઓન/ ઓફશોર | જીએસપીસી હિસ્સો (%) | પાર્ટનર (%) | ઓપરેટર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રી નેલ્પ | ફીલ્ડ ડેવલપમેન્ટ | હઝીરા | ૫૦ | ૩૪ | ઓનશોર | ૬૭ | નિકો (૩૩.૩) | એનઆર એલ |
| ૨ | પ્રી નેલ્પ | | ભાન્ડુત | ૬ | ૪ | ઓનશોર | ૬૦ | ઓઈલેક્સ (૪૦) | ઓઈલેક્સ |
| ૩ | પ્રી નેલ્પ | | કેમ્બે | ૧૬૧ | ૮૯ | ઓનશોર | ૫૫ | ઓઈલેક્સ (૪૫) | ઓઈલેક્સ |
| ૪ | પ્રી નેલ્પ | | સાબરમતી | ૫.૮ | ૩ | ઓનશોર | ૬૦ | ઓઈલેક્સ (૪૦) | ઓઈલેક્સ |
| ૫ | પ્રી નેલ્પ | | આસજોલ | ૧૫ | ૮ | ઓનશોર | ૫૦ | એચઓઈસી (૫૦) | એચઓઈસી |
| ૬ | પ્રી નેલ્પ | | ન.બલોલ | ૨૭.૩ | ૧૨ | ઓનશોર | ૪૫ | એચઓઈસી (૨૫) હેરામેક (૩૦) | એચઓઈસી |
| ૭ | પ્રી નેલ્પ | | ઉનાવા | ૫.૬૫ | ૪ | ઓનશોર | ૭૦ | હેરામેક (૩૦) | જીએસપીસી |
| ૮ | પ્રી નેલ્પ | | ધોલાસણ | ૮૮ | ૬ | ઓનશોર | ૭૦ | હેરામેક (૩૦) | હેરામેક |
| ૯ | પ્રી નેલ્પ | | ન.કઠાના | ૭ | ૫ | ઓનશોર | ૭૦ | હેરામેક (૩૦) | હેરામેક |
| ૧૦ | પ્રી નેલ્પ | | ક્નવારા | ૬.૩ | ૪ | ઓનશોર | ૭૦ | હેરામેક (૩૦) | હેરામેક |
| ૧૧ | પ્રી નેલ્પ | | અલ્લોરા | ૬.૮૫ | ૫ | ઓનશોર | ૭૦ | હેરામેક (૩૦) | હેરામેક |
| ૧૨ | પ્રી નેલ્પ | | તારાપુર-#1 | ૨.૧૪ | ૧ | ઓનશોર | ૫૬ | ઓએનજીસી (૩૦) જીજીઆર-૧૪ | જીએસપીસી |
| | | | પ્રમોડા | ૩.૫૪ | ૧ | ઓનશોર | ૩૫ | એચઓઈસી (૩૫) ઓએનજીસી-૩૦ | એચઓઈસી |
| | | | દક્ષિણ પ્રમોડા | ૪.૧ | ૭ | ઓનશોર | ૩૫ | એચઓઈસી (૩૫) ઓએનજીસી-૩૦ | એચઓઈસી |
| | | | ઈંગોલી | ૧૪.૦૩ | ૭ | ઓનશોર | ૫૦ | ગેઈલ (૫૦) | જીએસપીસી |
| ૧૩ | પ્રી નેલ્પ | એક્સપ્લારેશન બ્લોક | **CB/ON/7** (પાલેજ) | ૯૭ | ૪૯ | ઓનશોર | ૫૦ | જેઓજીપીએલ (૧૦)- જીજીઆર (૧૦) | એચઓઈસી |
| | | | **CB/ON/2** (તારાપુર) | ૧૨૧૦ | ૯૬૮ | ઓનશોર | ૮૦ | જીઆરઆઈ (૧૦) એનપ્રો ફાઈ.પ્રા.લી. (૧૦) | જીએસપીસી |
| ૧૪ | નેલ્પ-૨ | એક્સપ્લારેશન | **CB/OON/2000/1** | ૪૨૭ | ૨૧૪ | ઓનશોર | ૫૦ | જેઈએલ (૨૦)- પીપીસીએલ (૧૫) જીજીઆર (૧૦) | જીએસપીસી |
| ૧૫ | નેલ્પ-૩ | એક્સપ્લારેશન | **KG/OSN/2001/3** | ૧૮૫૦ | ૧૪૮૦ | ઓફશોર | ૮૦ | જેઓજીપીએલ (૧૦)- જીજીઆર (૧૦) | જીએસપીસી |
| ૧૬ | નેલ્પ-૪ | બ્લોક ફોર એક્સપ્લોરેશન | **CB/ONN/2002/2** | ૯૩.૩૯ | ૫૬ | ઓનશોર | ૬૦ | જીઆરઆઈ (૧૦) ઈએનપીઆરઓ ફા. પ્રા.લી. (૧૦) | જેઓજીપી એલ |
| ૧૭ | | | **CB/ONN/2002/3** | ૧૪૩ | ૭૯ | ઓનશોર | ૫૫ | જેઈએલ (૨૦)- પીપીસીએલ (૧૫)- જીજીઆર (૧૦) | જીએસપીસી |
| ૧૮ | | | **CY/ONN/2002/1** | ૫૧૦ | ૧૦૨ | ઓનશોર | ૨૦ | જીઈએલ (૩૦)- ગેઈલ (૫૦) | જેઓજીપી એલ |

| અ.નં. | રાઉન્ડ | કેટેગરી | ફીલ્ડ/બ્લોક | વિસ્તાર/ Sq.K.M. | જીએસ પીસી | ઓન/ ઓફશોર | જીએસપીસી હિસ્સો (%) | પાર્ટનર (%) | ઓપરેટર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | નેલ્પ-૫ | | **CB/ONN/2003/2** | ૪૪૮ | ૨૨૪ | ઓનશોર | ૫૦ | ગેઈલ (૨૦)-જેઈએલ (૨૦)- જીજીઆર (૧૦) | જીએસપીસી |
| ૨૦ | | | **AA/ONN/2003/1** | ૮૧ | ૧૬ | ઓનશોર | ૨૦ | ગેઈલ (૩૫)- જેઓજીપીએલ (૩૫) | જેઓજીપી એલ |
| ૨૧ | નેલ્પ-૬ | બ્લોક ફોર એક્સપ્લોરેશન | **CY/DWN-2004/1** | ૧૦૩૦૨ | ૧૦૩૦ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૭૦)- ગેઈલ (૧૦)- એચપીસીએલ(૧૦) | ઓએનજીસી |
| ૨૨ | | | **CY-DWN-2004/2** | ૧૨૦૫૯ | ૧૨૦૬ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૭૦)- ગેઈલ (૧૦)- એચપીસીએલ (૧૦) | ઓએનજીસી |
| ૨૩ | | | **CY-DWN-2004/3** | ૧૨૦૧૭ | ૧૨૦૨ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૭૦)- ગેઈલ (૧૦)- એચપીસીએલ (૧૦) | ઓએનજીસી |
| ૨૪ | | | **CY-DWN-2004/4** | ૧૨૦૨૫ | ૧૨૦૩ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૭૦)- ગેઈલ (૧૦)- એચપીસીએલ (૧૦) | ઓએનજીસી |
| ૨૫ | | | **CY-PR-DWN-2004/1** | ૧૩૪૫૧ | ૧૩૪૫ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૭૦) -ગેઈલ (૧૦)- એચપીસીએલ (૧૦) | ઓએનજીસી |
| ૨૬ | | | **CY-PR-DWN-2004/2** | ૯૯૯૪ | ૯૯૯ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૭૦)- ગેઈલ (૧૦)- એચપીસીએલ (૧૦) | ઓએનજીસી |
| ૨૭ | | | **KG/DWN/2004/1** | ૧૧૯૫૧ | ૧૧૯૫ | ઓફશોર | ૧૦ | ગેઈલ (૧૦)- ઓએનજીસી (૭૦) એચપીસીએલ (૧૦)- બીપીસીલ (૧૦) | ઓએનજીસી |
| ૨૮ | | | **KG/DWN/2004/2** | ૧૧૮૫૧ | ૧૧૮૫ | ઓફશોર | ૧૦ | ગેઈલ (૧૦)- ઓએનજીસી (૭૦) -એચપીસીએલ (૧૦)- બીપીસીલ (૧૦) | ઓએનજીસી |
| ૨૯ | | | **KG/DWN/2004/3** | ૬૨૦૫ | ૬૨૧ | ઓફશોર | ૧૦ | ગેઈલ (૧૦)- ઓએનજીસી (૭૦)- એચપીસીએલ (૧૦) | ઓએનજીસી |
| ૩૦ | | | **KG/DWN/2004/5** | ૧૧૯૨૨ | ૧૧૯૨ | ઓફશોર | ૧૦ | ગેઈલ (૧૦)- ઓએનજીસી (૫૦)- એચપીસીએલ (૧૦)- બીપીસીલ (૧૦)- ઓઈલ (૧૦) | ઓએનજીસી |
| ૩૧ | | | **KG/DWN/2004/6** | ૧૦૯૦૭ | ૧૦૯૧ | ઓફશોર | ૧૦ | ગેઈલ (૧૦)- ઓએનજીસી (૭૦)- એચપીસીએલ (૧૦)- ઓઈલ (૧૦) | ઓએનજીસી |
| ૩૨ | | | **MB/OSN/2004/1** | ૧૫૨૦ | ૩૦૪ | ઓફશોર | ૨૦ | આઈઓસી (૨૦)- ગેઈલ (૨૦)- એચપીસીએલ (૨૦)- પેટ્રો ગેસ (૨૦) | જીએસપીસી |
| ૩૩ | | | **MB/OSN/2004/2** | ૭૪૧ | ૧૪૮ | ઓફશોર | ૨૦ | આઈઓસી (૨૦)- ગેઈલ (૨૦)- એચપીસીએલ (૨૦)- પેટ્રો ગેસ (૨૦) | પેટ્રો ગેસ |
| ૩૪ | | | **RJ/ONN/2004/1** | ૪૬૧૩ | ૧૦૨૬ | ઓનશોર | ૨૨.૨૫ | એચપીસીએલ (૨૨.૨) ગેઈલ (૨૨.૨)- બીપીસીએલ (૧૧.૧) | ગેઈલ |
| ૩૫ | | | **CB/ONN/2004/1** | ૩૨ | ૧૩ | ઓનશોર | ૪૦ | ઓએનજીસી (૫૦)- હેરામેક (૧૦) | ઓએનજીસી |
| ૩૬ | | | **CB/ONN/2004/2** | ૪૨૩ | ૧૬૯ | ઓનશોર | ૪૦ | ઓએનજીસી (૪૦)- એનસર્ચ (૨૫) | ઓએનજીસી |
| ૩૭ | | | **CB/ONN/2004/3** | ૧૧૩ | ૪૫ | ઓનશોર | ૪૦ | ઓએનજીસી (૪૦)- એનસર્ચ (૨૫) | ઓએનજીસી |
| ૩૮ | | | **CB/ONN/2004/4** | ૭૦ | ૨૮ | ઓનશોર | ૪૦ | ઓએનજીસી (૫૦)- હેરામેક (૧૦) | ઓએનજીસી |
| ૩૯ | | | **KG/ONN/2004/2** | ૧૧૪૦ | ૪૫૬ | ઓનશોર | ૪૦ | ગેઈલ (૪૦)- પેટ્રોગેસ (૨૦) | જીએસપીસી |
| ૪૦ | નેલ્પ-૭ | બ્લોક ફોર એક્સપ્લોરેશન | **KK/DWN/2005/2** | ૧૯૨૩૪ | ૧૯૨૩ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૯૦) | ઓએનજીસી |
| ૪૧ | | | **KG/DWN/2005/1** | ૧૭૨૭ | ૧૭૩ | ઓફશોર | ૧૦ | ઓએનજીસી (૭૦)- આઈઓસીએલ (૧૦) | ઓએનજીસી |
| ૪૨ | | | **MB/OSN/2005/1** | ૨૮૧૧ | ૫૬૨ | ઓફશોર | ૨૦ | ઓએનજીસી (૮૦) | ઓએનજીસી |
| ૪૩ | | | **MB/OSN/2005/5** | ૨૪૦૨ | ૭૨૧ | ઓફશોર | ૩૦ | ઓએનજીસી (૭૦) | ઓએનજીસી |
| ૪૪ | | | **MB/OSN/2005/6** | ૨૮૨૦ | ૫૬૪ | ઓફશોર | ૨૦ | ઓએનજીસી (૮૦) | ઓએનજીસી |
| ૪૫ | | | **KG/OSN/2005/1** | ૨૮૧૦ | ૫૬૨ | ઓફશોર | ૨૦ | ઓએનજીસી (૬૦)- એચપીસીએલ મીત્તલ એનર્જી લી. (૨૦) | ઓએનજીસી |
| ૪૬ | | | **CB/ONN/2005/4** | ૩૧ | ૧૫ | ઓનશોર | ૪૯ | ઓએનજીસી (૫૧) | ઓએનજીસી |
| ૪૭ | | | **CB/ONN/2005/ 10** | ૨૭૦ | ૧૩૨ | ઓનશોર | ૪૯ | ઓએનજીસી (૫૧) | ઓએનજીસી |
| ૪૮ | | | **CY/ONN/2005/1** | ૯૪૬ | ૨૮૪ | ઓનશોર | ૩૦ | ગેઈલ (૪૦)- બેંગાલ એનર્જી ઈન્ટર. ઈન્ક (૩૦) | ગેઈલ |
| ૪૯ | | | **RJ/ONN/2005/3** | ૧૨૧૭ | ૭૩૦ | ઓનશોર | ૬૦ | ઓએનજીસી (૪૦) | જીએસપીસી |
| | | | | ૧૭૦૭૮૭ | ૨૩૪૮૫ | | | | |

## પરિશિષ્ટ - ૨

## જીએસપીસીના વિદેશમાં બ્લોક્સ

| અ.નં. | રાઉન્ડ | કેટેગરી | ફીલ્ડ/બ્લોક | વિસ્તાર/ Sq.K.M. | જીએસ પીસી | ઓન/ ઓફશોર | જીએસપીસી હિસ્સો (%) | પાર્ટનર (%) | ઓપરેટર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઓસ્ટ્રેલીયા | બ્લોક ફોર એક્સપ્લોરેશન | **WA-388** | ૪૨૯૦ | ૬૦૧ | ઓફશોર | ૧૪ | ઓઈલેક્સ (૧૪)- સાસોલ (૩૦)- વીઆઈએલ (૧૪)- એચપીસીએલ (૧૪)- બીપીસીએલ (૧૪) | ઓઈલેક્સ |
| ૨ | | | **JPDA-06-103** | ૩૭૪૧ | ૯૩૫ | ઓફશોર | ૨૫ | ઓઈલેક્સ (૧૦)- વીઆઈએલ (૨૫)- બીપીસીએલ (૨૫)- જેઈ (૧૫) | ઓઈલેક્સ |
| ૩ | ઈજીપ્ત | બ્લોક ફોર | **SOUTH DIYUR** | ૩૭૬૭૮ | ૩૦૧૪૨ | ઓફશોર | ૮૦ | આલક્રોર (૨૦) | જીએસપીસી |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | એક્સપ્લોરેશન | **NORTH HAPPY** | ૪૧૮૦ | ૩૩૪૪ | ઓફશોર | ૮૦ | આલ્કોર (૨૦) | જીએસપીસી |
| ૫ | | | **SOUTH QUSEIR** | ૮૨૮૭ | ૪૧૪૪ | ઓફશોર | ૫૦ | એચપીસીએલ (૨૫)-ઓઈલ (૨૫) | જીએસપીસી |
| ૬ | | | **SOUTH SINAI** | ૨૬૦૦ | ૧૩૦૦ | ઓફશોર | ૫૦ | એચપીસીએલ (૨૫)-ઓઈલ (૨૫) | જીએસપીસી |
| ૭ | | | **SOUTH GULF OF SUEZ** | ૧૦૮ | ૬૫ | ઓફશોર | ૬૦ | અદાની વેલ્સ્પુન (૪૦) | જીએસપીસી |
| ૮ | યેમેન | બ્લોક ફોર એક્સપ્લોરેશન | **19 (AL-JAW)** | ૮૪૨૫ | ૩૭૯૧ | ઓફશોર | ૪૫ | જ્યુબીલીયન્ટ (૩૦)- આલ્કોર (૨૫) | જીએસપીસી |
| ૯ | | | **28(NBELHAF)** | ૪૪૬૫ | ૨૦૦૯ | ઓફશોર | ૪૫ | જ્યુબીલીયન્ટ (૩૦)- આલ્કોર (૨૫) | જીએસપીસી |
| ૧૦ | | | **57(AL-RAYAN)** | ૧૦૯૬૩ | ૪૯૩૩ | ઓફશોર | ૪૫ | જ્યુબીલીયન્ટ (૩૦)- આલ્કોર (૨૫) | જીએસપીસી |
| ૧૧ | ઈન્ડોનેશીયા | એક્સપ્લોરેશન | **SOUTH EAST TUNGKAL** | ૨૩૧૦ | ૧૧૬૬ | ઓફશોર | ૫૦.૫ | ઈઈપીએલ (૪૯.૫) | જીએસપીસી |
| | | | | ૮૭૦૪૭ | | | | | |

-------------

## ઝગડીયા તાલુકાના તલોદરા ગામે પીળી માટી માટે આપવામાં આવેલ લીઝ

૧૧૯૪૦**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકાના તલોદરા ગામે પીળી માટી, માટે કોને કોને લીઝ આપવામાં આવી છે,

(૨) આ પીળી માટી ગેરકાયદેસર ખોદકામ કરી માટી લઈ ગયા છે તેવી કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને

(૩) આ પીળી માટીની રોયલ્ટી પેટે છેલ્લા બે વર્ષમાં કેટલી રોયલ્ટી વસુલ કરાઈ અને કેટલી વસુલ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના તલોદરા ગામે સાદી માટી માટે (૧) શ્રી ઈમાનુએલ ગંભીરસિંહ વસાવા અને (૨) શ્રી રવજીભાઈ ઈશ્વરભાઈ વસાવાને ક્વોરી લીઝ આપવામાં આવેલ છે.

(૨) એક.

(૩) રૂા.૭૪,૬૫૦/- ની રોયલ્ટી વસુલ કરવામાં આવેલ છે. અને રોયલ્ટીની રકમની વસુલાત બાકીમાં નથી.

-------------

## અમદાવાદ શહેરમાં લઠ્ઠાકાંડ બાદ પોલિસે દારૂના અડ્ડાઓ ઉપર પાડેલા દરોડા

૧૧૭૮૪**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯ના વર્ષમાં અમદાવાદ શહેરમાં લઠ્ઠાકાંડ બાદ પોલિસે દારૂના કેટલા અડ્ડાઓ ઉપર દરોડા પાડ્યા,

(૨) આ દરોડામાં પોલિસ મથકદીઠ કેટ કટલો દેશી દારૂ , વિદેશી દારૂ કે મિથેનોલ પકડાયો, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૯ના વર્ષમાં અમદાવાદ શહેરમાં લઠ્ઠાકાંડ બાદ પોલીસે દારૂના ૬૦૩ અડ્ડાઓ ઉપર કુલ-૫૪૩૫૩ દરોડાઓ પાડ્યા.

(૨)

| પો.સ્ટે.નું નામ | દેશી દારૂ (લીટર) | વિદેશી દારૂ (બોટલ) | મિથેનોલ (લીટર) |
|---|---|---|---|
| વેજલપુર | ૧૧૧ | ૬૭૬ | ૦ |
| સેટેલાઈટ | ૨૮ | ૧૭૯ | ૦ |
| એલીસબ્રીજ | ૧૬૮ | ૨૨૪ | ૦ |
| વસ્ત્રાપુર | ૧૮ | ૨૪૮ | ૦ |
| નવરંગપુરા | ૨૦ | ૫ | ૦ |
| ગુજ.યુનિ. | ૧૫ | ૩૨ | ૦ |
| ઘાટલોડીયા | ૪૧ | ૩૪ | ૦ |
| સોલા | ૧૩૬ | ૧૬૫ | ૦ |
| નારણપુરા | ૯૩૫ | ૪૭૧ | ૦ |
| ચાંદખેડા | ૧૭૬.૫ | ૨૯૯ | ૦ |
| સાબરમતી | ૫૫૯.૭૫ | ૪૩૨ | ૦ |
| માધુપુરા | ૬૦૪ | ૧૩૬ | ૦ |
| શાહપુર | ૧૭૬.૫ | ૧૫૨ | ૦ |
| કારંજ | ૨૩ | ૦ | ૨૩૫ |
| કાલુપુર | ૧૪.૨૫ | ૪૧૭ | ૦ |
| શહેરકોટડા | ૫૦૩ | ૨૬૦ | ૦ |
| ખાડીયા | ૦ | ૩૧ | ૦ |
| ગા.હવેલી | ૩૬ | ૯ | ૦ |
| દરીયાપુર | ૧૧૦ | ૧૧ | ૦ |
| શાહીબાગ | ૮૮૦ | ૪૫૦ | ૦ |
| સરદારનગર | ૪૪૨૮ | ૧૪૫૬ | ૦ |
| નરોડા | ૪૨૩ | ૭૩૦ | ૦ |
| પો.સ્ટે.નું નામ | દેશી દારૂ (લીટર) | વિદેશી દારૂ (બોટલ) | મિથેનોલ (લીટર) |
| મેઘાણીનગર | ૫૦૩ | ૪૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| મેઘાણીનગર | ૫૦૩ | ૪૧ | ૦ |
| ગોમતીપુર | ૩૪૫ | ૬૯ | ૦ |
| રખીયાલ | ૧૨ | ૨૯૭ | ૦ |
| બાપુનગર | ૫૦ | ૧૮૧ | ૦ |
| ઓઢવ | ૭૮૬ | ૧૦૫૭ | ૦ |
| રામોલ | ૩૧૮ | ૧૪૪૨ | ૦ |
| અમરાઈવાડી | ૫૪૯ | ૬૬૦ | ૦ |
| કાગડાપીઠ | ૧૯૧૯ | ૨૮૧ | ૦ |
| દાણીલીમડા | ૨૭૩ | ૪૫૮ | ૦ |
| મણીનગર | ૩૮૫ | ૧૪૦૩ | ૦ |
| ઈસનપુર | ૧૮૫ | ૧૧૫ | ૦ |
| વટવા | ૬૧૫ | ૮૦ | ૨૧૬૭૭ |
| વટવા જી. આઈ.ડી.સી. | ૭૯ | ૧૫૨ | ૦ |
| સીટી ક્રાઈમ | ૦ | ૮૭૦૨ | ૦ |

(૩) કેટલા લોકોની ધરપકડ કરી અને કેટલાની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) સને ૨૦૦૯ માં ૧૮૦૮ ગુન્હા દાખલ કરી ૨૨૮૬ લોકોની ધરપકડ કરી સી.આર.પી.સી. કલમ ૧૦૭, ૧૦૯, ૧૧૦ તેમજ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૧૪૨, ૧૨૨ અને ૧૨૪ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના લીસ્ટેડ બુટલેગરોના રહેણાંક તેમજ સંભવિત સ્થળો પર અસરકારક રેઈડો પાડી કેસો કરી પકડાયેલ આરોપીઓના પૂર્વ ઈતિહાસની ચકાસણી કરી પુરતા પુરાવાના આધારે પ્રોહીબીશન-૯૩ ના ૮૮૮, હદપારીના ૧૭ અને ૩૨૯ ઈસમો સામે પાસાના અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

-------------

**અમદાવાદ શહેરમાં પી. એન. જી. દ્વારા ગેસ કનેક્શન આપવા બાબત**

૧૨૪૧૯**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં પી. એન. જી. હેઠળ ઘર દીઠ કનેક્શન આપી બળતણ પૂરું પાડવાનું તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧)

| વિસ્તાર | તબક્કો |
|---|---|
| (૧) મેમનગર, (૨) વેજલપુર (૩) જોધપુર (૪) બોડકદેવ (૫) થલતેજ (૬) ઘાટલોડિયા (૭) રાણીપ (૮) પાલડી (૯) વાસણા (૧૦) નારણપુરા (૧૧) નવરંગપુરા (૧૨) ગાંધીગ્રામ (૧૩) સ્ટેડિયમ (૧૪) જુના વાડજ (૧૫) નવા વાડજ (૧૬) નિર્ણયનગર (૧૭) મણિનગર (૧૮) કાંકરિયા (૧૯) ઇસનપુર (૨૦) વટવા (૨૧) ઘોડાસર (બાગ-એ-ફિરદોસ) (૨૨) મોટેરા (૨૩) ચાંદખેડા | આ વિસ્તારોમાં ૭૩૪૦૪ ગ્રાહકોને ગેસ કનેકશનો આપી દેવામાં આવેલ છે. જ્યારે ૧૮૦૪૫ ગ્રાહકોને ગેસ કનેકશન આપવાની કાર્યવાહી હાલ ચાલુ છે. |

(૨) આ પૂર્ણ થયા બાદ કેટલા ઘરોને કેટલો ગેસ આપવાનું આયોજન છે ?

(૨) સને ૨૦૧૦-૧૧માં અમદાવાદ શહેરમાં ખંડ (૧) માં દર્શાવેલ ઉપર્યુક્ત વિસ્તારોમાં ૫૦,૦૦૦ ડોમેસ્ટીક ગેસ કનેકશનો આપવા ઉપરાંત નીચે દર્શાવેલ નવા વિસ્તારોને આવરી લઇ જરૂરીયાત મુજબનો ગેસ પૂરો પાડવાનું આયોજન છે.
(૧) સાબરમતી (૨) નરોડા (૩) બાપુનગર (૪) ખાડિયા (૫) દાણીલીમડા (૬) ચાંદલોડિયા (૭) મકરબા (૮) શાહીબાગ (૯) ગીરધરનગર (૧૦) શાહપુર (૧૧) ખાનપુર.

-------------

**રાજ્ય ધ્વારા બહારથી વેચાતી લીધેલ વીજળી**

૧૨૫૯૨**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર રાજ્ય ધ્વારા શા ભાવે કેટ કેટલી વીજળી બહારથી વેચાતી લીધી ?

**જવાબ**

રાજ્યના વાર્ષિક વીજ ઉત્પાદન સામે રાજ્યની એકંદર વીજ માંગને પહોંચી વળવા ખાસ કરીને ઓછા વરસાદના સમયે વધારાની કૃષિ માંગ તેમ જ તહેવાર જેવા પ્રસંગોએ વધારાની વીજ માંગને પહોંચી વળવા તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય બહારથી ટૂંકા ગાળા માટે વીજ વેચાણકારો પાસેથી નીચે

દર્શાવ્યા પ્રમાણે ૫૧.૮૯ મીલીયન યુનિટ વીજ ખરીદ કરવામાં આવી છે.
છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ માસવાર કરેલી વીજ ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| મહિના | મીલીયન યુનીટ | રૂા. પ્રતિયુનિટ |
|---|---|---|
| ફેબ્રુઆરી-૦૯ | - | - |
| માર્ચ-૦૯ | - | - |
| એપ્રિલ-૦૯ | ૦.૪૬ | ૧૦.૪૨ |
| મે-૦૯ | - | - |
| જૂન-૦૯ | ૦.૬૯ | ૬.૧૧ |
| મહિના | મીલીયન યુનીટ | રૂા. પ્રતિયુનિટ |
| જુલાઇ-૦૯ | ૨.૦૨ | ૪.૮૫ |
| ઓગષ્ટ-૦૯ | ૪૫.૯૧ | ૬.૭૬ |
| સપ્ટેમ્બર-૦૯ | ૨.૮૧ | ૭.૬૮ |
| ઓક્ટોબર-૦૯ | - | - |
| નવેમ્બર-૦૯ | - | - |
| ડીસેમ્બર-૦૯ | - | - |
| જાન્યુઆરી-૧૦ | - | - |
| કુલ : | **૫૧.૮૯** | **૬.૭૫** |

નોધ :-ઉપરના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં પૂરા થતાં વર્ષ દરમિયાનની ટૂંકા ગાળાની વીજ ખરીદી તે સમય દરમિયાન રાજ્ય દ્વારા થયેલ કુલ વીજ ખરીદીના ૦.૧૨% છે.

-------------

**સરદાર સરોવર ડેમના પાંચ કિ.મી. ના વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવા બાબત**

૧૧૯૩૭**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરદાર સરોવર નર્મદા ડેમના પાણી ડેમના ૫ કિ.મી.ના રેડીયસમાં આવતા કેવડીયા, અકદલા, ભૂલીયા, ગાવકોઈ અને વાડી વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પૂરા પાડવામાં આવતા નથી તે વાત સાચી છે, | (૧) ના જી. |
| (૨) ઉક્ત ગામોનો કેટલો વિસ્તાર આ રીતે સિંચાઈથી વંચિત છે, અને | (૨) ઉક્ત ગામો પૈકી આમલદાનો ૧૮૪.૩૦ હેક્ટર, ભૂમલીયાનો ૧૨૦.૦૦ હેક્ટર, ગાડકોઇનો ૧૦૧.૩૦ હેક્ટર અને વાડીનો ૨૪.૨૦ હેક્ટર વિસ્તાર સિંચાઇથી વંચિત છે, જ્યારે કેવડીયા ગામનો પિયત યોજનાના વિસ્તારમાં સમાવેશ થયેલ નથી. |
| (૩) આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે નર્મદા ડેમનું પાણી ક્યારે આપવામાં આવશે ? | (૩) કમાન્ડ વિસ્તારના છેવાડાના વિસ્તારના ખેડૂતોને સિંચાઇ માટે પાણી મળે તે માટે પુરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને વહેલીતકે પાણી પુરૂ પાડવામાં આવશે. |

-------------

**અમરેલી જિલ્લામાં જર્જરીત વાયરો બદલવા બાબત**

૧૩૫૯૨**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપ વીજ પુરવઠો મળી રહે તે હેતુસર અમરેલી જિલ્લામાં ડિસેમ્બર-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજપુરવઠો મળી રહે તે હેતુસર અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ડીસેમ્બર-૦૯ ની સ્થિતિએ રૂ. ૧૩૭.૭૬ લાખના ખર્ચે ૭૭૧.૬૬ કી.મી. જર્જરિત વાયરો બદલવામાં આવેલ છે.

-------------

**ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ આવેલ અરજીઓ**

૧૧૮૭૮**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ રાજીવગાંધી ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલાને વિજ જોડાણ આપી વિજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો, અને

(૩) બાકી રહેતા અરજદારોને કેટલા સમયમાં વિજ જોડાણ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ ખેડા જિલ્લા માટે તાલુકા દીઠ સમાવિષ્ટ કરેલ લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

(૨)

| તાલકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| નડિયાદ | ૮૭૧૦ |
| ઠાસરા | ૪૧૯૯ |
| મહુધા | ૪૬૧૫ |
| બાલાસિનોર | ૫૩૩૬ |
| માતર | ૭૬૦૮ |
| ખેડા | ૩૪૪૫ |
| મહેમદાવાદ | ૧૦૫૨૮ |
| કપડવંજ | ૮૨૪૮ |
| વિરપુર | ૪૩૭૧ |
| કઠલાલ | ૧૦૦૩૪ |
| કુલ.. | ૬૭૦૯૪ |

(૨) અને (૩) : કેન્દ્ર સરકારને ખેડા જિલ્લાનો પ્રોજેક્ટ ૨૦૦૫માં મોકલવામાં આવેલ. પરંતુ તેની આખરી મંજૂરી ઘણા વિલંબથી ફેબ્રુઆરી-૨૦૦૯ મળેલ. તેમ છતાં રાજ્ય સરકારે મંજૂરીની અપેક્ષાએ ૭૨૨૯ વીજજોડાણો આપેલ છે. આ પ્રોજેક્ટનો ટર્ન-કી કોન્ટ્રાક્ટ તા. ૨૨-૭-૨૦૦૯ના રોજ આપવામાં આવેલ છે. અને સંબંધિત એજન્સી દ્વારા સર્વેની કામગીરી પ્રગતિમાં છે. અને પ્રોજેક્ટમાં નક્કી કરેલ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ખુન, લૂંટ, ધાડ અને બળાત્કારના કિસ્સાઓ**

૧૩૩૨૪ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખુન-લૂંટ-ધાડ અને બળાત્કારના કેટલા કિસ્સાઓ નોંધાયા, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખુન-લૂંટ-ધાડ અને બળાત્કારના ગુનાઓ નોંધાયેલ છે.

| તાલુકો | ખુન | લૂંટ | ધાડ | બળાત્કાર |
|---|---|---|---|---|
| ગોંડલ | ૧૪ | ૨ | ૩ | ૧૪ |
| જસદણ | ૧૭ | ૫ | ૦ | ૬ |
| કોટડાસાંગાણી | ૮ | ૫ | ૪ | ૧ |
| લોધીકા | ૧ | ૫ | ૩ | ૦ |
| મોરબી | ૧૪ | ૭ | ૩ | ૭ |
| વાંકાનેર | ૫ | ૫ | ૦ | ૧ |
| માળીયામીયાણા | ૧ | ૧ | ૨ | ૧ |
| ટંકારા | ૪ | ૩ | ૨ | ૧ |
| પડધરી | ૧ | ૨ | ૦ | ૧ |
| જેતપુર | ૭ | ૧૦ | ૧ | ૯ |
| ધોરાજી | ૪ | ૧ | ૦ | ૩ |
| ઉપલેટા | ૭ | ૧ | ૨ | ૬ |
| જામકંડોરણા | ૩ | ૦ | ૦ | ૨ |

(૨) આવા ગુન્હાઓમાં સંડોવાયેલા કેટલા ઈસમોની તે અન્વયે ધરપકડ કરી ?

(૨) આ ગુનાઓ માટે નીચે મુજબના ઇસમોની ધરપકડ કરવામાં આવી છે.

| ખુન | લૂંટ | ધાડ | બળાત્કાર |
|---|---|---|---|
| ૧૮૦ | ૬૩ | ૫૩ | ૮૪ |

------------

## સુરત અને તાપી જિલ્લાઓમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ સુવિધા

૧૧૯૫૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓના તાલુકાઓના કેટલા ગામડાઓમાં જ્યોતિગ્રામની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) જો બાકી હોય તો, તે ગામોમાં કેટલા સમયમાં જ્યોતિગ્રામ વીજ જોડાણો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સેસન્સ ૨૦૦૧ મુજબ સુરત જિલ્લાના તમામ ૭૨૨ ગામો અને તાપી જિલ્લાના તમામ ૪૪૫ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલા છે.

-------------

## રાજ્યની ચેકપોસ્ટો ઉપરના કર્મચારીઓની બદલી કરવા અંગે

૧૨૦૮૨**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ચેકપોસ્ટો ઉપર એકજ જગ્યા ઉપર કર્મચારીઓને કેટલા વર્ષ સળંગ રાખવા તેવા કોઈ હુકમો છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આ હુકમો મુજબ કર્મચારીઓની બદલીઓ કરવામાં આવે છે કે કેમ અને ક્યારે ?

**જવાબ**

(૧) નાજી, પરંતુ બદલી અંગેના સામાન્ય સિધ્ધાંતો મુજબ કર્મચારીઓને એક જગ્યાએ ત્રણ વર્ષથી વધુ રાખવા નહીં તેવી જોગવાઇ છે. અને

(૨) વહીવટી અનુકુળતા અને બદલી અંગેના સામાન્ય સિધ્ધાંતો મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

-------------

## એ. આર. ટી. ઓ. ક્ચેરી વડોદરાની આવક

૧૩૬૩૩**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની વડોદરા એ. આર. ટી. ઓ. ક્ચેરીની કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની વડોદરા એ. આર. ટી. ઓ. ક્ચેરીની આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૮૩૬૫.૬૫ |
| ૨૦૦૮ | ૮૮૬૧.૪૪ |
| ૨૦૦૯ | ૧૦૧૭૦.૦૧ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## જામનગર જિલ્લામાં ફિડરોનું વિભાજન

૧૩૫૯૬**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુદી જુદી ક્ક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન જામનગર જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી ક્ક્ષાના ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જામનગર જિલ્લામાં કુલ ૨૩૬.૧૬ લાખના ખર્ચે ૧૮ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

-------------

## બનાસકાંઠા જિલ્લામાં ફિડરોનું વિભાજન

૧૩૫૯૩ **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૫૪૩.૧૮ લાખના ખર્ચે ૧૧૨ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

-------------

## ખાંભા તાલુકામાં ખેડૂતો તરફથી મળેલ વીજ જોડાણની અરજીઓ

૧૨૦૬૫**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતો તરફથી કેટલી વીજ જોડાણો અંગેની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પડતર છે,

(૩) પડતર હોવાના કારણો શા છે, અને

(૪) આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડૂતો તરફથી ૯૮૯ વીજ જોડાણોની અરજીઓ મળેલ છે. તે પૈકી ૧૦૪ અરજીઓનો નિકાલ કરી વીજ જોડાણ આપવામાં આવેલ છે. અને ૮૮૫ અરજીઓ પડતર છે. તદઉપરાંત અગાઉના વર્ષોની પડતર અરજીઓમાંથી ૪૧૫ અરજીઓનો નિકાલ કરી વીજ જોડાણ આપવામાં આવેલ છે. આમ છેલ્લા ૩ વર્ષમાં કુલ ૫૧૯ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૩) અને (૪) : રાજ્યના ખેડૂતોને ગુણવત્તાસભર વીજપુરવઠો મળી રહે તે બાબત ધ્યાને લઇ ખેતીવિષયક વીજજોડાણો ઉપલબ્ધ વીજપુરવઠો, માળખાગત સુવિધા, વીજતંત્ર પર પડનાર બોજો, નાણાકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઇ વાર્ષિક આયોજન કરવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં પ્રતિવર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ વાર્ષિક લક્ષ્યાંક્ના ક્રમાનુસાર વીજ જોડાણ આપવાનું આયોજન કરેલ છે.

## ધોળકા તાલુકામાં કુટિર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ

૧૩૩૪૫**શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં ધોળકા તાલુકામાં કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી ?

**જવાબ**

(૧) ૫૪૭.

(૨) ૪૫૩.

## સાબરકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગ ચાલુ કરવાની અરજીઓ

૧૩૫૫૮**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગ ચાલુ કરવા માટે કેટલી અરજીઓ તાલુકાવાર આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૧૦૧ |
| ૨ | ઇડર | ૧૨૩૩ |
| ૩ | વડાલી | ૨૯૨ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩૫૨ |
| ૫ | વિજયનગર | ૩૦૧ |
| ૬ | ભિલોડા | ૮૩૬ |
| ૭ | માલપુર | ૪૫૭ |

| | | |
|---|---|---|
| ૮ | મેઘરજ | ૫૦૧ |
| ૯ | મોડાસા | ૬૨૨ |
| ૧૦ | ધનસુરા | ૨૯૫ |
| ૧૧ | તલોદ | ૩૦૨ |
| ૧૨ | પ્રાંતિજ | ૨૪૮ |
| ૧૩ | બાયડ | ૪૪૫ |
| | કુલ : | ૬૯૮૫ |

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ૨૩૮૦ અરજીઓ બેંકે મંજૂર કરેલ છે જ્યારે પડતર અરજીઓ પેકી જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ૬૪૦ અને બેંક કક્ષાએ ૧૯૫૧ પડતર રહેલ છે.

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

-------------

**સરકાર સંચાલિત અને ખાનગી વીજમથકો ધ્વારા વીજ ઉત્પાદન કરવા બાબત**

૧૩૦૭૬ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર સંચાલિત અને ખાનગી ક્યા ક્યા વીજ મથકો ધ્વારા કેટલા મેગાવોટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું, અને

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) તે અન્વયે રાજ્યની વીજ માંગ સામે કેટલું ઉત્પાદન છે ?

(૨) ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેલેન્ડર વર્ષ ૨૦૦૮માં સંતોષાયેલ વીજમાંગ ૬૦૪૯૯ મીલીયન યુનિટ અને તેની સામે વીજ ઉત્પાદન ૬૧૨૫૯ મીલીયન યુનિટ હતું અને કેલેન્ડર વર્ષ ૨૦૦૯માં સંતોષાયેલ વીજમાંગ ૬૨૬૧૬ મીલીયન યુનિટ હતી અને તેની સામે વીજ ઉત્પાદન ૬૬૧૦૮ હતું.

**પ ત્ર ક**

કેલેન્ડર વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ સુધીમાં રાજ્યમાં સરકાર હસ્તકની વીજ કંપનીઓ અને રાજ્યની ખાનગી કંપનીઓની વીજ ઉત્પાદનની માહિતી નીચે મુજબ છે.

| **વીજ મથકોના નામ** | | **કેલેન્ડર વર્ષ ૨૦૦૮ કુલ મીલીયન યુનિટ** | **કેલેન્ડર વર્ષ ૨૦૦૯ કુલ મીલીયન યુનિટ** |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર ટીપીએસ યુનિટ-૫ | ૧૫૭૯ | ૧૬૧૬ |
| ૨ | વણાકબોરી ટીપીએસ યુનિટ-૭ | ૧૫૮૭ | ૧૬૫૩ |
| ૩ | ઉતરાણ ગેસ આધારીત | ૮૫૯ | ૮૨૮ |
| ૪ | ધુવારણ ગેસ આધારીત સ્ટેશન | ૧૨૪૮ | ૧૧૮૧ |
| ૫ | ઉકાઇ ટીપીએસ | ૪૩૯૮ | ૪૩૨૦ |
| ૬ | ગાંધીનગર ટીપીએસ યુનિટ-૧ થી ૪ | ૩૬૮૫ | ૩૯૭૮ |
| ૭ | વણાકબોરી ટીપીએસ યુનિટ-૧ થી ૬ | ૮૬૩૬ | ૮૫૯૮ |
| ૮ | સિક્કા ટીપીએસ | ૧૨૯૨ | ૧૨૩૯ |
| ૯ | કચ્છ લિગ્નાઇટ ટીપીએસ | ૧૧૫૦ | ૮૮૭ |
| ૧૦ | ધુવારણ ટીપીએસ-ઓલ્ડ | ૧૨૪૮ | ૫૪૬ |
| ૧૧ | કડાણા હાઇડ્રો (પાનમ હાઇડ્રો સાથે) | ૧૫૨ | ૮૯ |
| ૧૨ | ઉકાઇ હાઇડ્રો | ૫૩૫ | ૩૭૪ |
| | **કુલ :** | **૨૬૩૬૯** | **૨૫૩૦૯** |
| **નોંધ :-** ફ્યુઅલનો ભાવ વધારે હોવાના કારણે મેરીટ ઓર્ડરમાં ન આવતા ફરજીયાત બેકીંગ ડાઉન તેમજ અચાનક યાંત્રિક ક્ષતિઓ સર્જાવાના કારણે કેટલાક વીજ મથકોનું ઉત્પાદન ઘટતા વર્ષ ૨૦૦૮ની સરખામણીએ વર્ષ ૨૦૦૯માં એકંદર વીજ ઉત્પાદનમાં થોડો ઘટાડો નોંધાયેલ છે. | | | |
| **રાજ્ય સરકારની માલીકીના સ્વતંત્ર વીજ ઉત્પાદન મથકો** | | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હજીરા | ૧૭૭૬ | ૧૧૨૧ |
| ૨ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની લી. | ૧૦૯૦ | ૧૦૩૧ |
| ૩ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની લી. એસએલપી | ૨૭૪૩ | ૧૬૩૦ |
| ૪ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની લી. (૧૪૫ મે.વો.) | ૪૦૫ | ૩૬૯ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કંપની લિગ્નાઇટ | ૮૭૮ | ૧૧૬૦ |
| | **કુલ :** | **૬૮૯૨** | **૫૩૧૧** |
| **ખાનગી સાહસો** | | | |
| ૧ | એસ્સાર (જીયુવીએનએલનો હિસ્સો) | ૧૮૦૮ | ૧૪૫૬ |
| ૨ | ગુજરાત પગુથન કંપની | ૪૦૨૯ | ૪૫૧૨ |
| ૩ | અદાણી પાવર લી. (મુન્દ્ર પાવર પ્રોજેક્ટ) | --- | ૪૦૯ |
| ૪ | ટોરેન્ટ પાવર | ૩૮૬૯ | ૮૧૯૧ |
| | **કુલ :** | **૯૭૦૬** | **૧૪૫૬૮** |
| | **કુલ :** | **૪૨૯૬૭** | **૪૫૧૮૮** |

-------------

**નર્મદાની મુખ્ય કેનાલમાં પડેલ ભંગાણ**

૧૩૪૪૭**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદાની મુખ્ય કેનાલમાં કઈ કઈ જગ્યાએ કેટલા ભંગાણ પડ્યા, અને

(૨) તેના કારણો શું છે, અને જવાબદારો સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા મુખ્ય નહેરની લંબાઇમાં સાંકળ ૨૭૨.૬૦૦ કી.મી.ની જમણી બાજુએ ભંગાણ પડેલ.

(૨) રાજ્ય સરકારે ભંગાણના કારણોની તપાસ માટે નીમેલી હાઇપાવર કમિટીના અહેવાલ મુજબ નહેરમાં ભંગાણ પડવાના આ કારણો નીચે મુજબ હોઇ શકે.

- નહેરનું પાણી તુટેલ લાઇનીંગમાંથી પાળામાં જતાં.
- નબળા કોમ્પેક્શનથી કરવામાં આવેલ માટીકામમાં પાણી દાખલ થવાથી.
- ડાઉન સ્ટ્રીમમાં માટીના કણો માઇગ્રેટ થતાં પાઇપીંગ થવાથી ઇજારદારશ્રી મે. એસ.એસ.જે.વી. બેંગલોર સામે નહેર તુટવાથી થયેલ નુકશાનીના વળતર વસુલાત માટે ઇજારદાર સામે કાર્યવાહી કરવામાં આવતાં ઇજારદારે આ પ્રકારની કાર્યવાહી સામે નામ. હાઇકોર્ટમાંથી મનાઇ હુકમ મેળવેલ છે. અને એજન્સીની નબળી કામગીરી અંગે કડી પોલીસ સ્ટેશનમાં ઇજારદાર સામે તા. ૧૪-૮-૦૯ના રોજ ફરીયાદ નોંધવામાં આવેલ છે. તેમજ સંબંધિત અધિકારી/કર્મચારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવા તપાસ ચાલી રહી છે.

-------------

**પશુપાલન અને ઘાસચારા માટે એક એચ. પી. ના મોટર ક્નેક્શનની મંજૂરી**

૧૨૨૦૮**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જે વિસ્તારોમાં પાણી ૧૨૦ ફૂટ ઉપર ઉપલબ્ધ છે ત્યાં પશુપાલન અને ઘાસચારા માટે ૧ એચ.પી. મોટર ક્નેક્શનની મંજૂરી આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

પશુપાલન અને ઘાસચારાના વ્યવસાયને કૃષિ ક્ષેત્ર હેઠળ આવરી લેવામાં આવેલ છે. વીજ માંગ અને વીજ ઉત્પાદનને ધ્યાને લઇ, કૃષિ ક્ષેત્રે હાલ ૮ કલાક વીજ પુરવઠો કૃષિ ફીડરો પરથી પૂરો પાડવામાં આવે છે. વધુમાં, કૃષિ ક્ષેત્રે નામ. ગુજરાત વીજ નિયમન પંચના તારીખ ૩૧-૦૩-૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંક-૧૧ મુજબ સીંગલ ફેઇઝ વીજ જોડાણ આપી શકાતું નથી. આમ, પશુપાલન અને ઘાસચારા માટે ૧ એચ.પી. મોટર ક્નેક્શન આપવું શક્ય નથી.

-------------

**ખેડા જિલ્લામાં ધુવારણ ખાતે પાવર પ્રોજેક્ટ બંધ થવા અંગે**

૧૩૩૩૦**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ધુવારણ ખાતે પાવર પ્રોજેક્ટ બંધ પડેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

**જવાબ**

(૧) અને (૨) : ધુવારણ ખાતે લો સલ્ફર હાઇ સ્ટોક (ફયુઅલ ઓઇલ) આધારિત કુલ ૬ એકમો હતા, જે પૈકી ૬૩.૫ મે.વો.ના એક એવા ૪ એકમો (યુનિટ નં.૧,૨,૩,૪) સેન્ટ્રલ

(૨) જો હા, તો આ પાવર પ્લાન્ટ ચાલુ કરવા સરકારે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

ઇલેક્ટ્રીસીટી ઓથોરીટીની પરવાનગીથી તા. ૨૦-૪-૨૦૦૭થી નીચે દર્શાવેલા કારણોસર સદંતર બંધ કરવામાં આવ્યા છે.
(૧) આ એકમોની આવરદા પૂર્ણ થયેલ છે. આ કારણે વીજ એકમોની વીજ ઉત્પાદન ક્ષમતા અને કાર્યદક્ષતામાં થયેલ ધરખમ ઘટાડો.
(૨) આ એકમો માટે બળતણ તેલ પૂરૂ પાડનાર કેન્દ્ર સરકારના એકમ ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન દ્વારા જુલાઇ-૨૦૦૬ પછી બળતણ તેલ પુરૂ પાડવાની અનિતિતા.
(૩) વધુ સંચાલન અને નિભાવખર્ચને કારણે વીજ એકમની ઓછી ઉપલબ્ધતતા.
(૪) કેન્દ્ર સરકારના એકમ આઇ.ઓ.સી. દ્વારા આપવામાં આવતા એલ.એસ.એચ.એસ. ના ભાવો વધારે હોવાને કારણે વીજ ઉત્પાદનનો ખર્ચ યુનિટ દીઠ રૂા.૨૫/- ઉપર થવાને કારણે વાણિજ્યિક રીતે પોષણક્ષમ નથી.

પરંતુ લો સલ્ફર હાઇ સ્ટોક (ફ્યુઅલ ઓઇલ) આધારિત કુલ ૨૨૦ મે.વો. કેપેસીટીના બીજા ૨ એકમો (યુનિટ ૫ અને ૬) ચાલુ રાખવામાં આવ્યા છે. તે ઉપરાંત ૨૧૯ મે.વો. ક્ષમતાના બે ગેસ આધારીત એકમો પણ હાલ કાર્યરત છે. વિશેષમાં ઉક્ત સ્થળે ૩૫૦ મે.વો. ગેસ આધારિત અન્ય એકમ સ્થાપવા પણ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-------------

## આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નર્મદા નિગમને ફાળવેલ રકમ

૧૧૯૭૭**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સિંચાઈ વિભાગના હેડ ૪૭૦૦ હેઠળ ક્યા હેતુ માટે કેટલી રકમ નર્મદા નિગમને વર્ષવાર ફાળવેલ છે, અને

(૨) આ રકમની ફાળવણીથી આદિવાસીઓને કેવા પ્રકારનો લાભ થશે ?

**જવાબ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સિંચાઇ વિભાગના મુખ્ય સદર ૪૭૦૦ હેઠળ સરદાર સરોવર યોજનાના કામો માટે વર્ષવાર નીચે મુજબની રકમ નર્મદા નિગમને ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૩૦૦.૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૨૪૭.૦૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ મળેલ રકમ) | ૮૩.૩૩ |

(૨) આ રકમની ફાળવણીથી આદિવાસીઓને નીચે મુજબના વિસ્તારમાં પિયતનો લાભ થશે.

| અ.નં. | તાલુકો | પિયત વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૫૦૮૧ |
| ૨ | સંખેડા | ૩૦૨૨૫ |
| ૩ | બાવળા | ૧૧૯ |
| | કુલ : | **૩૫૪૨૫** |

-------------

## રાજ્યએ ઓઈલ અને ગેસ મેળવવા કરેલ રકમનું રોકાણ

૧૩૪૪૩**શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યએ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઓઈલ અને ગેસ મેળવવા કેટલી રકમનું મૂડીરોકાણ કરેલ છે,

(૨) તેની સામે કેટલો ગેસ કે ઓઈલ છેલ્લા ત્રણ વર્ષમાં મેળવી શકાયો છે, અને

**જવાબ**

(૧) ૨૦૦૬-૦૭ થી ૨૦૦૮-૦૯ સુધી રૂા. ૫૧૯૫.૪૫ કરોડનું મૂડી રોકાણ કરેલ છે.

(૨) કોઇપણ ઓઇલ કે ગેસના કૂવાઓમાંથી ઉત્પાદન મેળવવા માટે જીયોલોજીકલ અભ્યાસના આધારે કૂવાઓનું શારકામ કરવા માટે સ્થળ નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ જે તે સ્થળે ઉપર કૂવાનું શારકામ કરવા માટે રીંગ પ્રસ્થાપિત કરવામાં આવે છે. જેમાં વિવિધ સેવાઓનો ઉપયોગ લેવાય છે. ત્યારબાદ ઓઇલ અને

ગેસની શક્યતા તપાસવા માટે ટેસ્ટીંગની પ્રક્રિયામાં ઓઇલ અને ગેસનો અંશ જણાય તો વધુ કૂવાઓનું શારકામ કરી, ઓઇલ અને ગેસના અંદાજીત જથ્થાનો તાગ મેળવવામાં આવે છે.

આ દરમ્યાન વિવિધ પ્રકારની કેન્દ્ર સરકારની મંજૂરીઓ મેળવી ડાયરેક્ટર જનરલ ઓફ હાઇડ્રોકાર્બનને ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાન રજૂ કરવામાં આવે છે. ડાયરેક્ટર જનરલ ઓફ હાઇડ્રોકાર્બન તરફથી ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદન અંગેની આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં ઉત્પાદન મેળવતા જે-તે વિસ્તારની ભોગોલિક પરિસ્થિતિના આધારે ઓછામાં ઓછો ૫ થી ૭ વર્ષ જેટલો સમય જાય છે.

તદ્દનુસાર તમામ પ્રક્રિયાઓ પસાર કર્યા બાદ કંપનીએ છેલ્લા ત્રણ વર્ષમાં ૭.૮૮ લાખ બેરલ ઓઇલ અને ૦.૦૪૯ ટીસીએફ ગેસ ઉત્પાદન કરેલ છે. ૨૮૭ લાખ બેરલ ઓઇલ અને ૧.૨૮ ટ્રીલીયન ક્યુબીક ફીટ ગેસ રીઝર્વ તથા સંભવિત ઓઇલનો જથ્થો ૯૫૪ લાખ બેરલ અને ગેસનો જથ્થો ૪.૩૬૪ ટ્રીલીયન ક્યુબીક ફીટ છેલ્લા ત્રણ વર્ષમાં મેળવી શકાયો છે.

(૩) તેની કિંમત શું છે ?

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્પાદીત કરેલ ઓઇલની કિંમત રૂા. ૨૩૦.૩૫ કરોડ અને ગેસની કિંમત રૂા. ૮૩૫.૮૭ કરોડ છે. રીઝર્વસમાં મેળવેલ ઓઇલની કિંમત રૂા. ૯૪૭૦ કરોડ અને ગેસની કિંમત રૂા. ૩૪૫૩૯ કરોડ છે.

-------------

**બનાસકાંઠા જિલ્લાના તાલુકાનાં ખેડૂતોને વીજ વપરાશની ડી.પી. દશ-દશ થાંભલા દૂર હોવાની ફરિયાદો**

**૧૨૮૧૨શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને વીજ વપરાશની ડી.પી. આવેલ છે તે ડી.પી. થી દશ-દશ થાંભલા દૂરના અંતરે હોય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ખેડૂતોને પૂરતા વોલ્ટેજ મળતા નથી. તેવી ફરિયાદો તેમજ લાઈન લૉસ થવાની ફરિયાદો મળેલ છે કે કેમ, અને

(૩) આવી ફરિયાદો દૂર કરવા માટે સરકારનું શું આયોજન છે ?

**સભ્યશ્રીએ પ્રશ્ન પાછો ખેંચેલ છે.**

-------------

**દાહોદ જિલ્લાને આયોજન મંડળ ધ્વારા ફાળવેલ ગ્રાન્ટ**

**૧૨૯૯૦શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (આયોજન)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લા આયોજન મંડળને ક્યા ક્યા હેતુ માટે કેટ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લા આયોજન મંડળને છેલ્લા ત્રણ વર્ષમાં પાયાના વિકાસના કામો માટે ૧૫ ટકા વિવેકાધીન અને ૫ ટકા પ્રોત્સાહક ગ્રાન્ટ નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | કુલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૨૬૧.૪૪ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૩૦૯.૮૫ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૧૮૮.૩૩ |
| | કુલઃ | ૭૫૯.૬૨ |

(૨) તે પૈકી ક્યા ક્યા તાલુકામાં ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી ?

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વિવેકાધીન તથા પ્રોત્સાહક જોગવાઇ હેઠળ પાયાના વિકાસના કામો જેવાં કે પાણી

પુરવઠા, ગ્રામ્ય રસ્તાઓ, સ્મશાન ઘાટ, નાળાના કામો ગટર લાઇન અને જમીન સંરક્ષણ વગેરે હેતુ માટે તાલુકાવાર વાપરવામાં આવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વાપરવામાં આવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૮૧.૬૮ |
| ૨ | લીમખેડા | ૮૩.૫૪ |
| ૩ | દેવગઢ બારીયા | ૫૯.૧૫ |
| ૪ | ફતેપુરા | ૪૦.૦૧ |
| ૫ | ધાનપુર | ૪૬.૩૮ |
| ૬ | ગરબાડા | ૩૪.૧૦ |
| ૭ | ઝાલોદ | ૧૦૧.૮૦ |
| | કુલ : | ૪૪૬.૬૬ |

-------------

**ક્વીક રીસ્પૉનસ ટીમ રચવા અંગે**

૧૩૬૩૯ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં જાહેર સુરક્ષા અને સલામતી માટે તાકીદે કોઈ પોલીસ દળના જવાનોની જરૂર ઉભી થાય તો તે માટે ક્વીક રીસ્પોન્સ ટીમ રચવા સરકારે શું પગલાં લીધા છે, અને

(૨) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના જમીન અને દરિયાઇ સીમાડાઓ આંતરરાષ્ટ્રીય હોઇ તેમજ રાજ્યને ૧૬૦૦ કિ.મી. જેટલો વિશાળ દરિયાકાંઠો હોઇ, સલામતી અને સુરક્ષાના કારણોસર તેમજ આતંકવાદને નાથવા અને તેનો સામનો કરવા માટે રાજ્યના મુખ્ય શહેરો અને જિલ્લા મથકોમાં ક્વીક રીસ્પોન્સ ટીમો ઉભી કરવાનો રાજ્ય સરકારનો અભિગમ છે. આ માટે આગામી ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૨૧ ક્વીક રીસ્પોન્સ ટીમોની રચના કરવાનું આયોજન છે. આ માટે પો.સ.ઇ. હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના કુલ મળીને ૪૨૦ જેટલો સ્ટાફ મંજૂર કરવામાં આવનાર છે. આગામી વર્ષ દરમ્યાન ક્વીક રીસ્પોન્સ ટીમથી રાજ્યના પોલિસ કમિશ્નરેટના વિસ્તારો, દરિયાઇ તેમજ સરહદી જિલ્લાઓ આવરી લઇ શકાશે.

**નોટરીની મંજૂર થયેલ જ્ગ્યાઓ**

૧૩૬૨૬**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નોટરીની મંજૂર થયેલી જ્ગ્યાઓ કેટલી છે,

(૨) આ પૈકી કેટલી જ્ગ્યાઓ ભરાયેલી છે,

(૩) કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૪) ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સમગ્ર રાજ્યમાં નોટરીની કુલ મંજૂર થયેલ જ્ગ્યાઓ ૧૪૦૭ છે. નોટરીની જ્ગ્યાઓ જિલ્લાવાર મંજુર કરવામાં આવતી નથી.

(૨) ૯૨૨ (તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ)

(૩) ૪૮૫ (તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ)

(૪) આ જ્ગ્યાઓ પૈકી ૪૫૬ જ્ગ્યાઓ પર નોટરીની નિમણૂંક કરવામાં આવેલ છે.

**જામનગર જિલ્લામાં આવેલ એસ્સાર ઓઈલ કંપનીને ઈલેક્ટ્રીક પાવર ચોરી માટે આપેલ નોટિસ**

૧૨૪૮૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં આવેલ એસ્સાર ઓઈલ કંપનીને ઈલેક્ટ્રીક પાવર ચોરી માટે સરકારે રૂપિયા ત્રણ હજાર કરોડની નોટીસ સન ૨૦૦૯માં આપી છે તે

**જવાબ**

(૧) ના, જી.

હકીકત સાચી છે,

(૨) આ પાવર ચોરી અટકાવવા નિષ્ફળ ગયેલા અધિકારીઓ સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૩) પાવર ચોરીની તમામ રકમ ક્યાં સુધીમાં વસૂલી લેવામાં આવનાર છે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ખેડૂતોને આપવામાં આવતી વીજળી**

૧૧૮૦૯**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કુલ વીજ ઉત્પાદનમાંથી ખેડૂતોને સને ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલી વીજળી આપવામાં આવી, અને

(૨) આપેલ વીજળી પેકી વર્ષવાર કેટલી સબસીડી સરકારે ચૂકવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં કુલ વીજ ઉત્પાદનમાંથી ખેડૂતોને સને ૨૦૦૮-૦૯માં ૧૧૭૩૨.૯૦ મીલીયન યુનીટ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૮૭૪૭.૮૪ મીલીયન યુનીટ વીજળી આપવામાં આવેલ છે.

(૨) અનુક્રમે : વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સબસીડી ચૂકવેલ છે જેની વિગતો નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (૩૧-૧૨-૦૯ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર દીઠ ખેતી વિષયક સબસીડી | ૧૧૦૨.૨૦ | ૮૩૭.૦૨૬૭ |
| ૨ | એફ.પી.પી.પી.એ. સબસીડી (ખેતી વિષયક વપરાશકારો) | ૭૯૪.૦૦ | ૬૩૫.૬૨૩૦ |
| ૩ | જી.ઈ.આર.સી.ટેરીફ વળતર માટે (ખેતી વિષયક) | ૫૨૩.૦૪ | ૩૯૮.૪૧૧૫ |
| | કુલ : | ૨૪૧૯.૨૪ | ૧૮૭૧.૦૬૧૨ |

**ઘર વપરાશમાં વપરાયેલ વીજ યુનિટ સામે વીજ શુલ્કની વસૂલાત**

૧૨૦૭૯**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા વીજ ગ્રાહકોના ખરેખર વપરાયેલ વીજ યુનિટ સામે વીજ શુલ્ક વસુલ કરવાને બદલે સમગ્ર બીલની રકમના આધારે વીજ શુલ્ક લેવાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ખરેખર વીજ વપરાશના યુનિટના બદલે સમગ્ર બિલની રકમ સામે વીજ શુલ્ક લેવાના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**માંડવી તાલુકાના પોલીસ સ્ટેશનમાં કેટેગરી વાઈઝ પોલીસ સ્ટાફનું મહેકમ**

૧૨૭૯૭ **શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં પોલીસ સ્ટેશનમાં કેડર વાઈઝ કેટલા પોલીસ સ્ટાફનું મહેકમ છે, અને

**જવાબ**

(૧) અને (૨)

(૨) તે પેકી કેટલી જ્ગ્યા ભરેલી છે, અને કેટલી ખાલી છે ?

| | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| પો.સ.ઈ. | ૧ | ૧ | - |
| એ.એસ.આઈ./હે.કો. | ૨૦ | ૧૬ | ૪ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૫૧ | ૩૨ | ૧૯ |

વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮ માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯ માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડે ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા. ૨૦-૦૨-૨૦૧૦ થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

-------------

**ધંધુકા બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા નહેરનાં કામો**

૧૨૪૧૬**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા નહેર યોજનાની મુખ્ય શાખા અને પ્ર. શાખા નહેરોનું કામ ક્યા ક્યા તબક્કે છે, અને

(૨) આ કામો કેટલા સમયમાં પૂરા કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા નહેર યોજનાની વલ્લભીપુર પેટા શાખા નહેરના પૂર્ણ લંબાઈના માટીકામ તથા નાળા પુલીયાના કામો (લાઈનીંગ કામ સિવાય) પૂર્ણ થઈ ગયેલ છે. જ્યારે લીંબડી અને બોટાદ પેટા શાખા નહેરના માટીકામ તથા નાળા પુલીયાના કામો હાલ પ્રગતિમાં છે. પ્ર. શાખા નહેરોના કામો વલ્લભીપુર પેટા શાખા હેઠળની આઠ નહેરોમાં શરૂ કરેલ છે, જ્યારે લીંબડી તથા બોટાદ પેટા શાખા હેઠળ આ કામો જમીન સંપાદન સ્તરે છે.

(૨) આ કામો શક્ય તેટલી ઝડપે પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**આણંદ જિલ્લામાં રાજીવગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૧૭૮૭**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં રાજીવગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજના હેઠળ કેટલા તાલુકાના ગામોમાંથી કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ તાલુકાવાર આવરી લેવાયેલ બીપીએલ લાભાર્થીઓ અને આપવામાં આવેલ વીજજોડાણની વિગતો નીચે મુજબ છે.

(૨) આ અરજીઓ પૈકી કેટલાને વીજ કનેકશન આપવામાં આવ્યું, અને બાકીનાને કેટલા સમયમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

| તાલુકો | લાભાર્થીઓની સંખ્યા | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| બોરસદ | ૧૧૧૫૨ | ૪૬૨૮ |
| તારાપુર | ૨૧૨૨ | ૬૩૮ |
| સોજીત્રા | ૩૮૮૮ | ૧૧૧૨ |
| ઉમરેઠ | ૪૨૬૬ | ૨૧૧૭ |
| આણંદ | ૭૧૩૯ | ૨૪૮૨ |
| પેટલાદ | ૮૪૬૯ | ૨૩૧૩ |
| ખંભાત | ૧૭૪૫ | ૨૧૫૮ |
| કુલ : | ૪૩૬૬૫ | ૧૮૧૩૩ |

બાકી રહેતા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને મે-૨૦૧૦ સુધીમાં વીજજોડાણ આપવાનું આયોજન છે.

-------------

**મુન્દ્રા ખાનગી પોર્ટને ભાડા પટ્ટે કે ભાગીદારીથી બનાવવા આપવામાં આવેલ જેટીઓ**

૧૩૦૪૬**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મુન્દ્રાના દરિયા કિનારે કેટલી લંબાઈનો દરિયા કિનારો ખાનગી પોર્ટને ભાડા પટ્ટે કે ભાગીદારીથી ક્યારે-ક્યારે જેટ્ટીઓ બનાવવામાં આપવામાં આવ્યો છે, અને

(૧)

| | |
|---|---|
| જાન્યુઆરી-૧૯૯૪ | ૭૧૦.૦૦ મીટર |
| ફેબ્રુઆરી-૨૦૦૧ | ૧૧૦૦.૦૦ મીટર |
| ઓક્ટોબર-૨૦૦૪ | ૭૪૩.૦૦ મીટર |
| જાન્યુઆરી-૨૦૦૯ | ૧૪૬૦.૦૦ મીટર |
| જાન્યુઆરી-૨૦૦૯ | ૨૬૮૦.૦૦ મીટર |

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ જેટ્ટી કે જેટ્ટીઓ પરથી યાતાયાત થયેલ માલ-સામાન પર વોટરફ્રન્ટ રોયલ્ટી/વારફેજ ચાર્જીસ/ કે પોર્ટના અન્ય ચાર્જીસ અન્વયે વર્ષવાર કેટ કેટલા જથ્થા અન્વયે કેટ કેટલી રકમ રાજ્ય કે મેરીટાઈમ બોર્ડમાં જમા કરાવવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | યાતાયાત થયેલ માલ-સામાનનો જથ્થો (લાખ ટનમાં) | વોટર ફ્રન્ટ રોયલ્ટી (રૂ. લાખમાં) | જમીન ભાડાની આવક (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૯૮.૯૫ | ૧૫૨૪ | ૧૫.૨૪ |
| ૨૦૦૮-૦૯ | ૩૫૬.૨૬ | ૧૯૧૫ | ૩૪.૨૭ |
| ૨૦૦૯-૧૦ | ૨૯૩.૮૫ (ડિસે-૦૯ સુધી) | ૨૪૨૮ (ડિસે-૦૯ સુધી) | ૪૧.૧૩ |
| કુલ : | | **૫૮૬૭** | **૯૦.૬૪** |

-------------

**બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટની આવક**

૧૩૧૧૦**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વાહનવ્યવહાર ખાતાની કેટલી ચેકપોસ્ટ આવેલી છે,

(૨) દરેક ચેકપોસ્ટ ઉપર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઈ ?

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની ચાર ચેકપોસ્ટ આવેલી છે.

(૨) દરેક ચેકપોસ્ટ ઉપર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| ચેકપોસ્ટનું નામ | આવક (રૂા. લાખમાં) કેલેન્ડર વર્ષ | |
|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ |
| અમીરગઢ | ૨૧૩૪.૨૬ | ૧૯૫૧.૩૩ |
| (ગુંદરી-થાવર) | ૨૬૧૦.૮૨ | ૨૪૦૯.૧૩ |
| થરાદ | ૮૧૭.૦૨ | ૧૦૦૦.૧૦ |
| અંબાજી | ૪૩૭.૨૫ | ૪૪૦.૩૪ |

-------------

**અમરેલી જિલ્લામાં તાલુકાવાર માટી-રેતી, પથ્થર અને ક્વોરીની લીઝો**

૧૨૬૧૭**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર માટી, રેતી, પત્થર અને ક્વોરી માટેની કેટલી લીઝો આપવામાં આવેલ છે.

(૧)

| | તાલુકા | લીઝોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સાવરકુંડલા | ૧૩ |
| ૨ | રાજુલા | ૧૪ |
| ૩ | બાબરા | ૧૨ |
| ૪ | અમરેલી | ૨ |
| ૫ | લીલીયા | ૪ |
| ૬ | જાફરાબાદ | ૧ |
| ૭ | લાઠી | ૩ |

| | | |
|---|---|---|
| ૭ | લાઠી | ૩ |
| ૮ | ખાંભા | ૧ |
| | કુલ : | **૫૦** |

(૨) ઉપરોક્ત લીઝો આપવામાં આવેલ છે તેમાંથી તાલુકાવાર ગોચરની જમીનમાં કેટલી લીઝો આપવામાં આવેલ છે, અને

(૨) સાવરકુંડલા તાલુકામાં ૨(બે) અને રાજુલા તાલુકામાં ૧(એક).

(૩) સરકારી પડતરમાં કેટલી લીઝ આપવામાં આવેલ છે ?

(૩) ૪૫ લીઝો.

-------------

**ભાવનગર જિલ્લામાં પોલિસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૧૩૫૭૬**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)માનનીય પોલિસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને

(૨) જો ખૂટતા હોય તો, ખૂટતા મકાનો બનાવવા શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) કુલ - ૧૫૬૮.

(૨) જિલ્લાના મંજૂર મહેકમની સામે ખરેખર જરૂરીયાત મુજબના મકાનોના બાંધકામને અગ્રતાને ધોરણે પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ભિલોડા તાલુકામાં પરંપરાગત વિજળીકરણ થયેલ ગામોને જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવા બાબત**

૧૩૧૦૩**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં પરંપરાગત વિજળીકરણ થયેલ હોય તેવા કુલ કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત આવરી લેવાના બાકી છે,

(૨) આ ક્યા ક્યા ગામો છે, અને

(૩) આ બાકી રહી ગયેલ ગામોને ક્યાં સુધી જ્યોતિગ્રામ યોજનામાં સમાવી લેવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં પરંપરાગત રીતે વીજળીકરણ થઇ શકે તેવા તમામ ૧૬૫ ગામોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે.

-------------

**આણંદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતગર્ત સબસ્ટેશન વાર લાભાર્થીઓને જોડાણ**

૧૩૫૬૫**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતગર્ત સબસ્ટેશનવાર કેટલા લાભાર્થીઓને જોડાણ આપવામાં આવ્યા,

(૨) કેટલાને આપવાના બાકી છે,

**જવાબ**

(૧) અને (૨) : આર.જી.જી.વી.વાય. પ્રોજેકટની મંજૂરી જિલ્લાવાર મળેલ છે. જેની તાલુકાવાર લાભાર્થીઓને વીજ જોડાણ આપેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **આપવામાં આવેલ વીજ જોડાણ** | **આપવાના બાકી વીજ જોડાણ** |
|---|---|---|
| બોરસદ | ૪૮૨૧ | ૬૩૩૧ |
| તારાપુર | ૬૩૮ | ૧૪૮૪ |
| સોજીત્રા | ૧૧૧૨ | ૨૭૭૬ |
| ઉમરેઠ | ૨૧૧૭ | ૨૧૪૯ |
| **તાલુકો** | **આપવામાં આવેલ વીજ જોડાણ** | **આપવાના બાકી વીજ જોડાણ** |
| આણંદ | ૨૪૮૨ | ૪૬૫૭ |
| પેટલાદ | ૨૪૧૧ | ૬૦૫૮ |
| ખંભાત | ૧૭૪૫ | ૦ |
| આંકલાવ | ૨૮૮૩ | ૨૦૦૧ |

(૩) સદર યોજના આણંદ જિલ્લામાં ક્યારથી અમલમાં છે,

(૩) માર્ચ - ૨૦૦૮ થી

(૪) કઈ એજન્સી કામગીરી કરે છે.

(૪) મે. ડાયમંડ પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, વડોદરા

(૫) એજન્સીએ કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરવાની શરતો છે, અને

(૫) એજન્સીએ માર્ચ-૨૦૧૦ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની શરત છે.

(૬) સદર યોજનામાં કેટલી ગ્રાન્ટ મળી ?

(૬) રૂા.૧.૪૭ કરોડ ગ્રાન્ટ મળી છે.

-------------

**દાહોદ જિલ્લામાં નદીની રેતી-ઈંટોના ભઠ્ઠાવાળા તેમજ ક્વોરી પથ્થરોની રોયલ્ટી ન ભરવાના બનાવો**

૧૩૫૭૨**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં નદીની રેતી-ઈંટોના ભઠ્ઠાવાળા તેમજ ક્વોરી પથ્થરો રોયલ્ટી ભર્યા વગર કેટલાને પકડવામાં આવ્યા, અને

(૨) આમાં વિભાગના કર્મચારીઓની સંડોવણી છે કે કેમ?

**જવાબ**

(૧) ૩૨૦.

(૨) ધ્યાન પર આવેલ નથી.

-------------

**સાબરમતી જેલના કેદીઓ પાસેથી મોબાઈલ ફોન, હથિયારો તેમજ પ્રોહિબિટેડ વસ્તુઓ પકડવા અંગે**

૧૩૪૩૦ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન કેદીઓ પાસેથી કેટલા મોબાઈલ ફોન, હથિયારો તેમજ બીજી પ્રોહિબિટેડ વસ્તુઓ પકડવામાં આવી,

(૨) આવી વસ્તુઓ જેલમાં અવારનવાર પકડાય તેમાં જવાબદાર અધિકારી સામે કેવા પ્રકારની કડક કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) આ બાબતે જેલમાં આવી વસ્તુઓ લઈ જઈ શકાય નહીં તે માટે સરકારે સઘન ચેકીંગ તથા કેવા પ્રકારની કડક વ્યવસ્થા કરવામાં આવી છે?

**જવાબ**

(૧) મોબાઇલ ફોન - ૮૬
હથિયારો - ૧૯ તથા
બીજી પ્રોહિબિટેડ વસ્તુ - ૪૨.૧૦૦ ગ્રામ ચરસ પકડવામાં આવેલ છે.

(૨) જવાબદાર રક્ષક વર્ગના કુલ ૦૪ કર્મચારીઓને ફરજમોકુફી હેઠળ તેમજ ૦૨ સુરક્ષા સ્ટાફના કર્મચારીઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. સુરક્ષા સ્ટાફને ફરજ દરમ્યાન કેદીઓની પ્રવૃત્તિઓ પર સતત વોચ રાખવા સૂચના આપવામાં આવેલ છે.

(૩) **(એ)** જેલના મુખ્ય દરવાજે મુલાકાત રૂમ, કોર્ટરૂમ વિગેરે જ્યાએ ડોરફ્રેમ મેટલ ડીટેકટર મુક્વામાં આવેલ છે. તેમજ જેલની અંદર કેદીઓ દ્વારા છુપાવવામાં આવેલ અનધિકૃત ચીજવસ્તુઓ શોધી કાઢવા માટે મોબાઇલ ફોન ડીટેકટર અને હેન્ડ હેલ્ડ મેટલ ડીટેકટરનો ઉપયોગ કરવામાં આવે છે.

**(બી)** જેલમાં પ્રવેશતા કેદીઓ તથા સ્ટાફના સામાનની ચકાસણી માટે એક્ષરે સ્કેનીંગ મશીન મૂકવામાં આવેલ છે.

**(સી)** જેલની અંદર અનધિકૃત મોબાઇલ ફોનના ઉપયોગ અટકાવવા માટે જામર મશીન ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.

**(ડી)** જેલની અંદર કેદીઓ ઉપર ચાંપતી વોચ રાખી શકાય તે હેતુસર સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે. તેમજ ઘોડેશ્વાર પેટ્રોલીંગની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(ઇ) તદ્ઉપરાંત સંનિષ્ઠ કર્મચારીઓની ઝડતી સ્ક્વોડ બનાવી અવારનવાર આકસ્મિક ઝડતી જેલની અંદર કરવામાં આવે છે.

**વડોદરા જિલ્લામાં પોલિસ સ્ટેશનમાં નોંધાયેલ લૂંટ, ધાડ અને ખુનના કિસ્સાઓ**

૧૩૩૪૧**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર પોલિસ સ્ટેશનમાં લૂંટ, ધાડ અને ખૂનના કેટલા ગુન્હા દાખલ થયા, અને

**જવાબ**

(૧)

| ક્ર | તાલુકાનું નામ | લૂંટ | ધાડ | ખૂન |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨ | ૫ | ૮ |
| ૨ | કરજણ | ૧ | ૧ | ૬ |
| ૩ | શિનોર | ૧ | - | ૩ |
| ૪ | સાવલી | ૩ | ૨ | ૯ |
| ૫ | પાદરા | ૨ | - | ૧૧ |
| ૬ | વાઘોડીયા | ૧ | ૨ | ૧૪ |
| ૭ | ચંખેડા | ૨ | ૨ | ૧૦ |
| ૮ | નસવાડી | - | - | ૮ |
| ૯ | ડભોઇ | ૨ | - | ૭ |
| ૧૦ | છોટાઉદેપુર | ૫ | - | ૨૬ |
| ૧૧ | ક્વાંટ | ૧ | - | ૧૩ |
| ૧૨ | જેતપુર | ૧ | ૧ | ૧૬ |
| | **કુલ :** | **૨૧** | **૧૩** | **૧૩૧** |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કેટલા આરોપી પકડાયા અને કેટલાને પકડવાના બાકી છે?

**જવાબ**

(૨) તે પેકી લૂંટના ૩૨ આરોપીઓ, ધાડના ૫૫ અને ખૂનના ૨૮૯ આરોપીઓ પકડાયા છે. લૂંટનો કોઇ આરોપી પકડવાનો બાકી નથી, જ્યારે ધાડના ૩૧ અને ખૂનના ૨૪ આરોપીઓ પકડવાના બાકી છે.

નહી પકડાયેલ આરોપીઓ સામે સી.આર.પી.સી. ૭૦ મુજબ કાર્યવાહી કરેલ છે અને તહોમતદારના ગામો ઉપર વોચ રાખવામાં આવે છે.

તદુપરાંત નાઇટ કોમ્બીંગ કરી ગુનેગારોના આશ્રય સ્થળો, દંગાઓ, હોટલ, ગેસ્ટ હાઉસ વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે.

ગુનેગારો વિરૂધ્ધ પાસા, તડીપારના પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. વાહન ચેકીંગ અમલમાં મૂકી ઝૂંબેશ ચલાવવામાં આવે છે.

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અન્વયે લાભાર્થીઓની અરજી**

૧૨૩૮૨**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અન્વયે કેટલા લાભાર્થીઓની અરજી પડતર છે,

**જવાબ**

(૧) આર.જી.જી.વી.વાય. હેઠળ બી. પી. એલ. લાભાર્થીઓને વીજળીકરણ કરવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલ બી.પી.એલ. યાદી ઉપયોગમાં લેવામાં આવે છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આ યોજના અન્વયે તાલુકાવાર પ્રોજેકટમાં મંજુર થયેલ બાકી લાભાર્થીઓ નીચે મુજબ છે.

| તાલુકો | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| મેઘરજ | ૧૦૪૯૬ |
| માલપુર | ૨૩૪ |
| બાયડ | ૬૭૧૩ |
| ધનસુરા | ૨૩૨૬ |
| **કુલ :** | **૧૯૭૬૯** |

(૨) આ પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે, અને

(૩) આવી અરજીઓ પડતર રહેવાનાં શાં કારણો છે?

(૨) અને (૩) : કેન્દ્ર સરકારને સાબરકાંઠા જિલ્લાની દરખાસ્ત ૨૦૦૫માં મોકલવામાં આવી હતી. પરંતુ તેની મંજુરી ઘણા વિલંબથી માર્ચ-૨૦૦૮માં મળેલ. તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૮૮૨૪ વીજજોડાણ આપવામાં આવેલ છે અને કામગીરી પુરજોશમાં ચાલુ છે. તેથી બાકી રહેલાં જોડાણો શક્ય તેટલાં વહેલાં આપી દેવામાં આવશે.

-------------

**દાહોદ જિલ્લામાં સ્વરોજગાર માટે લોન સહાયની અરજીઓ**

૧૧૮૧૭**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સ્વરોજગાર માટે લોન સહાયની કેટલી અરજીઓ આવી, અને

(૧) ૨૩૯૪.

(૨) આ પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨) ૮૮૫.

-------------

**અમદાવાદ શહેરમાંથી ગેરકાયદેસર પાર્ક કરેલા વાહનો અંગે દંડ કરવા બાબત**

૧૨૩૯૧**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં અમદાવાદ શહેરમાંથી ગેરકાયદેસર પાર્ક કરેલા કેટલા વાહનોને ક્રેઈનથી ઉઠાવી જઈ કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો,

(૧) કુલ વાહનો - ૯૧,૩૧૨
વસુલ કરેલ દંડ - રૂ. ૪૮,૨૫,૮૭૫/-

(૨) માસવાર તે અન્વયે કેટલા ફોટાઓ પાડવામાં આવ્યા,

(૨)

| માસ | પાડવામાં આવેલ ફોટા |
|---|---|
| એપ્રિલ - ૨૦૦૯ | ૭૧૩૩ |
| મે - ૨૦૦૯ | ૭૬૭૫ |
| જુન - ૨૦૦૯ | ૯૦૬૭ |
| જુલાઇ - ૨૦૦૯ | ૧૨૧૨૩ |
| ઓગસ્ટ - ૨૦૦૯ | ૧૧૪૦૪ |
| સપ્ટેમ્બર - ૨૦૦૯ | ૧૦૩૨૦ |
| ઓક્ટોબર - ૨૦૦૯ | ૧૦૨૫૦ |
| નવેમ્બર - ૨૦૦૯ | ૧૦૫૭૨ |
| ડીસેમ્બર - ૨૦૦૯ | ૧૨૭૬૮ |

(૩) શું એ વાત સાચી છે કે, પાર્કીગમાં વાહનો હોવા છતાં ક્રેઈન દ્વારા ઉપાડી ગેરકાયદેસર રીતે દંડ ભરાવાય છે અને અરજદાર ફોટો માંગે તો તે આપવામાં આવતો નથી, અને

(૩) નાજી,
અરજદાર ફોટોગ્રાફ જોવા માંગે તો તેઓને બતાવવામાં આવે છે.

(૪) જો હા, તો જવાબદારો સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ?

(૪) લાગુ પડતુ નથી.

-------------

**સોર ઉર્જાનું ઉત્પાદન**

૧૩૬૦૧**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ માં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં સોર ઉર્જાનું ઉત્પાદન કરવા માટે કેટલી ક્ષમતાનાં પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવી,

(૧) ૭૧૬ મે.વો. ક્ષમતાના પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવી છે.

(૨) કોઈ આંતર રાષ્ટ્રીય સંસ્થા દ્વારા રાજ્યમાં સોર ઉર્જા વીજ ઉત્પાદન મથકની સ્થાપના કરવા માટે

(૨) હા, જી.

રસ દાખવવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

(૩) આ સાથે સામેલ પત્રક મુજબ કુલ ૮ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને ૧૩૦ મે.વો. ક્ષમતાના સોર ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવા મંજૂરી આપવામાં આવેલ છે.

**પત્રક**

| અ.નં. | વિકાસકારનું નામ | ફાળવેલ ક્ષમતા મેગાવોટ (સોલર ફોટોવોલ્ટેઇક) |
|---|---|---|
| ૧. | એ.ઇ.એસ.એનર્જી પ્રાઇવેટ લી., યુ.એસ.એ. | ૧૫ |
| ૨. | એસ્ટોનફીલ્ડ સોલાર, (ગુજરાત), યુ.એસ.એ. | ૨૫ |
| ૩. | અઝુર પાવર લિ. યુ.એસ.એ. | ૧૫ |
| ૪. | કોમનવેલ્થ બીઝનેસ ટેક્નોલોજીઝ, યુ. કે. | ૧૦ |
| ૫. | ડ્રીસ્ટઝ, જર્મની | ૨૫ |
| ૬ | એમ.આઇ., જર્મની | ૨૫ |
| ૭ | તથીત એનર્જિઝ, યુ.એસ.એ. | ૫ |
| ૮ | ઝેબા સોલાર, પોર્ટુગલ | ૧૦ |
| | **કુલ :** | **૧૩૦** |

-------------

## ઝગડીયા અને વાલીયા તાલુકામાં માટી અને રેતી માટે આપવામાં આવેલ લીઝો

૧૧૯૪૧**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ઝગડીયા અને વાલીયા તાલુકામાં માટી અને રેતીની કેટલી લીઝો આપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી રોયલ્ટી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં વસુલ કરવામાં આવી અને બાકી રોયલ્ટી કેટલી છે ?

**જવાબ**

(૧)

| તાલુકાના નામ | Áí©Ûà¶Ûà ÅÛà¡ | માટીની લીઝ | કુલ |
|---|---|---|---|
| ઝગડીયા | ૨૮ | ૨ | ૩૦ |
| વાલીયા | - | ૧ | ૧ |
| કુલ : | ૨૮ | ૩ | ૩૧ |

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮માં રોયલ્ટી પેટે રૂા. ૧,૬૯,૭૦૦/- અને નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂા. ૨,૩૮,૭૭૫/- વસુલ કરવામાં આવેલ છે. રોયલ્ટી વસુલાત બાકીમાં નથી.

-------------

## વડોદરા અને નર્મદા જિલ્લાના રેવન્યુ વિલેજ વીજળીથી વંચિત રહેવા બાબત

૧૩૦૮૧**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં કેટલા રેવન્યુ વિલેજ વીજળીથી વંચિત છે, અને

**જવાબ**

(૧) અને (૨) : વડોદરા જિલ્લાના ૧૫૪૮ ગામો પૈકી ૧૫૩૯ ગામોનું વીજળીકરણ થયેલ છે. જ્યારે ૮ ગામો સુખી તેમજ સરદાર સરોવર ડેમ યોજનામાં

(૨) આ વર્ષ રાજ્યની સ્વર્ણિમ જ્યંતિનું વર્ષ છે તો તેમાં આ ગામોને વિજળીકરણ કરવા માંગો છો કે કેમ ક્યારે?

ડુબાણમાં ગયેલ હોઇ તે ગામોનું વીજળીકરણ શક્ય નથી. બાકી રહેતું તુરખેડા ગામ આરક્ષિત જંગલમાં હોઇ, તેના વીજળીકરણ માટે વન વિભાગના આર.એફ.ઓ. ને મંજૂરી માટેની દરખાસ્તની પ્રક્રિયા વન વિભાગ સાથે પરામર્શમાં રહી હાથ ધરાયેલ છે. આ ગામની મોજણીનું કામ પૂર્ણ કરેલ છે. તથા ગ્રામસભાનો ઠરાવ મળેલ છે. આમ આ ગામને વીજળીકરણની સુવિધા પૂરી પાડવાની કાર્યવાહી ચાલુ છે.

નર્મદા જિલ્લાના ૫૫૨ ગામો પૈકી ૫૪૨ ગામોનું વીજળીકરણ પૂર્ણ થયેલ છે. જ્યારે ૭ ગામ કરજણડેમ અને સરદાર સરોવર ડેમ યોજનામાં ડુબાણમાં ગયેલ હોઇ તે ગામોનું વીજળીકરણ શક્ય નથી. બાકી રહેતા ૩ ગામો પૈકી ધનપીપર અને સુખવાલ આરક્ષિત જંગલ વિસ્તાર (અભ્યારણ્ય) માં આવેલ હોઇ, તે ગામોને સોર ઉર્જાથી વીજળીકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ. પરંતુ બન્ને ગામોની ગ્રામપંચાયતો દ્વારા ૩-૧૨-૨૦૦૯ ના રોજ પરંપરાગત વીજળીકરણની માંગણીના અનુસંધાને ઠરાવ કરવામાં આવેલ. ત્યારબાદ સંબંધિત વીજ વિતરણ કંપનીના અધિકારીઓએ વનસંરક્ષણ અધિનિયમ હેઠળ દરખાસ્ત રજુ કરતાં પહેલાં સ્થળ નિરીક્ષણ, મોજણી અને સર્વેની કામગીરી કરેલ. તે અન્વયે તૈયાર કરવામાં આવેલ દરખાસ્ત હાલ સ્થાનિક જિલ્લા કક્ષાના વન વિભાગના અધિકારીઓને ચકાસણી માટે આપવામાં આવેલ છે. આમ આ બન્ને ગામો તથા ત્રીજા ગામ ફુલસરને પરંપરાગત રીતે વીજળીકરણની સગવડ સ્તવરે આપવાની કામગીરી ગતિમાં છે.

**રાજ્યમાં ખેડૂતોને આપવાના વીજ જોડાણો**

૧૧૯૫૮**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેડૂતોને કેટલા સમયમાં વીજ જોડાણો આપવામાં આવે છે એ બાબતે કોઇ સમયમર્યાદા નિર્ધારિત કરેલ છે કે કેમ, અને

(૨) આ વીજ જોડાણ પછી ખેડૂતોને ટ્રેપીંગ વગર ૧૨ કલાક વીજળી આપવાનું કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ખેતી વિષયક વીજ જોડાણ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ, પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ વાર્ષિક લક્ષ્યાંકના ક્રમાનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

(૨) રાજ્યમાં ઉપલબ્ધ વીજ પૂરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડિયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે છે.

સમયાન્તરે પાકની જરૂરિયાતને ધ્યાને લઈને અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મૂકીને પણ ખેડૂતોને ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ પૂરતા સમય માટે વીજ પૂરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

-------------

## અમદાવાદ જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો

૧૩૩૪૪ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટકેટલા બનાવો તાલુકાવાર નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક-૧ મુજબ.

(૨) ખૂનના ગુનામાં ૧૬૪ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે જ્યારે ૨૬ની ધરપકડ કરવાની બાકી છે.

લૂંટના ગુનામાં ૧૧૧ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે જ્યારે ૯ ની ધરપકડ કરવાની બાકી છે.

ધાડના ગુનામાં ૧૨૬ ની ધરપકડ કરવામાં આવેલ છે જ્યારે ૧૫ ની ધરપકડ કરવાની બાકી છે.

બળાત્કારના ગુનામાં ૨૧ ઈસમો સંડોવાયેલ જે તમામની ધરપકડ કરવામાં આવી છે. જે આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે તે આરોપીઓના સરનામે તપાસ કરતા મળી આવેલ ન હોઈ સીઆરપીસીની કલમ ૭૦ મુજબ વોરંટ કઢાવી પોલીસ સ્ટેશનમાં બજવણી અર્થે મોકલવામાં આવે છે. સીઆરપીસીની કલમ ૮૨, ૮૩ મુજબ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવે છે.

બાતમીદારો રોકી, બાતમી મળેથી અટક કરવાની તજવીજ કરવામાં આવે છે. નાસતા-ફરતા આરોપીઓની વિગતો જિલ્લા પોલીસ ગેઝેટ તથા રાજ્ય પોલીસ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા માટે પોલીસ તરફથી અસરકારક પગલાંઓ લેવામાં આવે છે.

વાહન ચેકીંગસ્કીમ અમલમાં મૂકી ઝુંબેશ ચલાવવામાં આવે છે. નાઈટ રાઈન્ડ સઘન બનાવી અમલમાં મુકવામાં આવેલ છે. અવારનવાર કોમ્બીંગનું આયોજન કરી ગુનેગારોના આશ્રય સ્થળો, દંગાઓ, હોટલ, ગેસ્ટ હાઉસો વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે અને ""એ"" રોલ તથા ""બી"" રોલ ભરવામાં આવે છે. ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ અહેવાલો અઠવાડીક મંગાવી સીનીયર સુપરવાઈઝરી અધિકારીઓ ધ્વારા મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

**પત્રક-૧**

| હેડ | ધોળકા | બાવળા | સાણંદ | ધંધુકા | બરવાળા | રાણપુર | દશક્રોઈ | સીટી | વિરમગામ | માંડલ | દેત્રોજ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખૂન | ૬ | ૭ | ૬ | ૪ | ૩ | ૨ | ૧૭ | ૩ | ૪ | ૧ | ૦ | ૫૩ |
| લૂંટ | ૭ | ૭ | ૫ | ૫ | ૧ | ૦ | ૩૩ | ૪ | ૬ | ૨ | ૩ | ૭૩ |
| ધાડ | ૪ | ૧ | ૨ | ૩ | ૧ | ૦ | ૧૫ | ૦ | ૨ | ૦ | ૦ | ૨૮ |
| બળાત્કાર | ૦ | ૨ | ૨ | ૨ | ૦ | ૧ | ૫ | ૦ | ૫ | ૦ | ૧ | ૧૮ |
| કુલ : | ૧૭ | ૧૭ | ૧૫ | ૧૪ | ૫ | ૩ | ૭૦ | ૭ | ૧૭ | ૩ | ૪ | ૧૭૨ |

-------------

## રાજ્ય દ્વારા બહાર આપવામાં આવેલ વીજળીની આવક

૧૩૫૫૯**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧-૧૦ સુધીમાં રાજ્ય સરકાર રાજ્ય બહાર કેટલી વીજળી આપી, અને

**જવાબ**

(૧) તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન રાજ્ય દ્વારા ૧૫૧૨.૩૦ મીલીયન યુનિટ વીજળી રાજ્ય બહાર આપવામાં આવી.

રાજ્યમાં વિજ માંગ ઓછી હોય તેવા સમયે પ્લાન્ટ બંધ રાખવા પડે. પાવર પ્લાન્ટ રાષ્ટ્રિય સંપતિ હોવાથી બંધ રાખવાનું

ઈચ્છનિય નથી. આવા સંજોગોમાં ફાજલ વીજળી રાજ્ય બહાર આપવામાં આવેલ છે. જેમ કે રાત્રિ સમય જે દરમ્યાન વિજ ઉત્પાદન કરતાં વિજ માંગ ઓછી હોય, રજાના દિવસોમાં તેમ જ, ખેતીવાડીની વિજ માંગ ઓછી હોય, વરસાદની ઋતુ વગેરે જેવા સમયે વધારાની વીજળી રાજ્ય બહાર આપવામાં આવેલી છે. તેમ કરવાથી બીજા રાજ્યોની વિજ માંગ પણ પૂરી થાય છે.

(૨) રાજ્ય બહાર અપાયેલી વીજળીનાં વળતર પેટે ક્યા દરથી કેટલી રકમ રાજ્ય સરકારને ક્યારે પ્રાપ્ત થઇ ?

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | ટ્રેડરનું નામ | મીલીયન યુનીટ | રૂ. યુનીટ | રૂ. ક્રોડ |
|---|---|---|---|---|
| ૧ | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. | ૨૫.૬૭૦ | ૫.૯૯ | ૧૫.૩૬ |
| ૨ | અદાણી એન્ટરપ્રાઈઝ લી. | ૩૧.૬૨૩ | ૬.૪૩ | ૨૦.૩૩ |
| ૩ | એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૪૨૭.૦૩૦ | ૬.૬૬ | ૨૮૪.૪૯ |
| ૪ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૭૫.૧૪૭ | ૮.૨૫ | ૬૧.૯૮ |
| ૫ | બેંગ્લોર ઈલેક્ટ્રી. સપ્લાય કંપની લી. | ૭.૬૧૩ | ૬.૪૯ | ૪.૯૪ |
| ૬ | પાવર એક્સચેન્જ ઈન્ડિયા લી. | ૩૭૬.૦૭૫ | ૫.૫૯ | ૨૧૦.૧૨ |
| ૭ | ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ | ૫૬૧.૨૮૭ | ૬.૩૭ | ૩૫૭.૬૬ |
| ૮ | ઉતરાખંડ પાવર કોર્પોરેશન લી. | ૭.૮૫૫ | ૧૧.૧૮ | ૮.૭૮ |
| | **કુલ :** | **૧૫૧૨.૩૦૦** | **૬.૩૭** | **૯૬૩.૬૬** |

-------------

## નર્મદા જિલ્લામાં પોલિસ સ્ટેશનોનું સંવર્ગવાર પોલિસ મહેકમ

૧૩૦૭૭**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં તાલુકાવાર પોલિસ સ્ટેશનોમાં સંવર્ગવાર પોલિસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે, અને

(૨) તે અન્વયે કેટ કેટલી સંવર્ગવાર જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, આ ખાલી જ્ગ્યા ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ પત્રક મુજબ

વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯ માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડે ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે, સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા. ૨૦-૦૨-૨૦૧૦ થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

**પત્રક**

| તાલુકો | પો.સ્ટે. | મંજૂર મહેકમ | | | | ખાલી જગ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પો.ઈ. | પો.સ.ઈ. | એ.એસ.આઈ./હે.કો. | પો.કો. | પો.ઈ. | પો.સ.ઈ. | એ.એસ.આઈ./હે.કો. | પો.કો. |
| નાંદોદ | રાજપીપલા | ૧ | ૨ | ૨૨ | ૬૩ | ૦ | ૦ | ૦ | ૨૮ |
| નાંદોદ | કેવડીયા | ૦ | ૧ | ૧૭ | ૩૨ | ૦ | ૦ | ૭ | ૧૨ |
| નાંદોદ | ગરૂડેશ્વર | ૦ | ૧ | ૧૨ | ૨૩ | ૦ | ૦ | ૩ | ૯ |
| તિલકવાડા | તિલકવાડા | ૦ | ૧ | ૧૫ | ૨૩ | ૦ | ૦ | ૫ | ૬ |
| ડેડીયાપાડા | ડેડીયાપાડા | ૦ | ૧ | ૧૭ | ૩૦ | ૦ | ૦ | ૪ | ૮ |
| સાગબારા | સાગબારા | ૦ | ૧ | ૧૬ | ૨૯ | ૦ | ૦ | ૬ | ૯ |

| સંવર્ગ | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|
| | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી ઉપર |
| પો.ઈ. | ૦ | ૦ | ૦ | ૦ |
| પો.સ.ઈ. | ૦ | ૦ | ૦ | ૦ |
| એ.એસ.આઈ./હે.કો. | ૯ | ૧૧ | ૫ | ૦ |
| પો.કો. | ૦ | ૦ | ૦ | ૭૨ |

## વડોદરા જિલ્લાના ગરીબી રેખા હેઠળ ઝૂંપડપટ્ટીમાં વસતાં લોકોનું વીજળીકરણ

૧૩૪૪૮**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના ગરીબી રેખા હેઠળ ઝૂંપડપટ્ટીમાં વસતાં લોકોને ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજળી જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) સન ૨૦૧૦માં આ યોજના અન્વયે કેટલાને વિજ જોડાણ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં કુલ ૨૫૭૧૩ વીજ જોડાણ આપવામાં આવેલ છે. જે પૈકી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૦૯૦ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) ૬૦૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન છે.

-------------

## રાજ્યમાં કેન્દ્ર સરકારની સહાય વિના પાવર સ્ટેશનો ઉભા કરવા બાબત

૧૨૯૦૭**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલા પાવર સ્ટેશન કેન્દ્ર સરકારની સહાય વિના કોની સહાયથી કઇ જ્યાએ કેટલી ક્ષમતાના પાવર સ્ટેશન ઉભા કરવામાં આવ્યા, અને

(૨) આ પાવર સ્ટેશનોની કામગીરી હાલમાં ક્યાં તબક્કા ઉપર છે ?

**જવાબ**

(૧) અને (૨) : પત્રક મુજબ.

**પ ત્ર ક**

| અ.નં. | વીજમથકનું નામ | વીજ ક્ષમતા | ડેવલોપરનું નામ | તા.૩૧-૧-૧૦ ની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ધુવારણ ખાતે યુનિટ-૨ ગેસ આધારીત | ૧૧૨ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કું.લિ. | કાર્યાન્વિત થયેલ છે. |
| ૨ | પાનન્ધ્રો ખાતે લિગ્નાઈટ આધારીત | ૭૫ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કું.લિ. | કાર્યાન્વિત થયેલ છે. |
| ૩ | ઉતરાણ ખાતે ગેસ આધારીત | ૩૭૫ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કું.લિ. | કાર્યાન્વિત થયેલ છે. |
| ૪ | સિક્કા ખાતે કોલસા આધારીત | ૫૦૦ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કું.લિ. | સ્થાપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. |
| ૫ | ઉકાઈ ખાતે કોલસા આધારીત | ૫૦૦ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કું.લિ. | સ્થાપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. |
| ૬ | પીપાવાવ ખાતે ગેસ આધારીત | ૭૦૦ | જીએસપીસી પીપાવાવ પાવર કંપની. | સ્થાપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. |
| ૭ | હજીરા ખાતે ગેસ આધારીત | ૩૬૦ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કું. | સ્થાપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. |
| ૮ | મુન્દ્રા ખાતે કોલસા આધારીત | ૧૩૨૦ | અદાણી લિ. | પ્રથમ યુનિટ કાર્યાન્વિત થયેલ છે. |
| ૯ | આખાખોલ ખાતે ગેસ આધારીત | ૧૧૪૭ | ટોરેન્ટ પાવર કું. સુજેન | કાર્યાન્વિત થયેલ છે. |
| ૧૦ | વાડીનાર ખાતે આયાતી કોલસા આધારીત | ૧૨૦૦ | એસ્સાર પાવર લિ. | સ્થાપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. |
| ૧૧ | છત્તીસગઢ ખાતે કોલસા આધારીત | ૨૭૦ | આર્યન કોલ લિ. | સ્થાપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. |
| ૧૨ | પડવા ખાતે લિગ્નાઈટ આધારીત | ૫૦૦ | ભાવનગર એનર્જી કું.લિ. | સ્થાપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. |
| ૧૩ | માંગરોલ ખાતે સ્ટેજ-૨ લિગ્નાઈટ આધારીત | ૨૫૦ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કું.લિ. | નજીકના ભવિષ્યમાં કાર્યાન્વિત થશે. |

-------------

## વડોદરા જિલ્લામાં ખાણ-ખનીજની લીઝોની અરજી નામંજૂર થતાં થયેલ અપીલો

૧૩૩૩૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં ખાણ-ખનીજ લીઝ માટેની અરજીઓ નામંજૂર થતાં તેની સામે કેટલી અપીલો મળી છે,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી નામંજૂર કરેલ છે અને કેટલી પડતર છે, અને

(૪) પડતર રહેવાના કારણો ?

**જવાબ**

(૧) ૧૦૭

(૨) શૂન્ય

(૩) ૧૧ અપીલો નામંજૂર ૯૬ અપીલો પડતર.

(૪) વહીવટી કારણોથી.

## દાહોદ જિલ્લાના આદિવાસી તાલુકામાં સિંચાઇ માટે આપવામાં આવતું નર્મદાનું પાણી

૧૨૯૯૧ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના મોટા ભાગના તાલુકા આદિવાસી છે જ્યાં સિંચાઇની નહીંવત સગવડ છે છતાં નર્મદાનું પાણી આપવામાં આવતું નથી, તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારને નર્મદાનું પાણી આપવા વિચારેલ છે કે કેમ, અને

(૩) વિચારેલ હોય તો તે ક્યાં સુધીમાં અને કેવી રીતે આપવા માંગો છો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : નર્મદા યોજનાના વર્ષ ૧૯૮૦ માં મંજૂર થયેલ મૂળ આયોજનમાં, નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં દાહોદ જિલ્લાનો સમાવેશ કરેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### કચ્છ જિલ્લામાં ટપક સિંચાઇનો ખેડૂતોએ લીધેલ લાભ

૧૪૨૭૮**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ટપક સિંચાઇ પધ્ધતિનો તારીખ ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોએ લાભ લીધો,

(૨) કેટલી રકમની સબસીડી ચુકવવામાં આવી, અને

(૩) ટપક સિંચાઇ પધ્ધતિ માટે જુના ભાવો મંજૂર કરવાની પુનઃવિચારણા કરવા સરકાર માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ટપક સિંચાઈ પધ્ધતિનો તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૧૮૩ ખેડૂતોએ લાભ લીધેલ છે.

(૨) રૂા.૧૭૮૨.૫૩ લાખની સબસીડી ચૂકવવામાં આવેલ છે.

(૩) ટપક પધ્ધતિમાં વપરાતા સાધનો માટે જરૂરી કાચા માલ સામાનના ભાવની વધઘટના આધારે સમયાંતરે સમીક્ષા કરી ટપક સિંચાઈના ભાવ નક્કી કરવામાં આવે છે.

-------------

### ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં ગેસ અને ઓઈલ અંગે

૧૨૪૮૨**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) :** તા. ૨૯-૬-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૯૦૨ (અગ્રતાક્રમ-૫) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્રિષ્ના, ગોદાવરી બેઝીન ખાતે જી.એસ.પી.સી. હસ્તકના બ્લોકનો ફીલ્ડ ડેવલોપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને ઉત્પાદનની મંજૂરી માટે મોકલ્યા બાદ તા. ૧-૧-૨૦૧૦ સુધીમાં કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે રજૂઆતો કરેલ છે, અને

(૨) આ રજૂઆતો અંગે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : ક્રિષ્ના, ગોદાવરી બેઝીન ખાતે જી.એસ.પી.સી. હસ્તકના બ્લોકનો ફીલ્ડ ડેવલોપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને જૂન-૨૦૦૯ના રોજ મંજૂરી માટે મોકલાવેલ. ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હી દ્વારા પ્લાનને નવેમ્બર-૦૯ના રોજ મંજૂરી આપવામાં આવેલ હોઈ, કેન્દ્ર સરકારને કોઈ રજૂઆતો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નહીં.

### વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ. ના ઝડપી અમલીકરણ માટે મળેલ મિટીંગો

૧૧૯૬૦**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૮-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ.ના ઝડપી અમલીકરણ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદ હેઠળની સચિવશ્રીઓની બેઠક ક્યારે મળી હતી,

(૨) મળેલ આ મીટીંગમાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭ અને ૨૦૦૯ માં સેક્ટર વાઇઝ કુલ કેટલી દરખાસ્તો અન્વયે કુલ કેટલા કરોડના એમ.ઓ.યુ. થયા, અને

(૩) તે પૈકી કેટલા ઉદ્યોગો સેક્ટર વાઇઝ ઉત્પાદનમાં ગયા અને કેટલા અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) તા. ૨૮-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ.ના ઝડપી અમલીકરણ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદ હેઠળ તારીખ ૧૨-૩-૨૦૦૯, તા.૧૫-૬-૨૦૦૯ અને તા. ૬-૭-૨૦૦૯ એમ ત્રણ બેઠક મળેલ હતી.

(૨) અને (૩) : આ બેઠકમાં એમ.ઓ.યુ. કરવાના હોતા નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા, મુખ્ય નહેર, શાખા, પ્રશાખા નહેરોના કામો

૧૩૪૭૪**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા-બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા-

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં નર્મદા

મુખ્ય નહેર શાખા-પ્રશાખા નહેરોનું કામ ક્યા ક્યા તબક્કે છે, અને

મુખ્ય નહેર યોજનાની વલ્લભીપુર પેટા શાખા નહેરના પૂર્ણ લંબાઇના માટીકામ તથા નાળા પુલીયાના કામો (લાઇનીંગ કામ સિવાય) પૂર્ણ થઇ ગયેલ છે. જ્યારે લીંબડી અને બોટાદ પેટા શાખા નહેરના માટીકામ તથા નાળા પુલીયાના કામો હાલ પ્રગતિમાં છે. જ્યારે આ પેટા શાખા નહેરોની પ્રશાખા નહેરોના આલેખન અને જમીન સંપાદનના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો પાછળ કેટલો ખર્ચ થનાર છે અને આ કામો કેટલા સમયમાં પૂરા કરવાનું આયોજન છે ?

(૨) આ કામો પાછળ અંદાજે રૂા. ૬૨૬.૩૧ કોરડનો ખર્ચ થનાર છે. શક્ય તેટલી ઝડપથી કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**વિજ નિયમનપંચ દ્વારા વિજળીમાં ફ્યુઅલ કોસ્ટ પેટે ભાવ વધારો**

૧૩૫૩૭**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ગુજરાત વિજ નિયમન પંચ દ્વારા વિજળીમાં ફ્યુઅલ કોસ્ટ પેટે તેમજ અન્ય કેટલો ભાવ વધારો કરવામાં આવ્યો,

(૧) ઇલેક્ટ્રિસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઇ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વિજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે.

નામ. આયોગના તા. ૨૫-૦૬-૨૦૦૪ના હુક્મથી બળતણ ખર્ચ/વીજ ખરીદીનાં ભાવ વધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસૂલ કરવાની પધ્ધતિ નક્કી કરેલી છે. વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાના ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા અને આંતરરાષ્ટ્રીય બજારમાં થતો ભાવ વધારો તેમજ આ બળતણોનાં પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવાર નવાર થતાં વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં વધારાનાં ખર્ચને પહોંચી વળવા, જે તે બેઝીક વર્ષના બળતણ/વીજ ખરીદીના કિંમતોની સરખામણીએ થતાં બળતણ/વીજ ખરીદીની કિંમતોના વધારાને ધ્યાનમાં લેતાં, ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ, નામ. આયોગે નક્કી કરેલી પધ્ધતિ મુજબ, જે તે સમયગાળા માટે ગણતરી કરાયેલ ફ્યુઅલ સરચાર્જની વસુલાત તેના પછીના ત્રિમાસિક સમયગાળા દરમિયાન વસૂલ કરવાની જરૂર પડે છે. ફ્યુઅલ સરચાર્જની ગણતરીની તમામ વિગતો, નામ. આયોગને સમયસર મોક્લી આપવાની થાય છે.

(૧) જીયુવીએનએલના કૃષિ વીજ વપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ રાજ્ય સરકાર ભોગવે છે. નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા.૭૯૪.૦૦ કરોડ અને વર્ષ ૨૦૦૯-૧૦માં ડિસેમ્બર-૦૯ સુધીમાં ૬૩૫.૬૨૩ કરોડનો બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૨) જ્યારે, કૃષિ સિવાયના વીજ ગ્રાહકોનો ફ્યુઅલ સરચાર્જ જે તે ગ્રાહકોએ સંપૂર્ણ રીતે ભોગવવાનો હોય છે. પરંતુ એપ્રિલ-જુન, ૨૦૦૮ અને જુલાઇ-સપ્ટેમ્બર, ૨૦૦૮ એમ બે ત્રિમાસિક સમયગાળામાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ અસામાન્ય વધારો સંપૂર્ણ રીતે ગ્રાહકોએ ન ભોગવવો પડે તે હેતુથી, એપ્રિલ-જુન-૦૮ના ત્રિમાસિક સમયગાળા માટેના ૭૦ પેસા પ્રતિ યુનિટ પેકીની ૫૦ ટકા રકમ એટલે કે, ૩૫ પેસા પ્રતિ યુનિટ તેમજ જુલાઇ-

સપ્ટેમ્બર-૦૮ના ત્રિમાસિક સમયગાળા માટેનાં ફ્યુઅલ સરચાર્જનાં વધારા પૈકીની ૦૯ પૈસા પ્રતિ યુનિટની રકમ, વીજ વિતરણ કંપનીઓને સબસીડી આપીને રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે. આમ, આ બંને ત્રિમાસિક સમયગાળામાં રાજ્ય સરકારે અંદાજે કુલ રૂ.૩૪૬/- ક્રોડનો બોજો ભોગવેલ છે.

(૩) વધુમાં, વીજ ગ્રાહકો પર ફ્યુઅલ સરચાર્જનું વધારાનું વધુ ભારણ ન પડે તે માટે અનુક્રમે : જાન્યુ-માર્ચ, ૨૦૦૯ના ત્રિમાસિક સમયગાળા માટે ૩૮ પૈસા પ્રતિ યુનિટ તથા એપ્રિલ-જુન-૦૯ના સમયગાળા માટે ૦૮ પૈસા પ્રતિ યુનિટની વસુલાત મુલતવી રાખી, આ સમયગાળા દરમિયાન ૯૧ પૈસા પ્રતિ યુનિટની જ વસુલાત ચાલુ રાખવામાં આવેલ અને જેના કારણે બાકી વસુલાત પેટે અનુક્રમે વધારાના ૩૧ પૈસા પ્રતિ યુનિટની જુલાઇ-સપ્ટે.-૦૯ના સમયગાળા દરમિયાન તથા ૧૫ પૈસા પ્રતિ યુનિટની ઓક્ટો-ડિસે-૦૯ના સમયગાળા દરમિયાન વસુલાત કરવામાં આવેલ.

(૪) આમ, તા. ૧-૧-૨૦૦૮થી તા. ૩૧-૧૨-૨૦૦૯ના સમયગાળા દરમિયાન, રાજ્યની વિજ વિતરણ કંપનીઓ દ્વારા નીચે મુજબનો ત્રિમાસિક સમયગાળાનો ફ્યુઅલ સરચાર્જ, ગ્રાહકો પાસેથી વસૂલ કરેલ છે.

| સમયગાળો (ત્રિમાસિક) | જીયુવીએનએલ | | ટોરેન્ડ પાવર લિ. | |
|---|---|---|---|---|
| | વસુલાતપાત્ર | વસુલ થયેલ | વસુલાતપાત્ર | વસુલ થયેલ |
| | (પૈસા પ્રતિ યુનિટ) | | (પૈસા પ્રતિ યુનિટ) | |
| જાન્યુ-માર્ચ ૨૦૦૮ | ૩૦ | ૩૦ | ૧૨ | ૧૨ |
| એપ્રિલ-જુન ૨૦૦૮ | ૧૦૦ | ૬૫ | ૪૯ | ૪૨ |
| જુલાઇ-સપ્ટે ૨૦૦૮ | ૮૪ | ૭૫ | ૯૫ | ૭૫ |
| ઓક્ટો-ડિસે. ૨૦૦૮ | ૯૧ | ૯૧ | ૫૨ | ૭૫ |
| જાન્યુ-માર્ચ ૨૦૦૯ | ૧૨૯ | ૯૧ | ૭૮ | ૮૨ |
| એપ્રિલ-જુન ૨૦૦૯ | ૯૯ | ૯૧ | ૮૫ | ૮૫ |
| જુલાઇ-સપ્ટે ૨૦૦૯ | ૬૦ | ૯૧ | ૮૫ | ૮૫ |
| ઓક્ટો-ડિસે. ૨૦૦૯ | ૫૯ | ૭૪ | ૮૪ | ૮૪ |

જ્યારે, અન્ય પ્રકારના ભાવ વધારાની બાબતમાં તા..૩૧-૧-૨૦૦૯ સુધી, નામ.વીજ નિયમન આયોગના તા. ૧૦-૧૦-૨૦૦૦ના આદેશથી અમલી બનેલ દરોમાં ખાસ કોઇ સુધારો કરવામાં આવેલ નથી. તેમજ વધતાં ઓછા પ્રમાણમાં સરખા દરો અમલમાં હતાં. પરંતુ માન. વીજ નિયમન આયોગના તા. ૧૭-૦૧-૨૦૦૯ના આદેશથી તા. ૧-૦૨-૨૦૦૯થી અમલી બને તે રીતે નીચે દર્શાવેલ કેટેગરીવાળા, વધુ વીજ વપરાશ કરતાં વીજ ગ્રાહકો માટે મામૂલી ભાવ વધારો મંજૂર કરેલ છે.

- ઘરગથ્થું ગ્રાહક કેટેગરી : ૨૦૦-૩૦૦ યુનિટ પ્રતિ મહિનાના સ્લેબમાં ૧૦ પૈસા પ્રતિ યુનિટ
- ધંધાકીય હેતુ : ૧૫૦ યુનિટ પ્રતિ મહિનાથી વધુ યુનિટના વપરાશ માટે ૧૦ પૈસા પ્રતિ યુનિટ
- હળવા દબાણ : ઓદ્યોગિક, વોટર વર્ક્સ અને ભારે દબાણવાળા વીજ ગ્રાહકો માટે ૧૦ પૈસા પ્રતિ યુનિટ

ફિક્સ ચાર્જમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી. પરંતુ એનર્જી ચાર્જીસમાં ઉપર દર્શાવ્યા મુજબ નહીવત વધારો કરાયેલ છે. વધુમાં રેલ્વે, ખેતી વિષયક, બી.પી.એલ. દીવાબત્તી તથા શૈક્ષણિક સંસ્થાઓના વીજદરોમાં કોઇ વધારો કરવામાં

સંસ્થાઓના વીજદરોમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી.

(૨) આ ભાવ વધારાની સામે રાજ્ય સરકારને કોઇ રજુઆતો મળી કે કેમ, અને

(૩) તેમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) અને (૩) : હા, જી.

ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે આપવામાં આવે છે. આ સિવાય બિન-ખેતી વિષયક ગ્રાહકોના કિસ્સામાં પણ ફ્યુઅલ સરચાર્જના વધારાની અસરને ધ્યાને લઇને એપ્રિલ-જૂન-૦૮ના સમયગાળામાં ૩૫ પેસા પ્રતિ યુનિટ તથા જુલાઇ-સપ્ટે-૦૮ના સમયગાળામાં ૯ પેસા પ્રતિ યુનિટની સબસીડી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

વધુમાં, ફ્યુઅલ સરચાર્જનો વધુ પડતો બોજો ગ્રાહક પર ન આવી પડે તે માટે, જાન્યુ-માર્ચ-૦૯ના સમયગાળા દરમિયાન ૩૮ પેસા પ્રતિ યુનિટ તથા એપ્રિલ-જૂન-૦૯ના સમયગાળા દરમિયાન ૮ પેસા પ્રતિ યુનિટની વસુલાત મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવેલ તથા જેની વસુલાત પછીના સમયગાળામાં ફ્યુઅલ સરચાર્જ ખૂબ જ નીચો આવતાં, ત્યારબાદ કરવામાં આવેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનાવો

**૧૩૧૦૪ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના કેસો નોંધાયા છે, અને

(૨) વધતી જતી ગુનાખોરીને ડામવા ક્યા ક્યા પ્રકારનું આયોજન સરકારે કરેલ છે ?

**જવાબ**

(૧)

| | | તા. ૧-૨-૦૮ થી તા.૩૧-૧-૨૦૧૦ | | | |
|---|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરી |
| ૧ | હિંમતનગર | ૫ | ૧૦ | ૫ | ૧૧૯ |
| ૨ | પ્રાંતિજ | ૩ | ૧ | - | ૩૦ |
| ૩ | તલોદ | ૪ | ૧ | - | ૧૪ |
| ૪ | ઇડર | ૯ | ૪ | ૨ | ૫૮ |
| ૫ | વડાલી | - | ૧ | ૫ | ૭ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૨ | ૩ | - | ૨૩ |
| ૭ | વિજ્યનગર | ૫ | ૨ | ૧ | ૧૦ |
| ૮ | ભિલોડા | ૧૫ | ૩ | ૪ | ૨૪ |
| ૯ | મોડાસા | ૨ | ૨ | ૫ | ૬૯ |
| ૧૦ | મેઘરજ | ૬ | ૧ | ૨ | ૮ |
| ૧૧ | માલપુર | ૨ | - | ૨ | ૬ |
| ૧૨ | ધનસુરા | ૨ | - | ૨ | ૧૧ |
| ૧૩ | બાયડ | ૫ | ૧ | ૩ | ૩૫ |
| | કુલ : | ૭૦ | ૨૯ | ૩૧ | ૪૧૪ |

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ઉપર પ્રમાણે કુલ ૫૪૪ ગુનાઓ નોંધાયેલ છે. જ્યારે ૧-૨-૦૬ થી તા. ૩૧-૧-૦૮ના ગાળા દરમિયાન કુલ ૫૮૪ ગુનાઓ નોંધાયેલ છે. આમ, ગુનાઓમાં ઘટાડો નોંધાયેલ છે. તેમ છતાં ગુનાઓ બનતા અટકાવવા માટે નીચે મુજબનાં અસરકારક પગલાંઓ લેવામાં આવે છે.

(૧) આવા ગુના ન બને તે માટે અસરકારક અટકાયતી પગલાં તેમજ નાઇટ રાઉંડ, હાઇવે પેટ્રોલીંગ, કોમ્બીંગ, અસરકારક રીતે કરવામાં આવે છે.

(૨) લૂંટના ગુનાઓ બનતા અટકાવવા સારૂ અગાઉ આવા ગુનામાં પકડાયેલ આરોપીની વિશેષ પૂછપરછ કરવામાં આવે છે. રીઢા ગુનેગારો ઉપર નજર રાખવામાં આવે છે. તેમજ એમ સી.આર.કાર્ડવાળા ગુનેગારોને પોલીસ સ્ટેશને લાવી પૂછપરછ કરવામાં આવે છે. તપાસ દરમિયાન સજેશન વાળા ઇસમો તથા શકદારોને ચેક કરવામાં આવે છે.

(૩) ગામડાઓમાં આવતા ફેરીયાઓ તથા અજાણ્યા માણસો ઉપર દેખરેખ રાખી શંકાશીલ જણાયે પોલીસ સ્ટેશને જાણ કરવા જણાવી લોક જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવે છે.

(૪) રીઢા ગુનેગારો ઉપર પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

તા. ૫મી માર્ચ, ૨૦૧૦
અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં દારૂની રેડ પાડવા અંગે**

૧૩૫૭૩**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર દાહોદ જિલ્લામાં દારૂ અંગેની કેટ કેટલી રેડો પાડવામાં આવી ,

(૨) તે અન્વયે કેટલો દારૂ પકડાયો, તેની કિંમત કેટલી છે, અને

(૩) દારૂનું આ વેચાણ કરતા કેટલા બુટલેગરો સામે સખતાઇથી પગલાં લેવા કેસો કરવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) નીચે મુજબની માસવાર તથા તાલુકાવાર રેડો પાડવામાં આવી છે.

| માસ | દાહોદ | ગર-બાડા | ધાન-પુર | દે.બારીયા | લીમખેડા | ઝાલોદ | ફતેપુરા |
|---|---|---|---|---|---|---|---|
| ૨/૨૦૦૯ | ૬૦ | ૧૫ | ૧૬ | ૧૬ | ૧૯ | ૨૮ | ૩૧ |
| ૩/૨૦૦૯ | ૧૩૬ | ૩૦ | ૨૫ | ૫૬ | ૩૫ | ૬૧ | ૪૭ |
| ૪/૨૦૦૯ | ૮૧ | ૮ | ૮ | ૨૯ | ૨૩ | ૩૮ | ૧૭ |
| ૫/૨૦૦૯ | ૫૫ | ૯ | ૫ | ૨૪ | ૨૨ | ૨૬ | ૨૩ |
| ૬/૨૦૦૯ | ૭૦ | ૧૫ | ૭ | ૨૫ | ૨૪ | ૨૯ | ૪૦ |
| ૭/૨૦૦૯ | ૧૯૦ | ૭૦ | ૨૨ | ૬૩ | ૪૬ | ૯૮ | ૬૬ |
| ૮/૨૦૦૯ | ૫૧ | ૮ | ૧૩ | ૧૭ | ૧૨ | ૩૪ | ૩૮ |
| ૯/૨૦૦૯ | ૬૫ | ૭ | ૭ | ૨૨ | ૧૬ | ૧૭ | ૨૧ |
| ૧૦/૨૦૦૯ | ૬૭ | ૧૦ | ૧૦ | ૧૭ | ૧૫ | ૧૮ | ૧૧ |
| ૧૧/૨૦૦૯ | ૯૬ | ૨૦ | ૨૧ | ૧૬ | ૨૬ | ૪૦ | ૨૯ |
| ૧૨/૨૦૦૯ | ૭૯ | ૧૭ | ૧૭ | ૩૦ | ૩૩ | ૩૦ | ૩૮ |
| ૧/૨૦૧૦ | ૭૭ | ૨૫ | ૩૩ | ૨૪ | ૨૪ | ૪૪ | ૬૧ |
| **કુલ :** | **૧૦૨૭** | **૨૩૪** | **૧૮૪** | **૩૩૯** | **૨૯૫** | **૪૬૩** | **૪૨૨** |

(૨) તે અન્વયે નીચે મુજબનો દેશી/વિદેશી દારૂ પકડાયેલ છે.

| તાલુકાનું નામ | દેશી દારૂ (લીટર) | | વિદેશીદારૂ(બોટલ) | |
|---|---|---|---|---|
| | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત |
| દાહોદ | ૧૭૮૬ | ૩૫૭૨૦ | ૨૫૨૭૫ | ૨૪૭૨૯૪૭ |
| ગરબાડા | ૫૧૦ | ૨૦૨૦૦ | ૮૬૪૦ | ૫૮૧૪૧૫ |
| ધાનપુર | ૨૭૩ | ૫૪૬૦ | ૭૦૩૬ | ૩૧૩૪૭૫ |
| દે.બારીયા | ૫૦૯ | ૧૦૧૮૦ | ૭૮૯૭૯ | ૧૧૯૪૭૩૨૮ |
| લીમખેડા | ૨૧૭ | ૪૩૪૦ | ૧૨૯૫૨ | ૧૪૪૨૪૬૦ |
| ઝાલોદ | ૯૨૨ | ૧૮૪૪૦ | ૩૬૬૬૭ | ૩૯૧૧૦૩૦ |
| ફતેપુરા | ૯૭૪ | ૧૯૪૮૦ | ૨૬૦૦ | ૧૮૨૩૦૫ |
| **કુલ :** | **૫૧૯૧** | **૧૧૩૮૨૦** | **૧૭૨૧૪૯** | **૨૦૮૫૦૯૬૦** |

(૩) દારૂનું આ વેચાણ કરતાં દાહોદ તાલુકાના ૫૯, ઝાલોદ તાલુકાના ૧૪, લીમખેડા તાલુકાના ૮ અને ફતેપુરા તાલુકાના ૫ એમ કુલ ૮૬ બુટલેગરો સામે સખતાઇથી પગલાં લેવા કેસો કરવામાં આવ્યા છે. તે પૈકી પ્રોહીબીશન ધારાની કલમ ૬૬બી હેઠળ ૬૪ અને કલમ ૬૬એ, ૬૬ઇ હેઠળ ૨૨ કેસો કરેલ છે. ઉપરાંત ૧૦ને પાસા હેઠળ અટકાયત કરેલ છે. ૨૮ સામે પ્રોહીબીશનની કલમ-૯૩ અન્વયે કાર્યવાહી કરેલ છે.

-------------

**સાવલી તાલુકામાં વધારે વજન ભરીને જતા ટ્રક અને ડમ્પરો સામે નોંધાયેલ કેસો**

૧૩૩૪૨**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાવલી તાલુકામાં વધારે વજન ભરીને જતા ટ્રક અને ડમ્પરો સામે કેટ કેટલા કેસો કોના તરફથી નોંધવામાં આવ્યા ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાવલી તાલુકામાં વધારે વજન ભરીને જતા ટ્રક અને ડમ્પરો સામે વડોદરા કચેરીના ચેકીંગ અધિકારીઓ દ્વારા નોંધેલ કેસોની વિગત નીચે પ્રમાણે છે.

| **૫** | **વર્ષ-૨૦૦૮** | **વર્ષ-૨૦૦૯** |
|---|---|---|
| | ૮૩ | ૧૯ |

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં ઝૂંપડપટ્ટીમાં વીજળીકરણ યોજના**

૧૨૩૮૩**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનાં મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાઓમાં ઝૂંપડપટ્ટીમાં વીજળીકરણ યોજના અન્વયે કેટલી અરજીઓ પેન્ડીંગ છે,

(૨) આ વીજ જોડાણની અરજીઓ સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે, અને

(૩) આ અરજીઓ પેન્ડીંગ રહેવાનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનાં મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાઓમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અન્વયે કુલ ૨૦૯૩ અરજીઓ પડતર છે.

(૨) અને (૩) : બાકી અરજીઓમાંથી ૧૧૬૯ અરજદારોને ફેબ્રુઆરીના અંત સુધીમાં વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. જ્યારે બાકીના ૯૨૪ અરજદારોને વીજ જોડાણ માટે હળવા દબાણની લાઇનો ઉભી કરી થાંભલા ઉભા કરવાના હોવાથી એપ્રિલ-૨૦૧૦ સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં હિંસક પ્રાણીઓના માનવીઓ પર હુમલા**

**શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમોના નિયમ ૧૧૬ હેઠળ નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવા વિનંતી કરું છું.

"અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં હિંસક પ્રાણીઓના માનવીઓ પરના હુમલાના બનાવો વધી ગયા છે. તાજેતરમાં વેરવાળ તાલુકાના ઈશ્વરીયા ગામે બે દિપડાઓએ બે મહિલાઓને ફાડી ખાધેલ છે. માનવભક્ષી દિપડાઓ હજુ પકડાયા નથી, વળી સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે પણ દીપડાએ હુમલો કરી એક ખેડૂતને ઘ ાયલ કર્યો છે. વન્ય જીવો આ રીતે માનવો ઉપર હુમલાઓ કરે છે જેનાથી આમ જનતામાં ભયની લાગણી ફેલાયેલ છે, જે દૂર કરવા તથા ઘાયલ થયેલાને અને મૃત્યુ પામેલા ઈસમોના વારસદારોને જરૂરી સહાય આપવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના ઈશ્વરીયા ગામની સીમમાં હીરણ નદીના કાંઠાના પટ વિસ્તારમાં ખેતી કામ તથા શેરડીના વાઢકામ માટે મહારાષ્ટ્ર રાજયના મજુરો દંગા નાખીને રહેતા હતા. તા. ૯/૨/૨૦૧૦ના રોજ આ દંગામાં મજૂરો સુતા હતા ત્યારે રાત્રીના સમયે દીપડો નિંદ્રાધીન મહિલા શ્રીમતી ભાનુબેન રાજુભાઈ પાડવી ઉ. વ. ૩૯ રહે. સારંગખેડા, તા. સારડા, જિ. નંદુરબારને ઢસડી લઈ જઈ અને તેના ઉપર હુમલો કરી મૃત્યુ નીપજાવેલ હતું. આ દરમિયાન લોકો જાગી જતા દીપડો નાસી ગયેલ હતો. ત્યારબાદ તા. ૧૦-૨-૨૦૧૦ના રોજ વહેલી સવારે ફરીથી દીપડો બાજુના દંગામાં આવેલ અને ત્યાં નીંદ્રાધિન મહિલા શ્રીમની સુશીલાબેન કૃષ્ણજાન્યા ઠાકરે, ઉ. વ. ૪૨, રહે. અમલાડ, તા. તલોડા, જિ. નંદુરબારને ઢસડીને લઈ ગયેલ અને તેના ઉપર હુમલો કરી મૃત્યુ નીપજાવેલ હતું.

ઉપરોકત બનાવ બન્યા બાદ તા. ૧૦-૨-૨૦૧૦થી વન ખાતાના અધિકારીઓ તથા સ્ટાફ તથા સાસણના ટ્રેકર્સ પાર્ટી સતત આ વિસ્તારમાં રાત દિવસ પેટ્રોલિંગ કરી પાંજરા ગોઠવી આ દીપડાને પકડવાની કોશીશ કરી રહેલ છે. આ બાબતે વન વિભાગને જાણ તાં તાત્કાલિક તમામ સ્ટાફ સ્થળ ઉપર પહોંચી ગયેલ અને તમામ કાર્યવાહી કરી દીપડકાને પકડવા માટે તા. ૧૦-૨-૨૦૧૦ થી આ વિસ્તારમાં પાંચ પાંજરા ગોઠવવામાં આવેલ અને આ દીપડાને પકડવા માટે મદદનીશ વન સંરક્ષકશ્રી, મોબાઈલ સ્કવોર્ડ, જુનાગઢ રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી, વેરાવળ રેન્જ, વેરાવળ તથા વેરાવળ રેન્જનો સ્ટાફ તથા સાસણ વિભાગમાંથી ટ્રેકર પાર્ટીના કર્મચારીઓ સતત દિવસ-રાત આ વિસ્તારમાં કાર્યરત રહેલ છે. અને આ વિસ્તારના ગામ લોકો પણ આ કાર્યવાહીમાં જોડાયેલ છે. અને તા. ૧૦-૨-૨૦૧૦થી ઈશ્વરીયા ગામની સીમમાં નદીના કાંઠાની આજુ-બાજુ તથા શેરડીના ખેતરોની બાજુમાં ૫ પાંજરા ગોઠવવામાં આવેલ તથા તા. ૧૪-૨-૨૦૧૦થી વધારાના ૩ પાંજરા સવની ગામની સીમમાં ગોઠવવામાં આવેલ. આ રીતે કુલ ૮ પાંજરા ગોઠવવામાં આવેલ છે અને સ્ટાફ ત્યાં સ્થળ ઉપર જ રહેલ છે.

ઉપરોકત મૃત્યે પામનાર શ્રીમતી ભાનુબેનના વારસદાર રાજુભાઈ ગુલાભાઈ પાંડવી, રે. સારગખેડાને મળવાપાત્ર સહાયની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- (એકલાખ) નો ચેક નં. ૧૯૧૫૮૧૪ તા. ૧૦-૨-૨૦૧૦ના રોજ નાયબ વન સંરક્ષક જુનાગઢ દ્વારા રુબરુમાં સુપરત કરેલ છે. તેમજ બીજા બનાવમાં તા. ૧૦-૨-૨૦૧૦ના રોજ મૃત્યુ પામનાર શ્રીમતી સુશીલાબેન ઉ.વ. ૪૨ ના વારસદાર શ્રી કૃષ્ણ જાન્યા ઠાકરે રે. આમલાડને મળવાપાત્ર સહાયની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ ) નો ચેક નં. ૧૯૧૫૮૧૫ તા. ૧૦-૨-૨૦૧૦ના રોજ નાયબ વન સંરક્ષકશ્રી જુનાગઢ દ્વારા રૂબરૂમાં સુપરત કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામથી નેસડી ગામ જતા રસ્તે, ગામ સિમાડે, શ્રીમતી હસમુખભાઈ પોપટભાઈ મોરડીયા ઉ.વ. ૩૨ રહે. ઓળીયા, તા. ૨૮-૨-૨૦૧૦ના રોજ પોતાની વાડીમાં ઘઉંના પાકને પાણી વાળવાની કામગીરી કરી રહેલ હતા. તે દરમ્યાન સવારે ૧૦-૩૦ કલાકના અરસામાં એક દીપડાએ અચાનક હુમલો કરી ઈજા પહોંચાડેલ હતી. હદના સ્ટાફને ટેલીફોનથી જાણ થતાં સ્થળ ઉપર પહોંચી જઈ ઈજાગ્રસ્તને સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી. આ ઈજનાની સહાય પેટે રૂા. ૫૦૦૦/- (પાંચ હજાર) નો ચેક નં. ૧૮૨૮૯૯૧ તા. ૪-૩-૨૦૧૦ના રોજ નાયબ વન સંરક્ષકશ્રી, ધારી દ્વારા ચૂકવવામાં આવેલ છે.

**શ્રી ધીરસિંહ ક. બારડ** : માનનીય મંત્રીશ્રીએ એમના નિવેદનમાં ઘણી બધી વાતો કરી છે.

**અધ્યક્ષશ્રી** : પૂર્વ ભૂમિકા બાંધ્યા વગર સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :**માનનીય અધ્યક્ષશ્રી, સીધા પ્રશ્ન ઉપર આવતા પહેલા પૂર્વ ભૂમિકા બાંધવી પડે એવું છે એટલે પૂર્વ ભૂમિકા બાંધવા દેવા વિનંતી કરું છું. જુનાગઢ જિલ્લાના અને અમરેલી જિલ્લાના તાલુકાઓ વન વિસ્તારને અડીને આવેલા છે અને અસંખ્યા ગામડાંઓ વન વિસ્તારને લાગેલા છે. મારા વિસ્તારનો ખાંભા અને

કોડીનાર, અને ઉના તાલુકા પણ જંગલને લાગેલા છે. તાલાળા વિસ્તારને પણ વનની સરહદ લાગતી હોવાને કારણે આવા અનેક બનાવો બનતા આવ્યા છે. હવે જેનું સ્વજન ગુમાવે છે તેને તકલીફ થાય છે. પણ આનું મુળ શું છે તે જોઈએ તો આ વન્ય પ્રાણીઓ વનમાંથી ગ્રામ્ય વિસ્તારમાં કયા કારણસર આવ્યા અને તેનના માટે સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ? આ વન્ય પ્રાણીઓ ગ્રામ્ય વિસ્તારમાં આવી જવાના કારણો શું છે તે હું કહેવા માગું છું, કોડીનાર તાલુકાના વન ખાતાથી પાંચ કિલો મિટરના વિસ્તારની અંદર બીન કાયદેસર બેલા-પથ્થર કપાય છે, અને તેની ખાણો આવેલી છે. તેની છકડી અને મશીનો ચાલે છે અને તેના કારણે અનેક વખત રજૂઆતો પણ વન મંત્રીશ્રી, કલેકટરશ્રી અને ખાણ ખનીજ ખાતામાં થયેલી છે. મેં પણ ગાંધીનગર સુધી રજૂઆતો કરેલી છે.

**અધ્યક્ષશ્રી** : ખાણની વાત આપે જુદી મુકવી પડશે, આપ પ્રશ્ન સીધો પૂછો.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : સાહેબ, આ રક્ષિત જંગલોમાં ખાણો ખોદાય છે અને તેના કારણે દીપડાઓ બહાર આવી જાય છે તે માટે એ સવાલ પૂછે છે. તે જુદો નહીં થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહ, બન્નેને જોડી શકાય તેમ નથી આપ પણ જાણો છો.

**શ્રી ધીરસિંહ ક. બારડ** : જે વાસ્તવીકતા છે તે જ હું રજૂ કરું છું. હું વાસ્તવીકતા માનનીય મંત્રીશ્રી સામે મુકું છું. વન વિસ્તારમાં જે માઈન્સ ચાલે છે તેને બંધ કરવા માટે વન ખાતાએ પણ રજૂઆતો કરી છે. છતાં આજે પણ ચાલુ છે. એની મશીનરીના અવાજને કારણે દીપડાઓ ગ્રામ્ય વિસ્તારમાં આવી જાય છે અને લોકોને નુકસાન થાય છે તેને અટકાવવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અભ્યારણ્ય વિસ્તારથી દૂર આવેલ છે હીરણ નદીના કાંઠા ઉપર શેરડીના ખેતરો છે અને ખેતરોમાં શેરડી કાપવા વાળા લોકો હતા, ત્યાં આ અકસ્માત થયેલ છે. આ વિસ્તારમાં સદનસીબે કહો કે કમનસીબે કહો આ પહેલા ત્યાં આગળ આવો બનાવ બન્યો નથી. છતાં જે મૃત્યુ પામ્યા છે તેના માટે સરકારને ભારોભાર દુઃખ છે. અને તેના માટે તકેદારીના પગલાં અમે પૂરતા લઈ રહ્યા છીએ.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે રાજયમાં દીપડાઓની વસતિ ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે અને છેલ્લી વસતિ ગણતરી કયારે થઈ અને રાજયમાં કુલ કેટલી સંખ્યામાં દીપડાઓ છે અને જુનાગઢ અને અમરેલી જિલ્લામાં કેટલી સંખ્યા દીપડાઓની છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : દર પાંચ વરસે એની ગણતરી થાય છે. છેલ્લે ૨૦૦૬માં ગણતરી થઈ છે. એ વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૧૦૭૦ જેટલા દીપડાઓ આવેલા છે. જુનાગઢમાં લગભગ ૩૦૦ ઉપર દીપડા છે અને અમરેલીમાં ૯૯ જેટલા દીપડા આવેલા છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, થોડાક સમય પહેલા વેરાવળ તાલુકાના ઈશ્વરીઆ ગામની અંદર પાંચ કલાકની અંદર બે બનાવો બન્યા અને બંનેમાં બહારના મજૂરો હતા. ઝૂંપડામાંથી દીપડો એને બહાર લાવીને કાયદેસર એના શરીરના અમુક ભાગોનું મારણ પણ કરી લીધું હતું. વન વિભાગને જાણ થતા વન વિભાગના અધિકારીઓ ત્યાં પહોંચી ગયા, એમણે પરિવારજનોને એક એક લાખ રૂપિયાની સહાય પણ આપવામાં આવી છે. પરંતુ આ તકે મંત્રીશ્રી અને સરકારશ્રીને મારે ધ્યાન દોરવું છે કે દીપડા અને સિંહ તો પહેલા પણ જંગલમાં હતા અને ગ્રામ્ય વિસ્તારમાં પણ આવતા હતા, પરંતુ થોડાક સમયથી દીપડા અને સિંહો માણસ ઉપર એટૅક કરવા મંડયા છે, એવા બનાવો ઘણા બધા બનવા મંડયા છે. આ બનાવ પછી ત્યાં ગ્રામસભા ચાલતી હતી અને નજીક ગામના પાદરમાં એક બાળકને દીપડાએ ઉઠાવી જવાની કોશિશ કરી પરંતુ ત્યાં જ ગામલોકો આવી જતાં એ છોડીને જતો રહ્યો. એટલે મારી વિનંતી છે કે આના કારણો તપાસવા પડે અને એના માટે અત્યારે વિજ્ઞાન આગળ વધી રહ્યું છે તો આવા માણસોની મદદ લઈને દીપડા અને વન્ય પ્રાણીઓ શા માટે માણસો ઉપર એટૅક કરવા મંડયા છે એનું સંશોધન કરવું પડે. દીપડો માણસને મારી નાખે એમાં સરકાર વળતર પેટે એક લાખ રૂપિયા આપે છે તો એમાં સરકાર કંઈ વધારો કરવા માગે છે કે કેમ?

બીજો પ્રશ્ન એ છે કે વન્ય પ્રાણીઓ સિંહ અને દીપડા ગ્રામ્ય વિસ્તારમાં આવીને દુધાળા પશુઓ છે એનું મારણ કરે છે. આ મારણ કર્યા પછી સરકાર તરફથી જે તે ખેડૂતને એની સહાય આપવામાં આવે છે. આ દુધાળા પશુ ઢોરથી ખેડૂત પોતાનું જીવન નિર્વાહ કરતો હોય છે એવા સંજોગોમાં સરકાર તરફથી જે વળતરની રકમ મળે છે એ ખૂબ જ ઓછી છે તો સરકાર એ વળતરની રકમમાં કંઈ વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય સભ્યશ્રીએ તકેદારીના પગલાંની વાત કરી. એના માટે ત્યાં પૂરી વ્યવસ્થા કરેલ છે. પાંજરા ગોઠવ્યા છે, કર્મચારીઓ પણ છે. આ સુગર કાપવાના મજૂરો છે એના માટે પણ અમે કલેકટરશ્રી, મજૂર કમિશનર અને જે ડાયરૅક્ટર છે એને લેખિતમાં સૂચના પહોંચાડી છે કે મજૂરો ખુલ્લામાં સુવે નહિ, બંધ મકાનમાં એમને રહેવાની વ્યવસ્થા કરે, મજૂરોના ડંગા છે એની ફરતે વાડ હોય અને રાત્રી દરમિયાન કોઈ લાઈટની વ્યવસ્થા થાય એના માટે અમે લેખિતમાં સૂચના આપેલ છે. બીજું એમણે વળતર વધારવાની વાત કરી એ સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા વિસ્તારમાં બનેલો બનાવ છે. હજી આ ભાઈ આજે પણ દવાખાનામાં છે. તેની મને પૂછવાની તક આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય કાળુભાઈ, આપના વિસ્તારનો બનાવ હોય, આપને એની ગંભીરતા હોત તો આપે ૧૧૬ની નોટિસ આપવી જોઈતી હતી. ૧૧૬ની અંદર એક અથવા તો બે જણાને તક મળે એથી વધારે સભ્યશ્રીને તક હું ન આપી શકું.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન આ સભાગૃહના એક સિનિયર સભ્ય માનનીય અર્જુનભાઈએ એવું ઉચ્ચારણ કર્યું કે મારું ગુજરાત. આ વાતથી હું એક ગુજરાતી તરીકે દુઃખી થયો છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, તમારું ગુજરાત એ શબ્દ વાપર્યો.

**અધ્યક્ષશ્રી** : આમાં હું આને પૉઈન્ટ ઑફ ઑર્ડર ગણતો નથી. બેસી જાવ અને કાઢી નાખું છું. (અંતરાય) (માનનીય સભ્યશ્રી કાળુભાઈ વિરાણીએ પ્રશ્ન પૂછવા માટે સતત આગ્રહ રાખતા) શ્રી કાળુભાઈ, આપને ગંભીરતાપૂર્વક કહું છું કે આપને જો આ પ્રશ્નની ગંભીરતા હતી તો આપે ૧૧૬ની નોટિસ આપી નથી. આપી હોત તો હું દાખલ કરત. (અંતરાય) પણ હું ના નથી પાડતો, હું ના પાડતો જ નથી તમારી વાતની, પણ તમને જો ગંભીરતા હતી તો તમારે ૧૧૬ની નોટિસ મૂકવી હતી. તમે નથી મૂકી. જેણે મૂકી છે એ પછી નિયમ પ્રમાણે મેં બે સભ્યોને ચાન્સ આપ્યા છે. પહેલો હાથ વંદનાબેને ઉંભો કર્યો એટલે મેં વંદનાબેનને તક આપી છે. (અંતરાય) શા માટે? તમે પ્રશ્ન મૂકી શક્યા હોત. અમરેલી જિલ્લો ખરો પણ (અંતરાય) એમણે ૧૧૬ની નોટિસ આપી હોત તો હું દાખલ કરત. ૧૧૬ની નોટિસની ગંભીરતા એમને હતી કે ન હતી એ જાણે. નેકસ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક ઑડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## આણંદ કૃષિ યુનિવર્સિટીના ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક ઑડિટ અહેવાલો

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આણંદ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૦૪-૨૦૦૫ અને સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક ઑડિટ અહેવાલો, તેના ઉપર લેવાયેલ પગલાંનાં નિવેદનો તથા વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૮- ૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૦૪-૨૦૦૫થી સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક અહેવાલો

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૦૪-૨૦૦૫ થી સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક અહેવાલો અને હિસાબો તથા આ અહેવાલો અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : આપે બોર્ડને સૂચના આપી તે બદલ હું તેની નોંધ લઉં છું.

## શિક્ષણ વિભાગની અધિસૂચના

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની તા. ૧૧-૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચ-એસએચ-૦૧-૨૦૧૦-એમબીએ-૧૦૨૦૦૮-૩૩-એસ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના**

**શ્રી જયનારાયણ વ્યાસ (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા.૮-૧-૨૦૧૦નીઅધિસૂચના ક્રમાંક-(જીએચટી)-૨૦૧૦/૧)-એમએનઆર-૧૦૧૦- ૮૫(૧૧૦)એ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેની

(૧) તા.૨૩-૧૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૦૯-૫૮- એમસીઆર -૧૦૨૦૦૯ -૪૯૧-છ

(૨) તા.૧૩-૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૧૦-૪- એમસીઆર-૧૧૦૩- ૧૫૭૨-(ભાગ-૨)-છ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગૃહ વિભાગની અધિસૂચના**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની

(અ) સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની

(૧) તા.૩-૧૦-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીજી-(૭૭)-વીડીઆર- ૨૦૦૯- ૧૩૨૧-ઈ.૧

(૨)તા.૪-૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીજી-૦૩-૨૦૧૦-એમડીકે - ૨૦૦૧ - ૩૦૩-ઈ.૧

(બ) સન ૧૯૫૫ના ઔષધીય અને પ્રસાધન બનાવટો (આબકારી જકાત) અધિનિયમ અન્વયેની તા.૨૧-૧૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીજી-૯૦-૨૦૦૯-એમડીકે-૨૦૦૯-૧૨૬૦- ઈ.૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગની અધિસૂચના**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહનવ્યવહાર વિભાગની સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની તા. ૨૧-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-પીટી-૨૦૦૯-૩૧-એમટીએ-૧૨૨૦૦૯-૧૦૭૨-ખ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬૪,૧૬,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૫૦,૦૦,૦૦,૦૦૦/- ની * પૂરક માગણી ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવી**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.**

**ગૃહ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૨૬,૧૬,૯૨,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ ક. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી**

**શ્રી હીરાભાઈ હ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**વન અને પર્યાવરણ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૨,૩૧,૫૩,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૪,૦૦,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૨૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી સી.કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં માનનીય નાણા મંત્રીશ્રીએ સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારશ વાંચી સંભળાવી.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૩,૬૭,૭૪,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક : ૭૮ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૭૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા (નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૩,૩૨,૭૩,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક: ૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક: ૧૦૨ ઉપરની કાપદરખાસ્તો.**

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષાશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષાશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષાશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ : માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા.૫-૩-૨૦૧૦ (પહેલા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | **વિષય** | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલસ વિભાગ**<br>**માગણી નં.૧૩** | | |
| ૧. | ૨૮૦૧ વીજળી શકિત<br>૮૦ સામાન્ય<br>૮૦૦ અન્યખર્ચ<br>(૧૫) કૃષિ.........સહાય<br>રૂા. ૫૯,૬૯,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૩૨ | ૧૦૦ | રાજયમાં કૃષિ ક્ષેત્રે સૌથી વધુ વીજળી અપાય છે છતાં ખેડુતોને ખરેખર કેટલી વીજળી આપી તેનો કોઈ હિસાબ ન હોવાના કારણે વીજળીના ખર્ચની માહિતી ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૨. | --"-- | ૧૦૦ | કૃષિક્ષેત્રે ખેડૂતોને સત્વરે વીજ કનેકશનો પુરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદીયા |
| | | **ગૃહ વિભાગ** | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | **માગણી નં.૪૩** | | |
| ૩. | ૨૦૫૫ પોલીસ<br>૧૦૧ ગુના.... તકેદારી<br>૦૧ છૂપી પોલીસ ખાતુ<br>રૂા.૩,૬૩,૮૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૯૪-૯૫ | ૧૦૦ | છૂપી પોલીસ ધ્વારા ગુન્હાઓનો ભેદ ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૪. | --"-- | ૧૦૦ | છૂપી પોલીસની કાર્યક્ષમતામાં વધારો કરી સારું પરિણામ મળે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરસિંહ બારડ |
| ૫. | ૨૦૫૫ પોલીસ<br>૧૦૯ જિલ્લા પોલીસ<br>૦૧ જિલ્લા....ખુદ<br>રૂા. ૪૮,૧૯,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૯૪-૯૫ | | રાજયમાં મોટા પાયે ઠલવાતા દારૂનું પગેરૂ શોધી દારૂની હેરાફેરી કરનાર ગુનેગારોને નશ્યત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૬.* | --"-- | ૧૦૦ | પોલીસ ધ્વારા અનધિકૃત રીતે થતા ગેરકાનૂની નાણાકીય વ્યવહાર અંગે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭. | --"-- | ૧૦૦ | પોલીસ તંત્ર પ્રત્યે પ્રજાનો વિશ્વાસ પ્રસ્થાપિત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૮. | --"-- | ૧૦૦ | પોલીસ મથકોમાં આમ જનતાની ફરિયાદો ઉપર પૂરતું ધ્યાન અપાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૯. | --"-- | ૧૦૦ | સોનાના દોરાઓની તફડંચી કરી ભાગી જતા અસામાજિક તત્વોને નશ્યત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૦.* | --"-- | ૧૦૦ | પોલીસ કર્મચારીઓ પરના વધુ કાર્યભારણના કારણે તેમના સ્વાસ્થ્ય ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧. | ૨૦૫૫ પોલીસ<br>૧૦૯ જિલ્લા પોલીસ<br>૦૧ જિલ્લા....ખુદ<br>રૂા. ૪૮,૧૯,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૯૪-૯૫ | ૧૦૦ | અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો સામે ફરિયાદ કરનાર આમ જનતાને પોલીસ ધ્વારા થતી હેરાનગતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૧૨.* | ૨૦૫૫ પોલીસ<br>૧૦૯ જિલ્લા પોલીસ<br>૦૬ અમદાવાદ શહેર પોલીસ<br>રૂા. ૨૧,૬૩,૯૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૯૪-૯૫ | ૧૦૦ | અમદાવાદ શહેરના દરેક પોલીસ સ્ટેશનમાં કોન્સટેબલોને ચોકકસ જવાબદારી સોંપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩. | --"-- | ૧૦૦ | અમદાવાદ શહેરમાં ચોરીના બનતા બનાવો બાબતે ગુનેગારોને સત્વરે નશ્યત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ ફારૂક શેખ |
| | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૬** | | |
| ૧૪.* | ૨૪૦૬ વન નિર્માણ....પ્રાણી જીવન<br>૦૧ વન નિર્માણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>૦૨ પ્રભાગીય કચેરી<br>રૂા. ૧૨,૩૧,૫૩,૦૦૦/-<br>પૂરક પત્રક પા.નં. ૫૫ | ૧૦૦ | ગેરકાયદેસર યોજાતા સિંહદર્શન કાર્યક્રમો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. | --"-- | ૧૦૦ | વન્ય પ્રાણીઓની સૂરક્ષા માટે જરૂરી સ્ટાફ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૧૬. | --"-- | ૧૦૦ | લુપ્ત થતા પ્રાણી-પક્ષીઓને બચાવવામાં તંત્રની | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં.૭૮** | | | | |
| ૧૭. | ૨૦૫૩ જિલ્લા વહીવટ<br>૦૯૪ અન્ય કર્મચારી વર્ગ<br>૦૧ પેટા.....અધિકારીઓ<br>રૂા. ૨૩,૬૭,૭૪,૦૦૦/-<br>પૂરક પત્રક પા.નં. ૧૯૧ | ૧૦૦ | તલાટીઓની અપૂરતી સંખ્યાના કારણે આમ-જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૧૮. | --"-- | ૧૦૦ | તલાટીઓ પાસે વધારાના ચાર્જને કારણે કાર્યબોજ વધવાથી કામગીરી પર થતી વિપરીત અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૧૯. | --"-- | ૧૦૦ | જિલ્લા કક્ષાએ આમ જનતાની રજૂઆતોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૨૦. | --"-- | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં કર્મચારીઓની હાજરીનું મોનીટરીંગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૨૧. | --"-- | ૧૦૦ | જિલ્લા કક્ષાના વહીવટી તંત્રને ચેતનવંતુ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હિરાભાઈ પટેલ |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૨** | | | | |
| ૨૨. | ૨૨૧૭ શહેરી વિકાસ<br>૦૩ નાના... વિકાસ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>૦૩ મુખ્ય નગરનિયોજક<br>રૂા. ૧,૯૬,૨૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૨૭૫-૨૭૬ | ૧૦૦ | નગર આયોજન મૂલ્યાંકન ખાતાની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨૩. | ૨૨૧૭ શહેરી વિકાસ<br>૮૦ સામાન્ય<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>૦૧ નગરપાલિકા... કચેરી<br>રૂા. ૨૯,૬૩,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૨૭૫-૨૭૬ | ૧૦૦ | નગરપાલિકા નિયામકની કચેરી દ્વારા રાખવામાં આવતો ભેદભાવ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૪. | --"-- | ૧૦૦ | નગરપાલિકાના વિકાસ માટે ફાળવવામાં આવતી રકમનું યોગ્ય મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૨૫.* | --"-- | ૧૦૦ | નગરપાલિકાઓ દ્વારા થતા ગેરવહીવટ બાબતે થતી ફરિયાદો પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી** : પૂરક માગણીઓ પરની ચર્ચા કરવા માટે ૨ દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાઓનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઈ મુજબ પૂરક માગણીઓની ચર્ચા વખતે મૂળ ગ્રાન્ટ કે તે ગ્રાન્ટને લગતી નીતિ પરની ચર્ચા ન કરતા જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચી માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાને લગતી માગણીઓના સંબંધો નીતિઓનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપરથી સભાગૃહમાં લાવવાનો મત લેવાયો છે એ બાબત પૂરતી જ મર્યાદિત રાખવી જોઈએ, માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખશે તેવી આશા રાખું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ લઈને આપણે એટલા માટે આવવું પડે છે કે આપણે જ્યારે બજેટ રજૂ કર્યુ અને આપણા બજેટને રજૂ કરતા પછી કોઈક નવી ખર્ચની જોગવાઈઓ આવી જેના માટે આપ આ વિધાનસભા ગૃહમાં બજેટ રજૂ થયું ત્યારે જે મંજૂરી નથી મળી એ પ્રકારની ખર્ચની માગણી લઈને આપ આવો છો, મને આનંદ થાત જો પ્લાન એકસેન્ડીચરમાં કંઈ વધારો કરીને પૂરક માગણી આવી હોત પણ પ્લાન એકસપેન્ડીચરમાં આપણે સેવીંગ રાખીએ છીએ અને નોનપ્લાન એકસપેન્ડીચર માટે આપણે પૂરક માગણીઓ લઈને આવું પડે છે. હું પહેલા આપનું ધ્યાન માગણી ક્રમાંક:૧૩ તરફ, વીજળી શકિત પરિયોજનાઓ, આ સભાગૃહ સમક્ષ રજૂ થઈ છે. આ વિભાગ વીજળી શકિત પરિયોજનાઓ માટે પૂરક માગણીઓ લઈને આવ્યો છે પરંતુ પરિસ્થિતિ શું છે, રાજય સરકારના ૧૩ યુનિટ છે. ૫ યુનિટ રાજય સરકારની કંપનીઓના, એટલે આપણા ૧૮ યુનિટો છે, ૧૮ યુનિટમાં ૨૦૦૮-૦૯માં ૩૦ હજાર મિલિયન યુનિટ વીજળી આપે પેદા કરી હતી, આ વર્ષના ૯ મહિનાનો ગાળો આપણે જોઈએ તો આ ૯ મહીનાના ગાળામાં આ ૧૮ યુનિટોમાં ૨૨હજાર મિલિયન યુનિટ વીજળી પેદા થઈ છે, આ આકડાઓ આપના છે, એટલે કે વર્ષના અંતે આ પૂરક માગણી લઈને આવનારા વિભાગ વીજળી પરિયોજનામાં આપણે નવું વીજ ઉત્પાદન જે દર વર્ષે વધારવું જોઈએ એ આપણે કરી શક્યા નથી. એના સામે ખાનગી યુનિટો માનનીય અધ્યક્ષશ્રી, જેમણે વીજળી ખાનગી યુનિટો પેદા કરે છે એમની ગયા વર્ષની જો પરિસ્થિતિ જોઈએ તો ૩૯હજાર મિલિયન યુનિટ વીજળી પેદા થઈ છે. આ વર્ષે નવ મહિનામાં જ એમણે ૩૪ હજાર મિ.યુ. વીજળી પેદા કરી છે. એટલે એ વીજળી ઉત્પાદન શક્તિ વધારી શકે છે અને આપણે આપણા યુનિટોમાં વીજળીનું ઉત્પાદન વધારી શકતા નથી. પરિણામે પરિસ્થિતિ શું થઈ? આપણે બહારથી વીજળી લેવી પડે છે. વર્ષ ૨૦૦૮માં આપણે ૯૯૮ મિ.યુ. વીજળી બહારથી ખરીદ કરવી પડી. ૬૫૦ કરોડ રૂપિયાની વીજળી આપણે બહારથી ૧૦ કંપનીઓ પાસેથી લીધી. ૧૦ કંપનીઓ પૈકી ૯ કંપનીઓ પાસેથી માત્ર ૩૩ ટકા વીજળી લીધી અને એક કંપની પાસેથી અદાણી એક્સપોર્ટ લિમિટેડ પાસેથી ૬૭ ટકા વીજળી ૬૫૦ કરોડના ૬૭ ટકા વીજળી એ માત્ર આપણે અદાણી એક્સપોર્ટ પાસેથી લીધી. આજની જ પ્રશ્નોત્તરીના પાના નં. ૫૧ ઉપરના પ્રશ્ન ક્રમાંક: ૭૯ મુજબ જેની પાસેથી આપણે ૬૭ ટકા વીજળી વેચાતી લીધી, ૬૫૦ કરોડ રૂપિયાની ખરીદીમાં ૯ કંપનીઓ પાસેથી ૩૩ ટકા અને અદાણી પાસેથી ૬૭ ટકા વીજળી લીધી અને આ પ્રશ્નમાં આજની જ પ્રશ્નોત્તરીમાં પાન. ૫૧ ઉપર ૨૦૦૮-૦૯માં આપે જ્યારે વીજળી લીધી છે, જેની પાસેથી ૬૭ ટકા વીજળી લીધી એ અદાણી વીજળીનું ઉત્પાદન કેટલું કરે છે? અહીંયા આંકડો આપ્યો છે, જીરો. જે માણસ એક યુનિટ વીજળી પેદા કરતો નથી એની પાસેથી તમે ૬૫૦ કરોડની વીજળી ખરીદીમાં ૬૭ ટકા વીજળી એ માણસ પાસેથી લો છો. જેણે એક યુનિટ વીજળી પેદા કરી નથી. એનો અર્થ એ કે આ માણસ કોઈક પાસેથી વીજળી લે છે અને તમને પૂરી પાડે છે. આ વિભાગ સીધા પેલા પાસેથી ન લઈ શકે? આપણે નાના નાના વચેટિયાઓને બંધ કરીને રાજા થયા અને કરોડોના વચેટિયા પેદા કરવાનું કામ આ વિભાગ કરતું હોય ત્યારે આની પૂરક માગણી મંજૂર કરી શકાય નહીં. કરોડોના વચેટિયા જેણે એક યુનિટ વીજળી પેદા નથી કરી, આજની પ્રશ્નોત્તરી કહે છે, આપનો રેકર્ડ કહે છે કે ૬૭ ટકા વીજળી જેણે એક યુનિટ વીજળી પેદા નથી કરી એની પાસેથી લઈએ છીએ. આ સરકારને તમામ માનનીય સભ્યશ્રીઓ ખર્ચને મંજૂરી આપતા હોય છે. આ પક્ષમાં હોય કે તે પક્ષમાં પણ આપણા સૌની આ ચિંતાનો વિષય છે. આપણે કોઈને અભિનંદન આપીએ, આપણે વાહવાહ કરીએ પણ આ ગૃહના સભ્ય તરીકે પ્રજાની તિજોરીના એક રક્ષક છીએ ત્યારે પ્રજાની તિજોરીના રક્ષક તરીકે કરોડોનો વહીવટ થતો હોય ત્યારે આ વચેટિયાઓનું ગળું સરકાર પકડે એના માટેની ફરજ પાડવાની જવાબદારી આપણી નથી?

માનનીય અધ્યક્ષશ્રી, મારે માગણી ક્રમાંક-૨૬ વન વિભાગની બીજી વાત કરવી છે. આપણે રોજ કેન્દ્ર સરકારને ગાળો આપીએ છીએ. આપ વર્ષો સુધી રહ્યા, આપે કેન્દ્રમાંથી અહીંયા માટે કેટલો ન્યાય કરાવી લીધો? આ વર્ષે પૂરક માગણી શેના માટે લઈ રહ્યા છો? આપને કલ્પના ન હતી પરંતુ કેન્દ્ર સરકારે આપને રાજ્ય સરકારે ઘાસિયા જમીનના ૬૪ એકમોના વિકાસ માટે એક એકમ દીઠ ૫.૫૦ લાખ મુજબ ૨ કરોડ ૨૪ લાખ રૂપિયાની સહાય મંજૂર કરી. You are not expecting. તમને કલ્પના ન હતી કે કેન્દ્ર સરકાર આપશે. ૫.૫૦ લાખનો ખર્ચ પાના નં. ૫૬ ઉપર આ યુનિટો માટે ઘાસ આપ્યું એના કારણે પૂરક માગણી મૂકવી પડી મેચિંગ ગ્રાન્ટ ઊભી કરવા માટે. આ પૈસા આપવા પડ્યા. ગૌભક્તની વાતો કરીએ છીએ, ગૌમાતાની ચિંતા કરીએ છીએ અને ગુજરાતના ઘાસિયા મેદાનો માટેની ચિંતા કરીને આ પૈસા ત્યાંથી પ્રાપ્ત થયા છે ત્યારે આપ પૂરક માગણી લઈને આવ્યા છો. આ વિભાગને મારે પૂછવું છે કે આપ ઘાસ પેદા કરો છો, આપનું પેદા કરેલ ઘાસનું આપ શું કરો છો? દુષ્કાળ તો હમણાંથી આપણે જાહેર કરવાના બંધ કરી દીધા. જાહેર કરીએ તો જવાબદારી આવે. દુષ્કાળ જાહેર ના થાય, આનાવારી સાચી ના થાય ભાઈ નટવરસિંહ કહે છે એમ. પરિણામે આ ઘાસ જે છે એ પડ્યું રહે છે ફોરેસ્ટના ગોડાઉનોમાં અને થોડો સમય થાય એટલે રોજકામ થાય કે ઘાસ ખરાબ થઈ ગયું છે માટે હરાજીથી નિકાલ કરવો અને કેવા પ્રકારની હરાજી થાય છે એ આપણને સૌથી ખબર છે. ગાયના મોઢામાં મોકલવાનું ઘાસ ભ્રષ્ટાચારના ખૂંટિયાઓ ખાઈ જતા હોય એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. આ ઘાસ માટે આ વર્ષે તો નિર્ણય કરો કે આ ઘાસ જે જંગલખાતાના ગોડાઉનોમાં પડ્યું છે અમે ગૌભકતો છીએ, ગૌમાતાની ચિંતા કરીએ છીએ માટે આ

ગુજરાતની એકપણ દૂધ આપતું બંધ થયું હોય એવું ઢોર કયાંય રજળવા નહિ દઈએ, કયાંય શેરીમાં નહિ નીકળવા દઈએ. મારા ફોરેસ્ટના ગોડાઉનોમાં ઘાસ ભરેલું છે ૬૪ મેદાનોને વધારે સારા બનાવવા માટે એક મેદાન દીઠ સાડા પાંચ લાખ રૂપિયા કેન્દ્ર સરકારે આપ્યા છે તો ગુજરાતની તમામ ગાયો માટે અમે વ્યવસ્થા ઊભી કરીને મફત એને ઘાસ આપીશું. અહીં જે શ્રેષ્ઠીઓ ઘાસના ગાયો માટે થઈને જે ગૌશાળાઓ ચલાવે છે એને અમે મફત ઘ ાસ આપીશું કે તમે ગાયોને નીભાવો છો આલ્યો આ અમે તમને મફત ઘાસ આપીએ છીએ અને એ રીતે આનો ઉપયોગ થતો હોત તો વાંધો નથી. આપણે વાત કરી છે આ વિભાગની આ માગણીમાં જંગલની, વન્ય જીવોના બચાવની આ પૂરક માગણીમાં આપણે વાત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌરવભેર ગુજરાત કહી શકતું હતું કે ભાગ્યે જ કોઈ શહેર એવું છે કે જે શહેરની અંદર રક્ષિત જંગલ આવેલું હોય. ભાવનગરમાં વિકટોરીયા પાર્ક એ રક્ષિત જંગલ હતું. હું જવાબદારીપૂર્વક કહું છું તા.૧૫-૧૦-૨૦૦૪ નો સુપ્રીમકોર્ટનો હુકમ એમાં કયાંય એવું લખ્યું નહોતું કે રક્ષિત જંગલની આ જગ્યા ઈસ્કોન બિલ્ડર કે પાલિતાણા સુગર મીલને આપી દો. આ સરકારે નિર્ણય કર્યો. રક્ષિત જંગલ છૂટું કરવુ હોય તો ઈન્ડિયન ફોરેસ્ટ એકટ મુજબ કોને અધિકાર છે? આપને અધિકાર નથી. કેન્દ્ર સરકારને અધિકાર છે ડીનોટીફાઈડ કરવા માટેનો. આપે નિયમને પણ નેવે મૂક્યો. સુપ્રીમકોર્ટના હુકમમાં ઉલ્લેખ્ નહિ હોવા છતાં રક્ષિત જંગલને આપે રક્ષિત જંગલમાંથી મુકત કરી દીધું અને ૧૩૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી દાનમાં પધરાવવાની હોય એ રીતે પ્રયત્ન થયો છે. હજી મારી વિનંતી છે, આપને કે એક લીગલ એકસપર્ટની સાથે ચર્ચા કર્યા પછી હું કહું છું, કોન્સ્ટીટયુશનલ એકસપર્ટ સાથે ચર્ચા કર્યા પછી હું કહું છું. ફાઈલ અને એપ્લીકેશન બીફોર ધ સુપ્રીમકોર્ટ. ફાઇલ એ કલેરીફીકેશન બીફોર ધી સુપ્રીમકોર્ટ. તમારા વિભાગે નિર્ણય કર્યો હતો કે સુંદર આવાસ બંગલા અને વિકટોરીયા પાર્કને સોંપી દેવું. હુકમ તા.૧૫-૧૦-૨૦૦૪ નો આવે એના પહેલા આ પત્ર લખ્યો હતો એ પત્રને રદ કરો. સુપ્રીમકોર્ટમાં એપ્લીકેશન ફાઈલ કરો અને જો સુપ્રીમકોર્ટનો નિર્ણય તમારી તરફેણમાં નહિ આવે તો તમામ ખર્ચો હું અને અમારી પાર્ટી ભોગવીશું. એ હું ખુલ્લી ચેલેન્જ કરું છું આપને. ફાઈલ તો કરો આપ, દિલથી લડો આપ. આ રક્ષિત જંગલ ભાવનગરનું વિકટોરિયા પાર્ક અને સુંદરાવાસ બંગલો બચાવી શકાય એવી સ્થિતિ છે એને બચાવવાનો તો પ્રયત્ન કરો.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ય માનનીય્ સભ્યશ્રીઓ આ અન્ય વિભાગો ઉપર બોલવાના છે એટલે મારે બીજા અન્ય વિભાગોમાં બહુ લાંબી વાત નથી કરવી પણ એક વિભાગની માગણી પર જરૂર કહેવું છે અને એ છે ગૃહ વિભાગ. આ માગણીમાં શું કરવામાં આવ્યું છે? મને લાગે છે કે આ ગૃહના સભ્યશ્રીઓને પણ આંચકો લાગશે. આપ પૂરક માગણી લઈને આવો છો. આપ અહીં કહો છો અદ્યતન વ્યવસ્થા પોલીસમાં એટલા માટે નથી થતી કે કેન્દ્ર આમ કરે, કેન્દ્ર આમ કરે. આ માગણીમાં વાહનોની ખરીદી અને અદ્યતન બનાવવા માટેની છે. આપ ચકાશો અને મને રોકો એ પહેલા હું આપનું ધ્યાન દોરી દઉં પાના નં.૯૬ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું રોકવાનો નથી. હું એટલા માટે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું સ્કોપ બહાર નહિ જાઉં. આય એમ વેરી કેરફુલ. અને વાહન ખરીદીની બાબતમાં અદ્યતન બનાવવા માટેની માગણી લઈને આવ્યા છે ત્યારે બંધારણીય તટસ્થ સંસ્થા, હમણાં માનનીય રાજ્ય કક્ષાના ગૃહમંત્રી કહેતા કે કેગે આમ લખી નાંખ્યું. કેન્દ્રએ કહ્યું એટલે. સાહેબ, કેગ લખવા નથી બેસતું એ ઓડિટ કરવા બેસે છે અને એટલે કેન્દ્ર હોય કે રાજ્ય હોય એ કહીદે એમ કેગ ના લખે. એ ઓડિટ કરે અને ઓડિટ કર્યા પછી એને એમ લાગે કે આ વાજબી છે એટલું જ માત્ર લખતું હોય છે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ. આ માગણીને અનુરૂપ જે ટિપ્પણી છે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ રિપોર્ટમાં એની માત્ર થોડી લાઈન હું આપની પાસે વાચું છું. પોલીસ દળની લાંબાગાળાની જરૂરિયાત આવકારવા, નિર્ધારીત કરવા યથાર્થ મહત્વ અને સાપેક્ષ સબંધ ધરાવતી જરૂરિયાતની યોજના તૈયાર થતી નહતી. એ.એ.પી.એસ. સમયસર રજૂ થતા ન હતા. પોલીસ સ્ટેશનો માટે વાહનોની અછત પ્રવર્તતી હતી. એમ.ઓ.પી.એફ. યોજના અન્વયે જુના જર્જરીત થયેલા વાહનો સામે આઈપોઝીયમ કરવામાં આવતું. કેન્દ્ર સરકારે આપને પૈસા આપ્યા કે નવા વાહનો ખરીદો. તમારે ત્યાં સક્ષમતા વધારો. પોલીસમાં વાહનોની સંખ્યા વધારો. કેગ નોંધે છે કે આપે શું કર્યું નવા વાહનો વધાર્યા નહીં. પેલા જુના જર્જરીત વાહનો જે ચાલી શકે એમ હતા એને કાઢી નાખ્યા અને એની જગ્યાએ નવા વાહનો જેને નહોતા મળવાપાત્ર એને આપી દીધા એટલે પોલીસમાં વાહનો તો વધ્યા જ નહીં અને આપ અદ્યતન કરવાની વાત કરો છો? આપ આજે માગણી લઈને શેની આવ્યા છો? આનાથી અદ્યતન માટેની વાત એ છે કે આધુનિક શસ્ત્ર સરંજામની ગેરહાજરી, પુરાણા શસ્ત્રો ઉપર આધારિત રહેવું પડતું હતું. ફીંગર પ્રીન્ટ આઈડેન્ટીફીકેશનની સિસ્ટમને આધુનિક બનાવવા જિલ્લાઓમાં એ.એફ.આઈ.એસ.ની સ્થાપના કરવામાં આવેલી હતી પરંતુ કેટલાક જિલ્લાઓમાં સ્ટાફની અછતને લીધે એક જિલ્લામાં ટેલીફોન જોડાણો ઉપલબ્ધ ન થાય. આપને કેન્દ્ર પૈસા આપે, અદ્યતન વસ્તુઓ આપે પણ આપ સ્ટાફ પૂરો નથી પાડતા માટે આ ગુજરાતની અંદર સૂરક્ષા દળને અદ્યતન બનાવવાનો છે, સજ્જ કરવાનો છે એ કામ આ વિભાગ કરી શકતો નથી અને આ વિભાગ કરે છે શું? આ માગણી-૪૩ એ શેના માટે આવી છે? હું વાંચું છું માગણી. " ચાલુ વર્ષના અંદાજપત્રમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની સલામતી માટે નવા વાહનો ખરીદવા માટે કોઈ જોગવાઈ ન હોઈ અને આ ખર્ચનો નવી સેવા અંગેનો હેતુ હોઈ આ માટે

૩૫૨૭૦૦૦ની રકમની જરૂર છે. અમે ઈચ્છીએ છીએ આ પક્ષના હોય કે એ પક્ષના હોય, મુખ્યમંત્રીશ્રીની સલામતી જરૂરી છે પણ શું એકની સલામતીની ચિંતા કરવાની અને આખું ગુજરાત અસલામત, રામ ભરોસે છોડવાનું પછી જેલામાં ધબાધબી થાય અને બહાર હોય તો પણ થાય. એક સલામત આખું ગુજરાત સલામત. જે પૈસા જયાં વપરાવા જોઈતા હતા ત્યાં વાપર્યા નહીં. જે વાહનો નવા ખરીદ કરીને પોલીસનું તંત્ર સજજ બનાવવાનું હતું ત્યાં આપે વધારો કર્યો નહીં અને શું આપને બજેટમાં ખબર નહોતી કે અમારે વાહન ખરીદવાની જરૂર પડશે? અચાનક કોઈને તુકકો આવ્યો કે ગયા વખતે બજેટમાં આપે આ પૈસા ન માગ્યા. પૂરક માગણીમાં પૈસાની માગણી લઈને આવ્યા. ૩૫૨૭૦૦૦ની જરૂર છે કારણકે મુખ્યમંત્રીશ્રી માટે વાપરવાના છે. આમ માણસની આપણે વાત કરતા હોઈએ ત્યારે ગુજરાતનું પોલીસ દળ સજજ કરવાને બદલે આ જો આપણે કરીશું તો ગુજરાતમાં ખુન, લુંટ, ધાડ, જેલની પરિસ્થિતિ થશે એની આપણે ચિંતા નહીં કરવાની? એની પૂરક માગણી મુકવાની? પણ આ પરિસ્થિતિ છે ત્યારે આ પૂરક માગણીઓને કોઈ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં. હું એનો વિરોધ કરીને વિરમું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે વીજ નિયમન પંચ જુદાજુદા વપરાશકારો માટે કોમર્શિયલ હોય, રેસીડેન્શીયલ હોય કે ઔદ્યોગિક હોય કે કૃષિ વીજ આપવાની બાબત હોય એના દરનું નિયમન વીજ નિયમન પંચ કરતુ હોય છે પરંતુ માનનીય નરેન્દ્રભાઈની સરકારે કૃષિ અને ખેડૂતોને પ્રાધાન્ય આપ્યું તેનું પરિણામ પણ કૃષિના ઉત્પાદન ઉપરથી ફલીત થાય છે. ૪૯૦૦૦કરોડનું કૃષિ ઉત્પાદન એ આ બાબતની સાબિતી આપે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ફકત વીજળીની ચિંતા નથી કરી ખેડૂતો માટે પરંતુ સુજલામ સુફલામ દ્વારા ઉત્તર ગુજરાતમાં અને એમાં પણ મારો જે મત વિસ્તાર છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ઋષિકેશભાઈ, આપ માગણી ક્રમાંક સાથે બોલશો તો ખ્યાલ આવશે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩ નંબરની માગણી છે. સુજલામ સુફલામ દ્વારા રીચાર્જીંગ અને ધરોઈ બંધ જે મારા મત વિસ્તારની અંદર ઈરીગેશનની વ્યવસ્થા પૂરી પાડે છે એની અંદર પણ લગભગ ૫૦ટકા પાણી અમદાવાદને ફાળવવાનું હતું એ ૫૦ટકા પાણી રોકી અને નવી એક્ષ્ટેન્ડેડ કમાન્ડ વિસ્તાર વધારી અને ઈરીગેશન કરવાનું કામ આ સરકાર કરી રહી છે.માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં અને જ્યાં સુઝલામ, સુફલામના પાણી વહી રહ્યા છે, ત્યાં પાણીના તળ ઊંચા આવ્યા છે. કેટલાય બોર વીજળી વાપરી અને વીજ આધારિત કૃષિ કરતા હતા તે પણ આજે બંધ થયું છે. (અંતરાય) ( શ્રી શક્તિસિંહ ગોહીલ બેઠા બેઠા બોલતા ) હું ઊર્જા અને વીજળી બાબતે જ બોલી રહ્યો છું, પરંતુ રાજ્ય સરકારની આ વીજની બચત ખેડૂતો માટે કઈ રીતે કરે છે. સાથે સાથે વીજળીનું ઉત્પાદન બીજી બાજુ વાપરી શકાય એ વિષય પણ મેં સાથે વણેલો છે. રાજ્ય સરકાર દ્વારા લગભગ ૮ લાખ વીજ કનૅક્શન આ રાજ્યમાં આપવામાં આવેલ છે અને આ વીજ કનૅક્શન આપેલા છે, એની અંદર ત્યાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ઋષિકેશભાઈ, અને માનનીય સભ્યશ્રીઓ મેં જાહેરાત કરી છે, તે ફરીથી જોઈ જજો. બોલતા પહેલા જે કાઈ તૈયારી કરી હોય તે તૈયારી કરતી વખતે જ ધ્યાને રાખવા જેવું હતું કે હું આ બાજુ સ્કોપ આપીશ તો મારે મુદા બહાર જવાનો નિર્ણય આપવો પડશે. એટલે આપ વીજળીના કનૅક્શન અને સુજલામ સુફલામ તરફ જઈ રહ્યા છો તે આજની માગણીમાં નથી.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : વીજ કનૅક્શનની અંદર જે સબસિડી આપવામાં આવે છે. તે બાબતનો ઉલ્લેખ ચર્ચા કરી રહ્યો છું. ૧૩ નંબરની માગણીમાં લગભગ ૫૯.૬૯ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવી છે. એ બાબત ધ્યાન ઉપર લીધેલ છે. હાલમાં જે આપણા કૃષિના દર આકારવામાં આવેલ છે. વીજ નિયમન પંચ દ્વારા એ ૧૬૮૦ પ્રમાણે છે. જો આ દરે ગુજરાતના ખેડૂતો જે બોરના ઊંડા પાણી ખેંચી ખેતી કરી રહ્યા છે એ કદી પોષાય નહિ. એના માટે રાજ્ય સરકાર રૂપિયા ૮૦૭ નો દર નક્કી કરી અને બાકીની રકમ પોતે ભોગવે એવું નક્કી કરેલ છે. (અંતરાય) સબસિડીના સ્વરૂપમાં જે વીજળી કંપનીના દાવા બાકી હતા, એની પૂરક માગણી રજૂ કરેલ છે, તે બિલકુલ યથાયોગ્ય અને યથાસ્થાને છે. આ સરકાર ફક્ત સબસિડીની ચિંતા નથી કરતી. ફક્ત પાકની જરૂરિયાત, ખેડૂતોનો પાક બચાવવા માટે આ સરકાર અન્ય ક્ષેત્રમાં કાપ મૂકીને ખેડૂતોને વીજળી પૂરી પાડવા માટે હંમેશા કટિબદ્ધ છે. ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને વીજળી પૂરતા દબાણથી મળી રહે એ માટે કિસાન હિત ઊર્જા શક્તિ યોજના એટલે કે ખુશી અમલમાં મૂકેલ છે. ખેડૂતોને સતત અને ગુણવત્તા વાળી વીજળી મળી રહે એના માટે સરકારે ભારે વીજ દબાણની લાઈનો વધારી નાના ક્ષમતાના ટ્રાન્સ્ફૉર્મરથી ખેડૂતોને જ્યાં વીજળી જોઈતી હોય ત્યાં મૂકી આપવામાં આવે છે, જેથી પૂરતા દબાણથી વીજળી પૂરી પાડી શકાય, જેથી ખેતરમાં મોટર બળવાના કિસ્સાઓ લગભગ ઓછા થઈ ગયા છે. ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન ઘટ આ દ્વારા નીવારી શકાઈ છે. આ ઉપરાંત સરકારે ખેડૂતોના હયાત પંપસેટના સ્થાને નવા એનર્જી એફિસિયન્ટ પંપ સેટનું આયોજન પણ અને ૨૦૦૭-૦૮ થી ચાલુ કરેલ છે, જેથી વીજળીની બચત થાય છે. આ પંપ સરકારે નક્કી કરેલ હાઈ, ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સ્પેસિફિકેશનો દ્વારા ખરીદવાના હોય છે, તેથી ફક્ત ૩૩ ટકામાં જે ખેડૂતો એના જૂના, ખખડધજ પંપો હોય ત્યાં એફિસિયેન્ટ પંપ ન હોય ત્યા આવા એફિસિયેન્ટ પંપ વીજ કંપનીઓ પૂરા પાડતી હોય છે અને ફક્ત ૩૩ ટકા કિંમત લઈને પૂરા પાડતી હોય છે. આ વ્યવસ્થા સરકાર દ્વારા ગોઠવવામાં આવી છે, એટલું જ નહિ ગ્રામ્ય વિસ્તારમાં વધુ પાવર લોસીસ ધરાવતા સંપૂર્ણ રીતે ખેતી વીજ ફિડરો ઉપર ઓટો પાવર ફેકટર કરેકશન

પેનલ લાવવાની પણ કામગીરી હાથમાં ધરવામાં આવેલી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. વારંવાર કહેવાય છે કે અભિનંદન શેના?, આ તો રાજ્ય સરકારની કામગીરી છે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, અભિનંદન શેના પરંતુ જ્યારે ૧૯૬૦થી ૨૦૦૦ સુધીના આંકડા અને ૨૦૦૦ થી ૨૦૧૦ સુધીના આંકડા તે કોઈપણ ક્ષેત્રની અંદર જેમાં ચાહે શિક્ષણ, મહેસૂલ અને કૃષિની બાબત હોય તેમાં અનેકગણા વધારે છે. છેલ્લા દસ વર્ષની કામગીરી ઉત્તરોત્તર વધતી જાય છે અને જશ આપવામાં આવે અને અભિનંદન આપવામાં આવે અત્યારે લાખ લાખ અપાય છે પરંતુ આવતા સમયમાં કરોડ કરોડ અપાય છે. આપને ભવિષ્યની અંદર એવા મુખ્યમંત્રી સાથે કામ કરવાનો અને વિરોધપક્ષમાં બેસવાનો મોકો મળ્યો છે જ્યારે ઈતિહાસના પાના પર લખાશે ત્યારે તમારે પણ ગૌરવ લેવાનું છે. ખેડૂતોને તેમના બોર ઉપર ચોવીસ કલાક સિંગલ ફેઝ વીજળી મળે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. ખેડૂતોના ઘરે ચોવીસ કલાક વીજળી તો જયોર્તિગ્રામ દ્વારા પહોંચી ગઈ છે. પરંતુ બોર ઉપર ખેડૂત રાત્રે કામ કરતો હોય, એરુ ક્યાંક એની નાની મોટી તકલીફો તે બધાનો સામનો કરતો ખેડૂત અંધારામાં રહેતો હતો ત્યાં પણ બોર ઉપર તેના ખેતરની અંદર ચોવીસ કલાકની વીજળીની વ્યવસ્થા આ સરકારે કરી છે. લગભગ આઠ થી દસ કલાક સતત વીજળી મળી રહે તેવું આયોજન આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે અને એના માગે આ જે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

**અધ્યક્ષશ્રી** : ફરીથી મારે કહેવાનું કે મેં જે જાહેરાત કરી છે તે જાહેરાતમાં જોઈ જશો. આપ માગણી ક્રમાંક જોઈને તેની અંદર જે મુદ્દાઓ છે તેના ઉપર જ વળગી રહેશો તો વધારે સારું છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંકઃ૭૮ જિલ્લા વહીવટી સંબંધોની રૂપિયા ૨૩ કરોડ ૬૭ લાખ અને ૭૪ હજાર રૂપિયાની લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ તે સમગ્ર રાજય સરકારના તમામ વિભાગોમાં કરોડરજ્જુ સમાન છે. મહેસૂલ વિભાગ રાજયના અતિ સામાન્યમાં સામાન્ય, અતિ છેવાડાના માણસને ડગલે ને પગલે સ્પર્શતો અતિ મહત્વનો વિભાગ છે. આ વિભાગમાં જેમ ગુજરાતની વસ્તી વધી છે તે ગુજરાતની વસ્તી, જનસંખ્યાની સાથે તેની સુખ, સુવિદ્યાના અનેક પ્રશ્નો વધ્યા છે ત્યારે આ પ્રશ્નોનો ઉકેલ કરવાની દિશામાં કામ કરે છે તેવા મહેસૂલી કર્મચારીઓની સંખ્યા ઉત્તરોતર વધારવી જોઈતી હતી. પરંતુ હું આપના માધ્યમથી ગૃહને માહિતી આપવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૧ થી ૨૦૦૧ સુધી એકપણ કારકુનની સીધી ભરતી આ વિભાગમાં થયેલ ન હતી. મહેસૂલ વિભાગમાં ગ્રામ્ય તલાટીની એક પણ જગ્યા ભરી ન હતી. સર્વેયરની ભરતી પણ ઘણા વર્ષોથી થઈ જ ન હતી. ૧૯૮૪થી નાયબ મામલતદારની એક પણ જગ્યા સીધી ભરતીથી ભરાયેલ ન હતી અને ૧૯૯૪ થી ૨૦૦૫ દરમ્યાન મામલતદારની પાંચ જગ્યાઓ ભરાયેલ હતી. આ બાબતે ધ્યાને રાખીને રાજય સરકારે જિલ્લા વહીવટને વધારે સક્ષમ અને મજબૂત બનાવવા માટે ૨૦૦૨ થી ૨૦૦૮ સુધી ૩૯૭ કારકુનોની ભરતી કરેલ છે. સૌ પ્રથમવાર શહેરી તલાટીઓ સાથે ગ્રામ્ય તલાટીઓ મળીને ૨૧૨૬ તલાટીઓની ભરતીનું કામ લગભગ પૂર્ણ થવાના આરે છે. સર્વેયરની કુલ ૪૩૧ જગ્યાઓ માટેનું માગણી પત્રક મોકલી આપવામાં આવેલ છે. નાયબ મામલતદારની ૬૭૬ જગ્યાઓ અને મામલતદારની ૧૧૮ જગ્યાઓનું માગણી પત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપ્યું છે ત્યારે મારે કહેવું જોઈએ કે..,ત્યારે મારે કહેવું જોઈએ કે સ્વર્ણિમ ગુજરાતના પ્રથમ દિને અત્યાર સુધીના તમામ મહામહિમ રાજયપાલશ્રીની હાજરીમાં, અત્યાર સુધીના તમામ માનનીય મુખ્ય મંત્રીશ્રીઓ, ભૂતપૂર્વ માનનીય મુખ્ય મંત્રીશ્રીઓ, માનનીય મંત્રીશ્રીઓ અને તમામ પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓની હાજરીમાં ગુજરાતની ગૌરવવંતી પ્રજાના લોકનેતાએ ગુજરાતની પ્રજાને સક્ષમ, પારદર્શક અને લોકાભિમુખ વહીવટ આપવાની ભિષ્મ પ્રતિજ્ઞા કરી છે ત્યારે આ મહેસૂલ વિભાગ પણ એના વિભાગની સેવાઓ આપવા માટે એમાં સૂર પુરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી મહેસૂલ વિભાગ એ જુનામાં જુનો વિભાગ છે, બોમ્બે રેવન્યુ એકટ ૧૮૮૯ સુધી આ વિભાગમાં સમયાંતરે સુધારા થયા છે પણ મારી દૃષ્ટિએ, મારી સમજ પ્રમાણે જમીન સુધારાનું કામ ભૂતકાળમાં અકબરના ટોડરમલે અને શહેનશાહ સુધી..

**અધ્યક્ષશ્રી** : માનનીય દેવુંસિંહભાઈ, જમીન સુધારણાની વિગતો આમાં નથી આવતી જિલ્લા વહીવટી તંત્ર ઉપર જ આવે છે, આપ એ વિષયને ધ્યાનમાં રાખીને બોલો.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ નવી પેઢી હવે ટેકનોલોજીની ભાષા સમજે છે, ગુજરાતની આ ટેકનોલોજીના યુગમાં ગુજરાતની પ્રજાને જિલ્લા વહીવટની સંબંધે જિલ્લા કક્ષાએ પણ ટેકનોલોજીથી સજજ સેવાઓ મળે તે માટે આપ સૌ જાણો છો કે, ગુજરાતમાં ઘણા ક્રાંતિકારી નિર્ણયો કરવામાં આવ્યા છે, આપણે સૌ જાણીએ છીએ કે, ભૂતકાળમાં રાજકીય પક્ષોના કાર્યાલયોમાં કાર્યકર્તાઓ મોબાઈલ લઈને આવતા તો એના પ્રત્યે એક સુગ હતી પરંતુ આજે આપની નજર સમક્ષ સામાન્ય શાકભાજીવાળો, ફેરિયાવાળો, કામકરવાવાળો કે દૂધવાળા પાસે પણ મોબાઈલ જોઈને આપણને આનંદ થાય છે. એ બતાવે છે કે આ ગુજરાતની નવી પેઢી ટેકનોલોજીની સાથે ચાલે છે. આ ગુજરાતની નવ યુવાન પેઢી કોમ્પ્યુટર, લેપટોપ, પામટોપ, ટ્વીટર..

**અધ્યક્ષશ્રી** : શ્રી દેવુસિંહભાઈ, અને બધા સભ્યશ્રીઓને કહું છું કે મોબાઈલ ફોનની વિગતો આમાં નથી આવતી, પ્રાંતની અને પ્રાંતના અધિકારીઓ, જિલ્લા વહીવટના કર્મચારીઓના જે પગારભથ્થા છે એના ઉપર કહીને

આપ જિલ્લા વહીવટી તંત્ર ઉપર વાત કરો કારણ કે આ પૂરક માગણીની મર્યાદાઓ છે અને આ આપની તાલીમનો પણ એક વિષય છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા વહીવટી તંત્ર ટેકનોલોજીની મદદથી એસએમએસ, ઈમેઈલથી દસ્તાવેજી નોંધણી વગરે, આ ટેકનોલોજીનો વિષય છે અને જિલ્લા વહીવટીને સંબંધિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ નવયુવાન પેઢી મારા ધારાસભ્ય તરીકેના અનુભવની વાત કરું તો હવે આપણને વધારે એકાઉન્ટેબલ પણ બનાવે છે. બેથી ત્રણ મિનિટમાં મોબાઈલ કર્યા પછી એના કામના પ્રત્યુત્તરની અપેક્ષા રાખે છે. એના કામની ઉઘરાણી કરે છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ પણ એ રીતે સજજ થવું જોઈએ એ કહેવાનો મારો હેતુ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિષય કરતાં પણ ગુજરાતના વિકાસની વાત છે. ગુજરાત જે રીતે અત્યારે મને એવું લાગે છે કે હવે, ગુજરાતની પ્રગતિની અને ગુજરાતની વિકાસની વાતો આપણે બંધ કરવી જોઈએ કારણ કે જે રીતે રાષ્ટ્રિય સમાચાર અખબારો, નેશનલ ઈલેકટ્રોનિકસ મિડિયાઓ, અને જે રીતે કોંગ્રેસ ગુજરાતના વિકાસની વાતો કરે છે, ગુજરાતની પ્રગતિની વાત કરે છે ત્યારે આખો દેશ અને દુનિયા હવે જાણી ગઈ છે કે હવે ગુજરાત એની પ્રતિભા સાથે
માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં ખૂબ પ્રગતિ કરી રહયું છે. આ સાથે મારી વાત પૂરી કરું છું. અને આ પૂરક માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા વિભાગની પૂરક માગણીઓ લઈ માનનીય મંત્રીશ્રીઓ આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એ અંગે ખૂબ ટૂંકમાં માગણીઓ ઉપર મારા વિચારો વ્યકત કરવા આપની અનુમતિથી રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ વિભાગ પોતાની મહેસૂલી માગણીઓ લઈને આવ્યું છે, આ બધી માગણીઓ આપણે જોઈએ તો જો મૂડી માગણીઓને વધારે લઈને જો વિભાગો આવ્યા હોત તો કદાચ એમ થાત કે કંઈક પ્રોડકટીવ ખર્ચની દિશામાં આપણે જઈ રહયા છીએ પણ મૂડી માગણીઓ પ્રમાણમાં ખૂબ ઓછી અમે મહેસૂલી માગણીઓ પ્રમાણમાં ખૂબ વધારે એવી સ્થિતિ ઉભી થઈ છે બજેટ તૈયાર કરતી વખતે જો પૂરતી કાળજી રાખવામાં આવી હોત તો કદાચ આ મહેસૂલી પૂરક માગણીઓની સ્થિતિને નિવારી શકાઈ હોત.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ પોલીસ વિભાગની મહેસૂલી માગણીઓ લઈને આવે છે અને આજે ગૃહમાં બધી બહું ચર્ચા થઈ પોલીસ દળને સુદ્દઢ બનાવવાની, પોલીસ દળને આધૂનિક બનાવવાની અને પોલીસ દળને મજબૂત બનાવવાની.. મારે તો એક જ બાબત ઉપર ધ્યાન દોરવું છે. ગુજરાતમાં પોલીસ દળની મંજૂર કરાયેલી જગ્યાની સંખ્યા છે એના સંદર્ભમાં આજે લગભગ ૨૪ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે અને જો એ ઘટ પૂરી કરવામાં આવી હોત અને એના માટે કોઈ માગણી લઈને આવ્યા હોત તો અમને કદાચ આનંદ થાત કે પોલીસ વિભાગને ખરેખર મજબૂત કરવાની દિશામાં જઈ રહ્યા છીએ. પણ આજની તારીખે પણ ૨૪ ટકા જેટલી અને જે છેલ્લા આંકડા આપવામાં આવ્યા ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ૧૮૬૨૨ જગ્યાઓ ગુજરાત રાજ્યમાં ખાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ જ્યારે એની માગણીઓ લઈને આવે છે ત્યારે મારે બહું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવું છે કે, આ સભાગૃહમાં જ્યારે ઓકટ્રોય નાબૂદ કરી ત્યારે આપણે નિર્ણય કર્યો હતો કે ઓકટ્રોયની અવેજીમાં એની રકમ ચડતા ક્રમે દર વર્ષે સાત ટકા, દસ ટકા અને પંદર ટકા વધારા સાથે નગરપાલિકાઓને અને મહાનગરપાલિકાઓને ચૂકવવામાં આવશે. નગરપાલિકા અને મહાનગરપાલિકાનું તો અસ્તિત્વ આ ગ્રાન્ટના આધારે ચાલે છે, એનું મહેકમ આના આધારે ચૂકવાય છે અને એમાંથી વિકાસના કામો આ રકમમાંથી થવાના પણ મારે બહુ દુ:ખ સાથે નોંધવું પડે છે કે, ગત વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને ૧૦૮૪ કરોડ રૂપિયા મળવાપાત્ર હતા એની સામે માત્ર ૮૨૧ કરોડ રૂપિયા ચૂકવાશે અને ૨૬૪ કરોડ રૂપિયા અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને ઓછા ચૂકવાયા, સૂરત મ્યુનિસિપલ કોરપોરેશનને ૮૩૮ કરોડની સામે એને વર્ષ પૂરું થત સુધીમાં ૫૬૭ કરોડ ચૂકવાશે અને ૨૭૧ કરોડ રૂપિયા સૂરત મ્યુનિસિપલ કોરપોરેશનને ઓછા ચૂકવવામાં આવ્યા, વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશન ૨૯૯ કરોડની સામે ૧૯૮ કરોડ રૂપિયા એમને ઓછા ચૂકવવામાં આવ્યા, રાજકોટ મ્યુનિસિપલ કોરપોરેશન ૧૨૪ કરોડની સામે ૨૪ કરોડ રૂપિયા એમને ઓછા ચૂકવવામાં આવ્યા. જો આટલી રકમ એમને ઓછી ચૂકવવામાં આવી હોય તો પછી ૩ કરોડ જેટલી પૂરક માગણી લઈને આ વિભાગને આવવાની જરૂર ક્યાં ઉપસ્થિત થાય અને જો આ રકમ આપણે આ સભાગૃહમાં નક્કી કર્યા પછી પણ જો આ મ્યુનિસિપલ કોરપોરેશનોને ચૂકવી ન શકતા હોઈએ અને એની રકમમાં ઘટાડો કરતા હોઈએ તો આ સભાગૃહમાં જે નીતિ નક્કી કરવામાં આવી એનું પાલન જો વર્ષો વર્ષ ન કરી શકતા હોઈએ તો આ સભાગૃહે એ વાતને ખૂબ ગંભીરતાથી લેવી જોઈએ. એક બાજુ આ ઓકટ્રોયની રકમ ચૂકવાતી નથી અને બીજી બાજુ આપણે મોટા મેળાવડા કરી રહ્યા છીએ. આજે જ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોરપોરેશનોને સ્વર્ણિમ ગુજરાતના નામે રકમો આપવાનો મેળાવડો કરીએ છીએ અને એમને ઓકટ્રોય પેટે ચૂકવવાની થતી રકમ આપણે ચૂકવી શક્તા નથી તો આ બે વિરોધાભાસી બાબતોમાં સરકાર કઈ દિશામાં જવા માગે છે? ઋષિકેશભાઈએ ખેડૂતોને અપાતી વીજળીની વાત કરી એટલે મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. કદાચ ઋષિકેશભાઈ ભૂલી ગયા કે ગયા

વર્ષે ખેડૂતોને જેટલી વીજળી આપવામાં આવી હતી એના કરતા ચાલુ વર્ષે ખેડૂતોને ચાર હજાર મિલિયન યુનિટની વીજળી ઓછી આપવામાં આવી છે અને તેમ છતાં આપણે દાવો કરીએ કે વીજ વિભાગ આ રકમના ઉપયોગ દ્વારા ખેડૂતોને વધારે વીજળી આપી શકાય એની ચિંતા કરી રહ્યો છે તો આ સભાગૃહને આપણે સાચી વિગતથી દૂર રાખી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ગંભીરતાપૂર્વક આ વિભાગોએ આ બાબતોને લેવી જોઈએ અને મુદ્દાની મૂળભૂત બાબતોની અવગણના થઈ રહી છે એ સંજોગોમાં માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એ પૂરક માગણીઓને હું સમર્થન આથી શકતો નથી.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## વિશેષાધિકાર ભંગનો મુદ્દો

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મંજૂરીથી આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન હું એક અત્યંત ગંભીર બાબત તરફ દોરવા માગું છું. સભાગૃહના નિયમોના નિયમ-૩૭ તરફ મારે આપનું ધ્યાન દોરવું છે, આ નિયમ મુજબ કોઈપણ વ્યકિતની વિરૂદ્ધ કોઈપણ સભ્યએ બદનક્ષીભર્યો અથવા દોષારોપણયુક્ત કોઈ આક્ષેપ મૂકવો નહિ, સિવાય કે સભ્યશ્રીએ અધ્યક્ષશ્રીને અથવા સંબંધ ધરાવતા મંત્રીશ્રીને અગાઉથી ખબર આપેલી હોય, જેથી મંત્રી જવાબ આપવાના હેતુ સારું એ બાબતમાં તપાસ કરી શકે. આના ટેકામાં માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪નો નિર્ણય ક્રમાંક-૩૧ પાના નંબર-૨૮ અને ૨૯ ઉપર મારે આપનું ધ્યાન દોરવું છે.

**અધ્યક્ષશ્રી** : ગઈકાલે શ્રી અર્જુનભાઈએ જે આક્ષેપાત્મક રજૂઆત કરી હતી એના માટે એમને પોતાની વાત કરવી છે અને એમણે મારી મંજૂરી માગી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એ નિર્ણયમાં એવું કહેવામાં આવ્યું છે, નિયમ-૩૭ ને ટાંકીને "No allegation of a defamatory or incriminatory nature shall be made by a member against any person" અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૩ થી ૨૦૦૭ એમાં પાના નંબર-૧૭ ઉપર આવો જ એક નિર્ણય આક્ષેપ અંગે આપવામાં આવ્યો છે. જેમાં પણ એવું કહેવામાં આવ્યું છે કે કોઈપણ પ્રકારના આધાર કે પુરાવા વગર આક્ષેપ કરી શકાય નહિ, વધુમાં કોઈપણ સભ્ય દ્વારા આક્ષેપ કરવામાં આવે, તે આક્ષેપ સાચો છે તે પુરવાર કરવાની જવાબદારી આક્ષેપ કરનાર સભ્યશ્રીની રહે છે, કેટલાક સમયથી ગૃહમાં એવી પ્રણાલી જાણે શરૂ થતી જાય છે કે કોઈપણ પ્રશ્નને, કોઈપણ મુદ્દાને આક્ષેપમાં પરિવર્તિત કરી નાંખવો અને સામાન્ય ભાષણના ભાગ રૂપે એ વાત હળવાશથી સભાગૃહ સમક્ષ મૂકી અને પછી એને માધ્યમો સુધી લઈ જવા સુધીની વાત આપણા આ ગૃહમાં સભ્યશ્રીઓ સાહજિકતાથી કરતા હોય તે પ્રકારની પરિસ્થિતિ ઉભી થવા માંડી છે અને આ બાબત અત્યંત ગંભીર છે આવો જ એક પ્રસંગ આ સંદર્ભમાં હું આપના ધ્યાન પર મૂકવા માગું છું. તારીખ ૪ માર્ચ, ૨૦૧૦ના રોજ આ સભાગૃહમાં માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જે ઉલ્લેખો કર્યા છે તે ઉલ્લેખો તરફ મારે આપનું ધ્યાન દોરવું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારી મંજૂરી માગી છે અને મેં મંજૂરી આપી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આક્ષેપ કરવામાં આવ્યો હોય ત્યારે આ સભાગૃહની અંદર ગમે ત્યારે એ આક્ષેપની ચર્ચા થઈ શકે છે. (અંતરાય) આ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.

**અધ્યક્ષશ્રી** : જો માનનીય સભ્યશ્રીએ નિવેદન કરતા પહેલાં સભાગૃહના નિયમોના નિયમ-૩૭ પ્રમાણે લેખિતમાં આપ્યું હોત તો માનનીય મંત્રીશ્રી તે વખતે આપત પણ ગઈકાલે માનનીય અર્જુનભાઈએ જે આક્ષેપો કર્યા એ આક્ષેપો કરતી વખતે ૩૭ના નિયમની એમને જાણકારી હોવા છતાં પણ એમણે નહોતી કરી (અંતરાય) નહિ એ આક્ષેપો કરતાં પહેલાં એમણે મંજૂરી માગવી જોઈએ. આજે મેં એમને ખુલાસો કરવાની રજા આપી છે એ ખુલાસો કરી શકે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : Why today? તો એમણે લેટર આપને લખવો પડે સર, Let us understand the provision of point of order. અત્યારે એ વસ્તુ ગૃહ પાસે છે? ગઈકાલની વાતનો આજે પોઈન્ટ ઓફ ઓર્ડર આવી શકે? Let us understand. Let us go through the judgements of the Speakers in the past. જે વસ્તુ આજે ગૃહ સમક્ષ નથી અત્યારે બનેલી નથી, અત્યારે વ્યવસ્થા જાળવવાનો પ્રશ્ન નથી, આપને મળે ચેમ્બરમાં, આપને લેખિત આપે, ગઈકાલનો બનેલો બનાવ આજે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ના હોઈ શકે,

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ સ્પષ્ટતા કરવાની છે કે હું પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દે ઉભો થયો જ નથી,

**અધ્યક્ષશ્રી** : ગઈકાલે માનનીય અર્જુનભાઈએ જે આક્ષેપો કર્યા છે એનો ખુલાસો કરવાનો સરકારનો અધિકાર છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Before I come to the issue how can you presume that what is the issue.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: On what he is on his legs ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : I am coming to it.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : On what subject Hon'be Speaker has permitted him ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : That is what I am trying to do.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર સિવાય અથવા પોઈન્ટ ઓફ કલેરીફીકેશન સિવાય વચ્ચે interrupt થાય નહીં. જો પોઈન્ટ ઓફ ઓર્ડર નથી એમ એ પોતે જ કહે છે તે સંજોગોમાં he has no right to speak.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Sir, I strongly object to the statement made by the Hon&ble Leader of Opposition. You have set the precedents. In the law it is well accepted practice that when you set the precedents and you do not follow the procedure you can always rely upon the precedent that has been set. You cannot get away with making allegations. and then if you were so clear about the rules, sir, કાયદા બાબતની એટલી બધી જો ચિંતા હોય તો આ આક્ષેપો કરતાં પહેલાં માનનીય સભ્યશ્રી મોઢવાડિયાએ આપને લેખિત જાણ કરવી જોઈતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, એ જાણ કરવામાં આવતી નથી You set the precedent તમે એક રસ્તે ચાલો છો then somebody else was to walk that way you want to prevent him.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે જે માણસ તેમના અધિકાર માટે ના જાગ્યા હોય તેને આજે કોઈ પ્રસંગ વગર બોલવા ન દઈ શકાય.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Sir, the right of a Member is his (interruption). તમારા નેતાથી શરૂઆત કરો. મને કંઈ વાંધો નથી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તે હકીકતો હતી. મેં કોઈ ઉપર આક્ષેપ કર્યા નહોતા ગઈકાલે જે હકીકત મૂકી હતી એ હકીકતને મારા પછી સરકારના એક માનનીય મંત્રીશ્રી બોલવા ઉભા થયા હતા. માનનીય નીતિનભાઈ બોલવા ઉભાં થયા હતા તે વખતે તે પોતાના જવાબમાં deny કરી શક્યા હોત, પાયા વગરના છે એમ કહી શક્યા હોત અને એ વખતે તેમણે પ્રશ્ન ઉભો કરી અને કદાચ કહ્યું હોત તો હું સ્વીકારત. પણ તેણે right to speak હતું અને તેનાથી આગળ અને કોઈ પણ મંત્રીશ્રી તેના વખતે બોલી શક્યા હોત, ત્યારે બોલ્યા નહીં એણે જવાબ આપ્યો નહીં અને છતાં અત્યારે તે મુદ્દો નથી અને ઉભો કરે છે. જો મંત્રીશ્રી સાચા હોય તો આના પછીના અનેક મોકાઓ આવવાના છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, મારી પાસે તેમના તરફથી જે રજૂઆત આવી વિરામ દરમિયાન તે ગઈ કાલે ઉભી થયેલી પરિસ્થિતિ વિશે તેમણે આક્ષેપો કર્યા તે અંગે વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કરવા માટે તેમણે આપ્યો છે. અને આ ૨૫૨ નીચે જુઓ તો તેમને વિશેષાધિકાર ભંગનો મુદ્દો ગમે તે સમયે ઉભો કરવાની તક આપવા..(અંતરાય) મારી પાસે મંજૂરીનો કાગળ આ રહ્યો. મારી પાસે મંજૂરીનો કાગળ છે, મેં મંજૂરી આપી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, precisely that is what I was telling. I would like to plead that the right given under rule ૩૭ is a fundamental basic right of any Hon&ble Member in this House. That right gets infringed. I am concerned about the right; I am not concerned about the point of order. I am not concerned about the procedure; I am not concerned about anything else. When the right gets infringed, the Hon&ble Member has made some allegations. Sir, તેમને જણાવવાનો અધિકાર છે, અધિકાર જોખમાય છે મારો તેમની સામે વાંધો છે અને તે પદ્ધતિ આપણે ત્યાં *(xxxxx) રીતે વિકસતી જાય છે.

**અધ્યક્ષશ્રી** : * (xxxxx) શબ્દ હું કાઢી નાંખું છું અગાઉ પણ નથી વપરાયો. આપે જે માગણી કરી છે તે માગણી ઉપર આવો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, I withdraw that word. પણ સાહેબ મારો કહેવાનો મુદ્દો એ હતો કે, જે રીતે આક્ષેપો કરવામાં આવે છે પદ્ધતિ જે તેના માટેની આક્ષેપો...

**અધ્યક્ષશ્રી** : આપ જે આક્ષેપ ગઈ કાલે થયો છે એ આક્ષેપ માનો છો, તે ઉપર આપે જે કહેવું હોય તે કહો.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તેના ઉપર આવું છું પણ તેના સપોર્ટમાં એક દાખલો આપવા માંગુ છું. તેમાં ગઈ કાલે જે ઉચ્ચારણો થયા સાહેબ તેમાં માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ એવું કહ્યું કે, અમારે ૩૨ હજાર ૧૫ હજારના બદલે ૩૨ હજાર આપીએ તો અમે સ્વીકારી લઈશું. એટલે ૩૨ હજાર પ્રતિ ચોરસ મીટરના ભાવે ૧૫ હજાર પહેલાં નક્કી કર્યા હતા તેની જગ્યાએ ૩૨ હજારના ભાવે આ જમીન છત્રાલના ગ્રુપને આપવાનું નક્કી થયું.
આજે એ વિસ્તારની અંદર એ જમીનના ભાવ ૧,૧૦,૦૦૦/- ચોરસ મીટરના હોટેલ બનાવવા માટે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી માહિતી મુજબ જંત્રીના ભાવ પણ ત્યાં બાંધકામ સાથે ૩૩,૫૦૦/- છે. (અંતરાય) સાહેબ, જો એમને ચાલુ જ રાખવાનું હોય..

**અધ્યક્ષશ્રી** : આપણે એમને સાંભળી લઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ છે કે પ્રશ્નોત્તરી પછી અને દિવસના કામકાજની યાદીની પહેલા પરમિટ થાય. This is not the time to speak. આપ નિયમ જોઈ લો. માનનીય અધ્યક્ષશ્રી, આપ ૨૫૨ જૂઓ. આ અત્યારે ન થાય સાહેબ. ૨૫૨ આપ વાંચો. " અધ્યક્ષ જો નિયમ ૨૪૯ અન્વયે સંમતિ આપે અને તેમને લાગે કે ચર્ચા માટે આવેલ મુદ્દો નિયમ પ્રમાણે છે. તો પ્રશ્નોત્તરી પછી અને કામકાજની યાદી મુજબ કામકાજ શરૂ થાય તે પહેલા. This is not the proper time to raise this issue. અને how can we go out of the rules? When rules provides આપ એમને સોમવારે કહેજો. પ્રશ્નોત્તરી પૂરી થાય પછી. આપ પરમિટ કરતા હોય તો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Sir I like to quote ૨૫૨.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : સાહેબ, ૨૪૯ આપ પહેલા જોઈ લો. There is no urgency.

**અધ્યક્ષશ્રી** : તમને પણ સાંભળ્યા. એમને પણ સાંભળીએ.

**શ્રી જયનારાયણ વ્યાસ**: સાહેબ, નિયમ ૨૫૨ મુજબ, "વધુમાં અધ્યક્ષ પોતાને તે બાબતની તાકીદ વિશે ખાતરી થાય તો પ્રશ્નોના નિકાલ પછી બેઠક દરમ્યાન ગમે તે સમયે, પ્રશ્નોના નિકાલ પછી બેઠક દરમયાન ગમે તે સમયે વિશેષાધિકારનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની રજા આપી શકશે. (અંતરાય) Sir, It is urgency.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તાકીદનું તત્વ હોય તો, પણ અહીં તો તાકીદનું તત્વ નથી, કેમ કે ગઈકાલનો પ્રસંગ છે. આજે શું કામ Rules તોડીએ છીએ આપણે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : Sir, wrong things are going in to the public mind. સાહેબ, અરજન્સી કઈ રીતે છે તે હું સમજાવું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોઈ તાકીદનું તત્વ કયારે હતુ? પ્રસંગ ગઈકાલનો છે. આજે રૂલ્સ કહે છે કે તાકીદ સિવાયની બાબત હોય તો પ્રશ્નોત્તરી પછી અને દિવસના કામકાજની યાદી પહેલા, તાકીદ તો ગઈકાલે એ તત્વ પૂરું થઈ ગયું છે. ગઈકાલનો પ્રસંગ છે. આ હવે જયારે હાઉસ મળે ત્યારે પ્રશ્નોત્તરી પછી, દિવસના કામકાજની યાદી પહેલા, જો આપ એ પરમિટ કરો તો જ. ત્યારે થાય. આજે તાકીદનું તત્વ ન હોઈ શકે સાહેબ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Sir, Now I will come to the point of urgency. કેમ અરજન્સી છે. કાલે સર, (અંતરાય) It is my right to make a submission before the Honorable Speaker, and I am utilising that right.

**અધ્યક્ષશ્રી** : તમને મેં સાંભળ્યા. એમને પણ સાંભળવા પડે ને. (અંતરાય) શ્રી જયનારાયણભાઈ સિવાય કોઈ બોલે નહીં.

**શ્રી જયનારાયણ વ્યાસ**: સાહેબ, આમાં મારો મુદ્દો એ છે કે ગઈકાલે આક્ષેપ થયા, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી કહે છે કે અરજન્સી શું છે? તો સાહેબ, અરજન્સી એ છે કે ગઈકાલે એમણે આક્ષેપો કર્યા. એને કાલે જ કેમ ન કર્યુ? તો સાહેબ, અમે એવું માનીએ છીએ કે જયારે પૂર્વ વિરોધ પક્ષના નેતાશ્રી કક્ષાના એક સિનિયર ધારાસભ્યશ્રી જયારે આ ગૃહમાં કોઈ પ્રશ્ન ઉપાડતા હોય, ત્યારે એમણે કોઈ માહિતીના આધારે ઉપાડયો હોય તો અમારે ચકાસવી પડે. કાલે ને કાલે કેમ નહીં ઉભો કર્યો, તો એમને, It was the benefit of doubt given to him because he is senior enough. We thought that we must give due weightage and it is towards due respect to him that we did not bring up the issue yesterday. સાહેબ, ગઈકાલે કેમ ન લઈ આવ્યા, તો હવે અમે અર્જુનભાઈને એટલા ગંભીરતાથી લેવા માગતા હતા કે એમણે જયારે આક્ષેપ કર્યો છે ત્યારે એમાં વાતમાં વજુદ છે કે નહીં, વાતમાં તથ્ય છે કે નહીં, એ જાણવું જોઈએ. એટલા માટે સાહેબ, અમે ગઈકાલે ન લઈ આવ્યા. આજે કેમ લઈ આવ્યા? તો આજે સાહેબ, એ ખોટા આક્ષેપો માધ્યમોમાં ગયા છે. અને આજે એનું ખંડન ન કરવામાં આવે, તો આ ખોટા આક્ષેપો માધ્યમોમાં ગયા પછી, અઠવાડિયા પછી એને લાવીએ, એનો અર્થ નથી સાહેબ. That is what defines my urgency. આ તાકીદ કેમ છે, તો આ તાકીદ આટલા માટે છે, સાહેબ. અને એટલા માટે અમે વેરિફાઈ કરતા હતા, શકિતસિંહભાઈ, કે અમે એવું માનતા હતા કે

અર્જુનભાઈ કહે છે, તે બધું બરાબર હોય છે. (અંતરાય) સાહેબ, એક મિનિટ. Sir, Please permit me. Now that the Leader of the Opposition says that બધું બરાબર છે. (અંતરાય) સાહેબ આ જે નિત્યાનંદ..

**અધ્યક્ષશ્રી** : એમણે જે તાકીદના તત્વની વાત કરીને જે પ્રશ્ન ઉભો કર્યો છે, એના ઉપર હું કહી દઉં. પછી આપ આ પ્રશ્ન ઉપર કહેજો.

**શ્રી જયનારાયણ વ્યાસ**: હા,જી. સર.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) શ્રી જયંતિભાઈ, એક ગંભીર ચર્ચા ચાલે છે. મહેરબાની કરીને આપ દખલ ના કરતા. શ્રી શકિતસિંહજીના મુદ્દાની અંદર નિયમો માટેનો ખૂબ આગ્રહ છે અને તેઓ હંમેશા આગ્રહ રાખતા હોય છે. હું એમના નિયમ માટેના આગ્રહને હંમેશા આવકારું છું. મારી પાસે આજે બપોર પછી રજૂઆત આવી.. નિયમ ૩૭ મુજબ માનનીય સભ્યશ્રીની પોતાની જવાબદારી બને છે કે એમણે જે પ્રકારના આક્ષેપો કર્યા, એ વખતે એમણે મંત્રીશ્રીને જાણ કરવાની હતી. તો ગઈકાલે આ મુદ્દો ૩૭ ના નિયમ પ્રમાણે કેમ ના ઉભો કર્યો એ પ્રશ્ન આપે ઉભો કર્યો, પરંતુ એ વખતે આપણી નિયમો નીચેની જે જવાબદારી હતી કે આ સભાગૃહમાં આક્ષેપો કરવા આવતાં પહેલાં માનનીય મંત્રીશ્રીને એની જાણ કરવાની અને મને પણ એની જાણ કરવાની હતી એ થયું નથી. એટલે નિયમોનો આગ્રહ છે ત્યારે નિયમ ૩૭ નીચે (અંતરાય) નહીં, નહીં, આપણે નિયમોનો અનુકુળતા મુજબ ઉપયોગ કરીશું તો એનો આ અસર રહેશે નહીં. મંજૂરી કેમ આપી એની વાત તો કરવી પડશે ને. આજે જો ખુલાસા માટે મારી પાસે આવ્યા હોત તો કહેત કે આ ખુલાસો કેમ ના આપવામાં આવ્યો અને એટલા માટે આજે બપોર પછી રિસેસ પછી માનનીય મંત્રીશ્રી મારી પાસે આવ્યા હતા અને ત્યારે ત્યાં જ આ પ્રશ્ન પૂછયો હતા તેમને કે આ મુદ્દો તમે કાલે કેમ ના ઉભો કર્યો? ત્યારે તેમણે એમ કહયું કે જે વાત અત્યારે કહી રહ્યા છે એ વાત કહી કે મારી એક લાખ દસ હજારવાળી જે વાત છે. જમીનના ભાવની કારણે જે ૩૨ હજાર રૂપિયfનો ભાવ ચૂકવાયો છે એ અંગેનો રેકર્ડ તપાસીને મારે જવાબ આપવાનો હતો. જો એ પહેલેથી નોટિસ મને મળી હોત તો આ સભાગૃહમાં તૈયારી સાથે આવ્યા હોત. હવે આક્ષેપ થયા પછી મારે તપાસ કરીને જવાબ આપવો જોઈએ એટલે અમાં મને વિલંબ થયો અને એ વિલંબ, ૨૫૨ નીચે તાકીદના વિષયની ખાતરી થાય તો.મંજૂરી આપી શકાય. મને આ તાકીદની વિષયની ખાતરી થઈ એટલા માટે કે જે વિલંબ થયો છે એ ચકાસણી માટેનો થયો છે. આ આક્ષેપો પહલેથી જ નિયમ-૩૭ નો ઉપયોગ કરીને શ્રી અર્જુનભાઈએ કર્યા હોત તો હું ખુલાસો કરવાની તક પણ ન આપત, પરંતુ એ નોટિસ આપી ન હતી. તેમણે મને પણ નોટિસ આપવી જોઈતી હતી તેમણે જે મંત્રીશ્રી સામે આક્ષેપો કરવાના હતા તેમને પણ નોટિસ આપવી જોઈતી હતી અને એ નોટિસ આપીને આક્ષેપો કર્યા હોત તો હું વિશષધિકારનો નિયમ ૨૫૨ નીચે જે મુદ્દો ઉપસ્થિત કરવાની વાત કરી છે એ પણ ના કરવા દેત. મંત્રીશ્રી, આપે હવે જે મૃદ્દો ઉપસ્થિત કરવો હોય એ કરો. (અંતરાય) કોઈપણ સભ્ય જયારે આવી ગંભીર બાબત ચાલતી હોય ત્યારે ડખલ ના કરે અને જો કોઈ ડખલ કરશે તો એમને બહાર કાઢીશ. વિષયની ગંભીરતા સમજીને વચ્ચે અવાજ ના કરશો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત પૂરી કરી લઉં. પછી જવાબ આપે. મારી જે ચિંતા છે અને આપણા સૌની પણ ચિંતા હોવી જોઈએ કે આ ગૃહની એક ગરિમા છે, આ ગૃહમાં બેસતો એકે એક સભ્ય એ પ્રજાનો પ્રતિનિધિ છે. ૧૮૨ સભ્યો એ સાડા પાંચ કરોડની ગુજરાતની જનતાના પ્રતિનિધિ છે. એટલે કોઈપણ સભ્યશ્રી સામે આક્ષેપ કરતાં પહેલાં અથવા કોઈપણ બહારના તત્વોની સામે આપણે એવી પધ્ધતિમાં જતા જઈએ છીએ આ ગૃહને કયાં લઈ જઈને છોડીશું? ગૃહની ગરિમાને એટલી નીચે ઉતારતા ચાલ્યા છીએ એનો એક દાખલો આની સાથે જોડીને હું કહું તો હમણાં સવારનાં સ્વામી નિત્યાનંદની વાત કરી, બિલ કલીન્ટન નિત્યાનંદને મળે તો વાંધો નહીં, કોંગ્રેસના પ્રમુખ નિત્યાનંદને મળે તો વાંધો નહીં, એસ.એન.ક્રિષ્ણાને ફોટા હોય તો નિત્યાનંદની સાથે હોય તો વાંધો નહીં અને નિત્યાનંદના નામે પછી અહીં માળાઓ જપવી છે. તો આ જાહેર જીવનમાં રહેલા માણસે કયાંક કોઈની સામે ફોટા પડાવ્યા હોય તો આક્ષેપો કરવાના અને એ આક્ષેપને કારણે પ્રસિધ્ધિ મળે એ લઈને આપણે આગળ ચાલવાનું? આપણે આ ગૃહની ગરિમાને કયાં લઈ જવા માગીએ છીએ? એટલે આ વાત છે એ ગૃહની ગરિમા માટે. અત્યંત ગંભીર બાબત છે અને માનનીય અર્જુનભાઈએ આગળ કહ્યું કે મારા સાથી ધારાસભ્યો પ્રમાણિકતાથી કામ કરે છે, પરંતુ કટકી બટકી કરનાર કહેનારા કેવા છે એ આના ઉપરથી સ્પષ્ટ થાય છે. એનો અર્થ એ થયો કે સમગ્ર ટ્રેઝરી બેંચ અને અહી બધા જે બેઠેલા છે ધારાસભ્યો એ કટકી બટકી કરે છે. તો આ આપણે આપણી જાતને કઈ જગ્યાએ લઈ જવા માગીએ છીએ? We must have self-esteem. We must have self-pride. We represent the people of Gujarat. This House is not meant for making this kind of allegations. આ જાતના આક્ષેપો કરવામાં આવે અને પછી એમ કહેવામાં આવે કે આનાથી મોટું કૌભાંડ બીજું કોઈ હોઈ શકે નહીં. એટલા માટે કહું છું કે આની આપણી વિધાનસભાના સભ્યોની કમિટી બનાવવામાં આવે. આપે જે આક્ષેપો કરેલ છે. આ પ્રકારના આક્ષેપો કૌભાંડો છે, જે કટકી બટકી થાય છે, ખોટી રીતે જમીનની કિંમતો આપવામાં આવી છે, જમીનની કિંમતો મેળાપીપણામાં ઓવી કરે છે આ ગંભીર પ્રકારના આક્ષેપો છે. This, without proper notice, infringes my right, as a Member. Infringes right of any Hon&ble Minister, as a Member.કારણ કે મંત્રીશ્રી છે તે સાથે સાથે ગૃહના સભ્યશ્રી પણ છે. આ ગૃહના સભ્યશ્રી સામે આક્ષેપ કરવો હોય તો પણ નોટિસ આપ્યા વગર કરી શકાતો નથી. How can

you make allegations against anybody without giving appropriate notice and therefore, sir, I believe that this is the fittest case and this case should go as a case in point as far as the Garima of the House is concerned કે આ વિશેષાધિકારનો ભંગ થાય છે, સભ્યશ્રીના પણ થાય છે અને માનનીય સંબંધિત મંત્રીશ્રીનો પણ થાય છે. અને I propose before the Hon'ble House that the Hon'ble Member be taken before the Privilege Committee. આ મારી દરખાસ્ત છે.

**અધ્યક્ષશ્રી** : ભાવો અંગે કંઈ ખુલાસો કરવો હોય તો કહી દો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ છે. અને કોઈ પણ કોર્ટના જજમેન્ટ કોમેન્ટ માટે હોતા નથી. એટલે I have refrained from making any comment on whatever has been decided by the apex court of the country. The apex court of the country has applied its mind, given a judgment, I cannot comment on the judgment. This House is not meant for commenting on the judgments of the courts and I would not do that, sir.. સવાલ એ છે કે આ પ્રકારના આક્ષેપ કોર્ટના જજમેન્ટ ઉપર, અને મેઘા પાટકર વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતમાં જજમેન્ટ સુપ્રિમ કોર્ટે આપ્યું છે કે, Court judgments or observations are not meant for criticism or celebrations. સાહેબ તેનો ઉપયોગ કરીને કોઈપણ પ્રકારની રાજકીય વાત આગળ લઈ જવાનો પ્રયત્ન કરી શકાય નહીં. That is not the issue of this House. The issue of the House is our privilege is breached and we must get protection under the breach of privileges.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે જે હું બોલ્યો તે વર્બેટમ માનનીય મંત્રીશ્રી વાંચી ગયા, અને એમાં એવું કહયું કે હું આટલું આટલું બોલ્યું છે. મે તો માગણી એટલી કરી હતી કે આની અદર જે ભાવ ડીફરન્સ છે અને સમગ્ર ઘટનાની ચકાસણી કરવા માટે તપાસની માગણી મે કરી છે. આમાં જે ભાવનો ડીફરન્સ છે એમાં સરકારને કેટલું નુકસાન ગયું, મારી પાસે માહિતી છે એ ૧ લાખ દસ હજારની હશે, બીજા કોઈ પાસે હશે તે દસ હજારની હશે. વળી કોઈકની પાસે ૧ લાખ દસ હજાર કરતાં વધારે પણ હશે. આની તપાસ આ વિધાનસભાના સભ્યોની સમિતિ મારફત કરાવવી જોઈએ એવી મારી માગણી હતી. એમાં માનનીય જયનારાયણભાઈ વર્બેટમમાં બોલી ગયા, મેં કોઈ મંત્રીશ્રીનું નામ લીધું નથી. હા એ ચોકકસ વાત છે કે મેં શરૂઆત કરી ત્યારે રાજય સરકારના વિભાગના જુદા જુદા પત્રો છે તે પત્રોના રેફરન્સ આપી અને એ પત્રોમાં માહિતી હતી એ માહિતી ઈન્વર્ટેડ કોમામાં વાંચી, અને પછી એ આ ગૃહ સમક્ષ મૂકી છે. સરકારી રેકોર્ડમાં રહેલ દસ્તાવેજ સાથે જે માહિતી હતી તે તમામ માહિતી મૂકી છે. અહીં મેં એટલી જ માગણી કરી છે, સરકાર એમ કહે છે કે ૩ર હજાર છે તે બરાર છે, હું એમ કહું છું કે ૧ લાખ દસ હજાર છે તે બરાબર છે તો આ નકકી કોને કરવાનું? નકકી ત્યારે જ થાય જયારે આ જમીનની જાહેર હરાજી થાય. સરકાર જાહેર હરાજી કરે અને જાહેર હરાજી કર્યા પછી જો ૩ર હજાર રહે અથવા તો ૩ર હજારથી નીચા આવે તો હું સ્વીકારીશ કે મારો આંકડો ખોટો હતો અને મેં આ ગૃહને ગેરમાર્ગે દોર્યુ છે. હું કબૂલ કરવા તૈયાર છું. અને એટલું જ નહીં જો ૩ર હજાર કરતાં ઓછા પૈસા આવે તો હું ધારાસભ્ય તરીકે રાજીનામું આપીશ અને જાહેર જીવન પણ છોડી દઈશ, પણ ૩ર હજારથી વધારે આવે તો રાજય સરકારે માફી માગવાની તૈયારી રાખવી પડશે. મેં જાહેર હરાજી કરવાની માગણી કરી છે એટલું જ નહીં મેં તો આ જમીન વેંચવી જ નહીં જોઈએ તેવી માગણી કરી હતી, આ જમીન દાનમાં લીધેલી છે. ન વેચવાની કારણ કે ખેડૂતોની જમીન છે, દાનમાં લીધેલી જમીન છે એટલા માટે. વેચવાની હોય તો પારદર્શક રીતે વેચે કોઈ વાંધો નથી. પહેલા તમે એમ કહો, પેલી એજન્સી ૭૫૦માં જમીન માગે. કલેકટર પંચ ક્યાસ એવો કરે કે ૧૫ હજાર અને ફરી પાછા ૩ર હજાર. સાહેબ સરકારમાં તો ૧૫ ના ૩ર થઈ ગયા તો ૩રના ૬૪ થાય જ. ના થાય તેવો તો કોઈ સવાલ જ નથી. ટ્રાન્સપરન્સીઝ રીતે વેચે અને ૩ર હજારથી ઓછા આવે તો હું એડવાન્સમાં માનનીય અધ્યક્ષશ્રીને અત્યારે જ રાજીનામું એમના હાથમાં આપી દેવા માગું છું. પણ હરાજી કરવી જોઈએ. હરાજી વગર નહિ, સરકાર ઓકશન કરે અને એમાં હું ખોટો ઠરું તો હું તમારી વાત સ્વીકારીશ અને જાહેર જીવન છોડવાની મારી તૈયારી છે. આપ એમ કહો કે અર્જુનભાઈ એક લાખ અને દસ હજારના આંકડા ખોટા કહે છે એ વાતમાં હું સંમત નથી. આપના આંકડા સાચા નથી એટલું જરૂર કહીશ. એ આંકડા એટલા માટે કહું છું કે એની અંદર આપ માત્ર બંધ બેસતી પાઘડી પહેરી લો એ વાજબી ન કહેવાય. હું કોઈની ઉપર બંધબેસતી પાઘડી પહેરાવવા નથી માગતો. હું તો તપાસ કરાવવાની વાત કરું છું. તપાસની અંદર જે સાચુ આવે મારે પક્ષે જે જવાબદારી આવશે તો હું વિશેષાધિકાર નહિ આ ગૃહમાં લાયક નથી એમ હું સામેથી કહી દઈશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિશેષાધિકાર, સંવેદનશીલ અને ગંભીર બાબત છે અને એનો ઉપયોગ પણ આપણી સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિના પુસ્તકમાં. મને આનંદ છે કે આપણી વિધાનસભાએ જે પુસ્તક બહાર પાડ્યું છે એને કોટ કરીને મારી વાત કરીશ. પણ એની પહેલા સંક્ષિપ્તમાં બે વાત કહેવા માગું છું.

માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે હાઈકોર્ટના જજમૅન્ટ ઉપર there cannot be any comment. આપણે ત્યાં જોગવાઈ છે if the matter is sub-judice આપણે નથી કરતાં. But when the matter is

over we certainly quote it, discuss it and dissect it. આપણે અહીંયા dissection પણ કર્યા છે જજમૅન્ટના. આ વિધાનસભા ગૃહમાં કર્યા છે એટલે એ વાત તો આપણે નહિ કરી શકીએ કે જજમૅન્ટ આવી ગયું છે એટલે અર્જુનભાઈ બોલી નહિ શકે કોટ ન કરી શકે અને આક્ષેપ કર્યો.

બીજી બાબત આપણે પ્રજાના પૈસાની ટ્રેઝરીના રક્ષક તરીકે ભૂતકાળના અનેક જજમૅન્ટ છે, આમાં આપને ચેમ્બરમાં આવીને પણ એ બતાવીશ સમય બચાવવા માટે કે કયારેય કોઈપણ બાબત વિશે સભ્યશ્રી બોલતા હોય છે ત્યારે સભ્ય પાસે મર્યાદિત મર્યાદા હોય છે. અને એટલે જ આ ગૃહ હંમેશા ઉદારતા સભ્ય તરફ દર્શાવી છે કે સભ્યને ફાઈલનો એકસેસ નથી હોતો સભ્ય સરકારમાં બેઠેલો નથી, એ ટ્રેઝરી બેંચનો માણસ નથી કે જેની પાસે આખું તંત્ર છે પ્રજાનો અવાજ રજૂ કરે ત્યારે એની પાસે જે માહિતી હોય એના આધાર ઉપર વાત કરતા હોય એને જો આપણે ફિકસમાં મૂકવાની વાત કરતાં હોઈએ. અચ્છા, આક્ષેપ કંઈ એવી ગંભીરતા વાળો હતો કે જેમાં નિયમ અનુસરવો પડે. સભ્યશ્રીની વાત જે હતી એ કે જો તમે આજે જે ભાવે આપી છે અને કોર્ટમાં તો આપ જ પાર્ટી હોઈ શકો? સરકાર અને કોઈ જમીન લેનારો માણસ બે જ પાર્ટી હોય અને બંને કોર્ટને જે વાત કરે એ પ્રમાણે જજમૅન્ટ આવ્યું અને આપણે એને સ્વીકારી લેવું નહિ. સામાન્ય રીતે આપણા જે નિયમો, પ્રથા જોગવાઈઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર એકટ, Competitive bidding must be there. આપણો એકટ છે. આપ competitive bid મંગાવ્યું નહિ એટલે આ થયું ને. આપે competitive bid મંગાવ્યું હોત તો આ પરિસ્થિતિ જ ન થાત એ સંજોગોમાં જ્યારે કોઈ સ્પેસિફિક કોઈની સામેનો આક્ષેપ નથી કોને અર્જુનભાઈ લખીને આપે. માનનીય અર્જુનભાઈ આક્ષેપ માટે કોને આપે. હમણાં જયનારાયણભાઈ પૈસા ખાઈ ગયા છે એવું કહેવાનું હોય. આક્ષેપ કરતા હોય. તંત્રમાં અધિકારી, કર્મચારી નાનો માણસ કે મોટો માણસ કંઈક ખોટું થયું છે કટકી બટકી કંઈક થઈ છે એટલા માટે આ વાત હું ધ્યાન ઉપર લાવું છું એમ કહીને મારા જાગૃત ધારાસભ્યશ્રીએ પ્રજાના નાણાં બચાવવાની એક વાસ્તવિક વાત કરીને આજે પણ એક સેન્સિટીવ થઈને એ કહે છે ત્યારે ગૃહે કયારેય સભ્યની બાબતમાં પડવું નહિ જોઈએ. સભ્યનો અધિકાર છે પ્રજાનો પ્રશ્ન રજૂ કરવાનો અને સરકારની થોડીક તો ઉદારતા હોવી જોઈએ. એમની પાસે તંત્ર લઈને બેઠા છે. હા, એમણે હરાજી કરી નથી હકીકત છે. આપ કહી શકશો કે અમે હરાજી કરી છે. આપે પહેલેથી એને આપવાનું કહ્યું એટલે આ પ્રશ્ન ઊભો થયો આપે સ્વીકારવું પડે. એનાથી આગળ વધીને સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તક બે એના પાના નંબર ૮૫૫.માનનીય અધ્યક્ષશ્રી, હું આપને ફરી નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે વિધાનસભાનું ગૌરવ વિશેષાધિકારની બાબતમાં ભૂતકાળમાં જે રીતે ધોરણો મૂકાયા છે એ માપદંડથી એક સેન્ટીમીટર પણ આપણે આગળ-પાછળ નહીં જવું જોઈએ. ૫૦ વર્ષની આ સ્વર્ણિમ જયંતિ ઉજવીએ છીએ ત્યારે તેને મક્કમતાથી વળગવું પડશે. Third line from the top of page ૮૫૫, ભાગ-૨. વિશેષાધિકારનો પ્રશ્ન ઉપસ્થિત કરવા માટેની શરતો એ પાના નં. ૮૫૪ પર છે. તેમાં ત્રણ પછી ૮૫૫, સાહેબ, ફ્રોમ ધ ટોપ થર્ડ લાઈન. સાહેબ, અહીં લખ્યું છે, સભ્યોને વિશેષાધિકારનો પ્રશ્ન ઉપસ્થિત કરવા માટે સંમતિ આપતાં પહેલાં અધ્યક્ષ સામાન્ય રીતે જે વ્યકિત સામે ફરિયાદ હોય તે વ્યકિતને અંગે શું કહેવું છે તે કહેવાની તક આપે છે અને જો વ્યકિત દિલગીરી વ્યક્ત કરે તો સામાન્ય રીતે અધ્યક્ષ સભ્યને ગૃહમાં ઉપસ્થિત કરવાની સંમતિ આપતાં નથી. I will pause here for a moment, I don't want to comment, કોઈ પણ પ્રકારનું આ ગૃહનું અવમાન કરવાનો માનનીય અર્જુનભાઈનો ઉદ્દેશ બીટવીન ધ લાઈન્સ પણ રીડ કરી શકાય તેમ નથી. તેમને જો બોલાવીને પૂછવામાં આવ્યું હોત તો આ પ્રશ્ન અહીં પહોંચત નહીં. ભવિષ્યમાં વિશેષાધિકારની બાબતમાં આ વસ્તુનું ચુસ્તપણે પાલન થાય એવો મારો આગ્રહ છે. એ જ પાના પર તે પછીનો ત્રીજો પૅરા, વિશેષાધિકારભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવા માટે બીજી શરત એ છે કે એ બાબતમાં ગૃહની દરમ્યાનગીરી જરૂરી હોવી જોઈએ. જો અધ્યક્ષને એમ લાગે કે બાબત ક્ષુલ્લક છે અને તેમાં ગૃહની દરમ્યાનગીરી જરૂરી નથી તો પ્રથમ દર્શને વિશેષાધિકાર ભંગ થતો હોય તો પણ અધ્યક્ષ તે પ્રશ્ન ઉપસ્થિત કરવાની સંમતિ આપતા નથી. બે ફોલ્ડમાં હું વસ્તુને મૂકું છું. સભ્યશ્રીઓ આ પક્ષના હશે કે સભ્યશ્રીઓ આ પક્ષના હશે. આજ સુધીની વિધાનસભાની ચર્ચાઓ હું કંઈ બહુ નિષ્ણાત છું એવું નહીં પણ એક વિદ્યાર્થી તરીકે વાંચતો રહું છું અને વિદ્યાર્થી તરીકે વાંચતા વાંચતા આજે કયાં, કોણ બેઠું છે, તેમણે કયા પ્રકારના, કેવા આક્ષેપ કર્યા હતા, શું બોલ્યા હતા આ બધું જ રૅકૉર્ડ આપણી પાસે છે. એક નહીં અનેક દાખલાઓ આપી શકું. આ બાબત તો એકદમ ક્ષુલ્લક લાગે તેની પાસે. તેનાથી ગંભીર બાબતો અને તેમ છતાં હું તો ભૂતકાળમાં કોઈ માનનીય અધ્યક્ષશ્રીએ આવી બાબતને વિશેષાધિકાર ગણી નથી. આ સંજોગોમાં હું તો માનનીય મંત્રીશ્રીને પણ કહું છું કે આજે અહીં ત્યાં કોઈ "યાવત્ચંદ્રૌદીવાકરૌ" નથી. એ અને હું બન્ને આમ બધી બાજુ ફર્યા છીએ. અહીંયા પણ અને ત્યાં પણ, ત્યારે આવી બાબતોને વિશેષાધિકારનો મુદ્દો બનાવવાને બદલે can't we take criticism in positive sense criticism from the opposition? Can't we direct the department ? ભલે ૫૦,૦૦૦ કે અને ૨૫,૦૦૦ પણ પબ્લિક ટ્રેઝરીમાં જો ઓકશન કર્યું હોત કે કોને કોને હોટલ બનાવવી છે? ચાલો, અમે જાહેરાત આપી છે છાપામાં જેણે હોટલ બનાવવી હોય એની ઑફર આપો. મારે ગુજરાતમાં હોટલો આવે, આવકારદાયક છે અને એ ઑફરો મગાવ્યા પછી જે હાઈએસ્ટ ઑફર જેની હોય, કોઈ પણની હોઈ શકે. એને હું ઈન્વાઈટ કરીશ અને એને આપીશ જેથી કરીને પ્રજાની તિજોરીમાં પાંચ પૈસા વધારે આવશે. આજે મારા સભ્યશ્રીને આ મુદ્દો અહીંયા ઉપસ્થિત કરવાની જરૂરિયાત પણ ન રહે. આપણે

અહીંથી સ્પેસિફિક એમણે લૅટરો ટાંક્યા છે કે અહીંયાથી આ પત્ર ક્રમાંકથી સૂચના આપવામાં આવી છે અને એ કમિશનરશ્રીનો પત્ર અહીં એમણે રજૂ કરીને વાત કરી હતી કે પત્રમાં આવું લખાયું છે. શા માટે શંકા પ્રેરાય છે? મુખ્યમંત્રીશ્રીની સૂચના મુજબ આ જમીન માટે આ મોકલી આપો, દરખાસ્ત. આવી સૂચના જાય એટલે સ્વાભાવિક છે કે એ સંજોગોમાં rather than going for it, ગઈકાલે અમિતભાઈ, તમે નહોતા. એ પત્ર વાંચ્યો છે. કમિશનર ઈન્ડસ્ટ્રીઝે જે પત્ર લખ્યો છે, કમિશનર ઈન્ડસ્ટ્રીઝનો પત્ર, હું સમજું છું. મેં રજૂ નથી કર્યો. If I am wrong, I will withdraw my words. But, what I understand is that there is a letter.શ્રી અર્જુનભાઈએ કમિશનરના વાક્યો ઈન્વર્ટેડ કોમામાં વાંચ્યા છે. એ સબજેકટમાં એટલા માટે નહીં જવું જોઈએ પણ એટલા માટે જવું છે કે, આ સંજોગો હોય ત્યારે મારા સભ્યે આ મુદ્દો ઊભો કર્યો અને એને વિશેષાધિકારમાં લઈ જવાનો હોય ત્યારે સર્વોપરી ગૃહ ગણી નાણાકીય અંકુશો માટેનું સર્વોત્તમ ગૃહ ગણી લોકશાહી વ્યવસ્થામાં આ બોલવાથી આ સભ્યની સામે વિશેષાધિકારનો પ્રશ્ન લાવવાનો હોય તો આ લોકશાહી વ્યવસ્થાને કયાં લઈ જવા માગીએ છીએ. હું તો માનનીય વજુભાઈને વિનંતી કરીશ કે ભૂતકાળમાં ઘણું થયું છે. આપ આ મુદ્દાને વિશેષાધિકારને લાયક ગણતા હોય તો આપણો હાથ અહીંયાં મૂકી વિચારીએ કે અહીંયાં કેટલા આક્ષેપો થયા છે? ભૂતકાળમાં અને આજેપણ થયા છે. હું રોજેરોજ લખીને આપની પાસે આવી શકું કે આ વિશેષાધિકારનો મુદ્દો છે. મેં આવા એકપણ બનાવો અંગે આ સભ્યશ્રીએ આ આક્ષેપો કર્યા છે એના માટે આપની પરવાનગી માગી નથી. આ મંત્રીશ્રીએ આ આક્ષેપો કર્યા એ અંગે પરવાનગી માગી નથી. મને વિશેષાધિકાર આપો. આ ક્ષુલ્લક બાબતો છે અને એના પછી મંત્રીશ્રીને બોલવાનો સમય મળ્યો છે, પણ એવું નથી. પ્રસ્તાવ રજૂ કરનાર સત્તાધારી પક્ષે જવાબ આપવાના હતા. એમણે પણ કશું કહ્યું નથી. સમય મળ્યો હતો, એ કહી શક્યા હોત કે શ્રી અર્જુનભાઈ તમારી વાત ખોટી છે. જંત્રીના ભાવ આ છે, સત્ય હકીકત આ છે, તમે કહો છો એમ નથી. મારી વાત transparent ની છે. ક્ષુલ્લક બાબતમાં વાત પૂરી થાય. આ રીતે વિશેષાધિકારમાં લઈ જવો છે. ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીનું વલણ આપણે લખેલ પુસ્તકમાં દ્દષ્ટિગોચર થયા પછી હું નથી ઇચ્છતો કે કયારેય આપણી કોઈ કાર્યવાહી એવી બહાર જાય કે જેના કારણે ગુજરાતનું એક માવળંકર દાદાના નામ સાથે જે પ્રણાલિકાઓથી પ્રસ્થાપિત થયેલું ગુજરાત વિધાનસભાનું નામ છે એ ક્યાંક કલંકિત થાય. આખરે તો અન્યાય થશે તો માણસ બહાર જશે. જે ઝંખવાશે પ્રતિભા એ ગુજરાત વિધાનસભાની ઝંખવાશે. એના માટેની ચિંતા આપણે કરીએ. આ આપનું એક દુરોગામી પગલું વિશેષાધિકાર ક્યારે, કેમ, કેવા સંજોગોમાં થાય છે એ પુસ્તક છે, એના ઉપર આપનો એક દૂરંદેશી નિર્ણય આવે એવી અપેક્ષા રાખું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને લાગણી એ બે જુદી વસ્તુ છે. લાગણીમાં કાયદાને ખેંચી શકાય નહીં અને કાયદાની સાથે લાગણીને જોડીને કાયદાનું અર્થઘટન કરી શકાય નહીં. પ્રશ્ન એ છે કે, જે કોઈ અત્યાર સુધી ગૃહમાં ગંભીર આક્ષેપો થયા છે, એવું નથી કે, ગૃહમાં સાથી પક્ષો દ્વારા આક્ષેપો નથી થયા અને આક્ષેપોને અમે ખેલદિલીપૂર્વક લીધા છે અને આક્ષેપોનો જવાબ આ રીતે અપાય. જ્યાં જરૂર હોય ત્યાં આક્ષેપોનો જવાબ અપાય પણ છે. આ કિસ્સાને સામાન્ય કિસ્સા સાથે જોડી શકતા નથી. આ કિસ્સામાં ચોક્કસ પ્રકારના હેત્વારોપણ સાથેનો આક્ષેપ છે. There is a mensrea when a statement is made અને એટલા માટે અમને ચિંતા થાય છે કે, દા.ત. સાથી પક્ષોની હંમેશાં એવી માગણી રહી છે કે, વાઈબ્રન્ટ ગુજરાતમાં તમારા એમ.ઓ.યુ. થાય છે એ એમ.ઓ.યુ.નો ઝડપથી અમલ થતો નથી. તમે શું કરો છો? એને કોટ કરીને એવું કહેવામાં આવે છે કે, આનુષાંગિક કાર્યવાહી ઝડપથી કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપવી પડે છે. પણ શેના માટે સૂચના આપી? એમ.ઓ.યુ.ની આનુષાંગિક કાર્યવાહી કરવી છે એટલા માટે વાઈબ્રન્ટ ગુજરાતને લગતી કાર્યવાહી છે એને કિંમતને કોઈ લાગતું વળગતું નથી. એમણે જે વાત કરી છે, I have to.. .. let me complete.

**અધ્યક્ષશ્રી** : પૂરું થવા દો, તમે બોલતા હતા ત્યારે.. એમનો અધિકાર છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : મેં વિરોધપક્ષના નેતાને શાંતિથી સાંભળ્યા છે. Let me complete my arguments, ત્યારે એવું કહેવામાં આવે છે કે, આ વિશે ઝડપથી કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. તેથી આ વિષયે સત્વરે એક મિટિંગનું આયોજન કરી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે. થયેલ કાર્યવાહીની અત્રે જાણ કરશો. માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર ઉદ્યોગ કમિશનર અને માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવે કાગળો લખ્યા એટલે સીધી રીતે મુખ્યમંત્રીશ્રીને વચ્ચે લાવવાની વાત છે. આમાં this is not indiciation કે જેમાં વહિવટી તંત્રે ખોટું કર્યું એવું કહેવાનો આક્ષેપ હોય અથવા તો હેત્વારોપણ થતું હોય તો એવું હેત્વારોપણ કર્યું છે. બીજું કાંઈ ન હોય આક્ષેપ ક્ષુલ્લક છે. આક્ષેપ ક્ષુલ્લક કહેવાય? આત્મારામભાઈના ભગવાન કેવા છે અને ભગવાનની ચિંતા કોને છે.. અંતરાય.

**અધ્યક્ષશ્રી** : ભગવાનવાળી વાતને રહેવા દો અને ડીબેટની બધી વાત જવા દો, જે જમીન અંગેનું પ્રકરણ..

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ હું બે જ વાત વાચું છું વારંવાર એમ ઘણા લોકો કહે છે કે હું ખાતો નથી ખાવા દેતો નથી પણ નાના ટૂકડામાં હું પડતો નથી અને મોટા ટૂકડા મારા સિવાય કોઈ નક્કી કરતા નથી આ સ્પેસીફીક હેત્વારોપણ સાથેનો આક્ષેપ છે અને ચોક્કસ હેતુથી કરવામાં આવેલ આક્ષેપ છે Now I come to the

issues raised by the Hon`ble Leader of Opposition. સાહેબ એ જ પાન નં. ૮૫૫ ઉપર બીજી કલમમાં લખ્યું છે કે વિશેષાધિકારના ભંગ અથવા અવમાન માટે પ્રથમ દર્શનીય કેસ હોવો જોઈએ. ધેટસ ઓલ. There has to be a prima facie case કારણ કે ત્યાર પછી એમાં સત્વ છે, તત્ત્વ છે નથી , શું છે એ તો વિશેષાધિકાર સમિતિએ નક્કી કરવાનું છે. There is a process by which you can go, એટલે એમાં અત્યારે કંઈ વિશેષાધિકાર સમિતિને કેસ સોંપવાથી આ પ્રથમદર્શીય કેસ નથી અથવા છે એટલી જ ક્ષુલ્લક વાત નથી એટલા પૂરતી જ વાત નક્કી કરવાની છે, ત્યાર પછી કોર્ટના જજમૅન્ટની વાત થઈ, કોર્ટના જજમૅન્ટ ટંકાય છે, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી તો એક કાબેલ લોયર છે. મારી એમને વિનંતી છે કે હાઈકોર્ટમાં કોઈ કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા જજમૅન્ટને આ જજોએ ખોટું જજમૅન્ટ આપ્યું અને ચલાવી લીધું એમ કહીને ટીકા કરીએ તો શું પરિણામ આવે આ ગૃહની બહાર એ એમને સુવિદિત છે. કોર્ટના જજમૅન્ટ એના ઉપર ટીકા ના હોઈ શકે, એમને ટાંકી શકાય, હા, અર્જુનભાઈએ ટાંક્યું હોત કે આ સુપ્રીમ કોર્ટનું જજમૅન્ટ છે અને એના અનુસાર સરકાર આ નિર્ણય લેવા માટે બંધાયેલી હતી. He was fully within his right. કયા context માં તમે જજમૅન્ટ ટાંકો છો this is important. The quotation of judgment or discussion or dissection of the judgment is not precluded from the means available to the members of the Hon`ble House. પણ એ કયા કન્ટેકસમાં કહેવામાં આવે છે એ અગત્યનું છે. એવું કહેવામાં આવ્યું કે સભ્યશ્રી પાસે પૂરતી માહિતી ન હોય, પૂરતી માહિતી જંત્રીની જાહેર હકીકત છે. વેબસાઈટ ઉપરથી પણ મળી શકે છે. અને જંત્રીની માહિતીની એની કિંમત કેટલી છે એ મેળવવા માટે કોઈ સરકારી ફાઈલો જોવાની જરૂર ના હોય, માહિતી કેમ ન હોય જંત્રીની આટલી કિંમત છે અને છતાં આટલી કિંમતને તમે કહો અને એ કિંમતને તમારી મરજી પ્રમાણેના આકડા મૂકી દો. That right does not become available to any member of the Hon`ble House. Third thing કે આ હરાજી કરો, હરાજી કરો કહેવામાં આવે છે આ શકય છે? હું રાજીનામું આપી દઈશ, ખૂબ લાગણીશીલ વાત છે. અને અમે ઇચ્છીએ કે અર્જુનભાઈને એનો અમલ ના કરવો પડે પણ આ કોર્ટનું જજમૅન્ટ આવ્યા પછી knowing fully well that this remedy is not available. જાણી જોઈને પછી આપણે એમ કહેવાનું કે હું રાજીનામું આપી દઈશ, કોર્ટના જજમૅન્ટ ઉપર તમે હરાજી કરશો? કોર્ટના જજમૅન્ટને.. .. હું સાહેબ I am coming to that. માનનીય Leader of Opposition આઈ એમ ગ્રેટફુલ ટુ હીમ, મને એક પછી એક મુદ્દા ક્યાંક વકીલના કિસ્સામાં હું કાચો હોઉ તો આ કરી શકાય. (અંતરાય) સાહેબ આ જે કંઈ રેમેડી અવેલેબલ હતી એ વિપક્ષના નેતાશ્રીને કે અર્જુનભાઈને અવેલેબલ નહોતી? *(xxxxx) એને..ધીસ વોઝ ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : સતત (અંતરાય) અંતરાય.. આ અસંસદીય છે. કે અહીં ના બોલવું જોઈએ અને કોર્ટમાં જવું જોઈએ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : લેટ હીમ કમ્પલીટ (સતત અંતરાય) નહીં નહીં એ હું કાઢી નાખું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : I have not, સાહેબ મેં આવું નથી કહ્યું he is distorting my words. મેં એવું કહ્યું છે કે remedy was available to member like any citizen of India. સાહેબ જાણી જોઈને આ ખોટી વાત કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : યુ કેન કરેકટ(અંતરાય) મુખ્ય મુદ્દા ઉપર આવો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : જાણી જોઈને ખબર છે કે કોર્ટના જજમેન્ટો વિધાનસભામાં ડિસ્કસ કરી શકાતા નથી. કોર્ટનું જજમૅન્ટ કોર્ટમાં જ ચેલેન્જ કરી શકાય છે. અહીંયા આવીને તમારે વાત એમ કરવી છે કે હું રાજીનામું આપી દઈશ. કાયદાનું માત્ર આપને જ ખબર છે.

**અધ્યક્ષશ્રી** :આપ મુખ્ય મુદ્દા ઉપર જ ટકી રહો. આપનો જે મુદ્દો છે એ જ કહો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ મુદ્દો મારો બહુ સ્પષ્ટ છે. This is the only remedy available. ..No auction was possible and Government has not done it. Government could not have done it. You should have challenged in the court of law if you are so sincere. I am tempted, I do not want to be, but I am tempted to believe. I am tempted to believe that there is something where you raise issue in the House. Sir, This is not fair. અમે ઊભો કરીએ છીએ એ ફેર નથી. It is our right and it is your prerogative to monitor the House. આપે પરમિટ કરેલ પછી બોલેલા સભ્યનું આ વિષયે અપમાન કરવું એ (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : I am commenting on the procedure only.

**અધ્યક્ષશ્રી** : હું સાંભળીશ ફરીવાર (અંતરાય) નહીં જવા દઈએ આપણે. તમને સાંભળીશ. જયનારાયણભાઈનું પતી ગયા પછી તમને બોલવાની હું તક આપીશ.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : I am commenging on the procedure only. સાહેબ, ભૂલ થાય તો સ્વીકારવી જોઈએ. એમની ભૂલ થઈ છે. I have high respect for Arjunbhai, he is good friend of mine. But, I am commenting only on what correct procedure should have been. I have right to comment on the procedure. The issue therefore, is....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બે વાત ઉપર તમે મદદ કરો. એક તો...(અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : હું કન્કલુડ કરું છું. કન્કલુડ કરતા મારે એટલું કહેવું છે કે એક તો આ ક્ષુલક મુદ્દો નથી. ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. એ આક્ષેપો કરવા જેટલી જાણકારી આ ગૃહના સિનિયર સભ્યશ્રીને ન હોય એવું માનવા માટેનું પ્રથમદર્શી કારણ નથી. અને જે પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા છે એ પ્રકારના આક્ષેપો આ ગૃહમાં ચાલું રહે તો આ ગૃહમાં માનનીય મંત્રીશ્રી અને આ ગૃહના સભ્યશ્રીઓના જે રક્ષિત અધિકારો છે એના ઉપર તરાપ આવશે. Therefore, this matter i want to move as motion before the House કે જે છે તે દરખાસ્ત વિશેષાધિકાર સમિતિને સોંપવી જોઈએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જયનારાયણભાઈ વિશેષાધિકાર ભંગના મુદ્દાના સંદર્ભમાં કહેવાનું કે ગઈકાલે માનનીય અર્જુનભાઈએ જ્યારે પ્રવચન કર્યું ત્યારે હું આ હાઉસમાં હતો. એ વખતે એમણે જે શરૂઆત કરી એનો કેટલોક ભાગ માનનીય જયનારાયણભાઈએ શરૂઆતમાં કીધો છે. મારે એ બાબતમાં ધ્યાન દોરવું છે. માનનીય શક્તિસિંહ એ વખતે ન હતા એટલે એમને ખબર નથી. અર્જુનભાઈએ એમના પ્રવચનમાં શરૂઆત કર્યા પછી આખી પદ્ધતિ બતાવી કે કેવી રીતે જમીન આપવામાં આવી. યુનિવર્સિટીના વી.સી.નો વાંધો હતો એ બધું બતાવ્યું. ઉદ્યોગ કમિશનરનું બતાવ્યું. પછી એમને ખબર છે કે આ પ્રકરણ હાઈકોર્ટ મેટર બની છે અને હાઈકોર્ટમાં રાજ્ય સરકાર ગઈ હતી હરાજી કરવા માટે. (અંતરાય) મારી વાત સાંભળો. મને સાંભળવો પડશે. એમના પ્રવચનની વિગત લઈને જુઓ. એમણે કહ્યું હતું. (અંતરાય) સાંભળો ભાઈ, તમે સાંભળો, મને સાંભળવો પડશે.

**અધ્યક્ષશ્રી** : તમે મુદ્દા ઉપર રહો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મુદ્દા ઉપર જ છું સાહેબ.

**અધ્યક્ષશ્રી** : મુદ્દા ઉપર રહો. કાલના પ્રવચન ઉપર કહેવાની તમને તક મળી ગઈ છે. ગઈ કાલે અર્જુનભાઈના પ્રવચન પછી તમને તક મળી છે. વિશેષાધિકારના મુદ્દા ઉપર આપે કંઈ કહેવું હોય તો કહો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારે ગંભીરતા બાબતનું ધ્યાન દોરવું છે કે માનનીય જયનારાયણભાઈએ કહ્યું એ પ્રમાણે આમાં કોર્ટ મેટર હતી. હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો. નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવી ગયો એ અર્જુનભાઈ જાણતા હતા. એમના પ્રવચનમાં એમણે ઉલ્લેખ કરેલ છે કે હાઈકોર્ટ ગઈ, સુપ્રીમ કોર્ટ ગઈ, એમણે ખબર છે કે સુપ્રીમ કોર્ટે આદેશ આપી સુપ્રીમ કોર્ટે જમીનની કિંમત નક્કી કરી છે. એમણે બધી ખબર છે પણ પાછળનો ભાગ ભૂલી ગયા. એને ઢાંકેલો રાખ્યો એ બાબત એમના પ્રવચનમાં એમણે કહેલી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર એટલી જ વાત કરવી છે કે માનનીય અર્જુનભાઈના આખા પ્રવચન દરમિયાન હું અહીંયા હતો. માનનીય અર્જુનભાઈએ હાઈકોર્ટમાં કોણ ગયું, શું થયું એની એક પણ વાત, માનનીય નીતિનભાઈ જે રીતે વાત કરે છે એ હતી જ નહીં. ખેડૂત ગયા છે એ વાત પણ કરી. એના કારણે શું કિંમતમાં ફેરફાર થયો એ પણ વાત થઈ. અને માનનીય અર્જુનભાઈ પછી માનનીય નીતિનભાઈને બોલવાની તક મળી હતી. આખરી જવાબ સરકાર તરફથી હતો. જ્યારે એક તક હતી ત્યારે આ વિશેષાધિકારનો પ્રશ્ન રહેતો જ નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય જયનારાયણભાઈ, આપે કંઈ કહેવાનું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : નહીં સર,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ મંજૂરી આપો એ પહેલા...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જવાબ આપવો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગઈ કાલે જે મેં પ્રવચન કર્યુ એ વાંચી ગયા અને માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાંથી શું લખાયું એ પણ હું વાંચી ગયો. મેં કદાચ પહેલી વખત સંપૂર્ણ દસ્તાવેજી હકીકતો રજૂ કરી છે. દસ્તાવેજ બહારની એક પણ હકીકતો નહોતી. તમામ. મેં એમેય કહ્યું કે સાડા સાતસો રૂપિયે મિટર પાર્ટીએ માગી. ૧૫૦૦૦ પહેલા કલેકટરે આ જમીનની ના પાડી, કૃષિ યુનિવર્સિટીએ ના પાડી અને છતાં સરકારે શુઓમોટો નક્કી કરીને કહ્યું કે આ જમીન આપો. એના પછી ચાર જમીન મુખ્યમંત્રી કાર્યાલયમાંથી કહ્યું કે આ ચાર પૈકી કોઈ એક આઈડેટીફાય કરી આપો. કલેકટરે કહ્યું કે આ ત્રણ જમીન નથી અને ચોથી જમીન માટે સરકાર કક્ષાએ કૃષિ વિભાગે નિર્ણય કરવાનો છે. કૃષિ વિભાગે નિર્ણય કર્યો. એના પછી આ જમીનના ભાવ પંચકયાસ, મેં નહિ, કલેકટરે કહ્યું કે પંચકયાસથી ૧૫૦૦૦ રૂપિયા થાય છે. પછી ૩૨૦૦૦ થયા. ૧૫૦૦૦ થયા એ પહેલા ૭૫૦ માગ્યા એના ૧૫૦૦૦ કર્યા એના પાછા ૩૨૦૦૦ થયા અને મેં એમ કહ્યું કે આના ૩૨૦૦૦ નહિ, ૧,૧૦,૦૦૦ થાય અને મેં એમેય કહ્યું એક તો આ જમીન વેચવી ના જોઈએ. એટલા માટે કે એ સૂરત શહેરના ફેફસાં છે એના માટે મેં વાત

કરી. બીજી વાત એ કરી. મેં કોઈ પર દોષારોપણ કર્યુ નથી. રેકોર્ડના કારણે કોઈ ઉપર દોષારોપણ થાતું હોય તો એના માટે મારી જવાબદારી નથી. રેકોર્ડનું સર્જન મેં નહોતું કર્યુ. રેકોર્ડનું સર્જન તો અહીંયાથી થયું છે. એ રેકોર્ડના કારણે કોઈના ઉપર આવતું હોય કે આના કારણે આ જમીન અપાય છે તો એના માટે લાચાર છું. કારણ કે રેકોર્ડ હું નહિ સુધારી શકું. બીજી વાત છે કે આ જમીનના ભાવ ૩૨૦૦૦ થયા એ સાચા છે, પાર્ટીએ માગ્યા ૭૫૦ એ સાચા છે કે કલેકટરે પંચકયાસ કરાવ્યો હતો ૧૫૦૦૦ એ સાચા છે કે મેં નક્કી કર્યા છે, હું કહું છું કે ૧,૧૦,૦૦૦ એ સાચા છે, બીજી કોઈ રીતે હું માહિતી લઈ આવું અને આપું એ સાચા છે? એ તો જ્યારે આ જમીન transparently હરાજી કરાવવામાં આવે ત્યારે નક્કી થાય અને એટલા માટે મેં કહ્યું છે કે આમાં કાંઈ થયું છે કે નહિ એની તપાસની માગણી કરી અને તપાસની માગણી કરવા માટે, મેં તપાસની માગણી કરી. આ બીજા કોઈ માટે નહિ આ ગૃહની સમિતિ મારફત તપાસ કરવામાં આવે અને એમાં કોની કોની ભૂમિકા હતી એ ચકાસણી કરવામાં આવે. એ મેં માગણી કરી હતી અને એનાથી આગળ મારે કહેવું છે કે ગૃહની અંદર હું ચૂંટાઈને આવેલો ધારાસભ્ય છું અને મારા મતદારોનો મને મેન્ડેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ જઈને કહું છું કે હું ચૂંટાયેલો ધારાસભ્ય છું અને આ પ્રકારે વેચાણની પ્રક્રિયાની સામે કાંઈ થતું હોય તો વિરોધ કરવા માટેનો મેન્ડેટ મને મારા મતદારોએ આપ્યો છે. એટલું જ નહિ ધારાસભ્ય તરીકે હું પગાર અને ભથ્થું લઉં છું એટલા માટે મારી જવાબદારી છે કે મારે આવા મુદ્દાઓ રેઈજ કરવા જોઈએ અને હું મુદ્દા રેઈજ ના કરું તો મને એમ લાગે છે કે ધારાસભ્ય તરીકે હું નિષ્ફળ ગયો ગણાય. એટલે ધારાસભ્ય તરીકે મારે નિષ્ફળ નથી જવું. એટલે જ હું આવા જે મુદ્દા ઊભા કરું છું. એ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મારી વચ્ચે શું વાત થઈ છે એ કહેવા નથી માગતો. એટલા માટે નથી કહેવા માગતો.

**અધ્યક્ષશ્રી** : ના, ન કહેવાય. અમિતભાઈ ઈચ્છે તો પણ ના કહેવાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** મારે નથી કહેવું કે મારા ૭ સાથીઓના ખૂન થયા છે અને મારું ખૂન થાય તો થાય પણ હું આ મુદ્દા ઊભા કરતો રહીશ કોઈના પગ નીચે ધૂળ આવતી હોય તો ભલે નીકળી જાય. હું જાનના જોખમે લડું છું અને લડતો રહેવાનો છું. આ મુદ્દા ઊભા કરતો રહીશ. બાકી મેં રેકોર્ડ આધારિત જે કીધું છે એ રેકોર્ડ આધારિત જ કીધું છે અને ભવિષ્યમાં પણ રેકોર્ડ આધારીત કહેતો રહેવાનો છું મને કોઈ રોકી શકશે નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આટલી સંવેદનશીલ રીતે અને કદાચ અમિતભાઈ પણ આ વાત આપના માધ્યમથી કહેવા માગું છું કે સહમત થશે કેમકે જે પરિસ્થિતિમાં અર્જુનભાઈ લડે છે માફીયાઓ સાથે એમાં આપણે કોઈ ના નહીં પાડી શકીએ અને જે પરિસ્થિતિમાં એમના જમણા હાથ જેવો ભાઈ એમણે ગુમાવ્યો છે એ પણ આપણે જાણીએ છીએ ત્યારે sentiments of member of the House, we are one family. માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર આ જે પ્રોવિઝન છે. આપનું ધ્યાન દોર્યું છે. આપે જોયું છે. વિશેષાધિકારના પ્રશ્નની બાબતમાં કયારેય પરવાનગી ન હોઈ શકે. માનનીય અર્જુનભાઈએ જે રીતે સમગ્ર બાબતનો ખુલાસો કર્યો છે એમાંથી સ્પષ્ટ રીતે ફલીત થાય છે અને હું કે મારા સભ્યો કારણકે ગૃહનું સન્માન કરવાની અમારા સૌની ઈચ્છા હોય છે. માનનીય જયનારાયણભાઈ પણ સંસદીય બાબતોની વાત કરે છે ત્યારે આ આખો પ્રશ્ન પ્રજાની તિજોરીના રક્ષણ માટેનો છે એમાં કોઈનું વ્યકિતગત નામ નથી તેમછતાં આપને એવું લાગતું હોય કે મેં કે મારા સભ્યે ગૃહનું અપમાન કર્યું છે તો એક વખત નહીં સો વખત હું દિલગીરી વ્યકત કરું છું પરંતુ એક સભ્ય વાત કરે ત્યારે વિશેષાધિકારના આટલા ખુલાસા પછી મને લાગે છે આ પ્રશ્નને અહીંયા આપે જ પરિપૂર્ણ કરવો જોઈએ. આવી આ સ્પષ્ટતા પછી જુના જે આ પુસ્તક જે છે એ આપણા માટે ગીતા છે અને એમાં લખાયું છે અને અર્જુનભાઈની વાત અને એ પછી મારા આ શબ્દો પછી આ પ્રશ્ન અહીંયા પૂરો થવો જોઈએ.

**અધ્યક્ષશ્રી**: વિરોધ પક્ષના નેતાશ્રીએ દિલગીરી (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આવું કયારેય આવતું નથી સાહેબ. આને બંધ કરો તો સારું.

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ, નિતિનભાઈ,

**શ્રી જયનારાયણ વ્યાસ** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે લાગણીસભર વાતો કરી છે મને લાગે છે કે આ ગૃહમાં જે ચુંટાઈને આવે છે એ સૌ કોઈ પ્રજાના હકકના રક્ષણ માટે આવે છે. આપણી સૌની જવાબદારી છે કે ગૃહનું સન્માન જળવાઈ રહે અને એટલા માટે એ પણ જરૂરી છે કે આપણે કોઈપણ ઉચ્ચારણો ગૃહમાં કરીએ ત્યારે પૂરી જવાબદારીથી કરીએ. એકબીજા માટેના પૂરા સન્માન સાથે કરીએ અને તથાકથિત હકીકતો ઉપર આધારિત ન કરીએ. જયાં સુધી વિશેષાધિકારનો સવાલ છે ત્યાં સુધી માનનીય સભ્યશ્રીએ જયારે આ બાબતમાં વિશેષાધિકાર ભંગ કર્યો હોય એણે દિલગીરી વ્યકત કરવી અને ત્યારપછી જ આપે નિર્ણય કરવો એ પ્રકારની નિયમોમાં જોગવાઈ માનનીય વિપક્ષના નેતા એ છે. આપનું વડપણ અમને કબુલ છે પણ કાયદો આપ જાણો છો. આપ કાયદાના જ્ઞાતા છો. આમાં મુળ વાત એ છે કે જે વ્યકિત, સાહેબ, આ બે વિરોધાભાસ જોઈ શકે છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને હું વંદન કરું છું કે એમણે એટલી બધી ખેલદીલી બતાવી અને અર્જુનભાઈના ઉચ્ચારણો બદલ અને એ ઉચ્ચારણો ક્ષોભજનક છે એમાં કોઈ શંકા નથી.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** વી આર નોટ હીયર ટુ લીસન ઓલ ધીસ. ગ્રેસ બતાવીએ છીએ અમારી ગ્રેસને નબળાઈ ન સમજે. જાવ ફાંસીએ ચડાવી દેજો લઈ જઈને. આ કોઈ રીત છે? આટલી સહજતાથી વાત કરીએ છીએ. અમિતભાઈ, (અંતરાય)

**શ્રી અમિત શાહ** :તમે રહેવા દોને આમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે સ્પીરીટથી વાત કરી એ સ્પીરીટને રિસ્પોન્સ આપવામાં ટ્રેઝરી બેંચને કોઈ તકલીફ નથી. પ્રશ્ન એટલો જ છે કે કાંતો અર્જુનભાઈ કહે કાં તો વિરોધ પક્ષના નેતા કહે કે અમારા સાથી સભ્યો વતીથી હું દિલગીરી વ્યકત કરુ છું. તો વિષય પૂરો થઈ જાય છે. અમને એમાં કાંઈ તકલીફ નથી. (અંતરાય) ઈકબાલભાઈ, સાંભળો, માનનીય વિપક્ષના નેતા કહેતા હોય કે એમના સાથી સભ્યો વતીથી એ દિલગીરી વ્યકત કરે છે તો અમને કાંઈ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું છે હું દિલગીરી વ્યક્ત કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે ખેલદિલીપૂર્વક સંપૂર્ણ આ સમગ્ર પ્રકરણમાં વાત કરી છે અને અમેણે દિલગીરી ખેલદિલીપૂર્વક વ્યક્ત કરી છે. હું એ બાબતને આવકારું છું અને આપણે સૌ જે સન્માનભેર રીતે ગૃહમાં વર્તીએ છીએ અને વર્તવાની આપણી વર્તણૂક ચાલુ રહે, તેવી અપેક્ષા સાથે હું આ મુદાને પૂરો કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. રાકેશભાઈ શાહ.

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી ક્રમાંક-૧૩ વીજળી શક્તિ પરિયોજના...

**અધ્યક્ષશ્રી** : સીધા મુદા ઉપર આવો.

**શ્રી રાકેશ શાહ** : વીજળી શક્તિ પરિયોજના અંગેની જે પૂરક માગણી લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારો સૂર પૂરાવું છું. હું જણાવું છું કે વીજળી વિભાગ ઊર્જા શક્તિની માગણીઓ અને એની પૂરક માગણીના મુખ્ય કારણો છે, એની થોડી ક રજૂઆત કરી દઉં છું. ઊર્જા ક્ષેત્રે માથાદીઠ વીજ વપરાશ ૧૪૪૬ યુનિટ છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા બમણો છે, એટલે માગણીઓ લઈને આવ્યા છે. સ્થાપિત ક્ષમતામાં આપણે દેશમાં ત્રીજા સ્થાન ઉપર છીએ. આપણે જાણીએ છીએ કે રાજ્યમાં શૂન્ય લોડ શેડિંગ છે. તમામ ગામોમાં ૨૪ કલાક વીજળીની વ્યવસ્થા આપણે કરી છે. સૌર ઊર્જા નિધિ માટે જાહેર કરનારું આ દેશનું એકમાત્ર રાજ્ય જેને ૩૪ જેટલી રાષ્ટ્રીય, અને આંતરરાષ્ટ્રીય કંપનીઓએ ૭૧૬ મેગાવોટની જ્યારે એની ફાળવણી કરી છે. છેલ્લા બે વર્ષમાં જીયુએનએલ અને જુથની કંપનીઓએ ૪ રાષ્ટ્રીય અને ૮ અન્ય એવોર્ડસ મેળવી ચૂક્યા છે. અજોડ સિદ્ધિનું વર્ષ રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા જયારે ૧૦,૦૦૦ મેગાવોટ કરતા વધુ છે અને આ રાજ્ય જ્યારે એક કરોડથી વધારે વીજ ગ્રાહકોની સંખ્યા પાર કરી છેલ્લા ૫ વર્ષમાં ૨૩ લાખ વીજ જોડાણો નવા આપ્યા છે, ત્યારે આ પૂરક માગણી ટેકામાં ગુજરાત સરકાર રાજ્યના ખૂણેખૂણે અંતરિયાળ વિસ્તારમાં પૂરતા દબાણે ગુણવત્તા યુક્ત વીજળીનો પુરવઠો પૂરો પાડવા કટિબદ્ધ છે, તે માટે વધુ સબસ્ટેશનો સ્થાપવાનાં આયોજન બદલ આ પગલાં લીધાં છે. અગાઉના વર્ષોમાં વાર્ષિક ૨૦-૨૫ સબસ્ટેશનો કાર્યાન્વિત થતાં હતાં, જ્યારે આ સરકાર દ્વારા વાર્ષિક સરેરાશ ૫૦ થી ૬૦ સબસ્ટેશનો કાર્યાન્વિત થાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૨૨-૧-૨૦૦૦ એ એક હજારનું સબસ્ટેશનનું લોકાર્પણ કરી ચૂક્યા છે. હાલમાં રાજ્યમાં ૧૦૧૨ સબસ્ટેશનો કાર્યરત છે. આગામી ૨૦૧૦-૧૧ ના વર્ષમાં નવાં બીજાં ૧૪૦ સબસ્ટેશનો સ્થાપવા જઈ રહ્યાં છીએ. ૨૦૦૯-૧૦ દરમ્યાન આદિજાતિ વિસ્તારમાં ૬ નવાં સબસ્ટેશનો અને દરિયાકાંઠાના વિસ્તારમાં ૯ નવાં સબ સ્ટેશનોનું આપણે આયોજન કર્યુ છે. આગામી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ૨૧ નવાં સબસ્ટેશનો સ્થાપવાનો અને દરિયાકાંઠાના વિસ્તારમાં ૨૨ નવાં સબસ્ટેશનો સ્થાપવાનો આ રાજ્ય સરકારનો નિર્ણય છે, એટલું જ નહિ રાજ્યમાં જેમ જેમ વિકાસ થતો જાય છે. તેમ તેમ રાજ્યમાં નવી વીજ પરિવહન લાઈનો ઊભી કરવામાં આવી રહી છે. ૨૦૦૯-૧૦ દરમ્યાન ૧૨૧૨ કિ.મી.ની ભારે દબાણની વીજ લાઈનો ઊભી કરવામાં આવી છે. આમ રાજ્ય સરકારે રાજ્યના તમામ કક્ષાના ગ્રાહકોને પૂરતા દબાણે વિના વિક્ષેપે સતત અને ગુણવત્તાસભર વીજળી મળી રહે તેવો પૂરો ખ્યાલ રાખે છે. જે રીતે કેન્દ્ર સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં કોલસાના ભાવમાં અને રેલ્વેના નૂરના દરમાં અવાર-નવાર વધારો કર્યો છે. ૨૦૦૦ ની સરખામણીએ કોલસાના ભાવમાં ૧૧૦ ટકાનો વધારો, ગેસના ભાવમાં ૨૫૯ ટકા અને રેલ્વે નૂરમાં ૨૭ ટકાના ભાવ વધારાના કારણે પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એના સમર્થમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી મૂળ વિધાનસભાની ૫૫૭૫૪ કરોડની માગણીઓ મંજૂર કરેલી, પણ વર્ષ દરમ્યાન બીજા પૂરક ખર્ચ કરવા માટે ૪૮૦૪ કરોડની પૂરક માગણીઓ લઈને આવેલા છે. તેમાં ઉર્જા અને પેટ્રોકમિકલ વિભાગની પૂરક માગણી ક્રમાંક:૧૩, ગૃહ વિભાગની પૂરક માગણી ક્રમાંક:૪૩, વન અને પર્યાવરણ વિભાગની પૂરક માગણી ક્રમાંક:૨૬ અને મહેસૂલ વિભાગની પૂરક માગણી ક્રમાંક: ૭૮ લઈને આવેલા છે. ઉર્જા અને પેટ્રોલિયમ વિભાગની માગણીમાં પાવર ગ્રીડ કોર્પોરેશન માટે ૫૦ કરોડ રૂપિયાનું શેર ભંડોળ આપવા માટેની માગણી કરી છે. જેટકો માટે છે. પાવર ગ્રીડ તો ભારત સરકારનું છે. ગુજરાત સરકારનું જેટકો છે તે માટે ૫૦ કરોડની માગણી લઈને આવ્યા છે. ગુજરાત એનર્જી કૉર્પોરેશન જે

પાવર દરિયા કિનારે ઉત્પન્ન થાય અને કચ્છ જિલ્લામાંથી લાઈનો બહાર થાય છે. ખેડૂતના ખેતરમાં થાંભલા ઊભા કરવામાં આવે છે અને તેમાં જમીન જાય છે. તો તેમાં વળતર આપવાની બાબત હોય તેમાં પાવર ગ્રીડ કૉર્પોરેશન એક લાખ રૂપિયા એક ખેડૂતને આપે છે જ્યારે જેટકો માત્ર ૫૦ હજાર રૂપિયા વળતર આપે છે. હમણાં પાવર સેક્રેટરી મી.જગદીશન કચ્છમાં આવેલા ત્યારે સૂચના આપતા ગયા હતા કે ૪૦૦ કિલોવોટનો થાંભલો હોય તો તે ખેડૂતને એક લાખ રૂપિયા અને તેનાથી નાનો થાંભલો હોય તો ૭૫ હજાર રૂપિયા વળતર આપવામાં આવે. પણ આ વળતર આપવામાં આવેલ અને કૃષિ વિષયક સિવાયની જે વીજળીના માટે થઈને ૪ કરોડ અને ૪૭ લાખ રૂપિયા વધારાના લેવા માટે આવેલા છ, પણ મોંઘી વીજળી લઈ, એની અંદર આપણે પૂરક માગણી લઈને આવવું પડે. ખાનગી ઉત્પાદકો પાસેથી કે જે એકપણ યુનિટ વીજળી પેદા ન કરતા હોય તેવા વીજળીના ટ્રેડિંગની અંદરની વાત અને નાણામંત્રીશ્રી કહેતા હતા જ્યારે પાવર તેમની પાસે હતું ત્યારે કે કોથળામાં નાંખીને પાવર વેચવો પડશે અને કોથળામાં નાંખીને માથામાં મારે છે તેમાંથી આપણે છૂટવું છે. સાત સાત રૂપિયા, આઠ આઠ રૂપિયે ખાનગી ઉત્પાદક પાસેથી વીજળી લેવાની અને આપણે વીજ ઉત્પાદન વધારવાનું નહીં? ગુજરાત સરકારનો પાવર ઉત્પાદન થવાનો છે તેના કરતાં ખાનગી ઉત્પાદકોના પાવરને વધુ પ્રમાણમાં ઉત્તેજન આપીએ છીએ અને તેના ઉપર નભવાનું છે તે પરિસ્થિતિમાંથી નીકળી જવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણીઓમાં ખૂબ બોલાઈ ગયું છે પણ નવી માગણીમાં મુખ્યમંત્રીશ્રીના સંરક્ષણ માટે ૩૫ લાખ રૂપિયાના વાહનો માટેની માગણી છે. બજૅટમાં આનો સમાવેશ થઈ શકતો હતો અને આની એકાએક કેમ જરૂર પડી? આ ગૃહ પાસે આવી નવી માગણીઓ લાવવાનું જે છે તે ઉચિત સમજતો નથી. વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ આવી છે. ખૂબ ચર્ચા હતી હમણાં. તેના પહેલાં અમારા નેતાશ્રી શકિતસિંહજીએ કહ્યું કે ભાવનગરની અંદર વન વિભાગની એક જમીન જે છે તેનું વેચાણ થયેલ છે. તેમાં મારે કહેવાનું છે કે મારા જિલ્લાની અંદર મુન્દ્રાના દરિયા કિનારે રક્ષિત વનભૂમિ જે છે તે વેચાઈ પણ નથી અને લીઝ પર પણ આપવામાં આવેલ નથી. અને વપરાશકારને વપરાશ માટે થઈને ૨૦૦૦ હેકટર જમીન મુન્દ્રામાં આપવામાં આવે અને કોરીક્રીક પાસેનું કોમ્પોનશેસન માનનીય નાણામંત્રી જમીન બાબતમાં ખૂબ જાણકાર વ્યકિત આ ગૃહમાં છે. તો મુન્દ્રાની જમીન વેચી નથી અને તેને લીઝ પર પણ નથી આપી, માત્ર યુટીલાઈઝેશન ઑફ ધી રાઈટ આપેલા છે. એટલે આપણે સમજીએ કે પાઈપ નીચેથી પસાર થતો હોય અને ઉપર ખેતી થતો હોય અને ઉપર ઉપયોગ થાય પણ વ્યાપારી ધોરણે જમીનો અપાય ત્યારે કમસેકમ જંત્રીના ભાવનો તો આગ્રહ રાખીએ ને? જંત્રીનો ભાવ હોય તો પણ આ જગ્યાની કીમત એક હજાર કરોડ રૂપિયા થાય. બજાર ભાવ ગણવામાં આવે તો દસ હજાર કરોડ રૂપિયાની આ જમીન જે છે તે માત્ર નેવું કરોડ રૂપિયામાં ગઈ હોય અને ગમે તે ઑર્ડર કર્યો હોય પણ રાજય સરકારે આ જમીનના ભાવ ઓછા આવે છે તેવું તો વન વિભાગ કહી શક્યું હોત. પરંતુ આ તો મૅચ ફીકસીંગ હોય તે રીતે, કારણકે આ રક્ષિત જંગલની જમીન હોય તેમાંથી પ્રજાહિતના કામો માટે આ જમીન ફાળવી શકાઈ હોત. મારા વિસ્તારની અંદર ધોળાવીરા જવા માટે એક રસ્તો બજૅટની અંદર મંજૂર થયો હતો. અને આ વન વિભાગમાંથી એ રસ્તો કાઢવાનો, નવો રસ્તો નથી, જુનો રસ્તા છે અને વાઈડનીંગ માટેની અનુમતિ મેળવી શકતા ન હોય અને આ સેન્સેટિવ એરિયાની અંદર..

**અધ્યક્ષશ્રી** : માગણી ૨૬ની અંદર આ કહો છો એ કશું આવતું નથી અને આપ તો નાણા મંત્રી તરીકે રહી ચૂકયા છો. બીજા બધા ધારાસભ્યશ્રીઓ બોલતા હોય તો બરાબર છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની માગણીઓ છે.

**અધ્યક્ષશ્રી** : વન વિભાગની માગણીઓ ઉપર આપ બોલો છો એ મને ખબર છે પણ આ જે કચ્છની જમીન..

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા અગાઉના સભ્યશ્રીઓ બોલ્યા ત્યારે આપે રોકયા ન હતા. જયારે માનનીય શકિતસિંહજી બોલ્યા ત્યારે આપે એમને રોકયા નથી.

**અધ્યક્ષશ્રી** : એમને મેં નથી રોકયા કારણ કે શ્રી શકિતસિંહજી મુદ્દા ઉપર હતા. (અંતરાય) તરત જ રોકયા છે, શ્રી ઈકબાલભાઈ, શ્રી શકિતસિંહજી બોલ્યા ત્યારે રોકયા નથી એમ તેઓ કહે છે એ યોગ્ય નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય સભ્યશ્રીઓ જયારે બોલતા હોય..

**અધ્યક્ષશ્રી** : આપ તો નાણા મંત્રી રહી ચૂકયા છો,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ પણ ખૂબ લિમિટેડ સ્કોપ હોય છે એ હું સમજું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું બોલ્યો એમ નથી એ કહેતા એ એમ કહે છે કે આપ જોશો તો મહેસૂલ વિભાગની માગણીમાં આપ જોશો તો મહેસૂલ વિભાગની માગણીમાં વધારાની રકમ માગી છે મહેસૂલી ખર્ચ અને મૂડી બંનેની.

**અધ્યક્ષશ્રી** :તેઓ વન વિભાગની માગણી અંગે કહે છે અને કચ્છના..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** માનનીય અધ્યક્ષશ્રી, ચારેચાર માગણીની ચર્ચા તો એક સાથે જ કરીએ છીએને,

**અધ્યક્ષશ્રી** :પણ એ વાત કરે છે એ કચ્છના રક્ષિત રણ વિશેની વાત કરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** માનનીય અધ્યક્ષશ્રી, રક્ષિત રણમાં (અંતરાય) આજે જ માગણી છે, અને એટલે બાબુભાઈ જે બોલે છે એ સ્કોપ બહારની નહીં ગણાય એટલું જ મારું કહેવું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ :** વન વિભાગની એ જમીનની વાત છે એટલા માટે હું વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : પણ વન વિભાગમાં માગણીઓમાં ચંપાબેન નાથાબેનનું છે, આ જમીનનું નથી એટલા માટે મારે આ કહેવું પડે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કચ્છની દરેક જમીનમાં ઘાસ ઉગે છે અને ઘાસિયા વિસ્તારોને સ્ટ્રેન્ધન કરવાવાળી વાત આમાં છે. એટલે શ્રી બાબુભાઈ ઈઝ ઓલ રાઈટ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયને જે આર્થિક નુકસાન થતું હોય એ રોકવા માટેનું નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કારણ કે આના કારણે દશ હજાર કરોડ રૂપિયા રાજયની તિજોરીમાં જમા થઈ શકયા હોત. એ વાતનું માનનીય નાણા મંત્રીશ્રી ધ્યાન રાખે કારણ કે મુંદ્રાના દરિયાકિનારે ખૂબ કિમતી જમીનો જે છે અને બે હજાર હેકટરની જમીન રક્ષિત જંગલો, આપણે ત્યાં એક એકર પણ જમીન રક્ષિત જંગલની આપી શકાતી નથી પણ એ વખતે બે હજારએકર જમીનની દરખાસ્ત વન વિભાગે શા માટે આગળ કરી? ના કહી શકયા હોત, કે આ રક્ષિત જંગલની જમીન ના અપાય, અને આપણે જે કાંખમાં છે એને દત્તક લેવા માટે નીકળતા હોય અને નવા વનો આપણે ડેવલપ કરવા છે, અને જુના જે ડેવલપ થયેલો વન વિભાગ છે એ રક્ષિત જંગલ છે, એનો આપણે સોચવાળવો છે. આ • (xxxxx) આપણે કઈ રીતે થઈ શકે?

**અધ્યક્ષશ્રી** : (xxxxx) એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, મારી પાસે સમય નથી, મારી પાસે આ બાજુથી ૧૩ છે અને આપના હજી બે સભ્યશ્રીઓ બોલવાના છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાના વહીવટ માટે થઈને ૬૧ કરોડની મૂળ જોગવાઈ સામે ૨૭ કરોડની વધારાની માગણીઓ લઈને આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, બજેટની જનરલ ચર્ચા વખતે કહેજો, કારણકે આપણે એક વાગે પૂરું કરવું છે અને ઘણા સભ્યશ્રીઓને બોલવાનું છે એટલે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માણગીઓ લઈને આવ્યા છે એ પૂરક માગણીઓમાં માગણી નંબર ૧૩, ૪૩, ૨૬, ૭૮ અને ૧૦૨ ઉપર મારા વિચારો વ્યકત કરીને એ માગણીઓમાં મારો સૂર પુરાવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૧૩, જે વીજળી શકિતની વાત છે, આ ખર્ચ એટલા માટે થઈ રહયો છે અને વધારાના ખર્ચની એટલા માટે માગણી છે કે કયારેક સમય એવો હતો ૨૪ કલાકમાં માંડ બે કલાક પણ લાઈટ ગામડામાં ન હોય, અને પ્રજા પાણી વગર ટળવળે, અને પ્રજાને કોઈ પૂછનારું ના હોય, અને તેવા વખતે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૪ કલાક વીજળી આપે..

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતીભાઈ, આપે માગણીઓ તરફ જોયું હશે, માગણી નંબર ૧૩ની અંદર આ સ્કોપ રહેતો નથી. ૧૩ની માગણીમાં ઉર્જા વિકાસ નિગમને પૈસા આપવા પડયા છે, (અંતરાય) પછી બિનકૃષિ ગ્રાહકો માટેની છે. આ ત્રણ મુદા જ છે એટલે જનરલ વીજળીની-એનર્જીની ચર્ચા આવે ત્યારે જે પ્રવચન કરવાનું છે એ અત્યારે નહીં થઈ શકે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાબુભાઈ પીઢ છે પણ હું તો નવો નવો નિશાળીઓ છું એટલે ક્યાંક ક્ષતિ રહી જાય મારાથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ વાત સાચી છે કે બાબુભાઈ સિનિયર છે પણ એ કચ્છના છે અને આપ પણ કચ્છના છો પણ મને જૂના કે નવાનો પ્રશ્ન રહેતો નથી બધાને મારે એક સાથે જ રાખવા પડે. આ શિખવાનો પ્રશ્ન છે કે કઈ ચર્ચામાં કેવી રીતે ભાગ લેવો.(અંતરાય) શ્રી આત્મારામભાઈ, આપનું ગઈ કાલે બહુ સરસ પરફોમન્સ રહ્યું છે એટલે આજ આપ બેઠા બેઠા નહીં બોલો તો પણ લોકો નોંધ લેશે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૪૩ ઉપર મારે કહેવું છે. ગૃહ ખાતાની જે માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તો ભૂતકાળને યાદ કરીએ તો ચોર ચોરી કરીને જાય અને ચોર પગથી દોડતો હોય ત્યારે એની પાછળ પોલીસના વાહનો દોડતા હોય તો એ વાહન ચોરને પકડી ન શકે એવા વાહનો ભૂતકાળની સરકારો આ સરકારને બક્ષીસમાં આપી ગઈ. એટલે નવા વાહનો લેવા જરૂરી છે. ભૂતકાળમાં જે વસ્તુઓ હતી કે ચોર ચોરી કરી જાય અને પકડાય નહીં. અત્યારે મોટર સાઈકલ, જીપ અને એનાથી પણ

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અદ્યતન સાધનો ગુજરાતની પોલીસને આપ્યા છે અને મને કહેતા ગર્વ થાય છે, હું તો બોર્ડર વિસ્તારમાંથી આવું છું એ બોર્ડર વિસ્તારની વાત કરું તો ભૂતકાળની સરકાર હતી ત્યારે એ બોર્ડરનો વિસ્તાર સુમસામ પડયો હતો અને આલિયો, માલિયો, જમાલિયો ગમે તે ભારતમાં આવી જાય અને કોઈ એને પૂછનારો ન હોય અને અત્યારે એ બોર્ડરો એને જવાબ આપે છે, પોલીસ એને ગોળીઓથી જવાબ આપે છે. ભૂતકાળમાં બોર્ડર ઉપર જે માણસો રહે એને કોઈ સગવડ મળતી ન હતી, એને કોઈ પૃચ્છા કરનાર ન હોય અને આપણો સૌનો, મને લાગે છે કે આ પાટલીએ બેઠેલા પણ સ્વીકારશે કે ગુજરાતના મર્દ મુખ્યમંત્રીશ્રીએ બોર્ડરના જવાનોને ઉત્સાહિત કરી એની સાથે નવા વર્ષની ઉજવણી કરી, નવું વર્ષ એમની સાથે રહે અને એમના જે દુ:ખ હોય એ દુ:ખમાં ભાગીદાર થાય. આ વાત ગુજરાતની આ જનતા અને ગુજરાતની આ ચૂંટાયેલી સરકાર ભારતીય જનતા પાર્ટીના આ મુખ્યમંત્રીએ તમામ ક્ષેત્રોમાં ગયા. મિત્રો મને ક્યાંક ઈતિહાસ યાદ આવે છે ઈતિહાસમાં આપણા કોઈક વડીલો એમ કહી ગયા છે અને મહાપુરુષો કાંઈક શિખામણ આપી ગયા છે એ બધાને શિખવા જેવું છે. મિત્રતા નિભાવવી હોય તો કૃષ્ણ ભગવાન પાસેથી શિખવું જોઈએ, મર્યાદા સંભાળવી હોય તો ભગવાન રામની પાસેથી શિખવું જોઈએ અને સેવા જોવી હોય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જયંતીભાઈ, આ પૂરક માગણીમાં કૃષ્ણ પણ ન આવે અને મર્યાદા પુરુષોતમ પણ ન આવે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, અને સેવા જોવી હોય, માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં ગૃહમાં ખૂબ વાત થઈ એ બાબતે જ કહું છું કે સેવા જોવી હોય તો શ્રવણકુમારની અને ગુજરાતની ભક્તિ જોવી હોય તો નરેન્દ્રભાઈ મોદીની. મિત્રો આના માટે કાંઈક આપવું પડે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૪૩ની પૂરક માગણી લઈને આવ્યા છે ૧૨૬ કરોડ ૧૬ લાખ ૯૨ હજારની માગણીના સમર્થનમાં હું મારી વાત મૂકવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય કાયદો અને વ્યવસ્થામાં આખા દેશમાં સર્વ શ્રેષ્ઠ કામ કરી રહ્યું છે અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં દેશમાં અત્યારે પ્રથમ હરોળમાં જેનું નામ છે અને એના પૂરાવા માટે જો આપણે વિચારીએ તો અત્યારે ઉદ્યોગકારો જે ગુજરાતની અંદર ઉદ્યોગોમાં જે રોકાણ કરે છે એ કરોડો રૂપિયાનું રોકાણ કરે છે એના ઘણાં બધા કારણોમાનું એક કારણ જો કોઈ હોય તો આ રાજ્યમાં સુવ્યવસ્થિત કાયદો વ્યવસ્થા, સલામતી અને સૂરક્ષા છે. અને આ રાજયની અંદર એ બાબતનો અન્ય એક પુરાવો એ પણ છે કે, ધાર્મિક તહેવારો હોય કે..

**અધ્યક્ષશ્રી** : કઈ માગણી ઉપર આપ બોલી રહ્યા છો? એ માગણી કહીને આપ આગળ ચાલો,

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : હું ગૃહ વિભાગની માગણી વિશે વાત કરી રહી છું.

**અધ્યક્ષશ્રી** : નહિ એટલે ગૃહની માગણીમાં તો બધું ઘણું છે, આ નથી આવતું એટલા માટે હું કહુ છું. ગૃહની જનરલ ચર્ચા આવે ત્યારે આપ આ કહી શકો.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : જાહેર તહેવારો, ધાર્મિક તહેવારોની અંદર પણ શાંતિ અને સુવ્યવસ્થિત શાસન દ્વારા આ તહેવારો સુપેરે ઉજવી શકયા છીએ. એ શાંતિ અને સલામતિ બાબતનો પુરાવો છે, આ માગણીમાં રક્ષાશકિત યુનિવર્સિટી સ્થાપવાની પણ વાત છે આ યુનિવર્સિટી એટલે કે મુખ્યમંત્રીશ્રીએ જે પંચકર્મ જે કહ્યા છે, પાંચ શકિતઓની જે વાત કરી છે એમાંની એક રક્ષાશક્તિ જે છે, આ રક્ષાશકિત યુનિવર્સિટી એટલે કે અત્યારે હાલમાં જે પોલીસદળોમાં પોલીસ જવાનોની જે ભરતી થાય છે એ ભરતી થતાં પોલીસ જવાનો સામાન્ય રીતે ગ્રેજ્યુએટ થઈને આ દળની અંદર જોડાતા હોય છે પરંતુ એના માટે એક વર્ષનો એ લોકોને તાલીમ આપવાનો સમય આપવો પડતો હોય છે, જ્યારે આ રક્ષાશકિત યુનિવર્સિટીની સ્થાપના કરવાથી જે પણ જવાનો આ ક્ષેત્રની અંદર જવા માગતા હશે એમને આ પ્રમાણેનું ચારથી પાંચ વર્ષનું સુવ્યવસ્થિત આયોજન એને માત્ર બંદુક ચલાવવાનું નહિ, પરંતુ બંદુક ચલાવવાની સાથે સાથે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવો અને ગુનેગારોની માનસિકતા જાણવાની અને એ રીતે એનો ઉપયોગ કરવાનું અહીંયા જ્ઞાન આપવામાં આવશે અને આ રક્ષાશક્તિ યુનિવર્સિટી માટે થઈને આજે આ માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે.

હું પણ ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારા પૈકી ભાવનગર જિલ્લામાંથી પ્રતિનિધિત્વ કરું છું અને આ ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારાને સૂરક્ષિત કરવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે, આ ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારાને સૂરક્ષિત કરવા માટે થઈને ૧૦ નવા મરીન પોલીસ સ્ટેશન આ સરકાર શરૂ કરવા જઈ રહી છે અને આ પેટ્રોલીંગ માટે થઈને આ સરકારે ૧૨ ટનની ૫ બોટ અને ૫ ટનની ૪ બોટની વ્યવસ્થા કરી છે, આ ઉપરાંત ૭૧ પોલીસ જવાનો માટેના મોટર સાયકલની પણ વ્યવસ્થા કરી છે, મારા ભાવનગર જિલ્લામાં પણ આવું મરીન પોલીસ સ્ટેશન છે અને એમાં ૫ ટનની ૧ અને ૧૨ ટનની ૧ બોટ પણ ફાળવવામાં આવી છે અને ૫ મોટરસાયકલો અને અન્ય તમામ સગવડો આ મરીન પોલીસ સ્ટેશનમાં આપવામાં આવ્યા છે એના માટેની વધારાની જોગવાઈ આ માગણીમાં મૂકવામાં આવી છે, મારે આ સભાગૃહની અંદર એ પણ જણાવવું છે કે, આ માગણીઓ જે લાવવામાં આવી છે એના કારણમાં છઠ્ઠુ પગાર પંચ તમામ કર્મચારીઓને છઠ્ઠુ પગાર પંચ આપવાનું જે આયોજન છે અને આ આયોજનમાં પણ પગાર ભથ્થા અને મોંઘવારી, એને સમાવવા માટે થઈ અને

સરકારે જે કંઈ પણ વધારાનો ખર્ચો કરવો પડે છે એ કરવાની આમાં વાત છે, માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજી વાત ખાસ એ કરવાની છે કે, આ જે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે અને પાકિસ્તાનની બોર્ડર જે આપણા દુશ્મન દેશની બોર્ડર છે એને સૂરક્ષિત કરવા માટે થઈને આ સરકાર જ્યારે કટિબદ્ધ છે અને આ સરકારને કેન્દ્ર સરકાર તરફથી મળવો જોઈતો સહયોગ મળતો નથી માટે આ પૂરક માગણીઓ લાવવી પડતી હોય છે કેન્દ્ર સરકાર અગાઉ ૧૧૯ કરોડની સહાય અદ્યતન સલામતીની વ્યવસ્થા માટે આપતી હતી એમાં વધારો કરવો જોઈએ કારણકે અત્યારે આતંકવાદીઓના હુમલા વધ્યા છે એટલે એમાં વધારો કરવો જોઈએ એના બદલે એની અંદર ઘ ટાડો કરીને માત્ર ૪૯ કરોડની સહાય આપે છે તો એ પણ પૂર્તતા કરવાની આ સરકારને જરૂર પડે છે. દરિયાઈ સૂરક્ષા માટે ૪૫૮ કરોડ રૂપિયાની સહાયની જરૂર પડે છે એની સામે કેન્દ્ર સરકારે માત્ર ૫૮ કરોડ રૂપિયા જો ફાળવતી હોય તો એ પણ સૂરક્ષા કરવાની આ સરકારની જવાબદારી છે અને બંદુક ગુજરાતની હોય બંદુક આપણા જવાનો પાસે હોય પણ ગોળી જો દિલ્હીમાં પડી હોય તો પણ આપણા જવાનો કામ ન કરી શકે. આ બાબતે એક વાક્ય હું કહેવા માગું છું કે -

મંઝિલે ઉનકો મિલતી હૈ જીનકી નજર રાહ પે હોતી હૈ,
પંખો સે કુછ નહિ હોતા, હોંશલો સે ઉડાન હોતી હૈ

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

કોઈપણ બજેટ બનાવતી વખતે પૂરતું ધ્યાન આપવામાં આવે તો કદાચ આટલી બધી મોટી પૂરક માગણીઓ લઈને ન આવવું પડે. પૂરક માગણીઓ માટે કોઈ આયોજન કરવામાં આવે અને પૈસા ખૂટતા હોય તો જરૂર પૂરક માગણીઓ લઈને અવાય, પણ નવી બાબતો પણ પૂરક માગણીઓમાં લાવવામાં આવે છે મને લાગે છે કે આ યોગ્ય જણાતું નથી. હું વન વિભાગની વાત કરવા માગું છું. અત્યારે જે વનના ક્ષેત્રમાં દીપડાઓ અને બીજા પ્રાણી જે બહાર આવી ગયા કારણકે કારણકે વન વિભાગમાં એન્ક્રોચમેન્ટ થવું અને એમાં ઉદ્યોગો પેસી ગયા તેના લીધે દીપડાઓ બહાર આવ્યા અને તેના લીધે માણસોને જે નુકસાન થાય છે અને ક્યાંક ફાડી ખાય છે આને લીધે વળતર ચૂકવવાની પરિસ્થિતિ પેદા થાય છે. આ સમયસર વળતર, પૂરતું વળતર સરકાર ચૂકવતી નથી તેના લીધે ઈસમો છે, જે ભોગ બનનારા છે તે લોકો કોર્ટમાં જાય છે. અને કોર્ટમાં જાય છે એટલે સમય બગડે છે, સરકારના પૈસાનો પણ વ્યય થાય છે અને પછી જે વળતર ચૂકવવામાં આવે છે અને તેમાં પણ મુશ્કેલી એ થાય છે, ઘણાં એવા કેસો બન્યાં છે આ જે તેના પૈસા ચૂકવવામાં આવ્યાં છે એના ડ્રાફ્ટ બનાવીને મોકલવામાં આવે છે તે બીજાના નામે મોકલવામાં આવે છે અને તે ડ્રાફ્ટ પાછો રિટર્ન થાય અને એ ડ્રાફ્ટના પૈસા એ જ સરકારના કર્મચારી ઉપાડી લે અને એ પછી કર્મચારીઓ સામે કોઈ એકશન ના લેવાય તે પણ ખૂબ દુ:ખદ બાબત છે. મને લાગે છે કે આવા જે કર્મચારીઓ છે જુનાગઢ જિલ્લામાં જે પ્રોબ્લેમ થયો છે અને આ જે કર્મચારીઓ છે તેના ઉપર પૂરતાં એકશન લેવાવા જોઈએ સાહેબ તો મને લાગે છે કે આ પરિસ્થિતિ પેદા થતી બંધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘાસિયા વિસ્તારોના એકમો માટે જે કેન્દ્ર સરકારે જે ૬૪ એકમો માટે ૨ કરોડ ૨૪ લાખ રૂપિયા મંજૂર કર્યા છે આપણાં પાસે જે ઘાસિયા મેદાનો છે જે કચ્છ જિલ્લાના જે બન્ની વિસ્તારો છે તે બન્ની વિસ્તારમાં ૨૪૯૭ ચો.કિલોમીટર ઘાસિયો વિસ્તાર એમને એમ પડેલો છે. હજુ તે વિસ્તાર મહેસૂલ વિભાગમાં છે કે વન વિભાગમાં છે તેના વચ્ચેના પ્રશ્નો અટવાયા કરે છે. ખરેખર આ વિસ્તારનો ઉપયોગ કરવો જોઈએ. જેથી તે વિસ્તારમાં ઘાસ પેદા કરીને જે તે વિસ્તારના ખેડૂતોને લાભ મળી શકે. પણ પરિસ્થિતિ એ પેદા થાય છે જે જે અત્યારે ઘાસિયા વિસ્તારો છે તે વિસ્તારનું ઘાસ સમયસર જે તે વિસ્તારના ખેડૂતોને મળતું નથી અને તે ઘાસ સડી જાય છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આના ઉપર દેખરેખ રાખવામાં આવે. જે આપણે ખર્ચ કરીએ છીએ તે ખર્ચના દેખરેખ માટેના નિયંત્રણ માટે કન્ટ્રોલ રજિસ્ટર રાખવા જોઈએ. તે કન્ટ્રોલ રજિસ્ટરો ન રાખવાના કારણે કાં તો વધુ પડતો ખર્ચો થઈ જાય છે તેના માટે આ પરિસ્થિતિ પેદા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં એવા પ્રોબ્લેમ થયા છે કે જાપાનનો પ્રોજેકટ અમારે ત્યાં ચાલતો હતો કોઈ પણ જાતની કાર્યવાહી વગર અધિકારીઓએ પૈસા ૧૨ લાખ અને ૭૧...

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ આમાં જાપાન પ્રોજેકટની વાત જ નથી. આમાં નથી, એટલા માટે આપ સિનિયર છો અને આ વિભાગના મંત્રી રહી ચૂક્યાં છો.

**ડૉ. અનિલ જોષીયારા** : સાહેબ, એટલા માટે આ કહેવું પડે છે કે સરકાર કામગીરી કરતી અને બીજું બજેટમાં આવી રીતે પૂરક માગણીઓ એટલે મારે માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ આ છે, બીજું એ કહેવું છે કે વન વિભાગ તરફથી એવું રેવન્યુ ઉભું થઈ શકે એવી પરિસ્થિતિ છે સાહેબ. હવે તો જે જંગલો છે તેમાંથી ટ્રીમીંગ કરવામાં આવે પણ એ સાહેબ સમયસર થતું નથી અને જે લાકડા ચોરો છે તે લાકડા ચોરો તે લાકડાં લઈ જતાં હોય છે જેના લીધે સરકારને કોઈ રેવન્યુ મળતી નથી. મેં હમણાં થોડાં દિવસ પહેલાં જ એક કેસ સરકારના ધ્યાન ઉપર લાવેલ હતો કે, ટ્રકો ભરીને લાકડાં લઈ જાય છે તેને બંધ કરો. સાહેબ, તે બંધ થયું પણ અઠવાડિયા સુધી અને ફરી પાછાં એના એ ટ્રકો ચાલુ થઈ ગયા. મારે એ સરકાર પાસે જાણવું છે કે તમે તેને કેમ રોકતાં નથી, કેમ સરકારને ચોક્કસ રેવન્યું મળે તેને માટે કેમ પ્રયત્નો કરવામાં આવતાં નથી. ધારો કે

જંગલમાંથી લાકડાં હોય તો જંગલમાંથી લાકડાં હોય તો ટ્રીમીંગના જે નીતિ નિયમો હોય છે અથવા ખેડૂતોના લાકડાં હોય તો તેના માટેના નીતિ નિયમો હોય છે તો આ માટે કેમ સરકાર કોઈ પગલાં ભરતી નથી. અને આ રીતે ન પગલાં ભરવાને કારણે આવી રીતે સરકારની જે આવક છે તે આવક આપણે ગુમાવવી પડે છે. સાથે સાથે સાહેબ આપણે કોઈ પણ જે ઝાડ વાવીએ છીએ તેનો કોઈ ચોક્કસ નકશો નથી બનાવતાં. ટ્રિટમૅન્ટ તેનો નકશો જોઈએ તે નથી બનાવતાં એટલે કયા વિસ્તારમાં કયા ઝાડ ઉછેરવા તેનું કોઈ ચોક્કસ પ્લાનીંગ નથી હોતું તેના લીધે પરિસ્થિતિ એ પેદા થાય છે કે આપણે જે વન વિસ્તાર છે, વન વિસ્તાર વધારવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ તે આપણે વધારી શકતાં નથી. આપણો વન વિસ્તારમાં અત્યારે ૯૯ ચો.કિલોમીટર વિસ્તાર ઓછો થતો ગયો છે અને વન વિસ્તારની બહાર પણ આપણો ઘણો બધો મોટો વિસ્તાર જે લગભગ અઢી હજાર હેકટર સુધીનો વિસ્તાર ઓછો થતો જાય છે એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આના ઉપર ચોક્કસ ધ્યાન રાખવામાં આવે અને તેના લીધે આપણે ચોક્કસ તેનો વન વિસ્તાર વધારી શકીશું. આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું અને આ પૂરક માગણીને સમર્થન નથી આપતો.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ મુખ્યતવે ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ, ગૃહ, વન અને પર્યાવરણ, મહેસૂલ વિભાગ અને અર્બન ડેવલપમેન્ટ ઉપર જે વધારાના ખર્ચની વિગતો લઈ માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે, ત્યારે મુખ્યત્વે તો એમાં છઠ્ઠા પગાર પંચનો જે વધારો છે એ મહત્વની બાબત છે. બીજા ક્રમે કેટલીક નાની જ કહી શકાય એવી પણ ઈમ્પોરટન્ટ કહી શકાય એવી કેટલીક વિગતો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના ઉપર સી. એન. જી. સ્ટેશનો સ્થાપી એના જોડાણો જે ઘરગથ્થું જોડાણ આપવાની પ્રક્રિયા છે, એમાં પણ એક માગણી લઈને મંત્રીશ્રી આવેલા છે. મંત્રીશ્રી, એમાં પરિસ્થિતિ એવી છે કે જોડાણો આપવાની ગતિ સી.એન.જી. સ્ટેશનો ઉપર વાહનોની જે પરિસ્થિતિ છે, લાંબી લાંબી કતારો અને જે રીતે બહુ ધીમી ગતિએ જે જોડાણો આપવામાં આવે છે, એ ખર્ચ તો વિધાનસભા મંજૂર કરે છે, પણ એ ખર્ચ મંજૂર કર્યા પછી એનું અમલીકરણ ઝડપથી થવું જોઈએ એમાં ઘણો બધો રીવ્યુ કરવાની અને એને તેજ બનાવવાની જરૂરિયાત છે.

આપ કહેશો આપના પ્રવચનમાં, આપ ઘણીબધી વાતો કરશો. પણ I am talking about the little man. I am talking about the common man. બીજા ક્રમે ગૃહ વિભાગમાં જે ખાસ કરીને મુખ્યમંત્રીશ્રીના ૩૫ લાખના વાહનો અને એ સિવાયના કચ્છની સરહદ પર ઉંટ ખરીદી, પોલીસ ટ્રેનિંગ, પોલીસ કેમ્પ અને પોલીસને પ્રશિક્ષણ આપવાનો ખર્ચ છે. એની પણ વિગતાનો વધારાનો ખર્ચ લઈને મંત્રીશ્રી આવેલા છે.

વન અને પર્યાવરણ વિભાગમાં ઘાસીયા જમીનનો પ્રશ્ન છે. એમાંથી વધારે ઉત્પાદન મેળવીને એને વધારે ડેવલપ કરવાનો ખર્ચ છે, એના ખર્ચની પણ વિગતો લઈને આવેલા છે. જયાં સુધી મહેસૂલ વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી તલાટી, મામલતદાર અને રેવન્યુના પ્રાંત અધિકારી. આ બધાના માટેના ખર્ચની વિગતો લઈને માનનીય મંત્રીશ્રીએ જે માગણી કરેલી છે, એમાં અગર તલાટીની આટલી બધી ખાલી જગ્યાઓ છે. એક એક તલાટી પાસે દસ દસ સેજા આજે પણ કામગીરીમાં છે. ફીકસ પગારથી ભરવાની શરૂઆત કરેલ છે, પણ એ પગલું ગ્રામ્ય વિસ્તાર માટે પૂરતું નથી. વિધાનસભા આટલો બધો ખર્ચ મંજૂર કરતી હોય ત્યારે અને આટલા બધા એકાઉન્ટસને મંજૂરી આપતી હોય ત્યારે આમાં મૂડી ખર્ચ કરતા મહેસૂલી ખર્ચ વધારે છે. છતાં પણ કેટલીક અનિવાર્ય પાયાની બાબત છે. મિનિમમ સર્વિસીસ, ખાસ આવશ્યક સેવાઓ જે ગામડાના માણસને તલાટી જોઈએ, શિક્ષક જોઈએ, ગ્રામ સેવક જોઈએ, એ રીતે રેવન્યુમાં અગત્યની બાબત એ છે કે આજે પણ તલાટીની પૂષ્કળ પ્રમાણમાં જગ્યાઓ ખાલી છે. વિધાનસભામાં સવાલ પૂછીએ. બૃહદ સવાલ હોવાથી ગુજરાત વ્યાપી સવાલ હોવાથી જિલ્લા વાઈઝ કેટલી ખાલી છે, એ ૨૬ જિલ્લાનો પણ જવાબ આપવા વિધાનસભાનો વિભાગ તૈયાર નથી. ત્યારે આ માગણીઓ લઈને આવેલા છે ચોકકસપણે માગણીઓ તો મંજૂર થશે. પણ રેવન્યુ વિભાગનો જે શોર્ટફોલ છે, તલાટી માટે, મામલતદાર ઓફિસોમાં સર્કલથી લઈને રેવન્યુના બીજા અનેક વિભાગોની જગ્યાઓ ખાલી છે. પ્રાંત અધિકારી અને કલેકટરેટની અનેક જગ્યાઓ ખાલી છે. This is very important. અને એટલા માટે આ ખર્ચમાં વધારાની માગણીઓ લઈને આવેલા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને આટલી જ વાત કરીશ કે આ ખર્ચ મંજૂરીની સાથે સાથે શોર્ટફોલ છે, તકલીફો છે, એ પ્રજાને સીધી સ્પર્શતી હોઈને હું મારા સૂચનો રજૂ કરીને મેં મારા વિચારો વ્યકત કરેલા છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ગૃહમંત્રીશ્રી પૂરક માગણી નંબર ૪૩ જે કુલ્લે મળીને ૧,૨૬,૧૬,૯૨,૦૦૦ની માગણી પૂરક પત્રક પાના નંબર ૯૨ અને ૯૩ જે લઈને આવ્યા છે, એમાં પેટા સદર ૦૧માં પોલીસ મહા નિર્દેશક અને નાયબ પોલીસ મહા નિર્દેશકના વિભાગમાં આ વિરોધ પક્ષના લોકોએ જેમ કીધું કે આ પૂરક માગણીઓ આવવાનું કારણ અને પૂરક માગણી થવાનું મોટામાં મોટું કારણ એ છે કે વર્તમાન સમયમાં પૂરા રાષ્ટ્રમાં જે મોટામાં મોટી સમસ્યા છે એ આ રકમ વધવાનું કારણ છે. મોંઘવારીનું મોટામાં મોટું કારણ છે. એને લઈને જેવી તપાસ પોલીસને સોંપાય, ગોધરા કાંડ હોય કે લઠ્ઠા કાંડ હોય, આતંકવાદી પ્રવૃત્તિ હોય સૂરત જેવા શહેરમાં બોંબ બનાવવાના પદાર્થો પકડવાના હોય, આ કુલ મળીને આ વિભાગમાં મને લાગે છે કે ૭૭ લાખ ૬૫ હજાર રૂપિયાની રકમનીમાગણી કરી છે. સમગ્ર રાષ્ટ્રમાં અને દુનિયામાં જેને ગુજરાતના નામે

માન મળે અને ગુજરાતની ઓળખ હું એકમ કહું કે ગુજરાતની પોલીસને પણ હિન્દુસ્તાનમાં બહુ સારું સ્થાન મળ્યું છે અને એટલા માટે આપણે આપણા પોલીસ વિભાગને સલામ આપવી જોઈએ. ઉલ્ફાવાદ, નક્ષલવાદ કે આતંકવાદ હોય, દરેક પ્રાંતમાં આવી જાતની બનેલ ટૂકડીઓએ ત્યાંના..

**અધ્યક્ષશ્રી** : ફત્તેસિંહભાઈ, આની ડિટેલમાં ચર્ચા ગૃહ વિભાગની માગણીઓ આવે એટલે કરજો, આજની માગણીઓ મારી પાસે છે એટલે આપ માગણી ઉપર જ બોલો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : ગુજરાતની પોલીસ કામગીરી કરી રહી છે એના માટે વાત કરીશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફત્તેસિંહભાઈ, ગૃહ વિભાગની ચર્ચા ઓ ત્યારે કહેજો. આજે માગણીઓ છે તેમાં ૨ જ અગત્યના વિષય છે એમાં એક સરહદી વિસ્તાર અને રક્ષા યુનિવર્સિટીની જ વાત અને માનનીય મુખ્યમંત્રીશ્રીની સલામતી માટે વાહનો અંગેની છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : હું સદર ૦૧ ની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપને મેં બે વાર કહ્યું કે આપ વિષય ઉપર આવો. આપનું પ્રવચન પૂરું થાય છે.આપ કહો છો એ આમાં આવતું નથી

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગની પૂરક માગણીઓ ઉપર આજે આ સભાગૃહમાં ઘણી બધી ચર્ચા થઈ છે. તો હું એના વિષયમાં થોડી વાત કરું કે બે પ્રકારની માગણી આમાં છે એક તો ૬૪ કરોડ રૂપિયાની વીજળીના ફયુઅલ ચાર્જ અંગે અને ખેડૂતોને સબસિડી આપવામાં આવે છે એ અંગે છે અને બીજી જે માગણી છે એ ૫૦ કરોડ રૂપિયાની એ ગેસ ગ્રીડની કે આપણે ઘેર ઘેર ગેસ પહોં,ચાડવા માગીએ છીએ એની ઈકિવીટી માટેની છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની એક નીતિ છે અને વર્ષોથી ચાલતી આવી છે કે ખેડૂતોને જરૂરિયાત પ્રમાણે વીજળી આપવાની અને સરકારે છેલ્લા ઘણા વર્ષોથી પારદર્શક રીતથી જયારે જરૂર પડે ત્યારે આ વીજળી ખરીદી છે. એક પારદર્શક નીતિ તરીકે ખરીદવામાં આવી છે. આજે મને દુ:ખ થયું કે જયારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એમનું પ્રવચન કરતા હતા ત્યારે તેમણે આક્ષેપ કરીને એમ કહયું કે એક જ વ્યકિત પાસેથી ૬૭ ટકા વીજળી ખરીદવામાં આવી છે અને વધુમાં એમણે એમ કહ્યું અને એ એમના વાકયો છે કે, ૬૭ ટકા વીજળી એક માણસ પાસેથી લો છો, જેણે એક યુનિટ ૫૫ણ વીજળી પેદા કરી નથી.એનો અર્થ એ થયો કે એ કોઈની પાસેથી વીજળી ખરીદે છે અને તમને પૂરી પાડે છે. આ વિભાગ સીધી એમની પાસેથી ના લઈ શકે. આપણે નાના નાના વચેટીયાઓ બંધ કરીને કરોડો વચેટીયાઓ પેદા કરવાનું કામ આ વિભાગે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે આ સભાગૃહને કહેવું છે કે આ વચેટીયાઓની મંજૂરી કોણ આપે છે?કેન્દ્ર સરકારે પારદર્શક નીતિ અને ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ દ્વારા સેન્ટ્રલ ઈલેકટ્રી રેગ્યુલેટરી કમિશન જે કેન્દ્ર સરકાર હસ્તક છે એણે આવા ૪૪ વચેટીયાઓને મંજૂરી આપી છે અને ૪૪ વચેટીયાઓને ૪ પૈસા યુનિટે મળે છે અને આ મંજૂરી કેન્દ્ર સરકારે આપી છે. મારો પહેલો સવાલ એ છે કે આ સીધી ખરીદી માટે આ જે ૪૪ લાયસન્સ આપ્યાં છે એ કેન્સલ કરો ને. અમે જયારે ટેન્ડર બહાર પાડીએ છીએ એમા આ ૪૪ વચેટીયાઓ આવે છે અને એમાં કોણ છે એન.ટી.પી.સી, ટાટા પાવર, અદાણી, પાવર ટ્રેડિંગ કોરપોરેશન, એન.ટી.પી.સી. વિદ્યુત વિતરણ આ બધા જ ટેન્ડર ભરીને વીજળીના ભાવો આપે છે અને પછી રાજય સરકાર ખરીદે છે અને સેન્ટ્રલ ઈલેકટ્રી રેગ્યુલેટરી કમિશન એને મંજૂરી આપી છે. અને ૪ પૈસા યુનિટે આપીએ છીએ. એમની પાસે માહિતી નથી કે આજની તારીખમાં વીજળીનો વેપાર ખૂબ મોટો થઈ ગયો છે અને જે રીતે સ્ટોક માર્કેટમાં શેર વેચાય છે એમ આના માટેના બે એકસચેન્જો છે અને એ બન્ને એકચેન્જો દ્વારા રોજ વીજળીના ભાવો કલોઝ ટેન્ડરમાં અપાય છે અને બીજા દિવસે કોણે કેટલી આપે એ નકકી થાય છે. એટલે આની અંદર કયારેય વીજળી ખરીદવામાં કે વીજળી લેવામાં ભ્રષ્ટાચાર થતો નથી પણ જો કદાચ ભ્રષ્ટાચાર થયો હોય તો એ લાઈસન્સ આપતી વખતે થયો હોય અત્યારે ન થયો હોય, એટલે મારે એટલું જ કહેવું છે કે . લાયસન્સ આપતી વખતે આ વચેટીયાઓની ચકાસણી કોણે કરી હતી? જવાબ આપો, અને આ વચેટીયાઓને બંધ કરવા માટે તમે કેન્દ્ર સરકાર તમારી સરકાર છે, તમારા ઉર્જા વિભાગની સત્તા છે, તમે લખો કે નહીં જોઈએ આ, આ • (xxxxx) અમારે વચેટીયાઓ પાસેથી વીજળી ખરીદવી પડે છે.

**અધ્યક્ષશ્રી :** (xxxxx) એ શબ્દો હું રેકોર્ડમાંથી કાઢી નાખું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તમને એથી વિશેષ કહું, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આક્ષેપ કર્યો છે કે ૯૮૯ મિલિયન યુનિટ ૨૦૦૮-૦૯માં ખરીદી, ખરીદી, ખેડૂતો માટે ખરીદી, પરંતુ રાજયમાં એ વખતે ૫૫૭૭૧ મીલીયન યુનિટ ઉત્પાદન હતું, તેમાંથી માત્ર ૯૮૯ મિલિયન યુનિટ ખરીદી એટલે માત્ર ૧.૭૭ ટકા ખરીદી છે. આ ટેન્ડર પ્રક્રિયા પાવર એકસ્ચેન્જ, વચેટીયાઓ બધા ભેગા મળીને ફકત માત્ર ૧.૭૭ ટકા

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ખરીદી છે અને ૯૮૯ મિલિયન યુનિટ, હું તો ૨૦૦૯-૧૦ના આંકડા કહું તો ફકત ૫૨ મિલિયન યુનિટ ખરીદી છે, એ પણ ૪૩૦૩૭ મીલીયન યુનિટમાંથી ફકત ૫૨ મિલીયન યુનિટ ખરીદી કરી છે, એટલે પોઈન્ટ ૧૨ ટકા, મારે એટલું પૂછવું છે વિરોધપક્ષના નેતાને, કે એમની પંદર મિનિટ આ માગણીઓની ચર્ચા પર આ પોઈન્ટ બાર ટકા માટે?

**અધ્યક્ષશ્રી** : એ તમે નહીં કહી શકો, ૧૫ મિનિટમાં એમને શું બોલવું તે તમારે નકકી નથી કરવાનું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૨ મિલિયન યુનિટ અને તે વચેટીયાઓ પાસેથી, અને એમણે જયારે આક્ષેપ કર્યો અને બીજી એમણે જે વાત કરી, એમણે કહયું કે રાજયમાં ખાનગી ઉત્પાદન વધારે છે, એમણે એમ કહયું કે આની સામે ખાનગી યુનિટોના જેમણે વીજળી ખાનગી યુનિટો પેદા કરી છે તેના ગયા વર્ષની પરિસ્થિતિ જોઈએ તો ૩૯ હજાર મિલિયન યુનિટ વીજળી પેદા કરી છે એમ કહયું એમણે, ગણતરીમાં જ એમણે ભૂલ કરી, એમણે આ જે કંઈ ગણતરી કરી એ પ્રશ્નોત્તરીના આંકડા પરથી કરી છે પણ એમણે કુલ ૩૯ હજાર, એમાં ખાનગી કરી નાખ્યું, એમાં જોવા જઈએ તો હકીકતમાં ખાનગી યુનિટનું ઉત્પાદન ફકત ૯૫૩૦ યુનિટ છે, અને આ જે કરેલા છે તે લાંબા ગાળાના કરાર કર્યા છે, મારે ફકત પુછવું છે કે તમે જયારે અહીંયા ચર્ચા કરતા હો અને તમને જો ખાનગી કંપનીઓનો વિરોધ હોય તો કેન્દ્ર સરકાર આ અલ્ટ્રા મેગાવોટ કરે છે છ છ હજાર મેટાવોટના આપ્યા છે, ટાટા પાવરને આપ્યા, રીલાયન્સને આપ્યા આટલી બધી કંપનીઓને આપ્યા તો શાના માટે આપો છો? એ છ હજાર મેગાવોટ આપે અહીંયાથી એમાંથી ગુજરાતનો ૧૯૦૦નો શેર છે, તો ૧૯૦૦ નો શેર જો તમે કહેતા હો તો લખે શીંદેજીને, કે આ તમારી નીતિ ખોટી છે, ખાનગી કંપનીઓમાંથી લેવાની, પારદર્શક રીતે બીડ થાય છે અને એની અંદર અમે વીજળી લઈએ છીએ, અમે વીજળી લઈએ છીએ એમાં કોઈ જગ્યાએ કયારેય ભ્રષ્ટાચાર થતો નથી કેન્દ્ર સરકારની નીતિ પ્રમાણે લઈએ છીએ. અને આજે ગૌરવ સાથે કહીએ છીએ કે મોંઘી વીજળી, કહું છું તો ખરા ૪૪ વચેટીયાઓ અને પાવર ગ્રીડમાંથી, અને હુ એ વાત પણ કહું કે ૨૦૦૯-૧૦ ના અંકડા જોશો તો જે ભાવે ખરીદી છે તે ભાવે આપણને જરૂર ન હોય તો તેનાથી ઉંચા ભાવે પણ વેંચી છે. આપણી પાસે માહિતીનો અભાવ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, તમે બોલતા હતા ત્યારે સૌરભભાઈ નહોતા બોલતા, હવે સૌરભભાઈ બોલતા હોય ત્યારે આપ આપના ઉત્સાહને કાબુમાં રાખો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ખેડૂતો માટે ફયુઅલ સરચાર્જમાં તમે જુઓ, આજે માનનીય વ્રિોધપક્ષ્ના નેતાશ્રીએ શું કહયું કે નોનપ્લાન એકસ્પેન્ડીચરમાં વધારો થાય છે એટલે આ માગણીઓને હું સમર્થન નથી આપતો. નોન પ્લાન એકસ્પેન્ડીચરમાં એટલે વધારો થાય છે કે કેન્દ્રએ કોલસાનો ભાવ વધાર્યો, કેન્દ્રએ ગેસનો ભાવ વધાર્યો, કોલના ફ્રેટના રેટ વધ્યા, આ બધા વધવાના કારણે જે રેગ્યુલેટરી કમિશને ફયુઅલ સરચાર્જ નાખ્યો તે ફયુઅલ સરચાર્જનું ભારણ ખેડૂતો ઉપર ન પડે તેના માટે આ સરકારે લીધી છે, અને તેના માટેની આ માગણી છે, ખેડૂતો માટેના છે વિરોધ કરો? ના પાડો, સ્પષ્ટ જો હિંમત હોય તો આ સભાગૃહના ફલોર ઉપર કહે કે ફયુઅલ સરચાર્જ માટે ખેડૂતો માટેની જે રાજય સરકારે સબસિડી આપી છે એ રદ કરો. એ કહેવાની હિંમત છે? એકબાજુ સસ્તી વીજળી આપવાની વાત કરો છો તો રાજય સરકારે નોન એકસપેન્ડિચરમાં જોગવાઈ કરી હોય એની માગણી લઈને આવ્યા હોય ત્યારે એ માગણીનો વિરોધ કરવાનો તમને કોઈ અધિકાર નથી.

બીજું જે માગણી કરી છે એ માગણી ગેસ ગ્રીડની કરી છે. આજે ગુજરાત એક માત્ર રાજય છે કે જેને ટ્રાન્સમીશન લાઈન આખા જિલ્લામાં નાખવાનો પ્રયાસ કર્યો છે. બીજા કોઈ રાજયમાં નથી. આજે હું ગૌરવ સાથે કહી શકું કે જેટલી જગ્યાએ આપણા સી.એન.જી. ના સ્ટેશનો છે. જેટલી જગ્યાએ આપણે પાઈપ ગેસ નગરપાલિકાને આપવા માગીએ છીએ એમાં આખા હિન્દુસ્તાનના શહેરો ભેગા કરશો એના કરતાં ગુજરાતના આંકડા વધારે આવશે. આ ગૌરવ સાથે કહું છું. અહીંયા જેટલા પણ સભ્યશ્રીઓ બેઠા છે જેને ત્યાંથી ગ્રીડમાંથી

જાય છે એને અનુભવ છે કે એમને ત્યાં અત્યારે કેટલું બધું સરવેનું કામ ચાલી રહ્યું છે. એના માટે ૫૦ કરોડ રૂપિયા લીધા છે એ કેન્દ્રે આપવા જોઈએ ગેસના બાટલાનો બચાવ થાય એ કેન્દ્રના ફાળે જાય છે. ખર્ચો કોણ કરે છે ? રાજય સરકાર કરે છે. અને બીજું આટલી બધી ચિંતા કરતાં હોઈએ તો સસ્તો ગેસ લઈ આવોને? લઈ આવો? ઓપન ચેલેન્જ આપું છું જાવ આ વિધાનસભાની અંદર આપું છું અને વીજળી મોંઘી છે આ બધા વિશે હું આંકડા આ સભાગૃહમાં આપીશ ત્યારે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ બેસજો અને સાંભળજો. આજે જે માગણી ઉપરની ચર્ચા હતી એમાં ખાસ કરીને એટલે ઊભો થયો કે જે પ્રમાણે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વીજળી ખરીદી માટે માત્ર આક્ષેપો કર્યા એના માટે મેં કહ્યું કે આ હાઉસ ગેરમાર્ગે ન દોરાય અને ખોટો મેસેજ ન જાય એ માટે હું ખાસ ખુલાસો કરવા માટે ઊભો થયો છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, થી ૫ , ૭, ૮, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૬ થી ૨૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૧૩, ૪૩, ૨૬, ૭૮ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૪૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૮મી માર્ચ, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| ગુજરાત પેટર્ન નીચે સ્ટેટ હસ્તકની ૨૦ ટકા ગ્રાન્ટ | ૫૧ |
| ટ્રાયબલ વિસ્તારમાં સિંચાઈ માટે ગ્રાન્ટની જોગવાઈ | ૨૭ |
| પ્લેન અને હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવેલ મુખ્ય મંત્રીનો પ્રવાસ ખર્ચ | ૪૨૬ |
| ભિલોડા તાલુકામાં ઉદ્વહન સિંચાઈ યોજનાઓ | ૩૩૯ |
| ભિલોડા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૩૧૮ |
| ભિલોડા તાલુકામાં પરંપરાગત વિજળીકરણ થયેલ ગામોને જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવા બાબત | ૪૪૯ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૪૨ |
| વિશેષાધિકાર ભંગનો મુદ્દો | ૪૯૦ |
| સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના નવી વસાહતથી વાંસળી અને ટોરડાથી રામપુરી રસ્તાને રિકાર્પેટ કરવા બાબત | ૧૯૮ |
| સાબરકાંઠા જિલ્લામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનાવો | ૪૬૧ |
| સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર મોટા ચેકડેમો અને તળાવોની મંજૂરી | ૨૭૦ |
| સાબરકાંઠા જિલ્લામાં પશુ દવાખાના | ૨૩૨ |
| સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓના મરામત પાછળ થયેલ ખર્ચ | ૨૨૧ |
| **અનિલકુમાર અ. માળી** | |
| ઇજનેરી અનુસ્નાતક અભ્યાસક્રમોની બેઠકો | ૧૭૯ |
| દિયોદર અને ભાભર તાલુકામાં બી.પી.એલ. યાદીમાંથી નામ રદ કરવા બાબત | ૬૮ |
| દિયોદર ગ્રામ પંચાયતનો રુરબન યોજનામાં સમાવેશ | ૫૨ |
| બનાસકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોને નગરપાલિકાનો દરજ્જો | ૨૭૬ |
| બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત | ૨૯ |
| બનાસકાંઠા જિલ્લામાં ફિડરોનું વિભાજન | ૪૪૦ |
| બનાસકાંઠા જિલ્લામાં મોટર પમ્પસેટ વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના | ૩૯૬ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટરની જગ્યાઓ | ૪૦૩ |
| પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. મંજૂરી માટે કાર્યવાહી | ૨૯૩ |
| મહેસાણા જિલ્લામાં ગામોને તીર્થગામ તરીકે જાહેર કરવા બાબત | ૧૬ |
| મહેસાણા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાના કામો | ૧૭૮ |
| **અભેસિંહ મો. તડવી** | |
| નર્મદા ડેમમાં આવેલ પાણી | ૪૦૭ |
| વડોદરા જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના | ૨૦૧ |
| વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત | ૧૬ |
| સરદાર સુગર કો ઓ. ઈન્ડસ્ટ્રીઝના ભ્રષ્ટાચાર માટેના કસૂરવાર સામે પગલાં ભરવા અંગે | ૨૩૯ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| નર્મદા અને ભરૂચ જિલ્લાના પાણી પુરવઠા યોજનાથી વંચિત ગામો | ૩૪૯ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં ગોચર અને ખરાબાની જમીન | ૧૯૪ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના અન્વયે ફાળવેલ રકમ | ૨૯૫ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં સિંચાઈની સવલતો | ૩૨૯ |
| નર્મદા જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબસ્ટેશનો | ૪૦૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ ૨ા. વસાવા** | |
| નર્મદા જિલ્લામાં પોલિસ સ્ટેશનોનું સંવર્ગવાર પોલિસ મહેક્મ | ૪૫૬ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૯ |
| સરકાર સંચાલિત અને ખાનગી વીજમથકો ધ્વારા વીજ ઉત્પાદન કરવા બાબત | ૪૪૦ |
| **અમિત શાહ** | |
| ગૃહ વિભાગની અધિસૂચના | ૪૬૬ |
| બંદરો અને વાહનવ્યવહાર વિભાગની અધિસૂચના | ૪૬૬ |
| મો કડ્રીલ દરમ્યાન એ.ટી.એસ.ના ઈન્સપેક્ટરને સાચી ગોળી વાગવા અંગે | ૩૫૬ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ જિલ્લા પંચાયતમાં કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ બાબત | ૩૯ |
| આણંદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મહેક્મ | ૫૮ |
| આણંદ જિલ્લામાં કલેકટર કચેરીમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૦૯ |
| આણંદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવાની અરજીઓ | ૪૨૭ |
| આણંદ જિલ્લામાં ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓ | ૧૬૭ |
| આણંદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતગર્ત સબસ્ટેશન વાર લાભાર્થીઓને જોડાણ | ૪૪૯ |
| આણંદ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી.માં મંજૂર મહેક્મ | ૨૭૯ |
| એન.આર.એચ.એમ. અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ | ૩૨૨ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૨૦ |
| રાજ્યમાં આશા વર્કર બહેનોનું મહેક્મ | ૩૪૨ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| પંચમહાલ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા બાબત | ૪૨૧ |
| પંચમહાલ જિલ્લામાં મહેસૂલ વિભાગની કચેરીના નવા મકાનો | ૧૬૪ |
| પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ | ૪૦ |
| મેડિક્લ કોલેજો આપવા ઈરાદો દર્શાવતી દરખાસ્તો | ૩૧૨ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| આક્ષેપો દૂર કરવા અંગે | ૭૮ |
| કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં રાજ્ય સરકારને ફાળવેલ રક્મ | ૩૪ |
| કૃષિ ઉદ્યોગ અને ઘર વપરાશ માટે ફાળવવામાં આવતી વીજળી | ૪૧૫ |
| ખેડૂતોને આપવામાં આવતી વીજળી | ૪૪૬ |
| ગાંધીનગર ખાતે રાજીવ ગાંધી સ્મૃતિવન | ૫૪ |
| ગાંધીનગરના ખેડૂતો માટે અપની મંડી શરૂ કરવા બાબત | ૧૮૬ |
| ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના | ૨૭૬ |
| ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ | ૭૩ |
| ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ | ૭૯ |
| મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૧૦૦ |
| રાજ યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૩૫૯ |
| રાજ્યમાં ""સ્વાઈન ફ્લુ""ને રોક્વાનાં પગલાં | ૩૪૦ |
| રાજ્યમાં નવી મેડીક્લ કોલેજો માટે મંજૂર થયેલ અને ભરાયેલ જુદા જુદા સંવર્ગની જગ્યાઓ બાબત | ૩૧૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલએમ.ઓ.યુ. ના ઝડપી અમલીકરણ માટે મળેલ મિટીંગો | ૪૫૮ |
| **અશ્વિન કોટવાલ** | |
| ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં આયોજનની ગ્રાન્ટ | ૪૦૧ |
| રાજ્ય દ્વારા બહાર આપવામાં આવેલ વીજળીની આવક | ૪૫૫ |
| વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા અને મેઘરજ તાલુકામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૩૧૫ |
| સાબરકાંઠા જિલ્લાના પાણી પુરવઠા યોજનાથી વંચિત ગામો | ૩૩૩ |
| સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, કિશાનપથ યોજના હેઠળ રસ્તાના કામો | ૨૨૩ |
| સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ભિલોડા, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકામાં નોન પ્લાનના રસ્તાઓ | ૨૦૦ |
| સાબરકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગ ચાલુ કરવાની અરજીઓ | ૪૪૦ |
| સાબરકાંઠા જિલ્લામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોને હક્ક પત્રક આપવા બાબત | ૪૧ |
| સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડની અરજીઓ | ૫૮ |
| સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓની મરામત કામગીરી પાછળ થયેલ ખર્ચ | ૨૩૪ |
| સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામની માંગણીઆ | ૭૦ |
| સાબ ારકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ મોટા ચેકડેમો અને તળાવો | ૩૫૩ |
| **આત્મારામ મ. પરમાર** | |
| આઈ.ટી. ક્ષેત્રના વિકાસ માટે માનવબળ | ૩૮૬ |
| ગઢડા તાલુકામાં રોડ-કોઝવે રીપેરીંગ માટે મંજૂરી | ૨૧૪ |
| ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ | ૮૭ |
| ભાવનગર જિલ્લાના ગઢડા-ઉમરાળા તાલુકામાં રાજ્ય ધોરીમાર્ગો હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ | ૧૮૦ |
| મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૧૦૫ |
| રાજ યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૩૬૮ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૨૧ |
| રાજ્યમાં મેડીક્લ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ બેઠકોમાં વધારો | ૩૨૯ |
| સુરત અને અમદાવાદ મહાનગરોની પડતર ટી. પી. સ્કીમો | ૨૯૬ |
| સુરત અને ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો | ૧૫ |
| સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. થી કોલેજના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ આપવા બાબત | ૪૫ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૧૧૫ |
| મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૯૭ |
| મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૯૭ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૨૪૩ |
| **આર.સી. પટેલ** | |
| આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર તરફથી નગરપાલિકાઓને સાધનો | ૧૭૬ |
| જલાલપોર તાલુકામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજના | ૩૦૬ |
| દક્ષિણ ગુજરાતના ધોલાઈ બંદરના વિકાસ માટે કરેલ ખર્ચ | ૩૮૯ |
| નવસારી જિલ્લામાં ટાઉન પ્લાનીંગ હેઠળ આવરી લેવાયેલ "બ" વર્ગની નગરપાલિકાઓ | ૩૩૨ |
| નવસારી જિલ્લામાં નોન પ્લાનના રસ્તાઓ | ૨૨૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **આર.સી. પટેલ** | |
| નવસારી જિલ્લામાં સાયક્લોન રીસ્ક મીટીગેશન પ્રોગ્રામ હેઠળ રસ્તાઓ | ૨૧૧ |
| **ઈકબાલ પટેલ** | |
| ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત વિધેયક, ૨૦૧૦ | ૮૯ |
| ભરૂચ અને દહેજ માર્ગના ઉપર રેલ્વે ઓવર બ્રિજનું બાંધકામ | ૨૨૮ |
| ભરૂચ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજીઓ | ૪૦૪ |
| ભરૂચ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો | ૩૪ |
| ભરૂચ જિલ્લામાં મહેસૂલી તુમારો | ૨૦૬ |
| મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાનું પાણી પૂરતા પ્રેસરથી મળે તે માટે આયોજન | ૩૧૮ |
| મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૧૧૦ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૨૦ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૩૮ |
| રાજયમાં ડાર્કઝોન તાલુકા | ૨૬૭ |
| રાજ્યમાં સ્વાઈન ફ્લૂનો ફેલાવો અટકાવવા પગલાં | ૩૩૬ |
| વિશેષાધિકાર ભંગનો મુદ્દો | ૪૯૧ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | |
| અમદાવાદ જિલ્લામાં નાણાં ધીરધારનો ધંધો કરનાર વ્યક્તિઓ ધ્વારા આપવામાં આવતો માનસિક અને શારીરિક ત્રાસ | ૩૮૬ |
| અમદાવાદ શહેરમાં લઠ્ઠાકાંડ બાદ પોલિસે દારૂના અડ્ડાઓ ઉપર પાડેલા દરોડા | ૪૩૫ |
| પુરવઠા વિભાગ ધ્વારા શરૂ કરવામાં આવેલ ""ભૂખ્યાને ભોજન"" હેલ્પ લાઈન | ૧૮ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૨૦ |
| રાજ્યના હાઈવે પ્રોજેકટ માટે કેન્દ્ર દ્વારા મંજૂર થયેલ રકમ | ૨૨૪ |
| રાજ્યમાં સ્વાઈન ફ્લુથી થયેલ મૃત્યુ | ૨૯૮ |
| સુરત શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં આશારામ આશ્રમ ધ્વારા જમીન ઉપર દબાણ દૂર કરવા અંગે | ૨૦૨ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| શામળાજી ચેક પોસ્ટની આવક | ૪૨૮ |
| સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત | ૨૯ |
| સાબરકાંઠા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ | ૨૦૪ |
| સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધા | ૨૨૬ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી થી કોલેજના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ આપવા બાબત | ૩૮ |
| વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળની અરજીઓ | ૪૧૩ |
| સરદાર સુગર કો ઓ. ઈન્ડસ્ટ્રીઝના ભ્રષ્ટાચાર માટેના કસૂરવાર સામે પગલાં ભરવા અંગે | ૨૩૯ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| મહેસાણા જિલ્લામાં પોલિસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો | ૩૯૩ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૪૭૩ |
| શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં બાળકોની ચકાસણી | ૨૮૪ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| જૂનાગઢ જિલ્લાના વિવિધ કોર્ટોમાં પડતર કેસો | ૪૩૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| જૂનાગઢ જિલ્લાના વિસાવદર અને ભેંસાણ તાલુકામાં નોન પ્લાન રસ્તાઓ | ૧૯૬ |
| જૂનાગઢ જિલ્લામાં તલાટી-મંત્રીની ઘટ | ૨૬ |
| જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત હાલતના ઓરડા | ૨૨૧ |
| જૂનાગઢ જિલ્લામાં મહેસૂલી સંવર્ગની ખાલી જ્ગ્યાઓ | ૨૩૨ |
| જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી | ૫૧ |
| વિસાવદર અન્જો ભેંસાણ તાલુકામાં બનેલ ચેકડેમો | ૩૧૩ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| ભાવનગર જિલ્લાની નદીઓમાંથી ખનીજ ચોરીની ફરિયાદો | ૪૨૫ |
| ભાવનગર જિલ્લામાં પોલિસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો | ૪૪૯ |
| વિજ નિયમનપંચ દ્વારા વિજળીમાં ફ્યુઅલ કોસ્ટ પેટે ભાવ વધારો | ૪૫૯ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અમદાવાદ જિલ્લામાં કાંસો દ્વારા વરસાદી પાણીનો નિકાલ | ૨૬૯ |
| અમદાવાદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાના કામો | ૧૭૬ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૪૧ |
| વિરમગામ શાખા નહેર-૧ અને ૨ ના કામો | ૪૨૬ |
| **કલ્યાણસિંહ દે. ચૌહાણ** | |
| ગાંધીનગર જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણ | ૧૭૫ |
| ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણમાં આપવામાં આવતી સબસીડી | ૪૩૧ |
| દહેગામ તાલુકાના હિલોલ-વાસણાપાસે ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી | ૨૯૭ |
| **કાંતિલાલ રા.લકુમ** | |
| અમદાવાદ જિલ્લાની વિવિધ કોર્ટોમાં પેન્ડિંગ કેસો | ૪૧૯ |
| અમદાવાદ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ | ૧૭૪ |
| ફતેવાડી યોજનાની નહેરોના આધુનિકીકરણ બાબત | ૩૧૩ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| રાજકોટ જિલ્લાની વિવિધ કોર્ટોમાં પડતર કેસો | ૪૨૧ |
| રાજકોટ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત | ૩૯ |
| રાજકોટ જિલ્લામાં ફૂલોના વાવેતર માટે ખેડૂતોને સહાય | ૨૦૨ |
| **કાનજીભાઈ રા. તળપદા** | |
| અમદાવાદ જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો | ૪૫૫ |
| ધોળકા તાલુકાના ૩૦ ગામો અને ધંધુકા તાલુકાનાં ૪૦ ગામોને દુષ્કાળમાં મૂકવા બાબત | ૨૦૪ |
| ધોળકા તાલુકામાં કુટિર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ | ૪૪૦ |
| ધોળકા તાલુકામાંથી પસાર નર્મદાની નહેરો તૂટવાથી ખેડૂતોને થયેલ નુક્સાન | ૩૯૭ |
| **કાન્તિલાલ રા. લકુમ** | |
| અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત | ૧ |
| **કાળુભાઈ ચ.રાઠોડ** | |
| મત્સ્ય બંદરોની કેપીટલ ડ્રેજીંગની વ્યવસ્થા | ૪૦૪ |
| **કાળુભાઈ વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં ખેડૂતોને અકસ્માતના વીમા | ૨૩૧ |
| અમરેલી જિલ્લામાં જર્જરીત વાયરો બદલવા બાબત | ૪૩૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાળુભાઈ વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં ભારે વરસાદના કારણે ખેડૂતોને જમીનમાં નુક્સાન | ૨૧૮ |
| અમરેલી જિલ્લામાં મોટી નદીઓ ઉપર ચેકડેમો | ૨૮૮ |
| અમરેલી જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મકાનો મંજૂર કરવા બાબત | ૫૮ |
| બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત | ૨૪૩ |
| બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ | ૨૪૩ |
| સાવરકુંડલા તાલુકા અને શહેરમાંથી કુટિર ઉદ્યોગ માટે આવેલ અરજીઓ | ૩૯૦ |
| સાવરકુંડલા તાલુકાના દોલતીગામના પાદરમાં સુરજવી નદી ઉપરના તૂટી ગયેલપુલના બાંધકામ અંગે | ૧૯૩ |
| સાવરકુંડલા તાલુકામાં ઇન્દીરા આવાસ યોજનામાં આવાસોની અરજીઓ | ૪૦ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| જંબુસર તાલુકાના અણખી ગામે સ્કોટ ગ્લાસ કંપનીએ સરકારી જમીનમાં દબાણ | ૧૭૫ |
| ઝગડીયા અને વાલીયા તાલુકામાં માટી અને રેતી માટે આપવામાં આવેલ લીઝો | ૪૫૩ |
| ઝગડીયા તાલુકાના તલોદરા ગામે પીળી માટી માટે આપવામાં આવેલ લીઝ | ૪૩૫ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાંજંગલની જમીન ખેડતા ખેડૂતોની જમીન માટેની અરજીઓ | ૫ |
| ભરૂચ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા શરૂ કરેલ વોટર શેડ પ્રોજેક્ટ અને હરિયાળી પ્રોજેક્ટ | ૪૨ |
| ભરૂચ જિલ્લાના ખેડૂતોને નર્મદાનું પાણી આપવા બાબત | ૩૮૬ |
| ભરૂચ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ માનવ દિનની રોજગારી | ૬૦ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૯ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | |
| જી. આઈ. ડી. સી. માં વિવિધ હેતુઓ માટે ફાળવેલ પ્લોટ | ૪૦૯ |
| નેશ, કરંજ અને ડભારી ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવા યોજના | ૨૭૮ |
| સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત. | ૭ |
| સુરત જિલ્લામાં સુગંધિત / ઓષધિય પાક્ના વાવેતર માટે સહાય અંગે | ૨૦૬ |
| **કિશોર વાંકાવાલા** | |
| સુરત ખાતે પ્રાદેશિક ક્ક્ષાએ આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી | ૧૭૭ |
| સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનના પરવાના આપવા બાબત | ૨૯ |
| સુરત મહાનગરપાલિકાને એવોર્ડ | ૨૭૫ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| ઉકાઈ (સિવીલ) વર્તુળ હસ્તક ફરજ બજાવતા કર્મચારી/અધિકારી સામે પડતર ખાતાકીય તપાસના કેસો | ૩૨૭ |
| બારડોલી અને માંડવી તાલુકામાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકીઓ અને સંપ | ૨૯૧ |
| રાજ્યમાં ખેડૂતોને આપવાના વીજ જોડાણો | ૪૫૪ |
| સુરત અને તાપી જિલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ આપવા બાબત | ૩૯૪ |
| સુરત અને તાપી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસો | ૬૨ |
| સુરત અને તાપી જિલ્લાઓમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ સુવિધા | ૪૩૯ |
| સુરત અને તાપી જિલ્લામાં ડામર સપાટી કર્યા વગરના કાચા રસ્તાઓ | ૨૧૭ |
| સુરત અને તાપી જિલ્લામાં તલાટી-ક્મ- મંત્રીનું મંજૂર મહેક્મ | ૪૫ |
| સુરત અને તાપી જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તાઓ | ૨૩૧ |
| સુરત અને તાપી જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ આપવા બાબત | ૧૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| સુરત અને તાપી જિલ્લાઓમાં રસ્તાઓના જોબ નંબર | ૧૮૮ |
| સુરત જિલ્લાની હોસ્પિટલોને રોગી કલ્યાણ સમિતિઓ થકી થયેલ આવક | ૩૪૫ |
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| અમરેલી જિલ્લામાં તાલુકાવાર માટી- રેતી, પથ્થર અને ક્વોરીની લીઝો | ૪૪૮ |
| ખોડવદરી સિંચાઈ યોજનાનું કામ શરૂ કરવા અંગે આયોજન | ૩૧૨ |
| ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ૬૬ કે.વી.ના વીજ સબસ્ટેશનો | ૪૨૫ |
| ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ નામો | ૫૬ |
| શિહોર અને ગારિયાધાર તાલુકામાં ચેકડેમો બનાવવા અંગેની પડતર અરજીઓ | ૩૩૩ |
| શિહોર અને ગારીયાધાર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ કાઢી આપવા બાબત | ૩૭ |
| શિહોર તાલુકામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા બાબત | ૬૯ |
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| ક્વાંટ તાલુકાના પાનવડ ગામે ૧૦૦૦મા વીજ સબ સ્ટેશનનું લોકાર્પણ | ૪૨૯ |
| ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય માલ ઉપર વડોદરા જિલ્લામાં પુરવઠા વિભાગે પાડેલ દરોડાઓ | ૧૯ |
| રાજ યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૩૬૩ |
| વડોદરા જિલ્લામાં પોલિસ સ્ટેશનમાં નોંધાયેલ લૂંટ, ધાડ અને ખુનના કિસ્સાઓ | ૪૫૧ |
| વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળામાં સુવિધાઓ | ૨૦૫ |
| વડોદરા જિલ્લામાં બાંધવામાં આવેલ બોરીબંધ | ૪૭ |
| સાવલી તાલુકામાં વધારે વજન ભરીને જતા ટ્રક અને ડમ્પરો સામે નોંધાયેલ કેસો | ૪૬૨ |
| સાવલી તાલુકામાં હેન્ડ પંપો | ૨૮૩ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| મેડીકલ ક્ષેત્રે અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી કક્ષાએ રાજ્યમાં ઉપલબ્ધ બેઠકો બાબત | ૨૭૯ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૧૪૪ |
| સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત | ૧૭ |
| સુરત જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે ફાળવેલ જમીન | ૧૮૨ |
| **ગીતાબેન યો. પટેલ** | |
| અમદાવાદ જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત અરજીઓ | ૧૮૨ |
| અમદાવાદ જિલ્લામાં સખીમંડળોમાં મહિલા જૂથોની રચના | ૨૮ |
| અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે મંજૂર પ્રોજેક્ટો | ૨૯૪ |
| રાજ્ય પોલિસ ફરિયાદ નિવારણ તંત્રની રચના | ૩૯૨ |
| **ગુલસીંગભાઈ રં. રાઠવા** | |
| છોટા ઉદેપુર ચેક પોસ્ટની આવક | ૪૨૯ |
| વડોદરા જિલ્લામાં આદિજાતિ કન્યાઓને કન્યા કેળવણી માટે નવી શાળાઓ શરૂ કરવા બાબત | ૧૯૧ |
| વડોદરા જિલ્લામાં બિયારણનો જથ્થો | ૨૧૮ |
| **ગોવિંદભાઈ ઉ. પટેલ** | |
| જિલ્લા સરકારી વકીલોની નિમણૂક | ૪૧૮ |
| વન વિભાગને ભારત સરકારે આપેલ એવોર્ડ | ૧૭ |
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | |
| એ. આર. ટી. ઓ. ક્ચેરી પાલનપુરની આવક | ૪૦૯ |
| તબીબી અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ નિયમોમાં સુધારા બાબતે | ૨૭૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | |
| બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત | ૩૨ |
